શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી

ભાગ ૧૧


પૂર : ૨૬,૨૭



શ્રીસ્વામિનારાયણ મંદિર, રામપુરા-સુરત

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX





ભાગ-૧૧

(પૂર - ૨૬, ૨૭)

:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૩, શરદપૂનમ, તા.૦૫/૧૦/૨૦૧૭

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

કિંમત : ૧૬૦/-

ISBN : 978-93-83456-34-5



• કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨

• વડોદરા : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
Website : www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com

• વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, ‘કાનજીભુવન’ દુકાન નં.૧૮
શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦

• મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩

• સુરત : શ્રીસ્વામિનારાયણ મંદિર, ‘મૂર્તિબાગ’ સમસ્ત પાટીદાર
સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **અગિયારમા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.



ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી




શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)

‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)



પ્રસ્તાવના

આ સંસારમાં કોઈને અમૃતનો સાગર પ્રાપ્ત થાય તો એના ભાગ્યનો પાર કહેવાય નહીં. ભગવાનનાં ચરિત્રથી સભર આ ગ્રંથ અમૃતનો સાગર છે.

સત્સંગની મા સમાન સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીના પ્રિય શિષ્ય સદ્‌ગુરુ શ્રીઆધારાનંદ સ્વામીએ આવો હિન્દી દોહા-ચોપાઈનો આ **'શ્રીહરિચરિત્રામૃત સાગર'** નામનો મહાગ્રંથ રચીને સમગ્ર વિશ્વ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે.

સ્વામીજી આ દિવ્યામૃતનો મહાસાગર ખૂબ મહેનત કરી સર્વને સપ્રેમ ભેટ આપતા ગયા છે. અહો..! આવી ભેટ કોઈ આપી શકે ખરા ?! કેમ જે, આમાં કરોડો આત્માઓનું કલ્યાણ સમાયેલું છે. અને મુક્ત, મુમુક્ષુ, વિષયી તથા પામર જીવોને પણ અભ્યાસ કરતાં ભગવાનના સ્વરૂપમાં સહેજે સ્મૃતિ રહે; એવો આ મહાગ્રંથ છે.

આ શ્રીહરિચરિત્રરૂપી અમૃતનું પ્રથમ વાર ભાષાંતર કરી સત્સંગ સમાજ અને જનજન સુધી પહોંચાડવાનું પ્રશંસનીય કાર્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસજી સ્વામી-ગાંધીનગરવાળાએ કર્યું હતું. આવું અનુપમ કાર્ય કરવા બદલ આ બંને મહાન સંતોનાં ચરણોમાં હું વંદના કરું છું.

આ ગ્રંથનાં ચરિત્રની ગરિમા વર્ણવતાં ગ્રંથકાર ૬/૪૭માં કહે છે,

हरिमूर्ति सम हरि के चरिता, प्रीत कर तामें प्रोवे चिता;
अंत समे जे जन हि सुनावे, तरत सो परमपद पावे...३४

"શ્રીહરિમૂર્તિ સમાન જ શ્રીહરિનાં ચરિત્ર છે. જેણે હરિચરિત્રોમાં ચિત્ત પરોવી દીધું હોય તેને માટે જેવી ભગવાનની મૂર્તિ દિવ્ય અને પ્રતાપી છે, તેવાં જ તેમનાં ચરિત્રો પણ દિવ્ય અને પ્રતાપી છે. માટે તેમાં પ્રેમ રાખીને ચિત્તને પરોવવું. કેમ જે, અંતઅવસ્થાવાળા માણસને જો કોઈ આ ચરિત્ર સંભળાવે તો

તે તરત જ પરમપદ-મોક્ષને પામે છે." જે હરિચરિત્રરૂપી રસનો લોભી થયો તેનાં દુઃખમાત્ર નાશ પામે છે અને સુખમાત્ર પ્રાપ્ત થાય છે. જેને હરિચરિત્રમાં સ્નેહ થાય છે તેનાં સાધનમાત્ર પૂરાં થાય છે. અપાર ભવસાગરમાંથી લોકોનો તત્કાળ ઉદ્ધાર કરવા આધારાનંદ સ્વામીએ આ ગ્રંથની રચના કરેલ છે. માટે આ ગ્રંથ અતિ અનુપમ અને સહુને હૃદયસ્પર્શી બની ગયો છે.

આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના અગિયારમા ભાગમાં ૨૬ અને ૨૭મા પૂરનો સમાવેશ કરેલો છે. જેમાં ૨૭મા પૂરમાં વિશેષતઃ સુરતની લીલા જ વર્ણવી છે. અને હરિઈચ્છાથી સિદ્ધાનંદસ્વામીકૃત સુરતમાં કરેલી શ્રીહરિની લીલાના ૫૭ નૂતન કીર્તનો પ્રાપ્ત થયાં છે. માટે ઉપયોગી જાણી તેનો પણ આ ભાગના અંતમાં સમાવેશ કર્યો છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા દ્વારા આ સંશોધિત ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે. આ ગ્રંથનું વાંચન-શ્રવણ મુમુક્ષુ આત્માઓ માટે ધરતી પરનું અમૃત છે, આત્માનો સાચો ખોરાક છે. અમારા આ સંશોધનાદિક કાર્યથી સર્વાવતારી શ્રીહરિજી મહારાજ, સદ્‌ગુણમૂર્તિ આધારાનંદ સ્વામી તથા સર્વે પરમહંસો અને સંતો-ભક્તો, મુક્તો પ્રસન્ન થાઓ એ જ અભ્યર્થના સહ...

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ - કુંડળધામના
ભાવથી જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

ઈષ્ટદેવ આરાધ્ય શ્રીહરિ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણનાં ચરિત્રોથી અને કલ્યાણકારી સદુપદેશ તથા સત્સંગના મહિમાથી ભરપૂર શ્રીહરિચરિત્રામૃતસાગર નામના આ સદ્‌ગ્રંથમાં વિવિધ પ્રકારનાં અનેક ચરિત્ર છે. તે ચરિત્રોમાં શ્રીહરિએ સત્સંગ, નીતિ અને સુરીતિ શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો છે, અને તેનાથી પોતાનું બહુવિધ, છતાં ઐકાંતિક અને આત્યંતિક રહસ્ય ઘણું જ ભારપૂર્વક કહ્યું છે. નીતિ શબ્દનો સ્પષ્ટ ભાવ વર્ણવતાં સ્વયં બહુજનહિતાય તથા અનંતજનસુખાય વ્યવહારને પ્રધાન સ્થાન આપે છે.

શ્રીહરિના પ્રાકટ્ય સમયમાં આપણા દેશમાં ઈંગ્લેંડના અંગ્રેજો વેપાર માટે આવ્યા હતા, અને તે સમયની દેશની સ્થિતિ ઘણી જ દયનીય હતી. મુસલમાની શાસકો-બાદશાહો, સુલતાનો, નવાબો કે સૂબાઓ જે કોઈ નામથી કહેવાતા હતા, તે બધા વ્યસની તથા ધર્માંધ હતા અને મિથ્યાભિમાનથી અત્યંત ઘેરાયેલા હતા. પેશવા, ગાયકવાડ, સિંધિયા, હોલકર, રાજસ્થાની રાજપૂતો, દક્ષિણ ભારતના કોઈ દેશી રાજાઓ કે ગુજરાત-સૌરાષ્ટ્રના ક્ષત્રિય રાજાઓ અનેક ભાગમાં વહેંચાયેલા હતા. તેઓ પણ ઈર્ષ્યા, દ્વેષ, વ્યસન તથા મિથ્યાભિમાનમાં ગળાડૂબ ખૂંતેલા હતા. ક્યાંય ન્યાય-નીતિ, સામાજિક સુરક્ષા, માનવજીવનનો વિકાસ, સારું શિક્ષણ કે કોઈ ઉદ્યોગ-ધંધાનો વિકાસ વગેરે અનેક બાબતોમાં જનસાધારણને માટે તો એ બધું અંધકારમય જ હતું.

તેમાં પણ ભગવાન શ્રીહરિ વર્તમાન ગુજરાત રાજ્યના જે પ્રદેશોમાં લગભગ ઓગણત્રીશ વરસ સુધી રહ્યા હતા, ત્યાંની સ્થિતિ અત્યંત ભયંકર અને નિરાશાજનક હતી. કચ્છ ભુજના જગજીવન મહેતા, વઢવાણના

ભાણજી મહેતા, વીસનગરના લાલજી મહેતા વગેરે બધા નાગર દીવાન તથા અમદાવાદમાં શાસક બની બેઠેલા પેશવાના સૂબાઓ, એ બધા એક એકથી આગળ પડતા સત્સંગને માટે આપત્તિરૂપ થયા હતા. અમદાવાદમાં સૂબાએ ખુદ શ્રીહરિની કપટતાભરી પધરામણીને બહાને તેમની હત્યા કરવા માટેનું નૃશંસતાભર્યું હીન કાવતરું કર્યું હતું, અને પછી શ્રીહરિને ત્વરિત અમદાવાદ છોડીને ચાલ્યા જવા હુકમ કર્યો હતો. શરૂઆતમાં શ્રીહરિને કચ્છ પ્રદેશમાં કાંઈક નિરુપદ્રવ જણાયો હતો, પણ ત્યાંના નાગર જગજીવન મહેતાએ સુતાર હીરજીભાઈને બોલાવીને ધમકી આપી, તેથી શ્રીહરિને કચ્છ પ્રદેશ પણ છોડવો પડ્યો હતો. પછી શ્રીહરિ શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠામાં ભુજ ગયા હતા, પણ છેવટ સુધી કચ્છમાં ક્યારેય વધારે રોકાયા નથી.

શ્રીહરિને માટે અંતઃપીડારૂપ મતપંથી વેરાગીઓ હતા. ખાસ કરીને વીસનગરનો વેરાગી સાધુ, તેમજ ધ્રાંગધ્રાના વેરાગીઓ, અત્યંત ઉપદ્રવ કરીને પોતાને તથા પોતાના આશ્રિત સંતો તથા હરિભક્તોને માટે અત્યંત દુઃખદાયક થયા હતા. ઝાલાવાડના હરિભક્તો ઘણા જ નિષ્ઠાવાન હતા, છતાં પરમ એકાંતિક ભક્ત ચારણ ભોજાભક્તના હાથ ઉપર ઝાટકો મારીને વેરાગીઓએ ઉપદ્રવ કર્યો હતો. એકવાર તો રસ્તે ચાલ્યા જતા સંતોને લૂંટાવ્યા તેમજ પૂજાની મૂર્તિઓ, જમવાનાં પાત્રો અને કપડાં સુધ્ધાં પણ લૂંટી લીધાં હતાં. પણ દૈવ યોગે લશ્કરની ટુકડી ત્યાંથી પસાર થતી હતી, ત્યારે તેનાથી સંતો બચી ગયા હતા. ઝાલાવાડના ક્ષત્રિય રાજાઓના દરબારગઢ સુધી તે વેરાગીઓનો પ્રવેશ હતો. રાણીઓ તેમને ગુરુ માનતી, તેથી નાના મોટા રાજાઓ વેરાગીઓને કાંઈ કહી શકતા નહીં.

પાર્ષદ ડુંગરજી પોતાને ગામ મેથાણ ગયેલા અને ત્યાંના એક કહેવાતા વેરાગી ઉદ્દામ સાધુએ ડુંગરજીને શ્રીહરિનું નામ લઈને ગાળો દીધી અને લાકડી મારી, ત્યારે વીર ડુંગરજીએ તેના ઉપર તલવારથી એક વાર કર્યો તેમાં તે ઉદ્ધત વેરાગીનો હાથ કપાયો. પછી તો બધા

વેરાગીઓ ભેળામળીને તે તે પ્રદેશની રાજસત્તાઓ સુધી પહોંચ્યા, અને ગાયકવાડના બાબા સાહેબ દીવાન સુધી ખટપટ કરીને શ્રીહરિને કેદ કરવાનું હીન કૃત્ય નક્કી કર્યું, પણ તેમાં તે વેરાગીઓ સફળ થયા નહીં. તેમજ તેમણે લાંચમાં આપેલા રૂપિયા પણ નિરર્થક ગયા. માંડવી બંદરમાં તો ભાગવતની પારાયણના પ્રસંગમાં રાતે સૂતેલા સંતો તથા શ્રીહરિ ઉપર ત્યાંના હીન લોકો પથ્થરમારો કરતા હતા.

સંપ્રદાયના વિદ્વાન સંતોએ શ્રીહરિને 'અહિંસયજ્ઞપ્રસ્તોતા' કહ્યા છે, તેમજ યજ્ઞના સંબંધને લીધે યજ્ઞેડ્ય, યજ્ઞહૃદય, અમરયજ્ઞતન્તુ, યજ્ઞેશ, યજ્ઞફલદ, ઉત્તમયજ્ઞકર્તા, યજ્ઞેજ્ય, યજ્ઞવિધિશંસન તથા યજ્ઞમૂર્તિ આવાં દસેક નામથી ઉત્તમયજ્ઞ કરનારા કહ્યા છે. તે શ્રીહરિએ જેતલપુર અને ડભાણ વગેરે સ્થળોમાં અપાર યજ્ઞ કર્યા હતા. તે યજ્ઞોમાં અસંખ્ય બ્રાહ્મણોને ઘી ચૂચવતા મિષ્ટાન્નોથી ખૂબ જમાડ્યા હતા. વિપ્ર બટુઓને યજ્ઞોપવીત અપાવ્યાં, કન્યાદાન અપાવ્યાં, અનેકવિધ દાનોમાં જમીન, ઘર, ગાય, અશ્વ, વસ્ત્રો, અલંકારો અને રોકડ રકમ પુષ્કળ અપાવ્યાં. તેમજ બ્રાહ્મણોની ચોરાશી કરીને તેમને ઘણા જ આદરભાવથી જમાડ્યા હતા. તેમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા નિમિત્તે કાંકરિયા સરોવરે કરેલી ચોરાશી સર્વાધિક પ્રસિદ્ધ છે. શ્રીહરિએ જે બ્રાહ્મણોને સહુથી વધારે જમાડ્યા હતા, તે જ બધા શ્રીહરિના વિરોધમાં નહિ કરવાના હીનકૃત્યો કરતા હતા, તેમજ પ્રસંગે પ્રસંગે આડોડાઈ કરતા હતા.

એક રામાનુજી પંડિત વેદાંતાચાર્ય હરિહરાચાર્ય નામથી કહેવાતા હતા, તેમને તો શ્રીહરિએ ઘણા જ માનપૂર્વક વડતાલમાં તથા ગઢડામાં બોલાવીને ઘણા જ માન્યા-પૂજ્યા; તોપણ તેણે વીંછીના જેવો પરપીડક પોતાનો સ્વભાવ છોડ્યો નહીં. છેવટે વડોદરામાં બધા મતપંથીઓ વેરાગીઓની સાથે મળીને શ્રીહરિના અત્યંત ઉજ્જ્વળ સંપ્રદાય ઉપર નિતાંત મિથ્યા આરોપો મૂક્યા હતા. છેવટે વડોદરામાં પ્રશાંતમૂર્તિ વિદ્વન્મૂર્ધન્ય તથા સાધુતાની સીમા જેવા સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામીની સમક્ષ તેઓ

કાંઈ જ બોલી શક્યા નહિ, પણ પરાસ્ત થયા અને તત્કાલીન સામાન્ય જનસમાજમાં તણખલા જેવા તે સાબિત થયા. હજારોની સંખ્યામાં ભેળા મળેલા વેરાગીઓનું ત્યાં કાંઈ ઊપજ્યું નહીં.

વળી, વડોદરામાં વિશ્વામિત્રીના પુલ પાસે ઊતરેલા સંતોને પણ ત્યાંના વેરાગીઓએ હેરાન-પરેશાન કર્યા હતા. તેના પહેલાં ખોખરા મહેમદાવાદમાં શ્રીહરિએ કરવા ધારેલા યજ્ઞમાં પણ જાત જાતના અને ભાતભાતના તે હુડદંગા વેરાગીઓ-મતપંથીઓએ અત્યંત ઘૃણાસ્પદ ઘોર પાપાચાર કરીને બ્રહ્મસ્વરૂપ ચાર સંતોને ઢોરમારથી માર્યા, અને છેવટે પરબ્રહ્મસ્વરૂપ શ્રીહરિને પણ હણવા માટે તે હીનમતિઓએ આક્રમણ કર્યું હતું, છતાં તેમાં તો વીર પાર્ષદો અને ક્ષત્રિય હરિભક્તોએ તે પાપીઓને પૂરો પદાર્થપાઠ ભણાવ્યો હતો.

ઉપર જણાવેલી અત્યંત પીડાભરેલી યાતનાઓનો ધોધ વહેતો હતો, ત્યારે શ્રીહરિના જ્ઞાની, ધ્યાની તથા નિર્માની સંતોએ અત્યંત ધૈર્ય રાખીને બધું સહન કર્યું હતું. ક્યાંય કોઈ કોઈની રાવ-ફરિયાદ સાંભળતું નહિ, તેવા સમયમાં જગન્નિયંતા પરમેશ્વરની ઈચ્છાથી આ ભારતવર્ષમાં અંગ્રેજ વેપારીઓની કંપની ધંધા માટે આવી. તત્કાલીન પરિસ્થિતિનો લાભ લઈને તે વેપારી કંપની જ આ દેશમાં સર્વેસર્વા બની બેઠી. તેમાં પ્રથમ સુરત તે પછી અમદાવાદ અને ચરોતર વગેરે પ્રાંતમાં અંગ્રેજી શાસન થયું. તે અંગ્રેજી શાસનથી મુખ્યતયા ખેડૂતો, ખેતમજૂરો અને પ્રજામાં રહેલ બધા જ શ્રમજીવીઓને શાંતિ થઈ હતી. નાના મોટા અમુક સત્તાધિશોના ત્રાસથી પ્રજા અત્યંત પીડાતી હતી. વહેલા-મોડા, સવાર-સાંજે કોઈ એકલ દોકલ માણસ એક ગામથી બીજે ગામ હેમખેમ જઈ શકતો નહીં. પહેરેલાં કપડાં, જોડાં પણ લૂંટારા લૂંટી લેતા હતા.

અમુક કોમના લોકોમાં તો મેલીકારે(ધાડ પાડવા) જવું પ્રસિદ્ધ હતું. આખા ગામની ગાયોને રોકી રાખે, પછી ગામલોકો પાસેથી મન માન્યું ધન લઈને ગાયોને છોડતા હતા. એક સામટા પચીશ-પચાશ હથિયાર ધારી

ઘોડેસવારોની ટોળી મનફાવે તેવા ગામમાં કે સમાજમાં લૂંટ ચલાવતી હતી. ગાયકવાડ જેવા શક્તિશાળી રાજાની ખંડણી ઊઘરાવવા નીકળેલી સેના જ્યાં જાય ત્યાં ક્રૂરતાભર્યા અત્યાચારોથી પ્રજાને ત્રાસ આપતી હતી. પ્રજામાં કોઈ થોડો ઘણો પણ ધનાઢ્ય હોય તો તેને અન્યાય કરી બળથી લૂંટતી હતી. સાધારણ માણસને ઘેર સારું ઘોડું, ભેંસ, ગાય કે બળદ જેવાં પશુઓની પણ લૂંટ થતી હતી. અને જ્યાં લાંચ મળે તેમ હોય ત્યાં વધારે ઉત્પીડન થાતું હતું. દેશના જે ક્ષત્રિય મોટા રાજાઓ હતા તેઓ નાના ગરાસદારોને યેનકેન પ્રકારેણ દબાવતા અને તેમનો ગરાસ પડાવી લેતા હતા. તે સમયમાં નાગર દીવાનો કુનેહભરી નીતિમાં કુશળ ગણાતા હતા. આ ગ્રંથમાં સિદ્ધાનંદ સ્વામીએ કહ્યું છે કે, કાઠી લોકો ઝઘડો કરવાથી ડરતા નહિ, પણ તેમનામાં રાજનીતિની ખોટ હતી. અંદરો અંદર કજિયો કરીને એકબીજાનાં માથાં વાઢી નાખતા, પણ ચતુરાઈભર્યું કામ તેમને આવડતું નહીં.

અંગ્રેજ વહીવટી અધિકારીઓ, સુરક્ષા રાખનારા લશ્કરી અધિકારીઓ અને ન્યાયતંત્રમાં રહેલા ન્યાયાધીશ સાહેબોએ જન સાધારણને સુખી કરવા ભરચક પ્રયત્નો કર્યા હતા, તેમને જે કોઈ પણ અત્યાચારી, સમાજના શોષક, લૂંટારા અને હત્યારા હતા, તેમને તત્કાળ ખોળીને પકડી લીધા. તેમને કઠોર દંડ દીધો અને તેમાં પણ જે બિલકુલ સુધરી શકે તેવા ન હતા, તેમને ઉઠાવીને કાળે પાણીએ ઉતારી દીધા. શ્રીહરિનો સત્સંગ નિર્મળ, નિષ્પાપ, નિષ્કપટ, સંયમી, નિરુપદ્રવી, પાપભીરુ, શાંતિપ્રિય, ન્યાયપ્રિય અને અત્યંત આસ્તિક હતો. શ્રીહરિએ તથા તેમના સંતોએ ધાડપાડુ, વ્યસની, દુરાચારી અને કેટલાક હત્યારાઓને પોતાના અલૌકિક પ્રભાવથી, કલ્યાણકારી સદુપદેશથી તથા વાત્સલ્યપૂર્ણ કરુણામય દૃષ્ટિએ કરીને દુષ્કર્મોથી પાછા વાળ્યા. ગધેડા જેવા તેમના જીવનને સુધારીને ગાય જેવા પવિત્ર કર્યાં, પણ જે વર્તમાન-નિયમથી ભ્રષ્ટ કામી, ક્રોધી, લોભી તથા લંપટ દુર્વ્યસની હતા, તે જ્યારે કોઈ રીતે સુધર્યા નહિ ત્યારે અંગ્રેજી શાસનના શક્તિશાળી હાથથી બધાને નિયંત્રિત કર્યા.

તે ઉદ્દામવાદી ઉગ્રપંથીઓને વશ કરવા માટે તો શ્રીહરિ તે તે સમયમાં અમદાવાદ, ખેડા, સુરત અને રાજકોટ જેવા સત્તાના કેન્દ્રોમાં તે તે અંગ્રેજ અધિકારીઓને જઈને મળ્યા હતા. આપણો સત્સંગ તેનાં સુલક્ષણોને લીધે અંગ્રેજોને અતિશય ગમી ગયો હતો.

આ ગ્રંથમાં સિદ્ધાનંદ સ્વામીએ 'નીતિપૂર્ણ અંગ્રેજી શાસનનાં' શ્રીહરિએ સ્વમુખથી ઘણાં જ વખાણ કર્યાં હોય, તેમ લખ્યું છે. આગળ મેં કહ્યું તેવી આસુરી લોકોની પીડા તરફ જો ધ્યાન દેવામાં ન આવે, તો અત્યારના સ્વતંત્ર ભારતના નાગરિકને તે શ્રીહરિએ કરેલી અંગ્રેજી શાસનની પ્રશંસા કદાચ નહિ ગમે. પણ સમજુ માણસે તે પરિસ્થિતિ અને અંગ્રેજોની શ્રીહરિના તરફની અનુકૂળતાભરી નીતિનો વિચાર કરવો જોઈએ. વિ.સં. ૧૮૬૭ના વરસમાં શ્રીહરિ ખેડામાં અંગ્રેજ અધિકારીને મળવા ગયા હતા ત્યારે ત્યાં ચાર અંગ્રેજ સાહેબો હતા. તેઓ અંગ્રેજી શાસનના ઘણા કુશળ કાર્યવાહકો હતા. આ ગ્રંથમાં તેના જન સાધારણની જીભથી બોલાતાં નામ કહ્યાં છે. જેમ કે, વોકર(કર્નન મિ.વોકર) સાહેબ, બીજા રોલ(મિ.રોમરે) સાહેબ, ત્રીજા ડગલી(મિ.જહોન એન્ડ્રયુજ ડનલોપ) સાહેબ અને ચોથા એરણ(ન્યાયાધીશ મિ. હેરન) સાહેબ હતા.

સ્વામીએ લખ્યું છે કે, "દેશની પ્રજાને એક દિવસ પણ સુખ ન હતું. તે જોઈને શ્રીહરિ મનમાં દિલગીર થઈ ગયા. તેથી પ્રજા સુખી થાય તેવો સંકલ્પ કર્યો. કારણ કે, શ્રીહરિ બદરિકાશ્રમથી લઈને જગન્નાથપુરી સુધી અને કલકત્તાથી લઈને દ્વારકા, નારાયણસર તથા સિદ્ધપુર સુધી વિચર્યા હતા. જ્યાં દેખતા ત્યાં પ્રજા લૂંટાતી હતી. તે તે દેશના રાજાઓ પ્રજાને લૂંટતા હતા અથવા તો જે દીવાન હોય કે ગામના જે મુખી હોય તે પણ લૂંટતા હતા. તેમને જે છાની રીતે લાંચ આપે તેના વિરુદ્ધની કોઈ ફરિયાદ સાંભળતા નહીં. પીડાતી પ્રજા કોની આગળ ફરિયાદ કરે ? બધા જ મનમાં સંતાપ કરતા હતા. શ્રીહરિએ સાહેબોનાં અંતઃકરણમાં પ્રવેશ કર્યો અને હંમેશાં નીતિ ઉપર રુચિ કરાવી. કારણ કે, નીતિ સમાન કોઈ

ઊંચી વાત લાગતી નથી.......અંગ્રેજ સાહેબે બધા રાજાઓને હસતે મુખે કહ્યું કે....જેટલાં અફીણ આદિ વ્યસન છે તેને જો તમે દૂર નહિ કરો તો તે વ્યસન તમને રાજ્યથી દૂર કરી દેશે. જે રાજા નીતિ શીખીને નીતિ ઉપર ચાલશે તેનું રાજ્ય અચળ રહેશે...(હ.ચ.સા.૨૭/૬૬)

શ્રીહરિ અંગ્રેજોની ન્યાયપ્રિયતાથી અને દુષ્ટોને દમન કરવાની નીતિથી ઘણા પ્રભાવિત થયા હતા. તેમજ આમજનતાની શાંતિથી ખૂબ જ પ્રસન્ન રહ્યા હતા. તે સમયની સ્થિતિનું વર્ણન કરતાં ગ્રંથકાર લખે છે કે, "અંગ્રેજ સાહેબોની રાજ્ય કરવાની રીતિ શુભ હોવાથી તેમના રાજ્યમાં પ્રજાને ક્યાંય દુઃખ રહ્યું નહીં. અને તેથી જ તેવા રાજાને પ્રજા ચાહતી હતી. કારણ કે, નીતિમાન રાજા હોય તો જ પ્રજાનું સુખ રહે, રાજા તો ગુરુના પણ ગુરુ છે. નીતિના પ્રતાપથી સાહેબનું રાજ્ય સર્વત્ર થયું. મોટા મોટા રાજાઓ પણ તેમને આધીન થઈ ગયા. ગુરુ કે આચાર્યો સિદ્ધ થઈને લોકોને સિદ્ધાઈ દેખાડતા હતા. મૂઠ, જંત્ર, મંત્ર, તંત્ર, જાદુ, ભૂત અને પ્રેત આદિનો ભય બતાવીને સમાજમાં પૂજાતા હતા, પણ અંગ્રેજ સાહેબો તેનાથી ડરતા નહીં. કોઈ પણ માણસ જો મનુષ્યની હત્યા કરે તો તેને માર્યા વિના મૂકતા નહીં. અને તેઓ અનીતિને માર્ગે ચાલતા રાજાઓને વશ કરતા હતા."

અંગ્રેજોએ શ્રીહરિની આગળ પોતાના રાજ્યની નીતિ જ્યારે કહી, ત્યારે સત્સંગની નીતિને અનુસરતી તેમની રાજનીતિને જાણીને શ્રીહરિએ તેની પ્રશંસા કરી હતી. વિ.સં. ૧૮૬૭ની સાલમાં એરણ સાહેબને મળ્યા હતા. તે પછી આઠ વરસે તેમણે અમદાવાદને કબજે કર્યું, અને બે-ત્રણ મહિના પછી શ્રીહરિને અમદાવાદ બોલાવ્યા અને કહ્યું કે, હવે અમદાવાદમાં અમે અનીતિનો નાશ કર્યો છે. પ્રજાને બધી જાતનો ત્રાસ ટળી ગયો છે માટે આપ અહીં આવીને કોઈ 'જગ્યા' બાંધો. જેટલી જોઈએ તેટલી શહેરી જમીન અમે આપીશું. પછી શ્રીહરિએ જ્યાં કહ્યું ત્યાં જેટલી જોઈએ તેટલી જમીન આપી. પછી એરણ સાહેબ અઢારસો ને ચુંમોતેર,

પંચોતેર તથા છોતેરમાં; એમ ત્રણ વાર મળ્યા અને અઢારસો ને એંસીના વરસમાં તેઓ સુરત આવ્યા ત્યારે પાંચમી વખત મળ્યા હતા. સુરતમાં તો ખૂબ જ ધામધૂમથી શ્રીહરિની પધરામણી કરી હતી.

શ્રીહરિએ ૨૭/૭૨મા તરંગમાં તો એરણ સાહેબને કહ્યું છે કે, "તમારી નીતિથી ભગવાન તમારા ઉપર પ્રસન્ન છે. તમે પાંચ જણા ભેળા થઈને નિર્ણય કરો છો, તેથી તેમાં કાંઈ અન્યાય થતો નથી. જ્યારે ધનનો લોભ પ્રવેશશે અને એકબીજાના અંતરમાં એકતા નહિ રહે, ત્યારે તમારા રાજ્યને આંચ આવવાનો સંભવ છે. જ્યારે લોભ પેસે છે ત્યારે માતા, પિતા, પુત્ર અને સ્ત્રીમાં પણ ભેદ કરાવે છે અને અમૃતનું પણ ઝેર થઈ જાય છે. એવી રીતે જ કામ, ક્રોધ અને માન વગેરે દોષ પણ દુઃખદાયક છે."

ઉપર કહ્યા મુજબ દેશ, કાળ, અવસ્થા, સંપત્તિ, જાતિ અને શક્તિની પ્રધાનતા કે ગૌણતાને વિચારીને અંગ્રેજોની નીતિની શ્રીહરિએ ખૂબ જ પ્રશંસા કરી છે, અને અંગ્રેજી રાજ્યને આવકાર્યું છે. અહીં મારે વર્તમાન સમયની વિચારસરણીને જોઈને ઉપર મુજબ લખવું પડ્યું છે.

શ્રીહરિચરિત્રામૃતસાગરના આ અગિયારમા ભાગમાં છવ્વીશ તથા સત્યાવીશ, એમ બે પૂરનો સમાવેશ કર્યો છે. તેમાં છવ્વીશમા પૂરના તરંગ એંસી છે અને સત્યાવીશમા પૂરના તરંગ એકસો ને ચાર છે. છવ્વીશમા પૂરમાં તો ખાસ કરીને ગઢપુરની લીલાઓ લખી છે. ગઢપુરમાં મંદિર કરવાના આશયથી ઘેલા નદીમાં સ્નાન કરીને સહુ એક પથ્થર માથે ઉપાડીને લાવતા હતા. વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા શ્રીહરિ વડતાલ ગયા છે. મુક્તાનંદ સ્વામી ઘોડી ઉપરથી પડી ગયા તે બધી કથા કહી છે. અનેક પ્રકારની લીલાની વાતો કહ્યા પછી ગઢપુરની લીલામાં સીતારામજીને ગાદીએ સ્થાપ્યાની વાત કહી છે, અને પછી અયોધ્યાવાસીઓને દ્વારકા યાત્રા માટે મોકલ્યા તે બધી જ પ્રસિદ્ધ વાત કહી છે. બીજી પણ કેટલીક વાતો કહી છે.

સત્યાવીશમા પૂરમાં તો વડતાલમાં દ્વારકાધીશ અને તેમનાં બધાં અંગભૂત તીર્થોની વાત કહી છે. પછી અરદેશર શેઠનો પત્ર આવવાથી શ્રીહરિ સુરત પધાર્યા છે. સુરત ગયા ત્યાં દસ-અગિયાર દિવસ રોકાયા અને પાછા ગઢપુર આવ્યા સુધીની નાની મોટી અનેક ઘટનાઓની વાત ગ્રંથકાર સ્વામીએ ઘણા જ ભાવથી લખી છે. અહીં તો હું બધું લખતો નથી. ગ્રંથનો અગિયારમો ભાગ તો આપ સહુના હાથમાં જ છે, માટે અનુક્રમણિકાને આધારે બધું વાંચી લેવા આપ સહુને મારી વિનંતી છે.

પરમ કૃપાળુ પૂર્ણપુરુષોત્તમ શ્રીહરિની નિઃસીમકારુણ્યમયસુધામય દૃષ્ટિથી આ અગિયારમા ભાગનું સંપાદકીય લખવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. મારા પ્રાતઃસ્મરણીય ગુરુવર્ય પૂજ્યપાદ સદ્‌ગુરુ પુરાણી શ્રીત્રિકમચરણદાસજી સ્વામીની અનવધિક કરુણાથી, તેમજ અપાર વાત્સલ્યનિધિ સદ્‌ગુરુ પુરાણી શ્રીહરિપ્રિયદાસજી સ્વામીના સંપૂર્ણ રાજીપાથી શ્રીહરિચરિત્રામૃતસાગરના અનુવાદની અને સંપાદનની સેવા મને મળી છે. અન્યથા મારા જેવા સામાન્ય સાધુથી આ અતિશય વિશાલતમ કાર્ય સંભવે નહીં. એટલે આ સંપાદકીયમાં પ્રથમ હાર્દિક આભાર તો તે પરમ દયાળુ ઈષ્ટદેવ શ્રીહરિનો તથા પછીથી ઉક્ત સદ્‌ગુરુદ્વયનો માનું છું. અને તેના પછી અપ્રતિમ ઉલ્લાસમૂર્તિ, મહાનુભાવ અને આ ગ્રંથના પ્રકાશક શાસ્ત્રીજી શ્રીહરિપ્રકાશ સ્વામીજીનો આભાર માનું છું. તેમણે મારામાં વિશ્વાસ મૂકીને આવું ઉત્તરદાયિત્વપૂર્ણ કઠિન કાર્ય મને સોંપ્યું છે.

તે પછી તલસ્પર્શી વિચાર કરતાં મને અનુભવાયું છે કે, જે મહાપુરુષ સંતવર્ય વિદ્વન્મૂર્ધન્ય સદ્. શાસ્ત્રી સ્વામી શ્રીહરિજીવનદાસજીએ વડતાલ સાધુ સમાજના ગ્રંથાલયમાં અન્યત્ર અપ્રાપ્ય આવા અપ્રતિમ ગ્રંથરત્નને સંગ્રહી રાખ્યો અર્થાત્ તેને યથાવસ્થિતરૂપમાં આજ સુધી જાળવી રાખ્યો છે. એટલે હું જેમાં પ્રથમ હોઉં એવા સમગ્ર સત્સંગ સમાજે તે પૂજ્યચરણ શાસ્ત્રી સ્વામીનો આભાર માનવાનો રહ્યો છે.

વળી, સદ્.શ્રીઆધારાનંદ સ્વામીજી પછી પ્રવર્તમાન પ્રસ્તુત ગ્રંથરત્નના અનુવાદન, પ્રકાશન તથા પ્રચુર પ્રચારણ-પ્રસારણના કાર્યક્ષેત્ર અંગે હું જ્યારે વિચારું છું ત્યારે પ્રકૃષ્ટ પ્રભાવિત થયેલા મને સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી જણાય છે. આ ગ્રંથને માટે તન, મન, ધનથી ઘણો જ પુરુષાર્થ કરીને સમગ્ર સત્સંગમાં સહુના હાથ સુધી પહોંચાડવારૂપ સત્સંગની અદ્‌ભુત સેવા સદ્‌ગુરૂ શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ સ્વયં અને પોતાના શિષ્યમંડળે કરી છે. એટલે ઈષ્ટદેવ શ્રીહરિના આશ્રિત સમગ્ર સત્સંગ સમાજવતી હું તેમનો ભૂયોભયઃ અપરંપાર આભાર માનું છું. કારણ કે, છેલ્લા સાતેક માસથી હું પૂજ્ય સ્વામીજીના મંડળ સાથે કુંડળધામમાં રહ્યો છું. તેથી મને તેનો સાક્ષાત્ અનુભવ છે. તેમના સહયોગથી જ છેલ્લા સાત માસમાં ભાગ-૬ થી ભાગ-૧૧ સુધી છ ગ્રંથોને ઝડપથી તૈયાર કરીને સત્સંગને સમર્પણ કરી શક્યો છું. તેમાં માનવસુલભ ખામી રહી હોય તો શ્રીહરિના પ્યારા આપ સહુ ત્યાગી-ગૃહી ભાઈઓ તથા બહેનો ઉદાર દિલ રાખી મારી તે ખામીને માફ કરશો.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ



અનુક્રમણિકા INDEX

પૂર-૨૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨
૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦

પૂર-૨૭

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨

અનુક્રમણિકા INDEX



ભાગ-૧૧

(પૂર - ૨૬, ૨૭)

અનુક્રમણિકા

પૂર - ૨૬

પૂર - ૨૭

સદ્. શ્રીસિદ્ધાનંદમુનિકૃત સુરત લીલાનાં પદો



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૬

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર છવ્વીશમું : તરંગ - ૧

ગઢડા મધ્ય પ્રકરણનું એકત્રીશમું વચનામૃત

✵ મંગલાચરણ :

दोहा : श्रीसहजानंद स्वामी के, पदपंकज शिर नामि;
वंदन करहु कर जोरिके, परम मोद उर पामि...०१
हरि के चरित्र कहत में, आनंद अति हि होत;
एसे नहि आनंद कोउ, विचारिके जब जोत...०२

सोरठा : आनंद सुख रस जेहु, हरि बिन हि जो रहे जेहि;
संस्रति करन रहे तेहु, दुःख के वार न पार कर...०३
हरि के चरित्र जेते, दुःख के मुर जेते जेहि;
छेदन रहे तेते, दुःख रहित सुख देन रहे...०४

હું મારા હૃદયમાં અપાર આનંદ પામીને શ્રીસહજાનંદ સ્વામીનાં ચરણકમળમાં મસ્તક નમાવી તથા હાથ જોડીને વંદન કરું છું. ૧. શ્રીહરિનાં ચરિત્રો કહેવામાં મને અતિશય આનંદ થાય છે. હું જ્યારે વિચારીને જોઉં છું ત્યારે જણાય છે કે, શ્રીહરિનાં ચરિત્રમાં છે એવો બીજો કોઈ આનંદ

નથી. શ્રીહરિ સિવાયનાં જે કાંઈ આનંદ, સુખ કે રસ કહેવાય છે, તે બધાં સંસૃતિ કરાવનારાં છે. તેથી તેમાં અપાર દુઃખ રહ્યું છે. ૨-૩. શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે, તે સર્વે દુઃખનાં તમામ મૂળિયાને કાપી નાંખનારાં છે અને દુઃખરહિત શુદ્ધ સુખ આપનારાં છે. ૪.

✵ શ્રીહરિની સર્વે ક્રિયા દયા અને કૃપાપૂર્ણ હોય છે :

ચોપાઈ :

अति दयालु दयाल हि अपारा, अति कृपालु कृपाल भंडारा;
जो आचर्ण करे महाराजा, सब ही जन के सुख के काजा...०५
नये नये नित्य चरित्र कराते, चिंतविके जन तेहि चित्त रखाते;
दास उपरी दया अति रहाये, सुख सागर शाम मूर्ति ताये...६

શ્રીહરિ અતિશય દયાળુ છે. કારણ કે, તેમાં અપાર દયા રહી છે. તેઓ અતિશય કૃપાળુ છે. કારણ કે, તે કૃપાના ભંડાર છે. તેથી તે શ્રીહરિ જે કાંઈ પણ આચરણ કરે છે, તે સર્વે જીવોનાં સુખને માટે જ કરે છે. ૫. શ્રીહરિ રોજ નવાં નવાં ચરિત્રો કરતાં હતાં. ભક્તજનો તેનું ચિંતવન કરીને તેને ચિત્તમાં ધારી રાખે છે. એવા સુખસાગર શ્યામસુંદર મૂર્તિ શ્રીહરિને પોતાના દાસ ઉપર અતિશય દયા રહી છે. ૬.

दास कु दरशन देवत दाना, जन जुवत भावे भगवाना;
करत बात नित्य प्रति नवीना, आश्चर्य पावत जन जो प्रवीना...०७
अलोकिक सुख सब लेत रहाते, बहुत एसि हरि बात कराते;
आनंद में दिन इमि जाते, गोविंद के गुण जन जो गाते...०८
जुग पल सम जावत रहे जेहा, भगवान भेगे रहत तेहा;

શ્રીહરિ પોતાના દાસરૂપ ભક્તને દર્શનનું દાન આપતા. અને તે ભક્તજનો ભાવથી ભગવાનનાં દર્શન કરતા. શ્રીહરિ નિત્ય પ્રતિ નવી નવી વાતો કરતા. તેને સાંભળીને જે સુજ્ઞ ભક્તો હતા, તે આશ્ચર્ય પામતા હતા. ૭. આમ શ્રીહરિ એવી બહુ બહુ વાતો કરતા રહેતા અને સર્વ ભક્તજનો અલૌકિક સુખ લેતા રહેતા. જે ભક્તો ભગવાનના ગુણ ગાતા રહેતા,

તેમનો દિવસ આવી રીતે આનંદમાં વીતી જતો. ભગવાન શ્રીહરિની સાથે રહેનારા તે સંતો-ભક્તોનો યુગ જેટલો સમય પણ એક પળવારની જેમ પસાર થઈ જતો.

✽ વચ.ગ. મ. ૩૧નો પ્રારંભ :

(સંવત્ ૧૮૮૦ના) શ્રાવણ સુદિ ચોથને દિવસ શ્રીજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં પોતાને ઉતારે વેદિ ઉપર ગાદી તકિયા નંખાવીને તેના ઉપર આવી વિરાજમાન થયા હતા. મુનિઓના પતિ શ્રીહરિએ સર્વ અનુપમ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૮-૧૧. મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી. અને તે ખેડા ગામના ભાવસાર પ્રેમજી ભક્તે બંધાવી હતી. ૧૨. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ બેઠા હતા. તથા દેશ દેશના હરિભક્તની સભા તે વખતે ભરાઈને બેઠી હતી. અને પ્રાગજી દવેની પાસે શ્રીમદ્‌ભાગવતની અદ્‌ભુત કપિલગીતાની કથા કરાવતા હતા. ૧૩-૧૪.

✽ મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તે બ્રહ્મરૂપ થાય :

તે કથાની સમાપ્તિ થઈ પછી શ્રીહરિ પરમહંસ પ્રત્યે બોલ્યા જે, "સર્વ કારણનાં પણ કારણ, અક્ષરાતીત અને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તે મહાપુરુષરૂપે કરીને મહામાયાને વિષે વીર્યને ધારણ કરે છે. ૧૫-૧૭. તે પુરુષ અક્ષરાત્મક છે, મુક્ત છે અને એને બ્રહ્મ કહે છે. અને એ પુરુષે જ્યારે માયામાં વીર્યને ધારણ કર્યું ત્યારે તે માયામાંથી (પ્રધાનપુરુષ દ્વારા) જે વૈરાજ પુરુષ કહેવાય છે તે ઉત્પન્ન થયા. તેથી તે વૈરાજપુરુષ તે પુરુષના પુત્ર કહેવાયા. ૧૮-૧૯. જેમ આ જગતમાં કોઈ પ્રાકૃત મનુષ્ય હોય, તેને પોતાની પત્નીથી પુત્ર ઉત્પન્ન થાય છે. ૨૦. તેમ તે વૈરાજપુરુષ પણ નિશ્ચિત ઉત્પન્ન થયા છે. અને એવા જે વૈરાજપુરુષ તે વ્યષ્ટિ પુરુષ(જીવ) સમાન છે. ૨૧.

અને તે વૈરાજપુરુષની જેટલી ક્રિયાઓ છે તે બધી આ વ્યષ્ટિપુરુષ જે જીવ તેના જેવી જ છે. અને તે વૈરાજપુરુષની આવરદા દ્વિપરાર્ધ કાળ સુધી

નિશ્ચિત છે, એમ સમગ્ર શાસ્ત્રોમાં કહ્યું છે. અને આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ એવી એની ત્રણ અવસ્થા કહી છે. કારણ કે, મોટાની બધી વાતો મોટી જ હોય છે. જેમ જીવની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; એ ત્રણ અવસ્થા કહેવાય છે તેમ તેને પણ એ ત્રણ અવસ્થા રહી છે. અભ્યાસ કર્યા વિના આ વાત ક્યારેય સમજાતી નથી. ૨૨-૨૫.

તે વૈરાજપુરુષના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત; એ ત્રણ દેહ છે. તે ત્રણ દેહ અષ્ટ આવરણથી યુક્ત જ છે. અને તે ત્રણેય દેહ મહત્તત્ત્વાદિક ચોવિશ તત્ત્વ દ્વારા થયા છે. તે વિરાટ દેહને વિષે ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતાઓએ પ્રવેશ કર્યો અને તેને જ્યારે ઉઠાડવા લાગ્યા ત્યારે તે ઊઠી શક્યો નહિ. અને તે વિરાટનો જીવ પણ તેમાં હતો તોપણ તે વિરાટ ઊઠ્યો નહિ. અને જ્યારે ક્ષેત્રજ્ઞ એવા વાસુદેવ ભગવાન પુરુષરૂપે કરીને તેમાં આવ્યા, ત્યારે તે વિરાટ દેહ ઊઠ્યો. પછી તે વૈરાજપુરુષ પોતાની નાની મોટી જે કાંઈ ક્રિયાઓ હોય તેને કરવા માટે સમર્થ થયા. અને એ જ ભગવાન આ જીવને પ્રકાશવાને માટે સુષુપ્તિરૂપ માયા થકી પર રહ્યા થકા સદા આ જીવને વિષે અનુપમ સાક્ષીરૂપે રહ્યા છે, પણ તે અદૃશ્ય છે. ૨૬-૩૩.

જીવને દેહ, ઈન્દ્રિયો અને વિષયનો સંગ વારંવાર ઘણો થયો છે. માટે એ સંગદોષે કરીને જીવ નક્કી દેહાદિકરૂપ થઈ ગયો છે. પરંતુ તે દેહાદિકના સંગને મૂકીને જ્યારે એ જીવ એમ સમજે જે,

चोपाई :

मेरे स्वरूप हि माया तिनसे, मुक्त अरु पर ऐसे इनसे;
शुद्ध तेहि ब्रह्म जो रहाये, निरंतर ऐसे एह ताये...३६

दोहा : मनन ताकु करत करत, यह ब्रह्म हि ताके;
संग करत एह ब्रह्म के, गुण जेते हि वाके...३७

जीव के विषे आवत हे, निश्चय बात रहाय;
मनन करे बिन हि जोउ, कोटि कल्प लग ताय...३८

सोरठा : वारता सुनत एह, मनन यह करे बिन हि कबु;
स्मृति रहत नहि तेह, बडे दोष रहेउ तेहि...३९

'મારું સ્વરૂપ તો માયાથી મુક્ત ને માયાથી પર એવું જે શુદ્ધ બ્રહ્મ તે જ છે. એવી રીતે જો નિરંતર મનન કરતાં કરતાં બ્રહ્મનો સંગ કરે તો તે બ્રહ્મના ગુણ તે જીવને વિષે આવે છે, તે વાત ચોક્કસ છે. પણ મનન કર્યા વિના તો કરોડો કલ્પ સુધી આ વાર્તા સાંભળે, તોપણ ક્યારેય તેની તેને સ્મૃતિ રહેતી નથી. પોતાના બ્રહ્મ સ્વરૂપની સ્મૃતિ રાખતો નથી, એ જ તે જીવનો મોટો દોષ છે. ૩૪-૩૯. ઉપર કહ્યું તે રીતે ઈશ્વર જે વૈરાજપુરુષ તથા વ્યષ્ટિપુરુષ જે આ જીવ તેણે સહિત સર્વેના મુખ્ય પ્રકાશક તો પુરુષરૂપે કરીને પુરુષોત્તમ એવા જે આ વાસુદેવ ભગવાન તે છે, આ વાત નિશ્ચિત છે. ૪૦-૪૧.

અને તે વૈરાજપુરુષ પણ જીવની જેમ જ બદ્ધ છે. તે દ્વિપરાર્ધ કાળ પર્યંત પોતાની આવરદાને ભોગવે છે અને ત્યાં સુધી તે બદ્ધ રહે છે. અને જ્યારે તેના પ્રલયનો સમય થાય છે ત્યારે એને તે પુરુષનો સાક્ષાત્ સંબંધ થાય છે. કેમ જે, તે પુરુષ તેના પિતા છે અને તે અતિ સમર્થ છે. ૪૨-૪૪. તેથી તે પુરુષ તેની એટલી રક્ષા કરે છે. પરંતુ એ વૈરાજપુરુષને માયાનો સંબંધ રહ્યો છે. માટે પ્રાકૃત પ્રલયને અંતે ફરીને તે પાછા માયામાંથી ઊપજે છે. અને આ જીવ જેવી રીતે બદ્ધ અને અસમર્થ છે તેવી જ રીતે તેનો પિતા પણ બદ્ધ અને અસમર્થ હોય છે. તેથી તે પિતા પોતાના પુત્રની દુઃખને સમયે શું સહાય કરે ? ૪૫-૪૭. માટે જીવને સુષુપ્તિરૂપ માયાનો સંબંધ અતર્ક્ય, અનુપમ અને નિરંતર રહે છે, પણ છૂટતો નથી. તે સંબંધ કેટલાય કલ્પથી રહ્યો છે. ૪૮. અને તે સંબંધ તો ત્યારે છૂટે, જો પૂર્વે કહ્યું તેવી રીતે પોતાના પ્રકાશક અને પરમ પવિત્ર એવા જે બ્રહ્મ તેનો અખંડ મનન દ્વારા સંગ કરે. આ રીતે બ્રહ્મનો સંગ કરવાથી તે સંબંધ તત્કાળ છૂટે છે, આ વાત નિશ્ચિત છે. ૪૯-૫૦.

અને વળી જે વિરાટપુરુષ કહ્યા તે સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે. તેમાં પ્રલયરૂપ અવસ્થાને વિષે તે સંકર્ષણની ઉપાસના કરે છે. તથા સ્થિતિરૂપ અવસ્થા આવે ત્યારે તેને વિષે પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે. ૫૧-૫૩. તથા ઉત્પત્તિરૂપ અવસ્થાને વિષે તે અનિરુદ્ધની ઉપાસના કરતા

રહે છે, એમ વેદો અને પુરાણો કહે છે. ૫૪. અને તે સંકર્ષણ આદિક ત્રણ છે તે વાસુદેવ ભગવાનનાં સગુણરૂપ છે. અને તેની ઉપાસનાનાં બળે કરીને વૈરાજપુરુષ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ક્રિયાને વિષે અપાર સામર્થ્યને પામતા રહે છે. ૫૫-૫૬.

અને જ્યાં સુધી વૈરાજપુરુષ એ ત્રણની ઉપાસના કરતા રહે છે, ત્યાં સુધી એને ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયરૂપ માયાનો સંબંધ છૂટતો નથી. અને જ્યારે તે નિર્ગુણ એવા વાસુદેવ ભગવાનની ઉપાસના કરે છે, ત્યારે એ વૈરાજપુરુષ માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય છે. ૫૭-૫૯. જેમ આ જીવ છે તે બ્રહ્માદિક દેવરૂપે ભગવાનની ઉપાસના ભાવ સહિત કરે છે ત્યારે તે ધર્મ, અર્થ અને કામરૂપ ફળને પામે છે. અને જ્યારે ભગવાનના અવતાર જે રામ-કૃષ્ણાદિક તેમની ઉપાસના કરે છે, ત્યારે તે બ્રહ્મરૂપ થાય છે અને તેનો મોક્ષ થાય છે. ૬૦-૬૨.

તે રીતે જ વિરાટપુરુષને પણ થાય છે. અને **'તે વૈરાજપુરુષ દ્વારાએ અવતાર થાય છે,' એમ જે શાસ્ત્રોમાં કહ્યું છે; તેમાં તો ઘણું રહસ્ય રહ્યું છે અને તે બધું સમજવું પણ કઠિન છે.** તે વાત આમ સમજવી કે, જે વાસુદેવનારાયણ છે તે પુરુષરૂપે કરીને જ્યારે વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય છે, ત્યારે (વૈરાજ થકી) જે જે અવતાર કહ્યા છે તે બધા યોગ્ય કહ્યા છે. માટે જે કાંઈ અવતારો છે તે સર્વે વાસુદેવ ભગવાનના જ છે. ૬૩-૬૬. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે કરીને એ વૈરાજપુરુષ થકી અલગ થઈ જાય છે, ત્યારે કેવળ વૈરાજપુરુષથી અવતાર સંભવે જ નહિ. માટે તેનાથી જે અવતાર કહ્યા છે તેનો વિચાર કરવો જોઈએ. ૬૭-૬૮. કેમ જે, એને વિષે વાસુદેવ આવ્યા હતા, તેથી જ 'તે થકી અવતાર થાય છે,' એ વાત કહી છે. અને તેને વિષે વાસુદેવ જે ક્ષેત્રજ્ઞ તેણે જ્યારે પ્રવેશ કર્યો ન હતો, ત્યારે તો તે વૈરાજપુરુષ પોતાની ક્રિયા કરવાને વિષે પણ સમર્થ થયા ન હતા. ૬૯-૭૦.

અને પૂર્વે કહ્યા જે મહાપુરુષ તે જ્યારે મહામાયામાં ગર્ભ ધારણ કરે છે, ત્યારે (પ્રધાનપુરુષ દ્વારા) આવો એક વૈરાજપુરુષરૂપ પુત્ર ઉત્પન્ન થાય

છે; એમ કહ્યું છે. અને એ જ મહામાયામાંથી (અનેક પ્રધાનપુરુષ દ્વારા) કેટલાંક બીજાં પણ વૈરાજપુરુષરૂપ બ્રહ્માંડો થાય છે. અને તે મહાપુરુષ તો નિરન્ન છે, મુક્ત છે અને બ્રહ્મ છે. ૭૧-૭૩. અને તે મહામાયાના કારણ છે અને માયાને વિષે લોમપણે વર્તે છે તોપણ તેને માયાનો બાધ લાગતો નથી. અને માયાને વિષે તેમને ક્યારેય ભોગની ઈચ્છા જ નથી, એવા તે રહ્યા છે. ૭૪-૭૫. કેમ જે, તેઓ પોતે તો હંમેશાં બ્રહ્મસુખે કરીને સુખિયા છે અને પૂર્ણકામ છે. અને જે વૈરાજપુરુષરૂપ ઈશ્વર છે તે માયાના ભોગને ભોગવીને પ્રલયકાળને વિષે માયાનો ત્યાગ કરે છે. ૭૬-૭૭. અને જે જીવ છે તે માયાના ભોગને ભોગવીને દુઃખિયો થકો માયાને વિષે લીન થઈ જાય છે." ૭૮.

❋ મહાપુરુષ અને પુરુષોત્તમના ભેદની વિગત :

ત્યારે શુકમુનિએ શ્રીહરિના પ્રત્યે પૂછ્યું જે, "જે પુરુષોત્તમ વાસુદેવ છે તે પુરુષરૂપે કરીને અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા છે. માટે પુરુષરૂપે કરીને જ શાસ્ત્રમાં બહુધા અનુપમ પુરુષોત્તમને કહ્યા છે. ત્યારે જે પુરુષ કહ્યા તેમાં અને જે વાસુદેવ પુરુષોત્તમ કહ્યા, તે બેમાં કેટલો ભેદ રહ્યો છે ? તે કહો." ૭૯-૮૧.

ત્યારે શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, **"જેમ આ જીવને વિષે અને વૈરાજપુરુષ ઈશ્વરને વિષે જેવો ભેદ રહ્યો છે અને જેમ ઈશ્વરને વિષે અને પુરુષને વિષે જેવો ભેદ છે; તેવો જ તે પુરુષ અને પુરુષોત્તમને વિષે ઘણો જ ભેદ છે. અને જે પુરુષોત્તમ વાસુદેવ કહેવાય છે તે તો સર્વના સ્વામી છે.** તેમના જેવા તો તે પોતે એક જ કહેવાય છે. ૮૨-૮૪.

दोहा : अरु अक्षरात्मक पुरुष हि, सम ब्रह्मरूप जेहु;
बहुत हि रहे तेहि सब हि, वासुदेव के तेहु...८५
चरणारविंद तिनकी जोउ, उपासना यह तेउ;
करत रहे स्तुति करत हे, एसि रीत्य हि रहेउ...८६
सोरठा : श्रीपुरुषोत्तम जोउ, पुरुष ईश्वर जीव महीं;
च्यार यह भेद सोउ, अनादि रहायेउ ईमि...८७

અને અક્ષરાત્મક જે પુરુષ છે તેના જેવા બ્રહ્મરૂપ તો ઘણા છે. તે બધા આ પુરુષોત્તમ એવા જે વાસુદેવ નારાયણ તેનાં ચરણારવિંદની ઉપાસના કરે છે અને સ્તુતિ કરે છે. એવી રીતે શ્રીપુરુષોત્તમનારાયણ, પુરુષ, ઈશ્વર અને જીવ તથા માયા; એ પાંચ ભેદ અનાદિ છે. ૮૫-૮૭. આવી રીતની વાત તો અમે ઘણીકવાર કરી છે, પણ તેનું અંતરમાં સારી પેઠે મનન કરતા નથી એટલે તે વાતની જેવી છે તેવી ચિત્તમાં દૃઢપણે ઘેડ બેસતી નથી. તેથી શાસ્ત્રોના શબ્દો સાંભળીને ઉપર કહી તે સમજણનો દૃઢાવ રહેતો નથી. જો તેની ઠાવકી ઘેડ બેસારી હોય તો તેની સમજણ કોઈ દિવસ તે શબ્દો સાંભળીને વારંવાર ફરી જાય નહિ. ૮૮-૯૦. માટે આ વાતને સારી રીતે અંતરમાં વિચારીને લખી રાખજો." આ રીતે શ્રીહરિએ વાત કહી છે તે લખી છે. ૯૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું એકત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨

ગઢડા મધ્ય પ્રકરણનું બત્રીશમું વચનામૃત

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર આગળ જે વાત કહી હતી, તે વાત જેમ હતી તેમ સહુ હરિભક્તના પ્રત્યે કહી. ૧. (સંવત્ ૧૮૮૦ના) શ્રાવણ સુદિ પંચમીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં સર્વે મુનિ અને હરિભક્તનાં વૃંદ સાથે નિવાસ કરીને રહ્યા હતા. શ્રીહરિ ત્યારે પોતાને ઉતારે વિરાજમાન હતા અને પોતાનાં અંગને વિષે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મસ્તક ઉપર કાળા છેડાની ઘણી શોભાદાર ધોતલી બાંધી હતી. અને કંઠમાં ફૂલના હાર ધાર્યા હતા અને કાન ઉપર પુષ્પના ગુચ્છ વિરાજમાન હતા. ૨-૫. અને મસ્તક ઉપર પુષ્પના તોરા વિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ

બધા પરમહંસની તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે વખતની જે શોભા બની હતી તે કહી શકાતી નથી. ૬-૭.

પછી શ્રીજીમહારાજ સર્વ મુનિ તથા હરિભક્તોના પ્રત્યે તે સમયે પોતાના મનમાં જેવી વાત યાદ આવી તેવી બોલ્યા જે, "આ સંસારને વિષે જીવને પોતાનાં કુટુંબીનો જે સંબંધ રહ્યો છે, તે તો જેમ થોરનું ઝાડ હોય અથવા વડપીપરની ડાળ હોય (તેવો છે.) તે એક વૃક્ષથી કાપીને બીજે જે ઠેકાણે રોપવામાં આવે, તો તે ઊગીને જેવું તે વૃક્ષ હોય તેવું જ તે ડાળમાંથી વૃક્ષ થઈ જાય છે. અને આંબો તથા લીંબડો હોય તેને એકવાર જો કાપીને બીજે રોપે તો તે ફરીવાર ચોંટે નહિ, તેમ કુટુંબ સિવાયનો બીજો જે સંબંધ હોય તે બધો આંબાના ઝાડ જેવો રહ્યો છે. ૮-૧૨. તે એકવાર કાપ્યો હોય તો ફરીને ચોંટે નહિ. અને કુટુંબીનો જે સંબંધ છે તે તો થોર અને વડના ઝાડ જેવો છે. તે કાપી નાંખ્યો હોય તોપણ અનાદર થવા છતાં ભૂમિ ઉપર પડ્યો પડ્યો પાલવ્યા વિના રહે નહિ. ૧૩-૧૪.

सोरठा : माटे कुटंबि एह, ताके संबंध मिटे तब;
स्थूल सूक्ष्म कारण तेह, तिन देह से प्रथक जोउ...१५
देह के विषे ऐसे, जीवात्मा ताकु निज रूप;
जानिके शुद्ध तैसे, ताके विषे भगवानहु की...१६

चोपाई :

मूर्ति ताकु धारीके जेहा, वर्णाश्रम ताके मानकु तेहा;
छोरिके केवल भगवान ताके, स्मर्णके विषे तत्पर वाके...१७
होवे तब कुटंबि हि तिनके, संबंध चोखे मिटे इनके;
तेहि बिन दुजे उपाय कोई, नहि रहाये निश्चय हि सोई...१८

માટે તે કુટુંબીનો સંબંધ તો તો ટળે જે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ; એ ત્રણ દેહથી પૃથક્ જે દેહને વિષે જીવાત્મા રહ્યો છે, તેને પોતાનું શુદ્ધ સ્વરૂપ જાણે. અને તેને વિષે ભગવાનની મૂર્તિને ધારે. તેમજ જાતિ, વર્ણ અને આશ્રમનું માન છોડી દઈને કેવળ ભગવાનના સ્મરણને વિષે તત્પર થાય ત્યારે તે કુટુંબીનો સંબંધ ચોખ્ખો ટળે. તે વિના બીજો કોઈ ઉપાય નથી, તે વાત નિશ્ચિત છે. ૧૫-૧૮.

✵ બ્રહ્મરૂપ થવાનો શ્રેષ્ઠ ઉપાય :

अरु पुनि जीव हि ताके जेहू, कल्याण होना सद्य हि तेहू;
अरु जीव माया ताकु तरीके, ब्रह्मस्वरूप हि मुद भरीके...१९
होवे ताके कारण एही, पुरुषोत्तम ऐसे जो तेही;
वासुदेव हि श्रीभगवाना, ताके प्रत्यक्ष स्वरूप के ध्याना...२०
स्मरण कीर्तन कथा रहे जेऊ, तेहि करीके एह जीव तेऊ;
माया ताकु तरत रहाते, भव भटकन फेर नहीं आते...२१

અને વળી જીવનું જે તત્કાળ કલ્યાણ થાય અને જીવ માયાને તરીને પ્રસન્નતાપૂર્વક બ્રહ્મસ્વરૂપ થાય, તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેમનાં પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, સ્મરણ, કીર્તન અને કથા જ છે. અને તેણે કરીને આ જીવ માયાને તરે છે અને તેને ફરીવાર સંસારનું ભટકણ આવતું નથી. ૧૯-૨૧. અને તે જીવ અતિશય મોટપને જરૂર પામે છે. અને ભગવાનનું જે અક્ષરધામ છે તેને પામે છે. ૨૨.

અને આત્મનિષ્ઠા, વૈરાગ્ય તથા ધર્મ છે; તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે. પણ તે ભગવાનની ભક્તિ વિનાનાં કેવળ વૈરાગ્ય, આત્મનિષ્ઠા તથા ધર્મ તે જીવને માયા તરવાનું સાધન નથી. અને અતિશય આત્મનિષ્ઠા અને વૈરાગ્ય વગરની ભક્તિ એકલી જ હોય, તોપણ જીવનું કલ્યાણ જરૂર થાય છે. અને જીવ માયાને તરે છે. (એટલો ધર્માદિક થકી ભક્તિને વિષે વિશેષ છે; તોપણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિશે કોઈ વિઘ્ન થતું નથી અને જો ધર્માદિક અંગનું સહાયપણું ન હોય તો વિષમ દેશ-કાળાદિકે કરીને ભક્તિને વિશે વિઘ્ન જરૂર થાય છે. તે માટે ધર્માદિક અંગે સહિત ભક્તિ કરવી.) ૨૩-૨૬.

માટે જીવના કલ્યાણનું કારણ તો ભગવાનની ભક્તિ જ છે. ૨૭. અને જ્યારે ભગવાનનો ભક્ત દેહ છોડીને નીકળે છે ત્યારે ભગવાન તેને વિશે આત્મનિષ્ઠા અને વૈરાગ્ય; એ બંનેનો પ્રવેશ કરાવે છે. માટે જીવના કલ્યાણનું કારણ તો ભગવાનની ભક્તિ જ છે. ૨૮-૨૯. (અને એવી રીતે ભક્તિને કરતો જે ભક્ત તેને) પણ જો ક્યારેક ભૂંડા દેશ, કાળ, ક્રિયા અને

સંગને વિષે પ્રવર્તાય તો તે વખતે ભગવાનનો ભક્ત હોય તેનું પણ અંતર ડોળાઈ જાય છે. અને ત્યારે તેના સ્વભાવનો કાંઈ ઠા રહે નહિ. માટે ભૂંડા દેશ, કાળ, ક્રિયા અને સંગનો ત્યાગ કરીને શુભ દેશ, કાળ, સંગ અને ક્રિયાને વિષે હેતથી સદાય પ્રવર્તવું, પણ ભૂંડા દેશ કાળનો સંગ કરવો જ નહિ. કારણ કે, આ મનુષ્ય દેહ ફરી ફરીને ક્યારેય મળતો નથી." ૩૦-૩૩. આમ શ્રીજીમહારાજે પોતાના ભક્તને જેમાંથી અપાર સુખ મળતું રહે તેવી વાત કરી હતી. ૩૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩

ગઢડા મધ્ય પ્રકરણનું ચોવીશમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૭૯ના) શ્રાવણ સુદિ અષ્ટમીને દિવસ મહાસુખના પરમ કારણરૂપ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાંથી ઘોડીએ ચઢીને લક્ષ્મીવાડીએ પધાર્યા હતા અને ત્યાં વાડીની વચ્ચે ચોતરા ઉપર પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર તે વખતે વિરાજમાન થયા. ૨-૪. ત્યારે પોતે ઉત્તર મુખે બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠને વિષે મોગરાનાં પુષ્પના હાર પહેર્યા હતા. ૫. તથા પાઘને વિષે મોગરાનાં પુષ્પના તોરા મૂક્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તની સભા થઈ હતી.

※ યોગનિષ્ઠા તથા સાંખ્યનિષ્ઠાનાં લક્ષણ :

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ પ્રત્યે ઘણા પ્રેમથી પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! ભગવાનને વિષે અચળ નિષ્ઠાવાળા જે ભક્ત હોય

તેને કોઈ જાતનો વિક્ષેપ આડો આવે કે ન આવે ?" પછી શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે બોલ્યા જે, "એક તો યોગનિષ્ઠા છે અને બીજી સાંખ્યનિષ્ઠા છે. તેમાં જે યોગનિષ્ઠાવાળા ભગવાનના પાકા ભક્ત છે, તેઓ બધી જ ક્રિયાઓમાં ભગવાનના સ્વરૂપમાં પોતાનાં મનની વૃત્તિ અખંડ રાખે છે, એક ઘડી વાર પણ વિસ્મૃતિ થવા દેતા નથી. ૬-૧૧. અને જે સાંખ્યનિષ્ઠાવાળા ભગવાનના ભક્ત છે તે તો જેટલાં મનુષ્યનાં સુખો છે તથા સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ગંધર્વ અને દેવતા; એ બધાનાં જેટલાં સુખ કહેવાય છે તે બધાંને જેવાં છે તેવાં સમજી રાખે. ૧૨-૧૩. તથા ચૌદ લોકની માંહેલી કોરે જે સુખ રહ્યાં છે તે બધાનું પણ માપ કરી રાખે કે, આ સુખ આટલું જ છે અને આ સુખની પાછળ આટલું દુઃખ રહ્યું છે, આમ તેનું પરિમાણ કરી રાખે. ૧૪-૧૫. અને પછી દુઃખયુક્ત એવું જે તે સુખ, તેમાંથી વૈરાગ્યને પામીને અદ્‌ભુત એવા જે પરમેશ્વર તેને વિષે દૃઢ પ્રીતિ રાખે. આવી રીતે જે સાંખ્યનિષ્ઠાવાળા છે, તેણે તો સમજણનું બળ પરિપક્વ કરીને દૃઢપણે રાખ્યું હોય છે. ૧૬-૧૭.

અને યોગનિષ્ઠાવાળાને તો ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તેનું જ અંતરમાં બળ હોય છે. ૧૮. પણ કોઈ ભારે વિષમ દેશકાળાદિકને યોગે કરીને જો કોઈ વિક્ષેપ આવે, તો ભગવાનના સ્વરૂપમાં જે વૃત્તિ રહેતી હોય તે ક્યાંક બીજે પણ ચોંટી જાય. કેમ જે, યોગનિષ્ઠાવાળાને સમજણનું બળ થોડું હોય છે; માટે કાંઈક વિઘ્ન થઈ જાય ખરું. અને સાંખ્યનિષ્ઠા તથા યોગનિષ્ઠા, તે બંને જો એકને વિષે હોય તો પછી તેમાં તેને કાંઈ વાંધો જ રહે નહિ. અને એવો જે ભગવાનનો યથાર્થ ભક્ત હોય તે તો બંને નિષ્ઠાનાં બળે કરીને ભગવાનની મૂર્તિ વિના બીજાં કોઈ પદાર્થમાં કોઈ દિવસ લોભાય જ નહિ. ૧૯-૨૩.

❋ ધામ, ધામી અને મુક્ત સિવાય બધું જ નાશવંત છે :

ચોપાઈ :

अरु इमि समझे दृढ कर जबहू, भगवान के अक्षरधाम तबहू;
तेहि धाम के विषे रहि एसी, भगवान ताकि मूर्ति हि तेसी...२४

दोहा : अरु तेहि धाम ताकेउ, विषे रहेउ ऐसे;
भगवान केउ भक्त विन, जो जो लोक हि तैसे...२५
तेहि लोक के विषे रहे, ऐसे देव हि जेउ;
तेहि देव के जो वैभव, नाशवंत सब तेउ...२६

सोरठा : इमि जानिके हि जेहु, एक भगवान के विषे;
दृढ प्रीति रखे तेहु, माटे एसे भक्त तिनकु...२७
कोई जात्य ताके, विक्षेप आवत हे नहि;
श्रीहरि प्रश्न वाके, उत्तर इस रीत करेउ...२८

અને આ રીતે જ્યારે દઢતાથી સમજે ત્યારે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ અને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત, તે સિવાયના જે જે લોક છે તથા તે લોકને વિષે રહ્યા એવા જે દેવો છે અને તે દેવતાઓના જે વૈભવો છે તે બધા નાશવંત છે; એમ જાણીને એવો ભક્ત એક ભગવાનને વિષે જ દઢ પ્રીતિ રાખે છે. માટે એવા ભક્તને કોઈ જાતનો વિક્ષેપ આવતો નથી.” આ રીતે શ્રીહરિએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો. ૨૪-૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું ચોવીશમું વચનામૃત કહ્યું” એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪

ગઢડા મધ્ય પ્રકરણનું પચીશમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૭૯ના) શ્રાવણ વદિ છઠને દિવસ સર્વ સુખના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગામ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં દક્ષિણાદે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા અને

સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. તથા પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના બધા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

❋ વાસનિક ત્યાગી અને નિર્વાસનિક ગૃહસ્થને પ્રાપ્તિ :

પછી શ્રીજીમહારાજે સર્વ પરમહંસોને કહ્યું જે, "સહુ સાંભળો, અમે પ્રશ્ન પૂછીએ છીએ. એક તો ભગવાનનો ભક્ત સંસાર છોડીને ત્યાગી થયો છે. ૨-૬. અને દેહે કરીને તો સર્વ વ્રતમાનોને દઢ કરીને રાખે છે, પણ તેનાં અંતરમાં વિષયભોગના સંકલ્પ રહ્યા છે. ૭. તથા વિષયની ઈચ્છા અતિશય તીખી છે તોપણ દેહે કરીને તે શુદ્ધ વર્તે છે, એક તો એવો ત્યાગી છે. હવે બીજા ભક્તની વાત કહું છું જે, ૮. તે ભક્ત દેહે કરીને તો ગૃહસ્થાશ્રમમાં જરૂર ખૂંતી રહ્યો છે અને તેને ધન તથા નારીનો પ્રસંગ રહે છે, પણ અંતરમાં તો બધી રીતે તે નિર્વાસનિક રહ્યો છે. તે બંને ભક્ત જ્યારે દેહ મૂકશે ત્યારે તે કેવી ગતિને પામશે ? ૯-૧૦. તે બંને સરખી ગતિને પામશે કે અધિક-ન્યૂન ગતિને પામશે ? હવે તમે સંતો તે બંનેનો વિક્તિએ કરીને જુદો જુદો ઉત્તર કરો." ૧૧.

પછી ગોપાળાનંદ સ્વામી તે વખતે બોલ્યા જે, "તેવો ત્યાગી જ્યારે દેહ મૂકશે ત્યારે તેને વિષયભોગની ઈચ્છા રહી છે અને અંતરમાં તીખી વાસના રહી છે. માટે તેને ભગવાન આ મનુષ્ય લોકમાં અથવા તો દેવલોકમાં કોઈ મોટો ગૃહસ્થ કરશે અને ત્યાં તેને વિષયભોગની અપાર પ્રાપ્તિ થશે. તે ગીતામાં યોગભ્રષ્ટને જેવા ભોગ કહ્યા છે તેવા ભોગને દેવલોકમાં રહીને ભોગવશે. ૧૨-૧૫. અને જે ગૃહસ્થ હરિભક્ત નિર્વાસનિક છે તે જ્યારે દેહને છોડશે, ત્યારે ભગવાનનાં બ્રહ્મપુર ધામને જરૂર પામશે. અને ભગવાનનાં ચરણની સમીપે નિવાસ કરીને રહેશે. કારણ કે, તે ભક્ત નિર્વાસનિક છે. ૧૬-૧૭. અને પ્રથમ કહ્યો એવો જે ત્યાગી તે વિષય ભોગવીને જ્યારે તૃપ્ત થાશે ત્યારે વિષયથી દૂર ભાગશે. ૧૮. પછી તેમાંથી વૈરાગ્યને પામીને, પરિતાપે કરીને અંતરમાં પસ્તાતો રહેશે તથા ભગવાનનું ભજન કરવામાં જ સર્વોપરિ સુખ માનશે. ૧૯. આમ કરતાં કરતાં નિર્વાસનિક થઈને પછી

તે ત્યાગી ભક્ત ભગવાનના ધામમાં જશે, તેમાં કોઈ સંદેહ નથી." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઠીક કહ્યું, એનો ઉત્તર એ જ છે." ૨૦.

❋ નિર્વાસનિક થવાનો શ્રેષ્ઠ ઉપાય :

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, "ઉપર કહી તેવી દઢ વાસના જેને હોય અને તેને ટાળવાની ઈચ્છા પણ હોય, તો તે વાસનાને ટાળવાનો શો ઉપાય છે ? તે તમે કહો. કેમ જે, તેના ઉપાય કર્યા સિવાય કરોડ કલ્પ જાય તોપણ તે મલિન સ્વભાવ ટળતો નથી." ૨૧-૨૨. પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, **"જેવું ઊકા ખાચરને સંતોની સેવા કરવાનું વ્યસન પડ્યું છે, તે જ રીતે ભગવાન તથા સંતની સેવા કરવાની ભાવનાનું જેને વ્યસન પડી ગયું હોય અને સેવા કર્યા વિના જેને ક્ષણમાત્ર પણ રહેવાતું ન હોય; એવા ભક્તના અંતઃકરણની જે કાંઈ મલિન વાસના હોય તે સર્વનો નાશ થઈ જાય છે, તે નિશ્ચિત વાત છે."**

❋ મોટાઈ મળે છતાં સહુને નમે તે જ શ્રીહરિને ગમે :

પછી સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૨૩-૨૬. "હે મહારાજ ! જેણે કરીને ભગવાન અતિશય રાજી થાય એવું કયું સાધન છે ?" ૨૭. પછી શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે જે બોલ્યા તે સર્વ સંતો પણ સાંભળતા હવા. તેમાં શ્રીહરિએ આવો ઉત્તર કર્યો જે, ૨૮. "જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય અને ત્યારે જેવી સંતોના ઉપર પ્રીતિ રહેતી હોય અને જેવું દીનપણું રહેતું હોય અને પછી તેને એક ગામનું રાજ્ય મળે અથવા પચાસ ગામનું રાજ્ય મળે અથવા સો ગામનું રાજ્ય મળે, કદાચ બધી ભૂમિનું રાજ્ય મળી જાય, ૨૯-૩૧. તોપણ સંતોની આગળ પ્રથમ જેવો ભાવ હતો તથા જેવો દીન આધીન થઈને રહેતો હતો તેવી ને તેવી જ પ્રીતિ રાખે. ૩૨.

चोपाई :

इंद्रलोक ब्रह्मलोक के जीमी, राज्य पावे तोउ पण तीमी;
संत की आगे दीन आधीना, तैसे के तैसे वरते प्रवीना...३३

अरु अब त्यागि की कहत बाता, प्रथम त्यागि जेहि रहाता;
गरिब होय जिमि सब संत ताकी, टेल्य चाकरी करत वाकी...३४

दोहा : तेसी तेसी आप हि महीं, भगवान के जैसे;
ऐश्वर्य पावे तोउ संत की, सेवा करे तैसे...३५

તેમજ ઈન્દ્રલોક અને બ્રહ્મલોકનું રાજ્ય પ્રાપ્ત થાય; તોપણ તે સમજુ ભક્ત સંતોની આગળ પહેલાં જેમ દીન આધીન થઈને રહેતો હતો તેવો ને તેવો જ દીન આધીન થઈને વર્તે. ૩૩. અને હવે ત્યાગીની વાત કહું છું. જે ત્યાગી હોય તે પ્રથમ જેવો ગરીબ હોય અને જેમ સહુ સંતોની ટેલચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતામાં ભગવાનનાં જેવું ઐશ્વર્ય આવે તોપણ સંતોની ટેલચાકરી કરતો રહે, ૩૪-૩૫. પણ સાધુની સામે ક્યારેય પિતરાઈદાવો(સમાન હક, અધિકાર કે માન મોટપનો વાંધો, વાદવિવાદ) બાંધે નહિ તથા બરોબરિયાપણું પણ રાખે નહિ પણ પ્રથમના જેવો જ ભાવ રાખે; એવાં જેનાં લક્ષણ હોય તેના ઉપર ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. આ જે કહ્યું તેમ વર્તવા માટે અમે ઘણી વાત કરીએ છીએ અને અપાર શાસ્ત્રોનું પણ આ જ તાન છે. ૩૬-૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પચીશમું વચનામૃત કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫

શ્રીહરિએ જન્માષ્ટમી ઉપર બોલાવવાથી સહુ સંતો વગેરે ગઢપુર આવ્યા

મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા, હે ઉત્તમરાજા ! ધર્મ પુત્ર શ્રીહરિની સુંદર લીલા સહુ લોકોને માટે સુખરૂપ છે, તે તમે સાંભળો. ૧. ગઢપુરધામમાં રહેતા થકા શ્રીહરિ અપાર ચરિત્રો કરતા કે જેનો શેષ, નારદજી અને શારદા પણ પાર પામી શકે નહિ. ૨. સર્વેના કારણ તથા સુખનું મૂળ એવા સહજાનંદ સ્વામી સહુને આનંદ દેતા અને વચનામૃતનો તો વરસાદ કરતા. ૩. હરિજનને સુખ આપતાં શ્રીઘનશ્યામ પ્રભુ અતિ શોભતા હતા અને અનુપમ લીલા કરતા થકા પોતાનો અતિ અપાર પ્રતાપ જણાવતા હતા. ૪.

❋ શ્રીહરિની સર્વોપરિતા :

શ્રીહરિ સહુથી અપાર સુખ દેતા, તેને તો કોઈ તેનો જાણકાર-અનુભવી હોય તે જ જાણે છે. શ્રીહરિનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ અમાપ રહ્યાં છે. શ્રીહરિનો પ્રતાપ પણ સર્વોપરી છે. ૫. તે પ્રતાપ શ્રીહરિએ વારંવાર બહુ જ દેખાડ્યો છે. તેથી આ સ્વામિનારાયણ ભગવાનનો અવતાર સર્વોપરિ થયો છે. આ વખતે તેમણે જેવું સુખ આપ્યું છે, તેવું સુખ પૂર્વે કોઈએ આપ્યું નથી. ૬. સર્વોપરી શ્રીહરિ સર્વે સુખનું ધામ છે. તેમને જોઈને નિષ્કામ ભક્તો આશ્ચર્ય પામી જતા અને નિત્ય નવો નવો આનંદ પામતા. તે આનંદ પામીને સુજ્ઞ ભક્તજનો આશ્ચર્ય પામતા અને સહુ અલૌકિક સુખ લેતા હતા. શ્રીહરિ એવી બહુ વાતો કરતા કે, સહુનો દિવસ આમ આનંદમાં વ્યતીત થઈ જતો. **ભગવાનના ગુણ ગાનારા ભક્તજનોને યુગ જેવો સમય પણ એક પળવારની જેમ વીતતો હતો.** કારણ કે, તે સહુ ભક્તજનો ભગવાન શ્રીહરિની સાથે રહેતા હતા. આમ સમય વીતતાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી આવી. ૭-૯.

ઘણો મોટો ઉત્સવનો દિવસ હતો એટલે શ્રીહરિએ જેટલા સંતો હતા તે સર્વને તેડાવ્યા. તેથી સંતોનાં જેટલાં મંડળ હતાં તે બધાં ગઢપુર આવવાં લાગ્યાં. ૧૦. દાદા ખાચરના ઓરડાની ઓસરી સુંદર હતી. ત્યાં સુંદર પલંગ બિછાવીને તેના ઉપર શ્રીહરિ આવીને બેસતા. જેટલાં સંતોનાં મંડળ આવતાં તે બધાં શ્રીહરિને પગે લાગતાં હતાં. તે સમયે સંતો, વર્ણી અને હરિભક્તો બધા શ્રીહરિની આગળ સભા કરીને બેસતા હતા. ૧૧-૧૨. તે સભા એટલી સુંદર થતી હતી કે, તેનો કહેતાં પાર આવતો નથી. સભામાં કીર્તન અને ઉત્સવ થતાં અને તેનો ઘણો આનંદ રહેતો હતો. ૧૩. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં, જેનો ગણવાથી પાર આવતો નહિ. જે અપાર હોય તેનો પાર કોઈ લઈ શકે નહિ, તે વાત ચોક્કસ છે. ૧૪.

જે સંતો, વર્ણી અને હરિભક્તો આવતા હતા તે સહુને શ્રીહરિ અતિશય હેતથી બોલાવતા હતા, જે કહી શકાતું નથી. શ્રીહરિ કહેતા કે, 'તમે સહુ સંતો સમૈયા ઉપર ભલે આવ્યા બહુ સારું થયું. અમે તમને સંભારતા

રહીએ છીએ. કેમ જે, અમારા માટે તમારા જેવી બીજી કોઈ બાબત નથી. ૧૫-૧૬. તમે બધા સંતો આવ્યા તેમાં હવે પાછળ કયાં મંડળ રહ્યાં ?' ત્યારે સંતો એમ કહેતા, 'તે પ્રદેશમાંથી એક બે મંડળ હજી આવ્યા નથી.' ૧૭. ત્યારે શ્રીહરિ કહે, 'તે પણ આવી જશે.' એમ કહીને બધા સંતોને માટે શ્રીહરિએ રસોઈ કરાવી. શ્રાવણ વદિ ચોથથી લઈને રસોઈ ચાલતી કરી હતી. તે કાર્તિક સુદિ બીજ સુધી રસોઈ ચાલતી રહી. તેમાં શ્રીહરિ અતિ ઉત્સાહભર્યા પંગતમાં આવીને સંતોને રોજ પીરસતા હતા. ૧૮-૧૯. મોટીબા, લાડુબા અને દાદા ખાચર; એ ત્રણેય રસોઈ આપતા હતા. તેમણે પંદર પંદર દિવસની રસોઈ વહેંચી લીધી. આ રીતે રસોઈનો આરંભ કર્યો. ૨૦. જે જે દેશમાંથી બીજા હરિભક્તો આવતા તેમાં જેને રસોઈ આપવાનો ભાવ હોય, તો તે પણ સંતોને જમાડી શકે તેવી વ્યવસ્થા રાખી હતી. ૨૧.

બીજા હરિભક્તોને પણ રસોઈનો લાભ મળી રહે, એવો જ નિયમ શ્રીહરિએ દાદા ખાચર વગેરેને આપ્યો હતો. કેમ જે, પરમ નિપુણ શ્રીહરિએ સહુને સુખ રહે તેમ કર્યું હતું. હરિભક્તોને જે રીતે પરસ્પર સુખ રહે તેમ જ શ્રીહરિ કરતા હતા. ૨૨. શ્રીહરિ અને સંતોની સેવા કરતા હરિભક્તોને તેમાં દુઃખ થાય એવું શ્રીહરિ કાંઈ જ કરતા નહીં. હરિભક્તો રાજી રહે તેમાં પોતે રાજી રહેતા હતા. ૨૩. હરિભક્તો રાજી રહે તેવું શ્રીહરિના દિલમાં તાન હતું. કેમ જે, હરિભક્તો રાજી રહે તો તેમાં જેટલા હરિભક્તો છે તે બધાનાં હૃદયનો ભાવ દિવસે દિવસે અતિ અધિક વધતો રહે છે. તેથી શ્રીહરિ એવી જ વાતો કરતા કે માનો અમૃતનું પૂર આવ્યું હોય !! ૨૪-૨૫.

❋ શ્રીહરિ સંબંધી વાતની ગરિમા :

दोहा : सुख कहावत जितना जो, बात में रहे आय;
एसि रहाये बात यह, जानना कठिन रहाय...२६

सोरठा : क्षुद्र जन जो जेते, बात तामें छकी जात यह;
खराबि होत तेते, तारत डुबावत बात यह...२७

જેટલી જાતનાં સુખ કહેવાય છે તે બધાં શ્રીહરિની વાતમાં આવીને રહ્યા છે. એવી આ શ્રીહરિની વાતો છે, પણ તે બાબત સમજવી કઠિન છે. ૨૬.

જેટલા હલકી કક્ષાના તુચ્છ મનુષ્યો છે તે શ્રીહરિની તેવી વાત ન પચવાથી છકી જાય છે, તેથી તે જીવોનું ભૂંડું થાય છે. માટે આ વાત તો તારે એવી પણ છે અને ડુબાડી દે એવી પણ છે. ૨૭. જેટલા નિપુણ-ડાહ્યા ભક્તો હોય તેની વાત અને વર્તનમાં તેનું જેવું અંતર હોય તેવું દેખાઈ આવે છે, પણ તે છુપાતું નથી. ૨૮. **જે સંતો કે ભક્તો વાત શીખીને છકી ન જાય તેટલા જ મનુષ્યો સાચા નિપુણ કહેવાય છે. કેમ જે, છકી જાવું-અભિમાની થઈ જાવું, તે આ વાત શીખ્યાનું ફળ નથી.** ૨૯. પોતે જે વાત કરતો હોય તેમાં ઘણી જાતના બાધ હોય, છતાં પણ જે માણસ પોતાની વાતને નિર્બાધ માનતો હોય; તો તે મૂરખનો પણ રાજા છે. કેમ જે, તેને બાધ કે નિર્બાધની ગમ નથી અને વાતની અંદર આવતા બાધને તથા નિર્બાધને જે સમજે છે તે મનુષ્ય નિપુણ કહેવાય છે. ૩૦-૩૧. એવો વાત કરવામાં નિપુણ મનુષ્ય એક જ વાત કરીને રોજ હજાર રૂપિયાની આવક સહેજે ઉપજાવતો હોય છે. વાત કરવામાં આવું દૈવત રહ્યું છે. ૩૨.

चोपाई :

जीय के श्रिय करना तिनमें, अपार गने श्रेष्ठ रहे इनमें;
ऐसे बात कु जानत जितना, निपुण तामें निपुण रहे तितना...३३

જીવનું કલ્યાણ કરવાની વાત તો તેનાથી પણ અનેકગણી શ્રેષ્ઠ છે. એવી કલ્યાણકારી વાતને જે કોઈ જાણે છે તે નિપુણમાં પણ અતિશય નિપુણ માણસ છે. ૩૩. આ દુનિયામાં મોટાઈ મેળવવા ચાહતા લોકોની તો કોઈ ગણતી જ નથી. કદાચ કોઈ ઈન્દ્ર કરતાં પણ અધિક આ દુનિયાની મોટાઈને પામે, અરે ! કોઈ કદાચ બ્રહ્માનું કામ ચલાવે એવો મોટો થયો હોય; તોપણ તેનાથી શું ? કેમ જે, જ્યાં સુધી તે કાળના મુખમાંથી મુકાયો નથી ત્યાં સુધી તેની મેળવેલી મોટાઈ તો ન મેળવ્યા જેવી જ છે. જ્યારે સત્સંગ થાય છે ત્યારે આવું સમજાય છે અને તે સમજાય છે ત્યારે જ તેને સત્સંગ કહેવાય છે. ૩૪-૩૬.

दोहा : भगवान संबंधि बात में, प्रीत करत रहे जेहि;
काल के मुख से छूटे यह, निश्चय बात हि तेहि...३७

सोरठा : हरि की बात में प्रीत, जितना रहे जिनकु जेहि;
हरिजन रहे खचीत, प्रीत बिन फल बिन तरु जिमि...३८
जो रहे धर्म जाके, निष्कपट वरतत रहत;
सत्संग तितना ताके, खप तितना प्रीत बढत...३९

જે મનુષ્ય ભગવાન સંબંધી વાતમાં જ પ્રેમ કરતો રહે તો તે કાળના મુખથી છૂટે છે, આ વાત નિશ્ચિત છે. ૩૭. ભગવાન સંબંધી વાતમાં જેને જેટલો પ્રેમ હોય તેટલો તે પાકો હરિભક્ત છે. ભગવાનમાં પ્રેમ વિનાનો જે ભક્ત હોય, તે તો ફળ વિનાના ઝાડ જેવો ગણાય. ૩૮. જેના જેવા ધર્મો કહ્યા છે તે પ્રમાણે જે જેટલા નિષ્કપટ ભાવથી વર્તતા રહે તેને તેટલો સત્સંગ થયો છે. જેટલો ખપ હોય તેટલો ભગવાનમાં પ્રેમ વધે છે. ૩૯. પણ જે મનુષ્ય સંતો અને હરિભક્તોમાં ગુણને બદલે દોષ કલ્પે છે તો તે પાપે કરીને તેમાં અધર્મ આવીને નિવાસ કરે છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ જન્માષ્ટમી ઉપર બોલાવવાથી સહુ સંતો વગેરે ગઢપુર આવ્યા" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬

જન્માષ્ટમીને દિવસ સંત-હરિભક્તોની સાથે શ્રીહરિ ઉન્મત્તગંગાએ સ્નાન કરવા પધાર્યા

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સંતો શ્રીહરિનાં સર્વ ચરિત્રોની વાત કરે છે. તેમજ સત્સંગની જેવી પ્રથા છે તેવી બધી વાત કરે છે. ૨. સંતો જેમાં જેવા ગુણ હોય તેના તેવા જ ગુણ કહે છે. વળી, વાત કહેવામાં તેના દોષોને પણ દેખાડી દે છે. ૩. **તેમાં જે વાતથી પોતાના દોષ જણાઈ આવતા હોય તે વાત જે રૂડી બુદ્ધિવાળા હોય તેને અમૃતના સમાન લાગે છે. તે વાતથી તેને ક્યારેય લેશ પણ દુઃખ લાગતું નથી.** ૪.

❀ પોતાના દોષોને દેખે તે જ બુદ્ધિશાળી છે :

ચોપાઈ :

सत्संग में सुमति अपारा, बढत जन कु वार नहीं पारा;
अलोकिक मति रहत जिहाँ लगही, सुमति बढत रहत तिहाँ लगही...०५

સત્સંગમાં મનુષ્યની રૂડી બુદ્ધિ અપાર વધે છે. ક્યાં સુધી ? તો, જ્યાં સુધી અલૌકિક બુદ્ધિ રહે છે ત્યાં સુધી રૂડી બુદ્ધિ વધતી રહે છે. ૫. મનુષ્યમાં જ્યાં સુધી બાળબુદ્ધિ હોય છે, ત્યાં સુધી તેની બુદ્ધિમાં કોઈ અચળ દઢતા આવતી નથી. તેથી જ્યારે જેવા ગુણ વર્તતા હોય ત્યારે તેવી બુદ્ધિ ફરી જાય છે. ૬. સત્સંગ અને ભગવાનને જેવા છે તેવા ઓળખવામાં જો કસર રાખે, તો તે મનુષ્યની બુદ્ધિ પણ તેવી થઈ જાય છે. તે ખોટ તેના ખપમાં કસર દેખાડે છે. ૭. **ભગવાનની વાત સિવાયના જીવમાં જેટલા સંકલ્પો થાય છે તેટલી તેના દિલમાં ખરાબી રહી છે અને તે માયિક શરીરના સંગને કારણે છે.** ૮. જીવ જ્યાં સુધી ઈન્દ્રિયો અંતઃકરણને આધીન વર્તે છે, ત્યાં સુધી ગણે પાર ન આવે તેટલાં બધાં દુઃખ તેને આવે છે. ૯. તોપણ જીવ ઈન્દ્રિયો અંતઃકરણને આધીન રહે છે અને ભગવાનને ભજતો નથી. પોતે ઘણો બુદ્ધિશાળી હોવા છતાં પણ પોતાનાં તે દુઃખોને લગાર પણ દેખતો નથી. ૧૦.

जिहाँ लग दुःख न देखत जेहा, चाय तैसे बुद्धिवंत रहे तेहा;
अज्ञानि अंध में खपत रहावा, दुःख दरियाव में रहत डुबावा...११

જ્યાં સુધી મનુષ્ય પોતાને આવતાં દુઃખોને દેખતો નથી, ત્યાં સુધી તે ગમે તેવો બુદ્ધિમાન હોય તોપણ અજ્ઞાની અને અંધમાં જ ખપે છે. તેમજ દુઃખના દરિયામાં તે ડૂબતો રહે છે. ૧૧. જ્યારે તે દુઃખના દરિયાને સમજે છે ત્યારે તે પૂરો બુદ્ધિમાન કહેવાય છે. પછી તે દુઃખને તરવાનો જ્યારે ઉપાય કરે ત્યારે તેણે સંપૂર્ણ બુદ્ધિ પ્રાપ્ત કરી ગણાય છે. ૧૨. મનુષ્ય રાત-દિવસ અપાર સંકલ્પોને કર્યા જ કરે છે. તે જાગ્રત કે સ્વપ્ન અવસ્થામાં પણ વિરામ લેતો જ નથી. ૧૩. સુષુપ્તિને પ્રલય અવસ્થા કહેવાય છે. જીવ ગમે તેવો પંડિત હોય, તોપણ જ્યારે તે સુષુપ્તિ અવસ્થામાં જાય છે ત્યારે તેને કોઈ

પણ પ્રકારનું જ્ઞાન રહેતું નથી. પરંતુ જો સુષુપ્તિમાં સ્વપ્ન અવસ્થા ભળેલી હોય તો તેમાં પણ જીવને દુઃખ ચાલું રહે છે. ચાહે તેટલી સમૃદ્ધિ હોય તોપણ સુષુપ્તિમાં ગયા સિવાય જીવને કાંઈ સુખ મળતું નથી. ૧૪-૧૬. ગમે તેવો જ્ઞાની હોય પણ જો સુષુપ્તિમાં પર્યાપ્ત ઊંઘ મળે નહિ, તો તેની પાસે જેટલું સુખ કહેવાતું હોય તે બધું ઝેરરૂપ થઈ જાય છે. ૧૭. જીવને જ્યાં સુધી સુષુપ્તિમાં ઊંઘ પૂરી મળી રહે છે, ત્યાં સુધી તેને જ્ઞાન અને ધ્યાન ઘણા જ પ્રિય લાગે છે. પરંતુ સુષુપ્તિ વિના તે લગાર પણ રુચતાં નથી. ૧૮.

❋ તૃષ્ણા ટળે તો મહાસુખ મળે :

चोपाई :

जो जो बात रहाये जेता, चाय तेसी रहायेउ तेता;
युक्त तामें रहत रहे भावा, कोटि कल्प न होत अभावा...१९
गीता तामें कहे भगवाना, अदल यह सब हि बात रहाना;
युक्ताहार विहार जो जेहा, श्लोक यह ता महीं सो तेहा...२०
युक्त बिन जेती रहे बाता, तामें सु ताकु न सुख रहाता;
युक्त बात करत रहे जेता, ताकु सुख मिलत रहे तेता...२१

જે કોઈ પણ બાબત છે તે ચાહે તેવી સારી હોય, તોપણ માપસર હોય ત્યાં સુધી જ તેમાં ભાવ રહે છે. જો માપસર હોય તો કરોડો કલ્પે પણ તેનો અભાવ આવતો નથી. ૧૯. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને **'युक्ताहारविहारस्य'** એ શ્લોકમાં પ્રમાણસરના આહાર-વિહારની બધી વાત અદલ-એકદમ બરાબર કહી બતાવી છે. ૨૦. માપ વિનાની જેટલી બાબતો હોય, તેમાંથી તેને કોઈ સુખ આવતું નથી. જે જેટલી બાબત પ્રમાણસર કરે છે તેને તેટલું સુખ મળે છે. ૨૧. તૃષ્ણારૂપી વિશાળ સાગર છે. તેમાં સ્ત્રી અને પુરુષો ડૂબી રહ્યાં છે. જીવે અપાર જન્મો લીધાં છતાં તૃષ્ણાના પારને કોઈ પામ્યા નથી. ૨૨. જ્યારે જેણે તૃષ્ણાને દુઃખરૂપ સમજીને તેનો ત્યાગ કર્યો અને સત્સંગને માર્ગે ચાલ્યા ત્યારે તે અપાર સુખને પામ્યા છે. ૨૩. **સત્સંગના માર્ગે ચાલ્યા સિવાય કોઈ સંતોષ પામતા નથી અને સત્સંગ વિના તો સુખનો માર્ગ દેખાતો પણ નથી.** ૨૪.

આવી બધી શ્રીહરિ વાતો કરતા હતા. તેમાં ચાર દિવસ વીત્યા ત્યારે જન્માષ્ટમી આવી. તેનું સહુ સંતોએ વ્રત કર્યું. ૨૫. બાઈ ભાઈ જે કોઈ હરિભક્તો હતાં તે સહુએ પણ જન્માષ્ટમીનું વ્રત કર્યું. તે હરિભક્તોનો ગણતાં પાર આવે તેમ નથી. તે દિવસે મહાન ઉત્સવ થયો. ૨૬. શ્રીહરિ તે દિવસે સંતો તથા હરિભક્ત સહુને સાથે લઈને ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ચાલ્યા. વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. ૨૭. મસ્તક ઉપર છોગા મૂકીને સોનેરી પાઘ બાંધી હતી. તે વખતે જરિયાની જામો અને સુરવાળ પહેર્યા હતા. ૨૮. એક સોનેરી શેલું કમર ઉપર કસ્યું હતું અને બીજું એક શેલું ખભે રાખ્યું હતું. હજારી ફૂલના હાર પહેર્યા હતા અને હાથે બાજુબંધ તથા ગજરા ધારણ કર્યા હતા. ૨૯. બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધારણ કર્યા હતા અને પાઘમાં ફૂલના તોરા ધારણ કર્યા હતા. મૂર્તિ ખૂબ જ સુંદર બની હતી. તે છબીનું વર્ણન થઈ શકતું નથી. શ્રીહરિએ મસ્તક ઉપર છત્ર પણ ધારણ કર્યું હતું. ૩૦. વળી, શ્રીહરિએ ડાબા હાથમાં અશ્વની લગામ ધારણ કરી હતી અને જમણા હાથમાં હીરકોરી રૂમાલ રાખ્યો હતો. ૩૧. જેટલા શ્રીહરિના પાર્ષદો હતા, તે બધા તેમની આગળના ભાગમાં ચાલતા હતા. અને ચોપદારો સોનાની છડી હાથમાં લઈને 'જય જય..જય જય..' આવા શબ્દો બોલતા હતા. ૩૨.

પાર્ષદોની આગળના ભાગમાં જેટલા સંતો અને વર્ણી હતા તે કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા અને શ્રીહરિની પાછળ પાર ન આવે તેટલા હરિભક્તો ચાલ્યા આવતા હતા. ૩૩. તેમજ સંતોની આગળના ભાગમાં પણ કેટલાક હરિભક્તો ચાલતા હતા. તે સહુની આગળ જરિયાની નિશાન અને રૂપેરી નિશાન ચાલતા હતા. ૩૪. તે નિશાનોની આગળના ભાગમાં જે વિવિધ વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. શ્રીહરિ આ રીતે રાજબજારે ચાલ્યા ત્યારે હજારોની સંખ્યામાં પૂરજનો દર્શન કરવા માટે બજારે ઊભા હતા અને સહુ 'જય જય.. જય જય..' શબ્દ બોલતા હતા. આ રીતે શ્રીહરિ ઉન્મત્તગંગાએ પધાર્યા. ૩૫-૩૬.

નદીમાં જ્યાં નારાયણ ધરો હતો ત્યાં સંતો તથા હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ બે ઘડી સુધી સ્નાન કરતા રહ્યા. ૩૭. સંતો કીર્તન ગાતા હતા, તેથી બધે આનંદ આનંદ થઈ ગયો હતો. તે સમયની શોભા એવી અનંત બની હતી કે બીજી બધી શોભા આ શોભાની આગળ ઝાંખી થઈ જતી હતી. ૩૮. તે સમયે આ સુખ જેવું બીજું કોઈ સુખ દેખાતું ન હતું. શ્રીહરિએ ત્યારે આવી અદ્‌ભુત લીલા કરી હતી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "જન્માષ્ટમીને દિવસ સંત હરિભક્તોની સાથે શ્રીહરિ ઉન્મત્તગંગાએ સ્નાન કરવા પધાર્યા" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭

મંદિર કરવા નદીએથી સહુ એકેક પથ્થર લાવ્યા અને અસલાલીના અમીન વેણીભાઈના સત્સંગ તથા વૈરાગ્યની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દાદા ખાચરની આગળ જે કથા કહી હતી, તે સહુ હરિભક્તોની આગળ જેવી દેખી હતી તેવી હવે હું કહું છું. ૧. સુખકારી શ્રીહરિ જ્યારે નદીમાં નાહી રહ્યા ત્યારે પાણીમાંથી બહાર નીકળ્યા અને જે વસ્ત્ર પહેરીને આવ્યા હતા તે ફરીને પહેરી લીધાં. ૨. તે સમયે શ્રીહરિએ પ્રસન્ન થઈને સહુ સંતો હરિભક્તોને કહ્યું કે, "આપણે ભગવાનનું મંદિર કરવું છે. ૩. તેના માટે જેનાથી જેટલો ઉપડે તેવો એક એક પથ્થર સહુએ લેવો. અમે પણ એક પથ્થર લઈએ છીએ." એમ કહીને પોતે અશ્વ ઉપર બેઠા અને એક પથ્થર લીધો. ૪. શ્યામમણિના જેવો કાળો પથ્થર શ્રીહરિએ પોતાની સોનેરી પાઘ ઉપર ધારણ કર્યો અને ચાલ્યા. તે રીતે જ સહુ સંતો તથા હરિભક્તો પણ પથ્થર માથે લઈને ચાલ્યા. ૫. કીર્તન ગાતાં ગાતાં સહુ ગામ તરફ ચાલ્યા. સહુના માથે એક એક પથ્થર હતો. જ્યાં શ્રીહરિનો નિવાસ હતો ત્યાં થોડો ખુલ્લો ચોક હતો. તે ચોકમાં પથ્થરનો

મોટો ઢગલો કર્યો. એક હજાર ગાડાં લાવવામાં આવે તોપણ આટલા પથ્થર આવી શકે નહિ. ૬-૭.

તે પછી દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની જે સુંદર ઓસરી છે તેના ઉપર પલંગ બિછાવ્યો હતો. તે પલંગ ઉપર આવીને શ્રીહરિ બેઠા. તે ઓસરીની આગળ ચોક છે ત્યાં પાથરણાં પાથરેલાં હતાં. ૮-૯. ત્યાં સંતોની સભા થઈ અને જેટલા હરિભક્તો હતા તે પણ આવીને ત્યાં બેઠા. સંતો ઝાંઝ તથા મૃદંગ લઈને ઉત્સવ કરવા લાગ્યા. ૧૦. એવા સમયમાં અસલાલી ગામના મોટા અમીન પાટીદાર હરિભક્ત વેણીભાઈ નામે કહેવાતા હતા, તે ત્યાં ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેમણે શ્રીહરિના હાથમાં સોનાનાં કડાં પહેરાવ્યાં. ૧૧-૧૨. જે ફૂલનાં હાર લાવ્યા હતા તે પણ શ્રીહરિને પહેરાવી દીધા. તે નિપુણ હરિભક્તે ફૂલનાં બાજુબંધ શ્રીહરિની ભૂજાઓ ઉપર બાંધ્યા. ૧૩. સોનેરી પાઘની ઉપર ફૂલના તોરા ધારણ કરાવ્યા અને અતિશય ભાવથી ફૂલના બે ગુચ્છ હાથમાં આપ્યા. ૧૪. શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને પછી તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૧૫. પછી ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા તેમજ ચરણ ઉપર કેસરી ચંદન ચરચ્યું. ૧૬.

પછી તે ભક્તજને શ્રીહરિનાં ચરણોને પોતાની છાતી, મુખ અને મસ્તક ઉપર લીધાં. તે પછી ઘણાં હેતથી કપૂરની આરતી ઉતારી. ૧૭. તે વખતે શ્રીહરિનાં નખશિખ અંગો નિરખીને અંતરમાં ઉતારતા હતા. ધીરજ ન રહેવાથી તેમની આંખોમાંથી પ્રેમનાં આંસુઓની ધારા વહેવાં લાગી. ૧૮. જ્યારે તે ભક્ત આરતી ઉતારી રહ્યા, ત્યારે શ્રીહરિએ પ્રસાદીનો હાર પોતાના કંઠમાંથી ઉતારીને તે હરિભક્તને આપ્યો અને તેને કૃતાર્થ કર્યા. ૧૯. પછી વેણીભાઈએ સંતો અને વર્ણીઓની કેસરયુક્ત ચંદનથી ઘણા ભાવપૂર્વક પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૨૦. જે રીતે સંતો તથા વર્ણીની પૂજા કરી તે રીતે જ પાર્ષદોની પણ પૂજા કરી.

✻ રાગ આગ છે, ત્યાગ બાગ છે :

આ વેણીભાઈએ સંસારનાં સુખને અનિત્ય જાણીને ત્યાગી થવાનો સંકલ્પ કર્યો હતો. ૨૧. તેમણે ત્યાગીમાં અપાર સુખ માન્યું હતું. કારણ કે,

તેમાં ત્રણ પ્રકારના તાપ લગાર પણ હોતા નથી. અને સંસારમાં તો એટલાં દુ:ખ રહ્યાં છે કે જેનો ગણે પાર આવતો નથી. ૨૨. પ્રહ્લાદજી સંસારમાં ત્રિવિધ તાપને દેખતા હતા. તેની જેમ જ પ્રિયવ્રત રાજા પણ દેખતા હતા. વળી દક્ષના અગિયાર હજાર પુત્ર દેવતાઓ સમાન રાજકુમારો હતા. ૨૩. તેઓ સંસારનાં ઉત્તમમાં ઉત્તમ જે કાંઈ ખાનપાનાદિક સુખો કહેવાય તે સહુને પામ્યા હતા. પરંતુ તે બધાં સુખને જ્યારે નાશવંત દેખ્યાં ત્યારે તે સર્વે સુખનો તેઓએ ત્યાગ કર્યો હતો. ૨૪. **પછી તે સહુ અવિનાશી સુખને માર્ગે ચાલ્યા હતા. તેથી જેમાં જરાય દુ:ખ નથી તેવું અવિનાશી સુખ પામ્યા હતા.** ૨૫.

આવી વાતોને સાંભળીને અમીન વેણીભાઈ પણ ઘરથી રાત-દિવસ ઉદાસ રહેતા હતા. ૨૬. ઉત્તમ પ્રકારનાં ખાનપાનથી પણ તે ઉદાસ રહેતા અને જે કાંઈ સહેજે મળે તેનાથી ગુજરાન કરતા હતા. ૨૭. તેઓ ત્યાગની વાત કરતા અને ભગવાનનાં ચરિત્રોની વાત કરતા. વળી, જે એવા સંતો હોય તથા તેવા હરિભક્તો હોય તેમની સાથે તેને અંતરની એકતા-આત્મીયતા થતી. આવા સંતો-ભક્તોની સાથે જેને દિલ મળેલું ન હોય, તેવા સંતો-ભક્તોની સાથે તેઓ ક્યારેય મનમેળ કરતા નહીં. ૨૮-૨૯. તેમની સાથે તો માત્ર પગે લાગવાનો વ્યવહાર રાખ્યો હતો, પણ અંતરથી ઘણા દૂર રહેતા હતા. જેને તે મોટા સંત ન માનતા તેની સાથે પણ તે યોગ્ય હોય તેટલી જ વાતો કરતા હતા. ૩૦. પણ શ્રીહરિએ તેને મોટા અમીન જાણીને ગૃહસ્થાશ્રમમાં જ રાખ્યા. કારણ કે, તેવો કોઈ એક મોટો માણસ ત્યાગી થાય તો તે ગામના અને તે દેશના મનુષ્યોને સંતનો તથા સત્સંગનો અભાવ આવે; તેથી તેવા મોટા માણસને શ્રીહરિ કોઈ દિવસ ત્યાગી કરતા નહીં. ૩૧-૩૨.

✵ ભાવ મોક્ષનું બીજ છે :

જો લોકોને સંતો અને સત્સંગનો ભાવ દિવસે દિવસે વધતો રહે, તો તેનાથી સમાજમાં સત્સંગનો અપાર સમાસ થાય છે. ૩૩. અનેક પ્રકારની બાબતે કરીને હરકોઈ માણસને સંતો અને સત્સંગનો હૃદયમાં ભાવ ઉદય થવો જોઈએ. ૩૪.

चोपाई :

भाव यह बिज मोक्ष के कहाते, बिज में सब ही बात रहाते;
बिज तामें सु विवेक हि रूपा, अंकुर उदय होवत अनूपा...३५
सत्संग ताके नियम हि जेता, अंकुर के कोट रहाये तेता;
सत्संग की जेती रहे बाता, अंकुर के यह नीर रहाता...३६

दोहा : कुसंग ताके शब्द जो, उधेउ रहेउ ताय;
ताके प्रसंग न लगत जब, तब यह वृद्धि रहाय...३७
चाय तेसे रहे तरु हि, उधेउ लगत जब जेउ;
मूर के करत नाश तब, जत्न बिन जात तेउ...३८

सोरठा : संत अरु सत्संग, एहि सम ब्रह्मांड महीं;
रहे नहीं कोउ रंग, दुःखमय ओर रंग रहेउ...३९

જે ભાવ છે તે મોક્ષનું બીજ કહેવાય છે. ભાવરૂપ બીજમાં જ બધી વાત રહી છે. ભાવરૂપ તે બીજમાંથી વિવેકરૂપી અનુપમ અંકુર ઉત્પન્ન થાય છે. ૩૫. સત્સંગના જેટલા નિયમો છે તે મોક્ષના અંકુરનો કિલ્લો છે. અને સત્સંગની સર્વ વાતો તે અંકુરના પોષણ માટેનું પાણી છે. ૩૬. તે મોક્ષના અંકુરને ખાઈ જનારી ઊધઈ-જીવાત કુસંગીના શબ્દો છે. તે કુસંગીના શબ્દોનો જો પ્રસંગ ન રહે તો તે અંકુરની વૃદ્ધિ થાય છે. ૩૭. ગમે તેવું વૃક્ષ હોય પણ જ્યારે તેને ઊધઈ લાગે છે, ત્યારે તે તેનાં મૂળનો નાશ કરે છે. પછી તે વૃક્ષ વગર મહેનતે નાશ થઈ જાય છે. ૩૮. **આ બ્રહ્માંડમાં સંતો અને સત્સંગના જેવો બીજો કોઈ સુખમય રંગ-ઉમંગ નથી. બીજા બધા રંગ તો દુઃખથી ભર્યા છે.** ૩૯. જે બાળબુદ્ધિ જીવ છે તે તો દુઃખભર્યા રંગમાં જ સુખ માને છે. કારણ કે, બાળબુદ્ધિવાળો તો ચાહે તે રીતે કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "મંદિર કરવા નદીએથી સહુ એકેક પથ્થર લાવ્યા અને અસલાલીના અમીન વેણીભાઈના સત્સંગ તથા વૈરાગ્યની વાત કહી" એ નામે સાતમો તરંગ સમાપ્ત ||૭||



પૂર છવ્વીશમું : તરંગ - ૮

જન્માષ્ટમીનો ઉત્સવ અને ભક્તજનોની સમજણની વિશેષતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે સંધ્યા આરતી કરી રહ્યા, તે પછી સંતો શ્રીહરિની આગળ રાસમંડળ કરીને કીર્તન ગાવા લાગ્યા. ૨. કાચની દીપમાળાનું એક ઝાડ હતું, તેને સુંદર બાજોઠના ઉપર વચ્ચે મૂક્યું. ૩. તે દીપમાળાને ત્રણ ચાર માળ હતા. બિલોરી કાચના ગ્લાસ વિવિધ પ્રકારના રંગવાળા હતા, તેમાં દીવાઓ કર્યા હતા. ૪. જ્યારે મધરાત થઈ ત્યારે એક સુંદર હિંડોળો બનાવીને મૂક્યો. પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામી આદિક સંતો ઝાંઝ તથા મૃદંગ બજાવવા લાગ્યા. અને શ્રીકૃષ્ણના જન્મ સમયના મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીએ રચેલાં જે પદ હતાં તે ગાવા લાગ્યા અને શ્રીહરિ તે ઉત્સવ કરનારા સંતોની વચ્ચે બેઠા. ૫-૭.

જ્યારે ચંદ્રોદયનો સમય થયો ત્યારે ગોપાળાનંદ વર્ણીએ બાલમુકુંદ ભગવાનની મૂર્તિને શણગારીને પારણામાં પધરાવી. ૮. જે રીતનો પૂજાનો વિધિ હતો તે રીતે પૂજા કરવા લાગ્યા. જ્યારે આરતી કરી ત્યારે શ્રીહરિ ત્યાં સમીપમાં જ ઊભા રહ્યા હતા. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને કેટલાક બંદૂકોના અવાજ પણ કર્યા હતા અને તેનાથી બધી ત્રિલોકી ગાજી ઊઠી હતી. ૯-૧૦. તે સમયે તેત્રીશ કરોડ દેવતાઓ સહુ વિમાનમાં બેસીને આવ્યા અને જેટલી દેવાંગનાઓ હતી, તે પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે પૂજાનો બધો સામાન લઈને અને મોતીના થાળ ભરી ભરીને આવી હતી. જેટલા દેવતાઓના ગંધર્વ હતા તે પણ વિમાનમાં બેસીને આવ્યા. ૧૧-૧૨. તેઓ દેવલોકનાં બધાં વાજિંત્ર વગાડીને હરખભેર ગાન કરવા લાગ્યા. ૧૩. જેટલી દેવાંગનાઓ હતી તે નૃત્ય કરવા લાગી. તે બધાં શ્રીહરિના સર્વોપરિ ઉત્તમ યશને ગાતા હતા. ૧૪. અને જેટલા

દેવતાઓ હતા તે મુખથી 'જય જય.. જય જય..' બોલીને કેસરી ચંદન તથા પુષ્પના વરસાદની ઝડી કરવા લાગ્યા. ૧૫.

✻ શ્રીહરિ સમાન કોઈ નથી :

दोहा : हरि के प्रताप तूल्य, ओरहु के प्रताप जेहि;
कहत में रहे भूल्य, चाय तेसे रहे तेहि...१६

चोपाई :

हरि में प्रताप रहेउ जेता, हरि के स्वाधिन रहेउ तेता;
ओर में प्रताप जेते रहाये, ईश्वराधिन रहायेउ ताये...१७

શ્રીહરિના પ્રતાપ જેવો બીજા કોઈનો પ્રતાપ કોઈ કહેતા હોય તો તે તેની ભૂલ છે, ભલે તે ગમે તેવા મોટા હોય. કારણ કે, શ્રીહરિમાં જેટલો પ્રતાપ રહ્યો છે તે શ્રીહરિને સ્વાધીન છે અને બીજામાં જેટલો પ્રતાપ હોય છે, તે તો સર્વેશ્વર શ્રીહરિને આધીન હોય છે. ૧૬-૧૭.

જે જ્યાં સુધી આમ સમજતો નથી ત્યાં સુધી તે સંસારમાં ભટકતો રહે છે. કારણ કે, કોઈ ગમે તેવો પ્રતાપી જણાતો હોય, તોપણ તે કાળનું ચવાણું છે. જે બીજા કોઈને પણ પરમેશ્વરના સમાન ન માને તે કાળના મુખથી છૂટી જાય છે. જ્યાં સુધી આવી સમજણ નથી આવતી ત્યાં સુધી તો તે ચાહે તેટલો ભણેલો હોય, તોપણ એકપણ અક્ષરને ભણ્યા વગરનો અભણ છે. તે તો ઘાણીના બળદની જેમ લખચોરાશીમાં ભમે છે. કોઈ દેવ કે મનુષ્ય હોય, આ ભૂમિ ઉપરનો કોઈ મોટો રાજા હોય કે જેણે બધી ભૂમિને સ્વાધીન કરી હોય; છતાં તે બધા જ્યાં સુધી કાળ-કર્માદિને આધીન હોય છે ત્યાં સુધી તે બુદ્ધિમાન ગણાતા નથી. જ્યારે તે ભગવાનને આધીન થાય છે ત્યારે તેમાં બધી વાત આવી જાય છે. ૧૮-૨૧. તે પછી જો ભગવાન કહે તેમ કરે તો તેને માથેથી લખચોરાશીનો ફેરો ટળી જાય છે. પણ **જે દેવ, મનુષ્ય કે રાજા જ્યાં સુધી પોતાની સમજણ પ્રમાણે ચાલતો રહે અને જ્યાં સુધી ભગવાનનો આશ્રિત ન થાય, તો તે ચાહે તેવો હોશિયાર હોય તોપણ તે ક્યાં ગયો તેની કોઈને ખબર પડતી નથી.** તે આ સંસારમાં ભટકતો રહે છે, તેનો પાર આવતો નથી. ૨૨-૨૩.

❋ સાચા સત્સંગીનાં લક્ષણ :

चोपाई :

हरिजन भेगे होवत जबही, परस्पर एसि बात हि तबही;
करत भयेउ विचित्र हि दारा, हरि बिन ओर देखवत असारा...२४

दोहा : दैवत सार मोटप जो, हरि तामें देखात;
हरि के बतावत धाम में, हरिजन महीं जनात...२५
एसे ग्रंथ कीर्तन जो, एसि जेति जो बात;
दुजे में देखात असार हि, सत्संग यह कहात...२६

જ્યારે ઉત્સવ પ્રસંગે હરિભક્તો ભેળા થાય, ત્યારે ઉપર કહ્યા પ્રમાણેની વિવિધ પ્રકારની વાતો કરતા અને ભગવાન સિવાયની બધી વસ્તુને સારહીન દેખતા-દેખાડતા. ૨૪. અને તેવા ભક્તોને દૈવત, સાર કે મોટપ ભગવાનમાં, ભગવાનના ધામમાં તથા ભગવાનના ભક્તોમાં જ દેખાય છે. ૨૫. વળી, એવું જણાવનારા જે ગ્રંથો, કીર્તનો અને તેવી જ જે વાતો હોય તેમાં તેમને દૈવત, સાર કે મોટપ જણાય છે. અને તે સિવાયનામાં તો તેમને તુચ્છતા જ દેખાતી હોય છે, એને જ ખરેખર સત્સંગ થયો કહેવાય છે. ૨૬. **ઉપર કહ્યા પ્રમાણેનું જ્યાં રાત-દિવસ વર્તન રહેતું હોય ત્યાં પ્રગટ મોક્ષ અને પ્રગટ શ્રીહરિ રહ્યા જ હોય છે.** ૨૭.

તે બધું વર્તનમાં દેખાતું હોય છે. જ્યાં આવી શ્રીહરિની વાતો હોય, ત્યાં શ્રીહરિ રહે છે અને જ્યાં શ્રીહરિ રહે છે ત્યાં મોક્ષ નિવાસ કરીને રહે છે. ૨૮. એવા સંતો-ભક્તો જે કોઈપણ વાત કહે છે તેમાં એક શ્રીહરિને જ મુખ્ય રાખે છે; અને જેટલા શ્રીહરિને મુખ્ય રાખે છે તેટલા જ તે હરિના ભક્ત કહેવાય છે. ૨૯. હરિભક્ત થઈને ભગવાન સિવાયની બીજી કોઈપણ બાબતને જેટલી મુખ્ય રાખે છે, ત્યાં સુધી તેની સમજણમાં તેટલી કસર રહી છે. ૩૦. સત્સંગની જેટલી વાતો છે તે હરિભક્તમાં જે કાંઈ કસર હોય તેને બતાવી દે છે, પણ તેને છાની રાખતી નથી. જે હરિભક્તો તે સુખદાયક વાતને અમૃત સમાન માને છે, તે હરિભક્તો સર્વોપરિ કહેવાય છે. કેમ જે, ભગવાન સિવાયની જેટલી વાતો છે, તે બધી સંસારમાં ભટકાવનારી જ કહેવાય છે. ૩૧-૩૨.

❋ હરિ વિનાના સંકલ્પો દુઃખનું ઘર છે :

ભગવાન સિવાયની વાતમાં તો જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખ રહ્યાં છે. છતાં જીવ એવી વાતોના સંકલ્પ રાત્રી-દિવસ કરતો રહે છે. જેમ નદીનાં પાણીનો પ્રવાહ ચાલે છે, તેમ સંકલ્પનો અપાર પ્રવાહ ચાલતો રહે છે. તે રોકવા છતાં પણ લગાર રોકાતો નથી. ૩૩-૩૪. **ભગવાન સિવાયના બીજા જેટલા સંકલ્પો થાય છે, તે બધા જન્મ-મરણનાં બીજરૂપ છે. જેટલા ભગવાન સંબંધી સંકલ્પો છે તથા ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ભજન, સ્મરણ, ધ્યાન, સેવા અને એવી બીજી અનેક બાબતો છે, તે બધી સંસારનાં બીજનાં મૂળને વારંવાર ઉખેડી નાખનારી છે.** ૩૫-૩૬.

એક ભગવાન સિવાયની જેટલી બાબતો છે, તે તમામ જ્યારે અસારરૂપ તુચ્છ જણાવા લાગે ત્યારે તેને સત્સંગનો તેટલો પાશ લાગ્યો છે; તેમ નિશ્ચિત કહી શકાય. ૩૭. પરંતુ એવી અસાર બાબતમાં પણ જ્યાં સુધી જેને સાર મનાય છે, ત્યાં સુધી તેને સત્સંગ કરવામાં કસર રહી ગઈ છે, તેમ જાણવું. ૩૮. **કોઈ જીવ જ્યારે સત્સંગ સ્વીકારે છે, ત્યારે સત્સંગના અને ભગવાનના પ્રતાપથી તેની જે કાંઈ કસર-ભૂલ હોય તેને માફ કરી દેવામાં આવે છે. (પણ પછી તે ભૂલ ફરી ન થવી જોઈએ.)** ૩૯. સત્સંગમાં અનેક રીતની વાતો થતી હોય છે. કારણ કે, સત્સંગ કરનારા લોકોની રુચિ અનેક પ્રકારની હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં “જન્માષ્ટમીનો ઉત્સવ અને ભક્તજનોની સમજણની વિશેષતા કહી” એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૯

ગઢપુરમાં સંતોની પંગતમાં સુંદર સુશોભિતમૂર્તિ શ્રીહરિ પીરસતા હતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નવમીને દિવસ દાદા ખાચરે સંતોને માટે ઘણા હેતથી અગણિત સુંદર ભોજનોની રસોઈ કરાવી. ૨. મોતીચૂરના ઘણા ઊજળા લાડુ કર્યા હતા. તે બનાવનારા લખુ કંદોઈ ઘણા ચતુર અને સારા હરિભક્ત હતા. ૩. તેના ભાઈ જેચંદભાઈ જેટલી જાતનાં પકવાન બનાવવા હોય તેમાં ઘણા હોશિયાર હતા. ૪. કુંવરજી નામે તેના એક કાકા હતા. તે શરીરે કરીને સ્થૂળ હતા. આ ત્રણેય કંદોઈમાં લખુકંદોઈનો પરિવાર મોટો હતો અને તે બધાં પાકાં હરિભક્ત હતાં.

હવે નવમીની વાત કહું છું. જેટલા વિપ્ર હરિભક્તો હતા, તેમણે પકવાન સિવાયની રસોઈ એવું નામ ધરાવતી બધી વાનગીઓ તૈયાર કરી. તે પછી સંતોની પંગત થઈ. ૫-૭. દાદા ખાચરના ઉગમણાબારના અને ઉત્તરાદાબારના ઓરડાની ઓસરીમાં અને તે ઓરડાના ચોકમાં સંતોએ પંક્તિ કરી. પંક્તિમાં બેઠેલા તે સંતો માનસ સરોવરના હંસ જેવા ઉજ્જ્વળ અને તેજસ્વી દેખાતા હતા. તે સહુ મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. તે વખતે તે ધૂનને સાંભળીને પરમ સુખદાયક શ્રીહરિ તે સંતોની પંગતને મધ્યે આવીને ઊભા રહ્યા. ૮-૧૦.

સુખદાતા શ્રીહરિએ તે વખતે મસ્તક ઉપર ફૂલની પાઘ બાંધી હતી, એક પીતાંબર પહેર્યું હતું અને જરિયાની કોરનું લાલ પીતાંબર જનોઈની જેમ ખભે બાંધ્યું હતું. ૧૧. કેસરયુક્ત ચંદન શરીર ઉપર ચર્ચ્યું હતું, ફૂલના હાર પહેર્યા હતા, ફૂલની પહોંચી અને ગજરા હાથ ઉપર શોભી રહ્યાં હતાં. ૧૨. શ્રીહરિ બે મહિના કરતાં પણ વધારે સમયથી સંતોને માટે રોજ રોજ એક એકથી સારી રસોઈ કરાવતા અને પોતે અપાર ભાવથી સંતોને પીરસતા હતા. શ્રીહરિના જેવો ભાવ તો બીજા કોઈમાં ક્યારેય દેખાતો નહિ. ૧૩-૧૪. પ્રેમભાવમાં જેવો રસ-આનંદ નિવાસ કરીને રહ્યો છે, તેવો બીજા કોઈ રસમાં સાર દેખાતો નથી. ૧૫.

શ્રીહરિ રોજ સવારે અને સાંજે સભા કરતા અને કીર્તનો ગવરાવતા હતા. તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી; એ ત્રણ સંતોનાં કરેલાં કીર્તનને વિશેષતઃ નિત્ય ઘણા ભાવથી ગવરાવતા હતા. કારણ કે, શ્રીહરિ તો ભક્તજનોનું પરમ હિત કરનાર સાચા સુહૃદ હતા. ૧૬-૧૭. અમુકવાર શ્રીહરિ તે સભામાં પ્રશ્ન ઉત્તર કરતા અથવા તો નિત્ય નવીન અલૌકિક વાતો કરતા. આ રીતે આખો દિવસ વિતાવતા હતા. ૧૮. જ્યારથી અષાઢ મહિનો બેઠો હતો, ત્યારથી જરૂર પ્રમાણેનો વરસાદ ચાલું રહેતો અને વાદળાંઓથી આકાશ અતિ ભરચક છવાયેલું રહેતું હતું. ૧૯. સમય સમય પ્રમાણે તે વિશાળ વાદળાંઓ કાળાં, પીળાં, લીલાં, લાલ અને આસમાની રંગનાં જણાતાં હતાં. તેમાં ચારે તરફ વીજળી ચમકતી રહેતી હતી. આ રીતે ગર્જના કરતું આકાશ સોહામણું લાગતું હતું. ૨૦. મેઘની ગર્જનાને સાંભળીને મોર, બપૈયા અને કોયલ જેવાં પક્ષીઓ પણ પોત-પોતાનો અવાજ કરતાં હતાં. તે સમયે શ્રીહરિને જેમ પ્રિય લાગે તેમ તે પક્ષીઓ બોલતાં હતાં. ૨૧.

જેમ સંતો નારાયણના નામની ધૂન બોલતા હોય છે, તેમ સવારે અને સાંજે ઠેકઠેકાણે ભૂમિ પર દેડકાઓ બોલતા હતા. ૨૨. જ્યારે અધરાત થાય ત્યારે ભૂમિને જેટલી જરૂરત હોય તેટલો વરસાદ થાતો હતો, પણ આખો દિવસ વરસાદ બંધ રહેતો હતો. ૨૩. 'ઉન્મત્તગંગામાં કાચનાં જેવું નિર્મળ જળ વહી રહ્યું છે,' એવું સાંભળીને જેટલા સંતો તથા હરિભક્તો હતા તેમને સાથે લઈને રોજ શ્રીહરિ બપોર પછી ત્યાં નહાવા જતા હતા. ૨૪-૨૫. શ્રીહરિ નિત્ય ગઢપુરની રાજ બજારમાં ચાલીને જતા અને જ્યાં નારાયણ ધરો છે ત્યાં આવીને સ્નાન કરતા હતા. ૨૬.

❋ શ્રીહરિચરિત્રનો મહિમા :

सोरठा : संत हरिजन ताकु, नित्य नित्य स्मरण करन;
नये नये हि वाकु, चरित्र नित्य करत हरि...२७
संत हरिजन हि जेहि, ताकु रिद्धि सिद्धिहु से;
चिंतामणि से तेहि, कल्पतरु से अधिक कर...२८

चोपाई :

जो जो सुख कहावत जितना, हरि के चरित्र से यह तितना;
अधिक नहीं रहे कोउ दिनही, वेद पुराण कहत सब तिनही...२९

સંતો અને હરિભક્તોને રોજે રોજ સંભારવા માટે શ્રીહરિ નિત્ય નવાં નવાં ચરિત્રો કરતા હતા. ૨૭. આ ચરિત્રો સંતો તથા હરિભક્તોને માટે રિદ્ધિ, સિદ્ધિ, ચિંતામણિ તથા કલ્પતરુ કરતાં પણ અધિક સુખદાયી હતાં. અર્થાત્ સાચા સંતો-ભક્તો શ્રીહરિનાં તે ચરિત્રોને ચિંતામણી વગેરેથી પણ અધિક માનતા હતા. કારણ કે, બીજી જે જે કાંઈપણ સુખકારી વસ્તુ છે, તે કોઈ શ્રીહરિનાં ચરિત્રોથી ક્યારેય અધિક નથી, એમ બધાં વેદ અને પુરાણો પણ કહે છે. ૨૮-૨૯. ભગવાનના જ્ઞાન વગરના જે કોઈ મનુષ્ય કદાચ શાસ્ત્રી, પંડિત કે દેવ થયા હોય તોપણ શું ? કેમ જે, તે બધા ભગવાનના નિશ્ચય વગરના છે. તેથી ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા ભક્તોની સમજણ તો તેનાથી કાંઈક જુદી જ હોય છે. તે બંનેમાં રાત-દિવસ જેટલો ફરક કહેવાય છે. ભગવાનના સ્વરૂપના જ્ઞાન વિના કોઈ ગુરુ થયા હોય તોપણ શું ? ૩૦-૩૧. જ્યાં સુધી ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી હોતું, ત્યાં સુધી ગમે તેવા મોટા હોય તોપણ તે આંધળાની ગણતરીમાં જ ગણાય છે. ૩૨. જ્યારે ભગવાનનાં ચરિત્રો સમાન બીજું કાંઈ ન દેખાય, ત્યારે તેનું અજ્ઞાનરૂપી અંધારું મટે છે. ત્યાર પછી તેનાં વચન પ્રમાણભૂત થાય છે. ૩૩.

❋ સુખ સમજણમાં છે :

करी करीके इतना करनेऊ, भगवान के चरित्र सम केऊ;
कोउ ब्रह्मांड महीं जेहा, नहीं रहाये बात हे तेहा...३४
प्रत्यक्ष हरि रहाये जीमी, ताके चरित्र रहाये तीमी;
निष्कपट एसे समझीता, संत हरिजन यह रहे पुनीता...३५
ऐसे समझे में कसर जिनकू, सुख में कसर रहत तिनकू;
संत हरिजन में कसर रहे एती, समझ में रहे गाफलता तेती...३६

વાત કરી કરીને એટલી જ કરવાની છે કે આ બ્રહ્માંડમાં ભગવાનનાં ચરિત્રને સમાન બીજી કોઈ બાબત નથી. ૩૪. પ્રત્યક્ષ શ્રીહરિ જેવા છે

તેવાં જ તેમનાં ચરિત્રો કલ્યાણકારી છે. આમ જે નિષ્કપટપણે સમજે છે તે સંત-હરિભક્ત ઘણા પવિત્ર છે. ૩૫. આવી સમજણમાં જેને કસર રહે છે, તેને સુખમાં પણ કસર રહે છે. જે સંતો તથા હરિભક્તોમાં આવી જેટલી કસર રહી છે, તેટલી તેને સમજણ કેળવવામાં ગાફલાઈ રહી ગઈ છે. ૩૬.

શ્રીહરિનાં ચરિત્રોને સાંભળવામાં જેને જેટલો પ્રમાદ અને ગાફલાઈ રહે છે તેટલો તે બાળબુદ્ધિ કહેવાય છે. ૩૭. શ્રીહરિના સ્વરૂપના સત્ય સુખને જાણ્યા વગર તેના હૃદયમાં તેટલું દુઃખ રહે છે. જે દુઃખમાં જ સુખ માને છે, તેને કોઈ દિવસ શ્રીહરિના સ્વરૂપનું સાચું સુખ મળતું નથી. ૩૮. **જ્યારે ભક્તજનને સાચી સમજણ આવે છે, ત્યારે તેમને સુખનો કોઈ પાર રહેતો નથી અને જેટલું કાંઈ દુઃખ છે તે બધું તેનાથી દૂર રહે છે. તેથી તે ભક્તનાં હૃદયમાં અતિશય આનંદ વર્તતો રહે છે.** ૩૯. સંત અને હરિભક્ત થયા હોવા છતાં તેને જો દુઃખ રહે છે, તો તેઓ સુખ મેળવવાની સમજ પામ્યા વિનાના તેટલા બાળબુદ્ધિ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢપુરમાં સંતોની વિશાળ પંગતમાં સુંદર સુશોભિતમૂર્તિ શ્રીહરિ પીરસતા હતા" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૦

ગંગામાં સ્નાન વખતની શ્રીહરિની લીલા અને સ્વરૂપ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે ઉન્મત્તગંગામાં સ્નાન કરતા હતા, ત્યારે ક્યારેક સંતોની પાસે અતિશય પ્રેમભર્યાં ગરબી રાગનાં કીર્તન ગવરાવતા હતા. ૨. ક્યારેક સંતો તથા હરિભક્તોને સામસામે રાખીને બે-ત્રણ ઘડી સુધી પરસ્પર પાણી ઉડાવડાવતા

હતા. ૩. અને ક્યારેક સ્વામિનારાયણ નામની ધૂન કરાવતા હતા. તેથી આકાશ ગાજી ઉઠતું હતું. તે સમયે સહુ બંને હાથથી તાળી પાડતા હતા. ૪. તે તાળીનો તડતડાટી કરતો શબ્દ એકધારો નીકળતો હતો. તેથી તે સમયે જાણે વરસાદની ઝડી થઈ હોય તેવું વાતાવરણ બનતું હતું. ૫. શ્રીહરિ તે જોઈને ખૂબ જ પ્રસન્ન થતા હતા. આ રીતે સંતો, હરિભક્તો તથા ઉન્મત્તગંગાને શ્રીહરિ નિત્ય પ્રસન્ન કરતા હતા. ૬.

શ્રીહરિ જ્યાં સુધી પોતાની ઈચ્છા હોય, ત્યાં સુધી ગંગામાં સ્નાન કરતા હતા. કોઈ દિવસે તો જ્યારે સ્નાન કરતા હોય, ત્યારે ધીમે ધીમે વરસાદ પણ થતો હતો. ૭. જ્યારે શ્રીહરિના ઉપર વરસાદ થતો હોય, ત્યારે શ્રીહરિ ખૂબ જ રાજી થતા હતા. કોઈક દિવસ શ્રીહરિ સ્નાન કરતા હોય, ત્યારે શ્રીહરિને રાજી કરવા માટે ઉપરના ભાગમાં વરસાદ વરસતો અને તેનું પાણી ઉન્મત્તગંગામાં આવતું. શ્રીહરિ જ્યારે સ્નાન કરી રહે ત્યારે પાણીથી બહાર આવીને કોરા રૂમાલથી અંગને લૂછતા અને સફેદ ધોતિયું પહેરતા હતા. વળી ક્યારેક કાળા છેડાનો શ્વેત ખેસ પણ પહેરતા હતા. ૮-૧૦.

આમ શ્રીહરિને વસ્ત્ર પહેરતાં મેં જેમ દેખ્યા છે તેમ હું કહું છું. શ્રીહરિ ક્યારેક લાલ છેડાવાળો ખેસ પહેરતા હતા. ૧૧. અને ક્યારેક શ્રીહરિ જામનગરની કાળી કોર અને કાળા છેડાવાળી પછેડી ઘણી ચતુરાઈથી પહેરતા હતા. તે પહેરવામાં વાર લગાડતા નહિ. ૧૨. જ્યારે ધોતિયું પહેરી લે ત્યારે મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધતા હતા અને શ્વેત ચાદર ઓઢ્યા પછી સંતો અને હરિભક્તોને એમ કહેતા કે, 'અત્યારે સહુએ એક એક પથ્થર લેવાનો છે.' ૧૩-૧૪.

શ્રીહરિ જે રીતે રાજી થાય તેમ જ કરવું, તેના જેવી બીજી કોઈ વાત નથી. વાતો તો બીજી ઘણી હોય છે, પણ તે સર્વેમાં શ્રીહરિને રાજી કરવાની વાત સર્વોપરિ છે. ૧૫. જે સંતો અને હરિભક્તો છે તે બધા આવી વાતને સમજે છે પણ ભક્ત સિવાયના જેટલા જીવો છે, તે તો જ્યાં ઊગે તેવું હોય ત્યાં વાવતા નથી. ૧૬.

✵ હરિનાં વચન તેમની મૂર્તિ તુલ્ય છે :

चोपाई :

हरि बचन हि कहत रहे जिमी, महा प्रसन्न होईके तिमी;
संत हरिजन यह बचन ताकू, अतिशे आदर करीके वाकू...१७
शिर उपरी चढात रहाते, बचन में हरि की मूर्ति देखाते;
बचन रखे मूर्ति रखे जेहा, प्रगट हरि की मूर्ति रहे तेहा...१८
एसि समझ रहाये जिनही, निष्कपट होयके जो तिनही;
निष्कपट वरतत रहे जितना, मूर्तिरूप फल कु पावत तितना...१९

શ્રીહરિ જેવાં વચન કહેતાં તે વચનને સંતો તથા હરિભક્તો ખૂબ રાજી થઈને અને અતિશય આદરથી માથે ચડાવતા. કારણ કે, તે શ્રીહરિનાં વચનમાં જ તેમને શ્રીહરિની મૂર્તિ દેખાતી હતી. જેણે શ્રીહરિનું વચન રાખ્યું, તેણે તેમની મૂર્તિ રાખી છે. એટલે કે, જે શ્રીહરિનું વચન છે તે જ પ્રગટ શ્રીહરિની મૂર્તિ છે. ૧૭-૧૮. નિષ્કપટ થઈને જે ઉપર કહી તેવી સમજણ રાખે છે અને પછી તે પ્રમાણે જે જેટલું નિષ્કપટ વર્તન રાખે છે, તેટલું તેમને મૂર્તિના સાક્ષાત્કારરૂપ ફળ પ્રાપ્ત થાય છે. ૧૯. જે મનુષ્ય કપટી હોય છે તેને ફળ પણ કપટરૂપ જ પ્રાપ્ત થાય છે. જેને સત્સંગ હોય તેને આ બધું દેખાય છે. જ્યારે શ્રીહરિ ઉન્મત્તગંગાથી ચાલ્યા, ત્યારે એક એક પથ્થર સહુ સંત-હરિભક્તોએ પોતાનાં મસ્તક ઉપર લીધો. તે સમયે મહાન આનંદભર્યો ઉત્સવ છવાઈ ગયો. આવી રીતે જ્યારે કીર્તન ગાતાં ગાતાં સહુ ગઢપુર ગામમાં આવી રહ્યા હતા અને રાજબજારમાં ચાલતા હતા ત્યારે સોહામણા લાગતા હતા. ૨૦-૨૧.

દાદા ખાચરના દરબારમાં ભવનોનાં ચોક વચ્ચે તે પથ્થરનો ઘણો મોટો ઢગલો કર્યો. તેની જે શોભા બની તે વર્ણવી શકાતી નથી. ૨૨. આમ સર્વે સંતો તથા હરિભક્તો સાંજ સવાર શ્રીહરિને પ્રસન્ન કરતા હતા. કેમ જે, જેને શ્રીહરિને રાજી કરવાનું જ તાન હતું; એવા તે સહુ સંતો અને હરિભક્તો હતા. ૨૩. જેને શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન ન હોય, તેને શ્રીહરિએ કરેલી વાત-આજ્ઞા ગમતી નથી. જેને શ્રીહરિની આજ્ઞા ગમે નહિ,

તે લખચોરાશીના ફેરામાંથી ક્યારેય છૂટે નહિ. ૨૪. આ અંગેનું જ્ઞાન નહિ હોવાથી જેને શ્રીહરિની વાત રુચે નહિ, તે બધાં જમપુરીમાં જાય છે. ૨૫.

જે લોકો શ્રીહરિની વાતનો આદર નથી કરતા, તેઓ જે જે યોનિમાં જાય છે ત્યાં ત્યાં તેને કોઈનો આદર મળતો નથી. ૨૬. શ્રીહરિની વાતનો જે કોઈ પણ આદર કરે છે, તે જ્યાં જાય છે ત્યાં સહુ તેનો આદર કરે છે. ૨૭. જે માણસ શ્રીહરિની વાતનું અપમાન કરે છે, તો તે બધી જગ્યાએ અપમાનને પામે છે. પણ અજ્ઞાની માણસને તેની ગમ હોતી નથી. જે બુદ્ધિમાન હોય છે તે મનુષ્ય દેહને પામીને શ્રીહરિનાં આજ્ઞાવચનમાં ચાલે છે. તેથી તે મનુષ્યો દેવ કરતાં પણ અધિક લાભ પ્રાપ્ત કરે છે. ૨૮-૨૯. જે કોઈ ભગવાનને યથાર્થ ઓળખી લે છે, તેને બધું સાનુકૂળ રહે છે. જેને ભગવાન સાનુકૂળ-સહાયમાં હોય છે, તેને જે સાચું ખોટું હોય તે દિવસ અને રાતની જેમ વિભાગ સાથે યથાર્થ દેખાય છે; અર્થાત્ તે દિવસને દિવસ જ જાણે છે. જે મત કે પંથના અનુયાયીઓ ભગવાનનાં વચનમાં ચાલે છે, તે બધા મત અને તેના આશ્રિતો દિવસ જેવા ઉજળા અને સુખકારી હોય છે. ૩૦-૩૧.

જેને ભગવાનનાં વચનની કાંઈ ભાન નથી તેવા મત, ગુરુ અને શિષ્યો; એ બધા અંધારી રાત જેવા દુઃખદાયી હોય છે. જેને ભગવાન સાનુકૂળ હોય અને જેમાં નિર્મળ બુદ્ધિ હોય, તેઓ સહજ સ્વભાવે આ બધું દેખી શકે છે. જેને ભગવાન સાનુકૂળ નથી હોતા તેને તો પાખંડી મત ગમે છે. ૩૨-૩૩. એવા પાખંડી અનુયાયીઓ જે ભગવાનનાં આજ્ઞાવચનને સમજતા ન હોય, તેને મોટો કરીને માનતા હોય છે; પણ તે સાચા સત્પુરુષને માનતા હોતા નથી. ૩૪. જે કાંઈ સત્ય વચન અને સત્ય બાબતો છે તેનો જે કાંઈ આદર કર છે, તે ત્યાગી હોય કે ગૃહસ્થ પણ તે સત્પુરુષ કહેવાય છે. ૩૫. જે મનુષ્ય અસત્ય વચન અને અસત્ય બાબતનો ઘણો આદર કરતો હોય, તે ત્યાગી હોય કે ગૃહસ્થ પણ તે અસત્પુરુષ કહેવાય છે. ૩૬.

જે કોઈ શાસ્ત્ર કે કીર્તન સત્ય વચન અને સત્ય વાતનું પ્રતિપાદન કરતા હોય, તે શાસ્ત્ર અને કીર્તન સત્ય કહેવાય છે. એવાં ગ્રંથો તથા કીર્તનો છે,

તે મૂર્તિમાન મોક્ષરૂપ છે અને આ પૃથ્વી પર કલ્પો સુધી રહેનારા છે. ૩૭-૩૮. જે કોઈ પણ ગ્રંથ કે કીર્તન અસત્ય વચન કે અસત્ય વાતનું પ્રતિપાદન કરતા હોય, તો તે કેટલાય કલ્પ સુધી રહેનાર નરકના માર્ગરૂપ છે. જેની બુદ્ધિ નિર્મળ હોય તે આ વાતને સમજી શકે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગંગામાં સ્નાન વખતની શ્રીહરિની લીલા અને સ્વરૂપ કહ્યું" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૧

ગઢડા મધ્ય પ્રકરણનું તેત્રીશમું વચનામૃત

※ ભગવાન સંબંધી વાતની મહત્તા :

ફરી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર તથા સહુ હરિભક્તોના પ્રત્યે જે વાત કરી હતી, તે ચરિત્રની વાત હું કહું છું. ૧. શ્રીહરિ સવારે અને સાંજે સંતોની આગળ વાતો કહેતા હતા. શ્રીહરિની વાતોના સમાન બીજી કોઈ વાત હોતી નથી. ૨. જીવનાં માથા ઉપર સંસારનું બંધન વારંવાર રહ્યું છે, તે કોઈ રીતે છૂટતું નથી; પણ જીવને તેની કોઈ ગમ નથી. ૩. કોઈ ગમે તેવો પંડિત હોય કે ગમે તેવો બુદ્ધિમાન હોય, પણ તે જ્યાં સુધી શ્રીહરિની વાતને સાંભળતો નથી; ત્યાં સુધી તેની તેને ચોક્કસ ક્યારેય કાંઈ ખબર પડતી નથી. ૪. ભગવાન શ્રીહરિની વાત સિવાયની બીજી વાત ગમે તેવી સારી હોય, અરે ! તે વાતથી કદાચ રોજ કરોડો રૂપિયા મળે એવી હોય; તોપણ તે વાતની કાંઈ જ કિંમત નથી. ૫.

કદાચ કોઈને રોજ દસ કરોડ સોનામહોરની કમાણી થાય, એવી વાત આવડતી હોય; તોપણ તેનાથી જીવને વળગેલું સંસારનું બંધન છૂટતું નથી. ૬. આ ભૂમિ ઉપર જેટલી રિદ્ધિ સિદ્ધિ રહી છે, તે તમામ કદાચ કોઈ વાતે કરીને માણસને મળે અથવા ત્રિલોકીનું રાજ્ય મળે; તોપણ તેનાથી તે મનુષ્યનું મોક્ષરૂપી મોટું કાર્ય સુધરતું નથી. ૭. દેવરાજ ઈન્દ્ર ત્રિલોકીનો

રાજા છે, પણ તે બ્રહ્માની આગળ કાંઈ ગણાય નહિ. જેટલા મોટા મોટા દેવો થઈ ગયા, તે બધા જ્યારે ભગવાન શ્રીહરિની વાતને-આજ્ઞાને ભૂલી ગયા છે; ત્યારે તેમાં તત્કાળ બાળબુદ્ધિ આવી ગઈ છે. જો તેઓ ભગવાનની આજ્ઞાને ગ્રહણ કરી રાખે છે, તો તેમની મોટપ રહે છે. ૮-૯.

જેટલી કાંઈ મોટાઈ કહેવાય છે, તે બધી ભગવાનની વાતમાં જ રહી છે. આ રીતે જ્યારે સમજે છે ત્યારે તે સાચા અર્થમાં મનુષ્ય કહેવાય છે. અને જ્યાં સુધી તે સમજતો નથી ત્યાં સુધી તે પશુમાં ખપે છે. ૧૦. જીવ જ્યાં સુધી ભગવાનની વાતને સમજતો નથી, ત્યાં સુધી તે ગમે તેવો મોટો કહેવાતો હોય તોપણ પશુબુદ્ધિમાં જ ખપે છે. ૧૧. ભગવાનની આજ્ઞા બહાર ગમે તેવી મોટાઈ હોય, તોપણ તે બધી સંસારમાં ભટકાવનારી જ છે. આ રીતે જ્યારે યથાર્થરૂપમાં સમજાય છે ત્યારે તેને બુદ્ધિમાન કહેવાય છે. ૧૨. શ્રીહરિ રોજ બુદ્ધિમાનોને સમજાવવાને માટે સભામાં વાત કરતા હતા. કારણ કે, શ્રીહરિને સહુને સંસારનાં બંધનથી છોડાવવાનું તાન રહેતું હતું. ૧૩. જે લોકો આ વાતને સમજતા નથી અને સાંસારિક વાતમાં જ અતિશય સાર માનતા રહે છે, તેઓ આ સંસારમાં જ ભટકતા રહે છે. ૧૪. આ સંસારરૂપી સાગર ઘણો વિશાળ છે. પણ ભગવાનની જેટલી આજ્ઞાઓ છે, તે સંસારરૂપી સાગરને પાર કરાવે છે. આવી ભગવાનની વાત કલ્યાણકારી છે. ૧૫. ભગવાનની વાત સિવાયની બીજી બધી બાબતો જ્યારે તુચ્છ જણાય છે, ત્યારે તે બધા સાચા સંતો અને સાચા હરિભક્તો કહેવાય છે. ૧૬.

❋ વચ. ગ.મ.૩૩ નિષ્કામી વર્તમાનનું :

(સંવત્ ૧૮૮૦ના) શ્રાવણ વદિ તેરશને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાને ઉતારે ઢોલિયા ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના ઉપર વિરાજમાન થયા હતા. ૧૭-૧૮. અને અંગ ઉપર સર્વ સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ સર્વ સંતો તથા સર્વ હરિભક્તોના પ્રત્યે બોલ્યા, "પ્રથમ અમે અમારા અંગની વાત કહીએ છીએ. ૧૯-૨૧. પછી તમે સર્વ પોતપોતાનો જે રીતે મોક્ષ માન્યો હોય તથા જે રીતે વર્તવાની દઢતા કરી હોય કે, આમ રહેવાથી આ લોકમાં અને પરલોકમાં ભગવાન અમારા ઉપર રાજી રહેશે; એમ તમે જે માન્યું હોય તે બધું કહેજો." ૨૨-૨૩. એમ સહુને કહીને પછી સર્વ ભક્તોના સુખદાયી એવા શ્રીહરિ પોતાનું જે રીતનું અંગ હતું, તેની પ્રેમપૂર્વક વાત કરવા લાગ્યા. ૨૪.

दोहा : भगवान अरु भगवान के, भक्त बिना हि जेते;
जेते पदार्थ तिन महीं, हित हि हमकु तेते...२५
जणाय तबहि तिनके जो, त्याग करीये जबहि;
सुख रहेउ अंतर महीं, दुःख न रहेउ तबहि...२६

सोरठा : अरु भगवान के जेहु, भक्त बिन मनुष्य मात्र हि;
वा पदार्थ जे तेहु, ताकी जो वेर वेर उर...२७
स्मृति होवे जो जोउ, दुर करीये ताकु जब;
तबहि सुख होय सोउ, एसे सदा वरतत रहत...२८

"અમને તો ભગવાન અને ભગવાનના ભક્ત સિવાયનાં જેટલાં પદાર્થો છે, તેમાં જો હેત જણાય તો તેનો જ્યારે ત્યાગ કરીએ ત્યારે અમારા અંતરમાં સુખ રહે છે અને કોઈ પ્રકારનું દુઃખ રહેતું નથી. ૨૫-૨૬. અને ભગવાનના ભક્ત સિવાયના જે મનુષ્યમાત્ર છે અથવા તો જે પદાર્થમાત્ર છે, તેની જો અમને મનમાં વારંવાર સ્મૃતિ થઈ આવે તો તેને જ્યારે અમે અતિશય દૂર કરીએ ત્યારે સુખ થાય છે. આવી રીતે અમારે હંમેશાં વર્તે છે. ૨૭-૨૮. **અને જેનામાં ભગવાનનું ભક્તપણું દેખ્યામાં આવે, તેનો અમને કોઈ પ્રકારે અભાવ આવતો જ નથી.** ૨૯. **અને જેમાં જેટલું ભક્તપણું દેખ્યામાં આવે તેના ઉપર અમને તેટલો ભાવ રહે છે. પછી કરોડ બાબતે કરીને પણ તે ભાવ મટતો નથી.** ૩૦. અને અમારે વગર ઇચ્છે પંચવિષય છે તે જોરાવરીએ કરીને અગણિત પ્રાપ્ત થાય છે, તોપણ અમે તેને ક્યારેય ઇચ્છતા નથી. ૩૧.

❋ સંતો સર્વોત્તમ નિધિ છે :

અને તે પંચવિષયને અમે પગે કરીને દૂર કરી દઈએ છીએ, તોપણ અમને તે પંચવિષય જોરાવરીએ કરીને મળે છે. અને જે દિવસથી અમે જન્મ્યા છીએ, તે દિવસથી આજ દિવસ સુધી અમને જાગ્રત અથવા સ્વપ્નમાં પણ દ્રવ્યને કે સ્ત્રીને ભોગવવાનો ઘાટ થયો હોય; તો આ જેટલા પરમહંસ છે તે સહુના અમે સમ ખાઈએ છીએ. કારણ કે, આ સંતો છે તે સહુથી શ્રેષ્ઠ નિધિ કહેવાય છે. ૩૨-૩૪.

चोपाई :

संत बिन निधि रहाये जेती, ताकु हम नहीं मानत तेती;
संत बिन निधि रहाये तामें, जन्म मरण दुःख रहेउ यामें...३५
भगवान से करावत दूरा, संत बिन निधि रहे जरूरा;
एसि रीत्य हम रहे सदाऊ, निरदोषपणे करीके ताऊ...३६

સંતો સિવાયના જેટલા નિધિ છે તેને અમે માનતા નથી. કેમ જે, સંત વિનાના જે નિધિ છે તેમાં જન્મ તથા મરણનું દુઃખ રહ્યું છે. ૩૫. સંતો સિવાયના જે નિધિ છે તે જીવને ભગવાનથી જરૂર દૂર કરાવે છે. આવી રીતે અમે હંમેશાં નિર્દોષપણે કરીને રહીએ છીએ. ૩૬. અને જે અમારે વિષે દોષબુદ્ધિ કરશે, તેને જાગ્રત અથવા સ્વપ્નમાં ક્યારેય સુખ રહેશે નહિ. ૩૭. અને તેને ભૂંડા ભૂંડા ઘાટ જરૂર થાશે અને તેના અંતરમાં દેહના ત્યાગ સમયે જરૂર બહુ કષ્ટ થાશે. ૩૮. અને અમને અમારા અંતરમાં તો એક ભગવાનના સ્વરૂપનું જ નિરંતર ચિંતવન રહ્યા કરે છે. ૩૯.

અને ઉપરથી તો અમે ભગવાનના ભક્તના જીવનું સારું થાય તેટલા માટે સહુની સાથે હળીમળીને રહીએ છીએ. પણ સહુથી ઉદાસ હોઈએ, તેવું જણાવા દેતા નથી. અને જે દિવસે અમારા હૈયામાં ભગવાન કે ભગવાનના ભક્ત સિવાય બીજે ક્યાંય હેત દેખવામાં આવશે, ત્યારે અમે અમારા મનમાં એમ માનશું કે, અમે અમારી સ્થિતિથી ડગી ગયા છીએ. પણ અમને એવો નિશ્ચય રહ્યો છે કે, અમે અમારી એ સ્થિતિમાંથી ક્યારેય ડગીએ જ નહિ. આ રીતે અમારું જે અંગ હતું, તે નિરધાર કરીને તમને

કહ્યું. હવે તમે સહુ પોતપોતાનું જે અંગ હોય તે કહો." ૪૦-૪૪. પછી સર્વે સંત તથા સર્વે હરિભક્ત હતા, તેમણે જેનાં જેવાં અંગ હતાં તેમણે તે તેવાં કહ્યાં જે, અમે આ લોકમાં તથા પરલોકમાં આ રીતનાં અંગમાં જ્યારે રહેશું ત્યારે અમારા ઉપર ભગવાન પ્રસન્ન થશે; તે રીતે પરમ પ્રેમરસથી કહ્યું. હવે તે બધા હરિભક્તોનાં અંગની જે વિક્તિ છે તે કહું છું. ૪૫-૪૭. તેમાં કોઈકે તો ભગવાન સિવાય બીજે ઠેકાણે વૈરાગ્યની વાત કહી અને કોઈકે તો આત્મનિષ્ઠાની વાત કહી. કેટલાકે ભગવાનને વિષે પ્રીતિનું કહ્યું. અને કોઈકે તો ધર્મમાં રહેવાની વાત કરી. ૪૮-૪૯. આ રીતે સહુએ પોત પોતાનાં અંગની વાતો ઘણી કહી, પણ શ્રીહરિએ જે મનમાં ધારી રાખ્યું હતું તે કોઈએ કહ્યું નહિ. ૫૦.

❋ નિષ્કામવ્રતની ગરિમા :

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "સર્વ ભક્તસમાજ તમે સહુ સાંભળો. જેને નિષ્કામ વ્રત દૃઢ હોય તેને સુખ રહે છે. ૫૧. અને તે નિષ્કામ વ્રતવાળો આલોક અને પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી દૂર રહેતો નથી. અને અમને પણ તે નિષ્કામ વ્રતવાળા ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાતું નથી, એ નિશ્ચિત છે. અને અમે અહીંયાં-ગઢપુરમાં જે રહ્યા છીએ, તે પણ અહીંયાંના હરિભક્તના નિષ્કામી વ્રતમાનના અતિશય દૃઢાવને દેખીને નિવાસ કરીને રહ્યા છીએ. જે નિષ્કામી ન હોય તેવા લોકોની પાસે અમે રહેતા નથી. ૫૨-૫૪. અને જેને નિષ્કામી વ્રતમાનનો દૃઢાવ હોય તેનાથી અમે હજાર ગાઉ દૂર હોઈએ, તોપણ તેમની પાસે જ રહ્યા છીએ. ૫૫. **અને નિષ્કામી વ્રતમાનમાં જેને કાચપ રહી હોય તે જો અમારી પાસે રહેતો હોય, તોપણ તે અમારાથી એક લાખ ગાઉ દૂર દેખાય છે. ૫૬. અને અમને જે નિષ્કામી ભક્ત હોય, તેના જ હાથની કરેલી સેવા ગમે છે.** માટે આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દૃઢ નિષ્કામી છે, તો તેમની કરેલી સેવા અમને મનમાં અતિશય ગમે છે. અમને નિષ્કામીની અરુચિ થતી નથી. ૫૭-૫૮.

અને અમે જે જે વાત કરીએ છીએ તેમાં પણ પરમ પવિત્ર એવું જે નિષ્કામી વ્રતમાન, તેનું અતિશય દૃઢ પ્રતિપાદન મુખ્યપણે થતું રહે છે.

મનુષ્યનાં જે કાંઈ તેજ તથા પ્રતાપ કહેવાય છે, તે નિષ્કામી વ્રત પાળનારામાં નિવાસ કરીને રહે છે. નિષ્કામી વ્રતમાન આવું મહત્ત્વપૂર્ણ કહેવાય છે. ૫૯-૬૦. અને જે દિવસથી અમે પ્રગટ થયા છીએ તે દિવસથી નિષ્કામી વ્રતને અતિશય દૃઢ કરતા આવ્યા છીએ. અને જે જગ્યાએ સભા બેઠી હોય ત્યાં કુદૃષ્ટિ કરનાર કોઈ સ્ત્રી કે પુરુષને જો જોવામાં કાંઈક ફેર પડે, તો તે તેને ગમે તેટલી યુક્તિ કરીને છુપાવે; તોપણ અમને જણાયા વિના જરા પણ રહેતું જ નથી. પછી અમને તે સ્ત્રી કે પુરુષ ઉપર તે વખતે અતિશય કુરાજીપો થઈ જાય છે. ૬૧-૬૪. અને અમારું મુખ પણ શ્યામળું થઈ જાય છે. અને અમને તેનું અતિશય દુઃખ લાગે છે, પણ મહોબત જાણીને ઝાઝું કાંઈ કહેતા નથી અને મનમાં અને મનમાં સમજી રહીએ છીએ. આ તો અમે સાધુના માર્ગ ઉપર ચાલ્યા છીએ એટલે સાધુતા રાખીને કહીએ છીએ. ૬૫-૬૬. પણ જો રાજાના જેવી રીત રાખી હોય તો ચોક્કસ તેને માથે ઝાઝો દંડ થાય. આ તો અમે સાધુદાવો જાણીને ઝાઝું કહેતા નથી. ૬૭.

તે માટે જ મોટા મોટા સંતો અને મોટી મોટી બાઈઓને અમે પહેલેથી જ કહી રાખ્યું છે જે, સત્સંગમાં રહેતાં કોઈ બાઈ ભાઈને કદાચિત્ જો નિષ્કામી વ્રતમાનમાં કાંઈ ફેર પડે, તો કોઈએ અમારી પાસે આવીને તે વાત સંભળાવવી નહીં. ૬૮-૬૯. શા માટે જે, અમે જ્યારે એવી વાત સાંભળીએ છીએ ત્યારે જેમ કોઈ વાંઝિયાને ઘેર દીકરો આવ્યો હોય અને પછી તે મરી જાય તો તેને તેનો અતિશય શોક થાય છે; તેમ અમારે પણ અપાર શોક થાય છે. ૭૦-૭૧. તથા અમારા મનમાં વારંવાર એમ વિચાર થાય છે કે, બધા સત્સંગને છોડીને વનમાં જતા રહીએ. ૭૨. **માટે જે નિષ્કામી વ્રતમાનને રાખે છે તે અમને મન, કર્મ, વચનથી અતિશય પ્રિય છે.** ૭૩. **તથા તેને અને અમારે આ લોકમાં તથા પરલોકમાં દૃઢ મેળાપ રહે છે.”**

✵ નિષ્કામવ્રત દૃઢ કરવાના ઉપાય :

પછી ભક્ત હરજી ઠક્કરે પ્રસન્ન મનથી શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો કે, “જે આ નિષ્કામી વ્રતમાન છે તે શે ઉપાયે કરીને અતિ દૃઢ રહે છે ?” ૭૪-૭૫. પછી શ્રીજીમહારાજ તે હરિભક્તના પ્રત્યે બોલ્યા કે, “તેનો ઉપાય

એક પ્રકારનો નથી. ૭૬. તેના ઉપાય તો ત્રણ પ્રકારના છે, તે હું કહું છું. જેમ હાંકનારો, બળદ, પૈડાં, ધોંસરી, ઊંધ અને માંચડો એવો ઘણો સામાન મળીને ગાડું એવું એક નામ કહેવાય છે. તે રીતે નિષ્કામી વ્રતમાનને દૃઢ રાખવા માટેનો ઘણો સામાન જોઈએ છે, તે હું કહું છું. તેમાં ત્રણ ઉપાયો છે તે અતિશય મુખ્ય છે. તેમાં એક તો **મનને વશ કરવું** તે છે. ૭૭-૭૯. તે મનને જે રીતે વશ કરવાનું હોય તે હું કહું છું, તે તમે એક ચિત્તથી સાંભળો. તે મનને વિષે અખંડ આવું મનન કરવું; તે કહીએ છીએ. ૮૦.

'હું આત્મા છું, દેહ નથી,' એવી રીતે વારંવાર વિચાર કરવો. અને ભગવાનની કથા-શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિમાં બરોબર રીતે મનને અખંડ જોડી રાખવું, પણ તે મનને એક ક્ષણમાત્ર પણ નવરું મેલવું નહિ. ૮૧-૮૨. જેમ કોઈક પુરુષને ભૂત વશ થયું હોય, પછી તેને જો કામ ન બતાવે તો તે ભૂત તેને વશ કરનારને જ ખાવા તૈયાર થઈ જાય છે; તે જ રીતે આ મન છે તે પણ ભૂત જેવું જ છે. તે જેની સાથે રહે છે તેને જ ખાવા તૈયાર થાય છે. ૮૩-૮૪. અર્થાત્ તે મનને જો ભગવાનની ભક્તિમાં રાખવામાં ન આવે, તો તે અધર્મનો સંગ કરીને અધર્મના ઘાટ કરવા લાગે છે. અને ભૂતની જેમ બીજા ત્રીજા ભૂંડા ઘાટ કરાવી ભક્તજનને ખાવા માટે-ધર્મમાંથી પાડવા માટે તત્પર થઈ જાય છે. ૮૫-૮૬. માટે મનને અખંડ ભગવાનની કથા, કીર્તન ઇત્યાદિ ભક્તિમાં જોડી રાખવું. ૮૭. આમ જે નિત્ય કર્યા કરે તેનું મન વશ થયું છે, એમ જાણવું.

અને નિષ્કામી થવાનો બીજો ઉપાય છે તે બધાને કરવો કઠણ છે. ૮૮. તે કયો ઉપાય છે ? તો, **પ્રાણને નિયમમાં રાખવો.** તે ગીતામાં કહ્યું છે કે, એક તો આહાર અને બીજો વિહાર તેને યુક્ત(માપસર) રાખવા. પણ ખાવાની અતિશય લોલુપતા રાખવી નહિ. આવી રીતે જ્યારે દૃઢતાથી નિરંતર વર્તવામાં આવે, ત્યારે તેનો પ્રાણ નિયમમાં આવ્યો કહેવાય. અને જ્યાં સુધી પ્રાણને નિયમમાં ન કર્યો હોય ત્યાં સુધી મનમાં ખાવાની અપાર તૃષ્ણા રહ્યા કરે છે. પછી અનેક પ્રકારના રસને વિષે તેની રસના ઇન્દ્રિય દોડતી ફરે છે. પછી બીજી જેટલી ઇન્દ્રિયો વશ કરી હોય, તે પણ બધી

પોતપોતાના વિષય પાછળ દોડવા લાગે છે; અને નવાં નવાં વિષયને ભોગવવા ચાહે છે. ૮૯-૯૩. માટે આહારને નિયમમાં રાખીને પ્રાણને નિયમમાં કરવો એ બીજો ઉપાય છે.

હવે ત્રીજો ઉપાય કહીએ છીએ જે, ૯૪. **આ સત્સંગને વિષે જેને જેને જેવા નિયમો કહ્યા છે તેમાં પોતાના દેહને રાખીને દેહને નિયમમાં કરવો.** આવી રીતે જે આ ત્રણ ઉપાય કહ્યા તે દઢ કરીને રાખે, તો તેને નિષ્કામી વ્રતમાન અતિશય દઢ થાય છે. અને તેને વિષે તમારે કોઈએ એમ ન જાણવું કે, આવી રીતે કરવું તે તો ઘણું કઠણ છે. કારણ કે, જે ખપવાળા ભક્ત છે તેને તેવી રીતે રાખવું તે કાંઈ કઠણ નથી. જે ખપવાળા ભક્ત હોય છે તે તો કામ, ક્રોધ અને લોભાદિક શત્રુનું બળ હોય, તોપણ ભગવાનને પ્રસન્ન કરવા માટે તે શત્રુનો ત્યાગ કરે છે અને ત્યારે જ તે પાકો ભક્ત કહેવાય છે. ૯૫-૧૦૦.

चोपाई :

मनुष्य हि देह करीके जेहि, न होय एसे हि कहा हे तेहि;
नित्य हि अभ्यास रखीके जावु, करे जेता जेहि होत रहावु...१०१

जिमि कूप के कांठे पर जोहु, महा कठिन पथ्थर हि तोहु;
ताके विषे नित्य पाणि हि जाहि, सिंचना तिन करीके हि ताहि...१०२

छंद हरिगीत :

नरम दोरडि रहे तोउ पण कापे पारत रहे तिमि
जेहि भक्त रहे स्वभाव जेउ दुःख देत हे;
टालने के नित्य अभ्यास रखे स्वभाव हि क्यां लग ही;
रहहि एतो निश्चय नाश पाम हि बात हे सत्य ही...१०३

આ મનુષ્ય દેહે કરીને ન થાય એવું શું છે ? નિત્ય અભ્યાસ રાખીને જે કરે તે થઈ શકે છે. ૧૦૧. જેમ કૂવાના કાંઠા ઉપર મહાકઠણ પથ્થર હોય, તેના ઉપર રોજ પાણી સીંચાય તો તેણે કરીને તે પથ્થરમાં દોરડી નરમ હોય તોપણ કાપો પાડે છે. તેમ જે ભક્ત છે તેને જે સ્વભાવ દુઃખ દેતો હોય અને તેને ટાળવાનો જો નિત્ય અભ્યાસ રાખે તો તે સ્વભાવ કયાં

સુધી રહે ? તે તો નિશ્ચિત નાશ પામે જ, તે વાત સત્ય છે. ૧૦૨-૧૦૩. માટે જેને નિષ્કામ વ્રત રાખવું હોય તેણે આગળ કહ્યા એવા ત્રણ ઉપાય દૃઢ કરીને રાખવા. ૧૦૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું તેત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૨

ગઢડા મધ્ય પ્રકરણનું ચોત્રીશમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૮૦ના) ભાદરવા સુદિ પડવાને દિવસ મહા સુખના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ ગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને ત્યારે શ્વેત ધોતિયું પહેર્યું હતું અને શ્વેત ચાદર ઓઢી હતી. ૨-૪. અને કાળા છેડાની ધોતલી મસ્તક ઉપર બાંધી હતી. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને કેટલાક પરમહંસ દુકડ અને સરોદા લઈને ગાન કરતા હતા. તે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી અને જ્ઞાનાનંદ સ્વામી આદિક સંતો ગાન કરતા હતા. આમ તેઓ ચાર ઘડી ગાન કરતા રહ્યા તેને શ્રીહરિ ચિત્ત દઈને સાંભળતા રહ્યા. ૫-૮.

❋ શ્રીહરિ સંબંધી સુખની ભવ્યતા :

चोपाई :

श्रीहरि जो जो करत हि बाता, अति आदररस रस हि भराता;
ऐसे आदररस एक तिनमें, देखत रहाये बहुत इनमें...०९
आदररस की मूर्ति बन आये, संत ताकु बहु सुख देवाये;
पोतामें रस सुख रहे जितना, अनेक प्रकार ताके तितना...१०

શ્રીહરિ જે જે વાત કરતા હતા તેમાં અતિ આદરરસ-ઉત્સાહરૂપી રસ ભર્યો રહેતો. શ્રીહરિની એક વાતમાં પણ એવો અપાર આદરરસ દેખાતો હતો. ૯. તે ઉત્સાહરૂપી રસની મૂર્તિ બનીને આવેલા શ્રીહરિએ સંતોને ઘણું સુખ આપ્યું. પોતાના સ્વરૂપમાં જેટલું કાંઈ રસભર્યું સુખ છે તેના અનેક પ્રકારો છે. ૧૦. તેથી જેનો ગણ્યે પણ પાર ન આવે એટલું સુખ આ વખતે શ્રીહરિએ આપ્યું છે. જે કોઈ હરિભક્ત બાઈ ભાઈ શ્રીહરિના સંબંધને પામ્યા છે તે એક એકને એટલું સુખ આપ્યું છે કે, તે જિંદગીભર સંભારે અને કહે છતાં તેના પારને ન પામે. આ વખતે તે સહુ ભક્તોએ શ્રીહરિના સંબંધનું એટલું બધું સુખ લીધું છે. ૧૧-૧૨.

કદાચ કોઈ ભક્ત બાળબુદ્ધિએ કરીને શ્રીહરિના તે સુખની સ્મૃતિને ભૂલી ગયા હોય, તોપણ તેનો જ્યારે અંત સમય આવે છે ત્યારે શ્રીહરિ તેને સહાય કરે છે. ૧૩. **લોકો શ્રીહરિની વાત સિવાયની બીજી જેટલી વાત કરતા રહે છે, તેમાંથી એક પણ વાત અંતકાળે તેને ક્યારેય સહાય કરતી નથી.** ૧૪. ભગવાન સિવાયની જેટલી વાત છે, તે બધી વિઘ્ન જ કરતી રહે છે. પરંતુ મનુષ્યમાં જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે, ત્યાં સુધી તેને તે દેખાતું નથી. ૧૫. **શ્રીહરિ સિવાયની ગમે તેવી આશ્ચર્યકારી બાબતો હોય, તોપણ તેમાંથી એક પણ બાબત જીવને અંત સમયે સહાય કરતી નથી.** ૧૬. જીવ જ્યારે શ્રીહરિની વાતનું આવું મહત્ત્વ જાણે છે, ત્યારે તેની તમામ બાળબુદ્ધિ ટળી જાય છે. લોકોની બાળબુદ્ધિ ટાળવા માટે જ શ્રીહરિ ચરિત્રો તથા અનેક પ્રકારની ઘણી વાતો કરતા હતા. ૧૭.

✵ તત્ત્વો જડ છે કે ચૈતન્ય, તેની વિગત :

પછી જે ગાન કરનારા સંતોને શ્રીહરિએ તે સમયે કહ્યું કે, “હવે તમે કીર્તન ગાવાનું રાખો. હવે પ્રશ્ન ઉત્તર કરીએ તો આળસ મટે. કેમ જે, અત્યારે સભાને કીર્તનમાં રસ આવતો નથી.” આમ કહીને શ્રીહરિ બોલ્યા, “પ્રથમ અમે અત્યારે એક પ્રશ્ન ઉત્પન્ન થયો છે તે પૂછીએ છીએ કે, આ જીવને વિષે માયાનાં કાર્ય એવાં ઇન્દ્રિયો, અંતઃકરણ આદિ ચોવીશ તત્ત્વ રહ્યાં છે તે જડ છે કે ચૈતન્ય છે ?” ૧૮-૨૧.

પછી પરમહંસોએ કહ્યું કે, "તત્ત્વ તો ચૈતન્ય દેખાય છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જો તત્ત્વ ચૈતન્ય હોય તો શરીરને વિષે જીવ છે તેની ભેળા ચોવીશ તત્ત્વના પણ ચોવીશ જીવ થયા. તેથી જ્યારે એ જીવનું કલ્યાણ થાશે ત્યારે તે બધાંનું પણ વહેંચાતું ભાગે આવશે અને જે પાપ કરશે તે પણ સર્વને વહેંચાતું ભાગે આવશે; ત્યારે સુખ-દુઃખનું ભોક્તાપણું તે એક જીવને વિષે જ ક્યારેય કહેવાશે નહિ. અને સંચિત, પ્રારબ્ધ તથા ક્રિયમાણ; એ ત્રણ પ્રકારનાં કર્મ પણ એક જીવને જ ક્યારેય કહેવાશે નહિ. અને નારદાદિક પૂર્વે જે મુક્ત થયા, તેમનો પોતપોતાનો એક જ જીવ મુક્ત થયો છે. પણ તે ભેળા ચોવીશ તત્ત્વના જીવ મુક્ત થયા છે તેમ કહ્યું નથી." આવી રીતે આશંકા કરીને શ્રીહરિએ તત્ત્વને નિર્જીવ કરી દેખાડ્યાં. પછી તેમાં જે જે રીતે પરમહંસોએ જેટલા ઉત્તર કર્યા તેને આશંકા કરીને દોષ દેખાડીને તે સર્વને ખોટા કરી નાંખ્યા. તેથી જ્યારે કોઈ રીતે પરમહંસોથી ઉત્તર ન થયો.

ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હવે તેનો જેમ ઉત્તર છે તેમ અમે કરીએ છીએ. ૨૨-૩૧. (એ તત્ત્વ જે તે કાર્ય-કારણ ભેદે કરીને બે પ્રકારનાં છે; તેમાં કારણરૂપ જે તત્ત્વ છે તે ચૈતન્ય છે ને કાર્યરૂપ જે તત્ત્વ છે તે જડ છે.) અને આ જીવ છે તે પોતે વિશેષ સત્તાએ કરીને હૃદયને વિષે રહ્યો છે અને પોતાની સામાન્ય સત્તાએ કરીને દેહ, ઈન્દ્રિયો તથા અંતઃકરણમાં તદાત્મકપણે કરી મળીને રહ્યો છે. અને તેણે કરીને જે દેહાદિક છે તે ચૈતન્ય જેવાં દેખાય છે. ૩૨-૩૩. માટે જે તત્ત્વ છે તે તો જડ છે, પણ જીવને લીધે ચૈતન્ય દેખાય છે. અને આ જીવ જ્યારે ભગવાનનો ભક્ત થઈને ભગવાનના ધામમાં જાય છે , ત્યારે જડ જેવાં એ તત્ત્વો અહીંયાં પડ્યાં રહે છે. ૩૪-૩૫. અને એ ચોવીશ તત્ત્વ માયામાંથી ઉત્પન્ન થયાં છે માટે માયારૂપ છે, એટલે જ તેને જડરૂપે કહ્યાં છે. ૩૬. અને જે દેહ, ઈન્દ્રિયો તથા અંતઃકરણ જુદાં જુદાં જણાય છે, તે તો જેમ એક જ પૃથ્વી છે તે જ ત્વચા, માંસ, મજ્જા, અસ્થિ અને સ્નાયુ; એમ

પાંચરૂપે થઈ છે અને કાચરૂપે પણ કરનારાની કિંમતે તે થઈ છે. તેમ આ એક એવી જે માયા તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને દેહાદિકરૂપે જુદે જુદે પ્રકારે જણાય છે." ૩૭-૪૦.

❋ તત્ત્વો કાર્યરૂપે જડ અને કારણરૂપે ચૈતન્ય છે :

પછી શુકમુનિએ હાથ જોડીને પૂછ્યું કે, "જો તત્ત્વો જડ હોય તો તે તત્ત્વોએ ભગવાનની સ્તુતિ કરી હતી, તે કઈ રીતે કરી હતી ? અને તે કેમ સમજવું ? તો હે મહારાજ ! આપ તે પ્રેમથી કહો." ત્યારે શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે બોલ્યા, "તે તત્ત્વને વિષે કોઈ મુક્ત હતા તેણે તેમાં પ્રવેશ કરીને પ્રત્યેક તત્ત્વના દેહથી સ્તુતિ કરી હતી. જેમ કે, પૃથ્વીનો જે જીવ હતો તે જ્યારે પૃથ્વીના ખોખામાંથી નીકળીને બ્રહ્માની સમીપે ગયો હતો, ત્યારે કશ્યપ ઋષિ હતા તેણે તે પૃથ્વીના ખોખાને વિષે પ્રવેશ કરીને તેને જીવાડ્યું. પછી પૃથ્વી જ્યારે પાછી આવી અને તેણે પ્રાર્થના કરી કે, મારો દેહ મને પાછો આપો.

ત્યારે કશ્યપ ઋષિએ પૃથ્વીના ખોખામાંથી નીકળીને પૃથ્વીને તેનો પૃથ્વીરૂપ દેહ પાછો આપ્યો. અને તેણે કરીને પૃથ્વીનું કાશ્યપી એવું નામ થયું છે, એવી વાત પુરાણમાં પ્રસિદ્ધ છે. માટે તે રીતે **માયા અને માયાનું કાર્ય જે નામરૂપમાત્ર છે, તે બધાં જ દ્રવ્ય જડ છે. અને તે માયાને પ્રકાશના કરનારા પુરુષ છે. ૪૧-૪૯. અને તે પુરુષ ચૈતન્ય દ્રવ્ય છે. અને માયાને વિષે પ્રવેશ કરીને તેને ચૈતન્ય જેવી કરે છે. ૫૦.**

सोरठा : अरु परमेश्वर जेउ, प्रकृति पुरुष दोनु हि से;
न्यारे रहेउ तेउ, तेहि परमेश्वरहु केउ...५१
यह जोउ जीव जबहि, आश्रयकु करत रहेउ;
तत्काल हि यह तबहि, माया अरु मायाहु के...५२
कारज्य कु तरीके, ब्रह्मरूप होत रहे;
अति मोद हु भरीके, भगवान के धाम तेहि...५३
पावत हि तेहि बीन, दुजे जीव कु मायाहु के;
बंधन हि कोउ दिन, टलनके न उपाय कोउ...५४

અને જે પરમેશ્વર છે તે તો પ્રકૃતિ અને પુરુષ તે બંનેથી ન્યારા છે. એવા તે પરમેશ્વરનો જ્યારે જે જીવ આશ્રય કરે છે ત્યારે તે તત્કાળ જ માયા અને માયાનાં કાર્યને તરીને બ્રહ્મરૂપ થાય છે. અને અતિશય હરખભર્યો ભગવાનના ધામને પામે છે. તે વિના જીવને માયાનું બંધન ટાળવાનો બીજો કોઈ ઉપાય કદાપિ નથી જ." ૫૧-૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચોત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૩

ગઢડા મધ્ય પ્રકરણનું પાંત્રીસમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૮૦ના) ભાદરવા સુદિ એકાદશીને દિવસ રાત્રી પાછલી છ ઘડી(૨ કલાક ને ૨૪ મિનિટ) બાકી હતી, ત્યારે શ્રીજીમહારાજ સૂતા હતા તે ઊઠીને શ્રીગઢડામાં દાદા ખાચરના દરબારમાં જુવારની ખાણ ઉપર પલંગ બિછાવ્યો હતો તેના ઉપર આવીને વિરાજમાન થયા. ૨-૪. તે વખતે શ્રીહરિએ શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત પછેડી ઓઢી હતી તથા કાળા છેડાની ધોતલી મસ્તક ઉપર બાંધી હતી. ૫. પછી પરમહંસોને તથા હરિભક્તોને બોલાવીને તેની સભા કરી.

પછી તે પ્રત્યે શ્રીહરિ બોલ્યા, "આજ અમને નિદ્રા બહુ આવી. ઊઠવાનું ઘણું કર્યું પણ જ્યારે ઉઠાયું નહિ, ત્યારે તે નિદ્રામાં જ અમે ઘણો બધો વિચાર કર્યો. પછી તેનો નિરધાર જે રીતે કર્યો છે તે અમારો નિરધાર હવે અમે તમારા હિત માટે કહીએ છીએ. ૬-૮. અમે રામાનંદ સ્વામીની પાસે આવ્યા તેના પહેલાં પણ આત્માને સદાય સાક્ષાત્ દેખતા હતા. ૯. અને અત્યારે પણ દેખીએ છીએ. તે આત્મા જેવો છે તે કહીએ છીએ. તે

આત્મા સૂર્યના જેવો પ્રકાશે યુક્ત છે. ૧૦. અને અમારી સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને વિષે પણ અમને એક ક્ષણમાત્ર પણ આત્માનું વિસ્મરણ ક્યારેય થતું નથી. પણ એ આત્મદર્શન થવું બહુ કઠણ છે; પૂર્વના ઘણા જન્મના શુભ સંસ્કારવાળો કોઈ વિરલ પુરુષ હોય તેને જ એવું આત્મદર્શન તે જેમ ધારે તેમ થાય છે. ૧૧-૧૩.

અને બીજા તો તે આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે, તોપણ આત્માનું દર્શન થતું નથી. તે આત્મદર્શન ક્યારે થાય ? તો જ્યારે તે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે અને તે ધ્યાને કરીને આત્માને દેખવો તે કાંઈ કઠણ રહેતું નથી. ૧૪-૧૬. અને ભગવાનના ધ્યાન વિના તો કેવળ આત્મવિચારે કરીને આત્માને જાણવો કે દેખવો એવી તો આશા જ કોઈએ ક્યારેય રાખવી નહિ. અને ભગવાનની જે ઉપાસના તે દૃઢ કરીને રાખવી. ૧૭-૧૮.

चोपाई :

अरु भगवान के चरित्र तिनकू, गावना सुनना हितकर इनकू;
अरु भगवान के नाम ताके, स्मरण करना चित्त देहि वाके...१९
अरु भगवान की मूर्ति जैसी, देखे सुने में आये तैसी;
वेर वेर ताके चितवन करना, आत्मा के एहि फल समझना...२०
पोत पोताके धर्म हि तामें, रेना दृढ करिके जो वामें;
एसि रीत पोताके जेऊ, जीव ताके कल्याण तेऊ...२१
होना तेहि नहीं कठिन रहाते, यह तो जिमि नाव में बैठाते;
समुद्र ताकु तरना हि जैसा, सुगम मारग रहाये तैसा...२२

અને ભગવાનનાં જે ચરિત્ર છે તેને હેત કરીને ગાવાં ને સાંભળવાં તથા ચિત્ત દઈને ભગવાનનું નામસ્મરણ કરવું. ૧૯. અને ભગવાનની મૂર્તિ જેવી દેખવામાં કે સાંભળવામાં આવી હોય, તેવી તે મૂર્તિનું વારંવાર ચિંતવન કરવું. કેમ જે, આત્મદર્શનનું પણ એ જ ફળ છે, તેમ સમજવું. ૨૦. અને પોતપોતાના ધર્મમાં દૃઢપણે કરીને રહેવું. આવી રીતે પોતાના જીવનું જે કલ્યાણ થવું તે કાંઈ કઠણ નથી. તે તો જેમ કોઈ વહાણમાં બેસીને સમુદ્રને તરે તેવો સુગમ માર્ગ છે. ૨૧-૨૨.

અને આત્મદર્શને કરીને જે જીવનું કલ્યાણ કરવું, તે તો જેમ તૂંબડાં બાંધીને સમુદ્ર તરવો એના જેવો કઠણ માર્ગ છે. અને અમે જે આત્મજ્ઞાનની વાર્તા કરીએ છીએ તેનું પ્રયોજન તો એટલું જ છે તે કહીએ છીએ જે, જ્યારે પોતાના આત્માને દેહથી જુદો માને ત્યારે તેને પોતાના દેહને વિષે પ્રીતિ ન રહે તથા દેહના સંબંધીને વિષે પણ હેત ક્યારેય ન રહે. તથા ભગવાનની ભક્તિને વિષે જે નિત્ય નવું ને નવું હેત હોય તેમાં કોઈ પ્રકારનું વિઘ્ન થાય નહિ, આટલું જ આત્મદર્શનનું પ્રયોજન છે; પણ કેવળ તેણે કરીને જ કલ્યાણ થાય તેમ સમજવું નહિ. ૨૩-૨૮. અને જગતમાં લોકો એવી વાતો કહે છે કે, 'મન હોય ચંગા તો કથરોટમાં ગંગા' અર્થાત્ જો મનને વ્યવસ્થિત પવિત્ર રાખવામાં આવે તો સ્વયં ગંગા કાથરોટમાં પ્રગટ રહે છે. ૨૯. પણ અમે નિશ્ચય કરીને કહીએ છીએ કે એ વાત ખોટી છે. કેમ જે, ગમે તેવો સમાધિનિષ્ઠ હોય અથવા બહુ વિચારવાન હોય, પણ જો તે પુરુષ સ્ત્રીના પ્રસંગમાં રહેવા લાગે તો એનો ધર્મ કોઈ રીતે રહે જ નહિ. એ વાત જરૂર સાચી છે, એમાં કાંઈ ખોટું નથી. અને એવી જ રીતે ગમે તેવી ધર્મવાળી પરમ સુજાણ સ્ત્રી હોય, પણ જો તેને નિત્ય પુરુષનો સહવાસ રહે તો તેનો પણ ધર્મ રહે જ નહિ; તેમ વેદ અને શાસ્ત્રો નિશ્ચિત કહે છે. ૩૦-૩૩.

માટે કોઈ પણ રીતે સ્ત્રી અને પુરુષનો પરસ્પર સહવાસ હોય અને તેનો ધર્મ રહે તેવી આશા રાખવી જ નહિ. અને આ વાર્તા છે તે આમ જ છે, પણ આ કહ્યું તેમાં કોઈ રીતનો લગાર પણ સંશય રાખવો નહિ. ૩૪-૩૫. માટે ધર્મમાં તો દઢપણે કરીને ત્યારે જ રહેવાય જ્યારે પરમહંસ તથા બ્રહ્મચારી પોતાના જે બ્રહ્મચર્યાદિક ધર્મ-નિયમ કહ્યા છે તેમાં દઢપણે રહે. ૩૬-૩૭.

અને સ્ત્રી હોય તે પણ જો પોતપોતાના જે નિયમો કહ્યા છે, તેમાં જ્યારે વર્તે ત્યારે તેણે ધર્મમાં રહેવાય છે. અને બીજા જે ગૃહસ્થ સત્સંગી હોય તે પણ પોતપોતાના નિયમ કહ્યા છે, તેમાં જો રહે અને યુવાન અવસ્થાવાળી પોતાની મા, બહેન અને દીકરીની સાથે પણ એકાંતમાં બેસે નહિ અને તેનાં

અંગોની સન્મુખ દૃષ્ટિ માંડીને વારંવાર ક્યારેય જુએ પણ નહિ ત્યારે તેને તેના ધર્મમાં રહેવાય છે. આવી રીતે ધર્મમાં રહેવું.

तथा भगवान ताके जेही, स्वरूप की उपासना तेही;
करना तथा भगवान ताके, अवतार चरित्र के श्रवण वाके...४२
कीर्तन नाम स्मरण हि करना, यह च्यार वाने उर धरना;
जीव ताके अतिशे कल्याना, अर्थ हित मुख्य श्रेष्ठ रहाना...४३

તથા ભગવાનનાં સ્વરૂપની ઉપાસના કરવી તથા ભગવાનના અવતારનાં ચરિત્રોનું શ્રવણ તથા કીર્તન કરવું અને ભગવાનનું નામસ્મરણ કરવું; એ ચાર વાનાં હૃદયમાં રાખવાં. કેમ જે, તે ચાર વાનાં જીવના અતિશય કલ્યાણરૂપ હિતને માટે અતિ શ્રેષ્ઠ છે. ૩૮-૪૩.

અને તમે સર્વે અમને ભગવાન જાણો છો તેથી અમે જ્યાં જ્યાં જે ઉત્સવ સમૈયાઓ કરીએ છીએ અને જે સ્થાનમાં ભગવાનના એકાંતિક પરમહંસો, બ્રહ્મચારી તથા હરિભક્ત સત્સંગી બાઈ-ભાઈ ભેળાં થયાં હોય અને ભગવાનનાં જે કીર્તન ગવરાવ્યાં હોય, વાતો કરી હોય તથા અમારી જે રીતે પૂજા થઈ હોય; એ આદિક અમારાં જે જે ચરિત્ર અને લીલા હોય તેને નિત્ય પ્રત્યે કહેવી અને સાંભળવી. તથા મનમાં વારંવાર અતિ હેતથી તેનું ચિંતવન કરવું. આ બધું જીવનું હિત કરનારું તથા જીવને સહાય કરનારું છે. ૪૪-૪૭. **અને જે જીવને ઉપર કહી તે બાબતનું અંત સમયમાં જો ચિંતવન થઈ આવે, તો તે જીવ ભગવાનના ધામમાં જરૂર જાય છે. આ વાતને જે સત્ય માને છે તે ક્યારેય સંસારમાં ભટકતો નથી.** ૪૮-૪૯.

सोरठा : माटे निरभे जेहु, सुख के खप रहेउ जेहि;
ताके हित करन तेहु, हमारे सब चरित्र यह...५०
क्रिया हमारी जेति, नाम स्मरण जितना यह;
हमारी बात तेति, कल्याणकारी रहे सब...५१

માટે જેને નિર્ભય સુખની જરૂર હોય તો તેનાં હિતને માટે અમારાં બધાં ચરિત્રો તથા અમારી જે કાંઈ ક્રિયાઓ છે તથા અમારું જે કાંઈ નામસ્મરણ

છે તથા અમારી જેટલી વાતો છે; તે સર્વે કલ્યાણકારી છે. ૫૦-૫૧. એવી રીતે અમે સ્વરૂપાનંદ સ્વામીને વાર્તા કરી હતી.

✵ સ્વરૂપાનંદ સ્વામીના સદ્‌ગુણો અને અક્ષરવાસ :

સં.૧૮૬૯ના વર્ષમાં જીવા ખાચરે સંતોને માટે જે મંદિર કરાવ્યું હતું, તેમાં મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સંતો સં.૧૮૭૦માં આવીને રહ્યા હતા. તેમાં મોટા સ્વરૂપાનંદ સ્વામી કે જેનું સુવ્રતમુનિ આવું નામ હતું. તે પણ ત્યાં આવીને રહ્યા હતા. તેમની આત્મનિષ્ઠા સર્વોપરિ હતી. તેઓ દધીચિ ઋષિના સમાન મહાન કહેવાતા હતા. ૫૨-૫૪. તે સ્વરૂપાનંદ સ્વામી પોતાના દેહને છૂટવાને સમયે જ્યારે તે મંદિરમાં આવીને રહ્યા હતા, ત્યારે તેના નખ-શિખ સમગ્ર શરીરમાં તીવ્ર તાવ આવ્યો અને શરીર અતિશય બળવા લાગ્યું. ૫૫. ત્યારે તેમને આ બાબતમાં આત્મનિષ્ઠાએ કાંઈ સહાય કરી નહિ.

પછી અમે ત્યાં જઈને તેમને કહ્યું કે, અમે જેટલા સમૈયાઓ કર્યા છે તે બધા તમે દેખ્યા છે. ૫૬. માટે જેવા તે સમૈયા દેખ્યા હોય તેમ તે સમૈયાનું વારંવાર સ્મરણ કરવા લાગો. પછી સ્વામી જ્યારે તે બધા સમૈયાઓનું સ્મરણ કરવા લાગ્યા ત્યારે તેમના અંતરમાં અને શરીરમાં શાંતિ થઈ ગઈ. ૫૭. માટે અમારાં જન્મથી લઈને અંત સમય સુધીનાં જે કાંઈ ચરિત્રો છે અને જેટલું અમારું વિચરણ છે, તેનું સ્મરણ જીવને અંત સમયે જેવું સહાય કરનારું થાય છે તેવું બીજું કોઈ સહાય કરનારું થતું નથી. ૫૮. અને વળી પરોક્ષ એવા જે શ્રીકૃષ્ણ તથા રામચંદ્રાદિક ભગવાનના અવતારો છે, તેનાં ચરિત્રો જ્યાં જ્યાં કહ્યાં હોય તે વારંવાર સાંભળવાં અને વારંવાર ગાવાં. અને એ ચાર વાનાંની વારંવાર દૃઢતા થાય તેને માટે તો અમે શ્રીમદ્‌ભાગવત આદિક આઠ ગ્રંથનું અતિશય પ્રતિપાદન કર્યું છે. ૫૯-૬૧. માટે તે ગ્રંથને સાંભળવા, ભણવા અને ભણાવવા. તથા એ ચાર વાનાંની જ વાતો કહેવી. ૬૨.

અને વળી તે ભગવાનની મૂર્તિની ઉપાસના અને ભગવાનનાં ચરિત્ર તથા ભગવાનનું નામસ્મરણ એ ત્રણ વાનાં સિવાય કેવળ ધર્મે કરીને કલ્યાણ

થાવું, તે તો તૂંબડાં બાંધીને સમુદ્રને તરવા જેવું કઠણ છે. અને ભગવાનની મૂર્તિનો દૃઢ આશ્રય કર્યો હોય તથા ભગવાનનાં ચરિત્રને ગાતો તથા સાંભળતો હોય તથા ભગવાનનાં નામનું સ્મરણ કરતો હોય તથા સમય સમય પ્રમાણેના વર્ષના ઉત્સવો કરતો હોય તથા લોકોને અતિશય પ્રેમ દેખાડતો હોય અને વળી આંખમાંથી આંસુની ધારાઓ વહેતી હોય, તેમ છતાં જો તેમાં કોઈ પ્રકારનો ધર્મ ન હોય તો તેને મસ્તક ઉપર પથ્થર લઈને સમુદ્ર તરે તે જેવો મૂર્ખ જાણવો; વળી તેને ચંડાળ જેવો જાણવો. માટે ઉપર કહ્યાં તે ચાર વાનાંથી જ જીવનું જરૂર કલ્યાણ થાય છે. અને અમે જે કહ્યું તે પ્રમાણે વેદ અને પુરાણનો પણ મત છે, પણ તે સિવાય બીજું કોઈ એવું સાધન નથી કે જેણે કરીને જીવનું તત્કાળ કલ્યાણ થાય. ૬૩-૭૧.

અને મુક્તાનંદ સ્વામી આદિક જે સંતો, તેમણે કરેલાં જે કાવ્યો તથા કીર્તનો તેને આદરભાવથી ગાવાં તથા સાંભળવાં. ૭૨. **તથા ભગવાનનાં અવતારનાં ચરિત્રથી યુક્ત એવાં જે કાવ્ય-કીર્તન, તે બીજા કોઈ પણ કવિનાં કરેલાં હોય તેને પણ ગાવાં તથા સાંભળવાં; પણ કબીર અને અખાનાં જેટલા કાવ્ય તથા કીર્તન હોય અને તેના જેવા બીજા કોઈનાં કાવ્ય કીર્તન હોય તેને કોઈએ ગાવાં તથા સાંભળવાં નહીં.** અને તમને સહુને મારામાં વિશ્વાસ છે, તેથી હું જો તમને કોઈ અવળી વાતે ચલાવું તો જેમ સહુને કૂવામાં નાંખીને તેની ઉપર પથ્થરની શિલા ઢાંકી દે, ત્યારે તેને તેમાંથી બહાર નીકળવાની ક્યારેય આશા રહે નહિ; તેમ જ તમે પણ મારાં વચનમાં વિશ્વાસ રાખીને અવળે માર્ગે ચઢી જાઓ, તો તેમાં મારું શું સારું થાય ? ૭૩-૭૮. માટે મેં આ વાત તમારા કલ્યાણરૂપ હિતને માટે અતિ હેતે કરીને કહી છે. તેથી હવે તમે બધા મારી આ વાતને આવી જ રીતે સમજીને દૃઢપણે કરીને વર્તજો."

એમ કહીને પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"તમને સહુને અમે જે આ વાત કહી છે તે રીતે જ વર્તવાનો તમે જો પાકો નિશ્ચય કર્યો હોય તો, એક એક આવીને અમારે પગે પડીને સહુ સમ ખાઓ અને તેવી પ્રતિજ્ઞા કરો કે, આપ જેમ કહો છો તેમ જ અમારે દૃઢતાથી વર્તવું છે."** પછી સહુ પરમહંસ તથા સત્સંગી પ્રસન્નતાયુક્ત થઈને ઊઠ્યા અને શ્રીહરિનાં

ચરણનો સ્પર્શ કરીને પ્રણામ કર્યા. પછી તે સહુ બેસી ગયા. ત્યાર બાદ શ્રીહરિએ સહુ બાઈઓને પણ તે રીતે કહ્યું, ત્યારે બાઈઓએ દૂર રહીને શ્રીહરિના કહ્યા પ્રમાણે જ કરવાનો નિશ્ચય કરીને સમ ખાધા. પછી મહાન્ મુનીશ્વર એવા શ્રીજીમહારાજ રાજી થઈને તરત ઊઠ્યા અને પોતાને ઉતારે પધાર્યા. ૭૯-૮૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પાંત્રીસમું વચનામૃત કહ્યું" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૪

ગઢડા મધ્ય પ્રકરણનું છત્રીશમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૮૦ના) ભાદરવા સુદિ પૂનમને દિવસ સર્વ સુખના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પોતાના મુખારવિંદની આગળ બધા પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૫.

❊ અખંડ વૃત્તિના ચાર ઉપાય :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "પ્રશ્ન ઉત્તર કરો." ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રહે તેનો શો ઉપાય છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એના ઉપાયો તો ચાર પ્રકારના છે. તેમાં એક ઉપાય તો એ છે કે, **જેના ચિત્તનો સ્વભાવ ચોંટવાનો હોય** અર્થાત્ જેનાં ચિત્તમાં ચોંટવાની ચીકાશ સહજ સ્વભાવે નિવાસ કરીને રહી હોય, તેથી તે જ્યાં ત્યાં ચોંટી જાય છે અને ફરીથી તે

ઊખડતું નથી. ૬-૯. જેમ તે ચિત્ત પુત્ર કે સ્ત્રી આદિકમાં સહજ રીતે ચોંટી જાય છે, તેમ પરમેશ્વરમાં પણ ચોંટી જાય. ૧૦. એક તો એ ઉપાય છે.

અને બીજો ઉપાય એ છે કે, **જેના હૈયામાં અતિશય શૂરવીરપણું હોય અને ભગવાન વિના બીજો કોઈ ઘાટ થાય તો પોતે શૂરવીર ભક્ત છે અને એક ભગવાનને જ હૃદયમાં રાખે છે;** માટે તેના હૃદયમાં અતિશય વિચાર ઊપજે અને તે વિચારે કરીને ઘાટમાત્રને ટાળી નાંખે અને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે, આ બીજો ઉપાય છે. ૧૧-૧૪. અને હવે જે ત્રીજો ઉપાય તે ભય છે. **જેના હૃદયમાં જન્મ, મૃત્યુ અને નરક ચોરાશીની બીક અતિશય રહેતી હોય, તે બીકે કરીને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખે છે,** આ ત્રીજો ઉપાય છે તે અમે તમને કહ્યો.

હવે ચોથો ઉપાય જે કહેવાય છે તે વૈરાગ્ય છે. ૧૫-૧૭. **તે જે વૈરાગ્યવાન પુરુષ હોય તે સાંખ્યશાસ્ત્રના જ્ઞાને કરીને દેહ થકી પોતાના આત્માને જુદો સમજે અને આત્મા વિના બીજાં બધાં જે માયિક પદાર્થ તેને અસત્ય જાણે અને પછી તે આત્માને વિષે પરમાત્માને ધારીને તેનું અખંડ ચિંતવન કરે.** અને એ ચાર ઉપાય વિના જેના ઉપર ભગવાન કૃપા કરે તેની તો વાત કાંઈ કહેવાય નહિ, પણ તે વિના બીજા અપાર ઉપાય કરે; તોપણ ભગવાનને વિષે અખંડ વૃત્તિ ક્યારેય રહે નહિ, તેમ અમે નિશ્ચય કર્યો છે. ૧૮-૨૨. **અને ભગવાનને વિષે અખંડ વૃત્તિ રહેવી તે તો ઘણું ભારે કામ છે. તેના સમાન બીજી કોઈ વાત નથી. માટે જેને અનેક જન્મનાં સુકૃત ઉદય થયા હોય તેને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે છે અને બીજાને તો અખંડ વૃત્તિ રાખવી મહા દુર્લભ છે."** એવી રીતે શ્રીજીમહારાજે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાની વાત કરી. ૨૩-૨૬.

પછી વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ સંસારને વિષે પંડિતોનો બધો સમાજ જે માયા માયા કહે છે તે માયાનું રૂપ અમે જોઈ લીધું છે, તે હવે કહીએ છીએ જે, 'ભગવાન વિના બીજે ઠેકાણે જેટલું હેત રહે છે તે જ માયા છે.' અને આ જીવને પોતાનો દેહ, દેહનાં સગાં-સંબંધી અને

દેહનું ભરણપોષણ કરનારો; એટલાને વિષે તો જેવું પંચવિષયમાં અતિશય હેત છે તેના કરતાં પણ વિશેષ હેત રહે છે. માટે જેણે દેહ અને દેહનાં સગાં-સંબંધી અને દેહનું ભરણપોષણ કરનારાં એમાંથી સ્નેહ તોડી નાખ્યો, તે પુરુષ ભગવાનની માયાને તરી રહ્યો છે. ૨૭-૩૨.

चोपाई :

जेहि पुरुष कु भगवान विन ही, दुजेमें सु हित जोउ तिनही;
तुटत हे तिनकु करहि भावा, भगवान में हित होत रहावा...३३
अरु भगवान के विषे जबही, हित भयेउ ताकु जो तबही;
तिनकी भगवान तामें जेहू, अखंड व्रत्ति रहत हे तेहू...३४

दोहा : अरु भगवान में जब जो, अखंड व्रत्ति हि रहेउ;
तब तिनकु दुजे जो कोउ, करने रहे न तेउ...३५
कृतार्थ तेहि हो रहेउ, इतनी हि करी हरि बात;
पिछे रहाये मुन जोउ, संत दर्शन हि करात...३६

અને જે પુરુષને ભગવાન વિના બીજામાંથી હેત તૂટે છે તેને ઘણા ભાવથી ભગવાનમાં હેત થાય છે. ૩૩. અને જ્યારે ભગવાનને વિષે એવું હેત થયું ત્યારે તેને ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે. ૩૪. અને જ્યારે ભગવાનમાં અખંડ વૃત્તિ રહે છે પછી તેને બીજું કાંઈ કરવું રહ્યું નથી, તે તો કૃતાર્થ થઈ રહ્યો છે.” શ્રીહરિ આટલી વાત કરીને પછી મૌન થયા અને સંતો દર્શન કરતા રહ્યા. ૩૫-૩૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું છત્રીશમું વચનામૃત કહ્યું” એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૫

ગઢડા મધ્ય પ્રકરણનું સાડત્રીશમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૮૦ના) ભાદરવા વદિ પડવાને દિવસ ભક્તજનોના સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે શોભા એવી બની હતી કે તેને કહેતા આવડતું નથી.

❋ પ્રકૃતિ ટાળવાનો ઉપાય :

પછી શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "ગીતામાં કહ્યું છે કે જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિને સરખું આચરણ કરે છે અને શાસ્ત્રે કહ્યો એવો જે નિગ્રહ તેનું કાંઈ જોર ચાલતું નથી. માટે એ સ્વાભાવિક પ્રકૃતિ છે તે કયે ઉપાયે કરીને ટળે ? તમે તેની રીત કહો." પછી સર્વ મુનિમંડળે તે વિચારી જોયું, પણ શ્રીજીમહારાજના પ્રશ્નનો ઉત્તર થાય એવું તેમને જણાયું નહિ, એમ શ્રીજીમહારાજે દેખ્યું. ૫-૧૦.

પછી શ્રીહરિ બોલ્યા જે, "તેનો ઉત્તર તો આમ છે જે, **તે સ્વભાવને છોડાવવાને માટે જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેનાં વચનને વિષે જેને નક્કી પૂરો વિશ્વાસ હોય** અને જે ઉપદેશ કરતા હોય તેને વિશે વાત સાંભળનારાને અતિશય પ્રીતિ હોય,

दोहा : अति हि प्रीति होय तिनकु, अरु उपदेश हि जेहु;
करनारे यह चाय तिमि, दुःखवि कठण जो तेहु...१३
बचन कहे तोउ पण यह, हितकारि जबहु जेहि;
मानत जात तब हि तेउ, स्वाभाविक जोउ तेहि...१४

सोरठा : प्रकृति रहेउ जेउ, तेहि पण नाश होत रहे;
एह बिन दुजे तेउ, उपाय नहीं हे कोई...१५

અને ઉપદેશ કરનારા ગમે તેટલાં દુઃખવીને કઠણ વચન કહે; તોપણ તેને જ્યારે હિતકારી જ માનતો જાય ત્યારે તેની જે સ્વાભાવિક પ્રકૃતિ હોય તેનો પણ નાશ થઈ જાય છે, પરંતુ તે વિના બીજો કોઈ ઉપાય નથી. ૧૧-૧૫. માટે જેને પોતાની જે વિરુદ્ધ પ્રકૃતિ હોય તેને ટાળવાનો ભાવ(ઈચ્છા-ખપ) હોય તેને પરમેશ્વર તથા સત્પુરુષ તે સ્વભાવને છોડાવવા માટે ગમે તેટલો તિરસ્કાર કરે અને ગમે તેવાં કઠણ વચન કહે તોપણ કોઈ રીતે દુઃખાવું નહિ અને કહેનારાનો ગુણ જ લેવો. ૧૬-૧૮. એવી રીતે જ્યારે વર્તે ત્યારે કોઈ રીતે ટળે નહિ એવી પ્રકૃતિ હોય તે પણ ટળી જાય છે." ૧૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું સાડત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧॥૫



પૂર છવ્વીશમું : તરંગ - ૧૬

ગઢડા મધ્ય પ્રકરણનું આડત્રીશમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ કાયમ ગઢડામાં રહેતા હતા, તે (સંવત્ ૧૮૮૦ના) ભાદરવા વદિ છઠને દિવસ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદી તકિયા બિછાવ્યાં હતાં તેના ઉપર વિરાજમાન થયા. ૨-૪. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ બધા પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે શોભા એવી બની હતી કે કહી શકાતી નથી. ૫-૬.

❋ માંચા ખાચરના દૃષ્ટાંતે નિષ્ઠાની મહત્તા :

પછી શ્રીજીમહારાજે વાત કરી કે, "જે સંસારી જીવ છે તેને તો કોઈ ધન દેનારો મળે અથવા દીકરો દેનારો મળે તો તરત ત્યાં પ્રતીતિ આવે, પણ ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્રમાં કે નાટક-ચેટકમાં ક્યાંય

પ્રતીતિ આવે જ નહિ. અને જે હરિભક્ત હોય અને તે જંત્ર-મંત્રમાં જ્યાં ત્યાં જેટલી પ્રતીતિ કરે છે તેટલો તે સત્સંગી થયો હોવા છતાં ન થયા બરાબર છે તેમજ તેને અરધો વિમુખ જાણવો. ૭-૧૦.

અને જે સાચા ભગવાનના ભક્ત હોય તે ઝાઝા હોય નહિ. એવા યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં હતા. તેમનું નામ માંચા ભક્ત હતું. કહેવાય છે કે તેઓ સત્સંગ થયા પહેલાં માર્ગીના પંથમાં હતા. ૧૧-૧૨. તોપણ તેમને પોતાના નિષ્કામી વ્રતમાનમાં ક્યારેય ફેર પડ્યો નહિ. અને પોતે બાળપણથી જ દૃઢપણે બાળબ્રહ્મચારી રહ્યા હતા, જે લોકોમાં પ્રસિદ્ધ છે. અને એકવાર કોઈ કીમિયાવાળો તેમને ઘેર આવ્યો. ૧૩-૧૪. તે ભક્ત હંમેશાં સદાવ્રત આપતા હતા. પોતાને જે ગામ અને ગરાસ હતો તેનાથી સદાવ્રતમાં પુણ્ય કરતા રહેતા હતા. તેમને તેવા શુદ્ધ દેખીને તે કીમિયાવાળાને તે ભક્તના ઉપર ઘણી દયા આવી. ૧૫-૧૬. પછી તેણે તાંબામાંથી રૂપું કરી દેખાડ્યું અને પછી ભક્તને કહ્યું કે, 'તમે સદાવ્રતી છો, માટે હું તમને એક બુટ્ટી બતાવું અને તમને રૂપું કરવાનું જરૂર શીખવાડું. કારણ કે, તમારા મનમાં પૂરો સેવાભાવ રહ્યો છે.' પછી તે ભક્તે હાથમાં લાકડી લઈને કીમિયાવાળાને ગામ બહાર કાઢી મૂક્યો અને તે સમજણા ભક્તે તેને એમ કહ્યું કે, **'અમારે તો ભગવાન વિના બીજાં કોઈ પદાર્થમાત્રની મનમાં ક્યારેય ઈચ્છા નથી.'** પછી તે ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા. ૧૭-૨૦.

માટે જે ભગવાનના એકાંતિક ભક્ત હોય તેને એક તો આત્મનિષ્ઠા હોય, બીજો વૈરાગ્ય અને ત્રીજો પોતાનો ધર્મ દૃઢપણે હોય અને ચોથી શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અત્યંત ભક્તિ હોય. ૨૧-૨૨. અને તે એકાંતિક ભક્ત જ્યારે દેહ છોડે ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે. અને આવી રીતના એકાંતિક ભક્ત ન હોય તેનો તો બ્રહ્માદિકમાં પ્રવેશ થાય છે. ૨૩-૨૪. અથવા સંકર્ષણાદિકને વિષે તેનો પ્રવેશ થાય છે, પણ એકાંતિક થયા સિવાય શ્રીકૃષ્ણવાસુદેવમાં પ્રવેશ થાતો નથી. તે પ્રવેશ જે રીતે સમજવો જોઈએ તેને હું કહું છું. ૨૫-૨૬.

જેમ કોઈ અતિશય લોભી હોય તેનો ધનમાં દૃઢપણે કરીને પ્રવેશ થાય છે. અને જેમ કોઈ અતિશય કામી હોય તેનો મનગમતી સ્ત્રીમાં પ્રવેશ થાય છે અને જેમ ઘણીક દોલતવાળો હોય અને તે વાંઝિયો હોય અને તેને દીકરો થયો હોય તો તેને તે દીકરામાં પ્રવેશ થાય છે; તેમ આવી રીતે જેનો જીવ જેની સાથે દૃઢપણે બંધાઈ રહ્યો હોય તેને વિષે તેનો પ્રવેશ થયો, તેમ જાણવું. ૨૭-૨૯. પણ જેમ જળમાં જળ મળી જાય તથા અગ્નિમાં અગ્નિ મળી જાય તે રીતે પ્રવેશ થાતો નથી. **એ તો જેનો જેને વિષે પ્રવેશ હોય તેને પોતાના તે ઈષ્ટદેવ સિવાય બીજાં પદાર્થને વિષે કોઈ દિવસ ક્યારેય હેત ઊપજે જ નહિ.** ૩૦-૩૧. **અને એક તેની જ રટના લાગી રહે અને તેના વિના તે જીવે તો તે મહાદુઃખ ભોગવતો થકો જીવે, પણ તેને સુખે કરીને દિવસ જાય નહીં.** (આવી દૃઢ પ્રીતિનું બંધન) તેનું જ નામ પ્રવેશ કહેવાય છે." ૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું આડત્રીશમું વચનામૃત" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૭

ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણચાળીસમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૮૦ના) ભાદરવા વદિ દશમીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાંથી ઘોડીએ બેસીને લક્ષ્મીવાડીએ પધાર્યા હતા અને ત્યાં ઓટા ઉપર જે ઢોલિયો હતો તેના ઉપર સંસારના ભયને ટાળનારા આવા શ્રીહરિ વિરાજમાન થયા. ૨-૪. અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના

હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને તેની પાર ન પમાય તેવી શોભા બની હતી. ૫-૬.

❋ શ્રીહરિએ પોતાના સ્વાભાવિક ગુણો કહ્યા :

પછી તે વખતે શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો જે, "દેશ, કાળ, ક્રિયા અને સંગ એ આદિકે કરીને પણ પોતામાં જેવો ગુણ હોય તે જાય જ નહિ, એવો જેમાં સ્વાભાવિક ગુણ હોય તે કહો." એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારામાં એવા સ્વાભાવિક ગુણ રહ્યા છે તે કહીએ છીએ. કારણ કે, કહ્યા વિના તે કોઈને દેખાય નહિ. ૭-૯.

એક તો અમારે એમ વર્તે છે જે, પાંચ પ્રકારના વિષય સંબંધી જે જે પદાર્થો છે તે બધાંનો ક્યારેક દેહે કરીને ગમે તેટલો યોગ થાય, તોપણ અમારા મનમાં તેનો ક્યારેય ઘાટ થાય નહિ. ૧૦-૧૧. **તથા સ્વપ્નમાં પણ ક્યારેય તે લગારેય આવે નહિ.** હવે બીજો જે સ્વાભાવિકપણે રહેલો ગુણ છે તે કહીએ છીએ જે,

दोहा : बाहिर से चाय तितनी हि, प्रव्रत्ति जेति तामें;
रहे होईये पण जब हि, अंतरदृष्टि यामें...१३
करीके पोताके जोउ, आत्मा सामे जेहु;
जोईये तब काचबे के, अंग की रित्य तेहु...१४

सोरठा : सब व्रति संकोचाइ, आत्म स्वरूप पामि कर;
परम सुखरूप ताइ, वरतावत रहत रहेउ...१५

બહારથી ગમે તેટલી પ્રવૃત્તિમાં રહ્યા હોઈએ તોપણ જ્યારે અમે અંતર્દષ્ટિ કરીને પોતાના આત્મા સામે જોઈએ ત્યારે કાચબાનાં અંગની પેઠે સર્વે વૃત્તિ સંકોચાઈને આત્મસ્વરૂપને પામી જાય અને પરમ સુખરૂપે વર્તાય છે. ૧૨-૧૫. અને ત્રીજો ગુણ એ છે કે, **ચૈતન્યરૂપ તેજોમય એવું જે ભગવાનનું અક્ષરધામ છે, તેમાં સદા સાકાર મૂર્તિ અને પરમ ગુણના નિધાન એવા પ્યારા શ્રીકૃષ્ણ વાસુદેવ વિરાજમાન રહ્યા છે.** ૧૬-૧૭. અને તેઓ સાકાર થકા જ સર્વના કર્તા છે, પણ નિરાકાર હોય તો તેનાથી કાંઈ થતું નથી. ૧૮.

એવી રીતે અમારે સાકારપણાની દૃઢ પ્રતીતિ છે. તે કેટલાક વેદાંતના ગ્રંથો વંચાવ્યા અને સાંભળ્યા તોપણ તે સાકારપણાની પ્રતીતિ ક્યારેય ટળી નહિ. અને અમારામાં ચોથો ગુણ તે રહ્યો છે કે કોઈ બાઈ-ભાઈ કહેવાતાં હોય તેની કોરનું અમારા મનમાં ક્યારેક એમ જાણ્યામાં આવે કે આ ઉપરથી દંભે કરીને ભગવાનની ભક્તિ કરે છે, પણ તે સાચા ભગવાનના ભક્ત જણાતા નથી. ત્યારે તેમને દેખીને મન પ્રસન્ન થાતું નથી

અને તેની સાથે લગાર પણ સુવાણ ક્યારેય થાતી નથી. અને જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને દેખીને જ અમારું મન પ્રસન્ન થાય છે અને તેની સાથે અપાર સુવાણ થાય છે. ૧૯-૨૪. આ ચાર ગુણ અમારે વિષે સ્વાભાવિકપણે કરીને રહ્યા છે, તે અમે કહ્યા. હવે તમે સહુ કહો." ૨૫. પછી જેઓ મોટેરા પરમહંસ અને મોટેરા હરિભક્ત હતા તેમાં જે સ્વાભાવિક ગુણ વર્તતા હતા તે તેમણે કહી દેખાડ્યા. ૨૬.

❊ મોટેરામાં નિષ્કામી ધર્મની આવશ્યકતા :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે મોટા હોય તેમાં નિષ્કામરૂપ ધર્મની મોટી લાજ મર્યાદા હોવી જોઈએ. ૨૭. અને નિષ્કામરૂપ જે ધર્મ તે અવશ્ય દૃઢપણે હોવો જોઈએ. બીજી બાબતમાં કાંઈ કાચ્યપ હોય તો તે બધું ચાલે, પણ નિષ્કામીપણામાં જો કસર હોય તો તે ન ચાલે. તેની તો દૃઢતા અતિશય હોવી જોઈએ. કેમ જે, તે મોટેરો છે. ૨૮-૨૯. અને તેની સારપે કરીને સહુની સારપ રહી છે." એવી રીતે વાત કરીને શ્રીહરિ ઘોડી ઉપર બેઠા અને પછી દાદા ખાચરના દરબારમાં પધાર્યા. પછી સંધ્યા આરતી, નારાયણધૂન તથા સ્તુતિ કરીને સર્વે સાધુ તથા સર્વ હરિભક્તની સભા ભરાઈને બેઠી.

❊ શ્રીહરિએ કહેલું પંચમ તથા દશમ સ્કંધનું રહસ્ય :

પછી શ્રીજીમહારાજે મોટેરા મોટેરા સંતોને પ્રશ્ન પૂછ્યો કે, "અમે પંચમ સ્કંધ અને દશમ સ્કંધનું અતિશય પ્રતિપાદન કર્યું છે. માટે તે બંને ગ્રંથનું રહસ્ય તમે જેટલા મોટેરા પરમહંસ છો તે કહો." પછી સહુ પરમહંસો

પોતપોતાની સમજણ પ્રમાણે જેને જેમ જણાતું હતું તેમ તેણે કહ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, હવે અમે તે બંને ગ્રંથનું રહસ્ય જેમ છે તેમ કહીએ છીએ. ૩૦-૩૫. જે રહસ્ય હોય છે તે નિશ્ચિત આવું હોય છે જે, ગમે તેવો શાસ્ત્રી હોય, પુરાણી હોય કે અતિશય બુદ્ધિવાળો હોય તે પણ તેને સાંભળીને જે રહસ્યમય વાત કહી હોય તેને પ્રસન્ન થઈને નિશ્ચિત સત્ય માને, પણ તેમાં કોઈ રીતે ક્યારેય સંશય ન રહે જે, 'આ વાર્તા એમ નહિ હોય.' એવી રીતે જે કહી બતાવવું તેનું જ નામ રહસ્ય કહેવાય છે.

અને તે બંને ગ્રંથમાં **દશમ સ્કંધનું તો એ રહસ્ય છે જે,** 'ઉપનિષદ્, વેદાંત અને શ્રુતિ-સ્મૃતિમાં જેને બ્રહ્મ કહ્યા છે, જેને જ્યોતિઃસ્વરૂપ કહ્યા છે, જ્ઞાનસ્વરૂપ કહ્યા છે, તત્ત્વ કહ્યા છે, સૂક્ષ્મ કહ્યા છે, નિરંજન કહ્યા છે, ક્ષેત્રજ્ઞ કહ્યા છે તથા જેને સર્વના કારણ પરબ્રહ્મ કહ્યા છે. પુરુષોત્તમ, વાસુદેવ, વિષ્ણુ, નારાયણ અને નિર્ગુણ કહ્યા છે. આવા આવા નામે કરીને જેને પરોક્ષપણે કરીને કહ્યા છે, તે આ વસુદેવના પુત્ર પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ વાસુદેવ છે. ૩૬-૪૩. આવી રીતે જ્યાં જ્યાં સ્તુતિભાગ છે ત્યાં ત્યાં એવા એવા સ્તુતિના શબ્દને લઈને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને જ કહ્યા છે, પણ શ્રીકૃષ્ણ ભગવાનથી અધિક કોઈને કહ્યા નથી. ૪૪-૪૫. તથા આ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા પણ તે શ્રીકૃષ્ણ ભગવાનને જ કહ્યા છે. આવી જ રીતે સચ્છાસ્ત્રમાં સિદ્ધાંત રહ્યો છે.

અને પંચમ સ્કંધને વિષે તે શ્રીકૃષ્ણ ભગવાનનું જેવું માહાત્મ્ય છે તેવું કહેલું છે. તથા એ જ શ્રીકૃષ્ણ ભગવાન આ જગતની સ્થિતિને માટે અને પોતાના ભક્તજનને ઘણું સુખ આપવાને માટે મનમાં પ્રસન્ન થઈને અનેક પ્રકારની મૂર્તિઓને ધારીને ખંડ ખંડ પ્રત્યે રહ્યા છે. ૪૬-૫૦. આ રીતે પંચમ સ્કંધમાં વાત કહી છે.

વળી પોતે સાક્ષાત્ બાંધેલી જે મર્યાદા તેને વિષે જે રહે છે તે હંમેશાં અતિશય મોટપને પામે છે અને પોતે બાંધેલી મર્યાદામાં જે ન રહે તે ગમે તેવી મોટાઈ પામ્યો હોય, તોપણ તે તેની સ્થિતિથી જરૂર પડી જાય છે, આમાં

કાંઈ ખોટું નથી. ૫૧-૫૩. અને જે સાધારણ જીવ હોય તે તો જો મર્યાદાને લોપે તો તેની અધોગતિ જ થાય છે, એમ ભગવાને કહ્યું છે. અને એ જ જે શ્રીકૃષ્ણ વાસુદેવ છે તેણે તો વસુદેવ અને દેવકીને પ્રત્યક્ષ ચતુર્ભુજરૂપે અદ્‌ભુત બાળક થયા થકાં દર્શન દીધાં હતાં. તે અનાદિ વાસુદેવરૂપ છે અને બધા અવતાર પણ તેમના થકી કહેવાય છે.

અને તે શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ, અર્થ અને કામને વિષે વર્ત્યા છે. ૫૪-૫૭. તેમણે ધર્મ, અર્થ અને કામને માટે જે જે ચરિત્ર કર્યાં હોય તેનું જે ભક્તિભાવે સહિત ગાન કરે અને શ્રવણ કરે, તે બધા મનુષ્યો સર્વે પ્રકારનાં પાપથી છૂટી જાય છે અને પરમપદને પામે છે. અને તે વાસુદેવ ભગવાનના જે અવતારો છે, તેનાં જે જન્મ અને કર્મરૂપ ચરિત્ર તથા તેની જે મૂર્તિઓ છે તે બધી દિવ્યસ્વરૂપ છે અને ગાન કરવાને યોગ્ય અનુપમ છે. ૫૮-૬૦. અને તે જે વાસુદેવ શ્રીકૃષ્ણ છે તે જ સર્વોપરિ છે. એવી રીતે તે બંને ગ્રંથનું રહસ્ય છે. આમ જે સમજે છે તેણે રહસ્ય જાણ્યું કહેવાય છે. ૬૧-૬૨. અને શુકજી જેવા જે બ્રહ્મસ્થિતિને પામ્યા હોય તેમણે પણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણની ઉપાસના-ભક્તિ કરવી. તથા દશમ સ્કંધમાં કહ્યાં જે શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રો તેને શુકજી જેવાએ પણ ગાવવાં અને સાંભળવાં. તે શુકદેવજીએ જ પોતે ભાગવત ૨/૧/૯માં પ્રસન્ન મુખથી કહ્યું છે જે,

परिनिष्ठितोऽपि नैर्गुण्य उत्तमश्लोकलीलया।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान्॥

એવા વાસુદેવ ભગવાન સાકારપણાથી યુક્ત રહ્યા છે. તેને વિષે નિશ્ચળ મનથી દઢ પ્રતીતિ રાખવી. અને તે ભગવાનના આકારને વિષે દઢ પ્રતીતિ હશે અને કદાચિત્ તે જીવ કાંઈક પાપ કરશે, તોપણ તેનો ઉદ્ધાર નિશ્ચિત થશે તે નિર્ધારિત વાત છે. ૬૩-૬૮. કેમ જે, પાપ કર્યું હોય તેનું તો પ્રાયશ્ચિત કરવાનું કહ્યું છે, પણ ભગવાનને જે નિરાકાર સમજે તેનો તો અપાર દોષ કહ્યો છે. ૬૯. અને તેનું નિવારણ પ્રાયશ્ચિતે કરીને કરોડો કલ્પે પણ થાતું નથી. કારણ કે, પંચમહાપાપ કરતાં પણ ભગવાનને નિરાકાર

સમજે તેનું પાપ અતિશય મોટું કહ્યું છે. ૭૦. તે પાપને અતિ મોટું દેખીને તેનું કોઈ પ્રાયશ્ચિત પણ કહ્યું નથી. કેમ જે, કરોડો બ્રહ્માંડનો નાશ કરવાં કરતાં પણ તેનું પાપ ભારે છે, તે નિહાળીને જોયું છે. ૭૧.

चोपाई :

अरु भगवान ताकु हि जेऊ, साकार हि जानी कर हि तेऊ;
निष्ठा निष्कपट जो रखीता, कदाचित तिनसे पाप बनीता...७२

दोहा : याके कहा भार रहे, एहि पाप जो जेहि;
भगवान के प्रताप करी, सब बलि जावहि तेहि...७३

याके जीव भगवान कु, पावहि बात जरूर;
माटे भगवान तिनके, आकार के हि पूर...७४

सोरठा : विषे दृढ प्रतीति कर, याकी उपासना दृढ;
करना इमि निरंतर, हमे तुमकु कहत इमि...७५

અને ભગવાનને સદા સાકાર સમજીને તેની નિષ્કપટ ભાવથી નિષ્ઠા રાખી હોય અને કદાચ તેનાથી કાંઈ પાપ થઈ ગયું હોય તો તે પાપનો શો ભાર છે ? એ જે પાપ છે તે તો ભગવાનના પ્રતાપે કરીને બધું બળી જાશે અને તેનો જીવ ભગવાનને પામશે જ, એ વાત નિશ્ચત છે. માટે ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખીને તેની દૃઢ ઉપાસના નિરંતર કરવી, એમ અમે તમને સહુને કહીએ છીએ. ૭૨-૭૫. અને આ વાર્તા છે તેને તેવી જ રીતે દૃઢ કરીને રાખજો." આ રીતે શ્રીજીમહારાજે ભક્તજનોની શિક્ષાને માટે સરસ વચન કહ્યું અને પછી ઊઠીને ભોજન કરવા માટે પધાર્યા. ૭૬-૭૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણચાળીસમું વચનામૃત" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૮

ગઢડા મધ્ય પ્રકરણનું છવ્વીશમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સંવત્ ૧૮૭૯ના) ભાદરવા સુદિ એકાદશીને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિરની આગળ વિરાજમાન હતા અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨-૫.

પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા કે, "જે ભગવાનનો ભક્ત હોય તેની વાત અમે કહીએ છીએ. ૬. **ભગવાન તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ક્યારેય ન જ કરવું, ત્યારે તે પૂરો ભક્ત કહેવાય છે.** ૭. અને પરમેશ્વરને ભજવામાં જે કોઈ અંતરાય કરતાં હોય અને એવાં વિઘ્નના કરનારાં જો પોતાનાં સગાં વહાલાં હોય તો તેનો પણ ત્યાગ કરવો તો બીજા કોઈની તો વાત જ શી કહેવી ? અને ભગવાનને જે ન ગમે એવો કોઈ પોતામાં કદાચ સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે અવશ્ય ત્યાગ કરવો, પણ ભગવાનથી જે વિમુખ હોય તેનો પક્ષ ક્યારેય લેવો નહિ. આ જ ભગવાનના સાચા ભક્તની ઓળખાણ છે. જેમ ભરતજીએ પોતાની માતાનો પક્ષ રાખ્યો ન હતો. ૮-૧૧.

चोपाई :

अरु भगवान के भक्त जेही, रहाये नकी ताकु जो तेही;
सबसे पोतामें ज जरूरा, अवगुण देखत रहत हि ऊरा...१२

दोहा : अरु जेहि दुजे भक्त में, अवगुण जोवत जेहि;
पोतामें गुण देखत हि, एहि सत्संगी तेहि...१३
अरधे रहे विमुख हि यह, पोतामें गुण देखत;
पोताके कहत दोष हि, हरिजन के गुण कहत...१४

सोरठा : एसे सत्संगी जेते, ताके मूर सत्संग महीं;
निश्चल रहेउ तेते, सुमति हरिजन रहे तेहि...१५

અને જે ભગવાનના પાકા ભક્ત હોય તો જરૂર પોતામાં જ સહુથી વધુ અવગુણ દિલથી દેખતા રહે છે. ૧૨. અને જે બીજા ભક્તમાં અવગુણ દેખે છે અને પોતામાં ગુણ દેખે છે તે તો સત્સંગી હોય તોપણ અરધો વિમુખ છે. અને જે પોતામાં દોષ દેખે છે અને હરિભક્તોના ગુણોને કહે છે, આવો જે સત્સંગી છે તેનાં મૂળ સત્સંગમાં નિશ્ચળ રહ્યા છે અને તે જ રૂડી બુદ્ધિવાળો હરિભક્ત કહેવાય છે. ૧૩-૧૫. **અને ભગવાનના ભક્તને ભગવાનની ભક્તિ કરવામાં આત્મજ્ઞાન, વૈરાગ્ય તથા ધર્મ જો અંતરાય કરતાં હોય તો તેને પણ પાછાં પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું.** ૧૬-૧૭. અને જો તે ભક્તિને વિષે સહાયરૂપ થતાં હોય તો તે બધાં ઠીક છે, એમ જે સમજતો હોય તે ભગવાનનો પૂરો ભક્ત છે. તે બધું સમજણમાં જણાઈ આવે છે.

❋ અવગુણ લેનારની અધોગતિ થાય :

અને જેને બીજા ભક્તનો અવગુણ આવતો હોય અને પોતામાં જે ગુણ રહ્યો હોય તેને અપાર દેખે તો તે ગમે તેવો મોટો હોય તોપણ કોઈક દિવસ તો એને કલ્યાણના માર્ગમાં વિઘ્ન થાય છે. જેમ રાધિકાજી સહુ ભક્તો કરતાં ઘણાં મોટાં હતાં અને ભગવાનને વિષે તેમને પ્રેમ પણ અતિશય હતો, પણ જ્યારે પોતામાં ગુણ મનાયો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અવગુણ માન્યો ત્યારે તેમને પોતાના પ્રેમમાં તમોગુણનો ભાગ આવ્યો. પછી શ્રીકૃષ્ણ ભગવાનની તથા શ્રીદામાની સાથે ઝઘડો કર્યો. પછી શ્રીદામાનો શાપ થયો. ૧૮-૨૪. તેણે કરીને ગોલોક ધામમાંથી પડીને રાધિકાજીએ ગુર્જરને ઘેર અવતાર લીધો, તથા ભગવાન વિના અન્ય પુરુષ હતો તેને ધણી કર્યો. આવા મહામોટા લાંછનને પામ્યાં. ૨૫-૨૬. અને શ્રીદામાએ પણ જ્યારે પોતામાં ગુણ માન્યો અને રાધિકાજીમાં અવગુણ માન્યો ત્યારે રાધિકાજીના શાપને પામીને દૈત્ય થયા. જોકે એ ધામમાંથી પડવાની રીત નથી. ૨૭-૨૮.

તેમ છતાં પણ જે ધામમાંથી પડ્યા તે તો ભગવાનની જ એવી ઈચ્છા હતી તોપણ ભગવાને એમ જણાવ્યું કે **જો રાધિકાજી જેવો મોટો હોય, તોપણ કોઈકવાર પોતામાં કાંઈક ગુણ માનીને ભગવાનના ભક્તનો લગાર પણ અવગુણ લે તો તે પોતાની સ્થિતિમાંથી જરૂર પડી જાય છે,** તો બીજાની તો શી ગણતી ? **માટે જે ભગવાનનો ભક્ત હોય તેણે સર્વે સત્સંગીના ગુણ લેવા અને તેના જે અવગુણ હોય તેનો તો અંતરથી ત્યાગ કરવો.** અને પોતાનો અવગુણ લેવો તેમજ કોઈને કડવું વચન કહેવું નહિ. ૨૯-૩૨.

એવી રીતે જે સમજતો હોય અને તેની થોડી બુદ્ધિ કહેવાતી હોય, તોપણ તેણે કરીને તેનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય છે. ૩૩. અને તે વિના તો બહુ બુદ્ધિ હોય તોપણ દિવસે દિવસે તે સત્સંગમાંથી પાછો હઠતો જાય છે અને અંતે જાતાં નિશ્ચય વિમુખ થઈ જાય છે. ૩૪. અને વળી એ રીત તો સર્વે ઠેકાણે છે જે, **જે ચાકર હોય અથવા શિષ્ય હોય તેને રાજા કે ગુરુ પોતાને જેમ વઢીને કહે, તેમાં જે સવળું લે તો તેના ઉપર તે રાજા કે ગુરુ અતિશય પ્રસન્ન થાય છે અને તેના ઉપર અપાર હેત થાય છે.** ૩૫-૩૬. અને જેને શિખામણની વાત કહે ત્યારે જે અવળું લે તો તેના ઉપર ક્યારેય હેત થાય નહિ. ૩૭. અને તેવી જ ભગવાનની પણ રીત છે જે, જેને શિખામણની વાત કહેવામાં આવે અને જો તે સવળું લેતો રહે તો તેના ઉપર ઘણું જ હેત થતું રહે છે; પણ જે અવળું લે છે તેના ઉપર હેત થાતું નથી. ૩૮-૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું છવ્વીશમું વચનામૃત કહ્યું" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૧૯

પહેલાં થયેલી કરિયાણાની હકીકત કહી અને શ્રીહરિ લક્ષ્મીવાડીએ આવ્યા

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૭૨માં) જ્યારે આસો માસ બેઠો ત્યારે શ્રીહરિએ પોતે દરબારગઢમાં આથમણા બારના બંને ઓરડાઓ કરવાનો આરંભ કરાવ્યો. ૨. બીજા બે દક્ષિણાદા, બે ઉગમણા, ત્રણ ઓતરાદા તે મળી જે સાત ઓરડા હતા તેના કરતાં આ બે આથમણા ઓરડાઓની ઓસરી પૂરા ચાર ગજ ઊંચી કરી હતી. ૩. ગોંડલના રહેવાસી કડિયા દેવરાજભાઈ રામાનંદ સ્વામી સમયના પાકા હરિભક્ત હતા. ૪. તેમણે સ્વામીનાં દર્શન ઘણીવાર કર્યાં હતાં. અને બીજા કડિયા ડોસાભાઈ નામે હતા, તે શ્રીહરિ જ્યારે પ્રગટ થયા તે સમયથી હરિભક્ત થયા હતા. ૫. તે ડોસાભાઈ ધોરાજીની ધાબળીનો વેપાર કરતા હતા અને તેમણે બે-ત્રણવાર શ્રીહરિને સારી ધાબળી ઓઢાડી હતી. ૬. તે સિવાય બે-ત્રણ-ચાર મોટેરા સંતોને એક એક ધાબળી ઓઢાડી હતી. જે દેવરાજભાઈ કડિયા કહ્યા તે થોડાક કસબી-કારીગર પણ હતા. ૭.

ગઢપુરમાં રહ્યા તે પહેલાં શ્રીહરિએ કરિયાણા ગામમાં કાઠી હરિભક્તોનો ભાવ દેખીને ત્યાં નિવાસ કરવાનો ઠેરાવ કર્યો હતો. ૮. મીણબાઈના પતિ દરબાર ઓઢા ખાચર કરિયાણા ગામના ગરાસદાર હતા. તેમનાં બાર ગામ હતાં અને તેમાં બીજા કોઈનો ભાગ ન હતો. ૯. કરિયાણા ગામને સમીપે જ કાળુભાર નદી અને પર્વત હતાં. તે શ્રીહરિને ગમતું હતું. જ્યાં લગાર પણ ઉદ્વેગ ન હોય એવું સ્થળ શ્રીહરિને ઘણું રુચતું હતું. ૧૦. શ્રીહરિને હરિભક્ત કાઠીઓનું હિત કરવાની ભાવના હતી, તેથી તેમણે એક વખત ઓઢા ખાચરને બોલાવીને કહ્યું કે, “તમારા ગામમાં કોળી રહે છે. ૧૧. જો આ તમારા ગામમાં સારા હરિભક્તોને વસાવીએ તો તેમાં તમારી ઘણી કીર્તિ થશે. તે વખતે ઓઢા ખાચરનું મન સારું નિર્મળ હતું

એટલે તેમણે ઘણા ભાવથી હા કહી. ૧૨. તેનાથી શ્રીહરિ ખૂબ રાજી થયા. શ્રીહરિએ જેમ મનમાં ધાર્યું હતું તેમ તે દરબારે ખુશી થઈને કહ્યું. ૧૩. તેથી શ્રીહરિએ દેવરાજ કડિયાની પાસે બુરજના ઉપર તરત જ બીજો માળ કરાવ્યો હતો. ૧૪.

❋ શ્રીહરિએ કરિયાણાના ઓઢા ખાચરને હિતની વાત કહી :

ઓઢા ખાચરનું હૃદય અતિશય નિષ્પાપ હતું, પણ જેનાં અંતરમાં પાપ હતું એવા જેટલા બીજા કાઠીઓ હતા, તેમણે તે બધી વાત સાંભળીને નિષ્પાપ એવા ઓઢા ખાચરના અંતરના ભાવને ફેરવી નાંખ્યો. ૧૫-૧૬. જે પાપી લોકો હોય છે તે નિષ્પાપ વ્યક્તિના હિતેચ્છું થઈ જાય છે અને પછી તેને જે વાત કહે છે, તે વાત હું તમને કહું છું. ૧૭. **જે સત્પુરુષ છે તે પોતાનું જેવું અંતર હોય છે એવું જ સામેના નિષ્કપટ મનુષ્યનું અંતર સ્વચ્છ દેખતા હોય છે. શ્રીહરિના હૃદયનો ભાવ એવો હતો કે, બધા જ હરિભક્તો સુખ થાય.** ૧૮. પણ જેનાથી ભક્તજનો સુખી થતા હોય તેનાથી પાપી માણસને સુખ થાતું નથી.

જે પાપી લોકો હતા તેમણે ઓઢા ખાચરને જઈને કહ્યું, “અમે સાંભળ્યું છે કે, તમારા ગામમાં હરિભક્તોને બોલાવીને તમે વસાવો છો. તમે ગામના માલિક છો. અમે કાંઈ ગામના માલિક નથી. પણ તમે આ તમારા ગામને ખોવાનો ઉપાય કરી રહ્યા છો. આવી વાત તમને કોણે શીખવાડી ? હરિભક્તો જો આવીને તમારા ગામમાં વસશે ત્યારે તમારું કોણ રહેશે ? ૧૯-૨૧. ભલે ગામના માલિક તમે છો પણ તમારું નામ રહેશે નહિ. પોતાનું નામ ગયું પછી તેમાં કાંઈ માલ રહેવાનો નથી. ૨૨. એક વખત હરિભક્તો ચોંટી ગયા તો પછી નીકળશે નહિ. તે બાબતનો વિચાર અગાઉથી કરવો જોઈએ. તમારા કહ્યા સિવાય તે અહીંયા હરિભક્તોને બોલાવશે નહિ.” ૨૩.

પાપી લોકોની આટલી વાત સાંભળવાથી દરબાર ઓઢા ખાચરનું અંતર ફરી ગયું. પછી તેણે શ્રીહરિની આગળ હાથ જોડીને કહ્યું, “પ્રભુ ! આપ મારી એક વિનંતિ સાંભળો. ૨૪. આપ આપની ખુશી પ્રમાણે જ્યાં

સુધી ચાહો ત્યાં સુધી અહીં રહો, પણ આ ગામમાં રહેવા માટે હરિભક્તને બોલાવશો નહિ. ૨૫. હરિભક્ત જો ગામમાં રહેતા હોય તો તેની સાથે કહેવા-સાંભળવાનો વ્યવહાર થાય, પછી તે વારંવારનો વ્યવહાર ઘણો કઠણ હોય છે. ૨૬. અમારા કોળીનું અને અન્ય લોકોનું અમે અપમાન કરીએ તોપણ તે અમારા કાયમ હિતમાં જ રહે છે. ૨૭. જેવું આ લોકોને અમે કહેતા હોઈએ તેવું હરિભક્તોને કાંઈ કહેવું એ કઠિન હોય છે. તે રીતે કહેવા સાંભળવાની વાત તો ઘડીએ ઘડીએ થતી હોય છે." ૨૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આ બાબતમાં અમારો કાંઈ મમત્વ-આગ્રહ નથી. દૂર રહેવાથી જેટલું હેત રહે છે, તેટલું ભેળા રહેવાથી રહેતું નથી. ૨૯.

❋ ધાર્યું ન થાય તો જ પ્રભુ પાસે રહેવાય :

ચોપાઈ :

यह लोक रहाये जो एसा, कोईके धारे न होवत तेसा;
कोउके धारे होत न जबही, भगवान कोउक भजत हि तबही...३०
धारे कछुक होवत जिनकू, भगवान भजवे की गरज तिनकू;
रहत नहीं हे देखे में आते, एसे यह ब्रह्मांड रहाते...३१

આ લોક જ એવો છે કે તેમાં કોઈનું ધાર્યું થતું નથી. અને જ્યારે કોઈનું ધાર્યું થતું નથી ત્યારે જ કોઈક લોકો ભગવાનને ભજે છે. ૩૦. જેનું કાંઈક ધાર્યું થવા લાગે છે તેને પછી ભગવાનને ભજવાની તેટલી ગરજ રહેતી નથી, એવું દેખાય છે. કેમ જે, આ બ્રહ્માંડ જ એવું છે. ૩૧. **જેનું ધાર્યું થયા કરતું નથી તેની સમીપમાં પરમેશ્વર રહે છે. આમ સમજીને જેટલા જ્ઞાની હતા તે ભગવાનના ભક્ત થયા છે.** ૩૨. પ્રહ્લાદ, પ્રિયવ્રત, જનક, અંબરીષ અને ઉદ્ધવજી વગેરે મોટા મોટાઓએ પરમ સુખ જાણી પરમેશ્વરનું ભજન કર્યું છે અને પરમેશ્વર વિના તો બધું દુ:ખની ખાણ છે. ૩૩.

અમે એવે માર્ગે ચાલીએ છીએ કે, જેમાં લેશમાત્ર પણ દુ:ખ રહે નહિ. જો પરમેશ્વરનું ધાર્યું થતું હોય તો આપણે પોતે શા માટે દુ:ખી થાવું ? ૩૪. અમે જે જે કાંઈ કરીએ છીએ તે પરમેશ્વરને મુખ્ય રાખીને જ કરીએ છીએ. તેથી અમારા અંતરમાં કહી ન શકાય તેટલો આનંદ આનંદ રહે છે. ૩૫.

જેને આવી સમજણ હોય તેના અંતરમાં અપાર સુખ રહે છે. અને જ્યારે આવી સમજણની દિશાને ભૂલી જાય છે ત્યારે તેના અંતરમાં ઉદ્વેગ થાય છે. ૩૬. જો સુખની દિશામાં ચાલીએ તો અપાર સુખ થાય છે અને દુઃખની દિશામાં ચાલીએ તો અનંત પ્રકારનું દુઃખ થાય છે. ૩૭.

⁕ દાદા ખાચરની વિશેષતા :

પરમેશ્વરની ઈચ્છાથી ગઢપુરના દરબાર એભલ ખાચરે અમને એમ કહ્યું છે કે, "જેટલી જમીન છે તે બધી પરમેશ્વરની છે, તે વાત ચોક્કસ છે. છતાં તે જમીનને માટે તો કેટલાય રાજાઓ પરસ્પર વેર કરીને મરી ગયા છે, તેનો પાર આવે તેમ નથી. તેમ છતાં હજુ પણ જે બચ્યા છે તે મમત્વ કરે છે. ૩૮-૪૦. મમત્વ કરનારા તે પણ એક દિવસ મરી જવાના છે. ચાહે તેટલું મમત્વ રાખે તોપણ તે બધા પરમેશ્વરને આધીન છે. ઈન્દ્ર જેવા પણ પરાધીન છે. ૪૧. બ્રહ્મા જેવા પણ જો પરાધીન હોય તો બીજા રાજાના શાં લેખાં ?" આ રીતે અમારી અને દરબાર એભલ ખાચરની સમજણ એકસરખી મળતી આવે છે. ૪૨.

चोपाई :

ताके सुत उत्तम हि भयेऊ, उत्तम गुण जेते तामें भरेऊ;
उत्तम गुण हम ताके जोऊ, उत्तम गुण में बंधाये सोऊ...४३
उत्तम गुण में बंधावत हमहि, वरतन हमारे कहे तुमही;
उत्तम गुण कहत हे जो जाई, कहे बिन न देखावत ताई...४४
हमारे बचन रहेउ ताके, पुरे विश्वास रखेउ वाके;
विश्वास हमारे रखे तिनके, रतिभर चलन न देवे इनके...४५
दोष विन हम सभा जो मांही, अपमान करे कहे समझत नाही;
तोउ मुख ताके रहे प्रफूला, हरिजन यह रहाये अमूला...४६
चाय तेसे हम कहे ताकू, मगन मगन रहे मन वाकू;
अपमान करे तोउ रखत हीता, क्षोभ न होवे कबहु चीता...४७

એભલ ખાચરના પુત્ર દાદા ખાચર છે. જેટલાં સર્વોત્તમ ગુણ કહેવાય છે, તે બધા તેમાં ભર્યા છે. તે દાદા ખાચરના સર્વોત્તમ ગુણો

જોઈને અમે તે ગુણોમાં બંધાયા છીએ. ૪૩. કારણ કે, અમે સર્વોત્તમ ગુણોમાં બંધાઈએ છીએ. અમારું જેવું વર્તન છે તેવું તમને કહ્યું. જે ઉત્તમ ગુણો હોય તે કહેવા જોઈએ. કેમ જે, કહ્યા વિના તે દેખાતા નથી. ૪૪. અમારાં જે જે વચન હોય તેમાં દાદા ખાચર પૂરો વિશ્વાસ રાખે છે. અને જે અમારો વિશ્વાસ રાખે તેનું અમે એક રતિભાર પણ ચાલવા દેતા નથી. ૪૫. અમે વગર વાંકે સભા વચ્ચે 'તમે કંઈ સમજતા નથી,' એમ અપમાન કરીએ તોપણ તેનું મુખ પ્રફુલ્લિત રહે છે. આવા તે અમૂલ્ય હરિભક્ત છે. ૪૬. અમે તેને ગમે તેવું કહીએ તોપણ જે ભક્તનું મન પ્રસન્ન પ્રસન્ન જ રહે, અપમાન કરીએ તોપણ હેત રાખે, મનમાં ક્યારેય ક્ષોભ થાય નહિ. ૪૭.

આવાં જે સંતો અને હરિભક્ત બાઈ-ભાઈ છે, તે જ અમારાં સાચાં સગાં સંબંધી છે. અને તે વિનાનાં જે સગાં સંબંધી કહેવાય છે તે તો ઈશ્વર ઈચ્છાએ કરીને થયાં હોય એટલે ભેળાં રહે; પણ તેમાં ક્યારેય આનંદ થાય નહિ, અમે તો આવા ભક્તાધીન અને નિર્બંધ છીએ. ૪૮-૪૯. **અમે તો ધર્મથી યુક્ત ભક્તિવાળાને હંમેશાં આધીન રહીએ છીએ. જેમાં ધર્મ અને ભક્તિ ન હોય તેનાથી અમે દૂર રહીએ છીએ."** ૫૦. આવી શ્રીહરિએ પોતે વાત કરી હતી. ગઢપુરમાં રહેતા દશેરાનો દિવસ આવ્યો. એટલે સંતો તથા હરિભક્તોએ સહિત લક્ષ્મીબાગે ઉત્સાહથી આવ્યા. ઢોલ અને તાંસાં વાગતાં હતાં. પૂજા કરવા માટે મોક્ષ ધર્મનું પુસ્તક પણ સાથે લીધું હતું. ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "પહેલા થયેલી કરિયાણાની હકીકત કહી અને શ્રીહરિ લક્ષ્મીવાડીએ આવ્યા" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૦

ગ્રંથના લેખકે સ્વાનુભવ સિદ્ધ ચરિત્રનો મહિમા કહ્યો

વળી, સદ્.મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. લક્ષ્મીબાગની વચ્ચે બેઠકની વેદિકા હતી. ભક્તજનોનાં દુઃખને હરનારા શ્રીહરિ ત્યાં આવીને વેદિકા ઉપર ઉત્તર મુખે બેઠા. ૨. મુક્તાનંદ સ્વામી, મુનિવર નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ચૈત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી તથા તે સિવાયના પણ જેટલા સંતો અને વર્ણી હતા તે બધા આવીને શ્રીહરિની સન્મુખ બેઠા. ૩-૪. ગઢપુરના અને ગામેગામના હરિભક્તો બધા આવીને સભામાં બેઠા. સંતો તથા હરિભક્તોની પાછળ દસ બાર હાથ જેટલે દૂર જે હરિભક્ત બાઈઓ હતી તેમની સભા થઈ.

સવારમાં દિવસ દોઢ પહોર ચઢ્યો હતો. બધી સભા કમળનાં ખીલેલા વનની જેમ અપાર શોભતી હતી. તે લક્ષ્મીબાગમાં કેળ, આંબા, નાળીયેરી, જાંબુડાં, આંબલી, બદામ, દાડમ, લીંબુ, જામફળી, રાયણ, સીતાફળી અને ખજૂરી ઇત્યાદિક વૃક્ષોએ કરીને અપાર શોભા થયેલી હતી. ૫-૮. અને ફૂલની પણ જેટલી જાતો હતી, તે કહી ન શકાય તેટલી હતી. અને શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ઉત્સાહભરી બધી ફૂલવેલો પ્રફુલ્લિત દેખાતી હતી. ૯. દર ચાર-પાંચ દિવસે શ્રીહરિ, સંતો તથા હરિભક્તોને સાથે લઈને લક્ષ્મીબાગમાં આવતા અને ત્યાં સભા કરીને વિરાજતા. ૧૦. ક્યારેક અશ્વ ઉપર બેસીને આવતા અને અશ્વને ખૂબ જ ફેરવતા હતા. તેનો ગણતાં પણ પાર આવતો નથી. હું તો આવું થોડું થોડું કહું છું. ૧૧.

શ્રીહરિની આવી બધી વાતો ઝાઝી કહીએ, તો જે થોડી બુદ્ધિવાળા હોય તે ગમે તેમ બોલે. અને તેવા અજ્ઞાની લોકોથી તો હું કહી ન શકાય તેટલો ડરું છું. ૧૨. જે બુદ્ધિથી અંધ હોય છે, તે લોકો તો પોતાની ઉત્પાત કરનારી નાની એવી વાતને પણ ઘણી શ્રેષ્ઠ કરીને માને છે. ૧૩. એટલે શ્રીહરિનાં

ચરિત્રને કહેતાં હું અજ્ઞાની લોકોથી થરથર ધ્રૂજું છું, પણ શ્રીહરિચરિત્રને કહેતાં મારું મન ક્યારેય તૃપ્ત થાતું નથી અને ભાવ અધિક રહે છે. ૧૪.

❋ શ્રીહરિનાં ચરિત્રો અંતર પવિત્ર કરે છે :

કહેવા છતાં જેનું વર્ણન થઈ શકે નહીં તેવી દેહમાં પીડા હોય, તોપણ શ્રીહરિનાં ચરિત્રોમાં ચિત્તને પરોવી દઉં છું તેટલીવાર તે બધી પીડા દૂર રહે છે. ૧૫. શ્રીહરિનાં ચરિત્રોને કહેવામાં કે સાંભળવામાં જેને ભાવ ન હોય તે મનુષ્ય તો પશુના સમાન છે, એમ વ્યાસ મુનિએ વારંવાર કહ્યું છે. ૧૬.

મનુષ્યદેહ પામ્યાનું ફળ એટલું જ છે કે, 'શ્રીહરિનાં સર્વે ચરિત્રોને અમૃત જાણીને તેનું પાન કરવું અને તે પાન થાય તો જ મનુષ્યદેહ મળ્યો એ સાર્થક છે. ૧૭. પૂર્વે પ્રહ્લાદ, પ્રિયવ્રત ઈત્યાદિક જેટલા ભગવાનના ભક્ત થયા, તે બધાની સમજણ આવી જ હતી કે, 'શ્રીહરિનાં જે કાંઈ ચરિત્રો છે તેના સમાન બીજી કોઈ વાત નથી.' આવી જેને સમજણ હોય તે જ ભગવાનના સાચા ભક્ત કહેવાય છે અને તેવી સમજણ વિનાના તો કાચા ગણાય છે. ૧૮-૧૯.

જે કોઈ ભક્ત કાચો છે કે પાકો તે તો તેની વાત સાંભળવાથી દેખાઈ આવે છે. ભગવાનની વાત સાંભળવામાં જેટલી શ્રદ્ધા હોય, તેટલો તે ખરો હરિભક્ત થયો કહેવાય. ૨૦. ભગવાન તથા ભગવાનના જે ભક્ત કહેવાય છે તેમના ઉપર જેને જેટલો ભાવ હોય, તે તો તેની મુખાકૃતિનો ભાવ કહી દે છે. ૨૧. જેટલો ઊંચો ભાવ હોય તેટલો તે ઉત્તમ ભક્ત કહેવાય છે. અને ભાવમાં જેટલી કસર હોય છે તેટલી તેના ભક્તપણામાં ન્યૂનતા કહેવાય છે. ૨૨. આવી વાત તો શ્રીહરિ ઘણીવાર ફરી ફરીને કરતા હતા. પરંતુ તેમાંથી જેટલી વાત લખી શકાય એમ હોય તેટલી હું લખું છું. ૨૩.

શ્રીહરિની વાતો જેવી છે તેવી જ ભક્તો શ્રવણ કરી શકે એમ જાણીને હું આ વાતો કાંઈક લખી રહ્યો છું. કેમ જે, શ્રીહરિની વાત હરિભક્તોને માટે અમૃત સમાન છે. ૨૪. શ્રીહરિની વાત ચિંતામણિ અને કલ્પવૃક્ષથી અધિક છે. વળી, ત્રિલોકીના રાજ્યભોગનાં સુખ અને રિદ્ધિ સિદ્ધિઓ કરતાં પણ

અધિક છે. તથા અનંત બ્રહ્માંડોનાં સુખ કરતાં પણ શ્રીહરિની એક એક વાત કરોડ ગણી અધિક છે, એમ સમજીને હું આ વાત કહી રહ્યો છું. ૨૫-૨૬. જે દુર્બુદ્ધિવાળા લોકો હોય છે તેમની સમજણ તો તેની બુદ્ધિ પ્રમાણે હોય છે, અને તે જેવી સમજણ હોય તેવું ફળ પામે છે. ૨૭. જેનો જેવો ભાવ હોય તેને ભગવાન દેખતા રહે છે. હું મારા મનમાં આવો ઠરાવ કરીને શ્રીહરિનાં આ ચરિત્ર લખી રહ્યો છું. ૨૮. જ્યાં સુધી ભગવાનનો રાજીપો રહેશે અને શરીરની સાનુકૂળતા રાખશે, ત્યાં સુધી શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તેને શ્રદ્ધા રાખીને મારે લખવા છે. ૨૯.

❋ ગ્રંથકારે સ્વાનુભવ કહ્યો :

चोपाई :

चरित्र यह लिखत जिहाँ लगही, श्रीहरि जेसे रहे तिहाँ लगही;
चरित्र कर प्रगट समीप देखाते, यामें इतना लाभ रहाते...३०
न देखे कबहु हरि कु जाही, चरित्र करीके तिनकु ताही;
प्रत्यक्ष हरि देखे में आते, देखने की जिमि रीत रहाते...३१
देखने की रीत समझत न जेते, ताकु कबु न देखावत तेते;
प्रत्यक्ष प्रोक्ष ताके हि भावा, रीत्य जाने बिन हि रहावा...३२

જ્યાં સુધી હું શ્રીહરિનાં આ ચરિત્રને લખું છું, ત્યાં સુધી જેવા શ્રીહરિ હતા તેવાં જ તે ચરિત્રને કારણે મને પ્રત્યક્ષ સમીપ દેખાય છે. આ ચરિત્ર લખવામાં આટલો મને લાભ રહ્યો છે. ૩૦. જેણે ક્યારેય શ્રીહરિનાં દર્શન કર્યાં ન હોય, તેને દર્શન કરવાની રીતે (મારી જેમ સાક્ષાત્‌ભાવ રાખે તો) આ ચરિત્રોએ કરીને શ્રીહરિ પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે. ૩૧. પ્રત્યક્ષ અને પરોક્ષ ભાવની રીત જાણ્યા વિના તેને શ્રીહરિનાં દર્શનની રીત સમજાતી નથી. તેથી તેને ક્યારેય શ્રીહરિ દેખાતા નથી. ૩૨. **જ્યારે શુદ્ધ સમજણે કરીને મનુષ્યનું અંતર દૂરબીન જેવું (શ્રીહરિના સાક્ષાત્‌ભાવને સમજીને મૂર્તિને સાક્ષાત્ પકડે એવું) થાય છે, ત્યારે તેને પ્રત્યક્ષ કે પરોક્ષપણું રહેતું નથી. સમજણમાં તો આવી કેટલીયે વાતો રહી હોય છે.** ૩૩.

જેમ સૂર્યનાં કિરણ જ્યાં સુધી પહોંચે છે ત્યાં સુધી તેની અંદર અગ્નિ રહ્યો છે, પરંતુ તે કોઈને દેખાતો નથી. ૩૪. તે સૂર્યનાં કિરણમાં રહેલો અગ્નિ કોઈને બાળતો નથી, તેથી તે દેખાતો નથી. પણ જ્યારે બિલોરી કાચનો અને કિરણનો યોગ થાય છે, ત્યારે તે કિરણમાં રહેલો અદશ્ય અગ્નિ તરત પ્રત્યક્ષ થાય છે. આવી તો કેટલીય વાતો હોય છે, તેનો કહેતાં પાર પમાતો નથી. ૩૫-૩૬. આ રીતે જે અદશ્ય વસ્તુ હોય છે, તે પણ તેના અસરકારક યોગે કરીને પ્રગટ દેખાય છે. તેવા યોગ સિવાય તે દેખાતું નથી. તે રીતે જ ભગવાન પણ સત્સંગના યોગે કરીને પ્રત્યક્ષ કે પરોક્ષ જેમ રહ્યા છે તેમ યથાર્થ દેખાય આવે છે. ૩૭-૩૮. શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી સાથે ગોપીઓને કહેવડાવ્યું હતું કે, 'હું તમારી સમીપે ચોક્કસ અખંડ રહ્યો છું. ૩૯. જેમ પંચ મહાભૂતો બ્રહ્માંડમાં અન્વયપણે કરીને રહ્યાં છે તે રીતે હું પણ તમારી સમીપે રહ્યો છું. ૪૦.

✵ હરિચરિત્રને દિવ્ય સમજવાનો ફાયદો :

ચોપાઈ :

प्रत्यक्ष प्रोक्ष देखात ऐसे, भगवान के चरित्र हे तैसे;
ताकु दिव्य करी जेहि जाने, ऐसे भक्त के होत प्रमाने...४१
देशकाल विस्म जो करीता, मति जाकी कबहु नहीं फरीता;
भगवान जात आत वेर वेरी, भगवान के चरित्र हि घनेरी...४२
भक्तजन कहावत जो जेते, भगवान के चरित्र हि तेते;
दिव्य जानी करत रहे गाना, निश दिन यामें मग्न रहाना...४३
भगवान प्रगट होकर जेता, चरित्र भोमि पर करत तेता;
भगवान अदृश्य होवत ऐसा, चरित्र करी देखावत तैसा...४४
चरित्र प्रोक्ष न होवत कबही, जब जब करत रहाये तबही;
चरित्र प्रोक्ष जानत जिहाँ लगही, मोक्ष न होत ताके तिहाँ लगही...४५

આમ પ્રત્યક્ષ કે પરોક્ષ જણાતાં ભગવાનનાં ચરિત્રોને જે દિવ્ય કરીને માને છે, તે ભક્ત જ ખરેખર પ્રમાણભૂત ગણાય છે. ૪૧. આવા જે ભક્ત હોય છે, તેની બુદ્ધિ વિષમ દેશકાળને લીધે પણ ક્યારેય ફરતી નથી.

ભગવાન તો વારેવારે અવતાર ધરીને આવતાં-જતાં રહે છે અને શ્રીહરિ ઘણાં ચરિત્ર કરે છે. જે ભગવાનના ભક્ત કહેવાય છે તે શ્રીહરિનાં આ ચરિત્રોને દિવ્ય જાણીને ગાન કરે છે અને રાત-દિવસ તેમાં તલ્લીન રહે છે. ૪૨-૪૩. ભગવાન પ્રગટ થઈને આ ભૂમિ ઉપર ચરિત્ર કરે છે, પછી ભગવાન અદૃશ્ય થઈ જાય છે પણ ચરિત્ર દ્વારા તે ભગવાન પ્રગટ રહે છે. જ્યારે જ્યારે ભગવાન પ્રગટ થઈને ચરિત્ર કરે છે, તે ચરિત્ર ક્યારેય પરોક્ષ થતાં નથી. પરંતુ જ્યાં સુધી ભક્ત ચરિત્રને પરોક્ષ જાણે છે ત્યાં સુધી તેનો મોક્ષ થાતો નથી. ૪૪-૪૫.

ભગવાનનાં ચરિત્રોને સદા દિવ્ય સમજવા તેમાં જ નિશ્ચિત મોક્ષ રહ્યો છે. ભગવાન તો સદાય અજન્મા છે. તેઓ જન્મે રહિત હોવા છતાં પણ જન્મ લે છે, અર્થાત્ પ્રગટ દેખાય છે. ૪૬. બ્રહ્માદિક દેવતાઓના કળ્યામાં પણ ન આવે એવાં તેમનાં ચરિત્ર કહેવાય છે. અને જ્યાં સુધી એ ભગવાનનાં ચરિત્રોમાં મોહ પામતા રહે છે, ત્યાં સુધી ગમે તેવો મોટો હોય તોપણ તે વારંવાર જન્મને પામતો રહે છે. જે ભગવાનનાં ચરિત્રને જેવાં જાણતો રહે છે, તેવી તે મોટપને પામે છે. જીવનું બંધન અને મોક્ષ ચરિત્રોમાં રહ્યાં છે અને તે પ્રગટ દેખાઈ આવે છે. ૪૭-૪૯. ભગવાનનાં જે કોઈ પણ ચરિત્ર કહેવાય છે તેને જે દિવ્ય સમજે છે, તે તેવા દિવ્યભાવને પામીને જ રહે છે. ૫૦. પોતાનું મુખ જેવા પ્રકારનું કરીએ તેવા પ્રકારનું દર્પણમાં દેખાય આવે છે, તેમ ભગવાનનાં ચરિત્રોમાં જેવો દિવ્યભાવ રાખીએ તેવા દિવ્ય થઈ જવાય છે. ૫૧. શ્રીહરિ આવી બધી વાતોને ક્યારેક સહજભાવે કરતા હતા. તેનું સ્મરણ કરવાને માટે હું લખતો રહું છું. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગ્રંથના લેખકે સ્વાનુભવ સિદ્ધ ચરિત્રનો મહિમા કહ્યો" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૧

શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં મોક્ષધર્મના પુસ્તકની પૂજા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિચરિત્રની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિની જેટલી વાત છે તે બધી હરિભક્તને માટે તો પરમ નિધિ છે. જે ભાવથી તેનું શ્રવણ કરે છે તેને તે દેખ્યામાં આવે છે. ૨. શ્રીહરિની વાત પરમ નિધિરૂપ હોવા છતાં જે ભાવ વિનાના હોય છે તેઓ તે વાતને ગ્રહણ કરતા નથી. જેઓ ગ્રહણ જ ન કરે તેને ગમે તેવો નિધિ હોય, તોપણ તે તેને શું ફાયદો કરે ? ૩. ચિંતામણિ અને કલ્પવૃક્ષ ઘણાં સુખને આપનારાં કહેવાય છે, પણ જેને તેમાં ભાવ ન હોય તેને તે શું લાભ કરે ? ૪. **સત્સંગ અને ભગવાનની વાતો પરમ નિધિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષ જેવી છે, પણ જેને જેવો ભાવ હોય તેને તેવી સહાય કરે છે.** ૫. મનુષ્ય જેવો ઉદ્યમ કરે તેવું તેને ફળ મળે છે. આ જગતમાં જે ઉદ્યમ છે તે ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે. ૬. જે વાત જે રીતની હોય છે, તે તેવા રૂપમાં ગુણે કરીને દેખાય છે. જે ગુણ છે તે દર્પણના સમાન છે અને તે બુદ્ધિમાનને દેખ્યામાં આવે છે. ૭.

ખરેખર બુદ્ધિ જ જીવની આંખ છે. કારણ કે, માણસની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તે દેખે છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ; એ ત્રણ પ્રકારનાં કર્મ છે. ૮. તે કર્મોમાં પણ તીવ્ર અને મંદ વેગ હોય છે અને તેનું ફળ પણ તે પ્રમાણે દેખાય છે. જે ઉત્તમ પ્રકારનું કર્મ છે, તે મધ્યમ અને કનિષ્ઠ કર્મને દબાવીને વર્તે છે તે આ લોકમાં દેખાઈ આવે છે. અને આ લોકમાં મનુષ્યે જેવાં કર્મ કર્યાં હોય તથા પરલોકની જેવી રીત હોય તે પ્રમાણે પૂરેપૂરું જોઈને કર્મફળપ્રદાતા પરમેશ્વર જરૂર ફળ આપે છે. જેટલાં શાસ્ત્રો છે તે બધાં આ ભરતખંડની વાતોને વિસ્તારથી કહે છે. તે બધી વાતોનો કહેતાં પાર આવતો નથી. શાસ્ત્રોએ વર્ણાશ્રમનો વિચાર કરીને તેનો નિર્ધાર કરી રાખ્યો છે. વર્ણાશ્રમ બહારના જે હોય છે તેની જેવી રીત હોય છે તેવી તપાસ કરીને પરમેશ્વર નિર્ધારિત કરે છે. ૯-૧૩.

❋ ધર્મનું મૂળ ભગવાન છે :

પરમેશ્વર સર્વ જગતનું મૂળ છે. પરંતુ તે પરમેશ્વરનું કોઈ મૂળ નથી. કેટલાક ઋષિઓ જગતનું મૂળ ધર્મ છે, એમ કહે છે. ૧૪. પણ ખરેખર ધર્મનું મૂળ તો ભગવાન છે અને ભગવાનનું મૂળ ધર્મ છે, (અર્થાત્ ધર્મ હોય ત્યાં ભગવાન હોય અને ભગવાન હોય ત્યાં ધર્મ હોય છે.) આવી આ અલૌકિક વાત છે. ૧૫. જેટલી આવી અલૌકિક વાતો હોય છે તેને વ્યાસ જેવા ઋષિઓ જાણતા હોય છે. તેથી તે બધું તેમણે વેદ અને શાસ્ત્રમાં લખ્યું છે. ૧૬. વેદો તથા શાસ્ત્રો અલૌકિક વાતનું મૂળ છે. જે લોકો વેદ અને શાસ્ત્રને માને છે, તે લોકો સનાતન મોક્ષનાં માર્ગમાં રહ્યા છે. ૧૭. અને વેદ તથા શાસ્ત્રોને માને નહિ એવા માર્ગમાં જે રહ્યા છે, તે બધાં તો નરકને દ્વારે ઊભા છે. આવું જે સત્પુરુષો છે તે કહે છે. ૧૮.

આ જગતમાં જેટલાં પાખંડમાર્ગવાળા છે તે બધાં ભગવાનનાં અવતારને ક્યારેય માનતા નથી. તે બધાંને ગીતામાં આસુરી કહ્યાં છે. ૧૯. જગતમાં જે સત્પુરુષ તથા અસત્પુરુષ હોય છે, તે તેમનાં વર્તનથી ઓળખાય છે. તેમનામાં રાત-દિવસ જેટલો ફરક હોય છે, તે તેમના દૈવતથી ઓળખાય જાય છે. ૨૦. જેટલા કાંઈ પથ્થર હોય છે તે બધામાં પણ વધારે કે ઓછું દૈવત રહ્યું હોય છે. આ જગતમાં ગણે પાર ન આવે તેટલાં બધાં પદાર્થો રહ્યાં છે, તે બધાંમાં પણ ન્યૂનપણું અને અધિકપણું રહ્યું છે. તે જ રીતે જે સત્ય અને અસત્ય માર્ગ છે તેમાં પણ અપાર ન્યૂન અધિકપણું રહ્યું છે. બધા રાજા પણ એક પ્રકારના નથી હોતા. ૨૧-૨૨.

જ્યાં જેવો ધર્મ વર્તતો હોય ત્યાં ભગવાન મૂર્તિમાં તેવા દૈવતથી યુક્ત વર્તે છે. ભગવાનની આવી રીત કહેવાય છે. ૨૩. ભગવાન પોતે પોતાના અવતારોમાં વધારે ઓછું દૈવત દેખાડતા હોય છે, તેણે કરીને તેઓ પરાધીન ન કહેવાય. ૨૪. ભગવાન ચાહે તેવાં ચરિત્ર દેખાડે છે, તે ચરિત્રને દેખીને બ્રહ્માદિક દેવતાઓ પણ તેમાં ભૂલા પડે છે. ૨૫. તો પછી જે બીજા મનુષ્યો હોય તે ભગવાનનાં ચરિત્રને દેખીને ભૂલા પડે તેમાં શું કહેવું ? ૨૬. **જેને ભગવાનનો જ એક ખપ હોય તે ભક્ત સાચો છે. તેને ભગવાન જાણતા**

હોય છે. ૨૭. સત્સંગ અને ભગવાન, એ બંને ક્યારેય જુદા પડતા નથી. જેને ખપ હોય છે તેને આ વાત સાંભળતા જ તે દેખાઈ આવે છે. ૨૮. જેટલું ભગવાનમાં દૈવત હોય છે તેટલું જ દૈવત સત્સંગની વાતમાં હોય છે. તે દૈવતને ભગવાન દેખાડે છે, ગુપ્ત રાખતા નથી. કારણ કે, એવો ભગવાનનો સંકલ્પ છે. ૨૯.

❋ શ્રીહરિ ચરિત્રરૂપે સદા પ્રગટ છે :

ચોપાઈ :

सत्संग में भगवान जबही, प्रगट न देखाव हि कबही;
ऐसे चरित्र जब हि करीता, साचे हरिजन जेते रहीता...३०
सत्सग में हे देखत तेही, चरित्र करे जितना एहि;
चरित्ररूपे रहे भगवाना, अलोकिक समझ जाकी रहाना...३१
समझिकर तेहि मगन रहाता, नट के खेल यह तिमि देखाता;
देखात कबु देखात नाहीं, चरित्र एक यह ताके रहाही...३२

જ્યારે ભગવાન સત્સંગમાં ક્યારેક પ્રગટ ન દેખાય એવું ચરિત્ર કરે છે, ત્યારે જે સાચા હરિભક્તો હોય છે તેઓ ભગવાને જે કાંઈ ચરિત્રો કર્યાં હોય તે ચરિત્રરૂપે ભગવાન સત્સંગમાં જ રહ્યા છે એમ દેખે છે. આવી અલૌકિક સમજણવાળા ભક્તો તો તે સમજણે કરીને અખંડ પ્રસન્ન રહે છે. ભગવાનની લીલા તો નટના ખેલ જેવી છે, તે ભગવાન ક્યારેક દેખાય અને ક્યારેક ન દેખાય ! તે તો ભગવાનનું એક ચરિત્રમાત્ર છે. ૩૦-૩૨. પરંતુ ભગવાન ક્યારેય સત્સંગનો ત્યાગ કરતા નથી. ભગવાન જ્યારે મનુષ્યરૂપે આ લોકમાં પ્રગટ ન રહેવાના હોય, ત્યારે પોતાની જેવી મૂર્તિ હોય તેવી જ ધાતુ અથવા પાષાણની કરાવીને; પ્રગટ ભગવાન પોતે પ્રસન્ન મનથી ઘટિત હોય તેટલાં પુરમાં તે મૂર્તિઓનું સ્થાપન કરે છે. અને પોતાની પ્રગટ મનુષ્યાકાર મૂર્તિમાં જેવો ભાવ હોય, તેવો જ ભાવ બાઈ ભાઈ સર્વે ભક્તજનોને કરાવે છે. ૩૩-૩૫.

અને જે પ્રત્યક્ષ ભગવાન છે તે એવા ને એવા તે મૂર્તિઓમાં નિવાસ કરીને જરૂર રહે છે અને તે મૂર્તિમાં રહીને ભક્તોના સર્વે ભાવ પૂરા કરે

છે. ૩૬. આટલી વાત કરીને શ્રીહરિએ મોક્ષધર્મનાં પુસ્તકનું વિધિ સહિત પૂજન કર્યું અને તેની આરતી કરી. ૩૭. દરબાર દાદા ખાચર તથા જીવા ખાચર સાકરથી ભરેલા થાળ લાવ્યા હતા. તે સાકર શ્રીહરિએ સંતો, વર્ણી તથા હરિભક્તોને વહેંચીને આપી અને જે પુસ્તકના લહિયા હતા તેને સાકર પોશ ભરીને વધારે આપી. ૩૮-૩૯. તે વખતે વાજિંત્રો વાગતાં હતાં અને શ્રીહરિ પાછા ગામમાં દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં મોક્ષધર્મના પુસ્તકની પૂજા કરી" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૨

શ્રીહરિનાં સ્વાભાવિક ચરિત્ર તથા વાતોની વિશિષ્ટતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મુક્તાનંદ સ્વામી કહે છે કે હું, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી આટલા સંતો સિવાયના બીજા ગોપાળાનંદ સ્વામી આદિક સર્વે સંતો ઉન્મત્તગંગામાં જ્યાં સ્નાન કરતા હતા; અને જ્યાં રેતીનો બેટ થઈ ગયો હતો તે જગ્યાએ બધા જ સંતો રાતે સૂતા હતા. આખો દિવસ આ બધા સંતો દાદા ખાચરના દરબારમાં રહેતા અને શ્રીહરિનાં દર્શન કરતા. ૨-૫. ઉગમણા બારના ઓરડાની ઓસરીએ બે થાંભલાની વચ્ચે પલંગ બિછાવેલો રહેતો હતો, તેના ઉપર શ્રીહરિ શ્વેત વસ્ત્ર પહેરીને હંમેશાં આવીને બેસતા હતા. ત્યાં સંતો, વર્ણી અને હરિભક્તોની સભા થતી હતી. ૬-૭.

તે સભામાં શ્રીહરિ ક્યારેક અતિશય પ્રસન્ન થઈને સંતોને પરસ્પર પ્રશ્ન ઉત્તર કરાવતા હતા. અને જ્યારે પ્રશ્નનો ઉત્તર કોઈને ન આવડે ત્યારે શ્રીહરિ પોતે તે પ્રશ્નનો ઉત્તર શીખવતા હતા. ૮. સંતોની જેવી બુદ્ધિ હોય

તેવી તેની પરીક્ષા કરતા હતા. પ્રશ્ન ઉત્તરમાં જેની જેવી બુદ્ધિ હોય તે ચોક્કસ દેખાઈ આવે છે. ૯. ક્યારેક શ્રીહરિ પોતાના દિલમાં જેવી વાત ઊપજે તેવી તે સભામાં કરતા હતા. જે રીતના દેશ-કાળ વર્તતા હોય તેને દેખીને અનેક વાતનાં નિશાને કરીને તેના ઉપર શ્રીહરિ વાત કરતા રહેતા. શ્રીહરિ નિશાન વિના ક્યારેય વાત કરતા નહિ. એવો શ્રીહરિનો હંમેશનો સ્વભાવ હતો. ૧૦-૧૧.

શ્રીહરિની હરકોઈ વાતનો હેતુ રહેતો. હેતુ વિના ક્યારેય વાત કરતા નહિ. હેતુ કે નિશાન રાખીને જે વાત કરવામાં આવે તેમાં સહુને ખૂબ જ રસ ઉપજે છે. ૧૨. હેતુ કે નિશાન રાખ્યા સિવાય ગમે તેવી વાત કરે પણ તે તો ઋતુ વિનાના વરસાદ જેવી ગણાય. ૧૩. જે વખતે જેવો સમય વર્તતો હોય તેને શ્રીહરિ જાણતા હતા અને તે સમય પ્રમાણે જ શ્રીહરિ નિત્ય નિત્ય વાત કરતા. ૧૪. નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી, એ બધા સંતો શ્રીહરિ જે વાત કહેતાં તેને સાંભળીને તેની પ્રશંસા કરતા કે, 'હીરબાઈના કાંતેલા દોરામાં ફોદો હોય નહિ.' ૧૫-૧૬. 'મોરનાં ઈંડાને ચીતરવા પડે નહિ.' ત્યારે તે મર્મ સાંભળીને કૃપાળુ શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને હસતા. ૧૭.

શ્રીહરિ જે રીતની વાત કરતા તેના ઉપર તેવાં જ કીર્તન સંતોની પાસે ગવડાવતા હતા અથવા તો દસ-વીશ શ્લોક કે રામકથાની ચોપાઈ અને દોહાઓને પ્રસન્નતાથી શ્રીહરિ બોલતા હતા. તેથી તેમાં પરમરસ જામતો હતો. ૧૮-૧૯. **બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામ; એ બધાં ધામમાં જેવો રસ રહેતો હોય તેવો રસ શ્રીહરિની વાતમાં દેખાય આવતો હતો.** ૨૦. **જે જીવો તે રસમાં લીન થઈ જતાં તેને તરત જ સમાધિ થઈ જાતી હતી. શ્રીહરિની મૂર્તિ એવી રસમય છે કે નખથી શિખા સુધી તેમાં આનંદ આનંદ અને આનંદ જ ભર્યો છે.** ૨૧. શ્રીહરિની મૂર્તિમાં જે કોઈ જેટલું અલૌકિકપણું જ દેખતા રહે છે, તેનો જીવ તેટલો મૂર્તિમાં નિશ્ચિતપણે ચોંટતો રહે છે. ૨૨. જેટલી અલૌકિકપણામાં કસર હોય તેટલી

જીવને પ્રભુને વિશે ચોંટવામાં કસર રહે છે, તે દેખાઈ આવે છે. આ વાત આમ જ છે. ૨૩.

જ્યારે મધ્યાહ્ન સમય થાતો ત્યારે રસોઈ તૈયાર થતી, તેમાં વાસુદેવ નારાયણની મૂર્તિને પ્રથમ થાળ ધરાતો. ૨૪. અને ત્યારબાદ દરબારગઢના ઓરડાની ઓસરીમાં તથા ચોકમાં સંતોની પંગત કરાવતા. જે ભોજન કરાવ્યું હોય તેને શ્રીહરિ પોતે ભાવથી પીરસતા હતા, જે વર્ણવી શકાતું નથી. ૨૫-૨૬. જ્યારે શ્રીહરિ દહીં અને દૂધ પીરસતા ત્યારે તો તે ઢોળાવાથી કીચડ થઈ જતો હતો. દરબાર જીવા ખાચર તેમના ઘેરથી રોજ દૂધ દહીં મોકલતા હતા. ૨૭. કારણ કે, જીવા ખાચરને બીજો ભાવ ઓછો હતો; પણ સંતોની સેવા કરવામાં ભાવ ઘણો હતો. તેમનામાં આ એક ગુણ અધિક હતો. ૨૮. તેઓ એક સો ગાયો રાખતા હતા. તેનું દૂધ ભેંસોના જેવું ગણાતું હતું. સંતોને માટે દૂધ આપતાં વધે તો જ પોતે જમતા હતા. ૨૯.

આ ભૂમિ ઉપર જેટલા ગરાસિયા ભાગીદાર કહેવાતા હતા, તે બધાને પરસ્પર ભાઈઓમાં કુસંપ રહેતો હતો. કારણ કે, ગરાસમાં એવો કુસંપ કરાવવાનો ગુણ હોય છે. ૩૦. દારૂ, તાડી અને લીલાગર ભાંગમાં જેવો કેફનો ગુણ હોય છે; તેવો કેફ ગરાસ, ધન, સ્ત્રી અને ઉત્તમ પ્રકારનાં ભોજનમાં રહ્યો હોય છે. ૩૧. ચાહે તેવો નિર્બંધ માણસ હોય તોપણ આ ચારનો જોગ થાય છે, ત્યારે તેમાં અણવિશ્વાસનો ગુણ વર્તે છે. તેને લીધે માણસની બુદ્ધિ વિપરીત થઈ જાય છે. ૩૨. એ ચારે પદાર્થમાં અણવિશ્વાસ અને વિરોધ સહજ સ્વભાવે રહે છે, તે ઠેર ઠેર દેખાય છે. ૩૩. તેથી જે કોઈ તે ચારનો વિશ્વાસ કરે છે, તેનું તે જરૂર મરણ કરાવે છે. ભગવાન જ્યારે મનુષ્ય દેહ ધારણ કરે છે, ત્યારે પોતે અંતર્યામી હોવા છતાં પણ તે ચાર પદાર્થનો વિશ્વાસ રાખતા નથી.

✻ જેને જેટલી સમજણ, તેને તેટલું સુખ રહે :

જેટલું સુખ સમજણમાં રહ્યું છે તેટલું સુખ બીજાં કોઈ પદાર્થમાં નથી રહ્યું. ૩૪-૩૫. અપાર બુદ્ધિ હોય છતાં પણ ખરી સમજણ વિના તેને સુખ

દેખાતું નથી. દત્તાત્રેય ભગવાને પણ બીજાને સમજણની શિક્ષા આપવા માટે ચોવીશ ગુરુ કર્યા હતા. પોતે તો ગુરુના પણ ગુરુ હતા. છતાં લોકોને પોતાનાં ચરિત્ર દ્વારા શીખવતા હતા. ૩૬-૩૭. ભગવાનનું જેટલું આચરણ હોય છે, તે લોકોને શિક્ષણ આપવા માટે હોય છે. ૩૮. ભગવાનના જે સાચા ભક્ત હોય છે તે ભગવાનની બધી જ બાબતને શિખામણરૂપે માને છે અથવા તો ચરિત્રના રૂપમાં માને છે. ૩૯. કોઈ મનુષ્યને સમગ્ર બ્રહ્માંડનું રાજ્ય મળે, તોપણ સમજણમાં જે કાચા હોય તેને અતિશય દુઃખ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિનાં સ્વાભાવિક ચરિત્ર તથા વાતોની વિશિષ્ટતા કહી" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૩

સત્પુરુષ અને અસત્પુરુષની સમજણ

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જે કોઈ પણ વાત હોય તે કહેવાથી જ સમજાય છે. કહ્યા વિના ગમે તેવી વાત હોય તોપણ તે સમજાતી નથી. ૨. જેટલા આસુરી માર્ગના લોકો છે તે સત્સંગની વાતનું ક્યારેય પ્રતિપાદન કરતા નથી. તેણે કરીને જ તેમનું આસુરીપણું ઓળખાય જાય છે. તે આસુરી લોકો શાસ્ત્રમાં નિષેધ કરેલી બાબતો કરતા રહે છે. તે મૂર્ખ આસુરી લોકો મા, બહેન અને પુત્રી સુધીનો સંગ પણ કરતા રહે છે. તેમાં લગાર પણ પાપ માનતા નથી અને જમપુરી તથા લખચોરાશીનો ડર પણ માનતા નથી. ૩-૫.

તે લોકો શાસ્ત્રના વિધિને પાપ કરીને માને છે અને પાપને ધર્મ માને છે. માટે જે આવા મતના હોય તેને અસુરના રૂપમાં દેખવા. ૬. જેને અસત્ય અને અધર્મ માર્ગ જ રુચે છે, પણ સત્ય માર્ગ રુચતો નથી; તે અસુર કહેવાય છે. તે અસુરો ચાહે તેમ બકવાસ કરતા હોય છે. ૭. અસુરો સત્પુરુષના

દ્રોહરૂપ અપભાષણ જ બોલતા હોય છે. પણ સૂર્ય સામે જે ધૂળ ઉડાડે છે તે ક્યારેય સૂર્યને અડતી નથી. તે ધૂળ ઉડાડનારાની આંખમાં જ નિશ્ચિત પડે છે. સત્પુરુષ અને સત્સંગ છે તે સૂર્યરૂપ છે. ૮-૯.

સત્સંગ અને ભગવાન ઉપર જેને ભાવ નથી હોતો, એવા લોકોને ભગવાન અને સત્સંગ સિવાયની અસત્ય બાબતો ઉપર અપાર તાન અને રુચિ રહે છે, તેમાં લગાર પણ સારું ફળ નથી હોતું. એવા લોકો ચાર વર્ણમાં ક્યાંય ન મળે એવા માર્ગમાં રુચિ કરે છે, ૧૦-૧૧.

માટે જ તે અસત્પુરુષ કહેવાય છે. જેને ભગવાન તથા સત્સંગનો ખપ હોય છે તે જ આ વાતને સમજે છે, ખપ વગરના હોય તે આ વાત સમજતા નથી. ૧૨. **સત્ય વાતને અને અસત્ય વાતને જે જાણે છે તેને વેદ અને શાસ્ત્ર સત્પુરુષ કહે છે.** ૧૩. સત્પુરુષને વેદ અને શાસ્ત્રો ઉપર અપાર રુચિ હોય છે. કેમ જે, તેમાં સાર અને અસારનો નિરધાર કરીને વાત કહી હોય છે. ૧૪. જે સત્પુરુષો છે તે હંસના જેવા કહેવાય છે અને જે સારરૂપ વાત છે તે દૂધના જેવી છે. વેદ અને શાસ્ત્રોમાં જેટલી સારરૂપ વાત કહી હોય છે, તે મોક્ષરૂપ ફળના સમાન દૂધ અને મોતી જેવી છે. માટે સત્પુરુષો તે દૂધ અને મોતી જેવી સારરૂપ વાતોને દેખીને તેને ગ્રહણ કરે છે. તેઓ પોતે સત્ય વાતને માર્ગે ચાલે છે અને બીજા સત્ય વાતના ખપવાળા લોકોને પણ હેત લાવીને સત્ય વાતને માર્ગે ચલાવે છે. સત્પુરુષો, વેદ અને શાસ્ત્રો માતા-પિતાથી વધારે સર્વનું હિત કરે છે. ભણેલા પંડિતો તેને વાંચે છે, પણ તેને યથાર્થ સમજાતું નથી. ૧૫-૧૮.

જે વાતને પોતે જાણતા ન હોય તે બીજાને કઈ રીતે બતાવે ? ગમે તેટલાં વેદ અને પુરાણોને ભણેલા હોય; પણ તેને જો મોક્ષનો ખપ ન હોય તો તેનું ભણતર પેટ ભરવાનું સાધન બન્યું, એટલું જ તે ઉપયોગમાં આવે છે. વેદ અને પુરાણો તો માતા-પિતા કરતાં પણ અધિક હિત રાત-દિવસ કરે છે અને સત્ય અસત્ય વાત દેખાડે છે. માતા-પિતા તો પોતાનાં સંતાનો ઉપર એવું હેત કરે છે કે, તેને વારંવાર લખચોરાશીમાં ભમવું

પડે. ૧૯-૨૧. તેઓ પોતાનાં બાળકોને જન્મ, મરણ અને જમપુરીનો ક્યારેય પાર ન આવે; એવા માર્ગમાં વારંવાર ચલાવતા રહે છે. ૨૨. અજ્ઞાનના માર્ગ ઉપર ચાલેલા મનુષ્યો તેવા માતા-પિતાને પરમ સ્નેહી માને છે. જ્યારે તેને સત્પુરુષ મળે છે ત્યારે તે જો તેનું માને, તો જેટલું અજ્ઞાનનું અંધારું હોય છે તેને દેખાડી દે છે અને જે સત્પુરુષનું ન માને તો તે અજ્ઞાનના અંધારામાં કુટાય છે. વેદ અને પુરાણોમાં જેટલી વાતો છે, તે કરોડોવાર તપાસ કરીને કહી છે. ૨૩-૨૪.

વ્યાસ મુનિ તો ભગવાન નારાયણનો અવતાર કહેવાય છે. જ્યારે પ્રથમ આ બ્રહ્માંડની-જગતની સૃષ્ટિ થઈ ત્યારે એક પણ ગ્રંથ ન હતો. ૨૫. જેવી રીતના સંકલ્પો કરવા લાગ્યા તેવી રીતની સૃષ્ટિ થઈ. કેમ જે, એવી રીતે સર્વ થવા લાગ્યું અને એ રીતે સહુ વર્તવા લાગ્યા. ૨૬. તે વખતે મનુષ્યમાં જેવા ગુણ વર્તતા હતા તેને તેવા સંકલ્પ થતા અને તે તરત સિદ્ધ થતા, પણ તેમાં (સત્તાનું એકત્વ મટી બહુત્વ થઈ જતું હોવાથી) કોઈને કાંઈ સુખ ન દેખાયું. ૨૭. મનુષ્યોએ સંકલ્પો કરી કરીને જેટલી બાબત કરી હતી, તેમાં તે મનુષ્યોને જ્યારે સુખ થતું ન દેખ્યું ત્યારે ભગવાને પોતે વિચાર કરીને સંકલ્પ સિદ્ધ થવાની બાબત બંધ કરી દીધી. અને જ્યારે સંકલ્પ સિદ્ધ થતાં બંધ થયા ત્યારે સહુને સુખ થયું. સત્ય સંકલ્પ તો એક ભગવાન છે અને તે સદ્‌ગુણ પોતે એકલાએ જ રાખ્યો છે. ૨૮-૨૯.

ભગવાને જ્યારે સંકલ્પસિદ્ધિ બંધ કરી ત્યારે સૃષ્ટિ સ્થિર થઈ અને કોઈ વાતનો ઉદ્વેગ ન રહ્યો. કારણ કે, જ્યાં સુધી ઉદ્વેગ રહે છે ત્યાં સુધી સુખ રહેતું નથી. ૩૦. (વિરાટ)બ્રહ્માનાં અંગોમાંથી ભગવાને સંકલ્પ કરીને શિવ તથા મોટા મોટા ઋષિઓને યોગ્ય રીતે ઉત્પન્ન કર્યા. ૩૧. તે રીતે જ ધર્મ અને અધર્મસર્ગ જે રીતના છે તેવા તે બંનેને પણ ભગવાને ઉત્પન્ન કર્યા. કેમ જે, અધર્મસર્ગે કરીને ધર્મસર્ગની જેવી મોટપ છે, તેવી દેખ્યામાં આવે છે અને સુખની મોટપ જણાવવાને માટે જ પ્રભુએ અપાર દુઃખ કર્યાં છે. આવી વાતો તો અપાર છે. ૩૨-૩૩.

❋ ભગવદ્‌મહિમા :

કર્મફળપ્રદાતા એવા અંતર્યામી પરમેશ્વર જે જીવ જે રીતે ચાલે છે, તેને તે રીતનું જ ફળ આપે છે. બહુનામી તે ભગવાન જીવ જીવ પ્રત્યે જે રીતે રહ્યા છે તે રીત કોઈના કળ્યામાં આવતી નથી. પરમેશ્વરનું ઐશ્વર્ય તો અપાર છે. અક્ષર જેવા પણ તેનો પાર પામતા નથી તો બ્રહ્મા જેવાના શાં લેખાં ? અનંત કોટિ બ્રહ્માંડો અક્ષરના એક રોમમાં અણુંની જેમ ઊડતા રહે છે. ૩૪-૩૬.

दोहा : एसे अक्षरधाम जो, भगवान ताकि जेहु;
मोटप आगे मोटप हि, कछु न देखावत तेहु...३७
तब भगवान के दास होई, भगवान जो ताकु;
भजत रहे बहु भाव कर, अल्प मानि निज वाकु...३८

એવું મોટું જે અક્ષરધામ તેની મોટાઈ પણ ભગવાનની મોટાઈની આગળ કાંઈ જ દેખાતી નથી, ત્યારે તે અક્ષર પણ તે ભગવાનના દાસ થઈને અને પોતાને અતિ અલ્પ માનીને બહુ ભાવથી ભગવાનને ભજે છે. ૩૭-૩૮. જે સત્સંગ કરે છે તેને ભગવાન તથા સત્સંગની આવી જે મોટાઈ છે તે કાંઈક સમજાય છે. ૩૯. પણ જે અલ્પ જીવ હોય છે, તે તો સત્સંગ તથા ભગવાનના મહિમાને જાણ્યા સિવાય ચાહે તેવું બોલતા હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "સત્પુરુષ અને અસત્પુરુષની સમજણ કહી" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૪

ગઢડા મધ્ય પ્રકરણનું ચાલીસમું વચનામૃત

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) આસો વદિ ત્રીજને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારે આસન ઉપર વિરાજમાન હતા. ૨-૩. સ્નાન કર્યા પછી શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને દેવાર્ચનાદિક જે નિત્ય કર્મ તેને કરીને ઉત્તરાદે મુખે વિરાજમાન શ્રીકૃષ્ણ ભગવાનને પૂર્ણકામ શ્રીહરિએ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કર્યા. ૪-૫. તે પ્રતિદિન જેટલા દંડવત્પ્રણામ કરતા હતા તે કરતાં તે દિવસે એક દંડવત્પ્રણામ અધિક કર્યો. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું કે, "હે મહારાજ ! આજ આપે એક દંડવત્પ્રણામ અધિક કેમ કર્યો? તે મેં ધ્યાનમાં રાખ્યું છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા હતા કે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિષે અહં-મમત્વ હોય તેને આપ ટાળજો. આપના સમાન કોઈ સમર્થ દેખાતું નથી.' ૬-૯. આજ તો અમને એવો વિચાર આવ્યો કે, 'ભગવાનના જે ભક્ત હોય તેનો ક્યારેય મન, વચન અને દેહે કરીને જાણે-અજાણે કાંઈપણ દ્રોહ થઈ આવે, તેણે કરીને જીવને મર્યા પછી જેવું દુઃખ થાય છે તેવું દુઃખ બીજાં કોઈ પાપ કરવાથી થતું નથી. માટે જાણે-અજાણે મન, વચન અને દેહે કરીને ક્યારેક જો કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તો તેના દોષનું નિવારણ કરવા માટે એક દંડવત્પ્રણામ અધિક કર્યો, તે મેં તમને કહ્યું. ૧૦-૧૪.

અને અમે જે દૃઢપણે ચોક્કસ વાત જાણીએ છીએ તે તમને કહીએ છીએ જે, 'ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે અને આ જીવને કષ્ટ થાય છે તેવું બીજાં કોઈ પાપે કરીને ભૂંડું થતું નથી. આવો આજ વિચાર આવ્યો હતો, તે મેં તમને કહ્યો. **અને ભગવાનના**

ભક્તની મન, વચન તથા શરીરથી જે સેવા બની આવે તેણે કરીને આ જીવનું જેવું રૂડું થાય છે અને જીવને જેવું સુખ થાય છે, તેવું બીજાં કોઈ સાધને કરીને કોઈ દિવસ સુખ થતું નથી. બીજાં સાધનોમાં તો અપાર દુઃખ રહ્યું છે. અને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તેનાં કારણ લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચાર કહેવાય છે; અને તેણે કરીને દ્રોહ થાય છે. તે દ્રોહ તે ભક્તની નિષ્કપટ સેવાથી ટળી જાય છે. ૧૫-૨૦.

અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે પણ જેમાં એ ચાર વાનાં ન હોય તેનાથી થાય છે. ૨૧. માટે જેને દેહે કરીને પરમ સુખિયા થાવું હોય અને જેને દેહ છૂટ્યા પછી પરમ સુખી થવું હોય તથા એવી રીતે સુખી થાવાની જેને આશા હોય, તેણે ભગવાનના ભક્તનો મન, વચન તથા દેહે કરીને ક્યારેય દ્રોહ કરવો નહીં. ૨૨-૨૩.

चोपाई :

अरु जो भगवान केउ जेहा, भक्त रहाये ताके तेहा;
कांईक जो द्रोह बनी आवे, तब ताकी प्रार्थना करावे...२४

दोहा : मन देह करीके सद्य हि, दंडवत प्रणामही;
करना फरिके हि कबहु, द्रोह न होय तिमही...२५
एसि रीत्य वरतन केउ, आदर करना जेहि;
पण एक वेर द्रोह करी, दंडवत प्रणाम तेहि...२६

सोरठा : करीके पुनि फरिके, दंडवत प्रणाम तेही;
करना इमि हि करीके, वरतना न फेर फेर हि...२७

અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી. ૨૪. અને મનથી તથા દેહથી તત્કાળ દંડવત્પ્રણામ કરવા. વળી ફરીને ક્યારેય તેવો દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો; પણ એકવાર દ્રોહ કરીને દંડવત્પ્રણામ કરે અને વળી ફરીને દ્રોહ કરીને દંડવત્પ્રણામ કરે આ રીતે વારંવાર વર્તવું નહીં. ૨૫-૨૭.

અને અમે જે આ વાત કહી છે તે નિત્ય યાદ રહે તે માટે આજથી સર્વ સંતો, વર્ણી તથા હરિભક્તોએ એવું નિયમ રાખવું કે, 'ભગવાનની

પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત્પ્રણામ કરવાના હોય તે કરીને આખા દિવસમાં કદાચ જાણે-અજાણે મન, વચન તથા દેહે કરીને ભગવાનના ભક્તનો કાંઈ દ્રોહ થઈ ગયો હોય તો તેનું નિવારણ કરાવવા માટે સંભારીને રોજ એક દંડવત્પ્રણામ અધિક કરવો.' ૨૮-૩૧. અમારી આવી આજ્ઞા છે તેને સહુ પાળજો. આટલી વાત કહીને શ્રીહરિ ભોજન કરવાને માટે ઊઠ્યા. ૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચાલીસમું વચનામૃત કહ્યું" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૫

શ્રીહરિ દરબારગઢમાં સેવા કરવાની વ્યવસ્થામાં ધ્યાન દેતા

વળી મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ધનતેરસને દિવસે વાસુદેવનારાયણના મંદિરની આગળ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિની આજ્ઞા લઈને દીપમાળા તૈયાર કરી હતી. તેમણે જે શોભા કરી હતી તેમાં તેમણે પોતાની બધી જ નિપુણતા બતાવી દીધી હતી. ચારેય દિશાઓમાં પાંચ પાંચ દ્વાર કર્યાં હતાં અને તેની ઊંચાઈ ત્રણ માળની કરી હતી. ૨-૪. દરેક દ્વારમાં કમાન કરી હતી. તેની શોભા વર્ણવી શકાતી નથી. સવારથી જ શ્રીહરિ દરબારગઢમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ભક્તોએ જે પલંગ બિછાવેલો હતો તેના ઉપર આવીને બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

કચ્છ માનકૂવા ગામના ઉકાભાઈ અને હરજીભાઈ આ બંને ભાઈ (અને ઉકાભાઈની દીકરી રામબાઈ) ગામ તથા ઘરનો ત્યાગ કરીને શ્રીહરિની સેવા કરવા ગઢપુર દાદા ખાચરના દરબારમાં આવ્યા હતા. તે ભાગ્યશાળી બંનેને શ્રીહરિએ દરબારમાં રાખ્યા અને ખેતીના કામમાં મૂક્યા. ૫-૮. શ્રીહરિ જેમ

કહે તેમ તે કરતા હતા. શ્રીહરિ પોતાની મરજી હોય તેમ તેમને સેવામાં પ્રેરતા રહેતા. તેમના ઉપર શ્રીહરિ રાજી રહેતા હતા. ૯. દરબારમાં જેટલું કામ હોય તે શ્રીહરિ જ્યાં સુધી વિરાજતા હોય ત્યાં સુધી શ્રીહરિ જેમ કહે તેમ જ થતું હતું. ૧૦.

શ્રીહરિને પૂછ્યા વિના જેટલું કાર્ય કરે, તેમાં શ્રીહરિની મરજી રહેતી નહીં. બંને રામજી નામના ભક્તને ખેતીનાં કામમાં મૂક્યા હતા. ૧૧. એક નાના કરીમભાઈ કહેવાતા હતા તેને પણ ખેતીમાં રાખ્યા હતા. જોધો, અરજણ અને બીજલ નામે જે ભરવાડ હતા તેમને ગાયો તથા ભેંસોને ચારવા માટે રાખ્યા હતા. ૧૨. સવારે સાંજે ગાયો ભેંસો દોવાથી જેટલું દૂધ થતું હતું, તેની દસ-વીશ તાંબડી ભરાઈને શ્રીહરિની આગળ સાંજે તથા સવારે મૂકતા ત્યારે શ્રીહરિ રોજ તેના ઉપર નજર કરતા અને વધારે ઓછું થયું હોય તો તરત તે કામ કરનારને દેખાડતા હતા. ૧૩-૧૪. તે વખતે લક્ષ્મીવાડીમાં હરજીભાઈ, કૃષ્ણ ભક્ત, માંડણભાઈ, મૂળજી ભક્ત, કૃષ્ણદાસ, કેશવાનંદ સ્વામી અને સચ્ચિદાનંદ સ્વામી વગેરે સંતો-ભક્તો રહેતા હતા. ૧૫-૧૬.

તે સહુ શ્રીહરિને માટે રોજ સવારે તથા સાંજે ફૂલના હાર બનાવતા હતા. તે હજારી ફૂલના જે હાર તૈયાર કર્યા હોય તે લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. ૧૭. બાજુ, પહોંચી અને ગજરા બનાવીને શ્રીહરિની બંને ભુજાઓમાં બાંધતા. તેમજ હજારી ફૂલના તોરા પાઘ ઉપર ધરાવતા હતા. બંને કાન ઉપર ગુચ્છ ધરાવતા અને હાથમાં એક ગુચ્છ આપતા હતા. તે સમયે પ્રેમાનંદ સ્વામીએ કેસર યુક્ત ચંદન લાવીને તેનાથી શ્રીહરિના લલાટમાં અર્ચા કરી. તે અર્ચા ખજૂરીના જેવી હતી અને અર્ચાને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. તેનાથી મૂર્તિ ઘણી શોભતી હતી. ૧૮-૨૦.

તે સમયે સંતો, વર્ણી, સંન્યાસીઓ અને કેટલાક દેશના અગણિત હરિભક્ત બાઈ-ભાઈ તે સર્વેની જેમ યોગ્ય હોય તે પ્રમાણે સભા થતી હતી. આથમણા બારના ઓરડા બધા ઓરડાથી ઊંચા થયા હતા અને તેનું માળવાનું કામ શ્રીહરિ કરાવતા હતા. દરબારમાં જેટલા ઓરડાઓ છે તે બધા દેવરાજ કડિયાએ બનાવ્યા હતા. ૨૧-૨૩. તેના પુત્રનું નામ પૂંજાભાઈ હતું. તે

પણ પોતાના પિતાની સાથે કામ કરતા હતા. તે સિવાય જેટલા શ્રીહરિના પાર્ષદો હતા તે બધા પણ ઓરડાઓ થતા હતા તેમાં સેવા કરતા. ૨૪. શ્રીહરિને રાજી કરવા માટે બધા પાર્ષદો ઘરનો ત્યાગ કરીને આવ્યા હતા. તેઓ શ્રીહરિ જેમ કહે તેમ કામ કરતા હતા. અને શ્રીહરિ પણ તે બધા ઉપર પ્રસન્ન રહેતા હતા. પોતે સંભારીને પ્રસાદીના ફૂલહાર તેમને આપતા હતા. ૨૫-૨૬. સેવા કરવામાં જે જેટલી કસર રાખતા હોય તેને શ્રીહરિ જાણતા હતા અને તેમને ફૂલના હાર આપતા નહિ. ૨૭. તે દિવાળીના ચાર દિવસ સુધી જલેબી અને મોતીચૂરની રસોઈ તૈયાર થતી ત્યારે શ્રીહરિ તે સંતોને પીરસતા હતા. ૨૮. વાસુદેવનારાયણનું મંદિર ઉત્તરાદા બારનું હતું. તેની આગળના ભાગમાં ઘણી અનુપમ દીપમાળા રચીને મૂકી હતી. ૨૯.

❋ સર્વે સુખનું કારણ શ્રીહરિની મૂર્તિ છે :

જ્યારે સંધ્યા સમય થતો ત્યારે તેમાં અપાર દીવાઓ કરતા હતા. અને પરમ સુખદાયી શ્રીહરિ તે દીપમાળાને મધ્યે ઊભા રહેતા અને પછી આરતી તથા ધૂન થતા. તેમાં એટલો બધો આનંદ થતો કે જે કહી શકાતો નથી. બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામ વગેરે ભગવાનનાં ધામોમાં જેટલો આનંદ અને સુખ વર્તતાં રહે છે;

ચોપાઈ :

जिहाँ जिहाँ हरि उछव कराते, तिहाँ आनंद तेसे वरताते;
सुख सुख वरतत रहे न पारा, मगन होत हरिजन अपारा...३३
जो जो धाम में जितना जेही, सुख वरतत रहाये तेही;
सब सुख के कारण जोऊ, हरि की मूर्ति रहाये सोऊ...३४
निष्कपट निरडंभ हि जाकी, समझ रहाये दृढ कर वाकी;
तेसे संत तेसे हरिजन जेते, साचे हि कहावत हे तेते...३५

તેટલો જ આનંદ અને સુખ શ્રીહરિ જ્યાં જ્યાં ઉત્સવ કરાવતા હતા ત્યાં ત્યાં અપરંપાર વર્તતાં હતાં. અપાર સુખ સુખ અને સુખ વર્તતું, તેથી હરિભક્તો તે અપાર સુખમાં નિમગ્ન રહેતા હતા. ૩૦-૩૩. જે જે ધામમાં જેટલું કાંઈ સુખ રહ્યું છે, તે સર્વે સુખનું કારણ તો એક શ્રીહરિની મૂર્તિ જ

છે. ૩૪. આથી જેની નિષ્કપટપણે અને નિર્દંભપણે દૃઢ સમજણ હોય તેવા જેટલા સંતો અને હરિભક્તો છે, તે જ સાચા સંત હરિભક્ત કહેવાય છે. ૩૫.

સત્સંગ કરવા છતાં પણ જે જેટલાં દંભ-કપટ રાખે છે તે દંભી અને કપટી ભક્તોને સારી રીતે વર્તનારા સંતો-ભક્તો ઓળખી લે છે. જેને સાચો સત્સંગ હોય, જેમાં સત્સંગની રીત હોય અને જેને સત્સંગનો મમત્વ હોય, તે કપટી ને દંભીને ઓળખી લે છે. પરંતુ જેટલી સાચી વાત હોય તે પણ જો વિવેક વિના કહેવામાં આવે, તો તેમાંથી અતિ દુઃખ થાય છે અને તે તેટલો મૂર્ખમાં ખપે છે. ૩૬-૩૮. માટે જ્યારે દંભી-કપટી લોકોને કાંઈક કહેવાનું થાય ત્યારે જેઓ સારી રીતે બોલવાની રીતને, વિવેકને જાણતા હોય તેવા પાંચ-દસને સહાયમાં રાખીને કહેવું જોઈએ. અને જ્યારે કહેવું હોય ત્યારે એક એકને વિવેકથી કહેવું પરંતુ દસ-વીશને એક સાથે ન કહેવું તો જ કહેનારાને સુખ રહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ દરબારગઢમાં સેવા કરવાની વ્યવસ્થામાં ધ્યાન દેતા" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૬

શ્રીહરિએ ગઢપુરમાં દિવાળીના ચાર દિવસના ઉત્સવ કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે હરિચરિત્રની વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આરતી અને ધૂન થઈ રહ્યા પછી શ્રીહરિ દીપમાળામાં બેસતા હતા. ત્યારે ત્યાં સંતો, વર્ણી, સંન્યાસી અને બધા હરિભક્તો બેઠા હતા. શ્રીહરિએ ભારે સોનેરી વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૩. બુરાનપુરના હરિભક્તો જે વસ્ત્ર લાવ્યા હતા, તેને શ્રીહરિએ તેમનો મનોરથ પૂર્ણ કરવા માટે પહેર્યાં હતાં. ૪. મુક્તાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી, ગોવિંદાનંદ સ્વામી, પ્રજ્ઞાનંદ સ્વામી, નિષ્કામાનંદ સ્વામી, બંને શિવાનંદ સ્વામી,

ત્યાગાનંદ સ્વામી, જ્ઞાનાનંદ સ્વામી, હર્ષાનંદ સ્વામી, નિર્માનાનંદ સ્વામી અને નિર્વિકારાનંદ સ્વામી કે જેમને ઝાંઝ વગાડતા બહુ સારું આવડતું હતું; તે સહુ સંતો ઉત્સવ કરવા માટે બેઠા. ૫-૭.

જ્યારે શ્રીહરિ સિંહાસન ઉપર બેઠા હતા ત્યારે સંતો ઉત્સવ કરવા લાગ્યા. તેમાં મુક્તાનંદ સ્વામીએ દિવાળી ઉત્સવનાં જે પદ કર્યાં હતાં તે ગવાતાં હતાં. ૮. તે પદ સાંભળીને શ્રીહરિ એટલા ખુશ થયા જે કહી શકાતું નથી. દિવાળીની જેટલી શોભા હતી તે બધી કીર્તનની રચનામાં લાવ્યા હતા. ૯. જેવો સમય હોય તેને અનુકૂળ પદ ગવાય તો તે શ્રીહરિને ઘણાં પ્રિય લાગતાં. ધનતેરશથી લઈને અન્નકૂટ સુધીના દિવસો દિવાળીના દિવસ કહેવાય છે. પરંતુ તે તે દિવસમાં ભાવ જુદા જુદા હોય છે. ધનતેરશને દિવસે જે ધનાઢ્ય લોકો હોય છે તે રૂપિયાને દૂધમાં ધોઈને કહેલી વિધિ પ્રમાણે પૂજે છે અને જે ગાયો રાખતા હોય છે તે ધનતેરશને દિવસે ગાયોને શણગારે છે. ૧૦-૧૨.

જેને જેવી સંપત્તિ હોય તે પ્રમાણે તે પોતાની ગાયોને શણગારે છે. જ્યારે ગાયો ચરીને સાંજે પાછી આવે ત્યારે તેને ગામની બહાર ઊભી રાખે છે. ૧૩. અને પછી ગામની તે બધી ગાયોને દોડાવે છે. ગામનાં બધાં મનુષ્યો નવાં નવાં કપડાં પહેરીને તે દોડતી ગાયોને જોવા માટે જાય છે. ૧૪. શ્રીકૃષ્ણ ભગવાને ગોકુલમાં રહીને જેટલાં વર્ષ ગાયો ચરાવી હતી, તેટલાં વર્ષ તે ગાયોને ધનતેરશને દિવસે ગોકુલમાં સુંદર રીતે શણગારી હતી. ૧૫-૧૬. ભગવાન પોતાના મિત્ર ગોવાળોની સાથે ગાયોને ચારીને જ્યારે ગોકુલમાં આવતા હતા, ત્યારે સંધ્યા સમય જોઈને ઢોલ, તાંસાં આદિ વિવિધ વાજિંત્ર વગાડતા હતા. તે વખતે જુદી જુદી જાતનાં ગાયોનાં ધણ હોય, તે બબ્બેને ભેળાં કરીને દોડાવતા હતા. તેથી ગાયોના પગમાં ઝાંઝર ઝણઝણતાં હતાં. અને બધાં ગોકુલવાસીઓ નવાં નવાં વસ્ત્ર તથા ઘરેણાં પહેરીને ભાવ સહિત ભગવાનનાં તે ચરિત્રને જોવાં માટે આવતાં હતાં. તે સમયે જેટલી ગાયો હતી તે ઊંચાં પૂંછડાં કરીને દોડતી હતી. ૧૭-૨૦.

ગોકુલમાં જેટલી ગાયો હતી તે બધી ભગવાનને રાજી કરવા માટે જ જગતમાં આવી હતી. તે વાતને ભગવાન પોતે જાણતા હતા, એટલે જ પોતે તે ગાયોને ચરાવતા હતા. ૨૧. ભક્તના જેવા મનોરથ હોય છે, તેને ભગવાન પૂરા કરે છે. ભક્ત સિવાયના બીજા લોકો આવી બાબતને જાણતા નથી. ૨૨. પછી તે લોકો મનમાં જેવો ભાવ હોય, તેવું બોલતા રહે છે. જેવો ભાવ હોય તેવું તે ફળ પામે છે, ભગવાનની તો આવી વાત છે. ૨૩. કાળી ચૌદશને દિવસ જેટલા ભગવાનના ભક્ત હતા, તેમણે મહાવીર નામથી કહેવાતા હનુમાનજીની પૂજા કરી. ૨૪. તે મહાવીરની પૂજા કરવાની જેવી રીત હતી, તે પ્રમાણે શ્રીહરિએ પૂજા કરાવી. ૨૫. દિવાળીને દિવસે પણ જેવો ઉત્સવ કરવો જોઈએ તેવો ભક્તજનને રાજી કરવા માટે શ્રીહરિએ કરાવ્યો. ૨૬.

અન્નકૂટને દિવસે આ ભૂમિ ઉપર જેટલાં પકવાન બનાવાતાં હોય, તે કરાવ્યાં અને બધાં ભોજન પણ કરાવ્યાં. તે બધાંને પાત્રમાં ભરીને વાસુદેવ નારાયણની મૂર્તિની આગળ અન્નકૂટના રૂપમાં ધરાવ્યા. તેની શોભા બધાં બ્રહ્માંડની શોભા કરતાં પણ અધિક થઈ. **પ્રત્યેક બ્રહ્માંડોમાં જે શોભા હોય છે તેના કરતાં પણ શ્રીહરિ જ્યાં રહ્યા અને વિચર્યા હોય, તેની શોભા અધિક ગણાય છે. તે શોભાનું કારણ તો એક શ્રીહરિની મૂર્તિ જ છે. પાકા હરિભક્તને આવો નિશ્ચય હોય છે.** ૨૭-૩૦. **જે સહુથી શ્રેષ્ઠ આનંદ કે સુખ કહેવાય છે, તે બધું હરિભક્તોનાં અંતરમાં વર્તતું હોય છે; પરંતુ મને તે કહેતા આવડતું નથી. જેની સમજણમાં જેટલી કસર હોય છે, તેના અંતરમાં તેટલી સુખની કસર વર્તે છે.** ભગવાન શ્રીહરિ અને આ સત્સંગમાં તો સર્વોપરિ આનંદ અને સુખ રહ્યાં છે, તેનો કોઈ પાર નથી. આ રીતે જે નિર્ધાર કરીને સમજે છે, તેટલા હરિભક્તો જ પાકા છે અને તેઓ હરિભક્તોમાં ક્યારેય વિરોધ કરતા નથી. ૩૧-૩૩.

પોતે હરિભક્ત થઈને બીજા હરિભક્તની સાથે જે વિરોધ કરતા હોય છે, તે તો બાળબુદ્ધિ છે; તેમ પાકી સમજણવાળા ભક્તો માને છે. ૩૪. પોતે હરિભક્ત થઈને સત્સંગ તથા શ્રીહરિ સિવાયનાં અન્ય કોઈ પણ પદાર્થમાં

જેટલું સુખ માને છે, તે તેટલો દુઃખના માર્ગે ચાલ્યો છે. ૩૫. સત્સંગની જેવી હોવી જોઈએ તેવી સમજણ, જ્યાં સુધી નથી જાણતો ત્યાં સુધી તે બાળબુદ્ધિ છે. જે ચક્રવર્તી રાજાનો પુત્ર થયો હોય, તેના સમાન અન્ય કોઈ માણસ કહેવાય નહીં; પરંતુ તેને એની મહત્તા નહીં હોવાથી તે બાળબુદ્ધિ કહેવાય છે. ૩૬.

જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે, ત્યાં સુધી તે ચિંતામણિને પણ પથ્થરના સમાન માને છે અને તુચ્છ બાબતને માટે દુઃખી થાય છે. **જે પાકા હરિભક્ત હોય છે, તેની રીત તો કાંઈ જુદી જ હોય છે. તેઓ સત્સંગને તથા શ્રીહરિને સહુથી અધિક સમજે છે.** ૩૭-૩૮. સત્સંગી થયા પછી પણ જે લોકો વિમુખ થઈ જાય છે, તે ગમે તેવો ચતુર હોય તોપણ તે બાળબુદ્ધિ છે. ૩૯. સત્સંગી થયા પછી જે વિમુખ થઈને રહે છે અને સત્સંગનો ઉચ્છેદ કરવા ચાહે છે, તે તો દૈત્ય અને અસુરમાં ગણાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં દિવાળીના ચાર દિવસના ઉત્સવ કર્યા" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૭

અન્નકૂટનો પ્રસાદ શ્રીહરિ જમ્યા અને નિર્લોભીપણું કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે ભગવાન વાસુદેવનારાયણ અન્નકૂટ જમી રહ્યા, પછી જેટલાં ભોજન હતાં તે બધાં શ્રીહરિ તે સમયે જમ્યા. ૨. વાસુદેવનારાયણના ઓરડાની ઓસરી ઉત્તરાદા બારની છે, ત્યાં શ્રીહરિ ઉત્તર મુખે સુંદર પાટલા ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું પીતાબંર ઓઢ્યું હતું. ૩-૪. જમવા બેઠા તે પહેલાં શ્રીહરિએ સ્નાન કર્યું અને ચરણમાં ચાખડી પહેરી લીધી. ડાબે ખભે જનોઈની જેમ પીતાંબર ઓઢી લીધું. ૫. મસ્તક ઉઘાડું રાખ્યું હતું અને એક

હાથમાં સ્વચ્છ રૂમાલ લીધો હતો. આવી રીતે આવીને જ્યારે બેઠા ત્યારે મૂર્તિ ઘણી શોભતી હતી, જે કહી શકાતી નથી. ૬.

બ્રહ્મચારીઓમાં જયાનંદ વર્ણી, મુકુંદાનંદ વર્ણી, ઋષિ રણછોડ વર્ણી, વાસુદેવાનંદ વર્ણી, આનંદાનંદ વર્ણી, રાઘવાનંદ વર્ણી, વૈકુંઠાનંદ વર્ણી, નારાયણાનંદ વર્ણી, ગોપાલાનંદ વર્ણી, કેશવાનંદ વર્ણી અને વામનાનંદ વર્ણી; એ બધા વર્ણી હતા. ૭-૮. તેમના પછી પણ અપાર વર્ણી થયા હતા, તેનો કહેતાં પાર આવતો નથી. વર્ણીઓમાં કેટલાક તો શ્રીહરિ વખતના હતા અને કેટલાક તો પછી થયા હતા. ૯. સત્સંગની જેવી રીત હતી, તે બધી શ્રીહરિએ કહી છે. શ્રીહરિએ જે અનુપમ શુભ રીતિ કહી છે તે રૂપે શ્રીહરિની મૂર્તિ પ્રગટ રહી છે. ૧૦. નિષ્કપટ-નિર્દંભ સત્સંગ જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી શ્રીહરિની મૂર્તિ અખંડ પ્રગટ રહેશે. એવા સત્સંગને જોઈને વિચક્ષણ લોકો જાણશે જે, સત્સંગમાં ભગવાન પ્રગટ રહ્યા છે. જે જે રીતની વાત છે તે વર્તનથી દેખાય આવે છે. ૧૧-૧૨. જે માણસને શુભ બાબત ઉપર વેર હોય અને અશુભ બાબત ગમતી હોય તો તે માણસ અશુભ છે, તે સાક્ષાત્ દેખાઈ આવે છે. ૧૩. જેને શુભ નીતિ ગમતી હોય તે મનુષ્ય શુભ છે અને ભગવાન પણ તેની સમીપે રહે છે, તે વાતને નીતિ બતાવી દે છે. ૧૪.

જ્યારે શ્રીહરિ ભોજન જમવા બેઠા, ત્યારે અન્નકૂટનાં જે ભોજનપાત્રો ભરેલાં હતાં, તે બધાં વર્ણીઓએ શ્રીહરિની સમીપમાં મૂક્યા. તેની શોભા કહી શકાતી નથી. શ્રીહરિ તે બધાં ભોજનને અતિશય ભાવથી જમ્યા. ૧૫-૧૬. તે વખતે સર્વે સંતો આવીને શ્રીહરિનાં અતિશય ભાવથી દર્શન કરવા લાગ્યા અને શ્રીહરિની અલૌકિક રીતને દેખવા લાગ્યા. ૧૭.

चोपाई :

एक मूर्ति अनंत हि रूपा, जेंवत भये धरि परम अनूपा;
केतेक जन देखत रहेऊ, अलोकिक एसि बात हि तेऊ...१८

શ્રીહરિ જમતા હતા, ત્યારે પોતે એક જ મૂર્તિ હોવા છતાં પરમ અનુપમ અનંતરૂપે થઈ જમતા હતા. એમ કેટલાક ભક્તજનોને દર્શન થતાં હતાં.

આવી તે અલૌકિક વાત હતી. ૧૮. આવું તો શ્રીહરિમાં અપાર યોગૈશ્વર્ય રહ્યું છે. બ્રહ્મા જેવા પણ તેનો પાર પામી શકે નહિ, તો પછી મનુષ્ય ચાહે તેવો વિદ્વાન હોય તોપણ તેનો પાર ક્યાંથી પામે ? ૧૯. જેટલા સત્સંગ કરે છે તે જ ખરા વિદ્વાન છે. મનુષ્યજન્મનું ફળ એટલું જ છે કે સાચા ભાવથી સત્સંગ કરવો. ૨૦. સત્સંગ સિવાય ત્રિલોકીનું રાજ્ય મળે, તોપણ તે નિરર્થક છે. આ રીતે જે સત્સંગનો મહિમા જાણે છે ત્યારે તે સાચો વિદ્વાન કહેવાય છે. ૨૧. સત્સંગની સાચી વાતને સમજનારો રાજા જ સાચો રાજા કહેવાય છે. તેવા રાજાનું નામ જ અનંત કલ્પ સુધી રહે છે. આટલો સત્સંગ મહાન છે તે અલ્પ બુદ્ધિવાળાને દેખાતું નથી. સત્સંગને જેવી ભાવનાથી મનુષ્ય દેખે છે, તેવું ફળ તેને મળે છે. ૨૨-૨૩.

આવો આ સત્સંગ મહાન છે, તે જેનાં અપાર ભાગ્ય હોય તેને જ ઓળખાય છે. જેને અનીતિની વાત રુચતી હોય, તેને સત્સંગ રુચતો નથી. ૨૪. જે લોકોને અનીતિ ગમતી હોય તેમને ક્યારેય આ સત્સંગ ગમતો નથી, એ વાત નિશ્ચિત છે. ૨૫. સત્સંગની જેટલી વાત છે, તે અનીતિમાં રુચિવાળા લોકોને ઓળખાવી દે છે. સત્સંગ ક્યારેય તેને છૂપો રહેવા દેતો નથી. ૨૬. જે લોભી ગુરુ હોય અને લોભી રાજા હોય તે ચાહે તેવા હોય, તોપણ લોભ તેમને ચાવી જાય છે. અર્થાત્ લોભ તેમને સત્સંગને માર્ગે ચઢવા દેતો નથી. ૨૭. લોભી ગુરુ અને રાજા કરતાં અને કરોડો તોપ કરતાં લોભનું બળ સહુથી વધારે છે. ૨૮.

❋ ભગવાન સમજાણા હોય તેનાં લક્ષણ :

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ; આ પંચવિષય છે. ચાહે તેવા ગુરુ હોય કે ચાહે તેવા રાજા હોય, તોપણ તે પંચવિષયોથી જીતાઈ જાય છે. ૨૯. જે કરોડોના લશ્કરથી, કરોડો તોપથી કે બીજા કોઈપણ ઉપાયથી જીત્યામાં ન આવતા હોય તથા જે કરોડો વર્ષ સુધી લડતા રહેવાથી પણ જીતી શકાય એમ ન હોય, તે પણ પંચવિષયથી તરત જ જીતાય જાય છે. પંચવિષયો બળવાન રાજાને પણ નમાવી દે છે. અગ્નિ અને સિંહ, કરોડો ઉપાયથી પણ

જીતી શકાતા નથી; પરંતુ તેના ઉપાયને જાણનારા માટે તે જીતવા કઠિન નથી. જે ગુરુ અને રાજા, એ શબ્દાદિક પાંચ વિષયોમાં લોભાતા ન હોય તે અજિત કહેવાય છે. જે અજિત હોય તે જીતી શકાતા નથી. એવા રાજાના રાજ્યમાં સુખ રહે છે. જ્યાં અજિત ગુરુ હોય ત્યાં કલ્યાણ રહે છે, તેવા અજિત ગુરુનું જ્ઞાન સત્સંગથી થાય છે. ૩૦-૩૩.

લોભ ઘણો બળવાન શત્રુ કહેવાય છે. તે કોઈને જીત્યા વગર રહેતો નથી. પરંતુ તેવા બળવાન લોભને જીતી લે, એવા જે ગુરુ તથા રાજા હોય છે, તેઓનું વર્તન નિર્લોભી હોવાથી તે મનુષ્ય કે દેવ જેવા કહેવાય નહિ. જે રાજા ન્યાયની દૃષ્ટિએ પ્રજા પાસેથી કર લેતો હોય તે રાજા નિર્લોભી ગણાય છે. ૩૪-૩૫. ગુરુ બે પ્રકારના કહેવાય છે : એક ત્યાગી અને બીજા ગૃહસ્થ. ત્યાગી ગુરુનો માર્ગ જેવો છે, તેને દેખી દેખીને ત્યાગી ગુરુ ચાલે છે. ૩૬. અને ગૃહસ્થ ગુરુ હોય છે, તે ગૃહસ્થ ગુરુને માર્ગે ચાલે છે. તે બંને જ્યારે લોભને માર્ગે ન ચાલે, ત્યારે તેમનો મોક્ષ થાય છે. ૩૭. ગુરુમાં રહેલો લોભ તેમનામાં જેટલું દૈવત રહ્યું હોય, તેને રાત-દિવસ કાપ્યા કરે છે. ૩૮. નિર્લોભી એવા ગૃહસ્થ ગુરુની મોટપ અધિક વધે છે. નિર્લોભપણું આવો મહાન ગુણ છે. ૩૯. **જેનાં હૃદયમાં લોભ આવીને વસે છે, તે તેના નિર્લોભીપણાના વિશ્વાસનો ત્યાગ કરાવી દે છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં “અન્નકૂટનો પ્રસાદ શ્રીહરિ જમ્યા અને નિર્લોભીપણું કહ્યું” એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૮

અન્નકૂટને દિવસ શ્રીહરિએ સંતોની પંગતમાં પીરસ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વાત જેવી હોય તેવી તરત સમજવામાં આવતી નથી. કારણ કે, ચિત્ત એક સરખું રહેતું નથી. જેવું ચિત્ત વર્તતું હોય તેવું સમજાય છે. ૨. જેવો ગુણ વર્તતો હોય તેવું ચિત્ત રહે છે. ચિત્ત મોહની જાળમાં ફસાયેલું હોવાથી તેની એકસરખી રીત રહેતી નથી. ૩. ચંદ્રમા અને જેટલા તારાઓ છે, તે કોઈ સૂર્યના સમાન તેજસ્વી નથી. છતાં પણ સૂર્યનું તેજ એક સમાન કાયમ રહેતું નથી. ૪. જેવો સમય વર્તતો હોય તેવું સૂર્યનું તેજ દેખાય છે. ચાહે તેવું તેજ હોય, તોપણ સમય જતાં તે તેવું ને તેવું રહેતું નથી. ૫.

તેમ ગમે તેવો મોટો રાજા હોય અને તેણે બધી જ પૃથ્વી કબજે રાખી હોય, પોતાના રાજ્યમાં રહેલાં મનુષ્યો, પશુઓ અને વૃક્ષોને પણ પોતાના પ્રતાપે નિયમનમાં રાખ્યા હોય; પણ જ્યારે તેના શરીરમાંથી જીવ નીકળી જાય ત્યારે તેનું શરીર કેવું રહે છે ? ૬-૭. જ્યારે શરીરમાંથી જીવ નીકળી જાય છે, ત્યારે તેના બધા ઈન્દ્રિયોના દેવતાઓ તે જીવની સાથે ચાલ્યા જાય છે. પછી તો એકલું શરીર પડ્યું રહે છે, બીજું કાંઈ રહેતું નથી. ૮. સૂર્ય અસ્ત થઈ ગયા પછી જેવી જગતની સ્થિતિ રહે છે, તેવી શરીરની સ્થિતિ રહે છે. શુભ ગુરુ અને શુભ રાજા બંનેને સૂર્યના જેવા કહ્યા છે. ૯. સૂર્ય જ્યારે અસ્ત થઈ જાય છે, ત્યારે દીવો અને મશાલ કરવા પડે છે. દીવા કે મશાલમાં જેવું દિવેલ પૂરવામાં આવે છે તેવો પ્રકાશ થાય છે, દિવેલ વિના તો અંધારું રહે છે. ૧૦. રાજ્યમાં નિયમ અને કાયદાઓ દિવેલ કહેવાય છે. જે રાજાઓ જેવી રીતે નીતિ પ્રમાણે નિયમ અને કાયદાઓ ગ્રહણ કરીને પ્રજાને ચલાવે છે, તે રાજામાં તેવું દૈવત તેના વર્તન ઉપરથી ચોક્કસ દેખાય છે. તે વર્તન તેનું દૈવત બતાવી દે છે. કારણ કે, જે વર્તન છે તે એક કસોટી છે. ૧૧-૧૨.

શ્રીહરિએ જમતાં જમતાં મનમાં જે વિચારો આવ્યા, તેની આ પ્રમાણે જમ્યા ત્યાં સુધી વાત કરી. ૧૩. **જે જે વાત થતી હોય તેના હેતુને જાણ્યા સિવાય, તેનો યથાર્થ અભિપ્રાય નિપુણ માણસને પણ ક્યારેય સમજાતો નથી.** ૧૪. **વાત જેવી હોય તેવી જ્યારે સમજ્યામાં આવે, ત્યારે તે વાતને સમજી કહેવાય. સમજ્યા વિના તો રસવાળી વાતમાં પણ નીરસતા રહે છે.** ૧૫. શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા, તે વખતે સંતોની પંગત થઈ. તે પંગત પૂર્વ-પશ્ચિમ લાંબી થઈ. વાસુદેવ નારાયણના મંદિરની આગળના ભાગમાં જ્યાં દીપમાળા હતી, તે જગ્યાએ બધા સંતો પંગતમાં બેઠા. ૧૬-૧૭. દિવસ પાછલો એક પહોર બાકી હતો, ત્યારે સંતોની પંગત થઈ. સંતોએ ગંગાજળિયે કૂવેથી તૂંબડામાં પાણી ભર્યું. ૧૮. સંતો મુખથી નારાયણ ધૂન બોલતા હતા.

તે દિવસે દાદા ખાચરની રસોઈ હતી. ૧૯. તેની સાથે કેટલાક બીજા હરિભક્તોની પણ રસોઈ હતી. પછી પ્રથમ દરબાર દાદા ખાચર કેસરયુક્ત ચંદન હાથમાં લઈને આવ્યા. ૨૦. તેમણે શ્રીહરિની પૂજા કરી. ફૂલના હાર પહેરાવ્યા. પછી શ્રીહરિને પગે લાગ્યા અને ત્યાર બાદ બધા સંતોની પૂજા કરી. ૨૧. બીજા પણ જે હરિભક્તો રસોઈવાળા હતા, તેમણે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૨૨. પૂજા કરીને સહુ શ્રીહરિને પગે લાગ્યા અને તે પછી સહુ સંતોની પૂજા કરી. હરિભક્તોના દિલમાં જે ભાવ હતો, તે વર્ણવી શકાતો નથી. ૨૩. સંતોની પૂજા કરતાં કરતાં ભક્તો ફૂલના હાર પહેરાવતા હતા અને જ્યારે સહુએ પૂજા કરી લીધી ત્યારે શ્રીહરિ બોલ્યા, "લાવો, પહેલા અમે જલેબી પીરસીએ અને તે પછી બીજાં જે પકવાનો છે તે પીરસશું. ૨૪-૨૫. ત્રીસ વર્ષની અંદરના અને જેના સોળ વર્ષ થઈ ગયા હોય, એવા ભણનારા હોશિયાર સંતોએ આજ દિવસથી દરેક સમૈયામાં બધા સંતોને ભાવથી પીરસવું. ૨૬-૨૭.

❋ જેવો ભાવ હોય તેવો લાભ મળે :

સંતોની જે જે સેવા ભાવ વિના કરવામાં આવે, તેનું કાંઈ ફળ મળતું નથી. જેવો ભાવ હોય તેવું ફળ મળે છે. ૨૮. **જે ભગવાન, સંતો, વર્ણી**

અને હરિભક્તો કહેવાય છે, તે બધા કલ્પવૃક્ષ અને ચિંતામણિ કરતાં પણ વધારે કિંમતી કે મહત્ત્વના છે. ૨૯. નિષ્કપટભાવે આવું માહાત્મ્ય જેને સમજાય છે, તેના ભાગ્ય તો કહી શકાતા નથી. કેટલાક લોકો મનમાં કપટ રાખીને ઉપરથી અપાર માહાત્મ્ય કહે છે, પણ તેમનું અંતર જેવું વર્તતું હોય તેને અંતર્યામી પરમેશ્વર તો ચોક્કસ જાણે છે. પછી તેનો જેવો વાસ્તવિક ભાવ હોય તે પ્રમાણે જ તેને ફળ આપે છે. આ વાત જેવી છે તેવી મેં કહી." ૩૦-૩૧.

પછી ભણનારા જે સંતો હતા, તે બધા શ્રીહરિએ જેમ કહ્યું હતું તેમ શ્રીહરિને રાજી કરવા માટે માહાત્મ્ય સમજીને પીરસવા લાગ્યા. ૩૨. ભણનારા સંતો જલેબીના થાળ ભરી ભરીને લાવવા માંડ્યા અને શ્રીહરિ ઘણા પ્રેમભાવથી સંતોની પંક્તિમાં બંને બાજુ પીરસવા લાગ્યા. ૩૩. શ્રીહરિને પીરસવામાં અપાર ઝડપ હતી. ચાર-પાંચ સંતો પકવાનના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ તેઓ જેમ ચાલે તેમ ચાલતા હતા. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની પાછળ ચાલતા હતા. ૩૪-૩૫. કારણ કે, શ્રીહરિને શ્રમ થવાથી પરસેવો વળતો હતો. માટે વર્ણી પંખાની હવા નાખીને શ્રીહરિને થતાં પરસેવાનું નિવારણ કરતા હતા. ૩૬. જ્યારે સંતોને પીરસતાં પીરસતાં શ્રીહરિને પરસેવો વળે ત્યારે કોઈક વખત આનંદાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અથવા તો શુકાનંદ સ્વામી; તેમાંથી કોઈ એક સંત શ્રીહરિની મરજી જોઈને પંખો લઈ શ્રીહરિને પવન નાંખતા હતા. ૩૭-૩૮. **શ્રીહરિની સેવા પણ તેમની મરજીને જાણ્યા સિવાય જો કરવામાં આવતી, તો તેમાં શ્રીહરિનો રાજીપો રહેતો નહિ.** ૩૯.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "અન્નકૂટને દિવસ શ્રીહરિએ સંતોની પંગતમાં પીરસ્યું" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૨૯

પ્રબોધની ઉપર વડતાલ જવા નીકળેલા શ્રીહરિ બોટાદમાં આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિના ચરિત્રની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જેટલાં ભોજન હતાં તે બધાંને જ્યારે શ્રીહરિ પીરસી રહ્યા, ત્યારે ઘણા ખુશ થઈને સંતોને જમવાની આજ્ઞા આપી. ૨. પછી શ્રીહરિની જેવી આજ્ઞા હતી, તે પ્રમાણે સંતો શ્રીહરિને તથા તેમની આજ્ઞાને સંભારીને જમવા લાગ્યા. કારણ કે, બધો જ રસ શ્રીહરિની આજ્ઞામાં રહ્યો છે તેમ સંતો માનતા હતા, પણ ભોજનના રસમાં રસ માનતા નહિ. સર્વે સંતોને આવી એકસરખી સમજણ હતી. ૩-૪. **જે કોઈ પણ બાબત હોય, તેમાં જો સહુની એકસરખી મતિ હોય તો તે બહુ શોભે છે; પણ એક મતિ ન હોય તો કોઈ બાબત શોભતી નથી.** ૫.

જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસવાને માટે પંગતમાં ફરતા રહ્યા. શ્રીહરિ સંતોને એટલું બધું હેત દેખાડતા કે તે કહ્યું જાતું નથી. ૬. **કારણ કે, સર્વે સંતો શ્રીહરિની જેવી મરજી હોય, તે પ્રમાણે જ દૃઢતાથી વર્તતા હતા. તેને લીધે જ તે સહુ સંતોની અપાર મોટાઈ રહી હતી.** ૭. જેટલી મોટાઈ કહેવાય છે, તે બધી શ્રીહરિની મરજીમાં જ દેખાય આવે છે. જ્યારે સંતો જમી રહ્યા, ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. અડધો શ્રાવણ માસ ગયો ત્યારથી સંતો ગઢપુરમાં હતા. તે કાર્તિક માસ બેઠો ત્યાં સુધી શ્રીહરિએ તેમને પોતાની સમીપે રાખ્યા. ૮-૯. આ વખતે શ્રીહરિએ સંતોને જે સુખ આપ્યું, તેને કરોડો કલ્પ સુધી કહેતા રહીએ તોપણ તેનો પાર આવે નહીં. આટલું બધું સુખ આપ્યું હતું. ૧૦. **ભગવાન સિવાય અન્ય કોઈ વસ્તુમાં જ્યાં સુધી સાર માને છે, ત્યાં સુધી તે ભક્ત અક્ષર જેવા હોય તોપણ તેમાં બાળબુદ્ધિ વર્તે છે.** ૧૧.

તો પછી પામર જીવના તો શા લેખા ? એમ જ્યારે સમજાય તથા અક્ષર જેવા અપાર પણ અંતરમાં પોતાને ભગવાનના દાસના દાસના દાસ જાણે છે, એવું જેને જાગ્રત અવસ્થાથી લઈને સ્વપ્ન અવસ્થા સુધી સમજાતું

હોય તેના અંતરમાં ભગવાનનો વાસ રહે છે; તેમ જાણવું. ૧૨-૧૩. જે દુર્ભાગી લોકો હોય છે, તેઓ જેનામાં હેત થયું હોય તેને ભગવાન કરતાં પણ અધિક માને છે. ૧૪.

✵ સાચા ભક્તની સમજણ :

सोरठा : भगवानहु से जेहु, चाय तेसे गुणवंत हि;
कबहु न देखे तेहु, साचे संत हरिजन यह...१५
जब जब जो भगवान, प्रगट विचरत रहे जेहु;
ताके दृढ रहे ज्ञान, चाय तेसे संग करहि...१६

चोपाई :

भगवान बिन अक्षर लग ताकू, भगवान सम न मानत वाकू;
ऐसे संत हरिजन हि ताके, संग करना निश दिन हि वाके...१७

કોઈ ચાહે તેટલા ગુણવાન હોય, તોપણ તેને ક્યારેય ભગવાનથી અધિક ન દેખે, તે સંતો-હરિભક્તો સાચા છે. ૧૫. જ્યારે જ્યારે ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ વિચરણ કરતા હોય, ત્યારે તેમના સ્વરૂપનું જેને દૃઢ જ્ઞાન થયું હોય એવા ભક્તો, ગમે તેવો સંગ કરે તોપણ ભગવાન સિવાય અક્ષર પર્યંત કોઈને ભગવાન તુલ્ય માનતા નથી. આવા જે સંતો અને હરિભક્તો હોય છે, તેનો સમાગમ રાત-દિવસ કરવો જોઈએ. ૧૬-૧૭. અજ્ઞાની લોકો જેમાં પોતાને હેત થાય છે, તેને મન કર્મે કરીને ભગવાન કરતાં પણ અધિક માને છે અને ત્યાં સુધી તેનું કલ્યાણ થતું નથી તેમ દેખાય છે. ભગવાન સમાન તો એક ભગવાન જ છે, આવું જ્યારે સમજાશે ત્યારે તેનો મોક્ષ થશે. જ્યારે ભગવાન કરતાં કોઈને અધિક ન દેખે, ત્યારે તે પૂરો ભક્ત કહેવાય છે. ૧૮-૨૦. શ્રીહરિ ગઢપુરમાં હતા, ત્યારે આ રીતની બહુ વાતો કહેતા હતા. તે વાતોનું જેવી રીતે શ્રવણ-મનન કર્યું હોય, તેવી રીતે તે જ્યારે સંભારે ત્યારે ઉપયોગમાં આવે છે. **ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ રોજનો અભ્યાસ રાખ્યા વિના કોઈ વાત સિદ્ધ થાતી નથી.** ૨૧-૨૨.

✵ મનનાદિ વિનાનું શ્રવણ વ્યર્થ છે :

કરોડ વર્ષ સુધી ભગવાનનાં ચરિત્રને દેખ્યા હોય અને કરોડ વર્ષ

સુધી ભગવાનની વાતને સાંભળી હોય, પણ તેનું મનન અને નિદિધ્યાસ કર્યા વિના તે દર્શન કે શ્રવણ ક્યારેય સિદ્ધ થાતું નથી. કરોડ વર્ષ સુધી શ્રવણ કરે, તોપણ નિત્ય મનન અને નિદિધ્યાસ સિવાય તે ક્યારેય સિદ્ધ થતું નથી. તે તો માત્ર તેનું શ્રવણ કર્યું કહેવાય. બધાં જ સાધનોમાં શ્રવણ કરવું તે પ્રથમ સાધન છે. ૨૩-૨૫.

दोहा : साधन जितने तिनकेउ, मूर श्रवण रहेउ;
मनन करत जिस रीत्य के, फल मिलत रहे तेउ...२६

सोरठा : श्रवण से मनन ताकि, किमत अधिक रहेउ तेहि;
मनन करे से वाकि, नित्य अभ्यास तिनकी जोउ...२७
किमत अधिक रहाय, नित्य अभ्यास तिनसे जोउ;
सिद्ध होत रहे ताय, ताकी किमत सब पर रहे...२८

જેટલાં સાધન છે, તે બધાંનું મૂળ શ્રવણ છે. પછી તે શ્રવણનું જે રીતે મનન કર્યું હોય, તે રીતે તેનું ફળ મળે છે. ૨૬. શ્રવણ કરતાં મનનની કિંમત વધારે છે અને મનન કરતાં પણ નિદિધ્યાસની કિંમત વધારે છે. તે નિદિધ્યાસથી જે વાત સિદ્ધ થઈ જાય, તેની કિંમત સહુથી વધુ છે. ૨૭-૨૮. શ્રીહરિ એવી વાતો અમાપરૂપમાં કહેતા હતા.

પછી કાર્તિક સુદિ બીજને દિવસ સહુ સંતોને જમાડ્યા. ત્યાર બાદ સંતો, વર્ણી અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિ ઘણી પ્રસન્નતાથી ચાલતા થયા. કારણ કે, શ્રીહરિને વડતાલમાં પ્રબોધની એકાદશીનો સમૈયો કરવાનો હતો. ૨૯-૩૦. વડતાલમાં તૈયાર થયેલા મંદિરમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવને નિશ્ચિતરૂપમાં પધરાવવાના હતા. જ્યારે ગઢપુરથી ચાલતા થયા, ત્યારે પહેલા **બોટાદ** ગામ આવ્યા. ૩૧. બોટાદના ગામધણી દરબાર દાહા ખાચર સારા હરિભક્ત હતા. તે ઘણા ભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમને શ્રીહરિ ઉપર ઘણો પ્રેમભાવ હતો. ૩૨. ગામમાં જેટલાં બાઈ-ભાઈ હરિભક્ત હતાં, તે બધાં હરખથી શ્રીહરિની સન્મુખ આવ્યાં અને સહુ શ્રીહરિનાં ચરણમાં નમી પડ્યાં. ૩૩. સહુ એક એક શ્રીફળ લાવ્યાં હતાં, તે શ્રીહરિની આગળ ભેટ મૂક્યા. તે સહુ હરિભક્તોનાં મન ખૂબ રાજી રાજી થઈ ગયા. ૩૪.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. જે ભક્તો દર્શન કરતા હતા, તે દર્શનથી તૃપ્ત થતા ન હતા. ૩૫. શ્રીહરિની મૂર્તિમાં એવી શોભા રહી હતી કે, તેની આગળ બીજી બધી શોભા સહેજે જ ઝાંખી થઈ જતી હતી. એવી શોભા મૂર્તિમાં દેખાતી હતી. ૩૬. શ્રીહરિ બોટાદમાં આવ્યા, ત્યારે તેમની આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં અને ગામમાં અપાર શોભા થઈ હતી. ૩૭. જ્યારે દિવસ બે ઘડી બાકી હતો, ત્યારે શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા. ગામમાં જે અગણિત મનુષ્ય હતા, તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે રાજબજારમાં આવીને ઊભા હતા અને તે બધા જય જયકાર કરતા હતા. ૩૮-૩૯. દાહા ખાચરે પોતાના દરબારગઢમાં અતિશય ભક્તિભાવથી શ્રીહરિને પધરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "પ્રબોધની ઉપર વડતાલ જવા નીકળેલા શ્રીહરિ બોટાદમાં આવ્યા" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૦

દાહા ખાચરના દરબારમાં શ્રીહરિ પધાર્યા અને ભક્તોએ સેવા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. બોટાદમાં દાહા ખાચરના જે ઉગમણા બારના ઓરડાઓ છે, તેની એક ઓસરી ઉગમણી તરફ હતી અને બીજી તેવી જ ઓસરી આથમણી બાજુએ હતી. આ રીતે બંને બાજુ ઓસરીવાળા તે ઓરડાઓ હતા. ૨-૩. તે ઉમગણાબારની ઓસરીના આગળના ભાગમાં ઘણો વિશાળ ચોક હતો. તે ચોકની વચ્ચે ચોતરો હતો. તેના ઉપર પલંગ બિછાવેલો હતો. શ્રીહરિ તેના ઉપર આવીને વિરાજમાન થયા. પછી ત્યાં સંતો અને હરિભક્તોની સભા થઈ. ૪-૫. પછી જે સંતો હાજર હતા તે મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી રચિત ગરબી તથા ગોડીનાં પદ ગાવા લાગ્યા. 'આજની ઘડી રે ધન્ય આજની ઘડી...' તથા

'ફૂલના પેરી રે જામા ફૂલના પેરી...' એ પદ સંતોએ ગાયાં. જ્યારે સૂર્ય અસ્ત થયો, ત્યારે તરત જ બે મશાલો થઈ. ૬-૭.

પછી સંતોએ આરતી અને ધૂન કરી. પછી સ્તુતિના શ્લોકો બોલ્યા. ભગા શેઠ આદિ જે ગામના હરિભક્તો હતા, તે બધા સંતોની સેવા કરવા લાગ્યા. જેના દિલમાં જેવો ભાવ હતો અને જે રીતનું માહાત્મ્ય સમજતા હતા, તે સેવા કરવામાં દેખાતું હતું. ૮-૯. ઝાઝું ધન કમાવવાને માટે માણસને રાત-દિવસ કેવો આદર રહે છે ? અને જમીનને કબજે કરવા માટે તો અનેક રાજાઓ મૃત્યુ પામ્યા છે, પણ તે ધન કે જમીન કોઈની સાથે લગાર પણ ગયાં નથી. છતાં તેને માટે તો ગણે પાર ન આવે એટલાં બધાં માથાં કપાયેલાં છે. ૧૦-૧૧. આ બધું પ્રત્યક્ષ દેખાય છે. બધાના શરીર અહીં પડ્યા રહે છે અને શરીર સંબંધી સર્વે પદાર્થમાત્ર પણ આ જગતમાં જ પડ્યા રહે છે, પણ જીવની સાથે એકપણ વસ્તુ જતી નથી. છતાં જીવનું ચિત્ત તે બધામાં મજબૂતપણે ચોંટીને પ્રવેશી જાય છે. ૧૨-૧૩.

ભગવાન, ભગવાનના સંતો-હરિભક્તો તથા સત્સંગ સિવાયના બધા જીવને તે વાસના સંસારમાં ભટકાવે છે. ૧૪. ગમે તેવો ચતુર માણસ હોય, તોપણ જો તે સંસારને વિશે ભટકાવનારામાં લાભ માને છે; તો તેને આ મનુષ્યશરીર મળ્યું તે ન મળ્યા જેવું છે. ૧૫. કોઈ વેદ અને પુરાણોને ભણે, છતાં જો તે સત્સંગ ન કરે તો કરોડો કલ્પે પણ તેનો ક્યારેય મોક્ષ થતો નથી. ૧૬. ભગવાન, સંતો, હરિભક્તો અને સત્સંગ - આ ચાર મોક્ષનાં સુદૃઢ દ્વાર છે. તે સિવાયના અન્યને જે મોક્ષનાં દ્વાર માને છે, તે બધા તો અજ્ઞાનના અંધારામાં ખપે છે. કોઈ માણસ ગમે તેટલો ભણેલો કહેવાતો હોય, અનેક પ્રકારની વિદ્યાવાળો હોય, વળી ગમે તેટલો બુદ્ધિમાન હોય, અનંત બ્રહ્માંડોનું રાજ્ય કરે, કરોડો કલ્પ સુધી રોજ કરોડો ગાયોનું કોઈ દાન કરે, કરોડો કલ્પ સુધી રોજ મેરુના જેટલું સોનું બ્રાહ્મણોને દાનમાં આપે તથા નિરંતર કરોડો યજ્ઞને કરે; **આટલાં બધાં સાધનો કરવાં કરતાં સત્સંગ કરવો તે સહુથી અધિક છે. સત્સંગનું આવું મહત્ત્વ છે. એમ સમજીને જ્યારે સત્સંગ કરે, ત્યારે તેનો સત્સંગ પાકો થાય છે.** ૧૭-૨૧.

આવી સમજણ વિનાનો જે સત્સંગ હોય છે, તે તો ખરેખર પાયા વિનાનો છે. જે બાળબુદ્ધિ રાખીને સત્સંગ કરે છે, તેને સત્સંગનું સુખ આવતું નથી. ૨૨. આવી વાત શ્રીહરિ કરતા હતા. શ્રીહરિ કોઈક દિવસ તો ક્યારેય ન સાંભળી હોય એવી વાતો સભામાં કરતા હતા. કોઈક દિવસ તો આવી વાતો કરતાં કરતાં શ્રીહરિ અલૌકિકપણે દેખાય આવતા હતા. ૨૩. તે વખતે શ્રીહરિનું સ્વરૂપ જેના ચિત્તમાં ચોંટી જતું હતું, તે સંસારના પારને પામી જતા હતા.

❋ સાચી સમજણવાળો ક્યારેય દુઃખી ન થાય :

આ જગતમાં જે લોકો ધનથી સુખ માને છે, તે બધા તો દુઃખને માર્ગે ચાલ્યા છે. ૨૪.

दोहा : पदार्थ कर जिहाँ लग जो, सुख मानत हि रहेउ;
तितना दुःख के सिंधु में, डुबत रहाये तेउ...२५
साचे संत तिनकी जेहु, समझ हि दृढ रहाय;
पदार्थ हित कोउ दिन ही, दीन न होत हि ताय...२६

તેમજ પદાર્થોને લીધે જ્યાં સુધી સુખ માને છે, ત્યાં સુધી તે દુઃખના સાગરમાં ડૂબી રહ્યા છે. ૨૫. સાચા સંતોની સમજણ દઢ હોય છે. તેઓ પદાર્થને માટે કોઈ દિવસ ક્યારેય દીન થઈ જતા નથી. ૨૬. જે ભક્ત કે સંત પદાર્થને માટે જેટલો વિક્ષેપ કરે છે, તેટલું તેનું ચિત્ત સત્સંગમાં ચોંટતું નથી. ૨૭.

અરે ! સત્સંગ કરવાનો હેતુ જ એટલો છે કે, કોઈ પદાર્થે કરીને ક્યારેય ભગવાન ભજવામાં વિક્ષેપ ન થાય. ૨૮. જે પ્રકારે વિક્ષેપ ન થાય એવી વાત વારંવાર થતી રહે અને તે વાતોમાં જ્યારે અપાર સુખ દેખાય, ત્યારે તેને પારાવાર સુખ રહે છે. એવું વાતમાં અપાર સુખ રહ્યું છે. સુખના માર્ગમાં અપાર સુખ રહ્યું છે. ૨૯-૩૦. દુઃખના માર્ગમાં દુઃખ ભર્યું છે, તેનો કહ્યે પાર આવતો નથી. **ભગવાન, સંતો અને હરિભક્તોને જ સત્સંગ કહેવાય છે. ભગવાન સંબંધી જે ધર્મ છે તે સર્વોપરિ ધર્મ છે. તેમજ ભગવાન સંબંધી જે જે વાત હોય છે, તે પણ સર્વોપરિ વાત કહેવાય છે.** ૩૧-૩૨.

જે સત્ય વસ્તુનું પ્રતિપાદન કરતા હોય છે, તે જ સચ્છાસ્ત્ર કહેવાય છે. ભગવાન સિવાય બીજાને જે અધિક કહે છે, તેને પણ અસચ્છાસ્ત્ર કહેવાય છે. તે અસચ્છાસ્ત્રપણું તેમાં કરાયેલા પ્રતિપાદનમાં દેખાય આવે છે. જે વ્યવસ્થિત રીતે સન્માર્ગમાં ચાલે છે, તેટલા હરિભક્તો અને સંતો સર્વથી શ્રેષ્ઠપણે પંકાય છે. ૩૩-૩૪. જેટલું અસન્માર્ગે ચલાય છે, તે બધો સત્સંગમાં કુસંગ દેખવો. જે માર્ગ વાંકો ચૂકો હોય તે સૂર્યથી દેખી શકાય છે. ૩૫. જેને આંખો હોય છે તે તેવા માર્ગને જુએ છે, પણ આંખો વગરના તેને દેખી શકતા નથી. આંખ વગરનાને તે માર્ગને જોવાનું જે કહેવું તે તો 'ઠાલું નીર વલોવ્યા' જેવું છે. ૩૬.

જે નિર્દોષ માર્ગ હોય છે તે જ સુખનો માર્ગ છે. મનુષ્ય લોભે કરીને દોષોમાં પણ ગુણ દેખે છે. ૩૭. જેમાં જેને હેત થાય છે, તે તેમાં રહેલા દોષોને પણ હેતને લીધે ગુણોના રૂપમાં દેખે છે. ૩૮. ઋષભદેવના પુત્ર ભરતજીની વાતને જુઓને ! જ્યારે તેમણે ભગવાનમાં અતિશય સુખ દેખ્યું ત્યારે રાજ્યનો ત્યાગ કર્યો. ૩૯. તેમણે ભગવાન સિવાયની સોનેરી મહેલાત તથા બધી સોનાની ભૂમિ વગેરે સુખ નાશવંત દેખ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "દાહા ખાચરના દરબારમાં શ્રીહરિ પધાર્યા અને ભક્તોએ સેવા કરી" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૧

શ્રીહરિ બોટાદથી જાળિલા આવ્યા અને હિમરાજ શાહની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ વાતો કરતા હતા, તેટલી વારમાં ખીચડીની રસોઈ તૈયાર થઈ ગઈ. ત્યારે ચોકમાં સંતોની પંગત કરાવી. ખીચડી હજી ગરમ હતી. શ્રીહરિ તે પીરસવા લાગ્યા, તે સમયે પોતે ઓસરી ઉપર બેઠા હતા. ૨-૩. **જ્યારે જે રીતના**

દેશ-કાળ વર્તતા હોય, ત્યારે શ્રીહરિ તેને જાણીને તે રીતે પોતે વર્તતા હતા. ૪. શ્રીહરિ બાજોઠ ઉપર બેઠા બેઠા સંતોનાં કાષ્ઠનાં પાત્રને હાથમાં લઈને તે ભરી ભરીને સંતોને પીરસતા હતા. ૫. જ્યારે પાત્ર તપી જતું હતું, ત્યારે પાત્રને શ્રીહરિ બદલી નાંખતા હતા. આ રીતે શ્રીહરિએ બધા સંતોને ખીચડી પીરસી. ૬. મગ તથા ચોખાની ખીચડી કરી હતી. તેમાં ઘી નાખ્યું હતું તે સુગંધને કારણે જણાતું હતું. એક વખત ખીચડી આપ્યા પછી જેને ફરીવાર જોઈતી હોય, તેને સંતો પીરસતા હતા. ૭. બધા સંતો તે વખતે ઘણા ભાવથી ખીચડી જમ્યા. જ્યારે વર્ણીએ રસોઈ તૈયાર કરી, ત્યારે શ્રીહરિ પણ જમ્યા. ૮.

બોટાદમાં રાત રોકાઈને પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા અને **ખસ** ગામ આવ્યા. ત્યાં સુતાર હરિભક્ત હતા અને બીજા પણ જેટલા હરિભક્ત હતા, તે સહુને દર્શન દીધાં. ૯. ત્યાંથી શ્રીહરિ **બગડ** ગામ આવ્યા. ત્યાં કાઠી હરિભક્ત તથા બીજા પણ જે હરિભક્ત હતા, તે સહુને દર્શન દીધાં. ૧૦. પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા, તે **જાળિલા** ગામ આવ્યા. ત્યાં પાસે પાસે ચાર-પાંચ વાડીના કૂવા હતા. ૧૧. દસ-વીશ બાવળ અને બે-ત્રણ પીપરની સુંદર છાંયા હતી. ત્યાં બધા ઘોડા-બળદને પાણી પાયું. ૧૨. જેટલા કૂવા હતા તે બધા ઉપર કોશ ચાલતા હતા. કૂવામાં પાણી ઘણું સ્વચ્છ અને ઉપર હતું. ૧૩. ત્યાં સહુ સંતો અને હરિભક્તોએ સ્નાન કર્યું. સહુએ તિલક-ચાંદલો કર્યો અને સહુની પાસે શ્રીહરિની ચિત્રમૂર્તિઓ બે-ત્રણ કે ચાર જેટલી હતી, તેની બધા પૂજા કરતા હતા. ૧૪-૧૫.

હરિભક્તો પૂજા કરવા બેઠા હતા, ત્યાં શ્રીહરિએ જઈને દર્શન દીધાં. દર્શન કરીને સહુ રાજી થયા. ૧૬. શ્રીહરિની મૂર્તિ જે પ્રગટ વિરાજમાન હતી, તેને અંતરમાં ધારીને સહુ માનસી પૂજા કરવા લાગ્યા. ૧૭. દેશે દેશ અને ગામે ગામ જે બાઈ-ભાઈ હરિભક્ત હતા, તે સહુ સવારના પહોરમાં સ્નાન કરીને મુખથી શ્રીહરિનું નામ ઉચ્ચારતા હતા. ૧૮. આ સત્સંગમાં જેવી રીત છે, તેવી કોઈ બ્રહ્માંડમાં નથી. માયિક મનુષ્યો ચાહે તેવા ભણેલા

કહેવાતા હોય, પણ તેમને સત્સંગની રીતમાં ચાલવું ઘણું કઠણ પડે છે. કોઈ ભણેલા ગુરુ હોય તોપણ શું થયું ? કરોડોની સંખ્યામાં ધન મળતું હોય તોપણ શું ? ૧૯-૨૦. કોઈ આકાશ તથા પાતાળમાં ગતિ કરે, એક જ દિવસમાં ધારે ત્યાં જાય, કોઈ પણ દેશમાં જે કાંઈ વાત થતી હોય તેને નિત્ય જાણી લે અને અનેક પ્રકારના અપાર હુન્નર(હોશિયારી) કરતા હોય; છતાં તે બધાને સત્સંગની રીતમાં ચાલવું ઘણું કઠણ પડે છે. ૨૧-૨૨.

રાજ્ય અને ધનને માટે તો સંભળાય છે કે કેટલાય લોકો માથાં કપાવે છે. કેટલાક તો તોપની સામે ચાલે છે, ક્યારેય તલભાર પણ ડરતા નથી. ૨૩. તે રાજ્ય અને ધન કરતાં સત્સંગની મોટાઈ અપાર છે. એમ જાણનારા અપાર ચક્રવર્તી રાજાઓ સત્સંગના માર્ગે ચાલ્યા છે. તેઓએ ત્રિલોકીના રાજ્યને અત્યંત અસત્ય જાણ્યું હતું. ૨૪-૨૫. ચાહે તેવું કાંઈ પ્રિય હોય પણ જ્યારે તે મિથ્યા જણાય છે, ત્યારે તેમાં લગાર પણ ચિત્ત ચોંટતું નથી, તે વાત નક્કી છે. ૨૬. જે વાતમાં ઘણો સાર મનાય છે, તેનો લગાર પણ ત્યાગ થઈ શકતો નથી. એવો જ બધો જન સમાજ છે. ૨૭.

❋ પ્રભુમાં સાર માને તો અસત્ય છૂટે :

सोरठा : सार हि जितना जेउ, सरवोपरि रहेउ जेहि;
भगवान में रहेउ, एसे देखे आत जब...२८

चोपाई :

भगवान बिन असत रहे जेता, त्याग करत रहे सहज हि तेता;
असत जाने बिन होत न त्यागा, जामें जिनकु रहे अनुरागा...२९

જેટલો સર્વોપરિ સાર કહેવાય છે, તે બધો જ્યારે ભગવાનમાં જ રહ્યો છે; એમ દેખાય ત્યારે ભગવાન સિવાયનું જેટલું અસત્ય છે તેનો સહેજે ત્યાગ કરી શકાય છે. જેમાં જેને આસક્તિ હોય, તેને અસત્ય જાણ્યા વિના તેનો ત્યાગ થઈ શકતો નથી. ૨૮-૨૯. જેટલી જાતનાં વ્યસન છે, તેમાં કોઈ જાતની મોટપ રહી નથી. પણ જ્યાં સુધી તે વ્યસનમાં સાર મનાય છે, ત્યાં સુધી ક્યારેય તેનો ત્યાગ થઈ શકતો નથી. સત્સંગ કરતાં કરતાં

જ્યારે જેને પૂરો સત્સંગ થાય છે, ત્યારે તે સત્સંગ સિવાય બીજા ચાહે તેટલા મોટા હોય, તોપણ તેને સત્સંગથી અધિક માનતા નથી. સત્સંગ કર્યા પછી પણ જે સત્સંગનો ત્યાગ કરી દે છે, તે તો બાળબુદ્ધિના છે. સત્સંગની આવી સમજણ છે. સુંદરિયાણા ગામમાં હિમરાજ શાહ નામે એક વણિક રહેતા હતા. ૩૦-૩૩.

તેઓ સત્સંગ થયા પહેલાં સમર્પણી વૈષ્ણવ હતા. તેઓ ગોકુલ, મથુરા, કાંકરોલી તથા શ્રીનાથજી પણ ગયા હતા. ૩૪. રોજ ગંગાજળનું પાન કરતાં અને વૈષ્ણવોમાં મુખ્ય ગણાતા. ધંધુકાના વૈષ્ણવોમાં તેઓ પ્રસિદ્ધ હતા. ૩૫. વૈષ્ણવોની ઢબે પૂજા-સેવાની રીતને પણ સાચો ભાવ રાખીને કરતા હતા, તેના ભાવને અંતર્યામી જાણતા હતા. ૩૬. વના શાહ, પૂંજા શાહ અને જેઠા શાહ - એ ત્રણ હિમરાજ શાહના પુત્ર હતા અને ભગા શાહ નામે તેના ભાઈના દીકરા ભત્રીજા હતા. તે બધા વૈષ્ણવોની રીત કરતાં આ સત્સંગની રીત કરોડગણી વધારે સારી છે, તેમ નિશ્ચિત દેખતા હતા. વીશ અને નવ પ્રકારનાં નિયમોને દૃઢપણે કરીને રાખનારા તેઓ સાચા વૈષ્ણવ હતા. નિયમ વિનાના વૈષ્ણવો તો ઠગ ગણાય છે. ૩૭-૩૯. જ્યારે ગુરુ પોતે નિયમ રાખે અને પછી નિયમ રાખવાની વાતો કરે, ત્યારે શિષ્યો તે નિયમો રાખે છે. ૪૦. ગુરુમાં જેવા ગુણ વર્તતા હોય, તેવા ગુણ શિષ્યોમાં ચોક્કસ વર્તે છે. ૪૧. જે સાચા ગૃહસ્થ ગુરુ હોય છે, તે તેની રીતમાં રહે છે. તેઓ ક્યારેય પરસ્ત્રીનો પ્રસંગ રાખતા નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિ બોટાદથી આગળ જતા જાળિલા આવ્યા અને હિમરાજ શાહની વાત કહી" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૨

શ્રીહરિ જાળિલાથી સુંદરિયાણા થઈ આગળ જતાં અણિયાળીમાં રાત રોકાયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વના શાહ પ્રથમ સત્સંગી થયા. સત્સંગની વાત સાંભળીને તેમને તરત જ રંગ ચઢી ગયો. ૨. તેમણે વીશ અને નવ, એ બધા નિયમ સત્સંગમાં જોયા અને સંતોમાં તો તેના કરતાં પણ અધિક નિયમ દેખ્યા. ૩. જ્યાં અસત્ય બાબતનો ત્યાગ હોય અને સત્ય વાતનું ગ્રહણ કરાતું હોય, એવી રીત જ્યાં વર્તતી હોય ત્યાં સત્સંગ રહે છે. અને જ્યાં સત્સંગ હોય છે ત્યાં ભગવાનની વાત અહોનિશ થતી રહે છે. ૪-૫. તેમજ ત્યાં ભગવાનનાં કથા-કીર્તન ઘણા ભાવથી થતાં રહે છે. જેના અંતરમાં ભગવાનની પ્રસન્નતા માટેના જ ભાવ રહ્યા હોય અને પોતાની મોટાઈ વધે તે માટેની એક પણ વાત ન હોય, તેનું નામ સાચો સત્સંગ થયો કહેવાય. આવી વાત તો અપાર રહી છે. ૬-૭.

કરોડો કલ્પ સુધી સત્સંગની વાત કહેતાં અક્ષર સુધી કોઈ પણ તેના પારને પામી શકતા નથી, સત્સંગની વાત એવી અપાર છે. ૮. **જ્યારે જ્યારે મહારાજ સત્સંગની વાત કરતા ત્યારે ત્યારે તે નવી ને નવી જણાતી. શ્રીહરિની વાતો ગંગાના પ્રવાહની જેમ હંમેશાં નવી ને નવી રહે છે.** ૯. આપણે પણ સત્સંગની જેટલી વાત છે, તે નવી ને નવી જ રહે તે રીતે સત્સંગની વાતનો અભ્યાસ કરવો જોઈએ. પણ એ રીતે જે અભ્યાસ નથી કરતા, તેને તો સત્સંગની વાત સામાન્ય જ દેખાય છે. તે હરિભક્ત અભ્યાસ વિના સત્સંગમાં આગળ વધતા નથી. ૧૦-૧૧. જે જેટલો સત્સંગનો અભ્યાસ કરે છે, તે તેટલો સત્સંગના માર્ગે આગળ વધે છે. પ્રહ્લાદજીએ તેવો અભ્યાસ પ્રતિદિન કર્યો હતો. તેના પિતાએ તેને જેટલું દુઃખ દીધું, તેટલું પ્રહ્લાદજીએ પોતાના શરીરને અસત્ય માન્યું. સત્સંગ, જીવ અને ભગવાન - એ ત્રણને સત્ય માન્યા. ૧૨-૧૩. **સત્સંગનો પાયો ત્યારે પાકો કહેવાય કે જ્યારે અસત્ય બાબતમાં મન ક્યારેય સ્વપ્નમાં પણ ચોંટે નહિ.** ૧૪.

જેમાં અતિશય દુઃખ રહ્યું છે, એવી ભગવાન સિવાયની બાબતો જ્યારે સ્વપ્નમાં દેખાય, ત્યારે તેમાં પણ પ્રીતિ ન કરે - આવી સત્સંગની રીત રહી છે. જેણે જેણે આવી રીતે સમજીને સત્સંગ કર્યો છે, તે સહુએ અસત્યના પ્રસંગનો મળની જેમ ત્યાગ કર્યો છે. ૧૫-૧૬. મળને ચાહે તેટલું દુઃખ લાગે, તોપણ કોઈ તેને ગ્રહણ કરતું નથી. સમજણ વિના જે સત્સંગથી દૂર ભાગતા રહે છે, તે રાજી થાય કે ખીજાય, તેનાથી શું થવાનું છે ? તે કાંઈ જન્મ ને મૃત્યુથી છોડાવતા નથી. જે જન્મ અને મૃત્યુથી છોડાવે, એવી વાતને જ ખરી વાત કહેવાય. ૧૭-૧૮. એવી વાત એક સત્સંગમાં અત્યારે પ્રગટ રહી છે. સત્સંગ વિના જેટલા મત છે, તે બધામાં પ્રાયઃ અધર્મ પ્રવેશ કરી ગયો છે. ૧૯. જ્યાં અધર્મ હોય છે, ત્યાં નિયમ કે એકપણ કાયદો નથી રહેતા. સહુ મન ફાવે તેમ વર્તતા હોય, ત્યાં ભગવાન રહેતા નથી. ૨૦.

જે ભગવાન અથવા ભગવાનની સમીપના નિવાસી મુક્તો હોય છે, તે ભગવાનની આજ્ઞાએ કરીને ભૂમિ ઉપર આવે છે. ૨૧. જે રીતે અપાર જીવોનો પ્રસિદ્ધ મોક્ષ થાય, એવા નિયમોને તેઓ જાણતા હોય છે. તે ભગવાન કરતાં ક્યારેય બીજા કોઈને અધિક માનતા નથી. તેમણે જેટલા નિયમો શાસ્ત્રમાં લખ્યા હોય છે, તે પ્રમાણે વર્તવામાં જ જીવનું કલ્યાણ રહ્યું છે. તે નિયમ વગર વર્તવામાં તો અનેક પ્રકારનાં દુઃખ જ રહ્યાં છે. ૨૨-૨૩. સુંદરિયાણાના વના શાહ આવી સમજણ રાખીને સત્સંગ કરતા હતા. તેમણે પોતાના ભાઈઓ અને પિતાજી આગળ ભગવાનની વાતો કરીને, તે સહુને પણ દૃઢતાથી સત્સંગ કરાવ્યો હતો. સત્સંગ કરવામાં જેટલા વિઘ્ન કરનારા હોય, તે પણ તેમને બતાવી દીધા હતા. ૨૪-૨૫.

સત્સંગની જેટલી વાત છે, તે બધી અમૃત સમાન છે. તે અમૃતમય વાત જેને રુચતી ન હોય, તે કાંઈ મનુષ્ય કહેવાય નહિ. સ્વાભાવિક રીતે કૂતરાં મનુષ્યને દેખીને ભસે છે, પણ મનુષ્ય ક્યારેય તેનો અવગુણ લેતા નથી. ૨૬-૨૭. **જેને વિવેકરૂપી નેત્ર હોય છે, તેને સત્સંગરૂપી સૂર્યે કરીને જે માણસ જેવા પ્રકારનો હોય તે દેખાય આવે છે.** ૨૮. સુંદરિયાણા ગામના જેટલા હરિભક્ત હતા, તે બધા શ્રીહરિ જ્યાં બેઠા હતા ત્યાં આવ્યા. સહુનાં

હૃદયમાં જે હરખ ભર્યો હતો, તે કહી શકાતો નથી. ૨૯. સહુ એક એક શ્રીફળ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ મૂક્યાં. દર્શન કરીને અતિશય રાજી થયા અને તેમણે શ્રીહરિને કહ્યું : "અમે રસોઈનો સામાન અહીં ભેળો કર્યો છે, તો કંસાર કરીને સહુ જમો. કરોડો યજ્ઞ કરવામાં આવે, તોપણ તેને આવો અવસર મળતો નથી." ૩૦-૩૧.

પછી શ્રીહરિ તે હરિભક્તોનો ભાવ જોઈ **સુંદરિયાણા** ગામમાં પધાર્યા. પછી ભક્તોની જેવી ભાવના હતી, તે બધી ત્યાં આવીને પૂરી કરી. ૩૨. બધો સંઘ જમીને અણિયાળી ગામ ગયો અને ત્યાં મુકામ કર્યો. શ્રીહરિ **વાગડ** ગામ જઈ ત્યાંના હરિભક્તોને દર્શન દીધાં. ૩૩. વાગડમાં ગરાસિયા હરિભક્ત હતા, તે સહુ શ્રીહરિની સાથે આવ્યા. તેથી ચાલીસથી પચાસ જેટલા અશ્વ શ્રીહરિની સાથે થઈ ગયા હતા. ૩૪. પછી શ્રીહરિ પણ **અણિયાળી** ગામ આવ્યા. ત્યાં પૂંજા શેઠ હરિભક્ત હતા, તે અને ગામના બીજા બધા હરિભક્તો શ્રીહરિની સામે આવ્યા. ૩૫.

જ્યારે સહુને શ્રીહરિનાં દર્શન થયાં, ત્યારે તેઓ મનમાં ખૂબ જ ખુશ થયા. સહુએ એક એક શ્રીફળ શ્રીહરિને સમર્પણ કર્યું. ૩૬. શ્રીહરિ ત્યાં ગામની બહાર રાત રહ્યા. તળાવથી પૂર્વ દિશામાં ગામના હરિભક્તો રહેતા હતા. ૩૭. **તે બધા હરિભક્તોએ શ્રીહરિને પ્રસન્ન કરવા માટે ખૂબ જ સેવા કરી. કારણ કે, આવો સમય ફરી ફરીને આવતો નથી, તેમ તેઓ જાણતા હતા.** ૩૮. ગયેલો સમય પાછો આવતો નથી. આ અવસર જેવો બીજો કોઈ અવસર ક્યારેય કહેવાય નહીં. એવો આ અવસર બન્યો હતો. ૩૯. હરિભક્તોને સુખ આપવા માટે તો શ્રીહરિ પ્રગટ થયા છે. તેથી હરિભક્તોને જેટલું સુખ આપ્યું છે તે મારાથી લખી શકાતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ જાળિલાથી સુંદરિયાણા થઈ આગળ જતા અણિયાળીમાં રાત રોકાયા" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૩

ઘોડીએથી પડી જવાથી મુક્ત મુનિનો હાથ ભાંગ્યો અને કમિયાળા રહ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અણિયાળીના હરિભક્તોને મનમાં જેવી ભાવના હતી, તે પ્રમાણેનું સુખ શ્રીહરિએ સહુને આપ્યું. પછી સવાર થયું, ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને ચાલતા થયા. ૨. જ્યારે રાત દોઢ પહોર બાકી હતી, ત્યારે બધો સંઘ અને સહુ સંતો ચાલતા થયા. તે ધંધુકા થઈને ખસતા ગામ આવ્યા અને ત્યાંથી થોડા આગળ ચાલતાં એક તળાવડી આવી, ત્યાં સહુએ સ્નાન કર્યું. ૩-૪.

પરમ નિપુણ શ્રીહરિ પોતે **જસકા** ગામ ગયા. ત્યાં પોતાના ભક્ત જીવાભાઈ તથા સહુ હરિભક્તોને દર્શન દીધાં અને ત્યાંથી આગળ ચાલતા થયા. ૫. પછી **રોજકા** ગામના હરિભક્તોને દયા કરીને દર્શન દીધાં. ત્યાંથી **ખસતા** ગામ આવ્યા. ત્યાંના સહુ હરિભક્તોને દર્શન દઈને ચાલ્યા અને રસ્તામાં સંઘ ભેળા થયા. બે કોશ જેટલું ચાલ્યા હશે, ત્યારે શ્રીહરિએ સંઘને દર્શન દીધાં. ૬-૭.

પછી સુખધામ શ્રીહરિએ સંઘને પાછળ છોડી દીધો અને પોતે **પચ્છમ** ગામ આવ્યા. ત્યાં ગામના બધા હરિભક્તોને દર્શન દીધાં. ૮. મુક્તાનંદ સ્વામી આદિક સંતો રસ્તામાં ચાલ્યા આવતા હતા, તેમને શ્રીજીમહારાજે દર્શન દીધાં પછી આગળ ચાલ્યા ગયા. ૯. મુક્તાનંદ સ્વામીની સાથે જે સંતો હતા, તે ઉમંગભર ચાલ્યા આવતા હતા. મુક્તાનંદ સ્વામી ત્યારે સહુને શ્રીહરિની વિવિધ પ્રકારની વાતો કહેતા હતા. ૧૦.

સ્વામીની કહેલી વાતોને સાંભળવા માટે સંતો-હરિભક્તો એક એકથી આગળ ચાલતા હતા. તેવા સમયમાં ગાંફના હિમાભાઈ નામે જે એક સોની હરિભક્ત હતા, તે રસ્તામાં સંતોની ભેળા થયા. તેમને સંતો ઉપર બહુ પ્રેમભાવ હતો. તેમણે આવીને તરત દંડવત્પ્રણામ કર્યા. ૧૧-૧૨. તે

એક સાધારણ નાની ઘોડી ઉપર બેસીને આવ્યા હતા. તેમણે ત્યાં મુક્તાનંદ સ્વામીને ચાલતા દેખ્યા. ૧૩. ત્યારે તેમણે ગદ્‌ગદ કંઠ થઈને મુક્તાનંદ સ્વામીને ઘોડી ઉપર બેસવા માટે કહ્યું કે, "આ ઘોડી ઘણી સોજી(શાંત) છે." ૧૪. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે, "હું કોઈ દિવસ ઘોડી ઉપર બેઠો નથી. માટે તમે જ ઘોડી ઉપર બેસો. અમારી વાતોમાં તમે વિઘ્ન કરી રહ્યા છો." ૧૫. તે સમયે હિમાભાઈ સોની રડવા લાગ્યા. ત્યારે સહુ સંતો સ્વામીને ઘોડી ઉપર બેસવાનું કહેવા લાગ્યા. ૧૬. જ્યારે સહુ સંતો કહેવા લાગ્યા, ત્યારે મુક્તાનંદ સ્વામીએ સંતોનાં વચનને આવનારા વિઘ્ન કરતાં અધિક માન્યાં. ૧૭.

✻ સંતવચન માને તે જ સુખી થાય :

चोपाई :

शूली के दुःख लीखे होई जाई, संत के बचन कर जो ताई;
कांटे से मिट जात रहाते, यामें नहि मिथ्या कहाते...१८
देह पडे में न दुःख रहेऊ, संत के बचन न मानत तेऊ;
दुःख होत तेहि वार न पारा, अंतर इमि करीके विचारा...१९

ભાગ્યમાં જે શૂળીનું દુઃખ લખ્યું હોય, તે સંતનાં વચન માનવાથી કાંટા જેટલાં દુઃખથી મટી જાય છે, તેમાં કાંઈ મિથ્યા કહેતા નથી. ૧૮. દેહ પડી જાય તેમાં તો કાંઈ દુઃખ નથી રહ્યું, પરંતુ સંતનાં વચન ન માનવાથી તો અપરંપાર દુઃખ થાય છે. આમ અંતરમાં વિચાર કર્યો. ૧૯. પછી મુક્તાનંદ સ્વામી તે ઘોડી ઉપર બેઠા. તેથી સંતો અને હરિભક્તો સહુ ખુશ થયા. પછી વાત કરતાં કરતાં આગળ ચાલ્યા. તે સમયે જે વિઘ્નરૂપ કાળ કહેવાય છે, તે ખાડામાં મચ્છરનું રૂપ લઈ, છૂપાઈને બેઠો હતો. જ્યારે ઘોડીનો આગળનો પગ તે ખાડામાં પડ્યો, ત્યારે ઘોડી આગળ નમી ગઈ. તે વખતે મુક્તાનંદ સ્વામીએ હાથથી કાંઈ પકડેલું ન હતું, તેથી પડી ગયા. ત્યારે સહુને તે દેખાયું. ૨૦-૨૨. સ્વામીના જમણા હાથનું કાંડુ સહેજ ભાંગી ગયું. પહેલાં તો સ્વામીને તેની કાંઈ ખબર પડી નહિ, પણ જ્યારે ઊઠ્યા ત્યારે ખબર પડી. ૨૩.

પછી જોળી કરી તેમાં હાથ રાખ્યો અને સહુ સંતોની સાથે ચાલ્યા. અડધો કોશ જેટલું ચાલ્યા, ત્યારે **કમિયાળા** ગામ આવ્યા. ૨૪. ત્યાં આશાભાઈ નામે ઘણા પ્રેમી હરિભક્ત હતા. તેણે સંતોને રહેવા માટે ઘણું સારું મંદિર કર્યું હતું. ૨૫. સંતો તે મંદિરમાં આવીને બેઠા. તે વખતે શ્રીહરિ તરત ત્યાં આવ્યા. આવીને જ્યારે જોયું ત્યારે એમ બોલ્યા કે, "આ મુક્તાનંદ સ્વામી ક્યારેય કીડી જેવા જીવને પણ દૂભવે નહિ તેવા છે. તેમને જેણે દુભવ્યા છે તેની હવે વાત છે ! ૨૬-૨૭. આ વર્ષના પછી જે બીજું વર્ષ આવશે, ત્યારે હવે આ ભૂમિ ઉપર તેનું ફળ દેખાશે. ૨૮. આવા મોટા સંતને કોઈ કારણ વિના જ્યારે દુઃખ આવે છે, ત્યારે આ ભૂમિ ઉપર ફરીને કોઈ ઉત્પાત આવતો દેખાશે, આવી મોટા પુરુષોની વાત હોય છે. **મોટા પુરુષની જે વાત હોય છે તે મોટા પુરુષ જ જાણે, તે મોટા સિવાય બીજા કોઈ જાણી શકે નહિ.** ૨૯-૩૦. આપણા રંગમાં મોટો ભંગ પડ્યો છે. હવે સમૈયો તો થાશે, પણ ઉત્સાહ વગરના સમૈયામાં કોઈને રસ આવતો નથી. ૩૧. તે પછી દાદા અઠીના પિતા પ્રાગજી વણારે પોતાને જ રીતે આવડતું હતું, તે રીતે મુક્તાનંદ સ્વામીના હાથને ચઢાવી દીધો. ૩૨.

ત્યારે શ્રીહરિએ રાજી થઈને તેને પ્રસાદીનું એક શેલું આપ્યું. શ્રીહરિ બે દિવસ ત્યાં રહ્યા. જ્યારે મુક્તાનંદ સ્વામીને પાટો ગોઠી ગયો છે, એવું દેખાયું ત્યારે મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું : "હવે આપ સુખેથી વડતાલ જાઓ. સમૈયો કરીને પાછા આવો, ત્યાં સુધી અમે અહીંયાં રોકાશું. ૩૩-૩૪. મારી પાસે જેટલા સંતોને રાખવા હોય તેટલાને રાખજો." પછી શ્રીહરિ કમિયાળાથી ચાલ્યા અને **સમાણી** ગામમાં રસોઈ જમીને **બોરું** ગામ આવ્યા. સંઘ આવીને બોરું ગામમાં રોકાયો હતો. ત્યાં હીરાભાઈ સોનીએ રસોઈ કરાવીને શ્રીહરિ તથા સંતોને જમાડ્યા. ૩૫-૩૬. જે સંઘ હતો તે ગલિયાણા ગામ આવ્યો. શ્રીહરિ **ઝાંખડા** ગામ આવીને સહુને દર્શન દઈને પાછા **ગલિયાણા** ગામ આવ્યા અને ગામથી દક્ષિણ બાજુ રાત રહ્યા. પછી ત્યાંથી પાછલી રાતે ચાલતા થયા. ૩૭-૩૮. તે **વરસડા** ગામ થઈને શ્રીહરિ

સીંજીવાડા ગામમાં આવ્યા. ત્યાં જગરૂપ બારોટ, ઋષિભાઈ પાટીદાર, ગિરધરભાઈ પાટીદાર અને હરિભાઈ લોહાણા ઈત્યાદિ સારા હરિભક્તો રહેતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ઘોડીએથી પડી જવાથી મુક્તાનંદ સ્વામીનો હાથ ભાંગ્યો અને કમિયાળા રહ્યા" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૪

શ્રીહરિ વડતાલ આવ્યા અને ત્યાં મંદિર તથા મૂર્તિઓને દેખીને રાજી થયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે હરિચરિત્રની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ સીંજીવાડા આવીને જગરૂપ બારોટને ઘેર ઊતર્યા. ત્યારે સહુ હરિભક્તોએ મળીને રસોઈ આપી. ૨. શ્રીહરિ ત્યાંથી જમીને ચાલ્યા, તે **સોજીત્રા** ગામ આવ્યા. ત્યાંના પાટીદાર હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ત્યાં ગોકુળભાઈએ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. પછી તેમણે બરફી-પેંડા લાવીને જમાડ્યા અને ચાલતી વખતે પૂજા કરી. તેમજ લખાભાઈ અને રણછોડભાઈએ પણ પૂજા કરી. ૩-૫. જે હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી, તેમણે પોતાનો જન્મ સુફળ કરી લીધો. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે સંધ્યા સમય થયો ત્યારે **વડતાલ** ગામ આવ્યા. ત્યાં ઘણાંક દેશથી આવેલા હરિભક્તોના સંઘ હતા, તે અપાર બાઈ-ભાઈઓ ગામની ચારેય બાજુ ઊતર્યાં હતાં. તે સહુ શ્રીહરિ આવ્યાના સમાચાર સાંભળી શ્રીહરિની સન્મુખ આવ્યાં. તેથી એક કોશ સુધીના રસ્તામાં ક્યાંય કોઈ સમાતા ન હતા. ૬-૮.

સહુ હરિભક્તો ફૂલહાર લાવ્યા હતા, તે શ્રીહરિને ઘણા પ્રેમથી પહેરાવ્યા. મૂર્તિ ફૂલોથી ભરાઈ ગઈ હતી. દર્શન કરનારા ભક્તજનોને તૃપ્તિ થતી ન હતી. ૯. વડતાલ ગામના સહુ હરિભક્તો પણ શ્રીહરિની સન્મુખ

આવ્યા. ઢોલ, તાંસાં, ભૂંગળ, શરણાઈ વગેરે વાજિંત્ર વાગતાં હતાં. તેનો શબ્દ બધે છવાઈ ગયો હતો. ૧૦. શ્રીહરિ ગામમાં પધાર્યા અને રાજમાર્ગે થઈને મંદિરે આવ્યા. ત્યાં સહુ પહેલા બ્રહ્માનંદ સ્વામીએ જેટલું મંદિર કર્યું હતું તે દેખ્યું. ૧૧. તે ત્રણેય ડેરાને છજા સુધી કરીને ઘુમટી વાળી દીધી હતી. શ્રીહરિએ મંદિરની અંદર અને બહાર બધું દેખ્યું અને લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ જ્યાં હતી ત્યાં જઈને તે દેખી. ૧૨.

❋ લક્ષ્મીનારાયણ દેવનો મહિમા :

જ્યારે શ્રીહરિએ જઈને લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ દેખી, ત્યારે તે મૂર્તિના રૂપને દેખીને અતિશય પ્રસન્ન થયા. ૧૩. પછી શ્રીહરિ બોલ્યા કે, “ચારેય ધામમાં આ મૂર્તિ સહુથી અધિક શ્રેષ્ઠ છે. તેમાં સ્વરૂપની શોભા પણ ઘણી જ રહી છે. ૧૪.

सोरठा : वैकुंठ लोक तामें, लक्ष्मीनारायण रहे;
तेहि मूर्ति हि यामें, तिलभर न फरक रहेउ...१५
चार धाम फीरत जाय, ब्रह्मचर्य रखिके जेहि;
सो वर्ष लग जो ताय, तिनसे एक वेर हि यह...१६

चोपाई :

दरशन कर हि जन हि जो जेते, बाई भाई बाल वृद्ध तेते;
ताकु फल मिल हि नहीं पारा, एसे दैवत रहे तेहि धारा...१७
भाव बिन दरशन कर हि जाही, मनुष्य तन फेर पाव हि ताही;
सत्संग करीके तेहि जरूरा, अविनाशी सुख मिल हि न कूरा...१८

વૈકુંઠ લોકમાં ભગવાન લક્ષ્મીનારાયણ રહ્યા છે, તેમાં અને આ મૂર્તિમાં તલભાર જેટલો પણ ફરક નથી. ૧૫. કોઈ મનુષ્ય બ્રહ્મચર્ય વ્રત પાળીને સો વર્ષ સુધી ચારેય ધામની યાત્રા કરતો રહે તેને જે ફળ મળે, તેથી અપાર ફળ કોઈ પણ બાળક કે વૃદ્ધ, બાઈ-ભાઈ એકવાર અહીં વડતાલમાં આવીને, જો આ મૂર્તિઓનાં દર્શન કરશે તો તેને મળશે; આવું દૈવત આ મૂર્તિઓ ધારી રહી છે. ૧૬-૧૭. કદાચ કોઈ ભાવ વગર પણ આ મૂર્તિનાં દર્શન કરશે,

તો તેને ફરીને મનુષ્ય દેહ મળશે. પછી તે સત્સંગ કરીને અવિનાશી સુખને જરૂર પામશે. તેમાં કાંઈ ખોટું નથી. ૧૮.

આ વખતે સત્સંગમાં જે પ્રતાપ રહ્યો છે, તે તુચ્છ સમજણવાળા લોકોને ક્યારેય જોવામાં આવતો નથી. ૧૯. જે નાશવંત સુખને ઈચ્છે છે, તે બધા તુચ્છ સમજણવાળા છે. તે બધા નાશવંત સુખને માટે કરોડો કલ્પ સુધી જપ, તપ અને વ્રતને કરે, તેમજ નિત્ય કરોડો યજ્ઞયાગને કરે, કરોડો વિપ્રને રોજ જમાડે, જે જે મોટાં ધામો છે તેની યાત્રા જિંદગીભર કરતા રહે, આ પૃથ્વી જેટલું સોનું છે તે બધાનું નિત્ય દાન કરતા રહે અને વળી આ પૃથ્વીમાં જેટલાં હાથી, અશ્વ, ગાય, ભેંશ, મ્યાના, પાલખી અને રથ વગેરેનું નિત્ય દાન કરે; તોપણ જ્યાં સુધી તે લોકો આત્યંતિક કલ્યાણરૂપ અવિનાશી સુખને માટે તે બધું નથી કરતા, ત્યાં સુધી તેમને સંતો તુચ્છમતિવાળા જ કહે છે. કેમ જે, તેમની બુદ્ધિ લૌકિક છે. જે અલૌકિક મતિ છે, તે જ વાસ્તવમાં શુભ મતિ છે અને જે લૌકિક મતિ છે તે તુચ્છ કહેવાય છે. ૨૦-૨૪.

જેની અલૌકિક સમજણ છે, તેનો જ આ સત્સંગ છે અને જેને લૌકિક સમજણ છે, તેને માટે તો કુસંગ છે. ૨૫. સત્સંગ અને કુસંગમાં રાત અને દિવસ જેટલો ફરક હોય છે. તે તો માણસની બુદ્ધિ જ કહી દે છે. ૨૬. ઉપરથી સત્સંગનો વેશ રાખીને જે સત્સંગમાં કુસંગ કરતા હોય છે, તેનો રંગ ઘણીવાર અધિક દેખાય છે. તેથી વિશ્વાસી લોકો તેના રંગમાં લેવાઈ જાય છે. ૨૭. પરંતુ ખરા સંતો-હરિભક્તો સત્સંગની જેવી રીત છે, તેને જાણતા હોય છે. માટે તે સંતો અને હરિભક્તો ધ્રુવ સમાન અચળ હોય છે. ૨૮. ધ્રુવ સિવાયના જેટલા સ્થિર તારાઓ છે, તે બધા દિવસમાં તો એક જ સરખા દેખાય છે. દિવસે ધ્રુવના તારાને જોવા માટે ઘણા બુદ્ધિમાનોએ એક ચોક્કસ ધ્રુવમાછલી બનાવી છે, તેનાથી ધ્રુવની દિશા દેખાઈ આવે છે. જેનું માથું ફરી જાય છે, તેની મતિ ફરી જાય છે. ૨૯-૩૦. પછી તે મતિભ્રમવાળો પૂર્વને પશ્ચિમ માને છે અને પશ્ચિમને પૂર્વ માને છે. પછી તે સમજાવવાથી પણ કોઈનું ક્યારેય માનતો નથી. ૩૧. પણ જેને ધ્રુવમાછલીનો

પૂરો વિશ્વાસ હોય અને તેનું માથું જો ભ્રમી જાય તો ધ્રુવમાછલીથી તેને સાચી દિશા દેખાય છે. ૩૨.

કેટલીક વાતને પ્રમાણિત કરવા માટે લોકોએ અમુક જાતનાં યંત્ર બનાવ્યાં છે. તે યંત્ર સત્ય તથા અસત્ય વાતને સચોટ બતાવી દે છે. ૩૩. એક રૂંવાડા જેટલા સમયને જોવા માટે ઘડીયાળના કાંટાઓ કર્યાં છે. તલ જેટલા ફરકને પણ જોવા માટે તેના જે નિષ્ણાંત હોય છે, તેમણે તેનાં સાધન (માઈક્રોસ્કોપ વગેરે) કર્યાં છે. ઊંચી નીચી સપાટીને યંત્રમાં રાખેલો દોરો કહી દે છે. વજનમાં વધ-ઘટને કાંટો કહી દે છે અને કોશના પ્રમાણે (રેંટમાળનું) ચક્ર બનાવ્યું હોય છે. (તે ગતિનું માપ બતાવે છે.) ૩૪-૩૫. જેને વિશ્વાસ નથી આવતો, તેને વિશ્વાસ લાવવા માટે તેમજ વિશ્વાસને દૃઢ કરાવવા માટે અપાર યંત્રો રચ્યાં છે. ૩૬. યંત્રના નિયમ પ્રમાણે જે (સમય, સૂક્ષ્મપણું, સપાટી અને ગતિ વગેરે) મળતું ન આવતું હોય, તે ભલે ગમે તેવું હોય પણ પ્રમાણમાં મળતું ન આવે તો યંત્ર બતાવી દે છે કે આ બરોબર નથી. (તેમ જે નિયમબારું અને રીતબારું હોય તેને સચ્છાસ્ત્ર બતાવી દે છે.) ૩૭. જેમ કે, વિવાહની પદ્ધતિ સિવાય કોઈ પરસ્ત્રીને ઘરમાં રાખે, તો તે ગમે તેવો રાજા હોય તોપણ તે ખરેખર પ્રમાણભૂત થતો નથી. ૩૮. કોઈ ચાહે તેવો સિદ્ધ હોય, પણ તે જો માર્ગ છોડીને ચાલે તો તે તુચ્છ મતિમાં ખપે છે. ૩૯.

જેની તુચ્છ મતિ છે એવા ગુરુ અને તેના જેટલા શિષ્યો હોય, તે બધા તુચ્છમાં ખપે છે તથા તેમનું બધું આચરણ પણ તુચ્છમાં ખપે છે. ૪૦. અમે જે આચરણ કરીએ છીએ, તે લોક અને શાસ્ત્રમાં સહુ પ્રમાણ કરે છે. જે સદાચારી શ્રેષ્ઠ લોકો છે, તેમાં પણ અમારું આચરણ પંકાય છે. ૪૧. કોઈ અયોગ્ય બાબતમાં ખરડાયેલા ન હોય, તેવા સદાચારી માણસ એક હજારમાં કેટલાક હોય ? ઉપરથી સહુ સાથે આચરણ મળતું આવે, પણ અંતરથી તે મળતું નથી આવતું. ૪૨. સત્સંગના ઉદય માટે કોઈ જાતનો જેમાં બાધ ન આવે, એવી જે બાબત હોય તે જ ખરેખર વાત કહેવાય છે અને જેમાં બાધ આવતો હોય તે વાતને તો ઉત્પાત કહેવાય છે. જે નિમ્ન લોકો હોય

છે, તે બાધને ગણતા નથી. જે પોતે શ્રેષ્ઠ અને વિશ્વાસી હોય તેને અમુક લોકો પોતાની સમજણ મુજબ ઘણું બધું સર્વોપરિ માહાત્મ્ય કહેતા રહે છે તથા તેમને સારી રીતે વખાણે છે. પરંતુ મનુષ્યમાત્રનો એવો સ્વભાવ છે કે, જે તેના વખાણ કરે તેમાં તે ચોંટી જાય-બંધાઈ જાય છે. ૪૩-૪૫. જે લોકો સત્સંગની રીત જેટલી ન જાણતા હોય, એટલા તે વખાણમાં ચોંટી જાય છે. (પરંતુ જેમ છે તેમ જે સમજે છે તે વખાણમાં ચોંટતા નથી.) સત્સંગની સર્વે રીત છે તે સર્વોપરિ છે. ૪૬.

સત્સંગમાં નીચ લોકો સર્વોપરિ ભક્તજનોને ફજેત કરતા રહે છે. સત્સંગની રીત જાણ્યા વિના જે કાંઈ ક્રિયા કરે છે, તે સત્સંગમાં કલંકરૂપ ગણવામાં આવે છે. સત્સંગની રીતમાં જ્યાં સુધી વર્તતો રહે, ત્યાં સુધી શુભ રીતને લીધે તેની દિનપ્રતિદિન શુભકીર્તિ વધતી રહે છે. જેટલી શુભ રીત છે, તે સત્સંગનાં ભૂષણરૂપ કહેવાય છે. ૪૭-૪૯. સત્સંગની રીત જેમ છે તેમ જાણવી ઘણી કઠણ છે, પણ સત્સંગ કરતાં કરતાં તે યથાર્થ દેખાઈ આવે છે. ૫૦. જેને સત્સંગની કાંઈ જ ગમ હોતી નથી, તેવા લોકો ભગવાન કરતાં પણ બીજાનો અપાર મહિમા વારંવાર કહેતા હોય છે. ૫૧. સત્સંગ કરતા હોવા છતાં પણ સત્સંગની રીતને જે સમજતો નથી, તે તો જેમ કોઈ દિલ્લીમાં રહ્યા થકા ભાડભૂંજાનું કામ કરે તેવો છે. ૫૨. આટલી વાત કરીને શ્રીહરિ ઉતારા તરફ ચાલ્યા અને પછી વાસણ સુતારને ઘેર રોકાયા. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલ આવ્યા અને ત્યાં મંદિર તથા મૂર્તિઓને દેખીને રાજી થયા" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૫

વડતાલમાં કાર્તિક સુદિ બારશે શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ તે રાતે ભોજન કર્યું અને તે પછી ઉમરેઠ ગામના વેદિયા વિપ્રોને મળ્યા. તેમાં હરિભાઈ, વિષ્ણુદત્ત, લક્ષ્મીરામ અને બીજા પણ જે હરિભક્ત વેદિયા હતા ૨-૩. તેમને કહ્યું કે, "કાર્તિક સુદિ દ્વાદશીને દિવસે શ્રીલક્ષ્મીનારાયણ દેવને પધરાવવા માટે, પ્રતિષ્ઠાની રીત જે રીતે કહેવાતી હોય તે રીતે સવારમાં જરૂર આરંભ કરો. અમે કાર્તિક સુદિ પૂનમ કરીને અહીંથી ચોક્કસ નીકળી જઈશું, તેમાં કોઈ વાત ખોટી નથી. ૪-૫. આખા સત્સંગના ભૂષણરૂપ અનુપમ મુક્તાનંદ સ્વામીને ભાલ દેશમાં મૂકીને, જ્યારે તેમણે અમને કહ્યું ત્યારે અમે આવ્યા છીએ. તેમને હરિભક્તો ઉપર ખૂબ જ ભાવ છે, તેને લીધે જ અમને અહીં આવવાની રજા આપી હતી. તેમને છોડીને અમે ક્યારેય અહીં આવત નહિ, પણ તેમણે કહ્યું એટલે આવ્યા છીએ. ૬-૭.

મુક્તાનંદ સ્વામીને હરિભક્તો ઉપર અપાર હેત છે. જેનો જીવ જેવો હોય, તેવો જ્યારે કામ પડે ત્યારે દેખાય છે. ૮. તેમ જ દેશ કાળે કરીને પણ તે દેખાઈ આવે છે. તેમાં જે જેવા હોય તે છુપા રહેતા નથી. અમે જ્યારે વ્રતમાન ફેરવીએ છીએ, ત્યારે તેમાં પણ જેનું જેવું અંતર હોય તે દેખાયા વિના લગાર પણ રહેતું નથી. તે સહુને બહાર દેખાઈ આવે છે. જે બુદ્ધિહીન માણસ અમારી જેમ કરવા જાય તો તે ફજેત થાય છે. ૯-૧૦. જે જે બાબત કરવી હોય, તેમાં બુદ્ધિ મુખ્ય સાધન છે. બુદ્ધિ જેમ મનાવે છે તેમ માણસ કામ કરે છે, આવી બુદ્ધિ રહી છે. ૧૧. અમુકની પાસે રાજ્ય ન હોવા છતાં પણ કેટલાક બુદ્ધિશાળી લોકો રાજ્ય કરતા હોય છે. ઘણાને રાજ્ય મળે છતાં જો બુદ્ધિ ન હોય તો, તે બુદ્ધિહીન નામમાત્રના રાજા કહેવાય છે. ૧૨. રાજાનો નોકર હોય, પરંતુ તે જો રાજા કરતાં વધારે

બુદ્ધિશાળી હોય તો તે રાજ્ય કરે છે. ભલે તે રાજા ક્યારેય નથી થતો, પરંતુ બુદ્ધિએ કરીને તે રાજ્ય કરે છે. અર્થાત્ રાજા પણ તેને પૂછીને જ એની મરજી પ્રમાણે રાજ્ય ચલાવતો હોય છે. ૧૩.

પરંતુ જે રાજા હોય છે તે જ રાજા રહે છે, ભલે તેને બુદ્ધિ હોય કે ન હોય. તે રીતે જ ગૃહસ્થ ગુરુ રહ્યા છે. જે છાપ હોય છે તે જાતી નથી. ૧૪. વિપ્ર વિના અન્ય કોઈ બુદ્ધિવંત હોય, તોપણ તે ક્યારેય આચાર્ય થતા નથી; એવું વેદ વચન છે. ૧૫. જે બ્રાહ્મણ વર્ણના છે, તે બીજા બધા વર્ણને માટે સહેજે જ પૂજ્ય છે, પણ તેમાં ધર્મવાળા અધિક ગણાય છે. ૧૬. પ્રત્યક્ષ ભગવાનનું જેને દૃઢ જ્ઞાન હોય, તે જ સાચા ધર્મવાળા છે. એવા જે હોય તે જીવને જેટલું બંધન થયું હોય છે, તે બધું જાણે છે. ૧૭. તે સિવાયના મનુષ્યમાત્ર બંધનમાં રહેલાં દુ:ખને દેખી શકતા નથી. ભલે તે ગમે તેવો મોટો વિપ્ર હોય કે વિપ્ર સિવાયનો હોય ! કોઈ ઊંચા આશ્રમમાં રહ્યો હોય કે વેદ તથા પુરાણને ભણેલો કોઈ મોટો પંડિત હોય, પણ જ્યાં સુધી શ્રીહરિ તથા સત્સંગનું જ્ઞાન નથી થાતું, ત્યાં સુધી તેને બંધન દેખાતું નથી અને તે અજ્ઞાનીમાં ખપે છે. ૧૮-૧૯.

મોટા આચાર્ય થવાથી પણ શું ? સત્સંગ વિના તેને પણ બંધન દેખાતું નથી. કેટલાક ત્યાગીમાં અને કેટલાક ગૃહસ્થમાં ગુરુ થયા હોય છે. ૨૦. પરંતુ જ્યાં સુધી તે બંધનને દેખતા નથી, ત્યાં સુધી તે કહેવાતા ગુરુ ઠગ ગણાય છે. જ્યાં સુધી બંધન નથી દેખાતું, ત્યાં સુધી જેટલા તે ગુરુના સંબંધવાળા હોય છે તે પણ ઠગ ગણાય છે. ૨૧. **જેને જેટલાં બંધન દેખાતાં હોય, તે તેટલા પોતે તેનાથી છૂટે છે. જેને પ્રગટ ભગવાન ઉપર હેત હોય છે, તે બધા ગુરુ સત્ય છે.** ૨૨. **અમે સત્સંગમાં જેટલી મૂર્તિઓનું સ્થાપન કરીએ છીએ, તેમાં પ્રગટ ભગવાનનો ભાવ લાવીને જે જેટલી બાબત કરશે, તેને તે જરૂર ફળીભૂત થશે. પ્રત્યક્ષ ભાવ વિના તે કામ થતું નથી.** તમે જેટલા વેદિયા વિપ્ર છો, તે બધા મૂર્તિમાં પ્રગટનો ભાવ લાવીને, દેશકાળ અનુસારે જે કામ કરવાનું હોય તે કરો. દેશકાળ અનુસારે કરેલું કામ બુદ્ધિમાનને

પ્રિય લાગે છે. ૨૩-૨૫. તમારે કાર્તિક સુદિ બારશને દિવસ મંદિરમાં મૂર્તિ લાવીને સ્થાપન કરવી. તે માટે તમારે તત્પર રહેવું.” ૨૬.

પછી જે રીતે શ્રીહરિએ કહ્યું, તે રીતે બધા વિપ્રોએ કર્યું. જે વિધિ કરવાનો હતો, તે બધો એકાદશીને દિવસે કરી લીધો. ૨૭. બારશને દિવસે જ્યારે શુભ મુહૂર્ત આવ્યું, ત્યારે શ્રીહરિએ પોતાને હાથે વડતાલ મંદિરમાં મૂર્તિઓ પધરાવી દીધી. ૨૮. તે સમયે જયાનંદ વર્ણીએ શ્રીલક્ષ્મીનારાયણ દેવને વસ્ત્ર તથા આભૂષણ પહેરાવ્યાં. તેની જે શોભા થઈ તે વર્ણવી શકાતી નથી. ૨૯. શ્રીહરિએ તે દેવોની પ્રથમ આરતી ઉતારી. વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવાં લાગ્યાં. અપાર સંતો-હરિભક્તો ‘જય જય..જય જય..’ તેમ બોલવા લાગ્યા. ૩૦. જ્યારે આરતી કરી રહ્યા, ત્યારે સહુ વિપ્રો અને સંતો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. **હે ભગવન્ ! જે લોકો શુદ્ધ ભાવથી આપનાં દર્શન કરે છે, તેના બધાં સંકટોને આપ દૂર કરો છો. આપનો તેવો સર્વોપરિ પ્રતાપ રહ્યો છે.** ૩૧-૩૨.

આ ચરોતર દેશ જેવો બીજો દેશ ક્યાંય નથી. આ દેશના જેટલા મનુષ્ય છે તે બધા શુદ્ધ બુદ્ધિવાળા છે. ૩૩. તેઓ અન્ન, વસ્ત્ર તથા ધને કરીને કોઈ રીતે દુઃખી નહિ થાય. મનુષ્યને દૈહિક દુઃખે કરીને ઉત્સાહ રહેતો નથી. ૩૪. જોકે, આપ જ બધા લોકોને અન્ન, વસ્ત્ર અને ધન આપો છો, પણ તે લોકો આપને ઓળખતા નથી. તેથી આપને નહિ ઓળખનારા તે મનુષ્યો કુબુદ્ધિવાળા કહેવાય છે. તે જ્યાં જન્મ ધરે ત્યાં દુઃખી રહે છે. ૩૫. **જે લોકો આપને જેવા જાણે છે, તે તેવા ફળને પામે છે. આપ તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ સમાન છો. તે લોકોને જેવો ભાવ હોય, તેવું ફળ મળે છે. આપ જ્યારે જે અવતાર ધારણ કરો છો, ત્યારે આપને જે લોકો જેવા સમજે છે, તે લોકો તેવું ફળ પામે છે. આ વાત પ્રત્યક્ષ રહી છે.** ૩૬-૩૭.

જેટલા અવતાર થયા છે તેનાં ચરિત્રો લખાયાં છે, તેમાં તેમનો જેવો પ્રતાપ હતો તે બતાવી દેવામાં આવ્યો છે. ૩૮. ચાહે તેવો પ્રતાપ હોય, પણ તે દેખાડ્યા વિના દેખાતો નથી. જ્યારે તે દેખાડવામાં આવે, ત્યારે તે પ્રતાપ માપમાં છે કે અમાપ છે તે દેખાય છે. ૩૯. જેનો જેવો પ્રતાપ હોય

તે વર્તનમાં દેખાઈ આવે છે. વર્તન વિના તે ક્યારેય દેખાતો નથી. ૪૦. આ રીતે વિપ્રો તથા સંતોએ અપાર સ્તુતિ કરી. તે પછી સ્વયં શ્રીહરિએ હરિભક્તોના પ્રત્યે કહ્યું કે, "જેને જેવી સંપત્તિ હોય, તે પ્રમાણે તમારે સહુએ મંદિરમાં પધરાવેલી આ મૂર્તિની સેવા કરવી. જેવી સેવા કરશો તેવું અગણિત સુખ તમને મળશે. ૪૧-૪૨. તમને અગણિત સુખ મળે, તેટલા માટે અમે આ મંદિર કર્યું છે. તમે સહુ ધનથી સુખ માનો છો અને ધન વિના દુઃખ માનો છો. ૪૩.

❋ બુદ્ધિનું સાચું ફળ શું ?

चोपाई :

जिन कु जेसी वरति रहेऊ, करत तत्पर होइके तेऊ;
तिनमें जेसी बुद्धि रहे जेहा, तेसे सुख पावत रहे तेहा...४४
बुद्धि के फल रहाये इतना, जीव कु दुःख न होवे तितना;
जीय में दुःख होवत रहे जेता, बुद्धि में कसर रहाये तेता...४५
भगवान की सेवा जो जितना, करे में कसर रखत हि तितना;
जीव कु दुःख ईहाँ देखाते, हरि की जेते न सेवा कराते...४६

જેને જેવી વૃત્તિ હોય, તેવું સહુ તત્પર થઈને કરતા હોય છે અને તેમાં પણ જેને જેવી બુદ્ધિ હોય તે તેવું સુખ પામે છે. ૪૪. રૂડી બુદ્ધિનું એટલું જ ફળ છે કે જીવને કોઈ જાતનું દુઃખ ન આવે. જીવમાં જેટલું દુઃખ રહે છે, તેટલી તેની બુદ્ધિમાં કસર છે. ૪૫. ભગવાનની સેવા કરવામાં જે જેટલી કસર રાખે છે અને જેટલી સેવા નથી થતી તેટલું જીવને અહીંયા દુઃખ દેખાય છે. ૪૬. મનુષ્ય જેટલો ધર્મનો લોપ કરે છે, તેટલું તેને મરણ પછી જરૂરને જરૂર દુઃખ થાય છે; તેમાં તલભાર પણ ખોટું નથી. ૪૭. કોઈ ડાહ્યો કહેવાતો માણસ પણ જ્યાં સુધી ઉપર કહેલી વાતને ખોટી માને છે, તો તે ભલે ડાહ્યો કહેવાતો હોય પણ તેનું દુઃખ ક્યારેય ટળતું નથી. ૪૮.

શાસ્ત્ર, સંતો અને ભગવાન જે વાત કહે છે, તે જ્યાં સુધી સાચી મનાતી નથી, ત્યાં સુધી જીવને દુઃખ સહન કરવું પડે છે.' ૪૯. આટલી વાત કહીને શ્રીહરિ પાટ ઉપર આવીને બેઠા. તે વાતોને ગામેગામના હરિભક્તો

સાંભળતા હતા. ૫૦. જેટલો વિવેક છે તે વાતે કરીને આવે છે. વાત કર્યા સિવાય ક્યારેય વિવેક આવતો નથી અને વિવેક આવ્યા સિવાય મનુષ્યજન્મ મળ્યો તોપણ શું ? વિવેકની વાત સાંભળ્યા સિવાય આ જીવ મલિન રહે છે. ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "વડતાલમાં કાર્તિક સુદિ બારશને દિવસ શ્રીહરિએ લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૬

વડતાલમાં દેવની પ્રતિષ્ઠા પછી શ્રીહરિએ ભક્તોને સેવા કરવાની પ્રેરણા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ગામેગામથી આવેલા બધા હરિભક્તોએ ઘણા શુદ્ધ ભાવથી શ્રીલક્ષ્મીનારાયણ દેવની પૂજા કરી. ૨. ગામેગામના હરિભક્તો જ્યાં ઊતર્યા હતા, ત્યાં તેમણે શ્રીહરિને ભાવ પ્રમાણે પધરાવ્યા. ૩. તે સહુ શ્રીહરિની આગળ જાત જાતનાં મેવા ધરતા હતા અને જેવો પ્રેમ હતો તેવાં વસ્ત્ર અને અલંકાર શ્રીહરિને ધરાવતાં હતાં. લલાટમાં કુકુંમનો ચાંદલો કરીને કપૂરની આરતી કરતા હતા. આ રીતે સહુ હરિભક્તો અલૌકિક લાભ લેતા હતા. ૪-૫. આ વખતે સહુ હરિભક્તોએ શ્રીહરિનો જે લાભ લીધો, તે કહી શકાતો નથી. નિમાડ દેશના પાટીદાર હરિભક્ત ગોવિંદભાઈ આદિક અપાર બાઈ-ભાઈ હતાં, તેઓ જ્યારે સમૈયામાં આવતાં ત્યારે સંતોને એક-બે રસોઈ આપતાં. તેઓ પહેલા શ્રીહરિની પૂજા કરતા અને પછી સંતોની પૂજા કરતા હતા. ૬-૮.

જ્યારે જ્યારે તેમની રસોઈ થાતી, ત્યારે ત્યારે શ્રીહરિ સંતોને પીરસતા હતા. વડતાલમાં જે દિવસે શ્રીલક્ષ્મીનારાયણ દેવને પધરાવ્યા, તે દિવસે ચરોતર પ્રદેશના વિપ્રો વડતાલમાં આવ્યા હતા. તેમને ઘી નીતરતા

લાડુ જમાડ્યા હતા. ૯-૧૦. મધ્યાહ્નથી લઈને મધ્ય રાત્રી સુધી જેટલા વિપ્ર આવ્યા, તે સહુને જમાડ્યા અને તેમની પૂજા કરીને રાજી કર્યા. ૧૧. યોગ્યતા પ્રમાણે દાન-દક્ષિણાઓ અપાવી. તેથી તે ઘણા રાજી થયા. તે સમયે ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હતા તથા વડતાલ ગામના જે લોકો હતા, તેમને ઘણા પ્રેમભાવથી જમાડ્યા. પ્રેમભાવ સિવાય જમાડી શકાય નહિ. જો ભાવ વગર જમાડે, તો તેની તેવી અપકીર્તિ ગવાય છે. ૧૨-૧૩.

❋ લોભની દુષ્ટતા :

જેટલા લોભી હોય છે, તે ઉજ્જ્વળ કીર્તિ પ્રાપ્ત કરી શકતા નથી. લોભિયા તો ધનમાં જ મેરુના જેટલી મહાન કીર્તિ માનતા હોય છે. ૧૪. લોભી મનુષ્ય રાત-દિવસ ધન ભેળું કરતાં કરતાં મરી જાય છે, પણ તેનું ધન તેને કોઈ ઉપયોગમાં આવતું નથી. ૧૫. જેટલા લોભી માણસો હોય છે, તે બધા મરે ત્યાં સુધી ધન ભેળું કરતા રહે છે; પરંતુ તે પરમાર્થમાં વપરાતું નથી. ૧૬. ધન મળ્યું હોવા છતાં પણ જે બ્રહ્મભોજન નથી કરાવતા અને સંતોને તૃપ્ત નથી કરતા, તો તેવા અત્યંત કૃપણ-લોભીનો કરોડો કલ્પ સુધી સૂચીમુખ નામના નરકમાં નિશ્ચય નિવાસ થાય છે. ત્યાં યમદૂત તેના માંસને કાપી કાપીને ખાય છે. ૧૭-૧૮.

તેવા લોભીના શરીરને ચીરી ચીરીને યમદૂત ફરીવાર સીવે છે. તે લોભી જેટલું ધન ભેળું કરે છે, તે કોઈ પુણ્ય કાર્યમાં વપરાતું નથી. ૧૯. લોભી માણસને પરમાર્થનું સુખરૂપ ફળ બતાવવામાં આવે છે, તોપણ તે માનતો નથી અને નરકનાં દુઃખને કબૂલ કરે છે; પણ તે ભૂલે પણ ધનથી પરમાર્થ કરતો નથી. ૨૦. જે મનુષ્ય ધનથી પરમાર્થ કરે છે, તેને લોભી માણસ ક્યારેય લગાર પણ વખાણતો નથી. લોભિયો ભવિષ્યમાં આવનારાં દુઃખનો વિચાર કરતો નથી. ૨૧. જે જેટલો દુઃખનો વિચાર કરે છે, તે તેટલો સંપત્તિ પ્રમાણે નિરંતર પરમાર્થ કરતો રહે છે. તેથી તેને તે પ્રમાણે સુખ મળે છે. ૨૨.

જે મનુષ્ય પરમાર્થનાં કાર્યમાં જેટલું ધન ખર્ચે છે, તેટલું ધન તે નિપુણ જીવે સાથે લીધું કહેવાય છે. ૨૩. ધન કે પદાર્થોથી જેટલું ધર્મકાર્ય

કરવામાં આવે છે, તેટલું તેણે સાથે લીધું કહેવાય છે. ધન મળે છતાં જે તેને વાપરી ન શકે, તો તેનું મેળવેલું ધન કોઈ ઉપયોગમાં ન આવ્યું કહેવાય. ૨૪. અપાર પદાર્થો મળે છતાં તેનાથી જો લગાર પણ ધર્મ ન કરે, તો તે જ્યારે મરે ત્યારે તેની સાથે કાંઈ જતું નથી. ૨૫. **જે લોકો પદાર્થો મળ્યાં પછી તેના દ્વારા ધર્મકાર્ય કરે છે, તે તેટલા સદ્‌બુદ્ધિવાળા છે અને તેને મનુષ્યજન્મનું શુભ ફળ મળ્યું કહેવાય.** ૨૬.

❋ જે ભાવથી સેવા કરે તેનું હૈયું ઠરે છે :

શ્રીહરિ સભામાં આવી વાતો કહેતા હતા, તેને હરિભક્તો અતિશય પ્રેમમગ્ન થઈને ગ્રહણ કરી લેતા હતા. ૨૭. જેટલા હરિભક્તો હતા, તે સહુએ શ્રીહરિને કહ્યું કે, "આપ જેટલો કહો તેટલો ભગવાન માટે ભાગ કાઢીએ." ૨૮. ત્યારે તે સહુ હરિભક્તોનો ભાવ દેખીને શ્રીહરિ બોલ્યા, "ભાવ વિના જેટલું કહેવામાં આવે તે માણસમાત્રને રુચતું નથી. ૨૯.

चोपाई :

भगवान के हित करत जेता, अति भाव जुत जन तेहि तेता;
जीय के अर्थ में आवत इतने, भगवान बिन करत हे तितने...३०
अर्थ न आवत ताके लगारा, कोटिक धन खरचत वार वारा;
समझ में ऐसे आवत जबहू, भगवान निमित्त खरचत तबहू...३१

ભક્તજનોએ ભગવાન માટે જે કાંઈ કરવું, તે અતિશય ભક્તિભાવથી કરવું. જેટલું ભક્તિ ભાવથી કરવામાં આવે છે, એટલું જ જીવના ઉપયોગમાં આવે છે. ભગવાન સિવાયના માટે જે કાંઈ કરવામાં આવે, અરે ! તેને માટે વારંવાર કરોડોનું ધન ખરચવામાં આવે, તોપણ તે જીવના ઉપયોગમાં લગાર પણ આવતું નથી. જ્યારે આવી સમજણ આવે છે, ત્યારે તે ભગવાનને નિમિત્તે ખર્ચ કરે છે. ૩૦-૩૧. તે ખર્ચ કરવામાં તેનો જીવ અટકતો નથી. જ્યાં સુધી આવી સમજણ નથી આવી, ત્યાં સુધી ભગવાનને માટે ખર્ચ કરવામાં ઉત્સાહ થતો નથી. ૩૨.

उछाह निरउछाह जितनेऊ, समझ तामें रहे तितनेऊ;
जीववे के न रहेउ निरधारा, ऐसे जिन के रहाये विचारा...३३

भगवान निमित्त करना तिनकू, अति उछाह वरतत रहे इनकू;
भगवान के भक्त रहे जिस रीता, खरच में देख परत तिस रीता...३४

ઉત્સાહ અને નિરુત્સાહ તો સમજણમાં રહ્યા છે. 'આ જિંદગીનો કાંઈ નિરધાર નથી,' એવો જેને વિચાર રહે છે તેને ભગવાનને નિમિત્તે ખર્ચ કરવામાં અતિશય ઉત્સાહ રહે છે. જે ભગવાનનો ભક્ત જેવો હોય છે, તે ભગવાન માટે ખર્ચ કરવામાં દેખાઈ આવે છે. ૩૩-૩૪. ભગવાન, સંતો અને બ્રાહ્મણો સિવાય જેટલો ખર્ચ કરવામાં આવે છે, તે બધો ખર્ચ તો શેકીને વાવેલા બીજ જેવો છે. ૩૫. સારામાં સારું બીજ હોય, પણ જો તેને ખાર ભૂમિમાં વાવવામાં આવે તો તે નિષ્ફળ જાય છે. ભગવાન, સંતો અને વિપ્રના નિમિત્ત વિનાની ખર્ચ માટે પસંદ કરાતી જે ભૂમિ તે બધી ખાર ભૂમિ જેવી છે. ૩૬. **આવી સમજણ જેમાં હોય છે, તે મનુષ્ય શુભ બુદ્ધિવાળા ગણાય છે. જે શુભ બુદ્ધિવાળા મનુષ્ય હોય છે, તે પરલોકમાં જઈને સુખ પામે છે.** ૩૭. મનુષ્યદેહને પામીને એટલું જ કરવાનું છે કે પરલોકમાં જઈને ત્યાં રહી ભગવાનનું અવિચળ સુખ ભોગવવું. ૩૮.

सोरठा : अविचल सुख कु चहत, मनुष्य तन कु पायकर;
मनुष्य ताकु कहत, एसि समझ बिन जो जेहि...३९
मनुष्य भयेउ जोउ, धन मिलेउ अपार जोउ;
अर्थ न आयेउ कोउ, सबुद्धि न पाये जिहाँ लग...४०

મનુષ્યદેહને પામીને જે શાશ્વત સુખને ચાહે છે, તેને જ મનુષ્ય કહેવાય છે. એવી સમજણ વિના મનુષ્યદેહ પ્રાપ્ત કર્યા પછી અપાર ધન મળે; તોપણ જ્યાં સુધી શુભ બુદ્ધિ મળતી નથી, ત્યાં સુધી તે ધન કાંઈ ઉપયોગમાં આવતું નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "વડતાલમાં દેવની પ્રતિષ્ઠા પછી શ્રીહરિએ ભક્તોને સેવા કરવાની પ્રેરણા કરી" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૭

શ્રીહરિએ વડતાલથી પૂર્વમાં વિશાળ જગ્યામાં વેદિકાએ બેસીને સભા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. બ્રહ્માનંદ સ્વામીના મંડળના જેટલા સંતો હતા તે વડતાલમાં રહ્યા હતા અને બીજા પણ ચાલીસથી પચાશ જેટલા સંતો ત્યાં રહ્યા હતા. ૨. તેઓ મંદિરની જગ્યામાં માલિકની જેમ નિવાસ કરીને રહેતા હતા. બીજા જેટલા સંતો હતા, તે ગામ બહાર ઉતર્યા હતા. ગામથી પશ્ચિમ દિશામાં જ્યાં મૂળજીભાઈનો કૂવો છે, તે કૂવાની પૂર્વ દિશામાં જાંબુડા તથા આંબાનાં ઝાડ હતા. ૩-૪. ત્યાં આવીને સંતોનાં મંડળ ઊતર્યાં હતાં. વડતાલ ગામના હરિભક્તોએ સંતો માટે મંડપ કરીને છાયો બનાવ્યો હતો. ૫. બધા સંતો ત્યાં નિવાસ કરીને રહ્યા હતા. તેમને ગામ કરતાં આ જગ્યા અનુકૂળ આવે તેવી ઘણી સારી અને વિશાળ લાગતી હતી. સંતોને અહીં જેવું ગામમાં સુખ આવતું નહિ. ૬. જેટલા હરિભક્તો હતા, તે રોજ દર્શન કરવા માટે ત્યાં આવતા હતા અને સંતો તે હરિભક્તો આગળ વાતો કરતા હતા. કેમ જે, વાતોએ કરીને સત્સંગ રહે છે. ૭. જ્યારે વાતે કરીને સત્સંગની મોટાઈ અધિક અધિક દેખાય, ત્યારે સત્સંગ કર્યો કહેવાય. ૮.

❋ મહિમા સહિત સત્સંગ કરે તે વૃદ્ધિ પામે :

चोपाई :

सत्संग की मोटप जिहाँ लगही, देखावत रहे तिहाँ लगही;
सत्संग ताके वृद्धि रहाते, इनके नाम बात कहाते...०९
सत्संग करत करत घटि जाते, बात में नहि तेहि चित देवाते;
बात में चित न देवत जेते, वारी बिन खेतर रहेउ तेते...१०

જ્યાં સુધી વાતે કરીને સત્સંગની મોટપ અધિક દેખાતી રહે, ત્યાં સુધી તેના સત્સંગની વૃદ્ધિ થતી રહે છે. જે વાતે કરીને સત્સંગની વૃદ્ધિ થાય, તેનું જ નામ વાત કહેવાય છે. ૯. સત્સંગ કરતાં કરતાં પણ જો સત્સંગ ઘટી

જતો હોય, તો તેઓ વાતમાં ધ્યાન નહીં દેતા હોય. જેટલા વાતમાં ધ્યાન ન દેતા હોય, તેઓ પાણી વગરના ખેતર જેવા કહેવાય. ૧૦. **પાણી વગરનું ખેતર જેવું સુધરે, તેવું વાતમાં ધ્યાન ન દેવા છતાં વ્યક્તિનું જીવન સુધરે, અર્થાત્ ન સુધરે. તે તો તેના વર્તન ઉપરથી પારખી લેવું.** ૧૧. જેનું વધારે ઓછું વર્તન હોય, તે બધું વર્તનમાં દેખાઈ આવે છે. વર્તન અંતર્યામી છે. તેથી વર્તનમાં કાંઈ છાનું રહેતું નથી. ૧૨. હરિભક્તોને ભગવાનની વાત અમૃત જેવી લાગે છે. તે ભગવાનની વાતમાં જેટલું મંદપણું રહે તેટલો તેમાં કુસંગ છે. ૧૩.

❋ સ્વભાવ ટાળે તેને અભાવ ન આવે :

એક હરિભક્તને બીજા હરિભક્તની સાથે નવો નવો પ્રેમ થવો જોઈએ, પણ જુદા જુદા સ્વભાવને લીધે મન મળતું નથી. ૧૪.

सोरठा : स्वभाव रहे कुसंग, ताके जितना चलत रहे;
सत्संग करत भंग, ताके करत विश्वास जब...१५
पोताकेउ स्वभाव, हरिजन रहेउ तिनके यह;
देखवत रहे अभाव, सत्संग के मग हि तेहि...१६

चोपाई :

भुल गये तेहि देखना ताई, वरतन में आवत देखाई;

સ્વભાવ જ કુસંગ છે. તેથી સ્વભાવનું જેટલું ચાલે તેટલું સત્સંગમાં વિઘ્ન થાય છે. માણસ જ્યારે પોતાના સ્વભાવનો વિશ્વાસ કરે છે, ત્યારે તે પોતાનો સ્વભાવ હરિભક્તોનો અભાવ દેખાડે છે. જ્યારે હરિભક્તોનો અભાવ આવે, ત્યારે તે સત્સંગના માર્ગને ભૂલી ગયો છે, એમ જાણવું. આ બધું વર્તન ઉપરથી દેખાય છે.

વડતાલ ગામથી પૂર્વ દિશામાં તળાવ છે. તે તળાવથી પૂર્વમાં વિશાળ જગ્યા છે. ૧૫-૧૭. તે જગ્યાની મધ્યે એક વેદિકા હતી. તેરશને દિવસે જ્યારે સાંજનો સમય થયો, ત્યારે શ્રીહરિ તે વેદિકા ઉપર આવીને બેઠા. ૧૮. સહુ સંતો, વર્ણી, સંન્યાસીઓ અને હરિભક્તો પણ ત્યાં આવ્યા અને ત્યાં જે ખુલ્લી વિશાળ જગ્યા હતી, તેમાં સહુની સભા થઈ. ૧૯. બાઈ-ભાઈઓનો

કોઈ પાર ન હતો. સહુની અલગ અલગ સભા થઈ. બાઈઓની સભામાં બાઈઓ બેઠી હતી. જેનો ગણતાં પાર આવતો નહીં. ૨૦. શ્રીહરિની મૂર્તિ જેવી છે, તેવી અંતરમાં દેખીને હું હૃદયમાં વારંવાર ઘણો પ્રેમ લાવીને તે બધું લખી રહ્યો છું. ૨૧.

✵ મન જીતે તે મર્દ છે :

જેના હૃદયમાં ભગવાનની મૂર્તિ વસે છે, તેના ભાગ્ય તો સર્વોપરિ કહેવાય છે. સહુ હરિભક્તોની સમજણ આવી રીતની હતી. તેથી તેઓને શ્રીહરિ કરતાં બીજા કોઈ અધિક દેખાતા નહિ. ૨૨. જ્યારે સ્વપ્નમાં પણ આ રીતની સમજણ રહે, ત્યારે તેનો સત્સંગ પૂરો કહેવાય. છતાં જેને સત્સંગનો સાચો પાશ લાગ્યો હોય છે, તેવા ભક્તો મનનો વિશ્વાસ કરતા નથી. ૨૩.

चोपाई :

मन कु दमत जिहाँ लग जेहा, केद में वरतत तिहाँ लग तेहा;
दमत में दया लावत ताकू, फजित करत हि तरत यह वाकू...२४

दोहा : बडे बडे सिद्ध तिन कु, मन यह करे फजीत;
भव ब्रह्मा लग पोचेउ, इंद्र चंद्र लिन जीत...२५
श्रीहरि ताके बचन में, जिहाँ लग वरतत जेउ;
मन के चलत न ताहि पर, बचन एसे रहेउ...२६

જ્યાં સુધી મનનું દમન કરવામાં આવે, ત્યાં સુધી તે વશ વર્તે છે. પરંતુ જો મનનાં દમનમાં દયા લાવવામાં આવે, તો તરત જ તે મન તેને ફજેત કરે છે. ૨૪. મોટા મોટા સિદ્ધોને પણ મને ફજેત કર્યા છે. ભવ અને બ્રહ્મા સુધી પણ મન પહોંચી ગયું છે. ઈન્દ્ર અને ચંદ્રને પણ મને જીતી લીધા છે. ૨૫. જીવ જ્યાં સુધી શ્રીહરિનાં વચનમાં વર્તે છે, ત્યાં સુધી તેની આગળ મનનું કાંઈ ચાલતું નથી. કારણ કે, શ્રીહરિનાં વચનો જ એવા સમર્થ છે. ૨૬. શ્રીહરિનાં જે વચનો છે, તેમાં વિધિ અને નિષેધની વાત બતાવી દીધી છે. માટે તેમાં મન યોગ્ય રીતે જ ચાલે છે. ૨૭. યોગ્ય વાતને જોઈ જોઈને જે વ્યવસ્થિત રીતે ચાલે છે, તેને આ લોક અને પરલોકમાં અતિ સુખ વર્તે છે. શ્રીહરિ જેટલી વાત કરતા હતા, તેનું મૂળ એટલું જ હતું કે,

જેને માટે જે યોગ્ય હોય તેની તપાસ કરીને તે પ્રમાણે વર્તવું. ૨૮-૨૯. અને તે પ્રમાણે જે વર્તે છે, તેને ક્યારેય દુઃખ આવતું નથી. આવી આ વાત છે. જેટલી ભગવાને નિષેધ કરેલી બાબતો છે, તે જ દુઃખનું મૂળ છે. ૩૦.

❋ નીતિના માર્ગે ચાલવાની મહત્તા :

चोपाई :

नीतिमग सुख के मूर रहाता, अनीतिमग जितना जो कहाता;
दुःख के मूर रहाये तेही, निश्चय बात जानना एही...३१
भगवान ताके यह लेख रहेऊ, फिरत न कोउ कल्प लग तेऊ;
भगवान के लेख रहे जैसे, होवत रहाये निश्चय तैसे...३२
नीति के मगमें सुख अपारा, रहाये कोउ वार न पारा;
भगवान के धाम रहे मग तामें, मिथ्या नहि रहाये कबु यामें...३३
अनीतिमग में दुःख जोउ ताके, पारावार रहे नहि वाके;
जन्म मरण जमपुरि जो तिन के, लखचोराशि के दुःख इनके...३४

નીતિનો માર્ગ સુખનું મૂળ છે. અનીતિનો માર્ગ દુઃખનું મૂળ છે, તે વાત ચોક્કસ સમજવી. અને આ ભગવાનનો કરેલો લેખ છે તે કોઈ કલ્પ સુધી પણ ફરતો નથી. જેવો ભગવાનનો લેખ હોય, તેવું જ બધું ચોક્કસપણે થાય છે. ૩૧-૩૨. નીતિના માર્ગમાં અપાર સુખ રહ્યું છે. તે નીતિના માર્ગમાં જ ભગવાનનું ધામ રહ્યું છે. આ વાત ક્યારેય મિથ્યા થતી નથી. ૩૩. અનીતિના માર્ગમાં તો પારાવાર દુઃખ રહ્યું છે. અનીતિમાં જન્મ, મૃત્યુ, જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ રહ્યું છે. આ વાત કાંઈ મિથ્યા નથી. આ બધી વાતને જ્યાં સુધી જે મિથ્યા માને છે, ત્યાં સુધી તેને જેટલાં દુઃખ છે તે બધાં સહન કરવાં પડે છે. ૩૪-૩૫.

ભગવાને જેટલી વાત કહી છે, તેને જ્યારે સત્ય માને તથા નીતિના માર્ગે ચાલે ત્યારે તે જીવનો ઉદ્ધાર થાય છે અને ત્યારે તે અપાર સુખને પામે છે, જેનો કહ્યે પાર આવતો નથી. ૩૬-૩૭. નીતિ અને ધર્મ એક જ છે. સત્યનો માર્ગ અને સત્સંગ એક જ છે, પણ તેને અલગ અલગ શબ્દથી કહ્યા છે. ૩૮. અનીતિ, અધર્મ, અસત્ય અને કુસંગ તે પણ એક જ માર્ગનાં

નામ છે, પણ તેને અલગ અલગ શબ્દથી કહ્યાં છે. ૩૯. નીતિરૂપ સત્સંગનો માર્ગ તો સુખનો માર્ગ છે અને અનીતિરૂપ કુસંગનો જે માર્ગ છે તે દુઃખનો છે. પણ જે મનુષ્ય ભગવાનથી વિમુખ છે, તેને તે દેખાતું નથી. તેથી તે દુઃખને માર્ગે જ ચાલતો રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલથી પૂર્વમાં વિશાળ જગ્યામાં વેદિકાએ બેસીને સભા કરી" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૮

શ્રીહરિએ પ્રબોધની અને રામનવમીનો સમૈયો વડતાલમાં જાહેર કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ઉગમણી દિશામાં વેદિકા ઉપર બેઠેલા શ્રીહરિએ સહુ હરિભક્તોને ઘણા હેતથી કહ્યું : "પ્રબોધની એકાદશીને દિવસ મધ્યાહ્ન સમય થયો, ત્યારે ધર્મદેવનો જન્મ થયો હતો. તો હવે પછી આ વડતાલમાં દર વરસે સમૈયો કરવો. ૨-૩. કાર્તિક માસમાં પૂનમને દિવસ ચંદ્રોદય થયો, ત્યારે ભક્તિમાતાનો જન્મ થયો હતો. ૪. ધર્મદેવ તથા ભક્તિમાતાના જન્મને લીધે અમે આજથી અહીં વડતાલમાં સમૈયો બાંધીએ છીએ, તેથી હવે પછી કોઈએ કંકોતરીની વાટ જોવી નહિ. ૫. રામનવમીને દિવસ ભગવાન રામચંદ્રજીનો જન્મ મહોત્સવ ચારે ધામમાં ઘણો પ્રસિદ્ધ છે. ૬. વળી, તે દિવસ દસ ઘડી રાત જતાં અમારો જન્મ થયો હતો. સંતો પાસેથી તે વાતો સાંભળીને અમારો જે પ્રતાપ છે, તેને તમે સહુ જાણો છો. ૭.

જેનો જેવો પ્રતાપ હોય, તેનો તેવો જન્મોત્સવ વરસો વરસ સમૈયામાં અહીંયાં આવીને કરવો. ૮. હવે તો ચારેય ધામમાં-સર્વે પ્રાંતમાં લાખોની સંખ્યામાં ચારેય વર્ણનાં બાઈ-ભાઈ હરિભક્ત થયાં છે. ૯. તેમજ વરસો

વરસ જેને નીતિ ગમે છે, તેવા હજારો લોકો નવા સત્સંગી થાય છે. ૧૦. આ સત્સંગની વાતોએ કરીને જે ગુરુ કે શિષ્યોમાં જેટલી અનીતિ રહી હોય છે, તે બધી સહુને યથાર્થરૂપમાં દેખ્યામાં આવે છે. ૧૧. અનીતિમાં ડૂબેલા ગુરુ નીતિના માર્ગને જોઈને, તેમાં ચાલનારા પોતાના શિષ્યો ઉપર નાતના કાયદા લગાડે છે. ૧૨. પછી જે પોતાના શિષ્યો સત્સંગની વાત સાંભળીને સત્સંગી થયા હોય, તેને નાત બહાર મુકાવે છે. ૧૩. આ રીતે જેને અનીતિ ગમતી હોય છે, તેવા લોકો નીતિમાં રુચિવાળાને નાત બહાર કરે છે, પણ તેની સાચી તપાસ કોણ કરે ? ૧૪. અને કેટલાક ગુરુઓ તો પોતાના શિષ્યની સ્ત્રીઓને ચાહે તેમ ભોગવતા હોય છે. ૧૫.

આવા તે ગુરુનાં દુઃખને લીધે કેટલાક સત્સંગ કરે છે, ત્યારે તેને પણ નાતનું કોઈ બહાનું લઈને નાત બહાર કરાવે છે. ૧૬. જે ગુરુને અનીતિ રુચે છે, તેને નીતિનો માર્ગ રુચતો નથી. કેટલાક પંથમાં તો ગુરુ અને શિષ્યો સહુ વ્યભિચાર કરતા હોય છે. ૧૭. તે લોકો વ્યભિચારને જ મોક્ષનો માર્ગ માને છે. તેવા લોકોને લગાર પણ સત્સંગ ગમતો નથી. પરંતુ જે ડાહ્યા માણસોને વ્યભિચારમાં અપાર દોષ દેખાય છે, તે બધા સત્સંગને સ્વીકારે છે. સત્સંગ રાખવો તે ઘણો કઠણ છે. જે લોકો દારૂ, માંસ તથા ચોરીમાં સાર માને છે, તેને તે પોતાના દોષને લીધે સત્સંગ ગમતો નથી. દોષોનો ત્યાગ કરવો, તે કઠણમાં પણ અતિશય કઠણ છે. ૧૮-૨૦.

❋ હરિનો રંગ લાગે તો દોષો ભાગે :

चोपाई :

दोष के त्याग करे बिनही, कल्याण होत सुने न किनही;
गोपि गोप वानर अगणीता, प्रगट भगवान के जोग करीता...२१

दोष ताके भये सब नासा, भगवान के जब लगे पासा;
भगवान के पास लगत जबही, भगवान के सम कोउ तबही...२२

देखत नहि तब पास लगेऊ, पास ताकी यह रीत रहेऊ;
इनके नाम रहेउ कल्याना, भगवान के एक रहत ध्याना...२३

દોષોનો ત્યાગ કર્યા સિવાય કોઈનું કલ્યાણ થયું હોય, તેવું અમે સાંભળ્યું નથી. ગોપીઓ, ગોવાળો અને અપાર વાનરોને જ્યારે સાક્ષાત્ ભગવાનનો યોગ થયો, ત્યારે ભગવાનનો પાશ લાગવાથી તેમના બધા દોષોનો નાશ થયો હતો. જ્યારે ભગવાનનો પાશ(રંગ) લાગે છે, ત્યારે તે ભક્ત ભગવાનની સમાન બીજા કોઈને દેખતા નથી, તેને જ પાશ લાગ્યો કહેવાય. કેમ જે, પાશની આવી રીત રહી છે. એક ભગવાનનું જ ધ્યાન રહે, એનું જ નામ કલ્યાણ છે. ૨૧-૨૩. **જે જે બાબતો દેખ્યામાં અને સાંભળવામાં આવે છે તથા નવા નવા તરેહ તરેહના સુગંધ, રસ અને સ્પર્શાદિક વિષયો; એ કોઈને ક્યારેય ભગવાનથી અધિક ન દેખે, ત્યારે જ તેને યથાર્થરૂપમાં સિદ્ધ કહેવાય.** ૨૪-૨૫. તે સિવાયના જેટલા સિદ્ધ હોય, તે પૂરા સિદ્ધ કહેવાતા નથી. આગળ કહ્યું તે રીતે જ્યારે ભગવાનને જ એક સર્વ શ્રેષ્ઠ માને, ત્યારે તે પૂરો સિદ્ધ કહેવાય છે. ૨૬. **ભગવાન સિવાયની બીજી કોઈપણ બાબત અંગે જ્યાં સુધી શોક કરે છે, ત્યાં સુધી તે સિદ્ધ નથી થયો.** ૨૭.

सोरठा : समाधि सत्य हि तेहि, सिद्धदशा सत्य हि तेउ;
विद्या सब जो एहि, साधन सब कर रहे यह...२८

चोपाई :

सत्संग करी करना हे इतना, भगवान बिन ओर यह तितना;
स्वप्न तामें अधिक जो जबहू, देखे में नहि आवे तबहू...२९

ભગવાન જ જ્યારે સર્વ શ્રેષ્ઠ મનાય, ત્યારે તેની સમાધિ સત્ય છે અને તેની જ સિદ્ધદશા સત્ય છે. અને તેણે સર્વે વિદ્યા ભણી ચૂક્યો અને તેણે બધાં સાધન પણ કરી લીધાં છે. ૨૮. સત્સંગ કરીને એટલું જ કરવાનું છે કે, ક્યારેય સ્વપ્નમાં પણ ભગવાનથી અધિક કોઈ વસ્તુ દેખ્યામાં ન આવે. ૨૯. આવી સ્થિતિ અને સમજણ હોય, તોપણ તે ભક્તને સત્સંગ કરવામાં અધિક અધિક શ્રદ્ધા રહે છે. જ્યારે અધિક અધિક શ્રદ્ધા રાખતો રહે, ત્યારે જ તેણે સત્સંગ પૂરો જાણ્યો કહેવાય. ૩૦. શ્રદ્ધામાં જેટલું મંદપણું હોય, તેટલી સત્સંગ કરવામાં કસર છે. જેની જેવી શ્રદ્ધા હોય છે, તેને તેનું વર્તન જ કહી બતાવે છે. ૩૧.

શ્રીહરિ આવી ઘણી વાતો કહેતા હતા. કારણ કે, તેમને હરિભક્તો ઉપર ખૂબ હેત હતું. શ્રીહરિ પોતે ભગવાન છે. તેમના સમાન બીજું કોઈ નથી. ૩૨. **ભગવાન સ્વામિનારાયણના એક રોમને સમાન અક્ષર પર્યંત કોઈ થઈ શકતા નથી, એવા આ પ્રગટ ભગવાન છે. માટે આ ભગવાનને સમાન કોઈ નથી.** ૩૩. ભક્તજન જ્યાં સુધી આ ભગવાન સમાન અન્ય કોઈને સમજે છે, ત્યાં સુધી તે સત્સંગની ચોક્કસ રીતને જાણતો નથી. ૩૪. શ્રીહરિ સિવાયના બીજા જે ભગવાનના ભક્ત હોય છે, તે તો કૂવો, સરોવર તથા નદી સમાન છે અને કોઈ સાગર સમાન પણ કહેવાય છે. ૩૫.

તે ચાહે તેવો સાગર હોય તોપણ મહાજળ(એકાર્ણવ)ના સમાન કહેવાતા નથી. ભગવાન તો તે મહાજળના જેવા છે. જે મુક્તો છે તે સાગરના જેવા છે. ૩૬. ચાહે તેવો સાગર હોય, તોપણ તે મહાજળ સમાન થતો નથી. જેને મહાજળ સમાન આ શ્રીહરિનું જ્ઞાન નથી હોતું, તે કૂવા સમાન વ્યક્તિ મહાજળ સમાન કોને જુવે ? અર્થાત્ તે કૂવા જેવો નાનો જીવ શ્રીહરિને ઓળખી શકતો નથી. ૩૭. કેમ જે, જિંદગીભર જેને કૂવાનું જ જ્ઞાન હોય છે, તે બીજા કોઈને કૂવાથી વધારે ક્યારેય માનતા નથી. ૩૮. જેને મહાજળનું, સાગરનું, ગંગાનું અને મોટા સરોવરનું જ્ઞાન થયું હોય છે, તેવા મોટા જ્ઞાનવાળાની આગળ કૂવાના જ્ઞાનવાળો ગમે તેવો હોય; તોપણ લેશમાત્ર ગણતીમાં આવતો નથી. આવી તો અપાર વાતો છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ પ્રબોધની અને રામનવમીનો સમૈયો વડતાલમાં જાહેર કર્યો" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૩૯

શ્રીહરિ વડતાલથી વસો પધાર્યા અને અમીન વગેરે ભક્તોએ સામૈયું કર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ કાર્તિક સુદિ દશમ અને બારશથી લઈને પડવા સુધી સંતોને વિવિધ પ્રકારની રસોઈ કરાવીને ભાવથી જમાડ્યા. હરિભક્તો પણ ખૂબ જ ભાવથી રોજ રોજ શ્રીહરિ તથા બધા સંતોની પૂજા કરતા અને બહુ લાભ લેતા. ૨-૩. કાર્તિક વદિ પડવાને દિવસે બપોર પછી શ્રીહરિ સંતો અને વર્ણી વગેરેને સાથે લઈને વડતાલથી ચાલ્યા, તે **વસો** ગામ આવ્યા. ૪. સાંજનો સમય થયો, ત્યારે શ્રીહરિ વસોની નજીક પહોંચ્યા. વસો ગામના ગણ્યે પાર ન આવે એટલા બધા હરિભક્તો હતા. ૫.

❋ વસોના અમીન પાટીદારોની ઓળખાણ અને સત્સંગ :

એ મોટા મોટા અમીન પાટીદારોને ગાયકવાડ સરકાર અને બીજા રાજાઓ પણ સો કોશ સુધીમાં જાણતા હતા. ૬. તે પાટીદારો જ્યાં જાય ત્યાં તેમને સન્માન મળતું. આવા તે બધા ઘણા કુળવાન હતા. સંતોના યોગથી તે સહુમાં પાકો સત્સંગ થયો હતો. ૭. વાલાભાઈ, તુલસીભાઈ તથા ઝવેરભાઈ એ ત્રણેય ભાઈ હતા અને હાંસજીભાઈ કસિયાભાઈના સગા કાકાના દીકરા ભાઈ હતા. તે બધાએ સત્સંગને શિર સાટે કરી રાખ્યો હતો. તે પહેલાં વૈષ્ણવ પંથમાં મુખ્ય હતા. તેઓ વલ્લભકુળની બધી જ વાતોને અથથી ઈતિ સુધી જાણતા હતા. જ્યારે તેમને આપણા સત્સંગની વાત યથાર્થરૂપમાં જાણ્યામાં આવી અને ધર્મની દૃષ્ટિએ તેનો બુદ્ધિમાં તોલ કર્યો, ત્યારે તેઓ સત્સંગી થયા. ૮-૧૦. તેમને આખી ગીતા કંઠસ્થ હતી. તેમને જ્યારે સંતોનો યોગ થયો, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યાં તેવાં લક્ષણે યુક્ત સંતોને ઓળખીને તેમનાથી પોતાનો મોક્ષ માન્યો. ૧૧. શાસ્ત્રમાં કહેલા સદાચારના નિયમોને છોડાવીને કામ, ક્રોધ

તથા લોભ, આ જીવને અધિકપણે જ્યાં દોરીને લઈ જાય છે, તે નરકનું પ્રસિદ્ધ નિશ્ચિત દ્વાર છે. ૧૨.

दोहा : राम तिहाँ न काम रहे, काम तिहाँ नहि राम;
दो दो बात न रहे कबु, रवि रजनी एक ठाम...१३

જ્યાં રામ હોય ત્યાં કામ હોતો નથી અને જ્યાં કામ હોય ત્યાં રામ હોતા નથી. જે રીતે સૂર્ય અને રાત્રી બંને એક સાથે ક્યારેય રહેતા નથી તેમ રામ અને કામ સાથે રહેતા નથી. ૧૩. ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કે, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને છઠ્ઠું મન, તે જેણે જીત્યા હોય એવા જે ભગવાનના ભક્ત હોય તે સાચા છે. તે સિવાયના નિયમ વગરના ગુરુ અને શિષ્યો તો બધા ઠગ છે. ૧૪-૧૫.

સત્પુરુષનાં વચનો બહુ સાચાં હોય છે. જીવ જ્યારે સત્પુરુષનાં ચીંધેલા માર્ગે ચાલે છે, ત્યારે જ તેનો ઉદ્ધાર થાય છે. ૧૬. જે ગૃહસ્થ હોય તેમણે જેટલી પરસ્ત્રીઓ કહેવાય છે, તેને મનમાં માતાની દૃષ્ટિથી જોવી અને જે પરધન છે તેને પથ્થરના જેવું દેખવું. ૧૭. આવો જે ભક્ત હોય છે તેને શ્રીહરિ જરૂર મળે છે. સત્પુરુષ ક્યારેય ખોટું બોલતા નથી. સત્પુરુષનાં જે વચન છે, તે ધર્મવિરુદ્ધ વાતોનો ઠેર ઠેર નિષેધ કરતાં હોય છે. તે બાબતે કોઈની થોડી પણ મહોબત રાખતા નથી. કારણ કે, સત્પુરૂષો એવું સમજે છે કે ધર્મવિરુદ્ધ વાતોની જો મહોબત રાખવામાં આવે, તો તે મહોબત રાખનારા ઉપર દેશ-કાળાદિકનું જેવું જોર હોય તેવું ચાલે છે. માટે સત્પુરુષ દેશ-કાળાદિક જે રીતે વિઘ્ન ન કરે, તે રીતે તેનાથી બચીને ચાલે છે. ૧૮-૨૦.

વસોના જેટલા પાટીદારો આ વખતે સત્સંગી થયા છે, તે બધાં દેશ-કાળને સમજવામાં ઘણા સાવધાન રહે છે. ૨૧. ચાહે તેવો સમર્થ હોય તેણે પણ માનવા યોગ્ય વ્યક્તિને માન આપવું જોઈએ. આવી આપણા સત્સંગની સર્વોપરિ રીત છે, તેને તે પાટીદારો જાણતા હતા. ૨૨. તેઓ સહુ સર્વોપરિ હતા, તેથી તેમણે સર્વોપરિ સત્સંગને સ્વીકાર્યો હતો. પણ જેમને અધર્મમાં રુચિ હતી, તેમને સત્સંગની વાત ગમતી નહિ. ૨૩. એક ગોપાળ પંથ

સિવાયના જે લોકોને ધન મળેલું હતું, તે બધા તેને અધર્મ માર્ગે વાપરતા હતા અને તેને જ ધન મળ્યાનું ફળ પણ માનતા હતા. ઉપર કહેલા બધા અમીન પાટીદારો હરિભક્ત હતા. તેમજ વિપ્ર બાલા ધ્રુવ, વાલા ધ્રુવ, ઈચ્છારામ ધ્રુવ, દાદા દવે, ઈશ્વર દવે અને આશારામ; આ બધા પણ હરિભક્ત હતા અને વીશ-પચીશ જેટલી વિપ્ર બાઈઓ પણ હરિભક્ત હતી. ૨૪-૨૬.

સહુ હરિભક્તોને શ્રીહરિ ઉપર અતિશય ભક્તિ ભાવ હતો. તેથી તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. તે સહુના નામ કહેતાં પાર આવતો નથી. ૨૭. જેટલા હરિભક્ત હતા, તે સહુએ તે વખતે ફૂલના હાર લીધા હતા અને ઘણા પ્રેમથી શ્રીહરિને તે પહેરાવ્યા હતા. ૨૮. સહુએ એક એક શ્રીફળ લીધું હતું, તે શ્રીહરિની આગળ ધર્યું અને ઘણા ભાવથી શ્રીહરિનો ચરણ સ્પર્શ કર્યો. ૨૯. ગામમાં જેટલાં વાજિંત્ર હતાં, તે બધાં લઈને આવ્યા અને વગાડવા લાગ્યા. ગામથી દક્ષિણ દિશામાં એક રામસર નામે તળાવ છે. ૩૦. તે રામસર અને ગામની વચ્ચે આવીને શ્રીહરિ ઊતર્યા. તેમજ સહુ સંતો શ્રીહરિની ચારેકોર આવીને ઊતર્યા.

શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા. તે વખતની અદ્‌ભુત શોભા બની તે કહી શકાતી નથી. ગામના બધા હરિભક્તો આવીને બેઠા અને કેટલાક તો સેવા માટે ઊભા રહ્યા. ૩૧-૩૨. જ્યારે મશાલો થઈ, ત્યારે સહુ સંતોએ ઊભા રહીને અતિશય હરખથી આરતી કરી. તે પછી હાથની તાળીઓ પાડીને નારાયણ ધૂન બોલ્યા. તે વખતે રંગભીના શ્રીહરિ પણ ધૂન બોલતા હતા. સંતોએ ધૂન કર્યા પછી શ્લોક બોલીને ભગવાનની સ્તુતિ કરી. ૩૩-૩૪. જ્યારે સંતો સ્તુતિ કરી રહ્યા, ત્યારે જય જયકાર થયો. તે પછી સહુ સંતો બ્રહ્માનંદ સ્વામીનાં **'નિત્ય ભજીએ રે, નિત્ય ભજીએ સુખદાયકરામ'** આ ગરબી રાગનાં પદ બોલ્યા. તે પદ ગાયું અને તે પદ પ્રમાણે શ્રીહરિએ વાતો કરી. હરિભક્ત સિવાયના કેટલાક પાટીદારો હતા, તે ત્યાં સહુને જોવા માટે આવ્યા. ૩૫-૩૬.

તે બધા ઊંચું કુળ, ધન, જુવાની અવસ્થા અને બુદ્ધિના અભિમાનને લીધે બીજા કોઈને પોતાની બરાબર દેખતા નહિ. ૩૭. આથી તેઓ ભરપૂર

ગર્વમાં હતા, તેને જોઈને શ્રીહરિના દિલમાં દયા આવી. ૩૮. તે લોકોનાં હૃદયના ભાવને દેખીને શ્રીહરિ વગર પૂછ્યે સહજ સ્વભાવે હરિભક્તોના પ્રત્યે બોલ્યા કે, "સત્સંગને સમજ્યા વિના કોઈ ગમે તેવા પોતાને મનમાં મોટા માનતા હોય, પણ તેનાથી તે કાંઈ મોટા થઈ જતા નથી." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલથી વસો પધાર્યા અને અમીન વગેરે ભક્તોએ સામૈયું કર્યું" એ નામે ઓગણચાલીસમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૦

શ્રીહરિએ ગર્વિષ્ઠને લક્ષ કરીને સત્સંગી અમીનોને સત્ય હકીકત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ વસોના હરિભક્તો આગળ વાત કહી. તે વાત સહુના અજ્ઞાનરૂપી અંધારાને ટાળી નાખે એવી હતી. ૨. શ્રીહરિએ કહ્યું, "અજ્ઞાનનું અંધારું એવું છે કે તે સત્સંગ વિના બીજા કોઈ બ્રહ્મા જેવાને પણ દેખાય નહિ. ૩. તો પછી બીજા માણસના તો શાં લેખાં ? માણસના અંતરમાં ઘણું અભિમાન હોય, પણ મોટા રાજાઓની આગળ તેનાં શાં લેખાં ? ૪. બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઈન્દ્ર થઈ જાય છે. તે ઈન્દ્રની આગળ મોટા રાજાની કાંઈ ગણતરી નથી. ૫. તે મોટા રાજાની આગળ ખંડિયા રાજાની કાંઈ ગણતરી નથી. તે ખંડિયા રાજાનું મોટા રાજા આગળ કાંઈ ધાર્યું થતું નથી. ૬. અને તે પોતાનું જેટલું ધાર્યું કરવા ચાહે, તો તરત જ તેને તેટલું દુઃખ આવે છે.

તમે અમીનો તો ખંડિયા રાજા જેવા છો. જ્યાં સુધી મોટા રાજાની મરજી પ્રમાણે 'જી હજૂર.. જી હજૂર..' કહેતા રહો, ત્યાં સુધી જ તમારી અમીનાત(અમીનપણું) રહે છે, એવું અમને દેખાય છે. ૭-૮. ધનવાન માણસની પાસે જ્યાં સુધી ધન હોય છે, ત્યાં સુધી સહુ તેને 'ભાઈ ભાઈ'

એમ કહે છે, પણ માનવજીવનમાં ધન અને શરીરનો કાંઈ વિશ્વાસ નથી. કેમ જે, બધું પરમેશ્વરને આધીન છે. ૯. આવું હોવા છતાં પણ કેટલાક 'અમારા જેવું તો કોઈ નહિ,' એમ અભિમાન રાખે છે અને અજ્ઞાનના અંધારામાં અવરાઈ ગયેલા રહે છે, પાછી તેની તેને કાંઈ ગમ પણ હોતી નથી. ૧૦. પોતાને જીવવાનો કોઈ વિશ્વાસ નથી, છતાં પણ મનમાં મરણનો ત્રાસ ઊપજતો નથી. તેઓ તો પોતાના કલ્યાણનું કામ બગાડે, એવા બુદ્ધિમાન છે. ૧૧. મનુષ્યદેહ પામીને જે કામ કરવાનું હોય છે, તેને બધા ભૂલી જાય છે. તેના માતા-પિતા જે આત્મકલ્યાણનું કામ ભૂલી ગયા હતા, તેમને જ માર્ગે તેમના પુત્રો ચાલે છે. ૧૨.

✵ કલ્યાણને અર્થે જતન કરે એ કુશાગ્ર બુદ્ધિવાળો છે :

આ જગતના જેટલા વિપ્રો, સંતો અને ગુરુઓ છે, તેઓ પ્રાયઃ મનુષ્યદેહ શાને અર્થે છે ? તે ભૂલી ગયા છે. ૧૩. વેદ અને પુરાણોને ભણ્યા હોવા છતાં પણ તેનું અજ્ઞાન ટળતું નથી. કારણ કે, તેના દિલમાં અજ્ઞાનને ટાળવા બાબતની અરુચિ રહી છે. ૧૪. જેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોય, એવા સંતો અને વિપ્રો જ્યારે જીવને તેનું અજ્ઞાન દેખાડે છે, ત્યારે તે સત્સંગ કરે છે. ૧૫. જ્યારે કોઈ જ્ઞાની સંત મળે અને ધર્મના નિયમો રાખીને જે જીવ તેમનો સમાગમ કરે, ત્યારે તેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે. ૧૬. **જગતના સંતમાં અને ભગવાનના સંતમાં તો બગલા અને હંસના જેટલો ઘણો ફરક હોય છે.** ૧૭. સંતો અને અસંતો વચ્ચે જે ફરક હોય છે, તે સત્સંગ વિના દેખાતો નથી. જે બાબતનું જેને જ્ઞાન ન હોય, તેને તે જ્ઞાન વિના કાંઈ સમજાતું નથી. ૧૮.

જે અજ્ઞાની મનુષ્ય હોય તેને જ્ઞાનની વાત કરીને સમજાવવાના હોય છે. પરંતુ જે પૂરા જ્ઞાની હોય છે, તેને તો કોઈ વાત અજાણી હોતી નથી. ૧૯. જે જેનો કસબ(કારીગરી) હોય, તેમાં બધા એકસરખા હોતા નથી. નામથી બધા એકસરખા હોય, પણ કસબમાં બધા ભિન્ન ભિન્ન દેખાય છે. ૨૦. જે જે જાતની વિદ્યાઓ હોય છે, તે બધીમાં પણ અધિક-ન્યૂનપણું હોય

છે. જેમાં જેવી વિદ્યા રહી હોય છે, તેની કિંમત બોલવા ઉપરથી થઈ જાય છે. ૨૧. જેવી જેની કિંમત હોય તેવું તેનું મૂલ્ય થાય છે. જગતમાં મનુષ્યો તો અપાર છે. જેને જેવો ખપ હોય તે ધન આપીને તે વસ્તુને ખરીદી લે છે. ૨૨. માણસને લૌકિક પદાર્થનો જેટલો ખપ હોય છે, તેટલો ભગવાનનો ખપ હોતો નથી. ખરેખર, જે કોઈ પણ નામધારી વસ્તુ છે, તે બધાનું મૂળ તો એક ભગવાન જ છે. ૨૩. ઘણા અપાર બુદ્ધિમાન હોય, તોપણ તેને સહુનું મૂળ એવા શ્રીહરિનો લગાર પણ ખપ હોતો નથી.

પરંતુ ભગવાન સિવાયના ચાહે તેવાં પદાર્થ હોય, તે અંતકાળે આવીને ક્યારેય જીવની સહાય કરતાં નથી. અને જે અંતકાળે સહાય કરે એવા હોય છે, તેને જીવ સંભારતો નથી. ૨૪-૨૫. **જે જગ્યાએ કોઈ બીજાની સહાયતા ચાલતી નથી, તે જગ્યાએ એક ભગવાન જ સહાય કરે છે. છતાં એવા ભગવાન ઉપર જીવને કાંઈ હેત નથી.** ૨૬. જે અંતસમયે આવીને ક્યારેય સહાય કરતા નથી, તેવા સંબંધીઓનું જિંદગીભર જીવ ભરણપોષણ કરતો રહે છે. જીવ એવો ડાહ્યો થાય છે કે ભગવાન સિવાય બીજાને રાજી કરવામાં જ લાગ્યો રહે છે. તે જીવ જ્યાં ઊગે એવું હોય ત્યાં વાવતો નથી. ૨૭-૨૮. કેટલાક મનુષ્ય ગમે તેવી અયોગ્ય વાતોને કરતા રહે છે અને જિંદગીભર અન્ન વસ્ત્ર ન મળે, એવા રાત-દિવસ કર્મ કરે છે. ૨૯.

❋ ભગવાનનું ઐશ્વર્ય :

છતાં ભગવાન પોતાની મોટાઈને ક્યારેય છોડતા નથી. ભગવાન પોતે પોતાની યોગકળાએ કરીને ક્યાં ઠેઠ આકાશમાં પાણી ભરી રાખે છે. ૩૦. અને જ્યારે યોગ્ય સમય આવે છે ત્યારે તે પાણીને વરસાવે છે. પાણી વરસાવવું તે કોઈ મનુષ્યથી થઈ શકતું નથી. જ્યારે પાણી વરસે છે, ત્યારે રાજા-પ્રજા સહુને સુખ થાય છે. ૩૧. એવી તો ભગવાન અગણિત બાબતો કરતા રહે છે. જે મનુષ્યથી બની ન શકતી હોય, એવી બધી બાબતોને એક ભગવાન જ જાણતા હોય છે. ૩૨. ભગવાનને આવી બાબત જણાવી શકે એવો કોઈ દેવ પણ નથી. ભગવાન પોતાને કરવાની જેટલી વાત છે, તેને

પોતે એક જ જાણે છે. ૩૩. જીવને લખચોરાશીમાં અંડજ જાતિમાં એકવીશ લાખ દેહ કહ્યા છે અને ઉદ્‌ભિજ્જ જાતિમાં પણ એકવીશ લાખ દેહ કહ્યા છે. તેમજ જરાયુજ જાતિમાં એકવીશ લાખ દેહ કહ્યા છે. વળી, સ્વેદજ જાતિમાં પણ એકવીશ લાખ દેહ કહ્યા છે. ૩૪-૩૫.

ભગવાનની યોગકળામાં અપાર સામર્થ્ય રહ્યું છે. તેથી અસંખ્ય જીવોને જુદાં જુદાં શરીરમાં જન્મ ધારણ કરાવે છે. ૩૬. જીવન પર્યંત જીવને તે શરીરે સહિત દેખાડે છે, પણ તે જીવ અને શરીરની સંપૂર્ણ ગમ તો બ્રહ્મા જેવાને પણ હોતી નથી. ૩૭. શરીરને છોડવું અને શરીરને ધારવું, તેની ગમ જીવને કાંઈ હોતી નથી. તે મનુષ્યદેહમાં આવીને જેવું જીવે છે, તેવી ભગવાન તેને ભવિષ્યમાં ગતિ પ્રાપ્ત કરાવે છે. ૩૮. ભગવાનની યોગકળા અનંત છે. ચાહે તેવો કોઈ સમર્થ હોય, તોપણ તે યોગકળાના પારને પામતો નથી. ૩૯. **મનુષ્યદેહને પામીને જે જીવ આવા મહા સમર્થ ભગવાનનું ભજન કરે છે, તે આ જગતને જીતી ગયો છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિએ અભિમાનીઓને લક્ષ કરીને સત્સંગી અમીનોને સત્ય હકીકત કહી" એ નામે ચાળીસમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૧

શ્રીહરિ વસો ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ ફર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે રાત એક પહોર ગઈ, ત્યાં સુધી શ્રીહરિ સત્સંગની વાત કરતા રહ્યા અને પછી પલંગ ઉપર પોઢી ગયા. જે હરિભક્તો હતા, તે બધા ગામમાં આવ્યા. પછી સહુ હરિભક્તોએ ભેળા મળીને એક સંપ કરીને વિચાર્યું કે શ્રીહરિને આપણે ઘેર પધરાવીએ. ૨-૩. આવો ઘણો સારો અવસર ફરીવાર ક્યારેય આવશે નહિ. આવો વિચાર કરીને શ્રીહરિની પધરામણી કરાવવાનો ઠરાવ

કર્યો. ૪. જે હરિભક્તોને પોતાને ઘેર શ્રીહરિને પધરાવવાનો ભાવ હતો, તે બધા બોલ્યા અને તેમનાં નામ લખ્યાં. ૫.

પછી જ્યારે સવાર થયું, ત્યારે બધા સંતો ત્યાં રહેલા તળાવમાં જઈને નાહ્યા અને શ્રીહરિએ પોતાને ઉતારે સ્નાન કર્યું. ૬. આશારામ ખેડાવાળ વિપ્ર હતા. તેમને સંતોને જમાડવાનો ખૂબ જ ભાવ હતો. ૭. સહુ હરિભક્તો રસોઈ બનાવવા માટે જોઈએ તેટલો સામાન લાવ્યા અને જે વિપ્ર હરિભક્ત હતા, તે બધા રસોઈ બનાવવા લાગી ગયા. ૮. હરિભક્તોએ શ્રીહરિ તથા સંતોની ગામમાં પધરામણી ચાલુ કરાવી. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તે અશ્વને સોનેરી સાજથી શણગારીને સુવર્ણમય કરી દીધો હતો. ૯. શ્રીહરિએ શરીર ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, તે સૂર્યના સમાન ઉજ્જ્વળ શોભતાં હતાં. મસ્તક ઉપર સોનાનું છત્ર ધાર્યું હતું. લલાટમાં કુંકુમનો ચાંદલો હતો. ૧૦. કંઠમાં હજારી ફૂલના હાર હતા અને બંને ભુજાઓ ઉપર બાજુબંધ અને હાથમાં ફૂલની પહોંચી ધારી હતી. તેમજ હાથમાં સોનાની છડી રાખી હતી. ૧૧.

ગામમાં જેટલા વાજિંત્રવાળા હતા, તે બધા ઉમંગભર વાજિંત્ર વગાડતા હતા. આકાશમાં જેટલો અવકાશ હતો, તે બધો વાજિંત્રોના શબ્દોથી ભરાઈ ગયો હતો. ૧૨. તે શબ્દ સાંભળીને આકાશમાં રહેલા દેવતાઓ મૂર્છિત થઈ ગયા. ગામની બધી રાજબજારોમાં પાણી છંટાવીને તેને સ્વચ્છ કરી હતી. ૧૩. ફળ સહિત કેળોને બજારમાં રોપી હતી. તેમજ શ્રીફળયુક્ત નાળિયેરનાં વૃક્ષ પણ રોપ્યાં હતાં. ૧૪. કેળ અને નાળિયેરીનાં થડને કુંકુમથી રંગીને વિવિધ પ્રકારે સુશોભિત કર્યાં હતાં. ૧૫. જાત જાતનાં ફૂલઝાડનાં કુંડાં લાવીને મૂક્યા હતા અને તેની શોભા કરી હતી. ૧૬. વસો ગામની જે બજાર હતી, તે બધી ફૂલના બાગ કરતાં પણ અધિક શોભાડી હતી. હરિભક્તોને બહુ ભાવ હતો. તેથી જરાય કસર રાખી ન હતી. ૧૭.

આશારામ વિપ્રને ઘેર સહુ પહેલા શ્રીહરિની પધરામણી કરી. તેણે પૂજા કરી અને ભેટ ધરી. ૧૮. પછી તેમણે ઘણા ભાવથી કપૂરની આરતી ઉતારી. તેણે સત્સંગી થઈને પોતાના મનુષ્યજન્મથી જે લાભ લેવાનો હોય

તે સર્વે લઈ લીધો. ૧૯. બરફી અને પેંડાના થાળ ભરીને ઘણા ભાવથી તે શ્રીહરિને જમાડ્યા. તે સમયે શ્રીહરિની સાથે જે સંતો હતા, તે બધાની પણ પૂજા કરી. ૨૦. બાલા ધ્રુવ, વાલા ધ્રુવ અને દાદા દવે વગેરે હરિભક્તોએ પણ શ્રીહરિ તથા સંતોને પોતાને ઘેર પધરાવ્યા અને ઘણા પ્રેમભાવથી પૂજા કરી. તેમણે આ સર્વોત્તમ લાભ માન્યો હતો. પહેલે ઘેર જે રીતે પૂજા કરી હતી, તે રીતે જ સહુ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૨૧-૨૨. અમીન વાલાભાઈ, તુલસીભાઈ તથા હાંસજીભાઈએ પણ શ્રીહરિની ઘણા પ્રેમથી પોતાને ઘેર પધરામણી કરી. ૨૩. તેઓ હૈયામાં શ્રીહરિ તથા સંતનો જેવો મહિમા સમજતા હતા, તે રીતે તેમણે પૂજા કરી. પૂજા કરવામાં તે ભક્તોમાં રહેલો મહિમા દેખાતો હતો. ૨૪.

✵ પાકા હરિભક્તનું લક્ષણ :

चोपाई :

हरि संत हित करत रहाते, जितना महिमा उर वरताते;
सेवा करत में आत देखाई, अंतर रहाये जेसे ताई...२५
हरिजन नकी रहायेउ जितना, हरि संत हित आवत हि तितना;
अलभ्य लाभ इतना हि पाये, ता विन कोटिक धन हि कमाये...२६

दोहा : श्रम मात्र भये फल तेहि, बेल जिमि श्रम करात;
नकी हरिजन जितना, देखत तिमि रहात...२७

જેના હૃદયમાં જેટલો મહિમા હોય, તેટલા તે શ્રીહરિ અને સંતોને માટે જે કરવું ઘટે તે બધું કરતા રહે છે. સેવા કરવામાં જેનું જેવું અંતર હોય તે દેખાઈ આવે છે. ૨૫. જે પાકા હરિભક્તો છે, તે બધા એમ માને છે કે શ્રીહરિ તથા સંતોને માટે જેટલું ઉપયોગમાં આવ્યું, એટલો જ અમે અલભ્ય લાભ પામ્યા છીએ. કેમ જે, શ્રીહરિની સેવા સિવાય કરોડોનું ધન કમાયા હોય, તોપણ તેનું ફળ માત્ર પરિશ્રમ જ છે. તે પાકા હરિભક્તો એવું સમજે છે કે, 'આપણે જો સત્સંગના કામમાં ન આવી જઈએ, તો બળદની જેમ વ્યર્થ પરિશ્રમ કરીએ છીએ.' ૨૬-૨૭. કેટલાક લોકોને વગર મહેનતે રોજ અપાર ધન મળતું હોય છે. તેમાં શ્રમ કોઈક કરતા હોય અને ધન

કોઈક બીજાને ભેળું થતું હોય છે. ૨૮. ધન એકઠું કરતાં કરતાં તે ધનિક માણસને ક્યારેય પૂરી તૃપ્તિ થતી નથી. તેવા અજ્ઞાની જીવો તે ધનને લીધે ભગવાન કરતાં પણ પોતાની વધારે મોટાઈ માને છે. અને મોટાઈને માટે જ તે ધન સંગ્રહ કરે છે, પણ તે ચાહે તેટલો મોટો હોય, તોપણ તુચ્છ બુદ્ધિવાળો છે. ૨૯-૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિ વસો ગામમાં હરિભક્તોને ઘેર પધરામણીએ ફર્યા" એ નામે એકતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૨

ગોવર્ધનનાથનાં દર્શન કરીને સ્વયં થાળ જમ્યા અને સંતોને પીરસ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ હરિભક્તોને ઘેર પધરામણીએ ફરી રહ્યા. વસોના તુલસીભાઈ અને હાંસજીભાઈ, તે બંને મહાભાગ્યશાળી હતા. કેમ જે, આ ભૂમિ ઉપર જે પ્રગટ શ્રીહરિ વિચરણ કરી રહ્યા હતા તેને તેઓ યથાર્થરૂપમાં જાણતા હતા. ૨-૩. જેની પાસે કરોડોનું ધન હોય, પણ જો તે સાક્ષાત્ શ્રીહરિને ઓળખતા ન હોય તો તે બધા પ્રત્યક્ષ શ્રીહરિના જ્ઞાન વગર ઘણા દુર્ભાગિયા છે. ૪. જે હરિભક્ત હોય છે તે આવી વાતને જાણે છે, પણ દુર્ભાગિયા લોકો તેને સમજતા નથી. હરિભક્તમાં અને દુર્ભાગિયા લોકોમાં રાત-દિવસ જેટલો ફરક છે. ૫. જે શ્રીહરિના સ્વરૂપના જ્ઞાનને સમજે છે તેમાં અને જે શ્રીહરિનાં સ્વરૂપને નથી સમજતા, તે બંનેમાં જમીન આસમાન જેટલો ફરક છે. કેમ જે, શ્રીહરિના સ્વરૂપના યથાર્થ નિશ્ચય વિના તો મોક્ષ બાબતમાં ઘોર અંધારું રહે છે. ૬.

કાળ આ જગતને રાત-દિવસ પોતાના મોઢામાં ગળી રહ્યો છે, પણ તેને કોઈ દેખતા નથી. સત્સંગનું જ્ઞાન પામ્યા વિના તો બધા માયાનાં

અંધારામાં જ પડ્યા છે. ૭. જેટલી જાતનાં જ્ઞાન છે, તે બધાનું દ્વાર એક સત્સંગ છે. કેમ જે, સત્સંગ કર્યા વિના કરોડો કલ્પે પણ શુદ્ધ જ્ઞાન મળતું નથી. ૮. જે માર્ગમાં દોષ રહ્યા હોય, તે માર્ગે હરિભક્તો ચાલતા નથી. જેમાંથી જેટલું કાંઈ કષ્ટ પ્રાપ્ત થાય છે, તેનું મૂળ કારણ કોઈ પણ પ્રકારનો લોભ હોય છે. ૯. લોભનું કારણ કામના ગણાય છે અને કામનાનું કારણ વિષયની રુચિ છે. તે વિષયની રુચિનું મૂળ કારણ રાગરૂપ આસક્તિ છે. તે રાગનો જ્યારે ભંગ થાય છે, ત્યારે તેમાંથી ક્રોધ ઊપજે છે. તે ક્રોધ અને અગ્નિ એકસરખા દેખાય છે. પાણીની આગળ આગનું બળ કોઈ દિવસ ચાલતું નથી. ૧૦-૧૧. **ક્રોધને જીતવાનો ઉપાય નિર્માનીપણું છે. શ્રીહરિ નિર્માનીપણાને મુખ્ય રાખીને વિચરણ કરતા હતા.** ૧૨.

વસોમાં ગોવર્ધનનાથનું નવું મંદિર હતું, તેને દેખીને શ્રીહરિ બોલ્યા, 'આ ગોવર્ધનનાથ મંદિર કોનું છે ?' એમ તુલસીભાઈને પૂછીને કહ્યું કે, 'અમારે આ મંદિર જોવું છે.' ૧૩-૧૪. ત્યારે તુલસીભાઈએ શ્રીહરિને કહ્યું કે, 'જો આપને જોવાની ઇચ્છા હોય તો ચાલો.' ૧૫. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'તમે મંદિરમાં જઈને તેના જે મુખિયાજી હોય તેને જઈને પૂછો. અમે તેમના કહ્યા સિવાય મંદિરમાં આવીએ નહિ.' ૧૬. ત્યારે તુલસીભાઈએ તરત જઈને તેના જે મુખિયાજી હતા તેને પૂછ્યું, ત્યારે તે મંદિરના મુખિયાજીએ પ્રસન્ન મનથી રજા આપી. ૧૭. ત્યારે શ્રીહરિ તે ગોવર્ધનનાથના મંદિરમાં રાજીપાથી પધાર્યા અને ગોવર્ધનનાથની મૂર્તિનાં દર્શન કર્યાં. અને પોતાના કોઠારી જે પ્રભાશંકરભાઈ હતા, તેની પાસે તત્કાળ પાંચ રૂપિયા શ્રીહરિએ ભેટ ધરાવ્યા. ૧૮-૧૯.

આ ભૂમિ પર શ્રીહરિની અપાર પ્રસિદ્ધિ થઈ હતી. છતાં જે ઠેકાણે વિષ્ણુ તથા શિવની બહુ મોટી પ્રસિદ્ધિ થયેલી હોય, ત્યાં શ્રીહરિ જ્યારે જતાં ત્યારે પહેલા વિષ્ણુ અને શિવજીનાં દર્શન કરતાં અને પછી જ્યાં જેવી ઘટે ત્યાં તેવી ભેટ પ્રેમથી અર્પણ કરતા હતા. ૨૦-૨૧. જ્યાં જેવો અવસર હોય, તે શ્રીહરિને જ્યારે દેખાય આવતો, ત્યારે પોતે જેવો અવસર હોય તે રીતે વર્તતા; પણ ક્યારેય બંધ મુઠ્ઠી(લોભ) રાખતા નહીં. ૨૨. જે મોટા

થઈને લોભવશાત્ ખૂબ બંધ મુઠ્ઠી રાખે, તો તે પોતાને મનમાં ચાહે તેવા માનતા હોય, પણ તે તુચ્છ મતિમાં ખપે છે. ૨૩.

❋ વિષયમાં દેખે દોષ, તે થાય નિર્દોષ :

જીવમાં અપાર દોષ રહ્યા છે, પણ તે દોષમાં જ્યાં સુધી ગુણ મનાતો હોય અને દૃઢ આસક્તિ હોય, ત્યાં સુધી કરોડો કલ્પ જાય તોપણ તે દોષનો ત્યાગ કરી શકતા નથી. ૨૪. જે બાબતમાં દૃઢ રાગ હોય, પણ જો તેમાં દોષ દેખાય તો તેનો ત્યાગ કરવામાં કાંઈ જ શ્રમ પડતો નથી. ૨૫. **શ્રીહરિ સ્ત્રી અને ધનમાં જેટલા દોષ રહ્યા છે, તેને નિરંતર દેખતા રહેતા.** ૨૬. સ્ત્રી અને ધન આ બે ઉપર જીવને દોડ રહે છે. તે બેમાં આખું જગત સુખ માનીને બંધાયેલું છે. ૨૭. શ્રીહરિ મુખિયાજીને કહેવા લાગ્યા : "શુકદેવજી, નારદ તથા સનકાદિક જેવા મોટા મોટા સત્પુરુષો થયા છે, તે જગતના ઉદ્ધાર માટે વહાણરૂપ હતા. ૨૮. જે ભગવાનને સત્ય કહે છે, તે બધા સત્પુરુષ કહેવાય છે. સત્પુરુષો સત્ય વાતને સત્ય કહે છે અને અસત્ય વાતને અસત્ય દેખાડે છે. ૨૯. વચન બોલે તેમાંથી જ સત્પુરુષ હોય કે અસત્પુરુષ હોય તે ઓળખાય જાય છે. કેમ જે, અસત્પુરુષ પોતાની વાતમાં અસત્યનું પ્રતિપાદન કરતા હોય છે અને સત્પુરુષ સત્યનું પ્રતિપાદન કરતા હોય છે. ૩૦.

અસત્ય વાતો ઉપરથી અસત્પુરુષ ઓળખાઈ આવે છે. સત્પુરુષો અને તે સત્પુરુષોની કરેલી સાચી વાતો, જીવને આ લોકમાં અને પરલોકમાં અપાર સુખી કરે છે. જેમાં લગાર પણ દુઃખ ન હોય, એવી બધી વાતોનો શાસ્ત્રોમાં સંગ્રહ કર્યો હોય છે. ૩૧-૩૨. તે શાસ્ત્રમાં કહેલાં સંગ્રહવચનને લીધે સત્પુરુષ ઓળખાઈ આવે છે." શ્રીહરિએ તે ગોવર્ધનનાથના મંદિરમાં રહેલા તેના મુખિયાજીની આગળ આવી વાત કરી. ૩૩.

તે પછી શ્રીહરિ મંદિરની અગાશીમાં જઈને બેઠા, પછી તરત જ ઊભા થઈને ત્યાંથી ઊતર્યા અને આવીને અશ્વ ઉપર સવાર થયા. પછી હરિભક્ત બાઈઓનું જ્યાં હરિમંદિર કર્યું હતું ત્યાં શ્રીહરિ પ્રેમથી પધાર્યા. ત્યારે ત્યાં શ્રીહરિની પૂજા કરી. જ્યારે દિવસનો મધ્યાહ્ન સમય થયો, ત્યારે શ્રીહરિ

પોતાને ઉતારે આવ્યા. ત્યાં તળાવની ઉત્તર દિશાની પાળ ઉપર વિપ્રોએ રસોઈ કરી હતી. ૩૪-૩૬. ત્યાં જઈને શ્રીહરિ પહેલા જમ્યા અને પછી સંતોની પંગત કરાવી. શ્રીહરિની સાથે જેટલા આવ્યા હતા, તે બધા પંગતમાં બેઠા. શ્રીહરિ જ્યારે જમી રહ્યા, ત્યારે સંતોને ખાંડના લાડુ ઘણા ભાવથી પીરસ્યા. ૩૭-૩૮. મૂળજી ધ્રુવ, વાલા ધ્રુવ, ઈશ્વર દવે, આશારામભાઈ તથા ઇચ્છારામભાઈ વગેરે વિપ્રો લાડુનાં પાત્ર ભરી ભરીને પંગતમાં શ્રીહરિની આગળ ચાલતા હતા. ૩૯-૪૦. તે સમયે શ્રીહરિ જમણા હાથમાં લાડુ લઈને સંતોને બબ્બે લાડુ ઘણા ભાવથી આપતા હતા. કારણ કે, શ્રીહરિ સંતોના મહિમાને જાણતા હતા. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગોવર્ધનનાથના દર્શન કરીને સ્વયં થાળ જમ્યા અને સંતોને પીરસ્યું" એ નામે બેતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૩

શ્રીહરિએ સંતોની નિર્બંધતા કહી ને વસોથી નીકળીને વટામણ ગામ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે શ્રીહરિ સંતોને પંગતમાં લાડુ પીરસી રહ્યા, ત્યારે સંતો લાડુ જમવા લાગ્યા અને બીજું ભોજન તેમાં ભેળવી દીધું. ૨. સહુ સંતો એમ જાણતા હતા કે ઉત્તમમાં ઉત્તમ જે રસ છે તે શ્રીહરિનાં વચન જ છે. ૩. સંતોને શ્રીહરિનાં વચન સિવાયના બીજા અમૃત પર્યંતના સર્વે રસો ફિક્કા લાગતા હતા. ૪. શ્રીહરિનાં આજ્ઞાવચન સિવાયના બીજા રસ તો અપાર દુ:ખથી ભરેલાં છે અને તે આજ્ઞાવચનમાં અપાર ગુણ રહ્યા છે. એમ નિષ્પાપ સંતો સમજતા હતા. ૫.

પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, "અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવનું શિખરબંધ મંદિર કર્યું છે અને તેના મુખ્ય અધિકારી આનંદાનંદ સ્વામીને અમે રાખ્યા છે. તેમને અમે જ્યાં સુધી અધિકારી રાખશું ત્યાં સુધી રહેશે. પણ જ્યારે ન રાખીએ, ત્યારે તરત તે સ્થાનને છોડી દેશે. જ્યારે જ્યાં રાખીએ ત્યારે ત્યાં અમારી મરજી પ્રમાણે જ રહે, તે જ પૂરા સંત કહેવાય છે. ૬-૭. જે સંત પૂરા દેખાતા હોય પણ તેણે તે સ્થાનમાં મૂળ જમાવી દીધાં હોય, એવું દેખાઈ આવે અથવા કોઈ તેવી વાત કરે કે આ સંતે આ સ્થાનમાં મૂળ જમાવી દીધાં છે; ત્યારે અમે તે મૂળના અંકુરને દેખતાની સાથે જ તરત તે મૂળના અંકુરને કાપી નાંખીએ છીએ. અમે તે મૂળના અંકુરને તરત છેદી નાંખીએ છીએ, તે બીજા કોઈને દેખ્યામાં પણ નથી આવતા. કેમ જે, સંતોને નિર્બંધતામાં જ સુખ રહ્યું છે. સંતો જેટલા બંધાઈ જાય છે તેટલું તેને દુઃખ થાય છે. જેમાં બંધન થયું હોય, તે જ્યારે છૂટી ન શકે ત્યારે તે વિમુખ થાય છે. ૮-૧૦.

જ્યાં સુધી વચનમાં વર્તતા હોય છે, ત્યાં સુધી તેને દુઃખ આવતું નથી. તે વચન પાળવામાં જે જેટલી યુક્તિ-પ્રયુક્તિ કરે છે, તેને અંતર્યામી પ્રભુ જાણતા હોય છે. ૧૧. પણ જે જેટલી યુક્તિ કરે છે, તેટલું દુઃખ તેને અવશ્ય આવ્યા વિના રહેતું નથી. તે યુક્તિમાં પણ સત્સંગના વિકાસનો જેટલો સંકલ્પ રહે છે, તેટલું તેને સુખ થાય છે. સત્સંગના ઉદયને જે મન, કર્મ, વચને કરીને ઇચ્છે છે, એવા જે સંતો તથા હરિભક્તો છે તે બધા સત્સંગના મજબૂત સ્તંભ છે; તે તમારે સહુએ જાણી રાખવું. ૧૨-૧૪. હે સંતો ! અમે અને તમે સહુ અત્યારે આ વરસમાં શુભ યોગને લીધે ચાર માસ સુધી સાથે રહ્યા છીએ. ૧૫. અત્યારે વડતાલના મંદિરમાં અમે જ્યાં સુધી રાખશું, ત્યાં સુધી અધિકારીના રૂપમાં બ્રહ્માનંદ સ્વામી છે. ૧૬.

બ્રહ્માનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામીને વડતાલ તથા અમદાવાદનાં મંદિરમાં હમણાં રાખેલા છે અને મંદિરનું કામ પણ ચાલે છે. વળી, તે બંને હરિભક્તોને પણ ગમે છે. ૧૭. તેઓ મંદિરનાં હિતમાં જે કાંઈ પણ કામ હોય તે કરે છે અને બંને મંદિરો તરફના નાના-મોટા બધા હરિભક્તોને

પણ સાચવે છે. ૧૮. બંને મંદિરના દેવ ઘણા બળવાન છે, તે દેખી શકાય છે અને તેઓ હરિભક્તોમાં અપાર શ્રદ્ધા પ્રેરે છે. ૧૯. સંતો હરિભક્તોને વાતો કરે છે, પણ સંતોને તો કાંઈ જોઈતું નથી. સત્સંગમાં રહેલા સંતો અન્ન કે વસ્ત્રનો ક્યારેય સંકલ્પ પણ કરતા નથી કે, 'આજ અન્ન વસ્ત્ર મળ્યાં છે, હવે કાલે શું કરશું ?' પરમેશ્વર સંકલ્પ કર્યા વિના જ સમય સમય પ્રમાણે તેમને બધું આપતા રહે છે. ૨૦-૨૧. તમે સંતો અન્ન અને વસ્ત્ર બાબતમાં જેટલો અનાદર રાખો છો, તેટલો ગામેગામમાં રહેલા હરિભક્તો તમારા ઉપર અતિશય ભાવ રાખે છે. ૨૨.

❋ મંદિર તથા સંતની સેવાનો મહિમા :

चोपाई :

मंदिर हित तुम हित सेवा जेती, हरिजन दुजे करत हे तेती;
अन्न धन बसन करीके जेही, यह लोक परलोक में तेही...२३

दुःखी कबहु न होवत रहाते, मंदिर संत की सेवा कराते;
सेवा करे में निरउछाहा, रखही अंतर मांहीं जाहा...२४

दोहा : इतना हि यह लोक महीं, परलोक जो तामें;
सुख तामें संकुच हि यह, वरतत रहत यामें...२५

यह लोक परलोक महीं, सुख के वार न पार;
मंदिर संत की सेवा में, जितना जाकू प्यार...२६

सोरठा : देव द्वार ही जेहु, संत निर्लोभी द्वार कर;
प्रगट ईश्वर तेहु, हरिजन कु सुख देत रहत...२७

મંદિર માટે તથા તમ જેવા સંતોને માટે જે હરિભક્તો કે બીજા કોઈ અન્ન, ધન કે વસ્ત્રે કરીને જેટલી સેવા કરે છે, તેટલા તેઓ આ લોક કે પરલોકમાં ક્યારેય દુઃખી થતા નથી. જે હરિભક્તો મંદિર અને સંતોની સેવા કરવામાં અંતરથી જેટલા નિરુત્સાહ રહે છે, તેમને આ લોક કે પરલોકમાં એટલો સુખમાં સંકોચ વર્તે છે. અર્થાત્ એટલું સુખ ઓછું મળે છે. ૨૩-૨૫. જેને મંદિર તથા સંતોની સેવા કરવામાં જેટલો પ્યાર હોય છે, તેટલું તેમને આ લોક કે પરલોકમાં અપાર સુખ મળે છે. ૨૬. દેવના દ્વારા અથવા તો

નિર્લોભી સંતના દ્વારા પણ હરિભક્તોને સુખ તો પ્રગટ પરમેશ્વર જ આપે છે. ૨૭. તમે સહુ સંતો જ્યાં જ્યાં ફરવા જાઓ ત્યાં આવી સેવાનાં અંગની વાત કરજો." ૨૮.

પરમ સુખદાતા શ્રીહરિએ સંતોને જમાડીને આટલી વાત કહી. સહુને કાયમ જેમ સુખ રહે, તેમ શ્રીહરિને હંમેશાં તાન રહેતું હતું. તેથી જેટલી વાતમાં અપાર સુખ હોય, તે વાતનો શ્રીહરિ નિર્ધાર કરીને સહુને સુખ થાય એવી જ વાત કરતા હતા તથા દુઃખરૂપ વાતનો ત્યાગ કરાવતા હતા. ૨૯-૩૦. શ્રીહરિ જેમાં ઘણું સારું સુખ રહ્યું હોય, એવી વાતો અપાર કહેતા હતા. જેમાં સુખ રહ્યું હોય તેને જ ખરેખર વાત કહેવાય અને જેમાં દુઃખ રહ્યું હોય તેવી વાતો તો જમપુરી જેવી છે. ૩૧. દુઃખ થાય એવી વાતના માર્ગે જે લોકો ચાલે છે તેને આ લોકમાં જરૂર દુઃખ પ્રાપ્ત થાય છે. આ વાતમાં કાંઈ પણ ખોટું નથી. ૩૨. પૃથ્વીને ધ્રુજાવનારા હિરણ્યાક્ષ આદિક મોટા મોટા દૈત્યો અનંત થયા છે, તેનો કહેતાં પાર પમાતો નથી. ૩૩. જ્યારે તે દુઃખને માર્ગે ચાલ્યા ત્યારે તે કોઈથી જીતી શકાય તેવા ન હતા, તેથી ભગવાને પોતે અવતાર ધારીને તે દૈત્યોનો નાશ કર્યો. ૩૪.

❋ ભગવદ્‌મહિમા :

चोपाई :

कोटि ब्रह्मांड कु कंपाते, भगवान की आगे त्रण रहाते;
नाडी प्राण चलत रहे जिनके, छोटे बडे कहावत तिनके...३५
अनंत कोटि ब्रह्मांड जाके, प्राण रहे हाथ महीं ताके;
स्वतंत्र नहीं कोउ देखाते, भगवान समर्थ एसे जनाते...३६

કરોડો બ્રહ્માંડને ધ્રુજાવનારા પણ ભગવાનની આગળ તો સાવ તણખલા જેવા છે. અનંત કોટિ બ્રહ્માંડોમાં નાના-મોટા સહુ કોઈના નાડીપ્રાણ એકમાત્ર ભગવાનના હાથમાં છે. ભગવાન આગળ કોઈ સ્વતંત્ર દેખાતા નથી. એવા ભગવાન અતિ સમર્થ જણાય છે. ૩૫-૩૬. એવા ભગવાનનો આ સત્સંગ છે. માટે તે સત્સંગમાં તો તે પરમેશ્વર જેમ ધારે છે તેમજ થાય છે. તે બાબતમાં તમારે સહુએ યથાર્થ સમજવું. જે અખંડ અને અકળ છે, એવા

પોતે શ્રીહરિ આવી વાતો કરીને તત્કાળ ચાલતા થયા ને અશ્વ ઉપર બેઠા. ૩૭-૩૮. શ્રીહરિ વસોથી નીકળી **લીંબાસી** ગામ થઈને **વટામણ** ગામ આવ્યા અને તે ગામના હરિભક્તો દર્શન કરીને ઘણા ખુશી થયા. ૩૯. શ્રીહરિ ત્યાં આવીને ગામથી ઉત્તર દિશા તરફ ઊતર્યા. સમાચાર સાંભળીને બધા હરિભક્તો દોડી આવ્યા અને બધા સેવા કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોની નિર્બંધતા કહી ને વસોથી નીકળીને વટામણ ગામ આવ્યા" એ નામે તેતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૪

શ્રીહરિ વટામણથી નીકળ્યા, અશ્વ દોડાવ્યો ને કમિયાળામાં મુક્ત મુનિને મળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ઝીંઝર ગામના દરબાર ખોડાભાઈ અતિશય પ્રેમી ભક્ત હતા. તેમાં ઘણા સારા ગુણો હતા. ૨.તેઓ પચ્છેગામની વાડીએ જ્યાં સારાં રીંગણાં થયાં હતાં તેના માલિકની પાસે ગયા અને સારાં રીંગણાં માગ્યાં, પણ વાડીવાળાએ આપ્યા નહિ. તેને પૈસા આપવાનું કહ્યું તોપણ ન આપ્યા. પછી તેણે અરધો રૂપિયો આપ્યો અને શ્રીહરિનું જ્યારે નામ લીધું, ત્યારે તે વાડીવાળાએ પોણા હાથ લાંબાં બે રીંગણાં આપ્યાં. ૩-૫.

તે વખતે ધોલેરાના દરબાર ભોજાભાઈ ખોડાભાઈની સાથે હતા. તે બંને ભક્તો બે ઘડી સમય થયો, ત્યારે શ્રીહરિનો જ્યાં ઉતારો હતો ત્યાં આવી પહોંચ્યા. ૬. તેમણે તે રીંગણાં શ્રીહરિની આગળ મૂક્યાં. રીંગણાં માખણ જેવાં કોમળ હતાં. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'રૂપિયાનું તો આ એક રીંગણું છે. ૭. જો તાજું ઘી હોય તો તેનાથી આ રીંગણાનું સુંદર શાક કરીએ.' ત્યારે તે વટામણ ગામના ભલુભેમ નામે એક ચારણ હતા.

તેઓ તે જ દિવસનું મોગરા જેવું સુગંધી ઘી તપેલીમાં ભરીને લાવ્યા અને શ્રીહરિની આગળ મૂક્યું. ૮-૯. બીજા હરિભક્તો ઘઉંનો લોટ લાવ્યા અને તાંબડી ભરીને દૂધ પણ લાવીને મૂક્યું. તે સમયે બ્રહ્મચારી મુકુંદાનંદ અને વૈકુંઠાનંદ વર્ણી ત્યાં હતા. તેઓ જેમ શ્રીહરિ કહે તેમ કરતા. વર્ણીઓએ ઘઉંની રોટલી કરી અને શ્રીહરિએ પોતે રીંગણાંનું શાક કર્યું. ૧૦-૧૧.

જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા બેઠા. પહેલા શાક અને રોટલી જમ્યા અને તે પછી દૂધ અને ભાત જમ્યા. ૧૨. શ્રીહરિ જ્યારે જમી રહ્યા, ત્યારે શ્રીહરિની સાથે જે હતા તે બધા પણ રોટલી અને શાક ભાવથી જમ્યા. પછી પ્રેમથી દૂધ અને ભાત જમ્યા. ત્યારે તેમાં જે વધ્યું તે હરિભક્તોને આપ્યું. ૧૩-૧૪. વટામણમાં રાત રહીને ત્યાંથી ચાલ્યા, તે **વારણા** ગામ આવ્યા. તે ગામના સહુ હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૫. તે ગામમાં પ્રશ્નોરા બ્રાહ્મણ હરિભક્ત હતા, તેમજ પાટીદાર અને લોહાણા પણ હરિભક્ત હતા. ૧૬.

ત્યાં હરિભક્તોને દર્શન દઈને શ્રીહરિ ચાલતા થયા, તે ગામ **ઝાંખડા** આવ્યા. તે ગામમાં કેટલાક હરિભક્તો હતા. ૧૭. વિપ્ર રતનજી, વણિક કાશીદાસ, તે સિવાયના ક્ષત્રિયો અને કેટલાક શૂદ્રો પણ હરિભક્ત હતા. તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૮. દર્શન કરીને હરિભક્તો ખૂબ જ ખુશ થયા. વણિક કાશીદાસભાઈએ કંસારની રસોઈ કરાવી. ત્યારે મુકુંદાનંદ વર્ણીએ રસોઈ કરી હતી. ૧૯. જ્યારે વિષ્ણુને નૈવેદ્ય કર્યું ત્યારે શ્રીહરિ સ્નાન કરીને જમ્યા. શ્રીહરિની સાથે જે હતા તેઓ પણ જમ્યા. ત્યાં કોઈ હરિભક્ત શ્રીહરિના અશ્વને માટે રસદાર લીલી જુવારનો એક ભારો બાંધીને લાવ્યા, તે અશ્વની આગળ નાખ્યો અને તે ખાઈને અશ્વ પણ તૃપ્ત થયો. ૨૦-૨૧.

તે દિવસ પાછલો દોઢ પહોર રહ્યો, ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ત્યારે વડોદરાના રાધાવલ્લભીય એક વૈરાગી દ્વારકા જતા હતા, તે રસ્તામાં ભેળા થયા. શ્રીહરિ સરગવાળા ગામ તરફ ભોગાવો નદીને ઊતરવા ચાલી

રહ્યા હતા. ૨૨-૨૩. તે વૈરાગીને ગાયકવાડ સરકાર સયાજીરાવે આદર સત્કાર કરીને વડોદરા રાખ્યા હતા. જ્યારે સરકારની ઈચ્છા થાય, ત્યારે તેમની પાસે ગાન કરાવતા હતા. ૨૪. તેનું દેવીદાસ નામ હતું, તે અશ્વ ઉપર બેઠા હતા. શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા હતા. રસ્તે સાથે ચાલ્યા જતા હતા. ૨૫.

ત્યારે શ્રીહરિએ તે દેવીદાસને પ્રેમથી કહ્યું, 'તમે ગઢપુર પાંચ દિવસ ચોક્કસ આવજો. ૨૬. તમે આવશો તો તમારાં મુખનું ગાન સાંભળશું. અમને તે ગાન સાંભળવામાં ઘણું તાન છે. જે કાંઈ કહેશો તે ખર્ચ પણ અમે આપશું.' ૨૭. આવી વાતો કરતાં કરતાં જ્યારે કાંઈ સરખી જમીન આવી, ત્યારે શ્રીહરિ પોતાના અશ્વને જેટલો ચાલી શકે તેટલો ઉતાવળો ચલાવવા માંડ્યા. ૨૮. દેવીદાસે પણ પોતાના અશ્વને શ્રીહરિની બરોબર ચલાવ્યો. દેવીદાસ પોતાના અશ્વને બરોબર ચલાવી રહ્યા છે, તેમ જાણીને શ્રીહરિએ રમૂજ ખાતર પોતાના અશ્વને શીઘ્ર ગતિથી ચલાવ્યો. ૨૯. ત્યારે તે દેવીદાસે પણ શ્રીહરિના અશ્વને જોવા માટે પોતાના અશ્વને શીઘ્રતાથી ચલાવ્યો. ત્યારે શ્રીહરિએ પોતાના અશ્વને એકદમ દોડાવ્યો. તે વખતે દેવીદાસે પણ પોતાના અશ્વને શ્રીહરિની આગળ કરવા માટે દોડાવ્યો. પણ શ્રીહરિએ તો હરખભર્યા પોતાના અશ્વને કમાનમાંથી બાણ છૂટે તે રીતે દોડાવ્યો. ૩૦-૩૧.

અથવા તો તોપમાંથી જેમ ગોળો છૂટે, આકાશમાંથી તારો ખરે અથવા વાદળાંમાં વીજળી ચમકે અથવા તો વિમાન કે ગરુડની જેમ વેગથી ઊડતો હોય અથવા મનનો જેવો વેગ કહેવાય છે, તે રીતે શ્રીહરિનો અશ્વ વેગીલો હતો. દેવીદાસને દેખાય પણ નહિ તે રીતે શ્રીહરિનો અશ્વ દોડ્યો જતો હતો. ૩૨-૩૩. આગળ જતાં જ્યારે દેવીદાસ ન દેખાયા, ત્યારે શ્રીહરિ ત્યાં ઊભા રહ્યા અને દેવીદાસ આવીને ભેળા થયા. તેમનાં મનમાં ઘણું આશ્ચર્ય થયું. ૩૪. દેવીદાસ અશ્વ ઉપરથી ઊતર્યા અને ઘણા ઉત્સાહથી શ્રીહરિના અશ્વ પાસે આવીને વારંવાર તેના મુખને ચુંબન કરવા લાગ્યા અને બોલ્યા કે, **'આ અશ્વની ભારોભાર રૂપિયા આપવામાં આવે, તોપણ આ ભૂમિથી**

સ્વર્ગલોક સુધી આ સમયમાં આના સિવાય બીજો કોઈ આવો અશ્વ છે નહિ.' ૩૫-૩૬. તે દેવીદાસને શ્રીહરિનો અશ્વ મનમાં ઊતરી ગયો. તે ઊઠતાં, બેસતાં, ચાલતાં એક ઘડીકવાર પણ તેને ભૂલતા નહિ. ૩૭. શ્રીહરિ જ્યારે સરગવાળા ગામ આવ્યા, ત્યારે દેવીદાસ શ્રીહરિથી છૂટા પડ્યા અને શ્રીહરિ કમિયાળા તરફ એકદમ સીધા ચાલ્યા. ૩૮. શ્રીહરિએ **કમિયાળા** આવીને સિંસા વણારને ઘેર ઉતારો કર્યો અને પછી તત્કાળ જ મુક્તાનંદ સ્વામીને દર્શન દેવા માટે તેમની પાસે આવ્યા. મુક્તાનંદ સ્વામી શ્રીહરિનાં દર્શન થયાં ત્યારે રાજી થયા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિ વટામણથી નીકળ્યા, અશ્વ દોડાવ્યો અને કમિયાળામાં મુક્ત મુનિને મળ્યા" એ નામે ચુંમાળીસમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૫

કમિયાળા આવીને શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ખબર પૂછ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મુક્તાનંદ સ્વામીએ (ગઢપુરમાં દાદા ખાચરને) કહ્યું કે, શ્રીજીમહારાજે મને પૂછ્યું : તમારે હાથની પીડા હવે કેમ રહે છે ? અમે તો રોજ વારંવાર તમને સંભારતા હતા. ૨. જેટલા હરિભક્તો વડતાલમાં આવ્યા હતા તે તમને સંભારતા હતા. જે તમારા સમાચાર સાંભળતા તે બધા ઘણા દિલગીર થઈ જતા હતા. ૩. અમે વડતાલમાં વચલા મંદિરમાં શ્રીલક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા છે. મૂર્તિ ખૂબ જ સુશોભિત બની છે. ૪. શ્રીલક્ષ્મીનારાયણ દેવનાં દર્શન કરીને હરિભક્તો ખૂબ રાજી રાજી થાય છે. તે સ્વરૂપ ખૂબ જ સુશોભિત થયું છે. ૫.

જેવો ચરોતર દેશ છે તેવા જ દેવ પધાર્યા છે. આ દેવના ઉપર ભક્તજનો જેવો ભાવ રાખશે અને સેવા કરશે, તેમને ભાવ પ્રમાણે દેવ ફળ આપશે,

એવા આ દેવ છે. દુઃખનું મૂળ તો ચાર બાબત છે : દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર. ૬-૭. બીજાં પણ જેટલાં વ્યસનો છે અને જેટલી અનીતિ છે, તે એક એકમાં દરિયા જેટલું દુઃખ રહ્યું છે; પણ લોકોને મોહને લીધે તે મનાતું નથી. ૮. આ શરીરનાં મા-બાપ સમાન બીજા કોઈ હિત કરનારા દેખાતા નથી. બાળકને મળ-મૂત્રનું પણ ભાન નથી હોતું, ત્યારે મા-બાપ તેને રાત-દિવસ ચોખ્ખો રાખે છે. ૯. સમય સમય પ્રમાણે તેને માતા દૂધ પીવડાવે છે અને તે નાના બાળકને અન્ન-જળ ખાવાં પીવાંમાં રુચિ કરાવે છે. ૧૦. તે સિવાય બીજું પણ માતા-પિતા સંતાનનું નિત્ય અપાર હિત કરે છે. પરંતુ જ્યારે બાળક મોટો થાય અને બીજી બધી બાબતનું જ્ઞાન થાય, ત્યારે માતા-પિતાએ પોતાને જે સાચવ્યો હોય વગેરે તેમના જે જે ઉપકારો તેને ભૂલી જાય છે, લેશમાત્ર ગુણ રહેતો નથી. મનુષ્યમાત્રનો તેવો કૃતઘ્ની સ્વભાવ છે. વળી, તે માતા-પિતા કરતાં પણ ભગવાને તો જીવની ઉપર કરોડગણા અધિક ઉપકાર કર્યા છે. ૧૧-૧૨.

❋ જે ઉપકારને યાદ રાખે તેની ફરિયાદ ન હોય :

જીવમાત્રની ઉપર ભગવાન એવા ઉપકાર કરતા રહે છે કે, તે ઉપકારને કોઈથી વર્ણવી શકાય તેમ નથી. એવા પ્રભુ ઉપકાર કરે છે. ૧૩. બીજમાં વૃક્ષનો આકાર દેખાતો નથી, છતાં તે બીજમાંથી જ તેની જેવી યોનિ હોય તેવો યથાર્થ આકાર ઉત્પન્ન થાય છે. શરુઆતમાં બીજને વિશે તેના મૂળવૃક્ષ જેવો આકાર દેખાતો નથી. પરંતુ જ્યારે શ્રીહરિ ધારે ત્યારે જેવો મૂળવૃક્ષનો આકાર હોય, તેવો જ આકાર તે બીજમાંથી દેખાઈ આવે છે. ૧૪-૧૫. **કોઈ ચાહે તેમ વર્તે પણ બધું ભગવાનને આધીન છે. એવા પરમેશ્વર અતિ સુખદાયક છે અને તેમના ઉપકારો પણ અપાર છે.** ૧૬.

चोपाई :

ज्ञान इंद्रिय कर्म इंद्रिय जेहा, अंतःकरण कहावत हि तेहा;
जाग्रत स्वप्न सुषुप्ति रचेऊ, जीव के सुख हित कर हि तेऊ...१७
जीव के सुख हित बात अनंता, भगवान रचे पार न लहंता;
यह भगवान के गुण अपारा, रहाये कोउ वार न पारा...१८

જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, અંતઃકરણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા; એ બધું જીવોનાં સુખ માટે પરમેશ્વરે રચ્યું છે. તે સિવાય જીવનાં સુખ માટે બીજી પણ અનંત બાબતો ભગવાને રચી છે, જેનો પાર લઈ શકાતો નથી. આવા ભગવાને કરેલા ઉપકારરૂપ ગુણ અપાર છે. ૧૭-૧૮. તે પરમેશ્વરના ઉપકારને જીવ ક્યારેય સંભારતો નથી. બધા જ ઉપકારના ગુણોને ભૂલી ગયો છે. વળી, તે ભગવાને જે બીજા અલૌકિક ઉપકારો કર્યા છે, તેને પણ જીવ ભૂલી ગયો છે. ૧૯. પરમેશ્વરના અનંત ઉપકારને ભૂલી જનારા સમાન બીજો કોણ અજ્ઞાની હોઈ શકે ? તે ભગવાનનો ચોર બને છે. તેથી તે અપાર દુઃખને પામે છે. છતાં પણ આ જીવ ભગવાનના ઉપકારરૂપ ગુણને ક્યારેય લગાર પણ જાણતો કે સંભારતો નથી. ઉલ્ટાનો જેનાથી દુઃખ આવે તેવા માર્ગે જ તે ચાલે છે. જે ભગવાનથી વિમુખ છે તેવા જીવ દુઃખમાં જ સુખ માની રહ્યા છે. ૨૦-૨૧.

જે સત્સંગને માર્ગે ચાલતા નથી તેવા લોકો જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીના દુઃખને સહે છે. ૨૨. તે પોતાના દોષને ક્યારેય કબૂલ કરતા નથી, પણ ઊલટાનો ભગવાનને દોષ દે છે. જ્યાં સુધી જીવ પોતામાં દોષ માનતો નથી, ત્યાં સુધી તેને દુઃખ સહન કરવાનું રહે છે. ૨૩. જ્યારે જીવ ભગવાનના ઉપકારોને-ગુણોને સંભારે છે, ત્યારે તેના હૃદયમાંથી અજ્ઞાન ટળી જાય છે. માતા, પિતા અને ભગવાનના ગુણને જ્યાં સુધી જીવ સંભારતો નથી, ત્યાં સુધી તેનામાં તેટલું અજ્ઞાન વર્તે છે. તે ગુણનો ચોર અર્થાત્ કૃતઘ્ની છે. માટે તે વારંવાર દુઃખ પામે છે, છતાં જીવને પોતાનું અજ્ઞાન દેખ્યામાં આવતું નથી. પોતાને પોતાનું અજ્ઞાન ન દેખાય તેટલું તે તેનું મૂર્તિમાન પાપ કહેવાય. ૨૪-૨૬.

सोरठा : गुण करे जोउ जाहि, अणु सम मेरु सम जेहि;
देखत हि जब हि ताहि, निष्पाप रहाये तेहि...२७
ताकु दुःख नहीं होउ, यह लोक परलोक महीं;
सुख अति होवत सोउ, गुणग्राहक जेते जेहि...२८

चोपाई :

गुण वरतत रहे जितना जामें, सुख वरतत रहे तितना तामें;
गुण के मान न आवत जबही, पुरे हरिजन कहावत तबही...२९
भगवान बिन ओर जो जेता, बात में सुख मानत हि तेता;
हरिजन में कसर तेति रहाते, सुख देखत तब आत देखाते...३०

પરમેશ્વરે કરેલા ઉપકારરૂપ અણુ સમાન ગુણને પણ જ્યારે જીવ મેરુ જેવો મહાન માને છે, ત્યારે તે નિષ્પાપ થઈ જાય છે. ૨૭. જેટલા ગુણગ્રાહક કૃતજ્ઞ જીવો હોય છે, તેમને આ લોક કે પરલોકમાં કોઈ દુઃખ રહેતું નથી અને તેને અતિશય સુખ પ્રાપ્ત થાય છે. ૨૮. જેમાં જેટલા ગુણ હોય છે તેને તેટલું સુખ આવે છે. પરંતુ જ્યાં સુધી તેનો પોતાના ગુણનું માન નથી આવતું, ત્યાં સુધી તે પરિપૂર્ણ હરિભક્ત કહેવાય છે. ૨૯. ભગવાન સિવાય અન્ય વસ્તુમાં જેટલું સુખ મનાય છે, તેટલી તે હરિભક્તમાં કસર રહી છે. તે જ્યારે ભગવાન સિવાય બીજે સુખ દેખે છે ત્યારે તેની કસર દેખાઈ આવે છે. ૩૦.

જ્યારે સુખમાત્ર કેવળ ભગવાનને લીધે જ માને, ત્યારે તે પાકા હરિભક્ત તેની દૃઢ સમજણે કરીને પ્રસિદ્ધ દેખ્યામાં આવે છે. ૩૧. જે હરિભક્ત જેવો હોય તે તેની સમજણ ઉપરથી દેખાઈ આવે છે. જેણે પોતાનું તન, મન, ધન શ્રીહરિને અર્પણ કરી દીધું હોય, તેને જ્યારે દુઃખ આવે છે ત્યારે તેનો ત્યાગ કરીને એક ભગવાનને જ પોતાના માને છે. ખરેખર જે પોતાનું નથી તે તન-મન-ધન વગેરેને પોતાનું માને છે, તેટલો તેની સમજણમાં ફેર છે. ૩૨-૩૩. જ્યાં સુધી સમજણમાં ફેર રહે છે, ત્યાં સુધી તે જે ખરેખર પોતાનું નથી તેનું દુઃખ રાત-દિવસ ભોગવતો રહે છે. કારણ કે, તેની સમજણમાં તેટલી કસર રહી છે. ૩૪.

મુક્તાનંદ સ્વામી દાદા ખાચરને કહે છે કે, શ્રીહરિએ જેટલી વાત કરી તેને મેં અમૃત સમાન માનીને તેનું પાન કર્યું અને શ્રીહરિની બધી જ વાત સત્ય છે, એમ મેં માન્યું. ૩૫. જે આત્મા છે તે તો સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ; એ ત્રણ શરીરથી પર રહ્યો છે. વળી, અછેદ્ય, અભેદ્ય, સનાતન,

શુદ્ધ અને સદા અવિકારી છે; જેમાં ક્યારેય દુઃખ રહ્યું નથી. ૩૬.તે આત્મા જે શરીર સુખરૂપ હોય તેમાં નિવાસ કરે છે અને જ્યારે તે શરીર દુઃખરૂપ થઈ જાય છે ત્યારે તેની આશા છોડી દે છે. ૩૭. જ્યાં સુધી જીવ દુઃખરૂપ બાબતોમાં સુખ માને છે, ત્યાં સુધી તે વારંવાર દુઃખ પામ્યા કરે છે. ૩૮. જીવ જ્યારે સુખરૂપ માર્ગે ચાલે છે, ત્યારે જ તે સુખ પામે છે અને દુઃખના માર્ગમાં ચાલે છે, ત્યારે તેને દુઃખ મળે છે. ૩૯. પછી શ્રીહરિએ મારે માટે મ્યાનો મગાવવાની વ્યવસ્થા કરી. કારણ કે, તેમને મારા ઉપર ઘણો પ્રેમ હતો. જેના પર પ્રેમ હોય તેના માટે શું ન થાય ? ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "કમિયાળા આવીને શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને ખબર પૂછ્યા" એ નામે પિસ્તાળીસમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૬

શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને લઈને કમિયાળાથી ચાલ્યા, તે ગઢપુર આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ વિચાર કર્યો કે, મ્યાના કરતાં પલંગમાં સુખની સ્થિતિમાં સૂઈ રહેવાથી હાથનો દુઃખાવો થાય નહિ. ૨. પછી કમિયાળાના બાર હરિભક્ત, જે સંતોની સેવા કરવામાં ઘણા શ્રદ્ધાવાળા હતા તે પલંગ ઉપાડવા તૈયાર થયા. ૩. કાર્તિક વદિ ચોથને દિવસે શ્રીહરિ ત્યાંથી મુક્તાનંદ સ્વામીને લઈને ચાલ્યા. ખૂબ જ જાળવણી રાખીને તેઓ ગાંફ ગામ આવ્યા. ૪. ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ગાંફથી જ્યારે ચાલ્યા તે મલકા તલાવડી આવ્યા. ૫. ત્યાં સ્નાન કરીને વિષ્ણુની પૂજા કરી. પછી સંતો તથા વર્ણીએ વિષ્ણુને નૈવેદ્ય ધરાવીને સહુએ ટીમણ કર્યું. ૬. મુક્ત મુનિ કહે છે કે, ત્યાં શીરો બનાવીને મને જમાડ્યો. પછી ત્યાંથી ચાલ્યા તે **ખરડ** ગામ

આવ્યા. તે ગામમાં જેટલા હરિભક્તો હતા તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન કરીને સહુ મનમાં ખૂબ રાજી થયા. પછી ત્યાંથી ચાલ્યા તે **ઝીંઝર** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ૭-૮.

ગામમાં સહુ હરિભક્તોએ શ્રીહરિ તથા સંતોની સેવા કરી અને રસોઈ કરાવી સહુને જમાડ્યા. જ્યારે સવાર થયું ત્યારે તરત ઝીંઝરથી ચાલતા થયા. ૯. તે **ભીમનાથ** થઈને શ્રીહરિ **પોલારપુર** આવ્યા. શ્રીહરિને દૂરથી આવતા દેખીને ગામના જેટલા હરિભક્તો હતા અને બીજા જે એક વણિક હરિભક્ત હતા, તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુએ એક એક શ્રીફળ લીધું હતું. જ્યારે શ્રીહરિની પાસે આવ્યા, ત્યારે દર્શન કરીને ખૂબ જ પ્રસન્ન થયા. શ્રીહરિની આગળ શ્રીફળ ધર્યાં ને દંડવત્પ્રણામ કરી પગમાં પડ્યા. પછી હરિભક્તો માટે સુખના ધામ એવા શ્રીહરિ **કુંડળ** ગામ આવ્યા. ૧૦-૧૨.

સહુ ભક્તોને દર્શન દઈને કુંડળ ગામમાં શ્રીહરિ દયા કરીને અમરા પટગીરને ઘેર આવીને ઊતર્યા. ૧૩. શ્રીહરિએ ઉતાવળી નદીમાં સ્નાન કરી, તત્કાળ આવીને દેવની પૂજા કરી. પછી તરત રસોઈ કરાવી. ૧૪. અમરા પટગીરને શ્રીહરિના ઉપર જેવો ભાવ હતો, તેવો જ મુક્તાનંદ સ્વામી ઉપર પણ ભાવ હતો. તેમણે શીરા પૂરીની રસોઈ કરાવી. ૧૫. વર્ણીએ રસોઈ કરી ત્યારે શ્રીહરિ જમ્યા. પછી મુક્તાનંદ સ્વામી અને બધા સંતો પણ જમ્યા. ૧૬. કમાભક્ત, ભીમભક્ત, કહળાભાઈ, જાદવભક્ત, જેઠીભાઈ, દેવા ડોડીયા, સાદૂળભાઈ, વેજાભક્ત, શિવાભાઈ, નરશીભાઈ, જોધાભક્ત અને ગુમાનજી આટલા પાર્ષદો શ્રીહરિની સાથે હતા. તેમજ સોમલા ખાચર, સુરા ખાચર, કાળા ખાચર, મામૈયા પટગીર, બે માતરા ધાંધલ અને એક માતરા ખાચર, વેલા ખાચર, વસ્તા ખાચર, વિસામણ ખાચર, અમરા ખાચર તથા વાઘા ખાચર એ બંને ભાઈ, રાઠોડ ધાધલ, નાગ માલા, નાજા જોગિયા, નાન ખાચર, ભોજાભાઈ અને ખોડાભાઈ; એ બંને ક્ષત્રિયો તથા બીજા કાઠી જેમ કે, મોકા ખાચર અને માણસિયા ખાચર, રાવજીભાઈ તથા ભાયાભાઈ; એ બધા ઘોડેસવાર શ્રીહરિની સાથે હતા. જ્યારે દિવસ એક પહોર રહ્યો

ત્યારે ઉમંગથી ચાલ્યા. પચીશ-ત્રીશ જેટલા સંતો અને ચાર પાંચ વર્ણી પણ હતા. ૧૭-૨૧.

સહુ **કારિયાણી** ગામ આવ્યા અને ત્યાં આવીને રાત રોકાયા. ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. રાઘવ પટેલ આદિ જે ગામમાં હરિભક્તો હતા, તે સહુને શ્રીહરિ તથા સંતોની સેવા કરવામાં ઘણો ભાવ હતો. ૨૨-૨૩. રાત પાછલો પહોર એક રહી, ત્યારે શ્રીહરિ કારિયાણીથી ચાલતા થયા અને ચાર ઘડી દિવસ ચડ્યો, ત્યારે શ્રીહરિ **ગઢપુર** આવ્યા. દાદા ખાચરના ભવનોની વચ્ચે ચોકમાં ઓટા સાથેનો એક લીંબડો હતો. ૨૪-૨૫. તે ઓટા ઉપર શ્રીહરિ સહુને દર્શન દેવાં માટે ઊભા રહ્યા. ત્યારે ગામના બધા હરિભક્તો ખૂબ જ પ્રેમથી ત્યાં આવ્યા. ૨૬. જે ભાઈ આત્માનંદ સ્વામી ગઢપુરમાં રહ્યા હતા અને બીજા પણ જે સંતો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૭.

શ્રીહરિએ તે વખતે રાતા રેશમી ફુલેવરનો(ફૂલની ભાતવાળા કાપડનો) સુંદર સુરવાળ પહેર્યો હતો. ૨૮. રેશમી રાતી ડગલી પણ ત્યારે પહેરી હતી. તેમજ બુરાનપુરી સુંદર કસુંબી રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો. એ વખતે શ્રીહરિની જે શોભા બની હતી તે કહી શકાતી નથી. છોગામાં સોનેરી કોરવાળા છેડા શોભી રહ્યા હતા. ૨૯-૩૦. તેવો જ એક રેંટો કમર ઉપર બાંધ્યો હતો અને ત્રીજો એક રેંટો ખભા ઉપર રાખ્યો હતો અને મોતી ભરેલી છડી હાથમાં લીધી હતી. ૩૧. ધર્મના લાલ શ્રીહરિએ રેશમી કોરનો રૂમાલ હાથમાં રાખ્યો હતો. મૂર્તિની શોભા ઘણી ભારે થઈ હતી. તેનાં દર્શન કરતાં આંખોને ક્યારેય તૃપ્તિ થાય નહિ, તેવી મૂર્તિ બની હતી. તે શોભા હરિભક્તોનું હિત કરનારી હતી.

મુક્તાનંદ સ્વામી કહે છે કે, જ્યારે મારો પલંગ આવ્યો, ત્યારે જ્યાં શ્રીહરિ નિવાસ કરીને રહેતા હતા, ત્યાં અક્ષરઓરડીમાં જગ્યા કરાવી અને મારા સેવકે સહિત મારો ત્યાં જ ઉતારો કરાવ્યો. ૩૨-૩૪. જ્યારે શ્રીહરિને મનમાં વિચાર થતો, ત્યારે મને જોવા આવતા અને મારા સેવકને સેવાની રીત રોજ શીખવતા હતા. ૩૫. દિવસમાં દસ-બાર વખત ઘણા હેતથી

શ્રીહરિ મને દર્શન દેતા. તેમજ મારા ઉપર ઘણો ભાવ રાખતા હતા. તે બે મહિના સુધી મારી સંભાળ લીધી. ક્યારેય ભૂલતા નહિ. ૩૬. દેશેદેશના કેટલાક હરિભક્તો આવતા હતા અને તેઓ શ્રીહરિનાં દર્શન કરતા અને વાતો સાંભળતા હતા. ૩૭. દરબાર જીવા ખાચર દિવસમાં એકવાર આવતા અને 'જે જોઈએ તે કહેજો,' એમ બોલતા. તેને ઘણો સારો ભાવ હતો. ૩૮. હરિભક્તોને ઘણું હેત હતું, જે વર્ણવી શકાતું નથી. તે હરિભક્તો શ્રીહરિ જે વાત કહેતા હતા તેને રોજ સાંભળતા હતા. ૩૯. રોજ સવારે અને સાંજે કથા તથા કીર્તન થતા હતા. જેટલા હરિભક્તો હતા તે કથા કીર્તનને સાંભળીને અતિશય રાજી થતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ મુક્તાનંદ સ્વામીને લઈને કમિયાળાથી ચાલ્યા તે ગઢપુર આવ્યા" એ નામે છેતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૭

ગઢડા મધ્ય પ્રકરણનું બેતાળીસમું વચનામૃત

મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચરને જે શ્રીહરિનાં ચરિત્રો કહ્યાં હતા, તે ફરીવાર ચરિત્રની જેવી વાત હતી તે સહુ હરિભક્તોના પ્રત્યે કહેવા લાગ્યા. ૧. (સં.૧૮૮૦ના) માગશર વદિ દ્વાદશીને દિવસ ભક્તજનો માટે સુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫.

❋ અક્ષરધામના સગુણ તથા નિર્ગુણ ભેદની વાત :

પછી જે સિદ્ધાંતના ગ્રંથોને ભણ્યા હતા એવા ભગવદાનંદ સ્વામીએ તે વખતે શ્રીજીમહારાજ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનના એક એક રોમને

વિષે અનંતકોટિ બ્રહ્માંડો રહ્યાં છે તે કેવી રીતે રહ્યાં છે ? ૬-૭. અને બ્રહ્માંડમાં કયે કયે ઠેકાણે ભગવાનના અવતાર થાય છે ? હે સ્વામી ! હું આપનાં ચરણમાં મસ્તક નમાવીને પૂછું છું, તો આપ તે કહો.” ૮. પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા, “પુરુષોત્તમ ભગવાનનું જે અક્ષરધામ કહેવાય છે, તેના બે ભેદ છે : એક સગુણપણું અને બીજું નિર્ગુણપણું. અને જે ભગવાન પુરુષોત્તમનારાયણ કહેવાય છે, તેને તો ક્યારેય સગુણ ન કહેવાય અને નિર્ગુણ પણ ન કહેવાય. સગુણ તથા નિર્ગુણ એવા જે ભેદ તે તો અક્ષરને વિષે કહેવાય છે. ૯-૧૧.

તે અક્ષર નિર્ગુણપણે તો અણુ કરતાં પણ અતિ સૂક્ષ્મ સ્વરૂપે રહ્યું છે અને તે મહાઅલૌકિક છે. તેને યથાર્થરૂપમાં કહેવું તે ઘણું કઠણ છે. અને સગુણ સ્વરૂપે તો જેટલાં મોટાં પદાર્થો કહેવાય છે, તેના કરતાં પણ તે સાક્ષાત્ અતિશય મોટું છે. ૧૨-૧૩. તેવા અક્ષરના એક એક રોમને વિષે અણુની સમાન અનંતકોટિ બ્રહ્માંડો રહ્યાં છે. તે બ્રહ્માંડો કાંઈ અક્ષરને વિષે નાનાં થઈ જતાં નથી. એ તો અષ્ટ આવરણે સહિત રહ્યાં છે. ૧૪-૧૫. પણ અક્ષરની અતિશય મોટાઈ છે, એટલે તેની આગળ બ્રહ્માંડ અતિશય અપાર નાનાં દેખાય છે. જેમ સમગ્ર ગિરનાર પર્વત મેરુ પર્વતની આગળ અતિશય નાનો દેખાય છે અને લોકાલોક પર્વતની આગળ મેરુ પર્વત અતિશય નાનો દેખાય. તે રીતે જે બ્રહ્માંડો છે, તે તો આવડાં ને આવડાં જ હોય, પણ અક્ષરની અતિશય મોટપ છે તેની આગળ અતિ નાનાં દેખાય છે. માટે તેને અણુ સરખાં કહેવાય છે. ૧૬-૧૯.

અને જે અક્ષરબ્રહ્મ છે તે તો જેમ સૂર્યનું મંડળ રહ્યું છે તેમ છે. હવે હું તેની રીત કહું છું. ૨૦. તે સૂર્ય જ્યારે માથા ઉપર આવે, ત્યારે સૂર્યના યોગે કરીને દશેય દિશાઓ યથાર્થરૂપમાં કલ્પાય છે, તેમ અક્ષરધામ છે. તે અક્ષરને ઉપર, નીચે અને ચારેય પડખે, સર્વ દિશાઓમાં બ્રહ્માંડની કોટિઓ અગણિત અને અપાર રહી છે. તેનો કહેતાં કોઈ પાર પામતું નથી. અને **તે ભગવાન જે પુરુષોત્તમ નારાયણ છે, તે તો અક્ષરધામને વિષે સદાય વિરાજમાન છે ને તે સત્ય સંકલ્પ છે. અને અક્ષરધામને વિષે રહ્યા થકા જ**

જે બ્રહ્માંડમાં જે જે રૂપે પ્રકાશવું જોઈએ તેવા તેવા રૂપને પ્રકાશ કરે છે. જેમ શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી ત્યારે પોતે એક હતા, તોપણ જેટલી ગોપીઓ હતી તેટલાં રૂપ ધારણ કર્યાં હતાં. ૨૧-૨૭.

सोरठा : पुरुषोत्तम जो तीमि, ब्रह्मांड ब्रह्मांड प्रति;
जिहाँ जेसेउ ईमि, रूप प्रगट करत तिहाँ...२८

अक्षरधाम तामें, रहे सते निज तनहु कु;
ब्रह्मांड जेते यामें, प्रगट करत रहेउ सदा...२९

अरु पुरुषोत्तम ताकि, मूर्ति रहाये यह जिहाँ;
अक्षरधाम हि वाकि, मध्य जो रहायेउ तिहाँ...३०

તેમ પુરુષોત્તમ ભગવાન બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે જ્યાં જેવું રૂપ પ્રકાશ્યું જોઈએ ત્યાં તેવા રૂપને અક્ષરધામમાં રહ્યા થકા જ પ્રકાશે છે, પ્રગટ કરે છે. અને પોતે તો સદાય અક્ષરધામમાં જ રહ્યા થકાં પોતાના સ્વરૂપને જેટલા બ્રહ્માંડ છે, તેમાં સદાય પ્રગટ કરતા રહે છે. ૨૮-૨૯. અને જ્યાં એ પુરુષોત્તમનારાયણની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. ૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બેતાળીસમું વચનામૃત કહ્યું" એ નામે સુડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૮

શ્રીહરિ ગઢપુરથી ભક્તોની સાથે કારિયાણી અયોધ્યાવાસીઓની સામે ગયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિના બંને ભાઈનો થોડો પરિવાર બામણગામ થઈને બોચાસણ ગામ આવ્યો. ૨. તેમાં રામપ્રતાપજીભાઈની પત્ની સુવાસિનીબાઈ તથા મોટા પુત્ર નંદરામજી હતા. ૩. શ્રીહરિના મામા વિશ્રામના પુત્ર મંછારામ સાથે આવ્યા હતા. ૪.

ઇચ્છારામભાઈના પત્ની વરિયાળીબાઈ હતા. તેમના મોટા પુત્ર ગોપાલજી, બીજા સીતારામ અને બદરિનાથ હતા. તેના મામા સુફળ નામે હતા. ધર્મકુળની બંને બાઈઓ પુત્રની સાથે આવી હતી. અને એક ત્રીજી પતાસીબાઈ નામે તેની સંબંધી બાઈ હતી. તે સહુના આવવાની વાત શ્રીહરિએ ગઢપુર સાંભળી. તેથી તેઓ જે માર્ગે ચાલ્યા આવતા હતા તે માર્ગે શ્રીહરિ તેમની સન્મુખ ચાલ્યા. ૫-૭.

શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલ્યા. મુક્તાનંદ સ્વામી કહે છે કે, દાદા ખાચર ! ત્યારે તમે પણ શ્રીહરિની સાથે ચાલ્યા હતા અને સોમલા ખાચર પણ સાથે હતા. ૮. નાન ખાચર, નાગ માલા અને ઘેલા ધાધલ તે સહુ સાથે હતા. સહુના મનમાં અતિશય ઉત્સાહ હતો. નાજા જોગિયા, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને જેટલા શ્રીહરિના પાર્ષદો હતા, તે બધા હેતથી શ્રીહરિની સાથે ચાલ્યા. સહુને એટલો આનંદ થયો કે તે કહી શકાતો નથી. દાદા ખાચર ! તમારી જેટલી બહેનો છે, તે પોતપોતાના રથ જોડાવીને તેમાં બેસી ચાલતા થયા. અમૂલાબાઈ તથા અમરબાઈએ પણ પોતાના રથ જોડાવ્યા હતા. ૯-૧૨.

તે સહુ શ્રીહરિની સાથે **કારિયાણી** ગામ આવ્યા અને ત્યાં વસ્તા ખાચરના દરબારમાં ઊતર્યા. ૧૩. જ્યાં સંતોનું મંદિર હતું તેમાં જેટલા સંતો હતા તે ઊતર્યા અને ત્યાં એક રાત રહ્યા. હે દાદા ખાચર ! જ્યારે પાછલો એક પહોર રાત રહી, ત્યારે તમે અશ્વ ઉપર બેસીને અયોધ્યાવાસીઓની સન્મુખ ગયા અને પોલારપુર જઈને તેમની ભેળા થયા. ૧૪-૧૫. ત્યાં તમે અયોધ્યાવાસીઓને દેખીને બહુ રાજી થયા, એમ મેં સાંભળ્યું હતું. તે વખતે શ્રીહરિ કારિયાણી ગામથી એક કોશ સુધી દૂર અયોધ્યાવાસીની સન્મુખ આવ્યા. ત્યારે જેટલા સંતો તથા હરિભક્તો હતા, તે પણ શ્રીહરિની સાથે જ સન્મુખ આવ્યા હતા. ૧૬-૧૭. બે ગામની વચ્ચે અયોધ્યાવાસી શ્રીહરિને અતિશય ભાવથી મળ્યા. ૧૮.

કૃપાળુ શ્રીહરિનો ઘણા દિવસનો વિયોગ હતો, તેમણે તે સંભાર્યો અને દયાળુ શ્રીહરિએ તે સાંભળ્યો. ૧૯. સુવાસિની બાઈએ પોતાના ઘરમાં

શ્રીહરિની અગિયાર વરસ સુધી કહી ન શકાય તેટલી સેવા કરી હતી. ૨૦. શ્રીહરિ જેમ રાજી રહે તેમ તે સેવા કરતા હતા. તેમણે કહ્યું કે, 'આપે અમને શા માટે વિસારી દીધાં ? કારણ કે, દોષ વિના કોઈ ત્યાગ કરતા નથી.' ૨૧. શ્રીહરિને મળ્યા પછી તેઓ વારંવાર અપાર રુદન કરવાં લાગ્યાં. વરિયાળીબાઈએ શ્રીહરિનાં ચરણમાં પોતાનું મસ્તક મૂક્યું અને રડવાં લાગ્યાં. આમ તેઓ શ્રીહરિના વિયોગને સંભારીને બે ઘડી સુધી રડ્યાં. પછી શ્રીહરિ બોલ્યા, 'આ સહુ રડે છે તેને તમે છાના રાખો. કારણ કે, તેઓ રડે છે તે અમને સારું લાગતું નથી.' ત્યારે સુવાસિનીબાઈના પુત્ર નંદરામજીએ બધા રડતા હતા તેને રોક્યા અને વરિયાળીબાઈના પુત્ર ગોપાળજીએ પણ જે રડતા હતા તેમને રોક્યા. ૨૨-૨૫.

પછી સુવાસિનીબાઈ તથા વરિયાળીબાઈ શ્રીહરિના સંબંધને લીધે જીવુબા, લાડુબા, અમૂલાબાઈ અને અમરબાઈ વગેરેને પરસ્પર મળ્યાં. શ્રીહરિના વિશ્રામ મામાના પુત્ર મંછારામ હતા. શ્રીહરિ તેને મળ્યા અને બહુ હેતે કરીને બોલાવ્યા. શ્રીહરિ ઘેર હતા ત્યારે વારંવાર તેમને ઘેર જતા હતા. ૨૬-૨૮. તે સમયની ઘણી વાતો છે, તેનો કહેતાં પાર આવે તેમ નથી. વળી રામપ્રતાપજીભાઈના પુત્ર જે નંદરામજીભાઈ હતા, તે શ્રીહરિને અતિશય પ્રેમભાવથી મળ્યા. તેઓ મનથી અત્યંત નિષ્પાપ અને બહુ વિશ્વાસી હતા. ૨૯-૩૦. ઈચ્છારામજીભાઈના પુત્ર ગોપાળજી નામે હતા તે શ્રીહરિને મળ્યા, ત્યારે શ્રીહરિએ તેને બધા કુશળ સમાચાર પૂછ્યા. ૩૧.

ગોપાળજીના મામા જે સુફળ નામે હતા તેને શ્રીહરિ ઘણા ભાવથી મળ્યા. ૩૨. સીતારામજી સાત વરસના હતા, તે શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને બદરિનાથને પણ શ્રીહરિનાં ચરણોમાં મૂક્યા. ૩૩. ગોપાળજીએ સહિત તે ત્રણ ભાઈ આવ્યા હતા તેને શ્રીહરિએ ઓળખ્યા. નિર્ગુણાનંદ સ્વામી તથા પરમ ચૈત્યાનંદ સ્વામીને શ્રીહરિ ભેટ્યા ત્યારે મહા આનંદ છવાઈ ગયો. કારિયાણી ગામના જેટલા હરિભક્તો હતા તે બધા પણ તે સમયે ત્યાં સન્મુખ આવ્યા હતા. ૩૪-૩૫. તે સમયે જીવુબાએ સુવાસિનીબાઈને અતિશય

પ્રેમભાવથી પોતાના રથમાં બેસાડ્યાં. ૩૬. તથા શ્રીહરિના સંબંધી જાણીને વરિયાળીબાઈને લાડુબાએ ઘણા હેતભાવથી પોતાના રથમાં બેસાડ્યાં. ૩૭.

રાઘવભાઈ, ખોડાભાઈ અને કાનાભાઈ આદિક જે પટેલ હરિભક્તો હતા, તેઓ પોતપોતાનાં ગાડાં જોડીને ત્યાં આવ્યા હતા. ૩૮. નંદરામજી, ગોપાળજી, સીતારામ, બદરિનાથ, મંછારામ અને સુફળ; એ બધાને હરિભક્તોએ ઘણા હેતથી પોતાના ગાડામાં બેસાડ્યા. અને બીજા હરિભક્તોએ ઘણા હરખથી કેટલાક સંતોને ગાડામાં બેસાડ્યા અને સહુ કારિયાણી ગામમાં આવ્યા. ૩૯-૪૦. અને વસ્તા ખાચરના દરબારમાં આવીને અયોધ્યાવાસીઓએ ઉતારો કર્યો અને ત્યાં રસોઈ કરીને જમ્યા. ૪૧. જે સંતો હતા તે સંતોની જગ્યામાં ઊતર્યા. પછી રસોઈ કરીને જમ્યા અને પાર્ષદો પણ જમ્યા. ૪૨. શ્રીહરિને જમાડ્યા પછી વર્ણી પણ જમ્યા. સહુએ જમી લીધું ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૪૩. ગઢપુરનાં જે બાઈઓ હતાં તે પણ જમ્યાં અને શ્રીહરિની પાછળ પાછળ ચાલ્યાં. ગઢપુર આવવા માટે મનમાં ઘણી અભિલાષા હતી, એટલે અતિશય પ્રેમથી તત્પર થઈને સહુ ચાલ્યાં. ૪૪-૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ ગઢપુરથી સહુ ભક્તોની સાથે કારિયાણી અયોધ્યાવાસીઓની સામે ગયા" એ નામે અડતાલીસમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૪૯

શ્રીહરિએ અયોધ્યાવાસીને સંતોની જાયગામાં રાખ્યા અને સંતોને લક્ષ્મીવાડીએ રાખ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ **ઝીંઝાવદર** ગામ આવ્યા. તે સાંભળીને દરબાર અલૈયા ખાચર સન્મુખ આવ્યા. ૨. તેઓ શ્રીહરિનાં ચરણમાં તથા સહુ સંતોના પગમાં પડ્યા અને બે હાથ

જોડીને શ્રીહરિને કહ્યું, “મહારાજ ! આપનું કુટુંબ આવ્યું, જે અતિશય ઉત્તમ વિપ્રો અયોધ્યાપુરીની સમીપના ગામમાં રહે છે. ૩-૪. મહારાજ ! તે બધાં સંબંધીઓ આપના સંબંધને લીધે આવ્યા છે. અને આ બધો જે સત્સંગ છે, તે પણ આપના યોગને લીધે જ થયો છે. ૫.

✵ સત્સંગની મહત્તા :

અનંત કોટિ બ્રહ્માંડોમાં આ સત્સંગના જેવું સમજણે કરીને કોઈ દેખાતું નથી. આ સત્સંગની વાત સર્વોપરિ છે. ૬. આ સત્સંગની જેટલી વાત છે તે જીવનો ઉદ્ધાર કરનારી છે. જીવનાં અનંત જન્મનાં પુણ્ય જ્યારે ઉદય થયાં હોય, ત્યારે તેને સત્સંગ ઉપર ભાવ થાય છે. પુણ્ય વિના ભાવ થતો નથી. ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય તોપણ જેવો સંગ હોય તેવો તે થાય છે. ૭-૮. કોઈ ગમે તેવો બુદ્ધિમાન હોય અને તેને વેદ તથા પુરાણો કંઠસ્થ હોય, તોપણ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતો ત્યાં સુધી જન્મ-મૃત્યુને પામતો રહે છે. ૯. અને તેને મનુષ્ય દેહથી જે વાત સિદ્ધ કરવાની હોય છે તે દેખ્યામાં આવતી નથી. જે રીત વિના જેટલું માન રાખવા જાય છે, તે તેટલો પોતે પોતાનો જ નાશ કરે છે. ૧૦.

આપનાં સંબંધીઓ આવ્યા છે, તેને લીધે જેને સત્સંગ રુચતો નથી તે બધા મરી ગયા જેવા થઈ ગયા છે. આપ જેટલી વાત કરો છો, તે બધી શાસ્ત્રનાં વચનને જોઈને કરો છો. ૧૧. જે સત્સંગની રીતને જાણતા નથી, તે ગમે તેવું બોલતા હોય છે. તેમનાં કહેલાં બધાં વચન અજ્ઞાનીમાં ખપે છે. ૧૨. જે શુદ્ધ બુદ્ધિવાળા છે તેઓ આવું સમજે છે, પણ જે કુબુદ્ધિવાળા હોય છે તે સત્ય વાતને સમજતા નથી. ૧૩. આપ તો ભગવાન છો અને વિપ્ર જાતિમાં પ્રગટ થયા છો. જ્યારે આપના બંને ભાઈઓ આવ્યા, ત્યારે તે બધું જાહેર થયું છે. ૧૪. જે આત્મજ્ઞાન કહેવાય છે તે સર્વે જ્ઞાનમાં શ્રેષ્ઠ છે. આપે તેને શ્રેષ્ઠ જાણીને ગ્રહણ કર્યું છે. ૧૫.

જેટલા આત્મજ્ઞાનીઓ હોય છે તે બધા સાર સારરૂપ વાતને ગ્રહણ કરી લે છે. પરંતુ વારંવાર તપાસ કરીને જે સારમાં પણ સાર હોય, એવી વાતને

આપ ગ્રહણ કરો છો. જેને ભગવાન કરતાં અધિક બાબત જેટલી બીજામાં દેખાય, એટલો તેનામાં કુસંગનો ભાગ મૂર્તિમાન રહ્યો છે. વેદો, પુરાણો, સ્મૃતિ વગેરે શાસ્ત્ર, યોગ, યજ્ઞ, સમાધિ, કથા, વાર્તા, કીર્તન, ભક્તિ, ધર્મ, ધ્યાન અને સ્મરણ વગેરે સાધનો તથા નારદ-સનકાદિક અને શુકજી વગેરે ભગવાનના ભક્તો એ આદિક જેટલું કાંઈ ભગવાન સિવાયનું છે, તે કોઈ ભગવાનથી અધિક નથી. કદાચ ભગવાન પ્રતાપ ન દેખાડે, તોપણ ભગવાન તો ભગવાન જ છે. ૧૬-૨૦. કદાચ અન્ય કોઈ અપાર પ્રતાપ દેખાડે, તોપણ તેમાં લગાર પણ પ્રતાપ ન દેખે. ક્યારેય ભગવાન સમાન કોઈને ન દેખે, ત્યારે તેને ભગવાનનો નિશ્ચય પૂરો થયો જાણવો." ૨૧. અલૈયા ખાચરનો શુદ્ધ ભાવ દેખીને શ્રીહરિ તેને ભવન પધાર્યા. અયોધ્યાવાસીઓએ, વર્ણીએ અને સંતોએ ત્યાં લાડુની રસોઈ કરી. પછી શ્રીહરિએ સહિત સહુ તે રસોઈ જમ્યા. ત્યાં એક રાત રહીને સવારે ચાલ્યા. ૨૨-૨૩.

પછી સહુ **ગઢપુર** આવ્યા ત્યારે મોટો ઉત્સવ વર્તી રહ્યો હતો. શ્રીહરિએ પોતે બધા સંતોને લક્ષ્મીબાગમાં નિવાસ કરાવ્યો તથા જે સંતોની જગ્યા હતી તેમાં અયોધ્યાવાસીઓનો નિવાસ કરાવ્યો. ૨૪-૨૫. મુક્તાનંદ સ્વામી કહે : નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને અમે બધા લક્ષ્મીવાડીમાં આવીને રહ્યા. ૨૬. વિ.સં.૧૮૬૪થી લઈને વિ.સં.૧૮૮૦ના વર્ષ પર્યંત શાસ્ત્રમાં જે રીતે પરમહંસોને નિર્બાધપણે ઉચિત યોગ્ય ભિક્ષા માગવાનું કહ્યું છે, તે રીતે સંતો ભિક્ષા માગતા. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વિધિ સહિત ભગવાનની માનસી પૂજા સંતો તથા હરિભક્તોએ પ્રેમથી કરવી, તેમ શ્રીહરિએ કહ્યું હતું. ૨૭-૨૯.

શ્રીહરિ જેમ કહેતા હતા તે રીતે સંતો તથા સર્વે હરિભક્તો કરતા હતા. જે રીતે માનસી પૂજા કરવાની હોય છે, તેનું પદ પણ અમે(મુક્તાનંદ સ્વામીએ) રચ્યું છે. ૩૦. અમે જે ધર્માખ્યાન ગ્રંથ કર્યો છે, તેમાં શ્રીહરિની બધી જ વાત લખી છે. અમે કીર્તનનાં કેટલાક પદોમાં શ્રીહરિ જે રીતે કહેતા હતા, તે જેટલું માપમાં આવ્યું તે બધું અમે લખ્યું છે. શ્રીહરિ તેને વારંવાર

સાંભળીને કેટલીયેવાર પ્રસન્ન થયા છે. સત્સંગનાં શાસ્ત્રો અને પદો અપાર છે, તેમાં કેટલાક બ્રહ્માનંદ સ્વામીનાં છે અને કેટલાક પ્રેમાનંદ સ્વામીએ રચેલાં છે. ૩૧-૩૩. તે બધાં પદોને શ્રીહરિ પ્રેમથી સાંભળતા હતા અને તે સાંભળ્યા પછી કેટલીયેવાર અપાર થાળની પ્રસાદી આપતા હતા. કેટલીયેવાર ફૂલના હાર પણ આપ્યા હતા. ૩૪. જ્યારે ભગવાન શ્રીહરિ રાજી થતા હતા, ત્યારે ઘણીવાર પ્રસાદીનાં વસ્ત્ર આપતા અને પ્રશંસા કરીને મેવા-મીઠાઈ પણ તરત આપતા હતા. ૩૫.

વિ.સં.૧૮૮૦ના વરસમાં શ્રીહરિએ લોટની ઝોળી સંતો પાસે મગાવી હતી. તે વખતે શ્રીહરિએ કહ્યું હતું કે, 'હવેથી જેટલા સંતો છે તે બધાએ પોતાને હાથે રસોઈ કરીને ભગવાનની પટ મૂર્તિને, શાલીગ્રામને કે બાલમુકુંદને પ્રત્યક્ષ માનીને ભાવનાથી નૈવેદ્ય કરવું. કેમ જે, **પ્રત્યક્ષભાવ વિના ક્યારેય સિદ્ધિ થાતી નથી.'** ૩૬-૩૮. પછી શ્રીહરિએ જે રીતે કહ્યું, તે રીતે બધા સંતો અતિશય પ્રેમથી કરવા લાગ્યા. કારણ કે, સંતોને શ્રીહરિને રાજી કરવાનું તાન હતું. ૩૯. **શ્રીહરિની પ્રસન્નતામાં અનંતકોટિ બ્રહ્માંડની પ્રસન્નતા રહી છે. એવી શ્રીહરિની પ્રસન્નતા મહત્ત્વપૂર્ણ છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ અયોધ્યાવાસીને સંતોની જાયગામાં રાખ્યા અને સંતોને લક્ષ્મીવાડીએ રાખ્યા" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૦

સહુ અયોધ્યાવાસી શ્રીહરિ તથા સંતોની સેવા કરતા હતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જન્મથી લઈને અગિયાર વર્ષ સુધી જે રીતે ઘરમાં રહ્યા,

તે બધાં શ્રીહરિનાં ચરિત્રને સુવાસીનીબાઈ જાણતાં હતાં. તેમણે બધાં જ હરિભક્ત બાઈઓની આગળ તે ચરિત્રોને સાક્ષાત્ કહ્યાં. ૨-૩. રાજબાઈ, જીવુબા, લાડુબા, અમૂલાબાઈ અને અમરબાઈ; એ બધાં બાઈઓ શ્રીહરિની અલૌકિક વાતોને નિત્ય સાંભળતાં હતાં. આ પશ્ચિમ દેશની જે બાઈઓ હતી તે ભાવથી હરિભક્ત થઈ હતી. તે બાઈઓ શ્રીહરિ સત્સંગમાં જે દિવસથી આવ્યા, તે દિવસથી શ્રીહરિએ જેવી રીતનાં ચરિત્રો કર્યાં છે તે બધાં જાણતી હતી. તે સર્વે ચરિત્રોને હરિભક્ત બાઈઓ સુવાસીનીબાઈ અને વરિયાળીબાઈની આગળ કહેતી હતી. વળી, સત્સંગમાં બાઈઓ જે રીતે વર્તતી હતી, તેની બધી રીત પણ તેમણે બતાવી. તે સત્સંગની રીત પાળવાનો લાભ પણ કહ્યો. કારણ કે, જેમાં જેવો લાભ દેખાય છે તેને સહુ તેવાં રૂપમાં ગ્રહણ કરે છે. ૪-૮.

સત્સંગ અને શ્રીહરિની સમાન બીજું કોઈ નથી. તે તો સર્વોપરિ છે. તે બંને મોક્ષનું દ્વાર છે, તેમ વેદો અને પુરાણ કહે છે. ૯. મનુષ્યદેહને પામીને જ્યાં સુધી જે મોક્ષને માર્ગે નથી ચાલતા, ત્યાં સુધી તેણે મનુષ્યદેહ ધાર્યો તે ન ધાર્યા બરાબર છે અને તે આ સંસારમાં કેટલીયે વાર ભટક્યા કરે છે. ૧૦. આ સંસારમાં જેટલાં દુઃખ રહ્યાં છે તેનો વિચાર કરીને જ્યારે દેખવામાં આવે, ત્યારે તેનો ડર લાગે અને પછી જો સત્સંગમાં સુખ દેખાય તો તેને સત્સંગ થાય છે. તે સિવાય બીજી કોઈ વાતે સત્સંગ થતો નથી. જન્મ-મરણનાં દુઃખનો વિચાર, એ જ સત્સંગ થવાનું કારણ છે. ૧૧-૧૨.

જન્મ-મરણ, જમપુરી તથા લખચોરાશી; એ સિવાયના પાર નહિ એટલાં બધાં દુઃખો આ સંસારમાં ભર્યાં છે. ૧૩. **તે બાબતના વિચાર જીવ જ્યારે વારંવાર રાત-દિવસ કરતો રહે, ત્યારે સત્સંગ કરવાનો અંકુર ઉદય પામે છે.** ૧૪. પછી તે જીવનું મન સંતો કે હરિભક્તો જે રીતની વાત કરતા હોય, તેને અતિશય ભાવ લાવીને ગ્રહણ કરે છે. ૧૫. દિલમાં જેવો ખપ હોય તેવો તેને ભાવ વર્તે છે. જે વિચક્ષણ માણસ હોય તે તેને જોઈ શકે છે. ખપ ક્યારેય છાનો રહેતો નથી. ૧૬.

શ્રીહરિના બંને ભાઈઓની પત્નીઓને બીજી બધી હરિભક્ત બાઈઓ ગુરુના રૂપમાં જાણીને માનતી હતી અને મેવા, મીઠાઈઓ, વસ્ત્ર, ધન ઇત્યાદિકથી પૂજતી હતી. શ્રીહરિ પોતે પણ તેમને માન આપતા હતા. અનાજનાં પાકાં સીધાં હરિભક્તો રોજ આપતા હતા. ૧૭-૧૮. રોજ દસ-વીશ સીધાં આવતાં. સાકર અને ખાંડનો કોઈ પાર રહેતો નહિ. ગોળ અને ઘી અપાર આવતાં. લોટ, દાળ અને ચોખાનો તો કોઈ પાર રહેતો નહિ. ૧૯. અતિશય ભાવ અને પ્રેમરસથી યુક્ત થઈને બીજી પણ કેટલીયે ચીજો આવતી હતી. સુવાસિનીબાઈ અને વરિયાળીબાઈ રોજ શ્રીહરિને માટે થાળ બનાવતાં હતાં. તેથી તેમને નિત્ય મનોવાંછિત વસ્તુઓ મળતી હતી. શ્રીહરિને જમાડવામાં તેમને અલૌકિક ભાવ વર્તતો હતો. ૨૦-૨૧.

વળી, રોજ વારાફરથી પાંચ પાંચ સંતોને બોલાવીને જમાડતા હતા. શ્રીહરિ અને સંતોને જમાડવા માટે તે બાઈઓ રોજ રોજ જે જે વસ્તુની જેવી અને જેટલી ઇચ્છા કરતી, તે રીતે હરિભક્તો તેટલું તેમને અતિશય ભાવથી આપતા હતા. હરિભક્તો જેમ જેમ આપતા, તેમ તેમ તેમને આપ્યા કરતાં પણ અધિક મળતું હતું. ૨૨-૨૩. કોઈ સંત શરીરથી બીમાર હોય તો સુવાસિનીબાઈ અને વરિયાળીબાઈ, રોજ સવાર-સાંજ પોતાના પુત્રને કહીને તેની સંભાળ લેવરાવતાં હતાં. ૨૪. તે બંને બાઈઓ પોતાના પુત્ર કરતાં પણ વધારે સંતો ઉપર હેત રાખતાં હતાં. કારણ કે, તેમને સંતો ઉપર હેત રાખવાથી આ લોક અને પરલોકનું રક્ષણ દેખાતું હતું. ૨૫. સંતોનું મૂળ ભગવાન છે અને હરિભક્તોનું મૂળ સંત છે. માટે તે અયોધ્યાવાસીઓ સંતોને પોતાનું મૂળ માનતા હતા. ૨૬. અયોધ્યાવાસીઓનો આ રીતનો શુદ્ધ ભાવ અને તેમના સદ્‌ગુણ જોઈને શ્રીહરિ તેમના ઉપર રાજી થયા. ૨૭.

❋ ગુણને આધીન ગોવિંદ :

સોરઠા : गुण विन हि कोउ दिन, प्रसन्न होवत न हरि कबु;
हरि रहे गुण आधीन, दोष आधिन न रहे तेहि...२८

चोपाई :

जामें गुण रहेउ जिस रीता, पूजावत हि तेहि तिस रीता;
दोष तितना तेहि दुःख कु पाते, आप के दोष तोउ न देखाते...२९

आप में दोष देखत जबही, हरिजन के गुण वदत तबही;
सरवोपरि यह हरिजन रहेऊ, बचन में देख आवत तेऊ...३०

શ્રીહરિ ગુણને દેખ્યા વિના ક્યારેય કોઈના ઉપર રાજી થતા નહિ. શ્રીહરિ ગુણને આધીન છે, દોષને આધીન નથી. ૨૮. જેમાં જેવા ગુણ હોય તે તેવા પૂજાય છે અને જેમાં જેટલા દોષ હોય તે તેટલું દુઃખ પામે છે, છતાં પણ જીવને પોતાના દોષ દેખાતા નથી. ૨૯. જ્યારે પોતામાં દોષ દેખે છે, ત્યારે તે હરિભક્તના ગુણ ગાય છે કે, 'આ હરિભક્ત તો સર્વોપરિ છે.' એમ તેમનાં વચનમાં મહિમા દેખાઈ આવે છે. ૩૦. જેમાં જેવા ગુણ રહ્યા હોય છે, તે તેનાં વચનમાં દેખાઈ આવે છે. મૂળ વિનાના કે મૂળવાળા જેટલા ગુણ હોય છે, તે બધાં વચનમાં જણાઈ આવે છે. ૩૧. મનુષ્યની રુચિ જોઈએ તોપણ ગુણ દેખાઈ આવે છે. વર્તનમાં પણ ગુણો છુપા રહેતા નથી, જણાઈ આવે છે. તેમજ તેની સંગત કરવાથી પણ તેમાં રહેલા ગુણો તરત દેખાય છે, તે કોઈ વાતે ગુપ્ત રહેતા નથી. ૩૨. જેમાં જેવા ગુણ દેખાય તે પ્રમાણે મનુષ્ય તેમાં ખેંચાય છે. અજ્ઞાની જીવ જ્યાં ત્યાં દોડે છે, પરંતુ જ્યાં સત્સંગ છે ત્યાં દોડીને જતા નથી. ૩૩.

જે મોક્ષભાગી હોય છે તે જ્યાં સત્સંગ હોય ત્યાં દોડીને જાય છે. નટના દોર ઉપર ચાલવું તે સુગમ છે તથા આકાશમાં ચઢવું તે પણ સુગમ દેખાય છે. ૩૪. અપાર લોકો અગ્નિમાં પણ પ્રવેશ કરે છે. કેટલાક લોકો તો તોપનાં મોઢા સામે ચાલે છે, જેનો ગણતાં પાર આવતો નથી. ૩૫. તેમાં જીવને કેટલોય ઉમંગ રહે છે. તેથી મન વધારે ને વધારે આગળ ચઢતું રહે છે, પણ સત્સંગના માર્ગમાં જે ચાલવું, તે તો નટના દોર ઉપર ચાલવું વગેરે કરતાં પણ ભારે અને અપાર કઠણ છે. ૩૬. જે સત્સંગ કરે છે તેને દુનિયા વખાણતી નથી. જે મિથ્યા ગુરુઓ, મિથ્યા સંતો અને મિથ્યા પંડિતો હોય છે તથા જે મતપંથો છે તે બધા નિયમોની મર્યાદા(વાડ) વગરના હોય છે. તે કોઈ સત્સંગને ઓળખતા નથી અને વ્યસનોમાં ડૂબેલા હોય છે. ૩૭-૩૮. ગમે તેવા ગુણવાન હોય, પણ સત્સંગ કર્યા વિના તેનો મોક્ષ થાતો

નથી. આ વાત ચોક્કસ છે. ૩૯. **મનુષ્યદેહને પામીને 'સત્સંગ કરવો' તે જ મુખ્ય કર્તવ્ય છે. બીજાં જેટલાં સાધનો છે તે બધાં સત્સંગમાં નિવાસ કરીને રહ્યાં છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "સહુ અયોધ્યાવાસી શ્રીહરિ તથા સંતોની સેવા કરતા હતા" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૧

મુક્ત મુનિએ તથા સહુએ ધર્મવંશી આચાર્યની યોગ્યતા અંગેના વિચાર કહ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરત બંદરના અરદેશર નામે ઘણા બુદ્ધિમાન પારસી હતા. તેને સત્સંગ ઉપર તથા શ્રીહરિના ઉપર અતિશય ભાવ થયો હતો. એટલે તેણે એક તાવદાન(ખુરશીના ઘાટની પાલખી) શ્રીહરિ ગઢપુર હતા ત્યાં મોકલ્યું. ૨-૩. વિશાળ બુદ્ધિમાન નંદરામજી તથા ગોપાળજી, તે બંને પોતાના ગામથી બે ડોળી(પાલખી)ઓને ઉપાડવા માટે સોળ સોળ કહારોને સાથે લાવ્યા હતા. તે કહારોએ શ્રીહરિની પાસે આવીને કહ્યું કે, "હે પ્યારા પ્રભુ ! અમારા જીવનો ઉદ્ધાર કરવા માટે આપ તાવદાન ઉપર બેસો. અમે આપને તે વાહનમાં ઉપાડીને ચાલશું. આપ ભગવાન અમારા દેશમાં પ્રગટ થયા છો, એવું અમે જાણ્યું છે. ૪-૬. અમારાં હૃદયમાં ભાવ થયો છે અને તાવદાન ઉપાડવું, તે તો અમારો ધંધો છે. આપને ઉપાડીને ચાલવું, એટલી અમારી સેવા સ્વીકારો. ૭. અપાર જીવોનો ઉદ્ધાર કરવા માટે આપે ધર્મકુળમાં જન્મ લીધો છે અને તેટલા માટે જ ઘરનો ત્યાગ કર્યો છે. પછી ફરીવાર ઘરને ક્યારેય યાદ કર્યું નથી." ૮.

ત્યારે શ્રીહરિ બોલ્યા જે, “ઘરને સંભારવું તે ત્યાગીની રીત નથી. જે ત્યાગી થયા પછી જ્યાં સુધી સંબંધીઓની સાથે સંબંધ રાખે છે, ત્યાં સુધી તેના મનમાં સંબંધીઓ રહ્યા છે. અને જ્યાં સુધી તે સંબંધીઓને સંભારતા રહે છે, ત્યાં સુધી તે ત્યાગીઓ સનકાદિકો, નારદજી અને શુકદેવજી જેવા ત્યાગીઓમાં ક્યારેય ગણાતા નથી. ૯-૧૦. **ત્યાગીઓના સાચા સંબંધી તો એક ભગવાન જ રહ્યા છે. ભગવાનના ભક્તોને ભગવાન સિવાય બીજા કોઈ અધિક હોતા નથી.** ૧૧. ત્યાગીઓ દેહના સંબંધીઓને પોતાના ઘરના સંબંધી માનતા નથી. જેમાં સત્સંગનો ઉદય હોય અને જે બાબતમાં કોઈ જાતનો બાધ ન આવતો હોય, તેમાં જીવનો સાક્ષાત્ ઉદ્ધાર રહ્યો છે. ૧૨-૧૩.

※ ભગવાનની વાત મુખ્ય થાય તો ધામમાં જવાય :

दोहा : निरबाध जितनी बात जो, भगवान ताकि एह;
बात में बाध हि जितना, जगतकि रहेउ तेह...१४

सोरठा : निरबाध जितनी बात, भगवान मुख्य रहे जिन महिं;
सत्संग यह कहात, भगवान की हे बात यह...१५

भगवान ताकि जेति, बात रहे निरबाध कर;
मोक्षभागी जो तेति, ग्रहण हि करत हे जोई...१६

જેટલી નિર્બાધ બાબતો છે તે બધી ભગવાનની વાત છે અને વાતમાં જે કાંઈ બાધ છે તે સર્વે જગતની બાબતો છે. ૧૪. જેમાં એક ભગવાન જ મુખ્ય રહ્યા હોય એવી જેટલી નિર્બાધ બાબતો છે, તે બધી ભગવાનની વાતો છે અને તેને જ આ સત્સંગ કહેવાય છે. ૧૫. જેટલી ભગવાન સંબંધી વાત છે તે નિર્બાધ છે, એમ તપાસીને મોક્ષભાગી મનુષ્ય તેને ગ્રહણ કરે છે.” ૧૬.

શ્રીહરિ આટલી વાત કરીને પછી તાવદાનમાં બેઠા. તે સમયે રાતા કિનખાબનો સુંદર સુરવાળ પહેર્યો હતો અને તેવી જ ડગલી પહેરી હતી. જરકસી કોરના નવા કસુંબી શેલાની પાઘ મસ્તકે પેચદાર બાંધી હતી. ૧૭-૧૮. તેવું જ એક શેલું કમરે કસ્યું હતું. વળી ત્રીજું એક શેલું જનોઈની જેમ ખભા ઉપર ધારણ કર્યું હતું. તેથી ત્રિલોકથી ન્યારી અદ્ભુત શોભા બની

હતી. ૧૯. કહારો તાવદાન લઈને ચાલ્યા. શ્રીહરિએ તે વખતે પોતાના હાથમાં રૂમાલ રાખ્યો હતો. સહુ લક્ષ્મીવાડી તરફ ચાલ્યા. સંતો, વર્ણી, પાર્ષદો અને બીજા કેટલાક હરિભક્તો સાથે હતા. ૨૦. સો પગલાં જેટલું ચાલે ત્યારે કહારો બદલાઈ જતા હતા. લક્ષ્મીવાડીમાં બેઠક કરી હતી ત્યાં એક પલંગ લાવીને મૂક્યો હતો. ૨૧.

શ્રીહરિ ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. જેમ કોઈ મોટો રાજા હોય તેમ શ્રીહરિ બન્યા હતા. જેટલા સંતો અને વર્ણી હતા તે બધાની સભા કરીને શ્રીહરિ બેઠા. ૨૨. પાર્ષદો અને હરિભક્તો પણ જેને જેમ ઘટે તેમ યોગ્ય રીતે બેઠા. શ્રીહરિએ નંદરામજી અને ગોપાળજીને બોલાવી સંતો-હરિભક્તોની આગળ સંતોને પીઠ ન દેવાય તે રીતે બેસાડ્યા હતા. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, “આ અયોધ્યાવાસીઓ આવ્યા છે, તેથી સંતો, વર્ણી તથા બધા હરિભક્તો રાજી રાજી થઈ ગયા છે. અસુરો ગમે તેમ બોલતા હતા, તે હવે ખોટા સાબિત થયા છે. ૨૩-૨૫. જે મિથ્યા બોલતા હતા, તે બધાનાં મુખ કાળાં થઈ ગયાં છે. હવે તો ધર્મની ગાદી ઉપર ધર્મકુળના કોઈ એક વ્યક્તિને જોઈ-તપાસીને બેસાડવા. કોઈ ત્યાગી ધર્મની ગાદી ઉપર શોભે નહિ. તે માટે તો ધર્મકુળ જ યોગ્ય છે, એમ અમને બધાને રુચે છે. ૨૬-૨૭.

❋ ધર્મની ગાદીને યોગ્ય વ્યક્તિનાં લક્ષણ :

શુકદેવજી, સનકાદિકો, નારદજી અને નવ યોગેશ્વરો; તે બધા ત્યાગીઓમાં મોટા હતા પણ અમે ક્યાંય તેમની ગાદી સાંભળી નથી. ૨૮. બ્રહ્મા અને વિપ્રો ગૃહસ્થ હોય છે, છતાં પણ તે બધા જ ત્યાગીઓના ગુરુ છે એ વાત પ્રસિદ્ધ છે. જેટલા ત્યાગીઓ છે તે બધા તેમને પૂજતા રહે છે. ૨૯. વિપ્ર સહુના ગુરુ રહ્યા છે તેમાં કોઈ સંશય કરતું નથી. પરંતુ તે વિપ્રોમાં પણ જે વિપ્રોને એકાંતિક ધર્મ અને ભગવાન સહુથી અધિક વાલા હોય, વર્ણાશ્રમના ધર્મને યથાર્થરૂપમાં જાણતા હોય તથા પાળતા હોય, તેમજ ભગવાનના જે જે અવતારો જે નિમિત્તે પ્રગટ થયા હોય તે બધાં નિમિત્તને પુરાણોનું શ્રવણ કરીને યથાર્થરૂપમાં જાણતા હોય, વળી જે રાત-દિવસ શાસ્ત્રનું

શ્રવણ કરતા હોય અને આ સદ્‌ગુણોરૂપ ધન દ્વારા જે લોકમાં વિખ્યાત થયા હોય તે જ ધર્મની ગાદીને યોગ્ય છે. ૩૦-૩૨. કારણ કે, શાસ્ત્રાભ્યાસરૂપી જે ધન છે તે જ સર્વોપરિ સંપત્તિ છે. માટે જેને શાસ્ત્રમાં લેશમાત્ર પણ પ્રેમ ન હોય, તે ધર્મની ગાદીને યોગ્ય નથી. ૩૩.

चोपाई :

दामरूप द्रव्य में चित्त जितना, खेतवाडी में तत्पर तितना;
सवकाश न आवत तिनमें लगारा, एसे गुरु के न परत भारा...३४

दोहा : धर्म के कुल तिनके जोउ, एक सबंध रहेउ;
धर्म की रीत जाने बिन, शिक्षा जोग न तेउ...३५

જેનું ચિત્ત ધન-સંપત્તિમાં અને ખેતીવાડીમાં (અર્થાત્ ધન કમાવામાં) તત્પર રહેતું હોય અને તેને કારણે જેને શાસ્ત્રાભ્યાસનો લગાર પણ સમય મળતો ન હોય, એવા ગાદીપતિ ગુરુનો કોઈને ભાર પડતો નથી. ૩૪. તેમનામાં તો એક ધર્મકુળનો સંબંધ જ વિશેષ રહ્યો છે. તે ધર્મની રીતને જાણતા ન હોય તો તે બીજાને ઉપદેશ આપવાને યોગ્ય નથી. ૩૫. કેમ જે, જે વૈદ્ય બને છતાં રોગને ન ઓળખે તો તેનાથી શું ફાયદો થાય ? તે તો રોગ કાંઈક હોય ને ઔષધ કાંઈક કરે એવું થાય. ૩૬.

सोरठा : धर्म भक्ति अरु ज्ञान, वैराग्य आत्म स्वरूप;
भगवान पर हि तान, सरवोपरि वर्तन रहेउ...३७

जितना सुख हि ताके, मूर रहे भगवान यह;
जितनी निधि हि वाके, दासि होई फिरत पिछे...३८

જે ધર્મકુળના વિપ્રને ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, જીવાત્માનું સ્વરૂપ અને ભગવાનના સ્વરૂપ ઉપર જ સહુથી અધિક તાન રહેતું હોય, વળી જેટલાં સુખ છે તે બધાનું મૂળ એક ભગવાન જ છે અને જેટલી નિધિઓ છે તે બધી તો ભગવાનની દાસી થઈને પાછળ ફરે છે; એમ જે માનતા હોય એ જ ધર્મની ગાદીને યોગ્ય છે. ૩૭-૩૮. આવું ઉપર કહ્યા પ્રમાણેનું યથાર્થ જ્ઞાન જ સત્સંગરૂપી નિધિનું કારણ છે. આવા જ્ઞાનવાળા આચાર્યને સંતો તથા વર્ણીઓની ક્યારેય અરુચિ થતી જ નથી. ૩૯.

चोपाई :

संत वर्णि की अरुचि जेती, सेवक होई करावत तेती;
सेवक नहीं सत्संग केरा, शत्रु रहे यह पूरण घनेरा...४०

જે ગાદીપતિ સત્સંગના સેવક થઈને સંતો તથા વર્ણીની અરુચિ કરાવે તે સત્સંગના સેવક નથી, તે તો પૂરેપૂરો સત્સંગનો શત્રુ છે. (માટે એવા જે હોય તે ગાદીપતિ થવાને યોગ્ય ગણાય જ કેમ ?) ૪૦. ઉપર જેટલી વાત કહી, એનું યથાર્થ જ્ઞાન શીખે ત્યારે જ તે ધર્મની ગાદીને યોગ્ય છે. ધર્મના ગાદીપતિની જેવી રીત છે, તે સત્સંગિજીવનમાં કહી છે. ૪૧. ધર્મકુળનાં જે બાઈ-ભાઈ વિપ્ર કહેવાય છે, તેમાં બાઈઓએ બાઈઓની રીતે નિરંતર અભ્યાસ રાખવો જોઈએ. ૪૨. **ધર્મવંશના પુરુષોએ ધર્મવંશી ગુરુની જેટલી રીત હોય, તે સર્વેને પ્રમાદ છોડી દઈને શીખવી જોઈએ.** ૪૩. **તેમાં જે જેટલો પ્રમાદ રાખે છે તે તેટલો ધર્મની ગાદીને યોગ્ય થતો નથી. સત્સંગીના ગુરુની જે રીત છે તે તો અલૌકિક હોય છે.** ૪૪.

अलोकिक बात में मोक्ष रहाये, लोकिक बात में न रहेताये;
सत्संग में धर्म वर्तत जिस रीता, वरतन रहे जाके तिस रीता...४५
प्रगट हरि के निश्चय तामें, कसर न रहे रतिभर हि यामें;
दोउ बात बिन धर्म जो ताकी, गादि जोग्य न रहाये वाकी...४६

કારણ કે, અલૌકિક વાતમાં જે મોક્ષ રહ્યો છે, તે લૌકિક વાતમાં હોતો નથી. સત્સંગમાં જે રીતનું ધર્મમય વર્તન છે, તે રીતનું જેનું વર્તન હોય અને જેમાં પ્રત્યક્ષ શ્રીહરિના નિશ્ચયમાં રતીભાર પણ કસર ન હોય, તે પુરુષ જ ધર્મની ગાદીને યોગ્ય છે. જેમાં ધર્મમય વર્તન અને પ્રત્યક્ષ શ્રીહરિના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય; એ બે બાબત ન હોય તો તે પુરુષ ધર્મની ગાદીને યોગ્ય રહેતો નથી." ૪૫-૪૬. આટલી મુક્તાનંદ સ્વામીએ વાત કરી, ત્યારે શ્રીહરિ બોલ્યા જે,' તમે જે સંતો, વર્ણી અને હરિભક્તો છો, તે સહુ હવે પછીથી ધર્મની ગાદી ઉપર તમારાં મનમાં યોગ્ય લાગે તેને નક્કી કરો.' ૪૭. ત્યારે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી વગેરે જે મોટા મોટા સંતો હતા, તે બધા બોલ્યા અને

મોટા મોટા હરિભક્તો હતા તે પણ બોલ્યા કે, ‘ધર્મવંશીમાં જેને ધર્મ ઉપર રુચિ હોય અને પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનો જેને યથાર્થ દૃઢ નિશ્ચય હોય, તે જ ધર્મની ગાદીને યોગ્ય છે. ૪૮-૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં “મુક્તમુનિએ તથા સહુએ ધર્મવંશી આચાર્યની યોગ્યતા અંગેના વિચાર કહ્યા” એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૨

સહુએ કહેલા આચાર્ય બાબતના વિચારોમાં શ્રીહરિએ સંમતિ કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે મોટા મોટા સંતો-હરિભક્તો બોલ્યા જે, ‘ધર્મની ગાદી ઉપર આગળ કહ્યા તેવા લક્ષણેયુક્ત એક ધર્મવંશીને બેસાડવા, એમ અમે કહીએ છીએ અને તે સહુને રુચે છે. ૨. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “જેને મોક્ષનો ખપ નથી તેવા લોકો ભલે ગમે તેમ કહે ! પણ અમે તો જેમ તમને સહુને રુચે છે તેમ કરીએ છીએ. ૩. સત્સંગની જેટલી વાતો છે તે મોક્ષભાગી જીવ માટે છે, તેમાં કોઈ સ્વાર્થ માટેની વાત નથી અને જગતની જે સમજણ છે તેને પણ હું જાણું છું. ૪. ભગવાન તો અંતર્યામી છે. તે સહુનાં અંતરની વાતને જાણે છે. તેમની જેવી મરજી હોય છે તે રીતે સહુનાં અંતરમાં પ્રેરણા કરે છે. ૫. તે પરમેશ્વર જેમ અમને પ્રેરે છે તેમ અમે કરીએ છીએ. લોકોની સમજણમાં તે આવતું નથી. જેને આ સમજાતું નથી તે લોકોને અમારી વાત રુચતી નથી. ૬.

જગતને જગત બાબતનો અભ્યાસ હોય છે, તેને પરલોકની કાંઈ ગમ હોતી નથી. **આ બ્રહ્માંડનું જેટલું કાંઈ સુખ છે તે સર્વેને સચ્છાસ્ત્ર તથા સત્પુરુષો સ્વપ્ન તુલ્ય અને ઝાકળનાં પાણી જેવું અસ્થિર કહે છે. તેમજ ઝાંઝવાનાં જળ જેવું અને બાજીગરની બાજી જેવું અસત્ય માને છે. આ બધી વાત અમે સત્ય કહી છે.** ૭-૮. જે સત્પુરુષો છે તે બ્રહ્માંડનાં

સુખરૂપ બધાં જ પદાર્થોને અસત્ય દેખે છે. તે અસત્ય દેખવાનાં દ્વાર-માધ્યમ ચાર પ્રકારના પ્રલય છે. ૯. જે કોઈ પણ વાત હોય છે તે બધાનું એક એક દ્વાર રહ્યું છે. તે દ્વાર વિનાની જેટલી બાબત હોય છે તે ક્યારેય દેખ્યામાં આવતી નથી. ૧૦.

જેટલી કાંઈ બાબતો છે તેના જુદા જુદા ગુરુ હોય છે. તેમાં જે મોક્ષ બાબતના ગુરુ છે તે બધા જ ગુરુઓના પણ ગુરુ છે. ૧૧. જેણે મોક્ષમાર્ગ જોયો ન હોય, તેને સદ્‌ગુરુ તે માર્ગ બતાવે છે. સૂર્ય, મશાલ અને દીવાની જેમ જે ગુરુ જીવમાં રહેલું અજ્ઞાનરૂપી અંધારું ટાળે છે, તે તેટલા સાચા ગુરુ કહેવાય છે. ૧૨. જે પ્રકારનું કાર્ય હોય તેવા ગુરુ હોય છે. અજ્ઞાનરૂપી અંધારાને ટાળનારા ગુરુ તો ઘણા દુર્લભ છે. ૧૩. અજ્ઞાનરૂપી અંધારું ન ટળે તો મનુષ્યનો મોક્ષ થતો નથી અને મોક્ષ થયા વિના મનુષ્ય વારંવાર અપાર જન્મ નિરર્થક વગોવે છે. ૧૪.

✵ જન્મ-મરણ ટળે એ જ નરદેહનું ફળ છે :

સોરઠા : अनंत जन्म के दुःख, शीर रहे मेटन हि हीत;
लेन हि अतिशय सूख, मनुष्य तन पावत तिन हित...१५

જીવને માથે અનેક જન્મનું દુઃખ રહ્યું છે, તે ટાળવા માટે અને અતિશય સુખ મેળવવા માટે આ મનુષ્યદેહ તેને પ્રાપ્ત થયો છે. ૧૫. જેને માટે આ મનુષ્યદેહ મળ્યો છે, તેને જીવ ભૂલી ગયો છે; છતાં પોતે પોતાને ચતુર માને છે. જે માણસ કરવાની વાત કાંઈ નથી કરતો, તે તો ચાહે તેવો ચતુર માણસ હોય; તોપણ ઘાંચીના બળદની રીતમાં જ ખપે છે. અરે ! તે આખી ભૂમિનું રાજ્ય કરતો હોય, તોપણ જ્યાં સુધી તે મોક્ષને માર્ગે નથી ત્યાં સુધી તે બધું નિરર્થક છે. ૧૬-૧૭. કદાચ ક્યારેક સ્વર્ગનું રાજ્ય મળે કે આખા બ્રહ્માંડનું ધન ભેળું કરે, જેટલું સોનું હોય તેને ભેળું કરે, માણેક, મોતી, હીરા ઇત્યાદિક અપાર સમૃદ્ધિ તેટલી ભેળી કરે; પણ તેનાથી તે બુદ્ધિમાન ગણાતો નથી અને તે મનુષ્યદેહનું ફળ પણ કહેવાતું નથી. ૧૮-૧૯.

શરીર છૂટી ગયા પછી તે કરોડો બાબત હોય, તોપણ તે જીવના ઉપયોગમાં લેશમાત્ર આવતી નથી. મૃત્યુ પછી જે ઉપયોગમાં આવે તેનો

ક્યારેય નાશ થતો નથી. ૨૦. જન્મ, મરણ અને લખચોરાશીના ફેરા ક્યારેય વારે વારે ન થાય, આવી જે બાબતો હોય તેને તપાસીને ગ્રહણ કરવી જોઈએ. ૨૧. તે વાત પ્રહ્લાદજીએ ગ્રહણ કરી હતી, તેમજ પ્રિયવ્રત, ધ્રુવ, અંબરીષ, ભરત, વિભીષણ, જનક, સ્વાયંભુવ મનુ, દક્ષના પુત્રો, ચિત્રકેતુ, ગોપીચંદ, ઉદ્ધવજી અને પાંચ પાંડવો ઈત્યાદિક અપાર રાજાઓએ ગ્રહણ કરી હતી. તેથી જ તેમણે ભગવાન માટે ચક્રવર્તી રાજ્યનું સુખ પણ અનિત્ય માન્યું હતું. ૨૨-૨૩.

❋ કુબુદ્ધિ ત્યાગે તો જ સત્સંગ રહે :

चोपाई :

भगवान बिन रहाये जेते, चाय तेसे कहावत तेते;
भगवान के सामृथ देखत तिनमें, भगवान से अधिकता इनमें...२४

दोहा : देखत हि न कोउ दिन हि, एसे भक्त हि ताकु;
ब्रह्मांड सबके देव हि, धन्य धन्य कहत वाकु...२५
मनुष्य तन पावत तिनके, इतना फल हि रहेउ;
सत्संग करना भाव जुत, कुमति छोरि सब तेउ...२६

ભગવાન વિના બીજા ગમે તેવા સમર્થ કહેવાતા હોય, છતાં તેમાં ભગવાનનું સામર્થ્ય જ દેખે, પણ ભગવાન કરતાં ક્યારેય કોઈને અધિક ન દેખે; આવા ભક્તને સર્વ બ્રહ્માંડના દેવો ધન્ય ધન્ય કહે છે. ૨૪-૨૫. મનુષ્યદેહ પ્રાપ્ત થયો તેનું એટલું જ ફળ છે કે, 'બધી કુબુદ્ધિ છોડી દઈને ભાવ સહિત સત્સંગ કરવો.' ૨૬. કોઈ માણસ ગમે તેવો વિચક્ષણ હોય, પણ સત્સંગ કર્યા વિના તો તે મનુષ્યદેહને વૃથા ગુમાવે છે. ૨૭. સત્સંગ કર્યા વગર મનુષ્ય કે દેવ થાય તોપણ શું ? તેણે મોક્ષ અંગેની બધી બાબત ખોઈ દીધી અને તેથી તેની બધી ચતુરતા અલેખે ગઈ ગણાય છે. ૨૮. મનુષ્યદેહ ધરીને જે લોકો સત્સંગ કરતા નથી, તે બધા મનમાં માને છે કે અમે પ્રવીણ છીએ, પણ શાસ્ત્ર તો તેને બુદ્ધિહીન કહે છે. ૨૯. કોઈ વહાણ સમુદ્રને કિનારે આવી ગયું હોય અને પછી તેને કોઈ પાછું સમુદ્રમાં ડૂબાડી દે, તેમ જે મનુષ્યદેહ મળ્યા પછી પણ સત્સંગ નથી કરતો; તે તેના જેવો નિપુણ કહેવાય અર્થાત્ મૂર્ખ ગણાય. ૩૦. કોઈ સત્સંગ કરતા હોય અને

તેમાં આડે આવીને કોઈ તેને રોકે, તો તે રોકનારો કદાચ બ્રહ્મા જેવો હોય તોપણ તે અસુરમાં ખપે છે. ૩૧.

ધર્મગુરુ થઈને પણ જો તે સત્સંગનું ઉચ્છેદન કરતા હોય, તો તેનું કારણ તેમાં રહેલા લોભ અથવા કામ હોય છે, તેવું પ્રસિદ્ધ દેખાઈ આવે છે. ૩૨. સત્સંગ કરવાથી જેનું હૃદય જેવું હોય તેવું દર્પણમાં મુખની જેમ અવશ્ય દેખાઈ આવે છે, તેમાં તલભાર પણ ખોટું નથી. ૩૩. સત્સંગ કરતા હોય તેને જે રોકે છે, તેવા ગુરુ તો પેટભરા છે અને તે ગુરુ શિષ્યની સ્ત્રીઓને ભ્રષ્ટ કરનારા છે. ૩૪. તેવા ગુરુના હૃદયમાં જન્મ-મરણનાં દુઃખની ગમ હોતી નથી. તેમજ જમપુરી અને લખચોરાશીનાં દુઃખનું પણ તેને જ્ઞાન હોતું નથી. ૩૫. ધર્મગુરુ થઈને જે જેટલો અધર્મ માર્ગ ચલાવે છે, તે બધાને અંતર્યામી ભગવાન જાણે છે. કારણ કે, તેમાં અંતર્યામીપણાની શક્તિ રહી છે. ૩૬.

✵ ભગવાનને સાથે સ્વીકારે તેના વિકાર જાય :

दोहा : तन में रहे जीव जो जिमि, जीव में रहे तिस रीत;
जीव कर्म जिस रीत केउ, करत रहाये नीत...३७
कर्म तेसे फल देन हित, तत्पर रहेउ तेहु;
जीव जानत हे कोन हि, देखत रहेउ एहु...३८

જેમ દેહમાં જીવ રહ્યો છે, તે રીતે જ જીવમાં ભગવાન રહ્યા છે. જીવ નિત્ય જે રીતનાં કર્મ કરતો હોય છે, તે રીતે તેનાં કર્મનાં ફળ દેવા માટે ભગવાન નિત્ય તત્પર રહ્યા છે. જીવ એમ જાણે છે કે, 'કોઈ મને દેખતા નથી,' પરંતુ ભગવાન તેને અખંડ જોઈ રહ્યા છે. ૩૭-૩૮. સ્ત્રી-પુરુષોને નિયમમાં ચલાવવા માટે ભગવાને પોતે જ સહુ પ્રથમ વેદમાં ધર્મ કહ્યા છે. ૩૯. ચાર વર્ણ અને ચાર આશ્રમના ધર્મો ભગવાને સહુને સુખી કરવા માટે નક્કી કર્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "સહુએ કહેલા આચાર્ય બાબતના વિચારોમાં શ્રીહરિએ સંમતિ કહી" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૩

ધર્મ-નિયમોની વાત કહ્યા પછી મુક્ત મુનિએ સીતારામજીને પસંદ કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હવે હું લખું છું. ૧. જીવને સુખી કરવા માટે ભગવાને પોતે જેની જે યોગ્યતા હોય, તે રીતે વેદમાં ધર્મ-નિયમોને નક્કી કર્યા છે. ૨. સ્વયં વિપ્ર થઈને જ્યારે વિપ્રના ધર્મનો ત્યાગ કરી દે છે, ત્યારે તે વિપ્ર કહેવાતો નથી અને તે જ્યાં જાય છે ત્યાં સુખી રહેતો નથી. તે રીતે જ ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રની પણ રીત રહી છે. આશ્રમની જે બધી રીત છે તે પણ બધી વેદોમાં બતાવી દીધી છે. વિપ્રોને વિપ્રની રીતમાં ચલાવવા માટે કેટલાક ધર્મશાસ્ત્ર રચ્યાં છે. ૩-૫. જે બ્રહ્મચારી, પરમહંસ અને સંન્યાસીઓ છે, તે બધાને પોતપોતાની રીતમાં ચલાવવા માટે ભગવાને સનકાદિકો, શુકજી અને નારદજી જેવા બધા સાધુઓને પોતે પ્રગટ કર્યા છે. જે પોતે પોતાની રીતમાં ચાલે છે તે તેટલું સુખ પામે છે. ૬-૭. જે પોતપોતાની રીતને જેટલી લોપીને વર્તે છે, તે તેટલાં દુઃખને પામે છે; આમ રીતનો લોપ કરવો તે જ તેનાં દુઃખનું કારણ દેખાય છે. ૮.

ધર્મની રીતમાં ચલાવવા માટે આ ભૂમિ ઉપર પરમેશ્વરે રાજાઓ બનાવ્યા છે. જેટલા વર્ણાશ્રમીઓ પોતપોતાના રાજ્યમાં રહીને પોતપોતાની રીતમાં ચાલતા ન હોય, તેને ધર્મની રીતમાં ચલાવવા માટે રાજદંડ કર્યો છે. હિતકારી જન કહે છતાં જે તેમાં ન ચાલે, તે મનુષ્ય નહિ પણ અધર્મી કહેવાય છે. ૯-૧૦. અધર્મી નરનારીઓ તેની અધર્મની રુચિ પરથી બહાર દેખાય આવે છે. અધર્મી અને તેને માનનારા લોકોને જાહેર કરવા માટે રાજા છે. ૧૧. જે રાજાની મર્યાદાનો લોપ કરે છે, તેને રાજા પોતાના દેશથી બહાર કાઢી મૂકે છે. ચાહે તેવા કોઈ ગુરુ હોય, તોપણ તે રાજાને આધીન રહે છે. ૧૨.

જે રાજા અધર્મી માણસ પાસેથી ક્યારેય લાંચ ન લેતો હોય, તો તેની આ દુનિયામાં દિવસે દિવસે વધારે ને વધારે કીર્તિ વધતી રહે છે. ૧૩. જેટલી

કીર્તિ હોય તેટલું સુખ રહે છે અને જેટલી અપકીર્તિ થાય તેટલું દુઃખ થાય છે. જે શુદ્ધ બુદ્ધિવાળો રાજા હોય, તે આ મર્યાદાને જાણે છે અને તેથી જ તેને સુખ રહે છે. ૧૪. રાજા હોય તે રાજાની રીતમાં રહે તો તે સુખ પામે છે. કારણ કે, રીત પ્રમાણે રહેવામાં સુખ રહ્યું છે. ૧૫. રાજા થઈને પણ જો રાજાની રીતમાં ન ચાલે, તો તેની કીર્તિ વધતી નથી. રીતમાં ચાલે ત્યારે જ કીર્તિ વધે છે. ૧૬. ચાર વર્ણ, ચાર આશ્રમ, તેમજ રાજા, દેવતાઓ અને ઋષિઓ વગેરે સહુ જ્યાં સુધી પોતપોતાની રીતમાં ચાલતા રહે છે, ત્યાં સુધી તેની કીર્તિ રહે છે અને તેને ન કહી શકાય તેટલું સુખ રહે છે. કોઈ માણસ સુખ મળવાથી છકી જાય, તો તે મનફાવે તેમ કરવા માંડે છે. ૧૭-૧૮.

✻ સત્સંગની આવશ્યકતા :

મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતો નથી, ત્યાં સુધી તે છક્યા(અભિમાન કર્યા) વિના રહેતો નથી. જેટલી બાબત રીતથી બહાર હોય તેને સત્સંગ તરત જ છેદી નાખે છે. ૧૯. સત્સંગ રીત-મર્યાદાને જ પ્રમાણિત કરે છે. તે માટે જ સત્સંગ મુખ્ય રહ્યો છે. જેના અંતરમાં પાપ ભર્યું હોય તેને રીતમાં ચાલવાનું રુચતું નથી. ૨૦. જેના અંતરમાં ખેદ હોય તેનો સત્સંગ ઉચ્છેદ કરી નાખે છે. **કારણ કે, સત્સંગ તો કલ્પવૃક્ષ જેવો છે. જે મનુષ્ય સત્સંગને જેવો જાણે છે તેને તેવું ફળ મળે છે, આ વાત ચોક્કસ છે.** વળી, જે મોટા મોટા દૈત્યો હતા તે કોઈથી જીતાતા ન હતા, પરંતુ જ્યારે તે દૈત્યોએ આ સત્સંગનો દ્રોહ કર્યો ત્યારે તેનો નાશ થઈ ગયો, ખોળ્યા પણ મળતા નથી. આ સત્સંગ તો અગ્નિ જેવો છે અને તેના દ્રોહી છે તે પતંગિયા જેવા છે. ૨૧-૨૩. જે લોકો જેટલું સત્સંગનું ભૂંડું કરવા ધારે છે, તેટલું તેનું ચોક્કસ ભૂંડું થાય જ છે; પણ તે કોઈના દેખ્યામાં આવતું નથી. સત્સંગીઓની ક્ષમામાં જ અસુરોનો નાશ થાય છે. તે બધું અવિનાશી ભગવાન જાણે છે. કારણ કે, તે મહા સમર્થ છે. ૨૪-૨૫.

✻ શાંતિ રહે તો જ સત્સંગ કર્યો કહેવાય :

दोहा : भगवान सत्संग सम हि, कोउ न रहेउ बात;
खचित एसे जानत यह, दुःख न कबु तेहि आत...२६

सोरठा : जाने में कसर जेति, रखत रहे हरिजन होई;
अंतर हि शांति तेति, रहत नहि देखात रहे...२७
शांति हि जितना रहत, तितना सत्संग भये यह;
शांति तेही कहत, अशांति तितना कसर रहे...२८

એક ભગવાન અને બીજો સત્સંગ, તેના સમાન બીજી કોઈ વાત નથી. તે વાતને જે દૃઢતાથી જાણે છે, તેને ક્યારેય દુઃખ આવતું નથી. ૨૬. જે હરિભક્ત થઈને પણ સમજણમાં જેટલી કસર રાખે છે, તેટલી તેના અંતરમાં શાંતિ રહેતી નથી, તે નજરે દેખાય છે. ૨૭. જેટલી અંતરમાં શાંતિ રહે તેટલો સત્સંગ થયો કહેવાય. કેમ જે, સત્સંગને જ શાંતિ કહેવાય છે. જેટલી અશાંતિ રહે તેટલી સત્સંગમાં કસર રહી છે. ૨૮. ભગવાનની જે રીતની મરજી હોય, તે રીતને નારદજી અને શુકજી વગેરે જાણે છે. પ્રહ્લાદ, પ્રિયવ્રત, જનક, પૃથુ, ભરતજી, ઉદ્ધવજી; એ બધા ભગવાનની મરજીને જાણે છે અને એ પ્રમાણે જે જેટલા નિરંતર વર્તે છે, તેટલી તેમને સુખ-શાંતિ રહે છે. ભગવાનની મરજી અનુસારે જે પ્રેમથી વર્તે છે, તે બધા આચાર્ય, ગુરુ, સંતો અને હરિભક્તોની અપાર કીર્તિ વધતી રહે છે; તેમ સત્સંગ અને સચ્છાસ્ત્ર વારંવાર કહે છે. ૨૯-૩૧. જગતમાં જે આચાર્ય, ગુરુઓ અને સંતો છે તેમાં અને સત્સંગમાં જે આચાર્ય, ગુરુઓ અને સંતો છે તેમાં, રાત-દિવસ જેટલો ફરક છે. ૩૨.

चोपाई :

सत्संगके आचार्य गुरु ताके, संत हरिजन रहाये वाके;
भगवानकी मरजि पर रहे ताना, रात्य दिन तामें सावधाना...३३

સત્સંગના આચાર્ય, ગુરુ, સંતો અને હરિભક્તો છે, તે સહુને ભગવાનની મરજીમાં રહેવાનું જ એક તાન છે. તેઓ રાત-દિવસ ભગવાનની મરજીમાં સાવધાન થઈને રહે છે. ૩૩. તેઓ પોતાની જિંદગીનું ફળ ભગવાનની મરજીમાં રહેવું, એટલું જ માને છે. બીજી બાજુ જગતના જે આચાર્ય, ગુરુ અને સંતો હોય છે, તેમને ખાન, પાન, ધન, સ્ત્રી, મનગમતાં ભવન, હાથી, ઘોડા, મ્યાના, રથ અને ગામ-ગરાસ વગેરેમાં તાન હોય

છે. ૩૪-૩૫. તેઓ જેટલાં વ્યસન હોય તે બધાં કરતા રહે છે, તેમાં કોઈ જાતનો દોષ માનતા નથી. તેઓ પોતે જે રીતે ખુશ થાય તેમ જ કરતા રહે છે. ૩૬. જીવનનો કોઈ નિરધાર નથી, મરવું તે નક્કી છે; છતાં તેઓ ક્યારેય આવો વિચાર કરતા નથી. કારણ કે, તેમાં તેવું અજ્ઞાન ભર્યું છે. ૩૭. **સત્સંગના જે આચાર્ય હોય તેને ધર્મ ઉપર તાન રહે છે. તેથી તેઓ બીજાનાં જીવનમાંથી દારૂ, માંસ, વ્યભિચાર અને ચોરીનો ત્યાગ કરાવે છે.** ૩૮. વળી, તેઓ ભગવાન અને શાસ્ત્રોએ જેમાં દોષ દેખાડ્યો હોય, તેવા આચરણનો ત્યાગ કરવો તેમાં જ અવિચળ સુખ રહ્યું છે, એમ કહે છે. ૩૯. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, 'જે આ સીતારામજી છે તે ધર્મની ગાદીને યોગ્ય છે તેમ મને દેખાય છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ધર્મ નિયમોની વાત કહ્યા પછી મુક્તમુનિએ સીતારામજીને પસંદ કર્યા" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૪

ગઢડા મધ્ય પ્રકરણનું તેતાળીસમું વચનામૃત

❋ સાચા ધર્મવંશીનાં લક્ષણ :

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. **જે ધર્મવંશી હોય તેમણે સત્સંગની રીત-પ્રથા પ્રમાણે જ તત્પર થઈને રહેવું જોઈએ. જે ધર્મવંશી જ્યાં સુધી પ્રગટ સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનો નિષ્કપટ-નિર્દંભપણે દૃઢ નિશ્ચય રાખે, સત્સંગના સંતો, વર્ણી અને હરિભક્તોના ઉપર અલૌકિક બુદ્ધિથી પ્રેમભાવ રાખે તથા સત્સંગના નિયમ-ધર્મની પ્રથામાં રહે ત્યાં સુધી તે સાચા ધર્મવંશી કહેવાય.** ૨-૪. સત્સંગની જે રીતની પ્રથા હોય એમ જ રહે તથા કથા, વાર્તા અને કીર્તન જે રીતે કરવા જોઈએ; તેમ તે બધું જ્યાં સુધી કરતા રહે ત્યાં સુધી જ તે ધર્મવંશી કહેવડાવાને લાયક છે. ૫.

કોઈ ધર્મવંશી જો સત્સંગ અને ભગવાન કરતાં પોતાને અધિકપણે મનાવે, તો તેને માથે મોટું કલંક આવ્યું ગણાય; એમ તે સાચા ધર્મવંશી માને છે. ૬.

જેને સત્સંગની પ્રથાનો વિચાર રહેતો હોય, તે ધર્મવંશી પોતાને સંતો-ભક્તોથી અધિક મનાવવામાં કે કહેવડાવવામાં રતીભાર પણ સુખ દેખતા નથી. જે ધર્મકુળના વ્યક્તિને પ્રથાનો બિલકુલ વિચાર ન રહે તો તેને કોઈ અસાધ્ય રોગ થયો છે; એમ સહુ સંતો-ભક્તોએ જાણવું. ૭. અને જેને તેવો અસાધ્ય રોગ થયો હોય તે ધર્મકુળના વ્યક્તિઓ, સત્સંગની પ્રથા કરતાં અધિક વર્તવાનો ઠરાવ કરે છે અને તે કોઈ મોટા સંતોને પૂછતા પણ નથી. ૮. જે મોટા સંતને પૂછ્યા વિના કામ કરતો હોય, તે ભલે ક્યારેય અન્ન ખાય નહિ તથા હંમેશાં વસ્ત્ર જૂનાં રાખે, જમીન ઉપર બિછાનો રાખે અર્થાત્ પાથર્યા વિના સૂવે-બેસે, રાતે કે દિવસે શરીર લંબાવીને ક્યારેય સૂવે નહિ, દિવસમાં એક જ વાર અને તે પણ નીરસ એવા અન્નનો જ આહાર કરે. તેમજ રાત-દિવસ ધ્યાન કરતો હોય; તોપણ જો તે પોતાનાં મનનું ધાર્યું જ કરતો હોય તો તે સર્વે વૃથા છે.

વળી, તે પગમાં ક્યારેય પગરખાં ન પહેરે તથા ક્યારેય વાહનમાં ન બેસે, આ રીતે પ્રથાથી વિરુદ્ધ ચાલનારા દંભી અને કપટીને ભોળા દિલના સંતો-હરિભક્તો કળી શકતા નથી. તે ભોળા દિલના સંતો-ભક્તો ભગવાનની મરજી જાણતા નથી, તેથી તેવા દંભીમાં અધિક ચોંટી જાય છે. ૯-૧૨. જે ભક્ત ભગવાન કરતાં પણ દંભીમાં અધિક ચોંટી જાય છે, તે જો કોઈ દંભીને દંભી કહે તો તેનો અતિ અપાર દોષ લે છે. એવા દંભીને જે ભગવાન કરતાં પણ અધિક માનતા હોય છે, તેનો ભાવ કેવો હોય ? ૧૩-૧૪.

ત્યારે બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી બોલ્યા, ૧૫. "જેમ કોઈ બાજીગરની માયા કળ્યામાં ન આવે, તેમ દંભીની માયા કળવી કઠણ રહી છે. ૧૬. દંભીનો દંભ છૂપો રહેતો નથી, પણ સત્સંગમાં કોઈકને જ તે દેખાઈ આવે છે." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "સત્સંગમાં જે મોટા દંભીઓ હોય છે, તે તો અમને પણ આવીને

ઠગી જાય છે. છેવટે અમને તો ખબર પડી જાય છે, પણ મોટા સંતોની ઓથે તે ઠગ પોતાનું ગુજરાન કરે છે. ૧૭-૧૮. જેટલા એવા ઠગ હોય છે, તે બધા મોટા સંતોની મરજી અતિશય રાખે છે. આ રીતે સત્સંગમાં તે ગુજરાન કરે છે. ૧૯.

ખરેખર જે સાચા સંતો-હરિભક્તો હોય છે, તે સાચા વર્તનમાં જ અવિનાશી સુખ માને છે. જે સાચા હોય તેનાં મૂળ ઊંડા હોય છે. ૨૦. છેવટે સત્સંગમાં દંભી દેખાયા સિવાય રહેતો નથી. સત્સંગના જેટલા ગ્રંથો છે તે બધા સત્સંગનું જ પ્રતિપાદન કરે છે. ૨૧. કીર્તન અને વાતો પણ એવા હોય છે કે તે સત્યની જ મહત્તા બતાવે છે. તે દંભીનું જેવું આચરણ હોય તેને યથાર્થરૂપમાં બતાવી દે છે. ૨૨. જે સત્સંગમાં દંભ રાખે છે, તેનો જન્મ-મરણ તથા જમપુરીમાં નિવાસ થશે અને પછી તે લખચોરાશીમાં ભ્રમણ કરશે, તેવું દેખાય છે." ૨૩. જ્યારે શ્રીહરિ આટલી વાત કરી રહ્યા, ત્યારે તાવદાનમાં બેઠા. કહાર તાવદાનમાં શ્રીહરિને બેસારીને ચાલ્યા, તે ગઢપુર ગામમાં આવ્યા. ૨૪. દાદા ખાચરના દરબારમાં આવ્યા ત્યારે સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ તે કહારોને સારી મોજ આપી. ૨૫.

☀ ગઢડા મધ્ય પ્રકરણનું તેતાળીસમું વચનામૃત :

(સં.૧૮૮૦ના) પોષ સુદિ ચોથને દિવસ ભક્તજનોના સુખકંદ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં અયોધ્યાવાસીને ઘેર ગાદી તકિયા ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને પ્રેમાનંદ સ્વામી દોકડ તથા સરોદ લઈને કીર્તન ગાતા હતા અને બધે આનંદ આનંદ છવાઈ રહ્યો હતો.

☀ બ્રહ્મરૂપ થઈ પ્રભુમાં પ્રીતિ કરવી :

પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા જે, "લ્યો, પ્રશ્ન ઉત્તર કરીએ." એમ કહીને પછી પોતે જ પ્રશ્ન પૂછ્યો કે, "જે ભગવાનનો ભક્ત ગુણાતીત હોય ને કેવળ સત્તારૂપે વર્તતો હોય, તેથી તેને વિષે પરમ

અનુપમ મહાન વૈરાગ્યરૂપ સત્ત્વગુણ, વિષયમાં પ્રીતિરૂપ જે રજોગુણ અને મૂઢપણારૂપ જે તમોગુણ કહેવાય છે; તે ત્રણ ગુણનો ભાવ તો તેમાં ક્યારેય હોય નહિ. ૨૬-૩૩. અને તે કેવળ ઉત્થાન રહિત શૂન્યસમતા ધરી રહે ને તેને સુષુપ્તિના જેવી અવસ્થા વર્તતી હોય, એવી રીતે સત્તારૂપે રહ્યો જે નિર્ગુણ ભક્ત તેને ભગવાનને વિષે પ્રીતિ હોય કે ન હોય ? એ પ્રશ્ન છે. તમે તેનો વિચાર કરીને ઉત્તર કરો."

ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા, **"જે સત્તારૂપે વર્તે તેને પણ ભગવાનને વિષે પ્રીતિ તો હોય, તેમ અમને શુકદેવજીને જોઈને દેખાય છે.** હવે જેમ હોય તેમ આપ કહો." ૩૪-૩૭. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "જે સત્તારૂપ રહ્યો છે તે ભક્તને ભગવાનને વિષે પ્રીતિ છે, તે આત્માને વિષે સજાતીય છે કે વિજાતીય છે ?" પછી મુક્તાનંદ સ્વામી જેવું સમજતા હતા તેવું બોલ્યા, "તે પ્રીતિ તો આત્માને સજાતીય છે." પછી શ્રીજીમહારાજ તરત બોલ્યા કે, **"મધ્વાચાર્ય, નિંબાર્ક અને વલ્લભાચાર્ય તેમણે આત્મારૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. માટે ગુણાતીત થઈને ભગવાનને વિષે જે પ્રીતિ કરે છે તે જ બ્રહ્મસ્વરૂપ છે, એમ મોટા મોટા બધા આચાર્યનો સિદ્ધાંત છે તે મેં કહ્યો."** ૩૮-૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું તેતાલીસમું વચનામૃત કહ્યું" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૫

ગઢડા મધ્ય પ્રકરણનું ચુંમાળીસમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) પોષ સુદિ અષ્ટમીને દિવસ ભક્તજનોને માટે સુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢપુર મધ્યે

દાદા ખાચરના દરબારમાં ઉગમણે બારના ઓરડાની ઓસરીએ આવીને પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨-૫.

✵ દૈવી તથા આસુરી જીવનાં લક્ષણ :

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, "જ્યારે કોઈક હરિભક્તનો અવગુણ આવે, ત્યારે અગાઉ જેટલા દોષ સૂઝતા હોય તેટલા ને તેટલા જ સૂઝે છે કે કાંઈ વધારે સૂઝે છે ? જેમ તમને દેખાય તેમ ઉત્તર કરો." ૬-૭. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા કે, "અટકળે તો એમ જણાય છે કે અગાઉ જેટલા દોષ સૂઝતા હતા, તેટલા ને તેટલા જ સૂઝે છે." ૮. પછી શ્રીજીમહારાજ તે મુનિના પ્રત્યે બોલ્યા કે, "આ વાતમાં તમારી નજર પડી નહિ, તે વિચારીને જુઓ. ૯. એટલા ને એટલા જ અવગુણ સૂઝતા હોય તો અવગુણ આવ્યો કેમ કહેવાય ? તે તમે તમારા મનમાં જુઓ. **માટે ભૂંડા દેશ, કાળ, ક્રિયા અને સંગ આદિકને યોગે કરીને બુદ્ધિ પલટાઈને બીજી જ રીતની થઈ જાય છે.** ૧૦-૧૧. તેણે કરીને અંતરમાં અવગુણ અધિક સૂઝે છે. તે વખતે એમ જાણવું કે, 'બુદ્ધિને વિષે ભૂંડા દેશ-કાળ આદિકનું દૂષણ લાગ્યું છે.'

दोहा : पुरुष ताके संग जोउ, होवत हि रहे जेह;
अथवा भगवान तिनके, दर्शन होवहि तेह...१४

सोरठा : तिनकु पोताकेहि, अवगुण जो भासत रहे;
पण दुजे केहि तेहि, हरिभक्त तिन के जो तेउ...१५
अवगुण भासत नहीं, जिनके लक्षण इस विध हि;
निष्कपट होवही, दैवी जीव रहाये यह...१६

અને અમે તો એમ જાણીએ છીએ કે, જેને પૂર્વે મોટા પુરુષનો સંગ થયો હશે અથવા ભગવાનનાં દર્શન થયાં હશે, તેને તો પોતાના જ અવગુણ ભાસે છે; પણ બીજા કોઈ હરિભક્તના અવગુણ ભાસે જ નહિ. અને જેમાં આ રીતનાં નિષ્કપટ લક્ષણ હોય તેને દૈવી જીવ જાણવો. ૧૨-૧૬. અને જે

આસુરી જીવ હોય તેને તો પોતામાં એકેય અવગુણ ક્યારેય ભાસે નહિ અને બીજા જે હરિભક્ત હોય તેમાં જ કેવળ અવગુણ ભાસે; એવી જેની બુદ્ધિ હોય તેને નિશ્ચિતરૂપમાં આસુરી જીવ જાણવો. ૧૭-૧૮. અને તે આસુરી જીવ સત્સંગીઓમાં રહ્યો હોય અથવા સંતના મંડળમાં રહ્યો હોય, તોપણ જેવા કાલનેમિ, રાવણ અને રાહુ હતા તેના જેવો રહે; પણ તેને સંતનો સંગ લાગે નહિ. **માટે જે પાકા હરિભક્ત હોય તેને પોતાના જ અવગુણ સૂઝે છે, પણ બીજા હરિભક્તના દોષને તે દેખે નહિ.** ઉદ્ધવજી, સીતાજી અને અંબરીષ તે ચોક્કસ એવી રીતના ભક્ત હતા." ૧૯-૨૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચુંમાળીસમું વચનામૃત કહ્યું" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૬

ગઢડા મધ્ય પ્રકરણનું પિસ્તાળીશમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) પોષ વદિ પડવાને દિવસ ભક્તજનોને માટે સુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૨-૫.

પછી શ્રીજીમહારાજ પોતાના મનમાં જેવો વિચાર આવ્યો તેવું બોલ્યા કે, "તમે સર્વે મુનિમંડળ તથા બ્રહ્મચારી તથા ગૃહસ્થ સત્સંગી તથા પાળા તથા અયોધ્યાવાસી, તે તમે સહુ મારા કહેવાઓ છો. તે જો હું ખટકો રાખીને તમને ન વર્તાવું અને તમારામાં કાંઈક ગાફલાઈ રહે તે અમારાથી દેખી શકાય નહિ. માટે જેટલા મારા કહેવાઓ છો, તેમાં મારે તલભાર પણ

લગારેય કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન વર્તજો, જો લગાર પણ ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ, એ વાત સત્ય છે. આવો યોગ ફરી ફરીને આવતો નથી. મારે તો તમે જે ભગવાનના ભક્ત છો તેના હૃદયમાં કોઈ જાતની વાસના તથા કોઈ જાતનો અયોગ્ય સ્વભાવ હોય રહેવા દેવો નથી. અર્થાત્ તેનો નાશ કરવો છે. કારણ કે, જે યોગ્ય ન હોય તેના ઉપર અમને ખેદ રહે છે. ૯-૧૧.

અને માયાના ત્રણ ગુણ, દસ ઇન્દ્રિયો, દસ પ્રાણ, ચાર અંતઃકરણ, પંચભૂત અને પંચવિષય તેમજ ચૌદ ઇન્દ્રિયોના ચૌદ દેવતા, આમાંથી કોઈનો સંગ રહેવા દેવો નથી. ૧૨-૧૩. **અને એ સર્વ માયિક ઉપાધિથી રહિત સત્તામાત્ર એવો જે શુદ્ધ આત્મા તે રૂપે થઈને ભગવાનની ભક્તિ કરો એવા હવે તમને સર્વેને કરવા છે, પણ કોઈ જાતનો માયાનો ગુણ લગાર પણ રહેવા દેવો નથી.** માટે તે બાબતનો નિત્ય આદર રાખવો. ૧૪-૧૬.

✵ અભ્યાસમાં આદર કરે તેની વાસના મરે :

चोपाई :

आदर करे बिन जो जो बाता, सिद्ध कबहु नहि होत रहाता;
कोटि कल्प लग आदर बिनही, सिद्ध नहि होवत हे किनही...१७
आदर अभ्यास विन हि केऊ, सिद्ध न होवत रहेउ तेऊ;
अरु यह जन्म तामहीं जेहू, कसर जेति रहायेउ तेहू...१८
बदरिकाश्रम तामहीं जेही, जाईके तप करीके तेही;
समग्र वासना बाली करही, भस्म करनी हे जेति रहही...१९

આદર કર્યા સિવાય કોઈ વાત ક્યારેય સિદ્ધ થતી નથી. કરોડો કલ્પ વીતી જાય, તોપણ આદર કર્યા સિવાય કોઈપણ વાત સિદ્ધ થતી નથી. ૧૭. આદર અને અભ્યાસ વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. અને આ જન્મમાં જે કાંઈ કસર રહેશે તો બદરિકાશ્રમમાં જઈ તપ કરીને સમગ્ર વાસનાને બાળીને ભસ્મ કરવી છે. ૧૮-૧૯. એમ કરતાં પણ જો કાંઈ કસર રહી જાય તો શ્વેતદ્વીપમાં જઈને નિરન્નમુક્તોની સાથે તપ કરીને સમગ્ર વાસના બાળીને જરૂર ભસ્મ કરી દેવી છે, તેમાં કાંઈ અસત્ય નથી; પણ ભગવાન

વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ રહે એવું ચોક્કસ રહેવા દેવું નથી. માટે સર્વ હરિભક્તો તથા સર્વે મુનિ મંડળ રાત-દિવસ સાવધાન રહેજો." આટલી વાત કહીને કૃપાળુ શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા અને ત્યાં આરામ કર્યો.

❋ રાજીપાની ગરિમા :

પછી તે જ દિવસ સાયંકાળે ફરીવાર સભા કરીને પ્રેમથી તેમાં વિરાજમાન થયા. ૨૦-૨૪. તે વખતે પ્રભુ ઓરડાની ઓસરી ઉપર જે પલંગ હતો ત્યાં બેઠા હતા. આરતી તથા ધૂન કર્યા પછી શ્રીજીમહારાજ બોલ્યા તે કહું છું જે, "ગીતામાં કહ્યું છે : જીવ સાત્ત્વિક કર્મ કરીને દેવલોકમાં જાય છે. ૨૫-૨૬. રાજસ કર્મ કરીને મધ્યલોકની પ્રાપ્તિ થાય છે તથા તામસ કર્મ કરે તેની અધોગતિ થાય છે. પણ તેમાં કદાચ કોઈ એમ આશંકા કરે કે, 'રાજસ કર્મ કરીને જો મનુષ્યલોકની પ્રાપ્તિ થતી હોય તો બધા જ મનુષ્યને સુખ-દુઃખ એક સમાન હોવા જોઈએ.' ૨૭-૨૯. તો એનો ઉત્તર એમ છે કે, એક રજોગુણ છે તેના દેશકાળાદિકના યોગે કરીને અનંત પ્રકારના ભેદ થાય છે. માટે તે રાજસ કર્મનો એક સરખો નિરધાર રહેતો નથી, તેના તો ઘણા પ્રકાર છે. ૩૦-૩૧. તે જેવો દેશ, કાળ, સંગ અને ક્રિયાનો યોગ થાય તેવાં કર્મ થતાં રહે છે. **તેમાં પણ જે ભગવાનના સંત-ભક્ત તથા ભગવાનના અવતાર છે, તેમનો ઘણો કુરાજીપો થાય એવાં કાંઈ કર્મ જો થઈ જાય તો તે આને આ દેહે અત્યંત દુઃખને પામે છે.** ૩૨-૩૩. તેવા અયોગ્યમાર્ગે ચાલનારા તો મૃત્યુલોકમાં જ જમપુરીનાં જેવું અપાર દુઃખ ભોગવે છે.

અને ભગવાન તથા ભગવાનના સંતો-ભક્તો રાજી થાય એવું જો કર્મ કરે, તો આ ને આ દેહે પરમપદ પામ્યા જેવાં અપરિમિત સુખને ભોગવે છે. અને ભગવાન તથા ભગવાનના સંતને અતિશય કુરાજી કરે, તો તેણે ચાહે તેવું સ્વર્ગમાં જાય તેવું કર્મ કર્યું હોય તોપણ તેનો નાશ થઈ જાય છે અને તેને નરકમાં પડવું પડે છે. અને ભગવાન તથા ભગવાનના સંત પ્રસન્ન થાય એવું કર્મ કર્યું હોય, તો તેને નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય છે અને તે પરમપદને પામે છે. પછી તેને કોઈ દુઃખનો ડર રહેતો નથી. ૩૪-૪૦.

❋ સંતને રાજી કરે તે સુખિયા થાય છે :

માટે જે સમજુ હોય તેણે તો ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ નિષ્કપટ થઈને વર્તવું. અને પોતાના સંબંધી જે માણસો હોય તેમને પણ એવો ઉપદેશ કરવો જે, ભગવાન અને ભગવાનના સંતો જે પ્રકારે આપણા ઉપર પ્રસન્ન રહે ને કૃપા કરે અને જે ભાવ હોય તે નાશ ન પામે તેમ જ આપણે તપાસ કરીને વર્તવું. ૪૧-૪૩. અને ભગવાન તથા ભગવાનના સંતને અગ્નિએ જ્યારે રાજી કર્યા હશે ત્યારે તે અગ્નિને એવો પ્રકાશ પ્રાપ્ત થયો છે. અને સૂર્ય તથા ચંદ્ર આદિ જે પ્રકાશમાન રહ્યા છે, તેમણે પણ ભગવાન તથા ભગવાનના સંતોને શુભ કર્મે કરીને પ્રસન્ન કર્યા હશે ત્યારે તે આવા પ્રકાશને પામ્યા છે; એમ જેને બુદ્ધિ હોય તેને દેખાય છે.

चोपाई :

अरु देवलोक मर्त्यलोक जेही, ताके विषे जे जे हि तेही...४७
सुखिये रहे देखावत जेते, तेही सब भगवान कु तेते;
वा भगवान के संत जाही, तिनकु प्रसन्न करत रहे ताही...४८

दोहा : तेहि प्रताप करिके जो, सुखी होवत हि रहात;
माटे जेहि पोता केहि, आत्मा के साक्षात...४९
श्रेय होवन इच्छत रहे, ताकु सदग्रंथ जेहि;
ताके विषे कहे जो, सद्धर्म हि जो तेहि...५०

सोरठा : ताके विषे जो रहि, भगवान भगवानहु के;
संत प्रसन्न रहहि, एहि ज उपाय तिनहु कु...५१
करना भाव सहीत, भाव तेसे फलिभूत हि;
होवत हि जो खचीत, एसे करेउ बात हि हरि...५२

અને દેવલોક તથા મૃત્યુલોકને વિષે જે જે સુખિયા દેખાય છે, તે બધા ભગવાન અથવા ભગવાનના સંતને રાજી કર્યા હશે તેને પ્રતાપે કરીને જ સુખી છે. માટે જે સાક્ષાત્ પોતાના આત્માનું કલ્યાણ ઈચ્છતા હોય, તેમણે તો સદ્ગ્રંથને વિષે કહેલા સદ્ધર્મ તેને વિષે રહીને ભગવાન તથા

ભગવાનના સંત રાજી થાય, એવો જ ઉપાય ભાવે સહિત કરવો. કારણ કે, જેવો ભાવ હોય તેવું ફળ મળે છે, એ વાત નિશ્ચિત છે." આમ શ્રીહરિએ વાત કહી. ૪૪-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પિસ્તાળીસમું વચનામૃત કહ્યું" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૭

ગઢડા મધ્ય પ્રકરણનું છેતાળીસમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) પોષ વદિ એકાદશીને દિવસ સર્વ ભક્તજનોને માટે વંદ્ય એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને વિરાજમાન થયા હતા. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પીળી છીંટની રજાઈ ઓઢી હતી. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી અને ઝાંઝ તથા મૃદંગ લઈને સંતો કીર્તન ગાતા હતા. ૫-૬.

પછી જ્યારે સંતો કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ સંસારને વિષે જે સત્પુરુષ હોય છે, ૭. તેને તો કોઈક જીવને લૌકિક પદાર્થની હાણ-વૃદ્ધિ થતી હોય તે દેખીને તેની કોરનો મનમાં હર્ષ શોક થાય નહિ. અને જ્યારે કોઈકનું મન ભગવાનના માર્ગમાંથી પાછું પડે ત્યારે તેમનાં અંતરમાં શોક થાય છે. કેમ જે, થોડો કાળ જીવવું અને તેનો પરલોક બગડશે, માટે એને મોટી હાણ થાય છે; એમ સત્પુરુષનાં મનમાં વિચાર થાય છે. અને ભગવાનના જે અપાર અવતારો આ ભૂમિ ઉપર થાય છે તે ધર્મના સ્થાપન માટે થાય છે. તે કેવળ વર્ણાશ્રમના ધર્મ સ્થાપન કરવા માટે

જ નથી થતા. કેમ જે, વર્ણાશ્રમના ધર્મ તો સપ્તર્ષિ આદિક જે પ્રવૃત્તિધર્મના આચાર્ય છે તે પણ સ્થાપન કરે છે. માટે તે સારુ જ ભગવાનના અવતાર થતા નથી. ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ હોય છે તેને પ્રવર્તાવવા માટે યુગ યુગ પ્રત્યે થાય છે. ૮-૧૬.

✻ અભાવ આવે તે એકાંતિક ધર્મમાંથી પડે :

चोपाई :

अरु पुनि जो एकांतिक जेहा, भक्त रहाये तिनकु तेहा;
देहे करिके मरना जेहू, एहि मरना नहि हे जो तेहू...१७
इनकु एकांतिक के जेही, धर्म में सु पडी जावे तेही;
एहि ज मरण रहाये ताही, तेहि बात अब कहत रहाही...१८
तेहि जब भगवान जो ताके, वा भगवान के संत वाके;
हियामें अवगुण आवे जबही, एकांतिक के धर्म सु तबही...१९
पडे जानना निश्चय तिनही, बात कर देखावत इनही

અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું તે તેનું મરણ નથી. ૧૭. તેને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. તે વાત હવે કહીએ છીએ. ૧૮. તે જ્યારે ભગવાન અથવા ભગવાનના સંતનો હૈયામાં અવગુણ આવે ત્યારે તે ભક્ત એકાંતિકના ધર્મમાંથી પડ્યો, તેમ નિશ્ચિત જાણવું. તે વાત કહીને દેખાડીએ છીએ. તે જો ક્રોધે કરીને પડ્યો હોય તો તેને ચોક્કસ સર્પનો દેહ આવ્યો, તેમ જાણવું. અર્થાત્ જ્યાં સુધી મૂર્તિમાન ક્રોધ તેમાં નિવાસ કરીને રહ્યો હોય, ત્યાં સુધી તે સર્પની યોનિને પામ્યો છે તેમ જાણવું, આવી આ વાત છે. અને જે મનુષ્ય કામે કરીને પડ્યો હોય તો તેને તેટલો વખત યક્ષ કે રાક્ષસનો અવતાર આવ્યો જાણવો. માટે જે એકાંતિકના ધર્મમાંથી પડીને એવા દેહને પામ્યો હોય અને તે જો મહાન ધર્મેયુક્ત હોય અથવા તપસ્વી હોય તો તે ધર્મે કરીને તથા તપે કરીને ક્યારેક દેવલોકમાં જાય, પણ જેણે ભગવાન તથા ભગવાનના સંતનો અભાવ લીધો હોય તે તો કોઈ દિવસ ભગવાનના ધામને પામતો જ નથી. ૧૯-૨૬.

અને વળી જે પંચમહાપાપે યુક્ત હોય, તેને જો ભગવાનનો તથા ભગવાનના સંતનો અવગુણ ન આવ્યો હોય તો તેનાં પાપનો નાશ થઈ જાય છે. અને તેનો ભગવાનના ધામમાં નિવાસ થાય છે. ૨૭-૨૮. **માટે પંચમહાપાપથી પણ ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ લેવો તે સૌથી મોટું પાપ છે."** ૨૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું છેતાળીસમું વચનામૃત કહ્યું" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ ગઢપુરમાં વસંતપંચમીનો રંગોત્સવ કર્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ની) વસંતપંચમીને દિવસ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં વિવિધ પ્રકારના રંગ બનાવ્યા અને તેનાં અપાર પાત્રો ભરી રાખ્યાં. ૨. અને વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં વસંત વધાવવાને માટે કળશ સ્થાપન કર્યો. ૩. વસંતનો બધો સાજ એ કળશમાં મૂક્યો. તે વખતે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામી વગેરે સંતો ઝાંઝ તથા મૃદંગ લઈને વસંત વધાઈનાં પદ ગાવા લાગ્યા. ૪-૫. તે વખતે શ્રીહરિ ત્યાં આવીને બેઠા. અંગ ઉપર બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં.

જ્યારે વસંતનું પૂજન થઈ રહ્યું ત્યારે તે દેખીને શ્રીહરિએ બધા રંગને વાસુદેવ ભગવાનની પ્રસાદીરૂપ કરાવ્યો. ત્યાર પછી શ્રીહરિ તે રંગ ઉડાડવા લાગ્યા. ૬-૭. શ્રીહરિએ નંદરામજી તથા ગોપાળજીને રંગમાં રસબસ કરી દીધા. તે બંને ભાઈઓએ પણ શ્રીહરિને રંગમાં ખૂબ રસબસ કરી દીધા. ૮. મંછારામ તથા સુફળને પણ શ્રીહરિએ રંગમાં રસબસ કરી

દીધા અને તેમણે પણ ઘણા હેતથી શ્રીહરિને રંગમાં રસબસ કરી દીધા. ૯. શ્રીહરિએ સહુ સંતો અને હરિભક્તોને રંગથી રસબસ કરી દીધા. તેની અદ્‌ભુત શોભા થઈ હતી, જે કહી શકાતી નથી. ૧૦. શ્રીહરિએ ઘણીવાર સુધી રંગ ઉડાડ્યો અને તેનાથી સંતો-હરિભક્તોને ખૂબ આનંદ આપ્યો. તે સમયે સુવાસિનીબાઈ તથા વરિયાળીબાઈએ શ્રીહરિને પોતાને ઘેર બોલાવ્યા. ૧૧. તેમણે ઘણા પ્રેમભાવથી શ્રીહરિ ઉપર રંગ નાખ્યો. તેમને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું. **શ્રીહરિ તો જેવા પ્રેમના લોભી છે તેવા બીજા કોઈના લોભી નથી.** ૧૨. કોઈ પણ ભક્તના હૃદયમાં જેટલું અલૌકિક હેત હોય, તે હેતને શ્રીહરિ ગ્રહણ કરે છે. અલૌકિક હેત વિના બીજું ચાહે તેવું હેત હોય તોપણ તેને શ્રીહરિ ગ્રહણ કરતા નહિ, આવા શ્રીહરિ હતા. ૧૩-૧૪. જે અભક્ત હોય તે શ્રીહરિની આવી રીત જાણતા નથી, તેણે કરીને તે બધા અપાર દુઃખ સહન કરે છે. ૧૫.

❋ જે અલૌકિક વાતને જાણે તે અલૌકિક સુખ માણે :

શ્રીહરિની સર્વે બાબતને જે જેટલી અલૌકિક જાણે તે તેટલા ભક્ત કહેવાય છે અને તેને જે લૌકિક જાણે છે તે લૌકિક કહેવાય છે. ૧૬. જે ભક્ત જેવા હોય તે તેવા લખાય છે અને તેમની જેવી સમજણ હોય તેવા તે કહેવાય છે. સત્સંગની જેટલી રીત છે તે બધી તો પરમ પવિત્ર અને અલૌકિક છે. ૧૭.

चोपाई :

अलोकिक रीत जानत जितना, ग्रंथ जिते ब्रह्मांड में तितना;
वेद सहित तेहि पढ रहाये, अलोकिक समझ हि ताकु पाये...१८
जो जो साधन कहावत जेते, अलोकिक समझ तामें तेते
आवत रहे निश्चय रहे ताई, यामें नहीं मिथ्या रहाई...१९
ब्रह्मांड में रहे ग्रंथ जेता, ताकु पढत रहे सब तेता;
ब्रह्मांड में पंडित हि ताकू, जित लिनेउ सब हि तेहि वाकू...२०

જે ભક્તો આ અલૌકિક રીતને જાણે છે, તે બ્રહ્માંડમાં વેદોએ સહિત જેટલા ગ્રંથો છે, તે બધાને ભણી ચૂક્યા છે અને તે જ અલૌકિક સમજણને

પામ્યા કહેવાય. ૧૮. જે જે સાધનો કહેવાય છે તે બધાં અલૌકિક સમજણમાં આવી જાય છે. તે નિશ્ચિત વાત છે, તેમાં કાંઈ મિથ્યા નથી. ૧૯. આ બ્રહ્માંડમાં જેટલા ગ્રંથો છે તે તમામને ભણી ચૂકેલા જેટલા પંડિતો છે, તે બધાને અલૌકિક સમજણવાળાએ જીતી લીધા છે. એવો અલૌકિક સમજણનો મહિમા છે. ૨૦. લોકો બીજી બધી બાબતમાં ઘણા ચતુર હોય છે, પણ તે ભગવાનને ભજતા નથી અને જેનાથી પરલોક સુધરે છે તેવે માર્ગે ચાલતા પણ નથી. ૨૧. જ્યાં સુધી મનુષ્ય ભગવાનને શરણે નથી થતો ત્યાં સુધી તે ગમે તેવો પંડિત હોય, તોપણ લખચોરાશીમાં ભટકતો રહે છે. ૨૨.

જ્યાં સુધી જીવ ભગવાનનું શરણું લેતો નથી ત્યાં સુધી તેને ભગવાનનો ચોર જાણીને કોઈ સહાય કરતું નથી. ૨૩. મનુષ્યદેહને ધારણ કરીને પણ ભગવાનનું શરણું જ્યાં સુધી નથી લેતા, ત્યાં સુધી તે બધાં નરનારીઓ ભગવાનનાં ચોર થઈને રહ્યાં છે. તે અપરાધને લીધે તેઓ લખચોરાશીમાં ભટકતાં રહે છે. ૨૪-૨૫.

✲ ભજનની મહત્તા :

'ભગવાનનું ભજન ન કરવું,' એ જ જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખનું બીજ છે. ૨૬. જે જીવ દુઃખમાં પણ સુખ માનતા રહે છે તે જીવ તો વારંવાર જન્મ-મરણ થાય તેવી જ બાબતો કરતા રહે છે, તેમાં કોઈ ફેર નથી. ૨૭. **જે લોકો ભગવાનનું ભજન કરે છે, તે સંસાર સાગરનાં દુઃખને સહેજે જ તરી જાય છે. ભજન વિના સંસાર સાગરને તરવાનો બીજો કોઈ ઉપાય નથી.** ૨૮. મનુષ્યદેહને પામીને જે સત્સંગને માર્ગે ચાલે છે, તે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારને નઠારા સમજીને તેનો ત્યાગ કરે છે. ૨૯. વળી, જેટલી અભક્ષ્ય વસ્તુઓ કહેવાતી હોય તે બધાને જોઈને તેનો ત્યાગ કરે છે. અઢાર પ્રકારનાં વ્યસનોને સમજીને ત્યજી દે છે અને ભાંડ, ભવાઈ, નટ અને જાદુગરના ખેલને ક્યારેય દેખતા નથી. આ રીતે જે નિયમમાં રહે છે તેણે જ પોતાના મનુષ્યદેહને સુફળ કર્યો છે અને તેની મોટાઈ કહી શકાતી નથી. ૩૦-૩૧.

જે ભગવાન અને સત્સંગમાં પોતાના ચિત્તને જેટલું લગાવે છે, શાસ્ત્રો તેને તેટલો મનુષ્ય કહે છે અને તે ઘણો ભાગ્યશાળી કહેવાય છે. ૩૨. તેવા ભાગ્યશાળીના ભાગ્યનું વર્ણન કરોડો કલ્પ સુધી કરે તોપણ પૂરું થતું નથી. જે ભગવાનનું ભજન નથી કરતા તથા સત્સંગ નથી કરતા, તે કરોડોનું ધન ભેળું કરનારા ધનવાન હોય તોપણ તે જ્યારે મરે છે ત્યારે તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી. જે ભગવાનનું ભજન નથી કરતા તે ભૂત કે સર્પ થાય છે. ૩૩-૩૪.

चोपाई :

इमि जानीके विवेकी जेते, भगवान ताकु भजत तेते;
सार में सार मानत इतना, भगवान ताकु भजना तितना...३५
भगवान उपरि प्रीति हि जेसी, रखत रहे भक्तजन हि तेसी;
भगवान भक्तजन पर तीमी, प्रीति रखत रहाये यह ईमी...३६

दोहा : भगवान कु जेति बात हि, अजान नहीं रहाय;
इमि जानी भक्त जन जेहि, भगवान में मन ताय...३७
रखत रहे तैलधार हि, बडता देखहि ताहि;
बडता जानत जितना हि, मन तितना जो वाहि...३८

सोरठा : भगवान महीं जोउ, चोटत रहे सहज करही;
चोटन की रीत्य सोउ, देखाये जिस विध रहे...३९

આવી સમજણ રાખીને જેટલા વિવેકી મનુષ્યો છે, તે ભગવાનનું ભજન કરે છે અને ભગવાનનું ભજન કરવું તેને જ સારમાં સાર માને છે. ૩૫. જે ભક્તજન ભગવાન ઉપર જેવો પ્રેમ રાખે છે, તેવો ને તેવો પ્રેમ ભગવાન પણ તે ભક્ત ઉપર રાખે છે. ૩૬. આવી જે કાંઈ પણ બાબતો છે તે ભગવાનથી જરાય અજાણી રહેતી નથી. આવું સમજીને ભક્તજન પોતાના મનને તેલની ધારાની જેમ અખંડ ભગવાનમાં રાખે છે. ભગવાનને ભજવાના મહત્ત્વને જે જેટલું સમજતા હોય છે, તેનું મન તેટલું ભગવાનમાં સહેજે ચોંટે છે. આમ ભગવાનના સ્વરૂપમાં ચોંટવાની રીત જેમ છે તેમ રીત જણાવી દીધી. ૩૭-૩૯. ભગવાન, ભગવાનનું ધામ અને ભગવાનના

ભક્તો સિવાય બીજું કાંઈ જ ન દેખાય; તે સર્વ સાધનની અવધિ છે.(કેમ જે, તેવા ભક્તને ભગવાન, ભગવાનનું ધામ અને ભગવાનના ભક્ત જ પોતાના મનાય છે. માટે તે સર્વ સાધનની અવધિ છે.) ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં વસંતપંચમીનો રંગોત્સવ કર્યો" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૫૯

શ્રીહરિએ સહુને પૂછી, સમજી વિચારીને સીતારામજીને ગાદીએ બેસાડ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હવે હું લખું છું. ૧. દિવસ એક પહોર ચઢ્યો ત્યાં સુધી શ્રીહરિએ ઘણા ભાવથી રંગ ઉડાડ્યો અને તે સમયે વાજિંત્રો વાગતાં રહ્યાં હતાં. ૨. રંગ ઉડાડી રહ્યા પછી શ્રીહરિ ઉન્મત્ત ગંગા નદીમાં જઈને સ્વયં નાહ્યા અને સર્વે સંતો-હરિભક્તો પણ નાહ્યા. ૩. સ્નાન કર્યા બાદ શ્રીહરિ વાજિંત્રોના નાદ સાથે વાજતે-ગાજતે પાછા ગામમાં આવ્યા. મુક્તાનંદ સ્વામી કહે છે : હે દાદા ખાચર ! તે વખતે સહુ તમારા દરબાર ગઢમાં આવ્યા. ત્યાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીમાં પલંગ ઉપર આવીને શ્રીહરિ બેઠા. તે સમયે અમે પણ બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે ત્યાં આવીને બેઠા. ૪-૫.

ત્યારે સદ્ગુરુ રામાનંદ સ્વામી મારા અંતઃકરણમાં આવીને એવી પ્રેરણા કરતા હતા કે, 'શ્રીહરિના કુટુંબી આ ધર્મવંશીઓ છે, તેમાં જેને સત્સંગ ઉપર અધિક ભાવ હોય તેને જોઈ વિચારીને તેમાંથી કોઈ એકને સત્સંગની ગાદી ઉપર હરખભેર બેસાડવા.' બરાબર તે સમયે શ્રીહરિ બોલ્યા કે, "હવે જેમ તમે સહુ કહો તેમ અમે કરીએ. ૬-૭. તમારી સહુની જેવી

રુચિ હોય તે મને ગમે છે. જેને ભગવાન અને ધર્મ ઉપર ભાવ હોય તેવા અમને સારા લાગે છે. ૮. એવા કોઈને જોઈને તમે કહો તો અમે તેમને ગાદી ઉપર બેસાડીએ. સત્સંગની જેવી રીત છે તેમાં જ જેને સર્વોપરિ પ્રીત હોય, ગામ-ગરાસ તથા ધન કરતાં પણ સત્સંગના ગ્રંથો ઉપર જેને રાત-દિવસ વધારે પ્રેમ રહેતો હોય, જેમાં ભગવાન અને ધર્મની મોટાઈ કહી હોય તેવા કથા-કીર્તનમાં જેવું તાન વર્તતું હોય તેવું બીજે ક્યાંય જેનું તાન ન દેખ્યામાં આવતું હોય; તે અમારી ગાદીને યોગ્ય છે. માટે તેવી કોઈ યોગ્ય વ્યક્તિને જોઈને અમારી ગાદી ઉપર બેસાડવી છે. અમારા ભાઈ ઈચ્છારામજીમાં અપાર સાધુતાના ગુણ રહ્યા છે. ૯-૧૨. અમે જે રીતે કરીએ તેમાં તેને અમારો વિશ્વાસ રહ્યો છે અને એવા જ છલકપટ રહિત એના પુત્રો પણ છે. ૧૩.

અમારા મોટાભાઈ રામપ્રતાપજી છે તેમને અમારી વાતમાં વિશ્વાસ રહેતો નથી. ૧૪. રામપ્રતાપજીભાઈના પુત્ર નંદરામજી છે, તેમાં તેમની માતાના જેવા સાધુતાના શુભ ગુણ રહ્યા છે. ૧૫. ઠાકોરરામ તથા અયોધ્યાપ્રસાદ, આ બંને તો પોતાના સ્વાર્થમાં તત્પર રહ્યા કરે છે. ૧૬. નંદરામે સહિત તે ત્રણેય ભાઈ રામપ્રતાપભાઈની મરજી પ્રમાણે હંમેશાં રહે છે. ૧૭. ઈચ્છારામભાઈનો બધો પરિવાર છે તે અમે જેમ કહીએ તેમ કરવામાં સુખ માને છે.” ૧૮. પછી શ્રીહરિએ સુવાસિનીબાઈ તથા તેના પુત્ર નંદરામજી, તે બંનેની પાસે જઈને પૂછ્યું કે, “તમારી જેવી ઈચ્છા હોય તેમ બોલો. ૧૯. આ સત્સંગની ગાદીના અમારે કોઈને આચાર્ય કરવા છે. જે તમારી ભેળા મળીને રહે છે તેને તમારા હિતને માટે અમારા દત્તપુત્રો કરીને આચાર્ય કરવા છે. કેમ જે, તેમાં સત્સંગનો અભ્યુદય રહ્યો છે. તેટલા માટે જ હું જોઈ-વિચારી તમારી પાસે આવીને કહું છું.” ૨૦-૨૧.

પછી સુવાસિનીબાઈએ શ્રીહરિને કહ્યું કે, **“આ લોક અને પરલોકમાં અમારું જે રીતે સારું થતું હોય તે બધી બાબતને તો આપ જ જાણો છો. માટે હવે અમે આપને શું કહીએ ?** જેને આપનો વિશ્વાસ ન હોય તે ગમે

તેવો ચતુર હોય, તોપણ તેને આપનું સુખ કોઈ દિવસ મળતું નથી." જ્યારે સુવાસિનીબાઈ આમ બોલ્યાં, ત્યારે તે સાંભળીને તેમના શુદ્ધ મનને જોઈને શ્રીહરિ અપાર પ્રસન્ન થયા. પછી સંતો, વર્ણી અને બધા હરિભક્તોની શું મરજી છે ? તે પણ શ્રીહરિએ જાણી. ૨૨-૨૫. જેમાં સત્સંગનો ઉદય-વિકાસ થતો હોય એવી બધી બાબતોને સત્સંગના ગ્રંથોમાં સ્થાપન કરેલી જ છે. ૨૬. જેટલી સત્ય વાત છે તે બધી સત્સંગની છે અને જે અસત્ય વાત છે તે કુસંગની હોય છે. ૨૭.

પછી ઉત્તરાદા બારના ઓરડાની ઓસરી ઉપર એક મોટી પાટ રાખી અને તેના ઉપર ગાદી-તકિયા બિછાવડાવ્યાં. ૨૮. પછી શ્રીહરિએ સીતારામજીને બોલાવીને તે ગાદી ઉપર બેસાડી દીધા. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૨૯. શ્રીહરિએ પોતાનો સુંદર કિંમતી સોનેરી કોરવાળો બુરાનપુરી રેંટો લઈને સીતારામજીના મસ્તક ઉપર બંધાવ્યો. તેના વિશાળ લાંબા સુંદર સોનેરી પાલવ હતા. તે સમયે ત્યાં જેટલા સંતો, વર્ણી અને પાર્ષદો હતા તે બધા શ્રીહરિની આજ્ઞાથી સીતારામજીને પગે લાગ્યા. શ્રીહરિએ જેમ ધાર્યું હતું તેવું જ બધું થઈ રહ્યું. તે વખતે ત્યાં દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા, તેમાં જેને જેવો ભાવ હતો તે પ્રમાણે તેમણે ભેટમાં રૂપિયા અર્પણ કર્યા. દાદા ખાચરે ઘણા હેતથી સોનાનાં કડાં લઈ સીતારામજીના હાથમાં પહેરાવ્યાં.

જ્યારે સહુ સીતારામજીના પગમાં ભેટ મૂકવા લાગ્યા ત્યારે શ્રીહરિએ તેમના મોટાભાઈ ગોપાળજીને કહ્યું, ૩૦-૩૪. "તમે ઘણા ઉમંગથી સીતારામજીની પાસે જઈને બેસો. કોઈ ભેટ ધરવા આવે તો સીતારામજીને હાથ અડાડવા દેશો નહિ. ૩૫. હજી તેને અડવું કે ન અડવું તેવી કાંઈ ગમ નથી. ધર્મની ગાદી ઉપર બેસીને જો કોઈ હાથથી ધનને અડે, તો તે ગાદીપતિ અતિ તુચ્છમાં ખપે છે. આજે સત્સંગની ગાદી જેવી બીજે ક્યાંય મોટપ રહી નથી. ૩૬-૩૭. **સત્સંગની મોટપ જેવી બ્રહ્માંડમાં બીજે ક્યાંય મોટપ નજરમાં આવતી નથી. તેવી સત્સંગની મોટપ શ્રેષ્ઠ રહી છે.** ૩૮.

સત્સંગની મોટપ તો ચિંતામણિ કરતાં પણ ઘણી વધારે છે. તે રીતે જ સત્સંગની ગાદીની મોટપ પણ ઘણી વધારે જાણવી. ધર્મકુળમાં યોગ્ય સમજણ ઘણી રહી છે. જેમાં વધારે સમજણ હોય તે પ્રમાણે તે સહેજે જ મનાય-પૂજાય છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિએ સહુને પૂછી, સમજી વિચારીને પછી સીતારામજીને ગાદીએ બેસાડ્યા" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૦

શ્રીહરિએ જીવા ખાચરને સત્સંગના આચાર્યની બધી રીત-ભાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સીતારામજીને ગાદીએ બેસાડ્યા છે, એવી વાત દરબાર જીવા ખાચરે સાંભળી એટલે તેઓ ત્યાં આવ્યા. ૨. અતિશય હરખથી સાકરના ભરેલા દસ બાર થાળ લાવીને તેમણે સીતારામજીની આગળ ધર્યા. ૩. વળી, તે વખતે રૂપિયા ધર્યા, કપાળમાં કુંકુમનો ચાંદલો કર્યો અને આરતી કરીને પછી પગે લાગ્યા. ૪. તે પછી તેઓ શ્રીહરિ તથા સહુ સંતોના પગમાં પડ્યા. શ્રીહરિએ તેમને પોતાની પાસે બેસાડ્યા. ત્યારે જીવા ખાચર બોલ્યા, ૫. "આપનું ધર્મકુળ અહીં ભલે પધાર્યું. અત્યારે અમારા ધન્ય ભાગ્ય છે કે આપે શુભ વિચાર કરીને પોતાના ભાઈ ઈચ્છારામજીના પુત્રને ગાદી ઉપર બેસાડ્યા. તેણે કરીને આ સત્સંગનાં મૂળ અને પ્રતાપ બ્રહ્માંડ રહે ત્યાં સુધી દિવસે દિવસે અપાર વધશે અને તેથી કેટલાય જીવોનો ઉદ્ધાર થશે, એવો આપે વિચાર કર્યો. ૬-૮.

હવે ગાદીનો પ્રવાહ કોઈ દિવસ તૂટશે નહિ. કેમ જે, આપે એવો પ્રબંધ કર્યો છે, જેથી ધર્મગુરુને ધન અને સ્ત્રીનું લાંછન કોઈ દેશે નહિ. ૯. જેટલા આચાર્ય થાય છે તે બધાને પ્રાયઃ ચોક્કસ રૂપમાં સ્ત્રી ડુબાડી દે છે.

તેમજ સત્સંગ સિવાયના જેટલા ભેખધારી છે, તે બધાને પ્રાયઃ સ્ત્રી અને ધને ડુબાડી દીધા છે. ૧૦.

⁕ જે સ્ત્રી-ધનમાં ન બંધાય તે જ મહાન થાય :

चोपाई :

त्यागि भये नारी धन ताकी, इच्छा जिहाँ लग रहे वाकी;
तिहाँ लग भव भटकत रहे ताही, चाय तेसे सिद्ध रहे वाही...११
नारी धन कहावत हे ताई, त्यागि हो तामें रहे बंधाई;
सब जग के यह मल रहाते, सत्संग ताकु देखे आते...१२

दोहा : असन बसन इच्छत नहीं, नहीं नारी सु नेह;
तुलसि एसे जो संत कि, कहा चरण की खेह...१३

ત્યાગી થવા છતાં જ્યાં સુધી તેને સ્ત્રી તથા ધનની ઈચ્છા રહેતી હોય, ત્યાં સુધી તે ગમે તેવા સિદ્ધ હોય; તોપણ જન્મ-મરણમાં ભટકતા રહે છે. ૧૧. જો ત્યાગી થઈને સ્ત્રી-ધનમાં બંધાઈ રહે તો તે સમગ્ર જગતનો મળ કહેવાય, એમ જેને સત્સંગ હોય તેને દેખાય છે. ૧૨. તુલસીદાસજીએ કહ્યું છે કે, 'જે ભોજન અને વસ્ત્રને ઈચ્છે નહિ તથા જેને સ્ત્રીમાં હેત ન હોય, એવા સંતના ચરણની રજ ક્યાંથી મળે ? ૧૩. ત્યાગીનાં જેટલાં શુભ લક્ષણ છે તે સત્સંગના ત્યાગીઓમાં જોવાં મળે છે, તે સિવાય મોટેભાગે ક્યાંય મળતાં નથી." ૧૪.

⁕ આચાર્યની યોગ્યતા તથા લક્ષણ :

ત્યારે શ્રીહરિએ દરબાર જીવા ખાચરને કહ્યું કે, "જીવના મોક્ષની જેવી રીત છે તે બધી શાસ્ત્રોમાં કહી છે. તે રીત જ્યાં હોય ત્યાં સત્સંગ રહે છે. ૧૫. ગમે તેવો વિચક્ષણ હોય તોપણ સત્સંગ વિના સત્સંગની વાત ક્યાંય જાણી શકાતી નથી. ૧૬. અત્યારે આપણો સત્સંગ એવો છે કે તે સત્સંગની ગાદી કરોડો બ્રહ્માંડના રાજ્ય કરતાં પણ કરોડગણી અધિક મહત્ત્વપૂર્ણ રહી છે. ૧૭. ધન સંપત્તિથી જે પોતાની મોટાઈ સમજે તે તો તુચ્છ મતિમાં ખપે છે. તે તો ચિંતામણિનો ત્યાગ કરીને કાચના ટુકડામાં આસક્તિ રાખે

તેવા છે. ૧૮. **ચિંતામણિ કરતાં પણ આ સત્સંગ કરોડગણો અધિક રહ્યો છે, એવી જેના જીવમાં નિષ્કપટ અને નિર્દંભપણે દૃઢતા હોય તે સત્સંગના આચાર્ય કરવાને યોગ્ય છે.** તે આચાર્યના પોતાના કુટુંબ સિવાયની જેટલી હરિભક્ત સ્ત્રી હોય તેને આચાર્યની પત્ની મંત્ર દીક્ષા આપશે. જે આચાર્ય થાય તે અમારી આજ્ઞાથી પોતાની એક પત્નીને જ મંત્ર આપે, તેમાં તેને કોઈ દોષ નહિ લાગે અને તેને માટે શાસ્ત્રમાં પણ તેવાં વચન છે. ૧૯-૨૨.

આ સત્સંગમાં અમે ધર્મ મર્યાદાનો જે કાંઈપણ પ્રબંધ કરીએ છીએ તેનું પ્રમાણ શાસ્ત્રમાં પણ હોય છે. એવા મોક્ષ પરક જેટલાં વચનો છે તેને જોઈ વિચારીને અમે ગ્રહણ કરીએ છીએ અને તેમાં જેટલો બાધ દેખાય તેનો અમે ત્યાગ કરીએ છીએ. ૨૩-૨૪. જેટલી નિર્બાધ વાત હોય તે મોક્ષમાં સહાય કરે છે. તેની તપાસ કરીને અમે તેનો સંગ્રહ કરીએ છીએ. ૨૫. વળી, મોક્ષ બાબતની જે રીત છે તે યથાર્થપણે શાસ્ત્રમાં પ્રગટપણે રહી છે. ૨૬. સત્સંગના જે સદ્‌ગ્રંથો છે તેમાં તેવા સર્વે સર્વોપરિ વચનોનો સંગ્રહ કર્યો છે. ૨૭. **આ દુનિયામાં રૂપિયા, સોનું, હિરા-મોતી અને સ્ત્રીઓનો કોઈ પાર નથી, પણ તે બધું સુખ તો દુઃખરૂપ છે. ૨૮.**

જેને સત્સંગ સિવાયની સર્વે બાબતમાં જેટલું સુખ રહ્યું છે તે તમામ દુઃખરૂપ દેખાય, તેવા ભક્તના અંતરમાં ભગવાન આવીને નિવાસ કરે છે. પછી તેની વાતમાં તે દેખાઈ આવે છે. જ્યાં તેવો સાચો સત્સંગ હોય ત્યાં જ સાચી વાત થતી રહે છે. ૨૯-૩૦. જે અસત્પુરુષ હોય છે તે ગમે તેવા બુદ્ધિમાન હોય અને ગમે તેટલું ભણેલા હોય, પણ તે જ્યાં સુધી સત્સંગને ઓળખતા નથી ત્યાં સુધી તે પશુની જાતિમાં ખપે છે. **માટે સત્સંગનો જેવો સિદ્ધાંત હોય તેને નિઃસંશયપણે જે જાણતા હોય, તે સત્સંગની ગાદી ઉપર બેસવાને લાયક છે.**

❋ આચાર્ય ક્યાં સુધી ગાદીને લાયક રહે છે ?

પછી તે ગાદીપતિને પ્રમાદ શોભતો નથી. જો ગાદી ઉપર બેસીને કોઈ પ્રમાદ રાખે તો તેની ગાદી ક્યારેય સોહામણી લાગતી નથી. ગાદીપતિ પાસે

જેટલું ધન વધારે હોય તેટલો તેમાં પ્રમાદ વસીને રહે છે. પછી તો તેની ગાદી કહેવામાત્ર રહે છે. ધર્મકુળની ગાદી ઉપર બેઠેલા અમારા વંશના જે હોય તેમને, જેમ તમે સહુ અમને માનો છો તેમ માનવા. જે અમારી ગાદી ઉપર બેસે તેના આ ધર્મ અમે કહ્યા છે. ૩૧-૩૫.

चोपाई :

धर्म में जिहाँ लग चले तेही, मानने जोग्य तिहाँ लग एही;
हमारे धर्मकुल की यह रीता, धर्म तिहाँ लग रखना प्रीता...३६

दोहा : धर्म बिन कु मानत रहे, सत्संग की नहि रीत;
कुसंग की रहे रीत यह, जानना तुम खचीत...३७

તે ગાદીપતિ જ્યાં સુધી ધર્મમાં ચાલે ત્યાં સુધી તે માનવા યોગ્ય છે. અમારા ધર્મકુળની રીત એ છે કે જ્યાં સુધી તેમાં ધર્મ રહે ત્યાં સુધી તેમની સાથે પ્રેમ રાખવો. ૩૬. ધર્મ વગરનાને માનતા રહેવું તે સત્સંગની રીત નથી, તે તો કુસંગની રીત છે; એમ તમારે ચોક્કસ સમજવું. ૩૭. સત્સંગ કરવાથી જે કાંઈ કુસંગ હોય તે ઓળખ્યામાં આવે છે. સત્સંગ વગરના લોકો તો ગમે તેમ રહેતા હોય છતાં તે અંધ રહે છે. ૩૮. જેટલું અજ્ઞાનનું અંધકાર છે તે બધું સત્સંગથી ટળી જાય છે. અત્યારે સત્સંગના જેવો સાર આ બ્રહ્માંડમાં ક્યાંય રહ્યો નથી. ૩૯. દુર્લભમાં દુર્લભ તો આ સત્સંગ રહ્યો છે. બીજું બધું તો સુલભ છે. એવો આ સત્સંગ મહત્ત્વપૂર્ણ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "શ્રીહરિએ જીવા ખાચરને સત્સંગના આચાર્યની બધી રીત ભાત કહી" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૧

શ્રીહરિની ગઢાળીમાં પધરામણી તથા સહુને દ્વારકા યાત્રા કરવાનું કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સહુ હરિભક્તો ગાદીએ બેસાડેલા સીતારામજીની પૂજા કરી રહ્યા, તે પછી શ્રીહરિ જમ્યા. ૨. **ગઢાળી** ગામના હરિભક્ત આંબા શેઠે બીજે દિવસે શ્રીહરિને સંતોએ સહિત ઘણા ભાવથી પોતાને ઘેર પધરાવ્યા. તે વખતે બધા અયોધ્યાવાસી પણ સાથે હતા. ૩-૪. જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે ઢોલ અને શરણાઈ વાગતા હતા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં તથા છાતી ઉપર ફૂલના હાર છવાઈ ગયા હતા. ૫. કાનમાં ગુલાબના ગુચ્છ હતા અને પાઘમાં ફૂલના તોરા ઝૂકી રહ્યા હતા. શ્રીહરિના મસ્તક ઉપર રાતી બનાતનું છત્ર ધાર્યું હતું. તે છત્રની ઉપર સોનાનો કળશ સુંદર રીતે શોભી રહ્યો હતો.

હે દાદા ખાચર ! તમે તે વખતે શ્રીહરિની સાથે અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. ૬-૭. સોમલા ખાચર આદિક દસ બાર ઘોડે સવારો પણ સાથે હતા. ગઢાળી ગામમાં જે રૂપાળાભાઈ આદિક દરબારો પણ અશ્વ ઉપર બેસીને શ્રીહરિ સન્મુખ આવ્યા હતા. તે સહુને શ્રીહરિ ઉપર ઘણો ભાવ હતો. તેથી સહુ હાથ જોડીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. તેઓ શ્રીહરિ સમાન બીજા કોઈને દેખતા નહિ. ૮-૯. શ્રીહરિનાં દર્શન કરવા માટે ગામના લોકો રાજબજારમાં આવીને ઊભા હતા. સહુના હૃદયમાં ઘણો પ્રેમ છવાયેલો હતો. ૧૦. શ્રીહરિ રૂપાળાભાઈના દરબારમાં સંતોએ સહિત ઊતર્યા, ત્યારે બધે અતિશય આનંદ થઈ ગયો. ૧૧. અયોધ્યાવાસી આંબા શેઠને ઘેર ઊતર્યા. જ્યારે તેમણે રસોઈ તૈયાર કરી ત્યારે સુખકારી શ્રીહરિ ત્યાં જઈને જમ્યા. ૧૨. મોતીચૂરના લાડુની સારી રસોઈ હતી. પછી તે વખતે જ્યાં સંતોની પંગત થઈ હતી ત્યાં શ્રીહરિ આવ્યા. ૧૩.

શ્રીહરિ સંતોની પંગતમાં ખૂબ જ હેતથી પીરસતા હતા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે ઉદાર સ્વભાવના આંબા શેઠે શ્રીહરિ તથા સંતોની પોતાને ઘેર પધરામણી કરી. શ્રીહરિને ઘણા ભાવથી પલંગ ઉપર બેસાડ્યા. ૧૪-૧૫. જેટલો ભાવ હતો તે પ્રમાણે થાળમાં ભરીને રૂપિયા મૂક્યા. આ તો બધા જ હરિભક્તોની ભાવનાની વાત છે. ૧૬. ગામના જે હરિભક્તો હતા તે સહુએ પણ ભાવ પ્રમાણે પૂજા કરી અને અયોધ્યાવાસીઓની પણ જેમ ઘટતું હોય તે રીતે પૂજા કરી. ૧૭. તે વખતે આંબા શેઠે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિના લલાટમાં ચર્ચ્યું. તેમનો પ્રેમ મુખથી કહી શકાતો નથી. ૧૮. તે પછી ફૂલના હાર પહેરાવ્યા, હાથમાં ગુલાબના ગુચ્છ આપ્યા, પાઘમાં તોરા લટકાવ્યા અને પછી તેમણે આરતી કરી. ૧૯. તેમણે શ્રીહરિનો જેટલો લાભ લીધો તે બધો લખ્યામાં આવી શકતો નથી. તેમણે શ્રીહરિને ઘણીવાર રાજી કર્યા હતા, તે મારાથી કહી શકાતું નથી. ૨૦.

જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે આંબા શેઠે સીતારામજીની પૂજા કરી. તેમજ નંદરામજી તથા ગોપાળજીની પણ હેતથી પૂજા કરી. તેમના હૃદયમાં પૂજા કરતી વખતે ઘણો હરખ હતો. પછી તે વખતે સંતોની પણ તે રીતે પૂજા કરી. ૨૧-૨૨. જ્યારે દિવસ પાછલો એક પહોર બાકી રહ્યો, ત્યારે શ્રીહરિ ગઢાળીથી ચાલ્યા અને પાછા **ગઢપુર** આવ્યા. તે પછી બે દિવસ ગયા ત્યારે શ્રીહરિએ નંદરામજી તથા ગોપાળજીને દ્વારકાની યાત્રા કરવા જવાની આજ્ઞા આપી. પછી રંગભીના શ્રીહરિએ તેમને તથા સંત હરિભક્તોને કહ્યું કે, "આપણે બધા ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત કહેવાઈએ છીએ. ૨૩-૨૫. માટે સાધુ, બ્રહ્મચારી, સંન્યાસી, બધા ગૃહસ્થ તથા અયોધ્યાવાસી સહુએ દ્વારકાની તીર્થયાત્રા કરવી જોઈએ.

હવે અત્યારે તમે અયોધ્યાવાસીઓ દ્વારકાની તીર્થયાત્રા કરી આવો. ત્યાં ગોમતીમાં સ્નાન કરીને છાપો લેજો. ૨૬-૨૭. તીર્થોમાં મોટા મોટા ઋષિ મુનિઓ મળતા હોય છે અને ત્યાં રામ, કૃષ્ણ આદિ મૂર્તિઓનાં દર્શન થાય છે. કારણ કે, માર્કંડેય, ધૌમ્ય, લોમશ, શુકદેવજી, સનકાદિકો તથા નારદજી જેવા ઋષિ મુનિઓ ભાવનાથી તીર્થ કરતા હોય છે. ૨૮-૨૯.

બધા જ તીર્થો સુખરૂપ છે પણ તેમાં દ્વારકા શ્રેષ્ઠ અને અનુપમ છે. તમે અયોધ્યાવાસીઓ ઘણા દૂર રહો છો. માટે તમારે દ્વારકા જવું તે જરૂરનું કહેવાય. ૩૦.

જે દિવસે પ્રભાસમાં પરસ્પર લડીને યાદવોનો નાશ થયો, તે સમયે જ સમુદ્રનાં જળે શ્રીકૃષ્ણ ભગવાનના મંદિર સિવાયની આખી દ્વારકાને ડુબાડીને શ્રીકૃષ્ણના કુળનો નાશ કર્યો હતો. સુખકારી એવા શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મંદિરમાં ગુપ્તપણે કરીને રહ્યા છે. માટે દ્વારકા ઘણું મોટું તીર્થ કહેવાય છે. ૩૧-૩૨. ત્યાં યદુપતિ શ્રીકૃષ્ણ અખંડ નિવાસ કરીને રહ્યા છે, એમ કહેવાય છે. માટે સહુ ગૃહસ્થ અને ત્યાગીઓએ દ્વારકાની યાત્રા કરવા જવું. ૩૩. ત્યાં જઈને વિધિએ સહિત ગોમતીમાં સ્નાન કરવું, યથાયોગ્ય દાન આપવું તથા સત્પુરુષોને ભાવથી પૂજી અવિનાશી ફળ મેળવવું." ૩૪. આ રીતે શ્રીહરિએ સહુને આજ્ઞા કરી અને પોતાના હરિભક્તોને શિક્ષાનાં વચનો કહ્યાં.

પછી શ્રીહરિએ કહ્યું, "તમારે કૌશલદેશવાસીઓએ ચોક્કસ દ્વારકા જવું. નંદરામજી, મંછારામ, ગોપાળજી અને સુફળ, તમે બધા નિષ્કામ ભાવવાળા છો. પ્રથમ રામપ્રતાપભાઈ અમારી આજ્ઞા લઈને દ્વારકા ગયા હતા. ૩૫-૩૬. ઉદ્ધવ સંપ્રદાયની એવી રીત છે કે, દ્વારકા જવામાં કોઈ જાતનો બાધ નથી. ૩૭. ત્યાં ગોમતીમાં સ્નાન કરી અને પ્રેમથી બ્રાહ્મણોને જમાડો. પિતૃઓને પિંડદાન કરીને તેમનો ઉદ્ધાર કરો. ૩૮. ત્યાં જઈને તપ્ત મુદ્રાઓથી પોતાના શરીરને છાપવાળું કરો, તો તમારી બધી પીડા મટી જશે. પછી તમે બેટ દ્વારકા જઈને પાછા આવજો." ૩૯. ત્યારે તે બધા અયોધ્યાવાસી સંબંધીઓ બોલ્યા કે, **"આપની આજ્ઞામાં જ અમે સાચો ઉદ્ધાર માન્યો છે.** હવે આપ જે દિવસે કહો તે દિવસે દ્વારકા જઈએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિની ગઢાળીમાં પધરામણી તથા સહુને દ્વારકા યાત્રા કરવાનું કહ્યું" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૨

સચ્ચિદાનંદ સ્વામી અયોધ્યાવાસીની સાથે દ્વારકા ગયા અને અધિકારીએ સ્વામીને ગોમતીમાં સ્નાન કરવા દીધું નહીં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અયોધ્યાવાસીઓએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, "અમારે દ્વારકા જવા માટે સારો રસ્તો બતાવે તેવા ભોમિયાની ખાસ જરૂર છે." ૨. તે વખતે શ્રીહરિએ સભાની સન્મુખ જોયું અને ત્યાં મુનિવર સચ્ચિદાનંદ સ્વામીને દેખ્યા. તેઓ દૃઢ સમાધિવાળા, નિર્ભય અને નિશ્ચિંત હતા. તેમને કોઈને ન હોય તેવી પ્રત્યક્ષ પ્રભુ ઉપર પ્રીતિ હતી. ૩-૪. શ્રીહરિએ તે મુનિવરને મહાન નિષ્કામી જાણીને આજ્ઞા કરતા કહ્યું કે, "સ્વામી ! તમે અત્યારે ધર્મકુળની સાથે જાઓ. પહેલા ત્યાં જઈને તમે દ્વારકાધીશ રણછોડજીનાં દર્શન કરીને પાછા આવો, તે પછી જ્યારે શિયાળાની ઋતુ ઊતરી જાય ત્યારે બીજા બધા સંતો દ્વારકા આવશે. ૫-૬.

હે મુનિવર ! ભગવાન વાસુદેવ નારાયણની જ્યારે ઈચ્છા થશે ત્યારે અમે દ્વારકા આવશું. અત્યારે તો તમે બધા તૈયાર થઈને દ્વારકા જવા જલદી ચાલો. ૭. ભાતું લઈ લો, વાર ન કરશો. દેશકાળનો એક સરખો નિર્ધાર રહેતો નથી." ત્યારે મુનિવર સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, ૮. "બહુનામી હે મહારાજ ! અમે સુખપૂર્વક યાત્રા કરીને તરત પાછા આવશું." પછી શ્રીહરિએ પ્રેમથી તીર્થયાત્રા માટે જવાનું મુહૂર્ત જોવડાવ્યું. ૯. મયારામ ભટ્ટ મુહૂર્ત જોઈને બોલ્યા કે, "મહા સુદિ નવમીનું મુહૂર્ત આવ્યું છે." તે દિવસે સહુના નાથ એવા શ્રીહરિએ જવાની આજ્ઞા કરી. સચ્ચિદાનંદ સ્વામી અને અયોધ્યાવાસી સહુ શ્રદ્ધાભાવથી શ્રીહરિમાં મન રાખીને દ્વારકા જવા ચાલતા થયા. તે મહા વદિ એકમને દિવસે દ્વારકા પહોંચ્યા. સુજ્ઞ એવા સહુ અયોધ્યાવાસીએ ગોમતીમાં જઈને સ્નાન કર્યું. ત્યારે અયોધ્યાવાસીને પરદેશી દેખીને બધા ગુગળી બ્રાહ્મણો દોડી આવ્યા. તેથી તેમને અયોધ્યાવાસીએ

દક્ષિણા આપી રાજી કર્યા. ત્યાગી સાધુને તો કાંઈ આપ્યા વિના તીર્થમાં સ્નાન કરવાની છૂટ હોય છે, એમ જાણીને સચ્ચિદાનંદ સ્વામી સ્નાન કરવા તૈયાર થયા. ૧૦-૧૨.

❋ દ્વારકામાં ગુગળીઓનો ત્રાસ :

જ્યારે સ્વામી ગોમતીમાં સ્નાન કરવા ગયા, ત્યારે ત્યાં રહેલા ગુગળીએ ગોમતીમાં સ્નાન કરવા દીધું નહિ અને તેમને પૂછ્યું કે, "બોલો, તમે ક્યાં રહો છો ? ૧૩. કેટલાક લોકો ત્યાગીનો વેશ ધારીને આવે છે. તેથી ચોક્કસ જાણ્યા વિના અમે કોઈને નહાવા દેતા નથી. ૧૪. ત્યારે સ્વામી બોલ્યા કે, "હું તો સ્વામિનારાયણનો સાધુ છું. તેમની આજ્ઞાએ કરીને અહીં આવ્યો છું. અમે જ્યારે યાત્રા કરી, છાપો લઈને પાછા જઈશું, ત્યારે તે સ્વામિનારાયણ સંતોએ સહિત અહીં આવશે. આ ઘણું પરમ પવિત્ર તીર્થ છે. માટે જે હરિભક્ત ગૃહસ્થો છે તે બધા પણ અહીં યાત્રા માટે આવશે. ૧૫-૧૭.

અમારા જેટલા સંતો કહેવાય છે તે ધન રાખતા નથી અને બીજા પાસે રખાવતા નથી. અમે ધન રાખતા જ નથી તો તમને ક્યાંથી આપીએ ? તેથી અમારી પાસેથી ધન લેવું તે તમારે માટે યોગ્ય નથી." ૧૮. ત્યારે સ્વામીની આગળ ત્યાંના અધિકારી બોલ્યા કે, "જે ધન આપ્યા સિવાય ગોમતીમાં સ્નાન કરવા માટે જાય છે તે કરોડો ઉપાય કરે, તોપણ તેને સ્નાનનું ફળ મળતું નથી." ૧૯. ત્યારે સ્વામીએ કહ્યું કે, "જે ધન રાખતા હોય તેને માટે ધન આપવાની રીત હોય છે, પણ જે ત્યાગી ધન રાખતા ન હોય તે કયાંથી ધન આપે ?" ૨૦. ગોમતીમાં સ્નાન કરવા દેવાના અધિકાર ઉપર જે કોઈ હતા, તેઓએ જેના સ્નાન કરવાથી ગોમતી પણ પવિત્ર થાય એવા આ સંત છે તેમ ઓળખ્યા નહિ. ૨૧. જે સંતને ઓળખતા ન હોય અને જેને સંતની કાંઈ ગમ ન હોય તેવા લોકો સંતનું અપમાન કરે છે, જેથી ભગવાન પણ દુઃખાય જાય છે. ૨૨. તીર્થમાં એવા જ બધા ભેળા થયા હતા. ભગવાનને તે કાંઈ ગમતું નહિ. પછી દિવસે દિવસે તેમના ઉપર ભગવાનનો કોપ રહેવા લાગ્યો. ૨૩. તે તીર્થના અધિકારીઓ ભગવાનના

કોપને સમજતા ન હતા. તેમને સંત કે અસંત ઓળખ્યામાં આવતા ન હતા. કેવળ એક ધનમાં જ અપાર ફળ માનતા હતા. એ જ તેમના ઉપર ભગવાનનો તદ્દન ઉઘાડો કોપ હતો. ૨૪. **સાચા સંતો સ્ત્રી અને ધનથી દૂર રહે છે. એક ભગવાનમાં જ સર્વે સાર માને છે. ૨૫.**

※ સંતનું અપમાન કરનાર પર ભગવાનનો કોપ થાય :

दोहा : संत के नहीं खप रहे, भगवानहु के जेहु;
खप न रहेउ लवलेश हि, मनुष्य न कहत तेहु...२६

सोरठा : भगवान केउ जेहि, संत के न खप रहे यह;
मोक्ष के खप न तेहि, सत्संग के न खप रहे...२७

જેને સંતનો ખપ ન હોય અને જેને ભગવાનનો પણ લેશમાત્ર ખપ ન હોય, તેને તો મનુષ્ય પણ ન કહેવાય. ૨૬. જેને ભગવાનનો અને સંતનો ખપ ન હોય તેને મોક્ષનો અને સત્સંગનો પણ ખપ હોતો નથી. ૨૭. તેવા લોકોથી તો સ્વયં ભગવાન પણ દૂર રહે છે. ક્યારેય તેની સમીપ રહેતા નથી. પછી તેવા લોકોનાં દિલમાં અધર્મ નિવાસ કરીને રહે છે. ૨૮. **જે ભગવાનના સંતોનું અપમાન કરતા રહે છે, તે જે જે યોનિમાં જાય છે ત્યાં ત્યાં તેનું અપમાન થાય છે.** ૨૯. જય વિજય વૈકુંઠલોકમાં ભગવાનના પાર્ષદ હતા. તેમણે જ્યારે સનકાદિકોનું અપમાન કર્યું ત્યારે ભગવાને પોતે જ તેનું ફરી ફરીને બહુ વખત અપમાન કર્યું. આવું થયું હતું છતાં આ દુનિયામાં જે લોકો અધિકાર ઉપર હોય છે તે ગમે તેવા બુદ્ધિમાન હોય, તોપણ સંતોનો સમાગમ કરતા નથી. ઉલ્ટાના મોટા સત્પુરુષનું અપમાન કરે છે અને અપમાન કરવામાં જ લાભ કે પોતાની શ્રેષ્ઠતા માને છે.

※ સત્તા હોવા છતાં સંતને આદર આપે તે મહાન છે :

અધિકાર-સત્તા મળવાથી લોકો આવા નઠારા થઈ જાય છે. જ્યારે પોતાના દિલમાં ઉદ્ધવજીના જેવી ભક્તોનું માહાત્મ્ય સમજવારૂપ સમજણ રાખે અને તેમાં જ સાર માને, ત્યારે અધિકાર પામે તોપણ તેનું માથું ક્યારેય ફરતું નથી. ૩૦-૩૩.

चोपाई :

अधिकार मिलना सहज रहाये, शिर न फिरना कठीन हेताये;
अधिकार पाई संत के जितना, अनादर वर्तत रहे तितना...३४
अनादर में सुख मानत जेता, भगवान के कोप भये तेता;
अपमान जितना संत सहीता, ताके भूषण तेहि रहीता...३५

અધિકાર મળવો તે સહજ છે, પણ સત્તા-હોદ્દો મળ્યા પછી મતિ ન ફરે તે ઘણું કઠણ છે. અધિકાર પામીને જેના દિલમાં જેટલો સંતોનો અનાદર વર્તે અને તેના અનાદરમાં જેટલું સુખ માને, તેના ઉપર તેટલો ભગવાનનો કોપ થયો કહેવાય. હા, જે સંતો છે તેઓ તો જેટલું અપમાન સહન કરે તેટલું તે તેમનું ભૂષણ છે. ૩૪-૩૫. પરંતુ જેટલા કુપાત્ર જીવો હોય છે, તે સંતોનું અપમાન કરીને પોતાને મનમાં નિપુણ માને છે. એવા તો ઘણા મૂર્ખાઓ હોય છે. ૩૬. જે સંતપુરુષો છે તે તો તેવા ઉદ્ધત્તોનો રોજ શોક કરતા હોય છે કે, 'અરે ભગવાન ! આની શી ગતિ થાશે ? ૩૭. ગોમતી ઉપરના જે અધિકારી હતા તેણે સચ્ચિદાનંદ સ્વામીને સ્નાન કરવા દીધું નહિ. કારણ કે, તેમને સત્સંગના આશ્રિત સાધુ જાણીને તેમના ઉપર દ્વેષ હતો. ૩૮. છતાં પણ સચ્ચિદાનંદ સ્વામીના મનમાં રતીભાર પણ ક્ષોભ થયો નહિ. તેમનું મન તો શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામી જાણીને તેમના સ્વરૂપમાં જ રહ્યું હતું. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "સચ્ચિદાનંદ સ્વામી અયોધ્યાવાસીની સાથે દ્વારકા ગયા અને અધિકારીએ સ્વામીને ગોમતીમાં સ્નાન કરવા દીધું નહિ" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૩

સચ્ચિદાનંદ સ્વામી ગોમતી સ્નાન કર્યા સિવાય જ આરંભડા ગયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સચ્ચિદાનંદ સ્વામીનાં અંતઃકરણમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ પ્રત્યક્ષ સ્ફૂરી આવી અને તેમને તત્કાળ સમાધિ થઈ ગઈ. તેઓ શરીરના ભાનને ભૂલી ગયા અને ગોમતીને કિનારે જ તેમનું શરીર પરવશ થઈને પડી ગયું. ૨-૩. તે સમયે બધા અયોધ્યાવાસીઓ તરત ત્યાં દોડી આવ્યા. સ્વામીને જગાડવા માટે બૂમો પાડવા લાગ્યા. ૪. તે સમયે ગોપાળજીએ પોતાના સંબંધીઓને કહ્યું કે, "આમને સાથે લઈને આપણે કેમ ચાલશું ? સ્વામી તો પાંચ-દસ દિવસે જાગશે અને તેઓ ઊઠે ત્યાં સુધી આપણે જો અહીંયા રહીએ તો ઘણા દિવસ થઈ જાય. માટે આપણે એમની ચિંતા કરવાની નથી, તેમની સહાયમાં તો ભગવાન છે. ૫-૬.

હવે આપણે બેટદ્વારકા જઈએ અને જઈને છાપો લઈએ." આમ વિચારીને સચ્ચિદાનંદ સ્વામીને છોડીને અયોધ્યાવાસીઓ ચાલ્યા અને આરંભડા જઈને છાપો લીધી. ૭. છાપ લેવાના જેટલા રૂપિયા થતા હતા તે તત્કાળ જ તેમને આપ્યા. પછી વહાણમાં બેસીને બેટમાં ગયા અને ત્યાં પણ ધન દઈને દર્શન કર્યાં. ૮. તીર્થનો જે જે વિધિ કહેવાય છે તે બધો અયોધ્યાવાસીઓએ ધન દઈને કર્યો. આ રીતે પાંચ દિવસમાં તેઓ ફરીને ગોમતી આવ્યા. ત્યાં મુનિને ખોળવા લાગ્યા. ૯. ગોમતી ઉપર જે લોકો હતા તેને અયોધ્યાવાસીએ પૂછ્યું કે, 'અમારી સાથે આવેલા સ્વામી કયાં ગયા ?' પણ કોઈએ કાંઈ કહ્યું નહિ.

હવે સચ્ચિદાનંદ સ્વામીને જે થયું તે કહીએ છીએ. ૧૦. સ્વામીએ ત્યાં ત્રણ દિવસ સુધી કાંઈ અનાજ ખાધું નહિ. પછી ગોમતીમાં નાહ્યા વિના જ આરંભડા ગામ ગયા અને લાંઘણ ચોરે ઊતર્યા. ૧૧. ત્યાં અનાજ વિના ઘણા યાત્રિકો બૂમો પાડતા હતા. ત્યાં જેટલા તીર્થવાસીઓ આવતા હતા તેની પાસે ધન હતું નહિ. ૧૨. એટલે ત્યાં ઘણા દિવસ સુધી પડ્યા રહેતા.

ત્યાંના છાપ આપનારા અધિકારીઓને તલભાર પણ દયા આવતી નહિ. બહુ દિન સુધી તેમને તાવતા-પીડતા રહેતા. ગરીબ લોકોને પાર નહિ તેટલા ઉપરા ઉપર ઉપવાસ થતા હતા. ૧૩. ત્યાં નાના બાળકો, જુવાનો અને વૃદ્ધો અનાજ વિના વ્યાકુળ થયેલા પડ્યા હતા. કેટલાક તો પેટ અને માથું કૂટતા હતા. છતાં ત્યાંના લોકોને દયા આવતી નહિ. છાપ આપનારા જે ઉપરના અધિકારીઓ હતા, તેને લોકો પોકાર કરીને કહેતા હતા, પણ તેમનામાં દયા હતી જ નહિ. ૧૪-૧૫. તે ગરીબ લોકો કહેતા હતા કે, 'અરે ! અમારાથી ભૂખ સહન થાતી નથી. તમે દયા કરીને અમને છાપો આપો. અમે નિર્ધન છીએ. અમારા ઉપર દયા લાવીને અમારી વાત સાંભળો. ૧૬. અમે અનાજ વિના ચોક્કસ મરી જાશું, તેમાં કાંઈ ખોટુ નથી.' છતાં પણ જેનાં દિલમાં લગાર પણ દયા ન હતી એવા તે પાપી લોકો છાપ આપતા નહિ. ૧૭. જે નિર્ધન તીર્થયાત્રિકો હતા તે ઉપરા ઉપર શોર બકોર કરતા કે, 'અમને છાપો આપો, તો અમે જાણશું કે અમને પ્રાણ આપ્યા. અત્યારે અમારો જીવ તમારા હાથમાં છે.' ૧૮.

ત્યારે ત્યાં રહેલો એક ચારણ બોલ્યો, 'ધન વગર છાપ મળશે નહિ, તમે મરી જાશો તોપણ અમને દયા આવવાની નથી. અમે તમારાં કોઈ વચનને સાંભળવાના નથી. ૧૯. તમે છાપ લીધા વિના ઘેર જાઓ. અહીં શા માટે ભૂખ્યા મરો છો ? અમને ધન વિના દયા આવતી નથી. ધન દેખાય તો તરત દયા આવે છે. ૨૦. દામમાં જ અમે તો દયાનો નિવાસ માનીએ છીએ અને દામ મળે એમાં જ દિવસે દિવસે અમને પરમ ઉમંગ રહે છે. ધન વિના દયા નિર્જીવ છે.' એવી રીતે ત્યાં અધિકાર પર રહેલા સહુ માનતા અને વર્તતા હતા. ૨૧.

સચ્ચિદાનંદ સ્વામીએ આરંભડા ગામમાં જઈને જ્યારે આવું દેખ્યું ત્યારે તેઓ 'ત્રાહિ..ત્રાહિ..' એમ કરવા લાગ્યા. જેવું જમપુરીમાં દુઃખ હોય તેવું અહીંયા દેખાયું. ૨૨. અહીંના લોકો તો ગોમતી કિનારે હતા તે કરતા પણ અપાર નિર્દય દેખાયા. કોઈ સ્ત્રી કે પુરુષનાં હૃદયમાં દયા હતી નહિ. માનો તે બધાં જમપુરીમાંથી આવ્યા હોય તેવા હતા. ૨૩. કોઈમાં લગાર

પણ દયા દેખાતી નહિ. સ્વામીએ બધાનો આવો જ આચાર નજરે જોયો હતો, છતાં પણ સ્વામીએ તે લોકોની સાથે વાત કરી કે, "તમે તો શ્રીકૃષ્ણ ભગવાનના સાક્ષાત્ ભક્ત છો. ૨૪. તમને સંતો વાલા હોય છે. તમારા ધન્ય ભાગ્ય છે કે શ્રીકૃષ્ણના ધામમાં રહો છો. માટે તમે એક મારી વિનંતિ સાંભળો. ૨૫. તમે મારા ઉપર દયા કરીને છાપો આપો. પછી હું બેટમાં જઈને સંસારના ભયનો નાશ કરનારા શ્રીકૃષ્ણ પ્રભુનાં દર્શન કરું." ૨૬.

સ્વામીની તે વાતને સાંભળીને ત્યાં રહેલો ચારણ હસીને બોલ્યો કે, "તું તો પશુના જેવો દેખાય છો. અહીંયાં ઘણા ધુતારા આવે છે. ૨૭. ધન આપ્યા વગર કહેતાં પાર ન આવે તેટલા અપાર લોકો છાપો લેવા આવે છે, પણ જેને છાપોની ગરજ હોય તે ધન આપે છે. ૨૮. જેને ગરજ ન હોય એ બધા તો ઠગ હોય છે અને તે છાપો લીધા વિના ચાલ્યા જાય છે. જેને ધન જેટલો પણ ભાવ ન હોય એવા ઠગ અહીં આવતા દેખાય છે. ૨૯. ઠગને ઓળખવા માટે જ આ ભગવાનનાં આયુધોની છાપો છે. જેટલા ઠગ હોય છે તે ધન વિના જ છાપો લેવા માટે આવે છે." ત્યારે મહાભાગ્યશાળી સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, "અમે તો ધન અને સ્ત્રીના ત્યાગી છીએ. તમે સાધુ તથા અસાધુને એકસમાન માનો છો. તમને સાધુનો વિવેક નથી. ૩૦-૩૧.

જે ભગવાનના સાચા સાધુ છે તેમને તમે ક્યારેય દેખ્યા નથી. સાચા સાધુ ધન અને સ્ત્રીનો પ્રસંગ પણ રાખતા નથી. ૩૨. શુકદેવજી, સનકાદિકો, નારદજી અને નવ યોગેશ્વરો; ધન અને સ્ત્રીને રાખનારા સાધુને કળીયુગનું રૂપ કહે છે." ૩૩. ત્યારે તે બુદ્ધિહીન ચારણ બોલ્યો, "અત્યારે કોઈ એવા ત્યાગી નથી. અત્યારના ત્યાગી તો કંથા અને કોપીનમાં પણ ધન રાખે છે." ૩૪. ત્યારે સ્વામીએ તરત જ તેને પોતાની કંથા તથા કોપીન બતાવી. તેમાંથી જ્યારે ધન ન નીકળ્યું ત્યારે તે ચારણ કહેવા લાગ્યો, "જે ત્યાગી કપડાં ન રાખતા હોય તે જટામાં ધન રાખતા હોય છે. ૩૫-૩૬. જે સાધુ હોય છે તે ક્યારેય ધન વગરના દેખ્યા નથી. અરે ! ધન વગરના ક્યારેય અમે કાનથી સાંભળ્યા પણ નથી." ૩૭.

ત્યારે સ્વામીએ કહ્યું કે, "અમે સ્વામિનારાયણના સાધુ તો ધન વગરના છીએ." ૩૮. ત્યારે તે ચારણ બોલ્યો કે, "સ્વામિનારાયણની પાસે તો અપાર ધન છે. હવે તો અમે તમારી પાસેથી વધારે ધન લેશું. ૩૯. તેઓ તો કોઈએ ન કર્યા હોય તેવા મોટા મોટા યજ્ઞ કરે છે અને અગણિત વિપ્રોને જમાડે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "સચ્ચિદાનંદ સ્વામી ગોમતી સ્નાન કર્યા સિવાય જ આરંભડા ગયા" એ નામે ત્રેશઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૪

આરંભડામાં છાપો નહિ મળવાથી દુઃખી થયેલા સ્વામી બેટ દ્વારકા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે ચારણે સચ્ચિદાનંદ સ્વામીને કહ્યું કે, "ખરેખર તમારે છાપ લેવી જ હોય તો તમે ધન લાવો." ૨. બરાબર એ જ સમયે ત્યાં એક ખાખી બાવાજી આવ્યા. તેણે પોતાના શરીર ઉપર રાખ ચોળી હતી. હાથમાં લોઢાનો ચીપિયો હતો. ૩. માથા ઉપર મોટી જટા હતી. કેફ કરવાથી એની આંખો અતિશય લાલ હતી. તે ઠરડાતો મરડાતો જોર કરી છાતી કાઢીને ચાલતો હતો. ભાંગ અને ગાંજાની કોથળી પાસે હતી. તે કેફે કરીને ઘોઘરી વાણી ગળામાંથી બોલતો હતો. ૪-૫. તે ત્યાં આવીને છાપ લેવા માટે ઊભો રહ્યો. 'અમે ત્યાગી છીએ, ધન નહિ આપીએ,' આમ કહેતો તે અડબંગો મોઢામાંથી ગાળ બોલ્યો. તે સાંભળીને તત્કાળ ચારણ ઊઠ્યો. ૬. તેની દાઢી પકડીને જ્યારે જટાને ચૂંથી ત્યારે તેમાંથી પાંચ સોનામહોરો નીકળી. તે સોનામહોરો લઈ લીધી અને તેને છાપો આપીને કાઢી મૂક્યો. ૭.

પછી ચારણે સ્વામીને કહ્યું કે, "તમે અહીંની રીતને દેખો. અમારે તો ધનની સાથે પ્રીતિ છે. જ્યારે તમે ધન આપશો ત્યારે તમને છાપો

મળશે. ૮. જો લગાર પણ બળ દેખાડશો તો તમારા પણ આ ખાખીના જેવા હાલ થશે.” ત્યારે સ્વામીએ કહ્યું, “મારે માથે તો જટા જ નથી અને કંથા-કોપીનમાં પણ ધન નથી. ૯. સ્વામિનારાયણના જેટલા ત્યાગી કહેવાય છે તે બધા કરોડોથી લઈને એક દમડી સુધીનું પણ ધન રાખતા નથી. ૧૦. જે સ્વામિનારાયણના શિષ્ય ત્યાગી થઈને રહેતા હોય છે તે સાધુ અને બ્રહ્મચારીની એકસરખી જ રીત હોય છે. ૧૧.

※ ત્યાગી સંતના ધર્મ :

જો તેઓ ભૂલથી પણ સ્ત્રીને અડી જાય તો એક ઉપવાસ કરે છે. અને જો સ્ત્રીને નજર માંડીને જોઈ હોય તોપણ એક ઉપવાસ કરે છે. ૧૨. સ્ત્રી સંબંધી નિયમનો એક ઉપવાસ કરે ત્યારે શુદ્ધ થાય છે. આમ નિષ્કામ શુદ્ધિ ગ્રંથમાં ઘણી જાતના ઉપવાસ કહ્યા છે. ૧૩. તેમાં નિષ્કામ વ્રતને દૃઢ રાખવા માટે આવા ઘણી જાતના નિયમો કર્યા છે. કારણ કે, નિયમો વિના નિષ્કામ વ્રત ક્યારેય દૃઢ રહેતું નથી. ૧૪.

सोरठा : रेल की गाडी तामें, बैठत आयकर हि जेहि;
श्रम न परत हि वामें, तेसे नियम रहे तेहि...१५
निष्काम व्रत हि जेहु, विकट पालने रहेउ;
नियम बिन हि तेहु, भगवान बिन चाय कोउ...१६

જેમ કોઈ રેલગાડીમાં આવીને બેસે તો તેને થાક લાગતો નથી તેમ નિયમ રાખે તેને બ્રહ્મચર્ય પાળવામાં મુશ્કેલી પડતી નથી. ૧૫. એક ભગવાનને છોડીને ગમે તેવો કોઈ હોય, તોપણ તેને નિયમો વગર નિષ્કામ વ્રત પાળવું તે ઘણું વિકટ છે. ૧૬. કોઈ ગમે તેવા સમર્થ ત્યાગી હોય, પણ તે જો નિષ્કામ વ્રતને ન પાળતા હોય તો કરોડો કલ્પે પણ તેઓ સાચા ત્યાગી કહેવાતા નથી. ૧૭. દેવોમાં બ્રહ્માના જેવા બીજા કોઈ દેવ કહેવાતા નથી, પરંતુ કામે તે બધાને વશ કરી લીધા છે. આમ કામદેવે દેવતાઓ અને મનુષ્યોને આધીન કર્યા છે. ૧૮. વૃક્ષ અને વેલી સુધી તે પહોંચી ગયો છે, એવો તે બળવાન છે. આ બ્રહ્માંડમાં ગણે પાર ન આવે તેટલા

બધા જીવો છે, પણ જેટલા નિયમ પ્રમાણે નથી ચાલતા તે બધાને કામે આધીન કર્યા છે. **પત્થર વગેરેના કોટમાં રહે તેનો પરાભવ થઈ શકે છે, પણ જે ભગવાને બાંધેલા નિયમરૂપી કોટમાં રહે તેનો પરાભવ થતો નથી, એમ દેખાય છે.** ૧૯-૨૦. **નિયમરૂપી ભગવાનનો કાયદો સહુથી પર છે.** જેટલા દેવ કે મનુષ્ય વગેરે ભગવાનના કાયદાનો લોપ કરે છે, તેનું જીવન ભગવાન તલ તલ જેટલું પણ દેખતા રહે છે. પછી જે જેવો કાયદો લોપે છે તેને તેવો દંડ આપે છે. ૨૧-૨૨.

☀ શરણાગતિ સુખનો રાજમાર્ગ છે :

ભગવાનના જેવું બીજું કોઈ સમર્થ નથી. ભગવાન જેનું જેવું આચરણ હોય તે પ્રમાણે શુભનું શુભ ફળ આપે છે અને અશુભનું અશુભ ફળ આપે છે. ૨૩. જેટલું શરીરે કરીને દુઃખ-પીડા થાય છે તે બધું અશુભનું ફળ હોય છે. શાસ્ત્રમાં નિષેધ કરેલી બાબતોનું જે આચરણ કરે છે, તે બધી વાતો અશુભ છે અને તેનું ફળ દુઃખ છે. શાસ્ત્રમાં પ્રતિપાદન કરેલી આવી બધી વાતો પ્રસિદ્ધ છે. ૨૪-૨૫. શુભ બાબતનું આચરણ કર્યાનું ફળ સુખ છે. શુભ આચરણ કરનાર આ લોકમાં અને પરલોકમાં પણ સુખ પામે છે. ૨૬. જેનાથી આ લોક અને પરલોકમાં અપાર સુખ પ્રાપ્ત થાય, એવા માર્ગ ઉપર જે ચાલે છે તે વિચારવાનને ધન્ય છે. ૨૭. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, અંબરીષ અને સ્વાયંભુવ મનુ, એ બધા સુખને માર્ગે ચાલ્યા હતા. તેથી તેમને અપાર સુખ મળ્યું હતું. ૨૮. **ભગવાનને શરણે થઈને તેમનું ભજન કરવું તે સુખનો માર્ગ છે. તે સુખને માર્ગે અપાર ભક્તો ચાલ્યા છે."** ૨૯.

પછી તે ચારણ હસીને સ્વામીનું અપમાન કરતા બોલ્યો, "તારા બાપનો બાપ પણ જો અહીં આવે તોપણ ધન લીધા સિવાય છાપ મળવાની નથી. શા માટે અહીંયા ઠાલો ઠાલો ખોટી થા છો ?" તે સાંભળીને સ્વામી અત્યંત ઉદાસ થઈ ગયા. ૩૦-૩૧. સ્વામીએ ઘણા તીર્થવાસીઓને પીડાતા દેખ્યા. સ્વામીએ અંતરમાં જ્યારે તપાસી જોયું, ત્યારે તેમનું મન બીજાનાં દુઃખથી દુઃખી થઈ ગયું. પછી ત્યાંથી પણ કાંઈ ખાધા વિના ચાલતા થઈ

ગયા. ૩૨. સ્વામી વહાણમાં બેસીને તરત બેટ પહોંચ્યા. અત્યાર સુધીમાં તેમને ચાર ઉપવાસ થયા હતા અને અહીંયા વળી બીજા ઉપવાસો થયા. ૩૩. ભૂખથી પેટ એકદમ ચોંટી ગયું હતું. તેઓ ભગવાનનાં દર્શન કરવા માટે દરવાજા તરફ ગયા. પણ સ્વામીને જ્યારે છાપો વિનાના દેખ્યા ત્યારે ત્યાં ઊભેલા દરવાણીએ કહ્યું કે, "અરે બાવા, ક્યાં જા છો ? છાપ વિના જવા નહિ દઉં. તારા જેવા તો કપટી ઠગ કેટલાય અમને ઠગવા માટે અહીં આવે છે. ૩૪-૩૫.

જેટલા કપટી બાવાઓ અહીંયા આવે છે તે અમને પૂછ્યા સિવાય અંદર જાય છે." પછી તે દરવાણીએ સ્વામીને ધક્કો મારીને હાથ ઉગામ્યો. ત્યારે અપાર ગુણવાન તે સ્વામી હસવા લાગ્યા. ૩૬. પછી ત્યાંથી નીકળી પાસે જ એક હાટ હતું ત્યાં જઈને બેઠા. તે વખતે એક ગુગળી વિપ્ર આવ્યો. ત્યારે મુનિવર્ય સ્વામીએ તેને કહ્યું, "એ મહારાજ, મને દર્શન કરાવોને !" ૩૭. ત્યારે તે વિપ્રે કહ્યું કે, "અહીંની તો એવી રીત છે કે બધાને કેવળ ધનમાં જ પ્રીતિ છે. આ વાત હું સાચી કહું છું. ધનને માટે તો અહીંનો મનુષ્ય પોતાની પત્ની, પુત્રી અને બહેનને પણ વેચે છે અને તેની અહીં કોઈને લાજ શરમ હોતી નથી. તેથી ન કરવાના કામ કરે છે. ૩૮-૩૯. તારી પાસે જો ધન હોય તો ચાલ મારે ઘેર. ત્યાં તને ઘણું સુખ મળશે. ધન વિના અહીં કોઈ સુખી થાતા નથી." ૪૦. ત્યારે સ્વામી બોલ્યા કે, "હું તો સ્વામિનારાયણનો સાધુ છું. તેથી ધન તથા સ્ત્રીથી દૂર રહું છું." ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "આરંભડામાં છાપો નહિ મળવાથી દુઃખી થયેલા સ્વામી બેટ દ્વારકા આવ્યા" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૫

બેટ દ્વારકામાં સચ્ચિદાનંદ સ્વામીને દ્વારકાધીશે દર્શન દીધાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે વિપ્રે સચ્ચિદાનંદ સ્વામીના પ્રત્યે કહ્યું કે, "તારા ગુરુની પાસે તો બહુ ધન રહ્યું છે. ૨. તે તો ખુદ પ્રભુ કહેવાય છે. તેનો ત્યાગ કરીને તું કયા પાપથી અત્યારે અહીં આવ્યો છો ?" ૩. આવું બોલીને તે વિપ્ર પોતાને ઘેર ગયો. તે સાંભળવા છતાં પણ મુનિવર સચ્ચિદાનંદ સ્વામીના મનમાં કાંઈ જ ક્ષોભ થયો નહિ. ૪. ત્યાં રહેનારા બીજા ઘણા લોકો ત્યાં આવતા હતા. પણ સ્વામીને નિર્ધન દેખીને મશ્કરી કરતા હતા અને કેટલાક તો આંખો કાઢીને ડારો દેતા હતા. તેઓ એટલા દિલના દુષ્ટ હતા કે તે કહી શકાતું નથી. ૫.

પછી બેઠા બેઠા સ્વામીએ મનમાં વિચાર કર્યો કે, 'અહીંયાં આપણા હજારો ત્યાગી સંતો આવશે, તે બધાની કેવી ગતિ થાશે ? તેને બધાને દર્શન વિના ખૂબ દુઃખ થશે. ૬. હું તો અહીં એક પળવાર પણ રોકાઉં નહિ, તરત જ ગઢડાની વાટ પકડું, પણ ગુરુની આજ્ઞા છે અને હું તેમાં જ પરમ સુખ માનું છું. ૭. 'છાપ લીધા વિના અને દર્શન કર્યા વિના તમે અહીં પાછા આવશો નહિ.' આવું જે ગુરુનું વચન છે તે મને મનમાં ખટકે છે. શ્રીકૃષ્ણ બળવીર કહેવાય છે તે હવે શું કરશે ? ૮. જો છાપ લીધા વિના અને દર્શન કર્યા વિના પાછો જાઉં તો ગુરુજીનો ગુનેગાર કહેવાઉં. પણ આ લોકો ધન લીધા સિવાય દર્શનની પણ છૂટ આપતા નથી. ૯.

પછી સ્વામીના મનમાંથી મંદિરમાં દર્શનની આશા છૂટી ગઈ. તેથી તેઓએ મનમાં વિવેક-વિચારથી નક્કી કર્યું કે, અંતર્યામી જરૂર દર્શન દેશે તેમાં કાંઈ ખોટું નથી. ૧૦. સ્વામીએ મનમાં વિશ્વાસ રાખીને દૃઢ આસન બાંધ્યું. પછી બેસીને ધ્યાન લગાવ્યું અને અખંડ ભજન કરવા લાગ્યા. ૧૧. પોતે તો ભારે સમાધિવાળા હતા. તેથી હૃદયમાં ભગવાનની મૂર્તિની ધારણા કરી જ્યારે ઇચ્છે ત્યારે ભગવાનના દર્શન કરી શકતા હતા. છતાં પણ નિજગુરુ સહજાનંદ સ્વામીનાં વચન જેમ સત્ય થાય તેમ કરવા ઈચ્છતા

હતા. ૧૨. તે વખતે સ્વામીએ બંને હાથ જોડ્યા અને ભગવાનની આગળ દર્શન કરવા માટે વારંવાર સ્તુતિ કરવા લાગ્યા. ૧૩.

"હે કૃષ્ણ ! આપનો જય થાઓ. દયાળુ, આપ પ્રસન્ન થઈને મને દર્શન આપો. તમે મારા અંતરની જાણો છો. તમે તો પરમ કૃપાળુ છો. ૧૪. જગદ્‌વંદ્ય યદુપતિ ! આપનો જય થાઓ. ભવ બ્રહ્મા જેને ચાહે છે, વળી બધા દેવતાઓ જેમની સ્તુતિ કરે છે એવા રુકિમણી રમણ આપનો જય થાઓ. ૧૫. આપ કીર્તિ, ભક્તિ અને સત્ય ધર્મના આશ્રય છો અને શરણાગતના વત્સલ છો. ૧૬. હે દ્વારકાધીશ ! મને દીન જાણી, દિલથી પ્રસન્ન થઈને મારા ઉપર કૃપા કરો. પૂર્વે આપે અસુરોનો નાશ કરીને પોતાના ભક્તજનોને ઉગાર્યા છે. ૧૭. હે દયાળુ ! આપે દ્રૌપદીના ચીર પૂર્યાં છે. દુષ્ટ દુઃશાસને દ્રૌપદીનું માથું ખુલ્લું કરીને જ્યારે તેના કેશ ખેંચ્યા, ત્યારે આપ ગરુડનો ત્યાગ કરીને તત્કાળ ત્યાં આવ્યા હતા. દ્રૌપદીના કેશ ખેંચ્યા તેના ફળ સ્વરૂપે કૌરવોની સ્ત્રીઓનાં મસ્તક પણ મુંડાઈ ગયા. વળી, જ્યારે પાંડવો વનમાં હતા તે વખતે તેમને દુર્વાસાના શાપનો ભય લાગ્યો. ૧૮-૧૯. કારણ કે, દુર્વાસા દસ હજાર શિષ્યો સાથ લઈને દ્રૌપદીના જમ્યા પછી આવ્યા હતા. ત્યારે આપે તે દુઃખથી પાંડવોને ઉગારી લીધા હતા. આપે શાકનું પાંદડું જમીને બધા મુનિઓને તેઓ સ્નાન કરવા ગયા હતા ત્યાં જ તૃપ્તિ કરાવી દીધી હતી. પછી તે મુનિઓ ભીમનો કઠોર સ્વભાવ વિચારીને ત્યાંથી ભાગ્યા હતા.

આપે સ્વર્ગમાંથી પારિજાતકના વૃક્ષને લાવીને સત્યભામાને પ્રસન્ન કર્યા હતા. ૨૦-૨૧. સુખધામ એવા આપે ભોમાસુરને મારીને દેવતાઓનું કામ કર્યું હતું અને ઈન્દ્રનો ગર્વ પણ ઉતાર્યો હતો. બીજાં પણ ઘણાં ઘણાં કાર્યો કર્યાં હતાં. તેમજ કંસ જેવા ઘણા દુષ્ટ રાજાઓને માર્યા હતા. ૨૨. આપ અસુરોને મારવા માટે ઘણા અવતારોને ધારણ કરો છો. હે હરિ ! હું ઉદ્ધવીય સંપ્રદાયનો હરિઆશ્રિત સાધુ છું. ૨૩. મેં કરોડો પ્રયત્ન કર્યા છતાં આપ કોઈ રીતે દર્શન આપતા નથી. હે રણછોડરાય ! આપ પ્રસન્ન થાઓ અને મને હેતથી દર્શન આપો. ૨૪. હે ભગવન્ ! આપ અતિશય સુકોમળ હોવા છતાં પણ અત્યારે અપાર કઠણ થઈ ગયા છો. હું તો મારા મનમાં વિચાર

કરી રહ્યો છું કે આપ મારી સંભાળ શાથી નથી લેતા ? ૨૫. આપને માટે વસુદેવ તથા દેવકી બંધાઈ રહ્યા હતા અને આપ તો ગોકુળમાં રહીને પ્રેમથી લીલા કરી રહ્યા હતા. ૨૬. તેઓ બાર વર્ષ સુધી બંદીખાનામાં રહ્યા. આ વાતને તો આખું જગત જાણે છે. ૨૭.

હે મોહન ! તે દિવસોમાં તમે તમારું મન કઠણ કર્યું હતું તે હજી સુધી આપે છોડ્યું નથી. તે હું જ્યારે અહીં આવ્યો ત્યારે મને ખબર પડી છે. તેમજ ગોપીઓની સાથે ઘણું હેત કર્યું હતું, છતાં તેમનો ત્યાગ કરીને અહીં દ્વારકા આવીને રહ્યા. તે બધી ગોપીઓ રડતી વિલાપ કરતી રહી, પણ તેના ઉપર આપ દયા લાવ્યા નથી. ૨૮-૨૯. આજ સુધી તમે એ તમારી રીત છોડી નથી. કારણ કે, હું વિનંતિ કરું છું તેને આપ સાંભળતા નથી. અવિનાશી આપ પોતાના આખા કુળનો નાશ કરીને અહીં આવીને વસી ગયા છો. ૩૦. પોતાના યાદવોને પૃથ્વીના ભારરૂપ માનીને આપે નાના-મોટા સહુનો સંહાર કર્યો અને જાણે હજુ પણ તેના તે જ વેગમાં આપનું મન ચડેલું છે કે શું ? તેટલા માટે જ તમારે શરણે આવેલા ભક્તો પીડાય છે. ૩૧. આ પાપીઓની પાસે લોકો પીડાય છે. તમે તો દીનબંધુ કહેવાઓ છો. જે ધનવાન લોકો છે તે પાપીઓને ધન આપે છે અને છાપો લે છે, પણ જે નિર્ધન હોય છે તે નિત્ય પીડાય છે. ૩૨.

હે પ્રભુ ! આપના આશ્રિત ત્યાગીઓની પાસે ધન ક્યાંથી હોય ? તમે દયાળુ કહેવાઓ છો, છતાં આ ત્યાગીઓનું ઉપરાણું લેતા નથી. હે બહુનામી ! આપ નિર્ધનોના ધન છો. ગરીબનિવાજ છો. હે સ્વામી ! આપ અનાથના નાથ છો છતાં મારી વિનંતિને સાંભળતા નથી. હે પ્યારા નાથ ! આપને ઉદ્ધવજી અપાર પ્રિય હતા. હું તેના સંપ્રદાયનો સાધુ છું. હે નાથ ! જેવો તેવો તોય આપનો છું. માટે સુખકારી એવા આપ મારી વિનતિને સાંભળો. ૩૩-૩૫. કદાચ છોરું કછોરું થાય પણ તેનો પિતા ક્યારેય તેનો ત્યાગ કરતો નથી.” **આવું કહીને સચ્ચિદાનંદ સ્વામી ધ્યાન કરવા લાગ્યા ત્યારે હૃદયમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં.** ૩૬. **પીડાતા તે સંતની પીડાને જાણીને ભગવાન પ્રસન્ન થયા અને દર્શન દીધાં.** ૩૭. મહા વદિ

વિજયા એકાદશીએ દયાનિધિ ભગવાને નિષ્કપટ એવા સ્વામીને અંતરમાં દર્શન દીધાં. રુક્મિણી તથા સત્યભામા ભગવાનની સાથે હતા. તેમજ નિષ્કામ પાર્ષદ ઉદ્ધવજી તથા સાત્યકી ચામર કરતાં હતાં. ૩૮-૩૯. અર્જુને ભગવાનના મસ્તક ઉપર સોનાનું છત્ર ધારણ કર્યું હતું. એકદમ અદ્‌ભુત નૌતમ સ્વરૂપ હતું. તે દર્શન થતાંની સાથે જ તેમાં સ્વામીનું મન ચોંટી ગયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "બેટ દ્વારકામાં સચ્ચિદાનંદ સ્વામીને દ્વારકાધીશે દર્શન દીધાં" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૬

ગઢડા મધ્ય પ્રકરણનું સુડતાળીસમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) મહા વદિ દશમને દિવસ પરમ મહાસુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરનાં દરબારમાં ઉગમણા બારની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨-૪. અને પીળી છીંટની અનુપમ રજાઈ ઓઢી હતી. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા, "જે સંતની પાસે ચાર સાધુ રહેતા હોય તેને જો મન દઈને માણસાઈથી રાખતા આવડતું હોય તો તેની પાસે સાધુ રાજીપે રહે અને ક્યારેય ઉદાસ થતા નથી. તેમજ તેને છોડીને ક્યારેય જતા પણ નથી. ૫-૮. અને જેને સાધુને રાખતાં આવડે નહિ તેની સમીપે સાધુ હેત કરીને રહે પણ નહિ. ૯. **અને જે સાધુને નિષ્કપટભાવે મોક્ષનો ખપ હોય તેને તો જેમ દુઃખવીને કહીએ અને જેટલું વિષયનું ખંડન કરીએ તેમ તે અતિશય પ્રસન્ન થાય તથા તે પોતાના દોષોને દેખતા રહે**

છે. જેમ આ મુક્તાનંદ સ્વામીને અત્યારે ક્ષય રોગ થયો છે, ૧૦-૧૧. તે લગાર પણ દહીં, દૂધ, ગળ્યું ચીકણું તથા વધારે પડતું ખાટું, ખારું, તીખું એ કાંઈ તલભાર પણ ખાવા દેતો નથી; તેમ જે સમજુ સંત હોય તેને એમ જણાય જે, ‘આ ક્ષય રોગે સારું સારું ખાવા-પીવાનું સર્વે ખંડન કરી નાંખ્યું. માટે આ તો ક્ષય રોગરૂપે જાણીએ કોઈ મોટા સંતનો સમાગમ થયો હોયને શું ? એમ તે સાચા સંત પોતાના દિલમાં જાણે છે. જેઓને શિશ્ન અને ઉદર ઉપર તાન રહે છે તેઓ કુમાર્ગે ચાલે છે. પરંતુ શિશ્ન તથા ઉદર એ બેને વિષે જીવને જે આસક્તિ છે, તે જ અસત્પુરુષપણું છે. ક્ષય રોગ છે તે બંને પ્રકારની ખોટનો નાશ કરે છે. તેમ તે રોગની પેઠે પરમ પવિત્ર સત્પુરુષ હોય તે વિષયનું ખંડન વારંવાર કરતા હોય ત્યારે જે મુમુક્ષુ હોય તેણે તેમાં ક્યારેય દુખાઈ જવું નહિ. ૧૨-૧૮.

❋ વિષયની ઈચ્છાથી ત્યાગી થાય તે લબાડ છે :

અને જે ખાધા-પીધાની લાલચે કે કપડાંની લાલચે અથવા પોતાને મનગમતા પદાર્થની લાલચે કોઈ મોટેરા સંતની ભેળો રહેતો હોય તેને તો સાધુ જ ન જાણવો, તેને લબાડ જાણવો. ને કૂતરા જેવો જાણવો. અને એવો જે મલિન આશય તથા મલિન સ્વભાવવાળો હોય છે તે અંતે જતાં વિમુખ થઈ જાય છે. ૧૯-૨૧. અને વળી સંતને કોઈ સારાં સારાં પદાર્થ આપે તેમાં જે ઈર્ષ્યા કરે તે તો સાધુ જ નથી. ૨૨. માટે ઈર્ષ્યાવાળો તથા પંચવિષયનો લાલચી, એ બે તો પંચમહાપાપી કરતાં પણ અધિક પાપી છે. ૨૩. માટે જે સમજુ હોય તેમણે આવા સંતના સમાગમમાં રહીને એવો મલિન આશય અંતરમાં રાખવો ન જોઈએ. ૨૪. કેમ જે, **આ સભા તો જેવી બદરિકાશ્રમમાં અને શ્વેતદ્વીપમાં હોય તેવી છે.** ૨૫. **તે સભામાં બેસીને પણ જ્યારે મલિન વાસના ન ટળી તો પછી વાસનાને ટાળ્યાનું બીજું ઠેકાણું ક્યાં મળશે ?** ૨૬.

❋ ત્યાગે તેને આગે, માગે ત્યાંથી ભાગે :

અને પંચવિષય છે તે તો પૂર્વે દેવ મનુષ્ય ઇત્યાદિક અનંત દેહોમાં આ જીવે કરોડો વાર ભોગવ્યા છે. તોપણ હજી સુધી તે વિષયની તલભાર

પણ તૃપ્તિ થઈ નથી. ૨૭-૨૮. તો હવે ભગવાનના ભક્ત થઈને વરસ, બે વરસ કે પાંચ વરસ વિષય ભોગવીને ક્યારેય પૂર્ણ થવાશે નહિ, એ વાત નિશ્ચિત છે. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા લાગીએ તો ઘણા દિવસે પણ તે ક્યારેય ભરાય નહિ, **તેમ જે ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી અને ક્યારેય તૃપ્તિ થવાની પણ નથી.** માટે હવે તો વિચારીને વિષયની આસક્તિનો ત્યાગ કરવો અને સત્સંગમાં પ્રેમ રાખવો. અને જેમ જેમ સાધુ વઢીને કહે તેમ તેમ દિવસે દિવસે તેમનો ગુણ લેવો, પણ ક્યારેય અવગુણ લેવો નહિ તે ખપવાળા સંતનું લક્ષણ છે. તે મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં એવી વાત કહી છે કે, 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે..' માટે આવો અવસર પામીને તો અશુભ વાસનાનો જરૂર નાશ કરીને જ મરવું તે જ યોગ્ય છે, પણ અશુભ વાસનાએ સહિત મરવું નથી એમ દૃઢ જાણવું. એમ વિચારે તે જ પૂરા સાધુ કહેવાય. ૨૯-૩૬.

दोहा : अरु यह देह तिनसे जो, निकसि के संत जाहि;
नारद सनकादिक शुकजि, जिमि ब्रह्मरूप ताहि...३७
होय के भगवान तिनकि, भक्ति करनी हे जेहु;
वासना एसि हि रखना, मरना ठिक हे तेहु...३८

અને 'આ દેહમાંથી નીકળીને નારદ, સનકાદિક અને શુકજી જેવા બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી છે,' આવી જ વાસના મનમાં રાખવી અને તેવું કરીને પછી જ મરવું તે જ ઠીક છે. ૩૭-૩૮. એમ કરતા થકાં જો બ્રહ્મલોક તથા ઈન્દ્રલોકમાં નિવાસ થઈ જશે તોપણ તેની કાંઈ ચિંતા નથી. જેમ ઝાડે ફરવા ગયા હોઈએ અને પાયખાનામાં માથાભર પડી જવાય તો નાહી ધોઈને પવિત્ર થવું, પણ તે ગંદકીમાં ક્યારેય પડ્યા રહેવું નહિ. તેમ શુભ વાસના રાખતાં રાખતાં બ્રહ્મલોકમાં કે ઈન્દ્રલોકમાં જવાયું તો જીવમાં એમ જાણવું જે, 'માથાભર નરકનાં ખાડામાં પડ્યા છીએ,' ૩૯-૪૨. માટે એમ જાણીને શુભ વાસનાના સુદૃઢ બળે કરીને બ્રહ્મલોક તથા ઈન્દ્રલોકના ભોગનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં પહોંચવું, પણ વચમાં ક્યાંય રોકાવું નથી; એમ દૃઢ નિશ્ચય કરી રાખવો. ૪૩-૪૪.

✵ ત્યાગી તથા ગૃહસ્થએ પરસ્પર કરવા યોગ્ય સેવા :

चोपाई :

अरु जिमि पोता की सेवा जेही, गृहस्थ करत रहाये तेही;
अथवा त्यागि सेवा हि तिनकू, करत रहत हे भाव जुत इनकू...४५
तिमि आपने पण हरि भक्त तिनकी, महात्म्य जुक्त मोटप इनकी;
जाने चैये भाव सहीता, निष्कपट रखि कर शुद्ध चीत्ता...४६

અને વળી, જેમ પોતાની સેવા ગૃહસ્થ કરે છે અથવા ત્યાગી ભાવનાથી સેવા કરે છે, તેમ આપણે પણ હરિભક્તની માહાત્મ્યયુક્ત મોટપને નિષ્કપટ તથા શુદ્ધ ચિત્ત રાખીને જાણવી જોઈએ. ૪૫-૪૬. જેમ આ મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય સમજીને અમારી સેવા કરે છે, તેમ અમે પણ બ્રહ્મચારીનું માહાત્મ્ય જાણીએ છીએ. જેમ ગૃહસ્થો અન્ન-વસ્ત્ર આદિકે કરીને આપણી સેવા ચાકરી વારંવાર કરે છે, તેમ આપણે પણ તેમનું અપાર માહાત્મ્ય સમજીને વાતચીત કરવારૂપ સેવા વારંવાર કરવી. ૪૭-૪૯. **આ રીતે પરસ્પર માહાત્મ્ય સમજીને હરિભક્તની નિત્ય સોબત રાખવી.** ૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું સુડતાળીસમું વચનામૃત કહ્યું" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ||૬૬||



પૂર છવ્વીશમું : તરંગ - ૬૭

ગઢડા મધ્ય પ્રકરણનું અડતાળીસમું વચનામૃત

(સં.૧૮૮૦ના) મહા વદિ ચૌદશને દિવસ સર્વ સુખના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને કંઠને વિષે તુલસીની નવી શ્વેત કંઠીઓ ધારણ કરી હતી. ૧-૪. શ્વેતદ્વીપાનંદ સ્વામીએ પોતાને હાથે કંઠીઓ બનાવીને તે શ્રીહરિને પહેરાવી હતી. ૫. તે સ્વામી તુલસીની માળા તથા કંઠીઓ

લક્ષ્મીવાડીમાં રહીને પાંચ વરસ સુધી બનાવતા અને તે તૈયાર થાય ત્યારે શ્રીહરિને ધરાવતા હતા. ૬.

શ્રીહરિ પોતે જમ્યા પછી વિવિધ પ્રકારના થાળની પ્રસાદી અથવા ફૂલના હાર કોઈક દિવસ તે સંતને આપતા હતા. બીજા કોઈ સંતો પણ શ્રીહરિને માટે જેવી રીતની સેવા કરતા તેના ઉપર શ્રીહરિ તેવી રીતે પ્રસન્ન થતા. ૭-૮. શ્રીહરિ પોતે જમ્યા પછી થાળની પ્રસાદી ભાવથી તે સંતોને આપતા અથવા પોતે પહેરેલા ફૂલના હાર આપતા. ૯. આ રીતે સંતોને પ્રસાદી આપતા, પણ ક્યારેય કોઈને ભૂલી જતા નહિ. વળી, હજારો પ્રકારનાં મેવા તથા મીઠાઈ આવતાં તેનો ગણે પાર આવતો નહિ. ૧૦. હરિભક્તો જે રીતે બધી વસ્તુઓ લાવતા હતા તે રીતે જ શ્રીહરિ પ્રસાદીના રૂપમાં તે વસ્તુઓ આપતા હતા. ગમે તેવી ભારે કિંમતી વસ્તુ હોય, તોપણ તે વસ્તુને પોતાની કરીને ક્યારેય એક દિવસ પણ સંઘરી રાખતા નહિ. **શ્રીહરિ એવા નિર્બંધ હતા. કારણ કે, શ્રીહરિ ગામ, ગરાસ તથા ધનમાં નખશિખ પર્યંત દુઃખ માનતા હતા.** ૧૧-૧૨.

दोहा : ब्रह्मांड में वस्तु जितनी, शुभ सो जेति रहात;
हरि के आये न अर्थ में, अशुभ तामें गिनात...१३
एसि समझ जिन की रहेउ, हरि मानत हे संत;
मायिक पदार्थ तिनमें, सुख मानत हि असंत...१४

બ્રહ્માંડમાં જે જે સારી વસ્તુ હોય તે જો શ્રીહરિના ઉપયોગમાં ન આવે તો તે અશુભમાં ગણાય છે. ૧૩. આવી રીતની જેની સમજણ હોય તેને શ્રીહરિ સંત માનતા અને માયિક પદાર્થમાં જે સુખ માનતા હોય તેને અસંત માનતા હતા. ૧૪. શ્રીહરિની પાઘમાં પીળાં પુષ્પના તોરા વિરાજમાન હતા અને કંઠને વિષે પુષ્પના હાર પહેર્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને સાધુ પ્રેમાનંદ સ્વામી ભગવાનનાં નખશિખ અંગ તથા સમગ્ર ચિહ્નોનું જેમાં વર્ણન છે એવા ધ્યાનના અંગની ગરબીઓ જે 'વંદુ સહજાનંદ રસરૂપ

અનુપમ સારને રે લોલ...' એ આઠ અનુપમ પદ પરમ હેતથી ગાતા હતા. શ્રીહરિ તેને એકાગ્ર મનથી સાંભળતા હતા.

✵ શ્રીહરિની સ્મૃતિની મહત્તા :

પછી જ્યારે તેઓ ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા, "આ બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એવો વિચાર થયો કે, **'આ પદ બોલ્યા તેવી રીતે એને પોતાના મનમાં ભગવાનની મૂર્તિનું ચિંતવન રહે છે. તે મૂર્તિનાં ચિંતવન જેવી બીજી કોઈ મહત્ત્વપૂર્ણ વાત નથી. માટે અમે ઊભા થઈને આ સાધુને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીએ !'** એમ અમારા મનમાં વારંવાર થયા કરે છે. ૧૫-૨૨. અને આવી રીતે જેનાં અંતઃકરણમાં ભગવાનનું ચિંતવન થતું હોય અને એવી વાસનાએ યુક્ત મન મૂર્તિમાં ખૂત્યું હોય અને તે જો દેહ ત્યાગ કરે તો તેને ફરીને ક્યારેય ગર્ભવાસમાં જવું પડે જ નહિ. એવી રીતે વારંવાર ભગવાનનું ચિંતવન કરતાં કરતાં જીવતો હોય, તોપણ એ નિશ્ચિત પરમપદને પામ્યો જ છે એમાં કોઈ સંશય નથી. ૨૩-૨૫. અને શ્વેતદ્વીપમાં જેવા નિરન્ન મુક્ત છે તેવો જ એ પણ નિરન્ન મુક્ત થઈ રહ્યો છે. અને આવા ભક્તને દેહની ક્રિયાઓ તો યોગ્ય હોય એટલી સહેજે જ થાય છે. ૨૬-૨૭.

चोपाई :

कृतार्थ तेहि होवत रहाया, ताकु कछु न करन हि कहाया;
पिछे करन यह रहे न लगारा, सब हि कर रहे चिंतवन वारा...२९

अरु भगवान बिन जोउ जिनकू, दुजे पदार्थ ताकेउ तिनकू;
चिंतवन करते तन छूटेऊ, तिनकु कोटि कल्पे हि तेऊ...३०

दुःख ताके अंत नहि आते, एसे अवसर जेहि चुक जाते;
अमूल अवसर पाइके ऐसे, भगवान बिन हि पदार्थ कैसे...३१

ताके चिंतवन छोर एका, भगवान ताके जेहि विवेका;
स्वरूप के चिंतवन करना, ता बिन चिंतवन सब हि तजना...३२

અને જેને ભગવાનના સ્વરૂપનું આ રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે. તેને લગાર પણ કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. તે ભગવાનના

ચિંતવનવાળાએ બધું જ કરી લીધું છે. ૨૮-૨૯. અને જેને ભગવાન વિના બીજાં પદાર્થોનું ચિંતવન કરતાં કરતાં દેહ છૂટશે, તો આવો અવસર ચૂકી જનારાને કરોડ કલ્પે પણ દુઃખનો અંત આવતો નથી. **માટે આવો અમૂલ્ય અવસર આવ્યો છે, તેને પામીને ભગવાન વિના અન્ય કોઈપણ પદાર્થનું ચિંતવન છોડી દઈને એક ભગવાનના સ્વરૂપનું જ વિવેકપૂર્વક ચિંતવન કરવું. તે સિવાયનું બધું જ ચિંતવન છોડી દેવું.** ૩૦-૩૨.

અને જો ભગવાનના સ્વરૂપનું ચિંતવન ન થઈ શકે તોપણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી યુક્ત અને ભગવાન ઉપર જેને ઘણો દૃઢ ભાવ હોય એવા સંતોને મધ્યે સદાય પડ્યા રહેવું, પણ ક્યારેય મનને ઉદાસ કરવું નહિ. ૩૩-૩૪. અને અમારા અંતરમાં પણ આવી રીતનો મનોરથ રહ્યા કરે છે કે, જ્યારે આ શરીર ક્યારેક છૂટશે, તે પછી ફરીને જન્મ ધરવાનું કોઈ રીતે નિમિત્ત તો નથી તોપણ મનમાં વારંવાર આવો વિચાર કરીએ છીએ કે, 'જન્મ ધરવાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતોને મધ્યે જન્મ ધરીને નિવાસ કરવો,' તેમ અમે ઇચ્છીએ છીએ. ૩૫-૩૭.

અને જેને આ કીર્તનમાં કહ્યું એવી રીતે અતિશય પ્રેમથી મનમાં ભગવાનનું ચિંતવન થતું હોય તે તો કાળ, કર્મ અને માયાના પાશથી પણ છૂટી ગયો છે અને જેને ઘેર આવા પુરુષે જન્મ લીધો હોય તેનાં માતા-પિતા પણ કૃતાર્થ થયાં છે એમ નિશ્ચિત જાણવું. **અને ભગવાન વિના બીજા વિષયનું જે જેટલું ચિંતવન કરે છે તેટલો તે અતિશય ભૂલો પડ્યો છે, તેમ નિશ્ચિત જાણવું. આ જેમ છે તેમ અમે વાત કરીએ છીએ. અને સ્ત્રી, પુત્ર, પરિવાર અને ધન આદિક જે જે પદાર્થ છે તે જીવ જે જે યોનિમાં જાય છે ત્યાં બધું મળતું દેખાય છે, પણ આવા બ્રહ્મવેત્તા સંતનો સંગ મળતો નથી. બ્રહ્મવેત્તા સંતનો સંગ અને શ્રીવાસુદેવ ભગવાનનું સાક્ષાત્કાર દર્શન અને ચિંતવન તે તો અતિશય દુર્લભ છે. તે વાત સર્વોપરિ કહેવાય છે.** ૩૮-૪૪. માટે જેમ વિષયી મનુષ્યને પંચવિષયનું ચિંતવન અંતઃકરણમાં થયા કરે છે, તેમ જેના અંતરમાં અખંડ ભગવાનનું ચિંતવન થયા કરે એથી ઉપરાંત મનુષ્યદેહનો

બીજો કોઈ લાભ કરોડો કલ્પ સુધીના જન્મમાં પણ નથી રહ્યો. ભગવાનના ચિંતવનનો આવો લાભ કહેવાય છે.

❋ એકાંતિક ભક્તનાં લક્ષણ :

આવી રીતનો દંભ અને કપટ રહિત જે હરિભક્ત હોય છે તે બધા હરિભક્તોમાં સહેજે જ મુખ્ય છે. અને આવા ભક્તને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ; એ પંચવિષય હોય તોપણ ભગવાન સંબંધી જ હોય છે. તે કહું છું કે, તેના શ્રવણ તે અખંડ ભગવાનની કથા સાંભળવાને ઈચ્છે, ત્વચા તે ભગવાનનો સ્પર્શ કરવાને ઈચ્છે, નેત્ર ભગવાન તથા ભગવાનના સંતનાં દર્શન કરવા ઈચ્છે, રસના છે તે ભગવાનના મહાપ્રસાદના સ્વાદને જ ઈચ્છે અને નાસિકા તે ભગવાનને ચઢેલાં પુષ્પ તથા તુલસીના સુગંધને ઈચ્છે, પણ પરમેશ્વર વિના અન્ય વસ્તુને કોઈ દિવસ સુખદાયી જાણે નહિ. આવી રીતે જે વર્તે છે તે ભગવાનનો એકાંતિક ભક્ત કહેવાય. તે તેનું જેવું વર્તન હોય તે કહી બતાવે છે. ૪૫-૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું અડતાળીસમું વચનામૃત કહ્યું" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૮

ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણપચાસમું વચનામૃત

(સં.૧૮૮૦ના) ફાગણ સુદિ બીજને દિવસ ભક્તજનોને માટે સુખના મૂળરૂપ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારની મેડીની ઓસરીએ પલંગ ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા તેના ઉપર વિરાજમાન હતા. તે સમયે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૪. અને પાઘમાં શ્વેત પુષ્પનો હાર લટકી રહ્યો હતો અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ ભગવાન અને માયિક આકાર વચ્ચેનો તફાવત :

પછી શ્રીજીમહારાજ મુનિના પ્રત્યે બોલ્યા જે, "પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિ અને બીજા જે માયિક આકાર એ બંનેને વિષે તો ઘણો ફેર છે. પણ જે અજ્ઞાની છે ને અતિશય મૂર્ખ છે તે તો ભગવાન અને માયિક આકારને સરખા જાણે છે. કેમ જે, તે અવિવેકી છે. ૫-૮.

चोपाई :

मायिक आकार तामें जेता, सारप्य मानत रहे तेता;
जन्म मरण जमपुरि जो तिनके, चोरासी के दुःख पावत इनके...०९
मायिक आकार ताके जितना, चिंतवन करनार रहे तितना;
कोटि कल्प लग दुःख अपारा, सहत रहाये वार नहि पारा...१०

જે લોકો માયિક આકારમાં સારપ-સુખ માને છે તે તો જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખને પામે છે. ૯. અને માયિક આકારના જે જોનારા છે ને માયિક આકારનું જે ચિંતવન કરનારા છે, તે તો કરોડો કલ્પ સુધી અપાર દુઃખને વારંવાર સહન કરતા રહે છે. ૧૦. તેઓ લખચોરાશીમાં ભટકતા રહે છે. તેનું દુઃખ કહી શકાતું નથી. જોકે મોહને લીધે તેમને તે દુઃખ દેખાતું પણ નથી. પરંતુ જ્યારે દુઃખ થાય છે ત્યારે તે સહન થઈ શકતું નથી. ૧૧. એમ છતાં પણ દુઃખના માર્ગનો ત્યાગ કરતા નથી. એ જ એના પૂર્વ જન્મનું અમાપ પાપ છે. સંતો તે પાપને દેખાડે છે ત્યારે તે ભગવાનના સંતોનો અભાવ લે છે. એ પણ જીવનું પાપ જ છે તેને તે દેખતા નથી. અજ્ઞાની જીવોનાં એવાં પાપોને સત્પુરુષો માફ કરે છે. પણ જ્યાં સુધી તે મનુષ્યને મોહ રહે છે ત્યાં સુધી તે વાતને માનતા નથી. ૧૨-૧૪.

ગોકુળમાં યમલાર્જુનનાં જે વૃક્ષ થયાં હતાં, તે પૂર્વ જન્મમાં કુબેરના પુત્ર હતા. તે સ્ત્રીઓ સાથે પાણીમાં સ્નાન કરતા હતા ત્યાં નારદજી આવ્યા. ૧૫. નારદજી આવ્યા તે દેખવા છતાં તેમની મર્યાદા ન રાખી. નગ્ન નહાતા રહ્યા. નારદજીએ તે જોયું. ૧૬. જે લોકો નિરંકુશ-ઉદ્ધત થઈ જાય છે તે કોઈની મર્યાદા રાખવામાં માનતા નથી. તેથી મન ફાવે તેમ વર્તે છે. ધન, કુળ, જુવાની અવસ્થા, વિદ્યા અને રાજ્ય ઇત્યાદિક કેટલીય પ્રકારના મદ

કહેવાય છે. જો કોઈપણ બાબતનો મદ હોય તો તે મદ તેની કીર્તિનું ખંડન કરે છે. ૧૭-૧૮. ઈન્દ્રને જ્યારે સ્વર્ગના રાજ્યનો ગર્વ આવ્યો ત્યારે તેણે દુર્વાસાનો સત્કાર ન કર્યો. તેથી તે અપરંપાર દુઃખને પામ્યો. ૧૯. કુબેરના પુત્રોએ જ્યારે નારદજીની મર્યાદા ન રાખી ત્યારે નારદે શાપ આપ્યો. તેથી તે યમલાર્જુન વૃક્ષ થયા. આવી વાત તો અપાર છે. નઠારી દુર્બુદ્ધિવાળા લોકોને સંતો સાચી વાત કહે છે, પણ તેને તેઓ આદરભાવથી સ્વીકારતા નથી. મદે કરીને જે દુર્બુદ્ધિ થઈ જાય છે તે શુદ્ધ મતિવાળાને દેખાય છે. ૨૦-૨૧.

જેને શુભ મતિ હોય છે તેના માટે આ સત્સંગ છે. સત્પુરુષોના યોગે કરીને જ શુભ મતિ થાય છે. ૨૨. યમલાર્જુન, જયવિજય, પ્રહ્લાદ, બલિ, પીંગલા, દાસીપુત્ર નારદ, અજામીલ તથા વ્રજની ગોપીઓ અને અન્ય નિમ્ન જાતિ એવા જે અનંત લોકો થયા છે, તેનો કહેતાં પાર આવતો નથી. પરંતુ સત્પુરુષ અને સત્સંગના સાચા યોગે કરીને તે અનંત લોકો સંસારના પારને પામ્યા છે. તે બધાની વાતને વ્યાસ મુનિએ પોતાના ગ્રંથોમાં જેવી હતી તેવી પ્રત્યક્ષ બતાવી છે. ૨૩-૨૫. આવું બધું લખાય નહિ તો જે સંસારને તરી ગયા અને જે ન તર્યા તે બાબતનું જ્ઞાન થતું નથી. આવી વાતને કુબુદ્ધિવાળા લોકો માનતા નથી. તેથી જ તે સંસારને તરી શકતા નથી. ૨૬.

જે ભગવાનના સ્વરૂપનાં દર્શન કરવાવાળા છે તેના સમાન બીજા કોઈ ઉત્તમ કહેવાતા નથી. જે ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ અને માયાનાં બધા જ બંધનથી છૂટીને અભયપદને પામે છે અને તે ભગવાનના હજૂરી પાર્ષદ થઈને નિત્ય રહે છે. માટે અમારે તો ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન અને સ્મરણ એમાંથી કોઈ દિવસ મનની તૃપ્તિ થતી જ નથી. અને તમારે બધાયે પણ એવી જ રીતે કરવું. આ વાત દૃઢ કરીને રાખજો." ૨૭-૩૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણપચાશમું વચનામૃત કહ્યું" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૬૯

સચ્ચિદાનંદ સ્વામીએ દ્વારકાધીશ પાસે વરદાન માગ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સચ્ચિદાનંદ સ્વામીને નવીન મેઘના સમાન શ્યામ સુંદર અને અંતર્યામી એવા ભગવાન દ્વારકાધીશનાં દર્શન પોતાના હૃદયમાં થયાં. ૨. દર્શન થવાથી અપાર આનંદ વધ્યો અને બધી વેદનાઓ દૂર થઈ ગઈ. તે સમયે ભક્તોના પ્રાણઆધાર એવા ભગવાન પોતે ખૂબ ભાવથી બોલ્યા, "મુનિવર ! વરદાન માગો. જે માંગશો તે અત્યારે હું આપીશ. તમારી ધીરજ દેખીને હું પ્રસન્ન થયો છું." ૩-૪. આમ કહીને હૃદયમાં રહેલા ભગવાન અંતર્ધાન થઈ ગયા. તેથી સ્વામી ધ્યાન કરતા હતા તે વ્યાકુળ થઈને એકદમ જાગી ગયા. ૫.

જે વખતે ધ્યાનમાંથી બહાર આવ્યા તે વખતે જેવાં દર્શન થયાં હતાં તેવા જ ભગવાન બહાર દેખાયા. તેમણે વિવિધ પ્રકારનાં બધાં દિવ્ય વસ્ત્ર અને આભૂષણ પહેર્યાં હતાં. ૬. મસ્તક ઉપર મણિમય મુકુટ ધારણ કર્યો હતો. કંઠમાં મોતીના હાર હતા. ભુજાઓ ઉપર નંગ જડિત બાજુબંધ ધાર્યા હતા અને બંને કાનમાં નંગ જડિત કુંડળ હતા. ૭. કમર ઉપર પીતાંબર પહેર્યું હતું અને ચરણોમાં સુંદર ઝાંઝર પહેર્યાં હતાં. મુખ ચંદ્રમા જેવું પ્રસન્ન અને સુશોભિત હતું. તે મુખનાં દર્શન કરનારાની મનોવૃત્તિ તૃપ્ત થતી નહિ. ૮. ચાર ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ ચાર આયુધ ધારણ કર્યાં હતાં. આવાં ચાર આયુધ ધારી રહેલા દ્વારકાનાથે ઘણા ભાવથી દર્શન દીધાં. પોતાનાં દર્શન માટે જેણે ઘણું કષ્ટ સહન કર્યું હતું એવા જે પ્રેમાધીન મુનિ હતા, તેને રણછોડજીએ જોયા. ૯-૧૦. અલબેલો તેમના ઉપર અઢળક ઢળ્યા. તે મુનિને છાતી સાથે ચાંપીને ભેટ્યા. પછી વાલમજીએ એમ કહ્યું કે, "તમે માગો. જે માગશો તે હું અત્યારે આપીશ." ૧૧.

ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા, "મંગળમૂર્તિ એવા હે યદુનાથ ! આપનો જય થાઓ. આપને હું મારા હૃદયમાં ભૂલીશ નહિ. આપ કરુણાના

સાગર છો તેથી આપે મને દર્શન દઈને મારું દુઃખ-સંકટ કાપ્યું છે. ૧૨. હે સુખનિધાન ! આપ સાંભળો. હવે હું જે માગું છું તે કહું છું. મારા ગુરુ ભગવાન સહજાનંદ સ્વામીએ આજ્ઞા કરી છે કે, ત્યાગી તથા ગૃહસ્થ સહુ હરિભક્તએ દ્વારકાની યાત્રા કરવી, એમ તેમણે કહ્યું છે. ૧૩-૧૪. સ્વામી બોલ્યા કે, જેટલા ગૃહસ્થ છે તે બધા તો ધન આપીને વિધિ પ્રમાણે ખુશીથી યાત્રા કરી શકે છે, પણ જે ધનનો ત્યાગ કરી ચૂકેલા ત્યાગી છે તે આપનાં દર્શન કેમ કરી શકશે ? તમે તો મૌન વ્રત લીધું છે, પણ આમાં ત્યાગીઓની શું દશા થાય ? ૧૫-૧૬.

પછી તો સ્વામીએ પોતાની આપવીતી કહી તથા ત્યાગીઓની પીડા વિશે પણ કહી સંભળાવ્યું. આ દ્વારકામાં અપાર લોકો પીડાય છે. તે બધાને જે રીતે સુખ થાય તેમ નિર્ધાર કરીને આપ કહો. ૧૭. જ્યારે હું ગોમતીમાં સ્નાન કરવા ગયો, ત્યારે હું ધન નહિ રાખતો હોવાથી મને સ્નાન કરવા દીધું નહિ અને આરંભડા ગામમાં ચારણને ઘણી પ્રાર્થના કરી તોપણ છાપો આપી નહિ. ૧૮. છેવટે મારે જ્યારે અગિયાર ઉપવાસ થયા ત્યારે આપ મુરારિનો મેળાપ થયો છે. જેટલા તીર્થમાં આવીને બેઠા છે તેમાં કોઈને ધન લેવા સિવાયની દયા હોતી નથી. ૧૯. ત્યાગીઓ પાસે આપવા માટેનું ધન હોતું નથી, તેથી જેટલા નિર્ધન છે તે પીડાય છે. હે ભગવન્ ! જે નિર્ધન હોય તે પણ તીર્થમાં સુખી થાય તેવું હું માગું છું તો તે વરદાન મને આપો. ૨૦. સહુને સારી રીતે તીર્થ થાય તેમ આપ કરો. આ મારી વિનંતિને આપ દિલમાં ધારો."

❋ દ્વારકાધીશે સચ્ચિદાનંદ સ્વામીને આપેલું વરદાન :

ત્યારે દ્વારકાનાથ વિચારીને બોલ્યા કે, "હે મુનિ ! હું સહુને માટે હિતકારી વચન કહું છું. તે મારી વાતને તમે સાચી માનો. હું તમારી બધી ઇચ્છાઓને પૂરી કરીશ. આ તીર્થમાં રહેનારા તો લોભી અને નિર્દય થઈ ગયા છે. તેથી ધન માટે મારા ભક્તોને પીડે છે. ૨૧-૨૨. લોકો અમારા માટે અપરંપાર કષ્ટને સહન કરે છે. તે લોકોને પીડીને જે ધન લેવામાં આવે છે, તે લેનારાઓને ક્યારેય ઉપયોગી નહિ થાય. ૨૩. જે લોકોની રક્ષા કરે

છે તેની પાસે રહેલું ધન જ સાર્થક છે, પણ લોકોને પીડીને જે ધન લે છે તેને કોઈ જન્મમાં ક્યારેય સુખ થતું નથી. આ મારી વાત સત્ય છે, પણ તેને લોભી લોકો નથી માનતા. તેથી તેને ભવિષ્યમાં એટલું દુઃખ થાય છે કે જે કહી શકાતું નથી. ૨૪-૨૫. **હે મુનિવર ! તમને અહીંના લોકોએ દુઃખ દીધું છે. માટે હું તમારી સાથે જરૂર આવીશ, તે નિશ્ચિત કહું છું. હે મુનિ ! હવે તમે જ્યાં કહો ત્યાં નિવાસ કરીને હું રહીશ. મને ધર્મ રુચે છે પણ અધર્મ ક્યારેય રુચતો નથી. જે સ્થાનમાં જ્યાં સુધી પ્રસિદ્ધ રીતે ધર્મ તથા દયા રહે છે, ત્યાં સુધી હું ત્યાં નિવાસ કરીને રહું છું."** ૨૬-૨૮.

ત્યારે સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા કે, "આપ વડતાલધામમાં આવીને નિવાસ કરો. ચરોતર જેવો કોઈ દેશ નથી. તે વૃંદાવન કરતાં પણ શ્રેષ્ઠ છે. ૨૯. એ દેશ આંબાનાં વૃક્ષથી છવાયેલો છે અને નિરંતર તેની ઘાટી છાંયા હોય છે. બીજાં વૃક્ષો પણ ત્યાં અપાર છે અને હજારો ચંદનનાં વૃક્ષ પણ છે. ૩૦. ગામેગામ ફૂલબાગ હોય છે. આપ તે સ્થાનમાં રહો. ત્યાંના પાટીદારો જમીનદાર છે. તેઓ ધર્મ અને અધર્મને સમજે છે. ૩૧. તે બધાને શાસ્ત્ર સાંભળવામાં ઘણો ભાવ છે અને સત્ય ધર્મ તેમને ગમે છે. જે અધર્મને માર્ગે ચાલે છે તેને તેઓ મનુષ્ય માનતા નથી. ૩૨.

જે સાધુ થઈને ધન કે સ્ત્રીને રાખે છે તેને તે સાધુ જ માનતા નથી, પરંતુ તેને જગતના મળના રૂપમાં દેખે છે. ૩૩. તેઓ સ્ત્રી-ધનનો ત્યાગ રાખનારાને જ ભાગ્યશાળી સંત માને છે. તેમને મુખે ભગવાન સિવાય બીજી કોઈ વાત હોતી નથી અને પોતાના મનને રાત-દિવસ ભગવાનની મૂર્તિમાં જોડી રાખે છે. ધર્મની રક્ષા માટે અને અપાર ચરિત્રો કરવા માટે ભગવાન અવતાર ધારણ કરે છે. તે ભગવાનનાં ચરિત્રોને ગ્રંથમાં તથા કીર્તનોમાં યથાર્થરૂપમાં ત્યાં રહેલા ભક્ત કવિઓ ગૂંથી લે છે. ભગવાન સમાન બીજા કોઈને ન જાણનારા કવિઓ 'ભગવાનના સંબંધવાળી વાતો મોક્ષના દ્વારરૂપ છે,' એમ જાણીને ગ્રંથમાં લખતા હોય છે. ૩૪-૩૭. તેઓ આપને પ્રસન્ન કરવા માટે જ બધી બાબતો કરતા હોય છે. આવી બધી બાબતો જ્યાં હોય તેને સત્સંગ કહેવાય છે. એવા સત્સંગમાં આપ સોહામણા

લાગશો. ૩૮. વળી, વૈકુંઠવાસી શ્રીલક્ષ્મીનારાયણ દેવ તે વડતાલ ગામમાં ઘણા દયા ભાવથી નિવાસ કરીને રહ્યાં છે. ૩૯. માટે અત્યારે તો આપ તે પ્રભુ લક્ષ્મીનારાયણમાં આવીને નિવાસ કરો અને શંખ, ચક્ર, ગદા અને પદ્મરૂપ છાપોને પણ સાથે લાવો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "સચ્ચિદાનંદ સ્વામીએ દ્વારકાધીશ પાસે વરદાન માગ્યું" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૦

ગઢડાથી શ્રીહરિ રણછોડજીના પરિવાર સાથે વડતાલ પધાર્યા અને રંગોત્સવ કરીને સહુને છાપો આપી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મુક્તાનંદ સ્વામી કહે છે કે, સચ્ચિદાનંદ સ્વામીએ યદુનાથના પ્રત્યે હાથ જોડીને જે કહ્યું અને તે મેં જેવું સાંભળ્યું છે, તે પ્રમાણે હું કહું છું. ૨. પ્રભુ દ્વારકાનાથને સ્વામીએ કહ્યું કે, "આપ ગોમતીને પણ સાથે લાવજો. જ્યારે આપ દ્વારકાથી વડતાલ આવશો ત્યારે આપનું નામ સદા ચરોતરમાં પણ ગુંજતું રહેશે. ૩. જ્યારે આપ વડતાલમાં નિવાસ કરો ત્યારે રુક્મિણી આદિક અષ્ટ પટરાણીઓને પણ સાથે લાવજો." ૪.

ત્યારે દ્વારકાનાથ મુનિના પ્રત્યે બોલ્યા, "તમે જે કહો છો તે બધાને હું લાવીશ. ખરેખર તો મેં વડતાલ આવવાની જ્યારે ઈચ્છા કરી ત્યારે જ તેને જાણીને તમારા ગુરુ ભગવાન સ્વામિનારાયણે તમને અહીં મોકલ્યા છે. હે મુનિવર ! તમે તો ધ્યાની છો, પણ તમારા ગુરુ અને અમારી આ જે વાત છે તેને તમે જાણતા નથી. અમે બંને તો એક જ છીએ, એમ તમે સાક્ષાત્ જાણો. ૫-૬. અમારા અનંતરૂપ હોવા છતાં પણ અમે એક જ છીએ. જે મૂઢ બુદ્ધિના લોકો હોય છે તેમને પોતાનું પણ લેશમાત્ર જ્ઞાન

હોતું નથી, છતાં અમારી બાબતમાં પોતાની બુદ્ધિ પ્રમાણે તર્ક કરે છે. ૭. અમારી બાબતમાં જેટલા તર્ક કરે તે બધા બાળબુદ્ધિના છે. બ્રહ્માથી લઈને અક્ષર પર્યંત અમારી બાબતમાં બાળક ગણાય છે. ૮.

❋ સત્સંગની દિવ્યતા અને આવશ્યકતા :

ભલે તે લોકો બીજું ગમે તેટલું અભિમાન કરે, પરંતુ તેમને તો પોતાની પણ કાંઈ ગમ હોતી નથી. ગમે તેવા પંડિત હોય તોપણ જ્યાં સુધી પોતાના જીવનો ઉદ્ધાર નથી કરતા, ત્યાં સુધી તે ચોક્કસરૂપમાં પશુ ગણાય છે. સત્સંગની સમજણ ન આવે તો કરોડો કલ્પ સુધી તે પશુમાં જ ખપે છે. ૯-૧૦. ભણનારાઓને સત્સંગે કરીને વેદ તથા પુરાણોનાં અર્થ સવળા ભાસે છે, તેથી જ તે અર્થ યથાર્થરૂપમાં સમજાય છે. ૧૧. સહુથી અધિક સત્સંગ કહેવાય તેવો આ સત્સંગ છે. જેમ તમે કહ્યું તેમ હું બધું કરીશ. હવે તમે ગોમતી નદીએ જાઓ. ૧૨. તમારા સંગાથી અયોધ્યાવાસીઓ ગોમતી તીર્થ ઉપર છે. તેઓ તમારી રાહ દેખે છે. માટે તમે જઈને તેમને મળો." ૧૩. આ રીતે સચ્ચિદાનંદ સ્વામીને કહીને ભગવાન તરત અંતર્ધાન થયા. ૧૪.

ગુરુ સહજાનંદ સ્વામીની કૃપાથી મને અત્યારે આ દિવ્ય દર્શન થયાં છે, એમ વિચાર કરતાં કરતાં સચ્ચિદાનંદ સ્વામી બેટ દ્વારકાથી તરત ચાલતા થયા. ૧૫. જ્યાં અયોધ્યાવાસી હતા ત્યાં આવીને તેમને ઘણા પ્રેમભાવથી મળ્યા. તે સહુનાં મુખ આનંદથી ખીલી ગયાં અને તે સુખી સુખી થઈ ગયા. ૧૬. પરસ્પર એકબીજાની કુશળતા પૂછી. મુનિવરે અમુક વાત કહી અને અમુક વાત ન કહી. તે દિવસ દ્વાદશીનો હતો. સહુએ ઘણા આનંદથી પારણાં કર્યાં. ૧૭.

જ્યારે સવાર થયું ત્યારે દ્વારકાને સંભારતાં સહુ ચાલ્યા. પછી જ્યારે દ્વારકાનું દુઃખ દિલમાં સંભારીને સૂતા ત્યારે સ્વપ્નમાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થતાં હતાં. ૧૮. રણછોડરાયજી ચોક્કસ સાથે આવતા હતા, તેમાં કાંઈ ખોટું ન હતું. દ્વારકાના બધા તીર્થસમાજને સાથે લઈને આવતા હોય એવાં નિત્ય દર્શન કરતાં હતાં. આ રીતે સહુ ગઢપુર આવ્યા. સાંજને સમયે

શ્રીહરિવર સભામાં આવીને જ્યારે બેઠા હતા ત્યારે ત્યાં આવીને સહુએ દંડવત્પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિએ તેમને હેતથી પાસે બોલાવ્યા અને કહ્યું કે, "તમે દ્વારકાની યાત્રા કરીને ભલે આવ્યા. તમારી ભક્તિને ધન્ય ધન્ય છે." ૧૯-૨૧. પછી મુનિવર સચ્ચિદાનંદ સ્વામી બોલ્યા કે, "અમે બધા આપના પ્રતાપથી સકુશળ અહીં પાછા આવ્યા છીએ, પણ ત્યાંનું દુઃખ તો કહી શકાતું નથી." ૨૨. સ્વામીના શબ્દ સાંભળીને સભામાં જેટલા ત્યાગી સંતો બેઠા હતા તે બધા ઘણા ઉદાસ થઈ ગયા અને સહુએ શ્રીહરિને કહ્યું કે, "ત્યાગીઓએ દ્વારકા જવું તે યોગ્ય નથી." ૨૩.

પછી દ્વારકાધીશે જે રીતનું વરદાન આપ્યું તે બધી વાત સચ્ચિદાનંદ સ્વામીએ હરખથી કરી. ત્યારે બધા ત્યાગીઓ અપાર પ્રસન્ન થયા. ૨૪. તે વખતે ભગવાન સહજાનંદ સ્વામીએ બધી વાત સાંભળીને તે વાત સહ સ્વામીનો સત્કાર કર્યો અને બોલ્યા કે, "તમે બધા સાધુ અપાર ભાગ્યશાળી છો." ત્યારે તે મુનિએ હાથ જોડીને કહ્યું કે, "હે મહારાજ ! આ બધો પ્રતાપ તો આપનો છે. હવે આપ વડતાલ ચાલો, લગાર પણ વિલંબ કરશો નહિ." ૨૫-૨૬. ત્યારે ભગવાન શ્રીહરિ રાજી થઈને બોલ્યા કે, "હવે વડતાલ તો નિશ્ચિત જવાનું છે. ૨૭. ફાગણ સુદિ પૂનમને દિવસ ફૂલદોલ છે, માટે હવે આપણે તે દિવસનો ઉત્સવ કરવા જવાનું છે." ૨૮.

શ્રીહરિએ બધા ત્યાગી અને બાઈ-ભાઈ ગૃહસ્થને કાગળ લખીને ફૂલદોલના ઉત્સવમાં વડતાલ બોલાવ્યાં. બધા સંતો આનંદથી ભગવાનનું સ્મરણ કરતાં કરતાં તે રાતે સૂતા. ૨૯. સહુએ સ્વપ્નમાં રુકિમણીજીએ સહિત સુશોભિત એવા રણછોડરાયજીનાં દર્શન કર્યાં અને સવારમાં ઊઠ્યા પછી સહુ સંતોએ પરસ્પર તે વાત કહી. ૩૦. સહુએ ગુરુ સ્વામી સહજાનંદજીની આગળ સ્વપ્નમાં જે રીતે દર્શન થયાં હતાં તે બધી વાત કહી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તે વાત સાચી છે. સહુ વડતાલ જવાની તૈયારી કરો." ૩૧.

પછી બહુનામી સર્વ સુખનું મૂળ એવા ભગવાન શ્રીસહજાનંદ સ્વામી સંત હરિભક્તોની સાથે તેમજ અયોધ્યાવાસીઓની સાથે ફાગણ સુદિ સાતમને દિવસ ગઢપુરથી વડતાલ જવા ચાલતા થયા. ૩૨. ઉત્સવ ઉપર

પહોંચવાની તૈયારી કરીને સાથે અશ્વોની સવારી લીધી. શ્રીહરિએ ડાબા હાથમાં અશ્વની લગામ પકડી અને પોતાની સાથે ઘણા શૂરવીર યોદ્ધા ભક્તો હતા. ૩૩. શ્રીહરિની માણકી ઘોડી સોનેરી સાજથી સોહામણી લાગતી હતી. શ્રીજીમહારાજે પોતે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. લલાટમાં કેસરયુક્ત તિલક અને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો હતો. શ્રીહરિનું નૌત્તમ અદ્‌ભુત સ્વરૂપ ભક્તજનોનાં મનને હરી લે એવું હતું. ૩૪. મજલે મજલે સંઘે સહિત ગામની બહાર ઉતારા કરતાં કરતાં પ્રથમ **કુંડળ**, પછી **ખસતા**, ત્રીજું **બોરું** અને ચોથા **સીંજીવાડે** જઈને રાત રોકાયા. ૩૫.

ફાગણ સુદિ એકાદશીને દિવસે શ્રીહરિ **વડતાલ** આવ્યા, ત્યારે તેમની સાથે સંતો પણ હતા. તે જ દિવસે રાણી રુક્મિણી વગેરેને સાથે લઈને દ્વારકાનાથ રણછોડજી પણ વડતાલ આવ્યા. ૩૬. વડતાલમાં લક્ષ્મીનારાયણરૂપે શ્રીકૃષ્ણ રહ્યા છે, એમ ઘણા દેશના ભક્તોએ ત્યાં દર્શન કર્યાં. ૩૭. કારણ કે, તે સમયે જ દ્વારકાથી વડતાલ આવેલા રણછોડજીએ તે મંદિરમાં લક્ષ્મીનારાયણની મૂર્તિમાં નિવાસ કર્યો હતો. ૩૮. તે સમયે ત્રિલોકીમાં જયજયકાર થઈ ગયો. સહુને અપાર આનંદ થયો અને જેટલી જાતનાં વાજિંત્રો હતાં તે વાગવાં લાગ્યાં. ૩૯. પછી વડતાલમાં ફૂલદોલને દિવસે કોઈ દિવસ ન કર્યો હોય તેવો અદ્‌ભુત ઉત્સવ કર્યો. ૪૦.

ભગવાન સહજાનંદ સ્વામીએ લક્ષ્મીનારાયણ દેવના સ્વરૂપમાં દ્વારકાધીશ રણછોડજીની ઘણા ઉપચારોથી પૂજા કરી. સહુ હરિભક્તોએ પણ ઘણા પ્રેમથી પૂજા કરી. ૪૧. જે દિવસથી દ્વારકાધીશ બધાં તીર્થોને સાથે લઈને દ્વારકાથી વડતાલ આવ્યા, ત્યારે તે તીર્થો ગામની પાસે ઉત્તર દિશામાં સુંદર તળાવ છે ત્યાં રહ્યા. ૪૨. ત્યાંના ચારેય તરફને કિનારે આંબાની ઘાટી છાયાવાળા બગીચાઓ છે. તે વૃક્ષોમાં અપાર ફળો ઝૂકી રહ્યાં હતાં. ૪૩. શ્રીકૃષ્ણે કહ્યું ત્યારે લોકોનાં પાપને ધોવા માટે તે તળાવમાં ગોમતીજી રહ્યા. તેમજ બીજા દેવતાઓ અને ઋષિ-મુનિઓનાં જે તીર્થો હતા, તે બધાંનો નિવાસ પણ વાલમજી શ્રીહરિએ કહ્યું તે પ્રમાણે ગોમતી અને વડતાલની આસપાસમાં કરાવ્યો.

પછી દ્વારકાનાથે ભગવાન શ્રીહરિને સ્વપ્નમાં આવીને કહ્યું કે, ૪૪-૪૫. "હવે મારા ચારેય આયુધોની સુંદર છાપો કરાવો અને પછી બધા સંતો, વર્ણી અને હરિભક્તોને તે છાપથી અંકિત કરો." ૪૬. રણછોડજીનું વચન સાંભળ્યા પછી શ્રીહરિએ જૂનાગઢમાં રહેતા ભુજના નારાયણજીભાઈ સુતારની પાસે તે પવિત્ર આયુધોની છાપો કરાવી. ૪૭. તે બાર છાપ કરીને લાવ્યા. તે શ્રીહરિની આગળ મૂકી ત્યારે તેના ઉપર ગોપીચંદન લગાવીને પ્રથમ શ્રીહરિએ લીધી. ૪૮. શ્રીહરિ જ્યારે વડતાલ આવતા ત્યારે આરામ કરવા માટે વાસણ સુતારને ઘેર રહેતા હતા. ૪૯. તેમના મકાનની પાછળ વાડામાં જવાનું બારણું હતું. તે વાડામાં એક સુંદર મંડપ બંધાવ્યો અને નીચે લીંપણ કરાવ્યું. ૫૦.

શ્રીહરિ સવારે અને સાંજે રોજ ત્યાં આવીને સ્નાન કરતા હતા અને ત્યાં જ બેસીને બે વખત થાળ જમતા હતા. ૫૧. જેટલી છાપો હતી તે બધી શ્રીહરિએ પ્રસાદીની કરી આપી. પછી તે બ્રહ્માનંદ સ્વામીને આપી. ૫૨. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામી વગેરે સંતો શ્રીહરિની સમીપે બેઠા હતા. ત્યારે શ્રીહરિની આજ્ઞાથી નારાયણજીભાઈએ તે છાપોને તપાવીને તે સહુ સંતોને છાપ આપી. તે છાપો અતિશય સુંદર છપાઈ. શ્રીહરિ તેને દેખીને ખૂબ જ રાજી થયા. સુખકારી શ્રીહરિ થાળ જમ્યા. પછી જે સંતોએ ત્યાં છાપો લીધી હતી તેમને થાળની પ્રસાદી આપી.

✵ વડતાલમાં ભવ્ય રંગોત્સવ :

પછી લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાછળના ભાગમાં એક બેઠક રચી હતી, ત્યાં આવીને શ્રીહરિ વિરાજમાન થયા. પછી સંતો, વર્ણી અને સર્વે હરિભક્તોની સભા ભરાઈને ત્યાં બેઠી. ૫૩-૫૭. શ્રીહરિએ ધૂલેટીને દિવસે રંગ ઉડાડ્યો. તે રંગ કેસર, કેસુડા અને પતંગનો બનાવ્યો હતો. તે રંગથી શ્રીહરિએ સંતો અને હરિભક્તોને ભરી દીધા. ૫૮. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા ત્યારે ગુલાલ ઉડાડવા લાગ્યા. મંદિરની ફરતો જેટલો ચોક

છે તે બધાને રંગ રંગ અને ગુલાલમય કરી દીધો. ૫૯.ત્યાં રંગનો કીચડ કરી દીધો. તેની એવી શોભા બની કે જે કહી શકાતી નથી. નંદરામજી, ગોપાલજી અને સીતારામજીએ કેસરનો રંગ લઈને શ્રીહરિ ઉપર નાંખ્યો. કારણ કે, તેમને શ્રીહરિ ઉપર બહુ હેત હતું. ૬૦-૬૧. જેટલા અયોધ્યાવાસીઓ હતા તે બધાએ કેસરનો રંગ બનાવીને શ્રીહરિ ઉપર નાંખ્યો હતો. ૬૨. જ્યાં સુધી શ્રીહરિ રંગ ઉડાડતા રહ્યા ત્યાં સુધી વિવિધ પ્રકારનાં વાજિંત્ર ઉત્સાહભેર વાગી રહ્યાં હતાં. ૬૩. જ્યારે શ્રીહરિ ગુલાલ ઉડાડવા લાગ્યા ત્યારે તેની ડમરી ચૌદ લોક સુધી પહોંચી ગઈ. ૬૪. તે ગુલાલની ડમરીને જોઈને દેવતાઓ પણ પોતાના મનમાં કૃતાર્થ માનવા લાગ્યા અને બોલતા કે, ‘જ્યાં શ્રીહરિ વિચરે છે તે ભૂમિને ધન્ય છે.’ ૬૫.

चोपाई :

धन्य यह मनुष्य पशु तरु जेही, धन्य वेलि सर सरिता तेही;
सब बात ओर मिलत रहाते, दुल्लभ यह कछु न कहाते...६६
सत्संग प्रगट हरि हि ताके, जोग मिलना दुल्लभ रहे वाके;
देव इमि जेते वार हि वारा, सराहत रहायेउ अपारा...६७

જ્યાં શ્રીહરિ વિચર્યા છે તે ભૂમિમાં રહેનારા મનુષ્ય, પશુ, વૃક્ષ, વેલી, સરોવર અને નદી આ બધાંને ધન્ય છે. કેમ જે, બીજી બધી બાબતો તો મળી શકે છે, તે કાંઈ દુર્લભ કહેવાતી નથી; પણ સત્સંગ અને પ્રગટ શ્રીહરિનો યોગ મળવો તે અતિશય દુર્લભ છે. આવી રીતે દેવતાઓ વારંવાર સહુની અપાર પ્રશંસા કરતા હતા. ૬૬-૬૭. જ્યારે શ્રીહરિ રંગે રમી રહ્યા, ત્યારે પ્રેમાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, દેવાનંદ સ્વામી અને જ્ઞાનાનંદ સ્વામી ઈત્યાદિક દસ-બાર સંતો દોકડ તથા સરોદ આદિક વાજિંત્રોને લઈ વસંત, હોરી તથા ધુમારનાં પદો પ્રેમ મગ્ન ભાવથી બોલવા લાગ્યા. ૬૮-૬૯.

જ્યારે સંતો ઉપર કહેલાં પદો બોલી રહ્યા, ત્યારે શ્રીહરિએ સહુને કહ્યું, “પહેલા જેટલા સંતો અને વર્ણીઓ છો તે બધા છાપ લઈ લો. પછી જે હરિભક્તો છો તે બધાએ છાપ લેવી.” શ્રીહરિએ જે રીતે કહ્યું તે રીતે બધા કરવા લાગ્યા. ૭૦-૭૧. સંતો જ્યારે છાપ લઈ રહ્યા, તે વખતે

હરિભક્તો છાપ લેવા લાગ્યા. હરિભક્તો બહુ ઝાઝા હતા. તેથી તે સહુને દેખીને શ્રીહરિ બોલ્યા, “અમારી આજ્ઞાએ કરીને નારાયણજીભાઈ સુતાર આ મંદિર છે ત્યાં હરિભક્તોને છાપો આપે અને આધારાનંદ સ્વામી ગોમતી કિનારે બેસી હરિભક્તોને છાપો આપે એવી અમારી આજ્ઞા છે.” ૭૨-૭૪. બ્રહ્માનંદ સ્વામીની પાસે છાપો હતી. તેથી શ્રીહરિએ તેમને કહ્યું કે, “તમે તે છાપો મગાવી દો.” પછી બ્રહ્માનંદ સ્વામીએ તરત તે છાપો મગાવીને શ્રીહરિને આપી. તે વખતે શ્રીહરિ ગોમતીને કિનારે બેઠા હતા. ૭૫-૭૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં “ગઢડાથી શ્રીહરિ રણછોડજીના પરિવાર સાથે વડતાલ પધાર્યા અને રંગોત્સવ કરીને સહુને છાપો આપી” એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૧

શ્રીહરિએ ભક્તોને છાપો અપાવી, ગોમતી તળાવ ગળાવ્યું અને મંદિર માટે સહુ માથે ઉપાડીને ઈંટો લાવતા હતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ બ્રહ્માનંદ સ્વામી પાસેથી જે છાપો મગાવી હતી, તે રાજી થઈને આધારાનંદ સ્વામીના હાથમાં આપી. પછી પોતાના કંઠમાં પહેરેલો ગુલાબનો હાર હતો તે તત્કાળ ઉતારીને સ્વામીને પહેરાવ્યો. ૨-૩. ગોમતીથી પૂર્વ દિશા તરફ ઘણી સારી જાતના આંબાઓ હતા. તેની છાંયા ઘણી ઘાટી હતી. શ્રીહરિએ ત્યાં એક આંબાને ફરતો ચારે બાજુ વીશ-પચીશ હરિભક્ત બેસે તેટલો ઈંટો મૂકીને કોટ તરત કરાવી દીધો. ૪-૫. જે હરિભક્તો છાપ લે તે બધા તેના દ્વારથી અંદર પેસે અને ત્યાંથી બહાર નીકળતા હતા. તે સહુ છાપ લઈને શ્રીહરિનો ચરણસ્પર્શ કરતા હતા. જ્યાં છાપો આપતા હતા, ત્યાં શ્રીહરિએ ચોકી માટે ચાર પાર્ષદો રાખ્યા હતા. શ્રીહરિ જ્યાં સુધી વડતાલમાં રહ્યા

ત્યાં સુધી હરિભક્તો સવારથી સાંજ સુધી શ્રદ્ધાભાવથી છાપો લેતા અને તે છાપ નિમિત્તે અડધો રૂપિયો ભેટમાં ધરતા હતા.

ગોમતી તળાવ ઘણું છીછરું હતું. તેથી શ્રીહરિએ પ્રસન્ન થઈને સંતો તથા હરિભક્તોને તેનો ગાળ કઢાવવા માટે કહ્યું. તે વખતે કચ્છ દેશના સુતાર હરિભક્તો ત્યાં આવ્યા હતા. ૬-૯. લાલજી, માવજી તથા હીરજી એ નામે તે હરિભક્ત સુતારોએ શ્રીહરિની પાસે આવીને કહ્યું, "અમે મોટાં હળ બનાવી દઈએ. ૧૦. ત્રણ હળ જો ફરતાં રહે તો ઘણી જમીન ઊખડે." ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "જે રીતે ગાળ નીકળે તે રીતે તમે કરો." ૧૧. પછી તે ભક્તો હળ બનાવીને લાવ્યા અને તે ગોમતીમાં ચાલવાં લાગ્યાં. તેથી અપાર માટીનો ગાળ નીકળવા લાગ્યો. ગાળ કાઢનારા સંતો અને હરિભક્તો અપાર હતા. ૧૨. શ્રીહરિ પણ સહુની સાથે પોતાના રૂમાલમાં ગાળ લઈને કાઢતા હતા. સંતો તથા હરિભક્તો પોતાના વસ્ત્રમાં ગાળ લેતા હતા. ૧૩.

✻ વડતાલમાં વિશેષ ગોમતી ગાળવાનો આરંભ :

ફાગણ વદિ ત્રીજને દિવસે સર્વ પ્રથમ શ્રીહરિએ ગોમતીમાંથી ગાળ લઈને બહાર કાઢ્યો હતો. ૧૪. ચૈત્ર સુદિ એકાદશી સુધી શ્રીહરિ વડતાલમાં તે વખતે રહ્યા હતા. ૧૫. રોજ દિવસ એક પહોર ચઢે, ત્યાં સુધી શ્રીહરિ ગોમતીમાંથી ગાળ કઢાવતા હતા. ૧૬. દિવસ એક પહોર પાછલો રહ્યો ત્યારે મંદિરના મંડપના પરથાર કરવાનો આરંભ કર્યો. તે સેવા કરવાનો સંતો અને હરિભક્તોમાં ઘણો હરખ ભર્યો હતો. ભક્તિપ્રિયાનંદ સ્વામી તથા અચ્યુતાનંદ સ્વામી ઈંટોને ગોઠવવા માટે રોજ માટીનો ગારો કરતા હતા. સહુ સંતો મળીને મંદિરના પાયા પાણી નીકળે ત્યાં સુધી ગાળતા હતા. તે કામમાં ગામનાં જેટલાં હરિભક્ત બાઈ-ભાઈ હતાં તે સહુ આવતાં હતાં. ૧૭-૧૯. સહુ ઈંટોને પોતાનાં માથાં ઉપર લાવતાં હતાં, જેનાથી જેટલી ઊપડે તેટલી લેતાં હતાં. હરિભક્ત મોટા અમીન પાટીદારોના ઘરની બાઈઓ ક્યારેય ઘરનું કામ પણ કરતી નહિ, તોપણ શ્રીહરિને રાજી કરવા માટે માથાં ઉપર ઈંટો લાવતી હતી. શ્રીહરિ તે બાઈઓને 'ના' કહેતા તોપણ તે બંધ થતી નહિ. ૨૦-૨૧. રોજ એક લાખ ઈંટ સહેજે આવતી હતી, તેમાં

કોઈને થાક દેખાતો નહિ. રોજ જેટલી ઈંટો આવતી હતી તે મંદિરનો મંડપ તૈયાર કરવાના પાયામાં વપરાઈ જતી હતી. ૨૨. સંતો અને હરિભક્તોની મહેનત જોઈને શ્રીહરિ સંધ્યા આરતી કર્યા પછી નિત્ય અમૂલ્ય વાતો કરતા હતા કે જે વાતને તુલ્ય બીજી કોઈ વાત આવે નહિ. ૨૩.

❋ કરે સેવા તો મળે મીઠા મેવા :

એક એક હરિભક્તને કદાચ રોજ કરોડ કરોડ રૂપિયા મળતા હોય, પરંતુ તે ધન તો બધું અનિત્ય ગણાય છે. ૨૪. આ મંદિરની સેવા બ્રહ્માદિક દેવતાઓ રાત-દિવસ ઈચ્છતા હોય તોપણ મળે નહિ, તે વાત ખરેખર સાચી છે. ૨૫. **એક દિવસ તો સુખદાયક શ્રીહરિ રાજી થઈને સહુ સંતોને ભેટ્યા અને સેવા કરનારા સહુ સંતોને શ્રીહરિએ ધન્યવાદ આપ્યા. ૨૬. આ રીતે દસ દિવસમાં મંદિરનો પરથાર અને મંડપ પૂરો કર્યો. તેટલીવારમાં રામનવમીનો દિવસ આવ્યો.** ૨૭.

જ્યારે રામનવમી નજીક આવી ત્યારે દેશદેશના અપરંપાર હરિભક્તો વડતાલ આવ્યા. તે દિવસોમાં શ્રીહરિએ પોતાની બેઠક ગામ બહાર કરી. ૨૮. તે બેઠક ગોમતીને કિનારે કરી. જે હરિભક્તો આવતા હતા તે શ્રીહરિને માટે ફૂલના હાર લાવતા અને ઘણા પ્યારથી શ્રીહરિને પહેરાવતા. ૨૯. સંતો ત્યાં બેસીને કીર્તન ગાતા હતા અને ક્યારેક તો રાસના રૂપમાં ફરીને કીર્તન ગાતા હતા. ક્યારેક શ્રીહરિ ધર્મ અને નિયમની વાતો કહેતા. ૩૦. કોઈ વખતે પ્રશ્ન ઉત્તર કરતા ત્યારે હર કોઈ ભક્ત આવીને પ્રશ્ન પૂછતા. શ્રીહરિ જે સ્થળે વિરાજમાન હોય માનો તે સ્થળ ગોલોક ધામ હોય તેવું જણાતું હતું. ૩૧. અથવા તો માનો અક્ષરધામ બન્યું હોય કે વૈકુંઠધામ, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ, વૃંદાવન અને ગોકુળના જેવું એ સ્થાન ભક્તજનોને જણાતું હતું. ૩૨. ભગવાનનાં જેટલાં ધામ કહેવાય છે તે બધાં ધામના જેવી અહીંયા શોભા થઈ હતી. જેવી શોભા થઈ હતી તે મારાથી કહી શકાતી નથી. ૩૩. જેના અંતરમાં સત્સંગ રહ્યો હોય તેને તે દેખ્યામાં આવતું હતું. પરંતુ સત્સંગ જે રીતનો છે તે રીતે જાણવો કઠણ છે. ૩૪.

✻ જે સત્સંગને નિર્દોષ કહે તે સદા આનંદમાં રહે :

दोहा : निरदोष हि जितनी बात हि, सत्संग यह रहात;
दोष रहायेउ जितना, कुसंग तेहि कहात...३५
हरि पर हित जितना जो, सत्संग पर हि जेहु;
जितना रहे हित जोहु, सत्संग रहे तेहु...३६

सोरठा : चाय तेसि जो बात, हरि सम हि न देखत कबहु;
सत्संग यह कहात, सत्संग सम न देखत जब...३७
चिंतामनि काच में, फरक रहाये जो जिमि;
सत्संग कुसंग में, फरक यह रहाये तिमि...३८

જેટલી નિર્દોષ બાબતો હોય તે સત્સંગ કહેવાય છે અને જેટલી દોષયુક્ત બાબતો હોય તે કુસંગ કહેવાય છે. ૩૫. જેટલું ભગવાન ઉપર હેત હોય તેટલું સત્સંગ ઉપર હેત હોય તો તેને સત્સંગ થયો કહેવાય. ૩૬. ગમે તેવી વાત હોય પણ તેને ક્યારેય શ્રીહરિના સમાન દેખે નહિ તથા સત્સંગના સમાન દેખે નહિ, ત્યારે તે સત્સંગ કહેવાય છે. ૩૭. જેમ ચિંતામણિ અને કાચમાં તફાવત છે, તેમ સત્સંગ અને કુસંગમાં તફાવત છે. ૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ ભક્તોને છાપો અપાવી, ગોમતી તળાવ ગળાવ્યું અને મંદિર માટે સહુ માથે ઉપાડીને ઈંટો લાવતા હતા" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૨

શ્રીહરિ વડતાલમાં રામનવમી કરી ભક્તોને દર્શન દેતાં ગઢપુર જવા નીકળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. રામનવમીના દિવસે શ્રીહરિનો ૪૩ મો જન્મદિવસ છે, એમ જાણીને હરિભક્તોએ રંગ બનાવ્યો હતો. ૨. હુતાશની ઉપર જે હરિભક્તો વડતાલ આવી શક્યા

ન હતા, તેમણે શ્રીહરિની રંગક્રીડા દેખી ન હતી. તે સહુને શ્રીહરિની રંગક્રીડાનાં દર્શન કરવાનો ભાવ હતો. તેમનો ભાવ જોઈને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા અને રંગ ખેલવાની હા કહી. તેથી તે સહુ હરિભક્તો શ્રીહરિ પાસે રંગ લાવ્યા. ૩-૪.

વડોદરા શહેરના લાલદાસ મારુ નામે સોની હરિભક્ત બહુ પ્રેમી હતા. શ્રીહરિના ઉપર તેને જે ભાવ હતો તે ન કહી શકાય તેવો હતો. ૫. તે ચાંદીની એક પિચકારી કરીને લાવ્યા હતા. તે પિચકારી શ્રીહરિના હાથમાં આપી. શ્રીહરિએ પિચકારીમાં રંગ ભરી ભરીને સંતો તથા હરિભક્તોની સભા ઉપર રંગ નાખ્યો. માનો, વરસાદની ઝડી હોય એમ રંગ નાખ્યો. જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે સહુને રંગથી નખશિખ ભરી દીધા. ૬-૭. જેટલા અયોધ્યાવાસી હતા તે બધાને પણ શ્રીહરિએ રંગથી ભરી દીધા. શ્રીહરિ રંગની પીચકારી ભરીને જ્યારે નાખતા ત્યારે તેમાંથી હજારો રંગની શેડ છૂટતી દેખાતી હતી. તે વખતે સર્વ ભક્તજનો 'જય જય.. જય જય..' એમ બોલતા હતા અને આનંદના સાગરમાં ઝૂલી રહ્યા હતા. તે વખતે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને અપાર શોભા બની હતી. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા ત્યાર પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. જેટલામાં સભા બેઠી હતી તેટલો ભૂમિનો ભાગ રંગ અને ગુલાલે કરીને ભરાઈ ગયો હતો. ૮-૧૧.

જ્યારે શ્રીહરિ રંગ અને ગુલાલ ઉડાડી રહ્યા, ત્યારે સંતો અને વર્ણીઓ એ બધા કેસરયુક્ત ચંદન લઈને આવ્યા અને તેનાથી શ્રીહરિની પૂજા કરી. ૧૨. તે સમયે શ્રીહરિની નખથી શિખા પર્યંત મૂર્તિ ઉપર ઘણા ભાવથી કેસરયુક્ત ચંદન ચર્ચ્યું. ૧૩. જેટલામાં ગોમતી તળાવ છે તે બધી ભૂમિ ઉપર ઘણા દિવસ સુધી સવારે અને સાંજે શ્રીહરિ ખૂબ ફર્યા હતા અને તે ભૂમિને પોતાનાં ચરણોથી અંકિત કરી હતી. ૧૪. જ્યારે શ્રીહરિ સંતો તથા હરિભક્તોને સુખ આપીને વડતાલથી ચાલતા થયા, ત્યારે સુતાર નારાયણજીભાઈને કહ્યું કે, **"તમે વડોદરા જાઓ અને આ વાસુદેવનારાયણની બે ધાતુની મૂર્તિઓ હવે કરાવી લાવો."** ૧૫-૧૬.

આમ કહ્યા પછી શ્રીહરિએ ગઢપુર જવા માટેની તૈયારી કરી. સંતોએ સહિત બધી અસવારી સાથે ચાલી. શ્રીહરિ **ઝોળ**, **કરમસદ**, **ગાના**, **નાપા** અને **પામોલ** થઈને **દાવોલ** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ૧૭-૧૮. ત્યાં ગામથી પૂર્વ દિશામાં એક ખેતરમાં ઉતારો કર્યો ને ત્યાં પલંગ ઉપર શ્રીહરિ બેઠા. જ્યારે ચંદ્રોદય થયો ત્યારે ચારેય બાજુ સંતોની સભા બેઠી. તે ચકોર જેમ ચંદ્રને નીરખે તેમ સંતો શ્રીહરિનાં દર્શન કરતા હતા. દાવોલ ગામના રઘુનાથદાસ આદિ જે પાટીદાર હરિભક્તો હતા તે શ્રીહરિની સેવા કરવા લાગ્યા. એક ગુમાનજી કરીને કોળી હરિભક્ત હતા તેણે પણ શ્રીહરિને ઘણા રાજી કર્યા. ૧૯-૨૧. બામણગામના જે પાટીદાર હરિભક્તો હતા, તે સર્વ પાટીદાર હરિભક્તોએ મળીને રઘુનાથ નામે હરિભક્ત બારોટને શ્રીહરિ પાસે મોકલ્યા અને શ્રીહરિને કહેવડાવ્યું કે, "જ્યારે આપ દાવોલ ગામથી ચાલો ત્યારે સહુ સંતોએ સહિત કૃપા કરીને અમારે બામણગામ જરૂર પધારો. અમને સહુ હરિભક્તોને પૂર્ણ ભાવ છે. ૨૨-૨૩. અમારાથી જેવી થશે તેવી આપની સેવા કરશું. આપનાં દર્શન તો ઘણા દુર્લભ છે. માટે અમે વિનંતિ કરીએ છીએ કે તે દર્શન અમારે માટે સુગમ કરો." ૨૪.

ત્યારે તે રઘુનાથ બારોટ પાસે શ્રીહરિ બોલ્યા, "જેટલા સંતો છે તે બધાને તમે પહેલા લઈ જાઓ. અમે પછી આવશું. સંતો આવ્યા એટલે અમે આવી ગયા. તમે જઈને રસોઈ કરાવો. અધરાત પછી સહુ ચાલજો. અમે સવારમાં આવશું." ૨૫-૨૬. અધરાત પછી બધા સંતો બામણગામ જવા ચાલતા થયા. પાછળ એક પણ ન રહ્યા અને શ્રીહરિ તો ગઢપુર જવા ચાલતા થઈ ગયા. ૨૭. જે સંતો હતા તે બધા બામણગામ પહોંચી ગયા. ત્યારે ગામના બધા હરિભક્તો સામૈયું લઈને તૈયાર થયા. ૨૮. ઢોલ અને તાંસાં જેવાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. શ્રીફળ અને નિશાન લઈને દિવસ એક પહોર ચઢ્યો ત્યાં સુધી સહુ વાટ જોઈ રહ્યા. ૨૯. 'શ્રીજીમહારાજ હમણાં આવે છે... હમણાં આવે છે...' એમ સહુ સંતો કરતા રહ્યા અને લાડુની રસોઈ તૈયાર કરી. સહુને ઘણો ભારે ઉત્સાહ હતો. ૩૦. શ્રીહરિ આવશે નહિ એવું કોઈનાં મનમાં ન હતું. દિવસ દોઢ પહોર ચઢ્યો ત્યાં સુધી

સહુને દિલમાં ચોક્કસ આશા રહી હતી. ૩૧. દિવસ દોઢ પહોર ચઢ્યો છતાં શ્રીહરિ ન આવ્યા, ત્યારે આવવાની આશા છોડી દીધી. પછી સંતો જમ્યા અને ત્યાં રાત રોકાયા. ગામથી ઉત્તર દિશામાં જ્યાં વડલાનું એક ઝાડ હતું ત્યાં રાતે બ્રહ્માનંદ સ્વામીએ સંતોનાં મંડળ બાંધ્યાં અને સત્સંગ કરાવવાના દેશો નક્કી કર્યા. પછી સવારમાં સહુને જવાની રજા આપી. ૩૨-૩૩.

શ્રીહરિ દાવોલથી જ્યારે નીકળ્યા તે પછી **બોરસદ**, **બોચાસણ** અને **ઊંટવાડા** ગામ થઈ **બુધેજ** આવ્યા અને ત્યાં રાત રહ્યા. ૩૪. ખોડાભાઈ તથા તેજાભાઈ કુટુંબે સહિત સારા હરિભક્ત હતા. તેણે ઘણા ભાવથી શ્રીહરિની સેવા કરી. રસોઈ કરાવીને શ્રીહરિને જમાડ્યા. ૩૫. ઘનશ્યામ શ્રીહરિ બુધેજથી સવારે ચાલ્યા તે **ગોરાડ** ગામ આવ્યા. ત્યાં કાંધાજીને ઘેર ગયા. કાંધાજીને શ્રીહરિના ઉપર કહી ન શકાય તેવું અપાર હેત હતું. ૩૬. તેણે દહીંથી ભરેલાં દસ-બાર જેટલાં પાત્ર આપીને સવારીએ સહિત શ્રીહરિને દહીં જમાડ્યું. ૩૭. ગોરાડથી દહીં જમીને શ્રીહરિ ચાલ્યા તે **ગલિયાણા** ગામ આવીને સાબરમતી નદીને ઊતર્યા. ૩૮. ગલિયાણા ગામના કરણાભાઈ આદિક હરિભક્તો શ્રીહરિને નદી ઉતરાવવા ઘણા ભાવથી આવ્યા હતા. તેનો ભાવ કહી શકાતો નથી, એવા તે ભાવિક હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલમાં રામનવમી કરીને ભક્તોને દર્શન દેતાં ગઢપુર જવા નીકળ્યા" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૩

શ્રીહરિએ નાની બોરૂમાં સચ્છાસ્ત્ર આદિ આઠને સેવવાની વાત કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ સાબરમતી નદી ઊતરીને **વારણા** ગામ આવ્યા. તે ગામના બધા હરિભક્તોએ આવીને ભાવ સહિત શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા

તે **મોટી બોરૂ** ગામ આવ્યા. ૨-૩. તે ગામના હરિભક્તોએ ભાવ સહિત શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી ત્યાંથી શ્રીહરિ પ્રેમે કરીને નાની બોરૂ આવ્યા. અહીં આવીને શ્રીહરિ રાત રહ્યા અને ત્યાં ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધાએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિની સેવા કરી. ૪-૫. પ્રેમભાવથી રસોઈ કરાવી તે શ્રીહરિ હેતથી જમ્યા. શ્રીહરિની સાથે જેટલા હતા તે સહુને પણ જમાડ્યા. ૬. ગામના બધા હરિભક્તો જમીને આવ્યા અને શ્રીહરિની આગળ બેઠા. ત્યારે શ્રીહરિએ તેમની આગળ વાતો કરી, તે વાત હવે હું કહું છું. ૭.

❋ સમજણનો સત્સંગ નેણ, વેણ અને સેવામાં દેખાય છે :

બ્રહ્માંડમાં અપાર વાતો છે તેનો કહેતાં પાર આવતો નથી, પણ સત્સંગ સમાન કોઈ વાત નથી; એવું જ્યારે દેખાય ત્યારે તેનો સત્સંગ પૂરો થયો કહેવાય. જેવો સત્સંગ હોય તે સમજણમાં જરૂર દેખાય છે અને સેવા કરવામાં તો સત્સંગ મૂર્તિમાન દેખાઈ આવે છે. ૮-૯. **અંતરમાં જેવો સત્સંગ રહ્યો હોય તે ભાવનામાં દેખાઈ આવે છે. જેને જેવો સત્સંગ હોય તે નેણમાં અને વેણમાં દેખાઈ આવે છે.** ૧૦. જેટલા ભગવાનના અવતારો આ ભૂમિ ઉપર થયા છે અને તેમના જે રીતના ભક્ત થયા છે, તે બધી વાત શાસ્ત્રમાં લખી છે. ૧૧. તેણે કરીને તે શાસ્ત્ર જ્યારે સાંભળીએ છીએ ત્યારે તે બધું મૂર્તિમાન દેખાય છે. ભગવાનના અવતારોનાં જે રીતનાં ચરિત્રો છે, તે બધાં શાસ્ત્રમાં પ્રગટ રહ્યાં છે. તે બધાં જ્યારે સાંભળવામાં આવે ત્યારે જેવો અવતાર થયો હોય તેવો દેખાઈ આવે છે. ૧૨-૧૩. જેટલી સત્ય અને અસત્ય બાબતો છે, તે સર્વેને શાસ્ત્ર યથાર્થરૂપમાં બતાવે છે. ૧૪. જે બુદ્ધિમાન મનુષ્યો છે તે શાસ્ત્ર પ્રમાણે ચાલે છે, તેથી તે મનુષ્ય કહેવાય છે અને તેનાથી તેની કીર્તિ અતિશય વધે છે. ૧૫. આવા દુર્લભ મનુષ્યદેહને પામીને જે શાસ્ત્ર પ્રમાણે ન ચાલે, તો તેની આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી અપકીર્તિ રહે છે. ૧૬.

❋ સત્-અસત્ શાસ્ત્રનાં લક્ષણ :

સત્ય અને અસત્ય, એમ બે પ્રકારનાં શાસ્ત્ર હોય છે. તે જ્યારે સત્સંગ કરવામાં આવે ત્યારે દેખાય આવે છે. જે શાસ્ત્ર ભગવાનના સ્વરૂપમાં હેત

કરાવે તે સચ્છાસ્ત્ર કહેવાય છે. ૧૭. સચ્છાસ્ત્રો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યમાં પ્રેમ કરાવે અને જેટલી શુભ બાબતો હોય તે બધાનું પ્રતિપાદન કરે છે. ૧૮. જે સત્સંગમાં પ્રેમ કરાવે અને કુસંગનાં મૂળ ઉખાડી નાખે, એવાં નાનાં-મોટાં જે કોઈ પ્રાકૃત કે સંસ્કૃત ભાષામાં લખાયેલાં શાસ્ત્ર હોય અને તે રીતનાં જ કીર્તન, સાખી, અરધી સાખી કે અરધો શ્લોક હોય; તે બધાંને સચ્છાસ્ત્ર કહેવાય છે. ૧૯-૨૦. **જે પોતે સાધુ થઈને સાધુઓમાં ક્યારેય કલેશ કરે-કરાવે નહીં, એવી જેની સમજણ હોય તે તો ભગવાનના ધામના કહેવાય છે. એવા વર્ણી, બાઈ-ભાઈ હરિભક્તો તથા એવા જે ધર્મવંશી હોય તે બધાં કલેશને કળિયુગના રૂપમાં દેખે છે.** ૨૧-૨૨.

એવા કલેશ નહિ કરનારા-કરાવનારા જે ધર્મવંશી હોય તે સાચા ગણાય છે. તેની કીર્તિ દિવસે દિવસે વધે છે. જે લોકો પહેલાં નિર્ધન હોય પણ કોઈ સારા જોગે કરીને તેને જ્યારે અપાર ધન પ્રાપ્ત થાય, ત્યારે તે અંકુશ વગરના થઈને છલકાયા વિના રહી શકતા નથી. તુચ્છ માણસને પ્રાપ્ત થયેલું ધન ક્યારેય પચતું નથી. ૨૩-૨૪.

❋ સત્તા-સંપત્તિનો કેફ દારૂથી પણ અધિક છે :

दोहा : रुपिये सत मिलत रहे, दारु के सवा सेर;
केप रहत रहे तिनकु, यामें न रहे फेर...२५
पशुमति रहेउ जितना, राज्य में मानत सुख;
ज्ञानि जन रहेउ तितना, यामें मानत दुःख...२६
सोरठा : जेता हि धन रहेउ, तेता रहाये दुःख यह;
मिथ्या न यामें तेउ, प्रगट देख आवत रहे...२७

સવા શેર દારૂ પીવા મળે અને સો રૂપિયા મળે, તે બેયનો કેફ બરાબર ચડે છે તેમાં જરાય ફેર નથી. ૨૫. જે કોઈ પશુ બુદ્ધિના મનુષ્ય હોય છે તે રાજ્યમાં સુખ માને છે અને જે જ્ઞાની જન હોય છે તે રાજ્યમાં દુઃખ માને છે. ૨૬. જેટલું વધારે ધન હોય તેટલું તેમાં વધારે દુઃખ રહ્યું છે, તેમાં કાંઈ મિથ્યા નથી. તે વાત પ્રગટ દેખાઈ આવે છે. ૨૭. જે ચોર લોકો હોય છે તે ધનવાનને મારે છે, ચોર કોઈ નિર્ધનને ક્યારેય મારતા

નથી. ૨૮. **નિર્ભય રહેવાની જેટલી બાબતો છે તેના જેવું બીજું કોઈ ધન નથી. નિર્ભયતા જેવા બીજાં કોઈ વસ્ત્ર, આભૂષણ કે ખાનપાન નથી.** ૨૯. **નિર્ભયતા જેવો કોઈ કોટ કે કિલ્લો નથી. અરે ! ચક્રવર્તીનું રાજ્ય, ઈન્દ્ર કે બ્રહ્માનું રાજ્ય પણ નિર્ભયતા જેવું સ્થિર દેખાતું નથી.** ૩૦.

આવી રીતે જેની દૃષ્ટિ પહોંચે છે, તેની દૃષ્ટિ નિરાવરણ થઈ છે. પૂર્વે એવા કેટલાય રાજાઓ થઈ ગયા છે કે જેમણે રાજ્યને મળ જેવું જાણીને તેનો ત્યાગ કર્યો અને ભગવાન સંબંધી નિર્ભય સુખને માર્ગે ચાલ્યા હતા. એવા પ્રહ્લાદજી અને પ્રિયવ્રત આદિ અપાર છે, તેનો ગણે પાર આવતો નથી. ૩૧-૩૨. જેટલાં માયિક પંચવિષયનાં સુખ કહેવાય છે, તે બધાં ભગવાન સંબંધી સુખના રસિકોને ઝેર જેવા દેખાય છે. ભગવાનના સંબંધ વગરનાં અનંત બ્રહ્માંડોનાં સુખો કાળના ચવાણા જેવા દેખાય, એ રીતે પ્રતિપાદન કરનારાં જેટલાં શાસ્ત્ર છે તે બધાં સચ્છાસ્ત્ર કહેવાય છે. તે સચ્છાસ્ત્રોનું શ્રવણ કરવામાં શુભ ફળ રહ્યું છે. ૩૩-૩૪. દેશ-કાળાદિક આઠ બાબત સત્ય છે અને આઠ અસત્ય પણ કહેવાય છે. જ્યાં સુધી તે શુભ દેશાદિનો સંગ કરાય છે, ત્યાં સુધી મનુષ્યની મતિ સારી રહે છે અને અસત્યનો સંગ કરે ત્યારે તેની મતિ મલિન થઈ જાય છે. મતિ મલિન થયા પછી ન કરવાની બાબત નિર્લજ થઈને જીવ કરતો રહે છે. ૩૫-૩૬.

જે દેશ-કાળાદિક આઠ શુભ અને અશુભ પણ છે. તેમાં શુભ દેશ-કાળાદિકને જે સેવે છે તેની મતિ શુભ રહે છે. અશુભ દેશકાળાદિકને સેવે છે તેની શુભ મતિનો નાશ થાય છે. તે અશુભ દેશ આદિનું સેવન કરનાર ગમે તેવો મોટો સિદ્ધ હોય, તોપણ તેનો વિનાશ થાય છે. ૩૭-૩૮.

सोरठा : नारी धनकेउ संग, चाय तेसे रहे सिद्ध यह;
एक रीत्य के रंग, रहत नहीं जरूर कर...३९
अनल से लेत काम, तिमि तिनसे लेवत रहे;
तेहि रहत आराम, गाफल तेहि जरि मरत रहे...४०

ગમે તેવો સિદ્ધ હોય પણ જો તે સ્ત્રી અને ધનના પ્રસંગમાં આવે, તો તેનો શુભ ઉમંગ ચોક્કસ એક સમાન ક્યારેય રહેતો નથી. ૩૯.

આગની સાથે જેમ ડરીને કામ લેવામાં આવે છે, તેમ સ્ત્રી અને ધનની સાથે ડરીને કામ લેવામાં આવે તો શાંતિ રહે અને જે ગાફલાઈ રાખે છે તે બળી મરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિએ નાની બોરૂમાં સચ્છાસ્ત્ર આદિ આઠને સેવવાની વાત કરી" એ નામે તોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૪

શ્રીહરિ નાની બોરૂથી ભોળાદ, રોજકા વગેરે ગામ થઈને ગઢપુર પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આગળ કહ્યું તે રીતે શ્રીહરિએ નાની બોરૂના હરિભક્તો આગળ વાત કરી અને સવાર થયું ત્યારે તૈયાર થઈને ત્યાંથી ચાલી નીકળ્યા. આગળ જતાં **ભોળાદ** ગામ પાસે ભોગાવો નદી ઊતરી અને **કમિયાળા** ગામ આવ્યા. તે ગામના બધા હરિભક્તોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિ ત્યાંથી **પચ્છમ** ગામ આવ્યા. ગામમાં જેટલા હરિભક્તો હતા, તે સહુએ હરખભર્યે હૈયે શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨-૫. પચ્છમથી શ્રીહરિ ચાલ્યા તે રણ ઊતરીને **ખસતા** ગામ આવ્યા. તે ગામના હરિભક્તોએ શ્રીહરિને માટે રસોઈ કરાવી અને અયોધ્યાવાસીએ સહિત શ્રીહરિ ત્યાં જમ્યા. જ્યારે સાંજનો સમય થયો ત્યારે ત્યાંથી ચાલ્યા તે **રોજકા** ગામ આવ્યા. ૬-૭. ત્યાં શ્રીહરિ રાત રોકાયા અને હરિભક્તોને ઘણું સુખ આપ્યું. શ્રીહરિએ કાકાભાઈને વાતો કરી. તે ઘણા બુદ્ધિમાન જણાતા હતા. ૮.

✵ કલ્યાણના કામમાં આવે એ જ સાચી બુદ્ધિ છે :

જેમાં મોક્ષની બુદ્ધિ હોય તેને શ્રીહરિ વાતો કરતા હતા. મોક્ષ બાબતની બુદ્ધિ છે તે જ સાચી બુદ્ધિ કહેવાય છે. બીજી બુદ્ધિ તો કોઈ ઉપયોગમાં

આવતી નથી. ૯. મોક્ષની બુદ્ધિ સિવાય બીજી બુદ્ધિ તો સંસારમાં ભટકાવે છે. જેટલી નીતિની વાત હોય તેને જોઈને ગ્રહણ કરવી જોઈએ. ૧૦. નીતિ ઘરેણાંનું પણ ઘરેણું છે. નીતિ રાજાનું રાજ્ય કહેવાય છે. નીતિ ધનનું પણ ખરું ધન કહેવાય છે. એવી જેની બુદ્ધિ હોય છે તેને જ સત્સંગ થાય છે. પછી તે સત્સંગથી જેટલો કુસંગ હોય છે તે જાણી શકાય છે. જ્યાં સુધી માણસ કુસંગને ઓળખતો નથી, ત્યાં સુધી તે ગમે તેવો ભણેલો પંકાતો હોય; તોપણ તેનું અજ્ઞાનનું અંધારું તલભાર પણ મટતું નથી. સાચા જ્ઞાની ગુરુ મળ્યા સિવાય તે જ્ઞાન-અજ્ઞાનને લગાર પણ દેખી શકતો નથી. ૧૧-૧૩.

જેટલા સાચા જ્ઞાની ગુરુઓ હોય છે, તે જેમાં જરાય દુઃખ નથી રહ્યું એવા ભગવાનમાં જ સાચું સુખ બતાવે છે. ૧૪. જે ગુરુ સંસારમાં જેટલાં દુઃખ રહ્યાં છે તેને બતાવે છે તે સાચા જ્ઞાની છે અને તે તેની વાતમાં દેખાઈ આવે છે. ૧૫. **બુદ્ધિમાન મનુષ્ય જેટલી સાચી બાબતો હોય તેનું ગ્રહણ કરે છે અને જેટલી ખોટી વાત હોય તેનો ત્યાગ કરે છે.** ૧૬. તેણે કરીને તે જેવા બુદ્ધિમાન હોય તેવા દેખ્યામાં આવે છે. જે સાર સારને ગ્રહણ કરે છે તેને સત્સંગ થાય છે. ૧૭.

કાકાભાઈ ! તમારા ધન્ય ભાગ્ય છે કે આ વખતે તમે સત્સંગ કર્યો છે. સાચો સત્સંગ કરવો તેટલું જ મનુષ્ય દેહ મળ્યાનું સાચું ફળ છે. ૧૮. જે સાચો સત્સંગ કરે છે તેને સંસારરૂપી ભવસાગરનો છેડો આવે છે, પણ સાચો સત્સંગ કર્યા વગર સંસારનો અંત આવતો નથી. ૧૯. જ્યારે સાચા સંત મળે છે ત્યારે તેઓ સાચી વાત કરે છે. તેમની જેટલી વાત હોય છે તે સાચાં ફળને આપનારી થાય છે. ૨૦. જો સાચો સત્સંગ અને સાચા સંતો મળે તો દિવસે દિવસે તેને અનંત ફળ મળે છે, તે દેખાય છે; પરંતુ સત્સંગ કે સંત જો સાચા ન હોય તો તેવું ફળ મળતું નથી. ૨૧.

✻ સાચા સંતની વિશેષતા :

चोपाई :

भगवान की मूर्ति जोउ जेहा, प्रगट प्रमान रहाये तेहा;
साचे संत के बचन तामें, जेसे रहे देखात यामें...२२

धाम में इहाँ मूर्ति रहे जेसी, बिचरत रहाये प्रगट तेसी;
संत के बचन में रहे तिस रीता, उचरत बचन में आत देखीता...२३
निधि की निधि मूर्ति यह रहेऊ, कल्पतरु के कल्पतरु तेऊ;
चिंतामनि ताके जो जेहू, चिंतामनि मूर्ति रहे तेहू...२४

ભગવાનની જે આ પ્રગટ પ્રમાણ મૂર્તિ છે, તે જેવી છે તેવી સાચા સંતોનાં વચનમાં દેખાય છે. ૨૨. જેમ ધામમાં મૂર્તિ રહી છે અને તે મૂર્તિ હમણાં જેમ અહીંયાં પણ પ્રગટ વિચરી રહી છે, તેમ જ તે મૂર્તિ સંતોનાં વચનમાં પણ સાક્ષાત્ રહી છે. સંત જ્યારે વચન બોલે છે ત્યારે તે દેખાઈ આવે છે. ૨૩. ભગવાનની મૂર્તિ તો નિધિઓમાં પણ સર્વોત્તમ નિધિ છે. તે મૂર્તિ કલ્પતરુનું પણ કલ્પતરુ છે અને ચિંતામણિની પણ ચિંતામણિ છે. અર્થાત્ નિધિ, કલ્પતરુ અને ચિંતામણિ કરતાં પણ સર્વોત્તમ સુખ આ પ્રગટ મૂર્તિ અતિ અધિક આપનારી છે. ૨૪.

આવી સમજણવાળા જે સંત હોય છે તે જ સાચા સંત કહેવાય છે. સાચા સંત કોઈ પદાર્થને માટે રાંક થતા નથી. સંત થઈને કોઈ પદાર્થને માટે જો કલેશ પામતા હોય તો તે બાળબુદ્ધિ છે, એમ જાણવું. ૨૫-૨૬. કોઈ ચક્રવર્તી રાજાનો પુત્ર થયો હોય, તોપણ જ્યાં સુધી બાળક હોય ત્યાં સુધી તે દુઃખથી ભરેલા કૂવા જેવો હોય છે; તે અપાર દુઃખ પામતો રહે છે. તેમ જ્યાં સુધી સંતમાં બાળબુદ્ધિ રહે, ત્યાં સુધી ભગવાન અને સત્સંગનું જે અપરિમિત સુખ છે તે તેને આવતું નથી. જેટલો ભગવાનનો ખપ રાખે છે તેટલી તેની બાળબુદ્ધિ મટી જાય છે. ૨૭-૨૯. જો દૂધમાં લગાર પણ ઝેર મળેલું હોય તો તે દૂધમાં તલભાર પણ હેત થતું નથી. જે સંત સાધુતાનો માર્ગ છોડીને ચાલે તો તે સાધુના વર્તનમાં ઝેર ભળ્યું કહેવાય અથવા તો તેનું તે ખરાબ વર્તન મળ જેવું ગણાય. ચાહે તેવો મિત્ર હોય પણ તે જો મળથી ભરેલો હોય તો તે મિત્ર પ્રિય લાગતો નથી. ૩૦-૩૧.

❋ સાધુતા એ સર્વોત્તમ ગુણ છે :

चोपाई :

साधुता सम गुण रहे न कोई, सरवोपरि गुण रहे यह सोई;
चक्रवर्ती कहावत ताकी, साधुता सम न मोटप वाकी...३२

इंद्र ब्रह्मा ताकी हि जेहा, साधुता सम न मोटप रहे तेहा;
हरकोउ पदार्थ हि जो हीता, अंतर जितना क्षोभ रहीता...३३
क्षोभ तिहाँ लग हि सुख न आता, अलभ्य लाभ मिले भूल जाता;
चक्रवर्ति भूप रहाये केते, प्रियव्रत आदिक बहुत हि तेते...३४
चक्रवर्ती राज तेहि करते, साधुता में मोटप उर धरते;
मायिक सुख कहावत हि तिनके, मल सम त्याग करेउ इनके...३५
साधुता में मोटप रहे जेसी, कोउ ब्रह्मांड में नहीं तेसी;
एसे जेही जानत रहे बाता, साधु यह रहाये साक्षाता...३६

સાધુતા જેવો બીજો કોઈ મહાન ગુણ નથી. તે સર્વોપરિ ગુણ છે. ચક્રવર્તી રાજાની મોટપ પણ તે સાધુતાની સમાન નથી. ૩૨. ઈન્દ્ર અને બ્રહ્માની જે મોટપ છે તે પણ સાધુતા સમાન નથી. કોઈ પણ પદાર્થ માટે જ્યાં સુધી અંતરમાં જેટલો ક્ષોભ રહે છે, ત્યાં સુધી તે ક્ષોભને લીધે તેને તેટલું સુખ આવતું નથી અને તે પોતાને મળેલા અલભ્ય લાભને પણ ભૂલી જાય છે. કેટલાય પ્રિયવ્રત આદિક ચક્રવર્તી રાજાઓ થયા, તેમણે ચક્રવર્તી રાજા કરતાં પણ સાધુતામાં વધારે મોટપ દિલમાં માની હતી. તેથી તેમણે જેટલાં માયિક સુખ કહેવાય છે તે બધાંનો મળની જેમ ત્યાગ કર્યો હતો. ૩૩-૩૫. સાધુતામાં જેવી મોટપ રહી છે તેવી મોટપ કોઈ બ્રહ્માંડમાં નથી. આવી વાતને જે સમજે છે તે સાચા સાધુ છે. ૩૬.

આટલી વાત શ્રીહરિએ કાકાભાઈ આગળ કરી. પછી સવારે ચાલતા થયા. **ચોકડી** અને **પોલારપુર** ગામના હરિભક્તોને દર્શન દીધાં. ત્યાંથી પછી **સારંગપુર** આવ્યા. ત્યાં એક રાત રોકાયા અને ત્યાંના હરિભક્તોને અપાર સુખ દઈને સવારમાં ચાલતા થયા, તે શ્રીહરિ **પીપળિયા** ગામ આવ્યા. ૩૭-૩૯. ત્યાંના હરિભક્તોને દર્શન દઈને પછી શ્રીહરિ **ગઢપુર** પધાર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "શ્રીહરિ નાની બોરૂથી ભોળાદ, રોજકા વગેરે ગામ થઈને ગઢપુર પધાર્યા" એ નામે ચુમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૫

ગઢડા મધ્ય પ્રકરણનું પચાસમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) ચૈત્ર વદિ દ્વિતીયાને દિવસ ભક્તજનો માટે સર્વ શ્રેષ્ઠ સુખના મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણે દ્વાર મેડીની ઓસરીએ પલંગ ઉપર રાત્રિને વિષે વિરાજમાન થયા હતા અને ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તેની અદ્‌ભુત શોભા થઈ હતી તે કહી શકાતી નથી. ૨-૬.

✵ શ્રીહરિના અંતરનું રહસ્ય :

પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા કે, "આજે તો અમારું જે રહસ્ય છે તે તમને સહુને પોતાના જાણીને કહીએ છીએ. તે રહસ્ય શું ? તો જેમ નદીઓ સમુદ્રને વિષે લીન થઈ જાય છે, ૭-૮. તથા સતી અને પતંગિયું જેમ અગ્નિમાં બળી મરે છે અને જેમ શૂરવીર રણસંગ્રામમાં સામી છાતીએ ટુકટુક થઈ જાય છે ૯. **તેમ જે એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને ચોક્કસ લીન કરી રાખ્યો છે. તેથી અંતરમાં અતિશય આનંદ વર્તે છે. અને તે અપાર તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તે ઘણું વિશાળ છે. ૧૦-૧૧. અને તેને વિષે મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તથા તેમના જે ભક્ત તેમની સાથે રાત-દિવસ અમે અખંડ પ્રીતિ જોડી રાખી છે.** ૧૨. અને તે વિના બીજા કોઈ પદાર્થમાં લેશમાત્ર પણ પ્રીતિ નથી, એવું અમારે અખંડ વર્તે છે. અને ઉપરથી તો અમે અતિશય ત્યાગનો ફૂંફાડો જણાવતા નથી પણ જ્યારે અમે અમારા અંતર સામું જોઈએ છીએ અને બીજા હરિભક્તના અંતર સામું જોઈએ છીએ ત્યારે મોટા મોટા સંત તથા મોટી મોટી ઘણી સાંખ્યયોગી બાઈઓ, એ બધાંમાં કાંઈક જગતની

કોરનો લોચો દેખવામાં આવે છે, પણ અમારા અંતરમાં તો સ્વપ્નમાં પણ ક્યારેય જગતની કોરનો ઘાટ થતો નથી. કેમ જે, અમને બધું જ નાશવંત દેખાય છે. ૧૩-૧૮. અને ભગવાનની તથા ભગવાનના ભક્તની ભક્તિમાંથી અમને પાડવાને માટે કોઈ સમર્થ દેખાતા નથી. ૧૯.

*** નિર્વાસનિક ભક્ત જ હરિને વહાલો લાગે છે :**

અને જે દિવસ ભગવાનની પ્રાપ્તિ નહોતી થઈ તે દિવસ પણ ભગવાનની શક્તિ જે કાળ છે તે પણ આ જીવનો નાશ કરી શક્યો નથી. અને કર્મ પણ નાશ કરી શક્યાં નથી. અને માયા પણ પોતાને વિષે લીન કરી શકી નથી. જ્યારે હવે તો ભગવાન મળ્યા છે એટલે કાળ, કર્મ અને માયાનો શો ભાર છે ? ૨૦-૨૨. એમ જાણીને એવી દૃઢ હિંમત બાંધી રાખી છે કે, 'હવે તો ભગવાન અને ભગવાનના ભક્ત સિવાય કોઈને વિષે લગાર પણ પ્રીતિ રાખવી નથી.' એમ આ રહસ્ય અમે તમને પ્રેમથી કહ્યું છે. **અને જે અમારી સોબત રાખશે, તેના હૃદયમાં પણ કોઈ જાતનો લોચો રહેવા દેવો નથી. શા માટે જે ? જેણે અમારા જેવો અંતરનો દૃઢાવ કરી રાખ્યો હોય તેની સાથે જ અમારે બને છે. અને જેને જગતના સુખની વાસના હોય તેની સંગાથે અમે હેત કરીએ તોપણ ક્યારેય થતું નથી. માટે જે ભગવાનના નિર્વાસનિક ભક્ત હોય તે જ અમને વહાલા લાગે છે. આ અમારા અંતરનું જે રહસ્ય હતું તે અમે તમને સહુને કહ્યું."** એ રીતે શ્રીજીમહારાજે પોતાના ભક્તજનોની શિક્ષાને માટે આવી રીતે વાત કરી. ભગવાન પુરુષોત્તમનારાયણના મુખની આ સર્વોપરિ વાત છે. ૨૩-૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું પચાસમું વચનામૃત કહ્યું" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૬

ગઢડા મધ્ય પ્રકરણનું એકાવનમું વચનામૃત

❋ આત્મસત્તારૂપે વર્તે તે જ સુખી રહે :

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) ચૈત્ર વદિ નવમીને દિવસ સર્વ જગતવંદ્ય એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં દક્ષિણાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદીતકિયા નખાવીને વિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં તથા પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે પરમહંસને પ્રશ્ન પૂછ્યો જે, “કોઈક સમયમાં તો જીવ સુષુપ્તિમાં જાય છે ત્યારે તેને અતિશય સુખ થાય છે અને લેશમાત્ર દુઃખ રહેતું નથી. અને કોઈક વખતે તો સુષુપ્તિમાં જાય છે તોપણ તેમાં સુખ જણાતું નથી અને ઉદ્વેગ મટતો નથી તેનું શું કારણ છે ?” પછી મોટા મોટા જે સંતો હતા તે પ્રશ્નનું સમાધાન કરવા લાગ્યા, પણ તે પ્રશ્નનું યથાર્થ સમાધાન કોઈથી થયું નહિ. પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા જે, ૨-૯. “જ્યારે રજોગુણનું બળ વૃદ્ધિ પામે છે ત્યારે સુષુપ્તિમાં પણ તમોગુણ ભેળો રજોગુણનો વિક્ષેપ રહે છે. ૧૦. તેથી સુષુપ્તિમાં પણ અસુખ રહે છે. **માટે જ્યાં સુધી ગુણનો સંગ રહે છે, ત્યાં સુધી કોઈ જીવ અખંડ સુખી રહેતો નથી અને જ્યારે આત્મસત્તારૂપે રહે ત્યારે જ તે અમાપ સુખી રહે છે.**” ૧૧-૧૨.

❋ આત્મસત્તારૂપે રહેનારા ભક્તનાં લક્ષણ :

પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, “આત્મસત્તારૂપે જે વર્તતો હોય તેનાં કેવાં લક્ષણ હોય ?” ૧૩. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “શિવ તથા બ્રહ્મા જેવો કોઈ સમર્થ કહેવાય નહિ, ૧૪. તે તો નારદજી જેવાના પણ ગુરુ છે. અને તે જેવા બ્રહ્મસ્વરૂપે વર્તે છે તેવું તો બીજાને વર્તવું કઠણ છે. તોપણ તેમને દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને દેવતાનું

ધ્યાન એ આઠ જો ભૂંડા થયાં; તો તેને યોગે કરીને શિવ, બ્રહ્મા જેવાને પણ અંતરમાં અતિશય દુઃખ થયું. માટે ગમે તેવો કોઈ નિર્ગુણ હોય અને ગમે તેવો આત્મસ્વરૂપે વર્તતો હોય, તોપણ જો તેને ભૂંડાં દેશ-કાળાદિકનો યોગ થાય તો તેને અંતરમાં જરૂર ઘણું જ દુઃખ થાય છે. ૧૫-૧૯.

માટે મોટા પુરુષે બાંધેલી મર્યાદાને લોપીને કોઈ સુખી થતો નથી. માટે જેટલા ત્યાગી છે, તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી હરિભક્ત બાઈઓ છે તેમણે બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જે પુરુષ હરિભક્ત હોય તેમણે તેમના જે ધર્મ કહ્યા હોય તે પ્રમાણે જોઈને વર્તવું, તો જ ભગવાનમાં પ્રીતિ થાય. **કેમ જે, સત્સંગ અને સંતોમાં પ્રીતિનું કારણ ધર્મ છે. માટે ધર્મવંશી જે કોઈ બાઈ-ભાઈ છે તેમણે પોતપોતાના ધર્મમાં ખબરદાર થઈને તત્પર રહેવું.** ૨૦-૨૪. કેમ જે, ધર્મમાં જેટલી ખોટ હોય તેટલી ખોટ તો બ્રહ્મા જેવો હોય, તોપણ તેમાં દેખાઈ આવે છે. ૨૫.

* મોટા સંતની આજ્ઞામાં રહેવું તે જ રૂડા દેશકાળ છે :

અને જે જેટલા ધર્મમાં વર્તે છે તેની તેટલી મોટપ રહે છે, આ વાત કાંઈ ખોટી નથી. ૨૬. અને જો પોતાના ધર્મ કરતાં ઓછું વર્તે તોપણ સુખ રહેતું નથી અને અધિક વર્તે તોપણ સુખ રહેતું નથી. તેથી ઓછું-અધિકું કરવા જાય, તે કરનારો જરૂર દુઃખી થાય. ૨૭.

दोहा : माटे परमेश्वर हि, धर्म हि बाँधे जोई कर;
ईनसे नहीं पर हि, तेहि प्रमाणे ग्रंथ महिं...२८

छंद मोतीदाम :

लिखे होय ता महिं कोउ प्रकार, बाध न आवत रहेउ लगार;
सुखे हि पले एसे रहेउ जेहि, इनसे ओछे अधिक कर तेहि...२९
करनारे जरूर दुःखी हि होउ, माटे सत्पुरुष ताकी हि जोउ;
आज्ञा से बाहिर वरतत जेहु, बुरे हि देश कालादि के तेहु...३०

छंद परधरी :

जोग भये यह ताकु हि जान, माटे सत्पुरुष की बुद्धिमान;
आज्ञा विषे रहत जोउ, साधन यामें रहे सब सोउ...३१

तेहि ज आत्मसत्तारूप जेउ, वरतत आज्ञा उपर तेउ;
आज्ञा रूप सडक जो रहेउ, इहाँसे ब्रह्ममोल लग एउ...३२

માટે પરમેશ્વરે જે ધર્મની મર્યાદા બાંધી છે, તેનાથી પર કોઈ નથી. અને તે રીતે જ ગ્રંથમાં લખ્યું હોય, તેમાં કોઈ પ્રકારે લગાર પણ બાધ આવે એવું ન હોય ને તે સુખે પળે એવું હોય છે. તેમ છતાં જે એનાથી ઓછું કે અધિક કરવા જાય તો તે જરૂર દુઃખી થાય છે. માટે સત્પુરુષની આજ્ઞાથી બહાર જે વર્તે છે, તે જ તેને માટે ભૂંડાં દેશ-કાળાદિકનો યોગ થયો છે, એમ જાણવું. માટે બુદ્ધિમાન પુરુષે સત્પુરુષની આજ્ઞાને વિષે રહેવું, તેમાં જ બધાં સાધન આવી જાય છે. અને જે આજ્ઞા પ્રમાણે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. આ રીતે તે આજ્ઞારૂપ જે સડક છે તે આલોકથી બ્રહ્મમહોલ સુધી પહોંચાડનારી છે." ૨૮-૩૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું એકાવનમું વચનામૃત કહ્યું" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૭

ગઢડા મધ્ય પ્રકરણનું બાવનમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) ચૈત્ર વદિ એકાદશીને દિવસ શ્રીજીમહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાંથી ઘોડી ઉપર બેસી લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. અને ત્યાં આંબાની નીચે જે વેદિકા હતી તેના ઉપર પલંગ હતો, તેના ઉપર વિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને આ સમયે ધર્મદુલારા શ્રીહરિએ કંઠને વિષે પુષ્પના હાર પહેર્યા હતા. ૨-૫. અને પાઘને વિષે ચિત્તને ચોરે તેવો પુષ્પનો તોરો વિરાજમાન હતો. અને પોતાના મુખારવિંદની આગળ મુનિવરો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તેની જે શોભા થઈ તે કહી શકાતી નથી. ૬-૭. અને પોતાની આગળ મુનિમંડળ ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન ગાતા હતા.

☀ ત્યાગી અને ગૃહસ્થની શોભાની વિગત :

તે જ્યારે કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો, હવે અમે વાત કરીએ. તે તમે સહુ એક ચિત્ત થઈને સાંભળો. જે આ સંસારને વિષે ગૃહસ્થ અને ત્યાગી છે, તે બંનેના માર્ગ જુદા જુદા છે. તે ગૃહસ્થને જે શોભારૂપ હોય તે ત્યાગીને દૂષણરૂપ હોય અને ત્યાગીને જે શોભા હોય તે ગૃહસ્થને દૂષણરૂપ હોય. તે જે બુદ્ધિમાન હોય તે આ વાતને જાણે છે, પણ બીજા કોઈ તેને ક્યારેય જાણી શકે નહીં. માટે તે સમજવા સારુ વિક્તિ કરીને અમે કહીએ છીએ. ૮-૧૨. જે ગૃહસ્થાશ્રમી છે તેને ધન, દોલત, હાથી, ઘોડા, ગાય, ભેંસ, મેડી, હવેલી, સ્ત્રી, છોકરાં, ખેતર અને ભારે ભારે વસ્ત્ર-આભૂષણાદિક પદાર્થ તે શોભારૂપ ગણાય છે. પરંતુ તે જ પદાર્થ જે ત્યાગી હોય તેને દોષરૂપ છે. ૧૩-૧૫. ત્યાગી હોય તેને તો વનમાં જઈને રહેવું, વસ્ત્ર વિના ઉઘાડા એક કૌપીનભર રહેવું, માથા ઉપર ટોપી પહેરવી, દાઢી-મૂછ મૂંડાવવા, ભગવાં વસ્ત્ર રાખવાં અને કોઈ ગાળ દે કે શરીર ઉપર કોઈ ધૂળ નાંખે તો તે બધા અપમાનને ધીરજ રાખીને સહન કરવું તે જ ત્યાગીને પરમ શોભા અને ભૂષણરૂપ છે. ૧૬-૧૮.

चोपाई :

यह त्यागि की शोभा हि जितना, ग्रहस्थ कु परम दोष तितना;
माटे यह संसार हि तिनसे, निकसे त्यागि भये जो इनसे...१९
ताकु विचार करना ईमी, कुन आश्रम में रहे तीमी;
बुद्धिमान होय तिनकु जेहू, विचार एसे करना तेहू...२०

અને એ ત્યાગીને જે શોભારૂપ છે તે ગૃહસ્થને પરમ દોષરૂપ છે. માટે આ સંસારમાંથી જે નીકળ્યો અને ત્યાગી થયો હોય તેને એમ વિચાર કરવો કે, 'હું કયા આશ્રમમાં રહ્યો છું ?' એમ બુદ્ધિમાન હોય તેણે વિચાર કરવો. ૧૯-૨૦. પણ મૂર્ખની જેમ વિચાર્યા વિના કોઈ બીજે ચાળે ચઢી જવું નહિ. કારણ કે, આવો (પૂર્ણ પુરુષોત્તમ અને તેના મુક્તોનો) યોગ ક્યારેય આવ્યો

નથી. ૨૧. અને જે સમજુ હોય તેને કોઈક વઢીને કહે ત્યારે જે સામેથી અપાર ગુણ લે ત્યારે તેને ચોક્કસ સમજુ કહેવાય છે. ૨૨. અને જે મૂર્ખ હોય તેને કોઈ હિતની વાત કહે, ત્યારે તે મૂંઝાઈ જાય છે. અને આ મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી છે તે બે ક્યારેય મૂંઝાતા નથી, તેથી તેમની સાથે અમારે સદાય વારંવાર ઘણું બને છે. ૨૩-૨૪.

❋ શ્રદ્ધાએ સહિત અને ઈર્ષાએ રહિત ભક્તિ કરવી :

दोहा : श्रद्धाये सहित हि जेहि, सेवा चाकरि जेउ;
करत गमत रहे हमकु, श्रद्धा विन कबु केउ...२५
जेंवनउ लावे केउ, तब हि जेव के जेउ;
वा वसन लावत ओढने, गमत नहीं हे तेउ...२६
सोरठा : पूजा लावत केहि, पूजा नहि गमत रहेउ;
श्रद्धाये कर तेहि, जो जो करत गमत तेहि...२७

વળી જે શ્રદ્ધાએ સહિત સેવા ચાકરી કરે તે અમને બહુ ગમે છે. શ્રદ્ધા વગર ક્યારેક કોઈ જમવાનું લાવે તો તે જમવાનું ગમતું નથી અથવા વસ્ત્ર લાવે તો તે વસ્ત્ર ઓઢવાનું ગમતું નથી અને પૂજા લાવે તો તે પૂજા પણ ગમતી નથી. શ્રદ્ધાએ કરીને જે જે કરે છે તે સર્વે અતિશય ગમે છે. ૨૫-૨૭. અને કોઈ શ્રદ્ધાએ કરીને ભક્તિ કરતો હોય અને તેમાં જો કોઈ બીજો ભક્ત ક્યારેક ભક્તિ કરવા આવે અને તેના ઉપર જો ઈર્ષ્યા કરે, તો તે અમને ન ગમે. **માટે અપાર શ્રદ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત વિચારીને જે ભક્તિ કરે છે તે અમને અતિશય ગમે છે."** આ રીતે શ્રીજીમહારાજે ઘણી કૃપા કરીને વાત કરી. ૨૮-૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું બાવનમું વચનામૃત કહ્યું" એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૮

ગઢડા મધ્ય પ્રકરણનું ત્રેપનમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) વૈશાખ સુદિ પંચમીને દિવસ ભક્તજનોને માટે સુખના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં પોતાને ઉતારે ગાદીતકિયા ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને મહાન આનંદ થઈ રહ્યો હતો. ૨-૫.

* નિજ અવગુણ ન સૂઝે એ જ મોહ :

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા કે, "શાસ્ત્રને વિષે જે મોહ કહેવાય છે, તે મોહનું જેવું રૂપ છે તે અમે યથાર્થરૂપમાં તમને કહીએ છીએ. જ્યારે હૃદયને વિષે મોહ આવીને વ્યાપે ત્યારે આ જીવને પોતાનો અવગુણ સૂઝતો જ નથી. માટે પોતાનો અવગુણ ન સૂઝે એ જ મોહનું રૂપ છે. તે સદ્બુદ્ધિવાળા મનુષ્યને દેખાય છે. અને વળી જીવમાત્રને પોતાના ડહાપણનું અતિશય માન હોય છે, પણ તે એમ વિચારતો નથી કે, 'મને મારા જીવની પણ કાંઈ ખબર નથી જે, આ શરીરમાં જીવ રહ્યો છે તે કાળો છે કે ગોરો છે ? લાંબો છે કે ટૂંકો છે ? તેની મને કાંઈ ખબર નથી.' તોપણ જીવ જે મોટા પુરુષ હોય અથવા ભગવાન હોય તેને વિષે પણ ખોટ દેખાડે છે અને એમ સમજે જે 'આ મોટા પુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી,' એમ ખોટ કાઢે છે. ૬-૧૩.

પણ એ મૂર્ખ એમ જાણતો નથી કે, 'જે આ ભગવાન છે તે અનંતકોટિ બ્રહ્માંડને વિષે રહ્યા એવા જે જીવ તથા ઈશ્વર તેમને હથેળીમાં રહેલા જળના ટીપાની જેમ દેખે છે. અને તે અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે તથા લક્ષ્મીના પતિ છે. ૧૪-૧૬. વળી, તે અનંતકોટિ બ્રહ્માંડના કર્તા-હર્તા છે. તથા શેષ, શારદા, બ્રહ્માદિક જેવા દેવ પણ જેના મહિમાના પારને પામતા નથી અને

નિગમ પણ જેના મહિમાને 'નેતિ નેતિ' એમ રાત-દિવસ કહે છે. એવી એમની સહુથી શ્રેષ્ઠ પ્રસિદ્ધિ છે. ૧૭-૧૮.

માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે અને તે ભગવાનની સમજણને વિષે જે દોષ દેખે છે તેને વિમુખ અને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખાઓનો રાજા જાણવો. **અને ભગવાન તથા ભગવાનના ભક્તની સમજણ તો અલૌકિક હોય છે. તેને જે દેહાભિમાની જીવ હોય તે ક્યાંથી સમજી શકે ? માટે તે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન તથા ભગવાનના ભક્તનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે. અને ભગવાનના જે ખરેખરા ભક્ત સત્પુરુષ હોય છે તેઓ તો અલૌકિક દૃષ્ટિએ યુક્ત વિચારીને વર્તતા હોય છે. તેઓ ભગવાનની મૂર્તિને નેણ, વેણ અને હૃદયમાં અખંડ રાખે છે."** ૧૯-૨૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ત્રેપનમું વચનામૃત કહ્યું" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર છવ્વીશમું : તરંગ - ૭૯

ગઢડા મધ્ય પ્રકરણનું ચોપનમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) જેઠ સુદિ સપ્તમીને દિવસ જ્યારે ત્રીજા પહોરનો સમય થયો, ત્યારે સુખકંદ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢપુર મધ્યે દાદા ખાચરના દરબારમાંથી ઘોડી ઉપર બેસીને ભક્તોને દર્શન દેવા માટે લક્ષ્મીવાડી પ્રત્યે પધાર્યા હતા. ૨-૪. પછી ત્યાં ઘણી વાર સુધી ઘોડીને ફેરવી. પછી જ્યારે ઘોડીને ફેરવી રહ્યા ત્યારે વાડીને મધ્યે વેદિકા છે તેની મધ્યે જે પલંગ હતો, તેના ઉપર વિરાજમાન થયા. તે સમયે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને મસ્તક ઉપર કાળા છેડાની ધોતલી બાંધી હતી. તેની ઘણી શોભા થઈ હતી. કંઠને વિષે મોગરાના પુષ્પનો હાર વિરાજમાન હતો.

૫-૭. પાઘને વિષે પુષ્પનો તોરો ધાર્યો હતો અને કાન ઉપર પુષ્પના ગુચ્છ ધાર્યા હતા. એક ગુચ્છ હાથમાં લીધો હતો અને વારંવાર તેની સુગંધ લેતા હતા. ૮. તે વખતે ભક્તોએ ભૂજા ઉપર ફૂલના બાજુ અને ફૂલની પહોંચી બાંધી હતી. અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ, ધર્મવંશી તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે હેત લાવીને મુનિ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, "એકાદશ સ્કંધના બારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહ્યું છે કે, **'અષ્ટાંગ યોગ, સાંખ્ય, તપ, ત્યાગ, તીર્થ, વ્રત, યજ્ઞ અને દાન આદિકે કરીને હું ક્યારેય તેવો વશ થતો નથી, જેવો સત્સંગે કરીને વશ થાઉં છું.** ૯-૧૩. આમ ભગવાને કહ્યું છે. માટે સર્વે સાધન કરતાં સત્સંગ અધિક થયો. તે સત્સંગ સર્વ સાધનોથી જેને અધિક જણાતો હોય તે પુરુષનાં લક્ષણ કેવાં હોય ?" ૧૪-૧૫. પછી જેને જેવું સમજાયું તે રીતે તેઓએ કહ્યું, પણ યથાર્થ ઉત્તર થયો નહિ. ૧૬.

⁕ સત્સંગની અધિકતા :

પછી શ્રીજીમહારાજે તેનો ઉત્તર કર્યો જે, "જેને ભગવાનના સંતને વિષે સાચી દૃઢ આત્મબુદ્ધિ હોય તે દૃષ્ટાંતથી કહીએ છીએ. જેમ કોઈ રાજા હોય ને તેને દીકરો ન હોય, પછી તેને ઘડપણમાં પુત્રની પ્રાપ્તિ થાય. પછી તે પુત્ર રાજાને ગાળો દે અને મૂછો તાણે, વળી તે પુત્ર ચાહે તેમ કરે તોપણ તે પુત્રનો રાજાને અભાવ આવે નહિ. એટલું જ નહિ પણ બીજાના છોકરાને મારે તથા ગામમાં કોઈ વખત ચાહે તેવી અનીતિ કરીને આવે, તોપણ કોઈ રીતે તે પુત્રનો અવગુણ આવે નહિ. શા માટે જે, તે રાજાને પોતાના પુત્રમાં આત્મબુદ્ધિ થઈ ગઈ છે અને તેમાં જ પોતાની બધી જ સંપત્તિ દેખાય છે. **આવી રીતે જેને ભગવાનના ભક્તને વિષે દૃઢ આત્મબુદ્ધિ થાય, તેણે જ બધાં સાધન કરતાં અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.** તે વાત ભાગવત ૧૦/૮૪માં નિશ્ચિત કહી છે કે,

यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम इज्यधीः ।
यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ।।

અર્થ : જે પુરુષને વાત, પિત્ત અને કફરૂપ ત્રણ ધાતુમય શરીરમાં આત્મબુદ્ધિ છે, સ્ત્રી-પુત્રાદિકમાં મારાપણાની બુદ્ધિ છે, ભૂમિના વિકારભૂત પ્રતિમાદિકમાં દેવબુદ્ધિ-પૂજનીયપણું છે અને જળમાં તીર્થબુદ્ધિ છે તેવી જ એ ચારેય બુદ્ધિઓ ભગવાનના એકાંતિક જ્ઞાની સંતોમાં જો ન હોય તો તેને જ પશુઓમાં પણ કનિષ્ઠ એવો બળદ ને ગધેડો જાણવો. માટે તેનો તમારે વિચાર રાખવો." ૧૯-૨૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ચોપનમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણએંશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર છવ્વીશમું : તરંગ - ૮૦

ગઢડા મધ્ય પ્રકરણનું પંચાવનમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૦ના) જેઠ સુદિ એકાદશીને દિવસ ભક્તોને આનંદ કરાવનારા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. મસ્તક ઉપર નવાનગરની સોનેરી તારે યુક્ત કોરવાળી શ્વેત પાઘ બાંધી હતી. શ્વેત પછેડી ઓઢી હતી, શ્વેત ખેસ પહેર્યો હતો. અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨-૬. તે સમયમાં મુનિમંડળ ઝાંઝ-મૃદંગ લઈને હેતથી કીર્તન ગાતા હતા.

❋ શ્રીહરિએ પોતાનું અંગ કહ્યું :

પછી મુનિમંડળ કીર્તન ભક્તિ કરી રહ્યા ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેનું આજ જેવું અંગ હોય તેવું જ સત્સંગ થયા પહેલાં પણ કાંઈક અંગ હોય ખરું; તે માટે આજે તમે સર્વે જેનું જેવું અંગ હોય તેવું તપાસ કરીને અમને કહો. ૭-૯. તેમાં પ્રથમ તો અમે અમારું જેવું અંગ અત્યારે છે,

તેવી વાત કરીએ છીએ. તેને તમે એક ચિત્ત થઈને સાંભળો. ૧૦. જ્યારે અમારે બાળ અવસ્થા હતી ત્યારે જે સ્થળે દેવ મંદિર હોય ત્યાં નિત્ય દર્શન કરવા જવું, ભગવાનની કથા, વાર્તા અને કીર્તન થતા હોય તેને સાંભળવાં, સાધુઓનો સમાગમ કરવો, તીર્થયાત્રા કરવા જવું એવી ઘણી વાત અમારા જીવમાં ગમતી હતી; પણ તે સિવાય બીજી કોઈ વાત ગમતી નહિ. ૧૧-૧૩.

અને જ્યારે અમે ઘર છોડીને નીકળ્યા ત્યારે તો વસ્ત્ર રાખવું પણ અમને ગમતું નહિ, ને વનમાં રહેવું જ ઘણું ગમતું હતું. અને ભય તો કોઈનો લેશમાત્ર પણ લાગતો જ નહિ. એવી રીતે વનમાં રહેવું ગમતું હતું. ૧૪-૧૫. અને વનમાં મોટા મોટા સર્પ, સિંહ અને હાથી ઈત્યાદિક અનંત પ્રકારનાં પશુ તથા જેનો કહેતાં પાર ન આવે તેટલાં જનાવર દેખ્યામાં આવ્યાં હતાં, તોપણ હૈયામાં કોઈ પણ રીતે મરવાની બીક તો ક્યારેય લાગતી જ નહિ. એવી રીતે વન અને પર્વતોમાં અમે વિચરતા છતાં હંમેશાં નિર્ભય રહેતા. આમ તીર્થમાં ફરતાં ફરતાં અમે જેની વાત ઘણીવાર સાંભળી હતી એવા રામાનંદ સ્વામીની પાસે આવ્યા. ૧૬-૧૯. અમારા અંતરમાં જેવી ઈચ્છા હતી તેવા જ સમર્થ એ ગુરુ મળી ગયા.

પછી સુખના ધામ એવા રામાનંદ સ્વામી જ્યારે અંતર્ધાન થયા ત્યારે સત્સંગનું રૂડું કરવા માટે અમે કાંઈક પોતાના શરીરની સંભાળ રાખવા લાગ્યા. ૨૦-૨૧. પણ અમારા અંતરમાં એવો અખંડ વિચાર રહે છે જે, જેમ કોઈ મનુષ્યને મરવાને સમયે પથારી ઉપર સુવાડ્યો હોય, ત્યારે તે મનુષ્યમાંથી બધાને પોતાના સ્વાર્થની વાસના તૂટી જાય છે. તે રીતે જ મરનારાને પણ સંસારમાંથી મન ઉદાસ થઈ જાય છે અને સર્વે આશા છૂટી જાય છે. **તેમનું તેમ અમારે પણ પોતાની કોરનું અને બીજાની કોરનું નિરંતર અંત અવસ્થા જેવું વર્તે છે. અને જેટલા માયિક પદાર્થ છે** તે બધાં નાશવંત અને તુચ્છ સરખાં જણાય છે, પણ એવી વિગત જણાતી નથી કે, **'આ પદાર્થ સારું છે અને આ પદાર્થ ભૂંડું છે. જેટલાં માયિક પદાર્થ છે તે બધાં એક જ સરખાં જણાય છે. જેમ કાખના વાળ છે, તેમાં કયો સારો અને કયો ભૂંડો ? એ તો સારા કે ભૂંડા બધા એક જ સરખા છે. તેમ બધાં જ માયિક પદાર્થ**

એકસરખાં જ છે. ૨૨-૨૯. અમે જે કાંઈક સારું-નરસું કહીએ છીએ તે તો ભક્તના દિલમાં સારું લગાડવાને માટે કહીએ છીએ જે, 'આ ભોજન સારું છે, આ વસ્ત્ર ઘણું સારું છે, આ ઘરેણું સારું છે, આ ઘર ઘણું સારું છે અને આ ઘોડું સારું છે, આ પુષ્પ ઘણાં સારાં છે.' એમ ભક્તને સારું લાગે તે માટે અમે કહીએ છીએ. કેમ જે, અમારી જે કાંઈ પણ ક્રિયા છે તે ભગવાનના ભક્તને અર્થે જ છે પણ પોતાના સુખને માટે એકેય ક્રિયા નથી. બધી જ ક્રિયા ભક્તના માટે છે. ૩૦-૩૩.

✻ એકાંતિક ભક્તનાં લક્ષણ :

चोपाई :

अरु भगवान ताके जेहा, एकांतिक भक्त रहे तेहा;
तिनके मन भगवान हि ताके, स्वरूप के चिंतवन वाके...३४
करत रहे अरु वाणि जेहू, भगवान के जश गाय तेहू;
अरु कर भगवान के जेही, भगवान के भक्त जो तेही...३५
सेवा परिचर्या रहे ताकू, भाव जूत करत रहेउ वाकू;
अरु श्रवण अखंड हि जेऊ, भगवान के जश हि कु तेऊ...३६
श्रवन करे इमि भगवान केरी, भक्ति जानिके जेजे जो तेरी;
क्रिया करत रहे हम जेती, होवत रहाये सहज तेती...३७

અને જે ભગવાનનો એકાંતિક ભક્ત હોય તેનું મન તો અખંડ ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરતું રહે છે. તેની વાણી ભગવાનના યશને જ ગાય છે. અને તેના હાથ છે તે ભગવાન તથા ભગવાનના ભક્તની ભાવથી સેવા-પરિચર્યાને જ કરતા રહે છે અને તેના કાન છે તે અખંડ ભગવાનના યશનું જ શ્રવણ કરે છે, એમ ભગવાનની ભક્તિ જાણીને જે જે ક્રિયા અમે કરીએ છીએ તે સહજપણે થાય છે. ૩૪-૩૭. **પણ ભગવાનની ભક્તિ વિના જે કાંઈ પદાર્થ છે તેમાંથી અમે સદા ઉદાસ રહીએ છીએ. હવે તે વાત કહીએ છીએ.** ૩૮.

જેમ કોઈ મોટો રાજા હોય અને તેને એક જ પુત્ર હોય અને તે રાજા પણ સાઠ સિત્તેર વર્ષનો થયો હોય તે પછી તેનો પુત્ર મરી જાય, ત્યારે તે

રાજાનું મન બધાં જ પદાર્થ ઉપરથી ઉદાસ થઈ જાય છે. તેમ અમારે પણ ખાતાં, પીતાં, ઘોડે ચઢતાં, રાજીપા કુરાજીપામાં સર્વ કાળે મન ઉદાસ રહે છે. વળી અંતરમાં એમ વિચાર રહે છે કે, 'આપણે તો દેહથી અલગ સુખરૂપ આત્મા છીએ પણ દેહ જેવા નથી.' અને અંતરમાં એમ વિચાર રહ્યા કરે છે કે, આ દેહના યોગે કરીને આત્માને વિષે રખે કોઈ રજોગુણ, તમોગુણ આદિક માયાનો ભાગ ક્યારેય ભળી જાય નહિ ! ૩૯-૪૪. તેની ઘડીએ ઘડીએ તપાસ કરતા રહીએ છીએ.

✻ આત્મામાં માયાનો ભેગ ભળવા દેવો નહીં :

જેમ કોઈ સાડા સોળવલું સોનું હોય અને સોનીની પેઢીએ તેને લઈ જાય, તો તે સોની ધણીની લગારેક પણ નજર ચૂકે તો તેમાંથી સોનું કાઢી લઈને તેમાં તાંબું ભેળવી દે. તેમ આ હૃદયરૂપી સોનીની પેઢી છે, તેમાં માયારૂપી સોની છે તે તેમાં બેઠો થકો સંકલ્પરૂપી હથોડાના અખંડ ટચટચ એમ ટચકા મારતો રહે છે. ૪૫-૪૮. અને જેમ સોનીનાં છોકરાં તથા સ્ત્રી હોય તે પારસી(છળ-કપટ ભરેલી યુક્તિ) કરીને તેને હાથમાં જે કાંઈ સોનું આવે તો કાંઈક ચોરી જાય છે; તેમ ઈન્દ્રિયો અને અંતઃકરણ એ બધાં માયારૂપી સોનીનાં છોકરાં તથા સ્ત્રી છે, તે કંચનરૂપી ચૈતન્યને વિષે ત્રણ ગુણ તથા પંચવિષયમાં આસક્તિ તથા દેહાભિમાન તથા કામ, ક્રોધ અને લોભ ઈત્યાદિક દોષરૂપી તાંબું તેમાં ભેળવીને જ્ઞાન-વૈરાગ્યાદિક ગુણરૂપ સોનાને કાઢી લે છે.

અને તે સોનામાંથી જ્યારે સોનું કાઢીને તેમાં તાંબાને ભેળવી દે છે ત્યારે તે સોનું બારવલું થઈ જાય છે. તે પછી તે બારવલાં સોનાને વારંવાર તાવી તાવીને ફરીને સોળવલું કરવામાં આવે છે, પણ તે તાવ્યા વિના શુદ્ધ થતું નથી; તેમ આ જીવને વિષે રજોગુણ, તમોગુણ આદિરૂપ જે તાંબું ભળી ગયું છે તેને ગાળીને કાઢી નાંખવું. પછી કંચનરૂપ જે એક શુદ્ધ આત્મા તે જ રહે છે, પણ બીજો કોઈ માયિક ભેગ તેમાં રહે નહિ; એવી રીતના વિચારમાં અમે રાત-દિવસ મંડ્યા રહીએ છીએ, તે અમે તમને કહ્યું. ૪૯-૫૮. આ અમે અમારું જેવું અંગ હતું તે તમને સહુને કહ્યું. આ રીતે જેનું જેવું અંગ હોય તે રીતે તમે બધા કહો." ૫૯.

પછી જે સંતમંડળ હતા તેમણે હાથ જોડીને એમ કહ્યું કે, **“હે મહારાજ ! આપને વિષે તો કોઈ માયિક ગુણનો લેશમાત્ર પણ ભેગ હોય જ નહિ. આપ તો અલૌકિક કૈવલ્ય(ચૈતન્ય-જ્ઞાનમય) મૂર્તિ છો, પણ આપે જે વાત કરી તે તો અમારા અંગની છે.”** વળી સહુએ કહ્યું જે, **“આપે જે વિચાર કહ્યો તે અમારે સહુએ અંતરમાં રાખવા યોગ્ય છે.”** પછી શ્રીજીમહારાજ ‘જય સચ્ચિદાનંદ’ કહીને પોતાને ઉતારે પધાર્યા. ત્યારે સહુ સંતો તથા હરિભક્તો પણ પોતપોતાના ઉતારે ગયા. ૬૦-૬૪. (આ રીતે મહારાજે ગઢપુરમાં રહ્યા થકા સં.૧૮૮૦ની જેઠ સુદ-ભીમ એકાદશી અને સં.૧૮૮૧ની રથયાત્રા વગેરે ઉત્સવ કર્યા અને સંતો-ભક્તોને ખૂબ સુખ આપ્યું.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ષડ્‌વિંશ પૂરમાં “ગઢડા મધ્ય પ્રકરણનું પંચાવનમું વચનામૃત કહ્યું” એ નામે એંશીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ષડ્‌વિંશ પૂર સંપૂર્ણ ॥૨૬॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૭

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર સત્યાવીશમું : તરંગ - ૧

ગઢડા મધ્ય પ્રકરણનું છપ્પનમું વચનામૃત

✷ મંગલાચરણ :

दोहा : श्रीपुरुषोत्तम प्रगट प्रभु, स्वामि हि सहजानंद;
हरिजन कु सुख देन हित, प्रगट भये जगवंद...०१
अनंत कोटि ब्रह्मांड की, उत्पति स्थिति विनाश;
लिला अखंड रहेउ यह, सहज स्वभाविक तास...०२

सोरठा : जन न जानत हि कोउ, सामर्थ वार न पार रहे;
छपाय वरतत सोउ, मनुष्य से असमर्थ हि जनु...०३
सब पर समर्थ हि जेहि, अक्षर जेसे तिनकी जोउ;
गणति न रहेउ तेहि, देव मनुष्य लेख कहा...०४

શ્રીસહજાનંદ સ્વામી પ્રગટ પુરુષોત્તમ પ્રભુ જ છે. જગદ્વંદ્ય તે પ્રભુ હરિભક્તોને સુખ દેવા માટે આ ભૂમિ ઉપર પ્રગટ થયા છે. ૧. અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ, તે શ્રીસહજાનંદ સ્વામીની સહજ સ્વાભાવિક અખંડ લીલા છે. ૨. તે સહજાનંદ સ્વામીમાં અપાર સામર્થ્ય

હતું, છતાં પણ કોઈ લોકો તેને યથાર્થ જાણી શકતા નહીં. કેમ જે, તેઓ માનો સામાન્ય મનુષ્યથી પણ અસમર્થ હોય તેમ પોતાનું સામર્થ્ય છુપાવીને વર્તતા હતા ! ૩. તે પરમેશ્વર સર્વથી પર અને અતિ સમર્થ છે. અક્ષર જેવાની પણ તેમની આગળ ગણતરી નથી, તો પછી દેવતાઓ કે મનુષ્યનાં શાં લેખાં ? ૪. આ બ્રહ્માંડનાં જેટલાં મનુષ્યો કે બ્રહ્માદિક દેવતાઓ છે તે એ શ્રીહરિને કદાચ યથાર્થરૂપમાં જાણે, તો તેનાથી એ ભગવાનનું સામર્થ્ય વધી જાતું નથી. અને તેઓ ન જાણે તો તેનાથી આ ભગવાનમાં જેટલી કાંઈ મોટપ રહી છે તે રતીભાર પણ ઘટી જાતી નથી. ૫-૬.

ગમે તેવો રમણીક હોય તોપણ તે ભગવાનથી અધિક રમણીય નથી. કેમ જે, ભગવાન સહુથી અધિક રમણીય છે. જેને ભગવાનનો સંબંધ નથી તેવા અનંતકોટિ બ્રહ્માંડોને માયાનું કૃત્ય માનવું; એમ જે ભક્ત સમજે છે તેવા ભક્તને પરમ સુખ આપવાને માટે, ભગવાન પોતે અક્ષરધામમાં રહ્યા થકા જ, આ ભૂમિ ઉપર કેટલીયે વાર મનુષ્ય તન ધારણ કરે છે. અને ઘણાં ચરિત્ર કરે છે. ૭-૯. તે ભગવાનનાં ચરિત્રને દિવ્ય જાણીને હેતથી જે તેનું ગાન કરે છે તે મનુષ્યનો મોક્ષ થાય છે, અને તેનું ભવભટકણ મટી જાય છે. ૧૦. શ્રીહરિનાં જે જે ચરિત્રો રહ્યાં છે તે સર્વે સંસારનાં ભટકણને મટાડવા માટે જ છે, એમ મહિમા જાણીને જેટલા તેનું ગાન કરે છે તેને સંસારનું ભટકણ આવતું નથી. ૧૧.

શ્રીહરિએ ગઢપુરમાં રહીને અપાર ચરિત્રો કર્યાં છે, તેનાં કરોડમા ભાગનાં ચરિત્ર કદાચ બીજાં ગામો કે અન્ય દેશમાં કર્યાં હોય ! તે શ્રીહરિનાં તમામ ચરિત્ર યથાર્થરૂપમાં તો કહી શકાતા નથી, પણ જેટલાં ચરિત્ર યાદ આવે છે તેટલાં હું કહી રહ્યો છું. ૧૨-૧૩. હવે મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧૪.

✵ ગઢડા મધ્ય પ્રકરણનું ૫૬મું વચનામૃત :

(સં.૧૮૮૧ના) અષાઢ સુદિ પાંચમને દિવસ સર્વ ભક્તોના આનંદના મૂળસ્વરૂપ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના

દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદીતકિયા બિછાવીને તેના ઉપર વિરાજમાન થયા. ૧૫-૧૭. અને ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

અને જે સાધુઓને ગાતા આવડતું હતું, તે સર્વે સંતો દોકડ અને સરોદ લઈને કીર્તન બોલતા હતા. તે કીર્તન-ભક્તિ જ્યારે કરી રહ્યા ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા કે, “આ તમે જે કીર્તન બોલતા હતા તેને સાંભળીને અમારો આત્મા તરત વિચારમાં જતો રહ્યો હતો. ૧૮-૨૧.

❋ હરિ વિના ન હોય હેત રતી, તેની પ્રભુમાં સાચી પ્રીતિ :

પછી તો તેમાં અમને એમ જણાયું કે, ‘ભગવાનને વિષે જે અતિશય પ્રીતિ તે ઘણી મોટી વાત છે. તે પ્રીતિ જેવું બીજું કોઈ સાધન કહેવાય નહીં. ૨૨. પછી તો ગોપાળાનંદ સ્વામી આદિક જે મુનિમંડળ અને ભગવાનને વિષે પ્રીતિવાળા હરિભક્ત, તે બધા સાંભરી આવ્યા. અને તે બધાનાં અંતઃકરણ અને એ બધાના જીવ તથા તેમની ભગવાનને વિષે પ્રીતિ તે બધાં જોયામાં આવ્યાં.

પછી અમે અમારા આત્મામાં તપાસ કરીને જોયું ત્યારે અમારે જેવી ભગવાનને વિષે પ્રીતિ જણાઈ તેવી પ્રીતિ બીજાને વિષે જણાઈ નહીં. શા માટે જે, ભૂંડાં દેશ-કાળાદિકનો જ્યારે કાંઈક જોગ થાય ત્યારે ક્યારેક આ બધા મોટા છે, તોપણ એમની બુદ્ધિને વિષે કાંઈક ફેર પડી જાય છે. તેથી એમ જણાય છે કે, ‘અંતે પાયો કાચો રહ્યો છે. અને જેનો પાયો કાચો હોય તેનો કાંઈ નિરધાર દેખાતો નથી. ૨૩-૨૯. કારણ કે, તેને જ્યારે સારી પેઠે કાંઈક ભૂંડાં દેશ-કાળાદિકનો યોગ થાય તો ભગવાનમાં પ્રીતિ હોય તેનું કાંઈ ઠેકાણું રહે નહીં. માટે એ બધાને જોતાં અમને અમારી કોરનું ઠીક દેખાય છે. કેમ જે, ‘ગમે તેવાં ભૂંડાં દેશ-કાળાદિકનો જોગ થાય તોપણ કોઈ રીતે અમારું અંતઃકરણ ક્યારેય ફરે જ નહીં.’ **અને ભગવાનને વિષે તેની જ પ્રીતિ સાચી છે કે, ‘જે ભક્તને ભગવાન વિના બીજા કોઈ પદાર્થને વિષે ક્યારેય પ્રીતિ થાય જ નહીં. અને તે જ ભગવાનના સાચા ભક્ત છે.** ૩૦-૩૪.

❋ સદ્ગ્રંથનો એ છે સાર, કરવો એક હરિમાં પ્યાર :

चोपाई :

सद्ग्रंथ कहावत हे जितना, एहि ज रहस्य रहाये तितना;
भगवान जेसे रहे न केही, चाय तेसे रहाये एही...३५
भगवान एक परमसुख दाता, परमसार वस्तु जो रहाता;
यह प्रभु बिन दुजे जेजे जेते, पदार्थ रहाये सब जो तेते...३६
तेहि जो अतिशे तुछ रहीता, अतिशे असार रहाये तीता;
अरु जिनकु भगवान हि विनही, दुजे पदार्थ तामें हि जिनही...३७

અને જેટલા સદ્ગ્રંથ કહેવાય છે તેનું એ જ રહસ્ય છે કે, ગમે તેવી કોઈ વ્યક્તિ કે વસ્તુ હોય, તોપણ તે ભગવાન જેવી તો નથી જ. ૩૫. એક ભગવાન છે તે જ પરમ સુખદાયક છે અને પરમ સાર વસ્તુ છે. તે પ્રભુ વિના જે જે બીજા પદાર્થ છે તે બધા અતિશય તુચ્છ છે, અને અતિશય અસાર રહ્યા છે. જેને ભગવાન સિવાય બીજા પદાર્થમાં જેટલી પ્રીતિ હોય તેટલો તેનો પાયો ઘણો જ કાચો છે, તે વાતને સમજવી. ૩૬-૩૮. જેમ કસુંબલ વસ્ત્ર હોય તે ઘણું સારું દેખાતું હોય પણ જ્યારે તેના ઉપર પાણી પડે, ને પછી તેને તડકામાં જ્યારે સુકાવીએ ત્યારે તે ઘણું નકામું થઈ જાય છે, અને સાદાં કપડાં જેવું પણ રહેતું નથી; તેમ જેને પંચવિષયમાં પ્રીતિ હોય તેને જ્યારે કુસંગનો યોગ થાય ત્યારે તેનું નક્કી કાંઈ ઠેકાણું રહે નહીં. ૩૯-૪૨.

માટે જે ભગવાનનો ભક્ત હોય તેણે તો ભગવાનને રાજી કરવા માટે વિચાર કરી-કરીને પંચવિષયનો અતિશય ત્યાગ કરવો જોઈએ, પણ ભગવાનને વિષે પ્રીતિમાં વિઘ્ન કરે એવું કોઈ પદાર્થ વહાલું રાખવું નહીં. કેમ જે, આવો યોગ ક્યારેય મળે નહિ, વારેવારે આવો યોગ મળવો તે કાંઈ સુગમ નથી." શ્રીહરિએ આ જે વાત કરી તે ભક્તજનોને માટે ઘણી જ હિતકારી છે. ૪૩-૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું છપ્પનમું વચનામૃત કહ્યું" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨

ગઢડા મધ્ય પ્રકરણનું સત્તાવનમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ગઢપુરધામમાં શ્રીહરિ અતિ ભાવથી સંત-હરિભક્તોને નિત્ય પોતાનાં દર્શન દઈને દિવ્ય લાભ દેતા હતા. તે પ્રમાણે જ (સં.૧૮૮૧ના) અષાઢ સુદિ છઠને દિવસ સંધ્યા આરતીને સમયે, સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ, પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ત્યારે મસ્તક ઉપર શ્વેત પાઘ ફૂલના તોરાએ યુક્ત સુશોભિત વિરાજમાન હતી. અને શ્વેત ચાદર ઓઢી હતી ને શ્વેત ખેસ પહેર્યો હતો, તે શોભી રહ્યો હતો. ૨-૬. અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા હંમેશની જેમ ભરાઈને બેઠી હતી. અને મશાલનો પ્રકાશ થઈ રહ્યો હતો. અને જે સંતોને ગાતા આવડતું હતું તે સંતો દોકડ તથા સરોદ લઈને ભગવાનનાં કીર્તનનું ગાન કરતા હતા.

⁕ શ્રીહરિએ બ્રહ્મરૂપ થવાનો હેતુ કહ્યો :

પછી શ્રીજીમહારાજ સંતોના પ્રત્યે બોલ્યા જે, "સહુ સાંભળો, અમને જે એક વાત સાંભરી આવી છે તે તમને કહીએ છીએ. તમે જ્યારે કીર્તન ગાતા હતા ત્યારે આ કીર્તનને સાંભળતાં સાંભળતાં જે વિચાર કર્યો છે, તે વિચાર હવે અમે કહીએ છીએ જે, ભગવાનને વિષે જે પ્રીતિ કરવી તે એક સત્તારૂપે રહીને જ કરવી. ૭-૧૧. અને તે સત્તારૂપ એવો જે આત્મા તે કેવો છે ? તે હું કહું છું. તો, જેને વિષે માયા તથા માયાનું કાર્ય જે ત્રણ ગુણ, દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ તેનું કાંઈ પણ આવરણ રહ્યું નથી. અને જે કાંઈ આત્માને વિષે આવરણ જેવું જણાય છે તે તો અજ્ઞાને કરીને વૃથા ભ્રાંતિરૂપ જણાય છે; પણ જેણે જ્ઞાન તથા વૈરાગ્યે કરીને તેનો સર્વ પ્રકારે નિષેધ કરી નાખ્યો છે, તેને તો એ આત્માને વિષે કોઈ જાતનું આવરણ ક્યારેય રહેતું નથી. ૧૨-૧૬. અને તે આત્મારૂપે જે રહેવું તે કેવળ બ્રહ્મ થઈને મસ્ત થવું તેને માટે જ નથી, **પણ પોતાને આત્મારૂપે રહેવું તેનું તો**

એ પ્રયોજન છે જે, 'હું સુખરૂપ એવો આત્મા છું. ૧૭-૧૮. તે મારે વિષે કોઈ પ્રકારનું નિશ્ચિત માયાનું આવરણ છે જ નહીં. ત્યારે આત્મા થકી પર જે પરમાત્મા નારાયણ વાસુદેવ તેને વિષે તો માયાનો લેશ પણ કેમ હોય ? એવી રીતે ભગવાનમાં કોઈ પણ જાતનો દોષ ન આવે(ન દેખાય) તેટલા માટે આત્મનિષ્ઠા દૃઢ કરીને રાખવી. અને તે આત્માના પ્રકાશને વિષે દૃઢપણે વિચાર રાખીને સત્તારૂપમાં જે કોઈ પેસવા આવે તેનો નાશ કરી નાંખવો. ૧૯-૨૨. જેમ દીવાના પ્રકાશમાં ગરોળી આવીને જે જે જંતુ ત્યાં આવે તેનો તે નાશ કરી નાખે છે, તેમ આત્માના પ્રકાશમાં જે વિચાર રહે છે તે આત્મા વિનાના બીજા જે કોઈ પદાર્થ સ્મરણમાં આવે તેનો નાશ કરી નાખે છે. ૨૩-૨૪.

❋ ભગવાનનું સુખ સમજાય ત્યારે બીજું સહેજે છૂટી જાય :

**दोहा : अरु पुनि जिनकु हि जो जेउ, परमेश्वर के जेउ;
विषे प्रिति होय तिनकु हि, परमेश्वर विन तेउ...२५
कोउ पदार्थ हि तिन महीं, प्रिति होय नहीं जेह;
अरु परमेश्वर विन जो, दुजे जे जेहि तेह...२६**

**सोरठा : पदार्थ अधिक जनाय, अतिशे त्याग करे तेहि;
त्यागि खरे यह ताय, पदार्थ छोट बडे रहे...२७
त्याग हि करना जेह, ताके नाम त्यागि रहे;
अरु पदार्थ हि तेह, भगवान के भजन महीं...२८**

चोपाई :

**अंतराय कु करत रहाये, त्याग करि सकत नहीं ताये;
दुजे उपरसे बऊत प्रकारा, त्याग करे वार नहीं पारा...२९
ताके त्याग वृथा रहाते, एसि समझ संत पुरे कहाते;
अरु इमि कछु जानना नाहीं, अछे पदार्थ होय जो रहाही...३०
भगवान के भजन में जेहा, अंतराय करत रहे तेहा;
अरु नकारे पदार्थ हि जेते, अंतराय न करत हे तेते...३१**

અને વળી જેને પરમેશ્વરને વિષે પ્રીતિ હોય, તેને તો પરમેશ્વર વિના બીજા કોઈ પદાર્થમાં પ્રીતિ ન હોય. અને પરમેશ્વર વિના બીજા જે જે પદાર્થ

અધિક જણાય તેનો જે અતિશય ત્યાગ કરે, તેનું જ નામ ખરો ત્યાગી છે. અને તે પદાર્થો નાનાં હોય કે મોટાં હોય પણ તેનો જે ત્યાગ કરે તેનું જ નામ ત્યાગી કહેવાય છે. અને જે પદાર્થ ભગવાનના ભજનમાં અંતરાય કરતા હોય તેનો તો જે ત્યાગ કરી શકે નહિ અને ઉપરથી તો બીજા ઘણી પ્રકારના અપાર ત્યાગ કરે, પણ તેનો ત્યાગ નિષ્ફળ છે. અને આવી સમજણ જેને હોય તે જ પૂરા સંત કહેવાય છે. અને એમ ન જાણવું કે, 'સારાં પદાર્થ હોય તે જ ભગવાનના ભજનમાં અંતરાય કરે અને નરસાં પદાર્થ હોય તે અંતરાય કરે નહીં. ૨૫-૩૧. એ તો જીવનો એવો સ્વભાવ જ છે કે, 'તે જેવા તેવા પદાર્થમાં પણ ચોંટી જાય છે. જેમ કે, કોઈ માણસને ગળ્યું ભાવે, કોઈકને ખારું ભાવે, કોઈકને ખાટું ભાવે, કોઈકને કડવું ભાવે, કોઈકને તીખું ભાવે; તેમ જીવની તો એવી તુચ્છ બુદ્ધિ રહી છે. તેથી કોઈક અલ્પ પદાર્થ હોય તેને પણ ભગવાન કરતાં અધિક વહાલું કરીને રાખે છે. ૩૨-૩૪.

અને જ્યારે ભગવાનની મોટપ સામે જોઈએ છીએ ત્યારે તો એવું કોઈ પદાર્થ નથી કે જે, 'તે પદાર્થ ભગવાનના કોટિમા ભાગના પાસંગમાં પણ ક્યારેય આવે. એવી રીતના ભગવાન જણાય છે. માટે જ્યારે તે ભગવાનને યથાર્થરૂપમાં જાણીને હેત કરવામાં આવે, ત્યારે જેટલા કાંઈ માયિક પદાર્થ રહ્યા છે તે પિંડ-બ્રહ્માંડાદિકમાં કોઈ દિવસ ક્યાંય પણ પ્રીતિ રહે જ નહીં. અને તે સર્વે માયિક પદાર્થ તુચ્છ થઈ જાય છે. અને એવા ભગવાનનો જેમ છે તેમ યથાર્થ મહિમા જ્યારે જણાયો ત્યારે ચિત્રકેતુ રાજાએ વિચારીને કરોડ સ્ત્રીઓનો તત્કાળ ત્યાગ કર્યો. ૩૫-૩૯. અને સમગ્ર ભૂમિનું જે ચક્રવર્તી રાજ્ય હતું તેનો પણ ત્યાગ કર્યો.

અને જ્યારે આવી રીતે ભગવાનની મોટપ યથાર્થ સમજવામાં આવે ત્યારે તે ભગવાનના સુખની આગળ કરોડો સ્ત્રીઓનું જે સુખ તે શી ગણતરીમાં આવે ? ૪૦-૪૧. અને વળી ચક્રવર્તી રાજ્યનું જે સુખ તે પણ શી ગણતરીમાં કહેવાય ? અને જેને આવી રીતની સમજણ આવે છે તેને ઈન્દ્રના લોકનું સુખ અને તેનાથી શ્રેષ્ઠ બ્રહ્માના લોકનું સુખ પણ શું લેખામાં આવે ? અને રિદ્ધિ, સિદ્ધિ અને અપાર ચિંતામણિ ઈત્યાદિકનાં સુખ ભગવાનના સુખની

આગળ તો મળના જેવા લાગે છે. એવા જે ભગવાન તેના સિવાય બીજા પદાર્થમાં જે જેટલી પ્રીતિ કરે છે તે તેટલો તુચ્છ બુદ્ધિવાળો કહેવાય છે.

❋ જેને હરિમૂર્તિ સમજાણી, તેને વિષય ન શકે તાણી :

કોઈ ગમે તેટલા વેદ અને પુરાણોને ભણે, યોગની બધી કળાઓને જાણે, બીજી જેટલી વિદ્યાઓ કહેવાય છે તે બધી વિદ્યાઓને જાણે, કોઈ દિવસ સાંભળી કે દેખી ન હોય એવી અપાર કળાઓને દેખાડે, તોપણ જો જેમ છે તેમ ભગવાનને યથાર્થપણે જાણે-સમજે નહિ, તો ત્યાં સુધી તે તુચ્છ બુદ્ધિમાં જ ખપે છે. ભગવાન તો જેને સત્સંગ થાય છે તેને જ યથાર્થ સમજાય છે. ૪૨-૪૭. જેમ કૂતરું હોય છે તે સૂકાં હાડકાંને એકાંતમાં લઈ જઈ કરડીને ચાટે છે અને તેમાં તે અપાર સુખ માને છે. ૪૮. તેમ જે તુચ્છ બુદ્ધિવાળા મૂર્ખ જીવ છે તે દુઃખને વિષે પણ ઘણું સુખ માને છે. ૪૯. અને તે તુચ્છ પદાર્થમાં જ પ્રીતિ કરતા રહે છે. અને **જે ભગવાનનો ભક્ત કહેવાતો હોય છતાં પણ તે જો ભગવાન સિવાયના બીજા પદાર્થમાં અધિક હેત રાખતો હોય, તો તે કેવળ મીનડિયો ભક્ત છે; અને જે યથાર્થ ભગવાનનો ભક્ત હોય તેને ભગવાન કરતાં બીજું કોઈ પદાર્થ ક્યારેય લગાર પણ અધિક હોય જ નહીં.** કેમ જે, ભગવાન સિવાયનું બીજું બધું તેને નકારું લાગે છે. ૫૦-૫૩. અને વળી ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, તેનાથી યુક્ત એવો જે ભગવાનનો ભક્ત હોય તે તો એમ જાણે જે, 'જે સાચો શૂરવીર હોય તે લડવાને સમયે શત્રુની સન્મુખ ચાલે, પણ દિલમાં જરાય ડરે નહિ તે જ સાચો શૂરવીર છે. ૫૪-૫૫.

❋ જ્ઞાન આપવાથી વધે છે, માટે જ્ઞાન આપવામાં કાયર ન થવું :

અને શૂરવીર હોવા છતાં પણ જે લડાઈમાં કામ ન આવ્યો, અને ગાંઠે(પાસે) ધન હોય તે જરૂર પડ્યે ખર્ચ્યા-વાપર્યામાં કામ ન આવ્યું તો તે વૃથા છે. માટે તે ભક્તજન છે તે એમ સમજે છે કે, 'મને ભગવાન મળ્યા છે તેથી જે જીવ મારો સમાગમ કરે અને તેની આગળ હું કલ્યાણની વાત ન કરું, તો મારું જ્ઞાન તે કાંઈ કામમાં ન આવ્યું ગણાય; એમ વિચાર કરીને ઉપદેશ કરવાને નિમિત્તે કાંઈક થોડી ઘણી ઉપાધિ રહે, તોપણ ક્યારેય

વિરામ ન પામે. ૫૬-૫૯. અને પરમેશ્વરની વાત કરવામાં તથા કથા-કીર્તન કરવામાં કાયરપણું ન રાખે." ૬૦.

એમ કહીને શ્રીજીમહારાજે તુલસીદાસજીનાં ત્રણ પદ ગવડાવ્યાં. તે કહું છું. ૬૧. **'જ્યાકિ લગન રામસો નાહિ'** એ એક પદ ગવરાવ્યું અને બીજું **'એહી કહ્યો સુનુ વેદ ચહું'** અને ત્રીજું **'જાકું પ્રિય ન રામ વૈદેહી'**, એ ત્રણ પદ ગવડાવીને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ પદમાં જે રીતે કહ્યું છે તે રીતે જ આપણે જરૂર રહેવું છે. અને તેમ કરતાં કરતાં જો કાંઈક અધૂરું રહ્યું અને એટલામાં જ દેહ પડી ગયો, તોપણ મર્યા પછી નરકમાં કે લખચોરાશીમાં જવું નથી કે કોઈ ભૂત-પ્રેત થાવું નથી. ૬૨-૬૫. અને કાંઈક કસર રહી જશે અને સુધો ભૂંડામાં ભૂંડો કોઈ દેહ ધારશું તોપણ કોઈ દેવનો કે ઈન્દ્ર અથવા બ્રહ્માના જેવો દેહ આવશે, પણ તેથી ઊતરતો તો ફરીને નહિ આવે. **માટે આ વખતે નિર્ભય થઈને કહ્યા પ્રમાણે ભગવાનનું નિરંતર ભજન કરવું."** ૬૬-૬૭. આમ કહીને શ્રીજીમહારાજ જ્યારે મૌન થયા ત્યારે મુકુંદ બ્રહ્મચારી બોલાવવા આવ્યા. પછી તેની સાથે જમવા પધાર્યા. અને જેટલા સંતો તથા હરિભક્તો હતા તે પોત-પોતાને આસન ઉપર ગયા. ૬૮-૬૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું સત્તાવનમું વચનામૃત કહ્યું" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩

ગઢડા મધ્ય પ્રકરણનું અઠ્ઠાવનમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૧ના) શ્રાવણ સુદિ ચોથને દિવસ સમગ્ર આનંદના મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં ઉગમણે બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદીતકિયા બિછવાવીને તે ઉપર આવીને વિરાજમાન થયા. ૨-૪. અને શ્રીજીમહારાજનાં બધાં અંગ ઉપર

શ્વેત વસ્ત્ર ધારણ કરેલાં હતાં, ને પોતાના મુખારવિંદની આગળ મુનિમંડળ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે સમયની જે શોભા થઈ હતી તે કહી શકાતી નથી. ૫-૬.

✵ સંપ્રદાયની પુષ્ટિ તેના શાસ્ત્રથી થાય :

પછી તે વખતે શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "જે જે આચાર્ય થયા છે તેના સંપ્રદાયની પુષ્ટિ ઘણા કાળ સુધી શે ઉપાયે કરીને રહે છે ?" પછી મુક્તાનંદ સ્વામીએ જેમ વિચાર ઉત્પન્ન થયો તેમ કહ્યું, "એક તો તે સંપ્રદાયની જે પ્રકારે પુષ્ટિ થાય તેવો ચોક્કસ સંપ્રદાય સંબંધી ગ્રંથ જોઈએ અને બીજો શાસ્ત્રમાં કહ્યો એવો વર્ણાશ્રમનો ધર્મ હોય અને ત્રીજી પોતાના ઈષ્ટદેવને વિષે અતિશય દૃઢતા હોય; તે ત્રણ જ્યારે હોય ત્યારે તેના યોગે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ થતી રહે છે. ૭-૧૧. એવા ગ્રંથોએ કરીને દિવસે દિવસે સંપ્રદાયની અધિક પુષ્ટિ થાય તેવું દેખાય છે. પણ ગ્રંથ વિના પુષ્ટિ દેખાતી નથી." ૧૨.

પછી શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામીને પણ પૂછ્યું. ૧૩. ત્યારે તેમણે પણ મુક્તાનંદ સ્વામીએ જેમ કહ્યું તે રીતે જ કહ્યું. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "ઉત્તરમાં કાંઈક ફરક છે. ૧૪. (માટે લ્યો હવે અમે એ પ્રશ્નનો ઉત્તર કરીએ) સંપ્રદાયની પુષ્ટિની બાબત તો એમ છે જે, જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય, અને તેમનો જે હેતુને માટે આ ભૂમિને વિષે જન્મ થયો હોય, અને તે જન્મ ધર્યા પછી જે જે ચરિત્ર કર્યાં હોય તે જાણવું, અને જે જે પવિત્ર આચરણ કર્યાં હોય તે જાણવું. કેમ જે, તે આચરણને વિષે ધર્મ પણ સહેજે જ આવી જાય છે. ૧૫-૧૭. અને તેમાં ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય છે. માટે **પોતાના ઈષ્ટદેવનાં જન્મથી લઈને દેહ મૂકવા પર્યંત સુધીનાં જે ચરિત્ર હોય તેનું જે શાસ્ત્ર હોય તેણે કરીને જ સંપ્રદાયની પુષ્ટિ થતી રહે છે.** ૧૮-૧૯.

તે શાસ્ત્ર સંસ્કૃતમાં હોય કે પ્રાકૃત ભાષામાં હોય પણ તેવી જાતના જે સંપ્રદાયના ગ્રંથ હોય તે જ ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરતા રહે છે, ૨૦. પણ તે વિના બીજો કોઈ ગ્રંથ હોય તે પોતાના સંપ્રદાયની પુષ્ટિ ક્યારેય કોઈ

દિવસ કરતો નથી, એ વાત નિશ્ચિત છે. જેમ રામચંદ્રજીના ઉપાસક કહેવાતા હોય તેમને વાલ્મીકિ રામાયણના શ્રવણ, મનન અને અભ્યાસ કરવાથી જ તેમના સંપ્રદાયની દઢતાથી પુષ્ટિ થાય છે. અને શ્રીકૃષ્ણ ભગવાનના જે ઉપાસક હોય તેમને ભાગવતના 'દશમ સ્કંધ' તથા 'એકાદશ સ્કંધ' આ બંને સ્કંધને પ્રેમથી વાંચવાથી-સાંભળવાથી પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય છે, પણ રામચંદ્રજીના ઉપાસકને તથા શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસકને 'વેદો'એ કરીને ક્યારેય પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાતી નથી. માટે અમે જે આ વાત કહીએ છીએ તેને બરાબર સમજવી. ૨૧-૨૭.

❋ સત્યને ઓળખે તે સત્પુરુષ :

માટે પોતાના સંપ્રદાયની રીતનું જે શાસ્ત્ર હોય તે જ પાછલે દહાડે પોતાના સંપ્રદાયને પુષ્ટ કરે છે. સત્સંગના સમાન બીજું કાંઈ નથી. સંપ્રદાય ગમે તે હોય, પણ જેમાં ધર્મ, જ્ઞાન-વૈરાગ્ય આદિક લેશ પણ રહ્યા ન હોય તે બધા સંપ્રદાય નિર્જીવ રહ્યા છે. જેની બુદ્ધિમાં ધર્માંશ હોય અને જેની બુદ્ધિમાં સત્ય અને અસત્યની સમજણ હોય તે સત્ય બાબતમાં સાર માને છે. ૨૮-૩૦. અને તે જ મનુષ્ય બીજા સહુથી શ્રેષ્ઠ કહેવાય છે, તે તેની રુચિ ઉપરથી દેખાઈ આવે છે. જે મનુષ્યો સત્ય વર્તનને ઓળખે છે તે સત્પુરુષ કહેવાય છે. ૩૧. અને જે અસત્ય વર્તનનો ત્યાગ કરે છે તે ઘણા ભાગ્યશાળી કહેવાય છે. જે અસત્ય વર્તનને ઓળખતા નથી તે અસત્પુરુષ કહેવાય છે. ૩૨.

જે લોકો અસત્ય મતમાં બંધાયેલા હોય છે તે અસત્યનો ક્યારેય ત્યાગ કરતા નથી. અને જેટલા અસત્પુરુષો કહેવાય છે તે બધા અસત્યમાં જ સાર માને છે. ૩૩. તેવા પુરુષોને ગ્રંથોમાં અંધ લખ્યા છે. જે અસત્યમાં સાર માને છે તે બધા જમપુરી અને લખચોરાશીમાં જાય છે અને જેટલાં દુઃખ કહેવાય છે તેને તે પામે છે. આમ અસત્ય વાતમાં સાર માનનારાને ચોક્કસ દુઃખ આવે છે; આવું જે સમજી શકે છે તે દેવ કરતાં પણ અધિક કહેવાય છે. સત્યને સત્યના રૂપમાં જાણી શકે તે માટે જ આ સત્સંગ રહ્યો છે. અને જે લોકો આવા સત્સંગને ઓળખે છે તેને ક્યારેય સંસારમાં ભટકવાનું રહેતું નથી." ૩૪-૩૬. આટલી વાત કરી રહ્યા.

પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, "તમે પણ તત્પર થઈને પોતાના આ સંપ્રદાય સંબંધી અને પોતાના આ ઈષ્ટદેવ સંબંધી પદ, છંદ, કવિત, કુંડળિયા, છપ્પઈ, સવૈયા, દોહા, સોરઠા ને ચોપાઈ વગેરે કાવ્ય પ્રબંધને કે ગ્રંથને દેહ પર્યંત કરતા અને કરાવતા રહેજો, એમ અમે કહીએ છીએ. ૩૭-૪૦. અને તમારો દેહ જ્યાં સુધી રહે ત્યાં સુધી તમને આ જ આજ્ઞા છે." પછી શ્રીજીમહારાજના વચનને મુક્તાનંદ સ્વામીએ અતિ આદરથી વારંવાર પોતાને માથે ચઢાવ્યું અને શ્રીજીમહારાજને હાથ જોડીને નમસ્કાર કર્યા. ૪૧-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું અઠ્ઠાવનમું વચનામૃત કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪

ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણસાઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૧ના) શ્રાવણ સુદિ દ્વાદશીને દિવસ ભક્તજનોને આનંદકારી એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢપુર મધ્યે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની ઓસરી ઉપર જે પલંગ ઢાળ્યો હતો, તેના ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. અને ત્યારે પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

✵ ભગવાન અને સંત જ કલ્યાણકારી છે :

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે જે બોલ્યા તે વાત હવે કહું છું. "વેદ, પુરાણ અને ઈતિહાસ, એ બધામાં એ જ વાત છે કે, ૨-૬.

चोपाई :

भगवान भगवान जो केरा, संत संत के गुण जुत घनेरा;
कल्याणकारि एहि ज रहेऊ, ग्रंथ में सार एहि रहे तेऊ...०७

अरु भगवान के साधु जेते, भगवान के बचन महीं तेते;
वरतत ऐसे संत हि जेता, साचे संत कहावत तेता...०८
भगवान के सबंध बिन जितना, पदार्थ कहावत रहे तितना;
संसृति करन रहे सब जाही, एसि समझ संत रहे ताही...०९
भगवान के निष्कपट ऐसे, संत जेते कहावत तैसे;
भव ब्रह्मादिक देव तिनसे, अधिक यह रहाये जो इनसे...१०
तेसे भगवान भगवान ताके, संत की प्राप्ति भई जब वाके;
तब यह जीव कु जोउ इनसूँ, उपरांत दुजे कोउ हि तिनसूँ...११
कल्याण नहीं रहाये जरूरा, एहि ज परम कल्याण हे पूरा;

'ભગવાન અને સાધુતાના ઘણા ગુણે યુક્ત ભગવાનના સંત, એ બે જ કલ્યાણકારી છે.' અને તે ગ્રંથોમાં એ જ સાર કહ્યો છે. અને ભગવાનના જે સાધુ છે તે ભગવાનના વચનમાં વર્તે છે. અને એવા વચનમાં વર્તનારા છે તે જ સાચા સંત કહેવાય છે. ૭-૮. અને ભગવાનના સંબંધ સિવાયના જે જે પદાર્થ કહેવાય છે તે બધાં સંસારમાં ભટકાવનારાં છે, એવી જેને સમજણ હોય તેને સંત કહેવાય છે. અને એવા જે ભગવાનના નિષ્કપટ સંત કહેવાતા હોય તે તો શિવ-બ્રહ્માદિક દેવતા કરતાં પણ અધિક રહ્યા છે. ૯-૧૦. **અને તે ભગવાન અથવા ભગવાનના સંતની જ્યારે પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને તેથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી, ચોક્કસ તે જ પરમ તથા પૂર્ણ કલ્યાણ છે.**

❋ હેત હોય તો અભાવ ન હોય :

અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને જ વારંવાર મળે છે, પણ થોડા પુણ્યવાળાને કોઈ દિવસ મળતી નથી. માટે ભગવાનના સંત સાથે તો એવું અપાર હેત રાખવું કે, જેવું દૃઢ હેત સ્ત્રી ઉપર હોય અથવા પુત્ર ઉપર હોય અથવા તો મા-બાપ કે ભાઈ ઉપર જેવું હેત હોય, તેવું હેત સંત સાથે રાખવું. સંતો સંગાથે જ્યારે એવું હેત રાખે છે ત્યારે તેવા હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. અને પોતાનાં સ્ત્રી-પુત્રાદિક હોય તે તો અપાર કુપાત્ર અને કુલક્ષણવાળાં હોય, છતાં પણ કોઈ રીતે કોઈ

દિવસ જીવને તેનો ચોક્કસ અભાવ આવતો નથી. કેમ જે, તેને પોતાના સંબંધી માને છે અને જે ભગવાનના ભક્ત હોય તે બધા તો ઘણા રૂડા ગુણે કરીને યુક્ત હોય, પણ જો તેણે તેના જીવના હિતને માટે લગાર પણ કઠણ વચન કહ્યું હોય, તો તે જીવે ત્યાં સુધી તેની આંટી છોડતો નથી. આવી જે જીવની વૃત્તિ હોય તેને જેવું પોતાના સંબંધી ઉપર હેત છે તેવું ભગવાનના ભક્ત ઉપર હેત કહેવાય જ નહીં. ત્યારે તેનું કલ્યાણ પણ થાય નહિ, તેમ વાત દેખાય છે. અને સંતનો મહિમા તો પહેલાં કહ્યો એવો ઘણો મોટો છે. તે સંતની અને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તોપણ કોઈકને મનમાં એમ ડગમગાટ રહે છે કે, 'મારું કલ્યાણ થશે કે નહિ થાય ?' તેનું કારણ શું છે ? ૧૧-૨૩.

दोहा : इनकु यह ही जन्म महीं, आदर नये रहेउ;
फेर हि जन्म अब तिनमें, सेवा फल हि तेउ...२४
अरु जिनकु पूर्व जन्म में, भगवान की जो जेउ;
भगवान ताके भक्त की, प्राप्ति भयेउ रयेउ...२५

તો એ જીવને પૂર્વજન્મને વિષે ભગવાન અથવા ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ નથી. અને તેમની સેવા પણ તેણે કરી નથી. તેને તો આ જન્મમાં જ નવો આદર છે, તે સેવા તેને આગલા જન્મમાં ફળશે. ૨૪-૨૫. **અને જેને પૂર્વજન્મમાં ભગવાનની અથવા ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હોય, તથા તેમની સેવા કરી હોય તેણે કરીને તેને આ જન્મમાં ભગવાન તથા ભગવાનના ભક્તમાંથી ક્યારેય હેત મટે જ નહિ, અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહીં.** ૨૬-૨૮.

અને દેહના યોગે કરીને કામ, ક્રોધ તથા લોભ સંબંધી કદાચ મનમાં ઘાટ થાય, પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે કોઈ દિવસ મટે જ નહીં. તે કોઈકના વચને કરીને ન મટે તેમાં શું કહેવું ? તેને તો કદાચ પોતાનું મન ડગમગાટ કરાવે તોપણ લગારેય ડગમગાટ થાય નહીં. અને તેની દૃઢતા તો કેવી હોય ? તો જેવી વડોદરાના નાથભક્તની છે, જેવી ડભાણના વિષ્ણુદાસની હતી અને જેવી સુંદરિયાણાના હિમરાજ શાહની હતી, તથા

જેવી બોચાસણના પટેલ કાશીદાસને છે અને જેવી સુરતના ભાલચંદ્ર શેઠને હતી, અને જેવી અમદાવાદના દામોદરભક્તને છે; એવી દૃઢતા જ્યારે હોય ત્યારે જાણવું જે આ પૂર્વ જન્મનો ભગવાનનો ભક્ત છે. અને તે જેવો ભક્ત છે તે તેની દૃઢતાથી દેખાઈ આવે છે." ૨૯-૩૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું ઓગણસાઠમું વચનામૃત કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫

ગઢડા મધ્ય પ્રકરણનું સાઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૧ના) શ્રાવણ વદિ ચોથને દિવસ સર્વોત્તમ સુખના મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઉગમણી ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા, અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી તથા શ્વેત પછેડી ઓઢી હતી. ૨-૪. અને શ્વેત ખેસ પહેર્યો હતો ને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ ત્રણ સાધન સિદ્ધ થાય, તેના વિક્ષેપ જાય :

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "પ્રશ્ન-ઉત્તર કરો." ૫-૬. ત્યારે મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "હે મહારાજ ! ભક્તજનને આ સંસારને વિષે કેટલીક જાતના અપાર વિક્ષેપ(મૂંઝવણ) આવે છે. તેમાં કઈ રીતે ભગવાનનો ભક્ત સમજે તો અંતરમાં નિરંતર સુખ રહે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા, "એનો ઉત્તર તો અમને જેમ વર્તાય છે તે રીતે કહીએ છીએ. (પોતાના દેહથી નોખો જે પોતાનો આત્મા, તેનું જે નિરંતર અનુસંધાન તથા માયિક એવાં જે પદાર્થમાત્ર તેનાં નાશવંતપણાનું અનુસંધાન

તથા ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું જે અનુસંધાન - એ ત્રણે કરીને કોઈ વિક્ષેપ આડો આવતો નથી.) અને જ્યારે કોઈક જાતના વિક્ષેપનો યોગ આવે છે ત્યારે ઉપરથી તો ચિત્તનો ધર્મ છે તે વિક્ષેપ જેવું જણાય, પણ તે વિક્ષેપનો પોતાના ચૈતન્યમાં તો ક્યારેય તલ જેટલોયે, લગાર પણ ડંસ બેસતો નથી. તે કેમ જણાય ? તો જ્યારે અમે સૂઈએ છીએ ત્યારે બહારના જે જે વિક્ષેપ હોયતે કોઈ દિવસ સ્વપ્નમાં દેખાતા નથી. અને ચૈતન્યમાં જો વિક્ષેપ પેઠો હોય તો તે ત્રણેય અવસ્થામાં જણાતો રહે છે. માટે સ્વપ્નમાં ક્યારેય વિક્ષેપ જણાતો નથી, તેણે કરીને એમ જાણીએ છીએ કે ચૈતન્યમાં કોઈ રીતનો વિક્ષેપ વળગતો નથી.

અને જે ભગવાનનો ભક્ત હોય તેને જ્યારે કોઈ પ્રકારના દુઃખનો વિક્ષેપ આવ્યો હોય ત્યારે તે તરત અંતરમાં સારી પેઠે જણાય છે, પણ તે ન જણાય તેમ નથી. અને એ તો રઘુનાથદાસ જેવા વિમુખ હોય તેને જણાય નહીં. એવા તો બીજાનાં દુઃખને દેખીને આનંદમાં રહે છે. તે જ્યારે રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો ત્યારે બધા સત્સંગી હતા તે રડવા લાગ્યા, પણ રઘુનાથદાસને જરાય શોક થયો નહીં. અને જેને દેખે તેની સાથે હસતો જાય અને બીજા આગળ વાત કરતો ત્યારે તેના અંતર અને નેત્ર પ્રફુલ્લિત રહેતાં. માટે જે ભગવાનના ભક્ત હોય તેને જ્યારે દુઃખ આવી પડે, ત્યારે તો જે ચાંડાળ અને વિમુખ હોય તેના હૃદયમાં દુઃખ ન થાય, પણ જે સાચા ભગવાનના ભક્ત કહેવાતા હોય તે તો હરિભક્તના દુઃખે કરીને જરૂર ખૂબ દુખિયા થાય. ૭-૨૧.

❋ જે ભક્તનો પક્ષ રાખે તેના સર્વે પાપ બળી જાય :

चोपाई :

अरु भगवान के भक्त तिनकू, कोउक मारन आये इनकू...२२
अथवा कोउ दुःख देवे तिनहू, भगवान भक्त आडे इनहू;
जाईके कोउ मरे जोऊ, कहां घायल होवेउ सोऊ...२३
शास्त्र में तब इमि जो कहावा, ब्रह्महत्यादिक पाप रहावा;
तेहि सबके नाश होई जाते, यामें नहीं झुठ कबु रहाते...२४

અને જે ભગવાનનો ભક્ત હોય અને તેને કોઈ મારી નાખવા આવતો હોય અથવા કોઈ તેને દુઃખ દેતો હોય, અને તે ભગવાનના ભક્તની આડા જઈને કોઈ મરે અથવા ઘાયલ થાય તો શાસ્ત્રમાં એમ કહ્યું છે કે, 'તેના બ્રહ્મહત્યા આદિક જે પંચમહાપાપ હોય તે બધાંનો નાશ થઈ જાય છે, તેમાં કાંઈ ખોટું નથી'; એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખવાનો મોટો પ્રતાપ છે. તે જેમ હોય તેમ મેં બતાવ્યો. ૨૨-૨૫.

અને જેને ભગવાનના ભક્તનાં વચન હૈયામાં બાણનાં જેવાં વસમાં લાગતાં હોય અને જેનું ચિત્ત તેનાથી જૂદું પડી જાતું હોય અને વૈરભાવથી તેની આંટી પડી જાતી હોય તે જીવે ત્યાં સુધી ટળે નહિ; એવો જે ચાંડાળ જેવો જીવ હોય તે ધર્મે યુક્ત હોય, ત્યાગે યુક્ત હોય કે તપે યુક્ત હોય પણ તે સર્વે વૃથા છે. અને તે સિવાય બીજાં પણ કોટિ સાધન કરે, પણ તેના જીવનું કોઈ કાળે કલ્યાણ થાય નહીં. આ વાત નિશ્ચિત છે. અને આ સંસારને વિષે જેમ કોઈક સ્ત્રી હોય તે પોતાના પતિ ઉપર અને બીજા પુરુષ ઉપર સરખું હેત રાખે તો તે વેશ્યાના જેવી ભૂંડી કહેવાય, તેમ આ સંસારને વિષે જે એવો પુરુષ હોય કે, આપણે તો બધાય સાધુ સરખા છે તે સારા-નરસા કોને કહીએ ? એવી જાતની સમજણ રાખતો હોય, તેનું સત્સંગી એવું નામ કહેવાતું હોય તોપણ તે વિમુખ કહેવાય છે. ૨૬-૩૩.

અને જે પુરુષ એમ જાણતો હોય કે, 'આપણે કાંઈક અવળું-સવળું બોલીએ તો માણસો આપણો અવગુણ લે; આવી રીતે પોતાની સારપ રાખવા માટે ભગવાનનું અને ભગવાનના ભક્તનું કોઈક ઘસાતું બોલે ત્યારે તેને સાંભળી રહે, તો તે સત્સંગી કહેવાતો હોય તોપણ તેની તે સમજણે કરીને તેને વિમુખ જેવો જાણવો. ૩૪-૩૬. તેટલા માટે પોતાનાં કોઈ સગાં-વહાલાં હોય અથવા માતા-પિતા હોય, તેનો પક્ષ જેવો રહે છે તેવી રીતે જે ભગવાનના ભક્ત હોય છે તેનો દૃઢ પક્ષ નિત્ય રાખવો. ૩૭-૩૮. **અને ભગવાનના ભક્તની સાથે કોઈ રીતનો ક્યારેક વિક્ષેપ થયો હોય તો જળમાં લીટાની પેઠે ફરીને તત્કાળ જ એક થઈ જાય, પણ તેમાં કોઈ રીતે આંટી રાખે નહીં; આવો જે હોય તે જ ભગવાનનો યથાર્થ ભક્ત કહેવાય છે."**

❋ શ્રીહરિએ પોતાના દયાળુ સ્વભાવની વાત કહી :

આટલી વાત કરીને પછી શ્રીજીમહારાજ ફરીને એમ બોલ્યા જે, અમે તો દત્તાત્રેય, જડભરત, નારદ તથા શુકજીના સરખા દયાવાળા છીએ. તે પૂર્વ દેશમાં એક સમયે નાગા વૈરાગીની જમાત ભેળો હું રહ્યો હતો, ત્યારે સહુએ ભેળામળીને અમને કહ્યું હતું કે, 'તાંદળજાની લીલી ભાજીને તમે તોડો.' ત્યારે મેં કહ્યું કે, 'તેમાં જીવ હોય છે તેટલા માટે અમે તે ચોક્કસ તોડશું નહીં. ૩૯-૪૪.

પછી એક જણ તરત તલવાર ઉઘાડી કરી ક્રોધ કરીને અમને ડારો દેવા લાગ્યો, તોપણ અમે લીલી ભાજી તોડી નહીં; એવો અમારો અપાર દયાળુ જીવ-સ્વભાવ છે. **તોપણ જો કોઈક ભગવાનના ભક્ત સામે કરડી દૃષ્ટિ કરીને જ્યારે જોતો હોય, ત્યારે તે જો પોતાનો સગો કહેવાતો હોય અને અતિશય વહાલો હોય તોપણ જાણીએ જે, 'તેની આંખ તરત ફોડી નાખીએ અને હાથે કરીને જો ક્યારેક ભગવાનના ભક્તને દુભવે તો તેના હાથને પણ કાપી નાખીએ', એવો તેનો અભાવ આવે છે. પણ ત્યાં અમારે દયા રહેતી નથી. અને એવો જેને ભગવાનના ભક્તનો પક્ષ રહેતો હોય તેને જ પરિપૂર્ણ ભગવાનનો ભક્ત કહેવાય, અને પક્ષ ન રાખે તો તે કાચો ભક્ત કહેવાય.** ૪૫-૫૧. જેવો જે ભક્ત હોય તે પક્ષે કરીને દેખાઈ આવે છે. પક્ષ રાખ્યા વિના દેખાતું નથી. પક્ષની બાબત તો દર્પણના જેવી છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું સાઠમું વચનામૃત કહ્યું" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬

ગઢડા મધ્ય પ્રકરણનું એકસઠમું વચનામૃત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. (સં.૧૮૮૧ના) શ્રાવણ વદિ સાતમને દિવસ પરમ સુખના મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઉગમણી ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા, અને તે સમયે મસ્તક ઉપર શ્વેત સોનેરી શેલું છેડા યુક્ત બાંધ્યું હતું અને એક બીજું શ્વેત શેલું ઓઢ્યું હતું ને એક શ્વેત ખેસ પહેર્યો હતો. ૨-૫. અને તે વખતે મોગરાના પુષ્પના હાર પહેર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસની સભા તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

❋ નિયમ, નિશ્ચય અને પક્ષ રાખે તે પૂરા ભક્ત કહેવાય :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “જેમાં ત્રણ વાત હોય તે પાકો હરિભક્ત કહેવાય છે. તે ત્રણ વાત હવે અમે કહીએ છીએ જે, **એક તો પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યાં હોય તેને પોતાના શિર સાટે દઢ કરીને પાળે, પણ તે નિયમ-ધર્મનો કોઈ દિવસ ત્યાગ કરે નહીં,** એક વાત તો એ જાણવી. અને બીજી વાત હવે પ્રમાણિતરૂપમાં કહું છું કે, ભગવાનના સ્વરૂપનો અતિશય દઢપણે નિશ્ચય હોય, પરંતુ તેમાં કોઈ રીતે કોઈ વિમુખ જીવ સંશય નાખે તોપણ સંશય થાય નહિ, અને પોતાનું મન સંશય કરે તોપણ ક્યારેય લગાર પણ સંશય થાય નહિ; એવો ભગવાનનો અપાર અડગ નિશ્ચય હોય. ૬-૧૨. **ત્રીજી વાત પોતાના ઈષ્ટદેવને ભજતા હોય એવા જે સત્સંગી વૈષ્ણવ હોય તેનો દઢ પક્ષ રાખવો,** તે માતા-પિતા જેમ દીકરા-દીકરીનો પક્ષ રાખે છે અને જેમ પુત્ર હોય તે પોતાના પિતાનો પક્ષ રાખે છે અને જેમ સ્ત્રી હોય તે પોતાના પતિનો પક્ષ રાખે છે, તેમ ભગવાનના ભક્તનો પક્ષ અડગ કરીને રાખવો. ૧૩-૧૬.

આ ત્રણ વાત જેમાં પરિપૂર્ણ હોય તે પાકો સત્સંગી કહેવાય છે. અને આવી રીતે જે રહેતો હોય તે પરિપક્વ સત્સંગી કહેવાય છે. ૧૭. અને

હરિભક્તની સભામાં આગળ આવીને કોઈ બેસતો હોય ત્યારે બીજાને એમ જણાય જે, એ મોટેરા સત્સંગી છે. ૧૮.

❋ મોટેરા સંત તથા હરિભક્તનાં લક્ષણ :

चोपाई :

बडे सत्संगी की रित्य ईमी, परिक्षा ताकि रहे कहत तीमी;
ग्रहस्थ होय जेते हि जेऊ, पोताके सर्वस्व जो तेऊ...१९
भगवान अरु भगवान ताके, भक्त अर्थे करिके रखे वाके;
अरु सत्संग ताके हि हीता, शिर देना होय देत खचिता...२०
अरु जेहि घडिये पोता केऊ, इष्टदेव आज्ञा करे तेऊ;
कहे ते परमहंस हि होऊ, तब ततकाल तेहि तरत सोऊ...२१
परमहंस होय एसे जिनके, लक्षण होय यह हरिजन तिनके;
सभाके आगे बैठे ताही, अथवा पिछे बैठे रहाही...२२
पण ताकु सब हरिजन तिनमें, बडे जानना रहेउ इनमें;
अरु जेहि त्यागि संत रहाते, ताकी बडता अब हि कहाते...२३
तेहि जब देश परदेश तामें, फिरने हित जावत रहे वामें;
तिहाँ कनक कामनि के जबही, जोग होवे कब हि जो तबही...२४

दोहा : तोउ पण तामें फेर हि, पडे नहीं को दिन;
अरु पोताके नियम सब, दृढ करीके तीन...२५
रखे यह सब त्यागि में, बडे रहाये जेउ;
परिक्षा में बडे न्युन हि, तरत देखावत तेउ...२६

પણ મોટેરા સત્સંગીની પરીક્ષા તો આ રીતે છે તે અમે કહીએ છીએ કે, જે ગૃહસ્થ હોય તે પોતાનું સર્વસ્વ ભગવાન અને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને માટે માથું દેવું હોય તો ચોક્કસ દે. ૧૯-૨૦. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરીને કહે કે, ‘તું પરમહંસ થા. ત્યારે તે તરત પરમહંસ થાય; એવાં જેનાં લક્ષણ હોય તે હરિભક્તની સભામાં આગળ બેસે અથવા પાછળ બેસે, પણ તેને જ બધા હરિભક્તોમાં મોટેરો જાણવો. અને જે ત્યાગી સંત હોય તેની મોટપ હવે કહું છું કે, જ્યારે તે સંત દેશ-પરદેશમાં ફરવા માટે જાય ત્યારે ત્યાં તેમને કનક-

કામિનીનો(ધન-સંપત્તિ અને સ્ત્રીનો) જો યોગ થાય, તોપણ જો તેમાં કોઈ દિવસ ફેર પડે નહિ અને પોતાના બધાં નિયમને દૃઢ કરીને રાખે તે બધા ત્યાગીઓમાં મોટેરો કહેવાય. કેમ જે, **પરીક્ષા થાય ત્યારે મોટા કે નાના તરત દેખાઈ આવે છે.** ૨૧-૨૬.

✵ વ્યવહાર રાખવાની વિગત :

અને વળી કોઈક આ સંસારમાં રજોગુણી મોટો માણસ કહેવાતો હોય, તે જ્યારે સભામાં આવે ત્યારે તેને ઘણો આદર કરીને સભાની આગળ જરૂર બેસાડવો જોઈએ, તે વ્યવહાર ક્યારેય છોડવો નહીં. તે જ્ઞાની હોય, ત્યાગી હોય કે ધ્યાની હોય તેમણે પણ આ બાબતનો વહેવાર રાખવો જોઈએ. ૨૭-૨૯. અને જો ત્યાગી હોય તે પણ આ વાતનો વિવેક ન રાખે તો તેમાંથી તેને પણ દુઃખ આવે છે. જેમ પરીક્ષિત રાજા શમિક ઋષિના આશ્રમમાં ગયા, ત્યારે ઋષિ સમાધિમાં હતા. તે રાજા આવ્યા તેનું સન્માન ન કર્યું. પછી તે રાજાને રીસ ચઢી તે જ સમયે તેમણે ત્યાં એક મરેલો સર્પ દેખ્યો, તે ઋષિના ગળામાં નાખ્યો. ત્યારે તે ઋષિના પુત્રે રાજાને શાપ દીધો. ૩૦-૩૨. તેણે કરીને તે રાજા પરીક્ષિતનું સાત દિવસમાં તત્કાળ મૃત્યુ થયું.

અને જ્યારે બ્રહ્માની સભામાં દક્ષ પ્રજાપતિ આવ્યા ત્યારે શિવજી હતા તે તેમને દેખીને ઊભા ન થયા, અને વચને કરીને પણ દક્ષનું તલભાર સન્માન ન કર્યું. ૩૩-૩૪. પછી દક્ષને રીસ ચઢી. તેથી શિવનો યજ્ઞમાંથી ભાગ કાઢી નાખ્યો. પછી નંદીશ્વર અને ભૃગુઋષિને સામસામા શાપ થયા. પછી તે પાપે કરીને સતી દક્ષના યજ્ઞમાં બળી મર્યાં. અને તે પછી વીરભદ્રે દક્ષનું મસ્તક કાપી નાખ્યું, ૩૫-૩૭. અને તે અગ્નિમાં હોમી દીધું. પછી દક્ષનું મુખ બકરાનું થયું. માટે ગૃહસ્થ તથા ત્યાગી, એ સહુએ એવી રીત રાખવી જે, સંસાર વ્યવહારે કરીને કોઈ મોટા મનુષ્ય કહેવાતા હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહીં. ૩૮-૪૦. અને વ્યાવહારિક રીતે કોઈ મોટો માણસ હોય તેનું જો અપમાન કરે તો તેમાંથી જરૂર અપાર દુઃખ થાય. ૪૧. અને ભજન-સ્મરણમાં પણ અપાર વિક્ષેપ થાય. માટે આ વાર્તા બધા ગૃહસ્થ સત્સંગી તથા ત્યાગી સહુએ દૃઢ

કરીને જરૂર રાખવી. **આ અમારી જે વાત છે તે આ લોક અને પરલોકમાં તમારું સહુનું હિત કરનારી છે તથા સુખકારી અને મોક્ષદાયી રહી છે. તેમાં જરા પણ દુઃખ રહ્યું નથી. માટે આ વાતને જીવનપ્રાણ જેવી જાણીને તેને નિત્ય સંભારી રાખજો."** ૪૨-૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગઢડા મધ્ય પ્રકરણનું એકસઠમું વચનામૃત કહ્યું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭

ઉત્સવ-સમૈયામાં શ્રીહરિ કલ્યાણકારી વાતો કહેતા તેમજ સચ્છાસ્ત્રનું લક્ષણ કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે પછી (સં.૧૮૮૧ની) જન્માષ્ટમીનો ઉત્સવ શ્રીહરિએ ગઢપુરમાં જ કર્યો. ત્યારે તે ઉત્સવમાં કેટલાક સંતો અને કેટલાક હરિભક્તો આવ્યા હતા. તેમાં હરિભક્તોએ ઘણા પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી હતી. ૨-૩. તેમણે શ્રીહરિને ફૂલના હાર અને ફૂલના બાજુબંધ અને તોરા ઘણા પ્રેમથી પહેરાવ્યા હતા. સહુને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું. ૪. તે સહુ ભક્તો ઘણા પ્યારથી શ્રીહરિને વિવિધ પ્રકારનાં વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવતા હતા. દાદા ખાચરના દરબારમાં ચોકની વચ્ચે લીંબડાનું વૃક્ષ હતું. તે વૃક્ષના થડને ફરતો ચોતરો હતો. તે દિવસે તેના ઉપર રહેલા પલંગ ઉપર શ્રીહરિ પૂર્વમુખે બેઠા હતા. ૫-૬.

✵ હૈયાનું હેત નેણમાં અને વેણમાં દેખાય છે :

ચોપાઈ :

संत जन तिहाँ आये जेते, हरि के सन्मुख बैठे तेते;
श्रीहरि की मूर्ति रहे ताके, चिंतवन सब हि करत रहे वाके...०७

एक एक हरि के अंग ताकू, जेसे रहे धारत रहे वाकू;
रात्य दिन संत सब ही तिनकू, उद्यम एहि रहाये इनकू...०८

તે વખતે ત્યાં જેટલા સંતો આવ્યા હતા તે બધા શ્રીહરિની સન્મુખ બેઠા, અને સહુ સંતો શ્રીહરિની જેવી મૂર્તિ હતી તેવી મૂર્તિનું ચિંતવન કરવા લાગ્યા. ૭. શ્રીહરિની મૂર્તિનાં એક એક અંગ જેવાં હતાં તેવાં જ તે સહુ સંતો અંતરમાં ધારતા હતા. આવી રીતે તે સહુ સંતો રાત્રી-દિવસ શ્રીહરિની મૂર્તિને અંતરમાં ધારવારૂપી જ ઉદ્યમ કરતા હતા. ૮. સમૈયાઓમાં જે રીતે ભગવાન શ્રીહરિને દેખ્યા હોય તે રીતની તે સહુ સંતો ઉત્સાહ સહિત પ્રેમરસ ભરેલી વાતો કરતા હતા. ૯. વળી, સહુ ભગવાનનાં કથા-કીર્તન કરતા હતા, તેમાં સહુને ઘણો પ્રેમ હતો.

ભગવાન સંબંધી જે જે બાબતો છે તેમાં જેને જેટલું હેત હોય તે બોલાતાં વેણમાં દેખાઈ આવે છે. અને જેના હૃદયમાં જેટલો ભગવાનનો આવેશ હોય તે પણ તેની વાતમાં પ્રગટ દેખાઈ આવે છે. ૧૦-૧૧. **તેમજ જેને ભગવાનમાં જેટલું હેત હોય તે બધું તેનાં નેણમાં અને વેણમાં દેખાઈ આવે છે.** ૧૨. તેમજ કાનથી વાત સાંભળે તેમાં પણ હેત દેખાઈ આવે છે. હેત છુપાવ્યું રહેતું નથી. આમ દિવસે દિવસે જેના હૃદયમાં જેટલો ભાવ વૃદ્ધિ પામતો હોય તે છુપાવ્યો રહેતો નથી. ૧૩. ભાવમાં કોઈને વૃદ્ધિ હોય કે ખામી હોય તે તેનું જેવું વર્તન હોય તેમાં દેખાઈ આવે છે. કારણ કે, વર્તન છે તે સૂર્ય, દીવો અને દર્પણના જેવું છે. સત્સંગ કરવાથી જેની જેવી બુદ્ધિ હોય તે તેવા રૂપમાં દેખાઈ જાય છે. સત્સંગ સિવાય દેખાતી નથી. ૧૪-૧૫.

✻ અલૌકિકપણું સત્સંગનું બીજ છે :

સત્સંગ જે રીતનો છે તે રીતે સમજવો ઘણો કઠણ છે. શુકદેવજી, સનકાદિકો, નારદજી અને વ્યાસમુનિએ પણ તેમ જ કહ્યું છે. ૧૬. સત્સંગ કરતાં કરતાં તેમાં અલૌકિકપણું દેખાય છે. અને સત્સંગમાં જ્યાં સુધી અલૌકિકપણું દેખાય છે ત્યાં સુધી તેના જીવમાં સત્સંગનું બીજ રહ્યું છે. અને આ અલૌકિક સત્સંગમાં જેટલું લૌકિકપણું દેખાય છે તેટલું તેના સત્સંગમાં

કુસંગનું બીજ રહ્યું છે. જેને જેટલો સત્સંગ અલૌકિક જણાય છે તેને તેટલું સત્સંગનું બીજ રહ્યું છે તેમ જાણવું. ૧૭-૧૯. શ્રીહરિ સત્સંગમાં જે દિવસથી આવ્યા તે દિવસથી આવી રીતે અલૌકિકભાવ રાખવાની અપાર વાતો કરતા હતા, તેનો પાર આવે તેમ નથી. ૨૦.

શ્રીહરિ જ્યાં જ્યાં જે જે ઉત્સવ કરતા તે બધા અલૌકિક થતા હતા. અને તેમાં શ્રીહરિ અલૌકિક વાતો કરતા હતા. તેથી આ સત્સંગ અલૌકિક છે, તેમ તેમની વાતોમાં દેખાઈ આવતું હતું. આવી અલૌકિક વાતો કરતા શ્રીહરિ સિવાય બીજા કોઈને આવડતી નહીં. અને શ્રીહરિ જેટલી વેદ તથા પુરાણોની વાત હોય તેને પણ નિર્બાધ રીતે કરતા હતા. ૨૧-૨૨. વેદો તથા પુરાણનાં વચનની સાથે જે શાસ્ત્રનાં વચન મળતાં ન આવે તેને અસચ્છાસ્ત્ર કહેવાય છે. તેમજ જે શાસ્ત્રમાં ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ન હોય તેમજ અધર્મનું ખંડન ન કર્યું હોય તે અસચ્છાસ્ત્ર છે. ભગવાન તો સદાય સાકાર રહ્યા છે. તે ક્યારેય નિરાકાર નથી, છતાં પણ જે શાસ્ત્રમાં ભગવાનને નિરાકાર કહ્યા હોય, આવાં જેટલાં શાસ્ત્રો છે તે બધાં અસચ્છાસ્ત્ર કહેવાય છે. ૨૩-૨૫. હરકોઈ દેવની ઓથ લઈને કોઈ શાસ્ત્ર ચાહે તેવા અધર્મ કરવાનું પ્રતિપાદન કરતું હોય, તો તે અસચ્છાસ્ત્ર કહેવાય છે. એવા જે ગ્રંથ હોય તે ભગવાનને સર્વોપરિ કહેતા નથી. જે ભગવાનને સર્વોપરિ ન કહે તેને પણ અસચ્છાસ્ત્ર કહેવાય છે. ૨૬-૨૭.

❋ જે પ્રગટના ગુણ ગાય, તે સર્વોપરિ કહેવાય :

सोरठा : भगवान जोउ जेहु, भगवान के धाम जेहि;
भगवान केउ तेहु, भक्त अलोकिक रहे यह...२८

चोपाई :

ब्रह्मांड यह कहावत जेते, सरवोपरि भगवान की तेते;
मोटप कहत हे दिनराती, कहत कहत न त्रप्ति रहाती...२९

આ સ્વામિનારાયણ ભગવાન, આ ભગવાનનું ધામ અને આ ભગવાનના સંતો-ભક્તો બધા અલૌકિક રહ્યા છે. જેટલાં બ્રહ્માંડ કહેવાય છે તે બધાં સર્વોપરિ ભગવાનની રાત-દિવસ મોટપ કહે છે. અને તે

મોટપને કહેતાં કહેતાં તેને તૃપ્તિ થાતી નથી. ૨૮-૨૯. ભગવાનના ધામની જેવી મોટપ હોય છે તે કહી શકાતી નથી. વળી ભગવાનનાં જેટલાં ધામ છે તે જે જે નામથી કહેવાતાં હોય છે, તે બધાં અલૌકિક રહ્યાં છે. તેને તુલ્ય બીજાં કોઈ સ્થાન કહેવાતાં નથી. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનથી યુક્ત વાત જે શાસ્ત્રમાં હોય, અને જેમાં પ્રગટ ભગવાનની વાતો કહેવાઈ હોય તે બધાં સર્વોપરિ શાસ્ત્ર કહેવાય છે. અને જે ગ્રંથોમાં ભગવાનનો સર્વોપરિ મહિમા ન કહ્યો હોય, તેમજ ભગવાન સિવાયના બીજાની અપાર મોટપ કહી હોય, આવા જે કોઈ ગ્રંથો છે તે સંસારમાં ભટકાવનારા છે. ૩૦-૩૩.

આવી રીતે જે સત્સંગ કરીને સમજે છે તેને દઢતાથી શ્રીહરિનો નિશ્ચય થાય છે. અને આવી સમજણ આવ્યા વગર કોઈ કરોડો શાસ્ત્ર ભણે, પણ તેનાથી તે સંસારને તરી શકતો નથી. આ શ્રીહરિના નિશ્ચયની વાતને જ શ્રેષ્ઠ જાણવી. અને જે આટલી વાતને સમજે છે તે બ્રહ્માંડમાં જેટલાં શાસ્ત્રો રહ્યાં છે તે બધાંને ભણી ચૂક્યો છે, તેને પછીથી કાંઈ ભણવાનું બાકી રહેતું નથી. તેમજ બ્રહ્માંડમાં જેટલા સર્વોપરિ પંડિત કહેવાય છે તે બધાને તેણે ઉપર કહી તેવી સમજણે કરીને જીતી લીધા છે. કેમ જે, જે જે કાંઈ વાત હોય છે તે બધી સમજણમાં રહી હોય છે. ૩૪-૩૭.

❋ સુખને માર્ગે ચાલે તો સુખ મળે :

दोहा : सुख कहावत जितना जो, समझ तामें रहाय;
सुख के मारग चले जब, सुख के पार न ताय...३८

सोरठा : दुःख के चलत हि राह, सुख तामें मानकर यह;
दुःख मिलत अथाह, सत्संग बिन न देख परत...३९
निधि जेति रहेउ, चिंतामनि कल्पतरु यह;
सत्संग तिनसे तेउ, लक्ष कोटि अधिक रहे...४०

જેટલું કાંઈ સુખ કહેવાય છે તે બધું સમજણમાં રહ્યું છે. અને જ્યારે તે સમજણરૂપી સુખને માર્ગે મનુષ્ય ચાલે છે ત્યારે તે અપાર સુખને પામે છે. ૩૮. અને જો સુખ માનીને પણ દુઃખને માર્ગે જ ચાલે છે તો તેને

અગાધ દુઃખ જ મળે છે, પણ તે સત્સંગ વિના દેખાતું નથી. ૩૯. જેટલા નિધિઓ છે તથા જેટલાં ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે તેમનાં કરતાં લાખો ને કોટિગણો અધિક આ સત્સંગ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ઉત્સવ-સમૈયામાં શ્રીહરિ કલ્યાણકારી વાતો કહેતા તેમજ સચ્છાસ્ત્રનું લક્ષણ કહ્યું" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮

જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ગઢપુરમાં જન્માષ્ટમીના દિવસે જે સમયે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો ત્યાં સુધી સંતોએ ઘણા પ્રેમ-ભાવથી ઝાંઝ અને મૃદંગ વગાડીને તે ઉત્સવ કર્યો. ત્યારે આ પ્રત્યક્ષ શ્રીહરિ ત્યાં સંતોની સમીપમાં જ આવીને બેઠા હતા. ૨-૩.

ભગવાનના જન્મોત્સવના જે જે દિવસો આવતા હતા ત્યારે ત્યારે આ રીતે જ સંતો ઉત્સવ કરતા હતા. ૪. જે જે ભક્તો હોય તેનું હિત કરવા માટે ભગવાન અવતારો ધારણ કરે છે. અને તેમાં પોતે અજન્મા હોવા છતાં પણ કેટલીક વાર જન્મ લેતા હોય તેવું બતાવે છે. ૫. વ્યાસમુનિએ પુરાણોમાં ભગવાનના જેટલા અવતારો લખ્યા દેખાય છે, તે બધા અવતારોના જન્મના ઉત્સવો થતા હોય તેવું દેખાય છે. ૬. રામનવમીને દિવસે ભગવાન શ્રીરામચંદ્રજીના જન્મનો ઉત્સવ ત્રિલોકીમાં વરસોવરસ એકવાર થાય છે. ૭. જેને ભગવાનમાં જેટલું હેત હોય તે પ્રમાણે બધા તે દિવસે ઉપવાસે સહિત ઉત્સવ કરતા હોય છે. જન્માષ્ટમીને દિવસ મધ્યરાત્રિ થઈ ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો. તેથી જેને તેમાં હેત હોય તે બધા ઉપવાસે સહિત અતિશય ઉત્સાહ સાથે ઉત્સવ કરે છે. ૮-૯.

✻ ભગવાન સંબંધી હેત, તારે કુટુંબ સમેત :

ચોપાઈ :

भगवान सबंधी हित रहे एसा, भवसिंधु से तारत तेसा;
भगवान के सबंध बिन जेता, हित जो रहेउ जिनकु तेता...१०
भव भटकावन वेर हि वेरी, रहाये तेहि फेर हि फेरी;
भगवान में हित जिहाँ लगहू, जन नहीं करत हि तिहाँ लगहू...११
दुःख सहत तेहि वार न पारा, दुःख के ताकु न आवत पारा;
भगवान में हित न करत ताकू, भव भटकन दंड रहे वाकू...१२

ભગવાન સંબંધી હેત એવું છે કે તે સંસારરૂપી સાગરમાંથી જીવને તારે છે. અને ભગવાનના સંબંધ વગરનું જેટલું માયિક હેત રહ્યું હોય તે સંસારમાં વારંવાર ફરી ફરીને ભટકાવે છે. તેથી મનુષ્ય જ્યાં સુધી ભગવાનમાં હેત નથી કરતો ત્યાં સુધી તેને અપાર દુઃખ સહન કરવું પડે છે. તેને દુઃખનો પાર આવતો નથી. જે જીવો ભગવાનમાં હેત નથી કરતા તેને માટે ભવભટકણનો દંડ રહ્યો છે. ૧૦-૧૨. ભગવાનને છોડીને બીજી વસ્તુમાં જીવ જેટલો સાર માને છે તેટલો તે સંસારને તરી શકતો નથી. ૧૩. ગમે તેવો કોઈ બુદ્ધિમાન હોય પણ તે જ્યાં સુધી આ સંસારસાગરને તરતો નથી ત્યાં સુધી તેમાં કાંઈ બુદ્ધિ નથી તેમ કહેવાય છે. ૧૪.

એક નંદ નામે અતિશય સમર્થ રાજા થયા હતા અને તે સમુદ્ર પર્યંત નિર્ભયપણે રાજ્ય કરતા હતા. ૧૫. આ ભૂમિ ઉપર જેટલું ધન હતું તે બધું ધન તેણે પ્રજા પાસેથી નિર્દય થઈને લઈ લીધું હતું. ૧૬. અને પ્રજાના ઘરમાં જેટલાં ધાતુનાં પાત્ર હતાં તે પણ તેમની પાસેથી લઈને બધાં સમુદ્રના બેટમાં મૂકી દીધાં હતાં. આમ તે બધું ધન તેણે નિર્વિઘ્ન કરીને રાખ્યું હતું. ૧૭. પરંતુ નંદ રાજાની કુમતિ દેખીને તે બધું ધન સમુદ્રે રાખી લીધું. કેમ જે, રાજા થઈને તે પ્રજાને મનમાં ફાવે તેમ પીડી રહ્યો હતો. ૧૮. આવા જે રાજા હોય તેની અપાર અપકીર્તિ થાય છે. અને જેટલી અપકીર્તિ થાય છે તેટલો નક્કી તેમાં બુદ્ધિનો અભાવ છે. ૧૯. અને જેટલી પ્રજાને પ્રસન્ન રાખવામાં આવે તેટલી તે રાજાની કીર્તિ વધતી રહે છે. અને જે રાજા

જેટલી કીર્તિ કરતો રહે છે તેટલો તેનો પ્રકાશ-પ્રચાર દેશની પ્રજા કરતી રહે છે. ૨૦. અને જે રાજા જેવી કીર્તિ કરતા રહે છે તે બધું તે રાજાનું આભૂષણ કહેવાય છે.

પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, બલિ અને પાંડવો આદિક રાજાઓએ જેવી કીર્તિ પ્રાપ્ત કરી હતી તે બધી પુરાણોમાં લખાયેલી છે. જે લોકો તે પુરાણોને સાંભળે છે તે તેમાં જે રાજાઓની જેવી કીર્તિ રહી છે તેને યથાર્થરૂપમાં સાંભળે છે. અને જેની જેટલી કીર્તિ હોય છે તેટલી તેની મોટપ યથાર્થરૂપમાં જોવામાં આવે છે, તેમાં રતીભાર પણ ફરક નથી. ૨૧-૨૩. લોકો જેની જેટલી શુભ કીર્તિને સાંભળે છે તેટલું તેના ઉપર હેત થાય છે. અને તેનાથી તે તે રાજાઓની કીર્તિ નવી ને નવી રહે છે. આ રીતે તેને કેટલાય યુગ વીતે છતાં કીર્તિ રહી જાય છે. ૨૪. જન્મ થયો હોય તે દિવસથી લઈને એક એક કરતા દિવસે દિવસે આયુષ્ય તો ઘટતું જાય છે. ૨૫. અને ગયેલા દિવસો ફરીવાર આવતા નથી. કાળ જ સહુનો નાશ કરે છે અને ઉત્પન્ન કરે છે. ૨૬. **ભગવાનની એક કળા આ કાળ કહેવાય છે. તે કાળ અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને નાશને કરે છે.** ૨૭. જીવનાં સ્થાવર તથા જંગમ શરીર અનેક છે. જેનો ગણ્યે પાર આવતો નથી. તે બધાં શરીર કાળને આધીન રહ્યાં છે. ૨૮.

❋ જે માને વચનમાં માલ, તેને હરિ કરે નિહાલ :

चोपाई :

काल रु माया ईश्वर ताकी, मरजि में वरतत रहे वाकी;
भगवान बिन चाय जेसे, अक्षर जेसे समर्थ रहे तेसे...२९
स्वतंत्र नहीं कोउ देखाते, स्वतंत्र एक भगवान रहाते;
भगवान कु जो एसी रीता, समर्थ जेहि न जानत रहीता...३०
भगवान के सुख मिलत न ताई, भव भटकन रहत हे सदाई;
सब के करता भगवान ताकू, जानि के भजत रहे वाकू...३१
ताके बचन रहे जिस रीता, जीवन दोरि मानि के तीता;
भव डूबत तार रहे नावा, संसृति अपार रहे छोडावा...३२

તે કાળ તથા માયા પરમેશ્વરની મરજી પ્રમાણે જ વર્તે છે. ભગવાન સિવાયના ગમે તેવા કોઈ અક્ષર જેવા સમર્થ હોય તોપણ તે કોઈ સ્વતંત્ર દેખાતા નથી. સ્વતંત્ર તો એક ભગવાન જ છે. આ રીતે જે ભગવાનને સમર્થ નથી જાણતા તેને ભગવાનનું સુખ મળતું નથી. તેઓ તો સદાને માટે સંસારમાં ભટકતા રહે છે. અને જે ભગવાનને સર્વના કર્તા જાણીને તેમનું ભજન કરે છે, અને તે ભગવાનના વચનને જીવનદોરી માનીને જો તેમના વચનમાં રહે છે, તો સંસારમાં ડૂબતાં તેનાં વહાણને તે ભગવાન પોતે તારે છે અને અપાર સંસૃતિથી તેને છોડાવે છે. ૨૯-૩૨. **આવા મહાસમર્થ ભગવાનના વચનમાં અપાર ગુણો ભરેલા હોય છે.**

ઉપર કહ્યા પ્રમાણેની ભગવાન શ્રીહરિ જે જે વાતો કહેતા હતા તેનું સહુ ભક્તજનો રોજ રોજ પાન કરતા હતા. ૩૩. શ્રીહરિની જે જે વાતો છે તે જે કાંઈ સંસૃતિ તથા દુઃખ કહેવાય છે તેને ટાળનારી છે. અને જેટલાં બ્રહ્માંડો છે તે બધાં શ્રીહરિના સંબંધવાળી જેટલી વાતો છે તેનાથી ભરાઈ રહ્યાં છે, તેમાં તલ જેટલો પણ માગ નથી; એટલી શ્રીહરિની વાતો છે, પણ તે સત્સંગ સિવાય બીજા કોઈને દેખાતી નથી. ૩૪-૩૫.

મનુષ્ય જેમ જેમ સત્સંગ કરે છે તેમ તેમ તે બધી વાતો તેના જીવમાં પ્રવેશ કરે છે. પછી ભગવાન સિવાયની બીજી જેટલી વાતોને તે જીવ હિતકારી માનતો હતો તે બધી વાતો તેને શત્રુ જેવી દેખાય છે; આવો સત્સંગનો ઘણો પ્રતાપ રહ્યો છે. ૩૬-૩૭. ભગવાનની વાત સિવાયની બીજી જેટલી બાબતો છે, તેને જે સંસૃતિ કરાવનારી માને છે તેટલો જ તેનો સત્સંગ નક્કી થયો છે. ૩૮. કેમ જે, ભગવાન સિવાયની બીજી જે જે વાત હોય છે તે આ જીવને વારંવાર સંસારમાં ભટકાવનારી છે, ૩૯. **પરંતુ મનુષ્યને જ્યારે પાકો સત્સંગ થાય છે ત્યારે ભગવાનના સંબંધ સિવાયની બીજી જે જે બાબતો છે તે બંધનરૂપ દેખાય છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “જન્માષ્ટમીના ઉત્સવ પ્રસંગે શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો” એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯

શમીપૂજન પછી મુક્ત મુનિના સંકલ્પથી શ્રીહરિએ રસોઈ કરવા ધાર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ ગઢપુરમાં જન્માષ્ટમીનો અનુપમ ઉત્સવ કર્યો. તે જ રીતે દશેરાનો ઉત્સવ પણ શ્રીહરિએ ગઢપુરમાં કર્યો. ૨. દશેરાને દિવસે જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિ લક્ષ્મીવાડીએ આવ્યા અને અશ્વને શણગાર્યા. તેની અદ્ભુત શોભા બની તે કહી શકાતી નથી. ૩. અને તે વખતે ધર્મકુમાર શ્રીહરિએ અનુપમ સુશોભિત વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં. પછી શણગારેલા અશ્વ ઉપર બેઠા. ૪. ત્યારે ઢોલ, તાંસા વગેરે માંગલિક વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં અને તેની પણ અપાર શોભા થઈ રહી હતી. ૫.

તે વખતે દાદા ખાચર તથા જીવા ખાચર પણ પોતાની સવારી લઈને શ્રીહરિની સાથે લક્ષ્મીવાડીએ આવ્યા. વાડીથી પશ્ચિમ દિશામાં આગળ એક વોકળી રહી છે, ત્યાં સુધી બધી ભૂમિ સમતળ છે. એટલે ત્યાં ઘણી વાર શ્રીહરિએ અશ્વ દોડાવ્યા છે. ૬-૭. શ્રીહરિ જે રીતે અશ્વને દોડાવતા હતા તેવી છટા બીજા કોઈમાં આવતી નહીં. તેથી જ જેટલા અશ્વ ઉપર બેઠા હોય તેમાં કોઈનું માન શ્રીહરિ આગળ રહેતું નહીં. ૮. કેમ જે, ગરુડ અથવા વિમાનનું પણ માન ન રહે તે રીતે શ્રીહરિ વેગથી અશ્વને ફેરવતા હતા. જ્યારે શ્રીહરિ અશ્વ ફેરવી રહ્યા ત્યારે મશાલો થઈ. ૯. પછી દાદા ખાચરે અને જીવા ખાચરે ખીજડાની પૂજા કરી. તે વખતે શ્રીહરિ તેમની પાસે બેઠા હતા. ૧૦. પછી ત્યાંના વિશા વાણિયા જે શેઠ હતા, તેણે શ્રીહરિને રાજી કરવાને માટે, વરસના અનાજ ઇત્યાદિકના ભાવ કહેવા જોઈએ તેના કરતાં મોંઘા કહ્યા. ૧૧. જ્યારે પૂજન વિધિ થઈ રહ્યો ત્યારે ભગુજી આદિક પાર્ષદોએ બંદૂકના કેટલાયે અવાજ કર્યા, અને તેનાથી બધું આકાશ ગાજી ઊઠ્યું. ૧૨. વરસો વરસના જેટલા ઉત્સવના દિવસો આવતા હોય છે, તેની જેવી રીત હોય છે તે પ્રમાણે શ્રીહરિ તે તે ઉત્સવ કરતા હતા. ૧૩. અને

તેમાં પણ હરિભક્તોના હિતને માટે જેવાં દેશ-કાળ હોય તેને અનુસરીને તે બધા વ્રત ઉત્સવોને વિધિએ સહિત કરતા-કરાવતા હતા. ૧૪. એ રીતે જ શ્રીહરિ દિવાળીના અને અન્નકૂટના જે ઉત્સવો ગઢપુર વગેરે સ્થળે કરાવતા હતા, તે પણ વિધિ સહિત કરાવતા હતા. ૧૫.

❋ કાર્તિકી તથા ચૈત્રી સમૈયો વડતાલમાં કરવાની વાત :

દશેરાને દિવસે શ્રીહરિએ કાર્તિક માસની સુદિ એકાદશીનો સમૈયો વરસો વરસ વડતાલમાં જ કરવો, તેમજ વરસો વરસ રામનવમીનો સમૈયો પણ હવે વડતાલમાં જ કરવો એવું ઠેરાવ્યું. વળી શ્રીહરિએ કહ્યું કે, દેશે દેશમાં જેટલા હરિભક્ત રહેતા હોય તેમણે બંને સમૈયામાં ખૂબ ભાવથી વડતાલ આવવું. અને તે સમૈયામાં જો કોઈ હરિભક્ત સામેથી જમાડે, તોપણ કોઈએ ક્યારેય તે જમવું નહીં. ૧૬-૧૮. કેમ જે, પોતાના ખરચનું જો ખાવામાં આવે તો તેને યાત્રાનું ફળ નિર્બાધ રહે છે. આવા બાધ-નિર્બાધને હરિભક્તોએ દેખવા જોઈએ. અને જે કોઈ બાબતમાં દોષ આવતો હોય તેને હરિભક્તોએ તજી દેવો જોઈએ. ૧૯. **યાત્રામાં યાત્રિક જેનું અન્ન જમે છે તે યાત્રાનું બધું ફળ તે અન્ન દેનારને જાય છે; શાસ્ત્રમાં આ રીતે યાત્રાનો વિધિ કહ્યો છે. વિધિ વગર કરેલી યાત્રાનું કાંઈ ફળ થાતું નથી.** ૨૦.

જે કોઈ પણ બાબત હોય તેનો બધો વિધિ કહેલો હોય છે. વિધિને માર્ગે જો ચાલવામાં આવે તો લોકો તેની મશ્કરી કરતા નથી. ૨૧. જે કોઈ પણ વાત હોય તેની વિધિને જે ન જાણતો હોય, તો તે વિધિ વગરનો મનુષ્ય હોય તે પશુમાં ખપે છે. ૨૨. મનુષ્યને પહેરવાનાં વસ્ત્ર તથા જે ઘરેણાં છે તેમાં પણ ચોક્કસ વિધિ રહ્યો હોય છે. જેને સન્માર્ગની જેટલી રુચિ હોય તેટલો તે વિધિના માર્ગે ચાલે છે. ૨૩. જે સાચા અર્થમાં ધનવાન હોય છે તે બધા વિધિના માર્ગે ચાલે છે. અને તે કાર્ય-અકાર્ય પ્રમાણેના વિધિના માર્ગે ચાલ્યા વગર કદાચ કોઈની પાસે કરોડોની સંખ્યાનું ધન હોય, પણ તે વિધિરહિત હોય તો તે મોક્ષ કરતું નથી. કારણ કે, વિધિ પ્રમાણેના માર્ગમાં જ મોક્ષ રહ્યો છે. માટે વિધિ આવો મહત્ત્વપૂર્ણ છે. ૨૪-૨૫. **વિધિ વગરના જેટલા માર્ગ દેખાય છે તે બધા નાક, કાન અને નેત્ર વગરના હોય તેવા છે.** ૨૬.

આ રીતે દશેરાનો ઉત્સવ કરી રહ્યા, પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, અમારે જ્યારે યોગ આવે ત્યારે સંતોને માટે ગળમાણાંની ચોક્કસ રસોઈ આપવી છે અને તેની સાથે ઘઉંની રોટલી કરાવવી છે. ૨૭-૨૮. ત્યારે શ્રીહરિને કોઈએ કહ્યું કે, જેવી અમારા મનમાં વાત હતી તેવી તમે કરી. પછી શ્રીહરિ અમારી પાસે આવ્યા અને તેમણે મને આગળ કહું છું, તે પ્રમાણે કહ્યું. "મુક્તાનંદ સ્વામી, તમે તો અમારા ગુરુ છો. તમે જ મને અપાર પ્રેમ આપીને આ સત્સંગમાં ચોક્કસ રાખ્યો છે. તમે આ મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. ૨૯-૩૦. અને રામાનંદ સ્વામીનો યોગ પણ તમે જ કરાવ્યો છે. કારણ કે, જેણે સંસારનો ત્યાગ કર્યો હોય અને જે ઝાઝા દેશમાં ફર્યા હોય, પછી તે ત્યાગનું તેના દિલમાં ઘણું અભિમાન આવ્યું હોય, તેવા અભિમાનીને સત્સંગ થવો ઘણો કઠણ છે. કારણ કે, તે ઘણું સ્વતંત્રપણે વર્ત્યા હોય છે. ૩૧-૩૨.

❋ નિયમમાં રહેવાની મહત્તા ને ખપની આવશ્યકતા :

ચોપાઈ :

देह गेह राज्य धन जो ताके, संबंधि के त्याग करना वाके;
खान पान बसन रहे तिनके, त्याग करना न कठिन हि इनके...३३
कोउ के नियम जो यह तामें, वरतना कठिन रहेउ तामें;
तिनसे सत्संग करना जेहू, सबसे कठिन रहाये तेहू...३४
जेहि बात के खप रहे जेता, कठिन नहीं रहे ताकु तेता;
खप में न्यूनता रहे जितना, कठिन परत हे ताकु तितना...३५

દેહ, ઘર, રાજ્ય, ધન, સંબંધી, ખાન, પાન અને વસ્ત્ર, એ બધાનો ત્યાગ કરવો કોઈ કઠિન નથી, પણ બીજાના નિયમનમાં રહેવું તે ઘણું કઠણ છે અને તેના કરતાં પણ સત્સંગ કરવો તે સહુથી કઠણ છે. ૩૩-૩૪. પરંતુ માણસને જે વાતનો ખપ હોય તે કરવું કઠણ નથી પડતું. ખપમાં જેટલી ઊણપ હોય છે તેટલું તેને તે કઠણ પડે છે. ૩૫. વળી, માણસને ખોટામાં જેટલો ખપ હોય છે તેટલો ખપ સાચામાં હોતો નથી. જે બુદ્ધિમાનો હોય તે બધાની પણ પ્રાયઃ ખોટા જગત તરફ જ દોડ રહી હોય છે. ૩૬. આ ભૂમિ ઉપર જેટલાં મનુષ્યો છે જેવા કે, ગૃહસ્થ, ત્યાગી, પંડિત વગેરે અને

દેવલોકમાં રહેલા દેવતાઓ છે તે સહુને પણ પ્રાયઃ ખોટા ઉપર તાન રહે છે. આ બધું જ્યારે સત્સંગ કરીએ છીએ ત્યારે સાચું કે ખોટું જેમ હોય તેમ દેખાઈ આવે છે. ૩૭-૩૮.

જેટલી ભગવાન સંબંધી બાબત હોય છે તે બધી સાચી છે, અને ભગવાન સિવાયની બધી વાત મિથ્યા છે; આવું જે સમજે છે તેને જ ખરો સત્સંગ કહેવાય છે. અને તેવું જે સમજે તે જ ખરા બુદ્ધિમાન છે. તે જ પંડિત કે સાચા ત્યાગી છે. ૩૯-૪૦. અને જેને આવી સમજણ આવી તે બધાં સાધન કરી રહ્યા છે. જેટલી ભગવાન સંબંધી બાબત હોય છે તેને જે સર્વોપરિ જાણે છે તે ભક્ત પણ સર્વોપરિ છે. ૪૧.

❋ જે સત્સંગ કરે તે જ કાળના મુખથી ઊગરે :

આવી દૃઢ સમજણ કરોડો કલ્પે પણ ક્યારેય ફરતી નથી. સાચી સમજણ ક્યારેય ફરે નહિ, એટલું જ મનુષ્યે કરી કરીને કરવાનું છે. તમારા જેવા સંતના અનુગ્રહથી એવી પક્વ સમજણ થાય છે. અને જેના અંતરમાં ભગવાનને પામવાનો સાચો ખપ હોય છે તેને જ દિવસે દિવસે સત્સંગમાં અધિક ભાવ થાય છે. સાચા ભાવ વિના સત્સંગમાં ટકવું ઘણું કઠણ છે. ૪૨-૪૪.

સત્સંગનો ખરેખર આવો દૃઢ પ્રતાપ રહ્યો છે. પરંતુ જે સત્સંગને નથી સમજતા તેવા તો સત્સંગમાં આવીને પાછા નીકળી જાય છે. ૪૫. જેને સત્સંગનો ખરો ખપ હોય છે તે સત્સંગના સમાન બીજા કોઈને માનતા નથી. અને સત્સંગ વગરના સહુને કાળના મુખમાં પડેલા દેખે છે. ૪૬. આમ દેખાય એ જ સંપૂર્ણ સત્સંગનું એંધાણ છે. પછી તે સત્સંગ વગરના જેટલા છે તે બધાનો હંમેશાં કાળ નાશ કરી રહ્યો છે, એમ જગત્રૂપ તમાસાને જોવે છે એવા જે જ્ઞાની ભક્ત છે તેના મૂળ સત્સંગમાં ઊંડા હોય છે, અને તે બાબત તેની સમજણ જ કહી બતાવે છે. કેમ જે, જેના હૃદયમાં જેવો ભાવ હોય છે તેને તેની સમજણ કહી દે છે. ૪૭-૪૮. પછી તે અન્ય વાતો સાંભળીને કહે છે કે, આનાથી અતિશય જોરદાર સત્સંગ રહ્યો છે; આવું જેટલા સમજે છે તેટલા તે સુવ્યવસ્થિત રીતે સત્યના માર્ગે ચાલે છે.

જેને જેટલો સત્સંગ થયો હોય તેને તેટલી નમ્રતા આવે છે. અને જેને જેટલો ભાવ હોય છે તેટલો તે સેવામાં દેખાઈ આવે છે. ૪૯-૫૦.

શ્રીહરિ કહે છે કે, સ્વામી ! તમારે જેવો ભાવ છે તેવી અમે રસોઈ કરીએ છીએ. કારણ કે, અમે તમારા શિષ્ય છીએ. તમારે મનમાં કાંઈ સંકોચ રાખવો નહીં. ૫૧. હવે અમે જલેબી અને મોતીચૂરની રસોઈ જરૂર કરાવીએ છીએ, એમ કહી શ્રીહરિએ જેવું કહ્યું એવી જ રસોઈ કરાવી." ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શમીપૂજન પછી મુક્ત મુનિના સંકલ્પથી શ્રીહરિએ રસોઈ કરવા ધાર્યું" એ નામે નવમો તરંગ સમાપ્ત ।।૯।।



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૦

શ્રીહરિએ મુક્ત મુનિના સંકલ્પથી ગૌદાન કરીને સંતોને જમાડ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી શ્રીહરિએ બોટાદમાં અને કારિયાણીમાં જે સંતો ભણનારા રહેતા હતા તેને ગઢપુર બોલાવ્યા. ૨. આસો સુદિ બારશને દિવસ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં જ્યારે દિવસ બે ઘડી ચડ્યો, ત્યારે જેટલા સંતો હાજર હતા તેમની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાણી. તેમાં સહુ સંતો-ભક્તો આવીને બેઠા. તે સભાને મધ્યે પલંગ હતો તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૩-૫. નંદરામજી, ગોપાળજી અને ત્રીજા સીતારામજી પણ શ્રીહરિની આગળ આવીને બેઠા. તે વખતે મુક્તાનંદ સ્વામી પણ ત્યાં બેઠા હતા. ૬.

પછી શ્રીહરિએ દાદા ખાચર પાસે રહેલી બે ગાયો મંગાવી. તેઓ ઘરેણાં અને વસ્ત્રથી શણગારીને લાવ્યા. તે બંને ગાયો દૂઝણી હતી. ૭. પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીની પાસે ઉમંગથી તે ગાયોની પૂજા કરાવી. વઢવાણના વિપ્ર લાલજી શુક્લ સારા હરિભક્ત હતા. ૮. તેણે તે ગાયોની

પૂજા કરાવી. ખરેખર તે વિપ્ર લાલજીભાઈ વેદ અને પુરાણમાં કહેલ વિધિ કરાવવામાં ઘણા કુશળ હતા. એટલે તેમણે વિધિએ સહિત પૂજા કરાવી. ૯. જ્યારે ગાયોની પૂજા થઈ રહી ત્યારે સીતારામજી અને નંદરામજીને બોલાવ્યા. તેમની પણ પૂજા કરાવી અને તરત તેમને એક એક ગાય આપી. તેને દેખીને શ્રીહરિ રાજી થયા. પછી હરજી ઠક્કરની પાસેથી બારસો રૂપિયા થાળમાં ભરીને તત્કાળ મંગાવ્યા. પછી પરમ દયાળુ શ્રીહરિવરે તે રૂપિયાના છસો છસો એમ બે ભાગ કર્યા. અને તે બંનેને દક્ષિણા અપાવી. ૧૦-૧૨.

પછી શ્રીહરિએ પોતે જમીને સંતોની પંગત તે ઓસરીમાં જ કરાવી. તેની ઘણી શોભા બની હતી. તે સમયે મુક્તાનંદ સ્વામીએ કેસરયુક્ત ચંદન લઈને ઘણા હેતથી શ્રીહરિની પૂજા કરી. ૧૩-૧૪. સ્વામીએ ત્યારે નખથી શિખા પર્યંત શ્રીહરિની મૂર્તિની અતિશય ભાવથી પૂજા કરી ને ફૂલના હાર પહેરાવ્યા. ધૂપ, દીપ કર્યા પછી આરતી કરી. ત્યારે વિવિધ પ્રકારનાં જે વાજિંત્રો હતાં તે વગડાવ્યાં. ૧૫-૧૬. જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે સ્વામીએ ધર્મવંશીઓની પૂજા કરી, અને તેમના પછી જેટલા વર્ણી હતા તેમની પૂજા કરી. ૧૭. અને તેમના પછી જે સંતો હતા તેમની પૂજા કરી, અને જેટલા પાર્ષદો તથા સખાઓ હતા તે બધાની પણ પૂજા કરી. ૧૮. હૃદયમાં અપાર અલૌકિક ભાવ લાવીને ઘણા પ્યારથી પૂજા કરી. જે જેવા ભાવથી પૂજા કરે છે તેને તેનું તેવું ફળ મળે છે. ૧૯. મુક્તાનંદ સ્વામી આ વાતને જાણતા હતા. તેથી તેઓ ઉદ્ધવજીની જેમ પ્રત્યક્ષ શ્રીહરિ, સંતો અને હરિભક્તોનું માહાત્મ્ય જાણતા હતા. ૨૦.

※ જેને જેવો મહિમા હોય, તેનો તેવો મોક્ષ થાય :

चोपाई :

मोक्ष ताके होवत हि तैसे, महात्म में प्रताप रहे ऐसे;
महात्म विन जेते रहाये, जीव बिन जिमि तन रहे ताये...२१

एसि बात न जानत हे जाई, हरिजन चाय तेसे रहाई;
सुके वृक्ष सम रहेउ तिनही, हरिजन रहे भाव विन इनही...२२

सोवर्ण चाय तेसे रहेऊ, भूषण जेसे न सोहत तेऊ;
महात्म भाव विन जितनेऊ, हरिजन तेसे रहे तितनेऊ...२३

માહાત્મ્ય સમજવામાં એવો પ્રતાપ રહ્યો છે કે, જે જેવો મહિમા સમજે તેનો તેવો મોક્ષ થાય છે. માહાત્મ્ય વિનાના જે કોઈ પણ છે તે જીવ વગરના શરીરની જેમ શબ સમાન છે. ૨૧. જે હરિભક્તના હૃદયમાં આવો દિવ્ય ભાવ ન હોય અને જે આવી મહિમાની વાતને ન જાણતા હોય, તો તે ગમે તેવા મોટા હોય તોપણ સૂકાં વૃક્ષ જેવો છે. ૨૨. સોનું ગમે તેવું હોય પણ તે ઘરેણાં જેવું શોભતું નથી, તેમ માહાત્મ્ય અને ભાવ વગરના જે હરિભક્ત હોય તે ઘડ્યા વિનાના સોનાની જેમ શોભતા નથી. ૨૩. મુક્તાનંદ સ્વામી આવું માહાત્મ્ય જાણતા હતા. તેથી જ તેઓ સહુથી અધિક ગણાતા હતા. પછી તે સમયે ત્યાં જેટલા હરિભક્તો હતા તે સહુની પણ પૂજા કરાવી. ૨૪. તે પછી તે જ ઓસરીમાં સંતોની પંગત થઈ અને તેની એટલી અપાર શોભા થઈ કે જે મને કહેતા આવડતું નથી. ૨૫. બધા સંતો પંગતમાં બેસી ગયા અને તે વખતે મુખથી વારંવાર ‘સ્વામિનારાયણ’ નામ સહુ બોલતા હતા. ૨૬. સંતો જે સ્વામિનારાયણ મંત્રની ધૂન બોલતા હતા તે માનો, સામવેદનું ગાન થઈ રહ્યું હોય તેવી જણાતી હતી ! સંતોને ભગવાન શ્રીહરિમાં ઘણું હેત હતું તેથી બધા સંતો બુદ્ધિમાન હતા. ૨૭.

✵ ધર્મે સહિત ભક્તિ કરે તે મોટપને પામે છે :

સહુ સંતો શ્રીહરિમાં અને ધર્મમાં હેત કરતા હતા, અને તેને લીધે દિવસે દિવસે તેની મોટપ અતિ વધતી હતી. ૨૮. બધા સંતો મોટપ વધવાના માર્ગને જાણતા હતા એટલે ક્યારેય તે સન્માર્ગનો ત્યાગ કરતા નહીં. અને તેથી જ ત્યારે સંતોમાં અપાર મોટપ હતી. ૨૯. તે સંતો મહિમારૂપી સર્વોપરિ માર્ગે ચાલવાથી શુકદેવજી અને સનકાદિકના સમાન ગણાતા હતા. કોઈ ગમે તેવો મોટો હોય પણ જ્યારે તે નિષિદ્ધ માર્ગે ચાલે છે તો તેની અધોગતિ થાય છે. ૩૦. જે મનુષ્ય જેવે માર્ગે ચાલે છે તેવો તે કહેવાય છે. જે નિષિદ્ધ માર્ગ છે તે બધા જમપુરીના માર્ગ છે. ૩૧. આ બધા સંતો મોક્ષના માર્ગે ચાલે છે - એવું મુક્તાનંદ સ્વામી માનતા. તે સંતો જ્યારે પંગતમાં બેઠા પછી મુક્તાનંદ સ્વામી પણ તેમાં બેઠા. ૩૨.

શ્રીહરિ ચાંદીના થાળમાં ભોજન જમ્યા. બધી વસ્તુ થાળમાં અલગ અલગ પીરસી હતી. બધા જ પદાર્થો ઘીમાં કરેલા હતા. મોતીચૂર, જલેબી,

બરફી, પેંડા, સૂતરફેણી, ઘેબર, સાટા, ખાજા, સેવદળ, સેવ, શીરો, પૂરી, કંસાર, બિરંજ, દૂધપાક, માલપૂડાં, બાસુંદી, શ્રીખંડ, મોટી મોટી રોટલી, કેટલીક પ્રકારનાં ભજિયાં, ચાર પ્રકારનાં રાઈતાં, વડી, ફૂલવડી અને દહીંમાં વડી નાખીને કરેલી સુંદર કઢી, ચાર-પાંચ શાક, ત્રણ-ચાર પ્રકારની દાળ, ત્રણ-ચાર જાતનાં અથાણાં અને સરસ પાપડ, તે સિવાયની બીજી પણ કેટલીક ચીજો થાળમાં બનાવી હતી. શ્રીહરિએ આ સર્વે પકવાન જમીને પછી જે સંતો બેઠા હતા તે સહુને તે થાળની પ્રસાદી આપી. ૩૩-૩૮. પછી અતિશય સ્નેહથી ભરેલા આવા શ્રીહરિ તે સમયે સંતોને લાડુ અને મોતીચૂર લઈ પીરસવા લાગ્યા. ૩૯. જલેબી પણ પીરસી. બીજાં જે ભોજન હતાં તેને અન્ય સંતો સંભારી સંભારીને પીરસવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “શ્રીહરિએ મુક્ત મુનિના સંકલ્પથી ગૌદાન કરીને સંતોને જમાડ્યા” એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૧

શ્રીહરિ પ્રબોધનીનો સમૈયો કરવા ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સંતોને આસો સુદિ બારશને દિવસે ઘણા પ્રેમથી જમાડ્યા. તે પછી અન્નકૂટનો ઉત્સવ કર્યો. ૨. દરેક વરસમાં જેવો સમય હોય તે પ્રમાણે શ્રીહરિ પ્રેમથી ઉત્સવો કરતા હતા. ૩. શ્રીહરિના મનમાં સંતો અને હરિભક્તોને રાજી કરવાનો જ ઘણો ભાવ હતો, અને તે જ એક તાન-લક્ષ્ય રહેતું. તે સિવાય બીજું કોઈ તાન ક્યારેય રહેતું નહીં. ૪. પ્રબોધની એકાદશીનો ઉત્સવ વડતાલમાં કરવાનો હતો એટલે દેશદેશમાં જે મોટા મોટા હરિભક્તો હતા તેમના ઉપર શ્રીહરિએ કંકોતરીઓ લખીને મોકલી. તે વખતે જે હરિભક્ત બાઈ-ભાઈ હતાં તે બધાનાં શ્રીહરિએ કંકોતરીમાં નામ લખાવ્યાં. ૫-૬.

❋ ભાવ હોય તો બધું સુગમ થઈ જાય :

चोपाई :

चाय तेसी कठिन रहे बाता, भाव करिके सुगम रहाता...०७

सुगम कठिन भाव में रहेऊ, भाव जाके कहि देवत एऊ;
संसार ताकु मानत असारा, ताके रूप जब जोत निरधारा...०८

रूप जोये बिन हि जो जेहू, जामें गुन जेसे रहे तेहू;
जथार्थ नहीं आवत जाने, चाय तेसे रहाये दाने...०९

તેમાં જેને સમૈયામાં આવવાનો ભાવ હોય તેણે સુખેથી આવવું, એમ કહ્યું હતું. ગમે તેવી કઠિન બાબત હોય પણ જો ભાવ હોય તો તે સુગમ થઈ જાય છે. કોઈ બાબત સુગમ કે કઠણ ભાવને આધારે હોય છે, અને તેને લીધે તે બાબત જેનો જેવો ભાવ હોય તે કહી દે છે. જ્યારે જીવ સંસારના રૂપને યથાર્થપણે જુવે છે ત્યારે તે સંસારને અસાર માને છે. ૭-૮. ગમે તેવો હોશિયાર હોય તોપણ સંસારનું ખરેખર રૂપ-લક્ષણ જોયા વિના તે યથાર્થરૂપમાં અસાર જાણ્યામાં આવતો નથી. કેમ જે, જેમાં જેવા સારા-મોળા ગુણો હોય તે તેનાં લક્ષણો જોવાથી જ જાણ્યામાં આવે છે. ૯. જે સમૈયામાં આવતા નથી તેને સત્સંગની જેવી વાત છે તેવી યથાર્થ સમજાતી નથી. તેથી તે ફક્ત હરિભક્ત થયા છે, એમ કહેવાય છે. ૧૦. સત્સંગની વાતો તો જેને મોક્ષની જરૂર હોય તેના માટેની છે. જેને મોક્ષની જરૂર જ નથી હોતી તેને તો ચોક્કસ જમપુરી અને લખચોરાશીનો ખપ છે, આ વાત નિશ્ચય આમ જ છે. જેણે શુભ સુકૃતો કર્યા હોય છે, તેને મનુષ્યશરીર ફરી-ફરી મળતું નથી, એવી નજર પહોંચે છે. ૧૧-૧૨.

શ્રીહરિએ આ રીતે કંકોતરીઓ લખી અને પછી ગઢપુરથી ચાલ્યા. જેટલા કાઠી હરિભક્તો હતા તે બધાને સાથે લીધા. ૧૩. સહુ અશ્વ ઉપર ચઢીને આવ્યા હતા તેથી ઘણી સારી સવારી બની હતી. ધર્મકુમાર શ્રીહરિ ગઢપુરથી **કારિયાણી** ગામમાં આવીને રહ્યા. ૧૪. પછી ત્યાંથી ચાલ્યા તે **રોજકા** ગામ આવ્યા. ત્યાં રાત રહ્યા. હરિભક્તોએ ઘણી સેવા કરી. શ્રીહરિ જે ગામ જઈને રહેતા હતા ત્યાંના હરિભક્તો ખૂબ જ સેવા કરતા હતા. ૧૫-૧૬.

આ વખતે શ્રીહરિની સેવા જે હરિભક્તોએ જેવી રીતે કરી હતી તે તેવી ને તેવી કહ્યામાં આવતી નથી. શ્રીહરિની સેવા કરવી તે બ્રહ્માંડને બાથ ભર્યા જેવું કામ છે, તોપણ દરેક હરિભક્ત ઘણા ભાવથી તે બધી સેવા કરતા હતા. ૧૭-૧૮.

✽ અલૌકિક ભાવની મહત્તા :

चोपाई :

अलोकिक इतना भाव कहाते, ताके फल कहे नहीं आते;
अमुल्य मोति से अधिक भावा, चिंतामणि कल्पवृक्ष कहावा...१९
अमृत से कोटि गण जेहा, अलोकिक भाव रहेउ तेहा;
हरि छते के हरिजन हि जेता, बाई भाई कहावत तेता...२०
अलोकिक भाव सहज स्वभावा, निरंतर वरतत रहे रहावा;
लोकिक भाव न जिय में रहाये, ऐसे यह हरिजन हि कहाये...२१

જેટલું અલૌકિકપણું છે એટલો જ ભાવ કહેવાય છે. એવી અલૌકિકતાનું ફળ કહી શકાતું નથી. અમૂલ્ય મોતી કરતાં પણ ભાવ કિંમતી છે. અરે ! ચિંતામણિ, કલ્પવૃક્ષ અને અમૃત કરતાં પણ કરોડ ગણો અધિક અલૌકિક ભાવ શ્રેષ્ઠ છે. શ્રીહરિની હયાતીમાં જેટલાં હરિભક્ત બાઈ-ભાઈઓ હતાં તે સહુમાં સહજ સ્વભાવે એવો અલૌકિક ભાવ નિરંતર રહેતો હતો. તે કોઈને જીવમાં લૌકિક ભાવ હતો જ નહિ, એવાં તે હરિભક્તો હતાં. ૧૯-૨૧. અલૌકિક ભાવ વગરનાં જે હરિભક્ત બાઈ-ભાઈ કહેવાય છે તે બધાં તો લૌકિક સમજણે કરીને આધુનિકમાં ગણાય છે. ૨૨.

જેટલી સત્સંગની બાબત છે તે બધી અલૌકિક છે, પરંતુ સાચા પુણ્ય વિના સત્સંગની વાત ક્યારેય રુચતી નથી. ૨૩. એવા શુભ સંસ્કાર ન હોવાથી જ્યાં સુધી સત્સંગ નથી કરતા ત્યાં સુધી તે મનુષ્ય કે દેવતા સુધીના હોય તોપણ તે કૂતરા સમાન છે. એ બાબત તેના આચરણમાં દેખાઈ આવે છે. ૨૪. સત્સંગ સિવાય કોઈમાં દૈવત દેખાતું નથી, આવો સત્સંગ સર્વોપરિ કહેવાય છે. ૨૫. આવા સર્વોપરિ સત્સંગને જ્યાં સુધી મનુષ્ય જાણતો નથી ત્યાં સુધી સત્સંગ કરવાથી શું લાભ ? બધાં શાસ્ત્રો એવું માને છે. ૨૬.

રોજકા ગામમાં શ્રીહરિ રાત રહીને ચાલ્યા તે **કમિયાળા** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ગામમાં જે હરિભક્તો હતા તેમણે અતિશય ભક્તિ ભાવથી સેવા કરી. તે સહુનો શુદ્ધ ભાવ દેખીને શ્રીહરિ કેટલીય વાર તેમના ઉપર પ્રસન્ન થયા હતા. ૨૭-૨૮. ત્યાં રાત રહીને ચાલ્યા તે કેટલાક ઘોડેસવાર અને કેટલીક ગાડીઓ સાથે સહુ **હાડેવા** ગામ (તારાપુર પાસે) આવ્યા, અને ત્યાં રાત રહ્યા તેથી હરિભક્તોના મનમાં તે બહુ ગમ્યું. ૨૯. તે ગામના જે હરિભક્ત હતા તેમણે સહુએ શ્રીહરિની સેવા કરી. હરિભક્તોના મનમાં જેવો ભાવ હોય છે તેને શ્રીહરિ પૂરો કરે છે. ૩૦.

✵ શ્રીહરિનું તાન :

ચોપાઈ :

दृढ करावना धर्म कु जेहा, प्रगट हरि की भक्ति जुत तेहा;
ज्ञान वैराग्य प्रगट हरि केरा, दृढ करावना वेर हि वेरा...३१
रात्य दिन हरि कु तान एही, रहाये खचित कर जो तेही;
ता हित हरि की रहे सब बाता, जितनि जो आवत हे कहाता...३२
अक्षरधाम से तेही हीता, मनुष्य जेसे इहाँ बनीता;
साचे ताके भक्त रहेऊ, मनुष्य जेसे न देखत भयेऊ...३३

ભક્તજનોમાં પ્રગટ ભગવાનની ભક્તિથી યુક્ત ધર્મ તથા જ્ઞાન અને વૈરાગ્યને દૃઢ કરાવવાનું શ્રીહરિના મનમાં રાત-દિવસ વારંવાર નિશ્ચિત તાન રહ્યાં કરતું હતું. શ્રીહરિની સર્વે બાબતો તે ધર્માદિકને દૃઢ કરાવવા માટેની જ હોય છે. ૩૧-૩૨. કેમ જે, ધર્માદિકની દૃઢતા કરાવવા માટે જ શ્રીહરિ અક્ષરધામથી આ ભૂમિ ઉપર પધાર્યા છે અને મનુષ્ય જેવા થયા છે. પણ જે તેમના સાચા ભક્તો છે તેઓ તેમને મનુષ્ય જેવા દેખતા નથી. ૩૩. ભગવાનની જે કોઈ પણ બાબત હોય છે, તે માણસના જેવી હોતી નથી. કારણ કે, ભગવાનની બધી વાતોમાં અલૌકિકપણું રહ્યું હોય છે. ૩૪.

भगवान की बात जिस रीता, जानत जन रहायेउ तिस रीता;
जेसी बात जानत रहाते, तेसे मोक्ष ताके कहाते...३५

ભગવાનની સર્વ બાબતને જે જેવી જાણે છે તે તેવા હોય છે. તેથી શ્રીહરિની ક્રિયાને જે મનુષ્ય જેવી જાણે છે તેનો તેવો મોક્ષ થાય છે. ૩૫.

ભગવાન તો અલૌકિક છે. તેમને જે જેવા જાણે છે તે ભક્ત તેવા કહેવાય છે. જેટલી વાત જાણવાની હોય છે, તે બધી વાતને જાણ્યા વગર તો મનુષ્ય જમપુરીમાં જાય છે. અલૌકિક વાતને જાણ્યા વગર ધર્મમાર્ગ ઉપર ચાલવું ઘણું કઠણ છે. ૩૬-૩૭. સત્સંગ વિના જીવ જે જે માર્ગે ચાલે છે, તે તો લખચોરાશીના માર્ગમાં ચલાય છે, છતાં જે સત્સંગ નથી કરતા તે પોતાના મનમાં પોતાને હોશિયાર માને છે. તે મલિન લોકો જે સત્સંગ કરે છે તેની મશ્કરી કરે છે. ૩૮-૩૯. **જે લોકો હરિભક્તની મશ્કરી કરે છે, તે બધા મર્યા પછી જમપુરીમાં જાય છે. ૪૦. સત્સંગ અને હરિભક્તો ઉપર જેને જેટલો ભાવ હોય છે, તે ભાવ તેના જમપુરીના બંધનને કાપી નાખે છે. ૪૧.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “શ્રીહરિ પ્રબોધનીનો સમૈયો કરવા ગઢપુરથી વડતાલ જવા નીકળ્યા” એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૨

શ્રીહરિ વડતાલ પધાર્યા અને પ્રેમથી સહુને બોલાવીને સુખકારી દર્શન આપ્યાં

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. હાડેવા ગામમાં રાત રહીને, ત્યાંથી ચાલેલા શ્રીહરિ સમૈયો કરવા માટે **વડતાલ** ગામ આવ્યા. ૨. શ્રીહરિ પોતે વાસણ સુતારને ઘેર ઊતર્યા અને અયોધ્યાવાસીઓ મંદિરમાં ઊતર્યા. ૩. શ્રીહરિ રોજ ગોમતી કિનારે સભા કરતા હતા અને શ્રીહરિનાં દર્શન કરવાં માટે દેશદેશના અસંખ્ય હરિભક્તો આવ્યા હતા. તેમાંથી કેટલાક ગામમાં ઊતર્યા હતા અને કેટલાક બહાર ઊતર્યા હતા. સંતો તથા વર્ણી પણ અપાર આવ્યા હતા. ૪-૫.

શ્રીહરિ જ્યારે વડતાલ આવ્યા, ત્યારે પ્રથમ શ્રીલક્ષ્મીનારાયણ દેવના મંદિરમાં આવીને દર્શન કર્યાં. શ્રીહરિ દેવદર્શન કરવામાં ખૂબ જ ભાવ જણાવતા હતા. ૬. વર્ણી નિર્મળાનંદ નામે પૂજારી લક્ષ્મીનારાયણ દેવની પૂજા કરતા હતા. તે વર્ણી બહુ જ નિર્મળ હતા. તેમણે શ્રીહરિને હજારી ફૂલના હાર અતિ પ્રેમ સહિત પહેરાવ્યા. શ્રીહરિ ઉપર તેમને જે હેત હતું, તે કહી શકાતું નથી. તે હાર દસ-બાર જેટલા હતા. તેમાંથી બે હાર ઉતારીને શ્રીહરિએ પૂજારીને પાછા આપ્યા અને વારંવાર તેનાં વખાણ કર્યાં. પૂજારીના અંતરમાં જેવો ભાવ હતો, તે લક્ષ્મીનારાયણ દેવની પૂજા કરવામાં દેખાતો હતો. **જેવો ભાવ હોય તે પૂજામાં છુપો રહેતો નથી. પૂજારી એવા ભાવથી પૂજા કરતા હતા કે માનો તે મૂર્તિ હમણાં જ બોલશે !** ૭-૧૦.

એવા સમયમાં ત્યાં બ્રહ્માનંદ સ્વામી આવ્યા. ત્યારે તેઓ વડતાલ મંદિરમાં મુખ્ય હતા. આવીને તેઓ શ્રીહરિનાં ચરણમાં પડ્યા. તે વખતે શ્રીહરિ તેમને ઊભા કરીને ભેટ્યા. ૧૧. પછી કંઠમાંથી એક હાર ઉતારીને તેમને આપ્યો અને ખૂબ જ પ્રેમથી તેમને બોલાવ્યા. વડતાલ મંદિરમાં જે સંતો, વર્ણી અને પાર્ષદો રહેતા હતા, તે બધાને અતિશય ઉદાર સ્વભાવવાળા શ્રીહરિ ભેટ્યા. તે સહુને એક એક હાર ભાવથી આપ્યો. ૧૨-૧૩.

❋ જેને આ જોગ મળ્યો છે તે અતિ ભાગ્યવાન છે :

दोहा : सत्संग हित करत जितना, जो जो जन जो जेउ;
जानत रहे हरि तितना, जमपुरि न देखत तेउ...१४

सोरठा : उदय होत जो भाग्य, सत्संग हित यह करत कछु;
जाके रहे अभाग्य, द्रोह करत ताके तेहि...१५

प्रगट हि जो भगवान, प्रगट के संत जोउ;
प्रगट हरि जो रहान, ताके जन न मिलत कबु...१६

चोपाई :

प्रगट हरि के सत्संग हि जेहा, धर्म भक्ति वैराग्य जुत तेहा;
जथार्थ प्रगट हरि के ज्ञाना, सहित मिलना दुल्लभ रहाना...१७

જે જે લોકો સત્સંગ માટે જેટલું કાંઈ કરે છે, તે બધું શ્રીહરિ જાણે છે. જે સત્સંગની સેવા કરતા હોય છે, તે ક્યારેય જમપુરીને દેખતા નથી. ૧૪.

જેના સદ્‌ભાગ્યનો ઉદય થયો હોય, તે સત્સંગને માટે કાંઈક કરે છે અને જેના દુર્ભાગ્ય હોય, તે સત્સંગનો દ્રોહ કરે છે. ૧૫. પ્રગટ ભગવાન, પ્રગટ ભગવાનના સંતો અને પ્રગટ શ્રીહરિના ભક્તજનો દુર્લભ છે, તે ક્યારેય મળતા નથી. ૧૬. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને પ્રગટ ભગવાન શ્રીહરિના યથાર્થ જ્ઞાનેયુક્ત એવો પ્રગટ શ્રીહરિનો સત્સંગ મળવો દુર્લભમાં પણ અતિ દુર્લભ છે. ૧૭.

❋ સત્સંગમહિમા :

સહુને આજે તેનો યોગ મળ્યો છે. પરંતુ જેના સદ્‌ભાગ્ય હોય, તેને જ તે રુચે છે. સર્વોપરિ ભાગ્ય વિના મનુષ્યને આવો સત્સંગ રુચતો નથી. ૧૮. સત્સંગ સમાન બીજી કોઈ વાત નથી. આ સત્સંગ આવો અતિશય મહત્ત્વપૂર્ણ છે. સત્સંગ વગર મોક્ષ થાય છે, એવું તો અજ્ઞાની-આંધળા લોકો માને છે. ૧૯. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો, ત્યાં સુધી સત્સંગ વગરનો માણસ અંધ ગણાય છે. જ્યાં સુધી સત્સંગ વિનાનો રહે છે, ત્યાં સુધી તે જમપુરી તથા લખચોરાશીમાં વારંવાર ફરતો રહે છે. સર્વે સચ્છાસ્ત્ર પણ એમ જ કહે છે. એક સત્સંગ જ મોક્ષનો પ્રસિદ્ધ દરવાજો છે. ૨૦-૨૧.

સત્સંગ વિના બીજાં બધાં દ્વાર તો જમપુરી અને લખચોરાશીનાં છે. તેમાં દુઃખનો કોઈ પાર રહેતો નથી, પણ સત્સંગ કર્યા સિવાય તે લગાર પણ દેખાતું નથી. ૨૨. તેથી જ સત્સંગ સિવાયની બીજી બધી બાબતો અભાગિયા માણસને રુચે છે. જેને સત્સંગ રુચે છે, તેના સંસારનાં બંધન છૂટી જાય છે. ૨૩. આ સત્સંગ આવો મહાન છે, તેથી જ તે સર્વોપરિ કહેવાય છે. જે ખરેખર સહુથી પર-શ્રેષ્ઠ ન હોય, તેવી બાબતને કોઈ સર્વોપરિ કહે તો તેના જેવો બીજો કોઈ પાપી નથી. ૨૪. ખરેખર સર્વોપરિ હોય તેને જે સર્વોપરિ કહે છે, તેણે બધાં સાધનો કરી લીધાં છે, તે દેખાય આવે છે. સર્વોપરિ ન હોવા છતાં પણ કોઈ તેને સર્વોપરિ કહે, તેવા લોકો માટે નિશ્ચિત જમપુરી અને લખચોરાશીનું ભવભટકણ વારંવાર રહ્યું છે. ૨૫-૨૬.

શ્રીહરિ વારંવાર આવી વાતો કરતા હતા, પરંતુ તે વાતો ભાગ્યશાળીને જ યથાર્થરૂપમાં મનાતી હતી. ૨૭. જે અધર્મી અને પાપી લોકો હોય છે,

તે પોતાનાં પાપે કરીને સત્ય વાતને પણ માનતા નથી. કરોડો કલ્પ વીતી જાય, તોપણ ક્યારેય સત્સંગ વિના પાપ ટળતાં નથી. સત્સંગ આવો બળવાન છે, એવું જ્યારે સત્સંગનું મહત્ત્વ માણસ જાણે છે ત્યારે તે સત્સંગ કરે છે. ૨૮-૨૯. **એક લવ જેટલો સમય સત્સંગ કર્યો હોય, તેને તુલ્ય ત્રિલોકીનું સુખ પણ થઈ શકતું નથી. આવું સત્સંગનું માહાત્મ્ય જાણે છે, તે સાચો સત્સંગી છે.** ૩૦. જ્યાં સુધી સત્સંગનું આવું માહાત્મ્ય નથી સમજતો, ત્યાં સુધી તે કાચો સત્સંગી છે અને તેની સમજણ તે કાચપને કહી દે છે. ૩૧.

દેશદેશના જે હરિભક્તો આવ્યા હતા, તે રોજ શ્રીહરિની પૂજા કરતા હતા. જેના મનમાં જેવા મનોરથ હતા, તે રીતે શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૨. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં અને સહુ લોકો મુખથી 'જય જય...જય જય...' એમ બોલતા હતા. હરિભક્તો અયોધ્યાવાસી ધર્મકુળની પૂજા પણ કરતા હતા. ૩૩. સહુ હરિભક્તોને શ્રીહરિને રાજી કરવામાં જ એક હરખભર્યું અપરંપાર તાન હતું. તે સર્વ હરિભક્તો સંતો તથા વર્ણીઓની અલૌકિક ભાવથી વારંવાર પૂજા કરતા અને રોજ રસોઈ આપતા. તે વખતે શ્રીહરિ નિત્ય પીરસવા આવતા હતા. કારણ કે, શ્રીહરિને સંતો ઉપર ખૂબ જ હેત હતું. ૩૪-૩૫.

ત્યાં લક્ષ્મીનારાયણ દેવના મંદિરની પાસે માથાભર ઊંચો એક મંચ કર્યો હતો. જેથી મંચ ઉપર બેઠેલા શ્રીહરિનાં દર્શન દૂર સુધીના ભક્તોને પણ થતાં હતાં. શ્રીહરિ રોજ સંધ્યા આરતી કરીને, રાતે ત્યાં આવીને તે મંચ ઉપર બેસતા હતા. ૩૬-૩૭. દિવસે તો ગોમતીની સમીપે એક સારી બેઠક કરી હતી, ત્યાં રોજ શ્રીહરિ જઈને બેસતા હતા. આસપાસમાં આંબાનાં ઘણાં ઝાડ હતાં. ૩૮. સંતો, વર્ણી અને હરિભક્તો એ બધાની ત્યાં સભા થતી હતી. તેની અપાર શોભા બનતી હતી. ૩૯. **ભગવાનનાં વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ, શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમ સુધીના જે જે ધામ કહેવાય છે, તે બધાં ધામની જેટલી શોભા હોય છે, તે બધી શોભા ત્યારે ગોમતી કિનારે આવીને પ્રગટ થઈ હતી. એવી શોભાને દેખી ભક્તોને ઘણો સ્નેહ થતો હતો.** ૪૦-૪૧.

સંતો ભગવાનના મહિમાનાં ઘણાં સારાં સારાં કીર્તન પ્રેમથી ગાતા હતા. શ્રીહરિ જ્યાં જ્યાં વિચરતા હતા, ત્યાં ત્યાં સદાય આનંદ આનંદ જ રહેતો હતો. ૪૨. વળી, રોજ રોજ નવા ઉત્સવ થતા રહેતા, તેને જોઈને દર્શન કરનારાને તૃપ્તિ થતી નહિ. ઊલટાનો પ્રતિદિન નવો નવો અપાર ભાવ થયા કરતો હતો. ૪૩. જે રીતે હરિભક્તોને પોતાની મૂર્તિમાં હેત થાય, એવાં ચરિત્ર શ્રીહરિ કરતા હતા. કારણ કે, તેમને જીવોના સંસારનાં બંધનો છોડાવવાનું જ એક તાન નિત્ય રહેતું હતું. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલ પધાર્યા અને પ્રેમથી સહુને બોલાવીને સુખકારી દર્શન આપ્યાં" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૩

શ્રીહરિ વડતાલમાં હતા ત્યારે સુરતથી અરદેશર પારસીએ પત્ર લખ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ભુજવાળા નારાયણજીભાઈ સુતાર શ્રીહરિની આજ્ઞાથી વડોદરા ગયા હતા, અને ત્યાં ધાતુની બે મૂર્તિઓ બનાવીને વડતાલ લાવ્યા. ૨. ભક્તજનોના મનોરથને પૂર્ણ કરનાર એવી એક મૂર્તિનું નામ વાસુદેવનારાયણ હતું. ૩. અને બીજી મૂર્તિનું નામ હરિકૃષ્ણ હતું. બંને સ્વરૂપ એકસરખા અપાર સુશોભિત હતા. ૪. **જે સ્થળમાં જેવા ભક્ત હોય અને જ્યાં જેવું કાર્ય હોય ત્યાં પરમેશ્વર એક મૂર્તિ દ્વારાએ પણ તે બધું કાર્ય કરે છે. ૫. અને તે પરમેશ્વર સ્વયં એક હોવા છતાં અનંતરૂપે પણ થાય છે; એમ હંમેશાં અનુપમ રહે છે. સાચા ભક્ત સિવાય બીજાને તેના ભેદની ખબર પડતી નથી. કેમ જે, તે પરમેશ્વર અતર્ક્ય છે, તેમ વેદ કહે છે. ૬.**

સં.૧૮૮૧, પ્રબોધની એકાદશી (પછી બારસને) દિવસે તે બંને મૂર્તિઓને મંદિરમાં પધરાવી, અને કોઈ જાતનો બાધ ન આવે તે રીતે

તેનો વિધિ કરાવ્યો. આમ તો શ્રીહરિ ગઢપુરમાં અન્નકૂટ કર્યા પછી ત્રીજને દિવસ ગઢપુરથી ચાલ્યા, અને નવમીને દિવસ વડતાલ આવ્યા હતા. અને ત્યાં જે સંતો અને હરિભક્તો હતા તે સહુને ભાવથી દર્શન આપ્યા હતા. તેમના ઉપર શ્રીહરિને ઘણો ભાવ હતો. અને જેવો ભાવ હોય તેવો ઉત્સવ કરાવ્યો. તે ઉત્સવને કોઈ કવિ કહી શકતા નથી. ૭-૯.

❋ શ્રીહરિ અને સત્સંગ : આ બે સુખના રાજમાર્ગ છે :

શ્રીહરિએ જેવા ઉત્સવો કર્યા હોય છે, તેને યથાર્થરૂપમાં કહેવા ઘણા કઠણ છે. તે ઉત્સવમાં સહુને અપાર ભાવ-આનંદ આવતો હતો. સત્સંગ અને ભગવાનની મૂર્તિ સિવાય બીજી ચાહે તેવી શોભા કે બધું સામર્થ્ય હોય, તે બધું સ્વાદરહિત લાગતું હોય છે. માનો, જીવ વિનાનું શરીર હોય તેમ સત્સંગ અને ભગવાન વિનાનું બધું શૂન્ય જેવું લાગે છે. કોઈ વસ્તુ સારી લાગતી નથી. ૧૦-૧૧. સમૈયાનો હેતુ જ ઉપર કહ્યો તેવો છે. સત્સંગ અને ભગવાન સિવાયના બીજા બધા પ્રસંગો તો જમપુરી અને લખચોરાશીનો માર્ગ નિશ્ચિત રૂપમાં બતાવે છે. ૧૨.

સત્સંગ અને ભગવાન, એ બે જ સુખનો માર્ગ બતાવે છે, અને તેનાં જેટલાં સાધનો છે તે પણ સુખને જ બતાવે છે, તે સિદ્ધાંત વાર્તા છે. ૧૩. જેને સત્સંગ તથા ભગવાન એ જ સુખનો માર્ગ ન જણાતો હોય, તેઓ તો વારંવાર જમપુરી અને લખચોરાશીમાં ભટકે છે. ૧૪. અનેકાનેક જે સચ્છાસ્ત્રો છે, તે બધાંનો તેવો જ સિદ્ધાંત છે કે સત્સંગ અને ભગવાન સમાન કોઈ નથી. જે કાંઈ આંખથી દેખાય છે, કાનથી સંભળાય છે, જીભથી બોલાય છે, નાકથી સુગંધ લેવાય છે અને ત્વચાથી જે કાંઈ સ્પર્શ થાય છે, અને ચિત્તથી જે ચિંતવન થાય છે. જે કાંઈ પણ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોની ક્રિયા છે, તેનાથી સત્સંગ તથા ભગવાનને સમાન કોઈ એક પણ દેખ્યા-અનુભવ્યામાં આવતું નથી. ૧૫-૧૭. એવા જે હોય એનું નામ સત્સંગી છે. અને દેશકાળની વિષમતાને લીધે પણ જેની મતિ એકસમાન જ રહે, ત્યારે જ તે પૂરો સત્સંગી કહેવાય છે. ૧૮.

સુરત શહેરના અરદેશર કરીને એક પારસી હતા. તે સુરત શહેરના કોટવાળ(કમિશનર) હતા. અને સત્ય-અસત્ય વાતને સમજવામાં ઘણા ચતુર હતા. તેણે જ્યારે સત્સંગની બધી વાત સાંભળી, ત્યારે તેમને આપણા સત્સંગ ઉપર ઘણો ભાવ થયો. અને તેમના સમજવા પ્રમાણે સત્સંગના જેવી બીજી કોઈ વાત ન હતી. ૧૯-૨૦. તેમને સત્સંગ સિવાયની બીજી બધી વાતો નિર્જીવ જણાઈ હતી. પછી તેમના મનમાં શ્રીસહજાનંદ સ્વામીનાં દર્શન કરવાનો ભાવ થયો. ૨૧. પછી તેમણે શ્રીહરિના ઉપર સોનેરી શાહીથી એક પત્ર લખ્યો. જેમાં જેને જેવું હેત હોય તે ભાવમાં છુપાવ્યું રહેતું નથી. ૨૨.

☸ જેનો જેવો ભાવ હોય તે વચનમાં દેખાઈ આવે છે :

અને જેને જેવો ભાવ હોય છે તે તેનાં વચનોમાં પણ દેખાઈ આવે છે. તે અરદેશર શેઠનો જેવો ભાવ હતો તે બધો પત્રમાં લખ્યો હતો કે, "હે સ્વામી ! તમારાં વચનોને આધારે જ આપ પરમેશ્વર છો; એવું જણાઈ આવે છે. આપ જે રીતના સમર્થ છો તે આપનાં વચનોથી દેખાઈ આવે છે. ૨૩-૨૪. આપનાં જેટલાં વચનો છે તે સૂર્ય કરતાં પણ અપાર પ્રતાપી છે, તે અપાર પ્રતાપ એકે એક વચનમાં જણાઈ આવે છે. ૨૫. જેમાં જેટલું દૈવત હોય છે, તે બધાં દૈવતને તેમનાં વચનો જ કહી દે છે કે, આમાં આટલું દૈવત રહ્યું છે. ૨૬. જેને વચનને સમજવાનું જેવું જ્ઞાન હોય, તે જેનાં જેવાં વચનો હોય છે તેને તેવાં રૂપમાં જાણી લે છે. બુદ્ધિની એક જ રીત હોય છે, પણ તે બહારથી દેખાતી નથી. તેને જે જાણી લે છે તેને જ જ્ઞાન કહેવાય છે. અને જેને જેવો સંગ હોય તેને તેવું જ્ઞાન થાય છે. ૨૭-૨૮.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ વડતાલમાં હતા ત્યારે સુરતથી અરદેશર પારસીએ પત્ર લખ્યો" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૪

શ્રીહરિએ વડતાલથી સુરત જવા માટે સંતો વગેરેની સાથે પ્રયાણ કર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતના અરદેશર શેઠે શ્રીહરિના ઉપર જે પત્ર લખ્યો હતો, તે શ્રીહરિએ વડતાલમાં વાંચ્યો અને અતિશય રાજી થયા. ૨. મુનિબાવા અરદેશર શેઠના ગુરુ હતા. તેથી શ્રીહરિએ તે પત્ર મુનિબાવાને આપ્યો. તે દિવસોમાં શ્રીહરિને સુરત લઈ જવા માટે મુનિબાવાએ છ મહિનાથી પંચ કેશ રાખ્યા હતા. ૩-૪.

❋ મુનિબાવાની સમજણ :

શ્રીહરિએ તે જોઈને તેમને કહ્યું હતું કે, "તમે શા માટે માથા પર કેશ વધાર્યા છે ?" ત્યારે મુનિબાવા બોલ્યા કે, "આપ જ્યારે સુરત આવો ત્યારે હવે એ વખતે માથાના કેશ તથા દાઢી ઉતરાવવાના છે. આપ મોટા છો. મોટા ઉપર જોર કરી શકાતું નથી. મોટા તો ચાહે તેમ વર્તે. ૫-૬. આપ તો ભક્તાધીન છો. તેમાં કોઈ સંદેહ નથી, છતાં પણ આપ દેશ-કાળ આદિકને મુખ્ય રાખીને વર્તો છો. ૭. પરંતુ બધી વાત આપને આધીન છે. આપથી કોઈ અધિક દેખાતું નથી. આપ સમર્થ હોવા છતાં જે પરાધીન દેખાઓ છો, એટલી વાત અમને મોહ પમાડે છે. ૮. બ્રહ્મા જેવા પણ આપનાં ચરિત્રમાં ભૂલા પડે છે, તો બીજા મનુષ્યનાં શાં લેખાં ? આપ જેટલી વાત કરો છો તે જીવોના ઉદ્ધાર કરવા માટેની હોય છે. આવી વાત જ્યાં સુધી સમજાતી નથી ત્યાં સુધી હરિભક્ત એટલો કાચો કહેવાય છે. અને કાચા હરિભક્તની રક્ષા કરવા માટે જ આપ લોકની રીતે વર્તો છો, ૯-૧૦. તોપણ અપાર લોકો આપનાથી વિમુખ વર્તે છે. આ સમયમાં જે લોકો આપનાથી વિમુખ રહે છે, તેમના સમાન બીજા કોઈ અધમ નથી. ૧૧. વારંવાર આવો યોગ આવતો નથી. અત્યારે આપ ભૂમિ ઉપર વિચરી રહ્યા છો. આપને આ સમયમાં કોઈ ઓળખે તો તે સહુથી અધિક ડાહ્યો છે. ૧૨. આપ ભૂમિ

ઉપર વિરાજમાન હોવ, આવો સમય વારેવારે આવશે નહીં. આ વાત આવી અતિ દુર્લભ છે. ૧૩.

સત્યસ્વરૂપ ભગવાન અને સત્યસ્વરૂપ સત્સંગનાં જ્ઞાન વિના લોકો હંમેશાં દુઃખ પામે છે. જ્યારે સત્યસ્વરૂપ ભગવાન અને સાચો સત્સંગ મળે છે, ત્યારે જન્મ-મરણ અને જમપુરી સંબંધી જેટલું દુઃખ હોય છે, તેનો તત્કાળ નાશ થઈ જાય છે. વળી, જે જે શરીરથી પાપ કર્યાં હોય તે બધાનો નાશ થઈ જાય છે, અને ભગવાનના નિર્ભય ધામને પામે છે. ૧૪-૧૬. **સાચો સત્સંગ અને સત્ય સ્વરૂપ ભગવાન - એ મળ્યા વિના કરોડો કલ્પ વીતે, છતાં પણ જીવ ઉપરથી જન્મ-મરણ અને જમપુરીનું દુઃખ ક્યારેય મટતું નથી. સત્સંગ અને ભગવાન - આ બે સિવાય કલ્યાણનો સાચો માર્ગ કોટિ કલ્પે પણ બીજો કોઈ નથી.”** આવાં મુનિબાવાનાં કહેલાં વચનોને સાંભળીને શ્રીહરિ રાજી થયા. ૧૭-૧૮.

વડતાલમાં પૂનમનો ભારે મોટો સમૈયો કરીને પછી ત્યાંથી શ્રીહરિ સુરત જવા ચાલ્યા. જેટલા સંતો અને બ્રહ્મચારીઓ હતા, તે સહુને પણ શ્રીહરિએ સાથે લીધા. જેટલી સવારી અને નિપુણ પાર્ષદો હતા, તે બધાને પણ સાથે લીધા. નંદરામજી અને ગોપાળજી, તે શ્રીહરિના બંને ભાઈના પુત્રો હતા, તેને પણ સાથે લીધા. શ્રીહરિના મામાના પુત્ર મંછારામ અને ગોપાળજીના મામા સુફળ, તેમને પણ શ્રીહરિએ સાથે લીધા. ૧૯-૨૧. ગઢપુરના દાદા ખાચર, બોટાદના સોમલા ખાચર, લોયાના સુરા ખાચર, મોટા ઝીંઝાવદરના અલૈયા ખાચર, વાંકિયાના મોકા ખાચર, કારિયાણીના ત્રણ માણસિયા ખાચર, વેલા ખાચર, વસ્તા ખાચર, સારંગપુરના બે માણસિયા ખાચર, અમરા ખાચર, કોરડાના કૂંપા ખાચર, માતરા ખાચર અને બોટાદના માતરા ધાધલ તેમજ માતરા રેફડીયા જે અન્ય ગામના હતા. ગઢપુરના નાગમાલા, પંચાળાના દરબાર ઝીણાભાઈ, સારંગપુરના રાઠોડ ધાધલ તથા ગુડેલ ગામના જીભાઈ, આ સિવાયના પણ બીજા ઘણા ઘોડેસવારો શ્રીહરિની સાથે હતા. ૨૨-૨૭.

સુરત શહેરના જે હરિભક્તો વડતાલ આવ્યા હતા, તે ખબર સાંભળીને અગાઉથી સુરત જવા ચાલતા થયા. ૨૮. જેને શ્રીહરિના આવવાની ખબર

ન હતી, એવા હરિભક્તો પાછળ ચાલ્યા. શ્રીહરિએ નીકળ્યા પહેલાં પ્રયાણનો વિચાર કર્યો હતો. શ્રીહરિ ચાલવા માટેનો જે વિચાર કરે, તેમાં હરકોઈ વાત રહેતી હોય છે. તેઓ જે ઠેરાવ કરે તેમાં એવી કોઈ બારી રહેતી નહિ કે, જે વાત ક્યારેય ફરી જાય. શ્રીહરિ તો એવું બોલતા હતા કે, 'પવનને આધારે જેમ તણખલું ફરકતું રહે, તેમ અમારી જેટલી જેટલી બાબતો છે તે ચોક્કસ અંતર્યામી પરમેશ્વરના હાથમાં છે. તેઓ જે જે વાત કહે છે, તેમ અમે કહેતા રહીએ છીએ.' ૨૯-૩૨.

જ્યારે શ્રીહરિ વડતાલથી ચાલ્યા, ત્યારે માણકી ઘોડી ઉપર બેઠા હતા. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને શ્વેત અંગરખું પહેર્યું હતું. અને શ્વેત પટકો કમરે બાંધ્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી. તે વખતે શ્રીહરિએ રૂ ભરેલો શ્વેત સુરવાળ પહેર્યો હતો. ૩૩-૩૪. સુરવાળમાં જાળીવાળી રેશમી નાડી હતી. તે નાડીમાં સોનાના તારથી પટવાએ(કારીગરે) ગુંદા અને ગોખરૂ જેવા ઘાટ કરીને, ફૂમકાની ઘણી શોભા કરી હતી. શ્રીહરિના હાથમાં મોતી ભરેલી છડી હતી. મસ્તક ઉપર લાલ રંગનું છત્ર ધર્યું હતું. ૩૫-૩૬. તે છત્રના ઉપર સુશોભિત સોનાનો કળશ હતો, અને છત્રનો દંડ પણ સુંદર અને અપાર શોભાદાર હતો. ૩૭. છડીદાર કુબેરસિંહ સોનાની છડી લઈને સમય સમય પ્રમાણે 'જય.. જય..' એવા શબ્દ બોલતા હતા. ૩૮. મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામી માટે શ્રીહરિએ એક બળદગાડી કરાવી દીધી હતી. બ્રહ્માનંદ સ્વામીએ વડતાલના મંદિરની જ ગાડી લીધી હતી. કારણ કે, મંદિરનો વ્યવહાર તેમના હાથમાં હતો. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલથી સુરત જવા માટે સંતો વગેરેની સાથે પ્રયાણ કર્યું" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૫

શ્રીહરિ બોચાસણ આવ્યા અને સંતો તથા સત્સંગનો મહિમા કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ વડતાલથી ચાલતા થયા, તે **જોળ** અને **વલાસણ** ગામ થઈને **બોચાસણ** પધાર્યા. ૨. તે ગામોના જે હરિભક્તો હતા, તે બધા ખૂબ જ ભક્તિભાવથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩. ત્યાંના પાટીદાર હરિભક્તોમાં કાશીદાસભાઈ મુખ્ય હતા, અને ગામમાં પણ મુખી હતા. ૪. વિવિધ પ્રકારનાં વાજિંત્રોને લઈ, સહુ પા કોશ જેટલે સુધી શ્રીહરિની સન્મુખ આવ્યા. કારણ કે, સહુને શ્રીહરિના ઉપર પરમ સ્નેહ હતો. ૫. તેઓ શ્રીહરિને પોતાના જીવનપ્રાણ અને સર્વસ્વ માનતા હતા. સહુ શ્રીહરિને દંડવત્-પ્રણામ કરીને પગે લાગ્યા. ૬. તેઓ જે શ્રીફળ લાવ્યા હતા, તે એક એક શ્રીફળ શ્રીહરિ આગળ ધર્યું. વળી, એક એક ફૂલનો હાર શ્રીહરિને પહેરાવ્યો. ૭. શ્રીહરિની સાથે જે સંતો હતા તેમને પગે લાગ્યા. તેમજ વર્ણી, પાર્ષદ અને જેટલા હરિભક્તો હતા, તે બધાને પણ પગે લાગ્યા. ૮.

જ્યારે દિવસ પાછલો પહોર એક રહ્યો, ત્યારે શ્રીહરિ બોચાસણ આવ્યા હતા. તે વખતે વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ પ્રસન્નતાથી ગામમાં આવ્યા. ગામમાં જે લોકો હતા, તે બધા બજારમાં આવીને ઊભા હતા. સહુ હાથ જોડીને 'જય.. જય..' બોલતા હતા. તેઓ શ્રીજીમહારાજ સમાન બીજા કોઈને જાણતા ન હતા. ૯-૧૦. જે લોકો ધર્મ પાળવામાં કાચા હોય છે તે સત્સંગ કરતા નથી. તેથી તે લોકો કુકર્મને માર્ગે ચાલનારાની સાથે ઉમંગથી એકરસ થઈને વર્તે છે, ૧૧. પણ જે કુકર્મના માર્ગમાં દોષ દેખે છે તે લોકો સત્સંગ કરે છે. જન્મ-મરણ, જમપુરી અને વારંવાર લખચોરાશીમાં ભટકવું - તેનાં અપાર દુઃખને કુકર્મી લોકો દુઃખ માનતા નથી, અને તેથી તે સંસારમાં ભટકતા હોય છે. ૧૨-૧૩.

જેટલા કુકર્મી ગુરુઓ કહેવાય છે તેઓ એમ કહેતા હોય છે કે, 'તમે ગુરુની સેવા કરો. તમારે કોઈ પાપ રહેશે નહીં.' ૧૪. જે કુકર્મી લોકો

હોય, તે એવા કુકર્મી ગુરુઓને ભગવાન કરતાં પણ તન-મને કરીને અધિક માનતા હોય છે. ૧૫. કુકર્મ માર્ગમાં ચલાવતા રહે એવાં જે શાસ્ત્રો છે, તેને કુકર્મી ગુરુઓ મુખ્ય કરીને માને છે. ૧૬. એવા કુકર્મ કરનારા લોકો જમપુરીને મિથ્યા કહે છે, અને લખચોરાશીમાં સુખ દેખે છે. તેથી જ તે સત્સંગથી વિમુખ રહે છે. ૧૭. સચ્છાસ્ત્રો તો સાચી વાત કહે છે, પણ કુકર્મી લોકો તેને માનતા નથી. જે સાચી વાતને માનતા નથી તે કુકર્મને માર્ગે ચાલે છે. ૧૮. જે સત્ય માર્ગ પર ચાલતા હોય તેને જે લોકો માને છે, તેને જ ભૂમિ ઉપર રહેલા બધા પુરુષો રૂડી બુદ્ધિવાળા કહે છે. ૧૯. જેને કુકર્મ કરવાનું ગમે છે, એવા લોકો તો પશુ જાતિમાં ખપે છે. આ રીતે રૂડી બુદ્ધિવાળા ડાહ્યા મનુષ્યો અને સચ્છાસ્ત્ર કહે છે. ૨૦. જેટલા શુભ માર્ગ કહેવાય છે, તે મનુષ્યને ચોક્કસ સત્સંગ સન્મુખ કરવા માટેના છે; એમ જે રૂડી બુદ્ધિવાળા ડાહ્યા મનુષ્ય છે તે કહે છે.

જ્યારે શ્રીહરિ બોચાસણમાં આવ્યા, ત્યારે સહુને અતિશય આનંદ થયો. શ્રીહરિ કાશીદાસભાઈના ઘેર ઊતર્યા. ૨૧-૨૨. ત્યાં સંતોનું મંદિર હતું તેમાં સંતો ઊતર્યા. કાશીદાસભાઈના ઘરની આગળ એક ચોક હતો. તે વખતે ત્યાં પલંગ ઢાળીને તેના ઉપર ગાદી વગેરે બિછાવ્યા. પરમ સુખદાયી શ્રીહરિ તેના ઉપર આવીને બેઠા. જેટલા સાથે સંતો તથા હરિભક્તો હતા, તે બધાની ત્યાં સભા થઈ. સંતો ગરબીનાં પદ અતિશય ઘણા ઉત્સાહથી ગાવા લાગ્યા. સંતો જ્યારે પદ ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા, "આ ભૂમિ ઉપરનો કોઈ ચક્રવર્તી રાજા હોય, તેના કરતાં ઈન્દ્ર અધિક છે. અને તે ઈન્દ્ર કરતાં બ્રહ્મા ઘણા અધિક કહેવાય છે. ૨૩-૨૭.

✵ સચ્છાસ્ત્ર અને સત્સંગરૂપી નેત્રોની મહત્તા :

અને તે બ્રહ્મા કરતાં પણ સંતોનું સુખ તો ઘણું અધિક અને અપરંપાર કહ્યું છે; એમ શાસ્ત્રે કરીને તથા સત્સંગે કરીને દેખાય છે. સચ્છાસ્ત્ર અને સત્સંગ - બે વિશાળ નેત્ર છે. તે બે નેત્રોથી આ બ્રહ્માંડની અને બ્રહ્માંડ બહારની જેટલી વાતો હોય છે તે દેખ્યામાં આવે છે. કોઈ બાબત ક્યારેય દેખાયા સિવાય રહેતી નથી. જેવી વાત હોય તે બધી સમજણરૂપી શ્રોત્રથી

જણાઈ આવે છે. ૨૮-૩૦. આસ્તિક લોકોને જ શાસ્ત્રમાં વિશ્વાસ હોય છે, અને તેનું જ શાસ્ત્ર હિત કરે છે. જેને તે સચ્છાસ્ત્રમાં વિશ્વાસ નથી હોતો, તેનું હિત શાસ્ત્ર કરતું નથી. ૩૧. તેવા અવિશ્વાસુઓને માટે તો જમદૂત અને જેટલાં નરકનાં કુંડ છે તે બધાં કર્યાં છે. અમે તો આ સાચી વાત જોઈને કહીએ છીએ.

સત્સંગના સમાન જીવનું કોઈ હિત કરતું નથી. ૩૨. વારંવાર હરખથી હેત દેખાડનારાં માતા, પિતા, પત્ની, એ બધાં જેટલાં સંબંધીઓ કહેવાય છે, તે પણ કોઈ સત્સંગના સમાન હિત કરનારા નથી. ૩૩. બીજી જે જે વાતો કહેવાય છે, તે કોઈ પણ સત્સંગ સમાન નથી; આવી સમજણ દૃઢ કરી રાખવી, કે જે કોઈ દિવસ ફરે નહીં. ૩૪.

કદાચ પિંડ અને બ્રહ્માંડ ફરી જાય પણ, ક્યારેય સત્સંગ ફરે નહિ; આવો સત્સંગ દૃઢ કરવો અને કુસંગથી ડરતા રહેવું. ૩૫. **કુસંગ અનેક પ્રકારનો છે, તેનો કહેતા પાર આવતો નથી. સત્સંગ અને ભગવાન વિના બીજામાં જીવ જેટલો ચોંટી જાય છે, તેને જે કુસંગના રૂપમાં દેખે છે તે પાકો હરિભક્ત છે. જે પાકો હરિભક્ત છે તે દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણથી પોતે જુદો વર્તે છે.** ૩૬-૩૭. જે બુદ્ધિમાન હરિભક્ત છે તે જેમાં દુઃખભર્યું હોય, તેનાથી પોતે જાણી જોઈને જુદો રહે છે. ૩૮. જે બુદ્ધિમાન છે તે જેટલી શુભ વાત હોય છે તેને સમજી-વિચારીને સ્વીકારે છે, ૩૯. અને જેટલી અશુભ વાત હોય છે, તથા સત્પુરુષોએ જેનો નિષેધ કર્યો હોય છે, તેને બુદ્ધિમાન દૂરથી જ ત્યજી દે છે. ૪૦. **મનુષ્યમાં જેવી બુદ્ધિ હોય છે, તે તેની રુચિ ઉપરથી દેખાઈ આવે છે. જેના દિલમાં જેવો ભાવ હોય છે તે ક્યારેય છુપાવ્યો રહેતો નથી."** ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ બોચાસણ આવ્યા અને સંતો તથા સત્સંગનો મહિમા કહ્યો" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૬

શ્રીહરિ બોચાસણમાં જમી, એક રાત રહીને દેવાણ ગામ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સંતોના પ્રત્યે કહ્યું કે, "જે સર્વોપરિ સુખ છે તે તો સંતમાં રહ્યું છે, પણ તે સમજવું ઘણું કઠણ છે. ૨. **સંત સર્વોપરિ છે. કેમ જે, બીજું કોઈ સુખ ક્યારેય સંત સમાન દેખાતું નથી. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં પણ જિંદગીભર એવી ને એવી સમજણ રહે, પણ ક્યારેય તે સમજણ જેની ફરે જ નહિ; એવા જે સંત હોય તે સંતોમાં સર્વ શ્રેષ્ઠ છે.** ૩-૪. નામસ્મરણ, સદાચારમય ધર્મ અને ઉપાસનાએ કરીને બધા સંતો એકસરખા છે. તે સંતોને જમાડવા તથા પૂજવામાં હરિભક્તોને એકસરખો ભાવ હોય છે. સંતોને ન જમાડો, ન પૂજો તેણે કરીને સંતોની મોટાઈમાં કાંઈ ન્યૂનતા આવતી નથી. પણ સંતોને જે જમાડે છે, પૂજે છે તે હરિભક્તોનાં ધન્યભાગ્ય કહેવાય છે. ૫-૬. ભગવાન અને સંતોને માટે જે હરિભક્તો જેટલું ભાવથી કરે છે, તેને તેટલાં સહુ મોટાં ભાગ્યશાળી માને છે.

❋ જેને પ્રગટનો નિશ્ચય થાય તેના ગુણ સહુ ગાય :

સંતોની એવી સમજણ હોય છે, તેથી કોઈ અનુકૂળ કે પ્રતિકૂળ સમય આવે, તેમાં સંતોના મનમાં કોઈ જાતનો સંતાપ થતો નથી, ઊલટાનું તેમનું મન તો હંમેશાં ખુશી ખુશી રહે છે. કેમ જે, સાચા સંત તો સાગરના સમાન એકસરખી રીતિવાળા હોય છે, કહેતાં છલકાઈ જતા કે સુકાઈ જતા નથી. ૭-૮. **તેથી સંત અને સાગરને એક રીતના કહ્યા છે. અને સંતોનું હૃદય તો માખણના જેવું કોમળ હોય છે. સંતમાં સંતોના નિષ્કામપણું આદિક મુખ્ય ગુણો રહ્યા છે.** ૯. પ્રગટ શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય સંતોમાં કરોડો સૂર્યના સમાન પ્રતાપી રહ્યો છે. સંતો ભગવાનના વચનમાં જ સુખ માને છે, અને તે સિવાય બીજી વાતમાં દુઃખ માને છે. ૧૦.

આવા સંતો આ બ્રહ્માંડમાં અત્યંત દુર્લભ હોય છે. અને જે પોતે સંત હોવા છતાં પણ વર્તનમાં કપટ રાખે, કોઈ સંતની મર્યાદા ન રાખે,

અને સંતોને નિત્ય નમસ્કાર કરવા જોઈએ તે નિયમ પણ હંમેશાં ન રાખે, પોતાની ખુશીમાં આવે તેને તો નમસ્કાર કરે, પણ કદી કોઈકને નમે કે ન નમે. ૧૧-૧૨. આ સત્સંગમાં સંતોનાં દર્શન તો ઘણા દુર્લભ છે. કથા, કીર્તનના નિયમો પણ ઘણા દુર્લભ છે, છતાં તેને રાખે નહીં. ૧૩. આ બધું તેનાં આચરણમાં દેખાઈ આવે છે. જે વર્તન છે તે તો અંતર્યામી કરતાં પણ અધિક સ્પષ્ટતા કરે છે." ૧૪.

શ્રીહરિ જ્યારે આવી વાતો કરતા હતા, ત્યારે રસોઈ તૈયાર થઈ. બહાર ફળિયું સ્વચ્છ કરાવ્યું, અને તેમાં સંતોની પંગત કરાવી. ૧૫. પછી તરત જ શ્રીહરિ સંતોને લાડુ પીરસવા માટે આવ્યા. સૂર્ય અસ્ત થઈ ગયો ત્યારે મશાલ કરવાનો સમય થયો હતો. ૧૬. કાશીદાસભાઈની રસોઈ હતી. શ્રીહરિને તેમના ઉપર બહુ હેત હતું, અને કાશીદાસભાઈને પણ શ્રીહરિના ઉપર ઘણું અચળ હેત હતું. ૧૭. **કાશીદાસભાઈ પોતાના નેત્રની આગળ જ્યાં સુધી શ્રીહરિની મૂર્તિને દેખતા હોય, ત્યાં સુધી તેમાંથી સ્નેહનાં આંસુઓ ટપકતાં. તેથી તેનાં નેત્ર સતત ભીનાં ને ભીનાં જ રહેતાં હતાં.** ૧૮.

✻ સત્સંગમહિમા :

આ સત્સંગમાં આવાં અપાર હરિભક્ત બાઈ-ભાઈ છે. પૂર્વે ક્યારેય આવા ભક્ત થયા નથી. કારણ કે, આવો ભગવાનનો કોઈ અવતાર પણ થયો નથી. ૧૯. જે પૂરેપૂરા નિયમોમાં વર્તતા હોય, એવા સંતો પણ ક્યારેય થયા નથી. અત્યારે એવા સંતો આ સત્સંગમાં રહ્યા છે, પણ તે સત્સંગ કર્યા વિના ક્યારેય દેખાતું નથી. ૨૦. **જેટલી અલૌકિક બાબતો છે, તે સર્વે અત્યારે સત્સંગમાં વર્તે છે. સત્સંગમાં આવી અલૌકિક બાબતો રહી છે. તેને લીધે જ આ સત્સંગ પણ અલૌકિક છે. અત્યારે સત્સંગ કરોડો બ્રહ્માંડોમાં સહુથી પર અધિક રહ્યો છે; એવો અત્યારે સત્સંગ રહ્યો છે. સત્સંગના જેવું બીજું કાંઈ કહી શકાતું નથી.** ૨૧-૨૨. આવા સત્સંગના યોગે કરીને જીવને જન્મ-મરણ તથા લખચોરાશીનો રોગ ટળી જાય છે, અને જમપુરીનાં દુઃખનો નાશ થાય છે. ૨૩. આવો જે સત્સંગ રહ્યો છે, તેને જે લોકો સમજતા-ઓળખતા નથી, તેના જેવો કોઈ દુર્ભાગિયો નથી. પછી ભલે તે ગમે તેવો મોટો હોય. ૨૪.

સત્સંગ વગરના કોઈ બીજા લોકો ભલે મોટા કહેવાતા હોય, અને ચાહે તેમ ફૂલાતા હોય, તોપણ તે બધા કાળનું ચવાણું છે. ૨૫. સત્સંગી થયા પછી જે નિત્ય સત્સંગનો યોગ રાખે છે, તેને જેટલું સાચું અને ખોટું હોય છે તે દેખાઈ આવે છે. ૨૬. જે સત્ય-અસત્યને જ્યાં સુધી જાણતો નથી, ત્યાં સુધી તે સત્સંગી થયા છતાં પણ બાળબુદ્ધિ છે. ૨૭.

ગમે તેવો કોઈ ચતુર હોય, તોપણ કોઈ પણ બાબત અભ્યાસ કર્યા વિના સમજાતી નથી; આવું સમજીને જે મોટા મોટા સંતો અને મોટા મોટા હરિભક્તો હોય છે, તે સત્ય-અસત્યનો વિભાગ કરવાનો અભ્યાસ કરતા હોય છે. ૨૮-૨૯. જેટલી સત્ય વાત હોય છે તે બધી સત્સંગની વાત છે. સત્ય વાત અને સત્સંગ - બંને એકસમાન મળતાં આવે છે, તે રૂડી બુદ્ધિવાળા મનુષ્યને દેખાય છે. ૩૦. અસત્ય વાત અને કુસંગ, તે બંને એકબીજાને મળતાં આવે છે, છતાં પણ મનુષ્ય પોતાનો વ્યવહાર અટકી ન પડે, એટલી જ સત્ય વાત ગ્રહણ કરે છે. કેમ જે, **મનુષ્યને જેટલો વ્યવહારનો ખપ છે તેટલો મોક્ષનો ખપ હોતો નથી.** વ્યવહારનો ખપ મોક્ષમાં ક્યારેય સહાય કરતો નથી. ૩૧-૩૨. જે બાબત અંતકાળે આવીને સહાયરૂપ થાય તે જ બાબત આપણા માટે સર્વોપરિ કહેવાય. સત્સંગમાં સંતો, વર્ણી અને બાઈ-ભાઈ હરિભક્તો કહેવાય છે, તે બધાં રાત-દિવસ પોતાનાં અંતરમાં વારંવાર સદ્‌વિચાર કરે છે. સંતો, વર્ણી અને હરિભક્તોનાં બધાં જે શુભ લક્ષણ છે, તે આ રીતે સ્પષ્ટ કરીને કહ્યાં. ૩૩-૩૪. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ જમવા માટે ગયા. ૩૫.

શ્રીહરિ બોચાસણમાં રાત રહીને સવારે ચાલ્યા. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો, ત્યારે **દેવાણ** ગામ આવ્યા. જ્યારે ગામમાં સહુને ખબર પડી, ત્યારે ત્યાંના દરબારગઢમાં જે પાકી હરિભક્ત બાઈઓ હતી, તેમણે પણ શ્રીહરિ આવ્યા છે તેવું સાંભળ્યું. ૩૬-૩૭. તેથી તે બાઈઓના મનમાં મહા આનંદ વધ્યો, જે મુખથી કહી શકાતો નથી. તેમને આવો આનંદ ક્યારેય ઊભરાણો ન હતો. તેથી તેમના દિલમાં હરખ સમાતો ન હતો. ૩૮. તે

બાઈઓએ કિનખાબ અને જરિયાની રંગબેરંગી ઉલેચ પોતાના દરેક ઘરમાં બાંધી દીધા. ૩૯. અને ભવનના જેટલા માળ હતા, તે બધામાં બિલોરી કાચની હાંડીઓ બાંધી દીધી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ બોચાસણમાં જમી, એક રાત રહીને દેવાણ ગામ આવ્યા" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૭

શ્રીહરિ મહી નદીના કાંઠા ઉપર દેવાણ ગામ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. દેવાણ ગામમાં ઠાકોર બહાદુરસિંહ હતા, તે શ્રીહરિ આવ્યા છે તેમ સાંભળીને, પોતાની સવારી લઈ સન્મુખ ચાલ્યા. ડંકા, નિશાન અને બધાં વાજિંત્રો લઈને તે વખતે સન્મુખ ચાલ્યા. ૨-૩. શ્રીહરિની સમીપ આવીને ચરણમાં નમી પડ્યા. શ્રીહરિએ તેમને પ્રેમથી બોલાવ્યા, ત્યારે તે રાજા ખૂબ ખુશી થયા. ૪. દરબાર બહાદુરસિંહજીએ શ્રીહરિને ઘણા પ્રેમથી ફૂલના હાર પહેરાવ્યા, અને આગળ શ્રીફળ ધર્યું. તેઓ સંતોને દેખીને ખૂબ ખુશી થયા. ૫.

❋ પરોક્ષ કરતાં પ્રગટના યોગની કોટિગણી મહત્તા :

તેઓ દાદા ખાચરને મળ્યા, અને તેમને ઘણા ભાગ્યશાળી કહ્યા. તેઓ બોલ્યા કે, "આ ભૂમિ ઉપર મોટા મોટા રાજાઓ ગણ્યે પાર ન આવે તેટલા છે. ૬. આ શ્રીહરિ કોઈ રાજાને ઘેર એક દિવસ પણ ટક્યા નહિ, અને કેટલાય ચતુર ધનાઢ્યો હતા તેને ત્યાં પણ રહ્યા નહીં. તે સહુના કરતાં પણ તમારું અપાર ભાગ્ય દેખાય છે. ૭. તમારા જેવા કોઈ સારા હરિભક્તની પાછળ પાછળ અમારું પણ એટલું ભારે ભાગ્ય ઉદય થયું છે કે, જેનાથી

મને અત્યારે શ્રીહરિનાં દર્શન થયાં. ૮. હરિના લાડલા જેટલા પાર્ષદો છે તેમાંના કેટલાક સાથે છે, તેમના પણ શ્રીહરિનાં દર્શન ભેળાં આજ દર્શન થયાં. ૯. શ્રીહરિ, સંતો અને વર્ણી તે સહુના મને અત્યારે દર્શન થયાં. મારા મનમાં ઘણા દિવસની જે અભિલાષા હતી, તે શ્રીહરિએ આજે પૂરી કરી છે. ૧૦. **શ્રીહરિએ જ્યારે કૃપા કરી ત્યારે આ બધાનો યોગ ભેળો બની આવ્યો છે. પ્રગટ શ્રીહરિનો યોગ તો એક દિવસ જેટલો પણ ક્યારેય મળતો નથી.** ૧૧.

ધ્રુવે છ માસ સુધી જ્યારે તપ કર્યું, ત્યારે તેને ભગવાનનો યોગ એક ક્ષણવાર થયો હતો. છતાં તેની કીર્તિ આજે પણ કેટલીયે વ્યાપી ગયેલી છે. ભગવાનનાં દર્શન સમાન બીજું કાંઈ કહેવાતું નથી. ૧૨. **ધ્રુવને જે દર્શન થયાં હતાં, તે કરતાં તો અત્યારે જે દર્શન થયાં છે, તે કરોડગણા અધિક છે, તેનો કહ્યે પાર આવતો નથી."** ૧૩.

તે પછી રાજા શ્રીહરિને લઈને પોતાના પુરમાં ચાલ્યા. તે વખતે જેટલાં વાજિંત્રો હતાં તે ઉમંગભેર વાગી રહ્યાં હતાં. ૧૪. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, અને પોતાના અંગ ઉપર અમૂલ્ય શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. મૂર્તિ ફૂલોના હારથી ભરાયેલી હતી. મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું. લલાટમાં કુંકુમનો ચાંદલો હતો, અને હાથમાં મોતી ભરેલી છડી હતી. ૧૫-૧૬. શ્રીહરિએ એક હાથમાં રેશમી કોરનો રૂમાલ રાખ્યો હતો, અને તેમના અશ્વ ઉપર પણ બધો શણગાર સોનેરી હતો. અને તે બધો મોતીથી જડાઉં હતો. ૧૭. શ્રીહરિની આગળના ભાગમાં સહુ સંતો ચાલતા હતા, અને તેની આગળ વાજિંત્રો હતાં. છડીદાર સોનાની છડી લઈને 'જય જય.. જય જય..' એમ ઉચ્ચાર કરતા હતા. ૧૮.

આ રીતે જેટલી સવારી હતી, તેની સાથે શ્રીહરિ ગામમાં આવ્યા. ગામના જે બધા લોકો હતા, તે શ્રીહરિના આવવાના સમાચાર સાંભળીને બાઈઓ ભેળી બાઈઓ અને પુરુષો ભેળા પુરુષો, રાજબજારમાં ઊભાં હતાં. સહુએ ફૂલના હાર લીધા હતા અને મુખથી જયજયકાર કરતાં હતાં. ૧૯-૨૦. સહુ સારો અવસર જાણીને શ્રીહરિને ફૂલના હાર પહેરાવતા હતા.

બજાર સ્વચ્છ કરીને તેમાં પાણી છંટાવ્યું હતું. કદલી સ્થંભ રોપાવ્યા હતા. તેમાં કેટલીક ફળવાળી હતી, અને કેટલીક કેળ તો ડોડાવાળી શોભતી હતી. કેટલાંક ફૂલઝાડ પણ રોપ્યાં હતાં. માનો બજારમાં બગીચાની બધી શોભા બની આવી હતી. ૨૧-૨૨.

શ્રીહરિ આવવાના છે તેમ જ્યારે સાંભળ્યું, ત્યારે વેપારીઓએ જેટલી દુકાનો હતી, તેને પણ સુંદર રીતે શણગારી હતી. સંતો ઘણા પ્રેમથી ગરબીનાં પદ ગાતાં હતાં. ૨૩. શ્રીહરિની સાથે રહેલા પાર્ષદો તે વખતે બંદૂકના અવાજ કરતા હતા. તે સમયે મહાન ઉત્સવ થઈ રહ્યો હતો, અને ગુલાલ પણ ઊડતો હતો. ૨૪. આ રીતે શ્રીહરિ રાજદરબારમાં આવ્યા. તેથી ગામના હરિભક્તોને પણ ઘણું જ હેત વધ્યું હતું. ૨૫. રાજદરબારમાં સારા ભવનમાં પ્રેમભાવથી શ્રીહરિવરને ઉતારો આપ્યો. કારણ કે, રાજાને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું. ગામથી બહાર એક ખેતરમાં કૂવો હતો, ત્યાં સંતો તથા વર્ણી વગેરે જઈને ઊતર્યા. ૨૬-૨૭.

રાજા ઘણા બુદ્ધિમાન હતા. તેમણે રસોઈનો બધો સામાન પહોંચાડ્યો, અને શ્રીહરિને માટે વિવિધ પ્રકારની રસોઈ કરાવી. તેમાં ઘણા પ્રેમથી દૂધપાક, પૂરી, લાડુ, સાકરનો શીરો, ભજિયાં, વડાં, શાક વગેરે કરાવ્યું. ૨૮-૨૯. અને રસદાર રાઈતું કરાવ્યું. નંદરામજી અને ગોપાળજીએ તત્કાળ શ્રીહરિને માટે રસોઈ કરી. પછી તરત શ્રીહરિ ત્યાં જમવા આવ્યા. ૩૦. જ્યારે શ્રીહરિ જમી રહ્યા, ત્યારે તે પ્રસાદીનો થાળ વિચક્ષણ રાજાએ યોગ્ય સમય આવ્યો છે, તેમ જાણીને સામેથી માગી લીધો. ૩૧. તે રાજાનો પ્રેમભાવ જોઈને શ્રીહરિએ પ્રસાદીનો થાળ અપાવડાવ્યો. રાજાએ પણ અપાર આદરભાવથી થાળ લઈ લીધો. ૩૨. પોતાના ઘરમાં જેટલી હરિભક્ત બાઈઓ હતી, તે સહુને થાળની પ્રસાદી આપી. પછી પોતે તે પ્રસાદી જમ્યા, અને તેનાથી પોતાને ખૂબ જ કૃતાર્થ માન્યા. ૩૩.

પોતાના જેટલા ઓરડા હતા, તે બધામાં શ્રીહરિનાં પગલાં કરાવ્યાં. પછી શ્રીહરિને હિંડોળા ખાટ ઉપર બેસાડ્યા. ૩૪. ખૂબ જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરી, અને થાળ ભરીને રૂપિયા આગળ ધર્યા. પછી સંતો

અને વર્ણી વગેરે સહુની પણ પૂજા કરી. ૩૫. પૂજા થયા પછી જેટલા સંતો અને વર્ણી હતા, તે જ્યાં કંસારની રસોઈ થઈ હતી ત્યાં આવીને જમ્યા. ૩૬. દેવાણ ગામ મહી નદીને ઉત્તર કાંઠે છે. તે નદીના ઊંચા કાંઠા પર દરબારગઢ હતો. ૩૭. જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે સમુદ્રમાં ભરતી આવી, અને નદીના બંને કાંઠામાં પાણી ઘૂઘવવા લાગ્યું. ૩૮. પાણીનું જે પૂર આવ્યું, તેને ત્યાં જઈને શ્રીહરિએ દેખ્યું. અને મનમાં ખુશી થયા, તેમજ જોઈને આશ્ચર્ય પામ્યા. ૩૯. બે ઘડી સુધી તે પાણી જોઈને પાછા ઉતારે આવ્યા. પછી પલંગ ઉપર શ્રીહરિ પોઢી ગયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ મહી નદીના કાંઠા ઉપર દેવાણ ગામ આવ્યા" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૮

શ્રીહરિ દેવાણથી મહી નદી ઊતર્યા અને બહેનો વગેરેએ દર્શન કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે મહી નદીમાં પાણી ઊતર્યું. તે વખતે શ્રીહરિ તથા સંતો તૈયાર થઈને ચાલ્યા. ૨. ત્યારે ત્યાંના રાજા બહાદુરસિંહ શ્રીહરિને વળાવવા માટે નદીના કિનારા સુધી આવ્યા. પછી ત્યાં શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૩. શ્રીહરિ ત્યાંથી જ મહી નદી ઊતરીને સામે કિનારે ગયા. રાજા તો સ્થિર થઈને ત્યાંના ત્યાં જ ઊભા રહ્યા. ૪. જ્યાં સુધી શ્રીહરિનાં દર્શન થયાં, ત્યાં સુધી ઘણા ભાવથી રાજા ઊભા રહ્યા. પછી પોતાના ગામમાં આવ્યા. ૫.

દરબારગઢમાં જે બાઈઓ હતી, તે શ્રીહરિનાં દર્શન કરવાં માટે મહી નદીના કિનારા ઉપર રહેલા તેમના ભવનની અગાશી હતી, ૬. તેના ઉપર આવીને બધી બહેનો બેઠી. અને જ્યાં સુધી શ્રીહરિ દેખાયા ત્યાં સુધી દર્શન

કર્યાં. જ્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા, ત્યારે મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કર્યું હતું, તે એંધાણથી 'આ શ્રીહરિ છે' એમ જાણી તે બાઈઓ દેખતી રહી. અને શ્રીહરિની પ્રશંસા કરતી હતી કે, અંતર્યામી શ્રીહરિ મનમાં ખૂબ દયા લાવીને આપણને અણધાર્યાં દર્શન દેવાં માટે પધાર્યા. કૃપાળુએ આપણા ઉપર ઘણી કૃપા કરી, અને બે પહોર સુધી એવું સુખ આપ્યું કે, આ સુખ તો કરોડો કલ્પ સુધી ન ભુલાય તેવું છે. ૭-૯.

શ્રીહરિમાં એવું સુખ રહ્યું છે કે, તેના જેવું સુખ કોઈ બ્રહ્માંડમાં ક્યાંય મળતું જ નથી. તે શ્રીહરિના સુખને ભૂલીને જીવ જેટલો બીજા સુખમાં જાય છે, તેના સમાન બીજો કોઈ અધમ નથી; એમ જેટલા ભક્તજનો છે તે કહે છે. આ ભગવાન શ્રીહરિનો જેને નિરંતર યોગ રહેતો હોય તેના સદ્‌ભાગ્યને તો કોણ કહી શકે ? દેશોદેશ મનુષ્યોથી ભર્યા છે. અરે ! અપાર બ્રહ્માંડ માણસોથી ભરેલા છે. તેમાં બુદ્ધિમાન લોકો પણ અપાર હોય છે, ૧૦-૧૨. છતાં તે લોકો જે રીતે વારંવાર જન્મ અને મરણ થાય, એવા જ કામ-ધંધાઓને વારંવાર ચોક્કસ કરતા રહે છે. તેથી જ તેમને જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ થાય છે, છતાં તે ગમાર લોકો એવા માર્ગે જ બુદ્ધિને ચલાવે છે. ૧૩-૧૪.

सोरठा : बुद्धि पाये अपार, मोक्ष मग के जिहाँ लग हि;
करत हि नहीं विचार, बुद्धि पाये न पाये यह...१५
मोक्ष के मग हि देख, चलत रहे जितने जेहि;
बुद्धिवंत हि अलेख, कहावत हे भोमि पर हि...१६

બુદ્ધિ અપાર મળી હોય, પણ જ્યાં સુધી મોક્ષના માર્ગનો વિચાર નથી કરતા, ત્યાં સુધી તેને મળેલી બુદ્ધિ ન મળ્યા બરાબર છે. ૧૫. મોક્ષના માર્ગને જોઈ-વિચારીને જે જેટલા ચાલે છે, તે જ દુનિયામાં અપાર બુદ્ધિમાન કહેવાય છે. ૧૬.

※ સાચા, શ્રદ્ધાવાન તથા દંભી ભક્તની વિગત :

જ્યાં સુધી તે દરબારના પરિવારની સ્ત્રીઓને શ્રીહરિનાં દર્શન થતાં રહ્યાં, ત્યાં સુધી તે બધી આવી વાતો કરતી હતી, અને કહેતી હતી કે,

'ભગવાન સિવાયની જેટલી બુદ્ધિ હોય છે તે બધી મિથ્યા કહેવાય છે.' ૧૭. જે ભક્ત રાત-દિવસ ભગવાન શ્રીહરિની સમીપમાં રહે, શ્રીહરિની સેવામાં જ મતિ રાખે, અને ભગવાનના ભક્તની સેવા કરવામાં અલભ્ય લાભ માને તથા **શ્રદ્ધાએ સહિત સેવા કરે, તે ભક્ત જ સર્વોપરિ દેખાય છે. જે ભક્ત શ્રદ્ધા અને માહાત્મ્યમાં જેટલા અધૂરા હોય, તે ભક્ત તેટલા ન્યૂન કહેવાય છે.** જે દંભી હોય છે તેવા લોકો, સાચા ભક્ત કરતાં પણ રાત-દિવસ અધિક જ્ઞાન અને ધ્યાનમાં રહેતા હોય છે. જે સાચા ભક્ત છે તેને સાચી વાત ઉપર તાન રહે છે. ૧૮-૨૦. સાચા ભક્તોના મૂળને ઉખેડવા માટે દંભી લોકોને અંતરમાં તાન રહે છે, પણ સાચા ભક્ત તો કલ્પવૃક્ષ જેવા હોય છે, અને તેના મૂળ ઘણાં ઊંડાં હોય છે. ૨૧. પરંતુ જે દંભી લોકો સાચા ભક્તના મૂળ કાપવા ચાહે છે, તેનાથી તેના જ મૂળ કપાઈ જાય છે. તેવા દંભી લોકો પરસ્પર એકબીજાનાં વખાણ કરે છે કે, 'આના સમાન બીજો કોઈ ભક્ત નથી.' ૨૨.

વળી, જે સાચા ભક્ત હોય છે તે દંભીને આચરણે કરીને પારખી લે છે, તેમાં કાંઈ વાર લાગતી નથી. સાચા ભક્ત છે તે, જેમાં જેવો ગુણ હોય તેવો તેની સાથે વ્યવહાર રાખે છે. હંસ અને બગલા ક્યારેય છૂપા રહેતા નથી. આ વખતે સત્સંગમાં અપાર વિવેક વર્તતો રહે છે.' ૨૩-૨૪. શ્રીહરિ જ્યાં સુધી દેખાયા ત્યાં સુધી તે રાજદરબારની બાઈઓએ વાતો કરી. પછી જ્યારે શ્રીહરિ દેખાતા બંધ થયા ત્યારે તે મૌન થઈ ગઈ. ૨૫. પછી તેમણે શ્રીહરિના તરફ નમસ્કાર કરીને કહ્યું, "હે ભક્તપતિ ! આપ અમારી વિનંતિને સાંભળો કે અમને ફરીવાર દર્શન આપજો." ૨૬. આમ કહીને તે બધી બાઈઓ પોતાના ભવનમાં ગઈ. હવે શ્રીહરિની જેવી વાત બની છે તે કહું છું. ૨૭.

✵ મરજીની મહત્તા :

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, અને ચાલુ રસ્તામાં જ વચ્ચે સંતોની સાથે વાતો કરતાં કહ્યું કે, 'તમે કોને પૂછીને અમારી સાથે આવો છો ?' ૨૮.

ત્યારે સંતો બોલ્યા કે, 'અમને કોઈએ કહ્યું નથી. હવે આપની જે રીતની મરજી હોય તેમ કહો, અમે તે પ્રમાણે જ અમે કરશું. ૨૯.

चोपाई :

तुमारि मरजि रहाये तामें, सब बात मानत हम यामें;
मरजि बिन जितनि करना बाता, तामें सुख न कबहु रहाता...३०
हम संत रहाये जो ताके, यह सिद्धांत रहत भये वाके;
हमारे हित करन तुम आये, कोउ दिन कुहित नहि कराये...३१

કારણ કે, આપની જેમ મરજી હોય તેમ રહેવામાં બધી વાત આવી જાય છે, એમ અમે માનીએ છીએ. આપની મરજી વગર જે કાંઈ બાબત કરાય તેમાં ક્યારેય સુખ રહેતું નથી. ૩૦. અમે જે કોઈ સંતો છીએ એમનો આ એક સિદ્ધાંત છે. અમારું હિત કરવા માટે જ આપ પધાર્યા છો, માટે અમારું ક્યારેય અહિત નહિ કરો; આવો અમને આપનો પૂરો વિશ્વાસ છે, તેમાં કાંઈ ખોટું કહેતા નથી.'

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'અમે જેટલાને કહીએ તેટલાએ જ અમારી સાથે આવવું. ૩૧-૩૨. અમે જે સંતનું નામ લઈએ, તે બધા સંતો આગળ ચાલો. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી અને ભજનાનંદ સ્વામી તથા જેટલા ભણનારા સંતો હોય તે બધા અમારી સાથે ચાલો, એમ અમે કહીએ છીએ. વળી, જે ગવૈયા સંતો હોય તે પણ ચાલો. અમે જેટલા સંતોને કહ્યું છે તે બધા મંડળે સહિત સુરત ચાલો. ૩૩-૩૫. તે સિવાયના જે સંતો છે તે બધાને જ્યારે અમે બોલાવીએ ત્યારે આવવું. તમે સહુ મહી નદીના આસપાસના ગામોમાં ફરો, અને સત્સંગની વાતો કરો. ૩૬. સત્સંગના જેવી બીજી કોઈ વાત નથી. સત્સંગની વાત સર્વોપરિ રહી છે. તમારા યોગે કરીને જ આ સત્સંગ રહે છે. યોગ વિના હરિભક્તોનો સત્સંગ રહે નહીં. ૩૭. સત્સંગની વાત સિવાય જીવનું હિત કરવા માટે બીજી કોઈ વાત આ બ્રહ્માંડમાં હોય તેમ કહી શકાતું નથી.' ૩૮. પછી શ્રીહરિએ જેટલા સંતોને કહ્યું તે બધા સંતો તેમની સાથે ચાલતા થયા. અને

બીજા જે સંતો હતા તે રોકાઈ ગયા. ૩૯. ત્યાં બે કોશ જેટલો મહી નદીનો પટ હતો. જ્યારે તેમાંથી શ્રીહરિ બહાર આવ્યા ત્યારે ત્યાં સામેના સારદ ગામના હરિભક્તો સામે આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ દેવાણથી મહી નદી ઊતર્યા અને બહેનો વગેરેએ દર્શન કર્યાં" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૯

શ્રીહરિ સુરત જતાં આમોદ આવ્યા અને લક્ષ્મીરામ ભટ્ટની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સારદ ગામના રેવાભાઈ નામે એક ગરાસિયા પાકા હરિભક્ત હતા. ૨. તેમણે શ્રીહરિને કહ્યું કે, "મહારાજ, અમે આપને બોલાવવા આવ્યા છીએ. અમારા ગામમાં આપ રાત રોકાઓ અને રસોઈ જમીને પછી આગળ ચાલો." ૩. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે, "અમને આ મુનિબાવા લઈ જઈ રહ્યા છે. તે જો અત્યારે કહે તો અમે આવીએ. માટે તેમને પૂછો." ૪. ત્યારે તેમણે મુનિબાવા પાસે જઈને પૂછ્યું, "જો આપ કહો તો મહારાજ અમારે ગામ જરૂર આવે. એમાં રંચમાત્ર ખોટું નથી." ૫.

ત્યારે મુનિબાવાએ કહ્યું કે, "શ્રીહરિ તમારે ગામ આવે, પણ પાછા જતા રહેવા જોઈએ નહીં. અમારી સાથે આગળ આવે તે માટે કોઈ જામીન આપો. પછી તમારે ગામ આવે એમાં અમે બહુ ખુશ છીએ." ૬. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "અમે તો હંમેશાં અમારી મરજીમાં આવે તેમ કરીએ છીએ. માટે હવે એમ કરો, સુરત જઈને જ્યારે પાછા આવીએ ત્યારે સારદ ગામ આવશું." ૭.

આમ કહીને શ્રીહરિ ચાલતા થયા, અને **કારેલી** ગામ આવ્યા. ત્યાં સરોવરની પાળે અવેડા પાસે રાત રોકાયા. ભક્તજનોના ચિત્તને ચોરનારા

શ્રીહરિએ ત્યારે તે અવેડાથી ઉત્તર તરફ મુકામ કર્યો હતો. ત્યાં અમથાભાઈ નામે પાટીદાર હરિભક્ત ઘણા પ્રેમી હતા. ૮-૯. તેઓને શ્રીહરિ અને સંતોની સેવામાં બહુ જ ભાવ રહ્યો હતો. તેઓ જેટલી સેવા કરતા તેમાં તેમના દિલમાં સાચો ભાવ હતો. ૧૦. શ્રીહરિ જે રીતે પ્રસન્ન થાય, તેવો તેમનો પ્રેમ હતો. પછી જ્યારે રાત એક પહોર ગઈ, ત્યારે મોકા ખાચરને વીંછીએ ડંખ માર્યો. હાથની આંગળીએ ડંખ લાગ્યો હોવાથી, તેને જ્યારે બહુ જ પીડા થવા લાગી ત્યારે તે શ્રીહરિની પાસે આવ્યા. ૧૧-૧૨. શ્રીહરિએ ખાંડ અને ઘી મંગાવીને તેમને પાયાં. તેમજ સાબુ અને અફીણનું તેલ ડંખ ઉપર લગાડ્યું. ૧૩.

જ્યારે રાત પાછલી એક પહોર રહી ત્યારે પીડા મટી ગઈ. પછી ત્યાંથી તૈયાર થઈને સહુ ચાલ્યા. જ્યારે એક કોશ જેટલું ચાલ્યા, ત્યારે શ્રીહરિની મરજી જોઈને મહાનુભાવાનંદ સ્વામીએ શ્રીહરિને બે હાથ જોડ્યા અને બોલ્યા, “મહારાજ ! જે સમૈયા થાય છે તે સંતોથી શોભે છે. સંતો વિના ક્યારેય સમૈયો શોભે તેમ દેખાતું નથી.” ૧૪-૧૬. ત્યારે શ્રીહરિ બોલ્યા, “તે તો હું જાણું જ છું, પણ અમે જ્યારે સંતોને રજા દીધી ત્યારે મુનિબાવા જો બોલ્યા હોત તો સંતોને રાખત. અને આ મોટા સદ્‌ગુરુઓ પણ કાંઈ બોલ્યા નહીં. ખરેખર તો મોટા સદ્‌ગુરુઓની પાસે બોલાવવા માટે જ અમે સંતોને રજા આપી હતી.” ત્યારે તે સદ્‌ગુરુઓએ કહ્યું, “મહારાજ ! અમારે એટલી ભૂલ પડી. અમારાથી તે સંતોનો અપરાધ થયો.” ૧૭-૧૮. “સંતોના ઉપર મુનિબાવાને જેવું હેત છે તે પણ દેખાયું ખરું.”

* મોટાના અંતરના અભિપ્રાય મોટા જ જાણે :

એમ જ્યારે શ્રીહરિએ કહ્યું ત્યારે મુનિબાવા બોલ્યા, **“મહારાજ ! મોટા આગળ બોલવામાં તો બહુ વિચાર કરવો પડે છે. જ્યારે મોટાની મરજી જોઈને બોલવામાં આવે, ત્યારે તે વચન મંજૂર થાય.** ૧૯-૨૦. **મોટાનો જે અભિપ્રાય છે તેને જે મોટા હોય તે જ યથાર્થ જાણતા હોય છે. મને તો મોટાનો વિશ્વાસ હતો કે, તેઓ બોલશે. એટલે આપના ડરથી હું કાંઈ બોલ્યો નથી.** ૨૧. આપે સંતોને રજા આપી તે મારા મનમાં ગમ્યું નહિ,

પણ આપની મરજી વિના હું બોલી શક્યો નહીં. હું પણ સંતો વિના ખુશ નથી, પણ બોલવામાં કાંઈક બીજું થઈ જાય તો ?" ૨૨.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "સંતો વિના તો આજ મને ક્ષણવાર પણ ઊંઘ નથી આવી. માટે કોઈ સંતોને બોલાવવા માટે જાય. અમે તેને અત્યારે જ આવવાનું કહીએ." ૨૩. ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ બીજા સંતોને કહ્યું કે, "મહારાજ કહે છે કે, કોઈ સંત જઈને સંતોને બોલાવો. ૨૪. અને તેમને કહેજો કે, જે દસ ગાઉ ચાલી શકે એવા હોય તેટલા જ સીધા સુરત આવે. સંતોએ અમારું વચન માન્યું, તેથી અમે ઘણા પ્રસન્ન થયા છીએ." ૨૫. ત્યારે આચારી માધવદાસ સ્વામી બોલ્યા, "જ્યાં સંતો હોય ત્યાં હું તેમને બોલાવવા જાઉં છું." કેમ જે, તેમને સંતોના ઉપર બહુ હેત હતું. ૨૬.

ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ તેમને કહ્યું કે, "તમે જાઓ, મહાન સુખના મૂળરૂપ શ્રીહરિનાં ચરણારવિંદ હું તમને અપાવીશ." ૨૭. પછી માધવદાસજી સ્વામી તરત પાછા વળ્યા, અને સંતો પાસે જઈને સમાચાર આપ્યા. તે સાંભળીને બધા સંતો આવીને શ્રીહરિની ભેળા થયા. ૨૮. એક પહોર દિવસ જ્યારે ચડ્યો ત્યારે સહુ સંતોએ સહિત શ્રીહરિ **આમોદ** ગામ આવ્યા. ગામમાં જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા, અને તેઓ દર્શન કરીને પરમ સુખ પામ્યા. ત્યાં કેવડાનો બાગ હતો, તેમાં સવારીની સાથે શ્રીહરિ બે ઘડી સુધી રોકાયા. સહુ હરિભક્તોને દર્શન દીધાં.

આમોદમાં એક દીનાનાથ નામે વિપ્ર પંડિત વ્યાસ મુનિના જેવા કવિ રહેતા હતા. ૨૯-૩૧. આ દુનિયામાં જેટલાં શાસ્ત્ર કહેવાય છે, એમાં તે ઘણા પ્રવીણ હતા. તેમના મોટાભાઈ લક્ષ્મીરામ હતા. તેઓ ઘણા કોમળ સ્વભાવના હતા. ૩૨. તેમને દિનાનાથ ભટ્ટથી પહેલાં સત્સંગ થયો હતો, અને તે ભાગવત ભણેલા હતા. સં.૧૮૬૪ના વરસના આરંભમાં શ્રીહરિ જ્યારે સંતો સાથે માંડવી બંદરમાં હતા, ત્યારે જેમાં વેદો અને પુરાણોનો સાર રહ્યો છે; એવા શ્રીમદ્‌ભાગવત પુરાણને, લક્ષ્મીરામભાઈના મુખેથી

સાંભળવાનો આરંભ કર્યો હતો. ૩૩-૩૪. જે કોઈ પણ વાત હોય તે બધી ભાગવતમાં રહી છે. કોઈ વાત ભાગવતથી બહાર નથી. માટે તેનું નામ કલ્પતરુ આવું રાખ્યું છે. તે તો મોક્ષરૂપી રસનું ભરેલું પાત્ર છે. ૩૫. જે મોક્ષભાગી જીવ હોય, તે જિંદગીભર તે રસનું પાન કરે છે. આ ભૂમિ ઉપર ભગવાને જેટલા અવતારો વારંવાર ધર્યા છે, અને તેમણે જે જે ચરિત્ર કર્યાં છે, તે બધાં તેમાં સાક્ષાત્ લખીને વ્યાસ મુનિએ પ્રગટ દેખાડી દીધાં છે. કારણ કે, તેઓ ત્રિકાળ જ્ઞાની હતા. ૩૬-૩૭.

❋ ભગવાનની વાતમાં પ્રેમ થાય તો મોક્ષ પમાય :

જે ત્રિકાળ જ્ઞાની થયા હોય, તેને કોઈ પણ વાત અગમ્ય રહેતી નથી. અને જેટલી અગમ્ય રહી હોય એવું લાગતું હોય, તે જીવોનો ઉદ્ધાર કરવા માટે હોય છે. ૩૮.

सोरठा : हरि की बात जो जेति, तरन के रहे नाव तेहि;
तामें प्रिति यह तेति, तितना करत सहाय यह...३९
भगवान के जेते, कीर्तन कथा बात जेऊ;
प्रिति कर सुनत तेते, प्रिति कर होत मोक्ष तेहि...४०

ભગવાનની જેટલી કાંઈ બાબતો છે, તે બધી જીવને તારવા માટેનું વહાણ છે. માટે ભગવાનની વાતો તો, જેને જેટલો તેમાં પ્રેમ હોય તેને તેટલી મદદ કરે છે. ૩૯. જે ભગવાનનાં કીર્તન, કથા અને વાતોને પ્રેમથી સાંભળે છે, તેનો તે પ્રેમને કારણે મોક્ષ થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ સુરત જતાં આમોદ આવ્યા અને લક્ષ્મીરામ ભટ્ટની વાત કહી" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૦

આમોદના દીનાનાથ ભટ્ટની સમજણની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સહુ સંતોની સાથે માંડવી ગામમાં લક્ષ્મીરામ વિપ્રની પાસે એક માસ સુધી કથા સાંભળી હતી. પછી બે-ત્રણ વર્ષ ગયા, ત્યારે તે કથાના વક્તા લક્ષ્મીરામ વિપ્ર સત્સંગી થયા હતા.

અને તેના પછી બે-ત્રણ વર્ષે દીનાનાથ ભટ્ટને મુક્તાનંદ સ્વામીનો જ્યારે જોગ થયો, ત્યારે તે સત્સંગી થયા હતા. દીનાનાથ ભટ્ટે શ્રીજીમહારાજની સ્તુતિનાં અષ્ટકો કર્યાં છે. ૨-૪. તે અષ્ટકોમાં જેવું શ્રીહરિનું મહત્ત્વ છે, તે બધું યથાર્થરૂપમાં તેમણે કહ્યું હતું. પણ ભટ્ટજીના અંતરમાં આ શ્રીહરિ ભગવાન હશે કે નહિ હોય ? એમ ડગમગાટ રહ્યા કરતો હતો. ૫. પછી કોઈ આવીને ભટ્ટજીને પૂછતા કે, સ્વામિનારાયણ કેવા છે ? તમે જે વાત જાણતા હો તે કહો. તમારો અમને પૂરો વિશ્વાસ છે. ૬. જે સત્સંગી થાય છે તેને વિપ્રોનો ભાર-મહિમા રહેતો નથી, આટલો ભટ્ટજીને ડર રહેતો હતો. તેથી ભટ્ટજી જેવી વાત હોય તેવી યથાર્થરૂપમાં તે પૂછનારાને કહેતા નહીં; એટલું ભટ્ટજીને સ્વનાતનું વળગણ હતું. ૭. જે હરિભક્ત થાય છે, તે અધર્મને માર્ગે ચાલતા નથી. હરિભક્તો અધર્મમાર્ગમાં અપાર દુઃખ માને છે ૮. તેઓ જમપુરી અને લખચોરાશીના દુઃખને પણ સાચું માને છે. ૯.

જે અધર્મને માર્ગે ચાલતા નથી, તેનો જગતમાં સર્વોપરિ યશ થાય છે. બીજા મતમાં જે ગુરુ કરવામાં આવે છે, તેને કોઈ જાતનો બાધ હોતો નથી. ૧૦. કેમ જે, ગુરુનું વર્તન કેવું હોય ? તેની કોઈ શિષ્યને ગમ પણ હોતી નથી. શાસ્ત્રમાં ગુરુ અને શિષ્યના વર્તનની રીત તો કહી છે. ૧૧. જે વ્યાસમુનિના શાસ્ત્રને પ્રમાણરૂપ રાખે છે, તેવા ગુરુ અને શિષ્ય સત્ય કહેવાય છે. પણ પવિત્ર વર્તન વગરના જે ગુરુ અને શિષ્ય હોય છે, તેઓ તો એકબીજાને ઠગતા હોય છે. ૧૨. જે શાસ્ત્રનાં સત્ય વચન ઉપર ચાલે છે તે ગુરુ સત્ય છે, અને તે ગુરુ સાચા શિષ્ય જે હોય તેનું વર્તન કહેતા

રહે છે. ૧૩. વળી, જે સત્ય વચન ઉપર ચાલે છે તે રાજા સત્ય છે. પ્રજા જેટલી સત્ય વચનમાં ચાલે તેટલી તે પ્રજા પણ સત્ય છે. સત્યને સમજવાથી જે સત્ય વર્તન હોય છે તે દેખાય છે. અને અસત્યે કરીને તો અસત્ય માર્ગ જ દેખાય છે. ૧૪-૧૫. ગુરુ થઈને જે પોતાના શિષ્યની પત્નીને તેનો મોક્ષ કરવાના બહાને ભોગવે છે, અને ગુરુ થઈને શિષ્યની પત્નીનો અંગસંગ કરે, છતાં તેમાં જે કોઈ જાતનો ભય નથી માનતા; એવા અધર્મી ગુરુ અને શિષ્યો બન્ને, તે પાપમાં અતિશય ઉત્સાહી રહેતા હોય છે. ૧૬-૧૭. જે સાચી વાતને સમજતા હોય છે, તે લોકો કામી ગુરુનો ત્યાગ કરી દે છે. જેટલા કામી ગુરુને માને છે, તેવા તેના શિષ્યો પણ કામી જ હોય છે. ૧૮. જેવા ગુરુ અને શિષ્ય હોય છે, તે તેના આચરણમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. કામી ગુરુ પોતાના શિષ્યે સહિત ચોક્કસ ઘોર નરકમાં પડે છે. ૧૯.

અત્યારે અહીંયાં કોઈ ગમે તેમ વર્તે, પણ આવો ને આવો અવસર કાયમ રહેતો નથી. પછીથી જે દુઃખ આવશે તે ટાળ્યું ટળશે નહીં, પણ લોકો તેનો અત્યારે વિચાર કરતા નથી. ૨૦. **વર્તમાન જીવનમાં જેવું આચરણ કરે છે, તેવું તે સુખ અને દુઃખ પામે છે.** જેટલા વિષયી મનુષ્યો છે તેઓ શાસ્ત્રનો ડર રાખતા નથી. ૨૧. જે કોઈ શાસ્ત્રનો ડર રાખે તે લોકો જ મનુષ્યમાં ગણાય છે, અને જે મનુષ્યની રીતે નથી ચાલતા, તે તો ગધેડાં, કૂતરાં અને ભૂંડમાં ગણાય છે. ૨૨. તે લોકોને શાસ્ત્ર તો વારંવાર કહે છે, પણ નકટા માણસને લાજ આવતી નથી. અત્યારે સ્વામિનારાયણ શાસ્ત્રનાં વચન પ્રમાણે ચાલે છે. ૨૩. **જે કોઈ શાસ્ત્રનાં વચન પ્રમાણે જેટલું ચાલે છે, તેટલી તેની મોટપ કહેવાય છે. અને તેવી ખરી મોટપના જેટલા માર્ગ છે, તેમાં સ્વામિનારાયણ ચાલી રહ્યા છે.** ૨૪. જે મોટપને માર્ગે ચાલે છે તેને અપાર મોટપ મળે છે.

અને જે કુમાર્ગે ચાલે છે તેની વારંવાર ઘેર ઘેર નિંદા થાય છે, તોપણ નિર્લજ્જ માણસને જરાય લાજ આવતી નથી, તેવા નિર્લજ્જને તો ધિક્કાર છે. ૨૫-૨૬. જે શ્રેષ્ઠ ગુરુ હોય છે તે ધર્મને માર્ગે ચાલે છે. જેણે ધર્મનો ત્યાગ કર્યો હોય એવા ગુરુ ત્યાગ કરવા યોગ્ય છે. ૨૭. બ્રહ્મચર્ય ધર્મ પાળવો, પ્રાણીમાત્રની હિંસા ન કરવી, મદિરા અને માંસનો ત્યાગ રાખવો; આવો

જે શુદ્ધ ધર્મ જ્યાં પળાતો હોય છે, ત્યાં ગોલોક અને અક્ષરધામથી પર અને અક્ષરધામમાં રહેનારા એવા સ્વામિનારાયણનો નિવાસ કહ્યો છે. ૨૮-૨૯. જ્યારે પોતાના મનમાં આવે ત્યારે દીનાનાથ ભટ્ટ પૂછનારા લોકોની આગળ ઉપર કહ્યા પ્રમાણેની વાતો કહેતા હતા. પણ દીનાનાથ ભટ્ટે અષ્ટકના શ્લોકમાં 'સ્વામિનારાયણ ભગવાન છે' એમ કહ્યું છે. ૩૦.

જ્યારે મોટા શાહુકારો સત્સંગી થઈ જશે ત્યારે તેઓ અમને માનશે નહીં, આમ અમને વિપ્રોને સત્સંગ કરવામાં પોતાનું પેટ અંતરાય કરતું હતું. અર્થાત્ બ્રાહ્મણોને સત્સંગ કરવામાં અને બીજાને સત્સંગ કરાવવામાં પોતાની આજીવિકાનો પ્રશ્ન વિઘ્ન કરતો હતો. ૩૧. જેનો શાસ્ત્ર ઉપર જ નિર્વાહ હોય એવા વિપ્રોને, યથાર્થરૂપમાં સત્સંગ કરવામાં પોતાનું પેટ જ વિઘ્ન કરતું હતું. ૩૨. પરંતુ જે કોઈ વિપ્ર પંડિત હોય, અને તેને જો ભગવાનનો ખપ હોય, તો તેઓ ભાગવત ધર્મમાં સર્વોપરિ મોટપ માને છે. ૩૩.

આપણા સત્સંગમાં જેને પોતાના જીવનનિર્વાહની આશા ન હોય, એવા તો એક શોભારામ શાસ્ત્રી અને બીજા રઘુનાથ શાસ્ત્રી હતા. બંને ઘણા ભારે હરિભક્ત થયા હતા. તેઓ વિદ્યામાં પણ અપાર કુશળ હતા. વ્યાકરણ શાસ્ત્રના ચાહે તેવા ગ્રંથ હોય, તે બધામાં ક્યાંય લેશમાત્ર પણ અટકતા નહીં. ૩૪-૩૫. હજારો શાસ્ત્રીમાં તે પ્રસિદ્ધ અને મુખ્ય વિદ્વાન હતા. અને તેવા જ તે પ્રસિદ્ધ હરિભક્ત થયા હતા. તેમજ હરિભક્ત કહેવડાવવામાં મોટાઈ માનતા હતા. ૩૬. ગાયકવાડ સયાજીરાવ સરકાર, શોભારામ શાસ્ત્રીને સારી રીતે જાણતા હતા. ૩૭. વડોદરામાં જે મોટા મોટા સરકારી અધિકારીઓ તથા કરોડપતિ શાહુકારો હતા, તે બધા શોભારામ શાસ્ત્રી હરિભક્ત છે તેમ જાણતા હતા. તે કાંઈ છાનું ન હતું, અને તેઓ તેમાં પોતાની બહુ મોટપ માનતા હતા. ૩૮-૩૯. સમજણે કરીને તેઓ અનંત બ્રહ્માંડના અધિપતિઓ કરતાં પણ સત્સંગની મોટપ અધિક માનતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "આમોદના દીનાનાથ ભટ્ટની સમજણની વાત કહી" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૧

વડોદરાના શોભારામ શાસ્ત્રી તથા આમોદના દીનાનાથ ભટ્ટની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સત્સંગના સંતો સત્સંગ સંબંધી જે કાંઈ વાત કરતા હોય અથવા તો કોઈ હરિભક્ત સત્સંગની વાત કરતા હોય,

❋ શોભારામ શાસ્ત્રીના ગુણો :

सोरठा : शोभारामजि जेहि, शास्त्रि बडे रहेउ तोउ;
बात सुनत हे तेहि, अजान अति होयकर यह...०३
पढवे केउ लगार, छक अरु अभिमान न रहे;
भगवान के अपार, मोटप जानत रहेउ...०४

चोपाई :

भगवान की संत करत बाता, जेसि जो जिनकु करन आता;
शोभाराम शास्त्रि जो जेहा, बात सुनत भावकर बहु तेहा...०५
तरक न करत बात में लगारा, तरक करि जानत हे अपारा;
तरक में कछु न मानत सारा, हरि की बात बिन सब हि नकारा...०६

તેને શોભારામ શાસ્ત્રી ઘણાં વિદ્વાન હોવા છતાં, અતિશય અજાણ્યા હોય તેમ શાંતિથી સાંભળતા હતા. ૨-૩. તેઓને પોતાનાં ભણતર બાબતનો તલભાર પણ છક કે અભિમાન ન હતું. કારણ કે, તેઓ ભગવાનની અપાર મોટપ જાણતા હતા. ૪. જેને જેવી ભગવાનની વાત કરતા આવડતી હોય, તે પ્રમાણે કોઈ સંત વાત કરતા હોય, તેને શોભારામ શાસ્ત્રી બહુ ભાવથી સાંભળતા હતા. ૫. પોતે અપાર તર્કોને જાણતા હોવા છતાં, પણ સભામાં કોઈ વાતમાં ક્યારેય લગાર પણ તર્ક કરતા નહીં. કેમ જે, તેઓ તર્કમાં કાંઈ જ સાર માનતા નહીં. તેઓ તો શ્રીહરિની વાત સિવાય બીજી બધી વાતને નકારી માનતા હતા. જ્યારથી તેમને દૃઢતા પૂર્વક સત્સંગ થયો ત્યારથી સત્સંગમાં તેમની જે કાંઈ મોટપ છે, તે બધી મોટપ સત્સંગના પ્રતાપથી જ છે; એમ માનતા હતા. ૬-૭.

જ્યાં સુધી સત્સંગની વાત સાંભળી ન હોય ત્યાં સુધી સત્સંગથી મન જુદું રહે છે, પણ જ્યારે સાચા દિલથી સત્સંગની વાત સાંભળે તો એકરસ થઈ જવાય છે. ૮. તેઓ દિવસે દિવસે સત્સંગમાં મનને ચોંટાડતા હતા. વાતોથી તો અનંત બ્રહ્માંડો ભર્યા છે. તે વાતોનો કોઈ પાર લઈ શકાતો નથી. ૯. સત્સંગની જે વાતો છે તેની બરોબર બીજી કોઈ એક વાતને પણ તે દેખતા નહીં. જ્યારે પૂરો સત્સંગ થયો ત્યાર પછી તે વિપ્રનો જીવ આવી સમજણવાળો થયો હતો. પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિનાં જેવાં દર્શન થયાં હોય તેને નેત્ર અને શ્રવણમાં રાખી, પછી પોતાના હ્રદયમાં તેને રાખતા હતા. ૧૦-૧૧. અને કોઈ તેમને આ ‘સ્વામિનારાયણ’ ભગવાન છે ? એમ પૂછતા ત્યારે તેઓ જેવું સમજતા હોય તેવું જ કહેતા હતા. કોઈ વાતને માને કે ન માને, જેવું તેનું ભાગ્ય ! પણ સાચી વાતને તેઓ ક્યારેય છુપાવતા નહીં. ૧૨. **ભગવાન સિવાયની જેટલી વાત છે તે બધી વાત તો ધૂળ જેવી તુચ્છ છે અને નાશવંત છે.** ૧૩. તે ધૂળ જેવી તુચ્છ નાશવંત વસ્તુનો જેવો ખપ રહે છે, તેવો આ પ્રગટ ભગવાનનો જેને ખપ ન રહે, તે મનુષ્ય દુર્બુદ્ધિવાળો છે. ૧૪.

✵ કપટીની નિમ્નતા અને નિષ્કપટીની મહત્તા :

માણસમાં જેટલી દુર્બુદ્ધિ હોય છે તે જ્યારે સત્સંગ કરે, અને જ્યારે કપટનો ત્યાગ કરે ત્યારે તેનો નાશ થાય છે. ૧૫. જે લોકો કપટ રાખીને સત્સંગ કરે છે, તે તો આ સત્સંગની રીતમાં ચાલતા જ નથી. ૧૬. **જે મનુષ્ય નિષ્કપટ વર્તે છે તે બુદ્ધિમાન છે.** જેટલા કપટ રાખીને અપાર સત્સંગ કરે છે, તેના આચરણને નિષ્કપટ માણસ તલ તલ જેટલું પણ દેખે છે. કપટ યુક્ત માણસના આચરણમાં જેટલું કપટ દેખાય છે, ત્યારે તેની સાથે નિષ્કપટ માણસનું તેટલું મન મળતું નથી. અને નિષ્કપટીનું ગમે તેવું સારું વર્તન હોય, તોપણ કપટીને નિષ્કપટી સાથે કોઈ દિવસ મન મળતું નથી. ૧૭-૧૯. કપટી સત્સંગી કદાચ સત્સંગમાં રહીને મૃત્યુ પામે, તોપણ કપટ રાખીને તેણે જે જેટલું વર્તન કર્યું હોય છે, તેટલું તેને અંતે શરીર છોડતી વખતે અપાર દુઃખ થાય છે. અને શરીરથી તેનો જીવ

કેમેય બહાર નીકળતો નથી. સત્સંગી જ્યારે પોતાના કપટને મન, કર્મ અને વચનથી છોડી દે છે ત્યારે શુદ્ધ થાય છે. અને શુદ્ધ થયા પછી ભગવાનના સ્વરૂપમાં ચિત્તને જોડી શકે છે. અને કોઈ નિષ્કપટી સત્સંગીમાં જેટલું કપટ કલ્પે છે, તે ચાહે તેવો સિદ્ધ હોય તોપણ તેને તેટલું દુઃખ પ્રાપ્ત થાય છે. સત્સંગમાં જે નિષ્કપટ ભક્તો છે તે નિષ્કપટી ભક્તોનો ઉદ્ધવજીના જેવો મહિમા સમજે છે. ૨૦-૨૩.

❋ નિજદર્શનની ગરિમા :

चोपाई :

महिमा तेसे सुख रहाता, सत्संग की एसि बात कहाता;
निज में दोष देखत हि तिनकू, दुःख न होवत रति भर इनकू...२४

दोहा : पोतामें दोष देख हि, तितना पावत सूख;
ओर में दोष देखत हि, तितना पावत दूःख...२५

दुजे के ग्रहत गुण जेहि, उत्तम यह जन कहात;
कीर्ति होत उत्तम तेहि, एसे यह गुण रहात...२६

सोरठा : जेसे गुण ग्रहत, तेसि होवत कीर्ति तेउ;
गुण में सब हि रहत, गुण कर जेसे देख परत...२७

સત્સંગમાં બીજાનો જેવો મહિમા સમજે તેવું સુખ રહે છે; આવી આ સત્સંગની વાત છે. જે પોતાના જ દોષોને જુએ છે તેને રતીભાર પણ દુઃખ થાતું નથી. ૨૪. જે મનુષ્ય પોતામાં જેટલો દોષ દેખે છે તેટલો તે સુખી થાય છે. અને બીજામાં જેટલા દોષો દેખે છે તેટલો તે દુઃખી થાય છે. ૨૫. જે બીજાના ગુણોને ગ્રહણ કરે છે તે મનુષ્ય ઉત્તમ કહેવાય છે, અને તેની કીર્તિ પણ ઉજ્જવળ થાય છે; આવો ગુણગ્રાહી સ્વભાવનો ફાયદો છે. જેટલા પ્રમાણમાં ગુણ ગ્રહણ કરવામાં આવે છે, તેટલા પ્રમાણમાં તેની કીર્તિ થાય છે. ગુણોમાં બધું જ રહ્યું છે. જે જેવું હોય તે ગુણે કરીને દેખાઈ આવે છે. ૨૬-૨૭.

દીનાનાથ ભટ્ટને જ્યારે સંતોનો યોગ થયો અને જ્યારે સત્સંગની વાત સાંભળી ત્યારે સત્સંગી થયા હતા. ૨૮. તેમણે સત્સંગની જેટલી વાત

સાંભળી તે બધી મોક્ષદાયક દેખાણી. સચ્છાસ્ત્રનાં બધાં વચનો સત્સંગની વાતનું પ્રતિપાદન કરનારા છે; આવા સત્સંગને જોઈ-વિચારીને ભટ્ટજીએ તેનો સ્વીકાર કર્યો હતો. પણ તેઓ નિધડક થઈને બીજા કોઈ માણસની આગળ સત્સંગની વાત કરતા નહીં. ૨૯-૩૦.

❋ ઉત્સાહથી કરેલી વાત જ અસર કરે છે :

જે વાત કરવામાં ઉત્સાહ ન હોય તેવી ઉત્સાહ વગરની વાતો ક્યારેય શોભતી નથી. ૩૧. **ભગવાનની વાત કરવામાં સર્વોપરિ ઉત્સાહ દેખાય ત્યારે તે વાત પથ્થર જેવાને પણ પીગાળી દે છે.** ૩૨. વાતમાં જેટલો ઉત્સાહ હોય છે, તેટલું જ તેમાં દૈવત અને પ્રતાપ આવે છે; આવો ઉત્સાહ આવશ્યક છે. ૩૩. દીનાનાથ ભટ્ટ મોટા કવિ હતા અને વિવિધ પ્રકારના શ્લોકોની રચના કરતા હતા. વળી, શ્રીહરિને રુચે તેવા શ્લોકો પણ બનાવતા હતા. ૩૪. શ્રીહરિએ પણ તેને ઘણા ગુણવાન વિપ્ર જાણીને ગઢપુરમાં પોતાની પાસે રાખ્યા હતા. તેઓ શ્રીહરિની દીવા જેવી સ્પષ્ટ વાતને સાંભળતા હતા. ૩૫.

તેઓ જ્યાં સુધી શ્રીહરિની સમીપે રહેતા, ત્યાં સુધી તેમના ગુણ જોઈને રોજ એક રૂપિયો દક્ષિણામાં મળે તેવું કરી દીધું હતું. ૩૬. દીનાનાથ ભટ્ટ અને તેના માણસને તેઓ જ્યાં સુધી ગઢપુરમાં રહેતા, ત્યાં સુધી સમય પ્રમાણે બધું સીધું બાંધી દીધું હતું. ૩૭. જ્યાં સુધી તે ભટ્ટજી શ્રીહરિના ઉપયોગમાં આવ્યા, ત્યાં સુધી આખા વરસમાં જેટલાં જોઈએ તેટલાં વસ્ત્ર પણ આપતા હતા. ૩૮. દીનાનાથ ભટ્ટ આમોદમાં રહેતા હતા, ત્યારે તેમના શીલ સ્વભાવને જોઈને ત્યાંના નગર શેઠ પણ તેમની સાથે પ્રસંગ રાખતા હતા. તે હરજીવન નામે પ્રસિદ્ધ નગરશેઠને શ્રીહરિનો ખપ હતો. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "વડોદરાના શોભારામ શાસ્ત્રી તથા આમોદના દીનાનાથ ભટ્ટની વાત કહી" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૨

આમોદના નગર શેઠ હરજીવનભાઈ અને દીનાનાથ ભટ્ટની વાત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આમોદમાં એક હરજીવન નામે નગરશેઠ હતા. તે દર પૂનમે ડાકોર રણછોડજીનાં દર્શન કરવાં જતા હતા. ૨. તેઓ શ્રદ્ધા-ભાવથી દર્શન કરીને મનમાં એવો સંકલ્પ કરતા હતા કે, 'હે પ્રભુ ! અદ્‌ભુત એવા આપ હવે મને પ્રગટ પ્રમાણ ક્યારે મળશો ? ૩.

सोरठा : प्रगट मिले जो वीन, सुख न पावत कोउ दिन;
अंतरजामि प्रवीन, दरशन दीजे प्रगट तुम...०४

चोपाई :

जब जब प्रगट होत हि जबही, मनुष्य तन कु धरत हि तबही;
प्रगट उपरि भाव रहे जिनकू, दरशन देत दया कर तिनकू...०५
प्रगट उपरि करनेकु भावा, प्रतिमा रूप होवत रहावा;
जिहाँ जिहाँ प्रतिमारूप होई, भोमि पर बिराजत हो सोई...०६

પ્રગટ ભગવાન મળ્યા સિવાય કોઈ ક્યારેય સુખ પામે નહીં. હે પ્રભુ ! આપ અંતર્યામી છો. પરમ નિપુણ છો માટે મને સાક્ષાત્ દર્શન આપો. ૪. હે ભગવાન ! જ્યારે જ્યારે આપ પ્રગટ થાવ છો અને મનુષ્યદેહ ધારણ કરો છો, ત્યારે તે પ્રગટ ભગવાન ઉપર જેને શ્રદ્ધા-ભાવ હોય, તેને દયા કરીને દર્શન દ્યો છો. અર્થાત્ નિજસ્વરૂપનું જ્ઞાન આપે છો. ૫. જ્યાં જ્યાં આ ભૂમિ ઉપર આપ પ્રતિમારૂપે વિરાજમાન છો, તે તો પ્રગટ ભગવાનના સ્વરૂપ ઉપર ભાવ કરાવવાને માટે જ પ્રતિમારૂપે થયા છો. ૬. હે પ્રભુ ! પ્રગટ ઉપર ભાવ કરાવવો તે આપનો અભિપ્રાય છે. જે આપના સાચા ભક્ત હોય છે, તે આપના તેવા અભિપ્રાયને જાણે છે. ૭. આપની દરેક બાબત કોઈ ખાસ અભિપ્રાય વગરની હોતી નથી. કારણ કે, ફળ અને અભિપ્રાય એક જ બાબતને કહેનારા શબ્દ છે.' ૮. તે હરજીવન શેઠ દીનાનાથ ભટ્ટને પણ વારંવાર એમ પૂછતા હતા કે, 'તમે અપાર શાસ્ત્રોને ભણેલા છો, તો

ભગવાન મનુષ્યદેહે પ્રગટ થાય છે તેની શાસ્ત્રમાં કેવી રીત હોય છે ? ૯. કેમ જે, ભગવાનના અવતારની રીત જાણ્યા વિના કદાચ તે પ્રગટ ભગવાન મળી જાય, તોપણ ઓળખી શકાતા નથી.'

ત્યારે ભટ્ટજીએ શેઠને કહ્યું કે, **'એક દિવસમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થવું તે ઘણું કઠણ છે. ભગવાનને સમજવામાં તો બ્રહ્મા જેવા પણ ભૂલા પડી જાય છે.** એ ભગવાન જ્યારે પ્રગટ થાય છે ત્યારે દુનિયામાં જે અધર્મ રહ્યો હોય તે બધો દેખાડી દે છે. પણ બીજા કોઈ એ રીતે અધર્મ દેખાડી શકતા નથી. ભગવાન સિવાયના બીજા લોકો અધર્મને ધર્મના રૂપમાં દેખે છે. ૧૦-૧૨. જ્યાં સુધી જે સ્થાનમાં અધર્મમાં ધર્મ મનાતો હોય, અને જે સ્થળમાં લોકો નિયમ વિરુદ્ધ વર્તતા હોય ત્યાં ભગવાન પ્રગટ રહેતા નથી. ૧૩.

✵ પ્રગટ ભગવાન ક્યાં નિવાસ કરે છે ?

જ્યાં માયિક પંચવિષયોનું ખંડન કરવામાં આવતું હોય, તેમજ જ્યાં પાંચ ઈન્દ્રિયોને નિયમમાં રાખવામાં આવતી હોય, ત્યાં પ્રગટ ભગવાનનો નિવાસ રહે છે. **જેનું વર્તન શુદ્ધ અને પવિત્ર હોય તેને પ્રગટ ભગવાન દેખાય છે.** ૧૪-૧૫.

सोरठा : नारी धन यह ताकु, बंधन करि मानत रहे;
तेसे जन जो वाकु, प्रगट तेहि भगवान मिले...१६

चोपाई :

जिनकु प्रगट भगवान जेहा, मिले एसे संत से तेहा;
प्रगट भगवान के होत ज्ञाना, ता विन कोउ न द्वार रहाना...१७

જે મનુષ્ય સ્ત્રી અને ધનને બંધનરૂપ માનતા હોય, તેવા મનુષ્યને પ્રગટ ભગવાન મળે છે. ૧૬. વળી જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય તેવા સંત પાસેથી પ્રગટ ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે સિવાય બીજા કોઈના દ્વારા પ્રગટ ભગવાન મળતા નથી. ૧૭.

મોક્ષની જેટલી વાત કહેવાય છે તે બધી અત્યારે સ્વામિનારાયણના મતમાં રહી છે, એ વાતને હું નિશ્ચિત કરીને કહું છું. ૧૮. શાસ્ત્રોમાં મોક્ષનું

પ્રતિપાદન કરનારાં જે જે વચનો છે, તેને સ્વામિનારાયણ મતમાં શુદ્ધ જાણીને વારંવાર ઠેર ઠેર સ્પષ્ટ કહેવામાં આવે છે. ૧૯. જો હું આ સાચી વાત કહું તો મારા જેવા બ્રાહ્મણને કોઈ માન-પૂજે નહીં. ચાર ધામ સુધીમાં રહેલા જેટલા બુદ્ધિમાન વૈરાગીઓ છે, પછી તે રામાનંદી હોય કે રામાનુજી હોય, જેટલા પોતાને ખાખી કહેવડાવતા હોય, તે સિવાય બીજા પણ ગણતા પાર ન આવે તેટલા મતો છે; પણ તેમાં જેને ભગવાનનો ખપ નથી, તે બધા સ્ત્રી અને ધનમાં બંધાઈ ગયા છે. વળી ગાંજો ઈત્યાદિક વ્યસનોમાં પણ અધિકપણે બંધાઈ ગયા હોય છે. ૨૦-૨૨.

જે ખપ વિનાના છે તેને પોતપોતાના શિષ્ય સમુદાયમાં પેટ ભરવાનું તાન હોય છે. તેથી જ તે ગુરુ કે ચેલાઓ ભગવાન કરતાં પણ ગુરુનો મહિમા વધારે કહેતા હોય છે. ૨૩. બધા મત પ્રાયઃ આવી રીતના થઈ ગયા છે. શિષ્યોને તો કાંઈ મોક્ષની ગમ હોતી નથી. યથાર્થરૂપમાં જેવી મોક્ષની રીત રહી છે, તે સાચી રીત તો સત્સંગ સિવાય બીજે ક્યાંય નથી. ૨૪. સાચા યથાર્થ મોક્ષની જે વાત છે તેને જેમ છે તેમ પ્રાયઃ વૈરાગી લોભે કરીને ક્યારેય કહેતા નથી. ૨૫.

❋ પ્રગટના સંબંધની તથા ખપની આવશ્યકતા :

જે નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિર્માની અને નિઃસ્પૃહી - આવા પંચવ્રતમાનથી પૂર્ણ હોય અને પ્રગટ ભગવાનના સંબંધવાળા હોય, તેમજ જેને મોક્ષનો ખપ હોય; આવું જેનું વર્તન હોય તે જ સત્પુરુષ કહેવાય છે. તે સત્પુરુષ જ સાચી વાતને અતિશય હેતથી બતાવે છે. ૨૬-૨૭. જે સાચી વાત હોય છે તે જ સાચા ફળને આપે છે, અને જે વાત મિથ્યા હોય છે તે મિથ્યા ફળને આપે છે. ૨૮. સત્પુરુષ અને સત્યરૂપ સત્સંગ - આ બે મળ્યા વિના સાચા મોક્ષની વાત રહેતી નથી. રતીભાર પણ મોક્ષનો ખપ ન હોય, અને જન્મ-મરણનાં દુઃખનો તથા જમપુરી અને લખચોરાશીનાં દુઃખનો ડર ન હોય, તેનું જ નામ મોહ કહેવાય છે. તે મોહને લીધે જ અજ્ઞાનીઓને દુઃખ દેખાતું નથી. ૨૯-૩૦. જ્યાં સુધી મનુષ્ય દુઃખને દેખતો નથી, ત્યાં સુધી તે વારંવાર દુઃખને પામતો રહે છે. તે વિવિધ પ્રકારનાં દુઃખોને ટાળવા માટે જ વિવિધ પ્રકારનાં શાસ્ત્રોની રચના કરી હોય છે. ૩૧.

જે સત્પુરુષ હોય છે તે સચ્છાસ્ત્રને માર્ગે ચાલે છે અને તેથી જ તે સત્પુરુષ કહેવાય છે. સત્પુરુષ અસચ્છાસ્ત્રનો ત્યાગ કરે છે. ૩૨. જેટલાં અસચ્છાસ્ત્ર હોય છે તે બધાં ભગવાનની પ્રતિમાનું ખંડન કરે છે, અને વર્ણાશ્રમની વ્યવસ્થાને માનતા નથી. ૩૩. વળી મા, બેન અને દીકરી સાથે પણ વ્યભિચાર કરવામાં દોષ માનતા નથી. વળી, જેટલી અભક્ષ્ય વસ્તુઓ ગણાય છે તેનું તે પ્રતિપાદન કરતા હોય છે. ૩૪. જેટલા જમપુરીનાં દુઃખ હોય છે તેને તે ખોટા કહે છે, અને સચ્છાસ્ત્રમાં પ્રતિપાદન કરેલી જેટલી વાત છે તેને તે મિથ્યા કરીને દેખાડે છે. ૩૫. આવી તો અનંત વાતો હોય છે, જેનો કોઈ પાર નથી. તે બધાનું નામ અસચ્છાસ્ત્ર છે.

તો શેઠ ! આ બધું દુઃખનું ધામ મેં તમને કહ્યું. ૩૬. ભગવાન સિવાય બીજી વસ્તુમાં જે આસક્તિ કરે છે તે બધા અસત્પુરુષો છે. માટે તેવા જેટલા અસત્પુરુષો છે તે સર્વે ત્યાગ કરવા યોગ્ય છે. ૩૭. તેમાં કેટલાક તો લોકોને દેખાડવા માટે જ અપાર સાધનોને કરે છે. પછી તેને અપાર નર-નારીઓ માનવા લાગે છે. ૩૮.

सोरठा : इहाँके सुख हि जेहि, चाय तेसे मिलेउ तेहि;
असत रहाये तेहि, देह देह के संबंध सब...३९
एसे देखात जेहु, भगवान सत्य जानत रहे;
सत्पुरुष रहे तेहु, प्रगट भगवान उर तेहि...४०

પરંતુ આ દુનિયાના ગમે તેવાં સુખ મળ્યાં હોય, પણ તે બધાં અસત્ય છે, અને દેહ તથા દેહનાં સંબંધીઓ પણ અસત્ય છે. ૩૯. આ રીતે જે સમજાવે, અને જે ભગવાનને સાચી રીતે માનતા હોય, તે જ સત્પુરુષ છે. અને તેના હૃદયમાં જ ભગવાન રહ્યા હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "આમોદના નગર શેઠ હરજીવનભાઈ અને દીનાનાથ ભટ્ટની વાત કહી" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૩

આમોદના શેઠ હરજીવનભાઈનો સત્સંગ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ અને હરિભક્તોની વાત કહેતા મને તૃપ્તિ થાતી નથી. કરોડો યુગ સુધી તે વાતોને કહેતા રહીએ, તોપણ એક પળ જેટલો સમય ગયો હોય તેમ લાગે છે. ૨. દીનાનાથ ભટ્ટે હરજીવનભાઈ શેઠને સત્સંગમાં ભાવ કરાવીને કહ્યું કે, તમારે સત્સંગમાં ઈચ્છા હોય તેટલો ખર્ચ કરવો. ૩. પછી તો શેઠ હરજીવનભાઈને જે દિવસથી સત્સંગ ઉપર ભાવ થયો, તે દિવસથી ઘણા ઉત્સાહથી જેટલી બને તેટલી સંતો માટે સેવા કરતા હતા. ૪. પછી સંતોએ શેઠને વાતો કરીને મોક્ષના દાતા શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું હતું. તે શ્રીહરિ પોતાને ગામ આવ્યા છે એમ જાણીને ગામના જેટલા શાહુકારો હતા, તે બધા પણ સાથે મળ્યા. અને હરજીવન શેઠની સાથે અતિશય ઉત્સાહથી શ્રીહરિની પાસે આવ્યા. સહુ એક એક શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિની આગળ ધર્યાં. ૫-૬.

સહુએ બંને હાથ જોડ્યા અને પગે લાગી બોલ્યા જે, 'આજે અમારા ધન્યભાગ્ય છે કે આપે અમને દર્શન દીધાં. જે દીનાનાથ ભટ્ટ આપની સમીપે રહેતા હતા, તેમણે આપની અપાર કીર્તિ અમને કહી છે. ભટ્ટજી ક્યારેય અસત્ય બોલતા નથી, અને તે બીજા કોઈનો પ્રસંગ રાખતા પણ નથી. તેમને એક શાસ્ત્રનો જ રંગ લાગેલો છે. ૭-૮. તેઓ ક્યારેય દિવસે સૂતા નથી. અને પ્રમાદ તથા વ્યસનોનો તેમણે ત્યાગ કર્યો છે. તેઓ કોઈની પાસે ક્યારેય કાંઈ માંગણી કરતા નથી, છતાં તેમનું સુખેથી ગુજરાન ચાલે છે. ૯. પોતાના સમીપ સંબંધ વિનાની સ્ત્રીના મુખને પણ ક્યારેય તેઓ દેખતા નથી; આવા વિપ્ર કોઈ દેવમાં પણ હોય નહીં. આ જેવી વાત છે તેવી તમને કહીએ છીએ. ૧૦. આજે કળિયુગનું ઘણું બળ છે. કોઈ જગ્યાએ ધર્મ રહ્યો નથી. કેટલાય વિપ્રો માતાના ભક્ત થઈને પાપમાત્રમાં દોષ માનતા નથી. ૧૧. તો પછી બીજા વર્ણના તો શાં લેખાં ?

વિપ્ર સહુથી શ્રેષ્ઠ કહેવાય છે. પોતે ગુરુ અને મોટા આચાર્ય થઈને પણ, પોતાની શિષ્ય કહેવાતી સ્ત્રીઓની સાથે વ્યભિચાર નિઃશંકપણે કરે છે. અને જે તેમના શિષ્ય થયા હોય છે, તે પણ તેમાં કોઈ જાતની શંકા લાવતા નથી. ૧૨-૧૩. કરોડો મતમાં આપનો મત અત્યંત શુદ્ધ છે; આવી બધી વાત ભટ્ટજી કરે છે, તેમાં લગાર પણ મિથ્યા નથી. ૧૪. આપના મતને દેખીને જેટલા વ્યભિચારી ગુરુઓ છે તે બધા ન કહી શકાય તેટલો દ્વેષ કરે છે, અને જેટલો થઈ શકે તેટલો વિરોધ કરે છે. ૧૫. તે વ્યભિચારી ગુરુઓના જે શિષ્યોને વ્યભિચાર ન રુચે તે બધા આપના સત્સંગમાં રુચિ કરતા થયા છે. ૧૬. તેમાંથી જે સત્સંગી થાય છે તેને તેના પૂર્વના વ્યભિચારી ગુરુઓ નાત બહાર કરાવે છે. આ રીતે જેને ધર્મ રુચતો હોય છે તેવા સારા માણસોને, તે વ્યભિચારી લોકો તરત નાત બહાર કરાવે છે. ૧૭. અને તેની નાતના લોકો પણ કાંઈ વિચાર કરતા નથી કે, ધર્મ વિના કોઈનો ઉદ્ધાર થતો નથી. જે વ્યભિચારમાં જ મોક્ષ માને છે તેવા ગુરુઓ અને શિષ્યો બધા નકટા છે. ૧૮. જેટલા ધર્મનું ઉલ્લંઘન કરે છે, તે બધા ભગવાન તથા શાસ્ત્રના ચોર છે. અમને આ રીતે ભટ્ટજી કહે છે. માટે મહારાજ ! આપના સમાન બીજી કોઈ વાત નથી. ૧૯.

❋ જેટલો ભગવાનનો ખપ જાગે તેટલો મોક્ષ થાય :

ત્યારે શ્રીહરિએ શેઠને કહ્યું કે, **"માણસને જેટલો નાતનો ખપ હોય છે તેટલો પણ ભગવાનનો નથી. જીવને જેવો ભગવાનનો ખપ હોય છે તેવો તેનો મોક્ષ થાય છે.** ૨૦. જ્યારે મૃત્યુ આવે છે ત્યારે નાતીલા કે કોઈ સગાં-સંબંધી જીવની સાથે ચાલતા નથી. જેટલા રૂપિયા હોય તે પણ આ લોકમાં જ પડ્યા રહેશે. ૨૧. જે ત્રિલોકીનું રાજ્ય કરતા હોય, તેની પાસે પાર વગરની સમૃદ્ધિ હોય છે. જેટલા હાથી તથા ઘોડા હોય છે તેનો પણ કોઈ પાર હોતો નથી, છતાં અંતકાળે જીવ શરીરે સહિત એ બધાનો ત્યાગ કરી દે છે. જીવના હાથમાં કોઈ વાત નથી, છતાં કેવળ મમતામાં જ તેની આવરદા પૂરી થઈ જાય છે. ૨૨-૨૩.

માણસ આ લોકમાં જે રીતે વર્તતો હોય છે તે બધું અંતર્યામી જાણતા હોય છે. તેથી જે જેવું કર્મ કરે છે તેને તેવું ફળ અંતર્યામી આપતા રહે છે. ૨૪. અહીંયાં ગમે તે રીતે માણસ ચાલે, પણ તેનું તેવું જ ફળ જીવને જમપુરી તથા લખચોરાશીમાં ચોક્કસ રૂપમાં મળે છે. ૨૫. મનુષ્ય વગર જોયે-વિચારે પગલું માંડે છે તેમાં દુઃખ જ રહ્યું છે. આમ જે લોકો સમજે છે તે જોઈ-વિચારીને પગ મૂકે છે. ૨૬. જે લોકો કોઈ પણ બાબતને વિચાર કરીને જ કરે છે તેને કાંઈ દુઃખ આવતું નથી, પણ જે વગર વિચાર્યે કરે છે તે દુઃખને પામે છે." ૨૭. આટલી વાત કહીને પછી તરત શ્રીહરિ આમોદથી ચાલતા થયા.

શેઠ હરજીવનભાઈને શ્રીહરિને જમાડવાની ઘણી ઈચ્છા હતી. તેથી તેઓ મનમાં ઘણા દિલગીર થઈ ગયા, તે શ્રીહરિએ જોયું. પછી તેમના પ્રત્યે બોલ્યા કે, "સંતમંડળે સહિત ચાર સદ્‌ગુરુઓ અહીંયાં રહ્યા છે, તેમને તમે જમાડો. ૨૮-૨૯. સદ્‌ગુરુઓ જે જમશે તે અમે જ જમ્યા છીએ. બીજા થોડા સંતો છે તેમના માટે અને અમારે માટે પણ જે હાજર મળે, તે ચવાણું બજારમાંથી લાવી આપો. ૩૦. તમારો ઘણો ભાવ જોઈને મને દયા આવે છે. **જેને સાધુઓ ઉપર ભાવ થાય છે તેને અમારા ઉપર ભાવ થાય છે.** ૩૧.

❋ સંતસ્નેહી જ પ્રભુપ્રેમી બની શકે છે :

चोपाई :

भाव के द्वार पेले जेहा, साधु हरिजन रहाये तेहा;
संत के होत निश्चय जबहू, हम रहाये जेसे हि तबहू...३२
ताके निश्चय संत हि द्वारा, होवत रहाये वार न पारा;
संत पर भाव भये बिन कबही, बडे जब रहावत हि तबही...३३
ताके निश्चे न होत रहेऊ, अक्षर न चिनत गुरु बिन केऊ;
विद्या जो जो कहावत जेती, ताके गुरु मिले बिन तेती...३४
आवत नहीं हे कोउ दिनही, एसे जानो शेठ तुम तिनही;
रूपिये के पारख हि ताकू, खरे खोटे के ज्ञान रहे वाकू...३५

ભાવનું પહેલું દ્વાર-માધ્યમ તો સાધુ અને હરિભક્તો છે. કેમ જે, પહેલાં જ્યારે સાધુનો નિશ્ચય થાય છે, તે પછી અમે જેવા છીએ તેવો અમારા સ્વરૂપનો પાકો નિશ્ચય સાધુઓ દ્વારા થાય છે. સંતોના ઉપર પ્રેમ-વિશ્વાસનો ભાવ થયા સિવાય અતિશય મોટા એવા ભગવાનનો નિશ્ચય થતો નથી. કોઈ ગુરુ વિના નાના બાળકને અક્ષરજ્ઞાન પણ થાતું નથી. જે જે પ્રકારની વિદ્યાઓ કહેવાય છે, તે બધાના ગુરુ મળ્યા સિવાય તે વિદ્યા કોઈ દિવસ આવડતી નથી. શેઠ ! આ વાતને તમે નિશ્ચય સમજો. રૂપિયો સાચો છે કે ખોટો છે તેની પરીક્ષા કરવી હોય તો, પહેલા સાચા-ખોટા રૂપિયાનું જ્ઞાન હોવું જોઈએ. ૩૨-૩૫. **જેને સાચા-ખોટાનું જ્ઞાન ન હોય, તે જ્યારે સાચા જ્ઞાનીનો વિશ્વાસ રાખે ત્યારે તેને બુદ્ધિમાન કહેવાય. તેનું નિશ્ચય કલ્યાણ થાય છે."** ૩૬.

શ્રીહરિએ જેટલી વાત કહી તેને હરજીવન શેઠે દૃઢ કરીને મનમાં રાખી લીધી. પછી બજારમાં જે મમરા-ચણા મળ્યા તે લાવીને તરત જ આપ્યા. ૩૭. શ્રીહરિ આમોદ ગામ વચ્ચે સવારી અને સંતોએ સહિત ચાલ્યા. શેઠે શ્રીહરિને માટે બરફી અને પેંડા પણ પ્રેમથી લાવી આપ્યા. ૩૮. તે સમયે નંદરામજી, ગોપાળજી, મંછારામ અને સુફળ - એ બધા શ્રીહરિની સાથે રહ્યા હતા. અને બીજા બ્રહ્મચારી પણ હતા. ૩૯. તેથી જ્યારે ગામથી બહાર નીકળ્યા ત્યારે બ્રાહ્મણોને જે ખપતા હોય, એવા એક એક શેર પકવાન લાવીને તેમને આપ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "આમોદના શેઠ હરજીવનભાઈનો સત્સંગ કહ્યો" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૪

આમોદમાં હરજીવન શેઠે સદ્‌ગુરુઓને જમાડ્યા અને શ્રીહરિ બુવા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આમોદમાં હરજીવન શેઠે સદ્‌ગુરુ સંતોને ગણપતિના મંદિરમાં ઉતારો અપાવ્યો હતો. ૨. સાકર નાખીને ઊજળો શીરો કરાવ્યો અને મેંદાની સુંદર ઊજળી પૂરી કરાવી. ૩. જેટલું મળ્યું તેટલું દૂધ લાવીને તેનો દૂધપાક કરાવ્યો. વડાં, ભજિયાં અને રીંગણા-વાલનું શાક કરાવ્યું. રાઈતું, કઢી અને ભાત કરાવ્યો. પાપડ અને કેરીનું અથાણું લાવ્યા. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ભગવાન વિષ્ણુને નૈવેદ્ય ધરાવ્યું. ૪-૫. ગામ આવ્યું ત્યાં એક નદી આવી. શ્રીહરિ તથા સંતોએ સહુએ ત્યાં સ્નાન કર્યું.

આમોદ ગામમાં જે વિદ્વાન વિપ્રો હતા તે મોટા સંતો આવ્યા છે તેમ જાણી, સંતોનાં દર્શન કરવાને માટે અને પ્રશ્ન પૂછવાના આશયથી સંતો પાસે આવ્યા. પરંતુ તેમણે ત્યાં દીનાનાથ ભટ્ટને બેઠેલા જોયા એટલે તેમાંથી કોઈ એક પણ બોલી શક્યા નહીં. ૬-૭. હરજીવન શેઠે સંતોને અહીં આમોદમાં રાખ્યા છે, તેમ જાણીને તે સહુ વિપ્રો શ્રીહરિ, સંતો અને હરિભક્તોની પ્રશંસા કરવા લાગ્યા. ૮.

❋ સત્સંગની મહત્તા અને સચ્છાસ્ત્રની આવશ્યકતા :

તેઓ બોલ્યા કે, **"કોઈ બ્રહ્માંડમાં આ શ્રીહરિના સત્સંગ સમાન આજ કોઈ નથી, તેમ શાસ્ત્રની દૃષ્ટિએ દેખાઈ આવે છે. કારણ કે, શાસ્ત્રના સમાન કોઈ પ્રમાણ નથી. ૯. ભૂત, ભવિષ્ય અને વર્તમાન - ત્રણેય શાસ્ત્રે કરીને જણાઈ આવે છે. જે જે યુગમાં જેવી વાત હોય છે તેને શાસ્ત્ર બતાવી દે છે. ૧૦. શાસ્ત્રરૂપી સૂર્ય એવો છે કે જેની જેવી ઉત્પત્તિ હોય તેને પ્રગટ કરીને પ્રત્યક્ષ દેખાડે છે, માટે શાસ્ત્રના સમાન કોઈ નથી. ૧૧.** જે જે બાબત જેવી રીતની હોય, તેનો શાસ્ત્ર સંગ્રહ કરી રાખે છે. કેટલાક

મત એવા છે કે, ભગવાન સમાન બીજા કોઈને કહે નહીં. ૧૨. પણ તે ભગવાનના અવતારોનું જ ખંડન કરતા રહેતા હોય છે, અને પોતાના મતને અધિક દેખાડતા હોય છે. ૧૩. કેટલાક મત એવા હોય છે કે, તેના શિષ્યો ભગવાન સિવાય બીજાને અધિક કહેતા હોય છે." ૧૪.

ત્યારે તે વિપ્રોની આગળ નિત્યાનંદ સ્વામીએ કહ્યું, "એવા જે લોકો છે તે તો ભગવાનના દ્રોહી છે." ૧૫. તે કેવા છે ? તો, 'અમે માતા-પિતા વિના જ જન્મ્યા છીએ'; એમ કહેનારાની જેવી બુદ્ધિ હોય તેવી તેની હોય છે, તે તેના બોલવાથી દેખાઈ આવે છે. ૧૬. **ભગવાન સિવાય બીજાને જે અધિક કહેતા હોય છે, તે તો એકડા વિનાના એકલા શૂન્ય જેવા છે તેમ બુદ્ધિવાળા દેખે છે.** ૧૭. ત્યારે તે વિપ્રોએ કહ્યું, "આપ કહો છો તે વાત સાચી છે. ભગવાન વગરનો મત તો અંધ દેખાય છે. તેવા અંધ મતમાં તો જે આંધળાઓ હોય છે તે બંધાઈને રહે છે." ૧૮. જ્યારે આટલી વાત થઈ રહી ત્યારે સંતો જમવા ઊઠ્યા, અને જમ્યા પછી સંતો આમોદથી તરત ચાલતા થયા.

✵ હરિની વાત સાંભળવામાં આદર થાય તેના સર્વે દુઃખ જાય :

હવે જેવી શ્રીહરિની વાત છે તે કહું છું. શ્રીહરિની વાતના સમાન બીજી કોઈ વાત નથી. કારણ કે, જે મનુષ્ય અતિશય ભાવથી શ્રીહરિની વાતને સંભારે છે, તેને અંતકાળનું જે અપાર કષ્ટ હોય છે તે થતું નથી. સંભારનારાનાં બધાં કષ્ટને દૂર કરે એવી શ્રીહરિની વાત હોય છે. ૧૯-૨૧.

चोपाई :

बात के नहीं महिमा जाकू, कष्ट अति होवत रहे ताकू;
अंत समय के कष्ट हि जेहा, मिटावना होय तिनकु तेहा...२२
हरि की बात में मन कु प्रोई, सुनत रहे आदर कर जोई;
आदर तितना कष्ट हि जेहू, नाश होवत रहाये तेहू...२३

જેને શ્રીહરિની વાતનો મહિમા નથી તેવાને અંતકાળે ઘણું કષ્ટ થાય છે. માટે જેને અંતકાળનું કષ્ટ ટાળવું હોય, તેણે શ્રીહરિની વાતમાં મન પરોવીને આદરથી તે વાત સાંભળતા રહેવું. કેમ જે, જેટલો આદર રહે છે

તેટલા કષ્ટનો નાશ થાય છે. ૨૨-૨૩. શ્રીહરિની વાત સાંભળવામાં જેટલો આદર નથી રહેતો તેટલું તેને કષ્ટ થાય છે.

શ્રીહરિ બુવા ગામ જવા માટે ચાલ્યા. સાથે જેટલા સવારો હતા તેને ખાવા માટે મમરા આપ્યા. આગળ જતા બે માર્ગ આવ્યા. ત્યારે નાગમાલાએ કોઈક માણસ સામે આવ્યો તેને માર્ગ પૂછતાં કહ્યું કે, "મમરાનો માર્ગ કયો છે ?" પણ સામો માણસ કાંઈ સમજ્યો નહીં. ૨૪-૨૬. દાદા ખાચર તે નાગમાલાના સાળા થતા હતા, એટલે દાદા ખાચરે હસતાં હસતાં નાગમાલાને કહ્યું કે, "મમરાનો માર્ગ તો તમારું મુખ છે. બુવા ગામનો માર્ગ પૂછો." એમ દાદા ખાચર તેમની હાંસી-મશ્કરી કરતાં પાછળ માર્ગમાં ચાલ્યા. ૨૭-૨૮. શ્રીહરિ રસ્તામાં નાગમાલાની પાસે પરજ રાગના કચ્છી ભાષાનાં કીર્તન ગવડાવતા ચાલ્યા જતા હતા. નાગમાલા જ્યારે કીર્તન ગાતા હતા ત્યારે દાદા ખાચર પણ તેની સાથે ગાતા હતા. ધર્મપુત્ર શ્રીહરિ પણ બંનેની વચ્ચે ચાલીને સુંદર રસાળા ઘેરેસ્વરે કીર્તન ગાતા હતા. ૨૯-૩૦.

❋ હરિમહિમા :

શ્રીહરિના સ્વરમાં જે રસ અખંડ નિવાસ કરીને રહેતો હતો, તેવો રસ બીજા કોઈના સ્વરમાં રહ્યો નથી. કારણ કે, શ્રીહરિ પોતે સ્વરનું મૂળકારણ છે. સાત સ્વર, ત્રણ ગ્રામ અને છ રાગ - આ બધા શ્રીહરિના સ્વરમાં રહ્યા હતા. એક એક રાગની પાછળ પાંચ પાંચ રાગણીઓ રહી છે. અને પાંચ પાંચમાંથી તે પાછી દસ દસ કહેવાય છે. તે બધાં સ્વર, રાગ અને રાગણી વગેરે શ્રીહરિના સ્વરમાં સહેજે જ નિવાસ કરીને રહ્યાં હતાં. ૩૧-૩૩.

શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મસ્તક ઉપર લાલ છત્ર ધાર્યું હતું. આગળ ચાલતા **બુવા** ગામની પાસે આવી ગયા. ગામમાં ઘણા હરિભક્તો હતા. ૩૪. ત્યાંના પાટીદારો મોટા અમીનો કહેવાતા, અને તે દેશમાં તે ઘણા પ્રસિદ્ધ હતા. તેમાં કાનદાસ તથા ગુલાબભાઈ મોટા પાટીદાર હતા અને બીજા કેટલાક નાના હતા. ૩૫. વ્યવહારમાં જેવા તે બુદ્ધિમાન હતા તેવા જ સત્સંગમાં પણ આગળ હતા. તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા, અને જેટલાં વાજિંત્ર હતાં તે બધાં લાવ્યા હતા. ૩૬. સહુ આવીને શ્રીહરિના

પગમાં પડ્યા અને દંડવત્-પ્રણામ કર્યા. જે શ્રીફળ લાવ્યા હતા તે સહુએ શ્રીહરિની આગળ મૂક્યાં. ૩૭. જ્યારે દિવસ ચાર ઘડી ચઢ્યો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા હતા. તે વખતે બધાં વાજિંત્ર વાગતાં હતાં. ૩૮. શ્રીહરિ ગામમાં આવ્યા. પાણી છંટાવીને બધી રાજબજારોને સ્વચ્છ તથા સુંદર કરી હતી. ૩૯. જ્યારે શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે બજારમાં કેળના સ્તંભો રોપાવી દીધા હતા, અને બધી દુકાનોને સુંદર રીતે શણગારી હતી. તે વખતની શોભા કહી શકાતી નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "આમોદમાં હરજીવન શેઠે સદ્‌ગુરુઓને જમાડ્યા અને શ્રીહરિ બુવા આવ્યા" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૫

બુવા ગામના ભક્તોએ શ્રીહરિની પધરામણી કરીને ઘણો રાજીપો મેળવ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. બુવા ગામમાં જેટલાં બાઈ-ભાઈ હતાં, તે બધાં શ્રીહરિનાં દર્શન કરવાં માટે બજારમાં આવીને ઊભાં રહ્યાં હતાં. ૨. બજારમાં જે ઊભા હતા, તે સહુ હાથ જોડીને 'જય જય.. જય જય..' એમ કરતા હતા. સહુના મનમાં અતિશય પ્રેમભાવ હતો. ૩. જેટલી બાઈઓ હતી, તે મનના ઘણા ભાવથી મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. શ્રીહરિ તે સહુના ભાવને સ્વીકારતા હતા. ૪. શ્રીહરિની જે સવારી હતી તેની શોભા અતિશય થઈ હતી. માનો, એક સામટા ઘણા સૂર્ય ઉદય થયા હોય અથવા તો માનો કમળનું વન ખીલ્યું હોય ! તેવી તે શોભા હતી. ૫. મોટા મોટા દેવતાઓના વિમાન પણ તે શોભાની આગળ ઝાંખા થઈ જતા હતા. શ્રીહરિની સવારી જેવું બ્રહ્માંડમાં કાંઈ દેખાતું ન હતું. ૬.

જે લોકો શ્રીહરિને સર્વોપરિ જાણતા હતા, તેને શ્રીહરિની સવારી ઉપર કહી એવી દેખાતી હતી. અને જે લોકો શ્રીહરિને તે રીતે સમજતા નહિ, તેવા અજ્ઞાની લોકો તો અંધના જેવા રહ્યા હતા. ૭. લોકો જેવા પોતાને સમજતા હોય છે તેવા શ્રીહરિ અને સંતોને પણ દેખે છે. આવી શ્રીહરિની અલૌકિક વાત તો અપાર રહી છે, તેને અજ્ઞાની-અંધ માણસો જાણી શકતા નથી. ૮. શ્રીહરિની વાત એવી હોય છે કે, બ્રહ્માંડમાં તેવી બીજી કોઈ વાત હોતી નથી. જે લોકોએ સત્સંગ કર્યો હોય છે તેને આવી મહિમાભરી વાત દેખાય છે. ૯. જેને સત્સંગ કરવામાં કસર હોય તેને શ્રીહરિની વાત યથાર્થ દેખાતી નથી. કારણ કે, તેને તો પોતે જેવા હોય તેવું દેખાય છે. ૧૦.

જે શ્રીહરિને જેવા સર્વોપરિ જાણે છે તેવા તે હરિભક્ત પણ સર્વોપરિ બને છે; આવી શ્રીહરિને સર્વોપરિ સમજવાની મહત્તા છે. ૧૧. પ્રહ્લાદ, પ્રિયવ્રત, સનકાદિકો, શુકદેવજી અને નારદજી શ્રીહરિની વાતને જેવા રૂપમાં જાણતા હતા, તેવા રૂપમાં તેની મોટપ છવાઈ ગઈ હતી. ૧૨. **હરિભક્તો શ્રીહરિની જેટલી મોટપ જાણે છે તેટલી તેમની મોટપ થાય છે. મોટપની વાત તો આવી છે.** ૧૩.

ગામના સહુ લોકોને દર્શન દેતાં દેતાં તેમનો ઘણો પ્રેમ જોઈને શ્રીહરિ જ્યાં ગુલાબભાઈની હવેલી છે ત્યાં આવ્યા. ૧૪. તેમના સંબંધીઓ હતા તેમણે સહુથી શ્રેષ્ઠ ભવન જોઈ-વિચારીને તે હવેલીમાં શ્રીહરિને ઉતારો આપ્યો. 'અમારી નજીકના ભુવનમાં જ શ્રીહરિ ઊતર્યા છે' એમ જાણીને તે નજીકમાં રહેનારા સહુએ શ્રીહરિની સેવા વગેરેનો લાભ લીધો. ૧૫-૧૬. એક દિવસ અને એક રાત સહુ જનોએ અપાર લાભ લીધો. બધું લખી શકાતું નથી. જેટલું લખી શકાય તેટલું લખું છું. ૧૭. શ્રીહરિની વાત તો અપાર છે. તેને વર્ણવીને કોઈ પાર પામી શકે તેમ નથી. એક વાત કહીએ છીએ અને કરોડો રહી જાય છે. કારણ કે, શ્રીહરિની વાત તો એટલી બધી ઝાઝી છે. ૧૮. 'લખ્યા સિવાય એક પણ વાત ટકતી દેખાતી નથી.' એમ સમજીને આ બધું હું આટલું લખી રહ્યો છું. જે બુદ્ધિ વગરના માણસ હોય છે તે તો મનફાવે તેમ બોલતા રહે છે. ૧૯.

❋ શ્રીહરિની વાતનો મહિમા :

શ્રીહરિની વાતમાં એવો રસ રહે છે કે, કહેતાં કહેતાં તેની તૃપ્તિ થાતી નથી. જેને શ્રીહરિની વાતો સાંભળીને તેમાં વધારે ને વધારે પ્રેમ નથી થાતો, તે બધાને ગધેડાં અને પશુના જેવા દેખવા. જે મનુષ્ય ગધેડાં કે પશુ જેવા હોય છે તેને ભગવાન સિવાયની બીજી બધી વાતો સાંભળવામાં તૃપ્તિ થાતી નથી. એવાને તો ભગવાનની વાત ક્યાંથી ગમે ? જે માણસ જે રીતનો હોય છે તેવો ભગવાનની વાતે કરીને દેખાઈ આવે છે. ૨૦-૨૨. શ્રીહરિની વાત તો સૂર્યના સમાન છે. જે આંધળો હોય તેને તે વાત દેખાતી નથી. જેને **શ્રીહરિની વાતમાં વધારે ને વધારે રસ આવતો હોય છે તેવા મનુષ્ય સમાન બીજો કોઈ નથી. વેદો તથા પુરાણો પણ તેવા મનુષ્યની પ્રશંસા કરે છે.** મનુષ્યદેહ પામ્યાનું ફળ પણ એટલું જ છે કે, ભગવાનની વાતમાં વધારે ને વધારે અપાર રસ આવતો રહે, અને તે સિવાય બીજી બધી વાતો તેને નઠારી લાગે. શ્રીહરિ તથા જે મોટેરા સંતો છે તે બધા આવા ભક્તોની પ્રશંસા કરે છે. ૨૩-૨૫.

दोहा : श्रीहरि कि बात तिन महीं, अधिक अधिक रस जेहु;
आवत रहे तिनकु जो, ब्रह्मांड के जेतेहु...२६
वेर वेर सब देव यह, सराहत ही रहेउ;
मात तात तिनके जोउ, सराहत रहे तेउ...२७

શ્રીહરિના સંબંધવાળી વાતમાં જેને વધારે ને વધારે રસ આવતો હોય છે, તેમની પ્રશંસા બ્રહ્માંડના બધા મોટા મોટા દેવતાઓ પણ કરતા રહે છે, અને તેના માતા-પિતાની પણ પ્રશંસા કરે છે. ૨૬-૨૭. દેવતાઓ કહે છે કે, **"જેને ભગવાનની વાતમાં રસ આવતો હોય તેના માતા-પિતાને ધન્ય છે, અને તેના કુટુંબને પણ ધન્ય છે.** ૨૮. જેને ભગવાનની વાતમાં રસ નથી આવતો તેવા મનુષ્યને અને તેના માતા-પિતાને પણ ધિક્કાર છે, એમ દેવતાઓ કહે છે. ૨૯.

બુવા ગામના જે મોટા મોટા હરિભક્તો હતા, તેમણે શ્રીહરિ તથા સંતોને માટે ઘણા હેતથી કંસારની રસોઈ કરાવી. અને શ્રીહરિ તથા સંતો

ઘણા પ્રેમ-ભાવથી જમ્યા. ત્યાં એક દુલેશ્વર નામે મહાદેવનું મંદિર હતું. તેમાં કોઈ સ્ત્રી રહેતી ન હતી. ૩૦-૩૧. તે શિવમંદિરમાં સંતો ઊતર્યા. સંતોનો ઉતારો થઈ શકે એટલી તે જગ્યા વિશાળ હતી. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે શ્રીહરિ દર્શન દેવાને માટે જ્યાં સંતો ઊતર્યા હતા ત્યાં આવ્યા. શ્રીહરિએ તે સમયે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. તે શિવમંદિર પૂર્વ દ્વારનું હતું અને તેની સન્મુખ શિવજીનો કોટ હતો. ૩૨-૩૩. ત્યાં એક વચ્ચે પિપળાના ઝાડવાળો મોટો ચોતરો હતો. તે ચોતરા ઉપર પલંગ બિછાવી દીધો હતો. ત્યાં આવેલા શ્રીહરિ હરખભર પલંગ ઉપર વિરાજમાન થયા. ૩૪. તે ચોતરાથી નીચેના ભાગમાં જેટલા સંતો હતા તેની સભા થઈ. સંતો પૂરવ રાગનાં ગોડીનાં પદને ઘણા ભાવથી ગાવા લાગ્યા. ૩૫. પછી આરતી તથા ધૂન કરી.

ત્યાર બાદ અતિશય પ્રસન્ન થયેલા શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની સામે જોઈને વાત કરવા લાગ્યા, "કાનદાસભાઈના જે ભાઈઓ છે તેણે ઘેર ઘેર ઘણા ભાવથી અમારી પધરામણી કરી અને પછી પૂજા કરી. ૩૬-૩૭. તે સહુને અમારી પૂજા કરવાનો કેટલાયે દિવસથી ભાવ હતો. તે ઘેર પધરાવવાનો સમય તેમને આજ મળ્યો. ૩૮. વારંવાર આવો સમય આવતો નથી, એમ સમજીને સહુ હરિભક્તોએ ઘણા ભાવથી અમારી સેવા કરી છે. અમારી પૂજા કરતા ત્રણ પહોર જેટલો સમય વીતી ગયો, અને સાંજ પડી ત્યારે અમે આવ્યા છીએ. ૩૯-૪૦. હવે તમે સહુ સંતો સરોદ તથા દુકડ વગેરે વાજિંત્ર લઈને કીર્તનગાન કરો. કીર્તનગાનના સમાન બીજી કોઈ વાત નથી. ૪૧. કીર્તનગાનમાં જેવી પ્રીતિ થાય છે તેવી વાતમાં પ્રીતિ થતી નથી. હિંદુ કે મુસલમાન જે હોય તે બધાને ગાનમાં પ્રીતિ થાય છે. ૪૨.

✻ વાક્ચાતુર્યની વિશેષતા :

चोपाई :

प्रीति बिन बात में कबहु भावा, होवत नहीं आत देखावा;
भाव होत तब बात हि तामें, जीव चोंटत रहावत यामें...४३
बात में जीव चोंटत जीमी, सबकु बात न आवत तीमी;
विरोध संप बात में रहाता, बंधिखाना बात पूजाता...४४

હેત વિના ક્યારેય વાતમાં ભાવ થતો નથી, એવું દેખાય છે. જ્યારે ભાવ થાય ત્યારે વાતમાં જીવ ચોંટે છે. ૪૩. જે રીતે વાતમાં જીવ ચોંટે તેવી રીતે વાત કરતા સહુને આવડતું નથી. વાતમાં જ કજિયો અને સંપ રહ્યા છે. વાતમાં જ બંદીખાનું અને પૂજા-સન્માન રહ્યા છે. ૪૪. **વાત કહેતા ન આવડે તો ગધેડા ઉપર બેસાડે છે, અને નાક, કાન તથા માથું કપાય છે. જે જે દુઃખ આવે છે તે બધું વાત કહેતા ન આવડે તેનું પરિણામ છે.** ૪૫. રાજ નહિ હોવા છતાં જે રાજ્યનું સુખ ભોગવે છે તે પણ વાતનું જ ફળ છે. ઈન્દ્ર અને બ્રહ્માનાં તમામ સુખ કરતાં પણ ભગવાનનું જરીક જેટલું સુખ પણ અતિ અપાર રહ્યું છે. ભગવાનનું સુખ તો એટલું બધું અસીમ છે કે તે મુખથી કહી શકાતું નથી. આવી રીતે જેને વાત કરતા આવડે તેણે બધી વિદ્યા ભણી લીધી છે. ૪૬-૪૭.

જે વાતે કરીને ભગવાનમાં સુખ મનાય, અને જે વાતે કરીને ભગવાન સિવાયનું બધું દુઃખરૂપ મનાય; એનું જ નામ વાત કહેવાય, એને જ કીર્તન કહેવાય, એને જ વેદ કહેવાય, એને જ પુરાણ કહેવાય અને એને જ સર્વે સદ્‌ગ્રંથ કહેવાય. ૪૮-૪૯. સાધન અનંત કહ્યાં છે, પણ તે બધાં એક ભગવાનમાં જ સુખ મનાવતાં રહે છે. એક ભગવાનમાં સુખ મનાવે એને જ સત્સંગ, ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન કહેવાય છે. વાતે કરીને ભગવાનમાં તે સુખમાત્ર દેખાડાય છે. અર્થાત્ વાતની એવી અતિ મહત્તા છે. ૫૦-૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "બુવા ગામના ભક્તોએ શ્રીહરિની પધરામણી કરીને ઘણો રાજીપો મેળવ્યો" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૬

બુવામાં આમોદના અધિકારીઓને શ્રીહરિએ કલ્યાણકારી વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે રાત ચાર ઘડી ગઈ ત્યાં સુધી શ્રીહરિએ વાજિંત્રોની સાથે સંતો પાસે તે જગ્યામાં ભગવાનનાં કીર્તન ગવડાવ્યાં. ૨.

તે સમયે આમોદના નરહરિભાઈ કુમાસદાર(સરકારી વહિવટી અધિકારી) ભાવથી શ્રીહરિનાં દર્શન કરવાં માટે પોતાની ગાડીમાં બેસીને ત્યાં બુવા ગામ આવ્યા. ૩. તેઓ દીનાનાથ ભટ્ટને સાથે લાવ્યા હતા. અને હરજીવન શેઠ પણ તેની ગાડીમાં બેસીને આવ્યા હતા. તેમજ આમોદ ગામની સરકારી કચેરીના જેટલા અધિકારીઓ હતા, તે બધા પણ ચાર-પાંચ ગાડીઓ લઈને આવ્યા હતા. તે સહુ શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૪-૫. તેમાં કુમાસદારે એક સારું શેલું લાવીને શ્રીહરિને ઓઢાડ્યું, અને તે બંને હાથ જોડીને શ્રીહરિની સન્મુખ બેઠા. ૬. બીજા જે કારકુનો હતા તેમણે કોઈએ એક, બે, ત્રણ, ચાર અને પાંચ રૂપિયા સુધી જેનો જેવો અધિકાર હતો, તે પ્રમાણે શ્રીહરિની આગળ મૂક્યા. પછી તે સહુ જેનો જેવો અધિકાર હતો, તે રીતે હાથ જોડીને શ્રીહરિની સન્મુખ બેઠા. ૭-૮. તે સહુએ શ્રીહરિ અને સંતોનાં ઘણાં ભાવથી દર્શન કર્યાં. જેના દિલમાં જેવો ભાવ હતો, તે તેની આંખોમાં દેખાઈ આવતો હતો. ૯. તેઓ જે વેણ ઉચ્ચારતા હતા તેમાં પણ તેમનો ભાવ દેખાઈ આવતો હતો. તે બધું જોઈને શ્રીહરિએ કહ્યું કે, "તમારી જે ઈચ્છા હોય તે કહો. ૧૦. અથવા તમે જે કાંઈ પૂછો તેના ઉપર અમે વાત કરીએ. જેની જેવી રુચિ હોય તે પૂછવા ઉપરથી દેખાઈ આવે છે." ૧૧.

ત્યારે ત્યાં જે મામલતદાર હતા તેમણે હાથ જોડીને કહ્યું, "પહેલા તો બે કીર્તન સાંભળવાં છે. અને તે પછી આપ જે વાત કહેશો તેને અમે સાંભળવા આવ્યા છીએ. **આપની વાતમાં તો બધાં જ શાસ્ત્રો નિવાસ કરીને રહ્યાં હોય છે.** ૧૨-૧૩.

જે કોઈ પણ શુભ વાત છે અને જે જે મંગળકારી છે તે બધું આપમાં નિવાસ કરીને રહ્યું છે, તેમ અમને દેખાય છે.” ૧૪. પછી શ્રીહરિએ સંતોની પાસે બે કીર્તન ગવડાવ્યાં. તે સાંભળીને સહુના મન ખૂબ જ ખુશ થયા. ૧૫. પછી મામલતદારે શ્રીહરિને કહ્યું કે, “હવે આપ જીવનો જે રીતે મોક્ષ થાય તેવી વાત કરો. ૧૬.

આ દુનિયામાં જેટલા નર-નારીઓ રહે છે, તે બધાં મોક્ષનો માર્ગ છોડી દઈને દુઃખના માર્ગમાં અપાર સુખ માને છે. ૧૭. ગુરુઓ, પંડિતો, પુરાણીઓ અને જેટલા જગતમાં ભેખધારીઓ છે, તે બધાના દિલમાં મોટેભાગે કોઈને મોક્ષનો લેશમાત્ર ખપ નથી, તો મર્યા પછી તે સહુનું શું થશે ? ૧૮. છેવટે સહુને જરૂર મરવાનું છે. તેમાં જરાય ખોટું નથી. જન્મ અને મરણ - એ બેના પ્રવાહ તો નદીના પ્રવાહની જેમ અખંડ વહેતા રહે છે. ૧૯. એક મોક્ષની વાત છોડીને, મનુષ્યશરીર સિવાય બીજા કોઈ શરીરમાં જીવ જ્યાં જાય છે, ત્યાં વિષય સંબંધી જે સુખ કહેવાય છે, તે દુઃખથી ભર્યું તૈયાર જ રહ્યું હોય છે. ૨૦. **વિષયની વાસનાને લીધે જીવને દુઃખ દેખાતું નથી. તેને લીધે વિષય માટે નાક, કાન અને માથું પણ કપાવે છે, જીવને વિષય ઉપર એટલો બધો ભાવ રહે છે. તેથી તેમાં ક્યારેય દોષ દેખાતો નથી.** ૨૧.

જે મોક્ષને માર્ગે ચાલે છે તેની બાબતમાં, મોક્ષના ખપ વગરના અજ્ઞાની ગુરુઓ અને પંડિતો ગમે તેવું બોલતા રહે છે. ૨૨. જેને મોક્ષનો ખપ નથી હોતો એવા લોકો શાસ્ત્રને વાંચે છે, છતાં પણ સાચું જોઈ-વિચારી શકતા નથી. તેવા લોકોનો ઉદ્ધાર કરવા માટે અત્યારે આપ દયા કરીને પ્રગટ થયા છો. ૨૩. આપનો સંકલ્પ તો સત્ય છે. તેને કોઈ મિથ્યા કરનારો નથી. આપના સંકલ્પને મિથ્યા કરવાનું જો કોઈ ધારે તો તે બ્રહ્માના જેવો મોટો હોય, તોપણ તેનું આપની આગળ ચાલે તેમ નથી. તો બીજાનાં શાં લેખાં ? આપની સમક્ષ કોઈનું લેશમાત્ર પણ ઊપજતું નથી. ૨૪-૨૫. જે જે અવતારો થયા તે સમયે આપના સંકલ્પને જે અજ્ઞાની તથા ગમારોએ

મિથ્યા કરવા પ્રયત્ન કર્યો, તેમાં કોઈનું લેશમાત્ર પણ ચાલ્યું નથી. ચાલ્યા જતા હાથીને જોઈને કૂતરાં ભસતાં રહે તેવા વ્યર્થ પ્રયત્નો અજ્ઞાનીઓએ કર્યા હતા.” ૨૬-૨૭.

ત્યારે શ્રીહરિએ કુમાસદારને શુદ્ધ બુદ્ધિવાળા જોયા. તેથી તેમની સાથે વાત કરવા લાગ્યા, “માણસને જે ગામ જવાનું હોય ત્યાં જવાની જિંદગીભર વાતો કર્યા કરે, પણ જો ચાલે નહિ તો તે ગામ આવતું નથી. પણ જો રોજ પાંચ-દસ કોશ ચાલતો રહે, તો જ્યાં જવાનું હોય તે ગામ કોઈક દિવસ તો આવે. જુઓને ! તમે સહુ જ્યારે અહીંયાં ચાલીને આવ્યા ત્યારે સહુને સંતોનાં દર્શન થયાં. ૨૮-૩૦. તેનો અપાર લાભ મળ્યો છે. ભલે તે લાભ તત્કાળ લગાર પણ દેખ્યામાં ન આવતો હોય.

❋ ભાવે સેવે જે સંત, તેને આવે ચોરાશીનો અંત :

જે સત્પુરુષો છે તે પરલોકના અવિનાશી સુખને આપે છે. કેમ જે, તેમાં એકલું અપાર સુખ સુખ ને સુખ જ રહ્યું છે, પણ તેમાં જરાય દુઃખ રહ્યું નથી. **આ સંતો જોવામાં ભલે ગરીબ દેખાતા હોય, તોપણ જે આ સંતોના ઉપર ભાવ રાખે છે તેનાં જન્મ, મરણ, જમપુરી તથા લખચોરાશીના ફેરા મટી જાય છે; એવા આ સમર્થ સંતો છે.** ૩૧-૩૩. **પ્રગટ ભગવાનનો આ યોગ થયો છે તેમને જે સેવે છે તે ખરા અર્થમાં નિરોગી થઈ જાય છે. જીવને માટે જન્મ-મરણરૂપ સંસૃતિના જેવો બીજો કોઈ રોગ નથી. સંસૃતિરૂપી રોગ સહુથી મોટો રોગ છે.** ૩૪. આ બાબત વ્યાસજીના પ્રત્યે શુકદેવજીએ કહી છે. શુકદેવજીનું વચન મિથ્યા હોતું નથી. આવી વાત કરતાં શ્રીહરિએ તત્કાળ જ શુકદેવજીનો એક શ્લોક બોલી બતાવ્યો. ૩૫. સંસૃતિનું દુઃખ કુંભીપાક કરતાં પણ ઘણું ઝાઝું છે. કરોડો ઉપાય કરતા પણ તે દુઃખ ટળતું નથી. **જો સંતોની સેવા કરવામાં આવે, તો તે સંસૃતિનું દુઃખ રતીભાર પણ રહેતું નથી.** ૩૬.

નારદજી, શુકદેવજી, સનકાદિકો, કપિલદેવ, દત્તાત્રેય અને જડ ભરતજી - એ બધાએ એવા સંતોનો સમાગમ કર્યો હતો, ત્યારે તે અવિનાશી સુખને પામ્યા હતા અને તે બધાનાં નામ શાસ્ત્રોમાં લખાયેલાં છે. નામથી

જ તે બધા પ્રત્યક્ષ દેખાય છે. અને જે નામ લખ્યા વિના રહી ગયા છે તે ક્યાંય પ્રત્યક્ષ દેખાતા નથી. ૩૭-૩૯. જે જે વાત હોય છે તે લખ્યા વગરની હોય તો તે દેખાતી નથી. જેટલું લખવામાં આવે તે બ્રહ્માંડ રહે ત્યાં સુધી પ્રત્યક્ષ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "બુવામાં આમોદના અધિકારીઓને શ્રીહરિએ કલ્યાણકારી વાત કહી" એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૭

કવિએ રસભરી વાતોનો મહિમા કહ્યો અને બુવાથી શ્રીહરિ ભરૂચ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ ત્યાં બહુ જ વાતો કરી હતી, તે બધી મારાથી લખ્યામાં આવે તેમ નથી. હું તો કેવળ દિશમાત્ર લખું છું. જો વધારે લખાય તો આ ગ્રંથ ઘણો વધી જાય. ૨. **શ્રીહરિની વાતમાં જેને સર્વે વાતો કરતાં અધિકપણે રસ દેખાતો હોય, તેવા ભક્તો માટે જ હું આ ગ્રંથ લખી રહ્યો છું.** ૩. જેને ભગવાન શ્રીહરિની વાતમાં જરાય હેત હોતું નથી, તે લોકો સંસારની વાતમાં કરોડો કલ્પ સુધી ખુવાર થતા રહ્યા છે. ૪. સંસારની વાતોમાં તો વારંવાર જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનું અપાર દુઃખ થાય છે, છતાં પણ જીવ તે દુઃખની સામે લગારેય દેખતો નથી. તેવા જીવોને માટે મેં કાંઈ આ ગ્રંથ લખ્યો નથી. **ભગવાન શ્રીહરિની વાતમાં અમાપ રસ અને અમૂલ્યતા બતાવવાને માટે આ ગ્રંથ લખ્યો છે.** ૫-૬.

કરોડો ચિંતામણિ, કરોડો કલ્પવૃક્ષ અને કરોડો રિદ્ધિ સિદ્ધિ, તે સહુનાં કરતાં પણ શ્રીહરિની વાતો ઘણી અધિક દેખાય છે. તેથી તેને સાંભળવામાં ભગવાનના ભક્તને કોઈ રીતે તૃપ્તિ થાતી નથી. પૃથુ રાજાએ ભગવાનની

કથા સાંભળવાને માટે દસ હજાર કાન ભગવાનની આગળ માગ્યા હતા. ૭-૮. તેટલા કાન માગ્યા હોવા છતાં પૃથુ રાજાને તૃપ્તિ થઈ ન હતી. **ભગવાન શ્રીહરિની વાતમાં આટલો બધો રસ રહ્યો છે, જે કહી શકાતો નથી.** જે પશુના જેવા છે તેને તો આવી વાત સાંભળતા તૃપ્તિ થઈ જાય છે. ૯. અને જેને શ્રીહરિની વાતમાં પૂરો રસ આવતો નથી, તેવા જીવો તો ગમે તેવા પંડિત હોય અને કરોડો ગ્રંથને ભણ્યા હોય, તોપણ તે જગતની વાતોથી ક્યારેય ધરાતા નથી. ૧૦.

આ ભૂમિ ઉપરના એવા બધા જ પંડિતોને ચર્ચામાં જીતી લીધા હોય તોપણ તેનું શું ફળ ? શ્રીહરિની વાતમાં જ્યાં સુધી મનુષ્યને સર્વોપરિ રસ આવતો નથી, ત્યાં સુધી વ્યાસજી અને શુકદેવજીએ તેમને પશુમાં ગણાવ્યા છે. જ્યાં સુધી ભગવાનની વાતમાં રસ આવતો નથી, ત્યાં સુધી તેમને પુરાણોમાં વારંવાર પોકારી પોકારીને ગધેડાંની ઉપમા આપી છે. ૧૧-૧૨. શ્રીહરિએ કહેલી વાતમાં જેને સર્વોપરિ રસ દેખાતો નથી તેને માટે આવા શબ્દો કહ્યા છે. ૧૩.

✻ જેને શ્રીહરિની વાતમાં રસ થાય તેની કસરમાત્ર જાય :

दोहा : हरि कि बात में रस हि बहु, सर्वोपरि देखात;
साधन सब कर रहे यह, विद्या जेति कहात...१४

सोरठा : पढ रहायेउ ताय, ब्रह्मांड कहात जेते;
जित लिने यह रहात, हरि कि बात में रस जेहि...१५
आवत त्रप्ति न होउ, सत्संग इनके नाम कहे;
त्रप्ति जितना हि जोउ, तितना कसर रहे यह...१६

જેને શ્રીહરિની વાતમાં સર્વોપરિ રસ બહુ દેખાતો હોય, તો તેણે બધાં જ સાધનો કરી લીધાં છે. અને જેટલી વિદ્યાઓ કહેવાય છે તે બધી વિદ્યા તેણે ભણી લીધી છે. એટલું જ નહિ, પણ જેને શ્રીહરિની વાતમાં જ રસ હોય, તેણે જેટલાં બ્રહ્માંડો કહેવાય છે તે બધાંમાં વિજય પ્રાપ્ત કરી લીધો છે. ૧૪-૧૫. **ભગવાનની વાતના રસમાં તૃપ્તિ ન થવી, તેનું નામ જ સત્સંગ કહેવાય છે.** તે રસમાં જેટલી તૃપ્તિ થઈ જાય છે તેટલી તેના

સત્સંગમાં કસર રહી છે. ૧૬. શ્રીહરિની સર્વોપરિ વાતમાં દિવસે દિવસે જેને જેટલો અધિક રસ રહેતો હોય, તેના જીવમાં તેટલો સત્સંગ અધિક રહ્યો છે. ૧૭. જેના જીવમાં જેવી શ્રીહરિની વાત અને સત્સંગ રહ્યા હોય, તે કાચમાં જેમ પદાર્થ દેખાય તેમ દેખાઈ આવે છે. ૧૮.

જેના જીવમાં જેટલો જગતની વાતનો રસ હોય તેટલો તેમાં કુસંગ રહ્યો હોય છે. તે કુસંગને ભગવાનની વાત સાક્ષાત્ ઓળખાવી દે છે. ૧૯. તેથી શ્રીહરિની વાત સર્વોપરિ છે. શ્રીહરિની વાતમાં સરસ અને સારમાં સાર જે રસ છે તે નિવાસ કરીને રહ્યો છે. ૨૦. શ્રીહરિ જ્યારે જ્યાં પ્રગટ થયા હોય અને ત્યાં ત્યાં જે વિચરણ કર્યું હોય, તેમની જે કાંઈ વાત હોય તે, તથા જન્મથી લઈને ભૂમિ ઉપર જ્યાં સુધી વિચરણ કરતાં રહ્યા, તે સમયે જે જે વાત કરી હોય તે વાતોને ખળતા છોડી દઈને જો સાંભળે, તો તે બધી વાતો શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય કરાવનારી છે. ૨૧-૨૨. કેમ જે, જે મનુષ્ય ખળ, કપટી અને કુટીલ હોય છે તેને ભગવાનનો નિશ્ચય કલ્પ જેટલો સમય જાય, તોપણ ક્યારેય થાતો નથી. તેથી જ તે વારંવાર સંસારમાં ભટકતો રહે છે. ૨૩.

❋ જેને સંતમાં હેત થાય તેનું જીવન સુધરી જાય :

જે કુટીલતા રાખે છે, તે જન્મ, મરણ અને લખચોરાશીનાં જેટલાં દુઃખ હોય છે તેને વારંવાર ભોગવ્યા કરે છે. ૨૪. જેમાં કુટીલતા, ખળતા અને કપટ ન હોય, એવા મનુષ્યને કોઈક દિવસ તો સાચા સંત ઉપર હેત થાય જ છે ત્યારે સત્સંગ થાય છે. પછી શ્રીહરિના સ્વરૂપનો નિશ્ચય થાય છે. ૨૫-૨૬. સાચા સંતો અને સત્સંગ મળ્યા સિવાય કોઈ દિવસ કુસંગ મટતો નથી. સત્સંગ તરત જ કુસંગને બતાવી દે છે, આવો સત્સંગ પ્રતાપી છે. જીવ જ્યારે સત્સંગ કરે છે ત્યારે જેટલું સત્ય અને અસત્ય હોય તે બધું તેને દેખ્યામાં આવે છે. જ્યારે સાચો સત્સંગ મળે છે ત્યારે તે સત્યનો સ્વીકાર કરે છે અને અસત્યનો ત્યાગ રાખે છે. ૨૭-૨૯. આ સત્સંગ સત્યસ્વરૂપ છે. જે અસત્યને સંઘરે છે તેનું જ નામ કુસંગ કહેવાય છે. સત્સંગ તથા કુસંગ, તે બંનેની પરીક્ષા ઉપર કહ્યા પ્રમાણે થાય છે. ૩૦.

જે જે સત્ય કહેવાય છે તેમાં ભગવાનનો નિશ્ચિત નિવાસ હોય છે. આ વાત કાંઈ ખોટી નથી. સત્ય વાતના માર્ગ ઉપર જેની મતિ દઢ થઈ હોય તેનું જ નામ કલ્યાણ છે. આ વાત તો જે સમજે તેના માટે છે. ૩૧-૩૨. ગમે તેવો કોઈ સરસ હોય પણ તે ખરાબ બાબતથી ખરાબ થઈ જાય છે. આવી હકીકતને સમજતો હોય તે જ મનુષ્ય કહેવાય છે. જેમાં આવી સમજણ ન હોય તે પશુ છે. જેટલાં શુભ સચ્છાસ્ત્ર કહેવાય છે તે બધાંની આવી રીત અને સમજણ હોય છે. શુભ સચ્છાસ્ત્રોએ કરીને જ મા અને બહેન વગેરેની વિક્તિ રહી છે. ૩૩-૩૪. વર્ણાશ્રમના ધર્મની જે વિક્તિ છે તે પણ બધી શુભ શાસ્ત્રોએ કરીને છે.” શ્રીહરિએ ત્યાં આમોદના અધિકારીઓની આગળ આવી ઘણી વાતો કરી હતી. તેમાંથી અહીં તો દિશમાત્ર જ બતાવી છે. ૩૫.

તે પછી આમોદના ગોવર્ધન નામે એક વિપ્ર ત્યાં આવ્યા હતા. તે સારા કવિ હતા. તે શ્રીહરિના નામનું એક સરસ કવિત કરીને બોલ્યા. ૩૬. ત્યારે શ્રીહરિએ તેને એક ફૂલનો હાર આપ્યો, અને બે રૂપિયા તત્કાળ અપાવ્યા. ૩૭. જ્યારે રાતના અગિયાર વાગ્યા ત્યારે ઘણા ખુશમિજાજ શ્રીહરિ ગુલાબભાઈ મોટાના ભવનમાં પોઢી ગયા. ૩૮.

(સં.૧૮૮૧, કારતક વદ-૫ શુક્રવારે શ્રીહરિ બુવા પધાર્યા હતા. ત્યારે ત્યાંના મુખ્ય પટેલિયાઓએ ખૂબ સેવા કરી હતી. તેમાં કાનદાસ અને ગુલાબભાઈ મુખ્ય હતા. ગામ બુવાના રૂગનાથ પટેલના તેઓ પરિવારજનો હતા. તેમને વડોદરા નરેશે ૧૨ ગામની જાગીરાય આપી હતી. આ રૂગનાથ પટેલને ત્રણ પુત્ર હતા. ૧. ઝવેરદાસ ૨. નરહરિદાસ અને ૩. કાનદાસ. તેમાં ઝવેરદાસના પુત્ર દરુભાઈ, નરહરિદાસના પુત્ર ગુલાબભાઈ, કાનદાસના પુત્ર નરશીદાસ તથા ભવાનીદાસ હતા. અને બુવાના અન્ય ભક્તજનોમાં ઈશ્વરભાઈ, લાલદાસ, દાજીભાઈ, કરશનદાસ, વેરીભાઈ, અજુભાઈ વગેરે હતા. તેમણે બુવામાં શ્રીહરિ ગુલાબભાઈના ઘેર રાત રોકાયા ત્યારે ભાવથી સેવા કરી હતી.

ગુલાબભાઈની માતાનું નામ સખબા હતું. તેમના પત્ની સાકરબા અને બહેન કંકુબા હતાં. અને દલબા અને જીબા બે પુત્રીઓ હતી.

આ ગુલાબભાઈને સાકરબા થકી સંવત્ ૧૮૭૦માં એક પુત્રનો જન્મ થયો હતો. તેમનું નામ ત્રિકમભાઈ હતું. અત્યારે તેમની ઉંમર બારેક વર્ષની હતી. પરંતુ તેમની સેવામાં શ્રદ્ધા, હૃદયનો શુદ્ધભાવ અને નિર્મળ અંતર જોઈને શ્રીહરિ અને સંતો તેમના ઉપર ખૂબ જ રાજી થયા હતા. તેથી આ ત્રિકમભાઈ ૨ વર્ષ બાદ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય તરીકે દીક્ષા લઈ સ્વામી બાલમુકુંદદાસજી તરીકે પ્રસિદ્ધ થયા હતા. તેમના શિષ્ય શા.કૃષ્ણપ્રિયદાસજી સ્વામી-ડભોઉ ગામના હતા. અને તેમના શિષ્ય પુરાણી ઉત્તમચરણદાસજી સ્વામી-બામણગામ(ગંભીરા)ના હતા. અને તેમના શિષ્ય અમારા ગુરુ પ.પૂ. રાધારમણદાસજી સ્વામી ખાનદેશના ડોંગર કઠોરા ગામના હતા.) જ્યારે પાછલી રાત દોઢ પહોર રહી ત્યારે બધા સંતો બુવાથી ચાલતા થયા અને શ્રીહરિ પણ ચાલતા થયા. ૩૯. જ્યારે દિવસ દોઢ પહોર ચડ્યો ત્યારે ધર્મકિશોર શ્રીહરિ **ભરૂચ** પહોંચ્યા અને ત્યાં વાડીમાં ઊતર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "કવિએ રસભરી વાતોનો મહિમા કહ્યો અને બુવાથી શ્રીહરિ ભરૂચ આવ્યા" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૮

શ્રીહરિએ ભરૂચમાં ટીમણ કર્યું અને તુઈરામ સાથે નિયમ વગેરેની વાતો કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ અને સંતો ભરૂચમાં જે વાડીમાં ઊતર્યા હતા ત્યાં સ્નાન કરીને સહુએ ટીમણ કર્યું. ત્યારે ત્યાં તુઈરામ નામના એક શાહુકાર હતા,તે મુનિબાવાના યોગે કરીને શ્રીહરિમાં ખૂબ ભાવવાળા થયા હતા. આમ તો

મુનિબાવા અને તુઈરામ - બંને દિલ્લીના હતા. ૨-૩. ગાડી ઉપર બેસીને તે શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા. તે એક બરફી ભરેલી માટલી લાવ્યા હતા. તેને શ્રીહરિની સમીપે ધરી. તે સિવાય ખાનદેશના જે ભાવસાર હતા, તે આ ભરૂચમાં રહેતા હતા. ૪-૫. તેમાંથી જે હરિભક્ત થયા હતા, તેવા પંદર-વીશ જણ શ્રીહરિનાં દર્શન કરવાં માટે ખૂબ ભાવથી સન્મુખ આવ્યા હતા. ૬.

તેઓ બધા પણ એક એક બરફીની માટલી લાવ્યા હતા, અને તે શ્રીહરિની આગળ દંડવત કરીને મૂકી. સહુ ઘણા હેતથી શ્રીહરિનાં ચરણમાં પડ્યા. બધા એક એક ફૂલનો હાર લાવ્યા હતા, તે હાર શ્રીહરિને પહેરાવ્યા અને દર્શન કરીને બધા ખુશ થયા. ૭-૮. તુઈરામ આવ્યા, તેને શ્રીહરિએ ખૂબ આદરભાવથી બોલાવી તેની સાથે ઘણી વાતો કરી. એમાં જે વાતો કરી તેમાંથી કિંચિત્માત્ર વાત કહું છું. ૯. કારણ કે, ગમે તેવો ચતુર હોય, તોપણ વાત કર્યા સિવાય ખબર કેમ પડે ? અને જો બધી વાત કહેવા જઈએ તો ગ્રંથ વધી જાય તેનો પણ મનમાં ડર રહે છે. ૧૦.

શ્રીહરિની વાતમાં એવો સ્વાદ છે કે તેવો બીજી કોઈ વાતમાં નથી. કોઈ કરોડો કલ્પ સુધી શ્રીહરિની વાત કરે, તોપણ તેમાં દિવસે દિવસે અધિક સ્વાદ આવતો રહે એવી તે વાતો છે. ૧૧. જો આ શ્રીહરિની વાતોમાં કોઈને તૃપ્તિ થઈ જાય, તો તેને બાળબુદ્ધિના જાણવા. કારણ કે, જે બાળબુદ્ધિના હોય છે તે તો ચિંતામણિ અને પથ્થરને એકસમાન માને છે. શ્રીહરિની વાત સાંભળવામાં જેને ભાવ ન હોય તે શ્રીહરિની વાતો માટેનું પાત્ર થયા નથી. તે તો બેડોળ-કુપાત્ર ગણાય છે. ૧૨-૧૩. સત્સંગ કર્યા પછી પણ જે બેડોળ રહે છે તે શ્રીહરિની વાતનો આદર કરતા નથી. ૧૪. જે શ્રીહરિની વાતનું પાત્ર હોય કે પાત્ર ન હોય તે તો તેની રુચિ બતાવી દે છે. શ્રીહરિની વાતમાં રુચિ વગરનો હરિભક્ત તો નામમાત્રનો હરિભક્ત છે. ૧૫.

❋ કપટ રાખે તે કુસંગી છે :

ઘણો સારો હરિભક્ત થયો હોય અને મુખથી 'સ્વામિનારાયણ' નામનું ઉચ્ચારણ કરતો હોય, પણ સાથે સાથે અપાર કુસંગ રાખતો હોય, અને

સત્સંગની ઓથ લઈને જીવનમાં કપટ રાખતો હોય, તો તે સત્સંગમાં ગમે તેવો સારો કહેવાતો હોય, તોપણ કાળનેમિ જેવામાં ખપે છે. ૧૬-૧૭. વર્ષો સુધી સત્સંગમાં રહે પણ જ્યાં સુધી કપટ રાખે છે તો તેનાથી શું ? ગમે તેવો મોટો હોય તોપણ જેટલું અને જેવું કપટ રાખે છે તેટલું અને તેવું તેને ફળ મળે છે. ૧૮. કપટથી સમાધિ કરે અને ધ્યાન તથા ધારણા પણ કરે. વળી અપાર કપટને ઢાંકવા માટે ભલે ઘણી સેવા-ભક્તિ પણ કરે, ૧૯. પણ સત્સંગની વાત જેના જીવમાં જેવી હોય તેવું તેને ફળ મળે છે. સત્સંગ તો ચિંતામણિ અને કલ્પતરુ છે, તે જેવો ભાવ હોય તેવું ફળ આપે છે. જેમાં સત્સંગની જેટલી વાત રહેતી હોય તેમાં શ્રીહરિનો તેટલો નિવાસ હોય છે. ૨૦-૨૧.

શ્રીહરિની વાત તે બધું બતાવી દે છે. કારણ કે, તેમની વાતમાં ચમત્કાર રહ્યો છે. જેટલું સુખ કહેવાય છે તે બધું એક શ્રીહરિમાં જ દેખાય, અને શ્રીહરિ સિવાયની જેટલી બાબત છે તેમાં દુઃખ જ દેખાય; આવી સમજણ થવી તે સહુથી મોટો ચમત્કાર તો છે. તે સિવાયના બીજા ચમત્કાર મિથ્યા કહેવાય છે. ૨૨-૨૩. ભગવાન શ્રીહરિ સિવાયની અન્ય કોઈ બાબત જ્યાં સુધી અધિક મહત્ત્વપૂર્ણ દેખાય છે, ત્યાં સુધી તેની પાત્રતામાં એટલી કસર રહી છે. ૨૪. જે સંપૂર્ણ હરિભક્ત હોય છે તે તો ભગવાન સિવાયની બીજી કોઈ વાતને અધિક દેખતા નથી. ૨૫. તેઓ સંસારસાગરને પાર ઊતરી ગયા છે. તે શ્રીહરિની વાતોના પાત્ર થયા છે. જેને શ્રીહરિની વાત રુચે છે તેવાને માટે આ ગ્રંથ રચ્યો છે. ૨૬. જેને શ્રીહરિની વાતમાં શ્રદ્ધા નથી તે તો ધૂર્ત છે. તે ધૂર્તતાને તેની શ્રદ્ધા કહી દે છે. ૨૭. શ્રીહરિની વાતમાં જેને જેવી શ્રદ્ધા હોય તેવા તે હરિભક્ત હોય છે. શ્રદ્ધા ઉપરથી હરિભક્ત ઓળખાઈ જાય છે. ૨૮.

જે ભગવાનથી વિમુખ બાઈ-ભાઈ હોય છે, તે બધાં જ્યાં ઘણી ભાંડ ભવાઈ થતી હોય ત્યાં તેને જોવા માટે દોડીને જાય છે. તેમાં જેવી શ્રદ્ધા હોય છે તેવી શ્રદ્ધા હોળીની રમત ખેલવામાં પણ હોય છે. ૨૯-૩૦. વળી વિવાહના અવસરમાં જવાની પણ શ્રદ્ધા રહેતી હોય છે. આ ભૂમિ ઉપર

જ્યાં કોઈ જાતના નિયમ કે મર્યાદા હોતા નથી, એવા તીર્થ કે ધામની પણ શ્રદ્ધા હોય છે. ૩૧. જ્યાં કોઈ જાતના નિયમ કે મર્યાદા ન રહેતા હોય, એવી બધી વાતો ભાંડ-ભવાઈમાં ખપે છે. મર્યાદા તથા નિયમ વગરની જેટલી વાતો હોય છે તે જીવને સંસારમાં ભટકાવનારી છે. ૩૨.

❋ આજ્ઞા-ઉપાસનામાં મોક્ષ છે :

चोपाई :

सदग्रंथ कहावत जो ताके, मत एसे रहायेउ वाके;
मरजाद नियम जामें जेता, हरि कि उपासना मुख्य तेता...३३
मोक्ष तिहाँ प्रगट जो रहाता, तिन बात कु छोडि नहि जाता;
तिन बात न रहायेउ जांही, भवभटकन जो तिहाँ रहाही...३४
मरजाद नियम तिहाँ धर्म जेते, सहज स्वभाविक वरतत तेते;
धर्म तिहाँ भगवान रहाते, भक्ति ज्ञान वैराग्य कहाते...३५

જેટલાં સચ્છાસ્ત્ર કહેવાય છે તે બધાનો એવો મત છે કે, જ્યાં જેટલી મર્યાદા, નિયમો અને ભગવાનની ઉપાસના મુખ્ય હોય ત્યાં મોક્ષ પ્રગટ રહે છે. મોક્ષ આ ત્રણ વાતને છોડીને જતો નથી. જ્યાં મર્યાદા, નિયમ અને ભગવાનની ઉપાસના નથી રહેતાં ત્યાં ભવભટકણ રહે છે. ૩૩-૩૪. જ્યાં મર્યાદા અને નિયમ રહે છે ત્યાં સહજ સ્વાભાવિક રીતે ધર્મ રહે છે, અને જ્યાં ધર્મ રહે છે ત્યાં ભગવાન રહે છે. તે રીતે જ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય પણ રહે છે, તેમ કહેવાય છે. ૩૫.

ત્યારે તે તુઈરામ બોલ્યા કે, “મહારાજ, આપની સેવામાં બધું રહ્યું છે. આપની ભાવથી સેવા કરવી, એટલું અમે શીખી રાખ્યું છે. ૩૬. આપે જે મર્યાદા અને નિયમની વાત કહી તે તો ઘણી કઠણ છે. અમે આપના એક સત્સંગમાં રહ્યા છીએ. તે સિવાય બીજું કાંઈ અમારામાં નથી. ૩૭. એ વાત પણ હું જાણું છું કે, ‘મર્યાદા અને નિયમ વિના મોક્ષ થાતો નથી. મોક્ષ થયા વિના ક્યારેય સંસારસાગર તરાતો નથી.’ ૩૮. આપ તો અમારા જેવા અજ્ઞાનીઓનો મોક્ષ કરવા માટે આ ભૂમિ ઉપર દયા કરીને વારંવાર

વિચરણ કરી રહ્યા છો. ૩૯. જેના અપાર ભાગ્ય હોય તે જ આપનું શરણ સેવે છે, અને જે આશરો લે છે તે જ સંસારના પારને પામે છે. કારણ કે, શરણે આવ્યા સિવાય કોઈ સંસારને તરી શકતા નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ ભરૂચમાં ટીમણ કર્યું અને તુઈરામ સાથે નિયમ વગેરેની વાતો કરી" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૨૯

શ્રીહરિ સહુની સાથે વહાણમાં બેસીને ભરૂચ પાસે નર્મદા નદીને ઊતર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ભરૂચમાં તુઈરામે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, "આપને રસોઈ જમાડ્યા સિવાય અમે ચાલવા દઈશું નહીં. ૨. હું આગળ જઈને અંકલેશ્વરમાં રસોઈ તૈયાર કરાવું." ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે, "અમને જમવાનો ભાવ નથી. ૩. તમે અમને નર્મદા નદી ઊતરાવી દો. તમે અમારી સાથે આવીને વહાણવાળાને કહો." ૪. આમ કહીને શ્રીહરિ અશ્વ ઉપર બેસીને ચાલતા થયા. પોતાના અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. અને તેમની આગળ બધા સંતો ચાલતા થયા. ૫. ભરૂચ શહેરથી પશ્ચિમમાં કોટ હતો. તે કોટની સમીપે ચાલ્યા. તે કોટ ભરૂચની પશ્ચિમ અને પૂર્વમાં પા પા કોશ જેટલો ફરતો હતો. ૬. નર્મદા નદીને ઉત્તર કાંઠે ગામના લોકોની ઘણી ભીડ હતી.

જ્યારે શ્રીહરિ ભરૂચ શહેરમાં ચાલ્યા ત્યારે મસ્તક ઉપર છત્ર ઘણું શોભી રહ્યું હતું. ૭. હરિભક્તો ઢોલ અને તાંસા લાવ્યા હતા, તે આગળના ભાગમાં વાગી રહ્યા હતા. જે ચોપદાર હતા તે 'જય જય.. જય જય..' બોલતા હતા. ૮. શહેરના લોકો રસ્તામાં આવીને ઊભા હતા, તે ઘણા હેતથી શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. ૯. સંત ચાલતાં ચાલતાં કીર્તન ગાતા હતા,

એ રીતે નર્મદા નદીને કિનારે આવ્યા. ત્યાં એક પીપળાનું ઝાડ હતું અને તેને ફરતો ગોળાકારે ઓટો કર્યો હતો. ૧૦. શ્રીહરિ આવીને તે ઓટા ઉપર બેઠા. અને સંતો બધા ઓટાથી નીચે બેઠા. તેમાં મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, દાદા ખાચર, ઝીણાભાઈ અને સુરા ખાચર આટલા જણ શ્રીહરિની સાથે ઓટા ઉપર બેઠા હતા. તે વખતે તુઈરામ વહાણની વ્યવસ્થા કરવા માટે સરકારની ઓફિસે ગયા. ૧૧-૧૩. જેટલાં ઘોડા, ઊંટ અને હથિયાર હતાં, તે બધાં સરકારમાં લખાવ્યાં. ૧૪. જેટલા હથિયારબંધ મનુષ્ય હતા તે પણ લખાવ્યા. ગાડીઓ લખાવી અને તેનો પરવાનો કરાવ્યો. ૧૫. ચાર વહાણનો પરવાનો કરાવ્યો.

તુઈરામ ત્યાંની સરકારના બધા કાયદાને જાણતા હતા. ૧૬. કાયદાએ કરીને ગેરકાયદે જનારા ઠગ ઓળખાઈ જતા હતા. ઠગને ઓળખવાને માટે સરકારે કાયદા કર્યા હતા. ૧૭. સરકારી કર્મચારીએ સુરત જવા સુધીનો પરવાનો તરત કરી આપ્યો. આ રીતે તુઈરામ સુરત પહોંચાય ત્યાં સુધીના પરવાના કરાવી લાવ્યા. ૧૮. મોટા મોટા અંગ્રેજ સાહેબો જે દિવસથી ગુજરાતમાં આવ્યા હતા, તે દિવસથી શ્રીહરિની રીત દેખીને તેમને શ્રીહરિનો વિશ્વાસ આવ્યો હતો. ૧૯. જે દિવસથી ખેડામાં મોટા સાહેબ આવ્યા, અને તેણે આવીને શ્રીહરિની રીત દેખી ત્યારથી બધા સાહેબો શ્રીહરિને જાણતા હતા. ૨૦. તે વખતે પણ જ્યારે જ્યાં સમૈયો કરવાનો હોય, ત્યાં તેઓ પરવાનો આપતા હતા. વળી, મંદિર કરવા માટે જે જે વસ્તુ લાવવી હોય, તેના પરવાના પણ તરત દેતા હતા. શ્રીહરિની રીત જોઈને તેમને દૃઢ વિશ્વાસ આવ્યો હતો. શ્રીહરિની રીત ઓળખવામાં પણ તેમની ઘણી બુદ્ધિ હતી. ૨૧-૨૨.

શ્રીહરિએ વડતાલથી સુરત જવાનું જ્યારે મનમાં ધાર્યું, ત્યારે ખેડાના સાહેબનો સુરત સુધીનો પરવાનો મગાવીને પાસે રાખ્યો હતો. જેથી જ્યાં કોઈ અજાણ્યા સાહેબ રહેતા હોય, તે પરવાનો દેખીને રસ્તામાં કાંઈ વિઘ્ન કરે નહીં. ૨૩-૨૪. એક સાહેબ બીજા સાહેબે આપેલા પરવાનાને જોઈને તે માન્ય રાખતા હતા. તે બધા રૂડી બુદ્ધિવાળા હતા. ૨૫. જ્યાં સુધી મનુષ્ય સુબુદ્ધિવાળા રહે છે, ત્યાં સુધી તે દેવ કરતાં પણ વધારે સારા જણાય છે. અને તેના રાજ્યનો

પણ દિવસે દિવસે અભ્યુદય થાય છે. ૨૬. જ્યારે તે સાહેબોમાં કુમતિ પેદા થશે, ત્યારે તે પરસ્પર એકબીજાનો વિશ્વાસ કરશે નહીં. ૨૭. **જ્યાં સુધી પરસ્પર એકબીજાનું હિત ઈચ્છતા હોય, ત્યાં સુધી તેના મનમાં સુમતિ નિવાસ કરીને રહે છે.** ૨૮. તુઈરામે સરકારી માણસ પાસે નર્મદા નદીને કિનારે ચાર વહાણ મંગાવ્યાં. તે વહાણનાં નામ પણ અલગ અલગ હતા. ૨૯.

પહેલાં બે વહાણમાં જેટલા સંતો હતા તે સહુને બેસાડ્યા. ત્રીજા વહાણમાં બધા સવારો અને પાર્ષદોએ સહિત શ્રીહરિને ઘણા ભાવથી બેસાડ્યા, અને તુઈરામ પણ તે વહાણમાં સાથે બેઠા. ચોથા વહાણમાં જેટલાં ગાડી, ઘોડા, ઊંટે સહિત જે હતાં તે જ્યારે ચઢાવી દીધાં ત્યારે વહાણ ચલાવ્યાં. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું. તે વહાણ પવનને વેગે ચાલવા લાગ્યાં. ૩૦-૩૨. નર્મદા નદીમાં વિવિધ પ્રકારનાં હજારો વહાણ કિનારે દોરડેથી બાંધી રાખ્યાં હતાં. શ્રીહરિ નર્મદા નદીની અને ભરૂચ શહેરની શોભાને દેખી રહ્યા હતા. ૩૩. સહુ નદીને દક્ષિણ કાંઠે પહોંચી ગયા. તત્કાળ જ વહાણમાંથી સહુ ઊતર્યા. દરબાર મોકા ખાચરે શ્રીહરિને ખભા ઉપર બેસાડી ઉતારી લીધા. ૩૪. નાવિકોમાં જે મોટો હતો તેને શ્રીહરિએ એક શેલું આપ્યું. બધા સંતો ઊતરી ગયા. ગાડી, ઘોડા વગેરે પણ ઉતાર્યાં. ૩૫. બધો સામાન પણ ઉતારી લીધો. પછી ચાર વહાણના ચલાવનારાને એક એક બરફીની માટલી આપી. ૩૬.

તે સમયે તુઈરામે શ્રીહરિને હાથ જોડીને કહ્યું કે, "જ્યારે આપ ફરીવાર આવો ત્યારે મને અગાઉ ખબર કરજો. ૩૭. હું આપની સેવામાં હાજર રહીશ. અને હું આવી ને આવી રીતે ભાવપૂર્વક આનંદ-ઉલ્લાસથી આપની સેવા કરીશ." ૩૮. શ્રીહરિ તુઈરામના શુદ્ધ ભાવને જોઈને તેના ઉપર રાજી થયા. ભરૂચ શહેરમાં તુઈરામ કરતાં કોઈ મોટા શાહુકાર ન હતા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ સહુની સાથે વહાણમાં બેસીને ભરૂચ પાસે નર્મદા નદીને ઊતર્યા" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૦

નર્મદાસ્નાન કરીને ચાલેલા શ્રીહરિ અંકલેશ્વર પછીના મેદાનમાં રાત રહ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વહાણમાંથી ઊતર્યા પછી શ્રીહરિએ નર્મદા નદીમાં સ્નાન કર્યું, અને સંતો તથા વર્ણી વગેરે સહુએ ઘણા ભાવથી નર્મદાસ્નાન કર્યું. ૨. અયોધ્યાવાસીઓ, બધા સવારો અને પાર્ષદો પણ ખૂબ આદરભાવથી નર્મદા નદીમાં નાહ્યા. ૩. તુઈરામ પણ અલૌકિક સમય દેખીને ત્યાં નાહ્યા. સમય પારખવામાં તુઈરામ ઘણા પ્રવીણ હતા. ૪. સાક્ષાત્ શ્રીહરિનું ચરણોદક કરોડો કલ્પે પણ મળે નહીં. કોઈ કરોડો કરોડ સાધન કરે, તોપણ શ્રીહરિનું ચરણોદક મળે નહિ, તેવું તે દુર્લભ છે. ૫. પરંતુ જ્યારે પ્રત્યક્ષ ભગવાન મળ્યા, ત્યારે જે દુર્લભ હતું તે સહેજે મળી ગયું. છતાં પણ કેટલાક મલિન લોકો હોય છે તે આવા મહિમાને સમજતા નથી. ૬.

✻ યથા સમજણ તથા ફળ :

चोपाई :

जेसे जानत ताको तेसे, फल मिलत रहाये एसे;
हरि कि एसि रित रहे सदाऊ, महिमा तेसे फल देवाऊ...०७
महिमा जानत ताके हीता, प्रगट होई हरि हि विचरीता;
ताकु तेसे सुख देवाते, अंतरजामि जानत रहाते...०८

જે જીવ જેવો મહિમા સમજે તેવું તેને ફળ મળે છે. શ્રીહરિની હંમેશની એવી રીત હોય છે કે જેવો મહિમા હોય તેવું તેને ફળ આપે છે. ૭. જે ભગવાનનો મહિમા જાણતા હોય તેના માટે જ શ્રીહરિ પોતે પ્રગટ થઈને વિચરણ કરે છે. અને તે મહિમાવાળાને તેવું સુખ આપે છે. કારણ કે, પોતે અંતર્યામી બધું જ જાણતા હોય છે. ૮.

શ્રીહરિએ સ્નાન કર્યા પછી શ્વેત વસ્ત્ર પહેર્યાં અને અશ્વ ઉપર બેઠા. તે વખતે મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૯. બધી સવારી તૈયાર થઈ

ગઈ ત્યારે સંતો ચાલતા થયા. શ્રીહરિ પણ તત્કાળ ચાલ્યા. દયાળુ એક કોશ જેટલું ચાલ્યા હશે ત્યારે ત્યાં અપાર તાડના ઝાડ આવ્યાં. ગણતા પાર ન આવે એવા તાડનું ઘાટું વન હતું. શ્રીહરિ તો તેની શોભાને જોઈ રહ્યા. ૧૦-૧૧.

તે તાડનું વન એક કોશ જેટલું લાંબું હતું, અને ત્રીજા કોશ જેટલે આગળ અંકલેશ્વર આવ્યું હતું. શ્રીહરિ અંકલેશ્વરના રાજમાર્ગ ઉપર ચાલ્યા. તે સમયે દિવસ બે ઘડી બાકી હતો. ૧૨. શ્રીહરિએ ઉત્તર તરફના દરવાજાથી અંકલેશ્વરમાં પ્રવેશ કર્યો, અને દક્ષિણ દરવાજેથી બહાર નીકળ્યા અને સુરતને માર્ગે ચાલ્યા. જ્યારે થોડેક દૂર ગયા ત્યારે ડાબા હાથ તરફના ભાગમાં એક સ્વચ્છ મેદાન આવ્યું. પછી ત્યાં સહુએ મુકામ કર્યો. ૧૩-૧૪. ત્યાં એક નિર્મળ પાણીની વાવ હતી. પછી ગામમાં જઈને જોઈતી વસ્તુ લાવ્યા, અને સહુને માટે તત્કાળ ખીચડી કરી. ત્યાર બાદ ઘણા પ્રેમથી આરતી અને ધૂન કર્યાં. ૧૫-૧૬.

શ્રીહરિના બંને ભાઈના પુત્ર નંદરામજી અને ગોપાળજીએ ઘણા હેતથી શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરી. જ્યારે ભોજન તૈયાર થયું ત્યારે સુખકારી શ્રીહરિએ જમી લીધું. વાવની પાસે જ રસોઈ બનાવી હતી. પછી ત્યાં સંતોની પંગત કરી. ૧૭-૧૮. વર્ણીએ જ્યાં રસોઈ કરી હતી તે જેને ખપતું હતું તે ત્યાં જઈને જમ્યા, વાર લગાડી નહીં. અને સંતોના ચોકામાં જેને ખપતું હતું તે ત્યાં જમ્યા. જમ્યા વગરના કોઈ એક પણ નજરે પડતા નહીં. જ્યારે સહુ જમીને બેઠા તે વખતે સરકારના એક મામલતદાર અને તેના મળતિયા કારકુન વગેરે મશાલ કરીને ત્યાં આવ્યા. સહુ શ્રીહરિના ચરણમાં પડ્યા અને એક એક રૂપિયો ભેટ ધરી. ૧૯-૨૧. મામલતદારે લીલા રંગનું એક શેલું શ્રીહરિને ઓઢાડ્યું. સંતો જ્યારે કીર્તન ગાવા લાગ્યા ત્યારે આસપાસનું વન બધું ગાજવાં લાગ્યું. ૨૨. જેનો જેવો અધિકાર હતો તે પ્રમાણે તે મામલતદાર વગેરે સંતોને પીઠ ન થાય, તે રીતે જોઈને શ્રીહરિની પાસે બેઠા. ૨૩. જે સરકારી મનુષ્યો હોય છે તે બેસવાનો વિવેક ઘણો જાણતા હોય છે.

જ્યારે સંતો કીર્તન ગાઈ રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "કોઈને કાંઈ પૂછવું હોય તો પૂછો, તો અમે કાંઈક વાત કરીએ. પૂછ્યા ઉપર જ્યારે વાત કરીએ તે નિશાન ઉપર વાત કરી કહેવાય." ૨૪-૨૫. શ્રીહરિ ત્યાં છૂટેલી એક ગાડી ઉપર રજાઈ ઓઢીને પૂર્વમુખે બેઠા હતા. ત્યારે જે લોકો આવ્યા હતા તેઓ બોલ્યા કે, "શાસ્ત્રોમાં જે રીતે કહ્યું છે તેમાંથી જે સર્વ શ્રેષ્ઠ વાત હોય, તે પ્રમાણે યોગ્ય રીત જોઈ વિચારીને આપ ચાલો છો. ૨૬-૨૭. વિધિ અને નિષેધ - એ બંને વાત બધા જ શાસ્ત્રમાં લખી છે. જેને જેમ રુચે તેમ વિધિ-નિષેધ લખેલા છે. ૨૮. ચાર ધામની વચ્ચેના ભાગમાં રહેલા જે હિંદુ વર્ણ કહેવાય છે, તે બારસો બારસો કોશના વિસ્તારમાં રહે છે. તેમાં કેટલાક મુસલમાન પણ રહે છે. ૨૯. જેટલા મુસલમાન હોય છે તે ભગવાનની મૂર્તિને માનતા નથી. મનુષ્યપણાની દૃષ્ટિએ તો બધા એકસરખા હોય છે, પણ વર્તનમાં ઘણો ફરક હોય છે. ૩૦. દલિત કે દેવીપૂજકને અડકવામાં મુસલમાન જરા પણ દોષ માનતા નથી, અને સૂતકને તો તલભાર પણ માનતા નથી. ૩૧. હિંદુઓ હિંદુઓની રીતને અપાર શ્રેષ્ઠ માને છે, અને મુસલમાનો મુસલમાનોની રીતને સર્વોપરિ માને છે. ૩૨. આ બેમાં કઈ રીત સહુથી શ્રેષ્ઠ છે ? તે તમે જેમ જાણતા હો તેમ કહો."

※ ધર્મી અને અધર્મી માણસની વિગત :

ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે, "પહેલા તમે જે જાણતા હો તે કહો." ૩૩. ત્યારે તે મામલતદાર બોલ્યા, "મુસલમાન હિંદુના જેવા કહેવાય નહીં. ધર્મ અને અધર્મ બે માર્ગ છે. તેમાં અધર્મ કરતાં ધર્મ શ્રેષ્ઠ કહેવાય છે. ૩૪. શાસ્ત્રોમાં જે કાંઈ શ્રેષ્ઠ બાબતો કહી છે, તેનો તેઓ લોપ કરીને ચાલે છે. જેટલો કાંઈ અધર્મ માર્ગ છે તે બ્રહ્માની પીઠમાંથી થયો છે. ૩૫. બ્રહ્માની પીઠમાંથી જે થયો એનું નામ અધર્મ કહેવાય છે. જેને હિંસા કરવામાં ત્રાસ થતો નથી તે અધર્મના વંશના છે. ૩૬. બ્રહ્માના હૃદયથી ધર્મ ઊપજ્યો છે, અને જે ધર્મના વંશના હોય છે તે હિંસાથી ડરતા રહે છે. તે ધર્મવંશીને જેટલી નિષ્પાપ વાત હોય છે તે રુચે છે, અને પાપવાળી જે વાત હોય છે તેનો તે ત્યાગ કરે છે. ૩૭-૩૮. જે યથાર્થ વાત હોય છે તેને તો એક ભગવાન

જાણે છે, બીજા કોઈ જાણી શકે નહીં. આ રીતે ધર્મના માર્ગો ચાલ્યા છે." ૩૯. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, **"ખપ ઉપરથી જે માણસ જેવો હોય તેવો તે દેખાઈ આવે છે. કેમ જે, કોઈ પણ મનુષ્યને જરૂરિયાત વગરની વાત રુચતી નથી."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "નર્મદાસ્નાન કરીને ચાલેલા શ્રીહરિ અંકલેશ્વર પછીના મેદાનમાં રાત રહ્યા" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૧

શ્રીહરિએ મામલતદારની આગળ શુદ્ધ વર્તન અને શુભ ભાવનાની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ મામલતદાર આગળ જે વાત કહી હતી તે હું કહું છું. કારણ કે, તે વાત સહુની હિતકારી છે. ૨. **પ્રગટ શ્રીહરિની યત્કિંચિત જે કાંઈ વાત છે, તથા તેમનાં કથા-કીર્તન છે તે મોક્ષનું દ્વાર ગણાય છે.** પ્રગટ મોક્ષનું દ્વાર તો પ્રગટ શ્રીહરિની વાત રહી છે. આ વાતને જે નક્કી નિરધાર કરીને જાણે છે, તો તે વાત તેનું હિત કરે છે. ૩-૪.

પછી શ્રીહરિ બોલ્યા કે, "ભગવાનના સંબંધ વિનાની ચાહે તેવી કોઈ વાત હોય, તોપણ તે જન્મ-મરણ અને જમપુરીનું ચોક્કસ દ્વાર છે. કોઈ માને કે ન માને પણ આ વાત નિશ્ચિત છે. અમે જેમ કહ્યું તેમ જે માને છે તો તે તેનું હિત કરે છે. કેમ જે, અમારી વાતમાં જ જીવનું સર્વોપરિ હિત રહ્યું છે. ૫-૬. જે સર્વોપરિ હિતને જાણતા નથી તે ગમે તેવા બુદ્ધિમાન હોય, અને આખી ભૂમિનું રાજ્ય ચલાવી જાણે એવા હોય, તોપણ તે વારંવાર સંસારમાં ભટકતા રહે છે. ૭.

चोपाई :

ब्रह्मांड में विद्या रहे जेती, आवत सब रहायेउ तेती;
भगवान सबंधी बात ताकू, सरवोपरि जिहाँ लग वाकू...०८
जानत न तिहाँ लग बुद्धि जेता, निर्थक तामें खपत रहे तेता;
हिंदु होय के हिंदु हि ताकी, रीत न चलत के तेउ वाकी...०९

આ બ્રહ્માંડમાં જેટલી વિદ્યાઓ છે તે બધી આવડતી હોય, પણ જ્યાં સુધી ભગવાનના સંબંધવાળી સર્વોપરિ વાતને જાણતા નથી, ત્યાં સુધી તેમાં રહેલી તમામ બુદ્ધિ નિરર્થકપણામાં ખપે છે. હિંદુ હોવા છતાં કેટલાક લોકો હિંદુની રીતમાં ચાલતા નથી. ૮-૯.

⁕ અજામિલનું આખ્યાન :

ભગવાન શ્રીહરિ જે વાત કહે છે તે સહુને માટે સુખ કરનારી છે. અજામિલ નામે એક વિપ્ર હતો. તેની પત્ની પતિવ્રતા હતી. ૧૦. તેની પાસે કેટલાય લાખ રૂપિયા હતા. કેટલાય બાગ બગીચાઓ હતા. તે રોજ રોજ બાગમાં જતો હતો. એક દિવસ તેને બગીચામાં વેશ્યા દેખાણી. ૧૧. તેનું દુષ્ચરિત્ર દેખતાંની સાથે જ અજામિલનું ચિત્ત તેમાં ચોંટી ગયું. પછી તેણે પોતાની પતિવ્રતા નારી અને ધનનો ત્યાગ કર્યો, અને તેણે વેશ્યામાં પ્રેમ કર્યો. ૧૨. વિપ્ર બધા જ વર્ણના ગુરુ કહેવાય છે. મોટા મોટા રાજાઓ પણ વિપ્રને નમસ્કાર કરે છે. ૧૩. તે વિપ્ર અજામિલે પોતાની સર્વોપરિ મોટાઈને છોડી દીધી, અને મુસલમાન વેશ્યાની સાથે રહીને મુસલમાન થઈ ગયો. ૧૪. તેમાં અજાણતા કોઈ સાચા સંતનો જ્યારે સમાગમ થયો, ત્યારે તેની સેવા કરવાથી તે અજામિલનો ઉદ્ધાર થયો, એવું ગ્રંથોમાં લખ્યું છે. ૧૫. નીચમાં પણ અતિશય નીચ એવી વેશ્યા સમાન કોઈ કહેવાય નહિ, તેવી પીંગલા નામે વેશ્યાનો દત્તાત્રેયના યોગે કરીને ઉદ્ધાર થયો હતો. ૧૬.

⁕ શ્રીહરિ અને સંતના યોગે પામરનો પણ ઉદ્ધાર થાય :

चोपाई :

जवन खशादय गिध जो कंका, बांदर जाति रहायेउ वंका;
भगवान सत्पुरुष ताके, उपजोग में जेते हि वाके...१७

आये ताके भये उद्धारा, श्वपच लग हि लिखेउ यह सारा;
जोग बिन वेद पढे क्या होई, चाय जेते ग्रंथ पढे सोई...१८
भगवान सत्पुरुष तिनके, जोग बिन निरजीव रहे इनके;
काष्ठ पथर में अनल रहेऊ, बात सत्य रहायेउ तेऊ...१९
प्रगट अनल बिन काज केहू, होवत नहि कोउ दीन तेहू;
भगवान सत्पुरुष बिन तीमी, मोक्ष न होवत कबहु ईमी...२०
सत्य मारग चलत तिन करीता, सत्पुरुष देखावत जीता;
सूर्य उदय होत रहे जबही, केवत न परत किनकु तबही...२१

યવન, ખસ આદિક લડાકુ જ્ઞાતિ, ગીધ, કાગડો અને વાંદર જાતિના જે કોઈ પણ અસંસ્કારી હતા, તે પણ ભગવાન અને સત્પુરુષોની સેવામાં ઉપયોગી થયા, તો તે બધાનો ઉદ્ધાર થયો હતો. અરે ! ચંડાળ સુધીનો ઉદ્ધાર થયાનું લખ્યું છે. ભગવાન અને સત્પુરુષનો યોગ ન થયો હોય, તો વેદ અને બીજાં ગમે તેટલાં શાસ્ત્રો ભણ્યા હોય તોપણ તેનાંથી શું ? ૧૭-૧૮. ભગવાન અને સત્પુરુષના યોગ વિના તો બધું નિર્જીવ ગણાય છે. જેમ કાષ્ઠમાં અને પથ્થરમાં અગ્નિ રહ્યો છે તે વાત સાચી છે, પણ તે અગ્નિ પ્રગટ ન થયો હોય, તો તેનાથી કોઈ દિવસ કાંઈ કાર્ય થતું નથી. તેમ જ ભગવાન અને સત્પુરુષના યોગ વિના કોઈનો ક્યારેય મોક્ષ થાતો નથી. ૧૯-૨૦. જ્યારે માણસ સત્પુરુષોએ દેખાડેલા સન્માર્ગે ચાલે છે ત્યારે તેણે કરીને તેનો મોક્ષ થાય છે. જેમ જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે તેના કોઈને સમાચાર આપવા પડતા નથી, છતાં પણ જેટલા ઘુવડ જેવા હોય છે તે સૂર્યના પ્રતાપને જિંદગીભર દેખી શકતા નથી, તે તો એક રાતને જ સાચી માને છે. ૨૧-૨૨. જેમ સૂર્યના પ્રતાપને ઘુવડ જાણતા નથી, તેમ ભગવાનનો જે રીતનો પ્રતાપ છે તેને તે રીતે જે નથી જાણતા, તે બુદ્ધિમાન હોવા છતાં પણ બુદ્ધિહીનમાં ખપે છે. એટલે તેનાથી એમ સમજાય છે કે, જેને જેમાં રુચિ હોય તેના સમાન તેને બીજી કોઈ વાત દેખાતી નથી. ૨૩-૨૪.

જે કોઈ પણ બાબતમાં જ્યાં સુધી દોષ દેખાય નહિ ત્યાં સુધી કરોડો કલ્પ જાય, તોપણ તેનો ત્યાગ થતો નથી. ૨૫. **જેમાં જેટલો દોષ હોય તે**

જાણી રાખવો એ તો ઠીક છે, પરંતુ જેમાં ક્યારેય દોષ ન હોય તેમાં દોષને આરોપવો તેનું જ નામ ઈર્ષ્યા છે, અને તેનું જ નામ દ્રોહ કહેવાય છે. તે અહીંયાં ભલે ગમે તે રીતે ચાલતો હોય, પણ મિથ્યા આરોપ કરનારો જે કુગતિને પામે છે, તે જ કુગતિને ઈર્ષ્યા-દ્રોહ કરનારો પામે છે. ૨૬-૨૭. અંતર્યામી ભગવાન બધું જાણતા હોય છે. તેથી જે માણસ જે રીતની વાત કરતો હોય છે, તેને જોઈને તેને માટે યોગ્ય ફળ ભગવાન આપે છે." ૨૮.

જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યાં સુધી મામલતદારે ત્યાં શ્રીહરિની વાત સાંભળી અને ખૂબ ખુશી થયા, તે કહી શકાતું નથી. ૨૯. પછી મામલતદાર બે હાથ જોડીને બોલ્યા કે, "આપનાં દર્શન કરવાની અમને ઘણા દિવસની પ્યાસ હતી, તે આજ દર્શન થવાથી પૂરી થઈ. આપે અમને સંતોએ સહિત દર્શન દીધાં છે. આજે આપનાં સંતો સાથે દર્શન થયાં છે તેથી અમારો જન્મ સુફળ થયો છે. અમે તો સંસારમાં ડૂબી રહ્યા છીએ. આપના સિવાય અમને કોઈ તારી શકે તેમ નથી. ૩૦-૩૧. જ્યારે આપની નજરમાં આવે ત્યારે અમારો ઉદ્ધાર કરજો. આપ જે રીતે રાજી થાઓ તેવું એક પણ સાધન અમે કર્યું નથી. ૩૨. આપ અહીં આવીને ઊતર્યા છો, છતાં અમારાથી આપની કાંઈ સેવા બની નથી. આપ અહીંયાં આવ્યા પછી જેટલા રૂપિયાનો ખર્ચ થયો હોય તે આપ કહો, તેને અમે આપી દઈએ." ૩૩.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, **"તમારા ભાવમાં જ બધી સેવા આવી ગઈ છે. તમે અહીં સુધી ચાલીને આવ્યા એટલો બધો તમારો ભાવ છે.** ૩૪. **આવો ભાવ છે તે જ મોક્ષનું બીજ છે. શુદ્ધ ભાવ જ ખરા સમયે આવીને સહાય કરે છે. અંતકાળે તો આ સંતો સિવાય બીજા કોઈ સહાય કરતા નથી.** ૩૫. **આવા સંતોના ઉપર જો ભાવ ન હોય તો મનુષ્યે ભેળું કરેલું કરોડોની સંખ્યાનું ધન પણ અંતે કાંઈ સહાય કરતું નથી."** શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા, પછી મામલતદાર ત્યાંથી ચાલતા થયા. ૩૬. જતી વખતે મામલતદાર શ્રીહરિને તથા સંતોને ઘણા ભાવથી પગે લાગ્યા. પછી શ્રીહરિ ત્યાં પોઢી રહ્યા. ૩૭. પોઢતા પહેલા સંતોને શ્રીહરિએ કહ્યું કે, "સહુએ સાથે ચાલવાનું છે. જ્યારે રાત દોઢ પહોર રહે ત્યારે અહીંથી

ચાલવું." ૩૮. આટલું કહીને શ્રીહરિ પોઢી ગયા. જ્યારે રાત દોઢ પહોર રહી ત્યારે તરત સહુ તૈયાર થઈને સુરતને માર્ગે ચાલ્યા. ૩૯. રસ્તામાં ચાલતા સંતોને પ્રસન્ન કરવા અને ભત્રીજાઓને રાજી કરવા માટે શ્રીહરિ બોલ્યા કે, "ચાલો આપણે આ રીતે ઉત્તર હિંદુસ્તાન (છપૈયા) જઈએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ મામલતદારની આગળ શુદ્ધ વર્તન અને શુભ ભાવનાની વાત કહી" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૨

સંતો-ભક્તોની સાથે સુરત જતા શ્રીહરિ અંકલેશ્વરથી આગળ પહોંચ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ સંતોની સાથે વાતો કરતા ચાલતા જ્યારે બે ઘડી દિવસ ચઢ્યો, ત્યારે ચોકી ગામની જે નદી હતી ત્યાં આવ્યા. ૨. સહુ તે નદી ઊતર્યા. પછી શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. રસ્તાથી પશ્ચિમ તરફ જઈને શ્રીહરિએ સહિત સહુ સંતો તે નદીમાં નાહ્યા. પછી સહુએ તિલક તથા પૂજા કરી. તે સમયે મોકા ખાચર માનસી પૂજા કરવા લાગ્યા. ૩-૪. મુખ ઉપર વસ્ત્ર ઓઢીને જેની માનસી પૂજા કરતા હતા, તે શ્રીહરિ તો તેની સમીપે બેઠા હતા. તે દેખીને સુરા ખાચર નરસિંહ મહેતાના કીર્તનનું એક ચરણ બોલ્યા, 'જાહ્નવી તીરે તરંગ તજીને, તટમાં જઈને કૂપ ખોદે રે.. તેને સંગે શીદ રહીએ..' પછી કહ્યું કે, 'જે પોતે ભૂલા પડ્યા હોય તે બીજાને પણ ભૂલા પાડે છે.' ૫-૬. સુરા ખાચરે કહેલા આ મર્મને સાંભળીને શ્રીહરિ તથા સહુ સંતો હસ્યા.

પછી શ્રીહરિ અને સાથે જે જે સંતો હતા તે સહુ ત્યાં સાથવો જમ્યા. ૭. સાથવો જમ્યા પછી ચાલ્યા તે **ચોકી** ગામ થઈને આગળ ચાલ્યા, ત્યારે જેટલા હથિયારબંધ હતા તેમને પરવાનો દેખ્યા વિના આગળ ચાલવા ન દીધા. ૮. ચોકીથી જ્યારે આગળ ચાલ્યા ત્યારે શ્રીહરિએ સંતોને રજા આપી

અને કહ્યું કે, "તમે સુરત જઈને રસોઈ જમો. વચ્ચે કોઈ હરિભક્ત કહે તોપણ રોકાતા નહીં. ૯. હવે સુરત દૂર નથી. સૂર્ય આથમતા સુરત પહોંચી જશો. અમે કોસાડ ગામમાં રાત રહીશું અને સૂર્ય ઉદય થાય ત્યારે તાપી નદી ઊતરશું. ૧૦. તમે જેટલા સંતો છો તે સવારમાં જ્યારે તોપનો અવાજ થાય ત્યારે અમારી સામે આવજો. નાના વરાછા ગામ આગળ અમે તાપી નદીને ઊતરશું. ૧૧. આ બધા સદ્‌ગુરુઓને અમે અમારી સાથે રાખ્યા છે. તેમની તમારે ચિંતા ન કરવી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી, એ સદ્‌ગુરુઓ અને તેમની સાથે તેમના એક એક શિષ્ય પણ અહીંયાં રહેશે." એમ તેમને કહ્યું. ૧૨-૧૩.

શ્રીહરિનાં આજ્ઞા-વચનને સાંભળીને સહુ સંતોએ તે વચન મસ્તક ઉપર ચઢાવ્યું, અને સુરત તરફ જવા સહુ ચાલતા થયા. દરેકના દિલમાં આનંદ છવાઈ રહ્યો હતો. ૧૪. સુરતના ગોવિંદભાઈ વાળંદ પોતાનો સામાન લઈને તે વખતે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૫. ગોવિંદભાઈ જ્યારે આઠ કોશ સન્મુખ આવ્યા ત્યારે શ્રીહરિને મળ્યા. તેણે ચરણસ્પર્શ કરીને દંડવત્પ્રણામ કર્યા. ૧૬. તે ગુલાબના ફૂલનો હાર લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યો. અને બરફીની માટલી લાવ્યા હતા તે શ્રીહરિના હાથમાં આપી. ૧૭. તેમની સાથે બીજા બે હરિભક્તો આવ્યા હતા. તેઓ પણ એક એક બરફીની માટલી લાવ્યા હતા, તે શ્રીહરિને આપી અને પછી પગે લાગ્યા. ૧૮.

ત્યાંથી જ્યારે એક કોશ જેટલું આગળ ચાલ્યા ત્યારે બે ગામની વચ્ચે માર્ગથી પૂર્વ તરફ એક તળાવડી આવી. ૧૯. ત્યાં ઝાડની સુંદર છાયા હતી. તે જોઈને શ્રીહરિ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને ગોવિંદભાઈ વાળંદની પાસે માથાના વાળ ઉતરાવ્યા. ૨૦. ગોવિંદભાઈ વતુ કરવામાં બહુ ચતુર હતા. તે શ્રીહરિનું વતુ કરવાને માટે જ સામે આવ્યા હતા. મુંડન થઈ રહ્યું ત્યારે શ્રીહરિ ત્યાં નાહ્યા. પછી અશ્વ ઉપર બેઠા ત્યારે અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૧. સુંદર શ્વેત સુરવાળ પહેર્યો. તેની હીરની નાડી લટકી રહી હતી. જ્યારે શ્રીહરિ સુરવાળ પહેરતા ત્યારે અંદરના ભાગમાં ધોતિ રાખીને પહેરતા હતા. ૨૨.

❋ શ્રીહરિની મૂર્તિની દિવ્યતા ને ભવ્યતા :

चोपाई :

नटवर मूर्ति लगत मन हरनी, कोटिक काम रहेउ लजवनी;
सात समुद्र लग जो जाके, राज रहेउ स्वतंत्र हि वाके...२३

एसे भूप रहाये तिनसे, श्रीहरि कि मूर्ति की अधिक इनसे;
पतंग सूर्य में फरक जेता, हरि कि मूर्ति भूप में तेता...२४

दोहा : फरक रहे जो अपार हि, एक रोम में जाके;
अनंतकोटि ब्रह्मांड हि, देखात नहि वाके...२५

हरि कि मूर्ति रहे एसि हि, ब्रह्मांड यह जेते;
अगणित रहाये तिनके, जीव जेतेउ तेते...२६

सोरठा : दोरि कर रहे जेह, एसे रहाये हरि यह;
मनुष्य सम जो तेह, होय कर बिचरत हि रहे...२७

कृपा हि एहि रहेउ, सब के शिक्षक होयकर;
क्षमा करत हे तेउ, सरवोपरि बडता हि यह...२८

શ્રીહરિની નટવર મૂર્તિ કરોડો કામદેવને પણ લજાવી દે એવી મનોહર લાગતી હતી. સાત સમુદ્ર સુધી જેનું સ્વતંત્ર રાજ્ય હોય, આવો કોઈ ચક્રવર્તી રાજા હોય તેના કરતાં પણ શ્રીહરિની મૂર્તિ અધિક સુંદર હતી. પતંગિયું અને સૂર્યમાં જેટલો ફરક હોય છે, તેટલો શ્રીહરિની મૂર્તિ અને અન્ય રાજામાં અપાર ફરક રહ્યો છે. જેના એક રોમ જેટલા ભાગમાં અનંત કોટિ બ્રહ્માંડો પણ દેખાય નહિ, આવી શ્રીહરિની મૂર્તિ છે. અનંત બ્રહ્માંડોમાં જે અગણિત જીવ રહ્યા છે તે બધાની દોરી શ્રીહરિના હાથમાં છે. આવા શ્રીહરિ પોતે મહાન હોવા છતાં સામાન્ય મનુષ્યની જેવા થઈને ભૂમિ ઉપર વિચરણ કરતા રહે છે, ૨૩-૨૭. તે તેમની કૃપા છે. પોતે સહુના શાસક હોવા છતાં સહુને ક્ષમા કરે છે તે તેમની સર્વોપરિ મોટપ છે. ૨૮.

આ ભૂમિ ઉપર જેટલા જીવ છે તે બધાને ભૂમિ જીવાડે છે, અને તે બધા જીવોને ભૂમિ જ ધારણ કરે છે. ૨૯. પણ તેમાં એવા અમાપ જીવો છે કે જે બીજા જીવોની હિંસા કરે છે. તે સિવાય ગણ્યે પાર ન આવે તેટલાં પાપ પણ કરતા હોય છે. ૩૦. ભૂમિ સમર્થ હોવા છતાં જીવના તે અપરાધોને

સહન કરે છે. જીવો ભૂમિને ખોદે છે, ભૂમિ ઉપર જેટલા જીવ છે તે પૃથ્વી ઉપર મળ-મૂત્રનો ત્યાગ કરતા રહે છે. અજ્ઞાનીઓના તે અપરાધોને ભૂમિ રાત-દિવસ સહન કરે છે, છતાં તે અજ્ઞાનીઓ તો ભૂમિના અપાર અપરાધને કરતા જ રહે છે. ૩૧-૩૨. **પૃથ્વી તો તે બધા અપરાધોને સહન જ કરે છે, અને તેને લીધે જ ભૂમિની મોટપ કહેવાય છે. પોતે સમર્થ હોવા છતાં જે જેટલું સહન કરે છે તેટલી તેની મોટાઈ કહેવાય છે.** ૩૩.

ગમે તેટલો વરસાદ આવે અને ઘણું પાણી વરસે, તે બધું પાણી સમુદ્રમાં જાય છે. નવસો અને નવ્વાણું નદીઓ કહેવાય છે તે બધી નદીઓનો પ્રવાહ અખંડ સમુદ્રમાં વહેતો રહે છે. જે દિવસથી આ ભૂમિ ઉત્પન્ન થઈ તે દિવસથી સમુદ્રમાં અપાર પાણી જાય છે, છતાં સમુદ્ર છલકાતો નથી, તેને લીધે જ સમુદ્રનો મહિમા કહેવાય છે. ૩૪-૩૫. તેમ આ પ્રગટ સ્વામિનારાયણ ભગવાન છે તેમની યોગકળા અપાર છે. આજ સુધી કોઈ તેના પારને પામ્યું નથી. અક્ષર આદિક જે અપાર છે તે પણ આ ભગવાનના પારને પામતા નથી. તો પછી બ્રહ્મા આદિકના તો શાં લેખાં ? અને આ જગતના જે પંડિતો હોય તેના તો લેખાં જ શું કહેવાય ? કારણ કે, ભગવાનનો મહિમા અપાર છે. ૩૬-૩૭. તે શ્રીહરિના મહિમાને નહિ જાણનારો જે મનુષ્ય છે તે શ્રીહરિને પોતાના કરતાં પણ અતિ અસમર્થ દેખે છે. ૩૮. **દૃઢ સત્સંગ કરીને જે શ્રીહરિના યથાર્થ મહિમાને જાણે છે, તો તે દિવસે દિવસે જેમ જેમ ભગવાનના અપાર મહિમાને જાણે છે, તેમ તેમ તેને અપાર આનંદ થાય છે. પછી મહિમાવાળા તે ભક્તને ભગવાન સિવાય બીજું બધું જ તુચ્છ લાગે છે.** ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સંતો-ભક્તોની સાથે સુરત જતા શ્રીહરિ અંકલેશ્વરથી આગળ પહોંચ્યા" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૩

શ્રીહરિ કાછિયાની વાડીમાં રાત રહ્યા અને અરદેશર શેઠને સમાચાર મળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આવા મહિમાવંતા શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. આગળ જતા **કોસાડ** ગામ આવ્યું, ત્યાં એક વાડીમાં ઊતર્યા. ૨. જ્યારે શ્રીહરિ ધરમપુર ગયા હતા ત્યારે પણ આ વાડીમાં જ ઊતર્યા હતા. ત્યાં એક ભાવિક કાછિયાની વાડી હતી. તેમને સાધુ ઉપર ખૂબ જ ભાવ રહેતો. તેથી શ્રીહરિએ તેમની વાડીમાં ફરીવાર ઉતારો કર્યો. ૩-૪.

તે કાછિયાભાઈ ભગવાનના સંત જાણીને તેમના ઉપર ખૂબ ભાવ રાખતા. તે વાડીમાં રીંગણાં કરતા હતા. જે સંત વાડીમાં ઊતરે તેને જેટલા જોઈએ તેટલાં રીંગણાં ભાવ સહિત આપતા. તેમણે શ્રીહરિને પણ કોઈ મોટા સાધુ જાણીને એક સૂરણની ગાંઠ લાવી આપી. ૫-૬. શ્રીહરિની સાથે સંતો અને બીજા પણ મનુષ્યો હતા. તેને દેખીને તે બધા માટે બે બે રીંગણાં લાવ્યા અને તે શ્રીહરિની સમીપ લાવીને મૂક્યાં. ૭. શ્રીહરિએ ઘી મંગાવ્યું અને રીંગણાનું સુંદર શાક કર્યું. અયોધ્યાવાસીઓએ ઘઉંની સુંદર બાટી બનાવી. પછી શ્રીહરિને પ્રેમથી જમાડ્યા. પછી જ્યારે સંતો જમવા બેઠા ત્યારે રીંગણાનું શાક શ્રીહરિએ પોતે આવીને પીરસ્યું. ૮-૯. ઘઉંના રોટલા બનાવ્યા હતા તે અને રીંગણાનું શાક સહુ જમ્યા. પછી દાળ-ભાત સહુ જમ્યા, ત્યારે દિવસ પાછલી ચાર ઘડી રહ્યો હતો. ૧૦. જ્યારે સંધ્યાવખત થયો ત્યારે શ્રીહરિ વાડીથી બહાર આવ્યા, અને ત્યાં આગળ સુંદર મેદાન જોઈને પલંગ ઉપર બેઠા. ૧૧. સહુનો ઉતારો પણ ત્યાં જ કરાવ્યો. જે સંતો હતા તે શ્રીહરિની આગળ બેઠા. અને જ્યારે મશાલ કરવાનો સમય થયો ત્યારે ત્યાં આરતી તથા ધૂન કરી. ૧૨.

અને જેટલા સંતો દિવસ છતાં સુરત આવ્યા હતા તે સંતો આવીને મંદિરમાં ઊતર્યા. ૧૩. કણબી ગિરધરભાઈ, ભગુભાઈ, ભગવાનદાસ

અને હરગોવિંદભાઈ, તે બધા એક જ મહોલ્લામાં રહેતા હતા. ૧૪. ગિરધરભાઈના ઘરની આગળ સંતોએ કંસારની રસોઈ કરી. ૧૫. બધાના સામસામા મકાનોની પંક્તિ હતી. તેની વચ્ચે ચોક હતો. તેને સ્વચ્છ કરીને પાણી છંટાવ્યું હતું. ૧૬. જ્યારે સંતો આરતી અને ધૂન કરી રહ્યા, ત્યારે વિષ્ણુ તથા બાલમુકુંદને નૈવેદ્ય ધરાવ્યું. અને તે પછી તે ચોકમાં સંતોની પંગત કરાવી. ૧૭. ઠેર ઠેર દીવાઓ કર્યા હતા. સંતોને સંતો પીરસતા હતા અને બીજા અંબારામ મહેતા ઈત્યાદિક વિપ્રો પણ હતા. ૧૮. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે મોટા મોટા જે હરિભક્ત હતા તે અરદેશર શેઠની પાસે ગયા. અને શ્રીહરિ આવે છે એવા સમાચાર કહ્યા. ૧૯. સમાચાર સાંભળીને કોટવાળ અરદેશરજી ખૂબ રાજી થયા. તેમને એટલો આનંદ થયો જે કહી શકાતો નથી.

પછી તેમણે ભક્તોને કહ્યું, 'અશ્વિનીકુમાર ઋષિના આરા ઉપર રૂસ્તમબાગ છે. ૨૦. તે સર્વ શ્રેષ્ઠ જગ્યા કહેવાય છે. તેમાં બે સુંદર બંગલાઓ છે. એક દિવસ ત્યાં સરસ જગ્યામાં શ્રીહરિનો ઉતારો કરાવો. જો તે જગ્યા શ્રીહરિને ગમે, તો તે જ જગ્યા શ્રીહરિના ઉતારા માટે નક્કી કરવી. કેમ જે, મને ત્યાં આવવા-જવામાં સમીપ રહે તેમ જણાય છે. જ્યારે શ્રીહરિ આવે ત્યારે હું પણ સન્મુખ આવીશ. ૨૧-૨૨. આપણે શ્રીહરિનું સર્વોપરિ સન્માન કરવું, આવો મારા મનમાં ભાવ છે. શહેરના નગર શેઠને, સારા વિદ્વાન શાસ્ત્રીઓને, અંગ્રેજી વાજિંત્રોવાળાને તથા એક સુરક્ષાની લશ્કરી ટુકડીને સરકારની રજા લઈને શ્રીહરિના સન્માન માટે સન્મુખ લાવવી છે. ૨૩-૨૪. આ બધા મારા મનનાં મનોરથ શ્રીહરિ પૂરા કરે, તેવી વાત તમારે શ્રીહરિને વિનંતી કરીને કહેવી. ૨૫. કેમ જે, પોતે પોતાના ગુરુનું સન્માન કરે એટલો જ કાંઈ ધર્મ નથી; એવું હું જાણું છું. પોતાના ગુરુમાં જે ધર્મ રહ્યો હોય, તેના દસમા ભાગનો ધર્મ તેમના શિષ્યમાં દેખાતો હોય છે. ૨૬-૨૭. સમાચાર સાંભળીને તરત હું શ્રીહરિની સન્મુખ નથી આવતો, આ મારો અપરાધ છે. તો કૃપાળુ ભગવાન મને માફ કરે તેવી હું વિનંતિ કરું છું. ૨૮.

મોટા સત્પુરુષોની જેટલી મરજીનું ઉલ્લંઘન કરવું એ એટલો અપરાધ કહેવાય છે. પણ તે સામાન્ય જીવને દેખાતો નથી. ૨૯. લોકોમાં અજ્ઞાનરૂપી અંધારું રહ્યું હોય છે, પણ તેને મોટા પુરુષો ગણતા નથી. જીવ શરણે આવે છે તેટલી બાબતમાં જ, જીવે પોતાની મરજી સાચવી તેમ ભગવાન માને છે. ૩૦. ક્યાં જીવ અને ક્યાં ભગવાન ! આ બંનેમાં તો રાત-દિવસ જેટલો ફરક છે. જીવ જેટલા સંકલ્પ કરે છે તે સાંસારિક વાતના જ હોય છે. ૩૧. સંસારનાં જેટલાં બીજ છે તે બધાં જીવમાં નિવાસ કરીને રહ્યાં છે. જે સાચો સત્સંગ કરે છે અને સત્સંગની વાતને સાંભળે છે, તેમજ **ભગવાન, ભગવાનની વાત અને ભગવાનના સત્સંગને જ્યારે સર્વોપરિ જાણે છે, ત્યારે જીવમાં રહેલાં તે સર્વે સંસારનાં બીજ બળી જાય છે.** ૩૨-૩૩. **આ પિંડ અને બ્રહ્માંડ, બધું મિથ્યા છે, પણ તે જ્યાં સુધી સત્ય લાગે છે ત્યાં સુધી તેને સત્સંગ પૂરો થયો નથી હોતો.** ૩૪. આવી તો અનંત પ્રકારની અપાર વાતો ચોક્કસરૂપે સત્સંગમાં રહી છે, તે દેખાય છે. બીજા મતમાં તો આવી સાચી વાતોનો નાશ થઈ ગયો છે. ૩૫.

સહજાનંદ સ્વામી ભગવાન છે તેમ તેની વાતથી જ દેખાય આવે છે. કોઈ એમ કહે, 'હું ભગવાન છું' છતાં તેને ક્યારેય ભગવાન માનું નહીં. ૩૬. અમે તો લુચ્ચાઓમાં લુચ્ચા અને ઠગના ઠગ રહ્યા છીએ. બીજા જે જે સંપ્રદાયના ગ્રંથો છે તેને હું પૂરા માનતો નથી, પણ ભગવાન સ્વામિનારાયણની જેટલી વાત છે તે મારા વજ્ર જેવા અંતરને વીંધીને જીવમાં ઊતરી જાય છે. ૩૭-૩૮. તેમની બધી વાતો ઉપરથી અમે તેમને ભગવાન જાણ્યા છે. કારણ કે, જે જેવા રહ્યા હોય તે તેની વાત ઉપરથી દેખાઈ આવે છે. ૩૯. ભગવાન સ્વામિનારાયણની જેટલી વાત છે તે બધી મારા ગુરુ મુનિબાવાએ મને કહી છે. માટે આ બધી વાતોનું કારણ મારા ગુરુ છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ કાછિયાની વાડીમાં રાત રહ્યા અને અરદેશર શેઠને સમાચાર મળ્યા" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૪

શ્રીહરિ વહેલી સવારે તાપી નદીને ઊતર્યા અને હરિભક્તો સન્મુખ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ઉપરોક્ત અરદેશર શેઠે જે વાતો કહી તેમાં તેણે શ્રીહરિને પોતાના પરમ ગુરુ કહ્યા છે. ૨. પછી તે અરદેશર શેઠની રજા લઈને વીશ-પચીશ હરિભક્તો રાતે હાથમાં ફાનસ લઈ, શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૩. શેઠે બે પટ્ટાવાળાને હરિભક્તોની સાથે મોકલ્યા અને કહ્યું કે, 'તમે જઈને શ્રીહરિને મારા દંડવત્પ્રણામ કહેજો.' ૪. શેઠ જ્યારે આમ કહી રહ્યા ત્યારે બધા હરિભક્તો ચાલતા થયા. તે વખતે પાંચ-સાત ડમણિયાં લીધાં અને આગળના ભાગમાં મશાલ કરી. ૫. બળદને ગળે ઘુંઘરમાળ બાંધ્યા હતા. તેથી તેનો 'ઘમ..ઘમ..' આવો શબ્દ થઈ રહ્યો હતો. દિલમાં અતિશય ઉત્સાહ ભરેલા તે સહુ લાલ દરવાજેથી બહાર નીકળ્યા. ૬. કોઈ દિવસ ન હોય તેવો ઉત્સાહ સહુના દિલમાં હતો. ઘણા વરસનો હૃદયમાં જેવો ભાવ હતો તેનો સારો યોગ આ વખતે બની આવ્યો હતો. ૭.

સં.૧૮૮૧, કાર્તિક વદિ પાંચમને દિવસે શ્રીહરિ તાપી નદી ઊતરીને સુરતની નજીક આવી રહ્યા હતા. ૮. જ્યારે રાત એક પહોર ગઈ ત્યારે સામે આવેલા સુરતના બધા મોટા મોટા હરિભક્તોને શ્રીહરિનાં દર્શન થયાં, અને સહુએ શ્રીહરિને દંડવત્પ્રણામ કર્યા. ૯. સહુ આવીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા. સહુના હૃદયમાં અતિશય હરખ ભર્યો હતો. તે હરિભક્તોમાં ગોવિંદભાઈ, લક્ષ્મીચંદભાઈ, ગિરધરભાઈ, ભગવાનદાસ, ભગુભાઈ, હરગોવિંદભાઈ અને રામદાસ વગેરે હતા. બધા જ બરફીની માટલીઓ લાવ્યા હતા. સહુએ ત્યારે તે બરફી શ્રીહરિની સમીપે ધરી. ૧૦-૧૧. અને મુક્તાનંદ સ્વામી આદિક જે મોટેરા સંતો હતા તેની આગળ પણ બરફીની માટલીઓ ધરી. ૧૨. સહુ હરિભક્તો સંતોનાં ચરણમાં પડ્યા. પછી ઘણા હેતથી શ્રીહરિની પાસે આવીને બેઠા.

પછી સહુએ કહ્યું, “મહારાજ ! અરદેશર શેઠે ઘણા ભાવથી આપને વારંવાર દંડવત્પ્રણામ કહ્યા છે.” ૧૩-૧૪. તેમજ શેઠે જે કહ્યું હતું તે બધી વાત ગોવિંદભાઈએ કહી. તે વાત જ્યારે શ્રીહરિ સાંભળતા હતા ત્યારે મુખ આડો રૂમાલ દઈને શ્રીહરિ મંદ મંદ હસતા હતા. **ભક્તના હૃદયમાં પ્રેરણા કરનારા તો તે દયાળુ પોતે જ હતા. તે વાતને બીજા કોઈ જાણતા નહીં.** ૧૫-૧૬. જે જે સ્થળે મોટા મોટા રાજાઓ, દીવાનો કે કોઈ મોટા શાહુકારો શ્રીહરિનું ખૂબ ભાવથી સન્માન કરે છે, ત્યાં તે સહુના અંતરમાં પ્રેરણા કરનારા તો તે પોતે જ છે. પરંતુ બીજાને તે સમજાતું નથી. તે વાતને તો જેવી છે તેવી એક શ્રીહરિ જ જાણે છે. ૧૭-૧૮. બીજા તો જેવું બહાર દેખાય તેવું સમજે છે. આવી તો અનંત વાતો રહી છે. યથાર્થ વાતને કોઈ જાણતા નથી. માટે જેને જેવું દેખાય તેવું તે બોલે છે. ૧૯.

જ્યારે દસ ઘડી રાત થઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા અને પાછલી રાતે જ્યારે તોપ ફૂટી ત્યારે પોતે ઊઠ્યા. ૨૦. ત્યારે બધા સવારો તૈયાર થઈ ગયા હતા. શ્રીહરિ પોતે પણ તે વખતે અશ્વ ઉપર બેઠા. બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. પછી શ્રીહરિ ચાલતા થયા. ૨૧. જે સંતો શહેરમાં ગયા હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. જ્યારે સંતો તાપી નદીની ઉત્તરમાં આવ્યા ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા. ૨૨. સુરત શહેરમાં બાઈ-ભાઈ હરિભક્ત ગણ્યે પાર ન આવે તેટલાં હતાં. તે બધાં શહેરથી લઈ તાપી નદી સુધી એકતારમાં ચાલ્યા આવતાં હતાં. તે વખતે શ્રીહરિ તાપી નદી ઊતર્યા. ૨૩.

જ્યારે શ્રીહરિ તાપી નદીને ઊતરી રહ્યા તે વખતે સૂર્યોદય થયો હતો. ત્યાં હરિભક્તોમાં જેટલા પુરુષો આવ્યા હતા તે બધા દંડવત્પ્રણામ કરવા લાગ્યા. ૨૪. સહુ શ્રીહરિનાં ચરણમાં પડતા હતા અને ‘જય જય.. જય જય..’ શબ્દને બોલતા હતા. કેમ જે, જે કરોડો બ્રહ્માંડના નાથ છે તે પોતે દર્શન દેવા આવ્યા છે. તેમના ભાગ્યને ધન્ય ધન્ય છે. આ સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં તે વાત તો દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. ૨૫-૨૬. જે હરિભક્ત બાઈઓ હતી તે દૂર રહીને શ્રીહરિનાં દર્શન કરતી હતી.

જે હરિભક્ત થયા હતા તે સહુના મૂળમાં ધર્મ રહ્યો હતો. ૨૭. **હરિભક્તો જે જે વાત કરતા હતા તેમાં ધર્મને મુખ્ય રાખતા હતા.** ધર્મ

સિવાયની વાતનો તેઓ ત્યાગ કરતા હતા. ૨૮. જે કોઈ પણ વાત ધર્મ વગરની હોય, તો તેને હરિભક્તો અધર્મ માનતા હતા. જે જે દુઃખ કહેવાય છે તે બધું ધર્મ વગરની વાતમાં જ દેખતા હતા. ૨૯. તેઓ જેવા નાક કાન વગરના માણસો હોય તેવા ધર્મ વગરનાને દેખતા હતા. હરિભક્તોની આવી સમજણ હતી અને તેથી તે પરમ પવિત્ર રહ્યા હતા. ૩૦. બ્રહ્માદિક જેવા જે મોટા દેવતાઓ હતા, તે પણ હરિભક્તોની આવી ધર્મ બાબતની સમજણને દેખીને રાત-દિવસ તેની પ્રશંસા કરતા હતા. સમજણે કરીને તે બધા ભક્તો મોટા કહેવાય છે. ૩૧. ભગવાન અને ભગવાનના ભક્તનું જ્ઞાન આ જગતમાં જે મનુષ્યને હોતું નથી તે ગમે તેવા બુદ્ધિમાન હોય, તોપણ તે બુદ્ધિ વગરનામાં ખપે છે. ૩૨. એકડા વિનાનાં અપાર મીંડાં હોય, તોપણ તે શૂન્યમાં ખપે છે. તે કોઈ આંકના રૂપમાં એક પણ લખવામાં આવતા નથી. ૩૩. એકડા વગરનાં જેટલાં મીંડાં હોય છે, તે બધાં ખાલી મીંડાંમાં જ ખપે છે.

માટે જેને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોય છે, તે ઉપર કહ્યું તે બાબતને સમજતા હોય છે. અને તેઓ બધાય શુદ્ધ સત્સંગ કરે છે. જે જે રીતે સત્સંગ કરે છે તેને તે રીતનું ફળ મળે છે. ૩૪-૩૫. સત્સંગની તો એવી રીત છે કે, **'જેને જેવો ભાવ હોય તેને તેવું ફળ આપે છે.'** પછી શ્રીહરિ તાપી નદી ઊતરીને નાહ્યા. સંતો તથા હરિભક્તો પણ નાહ્યા. ૩૬. જ્યારે શ્રીહરિ નાહ્યા ત્યારે સહુને મહા આનંદ થયો. જે સમય ચાલ્યો જાય છે તે ફરીને ક્યારેય આવતો નથી. ૩૭. શ્રીહરિ જ્યારે સ્નાન કરી રહ્યા ત્યારે પીતાંબર પહેર્યું. પછી દેવસેવા કરી રહ્યા ત્યારે સાથવો જમ્યા. ૩૮. જેટલી બરફી આવી હતી, તે સંતો, વર્ણી, હરિભક્તો, અયોધ્યાવાસીઓ, ઘોડેસવારો અને પાર્ષદોમાં વહેંચી દીધી. ત્યાર પછી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને તાપીને કિનારે જ ચાલતા થયા. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ વહેલી સવારે તાપી નદીને ઊતર્યા અને હરિભક્તો સન્મુખ આવ્યા" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૫

શ્રીહરિ સુરતમાં આવીને રૂસ્તમબાગમાં ઊતર્યા અને ભક્તો સેવા કરતા હતા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી જ્યારે શ્રીહરિ તાપીના કિનારા ઉપર ચાલ્યા, ત્યારે તેમના મસ્તક ઉપર છત્ર ધારણ કરેલું હતું. ૨. અશ્વના ઉપર પણ બધા સોનેરી શણગાર સજેલા હતા. સંતો તથા હરિભક્તોનો સમાજ શ્રીહરિની આગળ ચાલતો હતો. ૩. જ્યારે એક કોશ જેટલું ચાલ્યા ત્યારે પશ્ચિમ તરફના ભાગમાં રૂસ્તમબાગ આવ્યો હોય તેમ દેખાયું. ૪. રૂસ્તમબાગના દક્ષિણ ભાગમાં અશ્વિનીકુમારનું પરું હતું, અને તે પરામાં મોટા મોટા ભવન હતા. શ્રીહરિ તે પરામાં પ્રવેશ્યા. તે પરામાં એક શંકરનું મોટું મંદિર હતું. તે રૂસ્તમબાગથી પૂર્વ તરફ તાપીદાસ શેઠે તાપીના કિનારે આ શિવ મંદિર બંધાવ્યું હતું. શ્રીહરિ સંતોએ સહિત તે રૂસ્તમબાગમાં ઊતર્યા. ૫-૭.

ત્યાં ઉત્તર અને દક્ષિણ તરફ સામસામા બે બંગલાઓ હતા, અને બેની વચ્ચે વિશાળ ચોક હતો. ત્યાં કૃપાળુ શ્રીહરિએ બેઠક કરાવી. ૮. ઉત્તર તરફના બંગલાની દક્ષિણ તરફની ઓસરીમાં એક પાટ હતી, તેના ઉપર ગાદીતકિયા બિછાવેલા હતા. ૯. શ્રીહરિ આવીને તે ગાદીતકિયા ઉપર બેઠા. બધા સંતો ઉતારો કરીને ત્યાં શ્રીહરિની સમીપે આવીને બેઠા, અને તેઓ કીર્તન બોલ્યા. ૧૦. જેટલી હરિભક્ત પુરુષોની સભા થઈ હતી તેટલી જ હરિભક્ત બાઈઓની સભા થઈ. પુરુષો અને સ્ત્રીઓની અલગ સભા થઈ હતી. અને તેથી તે સભા સુશોભિત લાગતી હતી. ૧૧. હરિભક્તો ગુલાબના હાર લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવ્યા. ગુલાબના બાજુ, તોરા અને ગુચ્છ પણ લાવ્યા હતા. ૧૨. તે રીતે જ જેટલી જાતના મળતા હોય તે બધા મેવા, અને જેટલી જાતની મીઠાઈ કહેવાતી હોય તે વિવિધ પ્રકારની મીઠાઈને પણ હરિભક્તો ભાવથી લાવ્યા હતા. ૧૩. વળી વડોદરાના હરિભક્ત શોભારામ શાસ્ત્રી અને રઘુનાથ શાસ્ત્રી ત્યાં આવ્યા

હતા. ૧૪. બાપુરાયજી શેઠ અને તેના ભાઈ પરમાનંદભાઈ તેમજ રામચંદ્ર વૈદ્ય તથા હરિચંદ્ર વૈદ્ય ત્યાં આવ્યા હતા. ૧૫. હરિભક્ત સિવાયના પણ કેટલાક લોકો આવ્યા હતા.

કાર્તિક વદિ છઠને દિવસ કાનમ દેશના કેટલાક હરિભક્તો પણ ઘણા ભાવથી ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા માટે સુરત આવ્યા હતા. કારણ કે, શ્રીહરિનાં દર્શન ઘણાં દુર્લભ હોય છે, એમ સમજીને જ તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. આમોદ ગામના દીનાનાથ ભટ્ટ અને તેના વિદ્યાર્થી (પીજના) ભોળાનાથ ભટ્ટ પણ ત્યાં આવ્યા હતા. સુરતના બધા હરિભક્તોને શ્રીહરિ તથા સંતોને રસોઈ આપવામાં ઘણો ભાવ હતો. ૧૬-૧૯. કાર્તિક વદિ છઠથી લઈને માગશર સુદિ પડવા સુધી જે તે હરિભક્તોની રસોઈઓ લખાઈ ગઈ હતી. સલાટપુરના હરિભક્તોની બે દિવસ રસોઈ હતી. ૨૦. તે બે રસોઈ જયાં શ્રીહરિ ઊતર્યા છે તે જગ્યાએ કરવાનું ઠરાવ્યું હતું. અને તે સિવાયની બીજી રસોઈઓ શહેરમાં કરવાનું નક્કી કર્યું હતું. ત્યાં પહેલી રસોઈ કંસારની કરી. ૨૧. જે હરિભક્ત વિપ્ર હતા તે રસોઈ બનાવતા હતા.

⁕ ભાવ વધે એવું જ શ્રીહરિને તાન હતું :

કણબી કુબેરભાઈ આદિક જે પાકા હરિભક્ત હતા, તે દસ-બાર જણાએ ભેળામળીને એક રસોઈ કરાવી હતી. **આનંદાનંદ સ્વામી સુરતના હરિભક્તોના ઘરની સંપત્તિને યથાર્થ રીતે જાણતા હતા, એટલે જેમ કરવાથી તે સહુને અધિક ભાવના રહે તેમ તેઓ કરતા હતા.** કેમ જે, આનંદાનંદ સ્વામીને તેવું કરવાનું ફાવતું હતું. ૨૨-૨૪. શ્રીહરિનું પણ તેવી રીતનું તાન હતું. તેથી શ્રીહરિ તેમને મુખ્ય રાખતા હતા. અને તેથી જ સત્સંગીઓનો ભાવ દિવસે દિવસે વધતો રહેતો હતો. ૨૫.

दोहा : जो जो करना बात यह, सत्संग हि ताकेउ;
भाव वृद्धि करन हित हि, तान रहाये तेउ...२६
भाव वृद्धि देखत नहीं, एसि बात हि ताके;
करावत रहेउ त्याग हि, तपास करि हि वाके...२७

જે કાંઈ પણ બાબત કરવાની હોય તેમાં સત્સંગમાં ભાવ વધારવા માટેનું જ શ્રીહરિને તાન રહેતું હતું. ૨૬. જેમાં સત્સંગના પ્રત્યે ભાવ વધતો ન દેખાય, એવી જે કોઈ બાબત હોય તેની તપાસ કરીને શ્રીહરિ તેનો ત્યાગ કરાવતા હતા. ૨૭. નંદરામજી અને ગોપાળજીએ શ્રીહરિને માટે થાળ કર્યો. પછી ત્રીજા પહોરમાં દયાળુ શ્રીહરિ સ્નાન કરીને જમ્યા. ૨૮. શ્રીહરિ જે થાળ જમ્યા તેમાં દૂધપાક, પૂરી, ભજિયાં, વડાં અને કંસાર વગેરે કર્યું હતું, તે બધું થાળમાં પીરસ્યું હતું. કેળાં નાખીને રાયતું કર્યું હતું. તેમજ રીંગણાંનું શાક તથા મેથીની ભાજી કરી હતી. અને વાલનું પણ શાક કર્યું હતું. ૨૯-૩૦. બરફી, કેળાં, રોટલી, બિરંજ, સાકરનો શીરો, સૂરણ, રતાળું અને પરવળનું શાક, બધું જ સુંદર કર્યું હતું. ૩૧. ગોળ-કેરીનું અથાણું, પાપડ, ભાત, દાળ અને કઢી વગેરે હરિભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે બધાં ભોજન થાળમાં ધર્યાં હતાં. ૩૨.

હરિભક્તોના અલગ અલગ ભાવ હોય તે પ્રમાણે તેઓ રસોઈ કરાવતા હતા, અને જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિને ધરાવતા હતા. હરિભક્તોનો જેવો ભાવ હોય તેને પૂરો કરવા માટે શ્રીહરિ ઘણા પ્રેમથી જે જે દેશમાં હરિભક્તો રહેતા હોય ત્યાં જઈને પૂરો કરતા હતા. જેને જેવો ભાવ હોય તેવો તેમને ઉત્સાહ રહેતો. શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે જેટલા હરિભક્તોની રસોઈ હતી તે બધાએ શ્રીહરિની પૂજા કરી. અને જેવો ભાવ હતો તે પ્રમાણે ત્યારે કેસરયુક્ત ચંદન લલાટમાં ચર્ચ્યું, અને વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. ૩૩-૩૬.

પછી નવાં નવાં વસ્ત્ર અને આભૂષણ ધરાવ્યાં. ધૂપ તથા દીપ કરીને આરતી કરી. સહુએ દંડવત્પ્રણામ કરીને શ્રીહરિનાં ચરણકમળને છાતીમાં ચાંપ્યાં. ૩૭. જેની રસોઈ હતી તેના પરિવારના જેટલા હરિભક્તો હતા તે બધાએ પણ આવીને શ્રીહરિની પૂજા કરી. કારણ કે, આવેલો અવસર જતો રહે પછી તે ફરી ફરીને ક્યારેય પાછો આવતો નથી. ૩૮-૩૯.

✵ સત્સંગરૂપી બાગની શ્રેષ્ઠતા :

दोहा : श्रेष्ठ श्रेष्ठ हि जितनि जोउ, शुभ शुभ रहेउ जेति;
मोक्षरूप रहे फल महीं, बात जितनि जो तेति...४०

सोरठा : सरस सरस बिज जेहि, सोध सोध बहु श्रम कर हि;
सत्संगरूपि तेहि, अलोकिक बाग महीं हरि...४१
रोपाय दीन ताय, बहुत जत्न करिके अब हि;
नियमरूप बनाय, कोट बहु श्रम कर तेहि...४२

જેટલી જેટલી શ્રેષ્ઠ શ્રેષ્ઠ બાબતો હોય છે તે બધી શુભ શુભ હોય છે, અને તે બધી બાબતોમાં મોક્ષરૂપી ફળ રહ્યું હોય છે. ૪૦. જે સારાં સારાં બીજ હતાં તેને ઘણી મહેનત કરીને શોધી શોધીને શ્રીહરિએ સત્સંગરૂપી અલૌકિક બગીચામાં રોપાવી દીધાં છે. વળી, આ વખતે ઘણું જતન કરીને તથા ઘણી મહેનત કરીને તેની બધી બાજુ નિયમરૂપી કોટ બનાવી દીધો છે. ૪૧-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ સુરતમાં આવીને રૂસ્તમબાગમાં ઊતર્યા અને ભક્તો સેવા કરતા હતા" એ નામે પાંત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૬

વિવેકની અતિ મહત્તા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે સુરત રૂસ્તમબાગમાં તે હરિભક્તો શ્રીહરિની પૂજા કરી રહ્યા, ત્યારે ત્યાં જેટલા સંતો હતા, તે બધાની પંગત થઈ. ૨. જે હરિભક્તોની રસોઈ હતી તે સહુએ અતિશય ભાવથી સંતોની પૂજા કરી. ૩. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી વગેરે સંતો ત્યાં હાજર હતા. ૪. **તેમાં મુક્તાનંદ સ્વામી વિવેકની બાબતમાં બહુ ચતુર હતા. જેવો સમય હોય તે રીતે સાવધાન રહેતા, અને તેને લીધે જ તેઓ શ્રીહરિનું મન કહેવાતા હતા.** ૫.

❋ જેમાં જેટલો વિવેક હોય તેટલો જ તે મહાન બને છે :

શ્રીહરિની જે મરજી હોય તેને મુક્તાનંદ સ્વામી વગર કહ્યે જાણી લેતા હતા. જે કહ્યા પછી સમજે તેમાં એટલો પૂરો વિવેક ન કહેવાય. ૬.

चोपाई :

विवेक रहाये जामें जेसा, बडता रहाये तामें तेसा;
बडता जो जो कहावत जेता, विवेक तामें रहाये तेता...०७

विवेक बिन बडता रहे जितना, मयुर कि कला सम रहे तितना;
विवेक ताहि आत देखाता, विवेक विन कु देखे न आता...०८

જેમાં જેવો વિવેક હોય છે તેમાં તેવી મોટપ રહે છે. કેમ જે, જેટલી મોટપ કહેવાય છે તે બધી વિવેકમાં રહે છે. ૭. વિવેક વગરની જેટલી મોટાઈ છે તે બધી તો મોરની કળા જેવી રહી છે; આ હકીકત જેનામાં વિવેક હોય તેને દેખાય છે. વિવેક વગરનાને કાંઈ દેખાતું નથી. ૮. શ્રીહરિએ પોતાના બંધુઓને ધર્મવંશી કરીને સ્થાપ્યા હતા. કારણ કે, ધર્મ તો શ્રીહરિના પિતાજી હતા અને તે સરવરિયા વિપ્ર હતા. ૯. સરવરિયા વિપ્રોમાં ત્રણ તથા તેર ઘર મુખ્ય હતા. તે બીજા સરવરિયા વિપ્રોના જન્મથી જ ગુરુ ગણાતા. ૧૦. આમ તો વિપ્ર એવું નામ ધરાવનારા બધા જ બ્રહ્માના પુત્ર હોય છે. ગમે તેવો મોટો રાજા હોય અને ત્રિલોકીનું રાજ્ય કરતો હોય, તેમજ જે કોઈ ક્ષત્રિય જાતિના રહ્યા હોય તે બધા જ વિપ્રોના સેવક રહ્યા છે. અને તેઓ તન, મન, ધન અને ભૂમિ આપીને વિપ્રોની પૂજા કરતા રહ્યા છે. ૧૧-૧૨.

दोहा : विवेक जितना तिन महीं, बडता तितना जेहु;
देखावत रहे इतना, विवेक कर जो तेहु...१३
विवेक सम नहि निधि कोउ, निधि जितना हि तामें;
विवेक विन रहे तम सब, मनुष्य जाति यामें...१४

જેનામાં જેટલો વિવેક હોય તેટલી તેમાં વિવેકે કરીને મોટપ દેખાય છે. ૧૩. જેટલા નિધિ કહેવાય છે તેમાં વિવેકના જેવો બીજો કોઈ નિધિ નથી. મનુષ્ય જાતિમાં જો વિવેક ન હોય તો તેમાં બહુ અંધારું રહે છે. ૧૪. કોઈ દેવતા થાય તોપણ શું થયું ? અને રાજા થાય તોપણ શું થયું ? આ ભૂમિ ઉપર જેટલું ધન છે તે બધું મળે તોપણ તેનું શું ફળ ? દેવતાઓથી અને રાજાઓથી પણ વિવેક અધિક રહ્યો છે. કોઈ પાસે અપાર ધન હોય

તોપણ વિવેક વિના કાંઈ જ નથી. ૧૫-૧૬. જીવ વિનાનું શરીર જેવું રહે તથા રાજા વિનાનું શહેર જેવું રહે, તેમ વિવેક વિનાની સર્વે વાત હોય છે. તે જેને વિવેક હોય એવા માણસો જ જાણે છે. ૧૭. જેને વિવેક ન હોય તે આ વાત જાણતા નથી. જેનામાં વિવેક નથી તે તો બાળબુદ્ધિ કહેવાય છે. અને **વિવેકનું ખરું ફળ તો એટલું જ રહ્યું છે કે, 'વિવેકીને સત્સંગ સમાન બીજું કાંઈ દેખાય નહીં.** ૧૮.

કોઈ ગમે તેવો મોટો હોય, તોપણ તેને વિવેકી માણસ ભગવાન તુલ્ય તથા ભગવાનના ભક્તને તુલ્ય દેખે નહિ, તો ક્યારેય અધિક ન દેખે જ તેમાં શું કહેવું ? ૧૯. સત્સંગ, ભગવાન અને ભગવાનના ભક્ત - આ ત્રણ સિવાય કોઈ દિવસ કોઈ વાતના યોગે કરીને કે તુચ્છ બાબતના મમત્વે કરીને ક્યારેય સત્સંગ તજીને બીજે જાય નહીં. અને જે મન, કર્મ, વચને કરીને ક્યારેય સત્સંગમાંથી પાછો પગ ધરે નહિ, તેનું જ નામ ખરો વિવેક કહેવાય છે; સંત સમાગમનું આવું ફળ રહ્યું છે. ૨૦-૨૧.

સંતોનો સમાગમ કર્યા પછી પણ જેને સંતો, હરિભક્તો અને વર્ણીમાં જેટલી અરુચિ વર્તે છે તેટલું તેને સમાગમનું ફળ મળ્યું નથી. ૨૨. કોઈ ગમે તેટલો ત્યાગ દેખાડે અને મનના ધાર્યા પ્રમાણે રોજ ખોરાકમાં લોટ પીને રહે, પણ જો તે વિવેકી સંતની મરજી વિના મનમુખી વર્તન રાખે, તો તેનાં ગમે તેટલાં સાધન હોય છતાં તે બધાં અંતે જતા વિમુખમાં મળી જાય છે. તે મનમુખીનાં સાધનો જોઈને જે તેનો વિશ્વાસ કરીને ચાલે છે, તે કરોડો કલ્પ સુધી નરકમાં અપાર દુઃખ પામે છે. આ દુનિયામાં તો તે લોકોને ઠગવા માટે ગમે તેમ વર્તે છે. ૨૩-૨૫.

આ જગતમાં જે વિવેક વિનાના સંસારીઓ હોય છે તે બધા અંધ રહ્યા છે. તેથી તેને આ બાબતમાં કાંઈ દેખાતું નથી. (એટલે તે વિવેકહીન ઠગમાં ફસાય છે.) ૨૬. અને જે વિવેકી સંતો છે તે અવિવેકીને દેખીને તેનો ત્યાગ કરે છે. કેમ જે, તેને તે મોટો મનમુખી માને છે. અને જેટલા મનમુખી છે, તે બધા સત્સંગની વાત શીખીને પોતાને અધિક મનાવવાને માટે, બીજા લોકો પોતાની પાછળ આંધળા થઈને ફરે(મૂઢપણે જેમ કહે તેમ કરે) તેવી

વાતો કરતા રહે છે. ૨૭-૨૮. જે સરળ સ્વભાવના નિષ્કપટ સંત હોય, તેની પાછળ કોઈ ફરે કે ન ફરે તેનો તે હર્ષ-શોક કરતા નથી. અને જેવી સાંભળી હોય તેવી એ વાત કરતા હોય છે. ૨૯. **જે વિવેકી સંત હોય છે તે શ્રોતાઓનો જેવો ભાવ હોય તેવો જાણતા હોય છે. અને જેવો ભાવ હોય તેવી વાતો કર્યા કરે છે, પણ તેઓ કોઈ આગ્રહ કરતા નથી.** ૩૦.

શ્રોતાઓના ભાવ વિના પણ જે વક્તા આગ્રહ કરીને જેટલી વાત કરે છે, તેટલો તેમાં શ્રોતાઓને લોભ દેખાય છે. અને તેની વાત સાંભળીને લોકોની એકસરખી સમજણ રહેતી નથી. ૩૧.

ચોપાઈ :

भगवान के खप रहे ताकी, समझ अलोकिक रहेउ वाकी;
भगवान के भक्त रहे ताकू, बाल से वृद्ध लग रहे वाकू...३२
नाम ताके तुंकार करहू, उचरत नहि चिह्न रहे धरहू;
संत वर्णि पदाति हरिजनही, सत्संग में मुक्त जानना इनही...३३
जामें बडता रहाये जितना, बचन में देख आवत तितना;
सत्संग में एसे रहे जेता, सत्संग के भूषण रहे तेता...३४

જેને ભગવાનનો ખપ હોય છે તેની સમજણ અલૌકિક હોય છે. તે તો ભગવાનના આબાલ-વૃદ્ધ ભક્તને તેનું નામ લઈને બોલાવે, પણ ક્યારેય તુકારે બોલાવે નહીં. અને તેના શરીરમાં કાંઈ ખોટ-ખાંપણ હોય, તોપણ તેવા શબ્દથી તેને બોલાવે નહીં. સત્સંગમાં આવા જે સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો હોય તેને મુક્ત સમજવા. ૩૨-૩૩. જેમાં જેટલી મોટપ રહી હોય, તે તેના બોલેલા વચનમાં દેખાઈ આવે છે. સત્સંગમાં આવા જે જે હોય તે બધા ખરેખર સત્સંગનાં આભૂષણ છે. ૩૪.

❋ મુક્તાનંદ સ્વામીના સદ્‌ગુણો અને સાધુતાની પ્રશંસા :

મુક્તાનંદ સ્વામીના એક એક રોમમાં આવા સદ્‌ગુણો ભર્યા હતા, અને તેને લીધે જ તે સહુ સંતોમાં સાધુતાએ કરીને અધિક રહ્યા હતા. ૩૫. આ પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે, તે મુક્તમુનિ જેવા સંતોને જોઈ રહે છે. અને જેમાં એવા અલૌકિક ગુણોને દેખે છે, તો તેમને પોતાના ગુરુ માને છે. ૩૬.

दोहा : अलोकिक गुण सिखत रहे, संत हि कहावत ताय;
तुच्छ बचन उचरत रहेउ, तुच्छ में गिनत रहाय...३७
जेसे गुण रहे जिनमें, बचन कहि देत तेहि;
बचन रहे सवा लाखनि, कसोटि तेहि रहेहि...३८
सोरठा : जेसे गुण हि जामें, बडता तेसे बढात तेहि;
जनात बचन यामें, वरतन महीं देख परत...३९

જે અલૌકિક ગુણોને શીખે છે તે સંત અલૌકિક કહેવાય છે, અને જે તુચ્છ વચન બોલે છે તે તુચ્છમાં ગણાય છે. ૩૭. જેમાં જેવા ગુણ રહ્યા હોય તે ગુણને તેનું વચન કહી દે છે. સારું વચન તો સવા લાખનું છે. વચનથી જ વ્યક્તિની કસોટી થાય છે. ૩૮. જેમાં જેવા ગુણ હોય તે તેની તેવી મોટપ વધારે છે. અને તે તેની વાણીમાંથી જણાય છે અને વર્તનમાં દેખાય આવે છે. ૩૯. મુક્તાનંદ સ્વામીમાં સાધુતાના સર્વોપરિ ગુણને જોઈને બધા હરિભક્તો તેમને પ્રથમ પૂજતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “વિવેકની અતિ મહત્તા કહી” એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૭

શ્રીહરિએ રૂસ્તમબાગમાં સંતોને જમાડ્યા અને હરિભક્તોએ પૂજા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ધર્મવંશી વિપ્રો જે દિવસથી સત્સંગમાં આવ્યા હતા, ત્યારથી મુક્તાનંદ સ્વામી તેમને સત્સંગનું મૂળ જાણતા હતા. તેથી જ વિચારીને સંતોની પહેલા તેમની પૂજા કરાવવાનો સ્વામીના દિલમાં ભાવ રહેતો હતો. હરિભક્તો પહેલા શ્રીહરિની પૂજા કરતા. પછી તરત સંતોની પૂજા કરવાનો તેમને મનમાં ભાવ રહેતો હતો. ૨-૪.

જ્યારે હરિભક્તો સંતોની પૂજા કરવા આવતા, ત્યારે મુક્તાનંદ સ્વામી તેમને પૂજા કરવાની જેવી રીત હોય તે સમજાવતા કે, 'જેમ શરીરનો મૂળ આધાર જીવ કહેવાય છે તેમ સત્સંગનું મૂળ ધર્મ રહ્યો છે, અને ધર્મદેવ તો ધર્મવંશીઓના પિતા કહેવાય છે. ૫-૬. સૂર્ય વગર જેમ અંધારું રહે છે, તેમ ધર્મવંશી વિના સત્સંગમાં કુસંગ કહેવાય છે. ૭. તેટલા માટે જે આ ધર્મવંશ છે તે સત્સંગનું મૂળ છે, તેમ જાણીને મુક્તાનંદ સ્વામી ધર્મવંશની પહેલા પૂજા કરાવતા હતા. અને તેમની આવી સમજણને લીધે સુરતવાળા જેટલા હરિભક્તો હતા, અને જેણે રસોઈ કરાવી હતી તે બધા મુક્તાનંદ સ્વામીનાં વચને કરીને મનમાં ખૂબ જ આનંદ પામ્યા. પછી તેમણે શ્રીહરિની પૂજા કર્યા બાદ તરત નંદરામજી અને ગોપાળજીની પૂજા કરી હતી. ૮-૧૦.

હરિભક્તોએ જ્યારે પૂજા કરી લીધી તે પછી ઘણા ભાવથી તેમને વસ્ત્ર ઓઢાડ્યાં. આ રીત જ્યારે શ્રીહરિએ દેખી ત્યારે તેઓ હરિભક્તોના ઉપર ખૂબ પ્રસન્ન થયા, અને મુક્તાનંદ સ્વામી ઉપર પણ ખૂબ જ રાજી થયા. ભક્તોએ ધર્મવંશીની પૂજા કર્યા પછી બધા સંતોની પૂજા કરી. ૧૧-૧૨. કેસરયુક્ત ચંદનની સંતોના લલાટમાં અર્ચા કરીને કુંકુમનો ચાંદલો કર્યો. પછી ફૂલના હાર પહેરાવીને વસ્ત્ર ઓઢાડ્યાં. ૧૩. રસોઈમાં રવાનો કંસાર કર્યો હતો તે ઘણો ઊજળો થયો હતો. તેમાં કાજુ કળિયા તથા બદામના ઉજ્જ્વળ દાણા નાખ્યા હતા. ચારોળી, દ્રાક્ષ અને સાકર પણ તેમાં નાખી હતી. પછી તે કંસારને પીરસવા માટે સંતો તાસ ભરી ભરીને લાવ્યા. તેથી આ હરિભક્તોનો ભાવ જોઈને શ્રીહરિ કમર કસીને સંતોને પીરસવા માટે આવ્યા.

એક પીતાંબર પહેર્યું હતું અને બીજું કમરે કસ્યું હતું. ૧૪-૧૭. તે પીતાંબર જનોઈની જેમ ખભા ઉપર નાખ્યું હતું. શ્રીહરિનું સ્વરૂપ કેસરી ચંદનમય દેખાતું હતું. કેટલાક ફૂલના હાર માથા ઉપર પાઘની રીતે રાખ્યા હતા તે ખૂબ જ શોભતા હતા, અને તેમાં ફૂલના તોરા ધરાવ્યા હતા. તેમજ ફૂલના ગુચ્છ બંને કાન ઉપર તે સમયે શોભી રહ્યા હતા. ૧૮-૧૯. ભુજાઓ ઉપર ફૂલના બાજુ અને પહોંચી શોભી રહી હતી. જાત

જાતનાં ફૂલના હાર છાતી ઉપર ખૂબ જ શોભી રહ્યા હતા. ૨૦. શ્રીહરિને કેસરયુક્ત ચંદનની અર્ચા કરી હતી, અને તેમાં અત્તર ભેળવેલું હતું એટલે તેમાં અતિશય સુગંધ આવી રહ્યો હતો. તેનો એવો સુગંધ છૂટતો હતો કે, સુગંધ વિનાના પદાર્થો પણ સુગંધવાળા થઈ ગયા હતા. જેમ મલયાગર ચંદન આસપાસના બીજા વૃક્ષોને પણ ચંદનરૂપ કરી દે છે, તેમ તે વખતે આ ચંદન એવો સુગંધ પ્રસરાવતું હતું. ત્યારે જેટલા સંતો હતા તે બધા 'સ્વામિનારાયણ' નામને મુખથી એકતારમાં બોલતા હતા. માનો વેદના મંત્રોની ધારા વરસતી હોય, તેમ જણાતું હતું. અતિશય ભાગ્યશાળી એવાં વેદ, પુરાણ, રાગ અને બધી રાગણીઓ, એ સ્વામિનારાયણ નામને નિત્ય સાંભળવા આવતાં હતાં. ૨૧-૨૪.

❋ સંતોની ભોજનલીલાની વિશેષતા :

જ્યારે શ્રીહરિ સંતોને પીરસી રહ્યા ત્યારે 'વાસુદેવ હરે..' એવો શબ્દ બોલ્યા. પછી ફરીને પીરસવા લાગ્યા. ૨૫. ભક્તવત્સલ કૃપાળુ એવા શ્રીહરિને સહુ હરિભક્તોને રાજી કરવાનું જ એક ઘણું તાન હતું. ૨૬. સૂરણ, રતાળુ, પરવળ, રીંગણાં અને વાલનાં શાક કરેલાં હતાં. વડાં અને ભજિયાં પણ હતાં. તેને પણ શ્રીહરિ પીરસવા લાગ્યા. ૨૭. જેટલાં ભોજન કર્યાં હતાં તે જ્યારે પીરસી રહ્યા, ત્યારે જે સંતો હતા તે પોતપોતાના પાત્રમાં પીરસાયેલાં ભોજન, શાક અને રાયતું વગેરે બધું ભેળું કરીને, શ્રીહરિની પ્રસાદીનું જળ એ ભોજનમાં પ્રોક્ષણ કરી તેમાં મેળવી દીધું. પછી સંતો જમવા લાગ્યા. **એક એક કોળિયે શ્રીહરિના નામને મુખથી બોલતા હતા.** ૨૮-૩૦. **જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી કોઈ પરસ્પર વાત કરતા નહીં. જે સંત હતા તે બધા શ્રીહરિની મૂર્તિમાં જ એક ચિત્ત રાખીને જમતા હતા.** ૩૧. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે આસન ઉપર આવ્યા, અને પરમ નિપુણ શ્રીહરિ હરિભક્તોને દર્શન દેવા માટે પાટ ઉપર આવીને બેઠા. ૩૨.

પછી બધા સંતો પણ આવીને ત્યાં બેઠા. સહુ ગરબીનાં પદ બોલવા લાગ્યા. સુરતના હરિભક્તોનાં દિલ ઘણાં સરળ હતાં. ૩૩. જે જેટલા અધર્મ માર્ગમાં ચાલતા ડરતા હોય, તેને તેટલો ધર્મમાર્ગમાં ભાવ રહે છે.

ત્યાં હરિભક્ત બાઈ-ભાઈઓ અપાર આવતાં હતાં. તેનો ગણ્યે પાર આવતો નહીં. ૩૪. જ્યાં સુધી શ્રીહરિ સુરતમાં રહ્યા ત્યાં સુધી દર્શન કરવા આવનારા ભક્તોથી રસ્તો ભર્યો રહેતો હતો. એકતાર ભક્તજનો આવતા જતા રહેતા હતા. કેટલાક તો ફૂલના હાર લઈને આવતા હતા. ૩૫. સહુ ઘણા ભાવથી શ્રીહરિને હાર પહેરાવતા. આવો અવસર ક્યારેય આવતો નથી. અશ્વિનીકુમાર નામે ઋષિ જ્યારે હતા ત્યારે તેમણે અહીંયાં તપ કર્યું હતું. તે તપના ફળને દેવા માટે આ શ્રીહરિ અશ્વિનીકુમારને આરે રોકાયા હતા, તેનાથી તે આરો પણ ઘણો પૂજ્ય-પવિત્ર થઈ ગયો હતો. ૩૬-૩૭. આ વખતે શ્રીહરિ જેટલા ઋષિઓને સાથે લઈને આવ્યા હતા, તેના અને શ્રીહરિનાં દર્શન કરીને લોકો કૃતાર્થ થયા. ૩૮. શ્રીહરિ ત્યાં રહ્યા ત્યારે તેમણે સહુ સંતોને અતિ હેતથી જે કહ્યું હતું તે વાત હવે હું કહું છું, **"સાધુતારૂપી ગુણ બધા ગુણોથી અધિક છે. તેને સમાન બીજો કોઈ ગુણ નથી. માટે સંતોએ સાધુતાનો ત્યાગ કરવો નહીં."** ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ રૂસ્તમબાગમાં સંતોને જમાડ્યા અને હરિભક્તોએ પૂજા કરી" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૮

શ્રીહરિએ સંતોને સાધુતાનું મહત્ત્વ સમજાવ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સહુ સંતોને કહ્યું કે, **"સાધુતાના ગુણ જેવી બીજી કોઈ વાત જ નથી. સાધુતા તો સહુથી અધિક છે.** ૨. જે કોઈ બાબત હોય તેમાં તમારે ક્યારેય સાધુતાનો ત્યાગ કરવો નહીં, તે કાયમ ધ્યાનમાં રાખવું. ધ્યાન ન રાખીએ તો ભૂલી જવાય છે. ૩. હરકોઈ પદાર્થને માટે સંતોએ ક્યારેય કોઈ હરિભક્તોની પાસે કાંઈ મંગાવવું નહીં. ૪.

કદાચ કોઈ સંતોને યોગ્ય એવી આવશ્યક વસ્તુ જોઈતી હોય, તો તે એક આનંદાનંદ સ્વામીની પાસે જ માંગવું; આવી સાધુની રીત છે. તેમાં સાધુઓની અપાર શોભા રહી છે. **માટે જે કાંઈ વાત કરવી તે તમારે સાધુતા રાખીને કરવી.** ૫-૬.

चोपाई :

साधुता के गुण रहे जेता, पदारथ नाश करत हि तेता;
जो जो बात करना जेती, साधुता गुण बढावन तेती...०७
एसि समझ न भुलत जो जबही, साधुता गुण ताकू तबही;
वृद्धि दिन दिन होत रहाते, साधुता सम न कोउ कहाते...०८
शोभा तामें शोभा अपारा, रहाये तेहि वार न पारा;
सरवोपरि समझ रहे इनही, साधुता गुण सिखना तिनही...०९
सुख शांति जितना जेहू, साधुता में भरे हे तेहू;
कोटानकोट ब्रह्मांड ताकी, समृद्धि जेति रहाये वाकी...१०
सेवक होई तेहि साधु तिनकी, सेवा में अखंड रहत इनकी;

સાધુતાના જેટલા ગુણો રહ્યા છે તેને પદાર્થનો લોભ નાશ કરે છે. માટે જે કાંઈ કરવું તે સાધુતાના ગુણને વધારવા કરવું. આવી સમજણને જ્યારે સંત ભૂલતા નથી, ત્યારે તેમાં સાધુતાના ગુણની દિવસે દિવસે વૃદ્ધિ થાય છે. સાધુતાની સમાન બીજો કોઈ ગુણ કહેવાતો નથી. જે કાંઈ શોભા કહેવાય છે, તેમાં પણ અપાર શોભા સાધુતામાં રહી છે. માટે સાધુતાના ગુણ શીખવા એ જ સર્વોપરિ સમજણ છે. ૭-૯. **જેટલાં સુખ અને શાંતિ છે તે બધાં સાધુતામાં ભર્યાં છે. કોટાનકોટી બ્રહ્માંડોની જેટલી સમૃદ્ધિ છે તે સર્વે સાધુની સેવક થઈને અખંડ તેની સેવામાં રહે છે.** જેને જ્યાં સુધી સાધુતામાં કોઈ સુખ નથી દેખાતું, તો તે બ્રહ્મા જેવા થયા હોય તોપણ શું ? તે તો બાળબુદ્ધિમાં ખપે છે. જો બ્રહ્મા જેવાની આવી સ્થિતિ હોય તો પામર જીવનાં શાં લેખાં ? તે તો કાંઈ ગણતરીમાં નથી. ૧૦-૧૨.

⁕ જે સાર વાતને સ્વીકારે તે જ સુધરે છે :

એક ભગવાનને છોડીને જે કોઈ બીજે માર્ગે ચાલે છે તે ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ લખચોરાશીમાં ભટકે છે. ૧૩. અમારી જેટલી વાતો

છે તે બધી દુઃખથી છોડાવવા માટેની છે. જેના અપાર ભાગ્ય હોય એ જીવો જ મોક્ષની વાતને ગ્રહણ કરે છે. અને એવી અમારી મોક્ષકારી વાતોએ કેટલાય જીવોનો ઉદ્ધાર કર્યો છે. ૧૪-૧૫. આ મનુષ્યદેહને પામીને જે પોતાના જીવનો ઉદ્ધાર નથી કરતા, તો તેનો આ મનુષ્યદેહ નિષ્ફળ થયો છે. ૧૬.

જ્યાં સુધી આ મનુષ્યદેહને જીવ નિષ્ફળ કરતો રહે છે, ત્યાં સુધી જન્મ-મરણ અને જમપુરીના જેટલી જાતનાં દુઃખ કહેવાય છે, તેને વારંવાર ભોગવે છે. તેનો કહેતા પાર આવતો નથી. જ્યાં સુધી જીવ ભગવાનને શરણે નથી આવતો, ત્યાં સુધી તે ગમે તેવો સમર્થ હોય, તોપણ દુઃખને પામે છે, જે કહી શકાતું નથી. જ્યારે મનુષ્યદેહે કરીને સુખને માર્ગે ચાલે છે ત્યારે તેનાં બધાં દુઃખ ટળી જાય છે. ૧૭-૧૯. સત્સંગ એ સુખનો માર્ગ છે. જેને સુખની ઇચ્છા હોય તે સત્સંગને માર્ગે ચાલે છે. જે સત્સંગને માર્ગે ચાલે છે તેને દુઃખ રહેતું નથી. ૨૦. જે માણસ કુસંગને માર્ગે ચાલે છે તેની હંમેશાં અપકીર્તિ થાય છે. મનુષ્ય જ્યારે તે બાબતનો વિચાર કરે છે ત્યારે તે કુસંગનો ત્યાગ કરે છે. ૨૧.

જે જેટલા બુદ્ધિમાન કહેવાતા હોય તે બધા તેનાં વર્તન ઉપરથી દેખાઈ આવે છે." શ્રીહરિએ જ્યારે સંતોની આગળ આટલી વાત કરી ત્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો હતો. ૨૨. પછી પૂરવ રાગનાં ગોડીનાં પદ સંતો ગાવા લાગ્યા. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે તરત ચાર મશાલો પ્રગટાવી. ૨૩. પછી શ્રીહરિએ તથા સહુ સંતોએ ઊભા થઈને આરતી અને નારાયણ ધૂન કર્યા. તેની અદ્‌ભુત શોભા બની હતી તે કહી શકાતી નથી. ૨૪. શ્રીહરિ, સહુ સંતો અને હરિભક્તો બે ઘડી સુધી અતિશય પ્રેમમગ્ન થઈને નારાયણ ધૂન કરતા રહ્યા. ૨૫. જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે સહુ સંતો બે હાથ જોડીને સ્તુતિના શ્લોક બોલ્યા. ૨૬. જ્યારે શ્લોક બોલાઈ રહ્યા ત્યારે સંતો તથા હરિભક્તોની ત્યાં સભા બેઠી, અને સહુ મુખથી 'જય જય.. જય જય..' એવો શબ્દ કરવા લાગ્યા. ૨૭.

પછી સંતો મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીનાં ગરબી રાગનાં ચાર ચાર પદ બોલ્યા. જ્યાં સુધી સંતો કીર્તન બોલતા રહ્યા

ત્યાં સુધી શ્રીહરિ ત્યાં બેસી રહ્યા. ૨૮-૨૯. પછી જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીહરિ પોઢવા માટે ચાલ્યા. બંગલાની જે જગ્યા હતી તે અંદરના ભાગમાં ખુલ્લી હતી. ૩૦. તેમાં જેટલા સંતો રહેતા હતા તે બધા આસન કરીને સૂતા. તે આસન એટલા બધા નજીક કરીને સૂતા કે તેમાં એક એક સાધુને ચાલવાની પણ વચ્ચે કાંઈ જગ્યા રહી નહીં. ૩૧. લઘુશંકા કરવા કોઈને જવું હોય તો ચાલવાની આસપાસ ક્યાંય જગ્યા રહી નહીં. અને જ્યારે દીવો ઓલવાય ત્યારે એકબીજાનો પગ ભટકાયા સિવાય રહે જ નહિ, એવી બાબત બની હતી. તેમાં કાંઈ ખોટું નથી. જ્યારે શ્રીહરિએ આવી હકીકત નજરે જોઈ-જાણી ત્યારે પોતે શ્રીહરિએ સંતોને કહ્યું, “આ બાગની પાછળના ભાગમાં પૂર્વ દિશામાં નજીક જ ખેતર છે, અને તેમાં ચોક્કસ આંબલીના દસ-બાર ઝાડની ઉત્તર-દક્ષિણ લાંબી લાઈન છે.” ૩૨-૩૪. પછી તે જગ્યા જોઈને શ્રીહરિએ સહુ સંતોની ઉત્તર-દક્ષિણ લાંબી ત્યાં પથારી કરાવી. વચ્ચેના ભાગમાં સહુના મસ્તક રહે એ રીતે સંતોએ ત્યાં સૂવાના આસનની બે પંક્તિઓ કરી. ૩૫.

પછી ત્યાં કોઈ મશાલ કે દીવાનું કામ રહ્યું નહીં. કારણ કે, ચંદ્રમાનું અજવાળું થયું હતું અને આસનની પણ મોકળાશ થઈ હતી. ૩૬. તેમાં કોઈ આસનમાં ભૂલા પડતા નહિ અને લઘુશંકા કરવાની પણ છૂટ રહેતી હતી. ચાહે તેટલી વાર સંત ઊભા થઈ શકતા હતા. ૩૭. **જે રીતે બધાને સુખ થાય અને દુઃખ દૂર રહે; એવી સહજ સમજણ શ્રીહરિના દિલમાં સૂઝતી રહેતી હતી.** ૩૮. **જે ક્રિયામાં દુઃખ રહ્યું હોય તેવી ક્રિયાનો શ્રીહરિ ત્યાગ કરાવતા હતા, અને જેમાં સુખ થતું હોય તેવી બાબત શ્રીહરિ હેતથી બતાવતા હતા.** ૩૯. જે ભગવાન હોય તેની આ જ મુખ્ય રીત હોય છે. અને સત્પુરુષની પણ એ જ રીત હોય છે અને એમાં જ સહુની પરીક્ષા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “શ્રીહરિએ સંતોને સાધુતાનું મહત્ત્વ સમજાવ્યું” એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૩૯

દયારામે શ્રીહરિ માટે મ્યાનો કરાવ્યો તથા અરદેશર શેઠનો ભાવ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. બીજે દિવસે સવારમાં સંતો, વર્ણી, પદાતિ અને હરિભક્તો, એ સહુએ તાપી નદીમાં જ્યાં ઘાટ બાંધેલો હતો ત્યાં જઈને સ્નાન કર્યું. ત્યારે સહુ મુખથી 'સ્વામિનારાયણ' નામ બોલતા હતા. ૨-૩. જ્યાં શ્રીહરિ નાહ્યા હતા ત્યાં સહુ સંતો તથા બધા હરિભક્તો નાહ્યા. તેણે કરીને તે તાપી નદી પોતાને અધિક અપાર કૃતાર્થ માનવા લાગી. પ્યારા શ્રીહરિ ઘણા હેતથી પાંચ-સાત વાર તાપી નદીમાં નાહ્યા છે; તેને તાપી નદી જાણતી હતી. સં.૧૮૬૪ના વરસથી જ્યારે સંતો સુરતમાં આવતા હતા ત્યારે સહુ તાપી નદીમાં સ્નાન કરતા હતા. આ વાત લખ્યા વિના કોઈને યાદ રહે નહીં; માટે લખી છે. ૪-૬.

❋ માયિક-અમાયિક વાતોની વિક્તિ :

चोपाई :

मायिक अमायिक बात जेता, लिखे बिन स्मृति रहत न तेता;
मायिक अमायिक बात तामें, रात्य दीन फरक रहे यामें...०७
मायिक बात कहावत जेती, निशि सम रहाये तेहि तेती;
भव भटकावन रहेउ ताऊ, चाय तेसि मायिक बात रहाऊ...०८
भगवान संत हरिजन कि बाता, अमायिक जो रहे साक्षाता;
भव भटकत रहावत जाही, छोडावन रहायेउ ताही...०९

જે કોઈ પણ માયિક કે અમાયિક બાબત હોય, તે લખી ન હોય તો યાદ રહેતી નથી. માયિક અને અમાયિક વાતમાં રાત-દિવસનો ફરક હોય છે. ૭. જેટલી માયિક વાતો કહેવાય છે તે બધી રાત જેવી છે. તે ગમે તેવી સારી કહેવાતી હોય, તોપણ તે માયિક વાત જીવને સંસારમાં ભટકાવે છે. ૮. ભગવાન, સંતો અને હરિભક્તોની જે વાત છે તે મૂર્તિમાન અમાયિક બાબત છે. તેથી જે જીવ સંસારમાં ભટકતા હોય, તેને તે અમાયિક વાત છોડાવે છે. ૯. માયિક અને અમાયિક બાબતમાં ઉપર કહ્યા પ્રમાણેનો ફરક

છે. એ ફરકને યથાર્થરૂપમાં જે દેખે છે તે, માણસ જાતિના અથવા દેવ જાતિના કહેવાય છે. અને જેને આવી સમજણ ન હોય તે તો પશુ જાતિના છે. જેટલી માયિક બાબતો રહી છે તેનો ગુણ તો સંસારમાં ભટકાવવાનો છે. ૧૦-૧૧. અને જેટલી અમાયિક બાબતો રહી છે તેનો ગુણ તો સંસારનાં બંધન છોડાવવાનો છે; એમ સમજે એ જ ખરી સમજણ છે. ૧૨.

જેટલી અમાયિક વાતો છે તે તો દિવ્ય ચિંતામણિ છે, એમ જે બુદ્ધિમાન હોય છે તે ચોક્કસ રૂપમાં જાણે છે. એવું સમજનાર પછી ક્યારેય સંસારમાં ભટકતા નથી. માટે એવી અમાયિક વાતો તો સહુથી અધિક રહી છે. ૧૩-૧૪. સલાટપુરના કણબી દયારામ અને તેના સાથીદાર જેટલા હરિભક્ત હતા, તે સહુએ ખાંડના લાડુની રસોઈ આપી. તે બહુ શ્રદ્ધાવાળા હતા. દિવસ ઊગ્યા પહેલાં તો કેટલાક ભક્તોએ શાક અને ભજિયાં કરી વાળ્યાં. વડાં, વિવિધ પ્રકારનું રાયતું, પાપડ, જાત જાતનાં અથાણાં તે વખતે તેમણે તૈયાર કરાવી રાખ્યાં. ૧૫-૧૭.

દયારામભાઈએ શ્રીહરિને માટે ઘણા પ્રેમભાવથી રમણીય પ્રકારનો એક નવો મ્યાનો કરાવ્યો હતો, અને તેમાં સુંદર કાચના નાના દર્પણ જડ્યા હતા. ૧૮. ગોપાળભાઈ નામના હરિભક્ત સુતારે તે મ્યાનો બનાવ્યો હતો. તે મ્યાનાના આગળના અને પાછળના ભાગના દંડાને ચાંદીની સુશોભિત ખોળ ચડાવી હતી. તે કલ્યાણભાઈ તથા કુબેરભાઈ નામના બે સોની હરિભક્તો હતા તેમણે તે ખોળ બનાવી હતી. કારણ કે, તે બંનેને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું. અને બીજા એક આત્મારામ અને તેના ભાઈ, બંને સારા હરિભક્ત હતા, તેઓ દરજીનું કામ કરતા હતા. તેનો પ્રેમભાવ કહી શકાતો નથી. તેણે પીળી છીંટની ગાદલીઓ મ્યાનામાં નાંખવા માટે બનાવી આપી હતી. ૧૯-૨૨. અને તે મ્યાનામાં છીંટનો ઉલેચ તથા લાલ રેશમની ઝાલર કરી હતી. તે ઝાલર ચારેબાજુ અને અંદર લગાડેલી હતી. અને તેમાં સોનાની કારીગરી કરી હતી. ૨૩.

સુરત શહેરના અરદેશર પારસી કમિશનર હતા. તે ચોર, ઠગ અને લુચ્ચા માણસોને શિક્ષા કરે એવા તેના ગુરુ હતા. ૨૪. તેણે શ્રીહરિના

સત્સંગનું વર્તન દેખ્યું ત્યારે તેમણે શ્રીહરિમાં ખૂબ જ ભાવ કર્યો. ૨૫. સત્સંગ સિવાયના જે બીજા લોકો હતા તે કુમાર્ગે ચાલતા હતા. તે જ્યારે સત્સંગનું વર્તન દેખવામાં આવ્યું ત્યારે સમજાયું. ૨૬. ખોટાં નાણાંને સાચું નાણું સમજીને રાખ્યું હોય, પણ તે જ્યારે જરૂર પડે ત્યારે ક્યાંય ચાલતું નથી, ૨૭. તેમ જેટલા કુપંથો છે તે બધા ખોટાં નાણાં જેવા છે. અને જે સત્સંગ છે તે સાચાં નાણાં જેવો છે. ૨૮. તેને લીધે જ આ સત્સંગ સર્વોપરિ રહ્યો છે. આવી સત્સંગની અલૌકિકતા જોઈને અરદેશર શેઠને શ્રીહરિના ઉપર અપાર ભાવ થયો. તેણે આઠ મજબૂત કહારોને નવો મ્યાનો ઉઠાવવાને માટે શ્રીહરિની પાસે ઘણા ભાવથી મોકલ્યા હતા. અરદેશર શેઠનો આખા સુરત શહેરમાં હુકમ ચાલતો હતો. તેને પોતાના જાણીને અંગ્રેજ સરકારે ૧૬ ગામ આપ્યાં હતાં. ૨૯-૩૧. વિલાયત સુધી શેઠનું નામ પ્રસિદ્ધ હતું. ઇંગ્લૅન્ડથી અધિકારી થઈને જે અંગ્રેજ સાહેબો આવતા હતા, તે બધા અરદેશર શેઠનું માનતા હતા. ૩૨.

શેઠના મોટાભાઈનું નામ પીરૂશા હતું. શેઠના ઉપર તેને ઘણું હેત હતું. અને તે શ્રીહરિને માનતા હતા. અને જેમ અરદેશર શેઠ કહે તેમ તેઓ કરતા હતા. ૩૩. પીરૂશાને અરદેશર શેઠનો પૂર્ણ વિશ્વાસ હતો. તે બંને ભાઈઓના ઘર જુદા જુદા હતા. બંને અલગ અલગ પરામાં રહેતા હતા, અને બંને મોટા સરદાર હતા. ૩૪. તે બંને ભાઈને શ્રીહરિના ઉપર અતિ ભક્તિભાવ હતો. શહેરના બધા લોકો તથા જેટલા મતપંથીઓ હતા તે બધા અરદેશર શેઠ તથા તેમના ભાઈ પીરૂશાથી ડરતા હતા. ૩૫. આવું જાણીને શ્રીહરિ આ વખતે સુરત પધાર્યા હતા. અને અંગ્રેજ અધિકારી વગેરે પણ સત્સંગ ઉપર ભાવ રાખતા હતા. ૩૬. તેઓ વ્યક્તિગત રીતે ચાહે તેવા હોય, પણ તેઓ સત્સંગના ઉપર નિષ્કપટપણે યથાર્થ ભાવ રાખતા હતા. ૩૭. **તેમના વ્યક્તિગત જીવનને નહીં જોઈને માત્ર તેમની ભાવના સામે દેખીને શ્રીહરિ તેવા લોકોનો ઉદ્ધાર કરે છે. આવા પ્રકારની ભાવનામાં જબરી તાકાત રહી છે. કેમ જે, તે ભાવથી અનેક લોકોનો ઉદ્ધાર થાય છે.** ૩૮. જ્યારે શ્રીહરિએ શ્રીકૃષ્ણ અવતાર ધારણ કર્યો હતો ત્યારે ગોપીઓ

અને ગોવાળોનો ભાવ જોઈને જ તેમનો ઉદ્ધાર કર્યો હતો. ૩૯. **ભગવાને આ ભૂમિ ઉપર જે જે અવતારો ધારણ કર્યા હતા ત્યારે ભાવનાએ કરીને જ લોકોનો ઉદ્ધાર કર્યો હતો.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "દયારામે શ્રીહરિ માટે મ્યાનો કરાવ્યો તથા અરદેશર શેઠનો ભાવ કહ્યો" એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૦

શ્રીહરિ થાળ જમીને બેઠા હતા ત્યારે શેઠ અરદેશર મળવા આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ધર્મકુમાર શ્રીહરિ જ અપાર અવતારોને ધારણ કરે છે. પરંતુ આ વખતે તેમણે ધર્મના પરિવારને ઘેર ઘેર પ્રસિદ્ધ કર્યો છે. ધર્મને શ્રદ્ધાદિક તેર પત્નીઓ હતી. તેમાં જે મૂર્તિ હતા તે જ ભક્તિ નામે થયા છે. ૨-૩. ધર્મની પત્નીઓમાં મૂર્તિદેવી મુખ્ય પત્ની હતાં. પહેલાં હરિ અને કૃષ્ણ તથા નર અને નારાયણ, એ ચાર ભાઈ તેમની કુખે પ્રગટ થયા હતા. ૪. તે ચારેય ભાઈ એક રહ્યા છે. છતાં જે જેવા ભક્ત હોય તેમને માટે તે એક મૂર્તિ હોવા છતાં તેમાંથી અપાર મૂર્તિઓને જ્યાં જેવું કાર્ય હોય ત્યાં તેવા રૂપમાં દેખાડે છે. આવાં બધાં શ્રીહરિનાં ચરિત્ર ભક્તજનોના હિત માટે રહ્યાં છે. ૫-૬.

❋ શ્રીહરિનાં ચરિત્ર તથા કળાની વિશેષતાઓ :

चोपाई :

एसे ब्रह्मांड अपार जेहू, रचत भये एक पल में तेहू;
एक पलक में करत हि नासा, एसे जाके रहे तमासा...०७
एक चरित्र में चरित्र केता, देखात रहे पार न तेता;
भव ब्रह्मा इंद्रादिक जैसे, बडे बडे देव सब हि तैसे...०८
भुले परत चरित्र जो तामें, एसि कला अपार रहे यामें;

જે ભગવાન આવાં અનેક બ્રહ્માંડોને એક પળવારમાં રચે છે, અને એક જ પળવારમાં તેનો નાશ કરે છે; આવો તે ભગવાનનાં ચરિત્રરૂપી ખેલ હોય છે. તેમના એક ચરિત્રમાં બીજાં કેટલાંય અપાર ચરિત્રો દેખાતાં રહે છે. જે ચરિત્રોમાં શિવ, બ્રહ્મા તથા ઈન્દ્રાદિક જેવા મોટા મોટા દેવતાઓ પણ ભૂલા પડે છે. આવી તે શ્રીહરિમાં અપાર કળાઓ રહી છે. જે હરિભક્ત મ્યાનો લાવ્યા હતા તેને રાજી કરવા માટે શ્રીહરિ આવીને તે મ્યાનામાં બેઠા. ત્યારે હરિભક્તો જય જયકાર કરવા લાગ્યા.

તે સમયે શ્રીહરિએ બધાં શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને શ્વેત ફૂલના હાર પહેર્યા હતા. ૭-૧૦. શ્વેત ફૂલના તોરા પાઘમાં લટકતા હતા, અને ગુલાબના ફૂલના ગુચ્છ કાન ઉપર ધારણ કર્યા હતા. બંને ભુજાઓ ઉપર શ્વેત પુષ્પના બાજુ અને પહોંચી સુંદર શોભતી હતી. અને લલાટમાં કુંકુમનો ચાંદલો સોહામણો લાગતો હતો. ત્યારે શ્રીહરિ મુખે મરક મરક હસી રહ્યા હતા. ૧૧-૧૨. ડાબા હાથમાં રૂમાલ અને મોતી ભરેલી છડી હતી, તથા જમણા હાથમાં ગુલાબનો ગુચ્છ રાખ્યો હતો. ૧૩. ત્યારે ત્યાં તાપીદાસ શેઠના બંગલામાં શ્રીહરિને માટે ભોજન તૈયાર કર્યું હતું. ૧૪.

તે દિવસે બધા હરિભક્તો તો શ્રીહરિનાં દર્શન કરવા માટે સૂર્ય ઉદય થયા પહેલાં જ ત્યાં આવી ગયા હતા. ૧૫. આઠ કહારાઓ જ્યારે શ્રીહરિનો મ્યાનો ઉઠાવીને ચાલ્યા, ત્યારે આધારાનંદ સ્વામી શ્રીહરિનાં દર્શન કરવા સારુ મ્યાનાની જમણી તરફનો પાયો પકડીને ચાલતા હતા. ત્યારે ‘તે પાયો છોડી દો’ તેમ કહારા વારે વારે બોલતા હતા, ૧૬-૧૭. પરંતુ જ્યારે શ્રીહરિ બોલે ત્યારે મારે મ્યાનો છોડી દેવો એમ સ્વામીએ મનમાં નક્કી કર્યું હતું. પછી શ્રીહરિએ તે વખતે કહારોને કહ્યું કે, “તમે તેમને હાથ છોડવાનું કહેશો નહીં. આ સ્વામી મ્યાનાને ડોલવા દેતા નથી.” ૧૮. ત્યારે કહારા બોલતા બંધ થઈ ગયા. અને શ્રીહરિને જ્યાં તાપી નદીનો આરો બાંધેલો છે ત્યાં મ્યાનામાં લઈને કહારા ચાલતા હતા. તે વખતે ત્યાં હજારો હરિભક્તો ભેળા થયા હતા. ૧૯. પાર નહીં એટલા હરિભક્તોએ ઘણા ભાવ સહિત શ્રીહરિનાં દર્શન કરીને અપાર લાભ લીધો. પછી શ્રીહરિને માટે જ્યાં થાળ

કર્યો હતો તે સ્થળે આવ્યા. ૨૦. કેટલીય ભાતનાં ભોજન કર્યાં હતાં. તે વિવિધ પ્રકારનાં ભોજન થાળમાં ધર્યાં. હરિભક્તનો ભાવ જોઈને શ્રીહરિ પ્રસન્ન મનથી તે થાળ જમ્યા. ૨૧. જે મ્યાનામાં આવ્યા હતા તે મ્યાનો ઉતારે મોકલી દીધો હતો, અને શ્રીહરિ પછી ચાલીને ઉતારે ગયા હતા.

પરંતુ અહીં સુખધામ શ્રીહરિએ પોતે જમી રહ્યા પછી તરત ત્યાં સંતોની પંક્તિ કરાવી. ૨૨. સંતો મુખથી 'સ્વામિનારાયણ' નામની ધૂન કરી રહ્યા હતા. જે હરિભક્તની રસોઈ હતી તે કેસરયુક્ત ચંદન અને પુષ્પના અપાર હાર લઈને પ્રેમથી પૂજા કરવા આવ્યા. ત્યારે શ્રીહરિને એક ખુરશી ઉપર બેસાડ્યા. તેમાં પ્રથમ શ્રીહરિની પૂજા કરી. ૨૩-૨૪. જેનો જેવો ભાવ હતો તેણે તે વખતે અનુક્રમે તેવી પૂજા કરી. ૨૫. તે વખતે વિવિધ પ્રકારનાં આભૂષણો અને વસ્ત્ર શ્રીહરિને અર્પણ કર્યાં. પછી તે વખતે તત્કાળ જ આરતી કરી. ૨૬. શ્રીહરિની જ્યારે પૂજા કરી લીધી પછી તે હરિભક્તોએ શ્રીહરિના ભત્રીજા નંદરામજી અને ગોપાળજીની પૂજા કરી. પછી સહુ સંતોની પૂજા કરી. જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે સહુના મન અતિ હરખભર્યા હતા. ૨૭-૨૮.

રસોઈ કરવામાં બધા હરિભક્ત વિપ્ર રહ્યા હતા. તે સંતો જમવા બેઠા ત્યારે લાડુ ભરી ભરીને મોટાં પાત્ર લાવવા માંડ્યા. અને શ્રીહરિ પોતે સંતોને પીરસવા લાગ્યા. ૨૯. જેટલી પ્રકારનાં ભોજન કર્યાં હતાં, તે બધાં જ્યારે પીરસાઈ રહ્યા ત્યારે શ્રીહરિએ 'વાસુદેવ હરે' એવો ધ્વનિ ઉચ્ચાર્યો. ૩૦. સહુ સંતો બધાં ભોજનને મેળવીને જમવા લાગ્યા. જ્યારે સંતો જમી રહ્યા, ત્યારે જ્યાં આંબલીનાં વૃક્ષ હતાં ત્યાં શ્રીહરિ સભા કરીને બેઠા. જ્યારે દિવસ એક પહોર ચઢ્યો ત્યારે અરદેશર શેઠ શ્રીહરિની પાસે આવે છે; તેમ સેવક હરિભક્તે શ્રીહરિને સમાચાર કહ્યા. ૩૧-૩૨. શેઠ ગોવિંદભાઈ, લક્ષ્મીચંદભાઈ, ગિરધરભાઈ અને વિપ્ર અંબારામજી, આ બધા મોટા મોટા હરિભક્તો હતા. ૩૩. ત્યારે શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યું, "આ શેઠ આવે છે તો તમે જેમ કહો તેમ અમે કરીએ." ત્યારે તે બધા હરિભક્તોએ રીતભાત બતાવી અને શ્રીહરિએ બધું તે રીતે જ કર્યું. ૩૪.

પાનબીડાં ઉપર સોનાં-રૂપાંનો વરખ લપેટીને તેને થાળમાં મૂક્યાં. એલચી અને લવીંગ પણ સોનાં-રૂપાંના વરખમાં લપેટીને થાળમાં મૂક્યાં. અને તે સિવાય કેટલીક જાતના મેવા તે સમયે થાળમાં મૂક્યા હતા. ૩૫-૩૬. સોનાં-રૂપાંની અત્તરદાની તથા ગુલાબદાની થાળમાં મૂકી રાખી. ૩૭. તે નિપુણ હરિભક્તોએ સન્માન કરવાને માટે બધું ઉત્તમ સાહિત્ય તૈયાર કરીને રાખ્યું. ૩૮. સુરતના દસ-બાર નામચીન-પ્રસિદ્ધ શેઠિયાઓ હતા, જે પોતાની ગાડીઓમાં અને ઘોડા જોડેલી ચાર પૈડાવાળી બગીઓ સહિત આવ્યા હતા. ૩૯. આનંદરામ, બાબા શંભુરામ અને આદિત્યરામ શાસ્ત્રી, તે સહુને અરદેશર શેઠે પોતાની સમીપે બોલાવ્યા અને બધાને પોતાની બગીમાં બેસાડ્યા. પછી સહુ મળીને જ્યાં શ્રીહરિ હતા ત્યાં તેમની પાસે ઘણા ભાવથી આવ્યા. ૪૦-૪૧. તે વખતે શ્રીહરિના ચોપદાર કુબેરસિંહ નામે ત્યાં હતા. તેમને ત્યારે શ્રીહરિએ અરદેશર શેઠની સન્મુખ મોકલ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ થાળ જમીને બેઠા હતા ત્યારે શેઠ અરદેશર મળવા આવ્યા" એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૧

અરદેશર શેઠ રૂસ્તમબાગમાં આવીને શ્રીહરિને મળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે અરદેશર શેઠ વગેરે આવ્યા ત્યારે શ્રીહરિએ દાદા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર, દરબાર ઝીણાભાઈ અને સુરતના મોટા મોટા દસ-બાર હરિભક્તોને સન્મુખ મોકલ્યા. તેઓ થોડેક સુધી શેઠની સન્મુખ ગયા ત્યાં શેઠ તેમને મળ્યા. સહુને દેખીને શેઠ રાજી થયા. ૨-૪. ઘોડેસવાર થયેલા બધા કાઠી દરબારો તથા બીજા બધા હરિભક્ત હતા. તે સહુ અરદેશર શેઠને લઈને જ્યાં શ્રીહરિ હતા ત્યાં આવ્યા. ૫.

તે વખતે શ્રીહરિએ સંતોને એવું કહી રાખ્યું હતું કે, 'તમે જેમ બેઠા છો તે રીતે તમારે સહુએ બેસી રહેવું. અમારે તો જ્યારે કોઈ મોટો માણસ આવે, ત્યારે દેશ-કાળને સમજીને ઊભા થવું જોઈએ. સંતો તથા બ્રહ્મચારીએ ઊઠવું તે યોગ્ય નથી. તમે ઊઠો તે જગતમાં શોભતી વાત કહેવાય નહીં. ૬-૭. જે વાત જેમ શોભતી હોય તેમ કરવું તેમાં જ શોભા છે. માટે શોભે તે રીતે વર્તવું જોઈએ. મોટા રાજદરબારમાં પણ દેશ-કાળને સહુ સમજતા હોય છે. ૮. દેશ-કાળને સમજતા હોય એવા સંતો તથા વર્ણીઓને અમે સાથે રાખીએ છીએ. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી, તે દેશ-કાળની વાતને સમજે છે. શુકાનંદ સ્વામીને તો અમે જ્યારે કહીએ છીએ ત્યારે તે વાતને સમજે છે. આપ બુદ્ધિથી તે સમજી શકતા નથી. ૯-૧૦. આનંદાનંદ સ્વામી અને મુનિબાવા છે તે વિશાળ બુદ્ધિવાળા છે તેઓ રાજદરબારના દેશ-કાળને જાણે છે." ૧૧.

શ્રીહરિ આટલી વાત કરતા હતા તે વખતે ત્યાં અરદેશર શેઠ આવી પહોંચ્યા. શ્રીહરિ તરત ઊભા થયા. શેઠ હા.. હા.. આવું બોલતા રહ્યા, પણ શ્રીહરિ તો તેમને ભાવથી ભેટ્યા. પછી શેઠે શ્રીહરિનાં ચરણકમળમાં પોતાનું મસ્તક ધરી દીધું. ૧૨-૧૩. તે વખતે શ્રીહરિએ હેતથી તેમનો હાથ પકડ્યો, અને જ્યાં આસન તૈયાર કર્યું હતું તેના ઉપર બેસાડ્યા અને બીજા સહુ પણ બેઠા. ૧૪. જે શેઠની સાથે આવ્યા હતા તે સહુ પણ શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિની પાસે જે વિદ્વાન શાસ્ત્રીઓ હતા અને શેઠની સાથે જે શાસ્ત્રીઓ આવ્યા હતા, તે સહુએ બેઠા બેઠા જ પરસ્પર નમસ્કાર કર્યા. શેઠ પણ બેઠા બેઠા જ સહુ સંતોને બે હાથ જોડી, મસ્તક નમાવીને વારંવાર પગે લાગ્યા. શેઠે તે સ્થળે શ્રીહરિનાં ચરણોમાં પાંચ સોનામહોર ભેટ મૂકી. ૧૫-૧૭.

શ્રીહરિએ શેઠને કુશળ સમાચાર પૂછ્યા અને પછી કહ્યું કે, "તમારા હેતને કારણે જ અમે અહીં સુરત આવ્યા છીએ. તમને પહેલા આ મુક્તાનંદ સ્વામી આદિક ચાર સદ્‌ગુરુઓ જ્યારથી મળ્યા હતા તે વરસથી વરસમાં બે-ત્રણ વખત તમારા પત્ર આવે છે. તમારો જેવો ભાવ હોય છે તે પત્રમાં

લખ્યો હોય છે, અને અમારો પણ જેવો પ્રેમ હોય છે તે અમે તમને પત્રમાં લખાવ્યો હોય છે. **જેનો જેવો ભાવ હોય છે તે પત્રમાં છુપાતો નથી.** ૧૮-૨૦. **જેવો જેનો જીવ હોય છે તેવો તે પત્રમાં દેખાઈ આવે છે. હેત વિના ક્યારેય પત્ર લખાતો નથી. પત્ર લખવો તે પ્રેમનું ચિહ્ન છે.** ૨૧. ક્યાંક તો સ્વાર્થને માટે પણ પત્ર લખાતા હોય છે. અને સ્વાર્થનો જે ભાવ હોય છે તે પણ ઢાંક્યો રહેતો નથી. અમે સુરત આવવાનો વારેવારે વિચાર કર્યો, પણ તેમાં કાંઈક વિઘ્ન આવીને અમને રોકી રાખતું હતું. ૨૨.

અમે ગઢપુરમાં આ દાદા ખાચરના દરબારમાં રહીએ છીએ. તેમના પિતા એભલ ખાચર હતા. જ્યારે તેમણે પોતાનું શરીર છોડ્યું ત્યારે આ દાદા ખાચરને અમારા ખોળામાં મૂક્યા હતા. પછી તો અમે તેને અમારા અતિ ભક્ત જાણીને જે રીતે રોજ તેમનો અભ્યુદય થાય, તે રીતે વારંવાર કરતા રહ્યા છીએ. ૨૩-૨૪. અમે તેમના દરબારમાં રહીએ છીએ તેણે કરીને તેઓ મોટા મોટા રાજદરબારમાં પણ પ્રસિદ્ધ થયા છે. જો કે, આ દાદા ખાચર બહુ મોટા રાજા નથી, છતાં મોટા રાજાઓ કરતાં પણ વધારે વિલાયત સુધી પ્રસિદ્ધ થઈ ગયા છે. ૨૫-૨૬. અને જે ઘણા સારા હોય તેના ઉપર મનમાં ઈર્ષ્યા કરનારા પણ ઘણા હોય છે. તેવા ઈર્ષ્યાળુ લોકો જેટલું પોતાનું ચાલે તેટલું તેમનું બગાડવા મહેનત કરતા હોય છે, પરંતુ તે દાદા ખાચરનું રક્ષણ કરવાનું તેના પિતા પાસે અમે માથે લીધું છે. તે વિરોધીઓ તેનાથી જેટલા બની શકે તેટલા દાદા ખાચરનું બગાડવાના ઉપાય કરે છે. ૨૭-૨૮.

કેમ જે, દાદા ખાચર કરતાં પણ તે મોટા રાજાઓ હોય છે. અને તેના જે કારભારી હોય છે, તે નાના રાજ્યવાળાનો મોટા રાજાને વારેવારે દોષ દેખાડે છે. અને તેનો જે હક હોય છે, તેને નિર્દય થઈ બંધ કરીને ઘણી હાનિ પહોંચાડે છે. તે પછી તે મોટા રાજાઓ જે રીતે સમજે તે રીતે તેનો ઉપાય અમારે કરવો પડે છે. ૨૯-૩૦.

કારભારી તો પોતાની મરજીમાં આવે તેટલો કર આપવા આગ્રહ કરે છે, પરંતુ જો તેના ધાર્યા પ્રમાણે બધું દેતા રહે તો તો રાજ્યનો હક જ ન

રહે. ૩૧. કારણ કે, તે મોટા રાજ્યના કારભારીઓનું તો બુદ્ધિ ઉપર જ ગુજરાન થતું હોય છે. અમુક કાઠીઓને તો પરસ્પર લડવાની જ બુદ્ધિ છે. તેમને રાજ્ય કરવાની બુદ્ધિ-નીતિ નથી. ૩૨. રાજ્ય કરવામાં તો બુદ્ધિનું જ મુખ્ય કામ હોય છે. બુદ્ધિ વગરના જે સામસામા લડાઈ કરે છે, તેનો ગરાસ રહેતો નથી. જે બુદ્ધિશાળી હોય છે તે રાજ્યનો કબજો કરે છે. ૩૩. જે બુદ્ધિશાળી હોય છે તેની આગળ બુદ્ધિ વગરનાનું કાંઈ ચાલતું નથી. માટે જેને રાજ્ય રાખવાનો ખપ છે, તેવા મોટા રાજાઓ તો કોઈ બુદ્ધિમાનને જોઈને તેને કારભારી-મંત્રી તરીકે રાખે છે, અને તેણે કરીને તેનું રાજ્ય નિર્વિઘ્ન ચાલે છે.

આ દાદા ખાચરને તો દસ-બાર ગામમાં ગરાસનો ભાગ છે, તોપણ તેને એક દિવસ પણ શાંતિ રહેતી નથી. હંમેશાં કાંઈ ને કાંઈ દુઃખ રહેતું જ હોય છે. અમે તો દેખી રહ્યા છીએ કે, જેને જેટલી જમીન હોય તેમાં તેટલો ક્લેશ રહ્યો હોય છે; આવું સમજીને મોટા મોટા રાજાઓએ પણ સહુથી અધિક ભગવાનમાં જ સુખ દેખ્યું છે. તેથી જ સ્વાયંભુવ, મનુ જેવા રાજાઓએ રાજ્યનો ત્યાગ કર્યો હતો. કારણ કે, ભગવાનના સુખની આગળ બીજાં બધાં સુખ જ્યારે સંસારમાં ખૂબ ભટકાવનારા દઢપણે દેખ્યા, ત્યારે તેમને તેનો મોહ ઊતરી ગયો અને પછી જ પરમસુખ પ્રાપ્ત થયું. ૩૪-૩૯. **ભગવાનનાં સુખ સિવાય બીજામાં જ્યાં સુધી સુખ દેખાય છે ત્યાં સુધી તેની બુદ્ધિ નિષ્ફળ છે. તે સત્સંગથી દેખાઈ આવે છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "અરદેશર શેઠ રૂસ્તમબાગમાં આવીને શ્રીહરિને મળ્યા" એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ।।૪૧।।



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૨

શ્રીહરિ રૂસ્તમબાગથી ધામધૂમ પૂર્વક સુરત શહેરમાં આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. હવે ચાલવાનો સમય થયો છે એમ જાણીને શ્રીહરિ વાત કરતા હતા તે બંધ કરી. ૨. પછી શ્રીહરિએ ગુલાબનો હાર ઘણા ભાવથી શેઠ અરદેશર પારસીને પહેરાવ્યો. ૩. વળી પાનબીડાં તથા મેવા પણ શેઠને આપ્યાં. ત્યારે ગુલાબદાનીમાં ભરેલું જે ગુલાબ જળ હતું, તે અરદેશર શેઠનાં વસ્ત્ર ઉપર શ્રીહરિએ યોગ્ય રીતે છાંટ્યું. ૪-૫.

વળી અત્તરદાની લઈને તેમાંથી અત્તરની એક એક સળી શેઠની સાથે જે આવ્યા હતા, તેના રૂમાલ ઉપર શ્રીહરિએ 'ચટ..ચટ..' કરીને આપી. જેને ગુલાબના હાર પહેલાં આપ્યા ન હતા તેને યોગ્ય રીતે હાર આપ્યા. ૬-૭. મોટા મોટા સદ્‌ગુરુ સંતો અને વર્ણીને અતિશય પૂજ્ય માનીને તેમના માટે હરિભક્તો ગાડી તથા બગી યોગ્ય સમય જાણીને લાવ્યા હતા. ૮. શ્રીહરિએ જે રીતે કહ્યું તે રીતે હરિભક્તોએ કર્યું. એક સારી બગીમાં નંદરામજી, ગોપાળજી, મુક્તાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને બેસાડ્યા. બીજી એક બગીમાં ગોપાળાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી અને વાસુદેવાનંદ બ્રહ્મચારી - એ ચારને બેસાડ્યા. ૯-૧૧.

પુરાણ વગેરે શાસ્ત્રના વિદ્વત્પણામાં જેનું મુખ્ય નામ હતું, અને જેટલા કાવ્ય કહેવાય છે તેના કવિઓમાં જે મુખ્ય હતા; એવા જે દીનાનાથ ભટ્ટ તથા ન્યાય શાસ્ત્રના વિદ્વાન વડોદરાના શોભારામ શાસ્ત્રી, તથા સિદ્ધાંત શાસ્ત્રના વિદ્વાન અને શોભારામ શાસ્ત્રીના સાળા રઘુનાથ શાસ્ત્રી, તે બંનેને લાલ કિનખાબની એક એક ડગલી શ્રીહરિએ પહેરાવી તથા નવીન પાઘ અને શેલાં આપ્યાં. તથા વડોદરાના પ્રસિદ્ધ રામચંદ્ર વૈદ્ય - તે ચારને ત્રીજી એક બગીમાં બેસાડ્યા. ૧૨-૧૬. બીજા મોટા સદ્‌ગુરુ સંત આનંદાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી અને અખંડાનંદ બ્રહ્મચારી - તે ચારને ચોથી બગીમાં બેસાડ્યા. વૃદ્ધ આત્માનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, મોટા

અખંડાનંદ સ્વામી અને મોટા પરમાનંદ સ્વામી - તે ચારને પાંચમી બગીમાં બેસાડ્યા. બીજા મોટા સદ્‌ગુરુઓને ગાડીઓમાં બેસાડ્યા હતા. ૧૭-૧૯.

શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તે બધા અશ્વો ઉપર બેઠા હતા. બ્રહ્માનંદ સ્વામી પણ તેની સાથે અશ્વ ઉપર બેઠા હતા, અને શ્રીહરિ નવા મ્યાનામાં બેસીને કતારગામ સન્મુખ ચાલતા થયા. અરદેશર શેઠે પોતાની બગીમાં સુરતના શાસ્ત્રીઓને સાથે બેસાડ્યા હતા. ૨૦-૨૧. બીજા શાહુકારો પણ પોતપોતાની બગીમાં બેઠા હતા. અને મોટા સદ્‌ગુરુ સિવાયના જે સંતો હતા તે શ્રીહરિની આગળ ચાલતા હતા. ૨૨. રૂસ્તમબાગથી સુરત સુધી અપાર મનુષ્ય હતા અને મુખથી 'જય જયકાર' બોલતા હતા. બધે આનંદ આનંદ વ્યાપી ગયો હતો. ૨૩. સુરત શહેરનો દરવાજો નજીક દેખાયો ત્યારે સુરક્ષા પોલીસની પલટન પડઘમની સાથે ત્યાં ઊભી હતી. ૨૪. બીજા વિલાયતી છત્રીસ પ્રકારનાં વાજિંત્રો વિવિધ પ્રકારના રાગમાં ક્યારેય ન સાંભળ્યા હોય તેવાં વાગતાં હતાં. ૨૫. પછી લોકોને દર્શન દેવા માટે શ્રીહરિ મ્યાનામાંથી ઊતરીને માણકી ઘોડી ઉપર બેઠા. તે માણકી વિમાન જેવી હતી. ૨૬. માણકીને બધો શણગાર સોનાનો પહેરાવ્યો હતો, અને તે વખતે વિવિધ પ્રકારની અદ્‌ભુત શોભા થઈ હતી. ૨૭. તે વખતે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને મોટા સદ્‌ગુરુ જાણીને પોતાના મ્યાનામાં બેસાડ્યા. ૨૮.

શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, અને છાતી ઉપર ગુલાબના હાર તથા બંને ભુજા ઉપર ગુલાબના બાજુ અને પહોંચી બાંધી હતી. ૨૯. પાઘ ઉપર ગુલાબના તોરા બંને બાજુ ઝૂકી રહ્યા હતા. બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ સુંદર શોભતા હતા. ૩૦. હાથમાં રૂમાલ અને સુંદર મોતીની છડી હતી, અને શ્રીહરિના લલાટ વચ્ચે શુભ કુંકુમનો મોટો શોભાદાર ચાંદલો કર્યો હતો. મુખ તો અપાર શોભતું હતું. **શ્રીહરિનું મુખ કેવું શોભતું હતું ? તો, અનંત બ્રહ્માંડની સારામાં સારી જે શોભા હોય તેને પણ તે ઝાંખી કરી રહ્યું હતું. મૂર્તિનાં જેટલાં અંગો કહેવાય છે તેમાં એવી શોભા ઉત્પન્ન થઈ હતી કે જેનો કોઈ પાર જ ન પમાય !** ૩૧-૩૩. જે શેષ

અને શારદા કહેવાય છે તે કરોડો કલ્પ સુધી વર્ણન કરે, તોપણ તે શોભાને કહી શકે નહીં. અરે ! તે શોભાને દેખીને તો તે પણ તલ્લીન થઈ જાય, એટલી અજોડ શોભા બની હતી. ૩૪. શ્રીહરિના ઉપર સોનેરી જરિયાની છત્ર કરોડો સૂર્યની કાંતિને ઝાંખી કરે તેવું શોભી રહ્યું હતું. ૩૫.

આવા શ્રીહરિને જોઈને સહુ આનંદ પામતા હતા. જેટલાં વાજિંત્રો વાગતાં હતાં તેનો ધ્વનિ આખા બ્રહ્માંડના આકાશમાં ભરાઈ ગયો હતો. ૩૬. આ બ્રહ્માંડમાં જેટલા જીવ કહેવાય છે તે બધા વાજિંત્રોના ધ્વનિને સાંભળીને માનો મૂર્છિત થઈ ગયા હોય ! આ રીતે શ્રીહરિ સુરત શહેરને સમીપ આવ્યા. ૩૭. સુરક્ષા પોલીસની જેટલી પલટન હતી તે શ્રીહરિની સવારીની આગળ ચાલતી હતી, અને કાનને પ્રિય લાગે એવાં પડઘમ વાજિંત્ર વાગતાં હતાં. ૩૮. શ્રીહરિના ચોપદાર હાથમાં સોનાની છડી લઈને ‘જય જય.. જય જય..’ એવા શબ્દ બોલતા હતા. સંતો અને અપાર હરિભક્તો શ્રીહરિની આગળ ચાલતા હતા. શ્રીહરિ જ્યારે શહેરમાં આવ્યા ત્યારે ત્યાં બધી બજારમાં પાણી છંટાવી દીધેલું હતું. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “શ્રીહરિ રૂસ્તમબાગથી ધામધૂમ પૂર્વક સુરત શહેરમાં આવ્યા” એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૩

શ્રીહરિનો સુરત શહેરમાં પ્રવેશ અને લોકવાર્તા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. બજારની બંને બાજુમાં જેટલી દુકાન હતી તે બધી સુંદર રીતે શણગારી હતી. ૨. દરેક દુકાને ફળ સાથે રોપેલા કેળના સ્તંભ શોભતા હતા. ૩. અને શ્રીફળ-નાળીયેરીનાં વૃક્ષ પણ રોપ્યાં હતાં. તેનાથી શોભતી બજાર જાણે બગીચો હોય ! તેવી બની હતી. ૪. એક એક ઝાડ ઉપર

વિવિધ પ્રકારના ફૂલના હાર લટકાવી દીધા હતા. ચતુર લોકો જાણતા હતા કે, આવો અવસર ફરીવાર નહિ આવે. ૫. ભગવાન પધાર્યા એટલે અત્યારે જે અવસર આવ્યો છે તે કરોડો કલ્પે પણ ફરીવાર આવે નહિ, આમ બધા ચતુર લોકો જાણતા હતા. ૬. શહેરમાં જેટલા માણસો હતા, તે વિવિધ પ્રકારનાં સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરીને બંને હાથ જોડીને બજારની બંને બાજુ ઊભા હતા. ૭.

અને શ્રીહરિ તથા સંતોનાં દર્શન કરીને પરસ્પર એવું બોલતા હતા કે, **'અત્યારે આમનાં દર્શન કર્યા વગરના જે જીવો છે તે ગમે તેવા ચતુર હોય, અને ગમે તેવા ધનવાન કહેવાતા હોય, તોપણ જ્યાં સુધી તેમણે આ દર્શન કર્યાં નથી ત્યાં સુધી તેમનો જન્મ વૃથા ગયો છે.** ૮-૯. ગમે તેવા મંતપંથીઓ હોય પણ જેમાં નિષ્કામપણું આદિક ધર્મનો નાશ થયો હોય તો ત્યાં મોક્ષની આશા રહેતી નથી. ૧૦. ગુરુ કરવાનું એટલું જ પ્રયોજન હોય છે કે, પોતાને શરણે જેટલા લોકો આવેલા હોય તે બધાં નર-નારીઓને પ્રથમથી જ નિષ્કામપણું આદિક કર્મ-ધર્મમાં રુચિ ઉત્પન્ન કરાવે. ૧૧. ભગવાન સદાય સાકાર છે અને તે આકાર પણ સદા દિવ્ય છે એમ સમજે. અને ભગવાનના સંબંધવાળા સ્ત્રી, પુરુષ તથા જે ત્યાગી હોય તે બધા તથા ભગવાનને રુચે એવી જેટલી વાત હોય તે સર્વે દોષરહિત હોય છે, અને એ જ ગ્રહણ કરવા યોગ્ય છે. ૧૨-૧૩. એવી જ્યાં નિર્દોષ બાબત હોય ત્યાં પ્રગટ ભગવાનનો સંબંધ રહે છે, એમ રૂડી બુદ્ધિવાળા લોકો જાણે છે. ૧૪. જે દુર્બુદ્ધિવાળા છે તે નિર્દોષ બાબતમાં પણ દોષ પ્રવર્તાવે છે. તેવા પાપીને યમદૂતો શોધતા રહે છે. ૧૫. જેને પાપનો ડર ન હોય તેવા લોકો મિથ્યા વાતોને સત્ય કરી બતાવે છે. સાચી વાતને મિથ્યા કરી પોતાનું પેટ ભરે છે. ૧૬. કેવળ પોતાના પેટ ભરવા માટે જે અધર્મમાં તત્પર હોય, અને મનફાવે એવું વર્તન કરતા હોય તેવા લોકો નરકના કુંડમાં નિવાસ કરે છે. અને યમદૂતો તેને અનેક પ્રકારનો ત્રાસ આપે છે. ૧૭.

જે સત્યને મિથ્યા કહે છે તેની તો ભૂંડાંમાં ભૂંડી ગતિ થાય છે. તેને દેખીને જે શુદ્ધ બુદ્ધિવાળા છે તે કુબુદ્ધિવાળા લોકોનો ત્યાગ કરે છે. ૧૮. જ્યાં સુધી મનુષ્ય કુબુદ્ધિ રાખે છે ત્યાં સુધી તે સંસારમાં ભટકતા રહે છે.

અધર્મી ગુરુ ગમે તે રીતે રહેતા હોય અને ભલે બધું બ્રહ્માંડ તેને માનતું હોય, પરંતુ છેવટે તે ગુરુઓ શિષ્યોની સાથે નરક કુંડમાં કરોડો કલ્પ સુધી દુઃખ પામે છે. અત્યારે ગમે તેમ વર્તે પણ મર્યા પછી તેનું બધું દુઃખરૂપ ફળ દેખાશે. ૧૯-૨૦. તેને પાછળથી કોઈ સહાય કરતું નથી. કારણ કે, તેણે સહાય કરે એવી કોઈ વાત જ રહેવા દીધી નથી હોતી. મર્યા પછી મદદ કરે અને સંસારના ભટકણને મટાડી દે, એવી જે પુણ્યકારી બાબત હોય તેમાં જે પ્રવર્તે તેને ચતુર માણસ કહેવાય છે. મનુષ્યદેહ ધારણ કર્યો તેનું તેટલું જ ફળ છે, તેમ બધા સત્પુરુષો કહે છે. ૨૧-૨૨.

આ બધી શુભ રીત તો સત્સંગમાં રહી છે. સત્સંગ વગર જીવ તે શુભ રીતનો ત્યાગ કરી દે છે. જ્યાં શુભ રીત ન હોય ત્યાં તો દુરાચાર જ ચાલતો હોય છે, તેમાં ક્યારેય મોક્ષ થાતો નથી. ૨૩. જ્યાં મોક્ષ થતો હોય છે ત્યાં નિષ્કામપણું ઈત્યાદિક ધર્મ મુખ્યપણે રહેતો હોય છે, અને ભગવાનનું સાકારપણું પણ મુખ્ય રહેતું હોય છે. ૨૪. આ ભૂમિ ઉપર જે ભગવાન પ્રગટ થાય છે તે ભગવાન નરનારાયણ બદરિકાશ્રમ ધામમાં અખંડ રહ્યા છે. ૨૫. તે આ બ્રહ્માંડ જ્યાં સુધી રહે ત્યાં સુધી ભરતખંડનું હિત કરવા માટે પ્રત્યક્ષ વિરાજમાન રહે છે, અને મનુષ્યની જેમ વર્તે છે. આ ભરતખંડ છે તે સર્વે ખંડોમાં સર્વથી તેની શુભ રીતને કારણે શ્રેષ્ઠ માન્યો છે. શુભ રીતથી જ સર્વે શુભ કહેવાય છે. જો અશુભ રીત હોય તો બ્રહ્મા જેવાને પણ શુભ કહેવાતા નથી. ૨૬-૨૮. શુભ વાત મુખ્ય હોય તો અશુભ વાતો તત્કાળ સાક્ષાત્ દેખાઈ આવે છે. અશુભ વાતોની તુલનામાં જેટલી શુભ વાત હોય છે તે બધી દેખાઈ આવે છે. ૨૯. જે સત્ય વાત હોય છે તેને લીધે જેટલી અસત્ય વાત હોય છે તે પ્રગટ દેખવામાં આવે છે. સત્ય વિના અસત્ય દેખાતું નથી. ૩૦.

આવી વાતોથી તો અનંતકોટિ બ્રહ્માંડો ભર્યા છે. કહ્યા સિવાય તો કરોડો બ્રહ્મા જેવો હોય તેને પણ સમજાતું નથી. ૩૧. જે જે વાતનું જ્ઞાન હોવું જોઈએ તે જો ન હોય તો ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ અત્યંત અંધમાં ખપે છે. માટે તેણે બુદ્ધિનું માન છોડી જ દેવું. ૩૨.

બુદ્ધિનું અભિમાન હોય તો તેનાથી મોક્ષ દૂર રહે છે. જે જે શુભ વાત હોય છે તે પણ અભિમાનીથી દૂર રહે છે. ૩૩. મનુષ્યને અભિમાન રહે છે, તેથી જ તેને વારંવાર સંસારમાં ભટકવું પડે છે. ધર્મનો માર્ગ હોવાને કારણે જેટલો અધર્મ હોય છે તે દેખાઈ આવે છે. ૩૪.

પછી તે અધર્મનો ત્યાગ કરીને જો ધર્મમાર્ગમાં ચાલે તો ધર્મ તેનો ઉદ્ધાર કરે છે. જેમાં જેવું ફળ રહ્યું હોય, તેમાં પહેલાં તેવા જ ગુણ રહ્યા હોય છે. ૩૫. અધર્મમાર્ગરૂપી ફળમાં જેવા ગુણ રહ્યા છે તેવું ફળ મળે છે, આમાં કાંઈ ખોટી વાત નથી. ૩૬. ગમે તેવો મોટો રાજા હોય પણ તે વ્યભિચાર કરતો હોય તો તેની જેટલી પ્રજા છે તે બધી રાજાને વ્યભિચારી કહે છે. ૩૭. જે ચોરી કરતો હોય તે શાહુકાર કહેવાતો નથી. ચાહે તેવો ભૂપ હોય તોપણ તે ચોરમાં જ ખપે છે. ૩૮. જ્યાં સુધી મનુષ્ય સત્સંગને માર્ગે ચાલતો નથી ત્યાં સુધી તે ગમે તેવો હોય તોય કુસંગીમાં ગણાય છે. ૩૯. કોઈ મનુષ્ય ગમે તેવો નીચ હોય, પણ તે સત્સંગના યોગે કરીને ઉચ્ચ પદને પામે છે. પૂર્વે એવા ઘણા ઉચ્ચ પદને પામી ચૂક્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિનો સુરત શહેરમાં પ્રવેશ અને લોકવાર્તા કહી" એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ।।૪૩।।



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૪

શ્રીહરિ સુરત શહેરમાં આવીને લાલકૃષ્ણની વાડીમાં સહુની સાથે ઊતર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ બુરાનપુરી ભારે માંહ્યલા લાલ શેલાની પાઘ મસ્તક ઉપર ધારી હતી. ૨. તેને ભાતીદાર સોનેરી કોર હતી. બીજા સોનેરી કોર અને સોનેરી છેડાવાળા પાઘમાં છોગા ધાર્યાં હતાં. ૩. તે મુગટના જેવી સુંદર પાઘ મસ્તક ઉપર ધારી હતી. જે લોકો તે પાઘને દેખતા હતા તે પરસ્પર

એમ બોલતા હતા કે, શિર પર આ પાઘ તો મુગટ કરતાં પણ અધિક શોભી રહી છે. જેવું શેલું મસ્તકે બાંધ્યું હતું તેવું એક શેલું ખભા ઉપર રાખ્યું હતું. સુરવાળ તથા અંગરખું શ્વેત ધારણ કર્યું હતું અને એક લાલ શેલાથી કમર કસી હતી. મૂર્તિની શોભા ઘણી અદ્‌ભુત બની હતી. દુકાનોના ગોખ અને ઉપરની અગાસીઓ સ્ત્રીઓથી ભરાઈ ગઈ હતી. જાત જાતનાં વસ્ત્ર અને ઘરેણાં પહેરીને અપાર સ્ત્રીઓ ઊભી હતી. ૪-૭.

તેના હાથમાં મોતીના થાળ હતા. ત્યારે હૃદયના ભાવથી તે બધી સ્ત્રીઓ શ્રીહરિને વધાવીને પોતાના જન્મને સુફળ કરી રહી હતી. ૮. શ્રીહરિને મસ્તક ઉપર એક તરફથી દાદા ખાચર અને બીજી તરફથી ઝીણોભાઈ અશ્વ ઉપર બેસીને વારંવાર ચમર કરતા હતા. આ રીતે શ્રીહરિ સુરતની બજારમાં જ્યારે ચાલ્યા જતા હતા ત્યારે બજારમાં ઊભેલા લોકો હાથ જોડી માથું નમાવીને મુખથી શ્રીહરિનો ‘જય જય.. જય જયકાર’ કરતા હતા. અને આ બધી શ્રીહરિની અલૌકિક રીત જોઈને સવારીની વારંવાર પ્રશંસા કરતા હતા. ૯-૧૧. તે સમયે જેટલા બ્રહ્માદિક દેવતાઓ હતા તે બધા શ્રીહરિની સવારીને જોવા માટે સુંદર વિમાનોમાં બેસીને આવ્યા, ત્યારે તેનાથી બધું આકાશ છવાઈ ગયું. ૧૨.

જેટલા દેવો આવ્યા હતા, તે સર્વે ફૂલ અને કેસરયુક્ત ચંદનની વર્ષા કરતા હતા. બધા દેવતાઓ શ્રીહરિનો ‘જય જય.. જય જયકાર’ અતિશય ભાવનાથી બોલતા હતા. જે વખતે શ્રીહરિએ સુરત શહેરમાં પ્રવેશ કર્યો, તે વખતે લોકો ઉપર ઘણી કૃપા કરી હતી. ૧૩-૧૪. જેટલી દેવાંગનાઓ હતી તે બધી અલૌકિક અવસર દેખીને ભાવપૂર્વક ગાન સાથે નૃત્ય કરતી હતી. ૧૫. અને વળી, જ્યાં જેવી રીત હોય ત્યાં તેવી રીતની વાતો થતી હોય છે, અને તે ઘટિત વાતોથી તેની શોભા સુંદર લાગે છે. ૧૬. સુરત શહેરનાં જેટલાં લોકો હતાં તે બધાં શ્રીહરિનાં દર્શન કરતાં હતાં. શહેરના જે મતપંથીઓ અધર્મમાર્ગે ચાલતા હતા, તે સત્સંગનો આટલો બધો અભ્યુદય દેખીને પોતાના દિલમાં બળતા હતા, અને પોતાનું જેટલું ચાલે તેટલું વિરોધ કરી નુકશાન પહોંચાડવા માગતા હતા. જેમ સૂર્યની

આગળ પતંગિયાની કાંઈ ગણતી હોતી નથી, તેમ તેવા અનેક લોકો અનિષ્ટ કરવા ચાહતા હતા. ૧૭-૧૮.

✻ સત્યની મહત્તા અને અસત્યની અલ્પતા :

સત્યની સામે જેટલું અસત્ય રહ્યું હોય છે તે અસત્ય ક્યારેય સત્ય થઈ શકતું નથી. જે અસત્ય હોય છે તે સત્યનું અપાર ભૂંડું કરવા વારંવાર ચાહે છે, પણ તેણે કરીને જે અસત્ય કહેવાતું હોય છે તે કોઈ દિવસ સત્ય થાતું નથી. જે અસત્ય છે તે તો હંમેશાં અસત્ય જ રહે છે અને તેમ છતાંય જે કોઈ સત્યને અસત્ય કરવા મથે છે તે બધા દુર્બુદ્ધિમાં ખપે છે. ૧૯-૨૦. મનુષ્યદેહમાં રહીને જે જીવ દુર્બુદ્ધિ રાખે છે, તો તેને બીજાં અપાર શરીર ધારણ કરવા પડે છે. તે શરીરમાં પણ તેને દુર્બુદ્ધિ ક્યારેય મટતી નથી અને છેવટે તેને અપાર દુઃખ ભોગવવા પડે છે, પણ ફરીને આવો અવસર ક્યારેય મળતો નથી.

શહેરમાં આવીને અરદેશર શેઠે લાલકૃષ્ણની વાડીમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો. ૨૧-૨૨. તે વાડીમાં બે બંગલા હતા. તેમાં શ્રીહરિ, સંતો, અશ્વોએ સહિત કાઠી દરબારો બધા જ સમાઈ રહ્યા. ૨૩. મધ્યાહ્ન પછી દિવસ ચાર ઘડી રહ્યો ત્યારે શ્રીહરિ તે મુકામે આવ્યા હતા. ત્યાં ઉત્તર તરફના બંગલાના માળની નીચે જે પાટની ઉપર ગાદીતકિયા બિછાવી રાખ્યા હતા, તે પાટ ઉપર શ્રીહરિ આવીને બેઠા. અને જે બધા સંતો હતા તે પણ સભાના રૂપમાં બેઠા. તે સમયે શહેરના શાસ્ત્રીઓ અને મોટા શેઠિયાઓએ શ્રીહરિની રજા લઈને પોતાને ઘેર જવાની તૈયારી કરી, ત્યારે સહુએ શ્રીહરિને કહ્યું કે, 'અમારા સરખું જે કાંઈ કામકાજ હોય તે આપ અમને કહેજો.' ૨૪-૨૭.

જ્યારે શેઠિયાઓ આવીને શ્રીહરિની આગળ ઉપર કહ્યા પ્રમાણે બોલ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તમે સહુ જઈને અરદેશર શેઠને આ બાબત કહો." ૨૮. અને સુરતના જે શાસ્ત્રીઓ આવ્યા હતા તે બધાને શ્રીહરિએ એક એક બરફીની માટલી અને પાંચ પાંચ રૂપિયા ગોવિંદભાઈ પાસે અપાવ્યા. તેનાથી તે બધા વિપ્ર ખુશી થયા. પછી બધા શેઠિયાઓએ અરદેશર શેઠની પાસે

જઈને કહ્યું કે, “અમારા સરખું જે કાંઈ કામકાજ હોય તે અમને કહેજો.” આમ કહ્યા પછી શેઠની રજા લઈ તે બધા પોતાને ઘેર ગયા. ૨૯-૩૧. અને તે લાલકૃષ્ણની વાડીને બે બાજુ દરવાજાઓ હતા. શેઠે પોતાના બબ્બે માણસ એક એક દરવાજે બેસાડ્યા અને બે માણસ શ્રીહરિની પાસે રાખ્યા. ૩૨. શેઠે પોતાના માણસોને કહી રાખ્યું હતું કે, “કોઈ તોફાની માણસ છાની રીતે કે જાહેરમાં તોફાન કરવા આવે, તો તેમની બોલીથી તેમને ઓળખી લેવા. કોઈ શ્રીહરિ, સંતો અને હરિભક્તોનું લગાર પણ ઘસાતું વચન બોલે તો તેને તરત પકડી લેવા. ૩૩-૩૪. **કોઈ ગમે તેવો મદોન્મત્ત હોય પણ હું તો તે બધા તોફાનીઓનો ગુરુ છું, અને સાચા સાધુઓનો દાસ છું. હા, હું સાધુઓને ખૂબ ઉમંગથી માનું છું.** ૩૫.

જેને સત્સંગની વાત ગમતી નથી તે બધાને અધર્મમાર્ગ ગમે છે. તેઓ ગમે તેવું કરવા ચાહે પણ તેનું કાંઈ ચાલવાનું નથી. તે બધા બેસી રહેવાના છે.” ૩૬. પછી અરદેશર શેઠ શ્રીહરિની પાસે આવ્યા અને બોલ્યા કે, “મધ્યાહ્ન પછી મેં હજી પાણી પણ પીધું નથી એટલે હું ઘેર જાઉં છું. ૩૭. જેને સત્સંગ ગમતો નથી અને જેને અધર્મ રુચે છે, તે ગમે તેવું બોલશે પણ આપ તેને ક્ષમા કરી દેજો. કરોડોના લશ્કરથી, કરોડો તોપોથી કરોડો વર્ષ સુધી જેની સાથે લડવામાં આવે, તોપણ જે ક્યારેય જીતી શકાતા નથી; **એવા અંતઃશત્રુ જે કામ, ક્રોધ અને લોભ તેમને આપે એક ક્ષમારૂપી શસ્ત્રથી જીતી લીધાં છે.”** ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “શ્રીહરિ સુરત શહેરમાં આવીને લાલકૃષ્ણની વાડીમાં સહુની સાથે ઊતર્યા” એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૫

અરદેશર શેઠે શ્રીહરિના ઉતારે બધી સુરક્ષાની વ્યવસ્થા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અરદેશર શેઠે શ્રીહરિ આગળ કહ્યું કે, "મહારાજ ! આપના કોઈ માણસે તોફાની માણસોની સાથે કાંઈ બોલવું નહીં, એમ હું આપને કહું છું. ૨. અમારા જે માણસો છે તે તોફાની હોય તેને ઓળખીને તેનું નિવારણ કરશે, અને તેમાં જ આપની મોટપ છે. ૩. કોઈ આવીને આપનું અપમાન કરે તો તે અમારું અપમાન થયું; એમ હું મારા મનમાં માનું છું. માટે આપ સહુએ નિશ્ચિત રહેવું. ૪. દિવસે દિવસે આ સુરત શહેરમાં જ્યારે આપની અપાર કીર્તિ થાશે એમાં જ અમે અમારી અપાર કીર્તિ માની છે. ૫.

આપ તો પાંચ ભૂતોના તત્ત્વને ગ્રહણ કરીને વિચરી રહ્યા છો. જેટલી વાતમાં કાંઈ સાર રહ્યો હોય તેટલી જ વાત આપ ગ્રહણ કરો છો. ૬. અને તેણે કરીને જ આપ પોતાની કીર્તિ માનો છો. અને જગતની માયિક કીર્તિને તો આપ તુચ્છ કરીને માનો છો. આપ તો યોગીઓના પણ પરમગુરુ છો. ૭. જેટલી વાત નિર્બાધ હોય છે તેટલી વાત જ જોઈ-તપાસીને આપ ગ્રહણ કરો છો, અને તેને લીધે જ તેમાં આપનું ભગવાનપણું દેખાઈ આવે છે. ૮. શાસ્ત્રમાં અને લોકમાં જેટલી નિર્બાધ વાતો છે તે ભગવાનની છે. તેને જે લોકો ગ્રહણ કરે છે તેની અપાર કીર્તિ થાય છે; આવું મેં મનમાં નિશ્ચિત કર્યું છે." ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "હે અરદેશર શેઠ ! તમને અત્યારે સત્સંગ ઉપર રુચિ થઈ છે માટે તમે તો ધન્ય ભાગ્યશાળી છો. ૯-૧૦.

પૂર્વ જન્મનાં કોઈ શુભ પુણ્યને લીધે તમને સત્સંગ ઉપર પ્રેમ થયો છે. કેમ જે, પૂર્વના પુણ્ય વિના કોઈને સત્સંગ ઉપર રુચિ થાય નહીં. ૧૧. જે સત્સંગ ઉપર રુચિ કરે છે તે મોક્ષના માર્ગ ઉપર ચાલ્યો છે. જો કે, મોક્ષના માર્ગે જે ચાલે છે તેને ઘણાં ઘણાં વિઘ્ન લોકો કરે છે, ૧૨. પરંતુ જેને અમારી પ્રતીતિ હોય તેની પાસે અમે વિઘ્ન કરનારી જેટલી બાબતો હોય તેનો ત્યાગ કરાવીએ છીએ. ૧૩. જેને અમારો વિશ્વાસ ન હોય તેને

ન્યાયવાળા રાજાના હૃદયમાં રહીને અંતર્યામી ભગવાન, જેવું ભગવાનને ગમતું હોય તેવું બતાવે છે. જે લોકો હિંસા કરે છે તે તેમાં ગુણ માનીને કરે છે. ૧૪-૧૫. જે કોઈ પણ અશુભ વાત હોય છે, તેમાં જ્યાં સુધી ગુણ મનાયો હોય ત્યાં સુધી બ્રહ્મા જેવાને પણ તેમાં દોષ મનાતો નથી. ૧૬. ગમે તેવો ગુણ રહેતો હોય પણ જો તેમાં દોષ દેખાઈ આવે, તો પછી તેનો ત્યાગ કરતા વાર લાગતી નથી. ૧૭.

જેમાં ઘણો સારો સારો રસ હોય તેમાં જીવને રુચિ વર્તે છે. જેટલું કાંઈ ખાવા-પીવામાં આવે છે તે બધું રસ કહેવાય છે. તેમાં કેટલાક પદાર્થો પ્રિય અને કેટલાક અપ્રિય હોય છે. તેનો ગણતા પાર આવતો નથી. તે રીતે રૂપ, ગંધ અને જે સ્પર્શ છે તે પણ અનંત પ્રકારનાં છે. ૧૮-૧૯. આ જે શબ્દાદિ પાંચ વિષય છે, તે દસ સાગર કરતાં પણ અધિક છે, એમ કહેવાય છે. તે વિષયમાં બધાં ભૂત-પ્રાણીઓ સુખ માનીને રચ્યા-પચ્યા-ગુલતાન રહે છે. ૨૦. વળી, તેના માટે બ્રહ્માંડમાં જેટલાં નામમાત્ર કહેવાય છે એટલાં અપાર અપાર જન્મ ધારણ કરે છે. વિષય માટે તે અપાર દુઃખને પામે છે. તે દુઃખને દેવ કે મનુષ્યો કોઈ લગાર પણ દેખતા નથી. ૨૧. કોઈ પણ મનુષ્ય જ્યાં સુધી વિષયમાં સુખ દેખે છે, ત્યાં સુધી તે બ્રહ્મા જેવો થયો હોય, તોપણ તેની ગણતરી તુચ્છ બુદ્ધિવાળામાં થાય છે. ૨૨.

❋ વિષયનું બંધન જાય તો મહાસુખ થાય :

પંચવિષય એક વિઘ્ન છે અને મોટું બંધન છે. તે સત્સંગના યોગે કરીને જ યથાર્થરૂપમાં દેખ્યામાં આવે છે. સત્સંગના યોગે કરીને વિષયનું વિઘ્ન અને બંધન તરત જ છૂટી જાય છે, વાર લાગતી નથી. પછી નિર્વિષયી થયેલા તે મનુષ્યને ભગવાન સમાન બીજું કોઈ પ્યારું લાગતું નથી. ત્યાર પછી તેને વિષયનો બધો જ મોહ ઊતરી જાય છે. ૨૩-૨૪. ભગવાન વિના બીજે હેત થાય છે તેટલો તેનામાં મોહ રહ્યો છે. તેને લીધે ઘણું દુઃખ થાય છે અને તે સંસારમાં ભટકતો રહે છે. ૨૫. ભગવાનના સ્વરૂપમાં હેત કરાવનારી જેટલી બાબતો છે તેટલી તે ચોક્કસ ભગવાનની વાત કહેવાય." ૨૬.

ત્યારે શેઠે કહ્યું કે, "ભગવાન તથા સત્સંગને તુલ્ય અને અધિક બીજી કોઈ વાત નથી, એમ મને બરાબર સમજાયું છે. ૨૭. છતાં પણ મનમાં જે સંસારનો સંકલ્પ રહ્યા કરે છે તે સત્સંગની વાતે કરીને સત્ય મનાતો નથી. ૨૮. ભગવાનના સંબંધવાળી જેટલી બાબતો હોય છે તે બધી સાક્ષાત્ મોક્ષ કરનારી છે, અને તેનું જ નામ સત્સંગ કહેવાય છે. તે વાતથી જ પરમપદ મળે છે. ૨૯. ભગવાન સિવાયની જગત સંબંધી જેટલી બાબતો છે તેનું નામ કુસંગ કહેવાય છે, અને તે કુસંગ નરકે જવાનો માર્ગ છે. ૩૦. તે કુસંગની વાત વારંવાર સંસારમાં ભટકાવે છે. જે મનુષ્ય સ્ત્રીની વાતમાં રસ માને છે તે તો અમૃતને તજી દઈને ઝેર ખાય છે. ૩૧. કેટલાક માણસ એવા ચતુર હોય છે કે, 'જે પોતે પોતાને ઈશ્વરના સમાન માને છે અને કુસંગને માર્ગે ચાલે છે', તોપણ વિષયી મનુષ્યો તેને માને છે. ૩૨. તેવા બધા તો નારકી લોકોના ઈશ્વર છે અને તે વારંવાર સંસારમાં ભટકાવે છે. જેને સાચા ભગવાનનો ડર નથી હોતો, તે સ્ત્રી-ધનમાં વારંવાર અપાર સુખ માને છે.

એવા જે સંપ્રદાયો અને મતપંથો હોય છે, તે બધા જીવને સંસારમાં ભટકાવનારા છે, તે સત્સંગ કરવાથી દેખાઈ આવે છે. જેટલી અસત્ય વાતો હોય તે અસત્ય રૂપમાં દેખાઈ આવે તેનું જ નામ સત્સંગ કહેવાય. સત્યને લીધે એવા જેટલા સંપ્રદાય છે અને મતો છે તે બધા સત્યના રૂપમાં પ્રસિદ્ધ રહ્યા છે. ૩૩-૩૬. અસત્યને સત્ય માનનારા જેટલા સંપ્રદાયો કે મત છે તે બધા અસત્ કહેવાય છે. ૩૭. જેની વાતમાં અસત્ય વાતનું ખંડન રહ્યું હોય તે બધા મત સાચા છે. તે બાબતને તે મતનું વર્તન જ કહી દે છે. ૩૮. આ ભૂમિ ઉપર જેટલા સત્ય અને અસત્ય માર્ગો છે તેને ઓળખવાની પરીક્ષા તો તેનું વર્તન જ હોય છે. ૩૯. જેને અસત્ય ઉપર રુચિ હોય છે, તેવા લોકો અસત્યને સત્ય માને છે, પણ તેની કોઈ તપાસ કરતા નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "અરદેશર શેઠે શ્રીહરિના ઉતારે બધી સુરક્ષાની વ્યવસ્થા કરી" એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૬

શ્રીહરિએ સાંજે લોકોની આગળ લખચોરાશીના દુઃખની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિની સાથે અરદેશર શેઠ આવી કેટલીક વાતો કરીને ઘેર ગયા. પછી શ્રીહરિએ બધા વાજિંત્રવાળાને ખુશ કર્યા. જે પોલીસની સુરક્ષા પલટન હતી તેના નાયકને શ્રીહરિએ પોતાની પાસે બોલાવ્યો, અને તેને બરફી ભરેલી પાંચ માટલી આપી. તેથી તે ખુશ થઈ ગયો. પછી તેણે જેટલી જાતની કવાયત હતી, તે બધી કવાયતમાં બોલાતા શબ્દ વારંવાર બોલીને શ્રીહરિને બતાવી. એ કવાયતમાં વીશ-પચીશ જેટલા હરિભક્તો પણ હતા. તેમણે તિલક-ચાંદલા કરેલા હતા, તેમણે પણ કવાયત કરી. પછી તે બધા શ્રીહરિની રજા લઈ પગે લાગીને ચાલતા થયા, અને કેમ્પમાં જ્યાં છાવણી હતી તેમાં ગયા. ૨-૬.

જ્યારે સંધ્યાસમય થયો ત્યારે દસ-બાર જેટલી મશાલો થઈ, અને દિવસના જેવો ઘણો પ્રકાશ થયો. ૭. મશાલ કરનારા વાળંદ બધા હરિભક્ત હતા. તેઓ ક્યારેય કુસંગીનો સંગ કરતા નહીં. ગોવિંદભાઈ, હરખાભાઈ, ઉમેદભાઈ, પીતાંબર, પુરુષોત્તમ અને ઉજમશી ઈત્યાદિક તેના નામ હતા. તે બધા ઘનશ્યામ શ્રીહરિનું ભજન કરતા હતા. તે સમયે બધા સંતો ઊભા થઈને આરતી બોલ્યા. ૮-૯. જ્યારે આરતી બોલી રહ્યા ત્યારે સંતો ઘણા ભાવથી નારાયણ ધૂન બોલ્યા. તે સમયે ત્યાં શહેરના અગણિત લોકો હતા. જ્યારે બધા સંતો નારાયણ ધૂન કરી રહ્યા ત્યારે બે હાથ જોડીને સ્તુતિના શ્લોકો બોલ્યા. ૧૦-૧૧. જ્યારે સંતોએ શ્લોક ગાયા ત્યારે ત્યાં જેટલા લોકો હતા તેણે સાંભળ્યા. તે શ્લોક સહુને બહુ પ્રિય લાગ્યા. તેથી સહુને સત્સંગ ઉપર ભાવ થયો. ૧૨. તે ભાવ શ્રીહરિએ જોયો. પછી જ્યારે સંતો સ્તુતિ કરી રહ્યા ત્યારે બધા સંતોની સભા થઈ.

✵ મનુષ્યદેહ તથા સત્સંગની દુર્લભતા :

તેમાં શ્રીહરિ બોલ્યા, **"આ મનુષ્યના દેહ જેવો બીજો કોઈ ઉત્તમ દેહ નથી. આવો દેહ જીવને વારેવારે મળતો નથી.** ૧૩-૧૪. **મનુષ્યનો**

દેહ ચિંતામણિ જેવો છે. કેમ જે, આ દેહમાં રહીને જીવ જેવું ચિંતવે છે તેવું તેને ચોક્કસ ફળ મળે છે. ૧૫. સર્વ મનુષ્યને શરીરનું અપાર બંધન રહ્યું છે, તે સત્સંગ વિના કોઈને ક્યારેય દેખાતું નથી. ૧૬. આ જીવને એકવીશ લાખ જાતના દેહ અંડજ જાતિમાં વારંવાર મળે છે. તેનાં દુઃખ તો કહી શકાતા નથી. માત્ર એક જ ખાણનું એટલું દુઃખ કહેવાય છે. તેનું તે દુઃખ વર્ણવી શકાય તેમ નથી. જે જીવ પ્રભુ ભજતા નથી તે તેવા દુઃખને પામે છે. જ્યારે જીવ સત્સંગ કરે છે ત્યારે તે અંડજ ખાણના દુઃખમાંથી છૂટી જાય છે. ૧૭-૧૮.

બીજી ખાણ ઉદ્‌ભિજ્જ કહેવાય છે. તેમાં પણ જીવને એકવીશ લાખ જાતનાં શરીર મળે છે. જે મનુષ્યદેહને પામીને પણ ભગવાનનું ભજન નથી કરતો, તેને માટે તે બધાં શરીર કર્યાં છે. તેના દુઃખનું વર્ણન થઈ શકતું નથી. જીવ તો વિષયને માટે જ તે બધાં દુઃખને કબૂલ કરે છે. ભગવાનનું ભજન કર્યા સિવાય જીવ ક્યારેય દુઃખથી છૂટતો નથી. ૧૯-૨૦. ત્રીજી ખાણ જરાયુજ કહેવાય છે. તેમાં એકવીશ લાખ જાતનાં શરીર હોય છે. તે બધાં શરીરોની જાતિ અલગ અલગ હોય છે તેને જીવ ધારણ કરે છે. આ બધું તમને કહ્યું. ૨૧. તે ચારેય ખાણમાં જે જે જાતનાં દુઃખો રહ્યાં છે તેનું વર્ણન કોઈ રીતે કરી શકાતું નથી. મનુષ્ય જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી કોઈ ગમે તેવો બુદ્ધિમાન હોય, વેદ અને પુરાણોને કંઠે કર્યા હોય, તોપણ સાચો સત્સંગ કર્યા વિના બુદ્ધિશાળીને પણ લખચોરાશીમાં રહેલાં દુઃખ, તલભાર પણ ક્યારેય દેખાતાં નથી. ૨૨-૨૩.

સાચો સત્સંગ કર્યા વિના જેટલા ગુરુ, સંતો અને આચાર્ય છે તે કોઈ ભગવાનનો ડર રાખતા નથી. અને જેમ પોતાની રુચિ હોય છે તેમ મોક્ષ માને છે, અને ઘેર ઘેર લોકોને એવો મોક્ષ મનાવે છે. એમ ઘેર ઘેર મોક્ષ માનવાથી કાંઈ મોક્ષ થતો નથી; આવું જે સમજે તે ખરી બુદ્ધિ છે. અને આવી બુદ્ધિ વિના તો જન્મ નિરર્થક જાય છે. ૨૪-૨૫. જે લોકો ધર્મથી રહિત હોય છે, તે પોતાના સ્વાર્થને માટે અને વિષયભોગને માટે ગમે

તે રીતે મોક્ષ માનતા હોય છે. ૨૬. જ્યાં સરકારનું રાજ્ય હોય છે, ત્યાં સરકારની મહોર-છાપ વિનાનું લખાણ પ્રમાણભૂત થાતું નથી. ૨૭. જ્યાં મોક્ષની રીત હોય ત્યાં ભગવાનનું ચલણ રહે છે. તેથી ત્યાં ધર્મવંશીએ સહિત ભગવાનની મહોર-છાપ ચાલે છે. ૨૮.

જે મતમાં અધર્મવંશનું મુખ્ય ચલણ હોય ત્યાં તે રીતના ગુરુ અને આચાર્ય શિષ્યોને તે પ્રકારનો મોક્ષ બતાવતા હોય છે. પણ તે શિષ્યોએ સહિત આચાર્ય અને ગુરુ તે કરોડો કલ્પ સુધી જમપુરી અને લખચોરાશીમાં નિવાસ કરે છે, અને અતિશય દુઃખ પામે છે. તે મુખથી ક્યારેય કહી શકાતું નથી. **પોતાને મનફાવે તે રીતે કલ્યાણ કોઈ માને, પણ તેમાં પેટનું ગુજરાન રહેલું હોય છે, કલ્યાણ નહીં.** ૨૯-૩૧. કોઈ ગુરુ પોતાનું ગુજરાન ચલાવતા હોય તેમાં તેને કોઈ રોકતું નથી, પણ જ્યારે તે દુઃખથી ન છૂટે ત્યાર પછી તે રોતા હોય છે. આવું મનુષ્યનું શરીર વારંવાર મળતું નથી અને દેખતાં દેખતાં તે ચાલ્યું જાય છે. ૩૨.

ચોથી સ્વેદજ ખાણ કહેવાય છે. તેમાં એકવીશ લાખ જાતનાં શરીર હોય છે. જે જીવ ભગવાનનું ભજન નથી કરતો તે ચારેય ખાણમાં રહેલા અપાર દુઃખને પામે છે. **એક એક ખાણમાં એકવીશ એકવીશ લાખ વાર જીવ શરીરને ધારે છે, તે વિષયમાં આસક્તિને કારણે જ જન્મ આવે છે. માટે જે વિષયવાસના છે તે જ દુઃખનું મૂળ કારણ(બીજ) છે. જગતમાં જેટલા પ્રકારના વિષયો છે, તે જ જન્મ-મરણનું બીજ, મૂળ, દ્વાર અને કારણ છે.** ૩૩-૩૫.

તે બધાં દુઃખો સત્સંગ વિના ક્યારેય દેખવામાં આવતા નથી. જે વાત જેવી હોય છે તેવા રૂપમાં તે વાત સત્સંગ વિના દેખાતી નથી. ૩૬. વિષયરૂપી ઘોર અંધારી રાત છે, પણ જ્યાં સત્સંગરૂપી સૂર્ય હોય છે ત્યાં તે રાતનું જોર ચાલતું નથી. વિષયને લીધે તો જીવ શરીર ધારણ કરે છે. અને તેમાં અપાર દુઃખને પામે છે, પણ તે દેખાતું નથી. અને જીવ તે બાબતનો ક્યારેય વિચાર પણ કરતો નથી. જે માર્ગમાં દુઃખ રહ્યું હોય છે

એવા માર્ગમાં સુખ માનીને કેટલાક ગુરુઓ અને શિષ્ય હોય છે, તે બધા ચાલે છે. ૩૭-૩૯. **જેનાથી દુઃખ છૂટી જાય, તે માર્ગે ચાલ્યા સિવાય જે દુઃખ હોય છે તે ક્યારેય જાતું નથી."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ સાંજે લોકોની આગળ લખચોરાશીના દુઃખની વાત કહી" એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૭

શ્રીહરિએ સુરતવાસી લોકોને નિષ્કામાદિ સદ્ધર્મની સમજણ આપી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સુરત શહેરના લોકો આગળ જે વાત કહી હતી તે હવે હું કહું છું. કહ્યા સિવાય તે જાણ્યામાં આવતી નથી. ૨. શ્રીહરિની કહેલી જે વાત છે તે આ ભૂમિ ઉપરના અપાર લોકોનું કલ્યાણ કરનારી છે તે નિશ્ચિત છે. ૩. તે વાતને ચોક્કસ જાણ્યા સિવાય કોઈ દિવસ મોક્ષ થતો નથી. કેટલાક લોકો તો એવા મલિન હોય છે કે, તે ક્યારેય પાપથી ડરતા નથી. ૪. તે લોકો જમપુરી અને લખચોરાશી સાચા છે, તેને કલ્પિત કહે છે. ભગવાનની વાત અને ચરિત્રને સાંભળીને ચંડાળ જેવા જીવો મોટા દૈત્યના દૈત્ય જ રહ્યા. તેવા લોકો વિષયોને વારંવાર ભોગવવા માટે, અને બહુ મોટા પાપી થવા માટે, શ્રીકૃષ્ણના આચરણની જેમ આચરણ કરે છે. ૫-૬. પરમ દયાળુ શરણાગતવત્સલ અને ભક્તપ્રતિપાલક શ્રીકૃષ્ણ ક્યાં ? અને એ પાપી જીવો ક્યાં ? કેમ જે, શ્રીકૃષ્ણનું તો માત્ર નામ ઉચ્ચારનાર પણ ગમે તેવો પાપી હોય, તોપણ તેનો ઉદ્ધાર થાય છે. ૭.

✵ સાચા સંતો-ભક્તોનાં લક્ષણ :

चोपाई :

भगवान के दास दास ताके, चरण सेवक होय वरतत वाके;
भगवान के साचे संत ताकी, भाव सहित सेवा जो वाकी...०८

रात दिन सेवा करे तामें, अरुचि न होवे कबु यामें;
निष्कामादिक च्यार हि जेहा, भुषण वसन सब पर हे तेहा...०९

ભગવાનના દાસના દાસ અને તેના પણ ચરણ સેવક થઈને વર્તે તથા ભગવાનના સાચા સંતની ભાવ સહિત સેવા કરે, પણ રાત-દિવસ સેવા કરવામાં ક્યારેય અરુચિ ન થાય, એવા સંતો-ભક્તો શ્રેષ્ઠ છે. નિષ્કામાદિક ચાર ગુણ સર્વોત્તમ ઘરેણાં અને વસ્ત્ર છે. ૮-૯. કરોડોની સંખ્યાનું ધન ખરચતાં પણ તે ઘરેણાં અને વસ્ત્ર મળતા નથી. જે નિષ્કામાદિક ચાર ગુણનો ક્યારેય ત્યાગ ન કરે, જેને પ્રગટ શ્રીહરિમાં ઘણો ભાવ હોય; એવા જે સંતો અને હરિભક્તો છે તે સાચા છે. એ ચાર ભૂષણ ન હોય તો તે કાચા છે એમ જાણવું. એ ચાર ઘરેણાં વિનાના જેટલા મતપંથીઓ અને આચાર્યો છે, તે બધા કરોડોની સંખ્યાના ધનવાળા હોય છે, પણ તેનાથી તેમની મોટપ કહેવાતી નથી. આવી જેને સમજણ હોય છે તેની મોટપ સર્વોપરિ રહે છે. ૧૦-૧૨. **સરકારની છાપ જેમ સર્વોપરિ છે તેમ નિષ્કામાદિક ચાર વ્રતમાને કરીને જે મોટાઈ છે તે સર્વોપરિ છે. નિષ્કામાદિક ચાર વગરની જેટલી મોટાઈ છે, તે તો કપડાં અને નાક-કાન વગરના શરીરની શોભા જેવી છે.** ૧૩-૧૪.

જે ભગવાનની ગાદી છે તે સર્વોપરિ ગાદી છે. તે ગાદીને બ્રહ્માદિક બધા દેવતાઓ નમસ્કાર કરે છે. ધર્મે સહિત જે ભક્તિ અને બીજો જે ધર્મવંશ છે, તે અતિ સર્વોત્તમ સ્નેહથી નિત્ય ભગવાનની ગાદીને સમીપે, અખંડ પરમ ઉમંગથી નિવાસ કરીને રહે છે. એવી ભગવાનની ગાદીને જે સેવતા રહે છે તે આચાર્ય છે. ૧૫-૧૭. વિપ્ર જ્ઞાતિ સિવાય કોઈ આચાર્ય હોતા નથી. જે ગૃહસ્થાશ્રમી ગુરુ કહેવાય છે તેણે ગૃહસ્થાશ્રમના બધા ધર્મ જોઈને પાળવા જોઈએ. ૧૮. આ જગતમાં આદિ આચાર્ય વ્યાસજી થયા હતા. તેમણે અઢાર પુરાણ લખ્યા, તેમાં અપાર વાતો લખી છે. તેમાં ભગવાનના અવતારનાં ચરિત્ર અને અપાર મોટપ લખી છે. તે અવતારનો કોઈ પાર કહ્યો નથી. જે અવતારોએ જેવાં ચરિત્ર કર્યાં તે બધાં હિતકારી છે. ૧૯-૨૦. તેમણે તે પુરાણોમાં આ લોક અને પરલોકની જેવી વાત લખી છે તેથી જે જે વાત

જેવી હતી તેવી દેખ્યામાં આવે છે. ૨૧. બીજા ગમે તેવા મોટા થયા પણ વ્યાસના જેવા કોઈ સમર્થ થયા નથી. જે વ્યાસના ગ્રંથોમાં ખોટ કાઢે છે તે તો તેમના મહિમાને જાણતા નથી. ૨૨.

મહિમા જાણ્યા વિના કાંઈ મોટાઈ દેખાતી નથી. તેમણે મહાભારત આદિક ઈતિહાસ લખ્યા છે અને ભગવાનની મોટાઈ લખી છે. ૨૩. વળી ભગવાનના ભક્ત પાંડવોને પ્રસિદ્ધ કરવા માટે તેમની સર્વોપરિ મોટાઈ લખી છે. તેમનો ગ્રંથ લખવાનો સિદ્ધાંત એ જ હતો. ૨૪. **મોટાના અંતરનો સિદ્ધાંત સમજી શકાતો નથી. તે સિદ્ધાંતને સમજ્યા વિના માણસને અલ્પ બુદ્ધિ કહેવાય છે.** ૨૫. આ જગતના બધા લોકો તો પોતાની જેવી સમજણ હોય તેવા બીજાને જૂએ છે, અને જેવું સમજે છે તેવું બોલે છે. ૨૬. જે મોટા હોય છે તે થોડી બુદ્ધિવાળા લોકોના વચનને સાંભળતા નથી. જેમ સાગર છે તે ખાડાનાં ગંદાં પાણીને દેખતો નથી. ચિંતામણિમાં અને કાંકરામાં જેટલો ફરક છે તેટલો ફરક અલ્પબુદ્ધિમાં અને મહાપુરુષોમાં હોય છે. ૨૭-૨૮. **ઝાઝું કમાવાની ઈચ્છાથી લોકો દેશ-વિદેશમાં રહીને ઘણો પરિશ્રમ કરે છે, પણ ઝાઝું કમાવાની ઈચ્છા હોવાથી તેને પરિશ્રમ લાગતો નથી; એવો ફળમાં ચમત્કાર રહ્યો છે. એવા ફળ માટે કરવામાં આવતો પરિશ્રમ પરિશ્રમ દેખાતો નથી.** લોકો જેટલી શુભ વાત કરતા રહે છે તેટલું તેને ફળ પણ શુભ મળતું હોય છે. ૨૯-૩૦.

અશુભ વાતનું ફળ અશુભ હોય છે. આ બધું આ જગતમાં પ્રસિદ્ધ દેખાય છે, તોપણ અધર્મી માણસ ડરતો નથી અને જેવી પોતાની રુચિ હોય તેવી વાતો અને આચરણ કરતો રહે છે. ૩૧. જે શાસ્ત્રે કહેલી મર્યાદાનું ઉલ્લંઘન કરીને વર્તે છે, તેવા લોકોને માટે તો જેવાં પાપ કર્યાં હોય તેવી જમપુરી અને વિવિધ પ્રકારની લખચોરાશી કરી છે. ૩૨. જે મનુષ્ય જેટલું પાપથી ડરીને ચાલે છે તેટલું તેને સુખ મળે છે. જેને સુખ મેળવવાની ઈચ્છા હોય તેને માટે અમે આ વાત કહીએ છીએ. ૩૩. આમ તો સુખ મેળવવાની ઈચ્છા બધાને હોય છે, પણ તે સુખને માર્ગે ચાલ્યા વિના કરોડો કલ્પ સુધી સુખ મળતું નથી. ફરી ફરીને મનુષ્યદેહ પણ મળતો નથી. ૩૪.

પુરુષે પોતાની પત્ની સિવાય અન્ય સ્ત્રીનો ત્યાગ કરવો જોઈએ. લોક અને શાસ્ત્રની મર્યાદાની રીતે ચાહે તેટલી પોતાની પત્ની રાખે, તેમાં દોષ લાગતો નથી. પરંતુ શાસ્ત્રના વચનને ઉલ્લંઘે તો તેમાં દોષ કહ્યો છે. જે પારકી વસ્તુ કહેવાય છે તેની ક્યારેય ચોરી કરવી નહીં. ૩૫-૩૬.

કેટલાક એવા મત છે કે તેમાં માંસ અને દારૂને દોષરૂપ માનતા નથી. બ્રાહ્મણ સુધીના લોકો પણ પ્રસિદ્ધ અથવા ખાનગી રીતે દારૂ-માંસ ખાવા-પીવામાં પ્રર્વત્યા હોય છે. આવી રીતના વર્તનને તો દૈત્યનો માર્ગ કહેવાય છે. ૩૭-૩૮. હિરણ્યાક્ષ અને રાવણ જેવા જે અધર્મીઓ થયા છે તેમણે ભગવાન સુધી દારૂ-માંસનું આચરણ થયું હોય એવું ગ્રંથોમાં બતાવ્યું છે. આ વાતને ભગવાન વિના બીજા કોણ જાણે ? જેમાં દોષ રહ્યા હોય તે ભગવાનનો મત જ હોતો નથી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ સુરતવાસી લોકોને નિષ્કામાદિ સદ્ધર્મની સમજણ આપી" એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૮

શ્રીહરિએ જિજ્ઞાસુઓની આગળ કલ્યાણકારી વાતો કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતમાં શ્રીહરિએ કહેલા સદાચારમય ધર્મની વાત સાંભળીને જેને ધર્મ ઉપર રુચિ હતી તે લોકોનાં મુખ પ્રફુલ્લિત થયાં, અને તેઓ બોલ્યા કે, સહજાનંદ સ્વામીએ જે આ ભગવાનની વાત કરી તેને ખરેખર વાત કહેવાય. જેમાં લોકોનું હિત રહ્યું હોય છે ત્યાં ભગવાન રહે છે. જેમાં લોકોનું હિત હોય એવી જે વાત છે તેમાં ભગવાન પ્રગટ હોય છે. ૨-૪. સત્ય અને અસત્યરૂપ બે માર્ગ છે. ભગવાન જેમાં જેવા રહ્યા હોય છે તેને તેની વાત અને આચરણ પ્રસિદ્ધપણે પ્રગટ કરી દે છે. ૫. જે ફૂલમાં સુગંધ

રહ્યો હોય તેને બધા લોકો ઈચ્છે છે. ચક્રવર્તી રાજા જેવા પણ તે સુગંધને અનુપમ માને છે. ૬.

જે મતમાં નિષ્કામપણું આદિક ધર્મ મુખ્ય રહ્યા હોય, અને ધનનો ત્યાગ તથા અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ કહ્યો હોય, વળી જેમાં શુભ રીતિ તથા નિર્બાધ વાત હોય ત્યાં પ્રગટ ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. જેમાં શુભ મતિ હોય છે તેને તે જણાય છે. ૭-૮. પણ જેના અંતરમાં કુટિલતા ભરી હોય તેને તે ક્યારેય દેખાતું નથી. મનુષ્ય જ્યાં સુધી પાત્ર ન થાય ત્યાં સુધી ભગવાન તેનાથી દૂર રહે છે. ૯. ભગવાન તો સહુની સમીપે જ રહ્યા છે, તોપણ કુટિલ મનુષ્યથી ઘણા દૂર રહે છે. આકાશ અને ભગવાનની પરમ પવિત્ર રીત એકસરખી છે. ૧૦. ભગવાનની રીત તો અલૌકિક છે. તે કુટિલ માણસને દેખાડતા નથી. કેટલાય કલ્પથી જીવને જગતનો પાશ લાગ્યો છે. તે પાશનો નાશ થયા સિવાય ભગવાન સમીપે હોય તોપણ દૂર દેખાય છે. જ્યારે તે પાશ જાય છે ત્યારે ભગવાન સમીપે અનુભવાય છે. ભગવાનને લીધે જેટલી શુભ વાતો અનંત બ્રહ્માંડોમાં વર્તતી હોય છે તે વાત જ સત્ય છે; એવી રીતે જે સમજે તેમાં અંતર્યામી પરમેશ્વર સદાય રહે છે. જેવાં ભગવાનનાં વચન સત્ય છે તેવી ભગવાનની મૂર્તિ પણ સત્ય છે, એમ તેમણે શ્રીમુખે કહ્યું છે. ૧૧-૧૪.

જે લોકો ભગવાનનાં વચનને અનુસરીને વર્તતા હોય છે તેની સમીપે ભગવાન નિવાસ કરીને રહે છે. ૧૫. જેની આવી સમજણ હોય અને ભગવાનમાં જેટલો ભાવ હોય તેટલો તેને લાગેલો જગતના મળરૂપ પાશ તરત નાશ પામી જાય છે. ૧૬. જેને દુનિયાના મેલનો પાશ જેટલો છૂટી ગયો હોય તે તેનો ભાવ કહી દે છે. જેવું અંતર હોય તેવું દેખાઈ આવે છે. ૧૭. અશુભ વાતોમાં જે મોક્ષ માને છે તેનો નિવાસ તો જમપુરી અને લખચોરાશીમાં થાય છે. ૧૮.

❋ ખોટા ગુરુઓ અને શિષ્યોની અધોગતિનું વર્ણન :

ગુરુ થઈને જે શિષ્યને સાચી વાત ન બતાવે તે ગુરુ તો પથ્થરના નાવ જેવા કહેવાય છે. ૧૯. જે સાચા ગુરુ હોય છે તે સત્ય વાતને બતાવે

છે, અને જેને સત્ય વાતની રુચિ હોય તેને સત્ય વાત ગમે છે. ૨૦. જ્યાં સુધી સત્ય વાત રુચતી નથી ત્યાં સુધી ગુરુ અને શિષ્ય બંને જમપુરીમાં વિવિધ પ્રકારના નરકના કુંડોમાં નિવાસ કરે છે. અને કરેલા અસત્યનું ફળ ત્યાં જમપુરીમાં જમદૂતો અપમાન કરીને ભોગવાવે છે. જેવું કર્મફળ હોય તેવું તેઓ ભોગવે છે. ૨૧-૨૨. કરોડો કલ્પ જાય ત્યાં સુધી અસત્ય વાતના ફળને ભોગવે છે, તોપણ તેનો પાર આવતો નથી. પછી તો તે તેનો ઘણો ઘણો પસ્તાવો કરે છે. જ્યારે તે જીવ નરકના કુંડમાંથી નીકળે છે તે પછી લખચોરાશીમાં ફરે છે. જેટલાં કાંઈ દુઃખ કહેવાય છે તે અસત્ય વાતનું જ ફળ હોય છે, ૨૩-૨૪. પણ તે જીવ જ્યારે ફરીને મનુષ્યદેહને પામે છે, ત્યારે તેણે ભોગવેલા નરકનાં બધાં દુઃખ ભૂલી જાય છે. ૨૫. તેને કારણે જમપુરીનું દુઃખ કરોડ કલ્પ સુધી રહે છે, અને તે રીતે ઘણી જાતનું લખચોરાશીનું દુઃખ પણ રહે છે. અસત્ય માર્ગે ચાલે છે તેને કારણે જીવ આવાં દુઃખોને વારેવારે ભોગવે છે, છતાં પણ તે વિચાર કરતો નથી; તે જીવ આવો બુદ્ધિવાળો છે..!! ૨૬-૨૭.

જેને સાચા ગુરુ મળ્યા નથી તેને અસદ્‌ગુરુઓ મળી ગયા હોય છે, તેને કારણે ઘરોઘર મતિ વિનાના માણસો અસત્યમાર્ગને સત્યમાર્ગ માનતા રહે છે. ૨૮. જે મતમાં અધર્મવંશ રહ્યો હોય, તે મતમાં ઉપરથી ધર્મનો વેશ ધારણ કરીને અધર્મ આવે છે, અને પોતાના વંશે સહિત નિર્ભય થઈને વાસ કરીને રહે છે. ૨૯. દુનિયાનાં બધાં નર-નારીઓ જ્યાં વિષયનો યોગ થતો હોય તેમાં પરમ મોક્ષ માને છે. ૩૦. ગમે તેવા બુદ્ધિમાન હોય અને ઘણાં શાસ્ત્ર ભણ્યા હોય, તોપણ વિષયને મોક્ષરૂપ માને છે પણ કોઈ વિષયને ઝેરરૂપ માનતા નથી. ૩૧. ભગવાનના ધામ સિવાયના અપાર બ્રહ્માંડો છે, તેમાં સ્થાવર-જંગમ જીવ-પ્રાણીમાત્ર રહે છે. તે બધાં રાત-દિવસ જે વિષયભોગ કહેવાય છે, તેના જ સંકલ્પ કરે છે. પણ તેમાં જે દુઃખ રહ્યું છે, તેનો કોઈ વિચાર કરતા નથી. ૩૨-૩૩.

આવી રીતના જેટલા ગુરુ, આચાર્ય, સંપ્રદાય અને મતપંથો કહેવાતા હોય તે બધા વિષયના જ મતલબી હોય છે, તે કોઈ મોક્ષમાર્ગના હોતા નથી. જે મતમાં જેટલું વિષયોનું ખંડન થતું રહેતું હોય ત્યાં વિષયમાં તેટલું

દુઃખ દેખાય છે. ૩૪-૩૫. **જે ગુરુઓ જેમાં ભગવાનનો જેટલો સંબંધ હોય તેટલું તેમાં સુખ દેખાડે, અને ભગવાનનો સંબંધ ન હોય તેમાં દુઃખ દેખાડે; એવાં જેટલાં ગુરુ, આચાર્ય, તીર્થ, વ્રત તથા ધામ હોય છે, અને એવા જે ભગવાન હોય છે તે બધા સત્ય છે. જ્યાં આવી રીત હોય છે ત્યાં સત્ય મોક્ષ રહ્યો હોય છે.** ૩૬-૩૮. વિષયનું ખંડન કરનારા એવા પ્રાકૃત કે સંસ્કૃત ગ્રંથ, સાખી, શબ્દ, કીર્તન અથવા છંદ, તે બધાંમાં ધર્મ-ભક્તિએ સહિત ધર્મવંશ રહે છે. તથા જે ગ્રંથમાં ભગવાન મુખ્ય હોય છે તેમાં પણ ધર્મ-ભક્તિએ સહિત ધર્મવંશ રહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ જિજ્ઞાસુઓની આગળ કલ્યાણકારી વાતો કહી" એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૪૯

સત્સંગની અલૌકિક રીતથી અરદેશર શેઠ પ્રભાવિત થયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શહેરમાં જેટલા શુભ મતિવાળા લોકો રહેતા હતા, તે બધા જેવી વાત હોય તેવી પરસ્પર બોલતા હતા. ૨. જ્યારે રાત એક પહોર ગઈ ત્યારે અરદેશર શેઠ શ્રીહરિ પાસે આવ્યા, અને બંને હાથ જોડીને પગે લાગ્યા. પછી શ્રીહરિની સમીપમાં બેઠા અને શ્રીહરિને કહ્યું, "આ સુરત શહેર જેટલામાં રહ્યું છે તેમાં ઘેર ઘેર સર્વે લોકો એમ બોલે છે કે, અત્યારે ખુદ 'સ્વામિનારાયણ' આ શહેરમાં આવ્યા છે. ૩-૫. તેમની બધી રીત અલૌકિક છે. તેમના કોઈ સંતો-ભક્તો સ્ત્રીની સન્મુખ દેખતા નથી. પુરુષો સ્ત્રીની સન્મુખ દેખે નહિ એવું તો કોઈ લોકમાં રહ્યું નથી. મનુષ્યો કે દેવતાઓમાં પણ આવી રીતે રહેવું, તે આજ સુધી આપણે ક્યારેય સાંભળ્યું નથી.

જગતમાં જેટલા સંપ્રદાય છે, તેમાં મોટેભાગે ત્યાગીઓમાં બ્રહ્મચારી, સંન્યાસી અને પરમહંસ વગેરે કહેવાય છે, તે કોઈ સાચા અર્થમાં ત્યાગ

પાળતા નથી. તે બધા મતોમાં ત્યાગીઓ જોવામાં આવે છે. જેમ કે, કેટલાક શંકરાચાર્ય કહેવાય છે, કોઈ અતીત તથા ગોસાઈ રહ્યા છે, કેટલાક દિગંબર ફરનારા છે, કેટલાક પંચાગ્નિ તાપનારા છે, કોઈ બંને હાથ ઊંચા રાખીને તપ કરે છે, કોઈ ઊંધે માથે ઝૂલનારા છે, કેટલાક વનમાં રહે છે, કેટલાક યોગનો અભ્યાસ કરે છે અને યોગના આસન કરે છે, કેટલાક જંગલના ફળનો આહાર કરે છે, કેટલાક દૂધાધારી હોય છે, મુસલમાનોમાં કેટલાક ફકીર હોય છે, કોઈ યતિ હોય છે, ઘણા ઢૂંઢિયા જૈન હોય છે; આ ઉપર કહેલા બધાનો ગણે પાર આવતો નથી. પણ તેમાં ધન અને સ્ત્રીનો ત્યાગ રાખતા હોય એવા બહુ દેખ્યામાં આવતા નથી. ૬-૧૨.

જે ધન અને સ્ત્રીનો ત્યાગ રાખે છે તે જ સાચા ત્યાગી કહેવાય છે, અને તે જ સાચી રીતને જાણે છે. ૧૩. જેની જેવી સાચી રીત રહી હોય, એ રીતમાં તેમને ચાલવું જોઈએ. કેમ જે, સાચી રીતમાં ચાલે તે જ સાચા છે, અને રીત વિના ચાલે તે તો ખોટા છે. ૧૪. જે જે મત ચાલ્યા છે તે બધાનું મૂળ લેખ-ગ્રંથ છે. જ્યારે મૂળ શાસ્ત્રને જોઈએ ત્યારે તે મતમાં રહેલો ફરક અને નિર્મૂળપણું દેખાય છે. ૧૫.

જે મત મૂળ શાસ્ત્રમાં કહેલા મત જેવા જ લાગતા હોય, પરંતુ ખરેખર તે મૂળ શાસ્ત્ર પ્રમાણેના ન હોય; તો તે મૂળ શાસ્ત્ર વિના દેખાય નહીં. તે માટે જ સચ્છાસ્ત્ર હોય છે. ૧૬. ધર્મ અને નિયમ વગરના જેટલા મત છે, તે બધા સંસારમાં ભટકાવનારા રહ્યા છે. સત્સંગ કરવાથી જે જેવા હોય તે તેવા દેખાઈ આવે છે." ૧૭. શ્રીહરિએ કહ્યું કે, "તમે તો પારસી છો અને તમને સત્સંગ ઉપર ભાવ થયો તે ઘણી આશ્ચર્યકારી વાત છે. અમે કેવળ તમારા માટે અહીં આવ્યા છીએ. ૧૮.

❋ નિષ્કપટ સત્સંગ કરે તેને ભગવાન વરે :

चोपाई :

कपट बिन सत्संग पर भावा, जितने जेहि करत हि रहावा;
अंत समय भगवान ताकी, सहाय करत जरूर जो वाकी...१९
सत्संग बिन बडता हि जेती, एसि कि एसि रहत नहि तेती;
एसे के एसे न तन रहाते, देखत देखत घटत हि जाते...२०

જે જેટલો નિષ્કપટપણે સત્સંગ ઉપર ભાવ રાખે છે, તેની અંતકાળે ભગવાન જરૂર સહાય કરે છે. ૧૯. સત્સંગ સિવાયની જેટલી મોટાઈ મળી હોય તે એવી ને એવી ક્યારેય રહેતી નથી. તેમજ શરીર પણ એકસરખું રહેતું નથી, જોતજોતામાં તે ક્ષીણ થઈ જાય છે. ૨૦. કેટલાક મોટા મોટા રાજાઓનું રાજ્ય સાત સાગર સુધી હતું, અને કેટલાક રાજાએ કરોડો અને અબજો વરસ સુધી રાજ્ય કર્યું હતું. તેનાં નામ ગ્રંથોમાં લખાયેલાં છે. ૨૧. તેમાં જેટલાએ ભગવાનને ભજ્યા છે, તેનાં નામ સાચાં રહ્યાં છે. બીજાનાં નામ રહ્યાં તોપણ શું ? જે ભગવાનને ભજતા નથી અને પાપ કરે છે તે બધાં જમપુરીમાં જાય છે, અને જે રીતનું પાપ કર્યું હોય છે તે રીતના નરકકુંડમાં કહી ન શકાય તેટલું દુઃખ ભોગવે છે. પછી લખચોરાશીમાં ભટકે છે. જ્યાં સુધી જમપુરીમાં તથા લખચોરાશીમાં ભટકતા રહ્યા હોય ત્યાં સુધી તેની મોટપ શું કામની ? કેમ જે, તે દુઃખના સમયમાં કોઈ કામ ન લાગી. જે દુઃખના સમયે ઉપયોગી થાય તે મોટપ જ સાચી છે. ૨૨-૨૫.

❋ સત્સંગનો મહિમા :

સત્સંગ વિના કરોડો કરોડ તોપ હોય, તોપણ તે ક્યારેય મદદ કરતી નથી. એવી મોટપ ટકતી નથી. સત્સંગની જે જે મોટપ રહી છે તેને જોઈને યમરાજની ફોજ પણ ડરતી રહે છે અને શિર નમાવે છે. ૨૬-૨૭. જે સત્સંગ કરે છે તેને જમના દૂત પણ સહાય કરે છે; સત્સંગ આવો મહત્ત્વપૂર્ણ છે. ૨૮. કાળ, માયા, પાપમય કર્મો અને મહાભયાનક યમદૂતો, એ બધાં મળીને અનંતકોટિ બ્રહ્માંડોનો નિરંતર નાશ કરે છે. ૨૯. જે લોકો સત્સંગ કરે છે તેને તે બધું યથાર્થરૂપમાં દેખાય છે. સત્સંગ કરવા છતાં પણ જો તે ન દેખાતું હોય, તો તેને સત્સંગ કરવામાં કાંઈક કસર રહી છે. ૩૦. જેટલી સત્ય અને અસત્ય વાત છે, તે સત્સંગ કરવાથી દેખાય આવે છે. સત્સંગ તો સૂર્યથી અધિક છે, તથા પારસમણિ, ચિંતામણિ અને કલ્પતરુ કરતાં પણ અધિક રહ્યો છે. અને રિદ્ધિ સિદ્ધિ કરતાં તો કરોડગણો અધિક સત્સંગ રહ્યો છે. ૩૧-૩૨. **કોઈ આવાં કરોડો બ્રહ્માંડો સોનાનાં કરે, અને તે બધાં બ્રહ્માંડ સોનાથી ભરેલાં હોય, તેનાથી પણ સત્સંગ અધિક રહ્યો છે. સત્સંગનો મહિમા કોઈના માપમાં આવતો નથી.** ૩૩. જે માપમાં આવતું

હોય તે અધિક રહ્યું ન કહેવાય. **આ સત્સંગ તો અમાપ નિર્દોષ છે, માટે જ તે સહુથી અધિક કહેવાય છે.** ૩૪.

चोपाई :

सत्संग ताकु एसे जबहू, समझत रहेउ हरिजन तबहू;
सत्संग कु पुरे करे तिनही, सत्संग कि रित इमि रहे इनही...३५

जिहाँ लग सब से अधिक जेऊ, सत्संग न जानत हे तेऊ;
सत्संग के जेहि रित सुख रहावू, आवत न सत्संग करत तावू...३६

जितना सुख आवत हि जाकू, तितना सत्संग रहे ताकू;
सुख दुःख में सत्संग हि जैसा, देखे में आवत रहे तैसा...३७

दोहा : सत्संग करत तिनकु हि, कबहु दुःख जो ताके;
आवत रहे जोग तेहि, सहन न होत वाके...३८

सत्संग के सुख छोडि के, मायिक दुःख हि तामें;
जितना मानत सुख जोउ, कसर तितना यामें...३९

જ્યારે કોઈ હરિભક્ત આ પ્રમાણે સત્સંગને સમજે છે ત્યારે તેણે પૂરો સત્સંગ કર્યો કહેવાય. આ સત્સંગની આવી રીત છે. ૩૫. જ્યાં સુધી સત્સંગને સહુથી અધિક નથી જાણતો, ત્યાં સુધી સત્સંગનું જે રીતનું સુખ છે તે સત્સંગ કરવા છતાં પણ આવતું નથી. ૩૬. જેને જેટલું સત્સંગમાં સુખ આવે છે તેનો તેટલો સત્સંગ પાકો રહ્યો છે. સુખ-દુઃખમાં જેનો જેવો સત્સંગ રહ્યો હોય તે દેખ્યામાં આવે છે. ૩૭. જો સત્સંગ કરતાં કરતાં ક્યારેક દુઃખ આવે, તે દુઃખનો યોગ સહન ન થાય ત્યારે તે સત્સંગના સુખને છોડીને, માયિક દુઃખમાં જેટલું સુખ માને છે, તેટલી તેને સત્સંગ કરવામાં કસર છે. ૩૮-૩૯. સાચા હરિભક્ત શરીર સંબંધી દુઃખ આવે કે જગત સંબંધી ગમે તેવું દુઃખ આવી પડે, તોપણ તેણે કરીને દુઃખી થતા નથી. પરંતુ સત્સંગના સુખે કરીને પોતાને બહુ સુખી માને છે અને તે સુખે કરીને જ મસ્ત રહે છે." ૪૦-૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સત્સંગની અલૌકિક રીતથી અરદેશર શેઠ પ્રભાવિત થયા" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૦

અરદેશર શેઠને શ્રીહરિએ શુદ્ધ સદાચારમય ધર્મ કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિની વાત સાંભળીને અરદેશર શેઠ બોલ્યા કે, "હે હરિ ! આપે પ્રગટ થઈને સત્સંગની જે રીતની મોટપ રહી છે, તે રીત અત્યારે પ્રગટ કરી છે, જેનાથી લોકો પવિત્ર અને નિર્દોષ રહે છે. ૨-૩. કેમ જે, આપ અતિશય નિર્દોષ છો, અને તેથી જ શાસ્ત્રોમાં જેટલી નિર્દોષ વાતો રહી છે તેને શોધી શોધીને લેતા રહો છો. ૪. જે પુરુષ જેવો હોય તે તેવી વાતને જ ગ્રહણ કરે છે અને તેને તેવા જ દેવ રુચે છે, તથા તેવાં જ શાસ્ત્ર અને સંગ રુચે છે. ૫.

વળી તેને તેવા જ મંત્ર તથા તેવાં જ દેશ, કાળ, દીક્ષા અને ઉપદેશ ગમે છે. જેવા દેશ, કાળાદિકમાં ગુણ હોય છે તેવા તે સેવનાર પુરુષમાં વર્તે છે. ૬. જે વસ્તુમાં જેવો સુગંધ અને સ્વાદ હોય છે તે દેખાયા વિના રહેતા નથી. દીક્ષા ગ્રહણ કરવામાં પણ જેનું જેવી રીતનું અંતર હોય તે દેખાય છે. ૭. મનુષ્યો અપાર છે. અને તેના અંતર પણ અલગ અલગ પ્રકારના હોય છે, તેને દેખવા માટે ચિહ્નરૂપ અલગ અલગ દ્વાર હોય છે, તેનાથી તે યથાર્થ સ્પષ્ટ દેખાય છે. ૮. તે દ્વારથી જેનું જેવું અંતર રહ્યું હોય તે ખુલ્લું દેખાઈ આવે છે. જે જે કાંઈ પણ બાબત હોય તે તેના દ્વાર વિના દેખાતી નથી. ૯. **જ્યાં ધર્મ હોય છે ત્યાં ભગવાન રહે છે અને જ્યાં ભગવાન હોય છે ત્યાં ધર્મ દેખાય છે. જ્યાં ધર્મ નથી હોતો ત્યાં ભગવાન નથી રહેતા. જ્યાં ભગવાન નથી હોતા ત્યાં ધર્મ પણ નથી રહેતો.** ૧૦.

ધર્મ વગરના જેટલા સંપ્રદાય છે તે બધા વાડ વગરની ખેતીની જેમ નામમાત્રના દેખાતા રહે છે. ૧૧. ધર્મ વગરના અમુક જે કુમાર્ગે ચાલનારા લોકો છે તે મંદિર કરાવીને રામચંદ્ર તથા શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓને પધરાવે છે. ૧૨. શ્રીકૃષ્ણ ભગવાને જેવાં ચરિત્ર કર્યાં હતાં તેવાં તેવાં તેમનાં

નામ રહ્યાં છે અને તે ચરિત્રો મનુષ્યોનાં પાપને નાશ કરનારાં છે. ૧૩. પરંતુ જે કુમાર્ગે ચાલનારા છે તે તો તે ભગવાનના હજાર નામમાંથી જેને જે નામ રુચે, તે નામ મૂર્તિનું રાખીને ગામેગામ પેટ ભરવાને માટે પધરાવે છે. ૧૪. પણ ભગવાનનાં જેવાં વચન છે તે પ્રમાણે તે ચાલતા નથી, તો તેને કેવું ફળ મળશે ? ૧૫. ભગવાનની મૂર્તિ પધરાવીને તેની ઓથે જે પરસ્ત્રીને ભોગવે છે તેની કેવી ગતિ થાય ? તેની તો તેને કાંઈ ગમ નથી. ૧૬. કેટલાક મતમાં તો ગુરુ ભગવાનના લાલ બને છે. પછી તે વ્યભિચારી ગુરુ શિષ્ય થનારાની નારીને ભોગવે છે. ૧૭. માટે ભગવાનના લાલની ખરી રીત કેવી હોવી જોઈએ ? તે આપ મને કહો."

ત્યારે શ્રીહરિ શાસ્ત્રની રીત જોઈને બોલ્યા, **"ભગવાનને તો જે શુદ્ધ ધર્મ છે તે જ વહાલામાં વહાલો હોય છે. અને જે શુદ્ધ ધર્મને પાળતા રહે છે તેનો જ લોકો વિશ્વાસ કરે છે.** ૧૮-૧૯. જે ધર્મ પાળતા નથી તેવા ગુરુનો વિશ્વાસ તો, જે ધર્મહીન લોકો હોય તે જ કરે છે. તેઓ વ્યભિચારને પણ ધર્મ માને છે. વળી જે ચોરી કરતા હોય છે તે ચોરીને ધર્મ માને છે. જે માંસ-દારૂને ખાતાં-પીતાં હોય છે તે તેને ધર્મ માનતા હોય છે. ૨૦-૨૧. જેટલાં સચ્છાસ્ત્ર તથા સત્પુરુષ હોય તે બધાં સદ્ધર્મને જાણતા હોય છે. તેથી તેઓ અધર્મને માર્ગે ચાલનારા અધર્મીઓનો ત્યાગ કરતા રહે છે. ૨૨. જે ધર્મશાસ્ત્ર કહેવાય છે તે વ્યભિચાર, ચોરી, માંસ અને મદિરાનું ખાન-પાન કરવું તેને અધર્મમાર્ગ કહે છે. ૨૩. ધર્મને અધર્મ કહે અને અધર્મને ધર્મ કહે, એવાં જે શાસ્ત્ર હોય તે શાસ્ત્ર જ નથી. પછી ભલે તેમાં લાખ કે કરોડ શ્લોક રચ્યા હોય. ૨૪.

જ્યાં દેવ પધરાવ્યા હોય અથવા તીર્થ હોય તેમાં પણ જો વ્યભિચાર, માંસભક્ષણ કે મદિરાપાન થતાં હોય તો ત્યાં દેવ કે તીર્થ રહેતાં નથી. ૨૫. જ્યાં ધર્મ તથા ધર્મનો સત્ય, દયાદિક સદ્‌ગુણોરૂપી વંશ રહેતો હોય, ત્યાં જ અડસઠ તીર્થ અને સર્વ દેવો વાસ કરીને રહેતા હોય છે. આ રીતે જ્યાં ધર્મપાલન થતું હોય તે મત સહુથી પર છે, તે સંપ્રદાય પણ સર્વથી શ્રેષ્ઠ

છે, એમ સચ્છાસ્ત્ર કહે છે. જ્યાં ધર્મ તથા ધર્મવંશ જ્ઞાન-વૈરાગ્યાદિકનું ચલણ હોય ત્યાં મોક્ષનો નિવાસ રહ્યો હોય છે. અને જે તેમ રહેતા હોય તે તેનું વર્તન જ કહી દે છે. ૨૬-૨૮. અધર્મ અને અધર્મના વંશ કામ-લોભાદિકનો જે જે મતમાં નિવાસ હોય એવા જેટલા સંપ્રદાય હોય, તેમાં અધર્મ તથા અધર્મના વંશનું જેટલું ચાલે તેટલું ચલણ રહ્યું હોય છે તેવા પણ સંપ્રદાય હોય છે. તે મતમાં જેટલું અધર્મનું અને જેટલું ધર્મવંશનું ચલણ ચાલતું હોય છે તેનાથી તે કેવો મત છે, તે દેખાઈ આવે છે. જેમ દર્પણમાં મુખ દેખાઈ આવે છે, તેમ તેનાં વર્તન ઉપરથી તે મત કેવો છે, તે દેખાઈ આવે છે. ૨૯-૩૧.

❋ વિવેક સાચાં નેત્ર છે :

જેમાં જેટલો ધર્મ હોય તો તે મત તેટલાં નાક-કાનવાળો કહેવાય, અને જ્યાં જેટલું ધર્મનું ખંડન થતું હોય, તો તે મત તેટલાં નાક-કાન વગરનો કહેવાય છે. તે વિવેકરૂપી દર્પણથી દેખાય છે. ૩૨. તે વિવેકરૂપી દર્પણમાં ધર્મ-અધર્મ દેખાઈ આવે છે, વિવેક વગરનાને તે દેખાતા નથી. વિવેક વગરનો માણસ તો ગમે તેવો ચતુર હોય, તોપણ અંધ કહેવાય છે. ૩૩. જેનામાં જેટલો વિવેક હોય છે તેટલો તે ક્યારેય ધર્મનું ઉલ્લંઘન કરતો નથી. આ જીવે અપાર દેહ ધાર્યા છે, તેમાં મનુષ્યદેહ જેવો કોઈ ઉત્તમ દેહ નથી. ૩૪. જેટલો વિવેક હોય છે તે બધો મનુષ્યશરીરમાં દેખાઈ આવે છે. જો મનુષ્યદેહમાં પણ વિવેક ન આવે, તો તેનો મનુષ્યદેહ પશુદેહમાં ખપે છે. ૩૫. **મનુષ્યદેહનું ફળ તો એટલું જ છે કે, સંસારનાં બધાં બંધનમાંથી છૂટી જવું. જન્મ, મરણ અને જમપુરીનાં દુઃખથી છૂટવું તે જ મનુષ્યદેહનું ફળ છે.** ૩૬.

જ્યાં સુધી માથા ઉપર જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ રહ્યું હોય છે, ત્યાં સુધી તેમાં વિવેક આવ્યો ગણાય જ નહીં. કોઈ પોતાને ઘણો ચતુર માનતો હોય તોપણ તેનાથી શું થયું ? ૩૭-૩૮. જેને ખરેખર વિવેક હોય તેને વારંવાર આ સંસારમાં ભટકવાનું ક્યારેય

રહે નહીં. અને જે વિવેકી માણસ છે તે જ મનુષ્યદેહને સુફળ કરે છે.” ૩૯. ઉપર કહ્યા મુજબની શ્રીહરિની વાત સાંભળીને અરદેશર શેઠ બોલ્યા કે, “અમે તો પારસી છીએ. પણ અમને સત્સંગના જેવું બીજું કાંઈ સારું લાગતું નથી.” ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “અરદેશર શેઠને શ્રીહરિએ શુદ્ધ સદાચારમય ધર્મ કહ્યો” એ નામે પચાશમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૧

સુરતમાં સંતો અને વર્ણી વગેરેની સવારની સ્નાનાદિક ક્રિયા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે અરદેશર શેઠ ઊઠ્યા. શ્રીહરિને પગે લાગ્યા. પછી પોતાની વાડીએ ગયા. ૨. પછી નંદરામજી તથા ગોપાળજીએ શ્રીહરિને માટે જે ભોજન કરી રાખ્યું હતું તે શ્રીહરિ જમ્યા. ૩. શ્રીહરિએ જમ્યા પછી થાળની પ્રસાદી મુક્તાનંદ સ્વામીને આપી અને પછી શ્રીહરિ પોઢી ગયા. ૪. ત્યાં બે બંગલા હતા અને તે બંને બબ્બે માળના હતા. ત્યાં જેટલા સંતો સમાયા તે ત્યાં રહીને કથા-કીર્તન કરતા હતા. ૫. વળી કેટલાક સંતો ધ્યાન, સ્મરણ અને પરસ્પર શ્રીહરિની વાતો પણ પ્રેમથી કરતા હતા. આમ કરતાં કરતાં સંતો પોઢી ગયા. જ્યારે રાત ચાર ઘડી બાકી રહી ત્યારે સંતોએ પોતપોતાના આસન ઉપર જ નારાયણ ધૂન કરી. સંતોના મુખથી બોલાતી તે ધૂન સાંભળવાથી અંતર ઠરતું હતું. ૬-૭.

જેમાં શ્રીહરિની મૂર્તિનું વર્ણન રહ્યું હોય એવાં પ્રભાતીનાં પદ પણ સંતો ગાતા રહેતા હતા. ૮. કેટલાક સંતો શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારી ધ્યાન તથા સ્મરણ કરતા હતા. તેથી અપાર આનંદ પામતા હતા અને અપાર સુખને લૂંટતા હતા. ભગવાન સંબંધી જેટલું સુખ છે તે અંતરમાં શાંતિ કરનારું છે. રોજ સવારે જ્યારે તોપ ફૂટે ત્યારે સંતો સ્નાન કરવા

માટે તાપી નદીમાં જતા હતા. સંતો જ્યારે સ્નાન કરીને આવે ત્યારે સહુ પ્રથમ માનસી પૂજા કરતા. પછી તિલક કરી બાહ્ય પૂજા કરતા હતા. ૯-૧૧. જ્યારે બે ઘડી રાત્રિ રહી ત્યારે શ્રીહરિ જાગ્યા. તેમને વર્ણીઓએ ગરમ જળ કરીને વિધિ પ્રમાણે ત્યાં જ સ્નાન કરાવ્યું. તેમાં મુકુંદાનંદ વર્ણી, જયાનંદ વર્ણી, વાસુદેવાનંદ વર્ણી, આનંદાનંદ વર્ણી અને વૈકુંઠાનંદ વર્ણીએ સ્નાન કરાવ્યું. આ સહુ વર્ણીઓ જ્યારે જેવો સમય હોય તે રીતે શ્રીહરિની સેવા તત્પર થઈને કરતા હતા. ૧૨-૧૪. આ વર્ણીઓ શ્રીહરિની આજ્ઞાએ કરીને સત્સંગમાં મંદિર સંબંધી સેવા ભાવથી કરતા હતા. ૧૫.

પરંતુ જેમને સત્સંગ ઉપર ભાવ ન હતો તે તેમાં હરકત-વિઘ્ન કરતા રહેતા હતા. મોટા રાજા તથા તેમના વિવિધ પ્રકારના કારભારીઓ, ગામેગામના નાના રાજાઓ, તેના પટેલ કે મુખીઓ, થાણદાર, હવાલદાર અને અમુક રાજના નાકેદાર પણ સત્સંગમાં ભાવ ન હોવાથી હરકત કરતા હતા. ૧૬-૧૭. જે રાજાને દેવના ઉપર ભાવ હોય, તે દેવ નિમિત્તની જેટલી વસ્તુ હોય તેનો તપાસ કરીને લેશમાત્ર પણ હરકત કરતા નહીં. ૧૮. રાજાને દેવ નિમિત્તે પરમ પવિત્ર એટલી સેવા કરવી એ એનો ધર્મ છે. તેથી કેટલાક રૂડી બુદ્ધિવાળા રાજા હતા તે તો દેવને વર્ષાસન કરી આપતા. કેટલાક રાજાઓ ગામની જમીન આપતા, અને કેટલાક સુબુદ્ધિ રાજા બાગ-બગીચા અને બીડ આપીને પરલોકનું એટલું ભાતું કરતા હતા. ૧૯-૨૦.

પછી જેટલા દુર્બુદ્ધિ રાજા થતા તે કુસંગના યોગે કરીને દેવની વસ્તુ લેવાનું ધારતા. તેથી તેનો વિનાશ થઈ જતો. ૨૧. તેને કોઈ સમજાવે તોપણ તે ક્યારેય સમજતા નહીં. રાજ્યની સર્વે સમૃદ્ધિ તો ઈશ્વરને આધીન રહી છે, તેનું તેને કાંઈ જ્ઞાન હોતું નથી. કેમ જે, તેમાં અજ્ઞાનરૂપી મોહનું અંધારું ભર્યું હોય છે. તેથી તેવા અધિકારીઓ 'મારે આ સર્વે મૂકીને મરી જાવાનું છે', એમ મરી જાય ત્યાં સુધી મનમાં વિચારતા નથી. અને પોતાનું હિત થાય એવો વિચાર ક્યારેય કરતા નથી. અને તે બીજા જેટલા વિચારો કરે છે, તે કોઈ વિચાર તેને દુઃખમાં કાંઈ સહાય કરતા નથી. ૨૨-૨૪. દુઃખમાં જે સહાય કરે એવી વાતને જ ખરી વાત કહેવાય. એવી વાતનો વિચાર કરવામાં માણસની બુદ્ધિ જણાઈ આવે છે. ૨૫. **આ લોક અને પરલોકમાં**

શ્રીહરિની જેટલી વાતો છે તે બધી સહાય કરે છે. અને એવી જેટલી વાત હોય તેને જ શ્રેષ્ઠ વાત કહેવાય છે. ૨૬.

તે સમયે શ્રીહરિની પાસે એક પદ્મનાભાનંદ નામે સંન્યાસી અને રણછોડ નામે બ્રહ્મચારી હતા. ૨૭. મંદિરનું કાંઈ પણ કામ પડે ત્યારે તે બંને મળીને જ્યાં જેનું ચલણ હોય, ત્યાં તેવા દક્ષિણી કે નાગર કારભારી હોય તેની પાસે વારંવાર જતા, અને તે કારભારીઓના દાસ રહીને નમતા રહેતા. ૨૮-૨૯. ત્યારે તે કારભારીઓ પદ્મનાભાનંદ સંન્યાસી તથા રણછોડ બ્રહ્મચારીને દેખીને ઊભા થતા. ચાહે તેવો કારભારી હોય તોપણ ત્યારે તેમને આદરભાવ આપતા. ૩૦. પછી તે બંને એક દિવસ, બે દિવસ, દસ કે પંદર દિવસ ત્યાં રહીને પણ મંદિર સંબંધી જે કાંઈ હરકત હોય, તેનું તેઓ નિવારણ કરીને આવતા. ૩૧. આ વર્ણી અને સંન્યાસી - બંને જિંદગીભર એ રીતે શ્રીહરિની ભાવ સહિત સેવા કરતા રહ્યા. બીજા જે વર્ણી એવે નામે કહેવાતા હતા, તે શ્રીહરિના વચને કરીને મંદિરોમાં જે મૂર્તિઓ પધરાવેલી હતી, તેની નિત્ય સેવા-પૂજા કરતા રહેતા. તેઓ તેમની જેવી રીત છે તે પ્રમાણે વર્તતા. જે સંતો હતા તે સંતોની રીતમાં તત્પર થઈને રહેતા હતા. ૩૨-૩૪.

પાર્ષદોની જેવી રીત હોય તે જોઈને તે પ્રમાણે પાર્ષદો રહેતા હતા. તેમજ ધર્મવંશીની જેવી રીત હોય તે જોઈને તે પ્રમાણે તત્પર થઈને ધર્મવંશીઓ રહેતા હતા. ૩૫. હરિભક્તોની જેવી રીત હોય તે પ્રમાણે બાઈ-ભાઈ બધાં નિત્ય શ્રીહરિને રાજી કરવા માટે એ પ્રમાણે જ રહેતાં હતાં. ૩૬. જેટલા રીત વગરના મતપંથો હોય છે તેઓ પણ પોતાની રીત સાચી જ કહે છે. પરંતુ સાચી રીત જાણનારાને તેની ખોટી રીત દેખાઈ આવે છે. ૩૭. તેટલા માટે જે તે મતવાળાઓ છે તે કપટ કરાવતા રહે છે. આ ભૂમિ ઉપર તે પોતાના ગ્રંથની અંદર રહેલી સાચી વાતો છૂપાવી રાખે છે. કેમ જે, તેમાં તેનું કપટ સહુને દેખાઈ આવે છે. માટે કોઈને દેખાડતા નથી. ૩૮-૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સુરતમાં સંતો અને વર્ણી વગેરેની સવારની સ્નાનાદિક ક્રિયા કહી" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥

પૂર સત્યાવીશમું : તરંગ - ૫૨

આનંદાનંદ સ્વામીએ હરિભક્તોને રસોઈ બાબતનો વિવેક કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતના જે હરિભક્ત બાઈ-ભાઈઓ હતાં તે બધાનાં નામ લખ્યે પાર પમાય તેમ નથી. 'ગામના જેટલાં સહુ બાઈ-ભાઈ હરિભક્ત હતાં' એમ કહીએ તેમાં સહુનાં નામ આવી ગયાં; એમ સમજવું. ૨-૩. 'વૃક્ષ' એમ લખીએ તો તેમાં મૂળ, ડાળ, પાન, ફૂલ, ફળ અને રસ, જે કાંઈ હોય તે બધું તેમાં આવી જાય છે. તેમ સુરતના ભક્તો કહેવાથી ત્યાંના બધાં ભક્તો સમજી લેવાં. ૪. આનંદાનંદ સ્વામીએ ગોવિંદભાઈ, લક્ષ્મીચંદભાઈ, ગિરધરભાઈ અને ભગવાનદાસ, તે સહુને કહ્યું, "શ્રીહરિ કોઈ શહેરમાં મહિનો કે બે મહિના રહેતા નથી. નવ કે દસ દિવસ જો રહે, તો નવ-દસ માસ રહ્યા એમ જાણવું. ૫-૬.

જેને સત્સંગ ઉપર અભાવ હોય અને જેટલા સહજ સ્વભાવે નિયમ બહાર ચાલતા હોય, તેવા લોકો સત્સંગનો ઉત્કર્ષ દેખીને અંતરમાં બળી ઊઠે છે. તેઓ બીજા કોઈકના દ્વારા કંસની જેમ સાચા માર્ગ ઉપર ઉપદ્રવ કરતા રહે છે, તોપણ શ્રીહરિ તો સાધુતાના માર્ગનો ક્યારેય ત્યાગ કરતા નથી. ૭-૮. આ સુરતમાં કોઈ એક પણ હરિભક્ત રસોઈ આપ્યા સિવાય રહે એવા નથી. પણ શ્રીહરિ રસોઈ માટે એટલા બધા દિવસ ટકશે નહીં. કેમ જે, શ્રીહરિ તો સત્સંગનો ઉત્કર્ષ કરવા ચાહે છે, માત્ર રસોઈ જમવા નહીં. ૯. તે સત્સંગના ઉત્કર્ષ માટે શ્રીહરિએ મોટા મોટા શહેરમાં સત્સંગનો દિગ્વિજય કર્યો છે. જ્યારે મોક્ષનો માર્ગ નિર્મૂળ થયો ત્યારે તેને સ્થાપવા માટે શ્રીહરિ પ્રગટ થયા છે. ભગવાન સિવાય બીજા કોઈથી આવું કાર્ય થાય નહીં. જે મનુષ્યોને ભગવાનનો ખપ હોય છે તે મોક્ષના માર્ગ ઉપર ચાલે છે. ૧૦-૧૧. જેને ભગવાનનો ખપ ન હોય તે મનમાં ચાહે તેમ ચાલે છે. **મન ચાહે તેમ ચાલવું તે મોક્ષમાર્ગની સાચી રીત નથી.** ૧૨.

✵ સાચા ભક્તનાં લક્ષણો :

दोहा : हरिजन हरिजन तिन महीं, विक्षेप न करे जेहि;
हरिजन में मन मिलत रहे, बडे हरिजन तेहि...१३
पाँच हरिजन तेहि संग, मन न मिलत हि रहेउ;
चाय तेसे बुद्धिवंत हि, मानी हरिजन तेउ...१४

सोरठा : भगवान कि कथा बात, ताके जितना नियम रहे;
मंदिर में नित्य आत, हरिजन कु नमत भाव जुत...१५
हरिजन पर जो जेता, भाव तेता हरिजन यह;
बानि नेत्र में तेता, देखावत रहे भाव तेहि...१६

જે હરિભક્ત બીજા હરિભક્તમાં પરસ્પર વિક્ષેપ ન કરે, પરંતુ હરિભક્તો સાથે પોતાનું મન મેળવેલું-સંપીલું રાખે, તે સર્વે હરિભક્તોમાં મોટેરા છે. ૧૩. પાંચ હરિભક્તોની સાથે જો મન મળતું ન હોય તો તે ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તે માની હરિભક્ત ગણાય છે. ૧૪. જે ભગવાનની કથા-વાર્તાના જેટલા નિયમ છે તેને પાળતા હોય, અને મંદિરમાં રોજ આવતા હોય તથા હરિભક્તોને ભાવથી નમતા રહે, અને બીજા હરિભક્તો ઉપર જેટલો ભાવ રાખે તેટલા તે હરિભક્ત છે. તે ભાવ વાણી તથા નેત્રમાં દેખાઈ આવે છે. ૧૫-૧૬. **પોતા કરતાં બીજા હરિભક્તોને નિષ્કપટ મનથી ઘણા અધિક જાણવા, અને બીજા હરિભક્ત ઉપર લગાર પણ ક્રોધ ન કરવો; આવી હરિભક્તોની રીત હોય છે, તે રીત કહ્યા વિના જણાતી નથી.** સત્સંગ કરતાં કરતાં પણ કેટલાકને કુસંગનો પાશ લાગી જાય છે. ૧૭-૧૮.

✵ કુસંગ વિશે :

चोपाई :

मन के विश्वास रखत तिनकू, पास लगत कुसंग के इनकू;
जीव सत्संग करत हे जोऊ, इंद्रियु हि अंतःकरण तोऊ...१९
तन सहित सब कुसंग रहाते, गाफल कु न आत देखाते;
प्रमाद जाकु वरतत रहेऊ, सब पर आपकु मानत तेऊ...२०

જે પોતાના મનનો વિશ્વાસ રાખે છે તેને કુસંગનો પાશ લાગે છે. જે જીવ સત્સંગ કરે છે તેને માટે પોતાનાં શરીરે સહિત ઇન્દ્રિયો અને અંતઃકરણ એ સર્વે કુસંગ છે. પરંતુ જે ગાફલ હોય તેને તે દેખાતું નથી. જેને પ્રમાદ વર્તતો હોય તે પોતાને સહુથી અધિક માને છે. ૧૯-૨૦. જે પોતાને સહુથી અધિક માને છે તે માનરૂપ શત્રુ સાથે રહે છે અને એને જ મિત્ર માને છે. પછી તે હરિભક્તોને તુચ્છ ગણે છે. ૨૧.

हरिजन मोक्ष के रहे द्वारा, ताकु तुच्छ देखत जेहि वारा;
आपे तुच्छ हो गये यह वेरी, ताकु मालम न परत तेरी...२२

હરિભક્તો તો મોક્ષનું દ્વાર કહેવાય છે. જ્યારે કોઈ હરિભક્તોને તુચ્છ દેખે છે ત્યારે તે દેખનારો પોતે તે જ સમયે તુચ્છ થઈ જાય છે, પરંતુ તેને તે માલુમ પણ પડતું નથી. ૨૨. પોતામાં રહેલા દોષોને ઓળખી-સ્વીકારવા તેટલું સત્સંગ કર્યાનું ફળ છે. સાચા સત્સંગની જેવી રીત છે તે અમે કહી દીધી છે. જેટલી સાચી વાત હોય છે તે બધી જ દુઃખમાં સહાય કરે છે. **કોઈ ગમે તેટલો ફુલાઈને ફરતો હોય, પણ અસત્ય વાત તેને દુઃખમાં મદદ કરતી નથી.** ૨૩-૨૪. અસત્યનું ફળ અસત્ય છે, એ વાત નિશ્ચિત છે. જે જીવને તે વાત મનાય નહિ તે દુઃખ પામે છે. ૨૫.

दोहा : सुख दुःख रहे समझ महीं, सुधे में सुख हि रहात;
उंधे में रहे दुःख जो, जितना जेहि कहात...२६

सोरठा : जितना भाव हि जेहि, हरिजन उपरि रखत रहे;
तितना सुख यह तेहि, होवत रहे निश्चय कर...२७

સુખ અને દુઃખ, બંને સમજણમાં રહ્યાં છે. સીધે માર્ગે ચાલવામાં સુખ રહ્યું છે અને અવળે માર્ગે ચાલવામાં જેટલાં દુઃખ કહેવાય છે તે બધાં રહ્યાં છે. હરિભક્તો ઉપર જે જેટલો ભાવ રાખે છે તેટલું તેને નિશ્ચિત સુખ થાય છે." ૨૬-૨૭.

પછી જે હરિભક્તોનાં નામ કહ્યાં હતાં, તે બધાને આનંદાનંદ સ્વામીએ કહ્યું કે, "પચીશ રૂપિયાથી લઈને જેને જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે શ્રીહરિ માટે સુખે રસોઈ આપવી હોય તે આપજો. કોઈ મનમાં સંકોચાઈને રહેતા

નહીં. ૨૮-૨૯. તમે ઘણા વરસથી શ્રીહરિ સુરત આવે તેવો મનોરથ કરતા હતા, તે તમારા ભાવને અંતર્યામી શ્રીહરિ દેખતા હતા. માટે તે ભાવને પૂરો કરવા શ્રીહરિ અહીં આવ્યા છે. ૩૦. શ્રીહરિ વારેવારે અહીં આવશે નહીં. જેને ભાવ ન હોય તેને માટે હું કહેતો નથી. સત્સંગમાં તો ભાવની વાત-કિંમત છે. કોઈના ઉપર કર નખાતો નથી. ૩૧. અને જે રસોઈ આપવાને કર સમજે છે તેને તો સત્સંગની કાંઈ ગમ જ નથી. ભિક્ષા માગીને જમવું તે અમારો સાધુનો મુખ્ય ધર્મ છે. ૩૨. **તેમાં અમારું મન અપાર પ્રસન્ન રહે છે. અમે રસોઈનો લગાર પણ ઘાટ કરતા નથી, તોપણ પરમેશ્વર પ્રગટ જ છે, તેથી તે બ્રહ્માંડથી લઈને અણુ સુધીના જંતુઓને જેનો જેવો આહાર હોય, તેવું વારંવાર પોષણ કરતા રહે છે.** ૩૩-૩૪.

તે પરમેશ્વર એક દિવસ પણ કોઈને ભૂલી જતા નથી; એવા તે પરમેશ્વર સમર્થ છે. રાજાથી લઈને રાંક પર્યંત સહુનું ભરણ-પોષણ કરતા રહે છે.” ૩૫. એમ જ્યારે આનંદાનંદ સ્વામીએ કહ્યું ત્યારે તે વાત સાંભળીને હરિભક્તો હરખથી બોલ્યા કે, “અમે ભાવનાવાળા ભક્તોની જ રસોઈ લખીએ, તોપણ એક માસ સુધી ખૂટે તેમ નથી.” ૩૬. ભિખારીદાસ શેઠ લખપતિ શેઠ છે. તેઓ પરિવારે સહિત સારા હરિભક્ત છે. ૩૭. લક્ષ્મી નામે તેમને એક દીકરી છે. તે સાંખ્યયોગી છે. તે ઘણી હરિભક્ત બાઈઓમાં મોટેરા છે. ૩૮. તે લક્ષ્મીબેનના ભાઈ ગુલાબભાઈ નામે છે. અને શેઠના ભાઈ ગોવિંદભાઈ સહુ હરિભક્તોમાં મોટા છે. ૩૯. ભિખારીદાસના એક મુખ્ય ગુમાસ્તા ગોવિંદભાઈ છે. તેને પણ તેમના દ્વારા સત્સંગ થયો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “આનંદાનંદ સ્વામીએ હરિભક્તોને રસોઈ બાબતનો વિવેક કહ્યો” એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૩

લોકવાર્તા સાંભળીને મતપંથીઓએ ફરિયાદ કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ નવ દિવસ સુધી સુરતમાં રહ્યા. તે એવો સારો શુભ સમય હતો કે, ત્યાં દિવસે દિવસે વધારે ને વધારે ઉત્સવ થયા કરતો હતો. શહેરના બધા લોકો આખો દિવસ નદીના વહેતા પ્રવાહની જેમ આવતા-જતા રહેતા હતા. તેમાં કેટલાક ચાર પૈડાવાળી બગીમાં, કોઈ ગાડીમાં, મ્યાનામાં અને કોઈ અશ્વ ઉપર બેસીને આવતા હતા. ૨-૪. શ્રીહરિ જે જગ્યામાં બેસતા હતા ત્યાંથી ચારેબાજુ અરધા અરધા કોશ સુધી રસ્તામાં બગી, ગાડી, મ્યાના, સુખપાલ અને અશ્વ વગેરે રંગબેરંગી વાહનો, એક પહોર રાત જાય ત્યાં સુધી આવતાં-જતાં રહેતાં હતાં, અને મશાલનો કોઈ પાર ન હતો. ૫-૬.

દિવાળી તથા દેવદિવાળી કરતાં પણ કરોડગણી અધિક અધિક શોભા રોજ અપાર થતી રહેતી હતી. બધે શ્રીહરિનો જય જયકાર થયા કરતો હતો. ૭. લોકો ઘેર ઘેર વાતો કરતા હતા કે, 'બીજા મતપંથ તથા સંપ્રદાયોના પ્રતાપની આગળ તો આ સ્વામિનારાયણનો પ્રતાપ ઘણો અધિક દેખાય છે. કેમ જે, મતપંથમાં તો ઘણાં ગુરુઓ શિષ્યની સ્ત્રીનો સંગ કરે છે, અને તેમાં જ પરમ મોક્ષ માને છે. વળી કામ, ક્રોધ અને લોભ, તે જેમાં નિવાસ કરતા હોય તેમાં જે જેટલો મોક્ષ માને છે, તે બધા નરકકુંડમાં પડે છે તેમ માનવું. કારણ કે, ભગવાને પોતે ગીતામાં તેવા શબ્દો કહ્યા છે અને તે ગીતાને સહુ વાંચે છે. ૮-૧૦. જે અસલ સંપ્રદાય છે તે કામમાં મોક્ષ કઈ રીતે માને ? જેમાં નિષિદ્ધ વાતનો ત્યાગ હોય તે અસલ સંપ્રદાય છે. ૧૧. શુભ વાતોએ કરીને આ સંપ્રદાય અપાર શુદ્ધ કહેવાય છે. જેમાં જેટલું શુભ આચરણ હોય તે તેટલો શુભ સંપ્રદાય કહેવાય છે. ૧૨. શુભ આચરણે કરીને શુભ સંપ્રદાય ઓળખાય છે, અને અશુભ આચરણે કરીને તે અશુભ કહેવાય છે. ૧૩.

❋ કામ, ક્રોધ અને લોભ જીવને ખુવાર કરે છે :

કામ, ક્રોધ અને લોભ, એ અપાર અશુભ છે. તે જ્યારે શુભ સંપ્રદાયમાં મળી જાય છે ત્યારે તે શુભ સંપ્રદાયને પણ ખુવાર કરી દે છે. અર્થાત્ તે દોષો જ અશુભ છે, સંપ્રદાય નહીં. ૧૪. ત્યાગીને ધન તથા સ્ત્રી વિઘ્નરૂપ છે. સ્ત્રી તથા ધન બંધનરૂપ છે, છતાં તેને જે બંધનરૂપ માનતા નથી અને ત્યાગી થઈને સ્ત્રી અને ધનનો પ્રસંગ રાખે છે, તે જગતના મળરૂપ છે. ત્યાગી થઈને પણ સ્ત્રી અને ધનનો પ્રસંગ રાખવો, તે સાચા ત્યાગીની રીત નથી. ૧૫-૧૬. શેરડીમાં રસ, ગોળ, સાકર અને ખાંડ - એ ચાર તત્ત્વ-તેનો સાર ગણાય છે. ધાન્યમાં જે કણ હોય છે તે તત્ત્વ-સાર કહેવાય છે, અને જેમાં કણ ન હોય તે ધાન્ય તો ઘાસમાં ખપે છે. ૧૭. તેમ જેટલી નિર્દોષ વાત હોય તે શાસ્ત્રનું તત્ત્વ કહેવાય છે. જેટલાં સ્થાવર કે જંગમ શરીર છે તેનું તત્ત્વ જીવ છે. ૧૮.

પૃથ્વીનું તત્ત્વ ગંધ કહેવાય છે. તે ગંધના પણ ઘણા ભેદ હોય છે. જળનું તત્ત્વ રસ કહેવાય છે અને તે રસમાં પણ કેટલાય ભેદ રહ્યા છે. ૧૯. તેજનું તત્ત્વ રૂપ કહેવાય છે અને રૂપમાં પણ કેટલાય ભેદ હોય છે. વાયુનું તત્ત્વ સ્પર્શ કહેવાય છે અને સ્પર્શમાં પણ કેટલાય ભેદ હોય છે. ૨૦. આકાશનું તત્ત્વ શબ્દ કહેવાય છે અને તે શબ્દનાં પણ કેટલાય ભેદ રહ્યા છે. તે એક એકના સારા-મોળા અપાર ભેદ એટલા બધા છે કે જે ગણ્યે પાર આવે તેવા નથી. ૨૧. તેમાં કેટલાક તત્ત્વ-વિષયો સારા હોઈ ગ્રહણ કરવા યોગ્ય છે. કેમ જે, તે સુખકારી છે. તે વિભાગમાં કેટલાક તત્ત્વ-વિષયો ખરાબ હોઈ ત્યાગ કરવા યોગ્ય છે. કેમ જે, તે દુઃખકારી છે. તે બંને તેનો પાર ન પમાય તેટલા છે. ૨૨.

જેટલાં શાસ્ત્ર છે તેમાં વિધિ અને નિષેધ હોય છે. તેમાં જે વિધિ વચનો છે તે ગ્રહણ કરવા યોગ્ય છે. કેમ જે, તે સુખકારી છે. નિષેધ વચનો છે તે ત્યાગ કરવા યોગ્ય છે. કેમ જે, તે દુઃખદાયી છે. જીવ જે જગ્યાએ જાય છે તે તે સ્થળે અંતર્યામી પરમેશ્વર તેના વિધિનું શુભ ફળ આપે છે, અને નિષેધનું અશુભ ફળ આપે છે. તેઓ કોઈ જીવને ક્યારેય ભૂલતા નથી.

૨૩-૨૪. અને જે નિષેધ કરેલ બાબતને ગ્રહણ કરે છે તેનું જેવું અશુભ ફળ હોય, તે ફળને અંતર્યામી પરમેશ્વર આપે છે, તે બાબત નિશ્ચિત છે. જે અસત્ય વાતને ગ્રહણ કરે છે તે અસત્પુરુષ કહેવાય છે, અને અસત્યનું ગ્રહણ કરનાર સંપ્રદાય પણ અસત્ છે. તે બાબતને તેનાં લક્ષણ બતાવી દે છે. ૨૫-૨૬. પોતપોતાના મતને બાંધીને જે બેઠા હોય તે કોઈ પોતાના મતને અસત્ કહેતા નથી. કારણ કે, તેમાં સહુને પેટ ભરવાનો મતલબ હોય છે. ૨૭. જ્યાં મતલબનો માર્ગ હોય તેમાં કોઈ જાતના નિયમ રહી શકતા નથી, અને તે નિયમને અભાવે કરીને તરત દેખાઈ આવે છે. ૨૮.

સમાજમાં સદ્બુદ્ધિવાળા લોકો જ્યારે આવી વાતો કરતા હતા, ત્યારે શહેરમાં જેટલા મતપંથીઓ હતા તે સત્સંગના ઉત્કર્ષને સાંભળીને બધા અકળાયા, મનમાં ઘણાં દુઃખી થયા. તે પછી એક દિવસ સહુ ભેગા મળ્યા અને વિવેક રાખ્યા વગર અંગ્રેજ સાહેબની પાસે ગયા. તે જેટલા મતપંથીઓ હતા તેમણે સાહેબની આગળ ફરિયાદ કરી કે, 'અત્યારે જે અહીં સ્વામિનારાયણ આવ્યા છે તેમણે બધા મતપંથીઓથી વિરુદ્ધમાં એક નવો પંથ ચલાવ્યો છે. તેને કોઈ પૂછતું પણ નથી. તે ઊંચી જાતિના ન હોવા છતાં ભગવાન બની બેઠા છે અને બધા લોકો તેનાં વખાણ કરે છે. ૨૯-૩૨. તે ઈન્દ્રજાળ ભણેલા છે પણ તેનું અમારા ઉપર કાંઈ ચાલતું નથી. તેઓ નિર્દોષ મનુષ્યો ઉપર ચાલે તેટલી ઈન્દ્રજાળ કરે છે. ૩૩.

ત્યારે સાહેબ બોલ્યા કે, "તમે તો ગમાર છો. તમારામાં લગાર પણ ધર્મ નથી. ત્યાગી થઈને તમે સ્ત્રી તથા ધનને રાખો છો, તે શું વિચારીને રાખો છો ? ૩૪. ધન ન રાખતા હોય અને ભોજન સિવાય કાંઈ વ્યસન ન રાખતા હોય એવા ત્યાગી ચાર ધામની અંદર હોય તો તેને લાવીને તમે દેખાડો. કદાચ એવા કોઈ મળે તોપણ તે સ્વામિનારાયણના સમાન હશે નહિ, એમ તમને કહીએ છીએ. રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ કરતાં પણ આ સ્વામિનારાયણમાં અધિક પ્રતાપ રહ્યો છે. ૩૫-૩૬. રામચંદ્રજી જે રીતે રહ્યા હતા અને શ્રીકૃષ્ણચંદ્રજી જે રીતે રહ્યા હતા તે બધું પુરાણોમાં લખ્યું છે. તેના કરતાં પણ આ સ્વામિનારાયણ પવિત્ર રીતે ચાલે છે તેને અમે દેખીએ

છીએ. જ્યારથી અમે આ દેશમાં પ્રવેશ કર્યો છે ત્યારથી અમે દેખી રહ્યા છીએ કે, તેઓ નીતિમાં જ ચાલે છે. ૩૭-૩૮. તે સ્વામિનારાયણના વિરુદ્ધ તમે શું સમજીને ફરિયાદ કરવા આવ્યા છો ? તમારા મનમાં તો વિવાદ કરવાનો જ અતિશય ઉમંગ છે. ૩૯. જેમાં ધર્મ ન હોય તેવા લોકોને આ સ્વામિનારાયણે ધર્મે કરીને જીતી લીધા છે. છતાં જે ધર્મહીન છે તેને તો સ્વામિનારાયણ આવા મોટા છે તેની ગમ પણ નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "લોકવાર્તા સાંભળીને મતપંથીઓએ ફરિયાદ કરી" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૪

નવા હિંડોળા ઉપર બેસીને શ્રીહરિએ ગાયકોનું સંગીત સાંભળ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સવારમાં શ્રીહરિએ ઘણાં સારાં શ્વેત વસ્ત્ર બધાં અંગ ઉપર ધારણ કર્યાં. તેની અપાર શોભા થઈ હતી. ત્યારે જાણે કરોડો કરોડ સૂર્ય અને કરોડો કરોડ ચંદ્રમા એકસાથે ઉદય થયા હોય, તેવો અતિશય શીતળ પ્રકાશ શ્રીહરિનાં અંગ અંગમાં વિલસી રહ્યો હતો. લલાટમાં કેસરી તિલક કર્યું હતું. ૨-૪. ઉત્તર તરફના બંગલાના માળની નીચે ગાદી તકિયા સહિત બિછાવેલી પાટ હતી. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૫. શ્રીહરિની સાથે જે સંતો, વર્ણી અને હરિભક્ત આવ્યા હતા તેની સભા થઈ. તેમાં સોરઠ, કાઠિયાવાડ, ભાલ, બારા, ગુજરાત, ચરોતર, વાકળ, કાનમ, ભરૂચ વગેરે પ્રાંતના હરિભક્ત આવ્યા હતા. અયોધ્યા પ્રદેશના અયોધ્યાવાસી હરિભક્ત પણ આવ્યા હતા. તે બધા આવીને સભામાં બેઠા. તેમણે આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. જેમ જેમ શ્રીહરિનાં દર્શન કરતા હતા તેમ તેમ તે સહુને અધિક હેત થાતું હતું. ૬-૮.

✳ હરિમૂર્તિનો પ્રતાપ :

ચોપાઈ :

मूर्ति में ऐसे प्रताप रहाते, अंग अंग प्रति कहे न जाते;
जेहि अंग देखत जन जोऊ, तामें लिन होय जावत सोऊ...०९
बसन भूषण फूल के हारा, श्रीहरि धरत रहे जेहि वारा;
कोटान कोट काम हि ताकी, शोभा झाँखि करत रहे वाकी...१०

શ્રીહરિની મૂર્તિનાં અંગે અંગમાં એવો અવર્ણનીય પ્રતાપ રહ્યો હતો કે ભક્તજન જે અંગને દેખતા, તેમાં તે લીન થઈ જતા હતા. ૯. તે વખતે શ્રીહરિએ જે વસ્ત્ર, આભૂષણ અને ફૂલના હાર પહેર્યા હતા, તે કરોડો કરોડ કામદેવની શોભાને પણ ઝાંખી કરી રહ્યા હતા. ૧૦. બંગલાના જે માળ હતા તેમાં રંગબેરંગી બિલોરી હાંડીઓ તથા વિવિધ પ્રકારનાં સુંદર બિલોરી ઝાડ તે વખતે લટકાવી દીધાં હતાં. ૧૧. ઉદાર મનના અરદેશર શેઠે સરસ રંગબેરંગી બિછાના લાવીને બિછાવી દીધા હતા. કેમ જે, તેમનો એવો ભાવ હતો. ભાવ વિના બીજા કોઈથી તેવું બની શકે નહીં. ૧૨.

ભાણાભાઈ સુતાર અને તેમના પુત્ર દલપતભાઈ હતા. તે એક રંગબેરંગી કાષ્ઠનો હિંડોળો કરી લાવ્યા. ૧૩. તે બંને બંગલાઓની વચ્ચે ચોક હતો. તેમાં સુંદર મંડપ કર્યો હતો. ૧૪. જે હરિભક્ત હતા તેની સેવા અંગીકાર કરવા માટે શ્રીહરિએ ત્યાં દક્ષિણ બંગલાની સમીપે તે હિંડોળો રખાવ્યો હતો. ૧૫.

પછી જ્યારે દિવસ એક પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ તે હિંડોળા ઉપર આવીને બેઠા અને ત્યાં બધી સભા થઈ. તે હિંડોળો પૂર્વ અને પશ્ચિમ લાંબો હતો. તેમાં પૂર્વ તરફના ભાગમાં તકિયો મૂક્યો હતો એટલે શ્રીહરિ તે બાજુ બેઠા. ૧૬-૧૭. સંતો અને હરિભક્તોની સભા દક્ષિણ તથા પૂર્વ મુખે બેઠી હતી. પછી ભાણા સુતારે પોતાના પુત્રની સાથે રહીને શ્રીહરિની પૂજા કરી. તે પછી સંતોની પૂજા કરી અને શ્રીહરિએ તેમને ઘણા પ્રેમથી ફૂલના હાર આપ્યા. ૧૮-૧૯. શહેરમાંથી જે જે હરિભક્તો આવતા હતા તે બધા ફૂલના

હાર લાવતા અને શ્રીહરિને પહેરાવતા. તેમજ જે નિત્ય નવા મેવા લાવતા હતા તે શ્રીહરિની આગળ મૂકતા હતા. સુરતના ભક્તો એટલો લાભ લેતા હતા કે જે કહી શકાતો નથી. તે હરિભક્તો રોજ શ્રીહરિની પૂજાનો જેવો મનોરથ કરતા અને તેમને સેવાનો જેવો ભાવ હતો, તે પ્રમાણે શ્રીહરિ તેને પૂર્ણ કરતા હતા. શહેરમાં સારા ગાયક રહેતા હતા તે એકવાર ગાવા માટે ત્યાં આવ્યા. ૨૦-૨૨.

તે બધા આવીને શ્રીહરિને પગે લાગ્યા અને બે હાથ જોડીને કહ્યું કે, "હે પ્રભુ ! અમારી આ જ સેવા છે કે, ગાન કરીને આપને રાજી કરવા. ૨૩. આપ ભગવાન સહુનું કલ્યાણ કરવા માટે આવ્યા છો. જે લોકો આપના ઉપર જેવો ભાવ રાખે છે તેને આપ તેવું ફળ આપો છો." તે બધા ગાયકો આ રીતે શ્રીહરિને પ્રાર્થના કરીને ગાન કરવા બેઠા. તેમનામાં જેટલી ગાન વિદ્યાની કળાઓ હતી તે બધી શ્રીહરિની આગળ રજૂ કરી. ૨૪-૨૫. તે ગાયકોએ ચાર ઘડી સુધી ગાન કર્યું. જેટલા ગાયકો આવ્યા હતા તે સહુને શ્રીહરિએ એક એક રૂપિયો અપાવ્યો, અને તેમને એક એક બરફીની માટલી અપાવી. તેથી તેઓ રાજી થયા.

પછી શ્રીહરિએ દેવાનંદ સ્વામીને કહ્યું કે, "હવે તમે જેવું આવડે તેવું ગાન કરો. આ જે ગાયકો આવ્યા છે તેને તમે સંભળાવો." ૨૬-૨૮. શ્રીહરિની આજ્ઞાથી દેવાનંદ સ્વામીએ આલાપ કરીને જ્યારે તોડી રાગ ઉચ્ચાર્યો ત્યારે તે બધા ગાયક મૂર્છિત થઈ ગયા. ૨૯. તે સ્વામીએ બે-ત્રણ પદ ગાયાં. તેને તે બધા ગાયકોએ વખાણ્યા અને બોલ્યા કે, "હે સ્વામી ! જે અસલ ગાનવિદ્યા છે તે આપના આ એક મુનિમાં રહી છે. ૩૦. અમે આમની પરીક્ષા કરી લીધી કે આ કોઈ ચારણ જ્ઞાતિમાં જન્મ્યા હશે. આ તો અમારા ઉસ્તાદ છે. એમની આગળ તો અમે આજે લજ્જિત થઈ ગયા છીએ. ૩૧. અમને જે અમારા ગાનનો ગર્વ હતો તે આપના આ મુનિએ છોડાવી દીધો છે." એમ તે ગાયકોએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું અને પોતાના ગાનનો ગર્વ છોડી દીધો. ૩૨. પછી તે બધા શ્રીહરિનાં ચરણોમાં મસ્તક નમાવીને તરત જ ચાલતા થયા.

જ્યારે શ્રીહરિ માટે થાળ તૈયાર થયો ત્યારે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. વર્ણીને આવેલા દેખીને શ્રીહરિ તરત ઊઠ્યા અને ઉત્તર તરફના બંગલા ઉપર પધાર્યા. ૩૩-૩૪. ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું અને રૂમાલથી બધું શરીર લૂછ્યું અને ત્યારે પીળા રંગનું પીતાંબર પહેર્યું. ૩૫. અને એક લાલ દુશાલો ઓઢ્યો. તત્કાળ ચરણોમાં ચાખડીઓ પહેરી. ડાબા હાથમાં રૂમાલ રાખ્યો અને ભક્તજન પ્રતિપાલક એવા શ્રીહરિ ચાલતા થયા. ૩૬. જ્યાં ભોજન બનાવ્યાં હતાં ત્યાં સોનાનો બાજોઠ મૂક્યો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ત્યારે બીજા પાટલા ઉપર જેટલી પ્રકારનાં ભોજન બનાવ્યાં હતાં, તે ચાંદીના થાળમાં પીરસ્યાં. ૩૭-૩૮. નંદરામજી અને ગોપાળજી, ભોજન પીરસતા હતા. કૃપાળુ શ્રીહરિ પૂર્વ મુખે જમવા બેઠા હતા. ભિખારીદાસ શેઠની રસોઈ હતી તેથી જ્યાં શ્રીહરિ જમતા હતા ત્યાં તેઓ બેઠા હતા. શ્રીહરિ રમૂજ કરીને જમતા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "નવા હિંડોળા ઉપર બેસીને શ્રીહરિએ ગાયકોનું સંગીત સાંભળ્યું" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૫

સુરતના હરિભક્તોએ શ્રીહરિને થાળ, સંતોને રસોઈ અને દરબારોને શિરામણ કરાવીને રાજી કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે જળથી હાથ તથા મુખ ધોયાં. તે પછી એલચી તથા તજનો મુખવાસ લીધો. તે વખતે શેઠ ભિખારીદાસે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી અને ગુલાબના ફૂલના હાર પહેરાવ્યા. શેઠના પુત્ર ગુલાબદાસ હતા. તેણે પણ શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિની પૂજા કરવાથી તેના મહાન ભાગ્ય ઉદય થયાં. ૨-૪. જ્યારે રસોઈ

તૈયાર થઈ ત્યારે સંતોની પંગત કરી. જે હરિભક્ત વિપ્રો હતા તે રોજ રસોઈ બનાવતા હતા. ૫. કેસરયુક્ત ચંદન લઈને પહેલા સંતોની પૂજા કરી અને પછી ઘણા પ્રેમથી સંતોને એક એક ફૂલનો હાર પહેરાવ્યો. ૬. દરેક સંતની આગળ અગરબત્તીનો ધૂપ કર્યો અને સર્વે સંતોને પગે લાગ્યા. હરિભક્તો એવું માનતા હતા કે, **'આ અલભ્ય અવસર આવ્યો છે. અનેક કલ્પો વીતી ગયા પણ આવો અવસર ક્યારેય આવ્યો નથી.' જેના અપાર ભાગ્ય હોય તેને આવા સંકલ્પો થાય છે.** ૭-૮.

રસોઈવાળા હરિભક્તોનો શુદ્ધ ભાવ જોઈને શ્રીહરિ ઘણા પ્રેમથી સંતોની પંગતમાં પીરસવા માટે આવ્યા. શ્રીહરિને સંતોને પીરસવામાં ઘણો ભાવ સહિત ઉત્સાહ હતો. તેથી ખૂબ પ્રેમરસ લાવીને પીરસવા લાગ્યા. તેમાં પહેલા બરફી, મોતીચૂરના લાડુ અને જલેબી પીરસ્યાં. ૯-૧૦. વડાં, ઘણી જાતનાં ભજિયાં, બે ત્રણ પ્રકારનું રાયતું, મેથી અને રીંગણાંની ભાજી કરી હતી તે, તથા ગોળ-કેરીનું અથાણું પણ પીરસ્યું. પાપડ અને પૂડલાં પણ પીરસ્યાં. પછી શ્રીહરિએ સંતોને જમવાની આજ્ઞા કરી. જ્યારે બધાં ભોજન પીરસાઈ રહ્યાં ત્યારે સંતોએ તે ભોજનને મેળવીને એક કર્યું. ભોજન મેળવ્યાં પછી તેમાં જળનું પ્રોક્ષણ કર્યું. સંતો શ્રીહરિનાં આજ્ઞા વચનમાં જ રસ માનતાં હતાં. ૧૧-૧૩. જ્યાં સુધી શ્રીહરિએ પ્રથમવાર પીરસ્યું ત્યાં સુધી સંતોએ નારાયણ ધૂન કરી હતી. જ્યારે પીરસી રહ્યા ત્યારે 'વાસુદેવ હરે..!' એવું બોલ્યા. ૧૪.

પછી સંતો કોળિયે-કોળિયે 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' એમ મુખથી બોલતા હતા. કોઈ પરસ્પર વાતો કરતા નહીં. ૧૫. શ્રીહરિ સંતોની પંગતમાં પીરસવા માટે પાંચ વખત ફર્યા. જ્યારે સંતો જમી રહ્યા તે પછી શ્રીહરિ દક્ષિણ તરફના બંગલામાં ઉપર જઈને પોઢી ગયા. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો ત્યારે આવીને અતિશય હરખભેર હિંડોળા ઉપર બેઠા. ૧૬-૧૭. સંતો તાપીમાં સ્નાન કરીને આવ્યા. પછી સહુએ લલાટમાં તિલક કર્યું. પછી સહુ શ્રીહરિનાં દર્શન કરવા માટે સભા કરીને બેઠા. ૧૮. જેટલા હરિભક્તો હતા તે પણ શ્રીહરિનાં દર્શન કરીને ત્યાં

સભા કરીને બેઠા. કેટલાક તો સેવામાં તત્પર રહ્યા હતા. કેટલાક હરિભક્તો રસોઈના જેટલાં એંઠાં વાસણ હતાં, તે બધાંને માંજીને સાફ કરવાં તથા તે વાસણને સાચવવાની સેવા કરતા હતા. ૧૯-૨૦. રસોઈનું જે કાંઈ સીધું-સામાન રોજ રોજ આવતું હતું, તેની વ્યવસ્થા કરવા ઉપર પણ હરિભક્તો રહ્યા હતા. ૨૧.

એક ગાડા ઉપર તાંબાના મોટા વાસણ બાંધી રાખ્યા હતા. તે વાસણમાં ભરીને રસોઈમાં જેટલું પાણી જોઈએ તે બધું રોજ રોજ લાવતા હતા. ૨૨. રોજ જે કાંઈ ખર્ચ થતો હતો તેની યાદીનો કાગળ લખી રાખતા. જેની રસોઈ હોય તેની યાદી પણ લખીને રાખતા, અને એક દિવસ અગાઉ નિત્ય ભાવથી સીધું-સામાન પહોંચાડી દેતા. સહુના મનમાં શ્રદ્ધાએ સહિત ઘણો ઉત્સાહ હતો. ૨૩-૨૪. જેટલી હરિભક્ત બાઈઓ હતી, તે સંતોની રસોઈ માટે ચોખા, દાળ અને લોટ, તે બધું નિત્ય સાફ કરી રાખતી હતી. ૨૫. જેના ઘરમાં શુદ્ધ પાપડ અને અથાણું હોય તથા શુદ્ધ દહીં, દૂધ હોય તે બધી બાઈઓ લાવતી હતી. ૨૬.

જેને ઘરે શ્રીહરિ રહેતા હતા તે દરબાર દાદા ખાચર, બોટાદના સોમલા ખાચર, લોયાના સુરા ખાચર, વાંકિયાના મોકા ખાચર, કારિયાણીના વસ્તા ખાચર તથા પંચાળાના ઝીણાભાઈ વગેરે સુરત શ્રીહરિ સાથે આવ્યા હતા. ૨૭-૨૮. શ્રીહરિને અતિ વહાલા એવા શ્રીહરિની સાથે આવેલા તે ભક્તોને સુરતની હરિભક્ત બાઈઓ ઓળખતી હતી. ૨૯. તેથી જ્યારે દિવસ બે ઘડી ચઢ્યો ત્યારે શ્રીહરિને રાજી કરવા માટે તે બાઈઓએ દૂધ, દહીં, તાજા બાજરીના રોટલા, પાપડ અને અથાણું વગેરે હરિભક્તની સાથે મનના અતિશય ઉમંગથી પહોંચાડ્યું. પછી તેનાથી બધા કાઠીઓને જમાડ્યા ત્યારે સહુ મનમાં રાજી રાજી થઈ ગયા. ૩૦-૩૧.

પછી તે કાઠી દરબારો શ્રીહરિની આગળ તે બાઈઓના રોજ વખાણ કરીને કહેતાં કે, 'અમે જાણ્યું હતું કે સુરત ઘણું દૂર છે અને ત્યાં જઈશું એટલે પૂરું દુઃખ આવશે. ૩૨. સવારના પહોરમાં દૂધ ને રોટલા સિવાય ચાહે તેવું ભોજન હોય, તોપણ તેના ઉપર અમને ભાવ થતો નથી. પણ અહીંયાં

તો અમને ખૂબ સુખ મળ્યું છે. ૩૩. ઘર કરતાંયે અહીંના હરિભક્તો સમય સમય પ્રમાણે વારંવાર અમારી ખૂબ સંભાળ રાખે છે. આ સહુ હરિભક્તો ઘણા શ્રદ્ધાવાળા છે. ૩૪. જ્યારે કામ પડે ત્યારે ખરી વાત દેખાઈ આવે છે, તે સિવાય ક્યારેય ખબર પડતી નથી.'

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **"અહીંના હરિભક્તોને અમારા ઉપર ખૂબ ભાવ છે.** ૩૫. **કોઈ પણ બાબત હોય તેમાં જ્યાં સુધી ભાવ રહે ત્યાં સુધી તે કઠણ પડતું નથી, પણ તે ભાવ રાખવો તે ઘણું કઠણ છે.** ૩૬. ઘણા દિવસથી આ સુરત શહેરમાં આવવાનો વિચાર હતો. જ્યારે દેશ-કાળ સારા થયા ત્યારે તરત આવ્યા છીએ, અને તેણે કરીને ઘણો ભાવ છે. વારેવારે આવો સમય આવતો નથી. ૩૭-૩૮. વડોદરા અને અમદાવાદ જેવા મોટા મોટા શહેર છે ત્યાં અમે ક્યારેય વગર વિચાર્યે જતા નથી, એટલું અમે ધ્યાન રાખીએ છીએ." ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સુરતના હરિભક્તોએ શ્રીહરિને થાળ, સંતોને રસોઈ અને દરબારોને શિરામણ કરાવીને રાજી કર્યા" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૬

શેઠ ભિખારીદાસ તથા પુત્ર ગુલાબદાસે પૂજા કરી અને ગુલાબદાસે શ્રીહરિની સ્તુતિ કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે સભા થઈ ત્યારે ભિખારીદાસ શેઠ શ્રીહરિની પૂજા કરવા માટે સભામાં આવ્યા. ૨. તેમણે સોનેરી કોરવાળું ભારે કસુંબી શેલું શ્રીહરિના મસ્તક ઉપર બંધાવ્યું. ઘણા ભાવથી જરિયાની ડગલી અને સુરવાળ પહેરાવ્યો. ૩-૪. બંને હાથમાં સોનાનાં બે કડાં પહેરાવ્યાં અને નંગજડિત ચકતાવાળો સોનાનો દોરો પહેરાવ્યો. ૫. વિવિધ પ્રકારનાં નંગજડેલ પહોંચી

અને બાજુબંધ બંને હાથમાં બાંધ્યાં. તે વખતે સોનેરી કોરવાળું બીજું એક સુંદર કસુંબી શેલું શ્રીહરિને ઓઢાડ્યું. સોનેરી કલગી તથા સોનેરી છોગાં અને મોતીના તોરા શ્રીહરિની પાઘ ઉપર ધરાવ્યાં. ૬-૭. ગુલાબના સુંદર ગુચ્છ બંને કાન ઉપર ધરાવ્યા અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. ૮. તે પછી કપૂરની આરતી કરી અને નખશિખ મૂર્તિ હૃદયમાં ધારી. જ્યારે આરતી ઉતારી રહ્યા ત્યારે શ્રીહરિનાં ચરણકમળને ભિખારીદાસના પુત્ર ગુલાબદાસે પોતાની છાતી ઉપર ધરી લીધાં.

❋ વચનની મહત્તા :

પછી હાથ જોડીને તેણે શ્રીહરિને કહ્યું કે, "હવે આપ મને છોડી દેશો મા. ૯-૧૦. હે મહારાજ ! આપની આગળ બ્રહ્મા જેવા પણ બાળબુદ્ધિમાં ખપે છે. ઈશ્વર કોટિમાં લખાતા નારદજી આપનું મન કહેવાય છે. ૧૧. તેમણે દક્ષના દસ હજાર પુત્રોનું ભવબંધન ટાળી દીધું હતું. સ્ત્રીરૂપી તમારી ભારે માયા મોટા મોટાઓને પણ વારંવાર એવો મોહ ઉપજાવે છે કે, તેનો ગણે પાર આવે તેમ નથી. જે આપનાં આજ્ઞા-વચનમાં રહે છે તેને તે માયા મોહ કરાવતી નથી. ૧૨-૧૩.

दोहा : तुमारे जो जो बचन हि, वेद हि वेद रहेउ;
सबुद्धि रहेउ तिनकु, देखावत इमि तेउ...१४

सोरठा : कबुद्धि रहेउ जेह, तुमारे बचन तिनकु तेहि;
अल्प मानत हि तेह, तेहि पाप कर भव महीं...१५
भटकत वेर हि वेर, कबुद्धि रखत हि जांहि लग;
चोराशि फेर फेर, जमपुरी फेर फिरत हे...१६

કેમ જે, આપનાં જે જે વચન છે તે બધાં સંપૂર્ણ વેદરૂપ છે, એમ રૂડી બુદ્ધિવાળાને દેખાય છે. ૧૪. જે લોકો કુબુદ્ધિવાળા છે તે તમારાં વચનને અલ્પ-સામાન્ય માને છે, અને તે પાપને લીધે તેઓ આ સંસારમાં વારંવાર ભટક્યા કરે છે. જ્યાં સુધી કુબુદ્ધિ રાખે છે ત્યાં સુધી તે વારંવાર લખચોરાશી અને જમપુરીમાં ફરતા રહે છે. ૧૫-૧૬. તમારી નારીરૂપ માયા તો ઘણી બળવાન છે. તે તો સંસારમાં ભટકાવનાર મોતના કૂવારૂપ

છે. જે આપનાં વચનને માનતા નથી અને પોતાને સમર્થ માનીને ચાલે છે તે લોકોની એટલી બધી ફજેતી લખાઈ છે કે, તેનો ગણે પાર આવે તેમ નથી. **જે કોઈ પણ મોટપને પામ્યા છે તે આપનાં આજ્ઞા-વચન પ્રમાણે વર્તવાથી પામ્યા છે.** ૧૭-૧૮.

આપનાં આજ્ઞા-વચનમાં ચાલનારો જીવ ઊતરતામાં ઊતરતો હોય, તોપણ તેનાં ચરણની રજને મોટા બ્રહ્માદિક દેવતાઓ પણ વારંવાર ઇચ્છે છે. એ વાત ભાગવતના દશમ સ્કંધ(૧૪/૩૪)માં કહી છે. વળી, ભાગવત(૨/૪/૧૮)માં કહ્યું છે કે, 'યવન, ખસ આદિક શ્વપચ જેવી જાતિના જે જે લોકોએ આપને સહુથી પર જાણ્યા તે સર્વે સહુથી પર આપના ધામમાં નિવાસ કરી રહ્યા છે. જેણે આપને સર્વોપરિ જાણ્યા તેણે તો કરોડો બ્રહ્માંડ ભરાય તેટલાં શાસ્ત્રને ભણી લીધાં છે. ૧૯-૨૧.

ચોપાઈ :

साधन नाम धरावत जितने, कर रहे दोउ बात में तितने;
तुमारि मूर्ति बचन तुमारा, इनसे साधन कोउ रहे न बारा...२२

આમ, આપને સર્વોપરિ જાણ્યા તથા આપનાં વચનમાં વર્ત્યા; તે બે બાબતને કારણે તેણે જેટલાં સાધનો કહેવાય છે, તે બધાં કરી લીધાં છે. કેમ જે, આપની મૂર્તિ અને વચન, એ બેથી અલગ કોઈ જ સાધન રહેતાં નથી. ૨૨. જો એનાથી પણ કોઈ બીજા સાધનને અધિક જાણતો હોય તો તે ચાહે તેટલાં શાસ્ત્રને ભણેલો હોય, તોપણ તે એક પણ શાસ્ત્ર તેને સહાય કરતું નથી. અને જે ભણ્યો છે તે તેને કેવળ શ્રમરૂપ જ છે. ૨૩. આપની મૂર્તિ અને મરજીની પ્રધાનતા વિના કરોડો કલ્પ સુધી સાધન કરવામાં આવે, તોપણ છેવટે તે કોઈ મદદ કરતા નથી. જો આપની મૂર્તિ અને આપનાં આજ્ઞા-વચનને અધિક સમજે, તો એના સમાન બીજું કાંઈ અધિક રહ્યું નથી. ૨૪. જેટલી જાતનો સત્સંગ છે તે બધો તે બે વાતમાં આવી જાય છે, અને તે બે વાત સિવાયની જેટલી વાત છે તે બધી કુસંગ છે. ૨૫.

❋ માન સાથે ખાર થાય ત્યારે દોષો જાય :

સત્સંગ તથા કુસંગને સમજવો તે કઠિન છે. સહુને પોતાની બુદ્ધિનું માન હોય છે, પણ તે માન ટળ્યા સિવાય સંસારસાગર તરાતો નથી. બ્રહ્મા

અને શંકર જેવા મોટાએ પણ જ્યારે માન છોડ્યું ત્યારે તે મોટા કહેવાયા. કેમ જે, માનમાં ઘણું અલ્પપણું-નાનાપણું રહ્યું છે. ૨૬-૨૭.

सोरठा : कोटि कल्प जब जात, मनुष्य तन कु फेर तब;
पावत हेउ रहात, मान रहे कारण तेहि...२८

चोपाई :

मनुष्य तन पावत रहे जोऊ, मान जिहाँ लग रहत सोऊ;
फेर कोटि कल्प लग हि जेहू, भव फिरने कु रहत हि तेहू...२९
जिहाँ लग मान कु मित्र मनाते, शत्रु भाव ता पर नहीं आते;
तिहाँ लग भव फिरन रहाते, मान में इतना दोष कहाते...३०

જ્યારે કરોડો કલ્પ વીતી જાય ત્યારે જીવ ફરીને મનુષ્યશરીરને પામે છે. પરંતુ તે જન્મ-મરણ ચાલુ રહ્યાનું કારણ માન છે. ફરીને મનુષ્યશરીરને પામ્યા પછી પણ જ્યાં સુધી માન રહે છે, ત્યાં સુધી ફરીથી કરોડો કલ્પ સુધી તેને સંસારમાં ભટકવાનું ચાલુ જ રહે છે. ૨૮-૨૯. જીવ જ્યાં સુધી માનને મિત્ર માને છે ત્યાં સુધી તેને માન ઉપર શત્રુભાવ થતો નથી. માન સાથે શત્રુભાવ ન થાય ત્યાં સુધી તેને સંસારમાં ભટકવાનું રહે છે. આટલા બધા માનમાં દોષ કહેવાય છે. ૩૦. જ્યાં સુધી કહેવામાં-ઓળખાવવામાં ન આવે ત્યાં સુધી જેમાં જેટલા દોષ કે ગુણ રહ્યા હોય તે કરોડો કલ્પે પણ દેખાતા નથી. જ્યાં સુધી ગુણ કે દોષ દેખાતા નથી ત્યાં સુધી તેની ગણતરી અંધમાં થાય છે. ૩૧.

❋ ભરતખંડમાં મળેલ મનુષ્યદેહ જ મોક્ષનું દ્વાર છે :

મોક્ષરૂપી જે પ્રયોજન માટે જીવને મનુષ્યનું શરીર મળ્યું છે તે પ્રયોજન તેને સમજાય નહિ, ત્યાં સુધી તેને મનુષ્યશરીર મળ્યું તે ન મળ્યા બરાબર છે. ૩૨. આ ભરતખંડમાં કલ્યાણ થાય છે. તે સિવાયના બીજા જેટલા ખંડ છે ત્યાં કોઈ મનુષ્યશરીરને પામે, તોપણ તે જીવનું કલ્યાણ ક્યારેય થાતું નથી. **અર્થાત્ જ્યાં મોક્ષદાતા સંત કે શ્રીહરિનો યોગ જ ન હોય ત્યાં મનુષ્યનો દેહ મળવા છતાં પણ મોક્ષ થતો નથી.** ૩૩. વેદ અને શાસ્ત્રોએ કહેલી ધર્મ-મર્યાદાની રીતથી વિરુદ્ધ ચાલનારા જેટલા છે તે પ્રાયઃ

બીજા ખંડમાં રહેલા છે. તેણે કરીને તે મનુષ્યનો ઉદ્ધાર થતો નથી. વિરુદ્ધ રીતે વર્તે તેને ફળ પણ વિરુદ્ધ જ મળે છે, પણ તેને તે દેખતા નથી. જે ભગવાનને માનતા નથી તે મનુષ્ય પાપ કરવામાં તત્પર રહે છે. પછી તેને એવા જ અપાર દુઃખરૂપ ફળ મળે છે, જેનો કહ્યે પાર આવતો નથી. માટે **આ ભરતખંડ મોક્ષનું દ્વાર છે.** જે તેની રીતને સમજે છે તેને માટે તે દ્વાર ખુલ્લું છે. ૩૪-૩૬.

જેટલી શુભ રીત છે તે બધી વેદની કહેલી છે અને જેટલી અશુભ રીત છે તે બધી વેદથી વિરુદ્ધ છે. ૩૭. જે ખંડમાં વેદ નથી અને જે વેદને માનતા નથી તે મનુષ્ય તો પશુના જેવા દેખાય છે. ૩૮. હે હરિ ! આપની મૂર્તિ અને આપનાં આજ્ઞા-વચન વિના અમારા દિલમાં કાંઈ રહ્યું નથી. માટે અમે હાથ જોડીને આપની મૂર્તિ અને આજ્ઞા-વચનને જ માગીએ છીએ." શ્રીહરિ, સંતો અને બધા હરિભક્તો, તે સહુ ગુલાબદાસ શેઠનાં સ્તુતિ-વચનોને સાંભળીને ખૂબ પ્રસન્ન થયા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શેઠ ભિખારીદાસ તથા પુત્ર ગુલાબદાસે પૂજા કરી અને ગુલાબદાસે શ્રીહરિની સ્તુતિ કરી" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૭

સુરતમાં ત્રણ રસોઈ અને એકાદશીએ રતાળુના ફરાળની વાત કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી શેઠ ભિખારીદાસે સ્તુતિ કરી, ત્યાર પછી બધા સંતોની પૂજા કરી. ૨. સંતોના લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને તેને મધ્યે કુંકુમનો ચાંદલો કર્યો. ૩. શેઠે પોતાના પુત્રને સાથે રાખીને ફૂલનો એક એક હાર સંતોને પહેરાવ્યો. પછી ઘણા હરખથી એક એક વસ્ત્ર લઈને ઓઢાડ્યું. ૪. જ્યારે વસ્ત્ર ઓઢાડી રહ્યા ત્યારે તત્કાળ મશાલો પ્રગટી. પછી સંતોએ

ઊભા થઈને આરતી તથા ધૂન કરી. ૫. ધૂન કરી રહ્યા પછી પ્રેમપૂર્વક મુખથી સ્તુતિના શ્લોક બોલ્યા. તે વખતે શહેરના અગણિત લોકો આવ્યા હતા. ૬. સંતો સ્તુતિ કર્યા પછી અતિશય હેતથી 'જય સ્વામિનારાયણ' કહીને બેસી ગયા. ત્યાં અતિશય આનંદ ઉત્સવ છવાઈ રહ્યો હતો. ૭.

શહેરના બહુ નર-નારીઓ આવતાં-જતાં રહેતાં. તેમાં કેટલાક ફૂલહાર લાવતા હતા. રોજ પાંચ મણ જેટલા ફૂલના હાર આવતા અને તે શ્રીહરિને પહેરાવતા હતા. ૮. શ્રીહરિ તે પ્રસાદીના હાર સંતોને આપતા હતા અને સંતો તે ફરી હરિભક્તને આપતા હતા. સભામાં એક પણ માણસ હાર વગરનો દેખાતો નહીં. તે હારને લીધે બધી સભા માનો ફૂલવાડી હોય ! તેવી રાત-દિવસ જણાતી હતી. તેમાંથી જાત જાતનો સુગંધ ફેલાતો હતો. સંતો સભામાં ગરબીનાં પદ ગાતા હતા. ૯-૧૦. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમાનંદ સ્વામીના વિવિધ રસ ભરેલાં પદોને ગાતા કોઈને તૃપ્તિ થાતી નહીં. કારણ કે, તે સંતોનાં પદો જ એવાં હતાં. ભગવાનની મૂર્તિનું વર્ણન કરનારા, સમય સમય પ્રમાણેનાં પ્રત્યેક પદોમાં, શ્રીહરિની પ્રગટ મૂર્તિ જેવી હતી તેવી દેખાડી દેતા હતા. આ નંદસંતો એવા પ્રવીણ કવિઓ થયા છે કે, નજરે જોઈને રચેલાં તેમનાં પદો-ગ્રંથો જ્યાં સુધી બ્રહ્માંડ રહેશે, ત્યાં સુધી શ્રીહરિની પ્રગટ મૂર્તિ જેવી છે તેવી દેખાડતા રહેશે. ૧૧-૧૩.

❋ હરિચરિત્રને દિવ્ય સમજે તે દિવ્ય બને છે :

કોઈ પણ વાત હોય તે ક્યારેય આધાર વિના રહેતી નથી. માટે જે નંદસંતોએ પદો રચ્યાં છે તે બધાં પદો-ગ્રંથો પ્રગટ ભગવાનના મહિમાને જાણવાનો આધાર છે. ૧૪. પ્રગટ ભગવાન શ્રીહરિએ જે જે સમયે જે ઉત્સવો અને જે પ્રકારનાં ચરિત્ર કર્યાં હતાં, તે બધાં પદોમાં ગૂંથ્યાં હતાં. ૧૫.

चोपाई :

प्रगट भगवान ताके जेता, उछव चरित्र रहाये तेता;
ताके पद ग्रंथ रहे जितना, प्रगट के प्रगट रहत हि तितना...१६
अपार प्रलय लग जो जेहा, प्रोक्ष न होवत कबहु ही तेहा;
प्रगट भगवान जेते ताके, उछव चरित्र रहाये वाके...१७

दिव्य याकु समझत हि जितने, दिव्य गति कु पावत हि तितने;
प्रगट भगवान कि जेति बाता, दिव्य तेहि रहाये साक्षाता...१८

તે પ્રગટ ભગવાનના ઉત્સવ અને ચરિત્રનાં જે પદ અને ગ્રંથો છે તે કાયમને માટે પ્રગટના પ્રગટ જ રહે છે. અનેક પ્રલય થાય ત્યાં સુધી પણ એ પદ ક્યારેય પરોક્ષ થાય નહીં. એવા પ્રગટ ભગવાને કરેલા ઉત્સવ અને ચરિત્રોને જે લોકો દિવ્ય સમજે, તે બધા દિવ્ય ગતિને પામે છે. પ્રગટ ભગવાનની જેટલી બાબતો છે તે બધી સાક્ષાત્ દિવ્ય રહી છે. ૧૬-૧૮.

જેમ જીવને માટે શરીર આધારરૂપ છે, તેમ પ્રગટ ભગવાનનાં જેટલાં ઉત્સવ અને ચરિત્ર છે તે બધાંનો નિશ્ચિત આધાર, નંદસંતોએ રચેલાં ગ્રંથ અને કીર્તનો છે તે છે. ૧૯. બ્રહ્માંડ સુધીના જેટલા માયિક દેહ છે તે બધાનો નાશ થઈ જાય છે, પણ જે દિવ્ય શરીર છે તેનો નાશ અનેક પ્રલય થાય તોપણ ક્યારેય થતો નથી. ૨૦. એવી જ રીતે ભગવાનનાં ગ્રંથ અને પદ કાયમને માટે દિવ્યના દિવ્ય જ રહે છે. તેને દિવ્ય જાણીને જે તેને કહે કે સાંભળે, તે બધા ચોક્કસ દિવ્ય ગતિને પામે છે; આવા તે શ્રીહરિનાં ગ્રંથ અને પદો કહેવાય છે. તેને જે દિવ્ય નથી જાણતા તે દિવ્ય ગતિને નથી પામતા. ૨૧-૨૨. **જીવોને દિવ્ય ગતિને પમાડવા માટે ભગવાનનાં ગ્રંથ અને પદ કહ્યાં છે. તેને જેવા સમજવામાં આવે તેને તેવું ફળ મળે છે.** ૨૩. તે વખતે સુરત શહેરમાં શ્રીહરિ નવ દિવસ રહ્યા. તે ઉપરાંત બે દિવસ આવતા જતાના વધારાના થયા હતા. ૨૪.

જ્યારે સુરતમાં શ્રીહરિ ચાર રાત રહ્યા ત્યારે હરિભક્તોની ત્રણ રસોઈ થઈ. તેમાં એક પહેલી રસોઈ ભિખારીદાસ શેઠની બરફી, મોતીચૂરના લાડુ અને જલેબી વગેરેની હતી. બીજી લક્ષ્મીચંદભાઈની કેળાની રસોઈ હતી અને ત્રીજી રસોઈ ગોવિંદભાઈની હતી. તે રસોઈમાં બિરંજ કર્યો હતો. તે બંને રસોઈવાળા હરિભક્તોએ પણ ભિખારીદાસની જેમ જ સંતો અને શ્રીહરિની પૂજા ભાવ પ્રમાણે કરી હતી. ૨૫-૨૭. સુરતના બધા હરિભક્તો પોતાનો ભાવ અને સંપત્તિ પ્રમાણે ઘણા હેતથી રસોઈ તથા પૂજા કરતા હતા. ૨૮. ત્રણ રસોઈ પછી કાર્તિક વદિ એકાદશી આવી. તે દિવસે કણબી

હરગોવિંદભાઈએ રતાળુનું ફરાળ કરાવ્યું. દિવસના ત્રીજા પહોરમાં બધા સંતોની પંગત કરાવી અને જે ફરાળ કરતા હોય તેને પીરસાવ્યું. ૨૯-૩૦. રતાળુ પૂરાં ચડ્યાં ન હતાં અને રતાળુ સિવાય બીજું કાંઈ ફરાળમાં તે હરગોવિંદભાઈ લાવ્યા ન હતા. જ્યારે શ્રીહરિ ફરાળ કરવા સંતોની પંક્તિમાં બેઠા ત્યારે શ્રીહરિને તે રતાળુ પીરસ્યાં. શ્રીહરિ દક્ષિણ તરફ મુખ રાખીને બેઠા હતા. એક બે વખત રતાળુ મુખમાં મૂક્યું. પછી શ્રીહરિ બોલ્યા, "આજે કોનું ફરાળ છે ? ૩૧-૩૨.

એમને સંતોના ઉપર બહુ ભાવ લાગે છે ! બહુ સરસ ફરાળ કર્યું છે ! **જેને જે રીતનો ભાવ હોય, તે પ્રેમભાવ જમાડવામાં ઉઘાડો દેખાઈ આવે છે. આમાં કાંઈ તેનો વિચાર કરવો પડતો નથી.** કેટલાક હરિભક્તો તો એવા હોય છે કે તે બીજા હરિભક્તનું ચાટી જાય છે, પણ પોતાને જમાડવાના થાય ત્યારે ભાવ ઉઘાડો થાય છે. ૩૩-૩૪. અને બીજા હરિભક્તને જઈને પાછો ઉપદેશ આપે કે, આવો અવસર ફરી નહિ આવે. હરગોવિંદભાઈને પોતાને તો કાંઈ પુત્ર-પરિવાર નથી. પેટ પૂરતો થોડો ધંધો પણ ક્યારેય કરતા નથી. ઘરમાં દસ-પંદર હજાર રૂપિયા છે, તે લોકોને વ્યાજે આપે છે. ૩૫-૩૬. માત્ર કપડાં પોતાને માટે ઘરનાં પહેરે છે અને દિવસમાં એક વખત ઘરનું ખાય છે. અર્થાત્ બીજી વખત સત્સંગનું ખાય છે. અને બીજા હરિભક્તો અને સંતોની આગળ કહે છે કે, મારું જે કાંઈ ધન છે તે બધું સત્સંગને માટે સમર્પણ કરી રાખ્યું છે, પણ ફરાળ કરાવ્યું ત્યારે એકલું રતાળુ લાવ્યા. ૩૭-૩૮. બીજા જે હરિભક્તો અને સંતો વિશ્વાસી હોય, તે તેને શ્રેષ્ઠ હરિભક્ત કહે છે, પણ અમે તેને ધુતારો કહીએ છીએ." ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સુરતમાં ત્રણ રસોઈ અને એકાદશીએ રતાળુના ફરાળની વાત કરી" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૮

ગ્રંથકારે શ્રીહરિનાં ચરિત્રો ઉપર શ્રદ્ધા અને પોતાની સ્થિતિ જણાવી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ તથા જેટલા સંતો હતા તે સહુ ફરાળ કરી રહ્યા ત્યારે સહુ સંતો સભા કરીને બેઠા. સંતો ગરબી રાગનાં એકાદશીનાં પદ બોલ્યા ત્યારે સહુ લોકો ભાવથી સાંભળતા રહ્યા. ૨-૩. સુરત શહેરના લોકો પરસ્પર કહેતા હતા કે, 'ચાર ધામની અંદર સાચા સંતો તો એક અહીંયાં જ છે, બીજે ક્યાંય નથી. આ બધું અહીંયાં આવ્યા ત્યારે દેખાયું છે. જુઓને ! આ સંતો મનમાં ભોજન કે વસ્ત્ર કાંઈ ઈચ્છતા નથી, અને ભગવાન સિવાય બીજું કાંઈ વચન બોલતા નથી. આ સંતોએ ધન તથા સ્ત્રીનો ત્યાગ કર્યો છે અને અતિશય નિષ્કપટ છે. ૪-૫. જે મોટા મોટા દેવ કહેવાય છે તેમને પણ સ્ત્રી અને ધન માટે પરસ્પર સદાય વૈર રહે છે. તેમને ક્યારેય વિરોધ મટતો નથી. તેઓ પરસ્પર એકબીજાની મોટપ ક્યારેય સહન કરી શકતા નથી. આ સંતોને જેવા ગુરુ મળ્યા છે એવા ગુરુ જેને મળે, ત્યારે તેનો ઉદ્ધાર થાય છે. તેવા સાચા ગુરુ મળ્યા સિવાય ક્યારેય ઉદ્ધાર થાતો નથી. એવું મનમાં દેખાય છે. ૬-૮. જેટલું સુખ કહેવાય છે તે બધું આવા ગુરુના વચનમાં રહ્યું હોય છે. જ્યાં સુધી આવું ન સમજાય ત્યાં સુધી મનુષ્ય સંસારમાં ભટકતો રહે છે.' ૯.

❋ બીજી વાતમાં ખાર થાય તો હરિમાં પ્યાર થાય :

શ્રીહરિનો પ્રતાપ દેખીને શહેરના લોકો આ પ્રમાણે બોલતા હતા. શ્રીહરિની એક દિવસની વાત પાંચ દિવસ સુધી લખીએ તોપણ લખી શકાતી નથી. ૧૦. દિવસે દિવસે શ્રીહરિવરની વાતમાં સહુથી શ્રેષ્ઠ રસ દેખાય છે, અને તે લખવાનો મનમાં બહુ ભાવ થાય છે. મને ચરિત્ર લખતા તૃપ્તિ થાતી નથી, પણ શરીર સાથ દેતું નથી. ૧૧.

ચોપાઈ :

जिहाँ लग दुजि बात जो तिनमें, रस मनावत रहाये इनमें;
तिहाँ लग हरि कि बात में तिनकू, जथारथ रस न आवत इनकू...१२

दोहा : चाय तेसि रहे बात हि, रस उपजे बिन ताय;
रस नहीं आवत रहेउ, पिछे रहत भटकाय...१३
कोटि बात की बात एक, हरि कि बात जो बीन;
भवभटकन ही मिटत नहि, कोटि कल्प लग दीन...१४

જ્યાં સુધી બીજી વાતમાં મનુષ્યને રસ મનાય છે ત્યાં સુધી તેને શ્રીહરિની વાતમાં યથાર્થ રસ આવતો નથી. ૧૨. ભગવાનની ગમે તેવી વાત હોય પણ તેમાં રસ ન ઊપજતો હોય તો આનંદ આવતો નથી. તેથી જ તે જીવ પછી ભટક્યા કરે છે. ૧૩. કરોડ વાતની એક વાત છે કે, ભગવાનની વાત વિના કરોડો કલ્પ જાય તોપણ સંસારનું ભટકણ મટતું નથી. ૧૪. હવે તો શરીર જેટલું ખમે તેટલું લખું છું. જે ભાવિક હરિભક્તો છે તે બધા મને માફ કરે. ૧૫. **અને જેને ભાવ નથી હોતો તેવાને તો લખીએ કે ન લખીએ બધું એકસરખું છે. પણ જેને ભાવ હોય છે તેને શ્રીહરિની સર્વ શ્રેષ્ઠ વાત ઉપર અધિક ભાવ રહે છે.** ૧૬. ભગવાનની જેટલી ઇચ્છા હશે તેટલાં ચરિત્રો લખાશે. જેટલા ભગવાનના ભક્ત થયા છે તેમણે ભગવાનનાં ચરિત્રો લખ્યાં છે. લખતાં લખતાં તેમને લગારેય તૃપ્તિ થતી નથી. બધો કારભાર તો શરીરને આધારે છે. લખતાં લખતાં શરીર જ્યારે થાકી જાશે ત્યારે ગ્રંથ પૂરો થઈ રહ્યો; એમ માનીશ. ૧૭-૧૮.

આટલા કલ્પો ગયા, તોપણ જેમ છે તેમ સંપૂર્ણપણે ભગવાનની વાતો લખી શકાણી હોય તેવું દેખાતું નથી. ક્યારેક જ્યારે સંક્ષેપમાં લખાશે ત્યારે ગ્રંથ પૂરો થશે. ૧૯. કરોડો બ્રહ્માંડ લખેલા ગ્રંથોથી ભર્યા છે. તે બધાનો સિદ્ધાંત એટલો જ છે કે, 'ભગવાન શ્રીહરિની વાત સિવાય બીજી કોઈ વાતથી ક્યારેય કોઈનો મોક્ષ થતો નથી.' ૨૦. ભગવાનની વાત સિવાયની બીજી વાતોનો ઉચ્છેદ-નાશ કરવાને માટે હું લખું છું. તેનાથી ગ્રંથ વધતો વધતો વધી જાય છે. જ્યારે હું થાકું છું ત્યારે લખવાનું પૂરું કરી દઉં છું. ૨૧. જ્યારે ભગવાન શ્રીહરિની વાત લખું છું ત્યારે તે મને અપાર અપાર દેખાય છે. જ્યાં સુધી શ્રીહરિની વાત લખું નહિ, ત્યાં સુધી તો મને અલ્પમાં પણ અલ્પ જણાય છે. જ્યારે આ શ્રીહરિની વાત લખતો રહું છું

ત્યારે તેમની વાતોની આગળ બીજી બધી વાતો મને દુઃખમય દેખાય છે. શ્રીહરિની વાતમાં જ એક સુખ રહ્યું છે. તલવાર અને તેગા(કટાર)માં કે મ્યાનમાં જેટલો ફરક હોય છે, તેટલો ફરક શ્રીહરિ અને જગતની વાતમાં હોય છે. તે કહ્યા સિવાય ફરક દેખાતો જ નથી. ૨૨-૨૫.

શ્રીહરિની વાત તલવાર તુલ્ય છે અને જગતની વાત મ્યાન જેવી દેખાય છે. એ જ્યારે વિચારીએ છીએ ત્યારે દેખાય છે. ૨૬. સાચી કે ખોટી વાત વિચાર્યા વિના દેખાતી નથી. જ્યારે વિચારીએ છીએ ત્યારે તે વાત સત્ય કે અસત્ય જેવી હોય તેવી દેખાય છે. ૨૭. સત્પુરુષો તથા સચ્છાસ્ત્ર, તે શ્રીહરિના સંબંધવાળી વાતને સર્વોપરિ સત્ય કહે છે. ૨૮. પછી બારશને દિવસ લલ્લુ શેઠની રસોઈ હતી. તેમાં દૂધપાક અને માલપૂડા વગેરે વિવિધ પ્રકારના કર્યા હતા. ૨૯. જેટલા હરિભક્ત વિપ્ર હતા તે રોજ રસોઈ કરતા હતા. શ્રીહરિને જમાડ્યા પછી બધા સંતોની પંગત રંગોળી પૂરાવીને કરી, ત્યારે શ્રીહરિ પીરસવા આવ્યા. શ્રીહરિ માલપૂડા તથા દૂધપાકને પીરસવા લાગ્યા. ૩૦-૩૧. જેટલા પ્રકારની રસોઈ કરી હતી તે બધું પીરસાઈ રહ્યું ત્યારે બધા સંતો ભોજનને મેળવીને જમવા લાગ્યા. ૩૨. જ્યારે સંતો જમી રહ્યા તે વખતે શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા અને બધા સંતોએ આવીને સભા કરી.

ત્યારે લલ્લુ શેઠ પૂજાપો લઈને આવ્યા. ૩૩. મનના ઘણા ભાવથી શેઠ આવ્યા. મોરારજી નામે તેનો વાણોતર હતો. તે શેઠનો બધો વણજવ્યાપાર સંભાળતો હતો. ૩૪. લલ્લુ શેઠ પાકા હરિભક્ત હતા અને મંદિરની સેવા ઘણી કરતા હતા. તેમણે શ્રીહરિને સોનાનાં ઘરેણાં અને વસ્ત્ર પહેરાવ્યાં. કુંકુમનો ચાંદલો કર્યો. પછી કપૂરની આરતી પ્રગટાવી. પાંચ વાર આરતી ઉતારી. પછી તેણે સંતોની પૂજા કરી. ૩૫-૩૬. તેમણે સહુ સંતો વગેરેને ફૂલના હાર પહેરાવી કુંકુમનો ચાંદલો કર્યો, અને અતિશય દીનભાવે સહુને વસ્ત્ર ઓઢાડ્યાં. ૩૭. જે વર્ણી હતા તેમને કુંકુમનો ચાંદલો કરી ફૂલના હાર પહેરાવ્યા અને અબોટિયાં ઓઢાડ્યાં. ૩૮. તે સમયે અરદેશર શેઠ આવ્યા અને તેણે શ્રીહરિને કહ્યું કે, “સુરતના નવાબ સાહેબ મીર

અફજૂલ્લદીન અહમદખાને વિનંતી કરીને કહ્યું છે કે, સ્વામિનારાયણ કોઈ એક મોટા યોગી કહેવાય છે. તે કૃપા કરીને આપણા સુરત શહેરમાં આવ્યા છે." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગ્રંથકારે શ્રીહરિનાં ચરિત્રો ઉપર શ્રદ્ધા અને પોતાની સ્થિતિ જણાવી" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૫૯

નવાબને બંગલે તથા પીરૂશાની વાડીએ પધરામણીની તૈયારી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શેઠ અરદેશરજીએ શ્રીહરિની આગળ જે વાત કહી, તે જેવી છે તેવી હવે સાક્ષાત્ કહું છું. ૨. નવાબે જે કહ્યું હતું તે અરદેશર શેઠે શ્રીહરિને કહ્યું, "મહારાજ ! નવાબ સાહેબે કહ્યું છે કે, જો આપની મરજી હોય તો હાથી, ડંકા, નિશાન અને પડઘમ વાજાં, એ બધું મોકલે અને આપની સાથે જે સવારી છે તેને તો સાથે લાવવા કહ્યું છે. કારણ કે, તેમને તે જોવાનો ભાવ છે." ૩-૪. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હાથી કે વાજાંનો અમને કાંઈ ઈશક નથી. નવાબને જે અમારા ઉપર ભાવ થયો છે, તેમાં જ દુનિયાભરના હાથી, ઘોડા, વાજિંત્ર અને જે વાહનો છે તે બધાં આવી ગયાં. ભાવને અમે મહત્ત્વનો માનીએ છીએ. કેમ જે, આ ભાવ એવો છે. ૫-૬.

જ્યાં છળ, કપટરહિત ધર્મ અને નીતિ રહેતી હોય, ત્યાં ઈન્દ્રલોક અને બ્રહ્મલોકના વૈભવ સહજ સ્વભાવે વર્તે છે. અને તેનો દિલમાં જો ગર્વ ન આવી જાય, તો ત્યાં ધર્મ, નીતિ તથા આ બ્રહ્માંડના બધા વૈભવ નિરંતર અચળ વર્તતા હોય છે. અમે આવું સમજીએ છીએ. આ આખા બ્રહ્માંડના જેટલા વૈભવ છે તે પરમેશ્વરની આગળ તો સૂર્યની આગળ પતંગિયાં હોય એવા છે. ૭-૯. અમે હંમેશાં એવું સમજીએ છીએ કે ભગવાનથી કોઈ

અધિક નથી. જેવી અમારી સમજણ હતી, તે બધી તમારી આગળ કહી. ૧૦. તે બુદ્ધિમાન તથા નિર્મળ મનના નવાબે અમારી વાત અને વર્તનમાં અમે જેવા છીએ તેવા યથાર્થરૂપમાં જાણ્યા છે. ૧૧. **આ બ્રહ્માંડ કહેવાય છે તે આખું સોનાનું હોય, તોપણ તે ભગવાનની એક વાતને તુલ્ય થાતું નથી. ૧૨. આ રીતે જે ભક્ત સમજે છે તે જ સાચો ભક્ત છે, અને અમને તેવા ભક્તની સાથે જ બને છે. તે વાત તમને કહી."** ૧૩.

ત્યારે અરદેશર શેઠ બોલ્યા કે, "મહારાજ ! આપની વાતના પારને કોઈ પામે નહીં. ૧૪. બ્રહ્મા, શેષ, મહેશ અને કરોડો કરોડ ઈન્દ્ર જેવા મોટા મોટા રાજાઓ આપની વાતને સાંભળીને તેમને જેટલો ગર્વ હોય છે તે સર્વેનો ત્યાગ કરે છે. કોઈને ગર્વ રહે નહિ એવી તમારી વાત છે." ૧૫-૧૬. જ્યારે આટલી વાત કરી રહ્યા પછી તે શેઠ નવાબની પાસે ગયા. શ્રીહરિનું સન્માન કરવાની જેવી રીત હતી તે બધી કહી. ૧૭. જ્યાં સભા કરવાની હતી તે મહેલમાં ઘણી જાતની સજાવટ હતી. ત્યાં મોટા મોટા સુંદર કાચના બધા તકતાઓ હતા. ૧૮.

મહેલના બીજા માળ ઉપર આ બધી સજાવટ કરી હતી. કેટલાક બિલોરી ઝાડ અને કેટલીય જાતની મોટી મોટી બિલોરી હાંડીઓ, તેમાં ઘણી લટકાવી દીધી હતી. તેની શોભાનો કહ્યે પાર આવતો નથી. મહેલના દરેક થાંભલાને સોનાનો વરખ લગાડ્યો હતો. ૧૯-૨૦. એક સોનાની મોટી ખુરશી હતી તે શ્રીહરિને માટે તૈયાર કરી રાખી. બીજી પણ ગણી ન શકાય તેટલી ખુરશીઓ હતી. ૨૧. શ્રીહરિને ભેટ આપવા માટે બધાં ભારે ભારે વસ્ત્ર તૈયાર કરી રાખ્યાં હતાં. તેમને કોઈ વસ્તુ સંભારી દેવી પડે તેમ ન હતું. ૨૨. તેમણે શહેરમાં જે પ્રસિદ્ધ મોટા શાહુકારો હતા તેમને યાદ કરીને બોલાવ્યા. તે બધા પોતપોતાની બગીમાં બેસીને ત્યાં આવી ગયા. ૨૩. જે શાહુકાર વલ્લભકુળના અનન્ય આશ્રિત હતા તે વલ્લભકુળ સિવાય બીજે મસ્તક નમાવતા નહીં. તે દેશકાળ સમજવામાં ઘણા નિપુણ હતા અને પોતાના ગુરુને આધીન હતા. ૨૪. તેઓ પોતાના ગુરુમાં જેવા ગુણ હતા તેને જાણતા હતા. છતાં તેને પોતાના ઘરના

માનીને તેનો કાંઈ દોષ લેતા નહીં. કારણ કે, તેમની એવી માન્યતા હતી કે, ગુરુના દોષ જોઈએ તો જમપુરી, જન્મ-મરણ અને લખચોરાશીનું દુઃખ આવે છે. ૨૫-૨૬.

એ માન્યતાને કારણે તે શેઠિયાઓ જેમાં દોષ હતા તેને નિર્દોષ સમજતા હતા. અને જે નિર્દોષ હતા તેને દોષિત દેખતા હતા. ૨૭. જેટલા સત્પુરુષોએ કરેલાં શાસ્ત્ર, સાખી અને કીર્તન વગેરે હોય, તેમાં જેટલો ધર્મ રહ્યો હોય તેટલું ત્યાં કલ્યાણ રહે છે. અને તે સત્પુરુષ રચિત શાસ્ત્રાદિ ચોરી, વ્યભિચાર, દારૂ અને માંસમાં જે ધર્મ માનતા હોય તે ચારેયને અધર્મરૂપ દેખાડે છે. ૨૮-૨૯. તે ચારમાં જે મોક્ષ માને છે તેને માટે તો જમપુરીરૂપી ધામ રહ્યું છે, અને જન્મ-મરણ અને લખચોરાશી જેવાં સુખ ભોગવવાનાં રહે છે. ૩૦. જે લોકો ધર્મને અધર્મ માને છે તેને માટે આ ફળ છે. અને કુસંગનું ફળ એ છે કે, આટલી મોટી ભૂલ હોવા છતાં પણ તેને તે દેખતા નથી. ખરેખર દોષમાં જ્યારે દોષ દેખાય છે ત્યારે નિર્દોષ ઉપર સદ્‌ભાવ થાય છે અને ક્યારેક તેમાં જીવ ચોંટે છે. તે સિવાય ભાવ થાતો નથી. ૩૧-૩૨.

અરદેશર શેઠના મોટાભાઈ પીરૂશા નામે હતા. તે પણ નવાબને બંગલે આવ્યા હતા. તેમને અરદેશરજીએ કહી રાખ્યું હતું કે, ‘આપણી વાડીમાં જ્યાં આપણે રહીએ છીએ ત્યાં સ્વામિનારાયણ ભગવાનને જરૂર પધરાવવા છે. ૩૩-૩૪. જો સ્વામિનારાયણને આપણે પધરાવશું તો આપણું નામ અને આપણા પિતાનું ધનજી શાહ નામ પુણ્યરૂપ લેખમાં જરૂર લખવામાં આવશે, તેમાં કાંઈ ખોટું નથી. ૩૫. મોટાના ખાતામાં જેનું નામ લખાતું હોય છે તેને કોઈ દિવસ દુઃખ આવતું નથી. મોટાનો જેટલો સત્કાર કરવામાં આવે છે, તેટલું સત્કાર સુખ તેને પણ લોકો દેતા રહે છે. ૩૬. **આ લોકનાં સુખ તો અલ્પ છે અને તેનો કાંઈ નિરધાર પણ નથી. પરંતુ સત્પુરુષના સુખનો કોઈ પાર આવતો નથી.** ૩૭. અરદેશર શેઠે તેના ભાઈ પીરૂશાને કહ્યું કે, ‘સ્વામિનારાયણ ભગવાનનો સત્કાર કરવા માટે તમે બધો સરસ સામાન મનના ઘણા પ્રેમથી તૈયાર કરો. ૩૮. તે સિવાયની બીજી ગમે તેટલી વાત

હોય, તોપણ તેનો નાશ થઈ જાય છે. માટે ઘણી ઊંચી ભાવનાથી વારંવાર સ્વામિનારાયણ ભગવાનનો સત્કાર કરવો જોઈએ. તેનાથી કોઈ દિવસ આપણને દુઃખ આવશે નહીં. મેં કહ્યું તેમાં કાંઈ ફેર પડવા દેશો નહીં. કેમ જે, એકવાર વીતી ગયેલો સમય ફરી આવતો નથી.' ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "નવાબને બંગલે તથા પીરૂશાની વાડીએ પધરામણીની તૈયારી કરી" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૦

શ્રીહરિ ધામધૂમથી સુરતના નવાબના મહેલમાં પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અરદેશર શેઠે શ્રીહરિની સત્કાર કરવાની રીતિ જેમ કહી હતી તેમ નવાબે ખૂબ રસ લઈને ઘણા પ્રેમથી તે બધી તૈયારી કરી હતી. ૨. પછી શેઠ શ્રીહરિને બોલાવવા માટે ત્યાં ઉતારે આવ્યા. તેમને ઘણો ભાવ હતો. તેથી તેમણે બે હાથ જોડીને ચાલવાનું કહ્યું. ૩. પછી શ્રીહરિ એકદમ તૈયાર થયા. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે પણ ત્યારે તૈયાર થયા. સહુ અશ્વ ઉપર બેઠા. શ્રીહરિ પોતે અનુપમ અશ્વ ઉપર બેઠા. શ્રીહરિની છબી મહારાજાધિરાજ જેવી બની હતી. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને મુનિબાવા વગેરે દસ-બાર સંતો રાજદરબારી વિવેકને જાણતા હતા. ૪-૬.

શ્રીહરિએ તે સહુને સાથે લીધા. નંદરામજી તથા ગોપાળજીને પણ સાથે લીધા. ત્રણ-ચાર બગી અને બે-ચાર ગાડીઓ તેમને માટે મોકલી હતી. ૭. ડંકા, નિશાન, વાજિંત્ર અને ચોપદાર, એ બધાને વિચાર કરીને ઘણાં હેતથી શ્રીહરિને સમીપે મોકલ્યા. તે જોઈને શ્રીહરિ ખુશી થયા. શ્રીહરિએ

જે સદ્‌ગુરુઓને સાથે લીધા હતા તેમને બગીમાં બેસાડ્યા. નંદરામજી અને ગોપાળજી તે બંને ભાઈઓને ભારે વસ્ત્ર તથા ઘરેણાં પહેરાવીને બગીમાં બેસાડ્યા. શોભારામ શાસ્ત્રી તથા રઘુનાથ શાસ્ત્રી, તે બંને અને દીનાનાથ ભટ્ટ પણ હતા. ૮-૧૦. તે દીનાનાથ ભટ્ટ પુરાણ, કાવ્ય આદિક શાસ્ત્રમાં ઘણા વિચક્ષણ હતા. રામચંદ્ર તથા હરિશ્ચંદ્ર, તે બંને ભાઈ વૈદ્ય હતા. ૧૧. તે સહુને બગીમાં બેસાડ્યા. તેટલી વારમાં આમોદ ગામના અમીન હરિભક્તો આવ્યા. ૧૨. તેમાં બાપુભાઈ, પરમાનંદભાઈ, હરજીવન શેઠ અને વિપ્ર સદાશિવભાઈ હતા. તે બધાને શ્રીહરિએ ગાડીમાં બેસાડ્યા. ૧૩.

પછી શ્રીહરિ ચાલતા થયા. સુરતના જેટલા હરિભક્તો કહેવાતા હતા, તે સહુ અતિશય પ્રેમમગ્ન થઈને શ્રીહરિની આગળ ચાલતા થયા. જેટલાં વાજિંત્ર હતાં તે બધાં અતિશય ઉત્સાહ અને ભાવથી વાગતાં હતાં. ૧૪-૧૫. હાથમાં સોનાની છડી લઈને જેટલા ચોપદાર હતા, તે બધા મુખથી શ્રીહરિનો ‘જય જયકાર’ બોલતા હતા. ૧૬. જ્યાંથી શ્રીહરિ ચાલ્યા ત્યાં બધી રાજબજારોને સ્વચ્છ કરાવીને પાણી છંટાવ્યું હતું. જેટલી દુકાનો અને ઘર હતાં તેને સુંદર રીતે બહુ પ્રકારે શણગાર્યા હતાં, તેની શોભા એવી બની હતી કે તે કહી શકાતી નથી. જેટલી રિદ્ધિ-સિદ્ધિ કહેવાય છે તે બધી બજારમાં આવીને વસી ગઈ હતી. ૧૭-૧૮. જ્યાં સુધી રાજદરબાર હતો ત્યાં સુધી બધી શોભા છવાઈ ગઈ હતી, અને શહેરવાસી બધા અપાર લોકો મકાનના જેટલા માળ હતા, તેમાં પૃથ્વીથી લઈને ઉપર સુધી પાર નહિ એટલા ઊભા હતા.

શ્રીહરિ ત્યાં આવી રહ્યા હતા તેને જોતા હતા. તેમજ મુખથી શ્રીહરિનો ‘જય જયકાર’ બોલતા હતા. ૧૯-૨૦. બંને આંખો શ્રીહરિની મૂર્તિમાં ચોંટાડીને બંને હાથ જોડીને ઊભા હતા. તેઓ નેત્રોમાં મૂર્તિને ચોરી રાખતા હતા. આમ મૂર્તિ દેખીને જોનારાનાં હૃદય, આંખ અને કાન વારંવાર સમર્પિત થઈ જતાં હતાં. કારણ કે, તેમને એટલો બધો ભાવ શ્રીહરિમાં થયો હતો. શ્રીહરિ જે અશ્વ ઉપર બેસીને આવતા હતા તે જાણે કે વિમાન હોયને શું ! અથવા તો ગરુડ હોયને શું ! એવી ભ્રાંતિ કરાવતો હતો. તે અશ્વ એવો

ભવ્ય દેખાતો હતો. ભૂમિ ઉપર અપાર અશ્વો રહ્યા છે. તેનો ગણ્યે પણ પાર આવે નહીં. પરંતુ તેટલા અપાર અશ્વોમાં, શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે અશ્વની તુલના કરી શકે તેમ કોઈ ન હતા. તે અશ્વ સ્વર્ગ લોકનાં વાહનોને પણ તિરસ્કારતો હતો. ૨૧-૨૪.

❋ સહુનાં નાડી-પ્રાણ શ્રીહરિના હાથમાં છે :

શ્રીહરિ શહેરવાસી લોકોને એવા આશ્ચર્યરૂપ દેખાતા હતા કે તેઓને એમ જણાતું હતું કે, જાણે આ શ્રીહરિ સિદ્ધોના પણ સિદ્ધ છે, અને સહુના આત્માને ખેંચી લે છે. બ્રહ્માંડના સ્થાવર-જંગમ જે કોઈ જીવ કહેવાય છે તે બધાનાં નાડી-પ્રાણ આ શ્રીહરિના હાથમાં જ રહ્યાં છે. ૨૫-૨૬. **આવા બીજા કોઈ સિદ્ધ ક્યારેય સાંભળ્યા કે દેખ્યા નથી. અત્યારે જે આમને દેખ્યા તેમના હાથમાં જ બધી વાત રહી છે.** ૨૭. **બ્રહ્માંડના પ્રાણ અને બ્રહ્માદિક દેવતાઓના પ્રાણ માનો આ શ્રીહરિના હાથમાં જ છે !** ૨૮. જ્યારે શ્રીહરિ જીવોની સન્મુખ દેખતા હતા અથવા લોકો શ્રીહરિ સામે જોતા, ત્યારે સહુને ઉપર કહ્યા પ્રમાણેનું દેખાતું હતું. આટલો બધો શ્રીહરિનો પ્રતાપ હતો, પણ તેમનામાં કોઈ જાતનો ગર્વ ન હતો. ૨૯. બીજા ઘણામાં તો થોડી પણ સિદ્ધાઈ હોતી નથી, છતાં પણ તે પોતાનું પેટ ભરવા માટે ખોટી રીતે સિદ્ધાઈ દેખાડે છે. ૩૦. પરંતુ અજ્ઞાની લોકો તો ધન અને પુત્ર મેળવવા માટે એવા સિદ્ધોની પાછળ પાછળ ફરે છે. કારણ કે, જગતના સામાન્ય માણસને મોક્ષ કરતાંય ધન, પુત્ર અને સ્ત્રીમાં કરોડગણી અપાર પ્રીતિ રહે છે, અને તેમાં જ પોતાના શરીરને ખુવાર કરે છે.

શ્રીહરિ જ્યારે સુરતની રાજબજારમાં ચાલ્યા આવતા હતા, ત્યારે લોકો ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરતા હતા. જ્યારે શ્રીહરિ રાજદરબારમાં આવ્યા ત્યારે અશ્વ ઉપરથી ઊતર્યા. તે વખતે અરદેશર શેઠ સાથે હતા. શ્રીહરિએ જેને કહ્યું એટલા વ્યક્તિઓ રાજમહેલની ઉપર ગયા. ૩૧-૩૩. જ્યારે નવાબે શ્રીહરિને નજરે દેખ્યા ત્યારે તરત તે સામા આવ્યા અને ઘણા ભાવથી વંદન કર્યાં. પછી તેણે પ્રેમથી શ્રીહરિનો હાથ પકડ્યો. ૩૪. જ્યાં સોનાની ખુરશી હતી ત્યાં આવીને તેના ઉપર શ્રીહરિને

બેસાડ્યા, અને નવાબ પોતે શ્રીહરિને વંદન કરીને ચાંદીની ખુરશી ઉપર બેઠા. ૩૫. દિલમાં ઘણા હરખભર્યા પીરૂશા પણ શ્રીહરિને વંદન કરીને બેઠા. શહેરના બીજા જે શેઠિયા આવ્યા હતા તે સહુએ પણ શ્રીહરિને વંદન કર્યાં. ૩૬.

શ્રીહરિની સાથે જેટલા કાઠી દરબારો હતા તે બધાની કમરે તલવાર બાંધેલી હતી. તે સહુ ખુરશી ઉપર આવીને બેઠા. ૩૭. દરબાર ઝીણાભાઈ ક્ષત્રિય હતા. તે બધી રાજદરબારની રીતને જાણતા હતા એટલે તેનો બધો વ્યવહાર રાજ રસમ પ્રમાણે હતો. ૩૮. તે જોઈને નવાબ બોલ્યા કે, "અહીં આવેલા આટલા બધા મનુષ્યમાં આ એક જ મનુષ્ય એવા છે કે, જે રાજદરબારની બધી રીતને જાણે છે. આ બીજા બધા જે ખુરશી ઉપર બેઠા છે તે રાજરીતિને જાણતા નથી, તો આ સાથે આવેલા બધા કોણ છે ?" ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ ધામધૂમથી સુરતના નવાબના મહેલમાં પધાર્યા" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૧

શ્રીહરિએ નવાબની આગળ નીતિ અને સત્સંગની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નવાબના શબ્દ સાંભળીને શ્રીહરિ તેમના પ્રત્યે બોલ્યા કે, "આ બધા ડુંગરાળ પ્રદેશના રાજાઓ છે અને તે બધા પચીશ-પચાશ ગામના ધણી રહ્યા છે. ૨. વન વિસ્તારના આ રાજાઓ રાજદરબારની રીતને જાણતા નથી. રાજરીતને તો જે શીખ્યા હોય તે જાણતા હોય છે. ૩. તે પ્રદેશમાં ભાવનગરમાં જ એક મોટા રાજા છે. તે બધી રાજદ્વારી રીતને સારી રીતે જાણે છે. તે સિવાયના બધા રાજાઓ તો આમના જેવા જ હોય છે. ૪. પરંતુ

આ બધા રાજાઓ છે તેમણે અત્યારે સત્સંગ સ્વીકાર્યો છે." ત્યારે નવાબે કહ્યું કે, "તે સત્સંગ શું છે ? ૫. મેં સત્સંગ ક્યારેય સાંભળ્યો નથી. માટે હવે આપ તે સત્સંગની વાત કરો."

ત્યારે શ્રીહરિએ નવાબને કહ્યું કે, **"તમે જેને નીતિ કહો છો, તે નીતિ અને સત્સંગ બંને એક છે. ૬. નીતિમાં રાજાના ધર્મ કહ્યા હોય છે, પણ નીતિનું જે તત્ત્વ છે તે સત્સંગ છે. તત્ત્વ અને ફળ બંને એક જ કહેવાય છે. સત્સંગનું ફળ ભિસ્ત કહેતાં ભગવાનનું ધામ છે.** ૭. જેને સત્સંગની પૂરી ગમ નથી તે નીતિનું ફળ રાજ્ય છે, એમ કહે છે, પણ રાજ્યનો કોઈ નિર્ધાર હોતો નથી. કેમ જે, રાજનીતિને જાણનારા મોટા માણસો પણ દુઃખ પામતા હોય તેવું નજરે જોયું છે. કારણ કે, નીતિનું સુખ અલ્પ જણાય છે અને સત્સંગનું સુખ અપાર છે, એમ શાસ્ત્રો કહે છે. ૮-૯. અને અમને તો શાસ્ત્રનો વિશ્વાસ છે. કેમ જે, શાસ્ત્રનાં વચનનો ક્યારેય નાશ થતો નથી. તે શાસ્ત્ર આવું કહે છે કે, ક્યારેય કોઈએ ચોરી કરવી નહીં. ૧૦. જે ગૃહસ્થ કહેવાતા હોય તેણે પણ પોતાની પત્ની સિવાય કોઈ પણ સ્ત્રીને ક્યારેય કામબુદ્ધિથી દેખવી નહિ, અને હાથથી તેનો ક્યારેય સ્પર્શ કરવો નહીં. ૧૧. જ્યારથી સત્સંગ સ્વીકાર્યો ત્યારથી કોઈ દિવસ માંસ કે દારૂ ખાવાં-પીવાં નહિ અને અફીણ જેવી બધી કેફી વસ્તુનો ત્યાગ કરવો. અને એક ભગવાનમાં જ ગાઢ પ્રેમ કરવો. ૧૨.

નરકની પ્રાપ્તિ કરાવે તેવી બધી બાબતનો ત્યાગ કરવો, અને સ્વર્ગ કે ભગવદ્ધામ અપાવે એવી જેટલી બાબત હોય તે બધી બાબતને સ્વીકારવી. ૧૩. જેટલાં ભૂંડાં વ્યસન હોય અને જેનાથી અપકીર્તિ થતી હોય તેવી વસ્તુને તપાસી તપાસીને તેનો ત્યાગ કરવો. ૧૪. ભગવાનની કથા, કીર્તન તથા વાતોનું જ એક વ્યસન કરવું. પરસ્ત્રીને મા-બહેન સમાન માનવી. ૧૫. જીવન જીવવા માટે જે માર્ગ સારો હોય તેમાં જોઈ-જોઈને ચાલવું, અને ખરાબ માર્ગનો ત્યાગ કરવો. આ ઉપર કહ્યું તે માર્ગે ચાલવું તેને અમે સત્સંગ કહીએ છીએ અને ખરાબ માર્ગને કુસંગ કહીએ છીએ."

ત્યારે તે નવાબે કહ્યું કે, "આપની આ બધી વાત તો મૂળભૂત(અસલ) છે. ૧૬-૧૭. છતાં અત્યારે જે આ દુનિયા કહેવાય છે તે બધી તમારા

માર્ગને ‘આ નવો માર્ગ ચલાવ્યો છે’ તેમ મુખથી બોલે છે.” ૧૮. પછી ત્યાં જે વૈષ્ણવો આવીને બેઠા હતા તેમને જોઈને નવાબ બોલ્યા કે, “હવે તમે આમાં અસલ કોણ છો ? તે કહો. કેમ જે, તમે બધા ઘણા બુદ્ધિમાન છો. ૧૯. જે પરસ્ત્રીનો સંગ કરે તે અસલ છે, કે પરસ્ત્રીનો સંગ ન કરે તે ? આ બેમાં અસલ કોણ છે ? તમે જે બધા અહીં આવ્યા છો તે બોલો.” ૨૦. ત્યારે તે વણિક વૈષ્ણવ બોલ્યા, “અમે તો પ્રજા છીએ એટલે રાજાને આધીન કહેવાઈએ. તમે જે કહો તે અસલ અને તમે જે કહો તે નવીન કહેવાય.” ૨૧.

※ પરસ્ત્રીનો ત્યાગ, એ શ્રેષ્ઠ ધર્મ છે :

ત્યારે નવાબ બોલ્યા કે, **“જે પરસ્ત્રીનો સંગ કરે છે તેને તો અમે ગધ્ધાનો માર્ગ કહીએ છીએ. જે પહેલેથી ચાલ્યો આવતો હોય તેને અસલ માર્ગ કહેવાય.** ૨૨. **પરસ્ત્રીનો સંગ ન કરવો તે જ મનુષ્યનો મૂળભૂત-અસલ ધર્મ છે. દેવતાઓમાં બ્રહ્મા અને ઈન્દ્રથી કોઈ મોટા નથી,** ૨૩. છતાં તેમાં પણ જે કોઈએ જેટલું અયોગ્ય આચરણ કર્યું તેટલી તેની નિંદા થઈ છે. અસલ ધર્મ તો બ્રહ્માના સમયથી રહ્યો છે, તે તમે વિચારીને દેખો. ૨૪. જે વિચાર્યા વિના બોલે તે માણસ કહેવાય નહિ, તે તો પશુ-પક્ષીની જાતિમાં ગણાય. ૨૫. માણસ કોને કહેવાય ? તે તમે વિચારીને જુઓ ! જે વર્ણાશ્રમના ધર્મનો લગાર પણ લોપ ન કરે. ૨૬.

જે વ્યભિચાર કરતા હોય છે તેવા ગુરુ ખરેખર ગુરુ નથી. વ્યભિચાર કરનારા ગુરુને ગધ્ધા જાણવા, અને વ્યભિચાર કરનારી નારીને ગધેડી જાણવી. ૨૭. આવું વિવેકથી જે સમજે તે મનુષ્ય કહેવાય છે અને જે આવું ન સમજે તે ગધેડાંમાં ખપે છે. ૨૮. ગધ્ધા ક્યારેય ગુરુ હોતા નથી. અમે તો જેવું જાણીએ છીએ તેવું કહીએ છીએ. ગુરુ થઈને જે વેશ્યાનો નાચ કરાવે અને તે બાબતની જેને લેશમાત્ર પણ શરમ ન હોય, અને જે ગુરુ થઈને ગુરુનો ધર્મ જેવો હોય તેવો પાળે નહીં, એવા ગુરુનો માર્ગ અને ભડવાનો માર્ગ તે બંને એક છે. ૨૯-૩૦. જે ગુરુ થયા હોય તેનો મુખ્ય ધર્મ તો, જે રીતનો નિષ્કામ ધર્મ શાસ્ત્રમાં કહ્યો હોય, તે રીતનો નિષ્કામ ધર્મ પાળવો તે છે. અને તેવા ગુરુને આ દુનિયામાં આખું જગત નમે છે. ૩૧.

જ્યાં તેવો ધર્મ હોય ત્યાં સહુથી શ્રેષ્ઠ મોટપ રહી હોય છે. આવો નિષ્કામ ધર્મ મહત્ત્વપૂર્ણ છે. આ જે સ્વામિનારાયણ છે તેમાં નિષ્કામ ધર્મ મુખ્ય છે એવું અમે સાંભળ્યું છે. ૩૨. મેં તો સ્વામિનારાયણને જોવા-જાણવા માટે બોલાવ્યા છે, અને આવા મહાપુરુષનાં દર્શન દુર્લભ છે. આ જગતનો જે વૈભવ છે તે ક્યારેય સત્ય રહેતો નથી. ૩૩. જ્યાં સુધી આ દેહ રહે ત્યાં સુધી વૈભવ રહે છે, અને દેહ છૂટી ગયા પછી તો તે નામમાત્ર કહેવાય છે. **આવા મહાપુરુષનાં દર્શન થાય તે જ મનુષ્યદેહનું લાભરૂપ ફળ છે."** ૩૪.

પછી નવાબે શ્રીહરિને બે હાથ જોડીને કહ્યું કે, "આપે અમારા ઉપર બહુ દયા કરી. તે વાત મુખથી પૂરી કહી શકાતી નથી. ૩૫. અહીં સુરતમાં આવીને અમને બધાને આપે જે સાક્ષાત્ દર્શન આપ્યાં તેનાથી વધારે કોઈ ઉત્તમ વાત નથી. કેમ જે, આપ આ વખતે સુરત શહેરમાં આવ્યા તેથી આ સુરત શહેરનાં અપાર ભાગ્ય જાગ્યાં છે. ૩૬.જે કોઈ લોકો ભાવથી આપનાં દર્શન કરશે, પૂજન કરશે કે વંદન કરશે, તો તે બધા બડભાગી બનશે. ૩૭. જેની વાત કાનથી સાંભળી હતી તે આપને મેં મારી આંખની સમીપ દેખ્યા. હવે તો આપની સાથે પરિચય થયો છે. માટે આપના અહીં આવવાથી મને ઘણી ખુશી થઈ છે." ૩૮. નવાબના દિલમાં જેવો ભાવ હતો તે રીતે તેણે શ્રીહરિનું સન્માન કર્યું. કિનખાબના દસ-બાર તાકા શ્રીહરિની આગળ મૂક્યા. ૩૯. અને જરી ભરેલી દસ-બાર શાલ લાવીને આગળ મૂકી. તેમજ નંગજડાઉ શિરપેચ શ્રીહરિના મસ્તક ઉપર બંધાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ નવાબની આગળ નીતિ અને સત્સંગની વાત કહી" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૨

પીરૂશાએ શ્રીહરિની પધરામણી કરી અને સત્ય-અસત્યનું લક્ષણ કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નવાબે શ્રીહરિના સત્કારનો જેટલો વિધિ હતો તે બધો કર્યો. તે પછી તેમણે સોનાના ફૂલ લઈને ઘણા ભાવથી શ્રીહરિને વધાવ્યા. તે દેખીને બધા વૈષ્ણવો મનમાં અતિશય આશ્ચર્ય પામ્યા. ૨-૩. તે સમયે ત્યાં શાહુકારો આવ્યા હતા. તે બધાએ પણ પોતાના દિલમાં જેટલી ઇચ્છા થઈ તેટલી શ્રીહરિ આગળ ભેટ મૂકી. ૪. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે ત્યાં ઘણી મશાલો થઈ. બિલોરી ઝાડ અને બિલોરી કાચની હાંડીઓ એક ક્ષણવારમાં પ્રગટાવી દીધી. ૫. તે સિવાય શ્રીહરિને ઉતારે પહોંચાડવા માટે રસ્તામાં હજારો દીવા કર્યા હતા. પછી નવાબની રજા લઈ તેના મહેલમાંથી શ્રીહરિ ચાલતા થયા. ૬. જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે નવાબ પણ ઊભા થયા, અને તેમની પાછળ થોડે સુધી વળાવવા આવ્યા. ત્યારે શ્રીહરિએ તેમને રોકી રાખ્યા. ૭. નવાબે બંને હાથથી શ્રીહરિને વંદન કર્યાં અને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. જેટલા વાજિંત્રવાળા હતા તે આગળ ચાલતા હતા. ૮.

જે ડંકા અને નિશાન હતા તે આગળ ચાલ્યા. બધા વાજિંત્રવાળા હરખભર્યા વગાડતા હતા. સુરત શહેરના જે હરિભક્ત હતા તે શ્રીહરિની આગળ ચાલતા હતા. ૯. બધા હરિભક્તો અતિશય ઉત્સાહથી ગરબીનાં કીર્તન ગાતા હતા. દસ-બાર ચોપદારો હાથમાં સોનાની છડી લઈને મુખથી શ્રીહરિનો 'જય જયકાર' કરતા હતા. જ્યારે શ્રીહરિ રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે શ્રીહરિની સાથેની જેટલી સવારી હતી, તે બધી તેમની પાછળ પાછળ ચાલી. ૧૦-૧૧. તે સવારીને પાછળ જેટલી બગી તથા ગાડીઓ હતી તે ચાલતી હતી. જ્યાં સુધી શ્રીહરિ નજરે દેખાતા રહ્યા ત્યાં સુધી નવાબ દર્શન કરવા માટે ગોખમાં ઊભા રહ્યા. ૧૨. તેણે ભાવથી શ્રીહરિને જોયા તેમજ

ઉત્સાહભેર સવારીને પણ દેખી. ૧૩. જેટલાં ભવન અને દુકાનો હતી, તેનાં જેટલાં માળ હતાં તેના ઉપર બધાં નર-નારીઓ ઊભાં હતાં, અને તે બધાં શ્રીહરિનો 'જય જયકાર' કરતાં હતાં. ૧૪.

સલાટપુર વિસ્તારમાં પીરૂશા રહેતા હતા. એટલે તેમણે ત્યાં શ્રીહરિની પધરામણી કરી. ૧૫. એક સારું ભારે આસન કર્યું હતું તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. તે વખતે જેટલાં હતાં તે બધાં બિલોરી ઝાડ પ્રગટાવી દીધાં. ૧૬. ભારે માંહ્યલા વસ્ત્રના દસ-બાર તાકા લાવ્યા હતા. તે પીરૂશાએ શ્રીહરિની આગળ અર્પણ કરી દીધા, અને ફૂલના ત્રણ-ચાર હાર લીધા હતા. ૧૭. તે હાર શ્રીહરિને પહેરાવ્યા અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. તે સમયે પરમ સુજ્ઞ એવા પીરૂશાએ ત્યાં જેટલા સંતો અને વર્ણી હતા, તે બધાને બબ્બે ફૂલના હાર ઘણા પ્રેમથી પહેરાવ્યા, અને સહુને એક એક વસ્ત્રનો તાકો ભેટ આપ્યો. ૧૮-૧૯. નંદરામજી અને ગોપાળજીને પણ ફૂલના હાર પહેરાવીને એક એક શાલનો સુંદર જોટો ઓઢાડ્યો. તેમજ દાદા ખાચરને પણ ફૂલહાર પહેરાવીને એક શાલનો જોટો ઓઢાડ્યો. તે સિવાય બીજા જે કાઠી દરબારો હતા તે બધાને પણ ફૂલહાર પહેરાવ્યા. ૨૦-૨૧. સહુના કપાળમાં કુંકુમના ચાંદલા કયા. શ્રીહરિના જેટલા પાર્ષદો હતા તે બધાને પણ ફૂલના હાર પહેરાવ્યા.

પછી તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, "અમે તો અધમ છીએ. હવે પછી આપને જે રીતે ઘટે તે રીતે કરજો. પાપનું ફળ તો ઘણું દુઃખ છે, તેમ અહીં પ્રત્યક્ષ દેખાય છે. ૨૨-૨૩. ઘણું દુઃખ દેખાય છે, તોપણ તે બધાં પાપનો ત્યાગ થતો નથી. અફીણ, દારૂ અને તમાકુ વગેરે વ્યસનમાં કોઈ જાતનો સ્વાદ હોતો નથી. ૨૪. જે જે વ્યસન હોય છે તેમાં કાંઈ જ સ્વાદ હોતો નથી. અને તેને કારણે વટાળ થાય તે પ્રત્યક્ષ દેખાય છે, તોપણ તેમાં રહેલો દોષ કોઈને દેખાતો નથી. ૨૫. લસણ, ડુંગળી અને હીંગમાં પણ કાંઈ સ્વાદ હોતો નથી, છતાં વિપ્ર સુધીના બધા જ તેને ગ્રહણ કરે છે. ૨૬. જેટલી અસત્ય વાત હોય તેનો સમર્થ પુરુષ સિવાય કોઈ ત્યાગ કરાવી શકતા નથી. અને અસત્ય વાત હોય તેને અસત્પુરુષ જ ગ્રહણ કરે

છે. ૨૭. જે જેટલા કમજોર માણસ હોય તે તેટલા અસત્ય વાતને સર્વોપરિ માનીને તેમાં જ બંધાઈ જાય છે.” ૨૮.

❋ જે સત્ય વાતને સ્વીકારે તે સત્પુરુષ કહેવાય :

ચોપાઈ :

श्रीहरि तब बोलत हि भयेऊ, सत्पुरुष के चिह्न हे तेऊ;
सत बात जामें न दोष रहेऊ, तेसि बात जोईकर जेऊ...२९
ताके संग करत रहाते, ताके आश्रय जेते कराते;
तिनकु सत्य बात रहे जितनी, देखावत रहायेउ तितनी...३०
सत्य बात करिके जो जेहा, सत्पुरुष देखावत तेहा;
सतशास्त्र कहावत हे जेही, सत्य बात देखावत तेही...३१

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, “સત્પુરુષનું લક્ષણ એ છે કે, જેમાં કોઈ જાતનો દોષ ન હોય તેવી સત્ય વાતને જોઈ-વિચારીને ગ્રહણ કરે છે, અને તે સત્પુરુષનો જે જે આશ્રય કરીને રહ્યા હોય, જે તેનો સંગ કરતા રહેતા હોય, તે બધાને જેટલી સત્ય વાત હોય છે તે બધી દેખાડી દે છે. સત્ય વાતે કરીને જ સત્પુરુષ ઓળખાય છે, અને જે સચ્છાસ્ત્ર કહેવાય છે તે પણ સત્ય વાતને જ દેખાડે છે. ૨૯-૩૧. તે અસત્ય વાતમાં અસાર દેખાડે છે, અને અસત્ય વાતનું ફળ બધું દુઃખ છે તેમ બતાવે છે. તેમજ સત્ય વાતનું ફળ અપાર સુખ રહ્યું છે તેમ વારંવાર બતાવે છે. ૩૨. જેટલાં અસચ્છાસ્ત્ર, અસદ્‌ગુરુ, અસત્‌સંત અને અસદ્‌ભક્ત રહ્યાં છે, એ બધાં બીજાને એમ કહે છે કે, સંતોમાં અનંત તીર્થો રહ્યાં છે માટે જે કોઈ પણ નર-નારી મનુષ્ય હોય તે સંતોનો આશ્રય કરે છે, અને પ્રેમભાવથી તેમની સેવા કરે છે, તો તે સેવા કરનારનાં ગમે તેવાં પાપ હોય તે બળી જાય છે. કારણ કે, સંતમાં ભગવાન પણ પ્રગટ રહ્યા હોય છે. ૩૩-૩૫.

જેને જેટલી સેવામાં મંદ ભાવના હોય, તેને તેટલું પાપ દુઃખ દે છે. અસત્પુરુષ આવી વાતો અપારરૂપમાં કહે છે. ૩૬. તે અસત્પુરુષોની અસત્ય વાતને સત્ય માનીને ઘણા લોકો તેમાં અતિશય ભાવનાથી બંધાઈ જાય છે. પછી એવા લોકો અસચ્છાસ્ત્ર, અસદ્‌ગુરુ, અસત્‌સંત અને અસદ્‌ભક્તને

સત્ય માનતા રહે છે, અને તેમની સેવા-ભાવનામાં મોક્ષરૂપી ફળને માને છે, આ વાત સુગમ છે તેમ બધા લોકોને તે દેખાડે છે. ૩૭-૩૯. **સાચા સંતપુરુષના યોગ વિના કરોડો કલ્પ જાય, તોપણ અસત્યને માનનારા લોકોનો મોક્ષ થતો નથી, આ વાત હું સત્ય કહું છું.**" ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "પીરૂશાએ શ્રીહરિની પધરામણી કરી અને સત્ય-અસત્યનું લક્ષણ કહ્યું" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૩

શ્રીહરિના મહિમાથી પૂર્ણ પીરૂશાની સમજણ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧.

✵ સત્પુરુષમાં જેવો ભાવ હોય તેવો તેનો પક્ષ રહે :

दोहा : सत बात सत्पुरुष हुकी, सत्य कहत हि रहात;
निज में दोष रहे जितना, ताकु रहे देखात...०२

सोरठा : सत्पुरुष जो ताकि, सेवा प्रारथना करत;
शुभ गति होवत वाकि, सत्पुरुष के जोग कर...०३
बडे मनुष्य जेते, सत मारग जो चलत जन;
पक्ष एक हि तेते, रखत रहे अति भावजुत...०४

चोपाई :

सत्पुरुष के पक्ष हि तामें, जेते साधन रहेउ यामें;
सहज स्वभाविक आत रहाते, भाव बिन पक्ष नहीं रखाते...०५

શ્રીહરિ કહે, "હે પીરૂશા ! સત્પુરુષની સાચી વાત સત્ય તત્ત્વને કહે છે, અને પોતામાં જેટલા દોષ હોય તેને દેખાડી દે છે. ૨. સાચા સત્પુરુષનો જો યોગ થાય, અને તેમની સેવા તથા પ્રાર્થના કરવામાં આવે, તો મનુષ્યની

શુભ ગતિ થાય છે. ૩. જે મોટા મનુષ્યો છે, તે જો સન્માર્ગે ચાલનારા મનુષ્યનો અતિશય ભાવથી માત્ર એક પક્ષ જ રાખે છે, તો તે સત્પુરુષનો પક્ષ રાખવામાં જેટલાં કલ્યાણનાં સાધન કહ્યાં છે, તે બધાં સહજ સ્વાભાવિક રીતે તેમાં આવી જાય છે. કેમ જે, ભાવના વિના પક્ષ રાખી શકાતો નથી. ૪-૫. અને જો અસત્પુરુષના ઉપર ભાવ રાખીને તેનો પક્ષ રાખવામાં આવે, તો તે માટે કરેલાં કરોડો સાધન પણ પક્ષ રાખનારાને પરલોકમાં સહાય કરતાં નથી. ૬. આ બંને બાબતને જે સમજે છે તે બુદ્ધિના સાગર છે. કોઈ સાચા સત્પુરુષને અસત્પુરુષ જાણે અને અસત્પુરુષને સાચા સત્પુરુષ માને, તો તે દેખનારો માણસ પોતે જ અસત્પુરુષ છે. તેથી જ તેને એવું અવળું દેખાય છે." ૭-૮.

શ્રીહરિએ પીરૂશાની આગળ આવી તો અપાર વાતો કરી હતી. તેનો કહેતા પાર આવતો નથી. ત્યાં જે વાત કહી હતી તેમાંથી મેં અહીંયાં દિશમાત્ર જ દેખાડી છે. ૯. ખરેખર આયુષ્ય થોડું છે અને તેનો પણ કોઈ નિરધાર નથી. માટે વાત કે ચરિત્રનો દિશમાત્ર જ કહેવાનો વિચાર રહે છે અને તેથી જ આ કથા સંક્ષેપમાં કહું છું. હવે તો મનના મનોરથ મનમાં જ રહી જાય છે. ૧૦. આ ચરિત્ર-વાત સિવાયના જેટલા મનોરથ છે તે બધા સંસારમાં ભટકાવનારા છે. આ હરિચરિત્રોમાં સંસારથી છૂટવાની વાતો રહી છે, એમ સમજીને જ હું તે કહી રહ્યો છું. ૧૧.

શ્રીહરિની વાત સાંભળીને પીરૂશા બોલ્યા કે, "અત્યારે આ ભૂમિ ઉપર મને આપના સમાન કોઈ દેખાતું નથી. ૧૨. કામ, ક્રોધ અને લોભ - એ ત્રણ તો દૈત્યોના પણ દૈત્ય છે. જેટલા મોટા મોટા છે તેને પણ એ ત્રણે જીતી લીધા છે. ૧૩. સ્ત્રી અને ધનના લોભને કારણે દેવતાઓ, દૈત્યો, રાજા અને જેટલા જીવ-પ્રાણીમાત્ર છે તે કજિયો કરતા હોય છે. ૧૪. ગમે તેવો મિત્ર હોય તોપણ અને ગમે તેવો જ્ઞાની હોય તોપણ; ધન અને સ્ત્રીને માટે થઈને તો ક્યારેય પ્રેમ રહેતો નથી. તેથી જ સ્ત્રી, ધન અને ઉત્તમ પ્રકારના મેવા-મીઠાઈની બાબતમાં જ્ઞાની માણસને તો અવિશ્વાસ અધિક રહે છે. ૧૫-૧૬. જંગમ યોનીમાં પશુ, પંખી, જળજંતુ સુધીના પ્રાણીઓ

છે તથા વૃક્ષ, વેલી, ઘાસ સુધીના સ્થાવર જીવો છે તે બધાની વાત તો છોડી દઈએ, પણ દેવતાઓમાં અને મનુષ્યોમાં સોનું, મોતી, હીરા અને કરોડો કરોડો રૂપિયા તથા કિંમતી મનગમતાં વસ્ત્ર, ઘરેણાં, પારસમણિ અને ચિંતામણિ વગેરે પદાર્થમાં જેને લોભને કારણે જિંદગીભર મનમાં તલભાર પણ સંકલ્પ ન થતા હોય; તેવી રીતના આપ સિવાયના કોઈ જ્ઞાની મનુષ્ય હોય તેવું મને ક્યાંય દેખ્યામાં આવ્યું નથી. **હા, નિયમને કારણે બધો ત્યાગ રહે છે.**

પરંતુ મનમાં ઈચ્છા જ ન થાય એવા આપની સિવાય કોઈ મેં જોયા નથી. અને નિયમ તથા વેદની રીત તો બંને એક જ છે, તે જેને વિવેક હોય તેને દેખાય છે. ૧૭-૨૦. આપ સમાન સત્પુરુષના યોગ વિના વિવેક આવવો કઠણ છે. પાતાળથી લઈને દેવલોક સુધીમાં ગમે તેવા ચતુર હોય, તોપણ તે વિવેક વગરના લોકો આંધળામાં ખપે છે. જેમાં જે રીતના ગુણ હોય તેને તેવા જાણવા, તે વાતને વિવેક કહેવાય છે. ૨૧-૨૨. વેદ અને શાસ્ત્રનો આ રીતે વિવેક રાખવો એટલું જીવન રહ્યું છે. આ વિવેકરૂપી જીવનને જાણ્યા વગર તો ભણ્યા હોય, તોપણ તે કાંઈ ભણ્યા નથી. ૨૩. આપની વાતોના યોગે કરીને અમારા દિલમાં આટલું જાણ્યામાં આવ્યું છે. વેદ અને શાસ્ત્રોમાં વિવેકની અપાર વાતો છે, તેનો કહેતા પાર આવતો નથી. ૨૪. આટલો વિવેક ગ્રંથોમાં કહ્યો હોવા છતાં પણ, પંડિતો છે તે ભગવાનને ભજતા નથી. તે સહુને સ્ત્રી તથા ધન ઉપર રાત-દિવસ ઘણું જ તાન રહે છે. ૨૫. **સ્ત્રી અને ધન છે - તે બંને જન્મ, મરણ અને લખચોરાશીનું બીજ ગણાય છે. કરોડો કલ્પ જાય, તોપણ તે બીજ ક્યારેય જૂનું થાતું નથી.** ૨૬.

❋ સત્પુરુષનો સંબંધ થાય તો જ બંધન જાય :

આપ સમાન સત્પુરુષના યોગ સિવાય કરોડો કલ્પ જાય, તોપણ તે સ્ત્રી-ધનની વાસનારૂપ બીજ બળતું નથી. તે બીજને બાળનારા આપના સમાન બીજા કોઈ ઈલમી(નિષ્ણાત) નથી. ૨૭. જ્યારે જીવ સુષુપ્તિમાં જાય છે ત્યારે ત્યાં કારણ શરીર રહ્યું છે, પણ જીવ જ્યાં સુધી સુષુપ્તિમાં રહે છે ત્યાં સુધી તેને કોઈ જાતનું દુઃખ રહેતું નથી. ૨૮. **સ્વપ્ન અવસ્થામાં સૂક્ષ્મ શરીર રહેતું હોય છે, તેને કોઈ અંતરાય કરતું નથી. તેમાં જેવા સંકલ્પ**

હોય તેવું દેખાય છે. ૨૯. જ્યાં હર્ષ કે શોક થતો હોય તેમાં કોઈ એક પણ સ્થિરતા રહેતી નથી. જાગ્રત અવસ્થામાં સ્થૂળ શરીર હોય છે. તેમાં જીવ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે જીવ જિંદગીભર ભગવાન સિવાયના બીજા સંકલ્પો કરતો રહે છે. તેમાં જેનું જેટલું ધાર્યું થાય છે તેટલું તે સુખ માને છે. ૩૦-૩૧.

કોઈ મોટો રાજા હોય તે જેવી રીતે સંકલ્પ કરે છે તે રીતે જ બીજા મનુષ્ય પણ સંકલ્પ કરે છે. ૩૨. તે જેટલા ભગવાન સિવાયના સંકલ્પ કરતા રહે છે, ત્યાં સુધી તેને મનુષ્યજન્મ મળ્યો હોય કે કદાચ દેવનો જન્મ મળ્યો હોય, તોપણ તે બધા નિષ્ફળતામાં જ ખપે છે. કારણ કે, વાસના હોવાથી તે એક પણ જન્મ અર્થમાં આવતો નથી; આવી રીતે જે સમજે છે તે મનુષ્ય કહેવાય છે, અને તે જ પંડિત ગણાય છે. ૩૩-૩૪. તેમજ આવી રીતની જે સમજણવાળા છે તે જ રાજા કહેવાય છે, તે જ દેવ કહેવાય છે, અને જે આમ સમજે તેને જ સંત કહેવાય; એમ જે સત્પુરુષ હોય તે જાણે છે. ૩૫. આ બધી વાત અત્યારે આપમાં આવીને નિવાસ કરીને રહી છે."

પીરૂશાએ જે વાત કહી તેનો સાર ગ્રહણ કરીને શ્રીહરિ તેના ઘેરથી ચાલતા થયા. ૩૬. જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે પીરૂશા શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને હાથ જોડીને બોલ્યા કે, "અમારે યોગ્ય જે બાબત હોય તેમાં આપ અમને પહેલા યાદ કરજો. ૩૭. બ્રહ્માંડમાં જે કાંઈ બાબત છે તે બધી આપને લીધે જ છે, પરંતુ જ્યારે આપ મનુષ્યશરીરને ધારણ કરો છો ત્યારે આપની મોટપ દેખાતી નથી, તે માટે હું સમજીને મારા પોતાના મોક્ષને માટે કહું છું. આપ તો સમર્થ હોવા છતાં જાણે કાંઈ જાણતા જ નથી તેમ રહો છો. તે વાત અજ્ઞાની મનુષ્યને દેખાતી નથી." ૩૮-૩૯. પછી શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા. ત્યારે ઉત્સાહભેર ઘણાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિના મહિમાથી પૂર્ણ પીરૂશાની સમજણ કહી" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૪

શ્રીહરિ ઉતારે આવીને ભાવસાર હરિભક્તોની રસોઈ જમ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ અશ્વ ઉપર બેસીને સુરતના રાજમાર્ગ ઉપર આવતા હતા. ત્યારે રસ્તામાં મશાલો અને દીવાઓ એટલાં બધાં હતાં કે તેનો ગણે પાર આવતો નથી. ૨. દીવાળી કરતાં પણ કરોડગણી વધારે ત્યાં શોભા થઈ હતી. જે લોકો દેખતા તે બધા આ શોભાનાં વખાણ કરતા હતા. ૩. હરિભક્તો પ્રેમાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીના રચેલાં ગરબીનાં પદ ખૂબ જ ઉત્સાહભેર ગાતા હતા. ૪. રસ્તામાં ઘણી શોભા થઈ હતી. શ્રીહરિ જ્યારે ઉતારે આવ્યા ત્યારે રાત દોઢ પહોર વીતી ગઈ હતી. પછી શ્રીહરિએ સ્નાન કરીને ભોજન કરવાની તૈયારી કરી. ૫.

સુરતમાં ખાનદેશી ભાવસારો રહેતા હતા, અને તે બધા હરિભક્ત નામ ધરાવતા હતા. તેરશને દિવસ તે ભાવસારોએ સોનેરી કેળાની રસોઈ કરાવી. તેઓ બૂરાની ખાંડ અને ઘી લાવ્યાં અને કાગળના જેવી પાતળી રોટલી કરાવી હતી. ૬-૭. તે રોટલી તાજા ઘીમાં બોળી દીધી. પછી એક એક રોટલીનું પડીકું કર્યું હતું. જે હરિભક્ત વિપ્રો હતા તે રોજ રસોઈ બનાવતા હતા. ૮. તેઓ નિત્ય ભજિયાં અને વડાં કરતા હતા. તેમજ લીલવા વાલ તથા રીંગણાં વગેરેનું શાક બનાવતા હતા. તેને ઘીમાં પકવતા હતા. ૯. તેરસને દિવસ શ્રીહરિવર સવારના પહોરમાં હિંડોળા ઉપર આવીને બેઠા. ત્યારે ત્યાં સંતો તથા હરિભક્તોની સભા થઈ. જેટલો ચોક હતો તે ભરાઈ ગયો. ૧૦. જ્યાં સુધી શ્રીહરિ બેસી રહેતા ત્યાં સુધી ચોકમાં લોકો સમાતા નહીં. રોજ મહાન ઉત્સવ થતો અને તેની ઘણી શોભા થતી હતી. ૧૧.

✵ જે વાત લખાય તે સદા માટે અમર થાય :

જેવું મેં દેખ્યું છે તેવું મને કહેતા આવડતું નથી. દેખવામાં અને કહેવા-લખવામાં ઘણો ફેર રહે છે, છતાં જેટલી વાત કહેવામાં આવે તે

પ્રત્યક્ષ દેખ્યા જેવી કહેવાય છે. ૧૨. પરંતુ જેટલી વાત જોઈ હોય તે પંદર દિવસ જ્યારે જાય છે ત્યારે ચોથા ભાગની જ યાદ રહે છે, પૂરેપૂરી યાદ રહેતી નથી. ૧૩.

दोहा : देखे रहाये जितना, लिखे में आत जेहि;
सो बात न फिरत हि कबहु, जेसि रहाये तेहि...१४

सोरठा : चाय तेसे हि बात, देखे होय खचित कर हि;
याद न तेहि रहात, बात करत फिर जात तब...१५
लिखे में जितनि आत, फिरत न केतेक कल्प लग;
लिखे जिमि हि देखात, इमि समझके लिखत रहे...१६

જેટલું દેખ્યું હોય તેટલું બધું જો લખવામાં આવ્યું હોય, તો તે વાત ક્યારેય ફરતી નથી. જેવી હોય તેવી જ રહે છે. ૧૪. કોઈ બાબત ગમે તેવી ચોક્કસરૂપમાં દેખી હોય, તોપણ તે બધી યાદ રહેતી નથી. તેથી જ્યારે તે વાત કરવા જઈએ ત્યારે ફરી જાય છે. ૧૫. પરંતુ જેટલી બાબત લખ્યામાં આવી જાય, તો તે પછી કેટલાય કલ્પ જાય તોપણ ફરતી નથી. જેવું લખ્યું હોય તેવી જ તે ઘટના દેખાય છે, એમ સમજીને હું આ બધી વાતો લખી રહ્યો છું. ૧૬.

જે મોટા મોટા રાજદરબારો કહેવાય છે તેમાં તો અપરંપાર બાબત બનતી હોય છે, પરંતુ લેખપત્ર ઉપર જ તે બાબતનો મુખ્ય વિશ્વાસ રાખવામાં આવે છે. ૧૭. લેણ, દેણ, વિવાહ, મરણ, આ બધાની વાત લેખ ઉપર જ ચાલે છે. જેટલા દેશો કહેવાય છે તે બધામાં લેખ જ ચોક્કસ મુખ્ય પ્રમાણ ગણાય છે, તેટલા માટે બધા જ દેશમાં લેખ જાણીતો હોય છે. વળી જે વેદ અને પુરાણો કહેવાય છે તે બધાં તો તેવા લેખ કરતાં પણ અધિક મહત્ત્વનાં છે. અને તેટલાં જ સત્પુરુષનાં વચન પણ નિશ્ચિતરૂપમાં અધિક મહત્ત્વનાં ગણાય છે. અસત્પુરુષના લેખ તો બ્રહ્માંડ ભરાય તેટલા છે, ૧૮-૨૦. પણ તે બધા તો અસત્ય છે. મિથ્યા બાબતને ગમે તે રીતે લખી નાખવામાં આવે, તો તે ક્યારેય સાચી ઠરતી નથી; આવો વિવેક છે તે સમજવો જોઈએ. **વિવેક વગરના મનુષ્ય તો બ્રહ્મા જેવા હોય, તોપણ તે પશુમાં ખપે છે.** લોકો

પોતાના પેટ ભરવાને ખાતર મોટા પુરુષોની દેશી(અનુકરણ) કરે છે. જે મોટા પુરુષોની દેશી કાઢનારા છે તે પાપથી લગાર પણ ડરતા નથી. જેટલા મોટાની દેશી લે છે તેને ધર્મમાર્ગમાં ચાલવું ઘણું કઠણ હોય છે. ૨૧-૨૩.

સ્વયં મોટા હોય નહિ છતાં જે જેટલા મોટા બની બેસે છે તે તેટલો ધર્મનો લોપ કરે છે. પછી પોતાને જે રુચે તેને ધર્મ કહે છે, આવા તો ઘણા મત બંધાયા હોય છે. ૨૪. જેટલી ઈન્દ્રિયો રહી છે અને જે અંતઃકરણ છે તે બધાના ભોગ જુદા જુદા રહ્યા હોય છે. ૨૫. તેનો ભોગ કરવામાં જેને વિવેક રહેતો નથી તે ગમે તેવા મોટા હોય, તોપણ વિવેક વગરના તે મત અંધ કહેવાય છે. ૨૬. **જે જેવું હોય તેને તેવા રૂપમાં સંદેહરહિત ચોક્કસરૂપમાં જે જાણવું તેનું જ નામ વિવેક છે.** ૨૭.

જેને ભગવાનનો ખરેખર ડર ન હોય અને ભગવાનનું ભજન કરતા હોય, તે તો લોકોને દેખાડવા માટે જ હોય છે. અને આવા જે મત હોય છે તે બધા તેમણે પેટ ભરવા માટે જ રાખ્યા હોય છે. કેમ જે, પેટ ભરવું એ જ તેનો મોક્ષ છે. તેથી જ તેમ કરતા જ્યારે સ્ત્રી કે ધનનો યોગ થઈ જાય ત્યારે તેને તેઓ છોડે જ નહીં. કેમ જે, એનો ઉપભોગ મળે એ જ તે મતવાળાને ભગવાન ભજવાનો મતલબ હોય છે. એવા મતને જે લોકો તન, મન તથા ધને કરીને સેવતા હોય છે, તેવા લોકોને જે ધર્મ વગરના હોય તેનો ક્યારેય અભાવ આવતો નથી, તે તો તેનો પણ ગુણ લેતા રહે છે. અને કહે છે કે, જે ગુરુનો અભાવ નથી લેતા તેનો મોક્ષ થાય છે. ૨૮-૩૧. આ ઉપર કહ્યું તેવા મતોથી તો આખી ભૂમિ ભરાઈ ગઈ છે. તે બધા મતપંથવાળાની સમજણ એકસમાન હોય છે, અને તે બધા એવા ખોટા ભાવમાં જ મોક્ષ મનાવે છે. ૩૨. શ્રીહરિ આવી બધી વાતો કરીને જે જેવો મત હોય તેને તેવી રીતે દેખાડી દેતા હતા.

પછી જ્યારે જમવાનો સમય થયો ત્યારે (રાત્રે ૧૦:૩૦ પછી) શ્રીહરિ જમવા પધાર્યા. ૩૩. નંદરામજી અને ગોપાળજીએ શ્રીહરિને માટે બંગલા ઉપર રસોઈ કરી હતી એટલે શ્રીહરિ ત્યાં જમવા પધાર્યા. ૩૪. તે વખતે ગરમ જળથી સ્નાન કર્યું અને હરખભર્યા રૂમાલથી અંગ કોરું કર્યું. પછી

સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું. ૩૫. બીજું પીતાંબર બેવડું કરીને માથા ઉપર ઓઢી લીધું. અને ઘણા ભાવથી ચરણમાં ચાખડીઓ પહેરીને ચાલ્યા. પછી જમવાને સ્થળે જઈ પાટલા ઉપર બેઠા. ૩૬. સોનેરી કેળાં સુધારીને થાળમાં ધર્યાં હતાં. એક કટોરામાં ઘી તથા બીજામાં સાકર રાખી હતી. ૩૭. મેંદાના લોટની રોટલી કરી હતી. તે તાંજા ઘીમાં બોળીને થાળમાં ધરી હતી. ભજિયાં, વડાં, વિવિધ પ્રકારનાં શાક, દૂધપાક, પાપડ અને અથાણું વગેરે ધર્યાં હતાં. ૩૮-૩૯. પછી શ્રીહરિ કેળામાં ઘી અને સાકર મેળવીને જમવા લાગ્યા. પછી જે જે ભોજન લાવીને ધરાવ્યું હતું તે બધું જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ ઉતારે આવીને ભાવસાર હરિભક્તોની રસોઈ જમ્યા" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૫

સોનેરી કેળાની રસોઈ આપનારા ભાવસારોએ શ્રીહરિ વગેરેની પૂજા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે તેમણે હાથ અને મુખ ધોયાં. ત્યાર પછી બંને હાથને રૂમાલથી લૂછ્યા. ૨. મુકુંદાનંદ વર્ણીએ એલચીનો મુખવાસ દીધો. શ્રીહરિએ તે હાથમાં લીધો અને જમ્યા. ૩. મુખવાસ જમી રહ્યા પછી આવીને હિંડોળે બેઠા. ત્યારે જેમની રસોઈ હતી, તે ભાવસાર હરિભક્તો આવ્યા. ૪. ત્યારે સંતો, વર્ણી અને પાર્ષદો જે હતા તે બધા સભામાં આવીને બેઠા. તે સમયે તેઓ કેસરયુક્ત ચંદન, ફૂલના હાર અને વસ્ત્ર વગેરે લાવ્યા. ૫. પછી તે ભાવસારોએ ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરી. તેમણે એક ભારે રેંટો મસ્તકે બંધાવ્યો અને બીજો રેંટો ઓઢાડ્યો. ૬.

પછી ચાર આંગળ સોનાની કોરવાળા બે શોભાદાર કસુંબી રેંટા હતા, જે એક હાથ સોનેરી પાલવવાળા હતા, તે શ્રીહરિને આપ્યા. ૭. જેટલા ભાવસાર હરિભક્તો હતા તે સહુએ પાંચ-પાંચ રૂપિયા ભેટ મૂક્યા. અને સહુએ કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પ્રેમથી પૂજા કરી. ૮. કુંકુમનો ચાંદલો કરી પ્રેમથી ફૂલના હાર પહેરાવ્યા. પછી કપૂરની આરતી કરી. સહુના દિલમાં અતિશય ઉત્સાહ ભર્યો હતો. ૯. તેમણે હરખભર્યા કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં ચરણમાં ચર્ચી તેને છાતીમાં લીધાં. પછી નંદરામજી અને ગોપાળજીની પણ પૂજા કરી. ૧૦. જે કોઈ ખરા ધર્મવંશી કહેવાય છે તે ધર્મની રીતમાં જ ચાલે છે. વળી, તેઓ શ્રીહરિના સમીપ સંબંધી છે તેમ માનીને ભક્તો તેમની સંતોની પહેલા પૂજા કરે છે. ૧૧.

❋ જ્યાં સુધી ધર્મમાં રહે, ત્યાં સુધી જ ધર્મવંશી કહેવાય :

चोपाई :

धर्म पालत जिहाँ लग जेहू, सबंधि तिहाँ लग रहे तेहू;
सत्संग तामें धर्म करीके, सबंध रये हे तेहि लईके...१२
धर्म के त्याग करत जेहि वेरी, सबंध न रखत कोउ तेरी;
चाय तेसे संबंध रहीता, मरे पीछे रखत न कीता...१३

જે કોઈ ધર્મવંશીઓ જ્યાં સુધી ધર્મ પાળે ત્યાં સુધી જ તે શ્રીહરિના સંબંધી રહે છે. કેમ જે, આ સત્સંગમાં તો ધર્મ એટલે કે શ્રીહરિની આજ્ઞા પાળવે કરીને જ સંબંધ રહ્યો છે. ૧૨. જેમ કોઈ ગમે તેવો સંબંધી હોય, તોપણ મર્યા પછી કોઈ સંબંધ રાખતા નથી, તેમ ધર્મવંશી હોય તોપણ તે જ્યારે ધર્મનો ત્યાગ કરે છે, ત્યારે તેની સાથે કોઈ જાતનો સંબંધ રહેતો નથી. ૧૩. રાજા, ગુરુ અને આચાર્ય, એ સહુથી શ્રેષ્ઠ કહેવાય છે, પણ મૃત્યુ થયા પછી ગમે તેટલા ગુણવાન હોય, તોપણ તેને કોઈ રાખી મૂકતા નથી. ૧૪. જેમ દેહધારીને જીવનો સંબંધ રહે છે તેમ સત્સંગમાં ધર્મનો સંબંધ રહે છે. ૧૫. સત્સંગમાં શતશૃંગ પર્વતની જેમ ધર્મ મુખ્ય છે. તે ધર્મ સંબંધી આ પાંચ બાબત મુખ્ય રહી છે, તે હવે હું કહું છું. ૧૬.

सोरठा : चोरि अवेरि हि जेह, दारू मांस रहाये यह;
त्याग हि करना तेह, सब से श्रेष्ठ रहे तेहि...१७

भगवान बिन हि जेहु, जानना असत कर सब हि;
श्रेष्ठ बात हे तेहु, हरिजन जानत रहेउ...१८

દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર; આ ચારનો ત્યાગ કરવો તે સહુથી શ્રેષ્ઠ વાત છે, ૧૭. અને ભગવાન સિવાય બધાને અસત્ય જાણવું - આ પાંચ વાત ઘણી ઉત્તમ છે, તેને જે હરિભક્ત હોય તે જાણે છે. ૧૮. આ રીતે સમજીને તે હરિભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોની ઘણા ભાવથી પૂજા કરી. કેમ જે, આવા સંતો ક્યાંય રહ્યા નથી. ૧૯. આગળ કહેલી પાંચ બાબતને લીધે આ સત્સંગ બીજા બધા મતથી અતિશય શ્રેષ્ઠ કહેવાય છે. અને તે અંગેની આ વાત પણ સહુથી શ્રેષ્ઠ છે. ૨૦. ત્રિલોકીને જીતવી એ સરળ છે. કેટલાકે ત્રિલોકીમાં વિજય મેળવ્યો હતો તે સાંભળ્યું છે. દેવરાજ ઇન્દ્ર ત્રિલોકીના રાજા કહેવાય છે. ૨૧. બ્રહ્મા જેવા કોઈ શ્રેષ્ઠ નથી. તે બ્રહ્માજીના એક દિવસમાં ચૌદ ઇન્દ્રનો નાશ થઈ જાય છે. જેને કોઈનો ભય નથી ૨૨.

એવા બ્રહ્માને પણ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રને દેખીને અપાર મૂંઝવણ થઈ હતી. જ્યારે તેને લગાર પણ અભિમાન ન રહ્યું ત્યારે ભગવાને બ્રહ્માને પોતાનું જ્ઞાન આપ્યું. જ્યારે બ્રહ્માને ગર્વ ન રહ્યો ત્યારે તે પોતે પોતાને બહુ અલ્પ માનવા લાગ્યા. ૨૩-૨૪. પછી તે બ્રહ્મા ભગવાનની આગળ બોલ્યા કે, મહારાજ ! અમે તો તમારી આગળ કાંઈ નથી. જેમ શતશૃંગ પર્વતની આગળ કાંકરાનાં શાં લેખાં ? ૨૫. અમે આપને જેટલા સંભારતા નથી તેટલા આપના ગુનેગાર રહ્યા છીએ. જે જે લોકો આમ સમજે છે તે બુદ્ધિમાન કહેવાય છે. ૨૬.

✻ સ્ત્રી-ધનમાંથી સુખબુદ્ધિ જાય તો અખંડ ચિંતવન થાય :

दोहा : प्राणिमात्र तिनसे जोउ, तुम नहीं दूर रहत;
संभार नहि तुमकु कबु, तेहि कर दुःख हि लहत...२७

नारि धन के चिंतवन यह, रात्य दिन ही करात;
तेहि करिके दुःख से कब, जीव न कोउ छुटात...२८

सोरठा : नारि धन यह तामें, जिहाँ लग सुख मानत रहे;
दुःख पावत हि यामें, समझना रहे कठिन यह...२९

सत्संग करि हि तेहि, समझना रहे न कठिन यह;
ता विन कठिन रयेहि, ब्रह्मा जेसे तिनहुकु...३०

આપ જીવ-પ્રાણીમાત્રથી જરાય દૂર રહેતા નથી, છતાં જીવ આપને ક્યારેય સંભારતા નથી તેને કારણે તે દુઃખ પામે છે. ૨૭. જીવ રાત-દિવસ સ્ત્રી અને ધનનું ચિંતવન કરે છે. તેથી જ તે પોતાના જીવને ક્યારેય દુઃખથી છોડાવી શકતો નથી. ૨૮. જ્યાં સુધી જીવ સ્ત્રી અને ધનમાં સુખ માનતો રહે છે ત્યાં સુધી તે દુઃખ પામે છે, પણ આ સમજવું તે ઘણું કઠિન છે. ૨૯. પરંતુ જે કોઈ સત્સંગ કરે છે તેને આવું સમજવું કઠિન રહેતું નથી, અને સત્સંગ વિના તો બ્રહ્મા જેવાને પણ સ્ત્રી-ધનમાં દુઃખ જ રહ્યું છે તે સમજવું કઠિન છે. ૩૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સોનેરી કેળાની રસોઈ આપનારા ભાવસારોએ શ્રીહરિ વગેરેની પૂજા કરી" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૬

એરણ સાહેબને ત્યાં પધરામણી પ્રસંગે દેશી રાજાઓની સ્થિતિ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતના ભાવસાર ભક્તોએ સંતો, વર્ણી અને પાર્ષદોની પૂજા કરી, તેમાં કેસરી ચંદનની અર્ચા કરીને ફૂલના હાર પહેરાવ્યા. ૨. સહુને એક એક હાર પહેરાવ્યો અને તે જ વખતે એક એક વસ્ત્ર પણ ઓઢાડ્યું. ૩. નંદરામજી અને ગોપાળજીને એક એક પાઘ બંધાવી અને એક એક રૂપિયો દક્ષિણામાં આપ્યો. ૪. જ્યારે પૂજા કરી રહ્યા તે પછી જમવા માટે સંતોની પંગત થઈ. પંગત ઉત્તર-દક્ષિણ લાંબી હતી. સંતોની રોજ પંગત થાતી હતી ત્યારે અગરબત્તીનો ધૂપ કરાતો હતો. હરિભક્તો જેટલા સંત હોય તે બધાની આગળ એક એક અગરબત્તી કરતા હતા. અને તેને

લીધે ધૂપનો સુગંધ પ્રસરી જતો હતો. સંતો મુખથી સ્વામિનારાયણ નામની ધૂન બોલતા હતા. ૫-૭.

સત્સંગમાં જે જે રીત રહી છે તે બધી સંસારના બંધનને છોડાવનારી છે. જે નિષ્કપટપણે આ રીતે સમજતા હોય તેના હૃદયમાં ભગવાન શ્રીહરિનો નિવાસ રહે છે. ૮. હરિભક્તોનો ભાવ દેખીને શ્રીહરિએ પહેલા સંતોને સોનેરી કેળાં પીરસ્યાં અને શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસવા ફરતા રહ્યા. જ્યારે શ્રીહરિ કેળાં પીરસી રહ્યા ત્યારે સંતોએ કેળાં સુધાર્યાં. તે પછી શ્રીહરિએ બંને હાથથી પોશ ભરી-ભરીને પંગતમાં ફરીને સહુને ખાંડ આપી. જ્યારે ખાંડ પીરસી રહ્યા ત્યારે ઘીને પીરસવા લાગ્યા. અને જ્યારે ઘી પીરસી રહ્યા ત્યારે રોટલી પીરસી. ૯-૧૧. રોટલી પીરસી રહ્યા ત્યારે સંતોને જમવાની છૂટ આપી. આ સિવાય જે બીજાં ભોજનો બનાવ્યાં હતાં તેને તો હરિભક્ત વિપ્ર પીરસતા હતા. ૧૨.

જ્યારે સંતો જમી રહ્યા તે સમયમાં એરણ સાહેબે અરદેશર શેઠને પોતાની પાસે બોલાવ્યા હતા. ૧૩. શ્રીહરિની પધરામણી કરવા માટેની જે કાંઈ રીત છે તે સાહેબે અરદેશર શેઠને ઘણા ભાવથી પૂછી. ૧૪. અરદેશરજીએ જે રીત બતાવી તે રીતે એરણ સાહેબે ઘણા પ્રેમભાવથી કર્યું. કારણ કે, તેને શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો. ૧૫. સં.૧૮૬૭ના વરસમાં એરણ સાહેબ ખેડામાં હતા ત્યારે શ્રીહરિ ખેડા જઈને પ્રથમ વાર તે ચાર સાહેબોને પહેલા મળ્યા હતા. ૧૬. તે ચારે સાહેબો સર્વોપરિ બુદ્ધિમાન હતા. તેનાં નામ નીચે પ્રમાણે હતાં. એક વોકર(કર્નલ મિ.વોકર) સાહેબ, બીજા રોલ(મિ.રોમરે) સાહેબ, ત્રીજા ડગલી(મિ.જહોન એન્ડ્ર્યુઝ ડનલોપ) સાહેબ અને ચોથા એરણ(ન્યાયાધીશ મિ.હેરન) સાહેબ કહેવાતા હતા.

અને જે ગાયકવાડ સરકાર કહેવાય છે તેમના ભાઈ એક મલ્હારરાવ નામે હતા, તે ત્યારે કડીમાં નિવાસ કરીને રહેતા હતા. અને ફતેહસિંહ ગાયકવાડ વડોદરામાં રહેતા હતા. ૧૭-૧૯. તે સમયે(સં.૧૮૭૨માં) વડોદરાના ફતેહસિંહ છે તેમને નમાવીને મલ્હારરાવે વડોદરાને કબજે કરવાનું મનમાં વિચાર્યું. ત્યારે ફતેહસિંહ બુદ્ધિમાન હતા. તેથી તેમણે તે વખતે અંગ્રેજ

સાહેબને કહીને પોતાની રક્ષા કરવા માટે બોલાવ્યા. એટલે અંગ્રેજ સાહેબોએ તેમને મદદ કરીને કડીએ સહિત તે બધું પરગણું ફતેહસિંહને કબજે કરાવી દીધું. ૨૦-૨૧. પછી વડોદરાથી લઈને દ્વારકા સુધીના મોટા મોટા રાજાઓ પણ ગાયકવાડ સરકારને નમતા થઈ ગયા. ૨૨.

આ રીતે અંગ્રેજ સાહેબો જ્યારથી આવ્યા ત્યારથી તેમણે ગાયકવાડને બધું અનુકૂળ કરી દીધું હતું. તેની મોજમાં તેમણે ખેડાને તેના પરગણાએ સહિત ઘણા ભાવથી સાહેબને આપી દીધું. સાહેબની રીત જોઈને શ્રીહરિએ વિચાર્યું હતું કે, "જ્યારે આવું રાજ્ય થાય ત્યારે બધી પ્રજા સુખી થાય." ૨૩-૨૪. જ્યારે દેશની પ્રજાને એક દિવસ પણ સુખ ન હતું, ત્યારે તે જોઈને શ્રીહરિ મનમાં દિલગીર થઈ ગયા હતા. તેથી પ્રજા સુખી થાય તેવો તેમણે સંકલ્પ કર્યો. ૨૫. કારણ કે, ભરતખંડના બધા જ પ્રદેશોમાં શ્રીહરિ વિચરણ કરી ચૂક્યા હતા. તે બદરિકાશ્રમથી લઈ જગન્નાથપુરી સુધી, અને કલકત્તાથી લઈને સેતુબંધ રામેશ્વરધામ સુધી, દ્વારકાથી લઈને કચ્છના નારાયણસરોવર અને સિદ્ધપુર સુધી શ્રીહરિ વિચર્યા હતા. તેમાં જ્યાં દેખતા ત્યાં બધા પ્રજાને લૂંટતા હતા. ૨૬-૨૮. જે દેશમાં જેટલા નાના-મોટા રાજાઓ હતા તે જ બધા પ્રજાને લૂંટતા હતા અથવા તો રાજાના દીવાન કહેવાતા હોય અથવા ગામમાં મુખી હોય તે પ્રજાને લૂંટતા હતા. ૨૯. તેમને જે છાની લાંચ આપે, તેમના ઉપર થતી કોઈ જ ફરિયાદ તેઓ સાંભળતા નહીં. પછી તો પીડાતી પ્રજા કોની આગળ ફરિયાદ કરે ? તેથી બધા મનમાં સંતાપ કરતા હતા. ૩૦.

તેથી શ્રીહરિએ સાહેબના અંતઃકરણમાં પ્રવેશ કર્યો અને હંમેશાં તેમને નીતિ ઉપર રુચિ કરાવતા રહ્યા. નીતિના સમાન કોઈ બાબત સારી લાગે નહિ, તેવું તેમનું મન કરી દીધું. પછી તેમણે નીતિ વગરના બધા રાજાઓને બુદ્ધિહીન જોયા. જેટલા રાજાઓ કહેવાતા હતા તે બધા પોતાનું સ્વતંત્ર રાજ્ય માનીને, જે જે જાતનાં વ્યસનો છે તેમાં રુચિ રાખતા થઈ ગયા હતા. તેથી સાહેબે તપાસીને જોયું તો તે બધા રાજાઓ ઝાઝા છિદ્રવાળા સરોવર જેવા દેખાયા. પછી સાહેબે બધા રાજાઓને હસતે મુખે કહ્યું કે, "અફીણ

આદિકના જેટલાં વ્યસન છે તેને તમે શ્રેષ્ઠ માનીને કરો છો, પણ જેટલા વ્યસનવાળા રાજા છે તેના રાજ્ય ચોક્કસ રહેશે નહીં. જો તમે વ્યસનોને દૂર નહિ કરો, તો તે વ્યસન તમને રાજ્યથી દૂર કરી દેશે. તેમાં કાંઈ જ વાર નથી." ૩૧-૩૫.

જે રાજા નીતિ શીખીને નીતિ ઉપર ચાલશે તેનું રાજ્ય અચળ કરીને રહેશે. જે નીતિ વગરના રાજા છે તે અંધ કહેવાય છે, તેનું રાજ્ય ક્યારેય રહેશે નહીં. ૩૬. જે દેશી રાજાઓ અફીણ આદિકના વ્યસનમાં તલ્લીન રહેતા હતા, તે વ્યસની રાજાઓને તે વિચક્ષણ અંગ્રેજ સાહેબો માણસમાં ગણતા નહીં. ૩૭. વ્યસની રાજાને રાજ્ય હોય તોપણ ન રહ્યા જેવું હતું. અને તે જીવતો હોય છતાં પણ મર્યો હોય તેમ દેખાતું હતું. ૩૮. જે લાંચ લઈને પ્રજાનું કામ કરતા હોય તે રાજા હોવા છતાં રાજા નથી. કદાચ રાજા થયા તોપણ શું થયું ? ૩૯. તેવા રાજાઓ તો પ્રજામાં જે રીતે કજિયો થાય તેવું જ કામ કરે છે, અને દ્રવ્ય ખેંચવા માટે જ તત્પર થઈને રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "એરણ સાહેબને ત્યાં પધરામણી પ્રસંગે દેશી રાજાઓની સ્થિતિ કહી" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૭

અંગ્રેજ સાહેબો, દેશી રાજાઓ અને ગુરુઓની સ્થિતિ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે અંગ્રેજ ચાર સાહેબો રાજાઓની રીતિ જેમ શુભ રહે, અને પ્રજા રાજાને ઈચ્છતી રહે તે રીતે રાજાઓને કહેતા હતા. ૨. જેનાથી પ્રજા ક્યારેય દુઃખી ન થાય પણ જે પ્રજાને સુખી કરવાનું જ નિત્ય તાન રાખે અર્થાત્ જે આવી રીતે વિચારીને પ્રજાની દેખભાળ કરતા હોય તે જ સાચો

રાજા કહેવાય છે. ૩. જેને પ્રજા ચાહતી હોય તે રાજા જ સાચો રાજા છે. જેને પ્રજા ન ચાહતી હોય તે રાજા તો દુઃખ આપનારો છે. ૪. દેશમાં જેનો હુકમ ચાલતો હોય તેવા રાજા તો ગુરુના પણ ગુરુ કહેવાય છે.

રાજાના ગુરુ કરતાં પણ તે રાજા મોટા કહેવાય છે. જે રાજાનો જે રાજા ઉપર પોતે જેમ ધારે તેમ હુકમ ચાલતો હોય તે તેના ગુરુ કહેવાય છે. કેમ જે, જેના ઉપર જે હોય ત્યાં તેનું માન રહેતું નથી. ૫-૬. જેટલા બળિયા રહ્યા છે તે પણ એક એકના ગુરુ રહ્યા છે. અને તેણે કરીને આ બ્રહ્માંડની સ્થિતિ ચાલતી રહી હોય છે. ૭. ગુરુના ગુરુ અને રાજાના પણ રાજા તો એક પરમ અનુપમ પરમેશ્વર રહ્યા છે; એમ માનીને જે જેટલા પરમેશ્વરની આગળ નમતા રહે છે તેનું તેટલું માન રહે છે. બ્રહ્માના સમાન બીજા કોઈ ગણાય નહીં. તે બ્રહ્માદિક પણ પરમેશ્વરની આગળ માન રાખતા નથી, તો બીજાની શી ગણતરી ? જેને જેટલો વ્યસનનો ત્યાગ છે તેટલો જ તે મનુષ્ય છે. ૮-૯.

જેને જેટલો વ્યસનમાં રાગ છે તેટલી તેમાં માણસાઈની કમી છે. જેટલી પવિત્ર અને શુભ મતિ હોય છે તેટલો તે અયોગ્ય વાતથી ડરતો રહે છે. ૧૦. જે ક્યારેય અયોગ્ય કાર્ય ન કરે તેનું નામ મનુષ્ય કહેવાય છે. જે મનમાં ધારે તેમ જ કરતા હોય તે ચાહે તેવા મોટા રાજા હોય, અરે ! બ્રહ્મા જેવા મોટા રાજા હોય, તોપણ તેની ગણતરી અપકીર્તિવાળામાં થાય છે. જેની જેટલી સારી બાબત હોય તેટલી તેને શુભ કીર્તિ મળતી રહે છે, અને તે દેવતા કરતાં પણ શ્રેષ્ઠ કહેવાય છે. મનુષ્યનો જન્મ મળ્યો તોપણ શું ? **જેમાં જેવા ગુણ હોય છે તે તેની યોગ્યતાને કહી દે છે.** ૧૧-૧૩. જે અયોગ્ય કાર્ય કરવાથી ડરતો ન હોય અને ખરાબ કામમાં ઉત્સાહ રાખતો હોય, એવો માણસ તો અસુરની પંક્તિમાં ખપે છે. ૧૪. જે મનુષ્ય માનવતાની દૃષ્ટિએ દેવતા કરતાં પણ અધિક હોય, તેમાં તેના જેટલા ગુણ હોય તે નેત્રવાળાને દેખાઈ આવે છે. જે જેવા હોય તેને તેવા દેખવા માટે તો નેત્ર છે. અને જેને કાન રહ્યા હોય તે જે જેવી વાત હોય તેને તેમ સમજે છે. ૧૫-૧૬.

※ જે જેવી વાતને સ્વીકારે તે તેવો થાય :

કેટલીક બાબત તો કીર્તિરૂપ હોય છે તેનો ગણે પાર આવતો નથી. અને અપકીર્તિરૂપ બાબતો પણ અપાર હોય છે તેનો પણ ગણ્યે પાર આવતો નથી. ૧૭. જે કીર્તિ થાય તેવી વાતને ગ્રહણ કરે છે તેની કીર્તિ વધતી રહે છે, અને જે અપકીર્તિરૂપ વાતને ગ્રહણ કરે છે તેટલી તેની અપકીર્તિ વધતી રહે છે. પછી તેની શુભ કીર્તિ રહેતી નથી. **માટે શુભ કીર્તિ જે રીતે રહે એવી વાતને સ્વીકારવી. કારણ કે, દરેક માણસ પોત પોતાની અંગત બાબતનો જવાબદાર રહ્યો છે.** ૧૮-૧૯. જે લોકો કીર્તિની વાતને આભૂષણ માને છે, તે કીર્તિની વાતને સ્વીકારે છે અને તે પોતાની કીર્તિને વધારે છે. કેમ જે, કીર્તિમાં અપાર ફળ રહ્યું છે. ૨૦. અને જે અપકીર્તિને આભૂષણ માનતા રહે છે તેની અપકીર્તિ વધતી રહે છે, અને તેનું ફળ પણ તેને તેવી જ રીતનું મળે છે. ૨૧. આ બાબતમાં પરમેશ્વરનો તલભાર પણ દોષ રહ્યો નથી. પરમેશ્વર તો જેટલી શુભ વાત હોય છે તેટલું તેનું શુભ ફળ આપે છે. ૨૨. અને અશુભ વાતનું અશુભ ફળ હોય છે તે પણ પરમેશ્વર જ આપે છે.

જેને જેવી યોનિમાં કર્મયોગે જવાનું થાય તે જીવ તેવી યોનિને પામે છે. ૨૩. તેમાં જેટલું સુખ પ્રાપ્ત થાય છે તે શુભ વાતનું ફળ કહેવાય છે. અને જે યોનિમાં વિમુખ જીવ જેટલું દુઃખ પામે છે, તે અશુભ વાતનું ફળ છે. તે જેને વિવેકરૂપી નેત્ર હોય તેને પ્રત્યક્ષ દેખાય છે. ૨૪-૨૫. વિવેક વિનાનાને આંખ હોય છતાં તે અંધ કહેવાય છે. તેવા માણસો ક્યારેય સત્ય માર્ગ ઉપર ચાલી શકતા નથી. ૨૬.

ઉપર કહેલા ચાર અંગ્રેજ સાહેબો જ્યાં સુધી અધિકાર ઉપર રહ્યા ત્યાં સુધી આવી બધી વાતો મોટા રાજાઓની આગળ કહ્યા કરતા હતા. ૨૭. તેમાં જે મોટા રાજાઓ હતા, તે રાજ્યના મદથી સાહેબોની વાતોને સ્વીકારતા નહીં. તેથી અનીતિ ખૂબ વધવા લાગી. ૨૮. તેમાં જે મોટા મોટા બુદ્ધિમાન રાજાઓ હતા તેઓ સાહેબને આધીન વર્તતા હતા. તેથી તે રાજાઓ જેમ કહે તેમ સાહેબો કરતા હતા. ૨૯. ચાર ધામની અંદરનો

જેટલો દેશ છે તેમાં જેટલા મોટા રાજાઓ હતા, તે બધા રાજાઓને અનુસરીને સાહેબો ઘણા વર્ષ સુધી વર્તતા રહ્યા. પછી તે સાહેબો જ્યારે દેશના ભોમિયા થઈ ગયા ત્યારે તે રાજાઓનું જે રીતનું વર્તન હતું તેને તે રીતે ચોક્કસરૂપમાં જાણી લીધું. ૩૦-૩૧.

જે લોકો ગુરુ તથા આચાર્ય થઈને જેટલું પોતાનું ચાલે તે રીતે સિદ્ધ થઈને ફરતા હતા અને લોકોને વરદાન તથા શાપ દેતા હતા, ૩૨. તે બધા ગુરુઓની સિદ્ધાઈ જેમ હતી તેમ સાહેબોએ દેખી. કેમ જે, તે સાહેબો મૂઠ તથા ચોટથી ડરતા નહીં. વળી જંત્ર, મંત્ર, જાદુ અને ભૂત-પ્રેત ઈત્યાદિથી પણ ક્યારેય ડરતા નહીં. ગમે તેવા સિંહ અને દીપડા હોય તેની સામે પણ ચાલતા, અર્થાત્ કોઈ ચાહે તેવા કહેવાતા હોય પણ તેનાથી તેઓ ડરતા નહીં. ૩૩-૩૪.

વળી જે મનુષ્યની હિંસા કરતા હોય તેવા લોકોને તે સાહેબો માર્યા વિના છોડતા નહીં. જે રાજા સ્વતંત્ર રીતે વર્તતા હતા, તે પ્રજાને દુઃખ દેતા હતા. ૩૫. અને પ્રજાની સ્ત્રીની સાથે મનમાની રીતે ઉમંગથી વ્યભિચાર કરતા હતા. તેવા જેટલા રાજાઓ, ગુરુઓ તથા આચાર્યો હોય, અને જે કોઈ ત્યાગી કહેવાતા, છતાં પણ જેટલા ધન અને નારીનો પ્રસંગ રાખતા હોય, તે બધા નટની જેમ ફક્ત વેશધારી હોય છે. ૩૬-૩૭. જેમ નટ ચાહે તેનો વેશ ધારતો હોય છે તેમ જેમાં ધર્મ ન હોય તે ગમે તેવા હોય તોપણ નટ સમાન કહેવાય છે. ૩૮. **જે કોઈ પણ મનુષ્યમાં નિષ્કામરૂપ ધર્મ જેવો હોવો જોઈએ તેવો જ વર્તતો હોય, તો તે તેટલો સાચો મનુષ્ય કહેવાય છે. ૩૯.** જ્યાં લાંચ લેવાની રીત રહેતી હોય છે ત્યાં સાચો ધર્મ રહેતો નથી. જ્યાં સાચો ધર્મ રહેતો હોય તે તો તેના વર્તનથી દેખાઈ આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "અંગ્રેજ સાહેબો, દેશી રાજાઓ અને ગુરુઓની સ્થિતિ કહી" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૮

શ્રીહરિએ અંગ્રેજ સાહેબોને પ્રજાને માટે સુખરૂપ નીતિ કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સં.૧૮૬૭ના વરસમાં ચાર અંગ્રેજ સાહેબ ખેડામાં પહેલા વહેલા શ્રીજીમહારાજને મળ્યા હતા. વોકર સાહેબ, રોલ સાહેબ, ડગલી સાહેબ અને એરણ સાહેબ આ ચાર સાહેબ ઘણા ઉદાર સ્વભાવના હતા. તેઓ શ્રીહરિને પહેલીવાર મળ્યા ત્યારે ઊભા થઈ, ટોપી ઉતારીને ઘણા ભાવથી થોડુંક સામે આવ્યા હતા. આમ, તેમણે શ્રીહરિનો ઘણો સત્કાર કર્યો હતો, અને પોતાથી શ્રેષ્ઠ ખુરશી ઉપર શ્રીહરિને બેસાડ્યા હતા. ૨-૪. તે ચારે ઘણા બુદ્ધિમાન હતા. તેમણે શ્રીહરિને મસ્તક નમાવી પ્રણામ કર્યાં હતાં. તેમાં એરણ સાહેબ તથા વોકર સાહેબે શ્રીહરિનો એક એક હાથ પોતાના હાથમાં સત્પુરુષ જાણીને લીધો હતો. તેમને એટલું હેત હતું કે, જે માપી શકાતું નથી. તે સમયે તેમણે શ્રીહરિને પોતાના કરતાં પણ શ્રેષ્ઠ ખુરશી ઉપર બેસાડ્યા હતા. ૫-૬. પછી જ્યારે શ્રીહરિએ તેમને બેસવાનું કહ્યું, ત્યારે તે ચારે સાહેબો પોતપોતાની ખુરશી ઉપર બેઠા હતા. અને શ્રીહરિની સન્મુખ હાથ જોડી રહ્યા હતા. ૭.

પછી તેમણે કહ્યું કે, "આપ શા કામ માટે આવ્યા છો ? જ્યાં અમારું રાજ્ય થયું છે ત્યાં જે લૂંટ તથા ચોરી કરતા હતા, તે બધું અમે બંધ કરાવી દીધું છે. ૮. જ્યાં અમારું રાજ્ય ન હોય ત્યાં ધાર્યા પ્રમાણે લોકો લૂંટ તથા ચોરી કરતા રહે છે. આપને કેવો રાજા ગમે છે ? તે આપ કહો. આપ તો આજે જ અહીં આવ્યા છો. ૯. જેવી આપની રુચિ હોય તેવું જ થાય છે, એમ લોકો કહે છે." ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "તમારી રુચિ નીતિપ્રિય કહેવાય છે. ૧૦. અને જેટલી નીતિની વાત હોય છે તે બધી અમને રુચે છે. જે રાજા, ગુરુ અને આચાર્ય અનીતિ ઉપર ચાલતા

રહે છે, તે અમને રુચતું નથી. જે અમારું વચન માને છે તેની પાસે અમે અનીતિ છોડાવીએ છીએ. પ્રસિદ્ધ રીતે જે ઘણી મોટી અનીતિ થતી હોય, તેમાં જે દોષ હોય અને તે દોષનું જે રીતનું ફળ રહ્યું હોય છે, તે અમે વાતમાં બતાવી દઈએ છીએ. ૧૧-૧૩. જેટલી શુભ અને નિર્દોષ વાત હોય છે તેવી અપાર વાતો જ અમારો ગ્રંથ રહ્યો છે, અર્થાત્ એવી અપાર વાતો અમારા ગ્રંથોમાં છે. ૧૪.

જેમાં અપકીર્તિ થતી હોય છે તેવી જેટલી અશુભ વાતો હોય છે તેનો ત્યાગ કરવો, એવો અમારો મત રહ્યો છે. ૧૫. તેને કારણે જ જે મનુષ્ય અમારા સંપ્રદાયમાં આવે છે, તેને જેટલી શુભ વાત હોય છે તે બધી જીવમાં જ રુચે છે. ૧૬. જેટલી અનીતિ અને અશુભ વાતો હોય છે તે જેને ગમતી હોય, એવા મનુષ્યો અમારા સંપ્રદાયમાં આવતા નથી. જે અનીતિનો ત્યાગ કરે છે તે જ અમારા મતમાં આવે છે. જેને અનીતિ ગમતી હોય તે મનુષ્ય અમારા મતમાં ટકતા નથી. કેમ જે, અમારા મતમાં રહેલા મનુષ્યને અનીતિ ગમતી જ નથી. ૧૭-૧૮. જે માણસને અનીતિ ગમતી હોય તે જ્યારે અમારા સમાજમાં લોકોની જાણમાં આવે, તો જેમ ગામમાં અંત્યજને દૂર રાખે તે રીતે તેને દૂર રાખે છે. ૧૯. જે લોકો નીતિની રીતને જાણતા હોય, તે જ્યારે અનીતિવાળાને દેખે છે ત્યારે કોઈ વખતે નીતિમાનનું તેની આગળ ચાલતું ન હોય, તો જે અનીતિવાળો હોય તે નીતિમાનને તુચ્છ ગણે છે. અને તે કોઈ બીજા મતનો છે તેમ તેને ગણી કાઢે છે.

જ્યાં સુધી નીતિમાનનું માન વધારે વધારે રહેતું હોય છે ત્યાં સુધી તે શુદ્ધ મતને ચલાવે છે. જ્યારે નીતિમાનનો અનાદર કરાય છે, ત્યારે રાજા વિનાના દેશની જેમ સાચો મત હોવા છતાં પણ તે અસહાય થઈ જાય છે. ૨૦-૨૨. રાજ્યની રીતમાં પણ તેવું જ છે. જ્યાં સુધી નીતિમાનનું ચલણ રહે છે ત્યાં સુધી રાજ્યની અભિવૃદ્ધિ થતી રહે છે. ૨૩. જ્યારે રાજા તથા ગુરુઓ કહેવાતા હોય, તેમાં લોભ આવીને નિવાસ કરે છે ત્યારે તેઓ નીતિવાળા મનુષ્યોનો અનાદર કરતા રહે છે. જેમાં લોભ આવીને રહ્યો હોય તેને નીતિ ગમતી નથી. જેટલી રિદ્ધિ સિદ્ધિ છે તે જ્યાં નીતિ હોય

ત્યાં જ નિવાસ કરતી હોય છે. ૨૪-૨૫. જે સારા રાજા હોય અને જે સારો સંપ્રદાય હોય, તેને ઘણી જાતનાં પ્રલોભન બતાવીને લોભ પોતાને વશ કરી લે છે. ૨૬. **જે રાજા નીતિનો જ લોભ રાખે છે, તે તો દેવ કરતાં પણ શ્રેષ્ઠ છે. જ્યાં સુધી તે રાજા નીતિને રાખે છે ત્યાં સુધી તે દેવ કરતાં પણ ઉત્તમ ગણાય છે.** ૨૭.

❋ નીતિ અમૃત છે, અનીતિ ઝેર છે :

જ્યાં સુધી ગુરુ પોતે નીતિને રાખતા હોય છે, ત્યાં સુધી તેને કોઈ હઠાવી શકતા નથી. જે મનુષ્યને જેટલી અનીતિ ગમે છે તેટલો તેના ઉપર દૈવનો કોપ થાય છે. પછી તે લોભને મિત્ર માને છે. ચાહે તેવું અમૃત હોય પણ તેમાં લેશ ઝેર ભળે, તો તે ભળેલું ઝેર અમૃતને ઝેર કરી નાખે છે; લોભની પણ આવી જ રીત છે. તે નીતિવાનને અનીતિરૂપ કરી દે છે. છતાં પણ **જ્યારે માણસને લોભમાં આસક્તિ થઈ જાય છે ત્યારે તે લોભનો ત્યાગ કરતો નથી.** ૨૮-૩૦. જ્યારે લોભ ન હોય ત્યારે જેવી કીર્તિ હોય છે તેવી કીર્તિ લોભ કરવા લાગે ત્યારે રહેતી નથી. કોઈ ગમે તેટલું અનીતિથી ધન કમાય તેને નીતિમાન વખાણતો નથી. ૩૧. અનીતિવાળાની જેટલી વાત હોય છે તે છજા ઉપરના છોડ જેવી નિરર્થક છે, અને નીતિની જેટલી વાત છે તે બધી વાવેલા ખેતર જેવી સાર્થક કહેવાય છે. ૩૨.

શ્રીહરિ જેટલી વાત કહેતા હતા તે વાતને સાહેબ પોતાના દિલમાં ધારી લેતા હતા. તે બુદ્ધિમાન સાહેબો જેટલી કીર્તિ કરનારી વાતો હોય તેનો સગ્રંહ કરતા હતા, અને અસત્ય વાતનો ત્યાગ કરી દેતા હતા. (શ્રીહરિએ સં.૧૮૬૭માં સાહેબને આ રીતે નીતિની વાત કરી. પછી સં.૧૮૭૪માં) આઠ વર્ષ બાદ સાહેબે પેશ્વાને કહ્યું હતું કે, તમે વિપ્ર જાતિના થઈને જેટલી અનીતિ ચલાવો છો, તે અનીતિએ કરીને તમારા રાજ્યનો નાશ થઈ જાશે. ૩૩-૩૫. તે સાંભળી કોઈક નિમિત્તે પેશ્વાએ અંગ્રેજ સાહેબની સામે લડવાનો આરંભ કર્યો. જ્યારે તે સાહેબની સન્મુખ લડવા આવ્યા ત્યારે તરત જ તેનો પરાજય થયો. ૩૬. પછી સાહેબોએ તરત પેશ્વાને કબજે કરી લીધા. બુદ્ધિહીન પેશ્વા કબજે થયા તેથી બધી

પ્રજા રાજી થઈ. ૩૭. પછી તો તે વિચાર કરીને પોતાના પાપથી છૂટવા માટે ગંગાને કિનારે જઈ બેઠા, અને ત્યાં ગાયત્રીનો જપ કરવા લાગ્યા. ૩૮. ત્યારે જેટલા પ્રદેશમાં પેશ્વાનું રાજ્ય હતું તેટલા પ્રદેશમાં સાહેબનું રાજ્ય થયું. તેમાં એરણ સાહેબ શ્રીનગરમાં રાજ્યનો વહીવટ કરનારા પ્રથમ અંગ્રેજ અધિકારી થયા હતા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ અંગ્રેજ સાહેબોને પ્રજાને માટે સુખરૂપ નીતિ કહી" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૬૯

શ્રીહરિ એરણ સાહેબને મુકામે પધરામણી કરવા નીકળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. એરણ સાહેબે અમદાવાદની સત્તા સંભાળી, પછી બે-ત્રણ માસ થયા ત્યારે તેમણે શ્રીસહજાનંદ સ્વામીને અમદાવાદ બોલાવ્યા અને કહ્યું, "અનીતિનો નાશ થયો છે. હવે અમદાવાદમાં અનીતિવાળાનું ચલણ નથી. જે દર વર્ષે પ્રજાને લૂંટતા હતા તે બધો ત્રાસ હવે ટળી ગયો છે. ૨-૩. હવે પ્રજાને લૂંટવાનો ત્રાસ મટ્યો છે એટલે સહુ પોતપોતાના ગામમાં પોતાને માટે ગમે તેવું મકાન બનાવે તેવી અમે છૂટ આપી છે. ૪. ઘરેણાં અને વસ્ત્ર પણ જેને જે મળતાં હોય તેવાં સહુ પહેરી શકે છે. કારણ કે, હવે તેમને લૂંટનો ભય રહ્યો નથી. અને જે લૂંટે તેને હવે સુખ રહેતું નથી." ૫. એરણ સાહેબે શ્રીહરિને કહ્યું કે, "આપ અમદાવાદમાં કોઈ સારી જગ્યા(મંદિર) બાંધો. જ્યાં તમે કહેશો ત્યાં અમે જમીન આપશું. હવે જગ્યા બાંધવામાં તમને કોઈ હરકત થશે નહીં." ૬. આમ કહ્યા પછી શ્રીહરિએ જ્યાં કહ્યું ત્યાં ભૂમિ ઉપર શુદ્ધ ધર્મ પ્રવર્તાવવા મંદિર બાંધવા માટે સાહેબે ઘણા ભાવથી જગ્યા આપી. ૭.

સારા ધર્મ ઉપર એરણ સાહેબને ખૂબ જ તાન રહેતું હતું. જે કોઈ મનુષ્ય અનીતિ કરતો હોય, તો તેની વારંવાર તપાસ કરતા. પછી જેણે નીતિનો ત્યાગ કર્યો હોય, તેને શાસ્ત્રમાં જે રીતે કહ્યું હોય, તે રીતે તપાસી તે પ્રમાણે યોગ્ય દંડ દેતા હતા. અને તેનાથી શું યોગ્ય અને શું અયોગ્ય હશે ? અને સહુને શું કરવું જોઈએ ? તેનો ખ્યાલ આવી જતો હતો. ૮-૯. એરણ સાહેબ જે યોગ્ય બાબત હોય તે કરતા હતા, અને જેટલી અયોગ્ય બાબત હોય તેનો ત્યાગ કરી દેતા હતા. કદાચ કોઈ છાની રીતે લાંચ લે, અને તેની જ્યારે ખબર પડે ત્યારે તે ગમે તેવો હોય, તોપણ તરત જ તેને બરતરફ કરતા હતા. અને જે કોઈ અધિકારી જ્યાં સુધી લાંચ ન લે, ત્યાં સુધી તેને એક એક કરતા વધારે ઊંચું સ્થાન ગર્વનર જનરલ સુધીનું મળતું હતું. અને તે જનરલ મુંબઈ અથવા કલકત્તાનું રાજ્ય કરતા હતા. તેને વિલાયત સુધીનો અધિકાર મળતો હતો. આ રીતે નીતિ પાળવામાં અપાર મોટપ રહી છે. ૧૦-૧૨.

જે એરણ સાહેબ કહ્યા તે ચાર વરસ સુધી અમદાવાદમાં રહ્યા હતા. તે દરમ્યાન તે શ્રીહરિને સં.૧૮૭૪, ૭૫ અને ૭૬ સુધીમાં એક વરસમાં એક એક વખત, એમ ત્રણ વખત મળ્યા હતા. ૧૩-૧૪. પછી સં.૧૮૮૧ના વરસમાં જ્યારે શ્રીહરિ સુરત આવ્યા ત્યારે જેને ઘણો યશ મળ્યો હતો, તે એરણ સાહેબ પણ સુરતમાં આવ્યા હતા. ૧૫. તેથી શ્રીહરિને પાંચમી વખત મળવા માટે એરણ સાહેબે શ્રીહરિને કચેરીમાં પધરાવવાનો મનોરથ કર્યો, અને મનમાં ઘણો આનંદ વ્યાપી ગયો. પછી સાહેબે પોતાના મુકામ ઉપર શ્રીહરિને પધરાવવાનું નક્કી કર્યું. પછી શ્રીહરિનું ભારે સન્માન કરવા માટે જેની સ્વર્ગ લોક કરતાં પણ શોભા વધારે હતી, એવા વિવિધ પ્રકારનાં વિલાયતી વાજિંત્રો શ્રીહરિની આગળ વગાડવા માટે મોકલ્યાં. વળી, તે વાજિંત્રોની સાથે દેખાવમાં ઘણી શોભાદાર એવી સુરક્ષાની પલટન મોકલી. તેઓ ઘણા ભાવ સહિત જ્યાં શ્રીહરિ ઊતર્યા હતા ત્યાં આવ્યા. આવીને તે લોકો શ્રીહરિને પગે લાગ્યા. તેમાં કેટલાક તો હરિભક્ત પણ હતા. ૧૬-૨૦.

ત્યારે શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા હતા. તે વખતની શોભા કહી શકાતી નથી. જેટલા સંતો અને હરિભક્તો હતા તેની સભા ભરાઈને બેઠી

હતી. ૨૧. વિલાયતી વાજાવાળા વાજિંત્રોની જેવી ગતિ હતી, તે શ્રીહરિને સંભળાવતા હતા. શ્રીહરિ તે વાજિંત્રોને સાંભળીને તેમના ઉપર રાજી થયા. ૨૨. પછી શ્રીહરિએ કહ્યું કે, "મયદાનવની જેટલી કળાઓ હતી તે મહાભારતમાં કહી છે. તેની જેટલી કળા હતી તે બધી, અરે ! તેના કરતાં પણ વધારે કળા વિલાયતમાં આ વખતે દેખાય છે. એક વિમાનની કળા સિવાયની બીજી ઘણી રચનાઓ તેઓ દેખાડે છે. ૨૩-૨૪.

❋ સત્સંગને સર્વોત્તમ માને તે સાચો સત્સંગી છે :

दोहा : मोक्ष कि बात तिनमें जो, सत्संग महीं बात;
तेहि सम नहि बात किहाँ, जेते लोक कहात...२५
जेते ब्रह्मांड तिन महीं, सत्संग सम हि कोउ;
बात न रहे देख परत, सत्संग करत जोउ...२६

सोरठा : सत्संग सम हि जेउ, कोटि कल्प लग बात कोउ;
समझत नहि रहेउ, ताके नाम सत्संग रहे...२७
सत्संग करत जेउ, ओर बात अधिक करहि;
देखावत हे तेउ, काचे सत्संग रहे तेहि...२८

આ સત્સંગમાં જે મોક્ષની વાત થાય છે તેના જેવી મોક્ષની વાત બીજે ક્યાંય, કોઈ પણ લોકમાં નથી. ૨૫. એટલે જ જેટલા બ્રહ્માંડો છે તેમાં સત્સંગના સમાન બીજી કોઈ વાત નથી, આમ જે સત્સંગ કરે છે તેને સમજાય છે. ૨૬. કોઈ કરોડો કલ્પ સુધી બીજી વાત કરે, તોપણ તેને સત્સંગના સમાન સમજે જ નહિ, એનું નામ ખરો સત્સંગ થયો કહેવાય. ૨૭. જે સત્સંગી થયા પછી પણ સત્સંગ કરતાં બીજી વાતને વધારે ઊંચી દેખાડે છે તેનો સત્સંગ કાચો છે. ૨૮. **સત્સંગની જેટલી વાત છે તેમાં જીવનો મોક્ષ રહ્યો છે. સત્સંગ સિવાયની જે બીજી વાતો હોય છે તેમાં કોઈ દિવસ મોક્ષ રહેતો નથી.** ૨૯.

चोपाई :

समझना इमि कपट रहीता, इनके नाम सत्संग कहीता;
सत्संगसे अधिक कर जेहा, दुजेहु कु जिहाँ लगहि तेहा...३०

अधिक देखत तितना तिनकू, मोह कहावत रहेउ इनकू;
सुप्न महिं सत्संग हि समाना, देखे ओर न आवत रहाना...३१
तब तेहि मोह के भये नासा, सत्संग सम न आवत भासा;

આ હકીકતને નિષ્કપટ ભાવે સમજવી તેનું જ નામ સત્સંગ કહેવાય છે. આ સત્સંગ કરતાં બીજાને જ્યાં સુધી અધિક-શ્રેષ્ઠ માનીને દેખે છે ત્યાં સુધી તેમાં તેટલો મોહ રહ્યો કહેવાય. જ્યારે સ્વપ્નમાં પણ સત્સંગને સમાન બીજું કોઈ શ્રેષ્ઠ ન દેખાય, ત્યારે તેના મોહનો નાશ થયો જાણવો. પછી તેને સત્સંગ સમાન બીજું કોઈ ભાસતું નથી." આટલી વાત કહીને શ્રીહરિ તરત અશ્વ ઉપર બેઠા. ૩૦-૩૨.

તે સમયે જેટલા દરબારો શ્રીહરિની સાથે હતા તે બધા પણ અશ્વ ઉપર બેઠા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને મુનિબાવા, એટલાને તે વખતે શ્રીહરિએ સાથે લીધા હતા. ૩૩-૩૪. વડોદરામાં ગાયકવાડ સરકાર સયાજીરાવ નામે હતા. તેના બે શાસ્ત્રી તે સમયે ત્યાં આવ્યા હતા. ૩૫. અને સરકારના જ બે વૈદ્ય પણ ઘણા ભાવથી ત્યાં આવ્યા હતા. વડોદરાના લલ્લુ શેઠ નામે જે એક મોટા શેઠ કહેવાતા હતા, તેને ઘણા ગુમાસ્તાઓ હતા. તેમાંથી એક મુખ્ય બાપુભાઈ શેઠ નામે હરિભક્ત થયા હતા. ૩૬-૩૭. તેમને રણછોડ તથા પરમાનંદ નામે બે ભાઈ હતા. તે ત્રણેય ભાઈઓ સત્સંગ સિવાય ચૌદ લોકમાં કોઈને ક્યારેય શ્રેષ્ઠ માનતા નહીં. એવા તે ત્રણેય ભાઈ સત્સંગી થયા હતા. અને આમોદના ઘણા વિચક્ષણ પુરાણી દીનાનાથજી હતા. ૩૮-૩૯. તેના વિદ્યાર્થી પીજના ભોળાનાથ કાવ્ય ગ્રંથને ભણતા હતા. તે બધાને તે સમયે શ્રીહરિએ સાથે લીધા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબને મુકામે પધરામણી કરવા નીકળ્યા" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૦

બજારમાં ચાલી રહેલા શ્રીહરિની બાબતમાં પરસ્પર સ્ત્રીઓની વાતો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અરદેશર શેઠે ત્રણ મોટા સદ્‌ગુરુ સંતોને માટે અને મોટા મોટા શેઠોને માટે ઘોડા જોડેલી બગી મંગાવીને તૈયાર રાખી હતી. તે સમયે તેમાં મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક સંતોને બેસાડ્યા. અને શાસ્ત્રી, પુરાણીને બેસાડ્યા. તથા વડોદરાથી આવેલા બંને વૈદ્યને બેસાડ્યા. ત્યારે બાપુભાઈ, હરજીવન શેઠને પણ બગીમાં બેસાડ્યા. નંદરામજી અને ગોપાળજીને મુક્તાનંદ સ્વામીની સાથે બોલાવીને બગીમાં બેસાડ્યા. બીજા જે સંતો હતા તે સહુ પોતાના આસન પર રોકાયા. ૨-૫. ઉતારે રહેલા સંતો સુરત શહેરમાંથી જે લોકો આવતા, તેમાં ખળતા વગરનાને જોઈને તેની આગળ પોતાને જેવી આવડે તેવી મોક્ષકારી ભગવાનની વાત કરતા હતા. ૬. જે ખળ હોય તે છૂપા રહેતા નથી. વેણ બોલે તેમાં તે દેખાઈ આવે છે. ખળ માણસનો સ્વભાવ હીંગ, લસણ, ડુંગળી તથા વિષ્ઠા જેવો હોય છે. ૭. ખળનો જેવો સ્વભાવ હોય તેવો તેના બોલેલાં વચન કહી દે છે. ખળતા વિનાના જે નિખાલસ મનુષ્ય હોય તેનું વચન સહુને પ્રિય લાગે છે. ૮.

✵ સંત નિમિત્તે વપરાય તેને કોટિ યજ્ઞનું ફળ થાય :

चोपाई :

स्वभाव प्रिय रहाये ताके, सुगंधिमान वस्तु जिमि वाके;
संत कि सेवा करत रहाते, संत कु कबु रहत जेंवाते...०९
संत के गुण बोलत सदावू, संत कु कबु वसन ओढावू;
भगवान के मंदिर हि तामें, सत्संग में जेते हि यामें...१०
खरचत धर्म ताके निमीता, अन्नादिक वस्तु रहे तीता;
देवत रहेउ भाव सहीता, अश्वमेध कोटि जज्ञ करीता...११

નિખાલસ દિલના દૈવી જીવ સ્વભાવથી જ સુગંધવાળી વસ્તુની જેમ સહુને પ્રિય લાગે છે. તેવા લોકો સંતોની સેવા કરે છે અને ક્યારેક સંતોને

જમાડતા રહે છે. ૯. તે હંમેશાં સંતોના ગુણ બોલ્યા કરે છે, અને ક્યારેક સંતોને વસ્ત્ર પણ ઓઢાડે છે. ભગવાનના મંદિરમાં અને સત્સંગમાં યથાયોગ્ય ખર્ચ કરે છે, વળી, તેમાં અનાજ આદિક જે કાંઈ વસ્તુની જરૂર હોય, તો તે પણ ધર્મ નિમિત્તે ભાવ સહિત આપે છે. આમ જે સેવા કરે તેણે કરોડો અશ્વમેધ યજ્ઞ કરી લીધા. અર્થાત્ તેનું ફળ તેને કરોડો અશ્વમેધ યજ્ઞ જેવું મળે છે. ૧૦-૧૧.

જેના સારાં ભાગ્ય ઉદય થયાં હોય તેના અંતરમાં તેવું વર્તે છે. જે ક્યારેય સત્સંગ કરતા નથી, તે દુઃખ વિનાનું સુખ ક્યારેય પામતા નથી. ૧૨. અને જે સત્સંગ કરે છે તેને તેનું એટલું ફળ થાય છે કે તે કહી શકાતું નથી. પણ જે ખળ લોકો હોય છે તેને આવી વાત ક્યારેય સમજાતી નથી. ૧૩. જે સત્સંગ કરતા નથી, જેને સત્સંગ ઉપર ભાવ નથી, તે સત્સંગનો દ્રોહ કરે છે. પછી જેટલાં દુઃખ રહ્યાં છે તે બધાં અપાર દુઃખ તે ખળ જનને પ્રાપ્ત થાય છે. વળી, તે જ્યાં જાય છે ત્યાં પોતાનું ભૂંડું પોતે જ કરે છે. ૧૪-૧૫. છતાં ખળ માણસને તે દુઃખ દેખાતું નથી. ખળ માણસ એટલો આંધળો હોય છે. તે મર્યા પછી જે જે યોનિમાં જાય છે ત્યાં તેને અપાર દુઃખ મળે છે. ૧૬. હવે શ્રીહરિ રાજદરબાર તરફ ચાલ્યા તે વાત જેવી છે તેવી ચોક્કસ કહું છું. તેમાં જેટલી મને યાદ આવે તે પ્રમાણે લખું છું, અને જે યાદ નહિ આવે તે રહી જશે. ૧૭. **શ્રીહરિની એક દિવસની વાત પણ સો કરોડ શ્લોકથી કરવામાં આવે, તોપણ તે અપારની અપાર જ રહે છે. કવિ કેટલુંક યાદ રાખે ? ૧૮.**

✻ જેટલો શ્રદ્ધા-ભાવ હોય તેટલી વાત લખાય :

જેને જેટલું યાદ હોય અને જેટલી શ્રદ્ધા તથા ભાવના હોય તેટલું તે લખે છે અને કહે છે. પાંખવાળા જીવોમાં જેની પાંખમાં જેટલું બળ હોય તેટલું તે આકાશમાં ઊડે છે, પણ તે આકાશના પારને પામતા નથી. તેમ જેમાં જેટલી શક્તિ હોય તેટલી તે શ્રીહરિની વાતો લખે છે; છતાં પણ શ્રીહરિની વાત તો અપાર જ રહે છે. જેના દિલમાં જેટલી શ્રદ્ધા હોય અને જેટલો ભાવ હોય તેટલી વાત તેનાથી લખાય છે. દિવસે દિવસે શ્રદ્ધા જતી-આવતી રહે છે. ૧૯-૨૧. શ્રદ્ધાની વાત તો બધી દેહના હાથમાં છે. દેહ

નખશિખ પર્યંત રોગથી ભર્યો છે. તે રોગ જ્યાં સુધી શરીરમાં છૂપા રહે છે ત્યાં સુધી આ બધી વાતો લખાય છે. ૨૨. જ્યારે શરીરમાં રોગ પ્રગટ થાય એટલે તરત જ આ લખવાની સમાપ્તિ થઈ જાય.

શ્રીહરિ જ્યારે સુરતમાં રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે લોકો મુખથી શ્રીહરિનો 'જય જયકાર' બોલવા લાગ્યા. ૨૩. સુરત શહેરના જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સાથે ચાલ્યા. બધી બજાર સ્વચ્છ કરાવીને તે સમયે પાણી છંટાવી દીધું હતું. ૨૪. બજારમાં ઠેર ઠેર ફળ સાથેના કેળના સ્તંભ રોપાવી દીધા હતા. બીજી પણ ઘણી શોભા કરી હતી. ૨૫. મકાન અને દુકાનના જેટલા માળ હતા, તે બધાને રંગબેરંગી કર્યા હતા. જમીન ઉપરથી જેટલા માળ હતા તે બધામાં બંને બાજુએ પુરુષના સમુદાયમાં પુરુષો ઊભા હતા. જેમ ચકોર પક્ષી ચંદ્રને જુએ, તે રીતે સહુ બંને હાથ જોડીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૨૬-૨૭. સ્ત્રીઓના સમુદાયમાં અપાર સ્ત્રીઓથી ગોખ, અગાશી અને જેટલા રવેશ હતા તે ભર્યા હતા. ૨૮. સ્વર્ગના દેવતાઓ તથા અપ્સરાઓ વિમાનમાં બેસીને જેમ આવ્યા હોય, તેમ તે બધાં સ્ત્રી-પુરુષો શોભતાં હતાં. અને સહુ કેસરયુક્ત ચંદન, પુષ્પ તથા સોનાના થાળમાં અમૂલ્ય મોતીઓ ભરીને, જેને જેવો મનમાં ભાવ હોય તેઓ તે રીતે અતિશય હર્ષ પામીને, શ્રીહરિને વધાવતાં હતાં. ૨૯-૩૦. તે બધી સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરીને તે સમયે સામસામી આવી વાતો કરતી હતી.

આ આખું બ્રહ્માંડ જેટલા કાંઈ શ્રેષ્ઠ પુરુષો, રાજા અને દેવતાઓથી ભર્યું છે, તેમાં કેટલાક સિદ્ધ છે તે પોતાના તપોબળે કરીને ધારે તેવું શરીર ધારણ કરે છે. કેટલાય મોટા મોટા ભવન અને દિવ્ય વિમાનોને બનાવે છે. દેવતાઓના ભવનોની તો કોઈ ગણતી ન થાય એવા ભવનોને બનાવે છે. એવા મોટા સિદ્ધ પુરુષોની આગળ જ્યાં ઈન્દ્રની પણ ગણતરી ન થતી હોય ત્યાં મોટા ચક્રવર્તી રાજાની તો ગણતરી જ ક્યાંથી થાય ? ૩૧-૩૩.

❋ શ્રીહરિની શક્તિ અપાર, તેનો કોઈ ન પામે પાર :

चोपाई :

अनंत कोटि ब्रह्मांड जेहा, हरि के संकल्प तामें तेहा...३४
होवत रहेउ गणती न आते, वर्षात के बिंदु जिमि बरषाते;

उत्पति होवत रहे जिस रीता, नाश होत ताके तिस रीता...३५
अक्षर के माप में न आता, ब्रह्मा कोण गणति हि रहाता;
अश्व बैठि यह जावत जेऊ, जाके उपरि छत्र यह रहेऊ...३६

दोहा : आश्चर्य जो जो जितना हि, माप में नहीं आत;
सबके कारन रहे यह, मनुष्य सम देखात...३७
याके ऐश्वर्य तिनकेउ, पावत न कोउ पार;
अक्षर सम मुंझात रहे, एसे हि यह अपार...३८

એવા મોટા સિદ્ધોની પણ શ્રીહરિની પાસે કાંઈ ગણતરી નથી. કેમ જે, જે શ્રીહરિના સંકલ્પથી અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. તે બ્રહ્માંડોની વરસતા વરસાદના જળબિંદુની જેમ ગણતરી થાતી નથી, અને જે રીતે ઉત્પન્ન થાય છે તે જ રીતે નાશ થાય છે. એની પણ ગણતરી થાતી નથી. ૩૪-૩૫. જે પરમેશ્વર અક્ષરના માપ્યામાં પણ આવતા નથી ત્યાં બ્રહ્મા તો કોણ ? કે જે ભગવાનની ગણતરી કરી શકે; એવા મહાન આ સ્વામિનારાયણ ભગવાન અશ્વ ઉપર બેસીને જાય છે. જેના ઉપર છત્ર ધારણ કર્યું છે. ૩૬. આ વિશ્વમાં જે જે અને જેટલા આશ્ચર્યો છે તે માપ્યામાં આવતા નથી. મનુષ્ય જેવા દેખાતા આ શ્રીહરિ તે બધાનું કારણ છે. ૩૭. આ શ્રીહરિનાં ઐશ્વર્યનો કોઈ પાર પામતું નથી. તે બાબતમાં તો અક્ષર જેવા પણ મૂંઝાય છે, તેટલું તેમનું ઐશ્વર્ય અપાર છે. ૩૮. જે લોકો આ શ્રીહરિ કરતાં પણ પોતાને કે બીજાને જેટલા અધિક માને તે બધા તો દુર્બુદ્ધિ છે, પશુબુદ્ધિ છે અને બાળબુદ્ધિ છે. ૩૯. તેવા લોકો પોતાનું પેટ ભરવા માટે અનંત પ્રકારના પ્રપંચો કરે છે, અને જ્યાં ત્યાં ભટકતા રહે છે, તોપણ તેને પેટ ભરવાનું કઠણ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સવારી સાથે બજારમાં ચાલી રહેલા શ્રીહરિની બાબતમાં પરસ્પર સ્ત્રીઓની વાતો" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૧

શ્રીહરિ એરણ સાહેબને મુકામે પધાર્યા અને હેતથી મળ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતના રાજમાર્ગમાં ઊભેલી સ્ત્રીઓ પરસ્પર કહેતી હતી કે, આપણાં ભાગ્ય તો અપાર છે. આ શ્રીહરિ આપણને સંસારના દુ:ખથી પાર લઈ જવા અને દર્શન દેવા માટે પધાર્યા છે. ૨.

सोरठा : याके नेत्र तामें, अमृत अमृत अमृत भरे;
भाव करत हि यामें, ताकु यह अमृत कर ही...०३
त्रप्ति करत हि रहात, अनंत जन्म के पाप जेहि;
देत हि सद्य मिटात, ऐसे हे प्रताप हि यह...०४

આ શ્રીહરિના નેત્રોમાં એકલું અમૃત, અમૃત ને અમૃત જ ભર્યું છે. જે તેમના સ્વરૂપમાં પ્રેમભાવ કરે છે, તેને તેઓ અમૃતથી તૃપ્ત કરી દે છે. અને દર્શન કરનારાનાં અનંત જન્મનાં પાપને તત્કાળ ટાળી દે છે, આવો તેમનો પ્રતાપ છે. ૩-૪.

❋ જેને શ્રીહરિમાં ભાવ થાય તે કાળના મુખમાં જાય :

આ શ્રીહરિ ઉપર જે ભાવ નથી કરતા તેના જેવો કોઈ દુર્ભાગી નથી. આ શ્રીહરિના ઉપર ભાવ કરવો એટલું જ જીવને મનુષ્યશરીર મળ્યાનું શુભ ફળ છે. ૫. આ શ્રીહરિને છોડીને બીજા ઉપર કોઈ પુષ્કળ ભાવ કરે, તે ગમે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તેના જેવો બીજો કોઈ દુર્ભાગી નથી. ૬. જે કોઈ પણ સારી બાબત હોય તેનું એટલું જ શુભ ફળ છે કે, શ્રીહરિ ઉપર શુદ્ધભાવ કરવો. આમના સ્વરૂપમાં જ્યાં સુધી જે લોકો ભાવ નથી કરતા, ત્યાં સુધી તે બ્રહ્મા કરતાં પણ મોટા હોય, તોપણ તે કાળના મુખમાં પડ્યા છે. કદાચ બ્રહ્માનાં જેટલું આયુષ્ય મળ્યું હોય, તોપણ તે કાળનું ચવાણું જ છે. ૭-૮.

આ શ્રીહરિ ઉપર જેટલો ભાવ કરાય છે, તેટલા તે કાળના મુખથી છૂટે છે. જ્યાં સુધી આ શ્રીહરિના સ્વરૂપમાં ભાવ નથી કરતા, ત્યાં સુધી

તે કાળના મુખમાં રહ્યા છે. ૯. તે રાત-દિવસ અનેક કલ્પો સુધી કાળના મોઢામાં ચવાયા કરે છે, પણ તેનો પાર આવતો નથી. અપાર વેદ તથા પુરાણોને કોઈ વારંવાર વાંચે કે સાંભળે, તે બધાંનું ફળ એટલું જ છે કે, આ શ્રીહરિના સ્વરૂપમાં દૃઢ પ્રેમભાવ કરવો. જ્યાં સુધી શ્રીહરિ ઉપર પ્રેમભાવ નથી કરતા, ત્યાં સુધી તે ગમે તેવો હોય, તોપણ તે અંધમાં જ ખપે છે.' ૧૦-૧૧. માર્ગ ઉપર ઊભેલી સ્ત્રીઓ ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરતી હતી, ત્યારે શ્રીહરિ તે માર્ગ ઉપર ચાલ્યા જતા હતા. પછી જ્યાં સાહેબનો બંગલો હતો ત્યાં શ્રીહરિ આવ્યા. ૧૨.

જ્યારે શ્રીહરિ એકદમ સમીપે આવ્યા ત્યારે તેમને દેખીને એરણ સાહેબ તત્કાળ સામે આવ્યા. ૧૩. સાહેબે માથા ઉપરની ટોપી ઉતારીને હાથમાં લીધી. કારણ કે, તેઓ શ્રીહરિની ઘણી મોટપને જાણતા હતા. પછી સામે આવીને શ્રીહરિને ભેટ્યા. ૧૪. અરધી ઘડી સુધી તો શ્રીહરિને ભેટતા રહ્યા. ત્યારે હેતથી આંખોમાં પાણી ભરાઈ આવ્યું. ૧૫. પછી તે એરણ સાહેબે પોતાના હાથમાં શ્રીહરિનો હાથ લીધો, અને બંગલા ઉપર જવા ચાલ્યા. ૧૬. ત્યાં સહુથી શ્રેષ્ઠ જે ખુરશી હતી તેના ઉપર શ્રીહરિને અતિશય પ્રેમભાવથી બેસાડ્યા, અને બીજી ખુરશી ઉપર પોતે બેઠા. ૧૭. પછી તેમણે મુનિબાવા, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને શ્રીહરિની પાસે બોલાવ્યા. ૧૮. દાદા ખાચર, સુરા ખાચર - એ બંનેને ચોપદાર કુબેરસિંહ શ્રીહરિની પાસે લઈ ગયા. ૧૯.

ત્યારે સાહેબે કહ્યું કે, "આ બંને કોણ છે ?" ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "આ બધા કાઠી લોક કહેવાય છે. આમનો ઘણો મોટો દેશ છે. ૨૦. આ ગઢપુર ગામમાં રહે છે. તેના દરબારમાં અમે રહીએ છીએ. તેમનું નામ દાદા ખાચર છે. તેમને તથા તેમના સંબંધીઓને જે દિવસથી અમારો યોગ થયો છે, તે દિવસથી તે સહુએ અનીતિનો માર્ગ છોડી દીધો છે, અને નીતિના માર્ગ ઉપર ચાલે છે. ૨૧-૨૨.

ખુમાણ અને વાળા આના ભાઈઓ છે. તેમના પણ ઘણા ગામ છે. તે સહુમાં જેને અમારા સંતોનો યોગ થયો છે તે દિવસથી તેમાં જેટલા બુદ્ધિવાળા

હતા તે બધા સત્સંગી થયા છે. તે બધાને જ્યારે અનીતિમાં દુઃખ દેખાયું ત્યારે તે નીતિને માર્ગે ચાલવા લાગ્યા છે. ૨૩-૨૪. તેમાં ભણેલા તો કેટલાક જ છે. પણ સહુ રોજ સ્નાન કરે છે અને બધા સવારમાં દેવની સેવા-પૂજા કરે છે. ૨૫. ભગવાનની મૂર્તિને પોતાના અંતર સન્મુખ દેખીને બધા માનસી પૂજા કરે છે, આવા તે ઉત્તમ હરિભક્તો છે." ૨૬. ત્યારે સાહેબ બોલ્યા કે, "અહીંના મોટા મોટા રાજાઓની આગળ ભલે અમે કાંઈ ગણતરીમાં નથી. પરંતુ અમે તો નીતિને ઈષ્ટ માની છે. ૨૭. તે નીતિએ કરીને અમે તે રાજા કરતાં પણ અપાર સુખને પામ્યા છીએ, તે પ્રગટ દેખાય છે. ૨૮.

❋ ભગવાન જેમ સંકલ્પ કરે તેમ થાય :

चोपाई :

ब्रह्मांडहु के करता जेहा, ईश्वर कोउ सत्य रहे तेहा;
सत्य संकल्प रहेउ ताके, संकल्प जिमि करत हे वाके...२९
जो जो रचना रहेउ जेती, होवत रहे तिस रीत तेती;
सुनने देखे आवत जितना, ईश्वर के संकल्प रहे तितना...३०
शुभ बात रहाये जो जितनी, ईश्वर के संकल्प कि तितनी;
अशुभ बात जितनी जाही, ईश्वर बिन ओर कि रहे ताही...३१

આ સમગ્ર બ્રહ્માંડના કર્તા જે કોઈ પરમેશ્વર છે, તે સત્ય છે. તે પરમેશ્વર સત્ય સંકલ્પ છે. તેથી તે જેવા સંકલ્પ કરે છે તેવી રીતે આ બધી જગતની રચના થાય છે. જેટલું કાંઈ દેખવા-સાંભળવામાં આવે છે તે બધું પરમેશ્વરના સંકલ્પને લીધે છે. ૨૯-૩૦. જેટલી શુભ બાબત છે તે બધી પરમેશ્વરના સંકલ્પથી થઈ છે, અને જેટલી અશુભ બાબત છે તે પરમેશ્વર સિવાય કોઈ અન્યની છે. ૩૧. તે બધી અશુભ બાબત દુઃખયુક્ત છે, અને દુઃખનું ફળ પણ દુઃખમય રહ્યું છે.

જે રાજાઓ અનીતિને માર્ગે ચાલે છે તેનું રાજ્ય નીતિને માર્ગે ચાલનારાના કબજામાં આવી જાય છે. ૩૨. નીતિમાં અનીતિ કરતાં ઘણું વધારે સામર્થ્ય રહ્યું છે. જે અનીતિને માર્ગે ચાલે છે તેની અપકીર્તિરૂપ વાતો માણસે માણસે થતી હોય છે, છતાં પણ તે લોકો અનીતિને છોડતા

નથી. જે અનીતિ છે તે રાજાની બધી રાજ્યસમૃદ્ધિનો નાશ કરે છે. ૩૩-૩૪. ઈન્દ્ર જેવા કોઈ રાજા હોય તે પણ જો અનીતિને માર્ગે ચાલે, તો તરત રાજ્યથી ભ્રષ્ટ થઈ જાય છે, એવું શાસ્ત્રમાં સંભળાય છે. તો પછી બીજા રાજાઓની તો શી ગણતી ? જે અનીતિને માર્ગે ચાલે છે તે અધોગતિને પામે છે. અમારા જેટલા અંગ્રેજ સાહેબો છે તે બધા અનીતિથી ખૂબ ડરે છે. ૩૫-૩૬.

લોભ જ અનીતિને માર્ગે ચલાવે છે અને તે લોભ નીતિનો નાશ કરે છે. જ્યારે નીતિનો નાશ થાય છે, ત્યારે ત્યાં લોભ નિવાસ કરીને રહે છે. ૩૭. પછી તે લોભી જેમાંથી વધારે ધન મળે તેનું ચલણ રાખે છે, અને જેનાથી વધારે ધન ન મળે તેનું ચલણ રાખતા નથી. ૩૮. જ્યારે લોભ આવીને નિવાસ કરે છે ત્યારે ધન આપ્યા સિવાય ક્યારેય કોઈ ફરિયાદને પણ સાંભળતું નથી. જે રાજા બધી પ્રજાને જકાત તથા વેઠમાં ન પીડે ત્યાં સુધી તે પ્રજા તે રાજાને ચાહે છે." ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબને મુકામે પધાર્યા અને હેતથી મળ્યા" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૨

શ્રીહરિએ એરણ સાહેબની આગળ પ્રજાનાં સુખની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. એરણ સાહેબની બધી વાત સાંભળ્યા પછી શ્રીહરિએ તેમના પ્રત્યે જે કહ્યું તે હવે હું કહું છું. ૨. શ્રીહરિ બોલ્યા કે, "સાહેબ, જે દિવસથી તમારું રાજ્ય થયું છે તે દિવસથી પ્રજાનું અપાર દુઃખ નાશ પામ્યું છે. ૩. પ્રજાને અત્યારે જે અપાર સુખ થયું છે, તે આવું સુખ સત્યયુગમાં પણ સાંભળ્યું ન હતું. ૪.

સન્માર્ગ છોડીને જે અનીતિને માર્ગે ચાલે છે તે લોકો છળ, કપટ અને દગાથી પોતાના પરિવારનું પોષણ કરે છે. ૫. તેઓ જેને દેખે તેને જાહેરમાં જ લૂંટી લે, અને ગુપ્ત રીતે લૂંટી લે છે, તેનો તો કોઈ પાર ન હતો. હવે તે બધા લોકોને ન કહી શકાય તેટલું અપાર દુઃખ થયું છે. ૬. તે તે રાજાઓનું લશ્કર પોતાના જ દેશમાં વરસો વરસ ફરતું રહેતું. તે જ્યાં અનાજ કે ઘાસને દેખતા, ત્યાં પ્રજાના ઘરમાંથી લઈ જતા હતા. પ્રજાથી કાંઈ બોલી શકાતું નહીં. પ્રજાને અપાર દુઃખ હતું. વળી તે દુઃખમાં કોઈ રક્ષક પણ હતા નહીં. ૭-૮. આ બ્રહ્માંડના પરમેશ્વર અંતર્યામી છે. તેમણે પ્રજાનું આ ભારે દુઃખ જોયું. અને ભૂમિ ઉપર તેના કોઈ રક્ષકને પણ દેખ્યો નહીં. ૯. ત્યારે પ્રજાનાં તે દુઃખને ટાળવા માટે આ બ્રહ્માંડના પરમેશ્વરે તમારા ઉપર ખૂબ રાજી થઈને તમને શુભ બુદ્ધિ પ્રેરી છે. ૧૦.

સત્ય અને અસત્યની જેવી રીત હતી તે બધી રીત તમારી બુદ્ધિમાં ઠેરાવી છે. જ્યારે પાંચ જણની સમજણ એકસરખી મળતી આવે, ત્યારે જે સાચી અને ખોટી વાત હોય છે, તે સમજાઈ છે. ૧૧. પછી તેમાંથી સત્ય બાબતને સાચી રીતે સ્વીકારવામાં આવે છે. અને જે ખોટી વાત હોય છે તેને યોગ્ય રીતે ઘટાડવામાં આવે છે. તે પરમેશ્વરને જેવું રુચે છે તેવી પ્રેરણા તેઓ તમને આપે છે. ૧૨. તમે લોકો શુભ કાયદાને છોડીને ચાલનારા માણસને તથા જેવી અનીતિ જે માણસ કરે છે, તેના તેવા પ્રકારને જોઈ-વિચારીને તેવો દંડ દેવાનો નિર્ણય કરો છે. અને તે પણ કોઈ એક માણસની બુદ્ધિથી તેનો નિરધાર કરતા નથી. તે અંગેના દસ-વીશ જણને પૂછીને દંડનો વિચાર કરો છો. ૧૩-૧૪.

એકથી લઈને અનંત બાબત સુધી કોઈ એક વ્યક્તિની બુદ્ધિથી જ ક્યારેય કોઈનો નિર્ણય કરતા નથી, પણ તે બાબતે મનમાં ડર રાખો છો. ૧૫. જે નિર્દોષ હોય, પણ કોઈ બાબતના મમત્વને લીધે જે ગુનામાં હોય, તે જૂઠા સાક્ષી ઊભા કરે છે, ત્યારે તે સાચા કે ખોટા સાક્ષીને ઓળખવા તે કામ ઘણું કઠણ હોય છે. તે ઓળખવાની અપાર કળાઓને તમે જાણો છો. અને કોણ દોષિત છે અને કોણ નિર્દોષ છે, તે કળાઓએ કરીને તમે નિર્ધારિત કરો છો. ૧૬-૧૭.

જે કોઈ પણ બાબત હોય તેમાં તમે ઈશ્વરનો ડર રાખો છો. આવી જ રીતે જ્યાં સુધી તમે ઈશ્વરનો જેટલો ડર રાખશો, ત્યાં સુધી તે અંતર્યામી ઈશ્વરની શક્તિનો પ્રગટ નિવાસ તમારામાં પ્રકાશ કરતો રહેશે. જે બાબત જેવી હોય છે તે તેનાં લક્ષણે કરીને પ્રત્યક્ષ દેખવામાં આવે છે. તે દેખવામાં કોઈ ફરક રહેતો નથી.

❋ લોભાદિકની દુષ્ટતા :

જ્યાં સુધી સત્કીર્તિનો લોભ રહેશે અને તમારામાં પરસ્પર હેત રહેશે, ત્યાં સુધી તમારું રાજ્ય દિવસે દિવસે અધિક વૃદ્ધિ પામતું રહેશે, અને ત્યાં સુધી તમારી શુભ કીર્તિ વૃદ્ધિ પામતી દેખાશે. પણ જ્યારે તમારા લોકો ધનના લોભને માર્ગે ચડી જશે ત્યારે તે લોભ એક-એકના અંતરમાં એકતા રહેવા દેશે નહીં. કેમ જે, જ્યાં લોભ હોય છે ત્યાં એકબીજાનો વિશ્વાસ રહેતો નથી. તે અમે તપાસ કરીને કહીએ છીએ. ૧૮-૨૨. જ્યાં લોભ આવે છે ત્યાં દગો, હત્યા, છળ અને કપટ બધું આવે છે. જેમ વાંસના વનમાં પવનને લીધે પરસ્પર ઘસાઈને તે વાંસ સળગે છે અને તેનો અગ્નિથી નાશ થાય છે, પણ અગ્નિ સિવાય બીજો કોઈ તેનો નાશ કરી શકતો નથી. તેમ આ લોભ છે તે અગ્નિના જેવો પરસ્પર નાશ કરાવનારો છે. અમને જેવું દેખાયું તે તમોને કહ્યું છે. ૨૩-૨૪.

❋ લોભ, કામાદિકની વાસના હટે તો જ દુઃખ મટે :

જેમ અમૃતમાં ભળેલું ઝેર તેને ઝેર બનાવી દે છે, તેમ અમૃત જેવી શુભ રીત હોય છે તેમાં જો લોભ ભળે, તો તે ઝેર જેવી થઈ જાય છે. ૨૫. માતા, પિતા, બંધુ, સ્ત્રી તથા પુત્ર, તેના સમાન બીજું કોઈ અતિશય વહાલું હોતું નથી, પણ જ્યારે કોઈના જીવમાં લોભ પ્રવેશ કરે છે ત્યારે તે સંબંધ રહેતો નથી. લોભ ક્યારેય કોઈની મહોબત રાખતો નથી. ૨૬-૨૭. લોભ અને ક્રોધ - એ બંને પ્રત્યક્ષ વિરોધ કરે છે, અને જે કામ છે તે છાનો પ્રબળ શત્રુ છે. ૨૮. સાવકી મા, બહેન, કાકી, મામી, ફઈ, ભાભી તથા પુત્રવધૂ, એ બધી પોતાના સંબંધવાળી સ્ત્રીઓનો પણ જો એકાંતમાં પ્રસંગ થાય, અને જ્યારે કામ પ્રવેશ કરે ત્યારે પરસ્પર

કામીઓને લાજ-શરમ રહેતી નથી. જ્યારે ભેળા બેસવા કે ચાલવામાં વિશ્વાસ કરવામાં આવે છે ત્યારે બુદ્ધિ બગડ્યા સિવાય રહેતી નથી. ૨૯-૩૦. દારૂ અને અગ્નિ જ્યારે સાથે રહે છે ત્યારે તે દારૂ સળગ્યા વિના રહેતો નથી. આમ સમજીને અને તે બાબત ભાગવત તથા ગીતામાં જોઈને, અમે અમારા ત્યાગી શિષ્યોને દેવતાની પ્રતિમા સિવાય, જે કોઈ પણ નારી નામથી કહેવાતી હોય તેનો ત્યાગ કરાવ્યો છે. ૩૧-૩૨. જેટલો નારીનો સંસર્ગ છે તેનો ત્યાગ કરાવીને અમે ચલાવીએ છીએ.

બ્રહ્માના જેવું કોઈ મોટું નથી. તેઓ નારાયણના નાભિકમળમાંથી જન્મ્યા છે. તેને ચાર મુખ છે અને તેમણે ચાર મુખથી સહુ પહેલા ચાર વેદને પ્રગટ કર્યા છે. ૩૩-૩૪. ભગવાન નારાયણે જેવી પ્રેરણા કરી તે રીતે બ્રહ્માના અંતરમાંથી ચાર વર્ણ અને ચાર આશ્રમનો વેદરૂપે યોગ્ય વિચાર બહાર આવ્યો. ૩૫. તેનાથી વેદરૂપ એક નારાયણ જે કહેવાય છે, તેમણે મનુષ્યની જાતિ કહેવાય છે તેને ચાલવાનો ધર્મ-મર્યાદારૂપી માર્ગ બાંધ્યો. ૩૬. તેથી તે માર્ગને છોડીને જે ચાલે છે તે સહુને દેખ્યામાં આવે છે. વળી, ધર્મના માર્ગ ઉપર જે નથી ચાલતા તેને માટે દંડ પણ કહ્યો છે. ૩૭. દંડના ભય વિના દેવ, ઋષિ અને મનુષ્ય સુધી કોઈ ધર્મમાર્ગે ચાલતા નથી, અને તેટલા માટે જ દંડ કર્યો છે. ૩૮. જેમ રાજાના માર્ગે ચાલવા માટે સુંદર નીતિ શાસ્ત્ર કર્યું છે, જેનાથી રાજાની કીર્તિ થાય છે. ૩૯. જે રાજા નીતિને ન ભણ્યો હોય તો તેની કીર્તિ થાતી નથી, અને નીતિ ભણ્યા વગરનો રાજા તો અંધ કહેવાય છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ એરણ સાહેબની આગળ પ્રજાનાં સુખની વાત કહી" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૩

એરણ સાહેબે શ્રીહરિની પૂજા કરી અને પોતાના વિચાર રજૂ કર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. આગળ કહ્યા પ્રમાણે શ્રીહરિનાં રસભર્યાં વચન સાંભળીને એરણ સાહેબે તેમની પૂજા કરી, અને તે વખતે તેમણે એક સારી શાલ ઓઢાડી. ૨. તેમણે એક સારો ગુલાબના ફૂલનો હાર લઈને ઘણા ભાવથી શ્રીહરિને પહેરાવ્યો. પછી તે સાહેબે કહ્યું કે, “અમારા સરખું કાંઈ કામ હોય તો તમે કહેજો. હવે હું તમને એક પત્ર લખી આપું છું. ૩-૪. આ દેશમાં જે મોટા મોટા અંગ્રેજ સાહેબો છે, તે આપના ધર્મની રીત જોઈને આપના ઉપર ઘણો પ્રેમ રાખે છે. ૫. જે સારા સારા સાહેબો છે તેમને તમારી રીત ગમે છે. જો તેઓ આવી સુરીતિને સમજી શકે નહિ, તો તેમને આવો મોટો અધિકાર મળે નહીં. ૬. મારો આ પત્ર સાંભળીને બીજા સાહેબો તરત તમારું કામ કરશે. તેને જેવો અધિકાર હશે તેવું તે તમારું કામ કરશે. ૭. કારણ કે, તે પોતપોતાના કામના અધિકારી હોય છે. સહુના કાયદાઓ જુદા જુદા હોય છે, તેમાં તે સાવધાન રહેતા હોય છે. ૮.

મુંબઈના જે જનરલ ગર્વનર હોય છે તે જેટલો મુંબઈ પ્રદેશ અને શહેર હોય છે, તે બધાના મોટા સાહેબ હોય છે. ૯. જે ગર્વનર જનરલ હોય છે, તે તેનાથી ઉપરના ઘણા નિપુણ જનરલ અધિકારી હોય તેને આધીન વર્તતા હોય છે, પણ કોઈનું વર્તન સ્વતંત્ર હોતું નથી. ૧૦. જે જનરલ થયા હોય છે તેમને પછી બઢતી મળે છે, અને તેનો અધિકાર ત્રણ વરસ રહે છે. તે જનરલથી મોટા અધિકારીનું કોઈ સ્થાન ખાલી હોય તો તે તેને મળે છે. પછી તે અધિકાર પદ ઉપર તે રહે છે. જો કોઈ સ્થાન ખાલી ન હોય તો તે ઉચ્ચ અધિકારી પોતાને ઘેર નિવૃત્તિ પર રહે છે. તેમાં તે જીવે ત્યાં સુધી તેને અરધો પગાર મળતો રહે છે. ૧૧-૧૨.

જેવી રીતે મોક્ષનો માર્ગ રહ્યો છે તેવી રીતે બરાબર દેખી દેખીને આપ ચાલો છો. વળી, આપ અગણિત શિષ્યોને પણ મોક્ષને માર્ગે ચલાવો છો.

તેથી તેમની અપાર કીર્તિ આ બ્રહ્માંડમાં ભરી રહે છે, તેને બુદ્ધિનો ગમાર માણસ દેખતો નથી. ૧૩-૧૪. આપના મત સિવાયના બીજા જે મત છે તે વિષયમાં તલ્લીન રહેતા હોય છે, તે અમને દેખાઈ આવે છે. ૧૫. તે મતપંથીઓની જેટલી વાત હોય છે, તે બધી નારીને રીઝવવાની જ હોય છે. તે સ્ત્રીને માતા કહે છે, પણ તેને જ ખુશ કરવાનું તાન રાખે છે. ૧૬. જ્યાં સુધી નારીને રીઝવવાનું તાન હોય છે ત્યાં સુધી મોક્ષ થવો કઠણ છે. શરીર ઉપર રાખ ચોળે તેનાંથી શું ? કેટલાક નગ્ન ફરતા હોય છે, કેટલાક મૌનવ્રત રાખે છે. કેટલાક તીર્થ તથા વ્રત કરતા રહે છે, કેટલાક યોગ સાધતા હોય છે, પણ જ્યાં સુધી ભગવાન સિવાય બીજામાં પ્રીતિ રહે છે ત્યાં સુધી તેના કરેલાં બધાં જ સાધન નિરર્થક થાય છે, એમ આપ કહો છો. આ રીતે આપનો મત સત્ય છે અને તેની સમક્ષ બીજાનો મત અસત્ય દેખાય છે. ૧૭-૧૯.

❋ આપણો સંપ્રદાય અને અન્ય મતનો તફાવત :

આપનો મત અને બીજાના મતોની રીતને જો દેખવામાં આવે, તો બીજા ઘણા મતમાં લોકોને દેખાડવાનું તાન વિશેષ રહે છે. ૨૦. બીજાને તો સાધનોનું ફળ લોકો માને-પૂજે એટલું જ હોય છે, એવું દેખ્યામાં આવે છે. આપના મતના જેટલા ત્યાગી છે, તથા જે બાઈ-ભાઈ ગૃહસ્થ છે તે બધાંને ભગવાનને રીઝવવાનું જ તાન હોય છે, તેમ અમે જાણીએ છીએ. જેટલામાં આપનો સત્સંગ છે ત્યાં હું ઘણા વરસ રહ્યો છું. તેથી તમારા આશ્રિતોને જેનું જેવું ચલણ, કહેતાં ધર્મ હોય તે પ્રમાણે વર્તન કરતા મેં દેખ્યા છે. જે માતાજીને માનનારા હોય છે તેમાં બ્રાહ્મણ સુધીનાને પણ અમે દેખ્યા છે. ૨૧-૨૩.

જે લોકો માંસ અને મદિરાને ખાય-પીવે છે તેને અમે નામ સહિત જાણીએ છીએ. ધોળકા ગામમાં એક બ્રાહ્મણના ઘરમાંથી કેટલુંયે માંસ નીકળ્યું હતું. તેથી આ ચોક્કસ કરેલી વાત છે. ત્યાંના કોઈ પ્રસંગમાં ૧૮ મણ જેટલાં માંસને જમનારા પણ હતા. ૨૪-૨૫. બધી નાત આવી હોય ત્યારે

તેઓ આટલું કરતા હોય છે. અને તે ભેળું કરેલું માંસ, તેમનું જેવું ચલણ હોય તે કહી દે છે. ૨૬. આ ભરતખંડમાં જે ઉત્તમ જાતિના મનુષ્યો છે, તે (દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારરૂપ) ચાર બાબતને અયોગ્ય જાણીને અપનાવતા નથી. કેમ જે, જે ઉત્તમ જાતિના મનુષ્ય છે તેને જો આ અયોગ્ય બાબત છે તેમ સમજ્યામાં આવી જાય, તો તે તેનો મનમાં સંકલ્પ પણ કરતા નથી. ૨૭-૨૮.

ગમે તેવું સારું અન્ન હોય, પણ તેનો મળ કે ઉલટી થઈ ગયા પછી તેમાં બ્રાહ્મણથી લઈને ચંડાળ સુધીના મનુષ્ય જાતિમાત્રને આંખ, કાન કે જીભ દ્વારા જરા પણ રુચિ થાતી નથી. તે વસ્તુનો સહજ રીતે જ ત્યાગ થઈ જાય છે. કેમ જે, જેમાં કાંઈ જ સાર ન દેખાય તેને લેવાનો મનમાં સંકલ્પ પણ થાતો નથી. મનુષ્ય પોતાના અતિશય રૂપાળા અને વહાલા માણસને એક પળવાર પણ દૂર કરતો નથી, ૨૯-૩૧. પણ તે વહાલા માણસના મળને કોઈ ગ્રહણ કરતા નથી. કારણ કે, તેમાં સાર મનાતો નથી. ભગવાન સિવાય જેમાં સાર મનાય છે તે બધી વસ્તુ કે વ્યક્તિ છેવટે તો દુઃખદાયક જ છે. ૩૨. કેટલાક તો પોતાના પ્રિયનો જ્યારે વિયોગ થાય છે ત્યારે તેની પાછળ મરી પણ જાય છે. પણ મનુષ્યને જેમાં જેટલું સુખ મનાય છે, તેમાં તેનાથી કરોડગણું દુઃખ ક્યારેય થયા વિના રહેતું નથી. કારણ કે, તે દુઃખને માર્ગે ચાલ્યા છે. જેમાંથી ક્યારેય દુઃખ ન આવે અને સુખ જ રહે એવી જે સમજણ હોય છે, તે જ સાચી સમજણ કહેવાય છે. અને જેનાથી દુઃખ થાય છે તે સમજણ ખોટી હોય છે.

હે હરિ ! આપના યોગે કરીને હું આવું સમજું છું. ૩૩-૩૫. જેમાં ઘણા દોષ રહ્યા હોય તેનો અમે બહુ વિચાર કરતા નથી. પણ આપ તો જેમાં દોષ દેખો છો તેનો તત્કાળ ત્યાગ કરી દો છો. ૩૬. એટલા તમે અમારા કરતાં અધિક રહ્યા છો. આપ સુખના માર્ગને જોઈને તેના ઉપર ચાલો છો. આપ સિવાય બીજા કોઈ એવા નથી. ૩૭. આપની અને બીજાની સમજણમાં પૂર્વ-પશ્ચિમ જેટલો ઘણો ફરક છે. હવે હું તેની રીત કહું છું. ૩૮.

આપની જેટલી સમજણ છે તે સત્ય, સત્ય અને સત્યરૂપ જ છે. અને બીજાની જે સમજણ છે તે મોટેભાગે અતિશય મિથ્યા રહી છે. ૩૯. જેટલી વાતોમાં ભગવાન તરફ ગતિ કરવાની દોડ હોય, અને જે કપટરહિત સન્માર્ગ હોય એવી વાતો બ્રહ્માંડમાં સહુથી અધિક છે." ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "એરણ સાહેબે શ્રીહરિની પૂજા કરી અને પોતાના વિચાર રજૂ કર્યા" એ નામે તોતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૪

શ્રીહરિએ તત્કાલીન અંગ્રેજ સત્તાની રીત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. એરણ સાહેબે શ્રીહરિના પ્રત્યે જે વાત કહી હતી તે વાતને હવે કહું છું. કહ્યા સિવાય તે કાંઈ જણાતું નથી. ૨. સાહેબે કહ્યું કે, "આપની જેટલી બાબત છે, તેની રીતને સમજનારા બધા મોટા સાહેબ લોકો, તેને પૂરેપૂરી માન્ય કરે છે. ૩. વાતની જેવી રીત હોય તેમાં જે સમજતા ન હોય તેવા લોકો વગર સમજે ગમે તેમ બોલતા હોય છે. જે કોઈ પણ વાત કરવી હોય, તેમાં રતીભાર પણ બાધ ન આવે એવી વાત આપ કરો છો, પણ તે સત્ય વાતને દેખીને કેટલાકને તે રુચતી નથી. ૪-૫. જે અસત્ માર્ગ હોય છે તેની વાતો પણ અસત્ હોય છે. તેવા અસત્ સંત, અસત્ ગુરુ, અસત્ દેવ, તેમને માનનારા અસત્ રાજા અને એમણે માનેલા અસચ્છાસ્ત્રોનાં વચનો પણ મિથ્યા હોય છે. કેટલાક તો ખોટા ભગવાન બની બેસે છે. લોકો ખોટાને દેખે છે, છતાં આવા ખોટા વિપ્રોને તથા બીજી ખોટી બાબતોને માને છે. તેથી તે ખોટા હોવા છતાં સત્ય થઈને મનાય છે. ૬-૭.

પરંતુ જ્યાં સત્ય હોય છે ત્યાં જરૂર અસત્યનું માન રહેતું નથી, એમાં કાંઈ ખોટું નથી. જ્યારે સત્યની જગ્યાએ અસત્યનું જ ચલણ

એક રીતનું રહેતું હોય, તો ત્યાં સત્યનું કાંઈ કામ રહેતું નથી. આમ જે બુદ્ધિશાળી હોય છે તે તપાસે છે. સત્ય અને અસત્યને જાણવું તે બુદ્ધિનું કામ છે. ૮-૯. જે લોકો સત્ય અને અસત્યને એક કરીને કહે છે તે બુદ્ધિહીન અવિવેકી છે. હાથી અને ગધેડાને જે એક કહે છે, તે તો સન્નિપાતના રોગીમાં ખપે છે. ૧૦.

જે મનુષ્ય પોતાની મા અને પત્નીને એકસમાન જાણતો હોય, તો તે મનુષ્ય અને પશુમાં રતીભાર પણ ફરક ન માનવો. ૧૧. મહારાજ ! અમારા રાજ્યની અને બીજા બધા રાજાઓની રીતને આપ જાણો જ છો, અને જેવું જાણો છો તેવું બોલો છો. જીવોને સત્ય ઓળખાવવા માટે આપે જન્મ લીધો છે. ૧૨. અમે આપની પ્રતીતિ રાખીએ છીએ. અને અમને આપનો વિશ્વાસ છે. આપને અસત્ય રુચતું નથી અને સત્ય ઉપર પ્રેમ રાખો છો. ૧૩. પ્રત્યક્ષ પરમેશ્વર આપમાં નિવાસ કરીને રહ્યા છે. આ બધા ત્યાગી અને ગૃહસ્થો આપ જેમ કહો તેમ અતિશય ભાવથી આપના વચનમાં ચાલે છે. આપના આશ્રિતોમાં જે નિષ્કપટ હશે તે બધા પાર પડશે. ૧૪-૧૫. જો કોઈ કપટ રાખતું હોય, તો તે દેખાયા સિવાય રહેતું નથી. ચાહે તેટલું છુપાવે તોપણ તે વચનમાં દેખાઈ આવે છે. ૧૬. જેને અસત્ય વાત ગમતી હોય તે આપને અસત્ય કહે છે, અને જેને સત્ય રુચે છે તેને આપ સત્ય દેખાઓ છો. ૧૭.

આ ભૂમિ ઉપર સાચા અને ખોટા, એ બંને પ્રકારના મનુષ્ય ચોક્કસ રહે છે. અને તેવા ગુરુ અને ગ્રંથો પણ રહ્યા છે, તે આચરણ ઉપરથી દેખાય છે. ૧૮. કાયદો, નિયમ અને વેદ - એ ત્રણેનો સિદ્ધાંત એક જ છે. જેટલી પ્રકારનો ધર્મ હોય તે બધો કાયદો, નિયમ અને વેદમાં આવી જાય છે. ૧૯. હિંદુના જેવા કાયદા હોય છે તે પ્રમાણે હિંદુ જ્યારે ચાલે ત્યારે તેને હિંદુ કહેવાય છે, અને તેને જ પ્રમાણ કરવામાં આવે છે. ૨૦. **જે જેટલો જેની મર્યાદામાં રહે છે તે તેમાં તેટલો મોટો કહેવાય છે.** જે મનુષ્ય જેટલો કાયદાનો લોપ કરે છે તે ગમે તેવો મોટો હોય, તોપણ તેની તપાસ કરીને તેના દોષ પ્રમાણે તેનું તેટલું પ્રાયશ્ચિત કરાવવામાં આવે, ત્યારે જ પોતાના

સમાજની પંગતમાં તે બેસી શકે, એવો પ્રબંધ હોય તો ફરીને ક્યારેય તે કાયદાનો લોપ કરે નહીં. ૨૧-૨૨.

જે સંપ્રદાયમાં ધર્મનો લોપ કરે છતાં તેને જો કોઈ કાંઈ કહે નહિ, તો તે સંપ્રદાયમાં ધર્મ રહેતો નથી. અને ધર્મ ગયા પછી તો તે સંપ્રદાય શબની ગણતરીમાં આવે છે. ૨૩. સૂર્ય અસ્ત થયા પછી જેમ અંધારું રહે, તેમ ધર્મ ગયા પછી સંપ્રદાયમાં દુઃખરૂપી અંધારું જ રહે છે. જે રાજા પોતાના ધર્મનો જેટલો ત્યાગ કરે છે તેટલો તેનો નાશ થાય છે. કારણ કે, રાજ્યનું મૂળ ધર્મ છે. જ્યારે મૂળનો નાશ થાય ત્યારે ઇન્દ્રના જેવું રાજ્ય હોય, તોપણ તેનો વિનાશ થઈ જાય છે. ૨૪-૨૫. તો પછી ધર્મ વગરના બીજા રાજાઓની તો શું ગણતરી ? ધર્મ વિનાનાં જેટલાં રાજ્ય છે તે બધાં મૂળ વગરનાં છે." ૨૬. જ્યારે એરણ સાહેબ આટલું બોલ્યા ત્યારે સાહેબની મરજી જોઈને શ્રીહરિ બોલ્યા કે, "જેટલા મોટા સાહેબો છે તે બધા ગુણગ્રાહક છે. ૨૭.

❋ હેત વધારે તે વાત અમૃતથી પણ અધિક છે :

सोरठा : प्रिय लगत जेहि बात, अंतर बात देख जिमि;
तिमि यह तेहि कहात, हित बिन कहे विनाश होत...२८

चोपाई :

अधिक अधिक हित करन हि हीता, बात के फल यह ईतना रहीता;
प्रिति करत तेहि बात जेती, अमृत से अधिक प्रिय तेती...२९

एसि बात सो बात कहाते, ऐसे ग्रंथ सो ग्रंथ रहाते;
ऐसे राज्य सो राज्य कहाता, ऐसे गुरु सो गुरु रहाता...३०

જે વાત પ્રિય લાગતી હોય તે સામેનાના અંતરમાં જોઈને તે પ્રમાણે તેને કહેવાય. કારણ કે, હેત વિના વાત કહેવામાં આવે તો તેમાંથી વિનાશ થાય છે. ૨૮. વાત કરવાનું એટલું જ ફળ રહ્યું છે કે, વધારે ને વધારે હેત થાય. જેટલી વાત હેત ઉત્પન્ન કરતી હોય, તે બધી અમૃત કરતાં પણ અધિક પ્રિય લાગે છે. ૨૯. એવી હેત કરાવનારી જેટલી વાત હોય તે જ ખરી વાત કહેવાય છે. એવા સ્નેહ કરાવનારા જે ગ્રંથ હોય છે તે જ સાચા ગ્રંથ છે, અને હેત થાય એવું જે રાજ્ય હોય તે જ ખરું રાજ્ય કહેવાય. અને

એવા જે હેત ઉત્પન્ન કરનારા ગુરુ હોય તે ખરા ગુરુ કહેવાય. ૩૦. જ્યાં રાત-દિવસ ઉદ્વેગ રહે, અને જ્યાં ક્યારેય પળવાર પણ શાંતિ ન રહે; એવા રાજ્યને, જેમ રોગને કોઈ ન ચાહે તેમ કોઈ ચાહતું નથી. ૩૧.

જે ગુરુ થઈને શિષ્યની નારી સાથે વ્યભિચાર કરતા રહે, છતાં જે લોકો તેનું મમત્વ રાખીને તેમાં કલ્યાણ માને છે, તે બધાં નર-નારી શિષ્યો પશુ-પંખી જેવાં છે. ૩૨-૩૩. જેવું પશુ અને પંખીનું કલ્યાણ થાય છે, તેવું તે વ્યભિચારી ગુરુ અને શિષ્યનું કલ્યાણ થાય છે. તે તો જમપુરી અને લખચોરાશી જેવા ધામમાં વસે છે. ૩૪. જે રાજા જેટલો નીતિ ઉપર ચાલતો નથી, તથા દોષ વિના જ પ્રજાને દોષ દેખાડીને દુઃખી કરે છે, અને મનમાં ચાહે તેટલો કર લે છે, તો તે રાજાના રાજ્યનો વિનાશ થઈ જાય છે, તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી. તમે પેશ્વાને જોયા જ છે. તેની કેટલી બધી મોટાઈ હતી ? ૩૫-૩૬.

સાહેબ લોકો પણ તેને માન આપતા હતા. પેશ્વાના જેટલું કોઈની પાસે ધન ન હતું. જેટલા બીજા રાજાઓ હતા તે બધા તેને કર આપતા હતા, ૩૭. પણ જ્યારે તેણે ભગવાનરૂપ નીતિનો ત્યાગ કર્યો ત્યારે તત્કાળ જ તેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ. ૩૮. જેટલા સાહેબ લોકો છે તે સહુનું હિત ચાહે છે, પરંતુ તે હિતને જે સમજી શકતા નથી તેને ઘણું નુકશાન થાય છે. ૩૯. તમે લોકો અધિક સાવધાન રહો છો અને લેશમાત્ર પ્રમાદ રાખતા નથી. પ્રજાના ક્લેશોને સાંભળો છો અને તેની તપાસ કરો છો. માટે અત્યારે તમારું રાજ્ય દરેક બાબતમાં સૂર્યના જેવું રહ્યું છે." ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ તત્કાલીન અંગ્રેજ સત્તાની રીત કહી" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૫

શ્રીહરિએ સાહેબની આગળ નિષ્કપટ શુભ રીતથી જીવનો મોક્ષ કહ્યો

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. વળી શ્રીહરિએ તે અંગ્રેજ સાહેબના પ્રત્યે ફરીને કહ્યું કે, "જેમ પ્રજા સુખી થાય તેમ તમે કરો છો. ૨. જેના દિલમાં દયા નથી, તે લોકો પ્રજાને વારંવાર દુઃખી કરે છે, અને તે પ્રજાનું દુઃખ ટાળવા માટે તમારું રાજ્ય થયું છે. તેથી જેટલી અનીતિ ચાલતી હતી તે બધી છુપાઈ ગઈ છે. જ્યારે તમે નીતિમાન થયા છો, ત્યારે જે કાંઈ સુખ કહેવાય છે તે બધું તમારા રાજ્યમાં દેખાય છે, અને કોઈ જાતનું દુઃખ દેખાતું નથી. અત્યારે અનીતિવાળાને દુઃખ છે. ૩-૫. આ દેશના રાજાઓમાં જે હિંદુ કહેવાય છે તેમાં પૂર્વે સ્વાયંભુવ, મનુ આદિ રાજાઓ દૈવી સંપત્તિના થયા હતા. ૬. તેઓ શાસ્ત્રમાં જે રીતે લખ્યું છે તે રીતે બ્રાહ્મણોને માનતા હતા.

બારમલાર દેશમાં જે સૂર્યવંશી રાજાઓ થયા, તેના પેશ્વા વિપ્રો ગોર તરીકે હતા. પૂના શહેર, પૂના પ્રદેશ અને બીજા બધા જે શહેરો હતા, તે ગોર પેશ્વાને કૃષ્ણાર્પણ કર્યાં હતાં. તે સિવાયના બીજા પણ કેટલાક વિપ્ર હતા, તેમને કેટલાક રાજાઓએ ભૂમિદાન કર્યું હતું. ૭-૯. હાથી, અશ્વ તથા ગાયોનું દાન કર્યું હતું. ઘરેણાં, વસ્ત્ર અને સોનું વગેરેનાં અગણિત દાન કર્યાં હતાં. જેટલા હિંદુ રાજા હતા તે બ્રાહ્મણોને કાયમ જમાડતા હતા. ૧૦. હિંદુ સિવાયના જે રાજાઓ હતા તેણે બ્રાહ્મણો અને દેવતાઓની આજીવિકા બંધ કરી હતી, અને તેમાં તે દોષ માનતા નહીં. કેટલાક દૈવી રાજાઓ બ્રાહ્મણ અને દેવતાઓની આજીવિકા બંધ કરવામાં કીર્તિ દેખતા નહીં. ૧૧-૧૨. આ દુનિયામાં જે રાજ્ય પામે છે, તેનો કોઈ નિર્ધાર નથી. ગમે ત્યારે રાજ નાશ પામી જાય છે. છતાં જે તેનો નિર્ધાર કરે છે, તેને લગાર પણ બુદ્ધિ નથી. ૧૩.

અને એવા અનિર્ધારિત રાજ્યને માટે જ્યારે કરોડો કરોડો મનુષ્ય મરે છે ત્યારે રાજ્ય મળે છે. ૧૪. કેટલાક રાજાઓ અસંખ્ય કરોડો રૂપિયા

ખર્ચે છે, તોપણ તેને રાજ્ય મળ્યા સિવાયનું જ રહી જાય છે. ૧૫. કદાચ કોઈને તે ચક્રવર્તી રાજ્ય મળે છે, તોપણ તેને તે રાજ્ય કરવું સુગમ નથી. અને એમાંય જ્યારે પોતે જ મરી જાય તો પછી પાછળ શું રહે ? ૧૬. વળી ચક્રવર્તી રાજ્ય મળવું એ કાંઈ પોતાના હાથની વાત નથી. મનુષ્ય જાતિ જ એવી છે કે તે કરવાની વાત કરતી નથી. ૧૭. **જેને જેવા ગુરુ મળી જાય તેવી તેની બુદ્ધિ થાય છે.** અમને અમારા ગુરુ મળ્યા હતા. તેમની અને અમારાં જેટલાં શાસ્ત્ર છે તેમની જે સમજણ છે, તે અમને પ્રિય લાગે છે. મનુષ્ય જ્યાં સુધી આ લોકનાં જ સુખને ઈચ્છતો રહે છે ત્યાં સુધી તે દુઃખી રહે છે. ૧૮-૧૯. કરોડો કલ્પ સુધી તે દુઃખ મટતું નથી. ચક્રવર્તી રાજા કે ઈન્દ્ર થવાયું તોપણ તેનાથી શું થયું ? આ લોકનાં જેટલાં કાંઈ સુખો છે તેમાં જે જેટલું સુખ માને છે, તેટલા તે ત્યાં સુધી દુઃખને માર્ગે જ ચાલે છે, એવું અમે અંતરમાં દેખીએ છીએ. ભગવાનમાં જેવું સુખ છે તેવું સુખ કોઈ બ્રહ્માંડમાં નથી. ૨૦-૨૧.

❋ પ્રભુમાં પ્રીતિ અને જીવનમાં નીતિ રાખે તેનો જય થાય છે :

જે શાસ્ત્રો સાચાં છે અને સાચા ગુરુ છે, તે આવું પ્રેમથી કહે છે. પરંતુ યોગ્ય શુદ્ધિ થયા વિના આવી વાત મનાવી કઠિન છે. આવી સાચી વાત જ્યાં સુધી મનાતી નથી ત્યાં સુધી જીવ દુઃખ પામે છે. અમારા ગુરુ અને શાસ્ત્રનો જેવો સિદ્ધાંત હતો તેવો મેં તમને કહ્યો. ૨૨-૨૩. જે નીતિને માર્ગે ચાલે છે તેનું તમે આદરપૂર્વક સાંભળો છો. પણ જે અનીતિને માર્ગે ચાલે છે, તેને તમે જાણતા હો છો ત્યાં સુધી આદર કરતા નથી. ૨૪. નીતિમાનને મર્યા પછી જેવું સુખ મળે છે, તેવું સુખ તમને મળશે. ૨૫. કારણ કે, તમે જે નીતિરૂપ ભગવાન છે તેને રાખ્યા છે, અને તે ભગવાન રાખ્યા છે ત્યાં સુધી કોઈ રાજા તમને જીતી શકશે નહીં. ૨૬.

નીતિરૂપ જે ભગવાન છે તે જ તમારો વિજય કરાવે છે. અને જ્યાં સુધી નીતિનું સન્માન કરતા રહેશો, ત્યાં સુધી તમારું આવું રાજ્ય રહેશે. ૨૭. જ્યારે તમે નીતિનો અનાદર કરશો ત્યારે નીતિ વગરનાનું જેવું રાજ્ય છે તેવું તમારું થઈ જશે. ૨૮. અમારાં જેટલાં શાસ્ત્ર છે, તેમાંથી અમારા આશ્રિતોને શ્રેષ્ઠ મોક્ષ પામવા માટે અમે શુભ રીત બાંધી દીધી છે. ૨૯.

અમારા ત્યાગીને જે રીતે રહેવાનું હોય તે રીત અતિશય સુગમ રીતે બાંધી દીધી છે. ચાહે તેવો નિર્બળ હોય, તોપણ તે ચોક્કસ નીતિ ઉપર ચાલી શકશે. ૩૦. **તે રીતમાં ચાલવાથી નારદ, સનકાદિક અને શુકજીથી પણ વધારે મોટપને પામશે. જે જે બાબતનું જેટલું સુખ હોય છે તે બધું તેની શુભ રીતમાં ચાલવામાં રહ્યું છે.** ૩૧.

ઉપર ઉપરથી શુભ રીતમાં ચાલે અને છાની રીતે ગમે તેમ વર્તે, તો તે ત્યાગી થયા તે ન થયા બરાબર છે. તેને તો ફક્ત પેટ ભરવાનું જ સુખ હોય છે. ૩૨. તેને પરલોકનું અવિનાશી સુખ મળતું નથી, પરંતુ તે દુઃખ પામે છે. અત્યારે અમારા આશ્રિત ગૃહસ્થ જે બાઈ-ભાઈ કહેવાય છે, તે જ્યાં સુધી સન્માર્ગ ઉપર ચાલે ત્યાં સુધી તે બધાં આ ત્રણ નામથી કહેવાય છે - એક હરિજન, બીજું હરિભક્ત અને ત્રીજું નામ સત્સંગી. ૩૩-૩૪.

चोपाई :

सतमारग के संबंध कर जेहू, कुटुंब के संबंध कर तेहू;
अधिक संबंध यह मानत रहाते, विवेक जाहि रहे वरताते...३५
निष्कपट जाकु वरतन जेता, उद्धार करत जीय के तेता;
अंतर बाहिर रित रहे एका, निष्कपट कहत जाकु विवेका...३६

જેને વિવેક હોય છે તેઓ કુટુંબના સંબંધ કરતાં સન્માર્ગના સંબંધને અધિક સંબંધ માને છે. જેનું વર્તન જેટલું નિષ્કપટતાવાળું હોય, તેના જીવનો તેવો ઉદ્ધાર થાય છે. જેની અંદરની અને બહારની રીત એકસરખી હોય તેને વિવેકી મનુષ્યો નિષ્કપટ કહે છે. ૩૫-૩૬. જેનું અંદરનું અને બહારનું વર્તન એકસરખું હોય તે જ સાચો છે. ૩૭. ઉપર અને અંદર જેટલું જુદું જુદું વર્તન હોય છે, તેટલો તેમાં ફરક માનવામાં આવે છે. ૩૮. જે સત્સંગની રીતમાં જેટલી ખોટ રાખે છે, તેટલી તેના અંતરમાં ખોટ છે; એમ જે હરિભક્ત હોય તે માને છે. જેમાં જે જાતની ખોટ હોય તે સત્સંગ કરવાથી દેખાય છે. તે ખોટને ટાળવા માટે જ આ સત્સંગની રીત રહી છે." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ સાહેબની આગળ નિષ્કપટ શુભ રીતથી જીવનો મોક્ષ કહ્યો" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥

પૂર સત્યાવીશમું : તરંગ - ૭૬

શ્રીહરિ એરણ સાહેબને બંગલેથી નીકળીને અંડરસન સાહેબને બંગલે ગયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ જેટલી વાત કહેવી ઘટે તે બધી સાહેબની મરજી દેખીને ત્યારે કહી હતી. ૨.

❋ જે મરજી જાણીને બોલે તે મહાન બને :

ભલે વાત અમૃત જેવી હોય, પણ મરજી વગર જો કહેવામાં આવે તો તે ગમતી નથી, પણ મોટા માણસોની મરજી જાણવી કઠણ છે. ૩. જે **સંતો, વર્ણી અને હરિભક્ત જેવો સમય હોય તેવો જ જો તેને પારખી લેતા હોય, તો તેઓને કોઈએ મોટા ન કર્યા હોવા છતાં તે મોટા જ છે.** ૪. શ્રીહરિએ જેટલી વાત કહી તેને સાહેબે ખૂબ ધ્યાન દઈને સાંભળી. સાહેબે વાત સાંભળતી વખતે શ્રીહરિની વાતમાં ચિત્ત પરોવી દીધું હતું. જે વાત પૂછવાની હતી તે બધી પૂછી લીધી હતી. ૫. તેમણે પોતાના મનમાં એવું માન્યું કે, મેં શ્રીહરિ પાસેથી સર્વોપરિ વાત જાણી લીધી છે. ૬.

❋ શ્રીહરિની વાતમાં સુખ મનાય તેનાં જન્મ-મરણ જાય :

જે કોઈ શ્રીહરિની વાતને જેવી સમજે છે તેવું તે સુખ પામે છે, અને તે વાતને સમજવામાં જેટલી કસર રાખે છે તેટલી તેને સુખમાં પણ કસર રહે છે. ૭. આખું બ્રહ્માંડ ભરાઈ જાય એટલાં અપાર ચિંતામણિ અને કલ્પવૃક્ષ એક જીવને મળી જાય, તોપણ તેનાથી તે જીવને વારંવાર થનારાં જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખ ક્યારેય છૂટી જતાં નથી. કેમ જે, તે ચિંતામણિ કે કલ્પવૃક્ષ જીવને મોક્ષ આપી શકતા નથી. તે તો ફક્ત જે નાશવંત પદાર્થો છે તે આપે છે. અને તે તમામ પદાર્થો સુખની સાથોસાથ દુઃખથી પણ ભરેલા છે. **શ્રીહરિની આ એક વાત અંતરમાં સત્ય ગણીને જો રાખવામાં આવે, તો તેનાથી તે વાત પરમ મોક્ષને આપે છે, અને**

જન્મ-મરણનાં દુઃખનો નાશ કરે છે. વળી તેની પાસે ક્યારેય યમદૂત આવતા નથી. ૮-૧૧. જમપુરી તથા લખચોરાશીનાં દુઃખમાત્રનો નાશ કરે અને અવિનાશી સુખ આપે, એવી શ્રીહરિની વાત મહત્ત્વપૂર્ણ કહેવાય છે. ૧૨.

❋ બંધન ઓળખે તે બુદ્ધિશાળી :

જીવને અનંત પ્રકારનાં બંધન હોય છે, જે દેખ્યામાં પણ આવતા નથી. તેથી જ ગમે તેવો ચતુર માણસ હોય, તોપણ આ સંસારમાં ભટકતો રહે છે. શ્રીહરિના મુખની વાતો સાંભળ્યા સિવાય કરોડો કલ્પ જતા રહે, છતાંય બ્રહ્મા જેવાને પણ બંધન દેખાતું નથી. ૧૩-૧૪. **ભગવાનની વાત સિવાય બીજી વાતમાં માણસ જ્યાં સુધી તલ્લીન રહે છે, ત્યાં સુધી તેને જેટલાં બંધનો હોય તે બધાં એમનાં એમ રહે છે,** તે તમને મૂર્તિમાન બતાવી દીધાં. શ્રીહરિની આ બધી વાતોને સાંભળીને સાહેબ ઘણા ખુશી થયા. ૧૫-૧૬.

તે સમયે સાહેબે શ્રીહરિને કહ્યું કે, "તમે જ્યારે પ્રથમ વાર અમને ખેડામાં મળ્યા હતા તે વખતની તમારી વાત તો ભારે હતી. ત્યારે તમે ઘણાં સારાં આભૂષણ તથા વસ્ત્ર પહેરી રહ્યાં હતાં. ૧૭. તે વખતે બધાં વસ્ત્ર અલંકાર સુર્વણમય હતા, અને જાણે કોઈ રાજા હોય તેવું આપના શરીરમાં રૂપ પણ બહુ છવાયેલું હતું. એવી રીતે તમે આવીને અમને મળ્યા હતા. ૧૮. મારા સહિત ચાર સાહેબો તે વખતે પ્રથમ આપને મળ્યા હતા. તે દિવસ અને અત્યારમાં કાંઈક આપને તકલીફ હોય એવું જણાય છે." ૧૯.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "કોઈ કષ્ટ પડે તે રીતે અમે ક્યારેય જાણીને ચાલતા જ નથી. જે લોકો માથે કરજ કરે છે, તે બુદ્ધિમાન કહેવાતા નથી. અમુક લોકો સારાં સારાં ઘરેણાં અને સોનેરી વસ્ત્ર પહેરીને પોતાના શરીરને શણગારે, અને માનો કોઈ દેશનો રાજા હોય તેમ વર્તે, પણ ઘરમાં તેનું લેશમાત્ર કહ્યું ચાલતું હોતું નથી. ૨૦-૨૧. જેને માથે જેટલું કરજ હોય તેના અંતરમાં તેટલું સુખ હોતું નથી. અમે તો જેવું તેવું વસ્ત્ર મળે તો ચલાવીએ અને જમવામાં ભાજી મળે, તોપણ ચલાવી લઈએ છીએ. ૨૨. જેને માથે લગાર પણ કરજ ન હોય તે અપાર સુખિયો રહે છે, અને રાતે જ્યારે સૂએ

ત્યારે તેને સુખે નિદ્રા આવે છે. ૨૩. **કોઈ પણ કાર્ય કરવાથી મનમાં ઉદ્વેગ ન આવે, આવી રીતનો જેનો વિચાર હોય તેને ચક્રવર્તી રાજા કરતાં પણ અંતરમાં વધારે સુખ રહે છે.** જેની આવી બુદ્ધિ હોય તેને ખરો બુદ્ધિમાન કહેવામાં આવે છે. તેની બરાબરી કોઈ કરી શકતું નથી. ૨૪-૨૫. સહુ લોકો દુઃખમાં સુખ માનીને દુઃખને માર્ગે ચાલે છે. પરંતુ તે સુખ એવું હોય છે કે તે સુખને લીધે તેની પાછળ રહેલું દુઃખ દેખાતું નથી.” ૨૬.

આટલી વાત શ્રીહરિએ કરી, તે સાંભળીને સાહેબ ઘણું ખુશ થયા. પછી શ્રીહરિ ચાલતા થયા અને બંગલામાંથી નીચે ઊતર્યા. ૨૭. સાહેબે ઘણા ભાવથી શ્રીહરિનો હાથ પકડ્યો અને ભેટ્યા. શ્રીહરિ તેની બધી બાબત જાણતા હતા. ૨૮. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને થોડે દૂર ચાલ્યા, તેટલીવારમાં જે અંડરસન સાહેબ હતા તેને શ્રીહરિની પધરામણી કરવાનો અંતરમાં ઘણો ભાવ હતો, તેથી તેણે ચોપદારને મોકલ્યા. ચોપદારે આવીને અરદેશર શેઠને કહ્યું કે, “અંડરસન સાહેબે આપને કહેવડાવ્યું છે કે, સ્વામિનારાયણ જેટલો સમાજ હોય તે લઈને મને દર્શન દેવા માટે પધારે તેવી વ્યવસ્થા તમે કરો અને લઈ આવો.” ૨૯-૩૧. ત્યારે અરદેશર શેઠે શ્રીહરિની પાસે જઈને તે બધી વાત કહી.

ત્યારે શ્રીહરિ અંડરસન સાહેબનો જ્યાં બંગલો હતો ત્યાં ગયા. ૩૨. જ્યારે શ્રીહરિ પાસે આવ્યા ત્યારે તે સાહેબ શ્રીહરિને લેવા માટે સન્મુખ ચાલ્યા, અને માથા ઉપરથી ટોપી ઉતારીને સામે આવ્યા. શ્રીહરિને જોઈને મનમાં ખૂબ ખુશ થયા. ૩૩. પછી શ્રીહરિ તત્કાળ અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ત્યારે અતિશય હરખથી સાહેબે શ્રીહરિનો હાથ પોતાના હાથમાં લીધો, અને ઘણા ભાવથી બંગલા ઉપર લઈને ચાલ્યા. ૩૪. ચોપદાર કુબેરસિંહ, અરદેશર શેઠ, મોટા મોટા સંતો, દાદા ખાચર, નંદરામજી, ગોપાળજી અને મુનિબાવા, એ બધાને શ્રીહરિએ સાથે લીધા હતા. સાહેબ મનમાં ઘણા ખુશ થઈને ખુરશી લાવ્યા, અને તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. ૩૫-૩૬.

પછી શ્રીહરિએ સાહેબને ખુરશી ઉપર બેસાડ્યા તથા અરદેશર શેઠને પણ બેસાડ્યા. પછી સાહેબ શ્રીહરિની પાસે બોલ્યા, “આપ જ્યારે

આ સુરત શહેરમાં આવ્યા ત્યારે હું અહીં ન હતો. આપ અહીં પધારો છો તે વાત મને અરદેશરજીએ લખી હતી. ૩૭-૩૮. હું મારો ત્યાંનો મુકામ છોડી દઈને આપને મળવા અહીં આવ્યો છું. મને આપનાં દર્શન કરવાનો ઘણો ભાવ હતો. ૩૯. એરણ સાહેબ, ડગલી સાહેબ, રોબર્ટ સાહેબ અને વોકર સાહેબ, એ બધા મોટા સાહેબો છે. ૪૦. આ બધા સાહેબો આપને માને છે અને જે મોટા દુલાપ સાહેબ આપને મળ્યા હતા તે આપની ઘણી પ્રશંસા કરે છે." ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબને બંગલેથી નીકળીને અંડરસન સાહેબને બંગલે ગયા" એ નામે છોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૭

શ્રીહરિએ અંડરસન સાહેબની આગળ ચોરી તથા અવેરી વ્રતમાનની ચર્ચા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અંડરસન સાહેબે શ્રીહરિને કહ્યું કે, "આપ અમારે માટે અહીં સુરત આવ્યા છો. અરદેશર શેઠને પણ આપના ઉપર ઘણું હેત છે. સાહેબ લોકો બુદ્ધિમાન છે તેથી જ્યાં અધિકાર ઉપર હોય ત્યાં તે સન્માન કરી જાણે છે. ૨-૩. આપ અહીં આવ્યા તેનાથી અમે ખૂબ ખૂબ રાજી થયા છીએ. આપના જે ભક્તો છે તે આપને નિરંતર સંભારતા હોય છે. જે આપના ભક્ત હોય છે તેનો જ્યારે અંતસમય આવે છે, ત્યારે તેઓ આપનું નામ ઉચ્ચારે છે, અને જમદૂત તો તેને દેખાતા પણ નથી. ૪-૫.

આપના નામનો એવો પ્રતાપ છે તે અમે આપના ભક્તોને મુખે સાંભળ્યો છે. વળી, આપના ભક્ત જ્યારે મૃત્યુ પામે છે, ત્યારે તેને આપ આવા ને આવા મૂર્તિમાન દર્શન આપો છો. ૬. તે સમયે રથ, વિમાન,

અશ્વ, હાથી અને ગરુડ જેવા વાહનને બતાવો છો. આવો જે આપનો અપાર પ્રતાપ છે તેને આપ અત્યારે બતાવી રહ્યા છો. ૭. વળી, એક આશ્ચર્યની વાત એ છે કે, **આપ જેવા જે સમર્થ હોય છે, તેમાં અપાર સામર્થ્ય સહેજે રહ્યું હોય છે, પરંતુ તેનો તેઓ ગર્વ કરતા નથી. વળી, પોતામાં જેટલો પ્રતાપ રહ્યો હોય, તેને તે મોટા પુરુષ પોતાને મોઢે કહેતા પણ નથી.** ૮.

જ્યારે સૂર્ય ઉદય થાય છે ત્યારે ક્યાંય અંધારું રહેતું નથી. આ ભૂમિના નવ ખંડમાં સૂર્ય ચાર ચાર પહોર સુધી જ્યારે પ્રકાશ કરતો હોય છે, ત્યારે તે તે ખંડના લોકો ઉદ્યમ કરે છે. જ્યાં સુધી સૂર્ય નથી દેખાતો ત્યાં સુધી અંધારું રહે છે, ૯-૧૦. તોપણ લોકો સૂર્યના પ્રતાપને અલૌકિક સમજતા નથી. આવી તો અપાર વાતો છે, જેનો ગણતા પાર આવતો નથી. ૧૧. આપના સમાન ગુરુ મળ્યા વગર તો બધા માણસો અંધ જેવા રહે છે. અને જે તેવા અંધ હોય છે તેનો ક્યારે ઉદ્ધાર થતો નથી. તે તો સંસારમાં વારંવાર ભટક્યા કરે છે. ૧૨. ગુરુ થયા તો શું થયું ? જે પોતે જ અપાર અજ્ઞાનમાં જ્યાં સુધી બંધાયેલા હોય, ત્યાં સુધી તેને કોણ છોડાવનાર છે ? ૧૩.

❋ ગુરુમાં નિષ્કામ ધર્મની અનિવાર્યતા :

ગુરુ થઈને જે નિષ્કામ વર્તન રાખતા નથી તે તો કૂતરાં, ગધેડાં અને વાંદરાં સમાન છે. તેઓ તો તેની જ ગણતરીમાં ખપે છે. ૧૪. **જે ગુરુ થયા હોય તેનું પ્રથમ લક્ષણ નિષ્કામ ધર્મ છે. તેઓ બધાં ઈન્દ્રિયો તથા અંતઃકરણને અયોગ્ય ક્રિયામાં ક્યારેય જવા દે નહિ, અને તે ઈન્દ્રિયો-અંતઃકરણને જિંદગીભર નિયમરૂપી બેડીમાં બાંધી રાખે છે.** ૧૫-૧૬. જે ગુરુ અને શિષ્ય નિયમ વગરનું જેટલું મનફાવે તેમ વર્તે, તે બધા તો નાક-કાન વગરના હોય છે, તે તેનાં લક્ષણ કહી દે છે. ૧૭. સારાં વસ્ત્ર અને ઘરેણાં પહેરવાથી શું ? જે નિયમ વગર ચાલે છે તે તો ગધેડાં અને કૂતરાંને માર્ગે ચાલે છે. આપે કહેલા જે નિયમો છે તેને જ્યારે જોઈએ છીએ ત્યારે જે નિયમ વગરના કપટી ગુરુ થઈને બેઠા છે, તે દેખાઈ આવે છે.

વલ્લભાચાર્યજી અને વિઠ્ઠલનાથજી, બંને આચાર્ય ઘણા સમર્થ થયા હતા. ૧૮-૧૯. તે બંને જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી યથાર્થરૂપમાં નિષ્કામ

વ્રતમાનને પોતે હેતથી પાળ્યું, અને બીજા બધા વૈષ્ણવોની પાસે પળાવ્યું. ૨૦. તે વૈષ્ણવોએ નિષ્કામ વ્રતને જ્યાં સુધી રાખ્યું ત્યાં સુધી તેનો મોક્ષ નિશ્ચય થયો. તે તેનું વર્તન જ કહી દે છે. ૨૧. વિઠ્ઠલનાથજીના જેટલા પુત્ર થયા, તે બધા પછીથી રસિક માર્ગે ચાલવા લાગ્યા, અને તે રસિક માર્ગ વૈષ્ણવોને રુચિકર થયો. ૨૨. બીજા જે વૈષ્ણવ હોય છે, તે બધા વિઠ્ઠલનાથજીના પુત્રને લાલજીના રૂપમાં માને છે. પછી તે લાલજી મનમાં ફાવે તેમ કરતા હોય છે. ૨૩. આ બધી તે લાલજીની લીલા માનવામાં આવે છે, અને તેની જેટલી લીલા છે તેમાં મોક્ષ જોવામાં આવે છે. જેમાં મોક્ષ મનાય તેમાં કોઈ દોષ દેખાતો નથી. ૨૪. જ્યારે ધર્મરૂપ સત્ય વચનોને સત્યના રૂપમાં માનવામાં આવે, ત્યારે જેટલું અસત્ય વર્તન હોય છે તે બધું દેખ્યામાં આવે છે. ૨૫. જેનામાં નિષ્કામવ્રત ન હોય તે અસત્ય મનુષ્યો છે. પરંતુ પોતપોતાના મતમાં કોઈ દોષ કહેતા નથી." ૨૬.

ત્યારે શ્રીહરિએ તે અંગ્રેજ સાહેબને કહ્યું કે, "અમારા શાસ્ત્રમાં જેમ કહ્યું છે તેમ જ તમે કહો છો. ૨૭. અમારા શાસ્ત્રનો જે સર્વોપરિ માર્ગ છે તેમાં ચાર બાબત હોતી નથી. તે હું કહું છું. ૨૮. ઘાસના તણખલાથી લઈને જે કાંઈ પારકી વસ્તુ કહેવાય, તેને કોઈ દિવસ મન, કર્મ, વચનથી પોતે ચોરી કરે નહિ, અને કોઈની પાસે કરાવે પણ નહીં. ૨૯. જે મનુષ્ય અમારું વચન માને છે તેની પાસે અમે આ ચોરી ન કરવી, તેવું વચન જિંદગીભર પળાવીએ છીએ. અને તેમાં જો કોઈ ફેર પાડે તો તેને અમે અમારો માનતા નથી. ૩૦.

જે મનુષ્ય અમારાં વચનથી ચોરી ન કરે તેની આ લોક અને પરલોકમાં અપાર કીર્તિ થાય છે. ચોરી કરવામાં તો અપાર અપકીર્તિ રહી છે. આવી જેટલી વાત છે તે પ્રત્યક્ષ દેખાઈ આવે છે. જેમાં કીર્તિરૂપી ધનનો નાશ રહ્યો હોય તેવી બાબતમાં અપાર અપયશ રહ્યો હોય છે. ૩૧-૩૨. તેથી જ અમે ચોરી કરવી તેમાં દોષ દેખાડીએ છીએ, અને આવી બીજી જેટલી બાબતો હોય છે તેનો પણ અમે ત્યાગ કરાવીએ છીએ. પછી જે શુભ મતિવાળો હોય તે અમારી વાતને માને છે. ૩૩. હજાર મનુષ્યમાં શુભ મતિવાળો

તો કોઈ એકાદ મનુષ્ય જ નીકળે છે, અને અમે તેને શુભ વાતને ગ્રહણ કરાવીએ છીએ. ૩૪.

જેમ ચોરી કરવાથી માણસની કીર્તિનો નાશ થાય છે, તે રીતે જ પરસ્ત્રીના સંગથી પણ લગારેય કીર્તિ રહેતી નથી. કેમ જે, વ્યભિચારીને તો લબાડ કહેવાય છે. ૩૫. કશ્યપ પ્રજાપતિને બે પત્નીઓ હતી. એક દિતિ અને બીજી અદિતિ કહેવાતી હતી. તેમાં દિતિનો પુત્ર હિરણ્યકશીપુ થયો. તે હિરણ્યકશીપુ, હિરણ્યાક્ષ આદિક કેટલાક દૈત્યો કહેવાતા હતા, તે ઘણા સમર્થ હતા. તે તપ કરીને એવા સમર્થ થયા કે, પચાસ કોટિ યોજન વિસ્તારવાળી આ ભૂમિને કાંકરા સમાન ગણતા હતા. ૩૬-૩૭. અદિતિના પુત્ર ઈન્દ્રાદિક દેવ હતા. તે દેવોને દૈત્યો તણખલા જેવા પણ ગણતા નહીં. ૩૮. પોતાનું જે કામ હોય તે દેવોની પાસે કરાવતા. તે એટલા ઉન્મત્ત થઈ ગયા હતા કે, કોઈને પોતાની બરાબર જોતા નહીં. ૩૯. તે હિરણ્યકશિપુનો ભાઈ હિરણ્યાક્ષ હતો. તે ઘણો બળવાન થયો હતો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ અંડરસન સાહેબની આગળ ચોરી તથા અવેરી વ્રતમાનની ચર્ચા કરી" એ નામે સિત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૮

ભગવાન સર્વ કર્તા છે એવા પ્રસંગે હિરણ્યકશિપુ અને પ્રહ્લાદની વાત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ અંડરસન સાહેબની આગળ મનુષ્યમાત્રના હિત માટેની જે વાત કહી હતી તે હું કહું છું. ૨. શ્રીહરિની જેટલી વાત હોય છે તે બધી જીવમાત્રનું સાક્ષાત્ હિત કરનારી હોય છે, તે જેને ખપ હોય તેને સમજાય છે. ૩. **કદાચ કોઈને કરોડ કરોડ ચિંતામણિ મળે, પણ જો તેનો તેને ખપ ન હોય, તો તે તેને શું કરે ? તેમ શ્રીહરિની વાત એવી ઘણી**

મહાન છે, તેમ તેના મહિમા તથા ખપવાળા જ જાણે છે. ૪. શ્રીહરિએ તે સાહેબની પાસે જે પ્રમાણે વાત કહી હતી તેમ હું કહું છું. ભગવાનમાં જે મોટાઈ રહી છે તે કહ્યા સિવાય સમજાતી નથી. ૫.

વક્તાની આગળ જેવા શ્રોતા હોય, તેવી ભગવાનની વાત તે વક્તા કરે છે. તેમાં પણ જો વાતના કહેનારા સ્વયં ભગવાન જ હોય, તો બીજી ગમે તેવી વાત હોય છતાં તે કોઈ વાત ભગવાનની વાત સમાન કહેવાય નહીં. જે તુચ્છ અને ક્ષુદ્ર બુદ્ધિવાળો હોય છે તે શાસ્ત્રની વાતને સમજી શકતો નથી. ૬-૭. શાસ્ત્રના વક્તા હોય તેમાં તુચ્છ માણસ ખોટ બતાવે છે, પણ તે ખોટ બતાવનારાના જેવો બીજો કોઈ મૂર્ખ હોતો નથી. તે પોતે બોલવામાં દેખાઈ આવે છે. ૮. જેટલા મૂર્ખ માણસ હોય છે તે શાસ્ત્રમાં ખોટ કહ્યા વગર રહી શકતા નથી, પણ જે વક્તા હોય છે તે મૂર્ખે કહેલા દોષને ક્યારેય મનમાં ધારતા નથી. ૯.

બ્રહ્માથી જ્યારે સૃષ્ટિનું કામ ન બની શક્યું, ત્યારે તે ભગવાનનું ધ્યાન કરીને તેમને શરણે ગયા. ભગવાન તો સમર્થથી પણ ઘણા સમર્થ છે. કારણ કે, **અનંત કોટિ બ્રહ્માંડ જેના એક એક રોમમાં અણુની જેમ ઊડતા ફરે છે. જેની ક્યારેય ગણતરી થઈ શકતી નથી; એવા ભગવાન સદા સમર્થ છે. તેમનું સામર્થ્ય કોઈ દિવસ ઘટતું નથી.** ૧૦-૧૨. તે ભગવાન મત્સ્ય, કૂર્મ વગેરે ચાહે તેવાં અપાર રૂપ દેખાડે છે. તે સર્વે તેમનાં ચરિત્ર છે. ૧૩. તેમણે માતા યશોદાને પોતાના મુખમાં આખું બ્રહ્માંડ દેખાડ્યું હતું, એવાં તો અપાર ચરિત્ર છે જે કહી શકાતા નથી. ૧૪. તે બ્રહ્માને જ્યારે છીંક આવી ત્યારે તેની નાસિકામાંથી પ્રભુ નાના જાંબુડા સમાન (વરાહરૂપે) થઈને પ્રગટ થયા. ૧૫. દેખતાં દેખતાં તો તે સ્વરૂપને મેરુ પર્વતના જેવું વધારી દીધું, અને પછી જ્યાં હિરણ્યાક્ષ દૈત્ય હતો ત્યાં ગયા. ૧૬. ત્યારે ભૂમિ લઈ જનારો દૈત્ય હિરણ્યાક્ષ ભગવાનની સામે આવ્યો, અને નિર્ભયપણે ભગવાનની સાથે તેણે યુદ્ધ શરૂ કર્યું. ૧૭. કેટલાક દિવસ તે યુદ્ધ ચાલ્યું. ભગવાનનાં આવાં ચરિત્ર તો અદ્‌ભુત અને અમાપ છે. જેને મનુષ્યો વારંવાર સંભારે છે. ૧૮.

❋ ચરિત્રનો મહિમા :

ભગવાનનાં જેટલાં ચરિત્ર છે, તેમાં અલૌકિક મોક્ષરૂપ અને બહુ રસાળ

ફળ રહ્યું છે. પરંતુ જીવ તે ચરિત્રોને સાંભળીને તરત ભૂલી જાય છે. ૧૯. જેમાં જન્મ-મૃત્યુરૂપી ફળ રહ્યું છે એવી વાતમાં જ જીવો દોડતા રહે છે, અને તે દોષે કરીને જ જીવને સંસારનું ભટકણ ચાલુ રહે છે. ૨૦. **ભગવાનનાં ચરિત્ર વિના જીવ અનંત કલ્પ જાય તોપણ સંસારના ભટકણથી છૂટતો નથી. આમ સમજીને શ્રીહરિનાં ચરિત્રને ઘણા ભાવથી કહેવાં અને સાંભળવાં.** ૨૧. જે જેટલી ભાવમાં કસર રાખે છે તેટલી મોક્ષમાં કસર રહે છે.

પછી જ્યારે ભગવાને મનમાં ધાર્યું ત્યારે તરત જ તે હિરણ્યાક્ષ દૈત્યને માર્યો. ૨૨. પરમ સુજાણ ભગવાન, પછી ભૂમિને ઉઠાવીને લઈ આવ્યા. તે પછી મરનારા હિરણ્યાક્ષ દૈત્યનો ભાઈ જે હિરણ્યકશિપુ નામે હતો, તેણે ભાઈનું વેર લેવાનું ધાર્યું. તે માટે મેરુ પર્વતમાં જઈને બ્રહ્માને ઉદ્દેશીને તપ કર્યું. તેણે એવું ઘોર તપ કર્યું કે શરીરમાં માત્ર હાડકાં જ બચ્યાં. કેટલાય વર્ષ વીતી ગયા ત્યારે બ્રહ્માએ ત્યાં જઈને તત્કાળ કમંડળુમાંથી પાણી લઈ તેના ઉપર છાંટ્યું. ત્યારે હિરણ્યકશિપુ જેવો ધીર વીર હતો તેવો તેને બ્રહ્માએ કરી દીધો અને કહ્યું કે, 'જે ઇચ્છા હોય તે વર માગ, તે હું તને આપીશ.' ૨૩-૨૬. ત્યારે તે હિરણ્યકશિપુ બોલ્યો કે, 'મારું કોઈ રીતે કરીને ક્યારેય મરણ થાય નહીં; એવો વર માગું છું તો આપ મને તે આપો.' ૨૭. ત્યારે બ્રહ્માએ કહ્યું, "તેવો વર તો શક્ય નથી." પછી તેણે જે વર માગ્યો હતો તેને બ્રહ્માએ આપ્યો. પછી નિર્ભય થયેલો તે હિરણ્યકશિપુ પોતાને ઘેર આવ્યો. ૨૮.

❋ જેનું ભજન વધે તેનું વજન વધે :

પછી તેને પ્રહ્લાદ નામે પુત્ર થયો. તે ભગવાનનો ભક્ત હતો. પછી પ્રહ્લાદની પાસે ભગવાનનું ભજન છોડાવવા માટે હિરણ્યકશિપુ પોતાની જેટલી રાજ્ય સમૃદ્ધિ કહેવાતી હતી, તે બધી ઘણા હેતથી આપવા લાગ્યો. ૨૯-૩૦. ત્યારે પ્રહ્લાદજીએ રાજ્યના મૂલ્યનો વિચાર કર્યો, તો પિંડ-બ્રહ્માંડમાં જે કાંઈ છે તે બધું કાળના મુખમાં જ પડ્યું છે તેમ દેખ્યું. ૩૧.

चोपाई :

भगवान के भजन करत तिनकू, काल बचावत रहाये इनकू;
ऐसे जानिके भजन जेहा, छोडत नहीं पल एक तेहा...३२

पिछे पुत्र कु मारने ताके, उपाय करे जितनेउ वाके;
भगवान मृत्यु से बचाई, लिन जिहाँ जिहाँ करे रहाई...३३
जीव के नाश होत न जीमी, कोटिक हि बात करिके तीमी;
प्रह्लाद के तन भये ऐसा, भगवान के भजन कर तैसा...३४

જે ભગવાનનું ભજન કરે છે તેને જ કાળ બચાવે છે અર્થાત્ તે જ કાળના મુખથી ઊગરે છે; એમ જાણીને પ્રહ્લાદે એક પળવાર પણ ભજન છોડ્યું નહીં. ૩૨. તે પછી હિરણ્યકશિપુએ જ્યાં જ્યાં પુત્ર પ્રહ્લાદને મારવાના જેટલા પ્રયત્નો કર્યા, ત્યાં ત્યાં ભગવાને પ્રહ્લાદને મોતથી બચાવી લીધા. ૩૩. જેમ કરોડો વાતે કરીને પણ જીવનો નાશ થતો નથી, તેમ પ્રહ્લાદનું શરીર ભગવાનના ભજનના પ્રતાપે કરીને તેવું ચૈતન્યમય થઈ ગયું. ૩૪. હિરણ્યકશિપુએ ભજનના પ્રતાપને નજરે જોયો, છતાં પણ તેણે તે પ્રતાપને ન માન્યો. જેનું મોત નજીક આવ્યું હોય તે ભજનના પ્રતાપને માનતો નથી. ૩૫. પછી હિરણ્યકશિપુએ પ્રહ્લાદને કહ્યું કે, 'તું જેનું ભજન કરે છે તે ક્યાં છે ? મને બતાવ. તે તારો ભગવાન મારાથી ડરે છે તેથી મને મળતો નથી. ૩૬.

ત્યારે પ્રહ્લાદે કહ્યું કે, ભગવાન વિનાનો એક અણુ પણ નથી. પરંતુ જે ભજન કરે છે તે ભગવાનને દેખે છે. ભજન કર્યા વગર તે કોઈને દેખાતા નથી. ૩૭. પિતાજી ! તમારા જેવા તો કરોડો છે. મેરુની આગળ આંકડાનાં તૂર જેવાની કોઈ ગણતરી નથી, અને તેવા લોકો જ તેની સાથે યુદ્ધ કરવા ચાહે છે. ૩૮. જેને મૃત્યુ નીકટ આવે છે તેના દિલમાં વિવેક રહેતો નથી. તેને ઘણું સમજાવવામાં આવે છતાં કરોડ વાતે કરીને પણ તે સમજતો નથી. ૩૯. પ્રહ્લાદે હિરણ્યકશિપુને કહ્યું કે, હું જેનું ભજન કરું છું તે ભગવાન આ સ્તંભમાં પણ રહ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ભગવાન સર્વ કર્તા છે એવા પ્રસંગે હિરણ્યકશિપુ અને પ્રહ્લાદની વાત કહી" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૭૯

મોહ અને અવિવેકને લીધે જગતની ઘણી અસ્થિરતા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ કહ્યું કે, તે વખતે પ્રહ્લાદની વાત સાંભળીને હિરણ્યકશિપુએ ક્રોધ કર્યો, અને આગળ રહેલા સ્તંભના ઉપર પોતાના હાથની મૂઠીનો પ્રહાર કર્યો. તે વખતે તેનો ભયંકર શબ્દ થયો. જેનાથી બધું આકાશ ભરાઈ ગયું. ૨-૩. તે સમયે ભગવાન નૃસિંહરૂપ ધારણ કરીને દૈત્યનો મદ ઉતારવા માટે પ્રગટ થયા, અને જાણી જોઈને તેને બહુ પ્રકારે રમાડ્યો. ૪. પરંતુ તે દૈત્યના મરણનો સમય ભગવાને જોઈ રાખ્યો હતો. જ્યારે બરાબર તેના મરણનો સમય આવ્યો, ત્યારે તે હિરણ્યકશિપુ દૈત્યને બ્રહ્માના વરને જાળવી રાખી મારી નાખ્યો. કાંઈ વાર લગાડી નહીં. જેટલા રાજ્ય-સત્તા અને ધનથી ઉન્મત્ત થયા હોય, તે ભગવાનની મર્યાદા રાખતા નથી. ૫-૬. જ્યારે પોતાનું ધાર્યું ન થાય ત્યારે આસુરી જીવોને ભગવાન સાથે વૈર થાય છે. જ્યારે દેવ, દૈત્ય કે મનુષ્યને વૈર બંધાય છે ત્યારે મર્યાદા રાખવાનો વિવેક રહેતો નથી, અને મર્યાદા લોપવાની જ ટેક-પ્રતિજ્ઞા રાખે છે.

ભગવાનના ભક્ત પણ કેટલાક એવા થયા છે કે, જ્યારે તેનું ધાર્યું ન થયું ત્યારે તે તેવા ને તેવા ન રહ્યા. ૭-૮. તે વાત પ્રગટ દેખાય છે, અને શાસ્ત્રે કરીને પણ દેખાય છે. જેટલા શાસ્ત્રની મર્યાદા નથી રાખતા, તે બધા મનફાવે તેમ કરતા રહે છે. ૯. મનફાવે તેમ વર્તનારાને તેવી રીતનું દુઃખ આવી પડે છે. ભગવાનની આગળ કોઈનું કાંઈ ચાલતું નથી. જે પોતે મનુષ્ય થઈને ભગવાનની દેશી(નકલ) કાઢે છે, તેને તો ભગવાન કાયમ પથ્થર અથવા લોઢા જેવી ધાતુમાં નિવાસ આપે છે. પથ્થર અથવા લોઢા જેવી ધાતુઓ તેવા કપટી માટેનાં સ્થાનક છે. ૧૦-૧૧. પછી જ્યારે કાળાંતરમાં તે ભગવાનના સંબંધમાં આવે, ત્યારે તેને મનુષ્ય જાતિમાં જન્મ આવે છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. જે લોકો શાસ્ત્રનું સાંભળતા નથી, તે કરોડો વાતે કરીને પણ ભગવાનનો દ્રોહ કર્યા સિવાય રહેતા નથી.

૧૨-૧૩. જે ન કરવાની બાબત હોય તે જેટલી કરવામાં આવે તેટલો તે ભગવાનનો દ્રોહ કરે છે, આવી વાતો કેટલીક લખીએ. ૧૪.

❋ જેને ખરો સત્સંગ થાય તેનું જીવન સુધરી જાય :

મનુષ્ય કરોડો સાધન કરે, પણ સત્સંગ કર્યા સિવાય કરોડો કલ્પે પણ સુધરતો નથી. ૧૫. મનુષ્ય જેટલી નિંદિત બાબતો હોય તેનો જ્યારે જોઈ-વિચારીને ત્યાગ કરે ત્યારે તેમાં તેટલો વિવેક આવે છે. ૧૬. **જેટલો યોગ્ય-અયોગ્ય બાબતનો વિવેક કહેવાય છે, તે પરમેશ્વરે કૃપા કરીને મનુષ્ય અને દેવતાના શરીરમાં આપ્યો છે.** પરમેશ્વરે ઇન્દ્રિયો અને અંતઃકરણમાં અપાર વિવેક આપ્યો છે. મનુષ્યના શરીરમાં કેટલીક જાતની વિદ્યાઓ શીખી શકાય છે. ૧૭-૧૮. અરે, દેવતાઓની શું વાત કરવી ! દેવતાની જે વિદ્યાઓ છે તે દેવતાઓ શીખે છે, પણ તે બધાનું ફળ તો પેટ ભરવું તે જ દેખાય છે. ૧૯. જે દેવ-મનુષ્યમાં જ્યાં સુધી માત્ર પેટ ભરવાની જ સમજણ હોય છે, ત્યાં સુધી જે ભગવાનના ભક્તો હોય તેઓ તેમાં વિવેક ગણતા નથી. જેનામાં મોક્ષના વિવેકની બુદ્ધિ નથી આવી, તેને માથે વારંવાર જન્મ, મરણ અને લખચોરાશીનું દુઃખ રહ્યું છે. વળી, જમપુરીનું દુઃખ પણ જરૂર રહ્યું છે તેમાં કાંઈ ખોટું નથી. ૨૦-૨૧. પરંતુ જે મનુષ્ય જન્મ-મરણ, લખચોરાશી, જમપુરી વગેરેને જ્યાં સુધી મિથ્યા જાણે છે, ત્યાં સુધી તેમાં વિવેક જ નથી. જ્યારે વિવેક આવે છે ત્યારે માણસ સુધરે છે. જે સુધરેલા માણસો છે તે આવું સમજે છે. ૨૨.

જ્યાં સુધી પરસ્ત્રીને મા અને બહેનના સમાન નથી માનતો, વળી જ્યાં સુધી કોઈ પણ વસ્તુની ચોરી છોડતો નથી, વળી જેટલી અયોગ્ય વસ્તુઓ છે તેનો જ્યાં સુધી ત્યાગ નથી કરતો, અને જ્યાં સુધી દૂધ, પાણી કે ઘી વગેરેને ગાળ્યા વિના પીવે છે અને ખાય છે, વળી જે સૂંઘવાને યોગ્ય ન હોય તેને સૂંઘતો રહે છે, જે દેખવાને યોગ્ય ન હોય તેને દેખતો રહે છે, તેમજ સાંભળવાને જે યોગ્ય ન હોય તેને સાંભળે છે, વળી બોલવાને માટે જે યોગ્ય ન હોય તેને બોલતો રહે છે, અને જેટલું સ્પર્શ કરવા યોગ્ય ન હોય તેનો સ્પર્શ કરતો રહે છે, તેમજ જ્યાં સુધી અયોગ્ય ચાલનો(વર્તનનો) ત્યાગ નથી કરતો ત્યાં સુધી તેમાં વિવેક નથી. તેને તો અયોગ્ય ચાલ કહેવાય. એ

બધા સુધર્યા નથી તેમ સત્પુરુષો કહે છે. ૨૩-૨૮. **સંસારની બાબતમાં જેવો ભાવ છે તેવો ભાવ ભગવાન ઉપર જ્યાં સુધી નથી રહેતો ત્યાં સુધી તેમાં વિવેક નથી, એમ સત્પુરુષો કહે છે.** ૨૯. સંસાર અને સંસારની વાતોને સત્પુરુષો તથા સચ્છાસ્ત્ર વારંવાર મિથ્યા કહે છે, અને ફરી ફરીને દુઃખમય કહે છે. ૩૦. તેને દુઃખરૂપ કહે છે, છતાં પણ જીવને જ્યાં સુધી તેમાં દુઃખ દેખાતું નથી, ત્યાં સુધી તેમાં અવિવેક રહ્યો છે.

ભલે ત્રિલોકીનું રાજ્ય કરતો હોય, તોપણ તેની પાછળ કર્મનું કરજ(કર્મફળ) ફરતું હોય છે. ૩૧. આ બધું રાજ્ય કરજનું જ હોય છે એમ સત્પુરુષો કહે છે, પણ જેની બુદ્ધિમાં મોહનું અંધારું છવાઈ ગયું હોય તેને તે લગાર પણ દેખાતું નથી. ૩૨. **જે દિવસથી આ બ્રહ્માંડ થયું છે, તે દિવસથી આરંભીને મોહમાં ને મોહમાં અપાર લોકો મરી ગયા છે,** તેનો ગણ્યે પાર આવે તેમ નથી. ૩૩. જેટલા રાજાઓ થઈ ગયા તે બધા જૂના ગ્રંથોમાં લખાયા છે. પરંતુ અત્યારનો સમય જોતા એવું લાગે છે કે, અત્યારે તમારા રાજ્ય સમાન કોઈ રાજ્ય નથી. ૩૪. પરંતુ સારા રાજા અને સારા ગુરુમાં પણ કેટલાક વર્ષ જતા જ્યારે લોભ પરમ મિત્ર થઈને પ્રવેશ કરી જાય છે, ત્યારે દેશકાળ સારા રહેતા નથી. અને વળી, કોઈનાય દેશકાળ ક્યારેય એકની એક રીતના રહેતા નથી. કારણ કે, તે ઈશ્વરાધીન છે, અર્થાત્ તમારું પણ એમ જ થશે. ૩૫-૩૬. કાયમ વરસાદના દિવસો કે ઠંડીના દિવસો કે ગરમીના દિવસો રહેતા નથી, એવું આ જગત દેખાય છે. ૩૭. જેવો રાજા હોય છે તેવી તેની કીર્તિ થાય છે, અને બધી પ્રજા પણ રાજાની રીત અનુસારે વર્તે છે, એમ સત્પુરુષો જોઈને કહે છે. ૩૮. ગુરુની પણ રીત એકસરખી રહેતી નથી. તેમજ શિષ્યની રીત પણ એકસરખી રહેતી નથી તેવું દેખાઈ આવે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "મોહ અને અવિવેકને લીધે જગતની ઘણી અસ્થિરતા કહી" એ નામે ઓગણ્યાએંશીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૦

ભિખારીદાસ શેઠ તથા સલાટપુરના ભક્તોને ઘેર શ્રીહરિની પધરામણી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. મોટે ભાગે એવું દેખાય છે કે, જેવો રાજા હોય છે તેવા દેશ કાળ થાય છે, અને શાસ્ત્ર પણ એમ કહે છે. ૨. આ લોકમાં જેનું સહુના ઉપર વર્ચસ્વ રહેતું હોય, અને જેમાં ઘણું સામર્થ્ય હોય તેવા રાજાને મોટો કહેવાય છે. ૩. ભગવાન જ્યારે વિપ્ર કે સાધુના રૂપમાં અવતાર ધારણ કરે છે, ત્યારે મોટા રાજાના કાયદાઓ, કે જેમાં પ્રજાનું હિત રહ્યું હોય અને જેમાં શાસ્ત્રનાં વચનનું ઉલ્લંઘન ન થતું હોય, એવા કાયદા જે રીતના હોય તેને તે ભગવાનના અવતારો પણ અંગીકાર કરે છે. વળી, જેટલા સાચા ગુરુઓ કહેવાય છે, તે બધા પણ તે કાયદાને સ્વીકારે છે. રાજાઓની આગળ કોઈનું ચાલતું નથી. આ લોકમાં જેનું ચલણ હોય છે, તેની આગળ બીજા કોઈનું ચાલતું નથી. ૪-૭.

કાયદા વગર તો આ લોકના મનુષ્યો મનફાવે તેમ વર્તે છે, અને જે બળિયો હોય તે ગરીબને મનમાં ફાવે તેમ દુઃખ દે છે. ૮. શ્રેષ્ઠ રાજાની એવી રીત હોય છે કે, કોઈ બળવાન માણસ ગરીબને ક્યારેય દુઃખ ન આપી શકે, અને તેના રાજ્યમાં ક્યારેય અનીતિ ચાલી શકે નહીં. ૯. રાજા અહીંયાં જેટલો નીતિમાં ચાલે છે, તેટલો તે આ લોક અને પરલોકમાં અપાર સુખને પામે છે, અને તેને લગાર પણ દુઃખ રહેતું નથી. ૧૦. જે કનિષ્ઠ રાજા હોય છે તેના બધા કાયદા મુખ્યપણે ધન લૂંટવાના હોય છે. તેના કાયદામાં ધન વગરની કોઈ વાત હોતી નથી. જેની પાસે ધન ન હોય તેની વાતને તે અધિકારી કોઈ સાંભળતા નથી. ૧૧. જે મનુષ્ય વધારે ધન આપે તેનું ધાર્યું કામ થાય, અને તેમાં કાંઈ વાર પણ લાગતી નથી. આ રીતે આ સંસાર વર્તે છે. ૧૨.

શાસ્ત્રમાં કહેલી રીતિ પ્રમાણે જે ભગવાનને ભજે છે, તે આ લોક અને પરલોકમાં અગણિત સુખ પામે છે. ૧૩. જે ઉત્તમ ગુરુ હોય તેની રીત આવી હોય છે કે, તે જેટલી ઉત્તમ બાબત હોય તેનો સંગ્રહ કરે છે, અને તેને લીધે જ તે ઉત્તમ કહેવાય છે. ૧૪. જે જેવો વેપાર કરતો હોય તેને તેવો વેપારી કહેવાય છે. ૧૫. જે ગુરુ કહેવાતા હોય તે જેવી બાબતનો સંગ્રહ કરતા હોય, તેને અનુસારે તે ગુરુ તેવા દેખાય છે. ૧૬. આગળ કહ્યા મુજબની શ્રીહરિની વાત સાંભળીને અંડરસન સાહેબ મનમાં ખૂબ જ ખુશ થઈ ગયા. પછી તેણે શ્રીહરિને ફૂલનો હાર પહેરાવ્યો, અને તે વખતે એક શાલ ઓઢાડી. ૧૭. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. સાહેબ પણ શ્રીહરિ સાથે ચાલ્યા. જ્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા ત્યારે તે સાહેબ પાછા ફર્યા. ૧૮.

વણિક ભિખારીદાસ શેઠ હરિભક્તોમાં ધનાઢ્ય હતા. તેણે ઘણા ભાવથી શ્રીહરિની પોતાને ઘેર પધરામણી કરી. ૧૯. તે સિવાયના સુરત શહેરમાં જેટલા હરિભક્તોના ઘર હતા, તેમાં સહુ હરિભક્તોએ શ્રીહરિને પધરાવ્યા. કારણ કે, તે બધાને ઘણા દિવસનો ભાવ હતો. ૨૦. જેને જે રીતનો ભાવ હોય તેને શ્રીહરિ જાણતા હોય છે. તેથી શ્રીહરિએ તે સહુ હરિભક્તોનો ભાવ પૂરો કર્યો. ૨૧. જ્યારે હરિભક્તો પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ પોતાના મુકામ ઉપર આવ્યા. ત્યાં સ્નાન કરીને સભામાં આવ્યા. ત્યાં આવીને હિંડોળા ઉપર બેઠા. ૨૨. હરિભક્તો ફૂલના હાર લાવતા હતા. તેને શ્રીહરિ ખૂબ પ્રેમથી પહેરતા હતા. જેમ જેમ તે ફૂલના હાર આવતા, તેમ તેમ શ્રીહરિ સંતો, બ્રહ્મચારી અને પાર્ષદોને તે આપતા હતા. જ્યાં સુધી સુરતમાં રહ્યા ત્યાં સુધી આ રીતે હાર આપતા હતા. ૨૩-૨૪.

વળી જે હરિભક્તો હતા તેમને પણ શ્રીહરિ ફૂલના હાર સંભારીને રોજ રોજ આપતા હતા. ૨૫. જેટલા વાળંદ હરિભક્તો હતા તે બધા જ્યારે મશાલ કરીને આવતા, ત્યારે શ્રીહરિ તે બધાને પણ ફૂલના હાર આપતા રહેતા. ૨૬. ત્યાં રોજ સવારે અને સાંજે સંતો, વર્ણી અને અગણિત

હરિભક્તોની સભા થતી હતી. અગણિત ફૂલના હારોને લીધે આખી સભા જેમ કોઈ ફૂલનો બાગ હોય તેમ શોભતી હતી. જે કોઈ મોટા ભાગ્યશાળી મનુષ્ય હતા તે તેવી સભાનાં દર્શન કરતા હતા. ૨૭-૨૮.

જ્યારે કાર્તિક વદિ ચૌદશનો દિવસ થયો, ત્યારે કણબી ગિરધરભાઈ, ભગુભાઈ, ભગવાનદાસ અને શેઠ રામદાસ, તે સહુની ભેળી રસોઈ હતી. શ્રીહરિ તથા સંતોએ સવારમાં સ્નાન કરીને વિષ્ણુની પૂજા કરી. ૨૯-૩૦. સલાટપુરના જે હરિભક્તો હતા, તે સહુએ પોતપોતાને ઘેર શ્રીહરિને પધરાવ્યા. જ્યારે શ્રીહરિ પધરામણીએ ગયા ત્યારે અશ્વ ઉપર બેઠા હતા, અને મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કર્યું હતું, તેમજ આગળના ભાગમાં ચોપદાર છડી પોકારતા હતા. તે સમયે જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા તે બધા આગળ ચાલતા હતા. ૩૧-૩૨. ઢોલ, તાંસા ઇત્યાદિક જેટલાં વાજિંત્ર હતાં તે બધાં સવારીની આગળ વાગતાં હતાં, અને સંતો તથા હરિભક્તો ગરબીનાં કીર્તન ગાતા હતા. જે હરિભક્તો હતા તે પરસ્પર એકબીજા ઉપર ગુલાલ ઉડાડતા હતા. જે જે બજારે શ્રીહરિ ચાલતા હતા તે બજાર ગુલાલથી રંગાઈ જતી હતી. તેથી જાણે તેને રંગી દીધી હોય એવી પ્યારી લાગતી હતી. ૩૩-૩૪.

શ્રીહરિ પોતાના ઉતારાથી શહેરમાં ચાલ્યા, તે વચ્ચે હરિભક્તોનાં જેટલાં ઘર આવતાં હતાં, ત્યાં તે બધા ભક્તો શ્રીહરિને પધરાવતા હતા. ૩૫. ઘર આગળ સારો મંડપ બંધાવી રાખતા, તેમાં દરવાજે મોતીના તોરણ બાંધતા. વળી, તે વખતે વિવિધ પ્રકારના બિલોરી ઝાડ બાંધી દેતા હતા. ૩૬. હરિભક્તોને વિવાહના પ્રસંગ કરતાં પણ કરોડગણો વધારે ને વધારે ઉત્સાહ રહેતો હતો, તે વાત પૂરી કહી શકાતી નથી. ૩૭. જેવો ભાવ હોય તે પ્રમાણે મંડપની વચ્ચે પાટ બિછાવતા, અને શ્રીહરિ આવીને તે પાટ ઉપર બેસતા. ત્યારે ઘણી શોભા થતી હતી. ૩૮. હરિભક્તો કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરતા, અને મેવાનો થાળ ભરીને શ્રીહરિની આગળ ધરતા હતા. ૩૯.

જેને જેવી સંપત્તિ હોય તે પ્રમાણે સહુ ભેટ ધરતા. ભેટ આટલી તો આપવી જ, તેવો કોઈ નિયમ ન હતો. તેણે કરીને સહુને ભાવ અધિક રહેતો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ભિખારીદાસ શેઠ તથા સલાટપુરના ભક્તોને ઘેર શ્રીહરિએ પધરામણી કરી" એ નામે એંશીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૧

શ્રીહરિ તથા સંતો સુરતના પરા વિસ્તારમાં પધરામણીથી આવીને જમ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે શ્રીહરિ ભક્તજનોને ઘેર પધારતા, ત્યારે ભક્તજનો શ્રીહરિની પૂજા કરીને અતિશય ભાવથી કપૂરની આરતી કરતા હતા. ૨. તે શહેરના હરિભક્તો આરતી કર્યા પછી સંતોની પૂજા કરતા. આ રીતે સહુએ ઘણા ભાવથી શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. સહુ એમ સમજતા હતા કે, એક વખત ગયેલો અવસર ફરીવાર આવતો નથી. કારણ કે, હરિભક્તો સમાન બીજા કોઈ નિપુણ હોતા નથી. ૩-૪. સુરતના જેટલા પરામાં હરિભક્તો રહેતા હતા, તે બધાને ઘેર શ્રીહરિ ત્રણ દિવસ સુધી પધરામણીએ ફરતા રહ્યા. કારણ કે, શ્રીહરિએ હરિભક્તોને માટે તો અવતાર ધાર્યો છે. ૫.

જ્યારે શ્રીહરિ ચૌદશને દિવસ પધરામણીએ ફરી આવ્યા, ત્યારે ગિરધરભાઈ આદિક બધા હરિભક્તોએ દૂધપાક તથા પૂરીની રસોઈ કરાવી હતી. ૬. શ્રીહરિની માટે નંદરામજી અને ગોપાળજીએ પણ દૂધપાકની રસોઈ કરી, અને શ્રીહરિને જમાડ્યા. ૭. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરી, અને શ્રીહરિ પીરસવા આવ્યા. પહેલા શ્રીહરિની પૂજા કરી. ૮. પછી સંતોની પૂજા કરી. ત્યાર બાદ સરસ રીતે દૂધપાકના ડંકા ભરી ભરીને

સંતોને પીરસવા લાગ્યા. શ્રીહરિ આજે ખૂબ જ આનંદમાં હતા. ૯. પંગતમાં બેઠેલા સંતો મુખથી સ્વામિનારાયણ નામની ધૂન કરતા હતા. જ્યારે શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે સહુને જમવાની આજ્ઞા કરી. ૧૦. પછી સંતો જમવા લાગ્યા. શ્રીહરિના હાથનો આ પ્રસાદ તો ઘણો દુર્લભ કહેવાય. શ્રીહરિ ખૂબ પ્રેમભાવથી સંતોની પંગતમાં પાંચ વખત પીરસવા માટે ફર્યા. ૧૧.

જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ આવીને હિંડોળે બેઠા. તે સમયે ત્યાં જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા તેમની સભા થઈ. ૧૨. પછી અમાસને દિવસ શ્રીહરિએ સ્નાન કરીને વિષ્ણુની પૂજા કરી. સહુ સંતો અને વર્ણીઓએ પણ સ્નાન કરીને પૂજા કરી. સંતો, વર્ણી અને બીજા સહુ પણ ત્યાં આવીને સભામાં બેઠા. પછી શ્રીહરિ ત્યાં સભામાં હિંડોળે આવીને બેઠા. ૧૩-૧૪.

તે સમયે આનંદાનંદ સ્વામી અને ગોવિંદભાઈ શેઠ શ્રીહરિની પાસે આવ્યા, અને તેમણે બંનેએ હાથ જોડીને કહ્યું, "સલાટપુર તથા સગ્રામપુર સુધી અગ્નિકોણમાં તથા નૈઋત્ય ખૂણામાં આપણે પધરામણીએ ફર્યા છીએ. ૧૫-૧૬. આજે પૂર્વ દિશા તથા ઈશાનકોણ સુધી હરિભક્તોનાં જેટલાં ઘર છે ત્યાં બધે ચાલો પધરામણીએ ફરી આવીએ." ૧૭. ત્યારે શ્રીહરિએ તે બંનેને કહ્યું, "જેટલા હરિભક્તો છે તેમાં કોઈને ઘેર પધરામણીએ ફરવાનું રહી જશે, તો તે બધો દોષ તમારે માથે રહેશે. આ વાત તમને પ્રથમ જ કહી દઉં છું. ૧૮.

✵ શ્રીહરિ ને સંતનું વિચરણ થાય તે સ્થળ તીર્થ કહેવાય :

चोपाई :

इतने संत वर्णि रहे ताके, चरण अंकित घर होउ वाके;
एक एक संत के चरण तामें, अडसठ तीर्थ रये हे वामें...१९
भगवान की कहा केना बाता, जितने जो ब्रह्मांड रहाता;
तामें जितने तीर्थ कहाते, भगवान के चरण में रहाते...२०
भगवान संत जिहाँ विचरीता, ताके नाम तीर्थ हि कहीता;
अंत समय यह तीर्थ ताकी, स्मृति जेहि जन करत वाकी...२१
यह तीर्थ के फल रहे ऐसा, फेर फेर भव न भटकहि तैसा;

આટલા બધા સંતો તથા વર્ણીનાં ચરણથી બધા ભક્તોનાં ઘર પ્રસાદીના(અંકિત) થશે. આ એક એક સંતના ચરણમાં અડસઠ તીર્થ રહ્યાં છે. ૧૯. ખુદ ભગવાનની તો વાત જ શી કહેવી ? કેમ જે, **આ બ્રહ્માંડમાં જેટલાં તીર્થ કહેવાય છે તે બધાં ભગવાનનાં ચરણમાં રહ્યાં હોય છે.** ૨૦. **જ્યાં ભગવાન અને સંતો વિચર્યા હોય તેનું જ નામ તીર્થ કહેવાય છે. આ તીર્થનું એવું ફળ છે કે, અંતકાળે જે જન આ તીર્થનું સ્મરણ કરે, તો તેને વારંવારનું ભવભ્રમટકણ ટળી જાય છે."**

આટલી વાત કહીને શ્રીહરિ પોતાના અશ્વ ઉપર બેઠા. ૨૧-૨૨. મોટેરા સંતો માટે હરિભક્તો પાંચ ગાડી લાવ્યા. ગોવિંદભાઈએ જેટલું કહ્યું ત્યાં સુધી, શ્રીહરિ અને સંતો પહેલા દિવસની પધરામણીની રીતે પધરામણીએ ફર્યા, અને હરિભક્તોએ તે રીતે જ પૂજા કરી. જ્યારે પધરામણીથી પાછા પોતાને ઉતારે આવ્યા, ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ૨૩-૨૪. તે દિવસે શ્રીહરિ માટે નંદરામજી અને ગોપાળજીએ માલપૂડા અને દૂધપાકની રસોઈ કરી હતી, તેને શ્રીહરિવર જમ્યા. ૨૫. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી, અને સહુ સંતોને પોતે પીરસવા માટે આવ્યા. ૨૬. તે દિવસે અંબારામ, કૃષ્ણદાસ, કૃપારામ, નરોત્તમભાઈ, સુરભાઈ, નથુભાઈ અને ધનજીભાઈ, આ બધાની રસોઈ હતી, માટે તે સહુ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૨૭-૨૮.

શ્રીહરિ આવીને પાટ ઉપર બેઠા. એક પીતાંબર પહેર્યું હતું અને બીજું ઓઢ્યું હતું. રેશમી રૂમાલ કમરે બાંધ્યો હતો. ૨૯. અંબારામજી વિપ્રે કેસરયુક્ત ચંદન હાથમાં લઈને, મુખથી પૂજાના મંત્ર બોલતાં બોલતાં શ્રીહરિના લલાટમાં અર્ચા કરી. ૩૦. જ્યારે કેસર ચંદનની અર્ચા કરી લીધી, ત્યારે તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી ફૂલના હાર પહેરાવ્યા, અને શ્રીહરિના મસ્તક ઉપર ગુલાબનાં ફૂલની પાઘ બંધાવી. તે પાઘમાં ગુલાબના તોરા લટકાવ્યા હતા, જેમાં ખૂબ જ શોભા રહી હતી. ૩૧-૩૨. બંને ભૂજા ઉપર ગુલાબના બાજુબંધ બાંધ્યા, અને બંને હાથ ઉપર ગુલાબની પહોંચી બાંધી. ૩૩. બીજા જેટલા હરિભક્તોની રસોઈ હતી, તે સહુએ પણ શ્રીહરિની

કેસર ચંદનથી હરખભેર પૂજા કરી. ૩૪. સહુ હરિભક્તોએ ઘણા પ્યારથી ગુલાબનો એક એક હાર શ્રીહરિને પહેરાવ્યો. પછી જેટલા હરિભક્તો હતા, તેમણે કપૂરથી આરતી ઉતારી. ૩૫.

તે વખતે જ્યાં રંગોળી પૂરી હતી ત્યાં સંતોની પંગત કરાવી. સંતો મુખથી સ્વામિનારાયણ નામની ધૂન બોલવા લાગ્યા. ૩૬. જેટલા હરિભક્તો હતા, તે સહુએ કેસરયુક્ત ચંદન લઈને નંદરામજી તથા ગોપાળજીની પૂજા કરી. ૩૭. જેટલા ભક્તોની રસોઈ હતી, તે સહુએ કેસરયુક્ત ચંદન લઈને સહુ સંતોની પૂજા કરી. ૩૮. મુક્તાનંદ સ્વામી આદિક મોટા મોટા સંતો હતા તેમની પહેલા પૂજા કરી, અને પછી બીજા સંતોને પૂજ્યા. ૩૯. સંતોને ફૂલનો એક એક હાર પહેરાવ્યો અને કુંકુમનો ચાંદલો કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ તથા સંતો સુરતના પરા વિસ્તારમાં પધરામણીથી આવીને જમ્યા" એ નામે એક્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૨

શ્રીહરિએ અરદેશર શેઠના પ્રશ્ન પ્રમાણે કલ્યાણકારી વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. હરિભક્તો જ્યારે સંતોની પૂજા કરી રહ્યા, ત્યારે શ્રીહરિ સંતોની પંગતમાં પીરસવા લાગ્યા. ૨. જ્યારે પીરસી રહ્યા ત્યારે 'હવે તમે સહુ સંતો જમો.' એમ શ્રીહરિએ સંતોને કહ્યું. ત્યારે સંતો જમવા લાગ્યા. સંતો જમતાં જમતાં શ્રીહરિ જે રીતે પીરસતા હતા તેનાં દર્શન કરતા હતા. કારણ કે, શ્રીહરિ આ વખતે સંતો માટે જ સુગમ થયા છે. ૩-૪. જ્યાં સુધી સંતો દૂધપાક જમ્યા, ત્યાં સુધી શ્રીહરિ પંક્તિમાં પીરસવા માટે ફરતા રહ્યા. શ્રીહરિ આવી રીતે સંતોને પીરસીને હરિભક્તોનો ભાવ ખૂબ વધારતા હતા. ૫. જ્યારે સંતો જમી રહ્યા, ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા.

પછી જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો, ત્યારે શ્રીહરિ હિંડોળે આવીને બેઠા. ૬. તે સમયે સંતોની સભા થઈ. તે માનો સરોવરમાં ખીલેલા કમળ હોય તેવી લાગતી હતી ! જેટલા હરિભક્તો **શ્રીહરિએ સહિત સંતોની સભાનાં દર્શન કરતા હતા, તેમને દર્શન કરતા તૃપ્તિ થતી ન હતી; એવી એ સભા થઈ હતી. ભગવાનના ધામમાં જેવી સભા હોય, તેવી જ આ સંતોની સભા હતી.** ૭-૮.

ધામની સભામાં અને શ્રીહરિથી યુક્ત આ સંતસભામાં કોઈ ફરક રહ્યો ન હતો, તેવી આ સભા દેખાતી હતી. તે સભામાં સંતો જ્યારે ગરબીનાં પદ ગાતા હતા, ત્યારે શ્રીહરિ પણ તેમની ભેળા ગાતા હતા. ૯. હરિભક્તો ફૂલના ઘણા હાર લાવતા હતા. શ્રીહરિ તે હાર સંતોને, નંદરામજી તથા ગોપાળજીને અને હરિભક્તોને વારંવાર પહેરાવતા હતા. હરિભક્તો કેટલાય મેવા તથા મીઠાઈ લાવતા હતા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે વાળંદ હરિભક્તો મશાલ પ્રગટાવીને લાવ્યા. પછી આખી સભા ઊભી થઈ, અને હેતથી સહુ આરતી બોલ્યા. પછી નારાયણ ધૂન કરી. ૧૦-૧૨. જ્યારે નારાયણ ધૂન કરી રહ્યા, ત્યારે સંતો બે હાથ જોડીને સ્તુતિના શ્લોક બોલ્યા. ૧૩.

* ભક્તોએ ભગવાન પાસે કરેલી માંગણી :

दोहा : निरविकल्प निश्चय जोउ, मागत हे नित नीत;
हरिजन के दास दास मति, रहे भाव हि सहीत...१४

सोरठा : अग्यार नियम जेहु, हरिजन ताके रहे जेहि;
संभारत नित्य तेहु, नविन नविन रहत हे तब हि...१५
नियम रखत अग्यार, मोक्ष होवत रहे तेहि;
जात न लागत वार, श्रीहरि ताके धाम महीं...१६

સહુ શ્રીહરિનો નિર્વિકલ્પ નિશ્ચય રહે તથા હરિભક્તના દાસના પણ દાસ થવાની બુદ્ધિ રહે, તેમ સંતો-ભક્તો ભાવ સહિત રોજ રોજ માગતા હતા. ૧૪. વળી, સહુ હરિભક્તો પ્રાર્થનામાં પોતાના જે અગિયાર નિયમો છે, તેને નિત્ય સંભારતા હતા. જેનાથી તે રોજ તાજા ને તાજા રહે. ૧૫.

જે આ અગિયાર નિયમોને રાખે છે તેનો મોક્ષ થાય છે, અને ભગવાનના ધામમાં જવામાં તેને કાંઈ જ વાર લાગતી નથી. ૧૬. જ્યારે ઉપર કહ્યા પ્રમાણેના નિયમ બોલાઈ રહ્યા, પછી બધી સભા બેઠી. સહુ મુખથી 'જય સ્વામિનારાયણ' એમ બોલ્યા. ૧૭.

અરદેશર શેઠ શ્રીહરિનાં દર્શને રોજ આવતા. તેમને શ્રીહરિના ઉપર ઘણો ભાવ હતો. જ્યારે ધૂન થઈ રહે ત્યારે તે આવીને સભામાં બેસતા. ૧૮. શ્રીહરિને પગે લાગીને ચરણ સ્પર્શ કરતા, અને બધા સંતોને ઊભા ઊભા હાથ જોડીને નમીને પગે લાગતા હતા. ૧૯. પછી તે શ્રીહરિની પાસે બેસતા. તેમના હૃદયમાં ઘણો આનંદ રહેતો હતો. શ્રીહરિ જે રીતે રાજી રહે તે રીતે તેઓ રોજ રોજ બોલતા હતા. ૨૦. તેઓ રોજ જે પ્રશ્ન પૂછતા, તેનો ઉત્તર શ્રીહરિ કરતા. તેઓ પ્રશ્ન પૂછીને અંતરમાં સત્સંગની ઘેડ બેસાડતા હતા. ૨૧. **જ્યાં સુધી ઘેડ ન બેસે ત્યાં સુધી સત્સંગ પરિપક્વ અને દૃઢ રહેતો નથી. તેથી વિષમ દેશકાળમાં ફરી જાય છે.** ૨૨.

ભવ અને બ્રહ્મા જેવા કોઈ મોટા નથી. નારદ અને પરાશર પણ મોટા હતા. વ્યાસ, સૌભરી, ચ્યવન, ઋષ્યશૃંગ વગેરેએ પુરાણો તથા સ્મૃતિ કર્યાં છે. ૨૩. તેઓ ભૂત, ભવિષ્ય અને વર્તમાનને યથાર્થરૂપમાં જાણતા હતા. દેવરાજ ઈન્દ્ર બધા દેવોમાં મોટા હતા. તે બધા ધર્મના સ્તંભ હતા, અને જે વિવેક કહેવાય છે તેને તલ તલ જેટલો જાણતા હતા, તોપણ વિષમ દેશકાળે કરીને ઉપર ગણાવેલા સહુને ધર્મની દૃઢતા રહી નથી. ૨૪-૨૫. ઉપર કહેલા બધા મોટા વિષમ દેશકાળથી જ્યારે ન ડર્યા, અને વિષમ દેશકાળનું સેવન કર્યું ત્યારે તેને કહેવાપણું(કલંક) આવ્યું. ૨૬. જો મેરુ જેવા મોટાના જીવનમાં પણ વિષમ દેશકાળનું સેવન કરવાથી કહેવાપણું આવ્યું, તો આપણે શું લેખામાં ? કે વિષમ દેશકાળ સેવવાથી પણ ધર્મમાં અચળપણે દૃઢતા રહે ? એ તો ન જ રહે. ૨૭.

❋ વચનની મહત્તા :

चोपाई :

हरि कहे हमारे वचन जितना, वज्र के कोट सम रहे तितना;
अक्षरधाम रु बचन हमारे, जुदे न रहे कोउ कल्प लगारे...२८

अक्षरधाम अरु बचन ताकू, जिहाँ लग जुदे मानत याकू;
तिहाँ लग बालकमति रहाते, देशकाल जेसे तामें लेवाते...२९
जो जो विघ्न कहावत जेता, हमारे बचन में न रहे तेता;
न करनेकि करत बात जबही, वज्र के कोट बाहिर भये तबही...३०

શ્રીહરિએ કહ્યું, "અમારાં જેટલાં વચન છે તે વજ્રના કિલ્લા જેવાં છે. અક્ષરધામ અને અમારાં વચન કોઈ કલ્પે લગાર પણ જુદાં નથી. ૨૮. અક્ષરધામને અને અમારાં વચનને જ્યાં સુધી જુદાં માને છે, ત્યાં સુધી તે ભક્ત બાળબુદ્ધિનો છે. તેથી તે કોઈ વિષમ દેશકાળમાં લેવાઈ જાય છે. ૨૯. જે જે વિઘ્ન કહેવાય છે, તે અમારાં વચનમાં રહેનારાને નડતા નથી. જ્યારે ભક્ત હોવા છતાં ન કરવાની ક્રિયા કરે, ત્યારે તે અમારાં વચનરૂપ વજ્રના કિલ્લાથી બહાર થઈ ગયો ગણાય. ૩૦. જે ન કરવાની બાબત હોય, તેને ઉન્મત્ત થઈને કોઈ કરવા લાગે, તેનું જ નામ વિષમ દેશકાળ છે. તેને જે સેવે છે તે બેહાલ થઈ જાય છે. ૩૧.

✻ વચનનો લોપ તેટલો પ્રભુનો કોપ :

જેનો જેવો ધર્મ હોય, તેનો જે જેટલો લોપ કરે છે, તેને અંતર્યામી ભગવાન નિરંતર જાણતા હોય છે. ૩૨. **ભગવાનથી કોઈ વાત અજાણી નથી. તેઓ તો પળ પળની વાતને જાણે છે. તેથી ભગવાન જે મનુષ્ય જેવું કર્મ કરે છે તેને તેવું ફળ આપે છે.** ૩૩. સારાં કર્મનું સારું ફળ આપે છે, અને ભૂંડાં કર્મનું ભૂંડું ફળ આપે છે. જે લોકો સારાં કર્મ કરતા રહે છે, તેને જન્મ-મરણથી છોડાવી દે છે. ૩૪. ભગવાન સારા માર્ગે ચાલનારાને ચોરાશીના ભ્રમણ અને જમપુરીનાં દુઃખ, તે બધાંથી છોડાવે છે. ૩૫. જે મનુષ્ય ન ચાલવાના માર્ગે ચાલે છે, અને ભૂંડું કામ કરીને ખુશ થાય છે, તે વારંવાર જન્મ-મરણરૂપ સંસારના ફેરામાં કરોડો કલ્પ સુધી ભમતો રહે છે. ૩૬. અને તે જમપુરી તથા લખચોરાશીમાં કરોડો કલ્પ સુધી અપાર દુઃખ પામે છે. તે બધું કહી શકાતું નથી. ૩૭. **જે મનુષ્ય સત્પુરુષોનાં વચનોને ગણકારતો નથી તેની ક્યાંય ગણતરી રહેતી નથી, આ વાત નિશ્ચિત છે.** ૩૮. જ્યાં સુધી જીવમાં મોહ રહે છે, ત્યાં સુધી

'આ સત્પુરુષ સાચું કહે છે' આવું સમજાતું નથી. ૩૯. **અને સત્પુરુષ જેમ કહે તેમ જે અતિશય ભાવથી કરે છે, તેનો મોહ તેટલો ગયો ગણાય. તે દેખાઈ આવે છે.** ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ અરદેશર શેઠના પ્રશ્ન પ્રમાણે કલ્યાણકારી વાત કહી" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૩

અરદેશર કોટવાળની રસોઈ તથા પધરામણી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. અરદેશર શેઠની આગળ જ્યારે શ્રીહરિ વાત કહી રહ્યા ત્યારે શેઠ ચાલતા થયા, અને જતાં જતાં પડવાના દિવસની વાત શ્રીહરિને કહી કે, 'વિપ્ર અંબારામ મારા વિદ્યાગુરુ છે, અને બીજા એક મારા મિત્ર કૃષ્ણજી દેસાઈ છે. તે અમારા ઘરના મોદીખાનાના કારભારી છે. તે રસોઈનો બધો સામાન બજારમાંથી લાવી આપશે.' ૨-૪. શેઠે આટલી વાત શ્રીહરિ આગળ કહી. પછી પોતાના ઘર તરફ ગયા. બીજે દિવસે સવારમાં માગશર સુદિ પડવાને દિવસ તેઓ આવ્યા. ૫. કૃષ્ણજી દેસાઈ બાસુંદીની રસોઈનો સામાન લાવ્યા, અને અંબારામ વિપ્ર રસોઈ કરવા લાગ્યા.

શ્રીહરિ તથા સંતોએ સ્નાન કરી લીધું હતું. ૬. જ્યારે શ્રીહરિએ વિષ્ણુની પૂજા કરી લીધી, ત્યારે પરમ નિપુણ હરિભક્ત ગોવિંદભાઈ ત્યાં આવ્યા. પછી તેઓ શ્રીહરિ તથા સંતોને હરિભક્તોને ઘેર પધરામણી કરવા માટે ઘણા પ્રેમથી લઈને ચાલ્યા. ઈશાન ખૂણાથી લઈ પશ્ચિમ દિશા સુધીમાં જેટલા હરિભક્તોનાં ઘર હતાં, તે ઘેર ઘેર પધરામણીએ ફર્યા. હરિભક્તોએ શ્રીહરિ, સંતો, વર્ણી અને શ્રીહરિના ભત્રિજા નંદરામજી તથા ગોપાળજીની પૂજા કરી. ૭-૯. હરિભક્તોના દિલમાં જેવો ભાવ હોય, તે પ્રમાણે ઘણા પ્રેમથી પૂજા કરતા હતા.

સં.૧૮૬૭ના વરસથી સુરતના બધા હરિભક્તોના મનમાં સંતો, વર્ણીઓ સહિત શ્રીહરિને, ભાવથી પોતાને ઘેર પધરાવવાની ઇચ્છા નિત્ય રહ્યા કરતી હતી. તે ભાવભરી ઇચ્છા રાખતાં રાખતાં સં.૧૮૮૧ના વરસમાં, તે ભક્તોના ભાવને પૂરો કરવા માટે દેશકાળની સાનુકૂળતા વિચારીને, શ્રીહરિ સુરત પધાર્યા હતા. દેશકાળની સાનુકૂળતા સિવાય કોઈ ધારેલી વાત પૂરી થાતી નથી. ૧૦-૧૨. દેશકાળની સાનુકૂળતા વિચારવી ઘણી કઠણ છે. તે સાનુકૂળતા સિવાય ક્યારેય કોઈ વાત સુધરતી નથી. ૧૩. જેનું ધાર્યું જ બધું થતું હોય, તેની મરજી અનુસારે જ્યારે જે વાત કરવામાં આવે, ત્યારે તે સિદ્ધ થાય છે. ૧૪.

※ જો અલૌકિક ભાવ થાય તો ફેરો સુધરી જાય :

ભગવાન સમાન બીજો કોઈ સમર્થ નથી. તે ભગવાન જે જે વાતને ધારે છે, તે તેવા રૂપમાં સિદ્ધ થાય છે. ૧૫. છતાં તે ભગવાન જ્યારે મનુષ્યદેહને ધારણ કરે છે, ત્યારે મોટા ભાગે મનુષ્યની રીતે જ વર્તે છે. ૧૬. **ભગવાન મનુષ્યદેહમાં પણ અલૌકિક દિવ્યભાવ દેખાડે છે. છતાં જેટલા અભક્ત હોય છે તે દિવ્યભાવને દેખે, તોપણ ભગવાનને માનતા નથી. ૧૭. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તો સંતો તથા હરિભક્ત દ્વારા થાય છે. તે ભગવાન મનુષ્યરૂપે થયા હોય, તોપણ તેમને જ્ઞાન દષ્ટિએ કરીને દિવ્યમૂર્તિ જ દેખતા રહે અને તેમાં કોઈ સંશય થાય નહિ, તેવા હરિભક્ત પાકા છે.**

જ્યારે મધ્યાહ્નનો સમય થયો, ત્યારે શ્રીહરિ હરિભક્તોને ઘેર પધરામણીએ ફરી રહ્યા. ૧૮-૧૯. પછી પોતાને ઉતારે આવ્યા. ત્યારે કેટલાંક વાજિંત્ર વાગતાં હતાં. શહેરમાં કેટલાક કામી, ક્રોધી અને લોભી ગુરુઓ રહેતા હતા. ૨૦. તે પોતે બગલા હોવા છતાં હંસ બનીને મનના ધાર્યા પ્રમાણે પૂજાતા હતા. કલ્યાણની કાંઈ ગમ નહિ હોવા છતાં, તેઓ પોતામાં જ કલ્યાણ માનતા હતા. ૨૧. તે બધા તો નામમાત્રના જ ગુરુ હતા. તેમાં સાચા ગુરુનું એક પણ લક્ષણ દેખાતું નહીં. સાચા ગુરુનાં જેટલાં લક્ષણો હોય છે, તેને સત્સંગ વિના ઓળખી શકાતા નથી. ૨૨.

અજ્ઞાની લોકોમાં તો એવી માન્યતા હોય છે કે, ગુરુ ગમે તેમ કરે તોપણ તેનો દોષ જરાય લેવાય નહિ, અને તેનું નામ જ સત્સંગ છે, અને ત્યાં જ કલ્યાણનાં બધાં અંગો રહેલાં છે. ૨૩. જો ગુરુમાં કાંઈ દોષ જુએ તો દોષ જોનારાએ ગમે તેટલા નિયમો રાખ્યા હોય, તોપણ તે બધા નિયમોના ફળનો નાશ થઈ જાય છે, અને તેણે મોક્ષની આશા રાખવી નહીં. ૨૪. દુનિયાના લોકો ચાહે તેવા મોટા કરોડપતિ ધનવાન હોય, અને રાજવહીવટ કરતા હોય, પણ જો તેને મોક્ષનો ખપ ન હોય, તો તે મોક્ષના માર્ગમાં તો જન્મથી જ આંધળા અને બહેરા કહેવાય છે. ૨૫-૨૬. તે બધા પેટ ભરવામાં તો કોઈ આંધળા કે બહેરા નથી. કેમ જે, તેઓ વિષયના માર્ગમાં ક્યારેય પ્રમાદ રાખતા જ નથી. ૨૭. જે મનુષ્ય જેવા હોય, તેના ગુરુઓ પણ તેવા જ હોય છે. તે ગુરુ-શિષ્યોની એકસરખી મતિ હોવાને લીધે, તે બધાના ચિત્ત મળીને એકસરખા રહેતા હોય છે. ૨૮.

માણસ જ્યાં સુધી વિષયમાં સુખ માને, ત્યાં સુધી તેને પાણીમાં રહેલા પથ્થરની જેમ સત્સંગનો પાશ લાગતો નથી. ૨૯. જ્યાં સુધી માણસ વિષયમાં લાગેલો હોય, ત્યાં સુધી તેની સમજણ પણ તેવી જ હોય છે, અને ત્યાં સુધી તેની બુદ્ધિ પણ તેમાં ચોંટેલી રહે છે. તેથી તેની ગણતરી બાળકમાં થાય છે. ૩૦. જેટલા વિષય કહેવાય છે, તેને જ્યારે પ્રબળ શત્રુના રૂપમાં જોવામાં આવે છે, ત્યારે તેને તેટલો સત્સંગનો પાશ લાગે છે. ૩૧.

✵ મહિમા સમજાય ત્યારે વિષય તુચ્છ થાય :

चोपाई :

भगवान कि मूर्ति केउ जबहू, महिमा जो संभारत तबहू;
विषय तुछ में तुछ देखावे, ताके नाम हि महिमा कहावे...३२
विषय कि तुछता वरते जितना, इंद्रिय अंतःकर्ण करि तितना;
तितना सत्संग यह भयेऊ, विषय की अरुचि कहत तेऊ...३३
विषय में राग वरतत जेता, इंद्रिय अंतःकर्ण कर तेता;
जन्म मरण के तितना ताई, बिज रहाये देखना वाई...३४

જ્યારે ભગવાનની મૂર્તિનો મહિમા સંભારવામાં આવે છે, ત્યારે વિષય અત્યંત તુચ્છ દેખાય છે. વિષય તુચ્છમાં તુચ્છ દેખાય તેનું જ નામ મહિમા

કહેવાય છે. ૩૨. જેટલી ઈન્દ્રિયો તથા અંતઃકરણે કરીને વિષયની તુચ્છતા વર્તે તેટલો તેને સત્સંગ થયો છે, અને તેને જ વિષયની અરુચિ કહેવાય છે. ૩૩. જ્યાં સુધી ઈન્દ્રિયો અને અંતઃકરણે કરીને જેટલો વિષયમાં રાગ વર્તતો હોય છે, ત્યાં સુધી તેમાં તેટલું જન્મ-મરણનું બીજ રહ્યું હોય છે તેમ જાણવું. ૩૪.

❋ હરિની સ્મૃતિ થાય તો જન્મ-મરણનાં બીજ જાય :

चोपाई :

भगवान कि मूर्ति रहे ताके, जितना चिंतवन रहत हि वाके;
भगवान जन्म से जो जेहू, जितना चरित्र करेउ तेहू...३५
स्वधाम जावत जिहाँ लग जाही, चित दे सुनना त्यां लग ताही;
जन्म मरण के बिज जो तिनके, चरित्र नाश करत हे इनके...३६

दोहा : ता विन साधन जितनेउ, कोटि कल्प करेउ;
जन्म मरण के बिज जोउ, नास न तेहि करेउ...३७

ભગવાનની મૂર્તિનું જેટલું ચિંતવન રહ્યા કરે, તથા જન્મથી લઈને સ્વધામ પધાર્યા ત્યાં સુધીમાં ભગવાને જેટલાં ચરિત્ર કર્યાં હોય તેને ચિત્ત દઈને સાંભળે, તો તે મૂર્તિનું ચિંતવન અને ચરિત્રશ્રવણ; જન્મ-મરણનાં બીજનો નાશ કરી દે છે. ૩૫-૩૬. **તે સિવાય કરોડો કલ્પ સુધી સાધનમાત્ર કરે, તોપણ તે જન્મ-મરણના બીજનો નાશ કરી શકતા નથી.** ૩૭. જન્મ-મરણના રોગ જેવો બીજો કોઈ રોગ નથી, પરંતુ ભગવાન શ્રીહરિનાં ચરિત્ર તે રોગનો નાશ કરી દે છે; એમ સમજીને ભગવાન શ્રીહરિનાં ચરિત્રોને સાંભળવાં. કારણ કે, તેનાથી ભગવાનના સ્વરૂપમાં અધિક પ્રેમ વધે છે. ૩૮-૩૯. તે જો ભાવ વગર સાંભળવામાં આવે, તોપણ ભગવાનના સ્વરૂપમાં પ્રેમ વધારે છે. આ વાત આવી છે તે જ્યારે ચરિત્રોને સાંભળીએ છીએ ત્યારે જણાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "અરદેશર કોટવાળની રસોઈ તથા પધરામણી" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૪

શ્રીહરિ અને કાઠી દરબારોની રમૂજ ભરેલી વાત

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ પધરામણી કરીને ઉતારે આવ્યા. જ્યારે અશ્વ ઉપરથી ઊતરીને હિંડોળા ઉપર બેઠા, ત્યારે શ્રીહરિના મુખારવિંદ ઉપર હાસ્ય શોભી રહ્યું હતું. ૨. સુરત શહેરની જે હરિભક્ત બાઈઓ હતી, તે રોજ રોજ જાત જાતનાં મેવા અને મીઠાઈના થાળ ભરી ભરીને લાવતી હતી. તે બાઈઓ શ્રીહરિને જમાડવાની જે વસ્તુ અતિ પરમ સ્નેહથી લાવતી, તેને શ્રીહરિ જ્યારે જમવા બેસતા, ત્યારે ઘણા સ્નેહથી જમતા હતા. ૩-૪.

હરિભક્તોને ઘણા વરસનો જેવો ભાવ હતો, તે પ્રમાણે શ્રીહરિએ સુરતમાં રહીને ઘણા સ્નેહભાવથી, તે હરિભક્તોને ખૂબ જ તૃપ્ત તૃપ્ત કરી દીધા. તેથી બધા હરિભક્તો ઘણા પ્રસન્ન થયા હતા. ૫. નંદરામજી અને ગોપાળજીએ શ્રીહરિને માટે જ્યારે થાળ તૈયાર કર્યો, ત્યારે ત્યાં જઈને શ્રીહરિ જેટલાં ભોજન કર્યાં હતાં તેને જમ્યા. ૬. શ્રીહરિ જ્યારે જમી રહ્યા, ત્યારે રંગોળી પૂરીને તૈયાર કરેલા સ્થાન ઉપર તરત સંતોની પંગત કરાવી, અને શ્રીહરિ પાટ ઉપર આવીને બેઠા. ૭. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું હતું, અને બીજું સુંદર ઓઢ્યું હતું.

અંબારામ વિપ્રે અરદેશર શેઠ વતી કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિના લલાટમાં ચર્ચ્યું, બંને ભુજાઓ ઉપર પણ ચંદન ચર્ચ્યું, અને તેમાં કુંકુમના ચાંદલા કર્યા. ૮-૯. પછી તેમણે ઘણા પ્યારથી ગુલાબના હાર પહેરાવ્યા, અને ગુલાબની પહોંચી તથા બાજુ, બંને ભુજા ઉપર બાંધ્યા. ૧૦. તે પછી ગુલાબની ટોપી મસ્તકે ધરાવી અને કપૂરથી આરતી કરી. તે પછી સહુ સંતોની પૂજા કરી, અને પ્રેમથી ફૂલના હાર પહેરાવ્યા. ૧૧.

પછી શ્રીહરિ સંતોની પંગતમાં પીરસવા આવ્યા. જે બાસુંદી કરાવી હતી, તેના ડંકા ભરી ભરીને તત્પરતાથી પાત્રમાં પીરસ્યું. ૧૨. તે વખતે

સંતો લગાતાર મુખથી નારાયણ ધૂન કરતા હતા. તે ધૂનનો શબ્દ ઘણો જ પ્રિય લાગતો હતો. ૧૩. જ્યારે શ્રીહરિ પીરસી રહ્યા, ત્યારે સંતોને જમવા માટે આજ્ઞા કરી. જેટલાં ભોજન હતાં, તેને સંતોએ પાત્રમાં મેળવી દીધાં. ૧૪. સંતો જમતા હતા, ત્યારે કોળિયે કોળિયે સ્વામિનારાયણ નામ બોલતા હતા. ૧૫. જ્યાં સુધી સંતો જમતા હતા, ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. તે પીરસતી મૂર્તિનાં સંતો તથા હરિભક્તો દર્શન કરતા હતા. ૧૬. સંતો જ્યારે જમી રહ્યા, ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા.

દક્ષિણ તરફના બંગલાના માળ ઉપર શ્રીહરિને નિવૃત્તિને સમયે બેસવા માટેનું આસન રાખેલું હતું. તેના ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, એટલે શ્રીહરિ ત્યાં જઈને બેઠા. તે સમયે શ્રીહરિની સાથે દાદા ખાચર, સુરા ખાચર, વસ્તા ખાચર અને મોકા ખાચર વગેરે જેટલા કાઠી દરબારો હતા, તેઓ ત્યાં બે ઘડી બેસી શ્રીહરિને વિનોદ કરાવવા લાગ્યા. તેમાં નિઃસંશયપણે ચિત્રવિચિત્ર પ્રકારના શબ્દ બોલીને શ્રીહરિને ગમે તેવો વિનોદ કરતા હતા. ૧૭-૨૦. તે દરબારો શ્રીહરિને કહેતા કે, “આ શહેર બહુ ગંદું છે. અમે આપને લીધે આ ફંદામાં પડ્યા છીએ. અમે ક્યારેય આવા ગંદા શહેરમાં રહ્યા નથી. ૨૧. હવે અમને આ ગંદકીમાંથી દૂર કરો. અમારો એક દિવસ વરસ જેવો થાય છે. બીજી બધી વાત તો ઠીક છે, પણ અહીં બે બાબત બહુ કઠણ છે. ૨૨. બરફી ખાવી અને પાયખાને જવાનો તો વારો જ આવતો નથી. રાત અને આખો દિવસ ઊભા ઊભા જ વીતે છે, તે કોને કહીએ ?” ૨૩.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “હવે તમે બરફી ખાવાનું છોડી દો. તમને બરફીમાં રાગ છે. તમે તમારા રાગથી જ દુઃખી થાઓ છો, પણ પોતાનો દોષ જોતા નથી. ૨૪. **તમારે એક વાત ચોક્કસ કરી રાખવી કે, જે જે બાબત પોતાને દુઃખ દેતી હોય, તેનો જ્યારે ત્યાગ કરવામાં આવે, ત્યારે જ તે અપાર સુખી થાય છે.”** ૨૫. ત્યારે કાઠીઓએ કહ્યું કે, “તે અમે સમજીએ છીએ, પણ તેનો ત્યાગ થઈ શકતો નથી. તે કારણે જ અમે દુઃખી થાઈએ

છીએ, તેને આપ જાણો છો. ૨૬. હરિભક્તોને હજુ આપના ઉપર ઘણો ભાવ છે, પણ અમે હવે ચાલીએ." ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "ના, તમે અહીં રહો, પણ હવે તમે ઉદાસ ન થશો." ૨૭.

પછી દિવસ પાછલો પહોર રહ્યો ત્યારે પરમ પ્રવીણ શ્રીહરિ હિંડોળે આવીને બેઠા. તે વખતે આગળના ભાગમાં સંતોની સભા થઈ. ૨૮. પછી જે હરિભક્તો આવીને બેઠા હતા, તેમની આગળ શ્રીહરિએ કહ્યું કે, "જેટલા કાંઈ સારા સારા વિષયો છે, તે શહેરમાં સહેજે રહ્યા હોય છે. ૨૯.

❋ સત્સંગની વાત સમજાણી, તેને વિષય ન શકે તાણી :

જેમ પાણીથી સમુદ્ર ભર્યો હોય છે, તેમ શહેરમાં વિષય ભર્યા હોય છે. ભવસાગરરૂપી પાણીમાં રહીને, સત્સંગરૂપી વહાણ વિના કોરા રહેવાનું કોઈ રીતે અનુકૂળ આવે નહીં. ૩૦. **સત્સંગની જેટલી વાતો છે તે બધી નાવરૂપ રહી છે. જે જીવ આવી સત્સંગની વાતોનો યોગ રાખે છે, તેને ક્યારેય વિષય ખેંચી શકતા નથી.** ૩૧. કારણ કે, સત્સંગની જેટલી વાતો છે તે વિષયમાં દુઃખ દેખાડે છે. જે વિષયમાં દુઃખ દેખાડે અને ભગવાનના સ્વરૂપમાં જ સુખ રહ્યું છે એમ જે દેખાડે, તેનું જ નામ ખરો સત્સંગ કહેવાય. ૩૨. **ઈન્દ્રિયો અને અંતઃકરણ જેટલાં વિષયમાં ચોંટે છે, તેટલાં તે ભગવાનની સ્મૃતિને ભૂલાવી દે છે.** ૩૩.

ભગવાનને ભૂલી વિષયમાં જેટલું ચોંટાય છે, તેનો તેટલો સત્સંગનો પાયો કાચો છે તેમ જાણવું. માટે જેનો પાયો કાચો હોય તેણે ક્યારેય પ્રમાદ રાખવો નહીં. ૩૪. કેમ જે, જીવે અનેક કલ્પ સુધી દેહ ધરી ધરીને તે બધા વિષયમાં જ ખોયા છે, તોપણ સત્સંગ કર્યા વિના તે વિષયોમાં અરુચિ થઈ નથી. ૩૫. જીવને સત્સંગરૂપી ચિંતામણિ પૂરો સમજાયો નથી. તેથી તે સત્સંગને દૂર રાખે છે. **જેને સત્સંગ પૂરો સમજાય છે તેને કરોડો બ્રહ્માંડના વિષય ઊલટી થયેલા અન્નની જેમ દેખાય છે. અને જ્યારે તેમ વર્તાતું હોય તોપણ જે વિષયનો ડર રાખે, તેટલો તેનો સત્સંગનો પાયો પાકો થયો છે એમ જાણવું.** ૩૬-૩૭.જે ઊઠતાં, બેસતાં, ચાલતાં, ખાતાં, પીતાં, દેખતાં,

બોલતાં આદિક સર્વે ક્રિયામાં વિષયનો કોઈ જાતનો ડર રાખતો નથી, તો તે વિષયનો ડર નહિ રાખનારના સત્સંગનો કાંઈ જ વિશ્વાસ નહીં, તે સમજી લેવું. કારણ કે, આ જોવું બહુ જરૂરી છે. ૩૮-૩૯. જે વિષયથી જેટલો ડરે છે તેટલો તેનો પાયો નક્કી છે, તે હરકોઈ વાતમાં જોઈ લેવું." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ અને કાઠી દરબારોની રમૂજ ભરેલી વાત કહી" એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૫

સંતોની સેવા કરનારા નાના શેઠ પૂરું પાત્ર ન હોવાથી વિમુખ થયા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સં.૧૮૬૯ના વરસથી સુરતમાં સર્વ પ્રથમ નાના શેઠ ઘણા પાકા હરિભક્ત થયા હતા. ૨. સ્વરૂપાનંદ સ્વામી જેવા મોટા મોટા સંતો તે સમયે સુરતમાં ઘણા રહેતા હતા. તે વખતે તે બધા બીમાર પડી ગયા હતા. તેથી દેહની બધી જ ક્રિયા આસનમાં કરવી પડતી હતી. તે સંતોને જ્યારે શરીરનું ભાન રહ્યું નહિ, ત્યારે તે નાના શેઠ ભાવથી તે સેવા કરતા હતા, પણ સંતોનો અભાવ લેતા નહીં. ઊલટાના સંતોની સેવાને દુર્લભ માનતા હતા. શરીરથી બીમાર સંતો મુખથી જે કાંઈ માગતા, તે અતિશય ભાવથી તરત જ લાવી આપતા હતા. પછી સંતો તે ખાય કે ન ખાય, પણ નાના શેઠ મૂંઝાતા નહીં. સંતોનાં ગંદાં કપડાંને રોજ રોજ ધોઈ નાખતા હતા. ૩-૬.

તેમણે લગભગ પંદર વર્ષ સુધી સંતોની સેવા ભગવાનની સેવા કરતાં પણ વધારે કરી હતી. તે મન, કર્મ, વચનથી સેવા કરતા. તેમાં તલભાર પણ કપટ રાખતા નહીં. ૭. તે સેવાથી શ્રીહરિ તથા સંતો તેના ઉપર વારંવાર રાજી થયા હતા. એવી નાના શેઠના જેવી સેવા બીજા કોઈ સંતો કે હરિભક્તોએ કરી ન હતી. ૮. તેઓ સંતોની સેવાથી બીજો કોઈ

અધિક લાભ કે ફળ ક્યારેય મનમાં માનતા નહીં. તેણે ગોપાળદાસના તથા નરસિંહ મહેતાના ધોળ, અને મુક્તાનંદ સ્વામીના મલ્હાર રાગના ધોળ પદને કંઠે કર્યાં હતાં. ૯-૧૦. **સંતોના રાજીપાથી તે સત્સંગની વાત કરવાનું તથા વાંચવાનું પણ શીખી ગયા હતા.**

❋ સહુનું કારણ શ્રીહરિને ન સમજે તેની સમજણમાં કસર છે :

શ્રીહરિએ ષટ્ચક્રના સ્થાનકના એક ખરડામાં અલૌકિક વાતો લખાવી હતી. શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં તથા અન્ય અવતારોમાં જેવું ઐશ્વર્ય રહ્યું છે, તે પણ તે પત્રમાં લખાવ્યું હતું. ૧૧-૧૨. **સર્વનું કારણ પોતે શ્રીહરિ જ છે. તે શ્રીહરિનાં સ્વરૂપ કરતાં બીજાને જ્યાં સુધી જે કોઈ અધિક જાણે છે, ત્યાં સુધી તેને સમજણમાં તેટલી કસર રહી છે.** ૧૩. પરંતુ જે કુબુદ્ધિવાળા લોકો છે, તે કાંઈક જ્ઞાન શીખીને 'હું ભગવાન છું' એમ માને છે. ૧૪. જે જ્ઞાનનું સાચું પાત્ર ન હોય, અને જેટલો મલિન મનવાળો હોય, તેટલો તે જ્ઞાન શીખીને પછી પોતાને જ સહુથી અધિક માનવા લાગે છે. ૧૫.

જ્ઞાનીઓમાં વશિષ્ઠ, જનક, ઉદ્ધવ અને પ્રહ્લાદજી વગેરે સત્પાત્ર હતા. ૧૬. અક્ષરના એક એક રોમમાં અનંતકોટિ બ્રહ્માંડ અણુની જેમ ઊડતા રહે છે, તેમ છતાં પણ તે અક્ષર 'હું ભગવાન છું' તેમ કહેતા નથી. ૧૭. બ્રહ્મા અને કશ્યપ સૃષ્ટિના કર્તા છે. એવા જે મોટા મોટા કહેવાય છે કે, જેને આધારે પ્રાણીમાત્ર જીવનભર ક્રિયા કરતા રહે છે, તોપણ તેને અભિમાન આવતું નથી. તે કોઈ એમ કહેતા નથી કે, 'હું ભગવાન છું' પરંતુ તે ભગવાનના દાસ જ રહે છે. ૧૮-૧૯. જ્યારે તે આવા સત્પાત્ર બન્યા, ત્યારે ભગવાને પોતે પોતાનું ઐશ્વર્ય, તેઓ ઇચ્છતા ન હોવા છતાં પણ તેમને આપ્યું, અને તેણે કરીને પણ તેઓ છક્યા નથી. ૨૦.

જે એવા સત્પાત્ર ન હોય, તેવા નારકી લોકો તો એકાદ કીર્તન કે શ્લોક શીખે, ત્યાં તો ભગવાનને પણ ગણતા નથી. ૨૧. આવા કુપાત્ર શું માને છે ? તો, 'જ્યાં રોજ જઈને કરોડો કૃષ્ણ હાથ જોડીને માથું ઘસે છે આવું તો પોતાનું ધામ કહે છે.' આવું જે બોલે છે તે નીચમાં પણ અતિશય

નીચ છે. ૨૨. આવા જેટલા મત છે તે જમપુરી કરતાં પણ ભૂંડાંમાં ભૂંડાં છે. જેટલા પાત્રતા વગરના જીવો હોય છે, તેઓ ભગવાન અને ભગવાનના અવતારો કરતાં પણ પોતાને અધિક સમજે છે. જે સહુથી મહાન સર્વોપરિ ભગવાન છે, તેને કોઈક દિવસ પ્રસન્ન કર્યા હોય, અને તેનું ફળ જ્યારે ઉદય થાય ત્યારે તે બધાથી જરૂર મોટા થાય છે. ૨૩-૨૫.

❋ મોટાના યોગથી જ સાચી મોટપ આવે છે :

दोहा : फलप्रद अंतरजामि हि, बडता देत भयेउ;
बडे के जोग बिन कबहु, बडता मिलत न केउ...२६

सोरठा : भगवान रहे जेहि, भगवान के संत जेहि;
हरिजन जेते तेहि, चिंतामणि अरु कल्पवृक्ष...२७
रहाये यह जरूर, तामें कल्पत भाव जिमि;
तिल भर रहे न कूर, तिमि फल सो मिलत रहेउ...२८

ફળપ્રદાતા અંતર્યામી પરમાત્મા જ સહુને મોટપ આપે છે. મોટાના યોગ સિવાય ક્યારેય કોઈને મોટપ મળતી નથી. ૨૬. જે ભગવાન છે તથા જે ભગવાનના સંતો અને હરિભક્તો છે, તે તો જરૂર ચિંતામણિ અને કલ્પવૃક્ષ જેવાં છે. તેમાં જે જેવો ભાવ કલ્પે છે તેવું તેને ફળ મળે છે, તેમાં તલભાર પણ ખોટું નથી.” ૨૭-૨૮.

તે નાના શેઠે જ્યારે સાચા દિલથી સંતોની સેવા કરી, ત્યારે સત્સંગની જે રીતની વાતો છે, તે તેના હિત માટે રાજી થયેલા સંતો તેના ઉપર કૃપા કરીને શીખવાડતા હતા. સંતોએ તેમને નાનું પાત્ર જાણ્યા ન હતા. પરંતુ તે નાનું પાત્ર હતા. તેથી જે સંતોએ નાના શેઠને ગુણ શીખવ્યા, તેને જ તે પછીથી બુદ્ધિરહિત માનવા લાગ્યા. ૨૯-૩૦. કોઈ હરિભક્તને તે પોતાને સમાન દેખતા નહીં. જેમ તેણે પહેલાં સંતોની સેવા કરી હતી, તે રીતે તે સંતોનો દોષ લેવા લાગ્યા. ૩૧. જ્યારે કોઈ હરિભક્ત તેને બોલાવતા ત્યારે તેમની સામે ક્રોધ કરવા લાગ્યા. ત્યારે હરિભક્ત એમ કહેતા કે, આણે વિમુખ થવાની શરૂઆત કરી દીધી છે. ૩૨. નાના શેઠની પોતાની પત્ની મૃત્યુ પામી હતી, અને આર્થિક રીતે તે દુર્બળ હતા. પછી તો કોઈ વિધવા

નારી દેખાય, તો તેને ભાવથી બોલાવવા લાગ્યા. ૩૩. સત્સંગમાં રીત ન હોય તેવી રીતે પરસ્ત્રીઓને જ્ઞાનની વાતો કહેવા લાગ્યા.

❋ સ્ત્રીથી છેટા વસે તો જ કામથી બચે :

જો દારૂ અને અગ્નિ ભેળા થાય તો તે ઊડ્યા વિના રહે નહીં. ૩૪. ઘી અને માખણ ગમે તેવું હોય, પણ અગ્નિ પાસે રહે ત્યારે નરમ થયા સિવાય રહે નહીં. પથ્થર અને લોઢા જેવો કઠિન પદાર્થ પણ અગ્નિના જોગથી રસ થયા સિવાય રહેતો નથી. કારણ કે, અગ્નિનો જોગ જ એવો છે. પુરુષને માટે સ્ત્રી અગ્નિ જેવી છે અને સ્ત્રીને માટે પુરુષ અગ્નિ જેવો કહેવાય છે. ૩૫-૩૬. લોઢું અને ચમક નિર્જીવ છે, પણ લોઢું ચમકને નજરે દેખે એટલે તરત જ તે ખેંચાય છે. ૩૭. પાણીનો જોગ થવાથી જેટલાં બીજ હોય તે કરોડો વાતે કરીને પણ ઊગ્યા વિના રહેતા નથી. ૩૮. **જો સ્ત્રીનો પ્રસંગ ન હોય તો કામનું જોર ચાલતું નથી. પુરુષ જો આંખથી સ્ત્રીને જોયા કરે, તો તેના બધાં જ નિયમ તૂટી જાય છે.** અરે ! મોટો સર્પ પણ રજસ્વલા સ્ત્રીનો પડછાયો ક્યારેક પડી જાય, તો તે તરત જ આંધળો થઈ જાય છે. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "સંતોની સેવા કરનારા નાના શેઠ પૂરું પાત્ર ન હોવાથી વિમુખ થયા" એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૬

શ્રીહરિએ સહુને પૂછીને નાના શેઠને સત્સંગમાં લેવાની રજા આપી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ચ્યવન ઋષિ મોટા સિદ્ધ હતા. તેણે તપ કરીને પોતાના શરીરનો રાફડો કરી નાખ્યો હતો, પણ તેણે સ્ત્રીને દેખી. ૨. તે રાજકુંવરીને દેખી તેને વરવાનો મનમાં સંકલ્પ કર્યો. તે કન્યાએ અપરાધ કર્યો હતો. તેથી અપાર સેના અને બીજા સહુના મળમૂત્ર બંધ કરી દીધા હતા. પછી જ્યારે ચ્યવન ઋષિએ તે કન્યાને માગી લીધી, પછી સહુને સુખ-શાંતિ થઈ. ૩-૪.

* નિયમરૂપી કોટમાં રહે તે નિર્ભય રહે :

માટે શ્રીહરિએ જેને માટે જેવા નિયમ કહ્યા છે, તે પ્રમાણે તે નિયમમાં જ્યાં સુધી વર્તે, ત્યાં સુધી તે નિયમરૂપ વજ્રના કોટમાં નિર્ભય થઈને રહ્યા છે. તેથી તેનો ક્યારેય પરાભવ થતો નથી. ૫.

चोपाई :

नियमरूप कोट के जबही, जितना त्याग करत हे तबही...०६
तितना पराभव होत तिनके, मिलत न इतना मन जो इनके;
भगवान के कथा कीर्तनही, वारता अमृत रस रहे जिनही...०७
तेहि सुनने में रुचि हि जितना, वरतत नहीं पराभव तितना;
भयेउ तिन करीके तिनकू, रुचि नहीं उपजत हे इनकू...०८

તે નિયમના કોટનો જ્યારે જે કોઈ જેટલો ત્યાગ કરે છે, ત્યારે તેટલો તેનો પરાભવ થાય છે. પછી તેનું મન એટલું ભગવાન સંબંધી બાબતમાં મળતું-ચોંટતું નથી. ખરેખર તો ભગવાનનાં કથા, કીર્તન અને વાર્તા તે અમૃતરસ જેવાં છે. છતાં તેને સાંભળવામાં જેટલી રુચિ રહેતી નથી, તેટલો તેનો જીવ પરાભવ થયો છે એમ માનવું. કેમ જે, પરાભવ થવાને લીધે જ તેમાં રુચિ ઉપજતી નથી. ૬-૮.

શ્રીહરિએ આટલી વાત જ્યારે કરી ત્યારે તે સાંભળીને નાના શેઠ બોલ્યા, "મેં ઉન્મત્ત થઈને નિયમરૂપી કોટનો ત્યાગ કર્યો છે. ૯. અને સો જેટલી સ્ત્રીઓને શિષ્ય કરી છે. તે હું જેમ કહું તેમ જ કરે છે. હવે તે સ્ત્રીઓએ સહિત સત્સંગમાં આવવાની મને ઈચ્છા છે. ૧૦. આવતી કાલે મારી રસોઈ લો, અને મારા જે અપરાધ હોય તેને આપ માફ કરો. હું બાર વરસ સુધી સત્સંગથી વિમુખ રહ્યો છું, અને મનફાવે તેમ વર્ત્યો છું. ૧૧. સહુ સંતો, હરિભક્તો અને આપ મારી વાતને જાણો છો. મારા જેવો કોઈ અધમ નથી." પછી શ્રીહરિએ મોટા મોટા હરિભક્તોને બોલાવ્યા. ૧૨. પાંચ મોટેરા સંતોને પણ બોલાવ્યા, અને તે સહુની આગળ શ્રીહરિએ કહ્યું કે, "નાના શેઠ સત્સંગમાં આવવા ચાહે છે." ૧૩. ત્યારે સંતો તથા હરિભક્તોએ કહ્યું, "મહારાજ ! આપ તો ભગવાન છો. આપ જે કહો

તે સાચું છે. અમે તે બધું પ્રમાણ માનીએ છીએ." ૧૪. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "જેને સત્સંગ ઉપર ભાવ થાય છે તેટલો તેને સત્સંગનો ખપ હશે તેમ જાણવું. ૧૫.

❋ સંતવચન સારાં લાગે તેના હૈયે આનંદ જાગે :

सोरठा : खप जाकु ही रहाय, संत हरिजन के बचन तेहि;
अमृत लगत ही ताय, जिमि सुनत तिमि भाव बढत...१६

चोपाई :

जिहाँ लग जिनकु भाव जेता, अधिक बढत तिहाँ लग हि तेता;
सत्संग कि तेहि वृद्धि कहाते, निरोग यह सत्संग देखाते...१७
वृद्धि निरोग जिहाँ लग जिनकू, सत्संग रहत तिहाँ लग तिनकू;
अंतर में सुख आनंद ताके, सिंधु उछलत रहत हे वाके...१८
सत्संग सम सुख दुजे कोऊ, अनंत हि ब्रह्मांड के सोऊ;
सुख तेहि काल के मुख तामें, चवेना सम देखत हि वामें...१९

જેને ખપ હોય તેને સંતો તથા હરિભક્તોનાં વચન અમૃત જેવાં લાગે છે, અને જેમ જેમ તે વચનને સાંભળે છે તેમ તેમ તેનો ભાવ વધતો જાય છે. ૧૬. જ્યાં સુધી જેનો ભાવ અધિક વધતો રહે, ત્યાં સુધી તેનો સત્સંગ વૃદ્ધિ પામ્યો કહેવાય, અને તેને આ સત્સંગ નીરોગ-નિર્દોષ દેખાય છે. ૧૭. **જ્યાં સુધી નીરોગ સત્સંગની વૃદ્ધિ થતી રહે છે, ત્યાં સુધી તેના અંતરમાં સુખરૂપ આનંદનો સાગર ઊછળતો રહે છે.** ૧૮. સત્સંગનાં સુખ જેવું બીજું કોઈ સુખ નથી. તેથી તેવા ભક્તને અનંત બ્રહ્માંડોનું જે સુખ છે, તે તો કાળના મુખમાં રહેલાં ચવાણાં જેવું દેખાય છે. ૧૯.

મૃત્યુ પર્યંત સતત આવું જો દેખાતું રહે, તો તેને જ સમાધિ કહેવાય છે. સત્સંગનું અને ભગવાનના સ્વરૂપનું જેટલું સુખ કહેવાય છે, તેને જે યથાર્થ રીતે જાણે છે તેની તત્કાળ કાળ રક્ષા કરે છે. કેમ જે, સત્ય તથા અસત્ય એ બધી બાબતને કાળ તત્કાળ જેવી હોય તેવી જાણતો હોય છે. ૨૦-૨૧. જેમ સોનાની શુદ્ધિ અગ્નિ કરે છે, તેમ સત્ય-અસત્યની સાચી પરીક્ષા કાળ કરે છે. ૨૨.

※ શરણાગતિ તથા સમજણરૂપી સમાધિ શ્રેષ્ઠ છે :

જે મનુષ્યો સત્સંગ કરે છે, તે બધા ભગવાનને શરણે થયા છે. જે સત્સંગ છે તે ભગવાનના શરણનું અવિચળ સ્થાનક છે. તેનો કરોડો કલ્પે પણ નાશ થતો નથી. સત્સંગ એક એવું શરણ છે કે, તે સમજણે કરીને દેખાય છે. ૨૩-૨૪. **સમજણરૂપી સમાધિ જેવી બીજી કોઈ સમાધિ નથી. માટે બીજી જેટલી કાંઈ સમાધિ છે, તે તો શ્રીહરિની એક રમૂજ હોય છે.** ૨૫. શ્રીહરિની ઈચ્છાથી ઘણી જાતની સમાધિ આ સત્સંગમાં થતી રહે છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૨૬. શ્રીહરિની ઈચ્છામાં પાત્ર કે કુપાત્રની કોઈ ગણતરી થતી નથી. કેમ જે, ભગવાન તો કર્તું અકર્તું સર્વ સમર્થ છે. ૨૭. જેને સમાધિ થાય છે તેમાં તે જીવની ઈચ્છા પ્રમાણે કાંઈ થાતું નથી. જેમ સ્વપ્ન કોઈ વ્યક્તિના હાથમાં હોતું નથી, તે રીતે જ સમાધિ જેને થાય છે તેને સમાધિની કાંઈ ગમ હોતી નથી. સમાધિ તો પરમેશ્વરની ઈચ્છાથી થાય છે." ૨૮.

※ માન ટાળો, સત્સંગમાં વૃત્તિઓ વાળો :

શ્રીહરિએ આટલી ઉપર કહ્યા પ્રમાણેની વાત કહીને નાના શેઠને કહ્યું, "સત્સંગમાં આવવાની અમે તમને રજા આપીએ છીએ. ૨૯. **જે માણસ જેટલું માન રાખે છે તેટલો તેને તે માન સત્સંગથી દૂર ફેંકી દે છે. માટે જે સત્સંગથી દૂર કરાવે, તેને ક્યારેય મિત્ર-હિતકારી માનવા નહીં.** ૩૦. પોતાનાં મન તથા ઈન્દ્રિયો જીવને સત્સંગથી દૂર કરાવે છે. માટે ઈન્દ્રિયો-અંતઃકરણની સાથે જો વૈર બાંધવામાં આવે, તો તે સત્સંગથી દૂર થાતો નથી. ૩૧. જે સત્સંગને ચોક્કસપણે જેમ છે તેમ જાણતો નથી, તેને ત્યાં સુધી વિઘ્ન રહ્યું છે; આવું અમે સત્સંગના ખપવાળાને કહીએ છીએ. ૩૨. જેને ખપ ન હોય તેને તો કાયમ વિઘ્ન રહે છે. તેથી તેનો સત્સંગ રહેતો નથી. કદાચ કરોડો વાર મસ્તક કપાય, તોપણ ક્યારેય સત્સંગનો ત્યાગ કરવો નહીં. ૩૩. કેમ જે, સત્સંગ નિમિત્તે કદાચ ગમે તેવું દુઃખ આવે, તોપણ સત્સંગ છોડવા કરતાં તે દુઃખ સુગમ-સસ્તુ છે. સત્સંગમાં ટકી રહેવું, તે દુઃખ સહન કરવાં કરતાં વધારે દુર્લભ-કિંમતી છે. ૩૪. પ્રહ્લાદ, પ્રિયવ્રત અને જનક રાજા, તે

બધાની આવી સમજણ હતી. જેણે સમજીને સત્સંગ કર્યો હતો એવા ઉદ્ધવ, સહુ ગોવાળો અને ગોપીઓએ, ભગવાને ગમે તેવી લીલા કરી, તોપણ તેમનાં બધાં ચરિત્રને મોક્ષદાયક દેખ્યાં. તેમાં કોઈ જાતનો સંશય ન કર્યો, ત્યારે જ ભગવાન તે ભક્તોને વર્યા હતા. ૩૫-૩૬.

જે ચરિત્રોમાં સંશય કરે છે તેને ભગવાન વરતા નથી. અને તેવાને તો ભગવાન જેમાં તેને સંદેહ ન થાય, એવાં જ ચરિત્ર બતાવે છે. ૩૭. જેમ ચિત્રમાં આલેખેલા કરોડો સૂર્યથી ક્યારેય અંધકારનો નાશ થતો નથી, તેમ જેને કાંઈ ગમ ન હોય એવા ભગવાન તો ઠેર ઠેર થાય છે, પણ તેનાથી કાંઈ પ્રયોજન સરતું નથી. ૩૮. જીવને માટે જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીના જેવું બીજું કોઈ દુઃખ કહેવાતું નથી. સાચા ભગવાન સિવાય જેટલા મલિન લોકો 'અમે ભગવાન છીએ' એમ કહે છે, તેઓને તે બધાં દુઃખનો ક્યારેય નાશ થતો નથી. એ વાત નક્કી છે." ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ સહુને પૂછીને નાના શેઠને સત્સંગમાં લેવાની રજા આપી" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૭

શ્રીહરિ અરદેશર શેઠને બંગલે પધરામણીએ જવા ચાલ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિ જ્યારે વાતો કરી રહ્યા ત્યારે સંધ્યાસમય થયો. તેથી વાળંદ હરિભક્તો મશાલ લઈને આવ્યા. ૨. સહુએ આરતી અને ધૂન કરી. સ્તુતિના શ્લોકો બોલ્યા. પછી જ્યારે હરિભક્તોના નિયમ બોલાઈ રહ્યા, ત્યારે સહુ સભાના રૂપમાં બેઠા. સંતો ગરબીનાં પદ ગાવા લાગ્યા. ૩-૪. જ્યારે ચાર પદ ગાયા, ત્યારે અરદેશર શેઠ બગી અને મ્યાના વગેરે લઈને આવ્યા. શેઠનો ઘણો પ્રેમભાવ હતો. ૫. તેમની વાડી નજીક હતી, તેની

વચ્ચે બંગલો હતો. તેને ચિત્રવિચિત્ર રીતે ખૂબ જ શણગાર્યો હતો. ઝાડ ઉપર બિલોરી કાચની હાંડીઓ લાવીને વિવિધ રીતે પ્રગટાવી દીધી. તેની શોભાની આગળ તો ઇન્દ્રના ભવનની પણ લગારેય ગણતરી ન રહે એવી સજાવટ કરી હતી. બગીચાની શોભા તો કહી શકાતી નથી. ૬-૭.

શ્રીહરિના ઉતારાથી લઈને બંગલા સુધી બજારમાં પાણી છંટાવ્યું હતું. બજારની બંને બાજુએ ફળવાળી કેળના સ્તંભ રોપી દીધા હતા. ૮. ફળ સહિત નાળિયેરીના વૃક્ષ પણ લાવીને ઘણા ભાવથી રોપાવ્યાં હતાં. અને કેટલાય જરિયાની નિશાન ફરકાવી દીધાં હતાં. કારણ કે, તેઓ જાણતા હતા કે આવો અવસર ફરીવાર કોઈ દિવસ આવશે નહીં.

શ્રીહરિને નિમિત્તે જેટલું ધન વપરાયું તેટલું કમાયેલું ધન અવિચળ થાય છે. ૯-૧૦. **જે ધન શ્રીહરિના ઉપયોગમાં ન આવે, તેનો તો નિરર્થક નાશ થયો ગણાય. કેમ જે, તેનું રતીભાર પણ ફળ નથી મળતું. ઉલટાનું અંતે, તે ધનમાં ક્લેશ આવતો દેખાય છે.** ૧૧. આ રીતે સમજીને અરદેશર શેઠે શ્રીહરિને રાજી કરવા માટે બજારમાં અસંખ્ય દીવાની પંક્તિ કરાવી દીધી. ૧૨. પાંચ-પાંચ હાથને છેટે, સુરક્ષા માટેના એક એક સૈનિક ખભા ઉપર બંદૂક રાખીને, બજારમાં સામસામે ઊભા રાખ્યા હતા. ૧૩. નવી રંગેલી બગી ઉપર શ્રીહરિને બેસાડ્યા. તેને હાંકવા માટે શેઠ પોતે બેઠા. તે બગીને બે ઘોડા જોડેલા હતા. ૧૪. તે ઘોડાને વિવિધ પ્રકારનાં સોનેરી આભૂષણોથી શણગાર્યા હતા, અને તેની વિમાન જેવી શોભા થઈ હતી. ૧૫. તે ઘોડા થોડા દબાઈને ચાલતા હતા.

સંતો અને હરિભક્તો શ્રીહરિની આગળ ચાલ્યા. અને પડઘમ નામનાં વાજિંત્ર તેથી આગળ વાગતાં હતાં. બધા સંતો અને વર્ણી સહુ ભેળામળીને ચાલતા હતા, અને સહુ ગરબીનાં પદ ગાતા હતા. તેની જે શોભા બની તે કહી શકાતી નથી. ૧૬-૧૭. ગૃહસ્થ હરિભક્ત પુરુષો સંતોની આગળ ભેળામળીને ચાલતા હતા, અને તે પણ ગરબીનાં પદ ગાતા હતા. ૧૮. હરિભક્તો પરસ્પર ગુલાલ ઉડાડતા હતા, અને તેથી રંગાયેલી બજાર સોહામણી લાગતી હતી. આ શહેરમાં આવા મોટા ક્યારેય આવ્યા નથી,

એમ જાણીને તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે શહેરમાં જેટલા લોકો હતા, તે બધા ઘણા ભાવથી આવ્યા.

મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામીને શ્રીહરિએ કહ્યા પ્રમાણે એક એક મ્યાનામાં બેસાડ્યા. ગોપાળાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, વૃદ્ધ આત્માનંદ સ્વામી, સ્વંયપ્રકાશાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી, પરમ ચૈતન્યાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી, ગંભીર એવા પરમાનંદ સ્વામી, ધીરજવાળા અખંડાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, પૂર્ણાનંદ સ્વામી, નરનારાયણાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, શ્રીગુરુચરણરતાનંદ સ્વામી વગેરે સંતો તથા નંદરામજી અને ગોપાળજી, એ સહુને બગીઓમાં બેસાડ્યા. તે બધા શ્રીહરિની પાછળ ચાલ્યા. ૧૯-૨૫.

જ્યારે શ્રીહરિ ઉતારેથી ચાલ્યા, ત્યારે શહેરના લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા. તેઓ શ્રીહરિનો ‘જય જયકાર’ કરતા હતા. ૨૬. શ્રીહરિની આગળના ભાગમાં છડીદાર હાથમાં સોનાની છડી લઈને ‘જય જયકાર’ કરતા થકા બજારમાં ચાલતા હતા. ૨૭. લોકો વાતો કરતા હતા કે, આ સત્સંગમાં જેટલા સંતો અને વર્ણીઓ છે તે સ્ત્રીની સન્મુખ દેખતા નથી. ૨૮. અને જેટલી પ્રકારનું ધન કહેવાય છે, તેને પોતાનું કરીને ક્યારેય રાખતા નથી અને કોઈની પાસે રખાવતા પણ નથી. વળી, તેમના આ બધા નિયમો જિંદગીભરના છે. ૨૯. જેટલા બ્રહ્માંડો છે તેમાં આવા ત્યાગી ક્યાંય નથી. જે ધન અને સ્ત્રીમાં સુખ માને છે, તેને તો તેઓ બાળબુદ્ધિના જાણે છે. ૩૦. **કેટલાય કલ્પ વીતી ગયા ત્યારથી કેટલાય ત્યાગી થતા રહ્યા છે, પણ આવા ત્યાગી ક્યારેય થયા નથી. કેમ જે, આ ત્યાગીઓએ ભગવાનથી અધિક કાંઈ રાખ્યું નથી.** ૩૧.

✵ જે ભગવાનથી અધિક ન જાણે, તે જ સમજણને વેદ વખાણે :

ચોપાઈ :

भगवान से न अधिक हि जबही, जानत न कोउ दुजेउ तबही;
इतनि समझ में समझ अपारा, वेद पुराण हि वार न पारा...३२

आय रहे एक रहे न बारा, पढि पढि के इतना निरधारा;
करत रहाये समझ हि ताके, अंत कु पावत रहे वाके...३३

समझ के अंत इतना रहेऊ, भगवान से अधिक हि न तेऊ;
स्वप्न में न देखावे जबहू, साचे संत कहावत तबहू...३४

बडे छोटे समझ जो तामें, रहाये निश्चय कर हि यामें;
भगवान से अधिक जो केऊ, जानत न कोउ दिन हि तेऊ...३५

ભગવાન કરતાં બીજું કોઈ અધિક નથી, એટલું સમજવામાં અપાર સમજણ આવી જાય છે. તે સમજણમાં વેદ તથા અપાર પુરાણોની સમજણ પણ આવી જાય છે, તેમાંથી કાંઈ બહાર રહેતું નથી. ભણી ભણીને પણ જો સમજણનો એટલો જ નિર્ધાર કરવામાં આવે, તો તે સમજણના અંતને પામી ગયા છે. ૩૨-૩૩. સમજણની અવધિ એટલી જ છે કે, ભગવાનથી અધિક કાંઈ ન રહે.

જ્યારે સ્વપ્નમાં પણ ભગવાન સિવાયના બીજા કોઈને અધિક ન દેખે, ત્યારે તે સાચા સંત કહેવાય છે. ૩૪. સમજણમાં જે નાનપ-મોટપ રહી છે તે નિશ્ચયે કરીને છે. તે નિશ્ચય શું ? તો, ભગવાનથી અધિક કોઈ દિવસ બીજાને જાણે નહીં. ૩૫. **કેમ જે, કોઈ આવા અનંત બ્રહ્માંડોની રચના કરે, અને તેનું ભરણ, પોષણ અને પ્રલય પણ કરતા રહે, પણ એ બધા ભગવાનના દાસ ગણાય છે. ભગવાન તો તે બધાથી અગણિત રીતે મોટા છે.** ૩૬.

दोहा : अनंतकोटि ब्रह्मांड कि, समृद्धि जो कहात;
भगवान के रोम एक, तामें वसत रहात...३७

अक्षरमुक्त अपार जो, भगवान ताकि जेहु;
बडता कहत कहत तेहि, पार न लहत हि तेहु...३८

અનંતકોટિ બ્રહ્માંડની જેટલી કાંઈ સમૃદ્ધિ કહેવાય છે તે બધી ભગવાનના એક રોમમાં નિવાસ કરીને રહી છે. ૩૭. અપાર અક્ષરમુક્તો પણ તે ભગવાનની મોટપને કહેતાં કહેતાં પાર પામતા નથી. ૩૮.

આવી અપાર સાર સાર વાતોને સમજણા ભક્તો જાણતા હોય છે. તે વાતોને બ્રહ્માદિક દેવો પણ પ્રમાણ કરે છે. ૩૯. બ્રહ્માદિકોએ પણ પ્રમાણ કરેલી વાતને જે લોકો પ્રમાણભૂત ન કરે, એવા જે બીજા લોકો છે તે ઊતરતા જણાઈ આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ અરદેશર શેઠને બંગલે પધરામણીએ જવા ચાલ્યા" એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૮

શ્રીહરિ અરદેશર શેઠને બંગલે ધામધૂમથી પધાર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. નિષ્કામપણું ઈત્યાદિક ધર્મ જેને પ્રિય લાગે છે, તથા જેને સત્ય વાત ઉપર ભાવ હોય છે એવા લોકો શ્રીહરિ અને સંતોની શુભ કીર્તિ ગાય છે. પરંતુ જે ધર્મરહિત અને અશુભ માર્ગે ચાલનારા વિષયી ગુરુ હોય, અને તેવા જ વિષયી શિષ્યો હોય તે બધા આ સંતોનો દ્રોહ કરતા રહે છે. જોકે તેનું કાંઈ ચાલતું નથી, ૨-૪. છતાં પણ તે વિષયી ગુરુ અને શિષ્યો જેટલું પોતાનું ચાલે, તેટલા કાયદાઓ બનાવરાવીને પણ દ્રોહ કરે છે. જેમાં રાજાનું પણ કાંઈ ચાલતું નથી. ૫. તે દ્રોહી લોકો રાત-દિવસ રાજા અને રાજાના કાયદામાં તત્પર રહે છે. જ્યારે રાજાના કાયદાને લોપે ત્યારે તે તેની તરત તપાસ કરાવે છે. ૬. નાત ભેગી થઈને જે ગરીબ લોકો હોય તેની સાથે ગમે તેવો વ્યવહાર કરે છે. ગૃહસ્થની રીતે ચાલવું તેમાં ગરીબનું કાંઈ ચાલતું નથી. ૭.

સાચો સત્સંગ થાય કોને ? તો, જેની નાતમાં વ્યભિચાર થતો હોય તેને જે અપકીર્તિરૂપ ગણતો હોય, જેને દારૂ, માંસ અને ચોરી અંગે અરુચિ રહેતી હોય, જે જે જાતની અનીતિ કહેવાય છે, તે જેના જીવમાં રુચતી ન

હોય, અને જેને સારી સારી જે જે બાબત હોય તે જ ખૂબ ગમતી હોય, વળી ભગવાન સિવાયની આ દુનિયાની વાતો ગમે તેવી ચમકદાર દેખાતી હોય, તોપણ તે જેને બાજીગરના ખેલ જેવી લાગતી હોય, કે ઝાંઝવાંનાં જળ જેવી મિથ્યા લાગતી હોય, જેને સંસારના વૈભવ સ્વપ્ન તુલ્ય ભાસતા હોય કે ગાંધર્વનગરના જેવા કાલ્પનિક લાગતા હોય, જેને ભગવાન અને સત્સંગ વિનાની આ દુનિયાની બધી બાબતો વાદળાઓના સમૂહ જેવી લાગતી હોય કે ચંચળ વીજળી જેવી મિથ્યા જણાતી હોય; આવી સમજણ જેને ઉદય થાય છે, તેને સાચો સત્સંગ થાય છે. ૮-૧૨. **આવી સમજણથી સત્સંગ કરે છે, તેમાં કોઈ જાતનું વિઘ્ન આવતું નથી. સમજણ વિનાની વાતમાં તો વિઘ્ન આવે છે.** ૧૩. કોઈ જાતનું વિઘ્ન ક્યારેય ન આવે, તેવી અપાર વાતોને આ સંતો વારંવાર પ્રેમથી બતાવતા રહે છે. ૧૪.

સુરત શહેરની બજારમાં ઊભેલા નાગરિકો જ્યારે આવી પરસ્પર વાતો કરતા હતા, ત્યારે શ્રીહરિ અરદેશર શેઠની વાડીએ આવ્યા. વાડીમાં તો બજાર કરતાંય ખૂબ જ સજાવટ કરી હતી. ૧૫-૧૬. કરોડો કલ્પ જાય તોપણ ફરી ફરીને આવો અવસર આવતો નથી, એમ સમજીને વાડીમાં સજાવટ કરી હતી. તેમાં પ્રેમથી એક સભામંડપ કર્યો હતો. ૧૭. તે સભામંડપને સમીપ જ્યારે શ્રીહરિ આવ્યા, ત્યારે તરત જ બગીમાંથી નીચે ઊતર્યા. શેઠના મોટાભાઈ પીરૂશા તે વખતે તરત સન્મુખ આવ્યા. તેમણે શ્રીહરિનાં ચરણમાં મસ્તક નમાવ્યું. બે હાથ જોડી વિનય કર્યો અને પછી શ્રીહરિનો હાથ પકડ્યો. તેમના દિલમાં અપાર આનંદ છવાઈ રહ્યો હતો. ૧૮-૧૯.

નવાબના જે મુખ્ય દીવાન હતા, તેમને નવાબે મોકલ્યા હતા. વળી શહેરમાં આત્મારામ ભૂષણ નામે એક મુખ્ય શેઠ હતા. તે શેઠ પણ ત્યાં આવ્યા હતા. આમ સુરત શહેરમાં જે કોઈ પણ મોટા અને નામથી પ્રસિદ્ધ હતા, જે કરોડપતિ કહેવાતા હતા, તે બધા શેઠિયા ત્યાં આવ્યા હતા. અરદેશર શેઠની સાથે જેને સ્નેહભર્યો વ્યવહાર હતો, એવા પારસીઓ પણ આવ્યા હતા. ઉપર કહેલા બધા મોટા માણસો જ્યારે શ્રીહરિ ત્યાં આવ્યા ત્યારે ત્યાં હાજર હતા. ૨૦-૨૨. તે સહુ શ્રીહરિ આવ્યા ત્યારે હાથ જોડીને

ઊભા થયા, અને એવું બોલ્યા કે, “મહારાજ ! આપ ભલે પધાર્યા.” તે સમયે શ્રીહરિને માટે એક અમૂલ્ય આસન તૈયાર કરી, તેના ઉપર મખમલના ગાદીતકિયા મૂક્યા હતા. ત્યાં આવીને શ્રીહરિ તેના ઉપર બેઠા. શ્રીહરિ ઉત્તર મુખે બેઠા હતા. ત્યારે જેટલા સંતો, વર્ણીઓ અને હરિભક્તો હતા, તે બધા સભા કરીને શ્રીહરિની સન્મુખ બેઠા. ૨૩-૨૫. જે શ્રીહરિની સન્મુખ બેઠા હતા, તે બધા ચકોર પક્ષી જેમ ચંદ્રને જૂએ તે રીતે એકીટશે શ્રીહરિના મુખારવિંદને જોઈ રહ્યા હતા. તે સહુનું ચિત્ત બીજે ક્યાંય ન હતું. ૨૬.

તે સમયે શેઠ અરદેશરજીએ જે પોતાને ત્યાં શાહુકારો આવ્યા હતા, તેમને ઉદ્દેશીને મિત્રતાની રીતે વાત કહી કે, “તમે બધા કોઈ દિવસ ખોટનો વેપાર કરતા નથી. પહેલા ચોક્કસ વિચાર કરીને જેનાથી લાભ થાય તે બાજુ જ દોડો છો. ૨૭-૨૮. તમે રૂપિયા એવી રીતે ભેળા કરો છો કે, જે યોગ્ય સમયે કામ લાગે. જે જે પદાર્થ રાખો છો તે પણ સમય ઉપર કામ લાગે તેવા રાખો છો. ૨૯. તમે જેનો યોગ્ય સમયે ઉપયોગ ન થાય એવા પદાર્થનો સંગ્રહ કરતા નથી. કોઈ મોટો ચક્રવર્તી રાજા હોય અને બધી જ ભૂમિ જેના કબજામાં હોય, વળી, તે રાજાથી કોઈ વિરોધમાં ન હોય અને કોઈ રાજા તેનાથી મોટો ન કહેવાતો હોય, પણ જ્યાં સુધી તેના માથા ઉપર મોત રહ્યું હોય, ત્યાં સુધી તે ચક્રવર્તી રાજાનો પાયો કાચો કહેવાય છે. ૩૦-૩૧. કારણ કે, શરીરનો પાયો કાચો છે અને તેણે કરીને બધું જ કાચું ગણાય છે. અરે ! આ આખા બ્રહ્માંડનો પાયો પણ કાચો કહેવાય છે. ૩૨. પાયા વગરના ભવનમાં કોઈ નિર્ભય થઈને સૂવે, તો તેને કેવો બુદ્ધિમાન કહેવાય ? કેમ જે, માથા ઉપર જ મૃત્યુ ડોકા કાઢે છે. ૩૩. મરણ પછી ક્યારેય કોઈ પાછો ફરતો નથી. માટે **અગાઉથી જેટલું જતન કરવામાં આવે તે જ ખરા ટાણે ઉપયોગમાં આવે છે.** બસ, મારે તો તમને આટલી જ વાત કહેવાની છે.” ૩૪.

ત્યારે શાહુકારો બોલ્યા કે, “શેઠ, તમે સાચી વાત કહો છો, પણ જેને જેટલો ખપ હોય તેટલું તે કરે છે. આપે સરસ વાત કહી. ખપવાળા પ્રહ્લાદ આદિક અપાર ભક્તો થયા છે. **અત્યારે પણ જેને પોતાના જીવમાં**

મોક્ષનો ખપ હશે, તે તેના મોક્ષના માર્ગને શોધી લેશે. જેમ કોઈ વસ્તુ પોતે એમ નથી કહેતી કે, 'તમે મને લો' પણ જેને જે વસ્તુનો ખપ હોય તે જ તેને શોધી લે છે. જેને હીંગનો જ ખપ હોય તે ગમે તેવો સારો ચિંતામણિ હોય, તોપણ તેનો ખપ ન હોવાથી તેને લઈને શું કરે ?" ૩૫-૩૮. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "તમે બધા બુદ્ધિમાન છો. માટે તમારા જેવા બુદ્ધિમાનને જે કહેવું, તે તો કટાણે થયેલ માવઠાં-વરસાદ જેવું છે. ૩૯. નાના બાળકને ક્યારેય ભણવાનો ખપ હોતો નથી. તે તમે સહુ દેખો છો. છતાં પણ ખપ વિનાના તે બાળકને તમે ભણાવતા જ રહો છોને !" ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ અરદેશર શેઠને બંગલે ધામધૂમથી પધાર્યા" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૮૯

શ્રીહરિએ શાહુકારોની આગળ પરોક્ષપણે અંગ્રેજ રાજનીતિની પ્રશંસા કરી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧.શ્રીહરિએ અરદેશર શેઠને ઘેર બધા શાહુકારોની આગળ વાત કહી કે, "આ જીવને બીજી વાતનો જેવો ખપ હોય છે તેવો ભગવાનનો ખપ હોતો નથી. આ શહેરમાં અપાર મનુષ્યો રહે છે. તેમાં ભગવાનના ખપવાળા કેટલા છે ? તે તમે બતાવો. ૨-૩. તમે જે રીતે વેપારને જાણો છો, તે રીતે ભગવાનના ખપવાળા કેટલા છે તે નથી જાણતા. ૪. જે કાંઈ પણ ખપ કહેવાય છે, તે બધાનું મૂળકારણ વાત છે. કેમ જે, શું કરવું, શું ન કરવું એ બધી પ્રકારનો વ્યવહાર શબ્દ ઉપર આધારિત છે. ૫. જેને ભગવાનનો ખપ હોય છે તેના અંતરમાં કોઈ પણ પ્રકારની અસત્ય બાબત રુચતી નથી. ૬. તેમજ ભાંડ, ભવાઈ અને તાઈફામાં પણ ક્યારેય તે રુચિ

કરતા નથી. જેને જેટલી ખોટી કે નકામી બાબતોમાં રુચિ રહે છે, તેને તેટલી ભગવાનના ખપમાં કાચપ રહી હોય છે. આ રીતે તેની રુચિ તેનો ખપ કહી દે છે.

પરસ્ત્રીના પ્રસંગમાં જે રસ ઊપજે છે, તેને લીધે કરોડો કલ્પનાં સાધન બળી જાય છે. તેમજ બધી અસત્ય બાબતો આવી જ હોય છે કે, તે અગાઉ જેટલાં પુણ્ય કર્યાં હોય તેનો નાશ કરી નાખે છે. આ બાબતની જે કોઈ જ્યાં સુધી તપાસ નથી કરતા, ત્યાં સુધી તેને તલભાર પણ ભગવાનનો ખપ નથી. ૭-૧૦. જીવના હૃદયમાં ધર્મવિરુદ્ધ ગણાતી અસત્ય વાતનો જેટલો અભાવ વર્તે છે, તેટલું તેનું ચિત્ત ભગવાનમાં ચોંટતું રહે છે. ૧૧. **આ જગત સંબંધી તથા શરીર સંબંધી સંકલ્પના પ્રવાહનો વેગ, જે જેટલો મંદ કરી નાંખે, તેટલો તેને ભગવાનનો ખપ કહેવાય.** ૧૨. આ શહેરમાં જે પરસ્ત્રીને સગી માતા તુલ્ય જ માનતો હોય, એવો કોઈ એક પુરુષ આજે લાવીને બતાવો. ૧૩. અરે ! સામાન્ય સંસારી તો ઠીક, પણ પરસ્ત્રીના સંબંધ વગરના કોઈ એક ગુરુ હોય, તો તેને લાવીને બતાવો !! આવતી કાલે તો અમે અહીંથી જઈ રહ્યા છીએ. માટે તમને આજનું કહીએ છીએ. ૧૪.

ગુરુમાં જેવી રીતના સ્વભાવ, રુચિ અને ગુણ હોય તેવા શિષ્યમાં પણ સ્વભાવ, રુચિ અને ગુણ ચોક્કસ વર્તે છે. ૧૫. રાજામાં જેવા ગુણ, સ્વભાવ અને રુચિ રહ્યા હોય, તેવા જ તે રાજાની પ્રજામાં પણ હોય છે. સારા ગુણ, સ્વભાવ અને રુચિનો કાંઈક આવિર્ભાવ જેમાં હોય, અને જે નીતિને ઈષ્ટ માનતા હોય, એવા રાજા બુદ્ધિમાન ગણાય છે. ૧૬-૧૭. અને તે રાજા જેમ ધારે તેમ કરે છે. કારણ કે, તે નીતિનો એવો પ્રતાપ છે. નીતિવાળા રાજા જ્યાં સુધી પોતાની રીતમાં ચાલે છે, ત્યાં સુધી તે પ્રજાની રક્ષા કરવામાં કાયમ તત્પર રહે છે. નીતિમાન રાજાની બુદ્ધિ જેટલી વિશાળ હોય, તેટલી તેને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૮-૧૯. એવા રાજાની પાસે લશ્કર, તોપો, હથિયાર, હાથી, કરોડો ઘોડા અને ભૂમિ, જે કાંઈ હોય છે તે બધું પ્રજાની રક્ષા માટે જ રાખે છે. તે રાજા જે કાંઈ પરાક્રમ કરે કે પોતાનાં દ્રવ્યનો ખર્ચ કરે, તે બધું પ્રજાને જે પ્રકારે સુખ થાય તે માટે જ કરે

છે; આવી બુદ્ધિ જે રાજાની હોય, તે રાજા મનુષ્યના સમાન દેખાતો હોય, તોપણ એ રાજા સામાન્ય માણસ નથી. (લોકોના ભલા માટે ભગવાને તેને તેવી બુદ્ધિ આપી હોય છે.)

આવી ભગવાનની કળા અપાર હોય છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. ૨૦-૨૨. તે સિવાય બીજી પ્રકારના રાજા હોય, તેને પ્રજા ઉપર એવો ભાવ રહેતો નથી. પછી હરકોઈ રીતે તે પ્રજાને દુઃખી કરે છે. ૨૩. પ્રજાને દુઃખી કરનારા જેટલા રાજાઓ છે, તે બધા તો પ્રજાને માટે મહારોગરૂપ છે. રાજાઓ જેટલા સારા કે ભૂંડા હોય છે, તે તેનું વર્તન કહી બતાવે છે. ૨૪. જે પોતે પ્રમાણભૂત છે એવી જેટલી પ્રજા હોય, તે જે રાજાને પ્રમાણ કરે તે રાજા સારો ગણાય છે. ૨૫. તેવા રાજાને જ્યાં સુધી પ્રજા ચાહે છે ત્યાં સુધી તેના રાજ્યની સીમા વધતી રહે છે, અને જે રાજાને પ્રજા ઈચ્છતી નથી તે રાજા ક્યારેય આગળ વધી શકતો નથી. ૨૬.

અત્યારે જે નીતિમાન રાજા છે, તે જ્યાં સુધી પોતાનું ચાલે ત્યાં સુધી જેટલાં પોતાના રાજ્યમાં પુર કે ગામ હોય છે, તેને લખી રાખે છે. ૨૭. દેશમાં જેટલાં મનુષ્ય અને પશુ હોય છે તેને પણ લખી રાખે છે. જમીન, વૃક્ષો, કૂવા, વાવ, નદી, તળાવ અને પર્વતોની પણ નોંધણી કરી રાખે છે. ૨૮. જેમાં જેટલું અન્ન થતું હોય કે ન થતું હોય, તેવી બધી જમીનનું પ્રમાણ પણ લખી રાખે છે. અને બધી પ્રજામાં દ્રવ્યનો પ્રવાહ ગતિશીલ રાખે છે. પ્રવાહ(રોટેશન) વગરની કોઈ વાત રાખતા નથી. ૨૯. પ્રજાને ખૂબ જ ભાવ રહે પણ તે ભાવ ક્યારેય ઘટે નહિ, આવું જે નીતિનું રાજ્ય છે તે જ્યાંથી ઉદય થયું છે, ત્યાંથી પણ સૂર્યના જેવું ઉદય પામ્યું છે. ૩૦.

જે લોકો અનીતિને માર્ગે ચાલતા હતા, અને પ્રજાને પીડતા હતા; તેવા ઉપદ્રવી લોકો જ્યારે નીતિવાળા રાજાને દેખ્યામાં આવ્યા, ત્યારે તે બધાને નીતિના માર્ગે ચલાવ્યા. ૩૧. જે નીતિને માર્ગે ન ચાલતા હોય, અને પ્રજાને પીડતા હોય, તેવા રાજાના પગમાં પણ લોઢાની સાંકળ પહેરાવે છે. પછી તેનો જેવો અપરાધ હોય તેવી તેની તપાસ કરે છે. અને પોતાના દિલમાં નીતિનો ડર રાખીને ન્યાયની રીતે તે અપરાધીને નિર્ધારિત પ્રમાણમાં દંડ

દે છે. ૩૨-૩૩. તે અપરાધીને નીતિના કાયદા પ્રમાણે રોજ ખાવાનું અન્ન આપે છે, અને તેને યોગ્ય એવું કામ કરાવે છે. એક પણ વાત અઘટિત કરતા નથી. જુલમ ગણાય એવી એક પણ વાત કરતા નથી. પોતે રાજા હોવા છતાં પણ આવી ટેક રાખી છે, અને તેના જેટલા માણસો છે તે પણ રાજાની મરજી પ્રમાણે ચાલે છે. ૩૪-૩૫. તે સત્તાની મોટપ પ્રાપ્ત થવા છતાં ક્યારેય બીજાને સંતાપ આપતા નથી. પ્રજાથી પણ ડરીને ચાલવું એવું જે વર્તન તે ઘણું કઠણ છે. ૩૬.

દેવ કે કોઈ મનુષ્યમાં આવા ગુણ હોય નહિ, એવા સદ્‌ગુણ આ રાજામાં છે, તે ખરેખર આશ્ચર્યની વાત છે. કેમ જે, એકે એક અધિકારી ઉપર તેના ઉપરી રાજાનો વર્તનરૂપ મજબૂત અંકુશ રહે છે. તેથી જ તેનું વર્તન વ્યવસ્થિત રહે છે. જોકે, આ રાજા તો ચક્રવર્તી રાજા છે, છતાં ડરીને ચાલે છે; તે ખરેખર આશ્ચર્યની વાત છે. ૩૭-૩૮. જે રાજા નીતિ ઉપર ચાલતો હોય છે, તે રાજાનાં મૂળ દિવસે દિવસે જામતા જાય છે; અને જે રાજા નીતિનો જેટલો અનાદર કરે છે, તેટલાં તેનાં મૂળ દિવસે દિવસે કપાતાં રહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ શાહુકારોની આગળ પરોક્ષપણે અંગ્રેજ રાજનીતિની પ્રશંસા કરી" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૦

શ્રીહરિએ શાહુકારો આગળ ધર્મરૂપી નિધિની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ગુરુમાં જેવો ધર્મ હોય છે તેવો શિષ્યમાં આવે છે. ગુરુ ધર્મનું બીજ છે, તે શિષ્યમાં પ્રગટ દેખાય છે. નિષ્કામ આદિક જે ધર્મ છે તે બધા ધર્મથી શ્રેષ્ઠ છે. ગુરુમાં જે રીતે તે ધર્મ રહ્યા હોય, તે રીતે ધર્મે કરીને

ગુરુનું દૈવત દેખાય આવે છે. ગુરુ યોગ્ય છે કે અયોગ્ય છે તેને ધર્મ કહી દે છે. ૨-૪. રાજાનું દૈવત નીતિ છે. નીતિ ચિંતામણિ અને કલ્પવૃક્ષ છે. જે નીતિ વગરનો રાજા હોય તે અનીતિમાં ખપે છે. ૫. આંખો વગરનો માણસ જેવો હોય છે, તેવો નીતિ વગરનો રાજા કહેવાય છે. જે નીતિને લીધે રાજા કહેવાતા હોય છે, તે બધા નિધિ(સમૃદ્ધિ)વાળા હોય છે. ૬. તે રીતે જ ધર્મને લીધે જે ગુરુ કહેવાતા હોય છે, તે બધાને નિધિવાળા જાણવા. જે ગુરુ પાસે ધર્મરૂપી નિધિ હોય છે, તે સંસારના સંકટથી તારે છે. ૭. નીતિરૂપ જે નિધિ છે તે આ લોક અને પરલોકમાં સુખ આપે છે. નીતિરૂપ નિધિ જેવો છે, તેવી બીજી કોઈ વાત કહેવાતી નથી. ૮.

આ તો અમે જે રીતે સમજીએ છીએ, તે રીતની તમારા આગળ વાત કરી. **જીવને મનુષ્યદેહ વારંવાર મળતો નથી. આ મનુષ્યદેહે જે જે કરાય છે તેનું તેવું ફળ મળે છે.** આ પ્રમાણે બધાં શાસ્ત્રો કહે છે. તમારા જેવા જે બુદ્ધિમાન હોય, તે તો જે રીતે સુખ મળે તેવી પ્રવૃત્તિ કરતા રહે છે. ૯-૧૦. અમારી તો આવી રીત છે કે, જેને ભાવ હોય તેની આગળ વાત કરીએ છીએ, અને કદાચ ભાવ ન હોય, તોપણ પરમેશ્વરની વાત તો જેવી હોય તેવી જ કરવી જોઈએ. કારણ કે, પરમેશ્વરની વાતે કરીને જ આ સંસારરૂપી સાગર તરી શકાય છે. ભગવાન સિવાયની બીજી જેટલી વાતો છે, તે બધીમાં તો સંસારનું ભટકણ રહ્યું છે. ૧૧-૧૨.

✻ જે શ્રીહરિમાં જાણે સાર, તેનો થાય બેડો પાર :

ભગવાન સિવાયની બીજી વાતોને મનુષ્યો કરતા રહે છે, અને તેમાંથી તે ક્યારેય તૃપ્ત થતા નથી; એવો ભરપૂર મોહ જીવોમાં ભર્યો હોય છે, એમ સર્વે શાસ્ત્ર કહે છે. ૧૩. ભગવાન સંબંધી વાતનો જ્યાં સુધી જીવ અનાદર રાખે છે, ત્યાં સુધી તે આ સંસારમાં ભમતો રહે છે. ૧૪. સંસારમાં કહ્યે પાર ન આવે તેટલું દુઃખ રહ્યું છે, છતાં મોહને લીધે તે દુઃખ જીવને ક્યારેય દેખાતું નથી. ૧૫. મોહ ઘોર અંધારી રાત છે. સત્સંગની વાત વિના કરોડો કલ્પ જાય, તોપણ તે અંધકાર થોડોયે ટળતો નથી. ૧૬. આ જગતમાં મનુષ્ય, રાજા અને જેટલા દેવ હોય છે, તે તો નામમાત્રના

જ ગુરુ હોય છે. તે ગુરુમાં મોહરૂપી મદિરા જેવી આ જગતની વાત રહી હોય છે. ૧૭. જ્યાં સુધી તે જગતની વાતમાં રસ માનતા રહે છે, ત્યાં સુધી એ સંસારમાં ભટકતા રહે છે. જગતની વાતોમાં સંસારના ભટકણરૂપી ફળ રહ્યું હોય છે. ૧૮. જેટલી ભગવાનના સંબંધવાળી વાત હોય છે, તે બધી સંસારના ભટકણને ટાળનારી હોય છે. ભગવાનની તથા જગતની વાતમાં રાત અને દિવસ જેટલો ફરક રહ્યો હોય છે. ૧૯. મનુષ્ય જ્યાં સુધી જગતની વાતમાં સુખ દેખે છે, ત્યાં સુધી તેની મોહરૂપી રાત ક્યારેય દૂર થતી નથી. અને મોહ દૂર થયા વિના ક્યારેય અમૃત જેવી ભગવાનની વાત જીવમાં લેશમાત્ર રુચતી નથી. જેટલી ભગવાનની વાત છે તે સૂર્ય કરતાં પણ શ્રેષ્ઠ છે. ૨૦-૨૧.

❋ સાચા ભક્તનાં લક્ષણ :

चोपाई :

अमृत तिनसे अधिक रहाता, तरत नहीं आवत देखाता;
विश्वास हि हरिजन के जबहू, आवत रहे दृढ कर तबहू...२२

वा भगवान ताकेउ जेऊ, संत रहाये साचे तेऊ;
नारि धन के प्रसंग न जाही, भगवान बिन व्यसन न ताही...२३

रात्य दिन भगवान के संगा, कथा कीर्तन कर अभंगा;
भगवान ताकि बात करीता, भगवान के संग इमि रहीता...२४

ભગવાન સંબંધી વાત અમૃત કરતાં પણ ઉત્તમ છે, પણ તે તરત દેખ્યામાં આવતું નથી. જ્યારે ભગવાનના ભક્તનો દૃઢપણે વિશ્વાસ આવે ત્યારે તે દેખાય છે, અથવા સ્ત્રી-ધનના પ્રસંગરહિત એવા સાચા ભગવાનના કોઈ સંત હોય તેના પ્રસંગથી દેખાય છે. તે સંત કેવા હોય ? તો, જેને ભગવાન સિવાય બીજું કાંઈ વ્યસન ન હોય, અને જે ભગવાનનાં કથા-કીર્તને કરીને અખંડ ભગવાનનો સંબંધ રાખતા હોય, અને ભગવાનની વાતોને લીધે જેને ભગવાનનો અખંડ પ્રસંગ રહેતો હોય; તેમનો જ્યારે દૃઢપણે વિશ્વાસ આવે છે ત્યારે તે ભગવાન સંબંધી વાત અમૃત કરતાં પણ ઉત્તમ છે, એમ

દેખાય છે. ૨૨-૨૪. અથવા ભગવાનની સેવામાં ભાવે કરીને દિવસે દિવસે અધિક અધિક ઉત્સાહ જેમાં દેખાતો હોય, તેને ભગવાનનો સંબંધ છે, એમ જાણવું. આટલી બાબતે કરીને ભગવાનના ખપવાળાને ઓળખવાનું અમે કહીએ છીએ. ૨૫-૨૬.

આ મનુષ્યદેહમાં રહેલા જીવને જો ભગવાનનો ખપ હોય, તો તે મોહને તજીને ભગવાનમાં જોડાય જાય છે. ૨૭. જે વિચારવાળા માણસો છે તે ભગવાન સંબંધી વાતમાં જેટલો પ્રમાદ રહ્યો હોય, તેને જોઈ વિચારીને તજી દે છે. ૨૮. સાર-અસાર વાતને જે યથાર્થરૂપમાં સમજે તેને માટેનો આ સત્સંગ છે, અને જે તેવી બાબતને સમજતો નથી તે તો પશુમાં ગણાય છે. ૨૯. જ્યારે મનુષ્ય પશુના ગુણધર્મનો ત્યાગ કરે છે, ત્યારે જ તેને સાર-અસાર સમજાય છે. તેને સત્સંગની જેટલી વાત હોય છે, તે બધી ત્યારે અમૃતના સમાન લાગે છે. ૩૦.

સત્સંગ અને ભગવાનની વાત - તે બંને એક જ છે; આમ જે સમજે છે તે જ ખરી બુદ્ધિ છે, અને આવી સમજણ જો બુદ્ધિમાં ન આવે, તો તે બુદ્ધિ વૃથા કહેવાય છે. ૩૧. તે વૃથા બુદ્ધિ ગમે તેટલી વિશાળ હોય, પણ તે આવો સત્સંગ કરતી નથી. અને જ્યાં સુધી તેનાથી સત્સંગ નથી કરાતો, ત્યાં સુધી તેની બધી બુદ્ધિ-શક્તિ નિષ્ફળ છે. ૩૨. જે સત્સંગ છોડીને વેદ તથા પુરાણોને ભણે છે, તે તો વૃથા બુદ્ધિમાં ખપે છે. જીવ જ્યારે સત્સંગ કરે છે ત્યારે જ તેણે વેદ, પુરાણ ભણી લીધા કહેવાય. ૩૩. વળી, જેટલાં સાધન છે તે બધાં પણ સત્સંગમાં આવી જાય છે. આ રીતનો સમજણપૂર્વકનો જે સત્સંગ છે, તેને જ સત્સંગ કર્યો કહેવાય." ૩૪.

આટલી વાત શ્રીહરિએ કરી. પછી સહુ સંતો પ્રેમાનંદ સ્વામીનાં રચેલાં ગરબીનાં પદ બોલવા લાગ્યા. ૩૫. સંતોના પદ બોલવાથી આખી વાડી ગાજી ઊઠી, અને આકાશ સુધી ગયેલા તેમના શબ્દથી બધું આકાશ ભરપૂર ભરાઈ ગયું. ૩૬. જ્યારે તે શબ્દ દેવતાઓએ સાંભળ્યા ત્યારે તેમને મનમાં ધીરજ રહી નહિ, અને વણતેડ્યા બધા વિમાનમાં બેસીને આવ્યા, અને બધું આકાશ તેનાથી છવાઈ ગયું. ૩૭. તે દેવતાઓ ભરપૂર ભાવથી

દિવ્ય વાજિંત્રો વગાડવા લાગ્યા. જેટલી અપ્સરાઓ હતી તે બધી નાચવા લાગી. ૩૮. પછી અરદેશર શેઠ શ્રીહરિની પૂજા કરવા માટે સોનાના થાળમાં પૂજાપો ભરીને ઉત્સાહભેર ઊભા થયા. ૩૯. તેમણે શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદન ચર્ચ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. તે ચંદન તથા ફૂલોનો સુગંધ ખૂબ જ ફેલાયો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ શાહુકારો આગળ ધર્મરૂપી નિધિની વાત કહી" એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૧

દ્વેષીઓએ છાની રીતે ચોંટાડેલો પત્ર અને અરદેશર શેઠની સવળી સમજણ

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે અરદેશર શેઠ શ્રીહરિને ફૂલના હાર પહેરાવી રહ્યા, ત્યાર પછી એક જરી ભરેલી કિંમતી શાલ ઓઢાડી. ૨. ત્યારે નવાબના દીવાન પણ એક શાલ લાવ્યા હતા, તે તેમણે ભાવથી શ્રીહરિને ઓઢાડી. ૩. સુરત શહેરના જેટલા શાહુકારો આવ્યા હતા, તેમણે તે વખતે શ્રીહરિને ભેટ ધરીને નમસ્કાર કર્યા. ૪. જેટલાએ શ્રીહરિને ભેટ ધરી, તે બધાને પીરૂશા પોશ ભરી ભરીને પાનબીડાં આપતા હતા. શાહુકારોએ તે પાનબીડાં આદરભાવે સહિત રૂમાલમાં લીધાં. પછી તે શાહુકારો રજા લઈને ચાલતા થયા. અને ત્યાં જે એક હરિભક્ત હતા, તે શેઠના વતી કેસરયુક્ત ચંદન લઈને બધા સંતોની પૂજા કરવા લાગ્યા. 'આ સમય ઘણો અલૌકિક આવ્યો છે' એમ જાણી દરેક સંતોને ફૂલના બબ્બે હાર ઘણા ભાવથી પહેરાવ્યા. ૫-૭. તે સમયે શેઠે જે વસ્ત્ર મંગાવ્યાં હતાં, તે દરેક સંતને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ત્યારે રાત એક પહોર ગઈ હતી. ૮.

પછી શ્રીહરિ શેઠની વાડીમાં જે રીતે ધામધૂમથી આવ્યા હતા, તે રીતે પાછા ઉતારે ચાલ્યા. આ રીતે શ્રીહરિનો સુરતમાં ઘણી વાર અપાર ઉત્કર્ષ થયો. ૯. શ્રીહરિના ઉત્કર્ષને દેખીને જે દુર્બુદ્ધિ લોકો હતા, તે સહન ન કરી શક્યા. એટલે કેટલાકની જે રીતની દુષ્ટ બુદ્ધિ હતી, તે રીતનો તેમણે એક પત્ર લખ્યો. ૧૦. અને જે લાલકૃષ્ણની વાડીનો દરવાજો હતો, તેને બારણે છાની રીતે ચોંટાડી દીધો. શેઠ શ્રીહરિને ઉતારે પહોંચાડીને ચાલ્યા. તે જ્યારે વાડીના દરવાજે આવ્યા, ત્યારે તેમણે બારણા સાથે ચોંટાડેલો પત્ર જોયો અને તેના અક્ષર પોતે વાંચ્યા. તે કાગળ કોઈ પણ પ્રકારની છાપ-સહિ વગરનો હતો. ૧૧-૧૨. બારણા ઉપરથી તે પત્રને શેઠે ઉખાડી લીધો, અને દરવાજે જે ચોકિયાત હતો તેને પૂછ્યું કે, "અહીંયાં આ પત્ર અત્યારે કોણ ચોંટાડી ગયું ? તે બોલ. તું ચોકી ઉપર રહીને ચોકી કેવી કરે છે ?" જ્યારે શેઠે આમ કહ્યું ત્યારે ચોકીદાર બોલ્યો, "અમે દરવાજો બંધ કરી રાખ્યો હતો. એટલી અમારી ભૂલ પડી. એટલામાં બંધ દરવાજા ઉપર કોઈ પત્ર ચોંટાડી ગયું. ૧૩-૧૫. જ્યારે સંતો આવ્યા ત્યારે અમે દરવાજો ખોલ્યો, પણ અમને ચોંટાડેલો કાગળ દેખવામાં આવ્યો નહીં. જ્યારે આપે કહ્યું ત્યારે અમને ખબર પડી." ૧૬.

'જે જાતિ વગરનાને પૂજે છે તે દંડ દેવાને યોગ્ય છે.' આ રીતની વાત તે પત્રમાં લખી હતી. ૧૭. તે વાંચીને અરદેશર શેઠ બોલ્યા કે, "આ લખનારામાં બાધ આવ્યો છે. જેને બાધ-નિર્બાધની કાંઈ ખબર ન હોય, એવા લોકોએ આ પત્ર લખ્યો છે. ૧૮. આ શહેરમાં નવાબ અને સાહેબ જેવા કોઈ મોટા નથી. તેમણે સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરિ સન્માન ભાવ સહિત કર્યું. સહુથી ધર્મમાં મોટા ગણાતા ઊંચા સરવરિયા વિપ્રમાં, સ્વેચ્છાથી શ્રીહરિ પ્રગટ્યા છે. ૧૯-૨૦. પોતે ધર્મ પાળે અને બીજાની પાસે પળાવે એવા આજ સુધી કોઈ થયા નથી. ગમે તેવો માણસ જો શરણે આવે, તો તેના બધા જ અપરાધને શ્રીહરિ માફ કરે છે. ૨૧. આવા શ્રીહરિને જે 'જાતિ વગરના છે', એમ કહે છે. આવું સમજે છે તેને શું કહેવું ? શ્રીહરિને તે શું સમજતા હશે ? હવે જો લખનારા જાહેર થાય તો તે કઈ જાતિના છે ?

તે આપણે દેખીએ. ૨૨. જે આવો છાનો પત્ર લખે તે કોઈ સારી જાતિના ન હોય. જો તે સારી જાતિના હોય તો આવો છાનો પત્ર ન લખે. ૨૩. જે લોકો છાની રીતે છૂપાઈને કામ કરતા હોય છે, તે ધર્મનો ભંગ કરતા જ હોય છે. અને જે પોતે ધર્મનો ભંગ કરતા હોય, તેને ધર્મના માર્ગ ઉપર ચાલનારા ગમતા નથી. ૨૪.

જેટલા ચોર હોય છે તે છાની રીતે વાત કરતા હોય છે, અને તે ચોર તેની વાતમાં જ દેખાઈ આવે છે. જેટલા ચોર જેવા લોકો હોય તે આવી છાની વાતો કરે છે, પણ શ્રીહરિમાં તો ધર્મ રહ્યો છે અને એકપણ દોષ નથી, તે તેમના વર્તનમાં દેખાઈ આવે છે. ૨૫-૨૬.

❋ જે સહુનું ભલું કરે તે સમજુ છે :

શ્રીહરિ મન, કર્મ, વચને કરીને કોઈનું ભૂંડું કરતા નથી, અને સહુનું હિત જ ઈચ્છે છે એટલે તે સત્પુરુષ કહેવાય છે. ૨૭. બીજાને ઉદ્વેગ થાય એવી કોઈ બાબત ક્યારેય કરતા નથી. અને કોઈ વાતના વેગમાં આવીને કોઈનું ભૂંડું ભૂલે પણ કરતા નથી. ૨૮. આવા રાજા અને આવા ગુરુ તો કોઈક કલ્પમાં જ થતા હોય છે. પણ જેટલા કુમાર્ગે ચાલનારા અને નીતિહીન લોકો હોય છે, તે ન્યાયવાળા રાજાને દેખીને તે રાજાની રુચિ પ્રમાણે ચાલ્યા વિના સુખ પામતા નથી. નીતિમાન રાજાને તથા ગુરુને તો મોટા દેવતાઓ પણ વખાણે છે. ૨૯-૩૦. કરી કરીને એટલું જ કરવાનું છે કે, જોઈ-વિચારીને નીતિ ઉપર ચાલવું. જેટલા નીતિ ઉપર ચાલે છે તેમણે રાજા, ગુરુ અને ભગવાનને જરૂર પ્રસન્ન કરી લીધા છે. તેમાં કાંઈ તલભાર પણ ખોટું નથી.

જેની અનીતિમાં ચાલવાની રુચિ હોય તે કોઈ સાચા ગુરુનાં વચનને માનતા નથી. ૩૧-૩૨. જે લોકો ગુરુનાં વચનને માનતા નથી તે તો પશુની જાતિ કહેવાય છે. તેથી જ તેઓ જિંદગીમાં ક્યારેય પોતાનો ઉદ્ધાર કરી શકતા નથી, અને મર્યા પછી પણ ક્યારેય તેનો ઉદ્ધાર થતો નથી. ૩૩. પછીના જન્મમાં તે કૂતરાં, ગધેડાં થઈને મનુષ્યના મળને ખાતા ફરે છે. આમ તેઓ જંગલના પશુ થતા રહે છે, અને એક પળવાર પણ કોઈને શાંતિ મળતી

નથી. ૩૪. જે ગુરુનાં વચનને નથી માનતા, એવા લોકો જેટલી પશુની જાતિઓ છે તેમાં અલગ અલગ યોનિમાં ફરતા રહે છે. અને જેટલી પક્ષીની યોનિ કહેવાય છે, તેમાં પણ અલગ અલગ ફરતા રહે છે, તેનો કોઈ પાર પામતા નથી." અરદેશર શેઠને આવું સમજ્યામાં આવ્યું, ત્યારે તેમના જીવમાં શ્રીહરિનો દૃઢ વિશ્વાસ આવ્યો. ૩૫-૩૬.

આ રીતે સમજીને શેઠ શ્રીહરિનાં જે વચન હતાં, તે પ્રમાણે પ્રમાદ તજીને ચાલતા હતા, અને તેથી જ દિલમાં સુખી થયા હતા. ૩૭. **સત્સંગનાં સુખ વિનાનાં બીજાં જે બધાં સુખ છે, તે તો કોઈ ભારે-શ્રેષ્ઠ ભોજનમાં ઝેર ભળી ગયું હોય તેવાં છે.** ૩૮. આ રીતે સત્સંગની જેટલી વાત હતી, તેને અરદેશર શેઠે બધી સવળી માની જ્યારે ઘેડ બેસાડી ત્યારે તે અતિશય સુખી થયા. ૩૯. આ બાજુ રાત્રિએ જ્યારે શ્રીહરિ આસન ઉપર આવીને બેઠા, ત્યારે મોટેરા પાંચ-સાત સંતોને બોલાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "દ્વેષીઓએ છાની રીતે ચોંટાડેલો પત્ર અને અરદેશર શેઠની સવળી સમજણ કહી" એ નામે એકાણુમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૨

શ્રીહરિએ ચિતારાને તપ કરતા વાસુદેવ ભગવાનનું ચિત્ર કરવા કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ સદ્‌ગુરુઓ સિવાય દાદા ખાચર, સુરા ખાચર, વસ્તા ખાચર, મોકા ખાચર અને ઝીણાભાઈ, તેમને પણ બોલાવ્યા. અને સુરતના ગોવિંદભાઈ, ગિરધરભાઈ, લક્ષ્મીચંદભાઈ, ભગવાનભાઈ ખત્રી ઇત્યાદિક જે મુખ્ય હરિભક્તો હતા, તેમને પણ ત્યારે બોલાવ્યા. ૨-૪. પ્રભુ પાસે આવેલા તે સંતો તથા હરિભક્તો પ્રત્યે શ્રીહરિ

પ્રસન્ન મુખથી બોલ્યા કે, "અહીંના હરિભક્તોનો જેવો ભાવ હતો તેવો જ આ સુરતનો સમૈયો ભારે સર્વોપરિ, જય જયકારી અને નિર્વિઘ્ન પૂરો થયો છે. કારણ કે, અમે જ્યાં જ્યાં જઈએ છીએ, તે હરિભક્તોને સુખ આપવા માટે જ જઈએ છીએ. ૫-૬. **દેશ-કાળની અનુકૂળતાનો તપાસ કરીને જઈએ છીએ ત્યારે હરિભક્તોને અમારું સુખ આવે છે.** ૭. જ્યાં સુધી દેશ-કાળનું વિપરીતપણું વર્તતું હોય, ત્યાં સુધી અમે ત્યાં જતા નથી. કારણ કે, વિપરીતતામાં તો ક્લેશ થાય છે. અમે જ્યાં જતા હોઈએ છીએ ત્યાંની બધી વાત તમે સહુ જાણો જ છો. અને જ્યાં વિપરીત વર્તન દેખાય ત્યાંથી અમે તરત ચાલી નીકળીએ છીએ." ૮-૯. આટલી વાત કહીને પછી શ્રીહરિ પોઢી ગયા.

પછી જ્યારે સવાર થયું ત્યારે સંતો નારાયણ ધૂન કરીને તાપી નદીએ સ્નાન કરવા ગયા. નાહીને પાછા આવ્યા. તાપી નદી લાલકૃષ્ણની વાડીથી પા કોશ દૂર હતી. ૧૦-૧૧. તે વાડીથી પશ્ચિમ દિશામાં તાપી નદી રહી છે, ત્યાં સુધી ત્યારે શહેર વસી ગયું હતું. શ્રીહરિ જેટલા દિવસો સુરતમાં રહ્યા, તે દિવસોમાં સવારે અને બે પહોર ગયા પછી સંતો, વર્ણી, પાર્ષદો અને હરિભક્તો રોજ નદીએ જઈને નાહી આવતા હતા. ૧૨-૧૩.

શ્રીહરિ સુરતમાં જેટલા દિવસ રહ્યા, તેટલા દિવસ બે વખત ઉતારે સ્નાન કરતા હતા. શહેરમાં રહેનારી હરિભક્ત બાઈઓ શ્રીહરિને સ્નાન કરવા માટે તાપી નદીનું પાણી અતિશય હેતથી પાંચ-પાંચના વારા કરીને રોજે લાવતી હતી. ૧૪-૧૫. તે હરિભક્ત બાઈઓ પાણી લાવીને હરિભક્ત પુરુષોને આપતી હતી. કોઈ સંબંધી પુરુષ વિના તે બીજા પુરુષનો સ્પર્શ પણ કરતી નહીં. ૧૬. ત્યાગી સંતો, વર્ણી અને શ્રીહરિના ત્યાગી પાર્ષદ, તે બધાથી જેટલી નારીમાત્ર કહેવાતી તે બધી ધર્મ ભંગના ડરથી દૂર રહેતી હતી. ૧૭. ત્યાગી પુરુષને સ્ત્રીનો કોઈ પણ પ્રકારનો સંબંધ જાણે કે અજાણે જો ભૂંડાં દેશ-કાળને લીધે થઈ જાય, તોપણ તે દોષ ટાળવાને માટે ત્યાગી ઉપવાસ કરતા. તે ઉપવાસ શુદ્ધિને માટે શ્રીહરિએ જ કહ્યા હતા. કારણ કે, તે વિકટ સંસારસાગરને તરવા માટે નાવરૂપ હતા. ૧૮-૧૯. ઉત્તર

દિશાના બંગલાના બીજા માળ ઉપર રહીને શ્રીહરિ રોજ સ્નાન કરતા, ભોજન કરતા અને થાળ કરાવતા હતા. ૨૦. અને ત્યાં જ હરિભક્તો શ્રીહરિની કેસરચંદનાદિક ચર્ચીને પૂજા કરતા, ફૂલના હાર પહેરાવતા અને કપૂરની આરતી ઉતારતા હતા. ૨૧. નંદરામજી તથા ગોપાળજીનો ઉતારો પણ ત્યાં જ હતો. અને તે બંગલાના પહેલા માળ ઉપર સદ્‌ગુરુ સંતોનો ઉતારો હતો. ૨૨. તે સિવાયના બીજા સંતોને તો જ્યાં જગ્યા મળતી ત્યાં આસન કરતા હતા. અને દક્ષિણ તરફના બંગલાની ઉપર શ્રીહરિએ પોતાનો ઉતારો કર્યો હતો. ૨૩. માગશર સુદિ બીજને દિવસ જ્યારે સૂર્યોદય થયો, તે સમયે મુનિબાવાના શિષ્ય દુલેરામ નામે એક ચિત્રકાર(પેઈન્ટર) હતા, તેને મુનિબાવા શ્રીહરિનાં દર્શન કરવા માટે શ્રીહરિની સમીપે લાવ્યા. ત્યારે તેણે શ્રીહરિનાં દર્શન કર્યા. ૨૪-૨૬. તે ચિતારા દુલેરામ મુનિબાવાની છબી જેવી હતી તેવી કરીને સાથે લાવ્યા હતા. તે શ્રીહરિને તેણે બતાવી. ૨૭. મુનિબાવા અરદેશર શેઠના પણ ગુરુ હતા તેમ સમજીને, તેમને રાજી કરવા માટે શ્રીહરિએ સાઠ-સિત્તેર રૂપિયાનો કિંમતી, ઘણો કસબવાળો બુરાનપુરી રેંટો હતો, તે દુલેરામ ચિતારાને આપ્યો.

પછી શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા કે, "શ્વેતદ્વીપ ધામના પતિ ભગવાન વાસુદેવ નામે છે. ૨૮-૩૦. તે જમણા ચરણને જમીન ઉપરથી ઊંચો રાખીને ઊભા છે, અને બંને હાથ ઊંચા રાખીને તપ કરે છે. વળી તેમની જમણી ભુજા તરફ એક પરમ વિવેકી મુક્ત હાથ જોડીને તપ કરતા ઊભા છે. તથા ડાબી ભુજા તરફ બીજા એક મુક્ત તપ કરતા ઊભા છે. ૩૧-૩૨. તે બંને મુક્ત હાથ જોડીને સેવા કરવામાં તત્પર થઈને ઊભા છે. ક્ષીર સમુદ્રને મધ્યે શ્વેતદ્વીપ કહેવાય છે. ત્યાં વેદિકા ઉપર વાસુદેવ ભગવાન ઊભા રહીને તપ કરતા હોય, અને કહ્યા જે બે મુક્ત તે તત્પર થઈને તેમની બાજુમાં હાથ જોડીને સેવામાં ઊભા હોય, એવી તમારે એક પટ મૂર્તિ(વસ્ત્રમાં ચિતરેલી) કરવી. તેટલા માટે હું અહીંયાં અમારા સાધુને રાખું છું." ૩૩-૩૪. આટલી વાત કહીને શ્રીહરિ હિંડોળે આવીને બેઠા. ત્યાં સ્નાન કરીને પહેલેથી જ સંતો તથા હરિભક્તો આવીને બેઠા હતા. ૩૫.

☼ જે ધર્મ-નિયમની ટેક રાખે તેનો જ સત્સંગ રહે છે :

ચોપાઈ :

हरिजन कु हरि बात करीता, धर्म नियम कि जेसे रहीता;
धर्म नियम रखत रहे ताके, सत्संग यह रहाये वाके...३६

दोहा : धर्म नियम सत्संग के जो, बसन भुषण हि रहेउ;
ऐसे बसन भुषण तेहि, दुजे न रहेउ तेउ...३७
ब्रह्मांड कोउ तिन महिं, सत्संग केउ जेहु;
धर्म नियम भुषण जोउ, दुजे न रहेउ केहु...३८

सोरठा : कोटि हि कोटि हि जेहि, रुपिये के एक एक हि;
हिरे रहाये तेहि, तिनसे सत्संग के यह...३९
एक एक नियम महिं, मुल रहाये अमुल कर हि;
सत्य बात कहहि, सत्संग एसि रित रहे...४०

તે વખતે શ્રીહરિએ હરિભક્તોની આગળ જેવી રીતના ધર્મ-નિયમ રહ્યા છે, તે બાબતની વાત કરતાં કહ્યું કે, "જે ધર્મ-નિયમ રાખે છે તેનો જ આ સત્સંગ છે. ૩૬. જે ધર્મ-નિયમ છે તે સત્સંગનાં સાચાં વસ્ત્ર અને ઘરેણાં છે. તેના જેવા સત્સંગનાં બીજાં કોઈ વસ્ત્ર તથા ઘરેણાં નથી. ૩૭. કોઈ બ્રહ્માંડમાં સત્સંગના ધર્મ-નિયમ સમાન અન્ય કોઈ આભૂષણ જ નથી. ૩૮. જેમ જગતમાં કરોડ કરોડ રૂપિયાનો કિંમતી એક એક હીરો હોઈ શકે છે, પરંતુ આ સત્સંગના જે એક એક નિયમો છે તેની કિંમત તો તે હીરા કરતાં પણ અમૂલ્ય છે. આ વાત અમે સત્ય કહી છે. કેમ જે, આ સત્સંગની એવી અલૌકિક રીત રહી છે." ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ ચિતારાને તપ કરતા વાસુદેવ ભગવાનનું ચિત્ર કરવા કહ્યું" એ નામે બાણુમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૩

શ્રીહરિએ પોતે કહેલા ધર્મ-નિયમનું મહત્ત્વ કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીસહજાનંદ સ્વામીએ સુરતમાં પોતાની પાસે જે હરિભક્તો બેઠા હતા, તેની આગળ સત્સંગ કરવાથી જેવી રીતે લાભ થાય છે તે રીત કહી. ૨. કારણ કે, લાભ સમજ્યા વિના સત્સંગ રાખવો ઘણું કઠણ છે. માટે જે રીતનો લાભ રહ્યો છે તે સમજવો જોઈએ. ૩.

दोहा : सत्संग करत जेउ, सत्संग के नियम जेहि;
रखत रहाये तेउ, जन्म मरण के दुःख महा...०४

चोपाई :

छूट जावत लाभ रहे एहा, जमपुरि के दुःख छुटत हि तेहा;
चोरासि दुःख छूटत हि रहाते, भगवान के दिव्य धाम कहाते...०५
तामें दिव्य तन को धरीके, रहत रहाये मोद भरीके;
दिव्य विमान बैठकर जेही, विचरित रहाये सदा तेही...०६

જે મનુષ્ય સત્સંગ કરીને સત્સંગના નિયમોને પાળતો રહે છે, તેને અનેક લાભ થાય છે. તે જન્મ-મરણનાં મહા દુઃખથી છૂટી જાય છે. તથા જમપુરીનું દુઃખ અને લખચોરાશીનાં મહાન કષ્ટથી તે છૂટી જાય છે. પછી તે ભક્ત ભગવાનનું જે દિવ્યધામ કહેવાય છે, તેમાં દિવ્ય શરીર ધરીને ખૂબ જ આનંદથી રહે છે. વળી, ત્યાં દિવ્ય વિમાનમાં બેસીને હંમેશાં વિચરણ કરતો રહે છે. ૪-૬. તે મુક્તનાં વસ્ત્ર તથા આભૂષણ બધું જ દિવ્ય હોય છે. તેના ખાન-પાન પણ દિવ્ય કહેવાય છે. વળી, તે મુક્તો કોઈ પરસ્પર ઈર્ષ્યા કરતા નથી. એવું દિવ્ય તે ભગવાનનું ધામ છે. તે ધામમાં મનોવાંછિત ભોગ રહ્યા છે, તે ક્યારેય ખૂટતા નથી. અને ત્યાં મણિમય મહેલો છે તેમાં મુક્તો સદાય નિવાસ કરીને રહે છે. ૭-૮. અમારી આજ્ઞાથી જે સત્સંગના નિયમોને પાળે છે, તેને ઉપર કહ્યું તે પ્રમાણે ફળ પ્રાપ્ત થાય છે, તેમાં કાંઈ જ ફેરકાર નથી. ૯.

❋ જે વચનમાં રહે સારધાર, તેનો થાય ઉદ્ધાર :

चोपाई :

पोता के जाने इनसे जेऊ, नियम रखते जे तेहि तेऊ;
जन्म मरण न छूटत रहे तिनमें, भवभटकन हि रहत हे इनमें...१०

जो जो बात रहाये जेती, दुल्लभ तामें दुल्लभ तेती;
हमारे बचन तामें रहीता, बात यह जानना खचीता...११

हमारे बचन रहेउ ताकू, जितना उलंघन कर हि वाकु;
तितना अपकीर्ति जोउ ताकी, जिहाँ जाव हि होव ही वाकी...१२

કોઈ આપમેળે પોતાને ગમે એટલે અમે કહ્યા તેના કરતાં પણ વધારે નિયમ રાખે, તોપણ તેનાથી જન્મ-મરણ છૂટતા નથી. તેને તો સંસારનું ભટકણ ચાલું જ રહે છે. ૧૦. જે જે કાંઈ દુર્લભમાં પણ દુર્લભ પ્રાપ્તિ કહેવાય છે, તે બધી અમારાં વચનમાં રહી છે. આ વાતને ચોક્કસ સમજી રાખવી. ૧૧. અને જે અમારાં વચનનું જેટલું ઉલ્લંઘન કરશે, તે જ્યાં જશે ત્યાં તેની તેટલી અપકીર્તિ થશે. ૧૨. અમારાં વચનનું ઉલ્લંઘન કરવાથી તો બ્રહ્મા જેવા હોય તેની પણ અપકીર્તિ થાય છે, તો પછી વચન ઉલ્લંઘનાર બીજા માણસની શી ગણતી ? ૧૩. જે વચનનું ઉલ્લંઘન કરે છે, તેને માટે જ જન્મ મરણ, જમપુરી અને લખચોરાશીનાં દુઃખ રહ્યાં છે. ૧૪.

सोरठा : जितना जितना दुःख, होवत रहे निज कु यह;
तन में रहत असुख, बचन ओलंघत हि तेहि...१५

जितना सुख कहात, बचन तामें रहे तेउ;
प्रगट देखेउ आत, अधिक अधिक मोटप मिलत...१६

चोपाई :

जो जो लाभ कहावत जितना, बचन तामें रहाये तितना;
नियम धर्म बचन हि रहे जेहा, मिलत एक रहायेउ तेहा...१७

જીવને પોતાને જેટલાં જેટલાં દુઃખ ભોગવવાં પડે છે, તથા તેના શરીરમાં જે કાંઈ અસુખ વર્તે છે, તે બધું અમારાં વચન ઉલંઘવાને કારણે જ છે. ૧૫. વળી, જેને જેટલું સુખ થાય છે તે વચન પાળવાથી થાય

છે. આજ્ઞાપાલકને વધારે ને વધારે મોટપ મળે છે, તે પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૧૬. જે જે લાભ કહેવાય છે, તે બધા વચન પાળવામાં જ રહ્યા છે. નિયમ, ધર્મ અને વચન - આ ત્રણેય એકસરખાં મળતાં આવે છે. ૧૭. સાચી વાતનો જે સંગ્રહ કરવો તેને જ સત્સંગ કહેવાય છે.

આ જગતમાં જેટલા શાહુકારો છે તે સંગ્રહ કરતા જ દેખાય છે. વળી, જેણે જેવો સંગ્રહ કર્યો હોય તે બધા લોકો જાણતા રહે છે. કોઈએ સોનામહોરોનો સંગ્રહ કર્યો હોય, તો તેને બધા લોકો જાણતા હોય છે. ૧૮-૧૯. હીરા, મોતી, માણેક, પારસમણિ અને ચિંતામણિ તથા બીજી કોઈ પણ વસ્તુ હોય, તેનો વેપાર કરવા માટે શાહુકારો સંગ્રહ કરે છે. ૨૦. રોજ જેને એક કરોડ સોનામહોરની આવક થતી હોય, તો તેની તેવી રીતની મોટપ હોય તે લોકોને દેખાય છે. ૨૧. **તે કરોડ સોનામહોરોની આવક કરતાં પણ અમારાં કહેલાં વચનનું પાલન કરવું તેમાં અપાર મોટપ રહી છે; આવું અમારું વચન મહત્ત્વપૂર્ણ છે.** ૨૨. વચનમાં રહેવાની જે મોટપ છે તે અત્યારે દેખાતી નથી, પણ પ્રહ્લાદ, પ્રિયવ્રત ઇત્યાદિક જે હતા તે વચનમાં વર્ત્યા, તો મોટા મોટા રાજા થયા હતા. અને તે સાત દ્વીપવાળી ભૂમિનું રાજ્ય કરતા હતા, તોપણ જ્યારે વચનની મોટપ સમજાણી, ત્યારે તેણે રાજ્યને દુઃખમય અને બંધનરૂપ જાણીને તેનો ત્યાગ કર્યો હતો. ૨૩-૨૪.

✽ જેટલો ભગવાનનો સંબંધ થાય તેટલા સુખિયા રહેવાય :

શ્રીહરિનો જેટલો સંબંધ રહે તેટલું જ સુખ કહેવાય છે. કેમ જે, શ્રીહરિના સંબંધના સુખ સમાન કરોડો બ્રહ્માંડમાં કોઈ સુખ આવતું નથી. ૨૫. આવી જેની સમજણ હોય, અને તે સમજણ કોઈ દેશકાળે કરીને પણ જો ક્યારેય ફરે નહિ, તો તે પાકો હરિભક્ત છે. ૨૬. જે હરિભક્ત થયા હોય તેણે આવી સમજણ તથા આવો સત્સંગ કરવો, અને જે કુસંગ હોય તેને ચોક્કસ રીતે ઓળખી રાખવો. ૨૭. આ સત્સંગમાં જેટલો લાભ હોય તેને જેટલા પ્રમાણમાં જાણી રાખે, તે તેટલો બુદ્ધિમાન હરિભક્ત કહેવાય છે. ૨૮. શ્રીહરિએ હરિભક્તો ઉપર ઘણો

ભાવ રાખીને આટલી વાત કરી. શ્રીહરિની આવી જે જે વાતો છે, તે જ આ લોક અને પરલોકમાં સહાય કરે છે. માટે આવી જે વાત હોય તે તો નિધિ સમાન ગ્રહણ કરવા યોગ્ય છે, અને હરિભક્તને માટે તો આ વાત મોક્ષના અંકુર જેવી છે. ૨૯-૩૦.

વળી, નવાબનો મીઠારામ નામે એક ચિત્રકાર હતો. તેને નવાબે શ્રીહરિની જેવી છબી છે તેને ચિતરવાને માટે પ્રેમથી મોકલ્યો હતો. પછી તેણે તે વાત નારાયણજીભાઈ સુતારને કરી, અને નારાયણજીભાઈ સુતારે આધારાનંદ સ્વામીને કહી કે, 'તમે શ્રીહરિની પાસે જઈ ગુપચુપ રીતે આ વાત સંભળાવો. અને શ્રીહરિની જેવી મરજી હોય તે જાણીને પછી તેનો ઉત્તર આપો. ૩૧-૩૩. પછી આધારાનંદ સ્વામીએ શ્રીહરિની પાસે જઈને ગુપ્તપણે વાત કહી. શ્રીહરિ ત્યારે હિંડોળે બેઠા હતા. ૩૪. તે સમયે સંતો અને હરિભક્તોની બધી સભા ભરાઈને બેઠી હતી, અને શ્રીહરિ પૂર્વ તરફ જ્યાં તકિયો હતો ત્યાં હિંડોળે બેઠા હતા. પછી આધારાનંદ સ્વામી શ્રીહરિના ડાબા તરફના ભાગમાં આવીને ઊભા રહ્યા.

ત્યારે શ્રીહરિએ તરત તેમની સામે જોયું અને પૂછ્યું કે, "શું કામ છે ?" ૩૫-૩૬. ત્યારે આધારાનંદ સ્વામીએ બીજા કોઈ સાંભળે નહિ એ રીતે નવાબે મીઠારામ ચિતારાને ચિત્ર કરવા મોકલ્યો છે, તે વાત કહી. ૩૭. તે સાંભળીને શ્રીહરિએ કહ્યું, "અમે જ્યારે જમવા જઈએ ત્યારે ત્યાં તમે આગળ જઈને બેસજો. હમણાં અમે ત્યાં આવશું અને જોઈશું." ૩૮. શ્રીહરિએ હરિભક્ત દામોદરભાઈને કહ્યું કે, "જેનો થાળ ન હોય તેવા હરિભક્તને બંગલા ઉપર આવવાનું બંધ કરાવો." ૩૯. અને પછી શ્રીહરિએ જેનાં નામ લીધાં તેને બંગલા ઉપર રહેવા દીધા. આ રીતે દામોદરભાઈએ કર્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ પોતે કહેલા ધર્મ-નિયમનું મહત્ત્વ કહ્યું" એ નામે ત્રાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૪

શ્રીહરિ સુરતથી બપોરે બે વાગ્યા પછી ગઢપુર તરફ આવવા ચાલ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા માટે બંગલા ઉપર આવ્યા, અને પ્રેમથી નાહ્યા. ૨. શ્રીહરિએ પીળા રંગનું એક પીતાંબર પહેર્યું. જે હરિભક્તનો શ્રીહરિને માટે થાળ હતો, તે પ્રમાણે નંદરામજી અને ગોપાળજીએ શ્રીહરિને માટે વિવિધ પ્રકારનાં ભોજનનો થાળ તૈયાર કર્યો હતો. તે અલગ અલગ પાત્રમાં જ્યારે ધરાવ્યો ત્યારે શ્રીહરિ જમવા લાગ્યા. ૩-૪. જે હરિભક્તનો થાળ હતો તેનું નામ પૂછ્યું, અને તેને બોલાવ્યા. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે તે હરિભક્ત પૂજા કરવા આવ્યા. કેસરયુક્ત ચંદન લલાટમાં ચર્ચ્યું અને કુંકુમનો ચાંદલો કર્યો. પછી બંને ભુજાઓમાં પણ ચંદન ચર્ચ્યું, અને ખૂબ જ પ્રેમથી ફૂલના હાર પહેરાવ્યા. ધૂપ કરી અને પછી તરત આરતી કરી. પછી પરમ સુખદાયક શ્રીહરિ ગાદીતકિયા ઉપર આવીને બેઠા. ૫-૭.

જ્યારે હરિભક્ત પૂજા કરી રહ્યા, ત્યારે શ્રીહરિ તે બંગલાથી નીચે ઊતર્યા અને ચિતારાને બોલાવ્યો. તેને જેવી મૂર્તિ ચિતરવી હતી, તે માટે શ્રીહરિએ કહ્યું કે, “એક મોટા કપડા ઉપર અમે કહીએ તેવી સારી મૂર્તિ તમે બનાવો. પછી તે ગોવિંદભાઈને કહેજો. ૮-૯. જેવી તમે મૂર્તિ કરશો તે દેખીને આ ગોવિંદભાઈ તમને તે પ્રમાણે તેના પૈસા આપશે. શ્વેતદ્વીપમાં જે રીતે ભગવાન વાસુદેવ તપ કરે છે, તેવી એક મોટી મૂર્તિ કરો.” અને વળી શ્રીહરિએ કહ્યું કે, “તેમની બંને બાજુ હાથ જોડીને ઊભા હોય તે રીતે નર અને નારાયણ આ બંનેને કરજો.” ૧૦-૧૧. આવી પટ મૂર્તિ કરવાનું કહીને તે ચિતારાને શ્રીહરિએ દસ રૂપિયાની કિંમતી પાઘ બંધાવી, અને એક બરફીની માટલી તત્કાળ જ આપી. પછી તે ચિતારાને જવા માટે રજા આપી, અને પોતે સંતોની પંક્તિ કરાવી તેમાં પીરસવા માટે આવ્યા. ૧૨-૧૩.

તે વખતે બધા સંતો એકતાર થઈને નારાયણ ધૂન કરતા હતા. જેની રસોઈ હતી તે હરિભક્તે ચંદન લઈને સંતોની ઘણા ભાવથી પૂજા કરી. દરેક સંતને એક એક ફૂલહાર પહેરાવ્યો. ૧૪-૧૫. તે રસોઈ અતિ ઊજળા બિરંજ અને શીરાની હતી. અને મેંદાની ઊજળી પૂરી માખણ જેવી હતી. ૧૬. જ્યારે શ્રીહરિ પંગતમાં પીરસી રહ્યા ત્યારે એમ બોલ્યા કે, "હવે સહુ જમવા માંડો, કોઈ વાર નથી. જમીને તરત જ સહુએ તૈયારી કરવાની છે." એમ કહી ઘણી પ્રસન્નતાથી શ્રીહરિ પંક્તિમાં બે વાર પીરસવા ફર્યા. જ્યારે શ્રીહરિ પીરસી રહ્યા ત્યારે પંક્તિમાં ભાત પીરસાયો. ભાતમાં શ્રીખંડ પીરસ્યો. જ્યારે સંતો જમી રહ્યા પછી તરત જ તૈયાર થયા. ત્યારે બપોરે બે વાગ્યાનો સમય થયો હતો. ૧૭-૧૯. તે વખતે સુરક્ષા માટે લશ્કરની ટુકડી આવી હતી, અને પડઘમ વાજિંત્ર લાવ્યા હતા. ત્યારે અરદેશર શેઠ આવ્યા અને આવીને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા.

પછી તેમણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું કે, **"મહારાજ ! આપ તો અમારી જીવનદોરી છો. તે જીવનદોરીરૂપ આપ અત્યારે દૂર થાવો છો, તેનું મારા જીવમાં ઘણું દુઃખ થાય છે.** ૨૦-૨૧. તેથી હવે દિલમાં શાંતિ થાય તેવો કોઈ ઉપાય દેખાતો નથી."

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "અમે તમારે માટે જ અહીં સુધી આવ્યા છીએ. ૨૨. અને જેમ તમે કહ્યું તેમ અમે કર્યું છે, તેનું કારણ બતાવીએ છીએ કે, તમને ગમે તેવું દુઃખ હશે તોપણ તમે તેનાથી જરૂર તરી જશો. માટે આ અમારી વાતોને સંભારી રાખજો. અમારી જેટલી વાત છે તે જે કોઈ દુઃખ હશે તેને દૂર કરશે. અને અમારી જે જે વાત રહી છે, તે ગ્રંથ અને કીર્તન કરીને પણ કહી છે. ૨૩-૨૪.

❋ શ્રીહરિ પોતાની વાતોરૂપે સદા પ્રત્યક્ષ છે :

दोहा : हरकोउ प्रबंध करिके, कहत जो जेसि रीत;
बात रूपे हमकु हि, देखत हि सो खचीत...२५
हमारि बात तिनके जो, प्रबंध तामें जोउ;
प्रगट कर हि निवास सदा, रहत भये हे सोउ...२६

सोरठा : सुनत कहत कर भाव, भाव हि जितना तिनहु के;
सत्संग यह रहाव, भाव कहि देवत भयेउ...२७

કોઈ પણ લેખકોએ પ્રબંધ કરીને જે રીતે અમને કહ્યા હોય, તે વાતના રૂપમાં જ અમને ચોક્કસ દેખવા. ૨૫. **અમારી વાતના જે કોઈ પ્રબંધ-ગ્રંથ રહ્યા છે, તેમાં અમે પ્રત્યક્ષરૂપે નિવાસ કરીને હંમેશાં રહીએ છીએ.** ૨૬. તે અમારી વાતને ભાવથી કહેવી અને સાંભળવી. તેમાં જેટલો ભાવ રહેશે તેટલો સત્સંગ રહેશે, અને તે ભાવ જ કહી દેશે." ૨૭.

શ્રીહરિએ અરદેશર શેઠને આટલી વાત કરી. પછી તૈયાર થઈને ઊઠ્યા. સુરતના જે હરિભક્તો હતા, તે પણ સમય જાણીને બધા આવ્યા. ૨૮. શ્રીહરિને માણકી નામે ઘોડી હતી. તેના ઉપર શ્રીહરિ બેઠા. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. સહુ હરિભક્તો જય જયકાર કરતા હતા, પણ તે બધાનાં દિલ શોકાતુર હતાં. શ્રીહરિની સાથે જે સવારી હતી તેના બધા અશ્વ આવી ગયા. ૨૯-૩૦. શ્રીહરિ જે રીતે સુરત આવ્યા હતા, તે જ રીતે સુરતથી ચાલતા થયા. શ્રીહરિના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું, અને જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. હરિભક્તો બધા આગળ ચાલતા હતા અને કીર્તન ગાતા હતા. તે સમયે હરિભક્તોની પાછળ સંતો અને વર્ણી ચાલતા હતા. ૩૧-૩૨. જ્યારે સહુ રાજમાર્ગ ઉપર ચાલ્યા, ત્યારે બજારમાં હજારો નગરજનો શ્રીહરિનાં દર્શન કરવા માટે ખૂબ જ ભાવનાથી ઊભા હતા. દર્શન કરનારા હાથ જોડી, મસ્તક નમાવીને 'જય જય.. જય જય..' એમ બોલતા હતા.

શ્રીહરિએ તે વખતે મુક્તાનંદ સ્વામીને મ્યાનામાં બેસાડ્યા હતા. ૩૩-૩૪. બ્રહ્માનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામી તે સમયે અશ્વ ઉપર બેઠા હતા. તે બંને ઉલ્લાસથી શ્રીહરિને ડાબ-જમણે પડખે રહીને ચામર કરતા હતા. ૩૫. નિત્યાનંદ સ્વામીને શ્રીહરિએ મ્યાનામાં બેસાડ્યા હતા. ગોપાળાનંદ સ્વામીને મનમાં ચાલવાનો ભાવ હતો, છતાં પણ શ્રીહરિએ તેમને બગીમાં બેસાડ્યા. નંદરામજી અને ગોપાળજીને બગીમાં બેસાડ્યા. બીજા જે મોટા મોટા સંત હતા તેમને ગાડીમાં બેસાડ્યા. ગાડીની આગળ

બગી ચાલતી હતી. ૩૬-૩૮. બગીની સાથે શ્રીહરિની બધી સવારી ચાલતી હતી અને તેમાં આગળ પોતે શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા. ચોપદારો જય જયકાર કરતા હતા. આ રીતે પાછા ચાલ્યા ત્યારે અદ્‌ભુત શોભા બની હતી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ સુરતથી બપોરે બે વાગ્યા પછી ગઢપુર તરફ આવવા ચાલ્યા" એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૫

શ્રીહરિ સુરત શહેરથી નીકળ્યા ત્યારે થતી લોકવાર્તા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ચોપદારની આગળ શ્રીહરિના પાર્ષદો ચાલતા હતા, અને તેની આગળ સુરક્ષાની સૈનિક ટુકડી હતી. સહુ બજારમાં ચાલ્યા જતા હતા. નગરજનો શ્રીહરિ ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા હતા. ૨-૩. કેટલાક લોકો કેસર યુક્ત ચંદનની વૃષ્ટિ કરતા હતા. જેવી જેની રુચિ હોય તે પ્રમાણે સહુ શ્રીહરિની પૂજા કરતા હતા. બજારમાં જે લોકો શ્રીહરિનાં દર્શન કરવા ઊભા હતા, તે જેનો જેવો ભાવ હોય તે પ્રમાણે શ્રીહરિનો સત્કાર કરતા હતા. ૪-૫.

તે લોકો પરસ્પર એમ બોલતા હતા કે, આ ભૂમિ ઉપર એટલા બધા મતપંથો છે કે જેનો ગણ્યે પાર આવે તેમ નથી. ૬. તે બધાનાં ગ્રંથો, કીર્તન અને વાણી જે કાંઈ છે, તે બધા અઘટિત રીતે ઉદર અને શિશ્નનું પોષણ કરવા માટે હોય છે. ૭. તેથી જ પ્રાયઃ તે મતમાં સ્ત્રી અને પુરુષ એકાકાર થઈને રહેતા હોય છે અને વ્યભિચાર કરતા હોય છે, પ્રાયઃ મોટા તીર્થધામોમાં પણ સ્ત્રી-પુરુષનો વિભાગ હોતો નથી. ૮. તેથી ત્યાં પણ ઘણી વાર ચોક્કસ વ્યભિચાર થતો હોય છે, અને પુણ્યને બદલે ઉલટાના પાપ કરીને આવતા હોય છે. તેમાં તે તીર્થધામનો તલભાર પણ દોષ હોતો નથી. ૯.

જે જે મતના ગુરુ અને તેના શિષ્ય જે કહેવાતા હોય છે, તેમાં શિષ્યમાં જે કાંઈ પણ દોષ હોય તે અંગે તેના ગુરુ શિષ્યને કાંઈ રોકતા ટોકતા નથી. ૧૦. જે લોકો તીર્થધામમાં જઈને વ્યભિચારાદિ પાપ, જેટલું વધુ કરતા હોય તેટલા તે વધુ દુષ્ટ છે. ૧૧. અને જે તીર્થધામમાં રહીને પણ વ્યભિચાર કરે છે, તે મનુષ્ય કરોડો કલ્પ સુધી ગધેડાના જન્મને પામે છે. કારણ કે, તીર્થમાં કરેલું પાપ વજ્રલેપ થાય છે. છતાં ઘણા ગુરુ તે પાપ શિષ્યને કહેતા-બતાવતા નથી. માટે તે ગુરુ પણ ઠગ છે. ૧૨-૧૩. જેટલા તેવા ઠગ ગુરુઓ છે, તે કોઈ નિયમ રાખતા નથી. ખરેખર તો બ્રહ્મચર્યાદિક કેટલાક નિયમો છે, તે જીવનો ઉદ્ધાર કરનારા કહેવાય છે. ૧૪.

❋ બ્રહ્મચર્ય વિના કોઈ સાધન સિદ્ધ ન થાય :

જે જે કાંઈ બાબતો છે, તેની સિદ્ધિના ઉપકરણ વિના તે કોઈ દિવસ સિદ્ધ થતી નથી. બ્રહ્મચર્યાદિક સાધન જ મોક્ષ સિદ્ધ કરવાનાં ઉપકરણો છે. જેટલા વ્યભિચારી ગુરુ છે, અને તેવા જ વ્યભિચારી અપાર તેના શિષ્યો રહ્યા છે, તે નિયમ વગરના હોવાથી નિર્જીવ છે. ૧૫-૧૬. કપડાં અને આભૂષણ વગરના ગમે તેટલા લોકો ભેગા થયા હોય, તથા કરોડો કરોડ લોકો નાક-કાન વગરના ભેળા થયા હોય, પણ તેમાં તેની મોટપ કેવી લાગે ? તેમ જે નિયમમાં ન રહેતા હોય, તો તેની મોટપ પણ તેના જેવી જ તુચ્છ કહેવાય. નિયમ વગરનાને કરોડો રૂપિયા અને વિવિધ પ્રકારનાં ભોજન જમાડવામાં આવે, પરંતુ તેનું ફળ કેવું છે ? તો, કૂતરાં ગધેડાંને જમાડવા જેવું થાય છે. અને નિયમ વગરનાની શોભા તો ઉપર કહી તેવી બધી હોય છે. ૧૭-૧૯.

ગુરુ કે શિષ્યોમાં જે નિયમથી વિપરીત ચાલતા હોય, તેમના યોગ્ય-અયોગ્ય વર્તનને યથાર્થ સત્સંગ જેને થાય છે તે જાણી જાય છે. બ્રહ્મચર્યાદિક નિયમ જેનામાં મુખ્ય રહ્યા હોય, તથા બ્રહ્મચર્યાદિક નિયમરૂપ વસ્ત્ર અને આભૂષણ જેનામાં જેટલા રહ્યા હોય, તેટલા તેને ખરા અર્થમાં નાક-કાન છે. ૨૦-૨૧. જે ભગવાનમાંથી રામ-કૃષ્ણાદિક અવતારો થાય છે.

✵ ભગવદ્‌મહિમા :

चोपाई :

हरिकृष्ण नारायण हि स्वामी, पुरुषोत्तम रहे बहुनामी;
अक्षरधाम में रही सदाऊ, जिहाँ जेसे कार्य जो रहाऊ...२३
करत रहाये सहज स्वभावा, तिनकु नहीं कठिन हि रहावा;
अपार नाम तेहि एक रहीता, एक नाम अपार हि धरीता...२४

दोहा : जिनकु मिलत जिस रित हि, तिनसे अधिक कोउ;
मानत नहीं कोउ दिन हि, शुभ रीत जानत जोउ...२५
हरि हरि के अवतार सम, अक्षरादिक अपार;
हरि के एक रोम सम हि, होवत न कोउ वार...२६

એવા આ હરિકૃષ્ણ, સ્વામિનારાયણ, સાક્ષાત્ પુરુષોત્તમ બહુનામી પરમાત્મા છે. સદાયે અક્ષરધામમાં રહ્યા થકાં તે શ્રીહરિ જ્યાં જેવું કાર્ય હોય છે, ત્યાં સહજ સ્વભાવે તેવું કાર્ય કરતા રહે છે. તે કાર્ય કરવામાં તેમને કાંઈ કઠિનતા જણાતી નથી. તેમનાં અનેક નામ હોવા છતાં તે સ્વયં એક જ છે. અને પોતે એક હોવા છતાં અનેક નામોને ધારણ કરે છે. ૨૨-૨૪. ભગવાનના ભક્તોમાં જે ભક્ત શુભ રીતને જાણતો હોય છે, તે પોતાને જે સ્વરૂપ મળ્યું હોય, તેનાથી અધિક બીજા કોઈ સ્વરૂપને ક્યારેય માને નહીં. ૨૫. જે અક્ષરાદિક અપાર છે, તે શ્રીહરિના એક રોમને તુલ્ય પણ ક્યારેય થઈ શકતા નથી, માટે તેઓને શ્રીહરિ કે તેમના અવતારને તુલ્ય કહેવાય નહીં. ૨૬.

✵ સત્સંગનો યોગ એટલે ચિંતામણિનો સ્પર્શ :

જે સાચા હરિભક્ત હોય છે તેની પરીક્ષા સમજણથી થાય છે. કેટલાય ભક્તો સત્સંગ તો કરે છે, પણ તેમાં સત્સંગની પૂરી સમજણ હોતી નથી. ૨૭. **સત્સંગ જરૂર ચિંતામણિના જેવો છે. સત્સંગ સિવાયના અને નિયમ વિનાના જેટલા મત છે, તે બધો કુસંગ છે.** ૨૮. સત્સંગ કરે અને સત્સંગની જેટલી વાત હોય તેને શીખે, પછી તે જો કુટીલ-યુક્તિ કરનાર મનુષ્ય હોય, તો સાચા સંત, વર્ણી અને હરિભક્તોને કાચા કહે છે. ૨૯.

જે કુટીલ મતમાં માનનારા હોય છે તેનું વર્તન જ તેની કુટીલતાને કહી દે છે, અને તે કુટીલ મતની જેટલી સમજણ છે તે સત્સંગ સાથે મળતી નથી. ૩૦. કુટીલ મનુષ્યો મળીને જે તેને મોટા માને તેને જ તે સર્વોપરિ કહે છે. સાચા સંતો, વર્ણી અને હરિભક્તો તો સત્સંગનાં ઘરેણાં છે. છતાં કુબુદ્ધિજનો તેને માનતા નથી. ૩૧. **આ સત્સંગ તો મૂર્તિમાન છે, માટે સત્સંગ સાથે ક્યારેય વિરોધ કરવો નહીં.** સત્સંગ સ્વીકાર્યા પછી પણ જે સત્સંગની સાથે મળીને રહેતા નથી, તે ગમે તેવા સંત, વર્ણી તથા હરિભક્ત હોય, અને તે અગમ-નિગમની વાતો કરતા હોય, તોપણ સાચા સંતો, વર્ણી તથા હરિજનરૂપ સત્સંગનો જો વિરોધ કરતા હોય, તો તે સત્સંગમાં કોઢરૂપ છે. ૩૨-૩૪.

એવા સત્સંગનો વિરોધ કરનારા કુટીલ લોકો ધ્યાન કરીને કદાચ ઘણી પ્રસાદી લાવે, તો તેને સાચા સંતો કબૂલ કરતા નથી. અને જે તેને કબૂલ કરે છે તે ખરેખર આ સત્સંગની રીતને સમજતા નથી. ૩૫. સત્સંગની રીત જ સાચી છે. ખોટી રીત તો વાત વાતમાં ઊડી જાય છે. સત્સંગ અને હંસની ગુણ ગ્રહણ કરવારૂપ રીત એકસરખી અને અતિશય શુદ્ધ છે. ૩૬. શ્રીહરિના ધામની બધી રીત સત્સંગમાં રહી છે, તે જ્યારે નવ દસ દિવસ શ્રીહરિ અહીં રહ્યા ત્યારે તે બધું દેખાઈ આવ્યું છે. ૩૭.

સુરતના નગરજનો મનમાં જેવો ભાવ હતો તે રીતે ઉપર કહ્યા પ્રમાણેની વાતો કરતા હતા. ભાવ હોય એટલું જ સારું બોલાય. જેને અભાવ વર્તતો હોય તેનાથી સારું બોલાય નહીં. ૩૮. શ્રીહરિ સુરતમાં સંપ્રદાયનો દિગ્વિજય કરીને લાલ દરવાજેથી શહેર બહાર નીકળ્યા, અને રૂસ્મતબાગમાં આવ્યા. ૩૯. રૂસ્તમબાગથી પૂર્વ તરફ પાસે જ અડીને એક ખેતર હતું, અને તેમાં સાત-આઠ આંબલીઓની એક લાઈન હતી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ સુરત શહેરથી નીકળ્યા ત્યારે થતી લોકવાર્તા કહી" એ નામે પંચાણુમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૬

અરદેશર શેઠે અંતકાળે આવવાની માગણી કરી, ત્યારે શ્રીહરિએ હા કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. તે ખેતરમાં રહેલી આંબલીઓની ઉત્તર-દક્ષિણ લાંબી લાઇન હતી. ત્યાં તેની છાંયામાં આવીને શ્રીહરિ પ્રેમથી બેઠા. શ્રીહરિનું મુખ ઉત્તર દિશા તરફ હતું. અને ત્યાં આવ્યા ત્યારે શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને ગુલાબના ફૂલના હારથી કંઠ અને છાતી ભરી હતી. ગુલાબના ગુચ્છ બે કાન ઉપર હતા, અને ગુલાબના તોરા પાઘમાં લટકતા હતા. ૨-૪. તે વખતે શ્રીહરિ ગાદીતકિયા ઉપર બેઠા હતા. હાથમાં રૂમાલ અને છડી હતી. તે છડીમાં મોતી ગુંથ્યાં હતાં. લાલ, પીળાં, સફેદ અને નીલ રંગનાં મોતી હતાં. જાણે તે છડી સોનાની હોય તેવી દેખાઈ આવતી હતી ! તે વખતે ત્યાં જે જે સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે બધાની સભા થઈ. ૫-૬.

તે સમયે અરદેશર શેઠ પણ ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમને યોગ્ય આસન અપાવ્યું. તેઓ શ્રીહરિની સન્મુખ બે હાથ જોડીને બેઠા હતા. ૭. શહેરથી લઈને જ્યાં શ્રીહરિ બેઠા હતા, ત્યાં સુધી આવનારા લોકોની એકતાર લાઇન થઈ ગયેલી હતી. એક તલ જેટલો પણ વચ્ચે ખાલી ભાગ ન હતો. ૮. જ્યારે દિવસ ચાર ઘડી બાકી રહ્યો, ત્યારે કોસાડ ગામ રહેવાનું નક્કી કર્યું.

❋ અરદેશરજીએ દાદા ખાચરનું ભાગ્ય વખાણ્યું :

તે સમયે અરદેશર શેઠે હાથ જોડીને શ્રીહરિને એમ કહ્યું કે, "મહારાજ ! આપ તો અમારી સાથે પ્રીતિ તોડીને ચાલતા થયા. ૯. **જેને ઘેર જઈને આપ રહો છો, તે દાદા ખાચરના સદ્‌ભાગ્યનું વર્ણન કરોડો કરોડ કલ્પ સુધી કરવામાં આવે, તોપણ તેનો પાર આવે તેમ નથી.** ૧૦. આપનાં માતા-પિતાને પણ આ દાદા ખાચરના જેવું સુખ ક્યારેય મળ્યું નહિ હોય. જેવું મને દેખ્યામાં આવે છે તેવું હું મુખથી બોલું છું. ૧૧. વળી કહે, કાઠીઓના સમાજમાં કોઈ ગમે તેવો મોટો હોય, તોપણ દાદા ખાચર જેવો ભાગ્યશાળી

કોઈ નથી. પ્રહ્લાદ, પ્રિયવ્રત, ધ્રુવ, અંબરીષ, ઉદ્ધવ અને અર્જુન, એ બધા કરતાં પણ આ દાદા ખાચરને તમારો યોગ થયો છે, એટલે અમે તેને અધિક માનીએ છીએ. અને બીજા બધા હરિભક્તો કરતાં પણ તે શ્રેષ્ઠ છે, એમ હું માનું છું. ૧૨-૧૩.

જે દાદા ખાચરના ગામ તથા ગરાસનું રક્ષણ આપ કરો છો. આપે પોતાના બંધુઓને પણ વિસારી દીધા હતા. ૧૪. આપને શુકદેવજી આદિક મુનિઓની રીત દેખીને ત્યાગીનો એવો ફેર ચડી ગયો છે કે, આપે ફરીને સ્વપ્નમાં પણ ક્યારેય ભાઈઓ વગેરેને સંભાર્યા નથી. ૧૫. આપે પોતાનું 'ભક્તાધીન' આવું બિરુદ સાચવી રાખ્યું છે, તેનો ક્યારેય ત્યાગ કરતા નથી, આ તમારો સદા નિયમ રહ્યો છે. ૧૬. જે સાચા ભક્ત હોય, તેને આપ બરાબર જાણતા રહો છો, અને તેવા સાચા ભક્તની આપ સદા સંભાળ રાખો છો. જેમ દંભી તથા કપટી માણસનો ઉપહાસ જરૂર કરાવતા રહો છો, તેમ સાચા ભક્તોની સદા જરૂર સહાય કરતા રહો છો. એમાં તલભાર પણ ખોટું નથી. કેમ જે, જે સાચા ભક્ત છે, એ જ આપના સાચા સંબંધીઓ છે. ૧૭-૧૮. **સાચા ભક્તનું એ લક્ષણ હોય છે કે, 'આપના સિવાય બીજા કોઈને તે અધિક માનતા નથી. આપના સિવાયના બીજા અક્ષરને પણ જો તે આપથી અધિક માને, તો એક મણના વેપારમાં સો મણની ખોટ રહે એવું તેનું પ્રસિદ્ધ અજ્ઞાન છે.** પરંતુ જે નાક-કાન વગરના છે તે આપને જાણી શકતા નથી. ૧૯-૨૦.

જે પોતે નાક-કાન વિનાનો હોય તેવો મનુષ્ય, નાક-કાન વગરનાને નાક-કાનવાળા કરતાં પણ સો ગણો અધિક માને છે. માટે તેના સમાન બીજો કોઈ અપરાધી નથી. આવી રીતે જે વિરુદ્ધ માર્ગે ચાલે છે, તે તો ગોહત્યા અને બ્રહ્મહત્યાના કરનારા કરતાં પણ અધિક પાપી છે. ૨૧-૨૨. જે ધર્મથી વિરુદ્ધ માર્ગે ચાલે છે, તે તો સત્સંગમાં તરત જ દેખાઈ આવે છે. કેમ જે, સત્સંગની વાતમાં એવો ઘણો મોટો ચમત્કાર રહ્યો છે. ૨૩. સત્સંગ સિવાયના અપાર મત છે. તેમાં પ્રાયઃ વ્યભિચાર મુખ્ય હોય છે. જે ઉપરથી વૈષ્ણવ બન્યા હોય, તે જ્યારે સ્ત્રીને દેખે છે ત્યારે તેમાં ખેંચાઈ

જાય છે. કોઈ ગમે તેવું ભક્તપણું દેખાડતો હોય, પણ તે જેટલો સ્ત્રીમાં ખેંચાય છે તેટલો તેને કૂતરાં-ગધેડાં જેવો સમજવો. ૨૪-૨૫.

કોઈ મોટા આચાર્ય, ગુરુ કે મોટા સિદ્ધ હોય તેમની પરીક્ષા લેવા માટેનું મુખ્ય સાધન સ્ત્રી છે. ૨૬. સ્ત્રી અગ્નિ છે અને પુરુષ ઘાસ અથવા સૂકું લાકડું છે. તે જો ભેળા રહે તો કોઈ દિવસ ઊગરી શકે નહીં. ૨૭. મનુષ્ય અને દેવતાઓમાં કોઈ બ્રહ્મા જેવો કહેવાય નહિ, છતાં તે બ્રહ્માને પોતાની પુત્રીમાં તેનું રૂપ જોઈને મોહ થયો હતો. જે શક્તિમાન મોહરૂપ વાયુ મેરુ જેવા બ્રહ્માને પણ ઉડાવી દે છે, તો તેની આગળ બીજા તૂર જેવા જીવોનાં તો શાં લેખાં ? આ સમયે આપે અપાર લોકોનો ઉદ્ધાર કરવા અને વ્યભિચારરૂપ કલંકથી બચવા માટે, સ્ત્રી અને પુરુષની અલગ વ્યવસ્થા કરી છે. ૨૮-૨૯.

❋ સર્વોપરિ વાતને કારણે કહેલી સર્વોપરિતા :

આવી આવી તો આપની અપાર બાબતો છે. તેનો ગણ્યે પાર આવે તેમ નથી. આવી સર્વોપરિ બાબતોને લીધે તો આપ સર્વોપરિ કહેવાઓ છો. ૩૦. સર્વોપરિ કાર્ય કર્યા વિના જ જે લોકો સર્વોપરિ કહેવડાવે છે, તે તો સૂર્યની આગળ મોટો દીવો કર્યા જેવી, તેની સર્વોપરિપણાની મોટપ છે. ૩૧. આ સમયે જેટલા લોકો સાચું દિલ રાખીને સત્સંગ સ્વીકારે છે, તેનું ભાગ્ય સર્વોપરિ કહેવાય છે. કારણ કે, આવો શુભ યોગ વારે વારે આવતો નથી. ૩૨. આટલો સુંદર યોગ આવ્યો છે તેમાં પણ જે સત્સંગ કરતા નથી, તો તે ગમે તેટલું ભણેલો હોય, તોપણ તેના જેવો કોઈ અભાગિયો નથી. ૩૩.

चोपाई :

विप्र भये तब कहा भयेऊ, सत्संग करे विन जो तेऊ;
साधन सब के फल हे याही, मनुष्य देह ताकु हि पाही...३४
सत्संग करना कर हि भावा, चाय तेसि मोटप कु पावा;
सत्संग सम मोटप न कोऊ, ऐसे बडे सत्संग रहे सोऊ...३५

સત્સંગ સ્વીકાર્યા વિના તો કોઈ બ્રાહ્મણના જન્મને પામ્યો હોય તોપણ શું ? કારણ કે, સાધનમાત્રનું ફળ સત્સંગ મળે એ જ છે. મનુષ્યદેહ પામ્યા

પછી શુદ્ધ ભાવે સત્સંગ કરવો એ જ સાચી મોટાઈ છે. કેમ જે, બીજી ગમે તેવી મોટપ મળી હોય, તોપણ સત્સંગના સમાન કોઈ મોટપ નથી; એવો આ સત્સંગ મહત્ત્વપૂર્ણ છે. ૩૪-૩૫.

જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નહિ સ્વીકારે, ત્યાં સુધી વારંવાર તે સંસારમાં ભટકશે. ગમે ત્યારે પણ સત્સંગનો યોગ કરવાથી જ આ જીવને સંસારના ભટકણનો નાશ થશે, અને તે સત્સંગ કર્યા વિના આ જીવ સંસારમાં કરોડો કલ્પ સુધી જન્મ ધારણ કરતો રહેશે. ૩૬-૩૭. મહારાજ ! અમને હવે પછી ફરીને આવો યોગ નહિ મળે, તો જ્યારે અમારો અંતસમય થાય ત્યારે આપ જરૂર પધારજો. ૩૮. મહારાજ ! આપ આવીને આવાં ને આવાં દર્શન આપજો. હું અત્યારે આપની હજૂરમાં હાથ જોડીને તેટલું જ માગું છું." ૩૯. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, **"હરિભક્તનો ભાવ દેખીને અમે આવાં ને આવાં તેને અંતકાળે દર્શન દેવા આવીએ છીએ."** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "અરદેશર શેઠે અંતકાળે આવવાની માગણી કરી, ત્યારે શ્રીહરિએ હા કહી" એ નામે છન્નુમો તરંગ સમાપ્ત ॥૯૬॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૭

શ્રીહરિએ અરદેશરને પાઘ આપી, કોસાડ જઈને રાત રહ્યા અને સુરતના સત્સંગની વાત કહી

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. પછી શ્રીહરિ ત્યાંથી ચાલવા માટે ઊભા થયા, ત્યારે અરદેશર શેઠને ઘણા ભાવથી ભેટ્યા. અને ગુલાબના તોરાએ યુક્ત જે પાઘ પોતાના મસ્તક ઉપર હતી, તે ઉતારીને શેઠના મસ્તક ઉપર મૂકી. તેનાથી શેઠ ખૂબ ખુશી થયા અને ગદ્ગદ કંઠ થઈ ગયા. પછી તેમને શાંતિ આપવા માટે શ્રીહરિ બોલ્યા કે, "હવે તમે અહીંયાં રહો. ૨-૪. તમે મોટા માણસ હોવા

છતાં પણ અમારી બહુ સેવા કરી છે. સંતો, વર્ણી અને બધા હરિભક્તો, તમારા સેવાભાવથી અપાર પ્રસન્ન થયા છે. તમે પોતાનો ઉદ્ધાર કરી લીધો છે. મનુષ્યે કરી કરીને તેટલું જ કરવાનું છે કે, 'આવા પવિત્ર સંતો રાજી થાય.' ૫-૬. તમે તે બધું કરી લીધું છે. અને આવા સારા મોક્ષદાયક સંતોને ઓળખી લીધા છે. મુનિબાવાના યોગથી તમારું ચિત્ત સત્સંગમાં ચોંટ્યું છે. ૭. આ બધા હરિભક્તોને તમે મદદ કરજો, તો તમને ક્યારેય કોઈ સંકટ આવશે નહીં. અમે તમને ઘણા વિચક્ષણ દેખ્યા છે, તેથી હરિભક્તોને મદદ કરવારૂપ નિયમ અમે તમને આપીએ છીએ. ૮.

કોઈ દેશ-કાળને લીધે જ્યારે ગુરુનું ધાર્યું ન થાય, ત્યારે જેવું ગુરુના ચિત્તમાં વર્તતું હોય તેવું તે શિષ્યનું કર્યા સિવાય રહેતા નથી. ૯. અમારી કહેલી વાત ઉપર જે સતત ધ્યાન રાખે છે, તે ભક્ત જ્યારે ગુરુનું ચિત્ત ફરે ત્યારે તેની વાત ઉપરથી જાણી લે છે. ૧૦. ગુરુ હોવા છતાં પણ જે જેટલું પોતાનું ધાર્યું કરે છે, તેને જ્યારે પોતાનું ધાર્યું ન થાય ત્યારે તેનું ચિત્ત ફર્યા વિના રહેતું નથી. ૧૧. તેનું ચિત્ત જેમ ફરે છે તેમ તે બોલતા રહે છે. તે તેમની વાતમાં દેખાઈ આવે છે. કેમ જે, જ્યારે ચિત્ત ફરે ત્યારે ગુરુ પહેલાં જેના અપાર ગુણ કહેતા હોય, તેના અપાર દોષ કહેવા લાગે છે. ૧૨. **પોતામાં ગુણ જ જુવે એવા લોકો તો અપાર હોય છે. તે રીતે જ બીજામાં દોષ જ દેખનારા પણ પાર વગરના લોકો હોય છે.** ૧૩.

❋ જે પોતાના દોષ જાણે, તેની સમજણ સહુ વખાણે :

दोहा : आपमें देखत दोष हि, दुजे में गुण हि जेहु;
सदाकाल देखत रहे, ऐसे दुल्लभ तेहु...१४

सोरठा : आप के दोष जेहि, देखावत हि बात महीं;
दुजे हरिजन हि तेहि, गुण कहत अपार रहेउ...१५
ऐसे संत हि जेउ, ऐसे वर्णि हरिजन जेहि;
बात ग्रहण हि तेउ, रहाये निज हित हि करन...१६

જે પોતામાં જ દોષ જૂએ અને બીજામાં કાયમને માટે ગુણને જ જૂએ, તેવા લોકો સદાકાળને માટે દુર્લભ છે. જે વાત વાતમાં પોતાના જ દોષ

બતાવે, અને બીજા હરિભક્તના અપાર ગુણોને જ કહે; એવા જે સંત અને એવા વર્ણી અને હરિભક્ત હોય, તેની જ વાત ગ્રહણ કરવી-માનવી. કેમ જે, એ વાત જ પોતાનું હિત કરનારી રહી છે." ૧૪-૧૬.

આટલી વાત શેઠને કહીને શ્રીહરિએ 'જય સચ્ચિદાનંદ' કહ્યું, અને તરત અશ્વ ઉપર બેઠા. બધા હરિભક્તોને ત્યાં જ રાખ્યા. શહેરના જે હરિભક્તો હતા તે બધા ત્યાં જ રોકાયા. પછી જ્યાં તાપી નદી પગે ચાલીને ઉતરાતી હતી, ત્યાં શ્રીહરિ અને સંતો આવ્યા. ૧૭-૧૮. તે વખતે ચઢી સવારીએ બધા તાપી નદીને ઊતર્યા. શ્રીહરિની સાથે સંતો, વર્ણી અને જે હરિભક્તો હતા, તે બધા પણ તાપી નદીને તરીને ઊતરી ગયા. જેટલા સંતો અને વર્ણી હતા, તે બધાએ તાપી નદીમાં સ્નાન કર્યું. પછી સહુ **કોસાડ** ગામ આવ્યા. ૧૯-૨૦.

ગામની સમીપે દક્ષિણ તરફ જેટલી ગાડીઓ હતી તે છોડાવી, અને સવારીના બધા ઘોડાને બંધાવ્યા. ત્યાં શ્રીહરિને માટે એક પલંગ બિછાવી દીધો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. સંતો, વર્ણી તથા હરિભક્તો ત્યાં આવ્યા, અને બધાની સભા થઈ. ૨૧-૨૨. તે સમયે સુરતના હરિભક્ત વાળંદ ગોવિંદભાઈ, પીતાંબરભાઈ, ઉમેદભાઈ, ઉજમશીભાઈ તથા પુરુષોત્તમભાઈ આદિક ત્યાં આવ્યા હતા. તેમણે બે મશાલો પ્રગટાવી. ૨૩. સંતોએ આરતી તથા ધૂન કર્યાં. તે કરી રહ્યા ત્યારે સહુ ત્યાં બેસી ગયા. ત્યારે પુરુષોત્તમભાઈ કડીયાએ નાના સિગરામ જેવી એક ગાડી બે બળદની સાથે શ્રીહરિને અર્પણ કરી. શ્રીહરિને તે ગાડીમાં બેસાડવાનો તેમણે સંકલ્પ કર્યો હતો. ૨૪-૨૫.

ત્યારે તેમણે બ્રાહ્મણની પાસે રસોઈમાં કંસાર અને દાળ-ભાત કરાવ્યાં હતાં. તે રસોઈ જ્યારે તૈયાર થઈ રહી, તે સમયે જ નંદરામજી અને ગોપાળજીએ શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરી હતી. તે કૃપાળુ શ્રીહરિ ત્યાં જઈને જમ્યા. ૨૬-૨૭. શ્રીહરિ જમી રહ્યા પછી બધા સંતોને જમાડ્યા, અને વર્ણીઓએ જે રસોઈ બનાવી હતી તે બધા વર્ણી જમ્યા. ૨૮. સુરતના મોટા મોટા જે હરિભક્તો કહેવાતા હતા, તે શ્રીહરિની સાથે કોસાડ સુધી આવ્યા હતા. તે બધાને પણ શ્રીહરિએ સંભારીને જમાડ્યા. ૨૯.

જમ્યા પછી જ્યારે સભા થઈ, ત્યારે તે સભામાં શ્રીહરિ મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી અને નિત્યાનંદ સ્વામી પ્રત્યે બોલ્યા કે, "સુરતના આ બધા હરિભક્તો સં.૧૮૬૬ના વરસથી વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણો લઈને જે જે સમૈયા કરીએ છીએ ત્યાં આવે છે, અને તેમણે વસ્ત્ર-અલંકાર અમને પહેરાવી અપાર લાભ લીધો છે. અને વારંવાર થાળ કરાવીને પણ લાભ લીધો છે, તેની ચોક્કસ ગણતી કોણ કરી શકે ? ૩૦-૩૨. આ હરિભક્તો દર વર્ષે અમને સુરત બોલાવવા માટે પત્ર લખતા હતા, પણ અમને દેખીને અધર્મી લોકો ઉપાધિ કરવા ચાહતા હતા. ૩૩. અમે હરિભક્તોનાં જેટલાં કાંઈ પાપ હોય તે બધાં જ છોડાવીએ છીએ. પછી તેના તે પાપો જેને સત્ય ધર્મ ઉપર દ્વેષ વર્તતો હોય, તેવા લોકોમાં જઈને વાસ કરીને રહે છે. ૩૪. તે પાપ યુક્ત હોવાથી તે દ્વેષીઓ અમને દેખીને તેનાથી ચાલે તેવી ઉપાધિ કરતા હતા. જ્યાં દ્વેષીઓનું ચાલતું કે ઊપજતું ન હોય, ત્યાં તે લોકો છુપાઈને રહેતા. ૩૫. જ્યાં દ્વેષી લોકોનું કાંઈ ઊપજે નહિ એવા ઉપાધિ વિનાના સ્થળ જોઈને અમે ત્યાં જઈએ છીએ, અને દ્વેષીઓનું કાંઈ જોર ચાલે નહિ એવું જે સ્થળ હોય, ત્યાં તેને કારણે જ સત્સંગ જામતો ગયો છે. ૩૬.

અમારા બંને બંધુઓ વગેરે અયોધ્યાવાસીઓ આવ્યા, અને પછી ભગવાન નારાયણ જેમ પ્રેરણા કરે છે તે રીતે બધું થતું રહે છે. ૩૭. અમારા જે ભાઈઓ હતા તેનો અમે જ્યારથી ત્યાગ કર્યો હતો, ત્યાર પછી રામાનંદ સ્વામીએ એકવાર તેમને સંભાર્યા હતા. જેટલા ધર્મના દ્વેષીઓ છે તે ખરેખર અમારા સંબંધીને કોઈ જાણતું ન હતું. ૩૮-૩૯. અમારા બંધુઓ આવ્યા તેનાથી સમુદ્ર પર્યંત વાત પ્રસરી ગઈ, છાની રહી નહીં. સહુએ જાણ્યું કે, આ સ્વામિનારાયણ વિપ્ર છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ અરદેશરને પાઘ આપી, કોસાડ જઈને રાત રહ્યા અને સુરતના સત્સંગની વાત કહી" એ નામે સત્તાણુંમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૮

શ્રીહરિએ કોસાડમાં સાંજે સત્સંગના આશ્રિતોનું ઘણું સદ્‌ભાગ્ય કહ્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ કોસાડમાં સંતોના પ્રત્યે જે વાત કહી હતી, તે હું કહું છું. કેમ જે, તે વાત બધા લોકોને માટે યુગ યુગ સુધી સુખ કરનારી છે. ૨. શ્રીહરિની કહેલી વાતને અપાર લોકો ઘણા ભાવથી સાંભળતા હતા. પરંતુ જે કોઈ આવી વાતનો પણ ત્યાગ કરે છે, ત્યારે તે કાકચાતુરી(ખળતાઈ) કરી કહેવાય છે. ૩. પ્રગટ શ્રીહરિ મળ્યા છે, પ્રગટ શ્રીહરિના ભક્તો મળ્યા છે અને શુકદેવજી, સનકાદિકો અને નારદજીના જેવા સંતો મળ્યા છે, તે તો જેમ ગોપીઓ, ગોવાળો અને ઉદ્ધવજી પ્રગટ મળ્યા હોય તથા દત્તાત્રેય, કપિલદેવ, જેમ પ્રગટ મળ્યા હોય એવાં જ મોટાં ભાગ્ય અને સુખ કહેવાય. માટે તે પૂર્વના ભક્તો જેવા જ આ પ્રગટ ભગવાન અને સર્વે સંતો-ભક્તો છે. આ ગ્રંથમાં જે જે વાતો છે તે સર્વે પણ તેના જેવી પ્રગટ પરક છે. ૪-૫.

આ ગ્રંથની વાતો કેવી છે ? તો, **ભગવાનનાં જેટલાં ધામ છે અને તે ધામમાં ભગવાનના જે પ્રેમી ભક્તો-મુક્તો રહ્યા છે, તેની વાતનું જેવું સુખ આવે છે તેવી જ આ વાતો સુખદાયક રહી છે. આવું સુખ કોને આવે ? તો, જેને ભાવ હોય તેને આ વાતમાં સુખ આવે છે.** કારણ કે, ભાવ વગરનું દિલ તો સાવ લુખું હોય છે. જે લોકો મરતા સુધી પોતાની જ સમજણને સર્વોપરિ માને છે, તેને આ વાતમાં જેવો સ્વાદ રહ્યો છે તેવો લેશમાત્ર પણ આવતો નથી.

✽ ખપ વિના નિયમ તથા સત્સંગ રહે નહીં :

શ્રીહરિએ સંતોને કહ્યું કે, "જેમ ભગવાન નારાયણને ગમે છે તે રીતે સત્સંગની પ્રથાનાં મૂળ જામતાં જાય છે. **અત્યારે જે સત્સંગનાં મૂળ જામ્યાં છે તેવાં તે પહેલાં વીતી ગયેલા કરોડો કલ્પમાં પણ ક્યારેય જામ્યા**

નથી. ૬-૯. નારાયણની ઈચ્છા વિના આવી રીતનાં સત્સંગનાં મૂળ જામે નહીં. જેટલા પાખંડી મત છે તે બધાનું મૂળ તો પ્રાયઃ અધર્મ છે. તે અધર્મ તો સંસારમાં ભટકાવનારો ઊંડો કૂવો છે. તે બધું સહેજે દેખાઈ આવે એવો અત્યારે આ સત્સંગ રહ્યો છે. ૧૦-૧૧.

चोपाई :

भगवान के खप रहे जाही, न रहे नियम कर जोउ ताही;
जेसे कुलछन रहेउ जामें, जेसे सुलछन रहेउ तामें...१२

दोहा : सत्संग कर देखात रहे, ऐसे रहे सत्संग;
कोउ ब्रह्मांड तिनमें, ऐसे रहे न रंग...१३
सत्संग की प्रथा सम हि, प्रथा न कोउ रहेउ;
सत्संग विन प्रथा जितनि, निरजीव रहे तेउ...१४

ભગવાનનો ખપ છે કે નથી ? તે નિયમે કરીને જણાઈ આવે છે. મનુષ્યમાં જેવાં કુલક્ષણ કે જેવાં સુલક્ષણ હોય, તે બધું આ સત્સંગ કરવાથી દેખાય છે; એવા આ નિયમો અને સત્સંગ છે. અત્યારે કોઈ બ્રહ્માંડમાં આવો સત્સંગનો રંગ નથી. ૧૨-૧૩. સત્સંગની જેવી પ્રથા છે તેના જેવી બીજે ક્યાંય પ્રથા નથી. સત્સંગ સિવાયની બીજી જેટલી પ્રથાઓ છે તે તો નિર્જીવ રહી છે. ૧૪. આ અમે કહેલી રીતને જે સારી રીતે સમજે છે તે જ પૂરેપૂરો મનુષ્ય કહેવાય છે, અને તે જ શ્રેષ્ઠ પંડિત, સંપૂર્ણ ગુરુ, સાચા સંત અને સંપૂર્ણ આચાર્ય કહેવાય છે. એવી સમજણ જેમાં હોય તે જ સત્ય ગ્રંથ, સત્ય વાર્તા અને સાચાં કીર્તન છે. કેમ જે, સત્સંગ જેવું સત્ય તેમાં રહ્યું છે. ૧૫-૧૬.

બીજી ગમે તેવી વાત હોય, તોપણ તે સત્સંગ સાથે ક્યારેય મળતી આવતી નથી. વળી, એવા કેટલાય લોકો હોય છે કે, જે ધ્યાન-ધારણા કરે અને અમારી મૂર્તિ દેખાય છે એમ કહે, પણ તે બધું લોકોને ઠગવા માટેનું હોય છે. કેમ જે, તે લોકો સત્સંગમાં મળતા કે ભળતા નથી. જેટલી વાત સત્સંગની સાથે મળતી આવે તે વાત જ સત્ય હોય છે. ૧૭-૧૮. તે સત્ય વાત સહુ ભક્તો જાણે તે માટે જ અમે વરસમાં બે સમૈયા કરવાનું ઠરાવ્યું

છે. તેનો એટલો જ હેતુ છે કે, મનુષ્ય પોતાના સ્વભાવ પ્રમાણે કોઈ સત્સંગની પ્રથાથી વિરુદ્ધ કાંઈ ચલાવતા હોય, તો તે સમૈયામાં આવે ત્યારે દેખાઈ આવે અને જે ભક્ત સત્સંગની પ્રથાને જાણતા હોય તે આવીને વાત પણ કહે. ૧૯-૨૦.

જેટલા સંતો-વર્ણીઓ કહેવાય છે તથા દેશદેશના હરિભક્તો અને જેટલા ધર્મવંશીઓ કહેવાય છે, તે બધા કોઈ ધર્મની રીતને લોપે નહીં. ૨૧. આ રીતે રહે તેને જ સત્સંગની પૂરી સભા કહેવાય છે. જે ખૂણે બેસીને સભા કરી જ્ઞાનની છાની વાતો કરતા હોય, તે તો ઉત્પાત કરે છે. તેવી વાતો કરનારા ગમે તેટલા ધર્મને પાળતા હોય, પણ છાની વાતો કરવી તે સત્સંગમાં કુસંગ કહેવાય છે. કેમ જે, તે છાની વાત કરનારાઓ છેવટે વિમુખમાં ખપ્યા છે.

સત્સંગની મોટી સભા જેની વાતને પ્રમાણ કરે, એટલા જ સંતો અને વર્ણી સાચા છે. પોતાના મનમાં પોતાને ગમે તેટલા અધિક માનતા હોય, છતાં જેને સત્સંગસભા પ્રમાણરૂપ ન સ્વીકારે તેટલા તે કાચા છે. ૨૨-૨૪. બધા લોકો પોતાને તો પોતાના મનમાં ખરેખર રાજાના પણ રાજા માને છે, પણ તેને બીજા જે સાચા હોય તે કોઈ તેમ માને નહીં. ૨૫. જે પોતાનાં ઈન્દ્રિયો અને અંતઃકરણ જેમ દોરે તેમ દોરાતા હોય, તે જીવો જેવા આ રાજાઓ હોય છે. ૨૬.

※ દાસપણું એ જ સાચી મોટાઈ છે :

सोरठा : भगवान विन जेते, चाय तेसे समर्थ रहेउ;
अक्षर लग हि तेते, भगवान के आधिन यह...२७
वरतत सदा रहाय, अक्षर में मोटप तिनकर;
देखावत हे ताय, अक्षर जेसे कोटि कोटि...२८

चोपाई :

भगवान के एक रोम ताके, होत नहीं कोटिक लग वाके;
भगवान के दास के दासा, कोटि कल्प वरतत जो जासा...२९

भगवान अक्षर मानत जबही, अक्षर कहावत रहे तबही;
लोक के कहे अक्षर जेहा, मानत रहे चाय जो तेहा...३०

ભગવાન સિવાય કોઈ ગમે તેવો સમર્થ કહેવાતો હોય તોપણ શું ? કેમ જે, હંમેશાં અક્ષર સુધી બધા જ ભગવાનને આધીન વર્તે છે. અક્ષરની મોટપ પણ ભગવાનને લીધે જ દેખાય છે. અક્ષર જેવા કરોડો કરોડ હોય, તોપણ તે ભગવાનના એક રોમને તુલ્ય થતા નથી. અને તે કરોડો અક્ષર જેવા સમર્થ હોય, તે પણ કરોડો કલ્પ સુધી જ્યારે ભગવાનના દાસના પણ દાસ થઈને રહે, ત્યારે તેને ભગવાન 'આ અક્ષર છે' એમ માન્યતા આપે છે, અને ત્યારે જ તે અક્ષર કહેવાય છે. લોકોના કહેવા પ્રમાણે કોઈ ગમે તેને અક્ષર માને, પણ તે તો ભવાયાના વેશ જેવું છે. જેમ કોઈ રામચંદ્રજી તથા સીતાનો વેશ લે છે, તેવા તે બધા છે. જેને સત્સંગની પ્રથાની કાંઈ ગમ નથી તેવા તોફાની લોકો તો નીચમાં પણ નીચ છે. ૨૭-૩૧. તે લોકો મનમાં ફાવે તેને ભગવાન કરતાં પણ અધિક માને છે. તેવા અપરાધી લોકો સત્સંગની કેટલીક વાતો શીખીને પછી આવો બધો ઉત્પાત કરતા રહે છે. ૩૨.

જે સાચા હરિભક્ત છે, તે આવા તોફાનમાં ભળતા નથી. આગળ જતા મારી શી ગતિ થશે ? તે બાબતને તોફાની લોકો માનતા નથી. ૩૩. તેવા તોફાનીને સત્સંગ રહેતો નથી. મર્યા પછી તો તે જમપુરીમાં જાય છે. તેવા તોફાનીઓ માટે જ ભગવાને જમપુરીનું બધું દુઃખ રચ્યું છે. ૩૪. જે જેટલા અસત્ય માર્ગે ચાલે છે તે બધાને યમરાજા દેખે છે. વળી, ચૌદ કરોડ જેટલા યમદૂતો છે, તે બધા પણ ખોટા માણસને ઓળખે છે. ૩૫. ખળ પોતાના મનમાં માને છે કે, 'મને કોઈ જાણતું-દેખતું નથી, અને જમપુરી તો ખોટી ઊપજાવી છે.' ઠીક છે ! આ લોકમાં ગમે તેવું બોલે, પણ તેનું જમપુરીમાં લેશમાત્ર પણ ઊપજતું નથી. ૩૬.

જિંદગી થોડી છે, તેમાં પોતાના મોક્ષરૂપી સ્વાર્થનો અમૂલ્ય અવસર આવ્યો છે, પણ તેને તે તોફાની બગાડી રહ્યા છે. ૩૭. **'વારે વારે આવો મનુષ્યદેહ કોઈને મળતો નથી', આવી જેની સમજણ છે તેને માટે આ**

સત્સંગ ચોક્કસ કલ્યાણકારી છે. સત્સંગ જ જીવનું હિત કરનારો છે. સત્સંગ સિવાયનું બીજું જે કાંઈ પણ છે, તે કોઈ સત્સંગ સમાન કહેવાતું નથી." ૩૮-૩૯. આટલી વાત કરીને શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા. સવારે ઊઠ્યા ત્યારે સહુ સંતોને કહ્યું કે, "હવે આપણે ચાલીએ." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ કોસાડમાં સાંજે સત્સંગના આશ્રિતોનું ઘણું સદ્ભાગ્ય કહ્યું" એ નામે અઠ્ઠાણુંમો તરંગ સમાપ્ત ॥૯૮॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૯૯

શ્રીહરિએ નિષ્કપટતાની મહત્તા કહી, તથા કોસાડથી નીકળી ચોકી આવ્યા અને ત્યાં સ્નાનાદિક કર્યું

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રોની જે વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. સુરતના હરિભક્તો કોસાડ સુધી આવ્યા હતા. તે સહુને શ્રીહરિએ કહ્યું, "હવે અમે ચાલીએ છીએ. તમે બધા સારા હરિભક્ત છો, તોપણ તમારાથી કોઈ અધર્મીઓ દબાત નહીં. અરદેશર શેઠને લીધે સુરત આવવાનું સુગમ થયું, તેથી તમે હરિભક્તો પણ સાથે સાથે તરી ગયા. ૨-૩. જેમ ચોરને ચંદ્રમા ન ગમે, તેમ જેટલા અધર્મીઓ છે તેમને કરોડો કલ્પે પણ સત્સંગ ગમતો નથી. ૪. જેને જ્યાં સુધી સત્સંગ ને કુસંગ એકસરખા દેખાય છે, તે તો હંસ અને બગલા એકસરખા દેખાય તેના જેવો જાણવો. સત્સંગ અને કુસંગ બંનેને સરખા દેખતા હોય, તો તેમાં અને કુસંગીમાં શું ફરક રહ્યો ? આવી વાત તો અનંત છે.

જેમ મુખમાં અને મળદ્વારમાં ફરક છે, તેમ સત્સંગ અને કુસંગમાં ફરક રહ્યો છે. તે વર્તન ઉપરથી સહજ ભાવે દેખાઈ આવે છે. સહુ લોકો મળદ્વારને કપડાથી ઢાંકી રાખે છે, તેમાં જ તેની શોભા છે. ૫-૭. મળદ્વારને

ઢાંકો કે ન ઢાંકો તેમાં તેને લેશમાત્ર પણ ગુણ નથી, છતાં જે વિવેકી હોય છે તે તેને ઢાંક્યા વિના ચાલતા નથી. ૮. મળદ્વારને ધોયા વગર ચાલતું નથી અને ધોવો તોપણ તેમાંથી દુર્ગંધ તો છૂટે જ છે, તેમ જે સત્સંગ અને કુસંગ બંનેને જ્યાં સુધી સમાન સમજે છે, ત્યાં સુધી તેને જે રીતનો સત્સંગ છે તે રીતનો ચોક્કસ સમજાયો નથી. કુસંગી તો અમે કહ્યા એવા છે. પરંતુ સાચા અર્થમાં સત્સંગ કર્યા સિવાય તે કુસંગી જેવા છે તેવા ક્યારેય ઓળખાતા નથી. આવી મોક્ષની વાતો તો બ્રહ્માંડ ભરાય તેટલી છે. ૯-૧૦. પરંતુ જ્યાં સુધી જે કુસંગમાં અપાર સાર માનતા રહે છે, ત્યાં સુધી તેનું જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ કુસંગ કરવાથી છૂટતું નથી, સત્સંગ કરવાથી છૂટી જાય છે. દુઃખનું દ્વાર કુસંગ છે અને સુખનું દ્વાર સત્સંગ છે. ૧૧-૧૨.

❋ નિષ્કપટ થાય તો જ સાચું સુખ પમાય :

दोहा : एसे समझत रहे जब हि, निष्कपट जेहि होइ;
कोटि कल्प के पाप तब, छुटत रहाये सोइ...१३
निष्कपट रहे तिनकु जो, सत्संगहु के जेह;
सुख जेसे आवत रहे, ऐसे सुख न केह...१४
सोरठा : कपटि रहाये जेहि, आपहि जेसे सत्संग;
देखत रहेउ तेहि, सो वर्ष सत्संग करत...१५
सत्संगहु के सूख, कपटि कु न आवत रहे;
अंतर वरतत दुःख, कपट जेता रखत हि यह...१६

આવી રીતે જ્યારે જે નિષ્કપટ થઈને સમજે છે ત્યારે તેના કરોડો કલ્પનાં જે પાપ હોય છે તે છૂટી જાય છે. ૧૩. જે નિષ્કપટ રહે છે, તેને સત્સંગનું જેવું સુખ આવે છે તેવું તો બીજું કોઈ સુખ નથી. ૧૪. જે કપટી હોય છે તે સત્સંગને પણ પોતાના જેવો જ દેખે છે. તે કપટી સો વર્ષ સુધી સત્સંગ કરે, તોપણ સત્સંગનું સુખ કપટીને ક્યારેય આવતું નથી. અને તે જેટલું કપટ રાખે છે તેટલું તેના અંતરમાં દુઃખ જ રહે છે. ૧૫-૧૬. અહીંયાં કપટ રાખીને મનમાં ફાવે તે રીતે સહુને સમજાવતા

હોય, પરંતુ જે લોકો જેવી રીતે સમજે છે તે રીતે જ તેને ફળ મળે છે. ૧૭. સત્સંગમાં જ આવી નિષ્કપટ વાતો થાય છે. તે સિવાય તો કોઈ આવી વાતો કરતા નથી.

કપટી માણસને ક્યારેય સત્સંગ રહેતો નથી. કેમ જે, તે સાચા માણસને દબાવતો રહે છે. જે પાકો કપટી હોય છે તે સાચા કરતાં સો ગણો વધારે ત્યાગ અને વૈરાગ્ય દેખાડતો હોય છે. અને સાચા કરતાં પણ સરસ રીતે ધ્યાન અને ધારણા લોકોને દેખાડવા માટે કરતો રહે છે, અને સાચાને ખરાબ દેખાડે છે. તેથી ભોળા લોકો કપટીને સારા કરતાં પણ અધિક દેખે છે. ૧૮-૨૦. કેમ જે, મનુષ્યનો સ્વભાવ તો ચોંટવાનો હોય છે. પરંતુ એવા સામાન્ય માણસને પેલા કપટી જેટલું કપટ હોતું નથી. તેથી જ્યારે તે હરિભક્તનું મરણ થાય છે ત્યારે તેનું અંતર નિષ્કપટ હોવાથી, તે ભક્તને અંતસમયે અમારી જેવી મૂર્તિ છે તેવી તરત નજર આગળ દેખાય છે, અને સંતો તથા હરિભક્તો પણ દેખાય છે. તે તેના અંતરના નિષ્કપટ ભાવે કરીને જણાઈ આવે છે. ૨૧-૨૨. **જે હરિભક્તના અંતરમાં નિષ્કપટ ભાવ રહ્યો હોય તેમાં અમે દેખાઈએ છીએ, અને સંતો, વર્ણી તથા હરિભક્તો પણ જેવા છે તેવા દેખાય છે.** ૨૩.

કપટી માણસને અંતકાળે અંગે અંગમાં અગ્નિ જેવી બળતરા થતી હોય તોપણ તે એવું કહે છે કે, 'જેના ઉપર ભગવાનની કૃપા હોય તેની ધીરજ જોવાને માટે ભગવાન પહેલા તેને દુઃખ મોકલે છે. જે કાચો હરિભક્ત હોય તેને પ્રભુ જરૂર દુઃખ દેતા નથી. ૨૪-૨૫. જેના ઉપર ભગવાનને હેત હોય તેવા પાકા ભક્તને જ ભગવાન કસીને શુદ્ધ કરે છે. હેત વિના ભગવાન કોઈની શુદ્ધિ કરતા નથી', એમ કપટી બોલે છે. ૨૬. જે નિષ્કપટ હરિભક્ત છે તે એમ કહે છે, 'જીવમાં અપાર દોષ ભરાયેલા છે. તેથી ભગવાન તે દોષને ધૂએ છે. જેટલા દોષો ધોવાઈ જાય છે એટલું હિત થાય છે. જે હિંસક માણસ હોય છે તે તેના પાપને લીધે કેટલીયે વાર જન્મ ધારણ કરે છે. ભગવાન તો જે રીતે તેને ફરીવાર જન્મ ન થાય તે રીતે તે જીવને શુદ્ધ કરતા રહે છે.' ૨૭-૨૮.

चोपाई :

निष्कपट हरिजन रहे जेते, सत्संग यह ता महीं तेते;
ताके ऐसे बचन रहाये, हरि संत हरिजन कि ताये...२९
तन में दुःख होत रहे जबही, प्रारथना करत रहे तबही;
हरि संत वर्णि रहाये जेता, निष्कपट हरिजन रहे तेता...३०
हरिजन कु दुःख होवत जबहू, सहन नहीं करत रहे तबहू;
सहाय करत हे आय जरूरा, यामें नहीं तिल भर हि कूरा...३१
कपटि कि नहि करत हि सहाया, यामें नहीं मिथ्या रहाया;
कपट तजि के सत्संग करना, फेर जन्म न होवे धरना...३२

આ સત્સંગમાં જે નિષ્કપટ હરિભક્ત હોય છે, તેના એવાં વચનો રહ્યાં છે. એવા ભક્તને જ્યારે શરીરમાં દુઃખ આવી પડે છે, ત્યારે તેના વતી સંતો અને હરિભક્તો શ્રીહરિને પ્રાર્થના કરતા હોય છે. શ્રીહરિ, સંતો, બ્રહ્મચારીઓ અને નિષ્કપટ હરિભક્તો છે, તે જ્યારે બીજા હરિભક્તને દુઃખ થાય અને તે તેને સહન ન કરી શકે, ત્યારે તેઓ આવીને તે ભક્તની જરૂર સહાય કરે છે. તેમાં એક તલભાર પણ ખોટું નથી. ૨૯-૩૧. જે કપટી હોય છે તેની કોઈ સહાય કરતું નથી. તેમાં કાંઈ મિથ્યા નથી. માટે કપટ છોડી દઈને સત્સંગ કરે, તો ફરીવાર જન્મ લેવો પડતો નથી. ૩૨. કપટી મનુષ્ય જ્યાં સુધી કપટ રાખે છે, ત્યાં સુધી તે જન્મ ધરતો રહે છે. સત્સંગની આવી રીત છે તે વાતને ચોક્કસ જાણવી જોઈએ." ૩૩.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે અરુણોદય થયો. પછી જે સિગરામ જેવી ગાડી હતી તેમાં કૃપા કરીને શ્રીહરિ બેઠા. ત્યારે શ્રીહરિએ પરમાનંદ સ્વામીના મંડળને સુરતમાં રાખ્યું. અને મુક્તાનંદ સ્વામીને બોલાવીને સિગરામ ગાડીમાં બેસાડ્યા. અને તે ગાડીને હાંકવા માટે શ્રીહરિ પોતે બેઠા. જ્યારે આધારાનંદ સ્વામી શ્રીહરિને પગે લાગ્યા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, "ભગવાન વાસુદેવની બે પટમૂર્તિ કરવાનું અમે કહ્યું છે, તેને તમે જાણો છો. ૩૪-૩૭. બેમાંથી જે મૂર્તિ પહેલા થાય તેને લઈને તમારે ગઢડા આવવું. અમે ગઢડા જઈએ છીએ. હવે તમે પાછા ફરો." ૩૮. તે

સમયે બધા સંતો અને હરિભક્તો શ્રીહરિને પગે લાગ્યા. પછી શ્રીહરિએ પોતે ગાડીને એકદમ જલદીથી ચલાવી. ૩૯. જ્યારે દિવસ દોઢ પહોર ચઢ્યો, ત્યારે **ચોકી** ગામ આગળ કીમ નદીમાં સ્નાન કરીને પૂજા કરી. પછી સહુએ ટીમણ કર્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિએ નિષ્કપટતાની મહત્તા કહી, તથા કોસાડથી નીકળી ચોકી આવ્યા અને ત્યાં સ્નાનાદિક કર્યું" એ નામે નવ્વાણુમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૦૦

શ્રીહરિ અંકલેશ્વરથી ચાલ્યા તે નર્મદા ઊતરીને ભરૂચ આવ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે સહુ ટીમણ કરી રહ્યા, ત્યારે શ્રીહરિ અને સહુ સંતો ચોકીથી ચાલ્યા, તે **અંકલેશ્વર** ગામ આવ્યા. ૨. જ્યારે દિવસ બે-ત્રણ ઘડી બાકી હતો ત્યારે અંકલેશ્વર આવ્યા હતા. સુરત જતી વખતે જ્યાં મુકામ કર્યો હતો, ત્યાં જ અત્યારે પણ મુકામ કર્યો. અને ખીચડી કરવા માટે મોટાં વાસણો ચૂલા ઉપર ચઢાવી દીધાં. ૩-૪. બ્રહ્માનંદ સ્વામીએ વડતાલ મંદિરને માટે આ મોટાં મોટાં વાસણો સુરતથી ગાડીમાં લીધાં હતાં, તેમાંથી જેટલી જરૂર પડી તેટલાં કાઢ્યાં. ૫. ગાડાંમાં તે વાસણ ભરી રાખ્યાં હતાં, એટલે બંને જગ્યાએ જ્યાં મુકામ કર્યો હતો ત્યાં કામ લાગ્યાં.

જ્યારે સંધ્યા આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ. ૬. બ્રહ્માનંદ સ્વામી વડતાલ મંદિરમાં મુખ્ય હતા. તે સમયે રૂપરામ વણિક વડતાલમાં કોઠારી કહેવાતા હતા. ૭. તે સુરતના નિવાસી હતા. તેઓ જેટલું ધન કમાયા હતા, તે બધું તેમણે ભગવાનને માટે કામ લગાડ્યું. તે ધનથી જ તેમણે રસોઈ કરાવીને સંતોને જમાડ્યા હતા. ૮. વળી પીપળાવ ગામના

વિપ્ર પ્રભાશંકરભાઈ શ્રીહરિના કોઠારી હતા, તે નિષ્કપટ ભાવે સેવા કરતા હતા. ૯. બ્રહ્માનંદ સ્વામી, રૂપરામભાઈ અને વિપ્ર પ્રભાશંકરભાઈ - એ ત્રણ જણ ઘી લેવા માટે અંકલેશ્વર ગામમાં ગયા. મશાલો પ્રગટી છતાં તેઓ ઘી લઈને પાછા આવ્યા નહીં. ૧૦. ત્યારે શ્રીહરિ ગાડી ઉપર બેઠાં બેઠાં બોલ્યા જે, “આટલું મોડું થયું, છતાં બ્રહ્માનંદ સ્વામી વગેરે હજી આવ્યા નહીં. તેઓ દેશ-કાળની વિષમતા સમજતા નથી, આટલી તેમની બુદ્ધિમાં સ્થૂળતા રહી છે.” ૧૧.

આમ કહીને શ્રીહરિ તરત ગાડીમાંથી નીચે ઊતર્યા, અને આગળ મશાલ રખાવીને ચાલ્યા તે તરત ગામમાં પ્રવેશ કર્યો. ૧૨. જ્યાં બ્રહ્માનંદ સ્વામી હતા ત્યાં તેમની સમીપે આવીને કહ્યું કે, “આટલી બધી વાર કેમ કરી રહ્યા છો ? તમે તો ઘણા ચતુર છો.” ૧૩. પછી શ્રીહરિએ ત્યારે ત્યાં ઘીના વેપારી વણિકને કહ્યું, “ઘીનાં એક કુડલાનો તોલ કરો, જેટલું ઘી થશે તેટલું તમને ધન અપાવશું.” ૧૪. આમ કહી શ્રીહરિ ઘી લઈને એવી રીતે તરત પાછા ઉતારે આવ્યા કે માનો, ગામમાં ગયા જ નથી ! પછી ઘીની કિંમતનું ધન અપાવ્યું. ત્યાં સંતોએ તે ઘીને ગાળી નાખ્યું. ૧૫. પછી જે ખીચડી પીરસી હતી તેમાં શ્રીહરિએ ઘી પીરસ્યું. સંતો જમવા લાગ્યા. ત્યાં જઈને શ્રીહરિ પણ થોડુંક ઘી જમ્યા. ૧૬. નંદરામજી અને ગોપાળજીએ શ્રીહરિને માટે રસોઈ તૈયાર કરી હતી, એટલે ત્યાં જઈ શ્રીહરિ જમ્યા. અને જમ્યા પછી પોઢી ગયા. ૧૭.

ભરૂચમાં તુઈરામ નામે સહુથી મોટા એક શાહુકાર હતા. તે દિલ્લીના નિવાસી હતા. અને ધન કમાવા માટે ભરૂચમાં આવીને નિવાસ કર્યો હતો. તે પરોક્ષ ભગવાનના ભક્ત હતા. તેમણે ભરૂચમાં રામચંદ્ર ભગવાનનું એક હરિમંદિર કરાવ્યું હતું. ૧૮-૧૯. તેમાં સીતાજી, રામચંદ્રજી અને લક્ષ્મણજીની મૂર્તિઓ પધરાવી હતી. જગતના સાધુ કહેવાતા, તેને મૂર્તિની સેવા કરવા માટે રાખ્યા હતા. ૨૦. સ્ત્રી અને ધનના ત્યાગી સંતને પ્રાયઃ લોકો જાણતા હોતા નથી. જગતના સાધુ હોય તે પ્રાયઃ પેટ ભરવા માટે સાધુ થયા હોય છે. ૨૧. ભગવાનના સાચા સંતની રીત જેમ હોય તેમ કોઈ જાણતા નથી. સચ્છાસ્ત્રમાં બ્રહ્મચારીની રીત કહી હોય છે. ૨૨.

✳ સ્ત્રી-ધનનો ત્યાગ કરે તે જ સાચા ત્યાગી કહેવાય :

સ્ત્રી અને ધનનો ત્યાગ રાખવો; એ બે ત્યાગીનાં મૂળ કહ્યાં છે. જે ત્યાગી થઈને સ્ત્રી તથા ધનને રાખે છે, એવા ત્યાગી ખરા અર્થમાં ત્યાગી કહેવાતા નથી. ૨૩. શાસ્ત્રોને જોતાં ત્યાગીની આવી રીત દેખાય છે જે, 'સ્ત્રી અને ધનનો ત્યાગ કરવાથી જ તે સાચા ત્યાગી કહેવાય છે.' ૨૪. શુકદેવજી, સનકાદિકો, નવ યોગેશ્વરો વગેરે સંતો અને ભગવાન દત્તાત્રેય તથા કપિલદેવજી; એ બધા સંતના માર્ગે ચાલ્યા હતા. ૨૫. **જેઓ સ્ત્રી અને ધનનો આઠ પ્રકારે ત્યાગ રાખે છે, આવા જે બડભાગી સંત હોય તેને જ સાચા ત્યાગી કહ્યા છે.** ૨૬.

તુઈરામે તેવા સાચા ત્યાગી સંત તો સત્સંગમાં જ છે તેમ દેખ્યું. તેથી તેઓ સંતોના ઉપર હેત રાખતા હતા. ૨૭. શ્રીહરિના પ્રતાપથી તેમના સંતો સર્વોપરિ થયા હતા. અમાપ પ્રતાપી શ્રીહરિના યોગથી સંતોમાં અમાપ ગુણો આવ્યા હતા. ૨૮. ગુરુમાં અને રાજામાં જેવા ગુણ હોય, તે બધા શિષ્યમાં અને પ્રજામાં આવતા હોય છે. સારા કે નરસા ગુણોના દાતા ગુરુ અને રાજા પ્રસિદ્ધ રીતે રહ્યા છે. ૨૯. તુઈરામે આવું મનમાં જાણ્યું ત્યારે તેને શ્રીહરિમાં પણ ભાવ થયો. શ્રીહરિ અંકલેશ્વરમાં આવીને રાત રહ્યા છે, તેવા સમાચાર સાંભળીને તુઈરામ સવારમાં દિવસ ઊગતામાં જ, પાંચ જેટલાં સરકારી વહાણ લઈને નર્મદા નદીને સામે કિનારે તરત આવી ગયા. ૩૦-૩૧.

શ્રીહરિ અને સંતો તૈયાર થઈને તે વખતે નર્મદાને કિનારે આવી ગયા. પછી શ્રીહરિ તથા સંતોએ નર્મદા નદીમાં જલદીથી સ્નાન કર્યું. ૩૨. વિષ્ણુની પૂજા કરી રહ્યા એટલે વહાણમાં બેસવાની ઉતાવળ કરી. પછી જેને જેમ ઘટે તેમ સહુને વહાણમાં બેસાડ્યા. ૩૩. ઘોડા, ઊંટ, બળદ, ગાડી જે કાંઈ સાથે હતું, તે અને બીજો જે કાંઈ સરસામાન હતો, તે બધો વહાણમાં ભરી દીધો. ૩૪. વહાણમાં બેસીને સહુ નદીને ઉત્તર કાંઠે આવ્યા. અને વહાણમાંથી જલદી ઊતરી ગયા. પછી શહેરના પરાના રાજમાર્ગમાં થઈને સહુ ચાલ્યા. બજારે જે લોકો ઊભા હતા, તે મનમાં ભાવ પ્રમાણે દર્શન કરતા હતા. અને શ્રીહરિનો 'જય જયકાર' બોલતા હતા. ૩૫-૩૬.

પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. જ્યારે શ્રીહરિ પરાની બહાર આવ્યા ત્યારે તુઈરામે શ્રીહરિને કહ્યું, "હવે રસોઈ માટે હું તરત સીધું લાવું છું, કાંઈ વાર નહિ લાગે." ૩૭-૩૮. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "તમે શેકેલા ચણા અને મમરા લાવો. તે રસોઈ કરતાં પણ વધારે ઠીક લાગશે." ૩૯. ત્યારે તે બરફી, પેંડા, શેકેલા ચણા અને મમરા લાવ્યા. તે સહુમાં વહેંચાવી દીધાં. અને શ્રીહરિ તેમના ઉપર બહુ રાજી થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ અંકલેશ્વરથી ચાલ્યા તે નર્મદા ઊતરીને ભરૂચ આવ્યા" એ નામે સોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૦૧

શ્રીહરિ ભરૂચથી આમોદ આવ્યા અને દીનાનાથ ભટ્ટને ઘેર ઊતર્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ભરૂચના શાહુકાર તુઈરામ ઘણા ચતુર હતા. તે સમયે તેમણે યોગ્ય અવસર જાણીને બળદ સહિત એક સારી ગાડી શ્રીહરિને ભેટ આપી. ૨. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, "તમે ઘણા મોટા માણસ હોવા છતાં પણ, જતા અને આવતા બંને વખત ઘણા ભાવથી અમારી સેવા કરી છે. ૩. જે મોટા મનુષ્ય હોય છે તે અમારા ઉપર ભાવ રાખતા નથી. કારણ કે, તેમાં તેને ધનનો મદ જ આવરણ કરે છે. ૪. તમને ધનનો મદ ચઢ્યો નથી.

❋ સ્ત્રી-ધનમાં બંધાય, તે વાસનારૂપે ગંધાય :

ઘણાક બ્રાહ્મણ અને ભેખધારીઓ હોય તે પણ, જેવી ધનમાં મોટાઈ સમજે છે તેવી ભગવાન ભજવામાં ક્યારેય મોટપ સમજતા નથી. આ દુનિયામાં પ્રાયઃ જેટલા મનુષ્યો રહ્યા છે, તે સ્ત્રી અને ધનરૂપ આવરણમાં બંધાઈ ગયા છે. તેનાથી કોઈ બાકી રહ્યા નથી. ૫-૬. સ્ત્રી અને ધનમાં

અપાર દુઃખ રહ્યું છે, તેનો કહેતા પાર આવતો નથી, પણ લોકો તો ધન અને સ્ત્રીના મોહને લીધે દુઃખને પણ સુખ માની રહ્યા છે. ૭. ધન અને સ્ત્રીમાં જે દુઃખ રહ્યું છે તે જ્યારે જોવામાં આવે છે, ત્યારે બ્રહ્માંડના અધિપતિ હોય, તોપણ તે તેમાં ક્યારેય સુખ માનતા નથી. ૮. તેઓ એક ભગવાનમાં જ સુખ માને છે, તે સિવાય બીજામાં તો દુઃખ માને છે. જ્યારે આવી રીતે સમજે છે ત્યારે તે ભગવાનની માયાને તરી ગયા છે, તેમ જાણવું. ૯.

※ સત્પુરુષના યોગથી જ સાચી વાત સમજાય :

चोपाई :

जो जो बात बडी रहे जेती, समझ तामें रहाये तेती;
समझ विन बात रहेउ जितनी, पोता के बुरे करन रहे तितनी...१०
बुरे करन जिहाँ लग न देखाते, तिहाँ लग भव तामें भटकाते;
सतपुरुष साचे ताकी, जोग पर सेवा करे वाकी...११
जोग के फल बहुत रहाते, ताकि बरोबर कोउ न कहाते;

જે જે મોટી વાતો રહી છે તે બધી સમજણમાં જ રહી હોય છે. સમજણ વિનાની જેટલી વાતો રહી છે તે પોતાનું જ ભૂંડું કરે છે. ૧૦. આ બાબત આપણું ભૂંડું કરે છે, એવું જ્યાં સુધી દેખાતું નથી, ત્યાં સુધી મનુષ્ય સંસારમાં ભટકતો રહે છે. સાચા સત્પુરુષોની તક જોઈને સેવા કરે ત્યારે તેને વાત સમજાય છે. ૧૧. તક જોઈને સત્પુરુષની સેવા કરે તેનું ફળ ઘણું થાય છે. તેની બરાબર કાંઈ કહેવાય નહીં." આટલી વાત કરીને શ્રીહરિ ભરૂચથી ચાલતા થયા તે **કેલોદ** ગામ આવ્યા. ૧૨. ત્યાં હરિભક્ત વસ્તાભાઈને ઘેર આવીને ઊતર્યા, અને જે સંતો હતા તે તળાવની પાળે ઊતર્યા. ૧૩.

જ્યારે દિવસ પાછલો દોઢ પહોર બાકી હતો, ત્યારે શ્રીહરિ કેલોદ ગામ આવ્યા હતા. તે સમયે ગામમાં જે હરિભક્તો હતા તેમણે કંસાર કરવાનું બધું સીધું જલદીથી ત્યાં પહોંચાડ્યું. ત્યાં સંતોએ જ સંતો માટે રસોઈ બનાવી. ૧૪-૧૫. અને સહુ સંતો જમ્યા. વર્ણીએ જે રસોઈ કરી હતી તેને વર્ણીઓ જમ્યા. શ્રીહરિને માટે તો નંદરામજી અને ગોપાળજીએ રસોઈ તૈયાર કરી. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે તે શ્રીહરિ જમ્યા. શ્રીહરિને માટે તેમણે

સાકર નાખીને કંસાર બનાવ્યો હતો. ૧૬-૧૭. શ્રીહરિ કેલોદમાં રાત રહીને સવારમાં ચાલતા થયા, તે **કેરવાડા** ગામ થઈને **આમોદ** ગામ આવ્યા. ૧૮. શ્રીહરિ જ્યારે આમોદ પહોંચ્યા, ત્યારે દિવસ એક પહોર ચઢી ગયો હતો. ગામના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૯. ત્યારે ઢોલ, તાંસા વગેરે જાત જાતનાં વાજિંત્રો વાગવાં લાગ્યાં. આ રીતે વાજતે ગાજતે શ્રીહરિ જ્યારે પુરમાં પધાર્યા, ત્યારે બધી રાજબજારો સ્વચ્છ કરી દીધી હતી. બજાર ઉપર શ્રીહરિનાં દર્શન કરવા માટે પાર ન આવે એટલા લોકો ઊભા હતા. ત્યાં જે પુરજનો દોડીને દર્શન કરવા માટે આવ્યા હતા, તે બધા હાથ જોડીને શ્રીહરિનો ‘જય જયકાર’ કરતા હતા. ૨૦-૨૧.

શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું, તે છત્રના ઉપર સોનાનો કળશ સુંદર રીતે શોભી રહ્યો હતો. ૨૨. બધા વાજિંત્રવાળા, સંતો, વર્ણીઓ અને જેટલા હરિભક્તો હતા તે બધા, તેમજ જેટલા શ્રીહરિના પાર્ષદો હતા તે બધા, શ્રીહરિની આગળ ચાલતા હતા. ૨૩. ચોપદાર જય જયકાર કરતા હતા, સંતો કીર્તન બોલતા હતા. આ રીતે શ્રીહરિ આમોદ ગામમાં પધાર્યા. જેવી રીતે વાત બની હતી તે રીતે મેં અહીંયાં કહી છે. ૨૪. દીનાનાથ ભટ્ટને ઘેર આવ્યા, અને તેનો અતિશય ભાવ દેખીને શ્રીજીમહારાજ તેમને ત્યાં ઊતર્યા. ૨૫. ત્યાં શ્રીહરિને માટે રસોઈ બનાવી, અને તરત જ સાકરનો સુંદર શીરો કર્યો. તેની સાથે ભજિયાં, પૂરી, ભાત, દાળ, રીંગણાંનું શાક, આ બધું ભોજન તૈયાર કર્યું. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે તે બધા જ પાક વિષ્ણુને નૈવેદ્યના રૂપમાં ધર્યા. ૨૬-૨૭. પછી તેમણે ઘણા ભાવથી શ્રીહરિને જમાડ્યા. આ રીતે શ્રીહરિએ દીનાનાથ ભટ્ટનો બધો ભાવ પૂરો કર્યો. ૨૮. આમોદમાં હરજીવન શેઠ મોટા શાહુકાર હતા. દીનાનાથ ભટ્ટ પાસેથી વાત સાંભળીને તે હરિભક્ત થયા હતા. તેમને ભટ્ટજીનો ઘણો વિશ્વાસ હતો. ૨૯.

❋ દીનાનાથ ભટ્ટના સદ્‌ગુણોની સરાહના :

દીનાનાથ ભટ્ટ ઘણા સાધુ સ્વભાવના હતા. તે કોઈની પાસે કાંઈ માગતા નહીં. હરિઈચ્છાથી જે કાંઈ મળે તેનાથી ઘરનો વ્યવહાર ચલાવતા

હતા. ૩૦. બ્રાહ્મણના કર્મ આ કળિયુગમાં જેટલાં બની શકે તેટલાં હોય, તે બધાં રાત-દિવસ સાવધાનીથી કરતા હતા. તેમની બુદ્ધિ ઘણી વિશાળ હતી. ૩૧. તે ક્યારેય દિવસે સૂતા નહીં. તેમને શાસ્ત્ર વાંચવાનું ઘણું વ્યસન હતું. સવારથી લઈને અધરાત સુધી પુસ્તકનાં પાના લઈને તેમાં ચિત્ત પરોવીને વિચાર્યા કરતા હતા. ક્યારેય વ્યર્થ સમય ખોતા નહીં. પોતાના સંબંધ વગરની સ્ત્રીનું મુખ પણ દેખતા નહીં. ૩૨-૩૩. કોઈ દાન-દક્ષિણા લેવા માટે બોલાવે ત્યારે જતા હતા. તેમાં તેમને કાંઈ મળે કે ન મળે, તેનો કાંઈ શોક કરતા નહીં. હંમેશાં શોકરહિત પ્રસન્ન રહેતા. ૩૪. તેઓ હાણ-વૃદ્ધિમાં સદાકાળ સમાન ભાવ રાખતા હતા. તેને કોઈએ ખેતરનું દાન આપ્યું ન હતું. અને તેઓ તેને માટે કોઈની પાસે જઈને યાચના પણ કરતા નહીં. ૩૫.

જ્યાં સુધી આમોદમાં સરકારના કારકુન આવતા રહ્યા, ત્યાં સુધી તેઓ ચાતુર્માસમાં ભટ્ટની પાસે આખું ભાગવત વંચાવતા હતા. અને તે બધા ભટ્ટને દક્ષિણામાં સો રૂપિયા આપતા હતા. હરજીવન શેઠ તેમના ઉપર ઘણું હેત રાખતા હતા. ૩૬-૩૭. **ભટ્ટજીને ઘેર અનાજ અને બળતણ જેટલું ખૂટે તેટલું હરજીવન શેઠ પૂરું કરતા હતા. ભટ્ટના શુભ ગુણો જોઈને અંતર્યામી શ્રીહરિ દયા કરીને હરજીવન શેઠના દિલમાં વસી ગયા હતા. તેથી તેઓ ભટ્ટજીની ખબર રાખતા હતા. પણ ભગવાનની આવી રીત છે તેને કોઈ જાણતા નથી.** ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ ભરૂચથી આમોદ આવ્યા અને દીનાનાથ ભટ્ટને ઘેર ઊતર્યા" એ નામે એકસો એકમો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૦૨

શ્રીહરિ આમોદથી નીકળી, ખંભાત થઈને ગુડેલમાં બપોરે જમ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. શ્રીહરિએ ગઢપુરમાં દીનાનાથ ભટ્ટને રાખીને, તેમની પાસે શતાનંદ મુનિએ લખેલ સત્સંગિજીવન ગ્રંથને શુદ્ધ કરાવ્યો હતો. કેમ જે, તે ગ્રંથનું સંશોધન કર્યા વિના જ શતાનંદ મુનિએ શરીર છોડી દીધું હતું. તે જાણીને ચાર-પાંચ વખત દીનાનાથ ભટ્ટે તે ગ્રંથને શોધ્યો હતો. તે ગ્રંથમાં શ્રીહરિને જેટલો ફેર દેખાય, તે ભટ્ટજીની પાસે શુદ્ધ કરાવતા હતા. ૨-૪. અને તેટલા માટે દીનાનાથ ભટ્ટ કેટલોય સમય શ્રીહરિની સમીપે રહ્યા હતા.

હરજીવન શેઠે શ્રીહરિને માટે સાકર નાંખીને બરફી અને પેંડા તાજાં કરાવ્યાં હતાં. તે બે થાળમાં ભરીને લાવ્યા અને શ્રીહરિ આગળ મૂક્યા. તેમાંથી શ્રીહરિ થોડું જમ્યા તેથી શેઠ રાજી થયા. ૫-૬. પછી રસ્તામાં ટીમણ કરવા માટે તે બરફી અને પેંડા શ્રીહરિએ બધાં જ રાખી લીધાં. કેમ જે, શેઠનો જેવો મનોરથ હતો તેને શ્રીહરિ જાણતા હતા. એટલે શ્રીહરિએ તેમાંથી કાંઈક પ્રસાદી તેમને પાછી આપી અને શેઠે ઘણા ભાવથી તે પ્રસાદી લીધી. સંતો અને વર્ણી જે જગ્યાએ ઊતર્યા હતા, ત્યાં પણ શેઠે ઘણી સારી રસોઈ કરાવી. ૭-૮. હરજીવન શેઠની રસોઈ હતી. તે સંતો અને વર્ણીએ બનાવી, પછી સહુ જમ્યા. શ્રીહરિની સાથે બીજા જે કોઈ પણ મનુષ્ય હતા, તે બધાને સંભારીને જમાડ્યા. ૯. આ રીતે શ્રીહરિએ આમોદના હરિભક્તોના મનોરથ પૂર્ણ કર્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **કારેલી** આવ્યા. ૧૦. શ્રીહરિ કારેલીમાં રાત રહીને બીજે દિવસ ચાલ્યા, તે મહી નદી ઊતર્યા અને **દેવાણ** ગામ આવ્યા. ત્યાંના રાજા બહાદુરસિંહના દરબારગઢમાં આવીને ઊતર્યા. ૧૧. દરબારગઢમાં હરિભક્ત બાઈઓએ સુંદર જગ્યામાં ઉતારો આપ્યો, અને શ્રીહરિની સાથે જેટલા મનુષ્ય હતા તે સર્વેને માટે રસોઈ કરાવી. લાડુ કરાવીને સહુને જમાડ્યા.

જ્યારે દિવસ બે ઘડી રહ્યો ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા, તે ગામ **બદલપુર** આવીને ત્યાં રાત રહ્યા. ત્યાં ઘણા બારૈયા હરિભક્ત ભાવિક હતા. તેમના મનોરથ પૂરા કરીને શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, તે **મેતપુર** ગામ થઈને સવારમાં **ખંભાત** આવ્યા. ૧૨-૧૫. જ્યારે ગવારાને દરવાજે આવ્યા ત્યારે ખંભાતના હરિભક્તોને ખબર પડી એટલે સહુ ત્યાં આવ્યા. ૧૬. ખંભાતના નવાબ બંદે અલીખાનની રજા લીધા સિવાય કોઈ શહેરમાં પેસી શકતા નહિ, અને તે સમયના નવાબ તો જ્યારે ઈચ્છા થાય ત્યારે સૂતા, અને ઈચ્છા થાય ત્યારે જાગતા. ૧૭. જે મોટા માણસો હોય તેને સૂવા-જાગવાની રીતનું ક્યારેય કાંઈ ઠેકાણું હોતું નથી, અને બીજા ધનાઢ્યને પણ સૂવા-જાગવાનું કાંઈ ઠેકાણું હોતું નથી. ૧૮. શ્રીહરિએ આવી બધી રીત સમજીને ગામમાં જવાની ઈચ્છા ન કરી અને હરિભક્તોને કહ્યું કે, "તમારો જે મનોરથ છે તેને પૂરો કરવા માટે અમે કોઈક દિવસ તમારા ગામમાં આવીને નિવાસ કરીશું." આવું હરિભક્તોને વચન કહીને તેમને રાજી કર્યા, પછી આગળ ચાલતા થયા. ૧૯-૨૦. ગામના હરિભક્તો સાથે ચાલ્યા. શ્રીહરિને રાખવાનો કાંઈ ઉપાય થઈ શક્યો નહીં.

ત્યાં લોટીયા વોરાની વાડી પાસે થઈને લાલ દરવાજે આવ્યા. ત્યાંથી નારેશ્વર તળાવે આવીને રોકાયા. પછી શ્રીહરિએ કહ્યું કે, "આ તળાવમાં અમે વર્ણીવેશે આવ્યા ત્યારે નાહ્યા છીએ. ૨૧-૨૨. અને તે સમયે આ શહેરની બહાર ગવારાના દરવાજે વેરાગીની જગ્યામાં અમે પાંચ દિવસ રહ્યા હતા. ૨૩. ત્યારે અમે આ ગામમાં બાર બજારોમાં ફર્યા, તે સમયે અમારા પગમાં પગરખાં પણ હતાં નહીં. અને ઉદાસી બાવાની જગ્યામાં પણ અમે બે-ત્રણ વખત ગયા હતા." ૨૪. આમ કહીને શ્રીહરિ ચાલતા થયા. તે વખતે ગુડેલના જીભાઈ સાથે હતા. શ્રીહરિએ તેમને કહ્યું કે, "તમે જઈને રીંગણાં લઈ આવો. ૨૫. તેનું અમે શાક કરશું. તમારા ગામમાં રીંગણાં મળશે નહિ, તેથી હું અહીં સંભારી દઉં છું." ૨૬. પછી જીભાઈ જ્યાં રીંગણાંની વાડી હતી ત્યાં જઈને તેઓ રીંગણાં લઈ આવ્યા, અને શ્રીહરિની આગળ ચાલ્યા. ૨૭.

પછી શ્રીહરિ ગુડેલ ગામ આવ્યા અને જીભાઈને ઘેર ઊતર્યા. ૨૮. બધા હરિભક્તો દહીં, દૂધ વગેરે લાવ્યા, અને શ્રીહરિની આગળ મૂક્યું. જે જે દૂધ, દહીં લાવતા હતા તે તે શ્રીહરિને પગે લાગતા હતા. ૨૯. શ્રીહરિએ સ્નાન કરીને ત્યાં ઘણા ભાવથી રસોઈ બનાવી. હરિભક્તોએ મનમાન્યું ઘી લાવીને શ્રીહરિની આગળ મૂક્યું. ૩૦. પછી **શ્રીહરિએ રીંગણાંનું શાક કર્યું અને ઘઉંના લોટની સરસ બાટી બનાવી.** આવી બાટી કોઈને બનાવતા આવડતી નહીં. શ્રીહરિએ જે બાટી બનાવી તે તાજા ઘીમાં તળી હતી, અને તાજા ઘીમાં રીંગણાનું અલૌકિક શાક કર્યું. ૩૧-૩૨. ભાત કર્યો તેમાં પણ ઘી નાંખ્યું. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ, ત્યારે વિષ્ણુને થાળ ધરાવ્યો અને પછી શ્રીહરિ જમ્યા.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે શ્રીહરિની સાથે જે કાઠી દરબારો હતા તેની પંક્તિ કરીને જમાડ્યા. તેમાં શ્રીહરિએ બાટી તથા શાક પહેલા પીરસ્યું. ૩૩-૩૪. પાપડ અને કેરીનું અથાણું પણ શ્રીહરિએ પીરસ્યું. જે કાઠી દરબારો જમતા હતા તે બધા ભોજનનાં ઘણાં વખાણ કરતા હતા. ૩૫. તેમાં સુરા ખાચર બોલ્યા કે, "ચાલવાનું છે તેથી હું જમવામાં કસર રાખું છું, કહેતાં અરધું જ જમું છું. કારણ કે, પૂરું જમવામાં ચાલતા મુશ્કેલી પડે." ૩૬. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "હમણા ચાલવું નથી. માટે જેટલું ભાવે તેટલું દૂધ, દહીં જમો. અમે કહીએ છીએ." ૩૭. શ્રીહરિએ આમ કહ્યું ત્યારે સહુ કાઠી દરબારો જેટલું જમાય તેટલું દહીં, દૂધ વગેરે ખૂબ જમ્યા. જમવામાં કાંઈ કસર રાખી નહીં. ૩૮. ભાત પીરસ્યા તેમાં પણ શ્રીહરિએ ભાવે તેટલા દૂધ, દહીં અને સાકર પીરસ્યા. ૩૯. જમ્યા પછી શ્રીહરિ ચાર ઘડી ત્યાં રોકાયા, અને મધ્યાહ્ન પછી તરત જ શ્રીહરિએ ચાલવા માટેની તૈયારી કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "શ્રીહરિ આમોદથી નીકળી, ખંભાત થઈને ગુડેલમાં બપોરે જમ્યા" એ નામે એકસો ને બીજો તરંગ સમાપ્ત ॥૧૦૨॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૦૩

ગુડેલથી નીકળેલા શ્રીહરિ ધોલેરામાં સાંજે અજુબાને ઘેર થાળ જમ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. જ્યારે શ્રીહરિ ગુડેલ ગામથી ચાલ્યા ત્યારે સુરા ખાચર બોલ્યા કે, "હું તો આજ મરી જઈશ. ૨. કેમ જે, ખૂબ જમીને ચાલવામાં મને ઘણી મુશ્કેલી પડે છે. જો હું આવું જાણતો હોત તો જમવામાં કસર રાખત." ૩. જ્યારે સુરા ખાચર આવું બોલ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "આપણે ધીરે ધીરે ચાલશું. સહુએ પાણી સાથે રાખવું. કેમ જે, બીજું ગામ આવ્યા સિવાય પાણી મળશે નહીં." ૪. આમ કહીને જ્યારે ચાલ્યા ત્યારે સહુએ પાણી પાસે રાખ્યું હતું. આગળ ચાલતા **રોણી** ગામ આવ્યા. તેમાં હરિભક્તો રહેતા હતા. ૫. સહુ ભક્તોએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **મીતલી** ગામ આવ્યા. ત્યાં પણ જે હરિભક્તો હતા તેમણે આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં, અને અવર્ણનીય લાભ લીધો.

પછી ત્યાંથી ચાલ્યા અને તરત જ સાબરમતી નદીને ઊતર્યા. ૬-૭. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો, ત્યારે સહુના દિલમાં સુખ-શાંતિ થઈ. તે સમયે શ્રીજીમહારાજે સુરા ખાચરને કહ્યું કે, આજ તમારી જેવી ઈચ્છા હોય તેવું બોલો, તો તેવું ભોજન જમાડીએ." ત્યારે સુરા ખાચર બોલ્યા કે, "મને તો વડાં અને માખણના ભજિયાં ઉપર ભાવ છે." ૮-૯. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, "તે જમાડશું." ધોલેરા બંદરમાં દરબાર પૂંજાભાઈના બહેન છે. તેનું નામ અજુબા છે. ૧૦. તેમનાં અંતરમાં એવું દેખાયું કે, શ્રીજીમહારાજ અત્યારે આવી રહ્યા છે, તો તેમને માટે તાજું ભોજન કરીને તૈયાર રાખીએ. તેઓ આવીને જમશે. ૧૧. આવો વિચાર કરીને તેમણે (તથા ફુલીબાઈએ મળી) તત્કાળ શ્રીહરિને માટે થાળ કરાવ્યો. હરિભક્ત વિપ્ર બાઈની પાસે બધું ભોજન કરાવડાવ્યું. ૧૨. સુરા ખાચરે શ્રીહરિને જે રીતે કહ્યું હતું, તે પ્રમાણે બધું ભોજન ઘણા પ્રેમરસથી તૈયાર કરાવ્યું હતું. ૧૩.

જેટલા ગરાસિયા દરબારો હતા તેમને શ્રીહરિ પધારશે એવો વિશ્વાસ હતો નહીં. છતાં શ્રીહરિને માટે ભોજન કર્યું તેથી તેઓ તેમની ઠઠ્ઠા-મશ્કરી કરીને કહેતા કે, ‘અમે સાંભળ્યું છે સ્વામિનારાયણ ભગવાન અત્યારે સુરત છે, તે અહીંયાં ક્યાંથી આવે ? આ હરિભક્ત થઈને ઢોંગ કરે છે. ૧૪-૧૫. આવી વાત કરીને ગરાસિયાઓ ચોરે જઈને બેઠા બેઠા હોકા પીતા હતા. ત્યારે સંધ્યા આરતીનો સમય થયો, ઘેર ઘેર દીવા પ્રગટ્યા અને ગાયો-ભેંસો દોવાવા લાગ્યા. જે ગરાસિયાઓ ચોરે બેઠા હતા તે સહુ ત્યારે ખાવા માટે ઘેર ગયા. ૧૬-૧૭. જ્યારે તેઓ જમવા બેઠા ત્યારે શ્રીહરિ અચાનક ત્યાં આવ્યા. આ ઘણી આશ્ચર્યની વાત બની. પછી ભાવથી ચોરામાં ઉતારો કરાવ્યો. ૧૮.

પછી સહુના ઘોડાને ત્યાં બંધાવી દીધા, અને સહુનો સાજ-સામાન ઉતારી લીધો. ઘોડા માટેનું જોગાણ તૈયાર રાખ્યું હતું, તે લાવીને આપ્યું. ૧૯. શ્રીહરિને માટે એક નવો પલંગ લાવીને તરત જ બિછાવી દીધો. એક સારી નવી જાજમ લાવી અને ચોરા ઉપર પાથરી દીધી. ૨૦. શ્રીહરિની સાથે દાદા ખાચર આદિ કાઠી દરબારો હતા, તે સહુને માટે અલગ અલગ મોટી નવી તળાઈઓ(ગાદલાં) લાવી દીધી. ૨૧. અને ઘણા ભાવ સાથે તે બિછાવી દીધી. કારણ કે, સત્સંગના સમાન બીજું કોઈ હેત હોતું નથી. સત્સંગના સંબંધથી જેટલું હેત થાય છે તે બધું અલૌકિક હેત કહેવાય છે. ૨૨.

❋ શ્રીહરિ અને સંતો-ભક્તોની દુર્લભતા :

चोपाई :

भगवान भगवान जो ताके, संत हरिजन रहाये वाके;
वल्लभ में वल्लभ रहे तितना, ताके यह रहायेउ चीना...२३
सत्संग सम अधिक कोउ बाता, ब्रह्मांड तामें न आत देखाता;
जाके अंतर वरतत जैसा, बात करे में देखात तैसा...२४

दोहा : वरतन में देखात रहे, दो में न रहत छिपाय;
दंभ निरदंभ जितना, प्रसिद्ध जनात ताय...२५

જે હરિભક્તોને ભગવાન તથા ભગવાનના સંતો-ભક્તો વહાલામાં વહાલા હોય તેની આ નિશાની છે. ૨૩. આ બ્રહ્માંડમાં સત્સંગ સમાન શ્રેષ્ઠ

બાબત બીજી કોઈ દેખાતી નથી. જેના દિલમાં જેવું વર્તતું હોય, તે વાત કરવામાં દેખાઈ આવે છે. ૨૪. તેમજ વર્તનમાં પણ દેખાય છે. વાત અને વર્તનમાં કાંઈ છુપાયું રહેતું નથી. દિલમાં જેટલો કાંઈ દંભ અથવા નિર્દંભપણું હોય, તે બંને વાત તથા વર્તનમાં સ્પષ્ટ જણાઈ આવે છે. ૨૫. દંભી અને નિર્દંભીને દેખાડનારો સત્સંગ છે. સત્સંગ તો સૂર્યની જેમ યુગે યુગમાં અખંડ રહે છે. ૨૬. જે કોઈ સત્સંગનો યોગ રાખે છે તેને જેમ છે તેમ યથાર્થરૂપમાં સત્સંગ દેખાય છે, પણ જે કુસંગ કરે છે તેને ક્યારેય દેખાતું નથી. ૨૭. સત્સંગ અને કુસંગમાં તો રાત-દિવસનો ફરક છે. તે જે સત્સંગ કરે છે તે બધાને બધું દેખાય છે. ૨૮. ધોલેરાના ચોરામાં સહુને માટે ભાવથી પથારી કરી. જ્યારે ઉતારો થઈ રહ્યો ત્યારે શ્રીહરિ સહુ ભક્તોને લઈને જમવા માટે પૂંજાભાઈને ઘેર આવ્યા. ત્યાં સહુને જમવા બેસાડ્યા. ૨૯.

ગામના ગરાસિયાઓમાં વરહાભાઈ, બાપુજીભાઈ અને કહળાભાઈ આદિક જે જે હરિભક્ત કહેવાતા હતા, ૩૦. તે બધા ઘોડાનો સામાન સાચવવા માટે ચોરા ઉપર રોકાયા હતા. બેઠેલા તે બધાએ વિચાર કર્યો કે, સાચવવામાં કોઈ જાતનું કાંઈ કલંક આવવું જોઈએ નહીં. કેમ જે, જો સાચવવામાં બરાબર ધ્યાન ન દેવાય તો કાંઈ કલંક આવ્યા સિવાય રહેતું નથી. પછી પાછળથી વિચાર કર્યે શું વળે ? ૩૧-૩૨. કલંક આવી ગયા પછી ગમે તેટલા વિચારો કરીએ, તોપણ તે કાંઈ જ કામમાં આવતા નથી. જે જે કામ હોય છે તે જો સુવ્યવસ્થિત કરેલું હોય, તો તેમાં અપાર કીર્તિ રહી છે, અને અપાર યશ પણ તેમાં જ રહેલો છે.

તેથી જે બુદ્ધિમાન હોય તે પ્રથમથી જ પોતાની કીર્તિ વધે તેવું જ કાર્ય કરતા રહે છે. ૩૩-૩૪. જેમ જેમ જગતમાં પોતાની કીર્તિ કે પ્રસિદ્ધિ વધે, તેમ તેમ તેને પોતે છુપાવતો રહે તે જ બુદ્ધિમાન હરિભક્ત છે. જેટલા બુદ્ધિમાન હરિભક્તો છે, તેઓને જ્યારથી સત્સંગ થયો છે ત્યારથી તેઓ અમારા માટે આ સારું અને આ નહીં સારું, એવા સાર-અસારના અનેક પ્રકારના વિવેકને જાણે છે. વળી, તેમાંથી સારરૂપ વાતને તે વિવેકી ગ્રહણ કરે છે, અને અસાર વાતનો ત્યાગ કરે છે. ૩૫-૩૬. એવા જે હરિભક્ત

હોય તેના ઉપર શ્રીહરિ હેત રાખે છે. જે માણસ અસાર વાતને સારરૂપ માને, તેની સાથે શ્રીહરિ કોઈ દિવસ ક્યારેય હેત કરતા નથી. તેવાથી તો શ્રીહરિ દૂર રહે છે. જે ભક્ત સાર સાર વાતને જ ગ્રહણ કરે છે, તેની પાસે શ્રીહરિ હાજર રહે છે. ૩૭-૩૮.

सोरठा : असार बात हि जेति, कोटि कल्प लग जो तेहि;
सार होत हि न तेति, हरिजन कि रहे समझ यह...३९
सत्संग हरिजन ताकि, समझ एक मिलत रहेउ;
कोटि कल्प लग वाकि, समझ में न फरक हि परत...४०

જે વાત અસાર જ હોય તે કરોડો કલ્પો જાય, તોપણ તે સારરૂપ થઈ જતી નથી, એમ ખરા હરિભક્તની સમજણ છે. ૩૯. સત્સંગ અને હરિભક્તની સમજણ એકસરખી મળતી આવે છે. કરોડો કલ્પે પણ તે સમજણમાં ફરક પડતો જ નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં "ગુડેલથી નીકળેલા શ્રીહરિ ધોલેરામાં સાંજે અજુબાને ઘેર થાળ જમ્યા" એ નામે એકસો ને ત્રીજો તરંગ સમાપ્ત ॥૧૦૩॥



પૂર સત્યાવીશમું : તરંગ - ૧૦૪

શ્રીહરિ સવારમાં ધોલેરાથી નીકળ્યા તે સાંજે ગઢપુર પહોંચ્યા

વળી, મુક્તાનંદ સ્વામીએ દરબાર દાદા ખાચર અને બધા હરિભક્તોની આગળ જે શ્રીહરિનાં ચરિત્રોની વાત કહી હતી, તે વાત જેમ છે તેમ હું લખું છું. ૧. ધોલેરામાં પૂંજાભાઈ આદિક જે હરિભક્તો હતા તેમણે શ્રીહરિનો જેવો પ્રતાપ હતો તે જાણ્યો. ૨. ત્યાં હરિભક્ત કાઠી દરબારો, જેને જેવું ભોજન ભાવતું હતું તે રીતે સહુ પોતાના સંકલ્પ મુજબ ભોજન જમ્યા. ૩. શ્રીહરિને માટે નંદરામજી અને ગોપાળજીએ ઘણા હેતથી ભોજન તૈયાર કર્યું, તેને શ્રીહરિ જમ્યા. ૪. ધર્મકુમાર શ્રીહરિ **ધોલેરા**માં રાત રહ્યા. પછી સવારમાં ત્યાંથી ચાલતા થયા, તે **ઓતારિયા** થઈને **સોઢી** ગામ આવ્યા.

ત્યાંથી **નાવડા** ગયા. ત્યાંના હરિભક્તોને દર્શન દઈને ચાલ્યા, તે **ખમીદાણા** ગામ થઈને **બરવાળા** ગામ આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો આવ્યા તે સહુને દર્શન દીધા. પછી ત્યાંથી ચાલતા થયા તે **સમઢિયાળા(નં.૨)** ગામ આવ્યા. ૫-૭.

ત્યાંના હરિભક્તોને દર્શન દઈને કારિયાણી ગામ તરફ ચાલ્યા. ઉપરોક્ત ગામોમાં જે જે હરિભક્તો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવતા હતા. અને દર્શન કરીને સહુ ખુશી થતા હતા. પછી જ્યારે શ્રીહરિ કારિયાણી આવ્યા ત્યારે ત્યાંના હરિભક્તો સન્મુખ આવ્યા. તે વખતે ઢોલ આદિક બધી જાતનાં વાજિંત્રો વાગતાં હતાં. આવી રીતે શ્રીહરિ **કારિયાણી** ગામમાં આવ્યા, અને વસ્તા ખાચરના ભવનમાં પધાર્યા. ૮-૧૦. ત્યાં રસોઈ કરીને જમ્યા પછી તરત ત્યાંથી ચાલ્યા, તે **(મોટા) ઝીંઝાવદર** ગામમાં આવીને હરિભક્તોને દર્શન દીધા. ૧૧.

પછી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા તે **નિંગાળા** ગામ આવ્યા, અને ત્યાંથી ચાલ્યા તે **ઉગામેડી** ગામ આવ્યા. ત્યાં ગઢપુરના હરિભક્તો ઉમંગથી સામા આવ્યા. તેમાં જેટલા પ્રેમી હરિભક્તો હતા, તેમના મનમાં ઘણું હેત હતું. ૧૨-૧૩. અપાર ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ત્યારે ઉગામેડીથી ગઢપુર સુધી હરિભક્તો એકતાર થઈ ગયા હતા. ૧૪. શ્રીહરિનાં દર્શન કરીને સહુ ભક્તો જય જયકાર કરતા હતા. શ્રીહરિનાં દર્શન વિના આ હરિભક્તોને ઘણા દિવસ વીતી ગયા હતા. ૧૫. જ્યારે શ્રીહરિ ગઢપુર નજીક આવ્યા ત્યારે સૂર્ય અસ્ત થયો. દરબાર જીવા ખાચર પણ તે વખતે શ્રીહરિની સન્મુખ પોતાના ભાઈ અને પુત્રોની સાથે આવ્યા હતા. તેમણે શ્રીહરિનાં દર્શન કર્યા. ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા, તેની અદ્‌ભુત શોભા બની હતી જે કહી શકાતી નથી. ૧૬-૧૭. તે સમયે શ્રીહરિની સન્મુખ ઢોલ આદિક વાજિંત્રોવાળા આવ્યા હતા. તેઓ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા હતા. લોકો મુખથી સ્વામિનારાયણ ભગવાનનો 'જય જયકાર' કરતા હતા. ૧૮. દરબાર જીવા ખાચર જેટલાં શ્રીફળ લાવ્યા હતા, તે શ્રીહરિની આગળ ધર્યાં અને ચરણકમળમાં મસ્તક નમાવ્યું. ૧૯.

❋ સત્સંગમાં જેવો ભાવ થાય તેવું ફળ પમાય :

પછી તેઓ શ્રીહરિની આગળ પગપાળા ચાલ્યા. કેમ જે, તેઓ શ્રીહરિની આગળ પગપાળા ચાલવામાં જ મોટપ માનતા હતા. શ્રીહરિની સન્મુખ પગપાળા ચાલવું, તેના જેવી કોઈ મોટપ કહેવાતી નથી. જે જે મોટપ રહી છે; જેમ કે, વિમાનમાં બેસવું કે ગરુડ ઉપર બેસવું, તેના કરતાં પણ તેઓ શ્રીહરિની આગળ પગે ચાલવું તેમાં સહુથી અધિક મોટપ માનતા હતા. ૨૦-૨૧. શ્રીહરિએ જીવા ખાચરને અશ્વ ઉપર બેસવાનું કહ્યું, પરંતુ તેઓ શ્રીહરિની આગળ પગપાળા ચાલવામાં ઘણું માહાત્મ્ય માનતા હતા. ૨૨. **જેના દિલમાં જેવો ભાવ હોય તેને શ્રીહરિ જાણતા હોય છે. તેથી જેવો ભાવ હોય તેવું ફળ આપે છે. પણ ક્યારેય ફળ આપવામાં ભૂલી જતા નથી.** ૨૩.

શ્રીહરિ જ્યારે **ગઢપુરમાં** પધાર્યા ત્યારે મશાલો પ્રગટી હતી. જ્યારે રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે વાજિંત્ર વાગી રહ્યાં હતાં. બજારમાં જેટલા લોકો ઊભા હતા, તેમણે આવીને હૃદયમાં ઘણું હેત લાવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૨૪-૨૫. સહુ હાથ જોડી મસ્તક નમાવતા, અને શ્રીહરિનો જય જયકાર કરતા હતા. આ રીતે શ્રીહરિ દાદા ખાચરના દરબારગઢમાં આવ્યા, અને અશ્વ ઉપરથી ઊતર્યા. તે સમયે આથમણા બારના ઓરડાની ઓસરીમાં પલંગ બિછાવેલો હતો. તેના ઉપર આવીને બેઠા. શ્રીહરિ ત્યારે સુરતમાં મતપંથીઓ વચ્ચે દિગ્વિજય કરીને ગઢપુર આવ્યા હતા. ૨૬-૨૮. તે સમયે શ્રીહરિના પલંગની પાસે આવીને જીવા ખાચર બેઠા. પછી તેણે શ્રીહરિને પૂછ્યું કે, "મહારાજ ! સુરતમાં કેવી કેવી વાતો બની હતી ? જે કાંઈ જેમ બન્યું હોય તે હું સાંભળવા ચાહું છું, તો આપ પ્રેમથી કહો."

ત્યારે જીવા ખાચરનો બધો ભાવ જોઈને શ્રીહરિ સુરતમાં જે વાત જેમ થઈ હતી, તે વાતને તે રીતે અતિ પ્રેમ લાવીને કહેવા લાગ્યા. તે બધી વાતને સાંભળીને સહુ ખુશી થયા. કારણ કે, તે વાતમાં શ્રીહરિનો ઘણો પ્રતાપ રહ્યો હતો. ૨૯-૩૧. શ્રીહરિના દિવસે દિવસે આવા અપાર પ્રતાપને દેખીને, તેમણે સત્સંગનાં મૂળ વારંવાર દૃઢ થઈ રહ્યાં છે, તથા ધર્મનાં મૂળ

છે તે પણ જામી રહ્યાં છે એમ દેખ્યું. ૩ર. શ્રીહરિની જેટલી વાત હોય તે બધી સહજ સ્વભાવે અધર્મનાં મૂળોને કાપનારી હોય છે. કેમ જે, ધર્મની વાત સર્વથી પર વર્તનારી છે. ૩૩. જે ધર્મને મુખ્ય રાખે છે તેનો પ્રતાપ ક્યારેય ઘટતો નથી, અને જે જેટલો ધર્મનો ત્યાગ કરે છે તેનો તેટલો પ્રતાપ ઘટી જાય છે; એમ સમજીને વિવેકી પુરુષો ક્યારેય ધર્મનો ત્યાગ કરતા નથી. ધર્મની જેટલી વાતો રહી છે તે બધી સત્સંગથી દેખાય છે. ૩૪-૩૫.

❋ શ્રીહરિ અને સત્સંગ એ જ સારમાં સાર છે :

चोपाई :

शास्त्र में बात जिस रित रहाते, सत्संग से तिस रित देखाते;
सत्संग बिन पढत हे जितने, अज्ञानतम न टरत हि तितने...३६

दोहा : भगवान बिन हि बात में, मानत जितना सार;
तितना हि अज्ञान तेहि, रहायेउ निरधार...३७

भगवान बिन चित जितना, चितवन करत रहाय;
तितना रहे अज्ञान हि, देखे न आत ताय...३८

सोरठा : सत्संग बिन हि जोउ, ज्ञानरूप नेत्र जेहि;
आवत न कबहु सोउ, तेहि कर सत्संग अधिक...३९

शास्त्र जितनेउ जेहु, कहत भयेउ ठोर ठोर;
बांचत समझत न तेहु, सत्संग जिस रित रहेउ...४०

શાસ્ત્રમાં જે રીતની વાત હોય છે તે રીતની બધી વાત સત્સંગ વડે દેખાય છે. સત્સંગ કર્યા વગરના જે ભણેલા હોય છે, તેને અજ્ઞાનનું અંધારું ટળતું નથી. ૩૬. કોઈ પણ જીવ ભગવાન સિવાયની વાતમાં જેટલો સાર માને છે તેટલું તેમાં ચોક્કસ અજ્ઞાન રહ્યું હોય છે. ૩૭. ભગવાન સિવાયનું જેનું ચિત્ત જેટલું ચિંતવન કરતું રહે છે, તેટલું તેમાં અજ્ઞાન રહ્યું છે પણ તે તેને દેખ્યામાં આવતું નથી. ૩૮. સત્સંગ કર્યા વિના મનુષ્યને ક્યારેય જ્ઞાનરૂપી નેત્ર આવતા નથી. એટલા માટે જ સત્સંગને સહુથી અધિક કહ્યો છે. ૩૯. જેટલાં શાસ્ત્રો છે તે સર્વે ઠેર ઠેર સત્સંગને અધિક કહેતા રહે છે. પરંતુ ઘણા તેને વાંચતા હોવા છતાં, આપ મેળે સત્સંગ જેવો છે તેવો તેને સમજાતો નથી. ૪૦.

આ રીતે શ્રીહરિએ ગઢપુરવાસી ભક્તોની આગળ સત્સંગનું મહત્ત્વ તથા સુરત વગેરે વિચરણની વાતો કહી. તે સાંભળીને સહુ ભક્તો અતિશય રાજી થયા. હરિલીલામૃત ક.૮ વિ.૩૫માં કહ્યું છે કે,

કરિ શ્રીહરિનાં દરશન, સર્વ રાજિ થયા હરિજન;
લીલા સૂરતમાં કરિ જેહ, સંભળાવિ સંતે સૌને તેહ...૬૩

સુણિ શ્રીજીનો પ્રૌઢ પ્રતાપ, ઉપજ્યો સૌને હરખ અમાપ;
સુરતી હરિભક્તનો પ્રેમ, સાંભળ્યો અતિ ઉત્તમ એમ...૬૪

બિજા પ્રેમિયોનો પ્રેમ જેહ, જાણ્યો સૂરતિથી લઘુ તેહ;
પ્રભુને વિનવી પાયે લાગે, સુરતીના જેવો પ્રેમ માગે...૬૫

કહે વર્ણિ સુણો નૃપ વાણી, લીલા સૂરતની જે વખાણી;
સ્નેહે જે સાંભળે સંભળાવે, તેનાં જન્મમરણ દુ:ખ જાવે...૬૬

શ્રીજીનો મહિમા સમજાય, દૃઢ નિશ્ચય અંતરે થાય;
લીલા એહ સંભારે વિચિત્ર, તેનું અંતર થાય પવિત્ર...૬૭

પુષ્પિતાગ્રાવૃત્ત :

સુરત નગરમાં સખા સહીત, વિચરિ મહાપ્રભુ આપ રૂડિ રીત;
કૃત અદભુત તે ચરિત્ર રાય, ગણિ ગણિ અક્ષરધામમાં ગવાય...૬૮

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના સપ્તવિંશ પૂરમાં “શ્રીહરિ સવારમાં ધોલેરાથી નીકળ્યા તે સાંજે ગઢપુર પહોંચ્યા” એ નામે એકસો ને ચોથો તરંગ સમાપ્ત ॥૧૦૪॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે
સપ્તવિંશ પૂર સંપૂર્ણ ॥૨૭॥



INDEX

પરિશિષ્ટ



મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

સુરત લીલાનાં પદો

રાગ-ગરબી

ઢાળ - સાંભળ્ય સજની રે લાલ તણી કહું લીલા

પદ-૧

સુરત પધાર્યા રે શ્રીઘનશ્યામ મોરારી;
સંત સખાને રે સંગે લઈ સુખકારી...૧
રૂડે અશ્વે રે બેસીને વનમાળી;
સંત સહુ મુખથી રે ગાવે દેતા તાળી...૨
રૂડા શોભે રે અશ્વ ઘણી ઘુમરમાં;
અંબર છાયો રે ગર્દ તણી ધુમરમાં...૩
સિદ્ધાનંદ કહે રે શોભા થઈ અતિ ભારી;
જય જય ધુની રે બોલે સહુ નરનારી...૪

પદ-૨

બોચાસણ આવી રે રાત રહ્યા અવિનાશી;
દાસ પોતાના રે જાણીને સુખરાશી...૧
કાશીદાસજી રે નામ કરી તે કહાવે;
સંત હરિ બિન રે બીજું નવ સોહાવે...૨
વિવિધ પ્રકારના રે પાક કરીને ખાંતે;
હરિ જમાડ્યા રે સંત સહિત તે રાતે...૩

સિદ્ધાનંદ કહે રે પરમ ભક્ત હરિદાસ;
પ્રહ્લાદસરિખારેનહિકોઈનોઉરત્રાસ...૪

પદ-૩

સવારે ચાલ્યા રે ચતુરવર રંગછેલો;
મધ્યાને આવ્યા રે દેવાણે અલબેલો...૧
રાજદ્વારમાં રે રાજાએ પધરાવ્યા;
વિવિધપ્રકારની રે પૂજા કરી વધાવ્યા...૨
ત્યાંથી જમી રે ત્રીજા પહોરે સ્વામી;
રહ્યા કારેલી રે મહિ ઊતરી બહુનામી...૩
સિદ્ધાનંદ કહે રે રાત રહ્યા ત્યાં પ્યારો;
સરોવર કાંઠે રે શ્યામ કરી ઉતારો...૪

પદ-૪

ત્યાંથી વહેલા રે ઉઠ્યા આનંદકારી;
હરિને શોભે રે રૂડી સંગ અસવારી...૧
રૈ ગયા ત્યારે રે મુનિવર જે વાંસે;
તેને તેડાવી રે લીધા પોતે પાસે...૨
મધ્યાને આવ્યા રે આમોદે અવિનાશી;
દર્શન કરવા રે આવ્યા પુરજનવાસી...૩
સિદ્ધાનંદ કહે રે વિપ્ર રહે ત્યાં ભારી;
દીનાનાથજી રે વ્યાસમુનિ અનુસારી...૪

પદ-૫

દાસ પોતાના રે હરજીવન ત્યાં કહાવે;
શાહુકાર મોટા રે હરિવરને મન ભાવે...૧
રસોઈ તેની રે જમીને નવરંગી;
બુવે આવી રે રાત રહ્યા ત્રિભંગી...૨

અમીન ત્યાંના રે કાનદાસ કહાવે;
સેવક સદા રે હરિવરના તે રહાવે...૩
સિદ્ધાનંદ કહે રે પાક કરાવી સાર;
સંત હરિને રે જમાડ્યા તે વાર...૪

પદ-૬

રાજી થયા રે રાજીવનેણ રુપાળો;
દાસ પોતાના રે જાણીને છોગાળો...૧
થયો અલૌકિક રે સમૈયો અતિ સાર;
દેશ દેશના રે દાસ મળ્યા અપાર...૨
કીર્તન કથા રે કર્યાં ત્યાં બહુ રંગે;
રાજી થયા રે હરિજન અતિ ઉમંગે...૩
સિદ્ધાનંદ કહે રે સવારે સિધાવ્યા;
હરિ સંત સર્વે રે, ભરૂચ બંદર આવ્યા...૪

પદ-૭

દાસ હરિના રે રૂડા ત્યાં એક કહાવે;
શાહુકાર મોટા રે તુઈરામ રહાવે...૧
વાલાની ખબર રે સુણીને તત્કાળ;
આવ્યા દોડી રે પૂજાનો ભરી થાળ...૨
પ્રેમે પૂજી રે પાય પડી વાલાને;
વહાણે બેસારી રે ઉતાર્યા રેવાને...૩
સિદ્ધાનંદ કહે રે અંકલેશ્વર હરિ આવ્યા;
દક્ષિણ ભાગોળ રે ઉતારા ત્યાં કરાવ્યા...૪

પદ-૮

હરિ ત્યાં જમ્યા રે સંત સમાજે સોતા;
નિજજન કેરા રે મનડાને વળી મોતા...૧

રાત્ય ત્યાં રહ્યા રે રસિયોજી રંગભીનો;
પાર ન પાવે રે ગાતા શેષજીનો...૨
ત્યાંથી વેલા રે ઉઠી ચાલ્યા પોતે;
કોસાડ આવી રે રાત રહ્યા સંત સોતે...૩
સિદ્ધાનંદ કહે રે સવારે સુખકારી;
તાપી ઉતર્યા રે વહેલા ગિરિવર ધારી...૪

પદ-૯

મુનિ બાવો રે રાજી થયા છે ભારી;
પોતાનું ધાર્યું રે કર્યું નવલવિહારી...૧
આનંદ પામી રે હરિને ચરણે પડિયા;
મનના મનોરથ રે વાલે પૂરા કરિયા...૨
વધામણી લઈને રે રૂડી વાલમ કેરી;
શહેરમાં ગયા રે મોરેથી રંગ લહેરી...૩
સિદ્ધાનંદ કહે રે અરદેશરજી પાસે;
આવ્યાવહેલારેમનમાંઅતિહુલ્લાસે...૪

પદ-૧૦

શેઠે વધામણી રે સુણી વાલા કેરી;
પડઘમનગારાંરેવજડાવીશુભભેરી...૧
મેવા મીઠાયું રે આપીયું અપાર;
મંગળ ગાવે રે માનનીયું અતિ સાર...૨
વિપ્ર અંબારામ રે શેઠે મેલ્યા વહેલા;
પુરજનવાસી રે તે સહુથી પહેલા...૩
સિદ્ધાનંદ કહે રે આવ્યા હરિવર પાસે;
ચરણે પડિયા રે મનમાં અતિ હુલ્લાસે...૪

પદ-૧૧

હાથ જોડીને રે વિનંતિ બહુવાર;
શીર નમાવી રે કરી ઘણી પ્રકાર...૧
રસ્તુમબાગે રે ઉતરવાને કાજે;
શેઠે હુકમ રે આપ્યો છે સહુ સાજે...૨
આવશે કાલે રે શેઠ જોઈ શુભ વાર;
પૂજા કેરા રે લઈ શુભ ઉપચાર...૩
સિદ્ધાનંદ કહે રે શ્યામ મહાસુખકારી;
ચાલ્યાઉતરવારેરસ્તુમબાગમોરારી...૪

પદ-૧૨

રસ્તુમબાગે રે આવી હરિ ઊતરિયા;
તાપી તીરે રે દેખી આનંદ ભરિયા...૧
વિવિધ પ્રકારે રે વૃક્ષ કરી તે શોભે;
પુષ્પઅનુપમરેભ્રમરતણાંમનલોભે...૨
તેની વિચમાં રે બંગલો બહુ એક સારો;
તેમાં આવી રે ઊતર્યા પ્રીતમ પ્યારો...૩
સિદ્ધાનંદ કહે રે મુનિવર પણ સંગે;
ઊતર્યા આવી રે મનમાં અતિ ઉમંગે...૪

પદ-૧૩

ખબર સુણી રે આવ્યા ત્યાં નરનારી;
વિવિધ પ્રકારની રે પૂજા લૈને ભારી...૧
અંબર ભૂષણ રે સુંદર અંગે પહેરી;
આનંદભરિયારેદોડ્યાઆવેશહેરી...૨
હરિને જોવા રે આતુર થૈ અતિ મનમાં;
ગીત મનોહર રે ગાવે છે ઉમંગમાં...૩

સિદ્ધાનંદ કહે રે તેને દેખી વાલો;
રાજી થયા રે સુંદરવર છોગાળો...૪

પદ-૧૪

હરિજન આવી રે સહુ વાલાની પાસે;
દંડવતકરિયારેમનમાંઅતિહુલ્લાસે...૧
થાળ મોતીના રે ભરી ભરી બહુ વારે;
હરિનેવધાવ્યારેનાનાવિધઉપચારે...૨
હાર ગુલાબી રે લાવી વારમવાર;
કંઠે પહેરાવે રે વાલાને કરી પ્યાર...૩
સિદ્ધાનંદ કહે રે આનંદ ઓછ્વ ભારી;
થયો અલૌકિક રે સમૈયો સુખકારી...૪

રાગ-ગરબી

ઢાળ - ગોરસ લઈને ગોપિકા ચાલી વેચવા કાજે

પદ-૧

પાટ મનોહર ઉપર્યે બેઠા બહુનામી;
અંબર ભૂષણ પેરીને શોભે ઘણું સ્વામી...૧
સંત સખા વીંટી વળ્યા ચહું સ્વામીની પાસે;
પૂરણ ચંદ તારા વચ્ચે જેમ શોભે આકાશે...૨
ભીડ મચી બહુ જનની આવીને ભારી;
પ્રીતમ જોવા કારણે ઊભા નરનારી...૩
સિદ્ધાનંદ કહે શ્રીહરિ નિશિ રહ્યા ત્યાં એક;
જનહિતકારી વાતનો કરવાને વિવેક...૪

પદ-૨

આરો ત્યાં અશ્વિનીકુમારનો પવિત્ર કહાવે;
દેવ ઋષિ જ્યાં સર્વે નિત નાવાને આવે...૧

એવું વિચારીને વાલમો સંગે સંતને લઈને;
સવારે નાવા ગયા સુખપાલે બેસીને...૨
નાઈ કરીને આવિયા પ્રભુ પાછા ઉતારે;
નિજજન વિવિધ પ્રકારના પાક કર્યા તે વારે...૩
સંત સહિત હરિ આવીને જમ્યા બહુ પ્રીતે;
સિદ્ધાનંદ કહે વાલમો કરી રૂડી રીતે...૪

પદ-૩

આંબલિયુંની છાયામાં પછી આવી બિરાજ્યા;
નટવર સુંદર શામળો શોભે મહારાજા...૧
ગાદી તકિયા ઉપરે બેઠા હરિ શોભે;
દેવ માનવ નરનારીનાં મન દેખીને લોભે...૨
પાનબીડી બહુ ભાતની હરિજન કરી પ્રીતિ;
મુખવાસ આપ્યો માવને અતિશય રસરીતિ...૩
સિદ્ધાનંદ કહે શામળો જન દેખીને મનમાં;
રાજી થઈને બોલિયા તે જાણ્યા વચનમાં...૪

પદ-૪

શેઠ અરદેશર શહેરના રાજનીતિમાં પૂરા;
વિવિધ પ્રકારના અર્થને જાણ્યામાં છે શૂરા...૧
ખબર જાણી ઘનશ્યામની આવ્યાની જ્યારે;
આતુર થયા અતિ પ્રેમથી તે શેઠજી ત્યારે...૨
વિવિધ પ્રકારની થાળમાં પૂજા લઈ ભારી;
ચારટ બેસીને આવિયા ચુંપે ત્યાં સારી...૩
સિદ્ધાનંદ કહે શ્યામને આવી પાયે પડિયા;
ઊભા થઈ અતિ હેતશું પછી હરિવર મળિયા...૪

રાગ - વાલા રમઝમ કરતાં કાન, મારે ઘેર આવો રે

પદ-૧

શેઠ અરદેશરજી જાણ બુદ્ધિના ભારે રે;
હાથ ગ્રહીને ઘનશ્યામ, બેસાર્યા તે વારે રે...૧
બોલ્યા શેઠજી ગદગદ કંઠ, હાથ જોડીને રે;
હું ખબર સુણી મહારાજ, આવ્યો દોડીને રે...૨
તમે કૃપા કરી બહુ નાથ, નિજ જન જાણી રે;
આવ્યા દર્શન દેવાં કાજ, સારંગપાણી રે...૩
સિદ્ધાનંદ કહે શેઠનું હેત, જાણીને સ્વામી રે;
બોલ્યા અમૃત સરખા વેણ, અંતરજામી રે...૪

પદ-૨

અમે આવ્યા તમારે કાજ, શેઠજી ધારી રે;
સંગે સંત લઈ સહુ સાથ, સમજી વિચારી રે...૧
અમે પ્રેમીજનની પ્રીત, તણા છીએ ભોગી રે;
ધન માન તણી નહિ આશ, એવા અમે જોગી રે...૨
આ સંત સહુ નિયમ જુક્ત, દૃઢ કહાવે રે;
સત્શાસ્ત્રનાં વચન પ્રમાણ, લઈને રહાવે રે...૩
સિદ્ધાનંદ કહે જીવનો મોક્ષ, કરવા કાજે રે;
એમ વાત કરી બહુ રીત, શ્રીમહારાજે રે...૪

પદ-૩

શેઠ બુદ્ધિના બહુ જાણ, હરિવર નિરખી રે;
સ્વામી પધારો શહેર માંહી, બોલ્યા હરખી રે...૧
પછી સુખપાલે ઘનશ્યામ, બેસી પ્રીતે રે;
આવ્યા કતારગામની પાસ, રૂડી રીતે રે...૨
પછી અશ્વે થયા અસ્વાર, શ્યામ વિચારી રે;
દેવા જનને દર્શન કાજ, મહાસુખકારી રે...૩

સિદ્ધાનંદ કહે રૂડી રીત, કતારને દ્વારે રે;
હરિ આવ્યા ત્યાં ભીડ અત્યંત, થઈ તે વારે રે...૪

પદ-૪

પુરવાસી સહુ નરનાર, દોડી આવ્યાં રે;
રૂડી ભેટ સામગ્રી અપાર, સર્વે લાવ્યાં રે...૧
વાજે વાજાં વિવિધ પ્રકાર, છત્રિશ સાથે રે;
પડે નગારાની ઠોર, એક સંગાથે રે...૨
છડી કનકની લઈ હાથ, છડીદાર બોલે રે;
કરે જય જય ધુની જન, મગન થઈ ડોલે રે...૩
સિદ્ધાનંદ કહે શ્રીઘનશ્યામ, એવી રીતે રે;
વાલો પુરમાં પધાર્યા નાથ, કરી મન પ્રીતે રે...૪

રાગ - હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે

પદ-૧

હરિવર ઘેર્યા રે, બહુ અશ્વતણી ઘુમરમાં;
સંતજન કીર્તન રે, વળી ગાય અતિ ઉમંગમાં...૧
નાના પ્રકારનાં રે, વાજિંત્ર રૂડાં વાગે;
વાજાં ભેળે રે, ગારદ બહુ સારી લાગે...૨
બીજા જનનો રે, આગળ પાછળ નહિ પાર;
જય જય ધુની રે, તે બોલે વારંવાર...૩
સિદ્ધાનંદ કહે રે, જન પુરતણી બજારે;
શોભા કરી રે, મંગળકારી ઉપચારે...૪

પદ-૨

હરિને હેતે રે, જન જુવે ગોખ અટારી;
પુષ્પની વૃષ્ટિ રે, વરસાવે ઉપર સારી...૧
પાઘ કસુંબી રે, સોનાની કોરે ભારી;
હરિને શોભે રે, રૂડી તે મસ્તક ધારી...૨

ગુચ્છ ગુલાબી રે, કાનુ બેઉ ઉપર શોભે;
પાઘમાં તોરા રે, લટકંતા મનને લોભે...૩
સિદ્ધાનંદ કહે રે, બીજા અંબર હરિ અંગે;
દિશે રૂડાં રે, તે દૂધ તણે ફીણ રંગે...૪

પદ-૩

હાર ગુલાબી રે, ઉર પર સુંદર ધાર્યા;
પોંચી બાજુ રે, ગજરા કરમાં શણગાર્યા...૧
જમણે હાથે રે, રૂમાલ લઈ રૂપાળો;
મુખ દઈ રહ્યા રે, શોભે છે શ્યામ છોગાળો...૨
શિર પર સુંદર રે, વળી છત્ર અનુપમ શોભે;
બે કોર ઢળતા રે, ચમર તે મનને લોભે...૩
સિદ્ધાનંદ કહે રે, એવી શોભાને હરિ ધારી;
ચાલ્યા આવે રે, બજારે જનસુખકારી...૪

પદ-૪

પુરની સ્ત્રીયા રે, સર્વે હરિ જોવા સારુ;
વેગે આવી રે, મળી તે લાખ હજારુ...૧
કોઈકે અવળા રે, અંબરને પહેરી લીધા;
કોઈકે અંજન રે, એક લોચનિયામાં કીધા...૨
કોઈક બાળક રે, ધાવતાં મેલી આવી;
કોઈકેઆભરણરે,અંગઅદલબદલબનાવી..૩
સિદ્ધાનંદ કહે રે, કોઈ ખાન પાનને મેલી;
આવી દોડી રે, કોઈ ઘરનો ધંધો ઠેલી...૪

રાગ - ચાલ સખી જોવાને જઈએ ખાંતિલો વનમાં ખેલે રે

પદ-૧

હરિવરને દેખવા નરનારી, દોડી આવ્યાં પ્રીતે રે;
લોહ ચમક દેખી જેમ દોડે, પરવશ થઈ એણી રીતે રે...૧

સર્વે સુખના નિધિ છે વાલો, શ્રીઘનશ્યામ સુજાણ રે;
જીવતણા જીવન છે શ્રીહરિ, પ્રાણતણા છે પ્રાણ રે...૨
અનંત ભુવનના છે અંતર્યામી, બ્રહ્માદિકના ઈશ રે;
પુરજનને તે દર્શન દેવા, પધાર્યા જગદીશ રે...૩
કૃપા કરીને સહુ જન ઉપર, જુવે તે અમૃત નેણ રે;
સિદ્ધાનંદ કહે નટવર મૂર્તિ, બોલે મધુર મુખ વેણ રે...૪

પદ-૨

રાજમાર્ગે સ્વામીને લઈને, શેઠજી રૂડી રીતે રે;
લાલકૃષ્ણની વાડીમાં લાવ્યા, નિજ મનમાં કરી પ્રીતે રે...૧
વાડીમાં બે બંગલા મોટા, ઉત્તર દક્ષિણ તે જાણો રે;
તે બંગલામાં હરિ પધરાવ્યા, સંત હિત પ્રમાણો રે...૨
મનના મનોરથ નિજ જન કેરા, હરિએ કર્યા સહુ પૂરા રે;
મનવાંછિત ફળ સહુને દીધાં, કોઈ ન રહ્યા અધૂરા રે...૩
બીજે દિન પછી સ્વામીજીને, હિંડોળે પધરાવ્યા રે;
સિદ્ધાનંદ કહે અંબર ભૂષણ, વિવિધ પ્રકારે પેરાવ્યા રે...૪

પદ-૩

નિત નિત લીલા કરે હરિ નૌતમ, આનંદ જનને દેવા રે;
કીર્તન કથા કરે સહુ સાધુ, પ્રભુની કરે નિત્ય સેવા રે...૧
નિતનિતભોજનકરીનેહરિજન,વિવિધપ્રકારનાંભારીરે;
સ્વામીને હેતેશું જમાડે, જુગતિ કરીને સારી રે...૨
તે પછી સંત જનને જમાડે, પ્રીત કરીને અપાર રે;
નાના પ્રકારનાં ભોજન લઈને, તાણ કરી બહુવાર રે...૩
સિદ્ધાનંદ કહે સુખ અલૌકિક, હરિજને બહુ લીધાં રે;
મનુષ્યદેહનાં કારજ સર્વે, સુફળ જનમ ધરી કીધાં રે...૪

પદ-૪

અરદેશરજીને હરિ ઉપર, હેત થયું અપાર રે;
નિશ દિન સ્વામીજીની સેવામાં, ઊભા રહ્યા થઈ તૈયાર રે...૧
રૂડા પ્રશ્ન કરે નિત્ય હરિશું, ભવબંધ છૂટવા કાજ રે;
તે સર્વેના ઉત્તર કરે શ્રીહરિ, હેત કરી મહારાજ રે...૨
શેઠે વાત સુણીને વાલાની, હરિને તે તનમન દીધું રે;
મનુષ્યદેહનું કારજ જે જે, તે પણ સર્વે કીધું રે...૩
સિદ્ધાનંદ કહે કલ્પતરુ છે, શ્રીઘનશ્યામ સુજાણ રે;
અનંત બ્રહ્માંડના કરતા છે પોતે, અંતરના વળી જાણ રે...૪

રાગ - આવો જીવન જાદવરાય જોવું તારી મૂર્તિ

પદ-૧

ભૂપતિએ શ્રીઘનશ્યામ, કરી બહુ હેતજી;
પધારાવ્યા રાજને દ્વાર, કે સખા સમેતજી...૧
મળ્યા રોબટસાહેબ આપ, કરી અતિ પ્રીતશું;
બેસાર્યા ખુર્શીએ નાથને, રૂડી રીતશું...૨
પછી બોલ્યા સાહેબ હેત, કે ગદગદ મુખથી;
તમે ખુશી છો મહારાજ, કે આનંદ સુખથી...૩
સિદ્ધાનંદ કહે રૂડી રીતે, કરીને નાથને;
બોલાવ્યા કરી બહુ હેત, કે જોડી હાથને...૪

પદ-૨

રૂડા સમાચાર અપાર, પૂછ્યા કરી પ્રેમશું;
તનમન થઈ એકતાન, શ્રવણ ગ્રહી નેમશું...૧
વાત સુણીને સાહેબ આપ, પૂજ્યા ઘનશ્યામને;
હાર ગુલાબી લઈને હાથ, ધર્યા સુખધામને...૨
પાનબીડાં દીધાં બહુ પ્રીત, મેવા ફળ લાવીને;
મીઠાયું મગાવી પવિત્ર, તે આપી આવીને...૩

સિદ્ધાનંદ કહે જોગેશ્વર, જાણી સ્વામીને;
કર્યું સન્માન સારી રીતે, આનંદ મન પામીને...૪

પદ-૩

પછી એરણ સાહેબે કરી હેત, પધરાવ્યા શ્રીહરિ;
મહાજોગી જાણી ઉરમાંઈ, અતિશે હેત કરી...૧
લાવી ખુરશી હાથે આપ, બેસાર્યા શ્યામળિયો;
તે જોઈ રાજી થયા નાથ, કે પ્રીતમ પાતળિયો...૨
મળ્યા સાહેબ તે અતિ પ્રીત, કે પૂરણ પરબ્રહ્મને;
કરી પૂજા વિવિધ પ્રકાર, જાણી બહુ મર્મને...૩
સિદ્ધાનંદ કહે ક્ષેમ કુશળ, પૂછ્યા અતિ પ્રીતશું;
તેનો ઉત્તર દીધો મહારાજ, કે રૂડી રીતશું...૪

પદ-૪

પછી ઈન્દરસન સાહેબે આપ, હરિ પધરાવિયા;
રૂડી ખુરશી મંગાવીને હેતે, ઘણે બેસારિયા...૧
તે સાહેબે હરિશું આપ, પૂછી બહુ વાતને;
તેનો ઉત્તર કર્યો ઘનશ્યામ, ઘણી અતિ ભાતને...૨
પછી સાહેબે કરી બહુ તાણ, રહ્યાની નાથને;
તમે આવી કર્યા મહારાજ, જન કૃતાર્થને...૩
સિદ્ધાનંદ કહે કોઈને એમ, પૂજ્યા ઘનશ્યામને;
સાહેબજી પરમ સુજાણ, સુણી મોટા નામને...૪

પદ-૫

રાજમાર્ગે થઈ પછી શ્યામ, પધાર્યા ઉતારે;
આગે છડીદાર દશ બાર, કે શબ્દને ઉચારે...૧
શહેર થયું સહુ હાલકલોલ, દેખી ઘન ઘનશ્યામને;
મતવાદી નિજ મનમાંઈ, પામ્યા દુઃખધામને...૨

જોઈ સ્વામીનો પ્રતાપ, હૈયે ક્રોધ વ્યાપિયો;
અંતરમાં બળ્યા અપાર, જોર નવ ચાલિયો...૩
સિદ્ધાનંદ કહે જય જયકાર, થયો તે શહેરમાં;
થયા સર્વે જન મગન, આનંદ કેરા પૂરમાં...૪

પદ-૬

જોઈ શહેરના જનનો હેત, સ્વામી રાજી થયા;
બહુદિવસરહ્યાત્યાંશ્યામ,આણીનેઅતિદયા..૧
આનંદ ઉત્સવ તિંહા થાય, અલૌકિક ભાતના;
રૂડા નિત્ય નવીન નવીન, વિવિધ જાતના...૨
થયું સહુ જનને અતિ હેત, સુંદરવર શ્યામમાં;
ઘડી દૂર ન જાય લગાર, કે ઘર કેરા કામમાં...૩
સિદ્ધાનંદ કહે પૂરણ પ્રીત, થઈ જગદીશશું;
થયાંપરવશસહુનરનાર,મોહનવરઈશશું...૪

રાગ - શરદ પૂનમની રાત રે ચંદ ચડ્યો આકાશ

પદ-૧

નવાબ સાહેબે એક દિન, પધરાવ્યા ઘનશ્યામ;
દિનત્રીજાપહોરનેસમે,મહાનિધિસુખનાધામ...૧
ઓલિયા અલૌકિક જાણિયા, રૂહના જાનનહાર;
જુસાના વિભાગનો, જાણે સાર અસાર...૨
હગીગત તરીગત મારફત, શ્રીપતની જો વાત;
છોડી દો જકથી રૂહને, ભિસ્તમેં લે સાક્ષાત...૩
એવા જાણીને હરિનો, આદર કર્યો બહુ પેર;
સિદ્ધાનંદ કહે ખુરશીએ, બેસાર્યા નિજ ઘેર....૪

પદ-૨

અંબર અમૂલિક આપિયાં, પાનબીડાં કરી પ્રીત;
જળ પવિત્ર ગુલાબિયાં, છાંટ્યાં રૂડી રીત...૧

સુવર્ણ છડીયું લઈને, ચોપદાર ચારે કોર;
અદબ રહો મુખથી કહે, પાડી શોર બકોર...૨
ત્યાં થકી હરિને લઈને, અરદેશરજી જાણ;
જ્યેષ્ઠ બંધુ પોતાના, પીરુશા સુજાણ...૩
તેમને મુકામ પધરાવિયા, સ્વામી સહજાનંદ;
સિદ્ધાનંદ તે જોઈને, અંતર થયો આનંદ...૪

પદ-૩

પીરુશાજી શ્રીહરિને, સન્મુખ આવ્યા હેત;
મળ્યા કરી બહુ વિનંતિ, ગદગદ કંઠ સમેત...૧
હાથ ગ્રહી પછી નાથને, સેજ બતલાવી સાર;
તે ઉપર પધરાવિયા, ચૌદ ભુવન આધાર...૨
પહેરામણી કરી પ્રીતશું, રૂડી લઈ તે વાર;
અંબરઅમૂલીબહુભાતના,લાવીવિવિધપ્રકાર...૩
સિદ્ધાનંદ કહે શ્યામને, અર્પ્યાં તન મન પ્રાણ;
મૂર્તિ મનોહર જોઈને, પરમ એ જાણ સુજાણ...૪

પદ-૪

સંધ્યા સમે હરિ ચાલિયા, પાછા ઊભી બજાર;
શેઠે દીપક કરાવિયા, પૂરા એક હજાર...૧
અશ્વ ઉપર બેઠા હરિ, શોભે તેજ અપાર;
રવિ શશી જોઈને લાજિયા, સુંદર એ શણગાર...૨
દેશ પતિ હરિ પાછળે, અશ્વ ઉપર અસ્વાર;
બેઠા તે શોભે ઘણું, તેજ તણે અંબાર...૩
સિદ્ધાનંદ કહે શ્યામની, શોભાનો નહિ પાર;
પાછા ઉતારે પધારિયા, પ્રાણજીવન સુખસાર...૪

રાગ - સખી આજ મોહન દીઠા રે શેરિયે આવતા

પદ-૧

પછી એક દિન શેઠને રે, બોલાવિયા સ્વામીએ રે;
બહુ હેત જ દઈને રે, મહાસુખધામીએ રે...૧
તમે સેવા અમારી રે, કરી અતિ હેતશું રે;
થયા રાજી તમ ઉપર રે, સંત સમેતશું રે...૨
અમે બહુ દિન સુધી રે, શહેર મધ્યે કોઈમાં રે;
ક્યાંઈ નથી રહ્યા રે, દિન કોઈ આજ સુધીમાં રે...૩
સિદ્ધાનંદ કહે સ્વામીએ રે, કહ્યું એમ હેતમાં રે;
તે તો જાવાને સારુ રે, કે પાછા દેશમાં રે...૪

પદ-૨

તે સુણીને વાતું રે, કે મોહનલાલની રે;
ચુંપે જાવાની મરજી રે, જાણી કૃપાળની રે...૧
પછી હરિજન સર્વે રે, ટોળે મળ્યા આવીને રે;
હાથ જોડીને વિનંતિ રે, કરી હેત લાવીને રે...૨
તમે બહુ દિને આવી રે, કૃપા કરી નાથજી રે;
હવે નહિ જાવું ક્યાંય રે, કૈયે નામી માથજી રે...૩
સિદ્ધાનંદ કહે સ્વામીએ રે, તે સહુને બોલાવીને રે;
સમજાવ્યા તે હેતે રે, આનંદ પમાડીને રે...૪

પદ-૩

પછી સાંજને સમયે રે, કે સહજાનંદજી રે;
બોલાવવા કાજે રે, કે આવ્યા શેઠજી રે...૧
સંત હરિજન સહુને રે, સંગ લઈ નાથજી રે;
ચાલ્યા ગાજતે વાજતે રે, કરી રૂડો સાથજી રે...૨
એવી રીતે આવ્યા રે, કે વાડીએ શેઠની રે;
મશાલું કરીયું બહુ રે, વિલાતી ઠેઠની રે...૩

સિદ્ધાનંદ કહે માર્ગે રે, ઊભા બે હારમાં રે;
ગારદની પલટન શોભે રે, રૂડી એક તારમાં રે...૪

પદ-૪

તે વાડીને મધ્યે રે, કે બંગલો સાર છે રે;
તે શોભાએ રૂડો રે, અતિ છબીદાર છે રે...૧
ત્યાં પલંગ ઉપરે રે, બેસાર્યા શ્યામને રે;
રૂડા ગાદી તકિયા રે, નાખી સુખધામને રે...૨
પછી સંત સહિત રે, પૂજ્યા જગદીશને રે;
મોંઘા શાલ-દુશાલા રે, ઓઢાડિયા ઈશને રે...૩
સિદ્ધાનંદ કહે કીર્તન રે, સંત તિંહા બોલિયા રે;
તેને સાંભળી પુરજન રે, અતિશે ડોલિયા રે...૪

રાગ - ઓરા ઓરા આવો રે કે મોહન મરમાળા

પદ-૧

સ્વામી શેઠશું બોલ્યા રે, કરી મન પ્રીતલડી;
તમે સંતની જાણી રે, કે રૂડી રીતલડી...૧
આ સંતશું પ્રીતિ રે, કે કરજો નિત્ય નવી;
તમે બુદ્ધિમાનમાં રે, રૂડા છો રે કવિ...૨
આ સંત છે મોટા રે, કે જીવ તણા હેતુ;
એ ધર્મની પાળે રે, જથારથ રૂડી સેતુ...૩
સિદ્ધાનંદ કે આ જેવા રે, કે સંત નથી જગમાં;
સ્વામી એમ બોલ્યા રે, કે શેઠ માનો મનમાં...૪

પદ-૨

અમે અહીં રહેશું રે, હવે એક રાતલડી;
તમે સુણી લેજો રે, અમારી વાતલડી...૧

કાલ જમીને અમે રે, કે ચાલશું ચુંપે;
અમે નથી મોહ્યા રે, કે કોઈ તણે રૂપે...૨
તમ સારુ છેટેથી રે, અમે આવ્યા ઈહાં;
તે કામ થયું સર્વે રે, કે પાછા જાશું તિહાં...૩
એમ કહીને વાલો રે, ઉતારે આવિયા;
સિદ્ધાનંદ કહે આવી રે, કે સજાયે પોઢી રિયા...૪

પદ-૩

સવારે ઉઠીને રે, કે સુંદર શ્યામળિયો;
બેઠા દાંતણ કરવા રે, કે પ્રીતમ પાતળિયો...૧
પછી રૂડી રીતે રે, કે નાહ્યા નીર ઉને;
હરિજનને બોલાવ્યા રે, કે ચુપ કરી સહુને...૨
સંતને જમાડો રે, કે વાર ન કરો તમે;
હવે ચાલશું વેલા રે, કે બહુ દિન રહ્યા અમે...૩
સિદ્ધાનંદ કહે વેલા રે, કે પછી સહુ સંતને;
જમાડિયા પ્રીતે રે, કે કરી રૂડાં ભોજનને...૪

પદ-૪

વાલમ પણ જમિયા રે, કે તૈયાર થયા વેલા;
અશ્વની ઉપર રે, કે બેઠા સહુ પહેલા...૧
સંતને સંગે રે, કે લઈને તૈયાર થયા;
તિહાં અરદેશરજી રે, કે આવીને મળિયા...૨
રૂડી રીતે સ્વામીને રે, કે આદરભાવ કરી;
ગાજતે વાજતે રે, કે રૂડે ભાવભરી...૩
સિદ્ધાનંદ કહે નિસર્યા રે, કે લાલદરવાજે હરિ;
ગારદની શોભે રે, કે પલટન સંગ ખરી...૪

રાગ - મારી સાર લેજો અવિનાશી રે

પદ-૧

સંગે હરિજન સહુ નરનારી રે, આવ્યા શોકે વ્યાકુળ થઈ ભારી રે...૧
વાલાનો વિજોગ સંભારી રે, સહુ વિનંતિ કરે પોકારી રે...૨
ખાન પાન તે સહુ વિસરિયા રે, વાલા વિજોગે ભરાયા હૈયા રે...૩
સિદ્ધાનંદ કહે સુખ અપાર રે, વાલે જનને દીધા વારંવાર રે...૪

પદ-૨

હરિ આવિયા રૂસ્તમબાગ રે, તાપી તીરે તે શોભે જાગ રે...૧
રૂડી આંબલિયું ત્યાં આવ્યા રે, વળી સંત સહુ સંગ લાવ્યા રે...૨
તિહાં બેઠા કુંજવિહારી રે, ઘણું શોભે મહાસુખકારી રે...૩
સિદ્ધાનંદ કહે સ્વામીની પાસે રે, સંત બેઠા અતિ હુલ્લાસે રે...૪

પદ-૩

અરદેશરજી ઘણું જાણ રે, સ્વામી પાસે બેઠા સુજાણ રે...૧
હાથ જોડીને વિનંતિ સાર રે, રૂડી હરિશું કરી તે વાર રે...૨
અમે છીએ તમારા દાસ રે, એમ જાણજો સર્વનિવાસ રે...૩
સિદ્ધાનંદ કહે અંતરજામી રે, સુણી રાજી થયા બહુનામી રે...૪

પદ-૪

ઊભા થઈને પછી હરિ મળ્યા રે, વાલે શેઠને પોતાના કરિયા રે...૧
પછી શેઠને સ્વામી કૃપાળ રે, નિજ પાઘ આપી તત્કાળ રે...૨
હાર ગુલાબીએ તે સહિત રે, શેઠે નિજ શિર ધરી અતિ હિત રે...૩
સિદ્ધાનંદ કહે શેઠ મનમાંય રે, અતિ રાજી થયા વળી ત્યાંય રે...૪

રાગ-ગરબી

પદ-૧

પછી હરિવર ગોવિંદભાઈ રે, લક્ષ્મીચંદ લીધા બોલાઈ રે...૧
ગિરધરભાઈ પ્રેમ મગન રે, એ આદિ સર્વે હરિજન રે...૨
વાલે ચરણકમળ તેને દીધાં રે, મનવાંછિત કારજ કીધાં રે...૩
સિદ્ધાનંદ કહે શ્રીગિરધારી રે, તેશું વાત કરી હિતકારી રે...૪

પદ-૨

પછી એ સમયે મોરારી રે, ચુંપે ચાલવાની કરી તૈયારી રે...૧
ત્યાં હરિજન સહુને બોલાવી રે, બહુ રાજી કર્યા હસાવી રે...૨
વળી અમૃત નયણે જોઈ રે, વાલે ચિત્તને લીધાં પ્રોઈ રે...૩
સિદ્ધાનંદ કહે હરિ દઈ હેત રે, પછી ચાલિયા સંત સમેત રે...૪

પદ-૩

અશ્વે બેઠા શોભે અવિનાશી રે, અતિ પ્રેમ મગન હુલ્લાસી રે...૧
બીજા અશ્વ ઘણા સ્વામી પાસ રે, બહુ શોભે છે નૃપતિદાસ રે...૨
હરિએ અરદેશરજી બોલાવી રે, ત્યાંથી પાછા વાળ્યા હેત લાવી રે...૩
સિદ્ધાનંદ કહે હરિજન જેહ રે, પાછા વાળ્યા તે વાલમે તેહ રે...૪

પદ-૪

સ્વામી તાપી તીર ઊતરિયા રે, હરિજન ત્યાં ઊભા સહુ રિયા રે...૧
થયો આનંદ જય જયકાર રે, દેવે દુદુંભી બજાવ્યા તે વાર રે...૨
સંવત અઢાર એકાશી વર્ષ રે, કારતિક વદિ તિથિ ત્રિયોદશ રે...૩
સિદ્ધાનંદ કહે સમૈયો એ ભારી રે, થયો ત્રિભુવન જશ વિસ્તારી રે...૪

પદ-૫

આ લીલા અલૌકિક કહાવે રે; તેને જે કોઈ પ્રેમેશું ગાવે રે...૧
તેને અંત સમયે હરિ આવી રે; લઈ જાશે તે જમથી મુકાવી રે...૨
એમાં લેશ નહિ સંદેહ રે; જાણી લેજ્યો વિવેકી તેહ રે...૩
સિદ્ધાનંદ કહે વૈકુંઠ વાસ રે; ગાય તેને મળે વિન પ્રયાસ રે...૪

ઈતિ શ્રીસિદ્ધાનંદસ્વામીકૃત સુરત શ્રીજીમહારાજની લીલાનાં પદ સમાપ્ત



INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર-કુંડળધામ તથા કારેલીબાગ, વડોદરા દ્વારા કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદ સ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. કીર્તનસાર
૧૬. સાગર સાર ભાગ : ૧ થી ૧૨
૧૭. શિક્ષાપત્રી
૧૮. હરિસ્મૃતિ
૧૯. હરિરસામૃત
૨૦. નિત્યનિયમ
૨૧. શાંતિપાઠ
૨૨. સંત આખ્યાન
૨૩. ભક્ત આખ્યાન
૨૪. વેદરસ
૨૫. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૨૬. સદ્.શ્રીઅદ્ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૨૭. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૨૮. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૨૯. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૩૦. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૩૧. સદ્.શ્રીભૂમાનંદ સ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૩૨. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૩૩. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૩૪. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૫. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૮. શ્રીપુરુષોત્તમલીલા
૩૯. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૪૦. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૪૧. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૪૨. સ્વાસ્થ્ય સુધા
૪૩. વાલપનાં વેણ
(ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી)

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)

संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
(गुजराती अनुवाद के साथ)

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા પચીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમત્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્‌ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો

હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા ‘સત્સંગ સેવક’ નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.

શ્રીહરિ સં.૧૮૮૧માં સુરત પધાર્યા ત્યારે સદ્.શ્રીઆધારાનંદસ્વામીની દેખરેખ હેઠળ સ્વયં શ્રીહરિએ પે.દુલેરામ પાસે આ મૂર્તિ બનાવડાવેલી છે.

Visit us :

www.swaminarayanbhagwan.com

karelibaug@gmail.com

